૧૯૯૨

વર્ષ : ૩ ● અંક : ૧ ● તા. ૧૬-૧-૧૯૯૨ Regd. No. MH. By / South 54 Licence No. : 37

●●● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ●●●

# પ્રબુદ્ધ જીવન

●●● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ●● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ●●●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રાણકપુર

હમણાં ફરી એક વાર રાણકપુરની યાત્રા કરવાનો અવસર સાંપડયો હતો. કોણ જાણે કેમ પણ રાણકપુરનું આકર્ષણ મને વિશેષ રહ્યું છે. રાણકપુરના જિનમંદિરની પ્રતિષ્ઠા કરવાનાર યુગપ્રધાન જૈનાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના હસ્તે પ્રતિષ્ઠિત થયેલાં એક ધાતુપ્રતિમા કલ્યાણ પાર્શ્વનાથ ભગવાન મુંબઇમાં ચોપાટીના દેરાસરમાં મૂળ નાયક તરીકે બિરાજે છે. એ પ્રતિમાંના દર્શન-પૂજા કરતી વખતે શ્રી સોમસુંદરસૂરિનું અને એ દ્વારા રાણકપુરના જિનમંદિરનું અવશ્ય સ્મરણ થયા કરે છે. કેવો ભવ્ય હશે એ જમાનો ! કેવી સમૃધ્ધ હશે એ પ્રજા ! અને કેવા ભાવિક હશે એ સમયના રાજાઓ અને મંત્રીઓ ! ચડતી-પડતી-ચડતીનું ચક્ર માનવજીવનના ઇતિહાસમાં કેવું ચાલ્યા કરે છે! રાણકપુરની ફરી ચડતીના દિવસો ચાલવા લાગ્યા છે એમ હવે લાગે છે. ચાલીસેક વર્ષ પહેલાં રાણકપુર ગયો હતો ત્યારે સાદડીથી ડુંગરાળ કાચા રસ્તે જીપમાં બેસીને જવાનું થયું હતું. મંદિરથી એક કિલોમીટર દૂર જીપમાંથી ઊતરી પગે ચાલી, નદીના પાણીમાં અને કાંકરિયાળી રેતીમાં ચાલી સામે કિનારે દેરાસરમાં ગયા હતા. આખા દિવસ દરમિયાન અમે પાંચેક યાત્રીઓ હતા. ભોજન લેવાના હોઇએ તો લખાવવું પડે અને તો ચૂલો સળગે. કોઇ કોઇ દિવસ તો એવા હોય કે જયારે આખા દિવસ દરમિયાન કોઇ યાત્રી આવ્યાં જ ન હોય. ત્યાર પછી વારંવાર રાણકપુરની યાત્રાએ જવાનું થયું છે, ઘણીવાર મારા મિત્ર શ્રી શૈલેશ કોઠારી સાથે. કારણકે મારી જેમ એમને પણ રાણકપુરનું આકર્ષણ ઘણું છે. મારા બીજા એક મિત્ર શ્રી રાજેન્દ્ર ધીઆ તો વીસેક વર્ષથી દિવાળી રાણકપુરમાં જ કરે છે. આજે જેમ શંખેશ્વર અને અન્ય કેટલાંક તીર્થોની પૂનમની યાત્રનો મહિમા છે તેમ રાણકપુરના મંદિરની પ્રતિષ્ઠા પછી એની પૂનમની યાત્રાનો મહિમાં પ્રચલિત થઇ ગયો હતો. એ દિવસોમાં બળદગાડાં સિવાય અન્ય વાહનો ખાસ નહોતાં અને એકલદોકલ મુસાફરી કરવામાં ચોરલૂંટારુના જોખમો રહેતાં ત્યારે લોકો સંઘ કાઢીને જતાં. દર પૂનમે રાણકપુરમાં ઘણા સંઘો એકત્ર થતા. કોઇ એક કવિએ વિ. સં. ૧૫૫૭ પહેલાં 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ' નામની રચના કરી છે. તેમાં તેઓ લખે છે :

અઠોત્તરસુ દેહરી એ હરી લઇ મોરું ચીંત,<br>
સિહરિ સોવન દંડ કલસ એ, વિલસએ ધજ લહકંતિ<br>
ચિહું દિસિ તું સંઘ આવએ ઊલટિ, ઉલટિયા અનંત રે<br>
પૂનિમ યાત્રા મનિ આણી, જાણી વિશેષ વસંત રે.

કવિએ વર્ણવ્યા પ્રમાણે અને અન્ય કવિઓએ નોંધ્યા પ્રમાણે રાણકપુરના જિનમંદિરની ૧૦૮ દેવકુલિઓ સુવર્ણદંડ અને સુવર્ણ કળશથી ઝળકતી હતી. કવિએ ભગવાનનાં મુગટ અને અન્ય આભૂષણો, નજરે જોઇને જે વર્ણવ્યાં છે તે પરથી તે સમયની સમૃધ્ધિ કેટલી બધી હશે તેનો વાસ્તિવિક ખ્યાલ આપે છે. કવિ લખે છે કે ભગવાનના કરકમલમાં સોનાનું બિજોરું મૂકવામાં આવતું તે કેસરના પિંડની જેમ એવું આકર્ષક લાગતું કે મારો મનરૂપી ભ્રમર ત્યાંથી ખસતો નહિ.

કવિએ વર્ણવેલાં આભૂષણો અને સુવર્ણમંડિત કળશો અને સુવર્ણમંડિત દંડ આ બધું ક્યાં ગયું? કયારે ગયું.? શા માટે ગયું? ઇતિહાસની બધી કડીઓ મળતી નથી, પણ ઔરંગઝેબનાં આક્રમણો દરમિયાન અને ત્યાર પછી દુકાળ વગેરેની પરિસ્થિતિમાં એમાંથી ઘણું લૂંટાઇ ગયું હશે. કેટલુંક કદાચ ભંડારી દેવામાં આવ્યું હશે! પડતીના દિવસો ચાલુ થયા હશે! ત્યાં મંદિરને કારણે જ પાસે વસાવેલું સમૃધ્ધ નગર રાણપુર ભગ્નવશેષ બની ગયું હશે. આજે એ નગરનું નામનિશાન નથી. રાણકપુરની આસપાસની ધરતીનું ખોદકામ થાય તો અનેક અવશેષો મળી આવવાનો સંભવ છે.

રાણકપુરના મંદિર વિશે એની પ્રતિષ્ઠા પછી લખાયેલી એક કવિતા પ્રમાણે તેમાં ચોત્રીસ હજાર જિનપ્રતિમા હતી. એકાદ સૈકા પછી કવિ સમયસુંદરે વર્ણન કર્યા પ્રમાણે ત્યાં બે હજાર જેટલી પ્રતિમા હતી. આક્રમણો અને અંધાધૂધીના કાળમાં કેટલીયે પ્રતિમાઓને ભંડારી દેવામાં આવી હશે, અથવા અન્યત્ર ખસેડી લેવામાં આવી હશે અથવા નષ્ટ થઇ ગઇ હશે. સમૃધ્ધિ પછી પડતીનો કાળ આવ્યો. ત્યજી દેવાયેલા એ મંદિરની આસપાસ ગીચ જાડી ઊગી નીકળી, રસ્તા વિકટ બની ગયા. ચોર લૂંટારુંઓને માટે સંતાઇ જવાની એ જગ્યા બની ગઇ. અવાવરુ મંદિરમાં દિવસે અંધારામાં રહેવા માટે ચામાચીડિયાઓએ વાસ કર્યો. મંદિર અંધકારમાં ડૂબી ગયું.

રાણકપુરનું મંદિર વિધર્મીઓના આક્રમણ કાળ દરમિયાન ઘણા સમય સુધી એમને એમ રહ્યું. સદ્દભાગ્યે વિધર્મીઓ તરફથી આ મંદિરના સ્થાપત્યને અને કલાકારીગીરીને ખાસ બહું ખંડિત કરાયું નથી. ડુંગરાઓની અને ઝાડીઓની વચ્ચે મંદિર આવ્યું હોવાને કારણે દૂરથી તરત એ દેખાઇ આવે એવું પણ નથી. કેટલાય વર્ષો સુધી મંદિર ઉજજડ અને અપૂજ રહ્યું.

પાંચેક દાયકા પહેલાં મંદિરની સાફ સફાઇ અને જીર્ણોદ્ધારનું કામ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી હસ્તક આવ્યું. ત્યારે આ ચામાચિડિયાઓને મંદિરમાંથી કેવી રીતે કાઢવાં તે અહિંસાને વરેલા જૈનો માટે મોટો પ્રશ્ન હતો. ધૂણી કરીને ચામાચિડિયાંને કાઢવાનું યોગ્ય લાગતું નહોતું. એમ કહેવાય છે કે શેઠે કસ્તુરભાઇ લાલભાઇએ કેટલાક સાધુ ભગવંતો સાથે વિચાર વિનિમય કરીને એવું નક્કી કર્યું કે મંદિરમાં આખો દિવસ જોરથી ઢોલ નગારાં વગાડતાં રહેવું. નગારાના મોટા અવાજને લીધે દિવસે બહાર ચાલ્યાં ગયેલાં

ચામાચિડિયાં ક્રમેક્રમે ઓછા થતાં ગયાં અને એમ કરતાં છેવટે મંદિર ચામાચિડિયા રહિત થઇ ગયું.

રાણકપુરની ચડતીના દિવસો ફરી આવ્યા. પાંચેક દાયકામાં તો યાત્રાળુઓની સંખ્યા ઘણી બધી વધી ગઇ. દેશવિદેશથી ઘણા યાત્રિકો - પ્રવાસીઓ આવવા લાગ્યા. યુરોપ, અમેરિકા, જાપાન, તથા અન્ય ઘણા દેશોના હજારો યાત્રિકો હવે રાણકપુર આવવા લાગ્યા. શિલ્પ સ્થાપત્યની દષ્ટિએ રાણકપુરની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણી બધી વધી ગઇ છે. વિદેશીઓને પણ આશ્ચર્યમુગ્ધ કરી દે એવી એની અજાયબી છે. કેટલાક તો ખાસ રાણકપુર જોવા માટે જ વિદેશથી ભારત આવે છે. એક નાની સરખી બનેલી ઘટના પરથી એનો ખ્યાલ આવશે.

કેટલાંક વર્ષ પહેલાં, અમેરિકાની કોર્નેલ યુનિવર્સિટીમાં કમ્પ્યુટર સાયન્સમાં Ph. D. ની ડિગ્રી માટે અભ્યાસ કરવા ગયેલા મારા પુત્ર ચિ. અમિતાભે પહોંચીને થોડા દિવસમાં જ ફોન કર્યો કે 'નાતાલની રજાઓમાં હું ભારત આવવાનો છું અને મારે રાણકપુરના આપણા મંદિરના દર્શન અવશ્ય કરવાં જ છે. માટે તે પ્રમાણે મારા યાત્રાપ્રવાસની વ્યવસ્થા કરશો.' અમિતાભે દુનિયાના ઘણા દેશોનો પ્રવાસ કર્યો છે અને ભારતમાં પણ એણે મહત્ત્વનાં ઘણાં બધાં સ્થળો જોયાં છે, પરંતુ રાણકપુરનું જૈનમંદિર જોવાનો એને અવકાશ મળ્યો ન હતો. કોર્નેલ યુનિવર્સિટીમાં અભ્યાસની શરૂઆત કરતાં એક દિવસ એના એક પ્રોફેસર સાથે વાત નીકળી. પોતે ભારતથી આવેલા જૈન વિદ્યાર્થી છે એ જાણીને એના પ્રોફેસર એની આગળ રાણકપુરનાં મંદિરના બહુ વખાણ કર્યા. એ પ્રોફેસર રાણકપુરનું મંદિર જોવા માટે ખાસ અમેરિકાથી ભારત આવ્યા હતા. અને રાણકપુરના મંદિરના શિલ્પ સ્થાપત્યથી તેઓ અત્યંત પ્રભાવિત થયા હતા. અમિતાભે રાણકપુરનું મંદિર જોયું નથી એ જાણીને એમને નવાઇ લાગી. એક અમેરિકન અધ્યાપકે રાણકપુરનું મંદિર ખાસ ભારત આવીને જોયું હોય અને ભારતથી ત્યાં ગયેલા જૈન વિદ્યાર્થીએ એ જોયું ન હોય એ કેવું કહેવાય ? એટલે અમિતાભે તરત સંકલ્પ કર્યો કે ભારત આવીને સૌથી પહેલું રાણકપુરનું મંદિર જોવું. એ પ્રમાણે રજાઓમાં જયારે ભારત આવીને એણે રાણકપુરનું મંદિર જોયું ત્યારે એને લાગ્યું કે પ્રવાસરસિક, ઈતિહાસરસિક, કલારસિક, શિલ્પ-સ્થાપત્યરસિક વ્યક્તિએ જો રાણકપુરનું મંદિર ન જોયું હોય તો એણે જીવનમાં અવશ્ય કશુંક ગુમાવ્યું છે. આ વાત તદ્દન સાચી છે. એટલા માટે જ રાણકપુરના મંદિરનું નિર્માણ થયું ત્યારથી એક લોકોકિત પ્રચલિત બની ગઇ છે. કે

'શત્રુંજયનો મહિમા અને તારંગાની ઉંચાઇ,
આબુની કોરણી અને રાણકપુરની બાંધણી;
કટકુ બટકુ ખાજે, પણ રાણકપુર જાજે.'

ન પોષાય તો ખાવા પીવામાં કરકસર કરીને માણસે પૈસા બચાવવા જોઇએ અને રાણકપુરના મંદિરનાં દર્શન અવશ્ય કરવાં જોઇએ. અકબર બાદશાહના વખતમાં શ્રી હીરવિજયસૂરિની પ્રેરણાથી રાણકપુરના મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો. કવિ ઋષભદાસે 'હીર વિજયસૂરિ રાસ' ની રચના કરી છે. તેમાં રાણકપુરનો મહિમા દર્શાવતાં કવિ લખે છે :

'ગઢ આબુ નવિ ફરસિયો, ન સુણ્યો હીરનો રાસ,
રાણકપુર નર નવિ ગયો, ત્રિણ્યે ગર્ભાવાસ.'

રાણકપુરની સુવર્ણમંડિત દંડ-કલશોવાળી જાહોજલાલી આજે થોડીક પણ નથી રહી ત્યારે પણ આ લોકોકિત સાચી લાગીતી હોય તો જયારે મંદિરની પ્રતિષ્ઠા થઇ હશે અને રોજ હજારો ભાવિકો દર્શન કરવા આવતાં હશે અને બાજુના રાણપુરનગરમાં હજારો જૈન કુટુંબો સુખસમૃદ્ધિ માણતાં હશે તે વખતના રાણકપુરનું દ્રશ્ય કેવું હશે!

છેલ્લા ત્રણેક દાયકાથી રાણકપુરની મુલાકાતે આવનારા વિદેશી યાત્રિકોની સંખ્યા વધતી જ રહી છે. એક વખત એવો હતો કે ભારત આવેલો વિદેશી યાત્રિક તાજમહાલ અવશ્ય જુએ. તાજમહાલનું આકર્ષણ હજુ પણ એટલું જ રહ્યું છે, પરંતુ એની સાથે રાણકપુર, જેસલમેર, આબુ દેલાવાડાનાં મંદિરોની મુલાકાતનું આકર્ષણ પણ હમણાં હમણાં વધતું જ રહ્યું છે.

તાજમહાલ અને રાણકપુરમાં શિલ્પસ્થાપત્યની દ્રષ્ટિએ મહત્વનો ભેદ એ છે કે તાજમહાલ બહારથી, દૂરથી જોવાની એક સરસ કલાકૃતિ છે. એની મનોરમ આકૃતિ, એની વિશાળતા, એની સંરચના દર્શકને પ્રભાવિત કરી દે એવી છે. નદી કિનારે પ્રકૃતિના સુરમ્ય મનોહર વાતાવરણને સોહાવતી અને સભર કરી દેતી તે એક ઉત્તમ રચના છે. પરંતુ તાજમહાલમાં બહારથી જોયા પછી અંદર ખાસ મહત્વનું વિશેષ જોવાનું નથી.

તાજમહાલને બહારથી જોતાં જેટલો આનંદ અને સંતોષ થાય છે તેટલો અંદરથી જોતાં થતો નથી. તાજમહાલને અંદરથી સમૃદ્ધ કરવાના સવિશેષ પ્રયાસો થયા નથી. તાજમહાલ વ્યકિતનિષ્ઠ કલાકૃતિ છે. રાણકપુર પ્રભુનિષ્ઠ કલાકૃતિ છે. તાજમહાલ એક વ્યક્તિની એક કબર છે, રાણકપુર એક મંદિર છે. તાજમહાલનું પ્રેરક બળ દામ્પત્યપ્રેમ છે. રાણકપુરનું પ્રેરકબળ પ્રભુ પ્રેમ છે.

રાણકપુરના મંદિરમાં બહારની ભવ્યતા નથી એમ નહિ કહી શકાય. એની એક આગવી વિશિષ્ટ મુદ્રા છે. પરંતુ તાજમહાલની તોલે એ ન આવે. બીજી બાજુ રાણકપુરના મંદિરની અંદર જેવી શિલ્પસમૃદ્ધિ છે તેવી શિલ્પ સમૃદ્ધિ તાજમહાલમાં નથી. રાણકપુરના મંદિરમાં ગયેલી સામાન્ય વ્યક્તિ પણ એની અંદરની બાંધણી અને એની શિલ્પાકૃતિઓના સૌંદર્યમાં મુગ્ધ થઇને એટલી તો ડૂબી જાય છે કે એ બધું જોતા એ ધરાતી નથી, તો પછી કલારસિક મર્મજ્ઞ વ્યક્તિની તો વાત જ શી! એક અપેક્ષાએ તાજમહાલની બાહ્ય સૌંદર્ય સમૃદ્ધિ કરતાં રાણકપુરની આંતરિક સૌંદર્યસમૃદ્ધિ ચઢી જાય છે.

તાજમહાલમાં માત્ર સ્થાપત્યનું સૌંદર્ય છે, રાણકપુરમાં સ્થાપત્યના સૌંદર્ય ઉપરાંત શિલ્પકલાનું સૌદર્ય છે. તાજમહાલના સૌંદર્યને માણવા સામાન્ય દ્રષ્ટિ ચાલે. વિશેષ જાણકારીની એ માટે બહું અપેક્ષા ન રહે રાણકપુરના શિલ્પસૌંદર્યને વધુ સારી રીતે માણવાં માટે વિશષે જાણકારીની અપેક્ષા રહે.

મસ્જિદ, મિનારા, કિલ્લા, રાજમહેલ વગેરેના વિશાળ પાયા ઉપરનાં બાંધકામો મોગલોએ ભારત પર ચઢાઈ કરતાં પહેલાં સમરકંદ, બુખારા વગેરે સ્થળે બાંધેલાં હતાં. એના ભવ્ય-ભગ્ન અવશેષો આજે પણ જોવા મળે છે. સમરકંદની વિશાળ અને ઉત્તુંગ મસ્જિદ જોવાથી સ્થાપત્ય કલામાં મોગલોએ પોતાના જમાનામાં કેટલી પ્રગતિ કરી હતી તેનો ખ્યાલ મળી રહે છે. (અલબત્ત, ભારતમાં તો તે પૂર્વે સૈકાઓથી સ્થાપત્ય કલાનો વિકાસ થયેલો હતો) અફઘાનિસ્તાનની ઉત્તરે આવેલા એ પ્રદેશમાં આરસ નહોતો અને એથી એ પ્રાચીન ઐતિહાસિક ઈમારતો આરસથી બંધાયેલી ક્યાંય જોવા મળતી નથી. મોગલો ભારતમાં આવ્યા ત્યારે પોતાની સાથે પોતાની સ્થાપત્ય કલા પણ લેતા આવ્યા હતા, મોગલ બાદશાહોના વખતમાં ભારતમાં શિલ્પ સ્થાપત્યની કલાને ઘણો વેગ મળ્યો હતો. પત્થરના વિશાળ, ઉત્તુંગ બાંધકામો ઠેર ઠેર થવાં લાગ્યાં હતાં. પરંતુ અકબરના સમય સુધીમાં રાજ્યાશ્રયથી જે બાંધકામો થયાં તેમાં આરસ વપરાયો નહોતો. મોગલ યુગ પહેલાં, આબુ, રાણકપુર અને અન્ય સ્થળોનાં મંદિરોનાં બાંધકામમાં આરસ વપરાયો છે અને એથી આરસના બાંધકામમાં ટકાઉપણા સાથે સુંદરતા પણ વધે છે એ વાત અકબર બાદશાહ સુધી પહોંચેલી હતી અને તેથી જ ત્યાર પછી અકબરના પૌત્ર શાહજહાંએ બંધાવેલા તાજમહાલમાં આરસ વપરાયો.

શિલ્પસ્થાપત્યાદિ વિવિધ કલાઓમાં એક બીજી પ્રજા કે સંસ્કૃતિનો પરસ્પર કેવો પ્રભાવ પડે છે તે આવાં ઉદાહરણો ઉપરથી જોઈ શકાય છે. અકબર બાદશાહે અને શાહજહાંએ રાણકપુરનું મંદિર જિજ્ઞાસા ખાતર પણ જોયું હતું કે નહિ તેની માહિતી સાંપડતી નથી, પણ રાણકપુરના મંદિરમાં અકબરના સમયમાં એક સ્તંભમાં અકબર બાદશાહની નાની શિલ્પાકૃતિ કંડારવામાં આવેલી છે તે નોંધવા જેવી મહત્ત્વની ઘટના છે. **(ક્રમશ.)**

□ રમણલાલ ચી. શાહ

# નમો લોએ સવ્વ સાહૂણં

❑ પૂ. મુનિશ્રી કીર્તિયશવિજયજી

આ સંપત્તિ-ધન-યૌવન આદિ કયારે નાશ પામશે એ ખબર નથી. આ મનુષ્ય જીવનનો કયારે અંત આવશે એની પણ ખબર નથી. એ નાશ પામે તે પહેલાં એ જીવનનું સાચું ફળ મેળવવાનું છે. માનવજીવનનું સાચું ફળ મોક્ષ છે. પણ સાધુપણા વિના મોક્ષ શકય છે ખરો ?

માનવજીવનનું ફળ સાધુપણુ અને સાધુપણાનું ફળ મોક્ષ છે. અંતકાળ પૂર્વે સાધુપણાનો ભાવ ન થાય, સાધુને જોઈ સાધુ થવાના વિચાર ન આવે તો તે જીવનનો અર્થ શો ? અત્યાર સુધીમાં આપણે કેટલીય વ્યક્તિઓને સ્મશાનમાં મૂકી આવ્યા, બાળી આવ્યા. એક દિવસ મને પણ આ રીતે હાથ પગ બાંધીને લઈ જશે અને મારે જવું પડશે એવો વિચાર આપણને કદી આવ્યો છે ખરો ? મારા શરીર પર મણમણ ભારના લાકડા મૂકશે. જેને મેં જન્મ આપ્યો, સાચવ્યો, મોટો કર્યો તે મારો પોતાનો જ દીકરો મારા શરીરને અગ્નિ ચાંપશે. સંસારનો આ તે કેવો નિયમ છે કે સગો દીકરો પોતાના બાપને બાળે છે ? તમને આવો કદીય વિચાર આવે છે ખરો ? તમે કોઈને મરતાં જુઓ તો 'હું કંઈ રીતે ન મરું' તેનો વિચાર કરો છો. કોઈની સંપત્તિ ચાલી જતી જુઓ તો 'મારી સંપત્તિ કઈ રીતે સચવાઈ રહે' તેનો જ વિચાર કર્યા કરો છો. મનુષ્યે પોતાનું જીવન પૂરું થાય એ પૂર્વે જ એનું ફળ મેળવી લેવાનો નિર્ધાર કરી લેવો જોઈએ. આ મનુષ્ય જન્મ માટે શાસ્ત્રકારોએ ત્યાં સુધી કહ્યું છે કે સકામ નિર્જરા જેનો સાર છે એવું વ્રત રૂપી ફળ પામવા માટે આ મનુષ્ય જન્મ મળ્યો છે. જેમ પોતાના માનવ જીવનને સફળ કરવાનો નિર્ણય કરવો જરૂરી છે તેમ પોતાના પરિવાર માટે પણ આ જ નિર્ણય કરવો જરૂરી છે.

જીવનમાં ચોકસાઈ બધે રાખવી જરૂરી છે. દીક્ષા આપતાં પહેલાં બરાબર ચોકસાઈ ન રાખે તો ગુરુઓ પણ ગુનેગાર ગણાય. પણ શું કર્મનો ઉદય નડે જ નહિ ? ખુદ ભગવાન મહાવીરસ્વામીના હાથે દીક્ષિત થયેલા મુનિ નંદીષેણ પણ પડયા હતા કે નહિ ? મહાજ્ઞાની યુગપ્રધાન આચાર્ય પણ સાથે રહેલા વિનયરત્નને ઓળખી શકયા ન હતા. વિનયરત્ને વેરલેવા દીક્ષા લીધી. બાર બાર વર્ષ પાળી. ઓઘામાં છરી રાખી. રોજ પડિલેહણ કર્યું. કોઈને ખબર ન પડવા દીધી. એવો વિનય કર્યો કે વિનયરત્ન નામ રાખ્યું. પરંતુ મનમાં તો રાજાને મારવા માટેનો જ ભાવ હતો. સિંહ ગુફામાં રહેલા મુનિને જોતાં સિંહ કેવો શાંત થઈ ગયો ! કેવી યોગસિદ્ધિ ! આવા સમર્થ સાધક પણ કોશાને જોતાં મોહમાં ફસાઈ પડયા. ભગવાન નેમિનાથના ભાઈ રથનેમિ અને આર્દ્રકુમાર પણ સ્ત્રી મોહમાં લુબ્ધ બન્યાનાં ઉદાહરણો છે.

બધા સાધુઓ પહેલેથી કાંઈ સિદ્ધ હોતા નથી, સાધક હોય છે. સાધક જેમ ચઢે તેમ પડે પણ છે ! એક વાત ચોક્કસ છે કે જેઓ દીક્ષા લઈને પડવા આવે, આવીનેય પડવાના જ ધંધા કરે, ગમે તેમ વર્તે, મર્યાદાહીન બને એનો બચાવ થઈ શકે નહિ. પણ જેઓ કર્મોદયથી જ પડે તેની વાત જુદી છે. સુબાહુકુમાર જયારે પોતાની માતા પાસે સંયમ ધર્મ લેવા માટે રજા માગવા ગયા ત્યારે એમની માતાએ ચારિત્રધર્મનાં બધાંય કષ્ટોનું વર્ણન કર્યું. આ સાંભળી સુબાહુકુમારે કહ્યું કે 'હું બધાં જ કષ્ટો સહન કરીશ.' ત્યારે માતાએ એને પહેલાના દ્રષ્ટાંતો આપ્યા. ત્યારે સુબાહુકુમારે પોતાની માતાને કહ્યું કે 'હે મા, તારી બધી વાત સાચી પણ શું તને માત્ર પડેલા સાધુઓ જ દેખાય છે? ચઢેલા એક પણ દેખાતા નથી ? તું મારે માટે આવી કલ્પના કેમ કરે છે?'

આજે સાધુ પડે છે કેમ ? મારે કહેવું છે કે એમાં દોષ માત્ર એકલા સાધુનો નથી. ગૃહસ્થોનો પણ સાથે એટલો જ દોષ છે. વાત કડવી લાગશે પરંતુ સત્ય હંમેશાં કડવું હોય છે. ઘણીખરી વાર તો સંસારી લોકોએ જ સાધુઓને પાડયા છે. સંસારની વાત માટે, સ્વાર્થની વાત માટે તેઓ સાધુ પાસે જાય છે. અને સાધુપણાની મર્યાદા બહારના કામ તેઓના સ્વાર્થ માટે સાધુ પાસે કરાવે છે. પછી સાધુ ન પડે તો થાય શું ? સાધુઓ પડે છે તેમાં સંસારીઓ ઓછા જવાબદાર નથી જેમને પોતાના ગુરુએ ગચ્છ બહાર કે સમુદાય બહાર કર્યા હોય તેવા સાધુઓને વાજા વગાડીને પાછા લઈ આવનારા સંસારીઓ જ છે. તેમને પૂછીએ તો તેઓ કહે કે 'ગમે તેમ હોય પણ વેશ તો વીતરાગનો છે ને ?' આવી રીતે પતિત સાધુઓનો બચાવ કરે છે. તેઓની શિથિલતાની વાત કોઈ કરે તો કહેશે કે 'વેશ તો પંચમહાવ્રતધારીનો છે ને ?' આમ પોતાના સ્વાર્થ માટે અયોગ્ય સાધુઓને પોષનારાઓ પાછા બહાર જઈને તે જ સાધુઓની નિંદા કરે છે. કેટલાક સ્વાર્થી ભક્તો આમ જાહેરમાં પ્રશંસા અને ખાનગીમાં નિંદા એમ બેય બાજુ બોલીને દંભી નાટક કરતા હોય છે.

દ્રવ્ય કે ભાવથી એમ એકેયથી આવા પતિત સાધુઓને વંદન ન થાય. ધર્મશાસ્ત્રોમાં સ્પષ્ટ લખ્યું છે કે એક હજાર વર્ષ સૂળી પર વિંધાવું સારું, પણ આવા કુલિંગીઓનો પડછાયો પણ લેવો નહિ. કાળા ફણીધરના મોઢામાં હાથ નાખવો સારો, પણ આવા કુગુરુનો પડછાયો પણ લેવો નહિ. જેમ વેશ્યાવાડામાંથી પસાર થયેલા સદાચારી ગૃહસ્થને પણ લોકો શંકાની નજરે જુએ છે. તેમ આવા ભ્રષ્ટ સાધુઓનો પડછાયો લેવાથી ધર્મીઓ પણ કલંકિત બને છે.

જો સાધુઓને પડતા અટકાવવા હોય તો ધર્મસ્થાનમાં આવતા દરેકે નિર્ણય કરવો જોઈએ કે સંસારના કોઈ પણ કામ માટે સાધુ પાસે ન જ જવું. ઘર-બાર, કુટુંબ-પરિવાર, રોગ-શોક, આપત્તિ વગેરેના ગમે તેવા પ્રસંગો આવે તો પણ તે માટે મંત્ર-તંત્ર, દોરા- ધાગા, માદળીયાં, રક્ષાપોટલી, શંખ લેવા તેમજ સંસારના પ્રસંગોના મુહૂર્ત જોવા-જોવડાવવા, દીકરા-દીકરીનું ઠેકાણું પડે એ માટે ભલામણ કરવી ઈત્યાદિ સાંસારિક કાર્યો માટે કદાપિ સાધુ પાસે ન જવું.

આજે સાધુ જે માંગે છે તે કેટલાક ગૃહસ્થો ભક્તિભાવથી લાવી આપે છે. પરંતુ ભ્રષ્ટ થયેલા સાધુ પાસેથી કેવી કેવી સાધુના આચારને અયોગ્ય વસ્તુઓ નીકળે છે તે જાણો છો ?

એ બધી વસ્તુઓ કયાંથી આવી ? શું સાધુઓ બજારે ગયા હતા ? દુકાનોમાં ચઢયા હતા ? અજ્ઞાની ભોળા ગૃહસ્થ ભક્તોએ લાવી આપી ત્યારે ને ? પછી તો આ બધુ નીકળવાનું જ ને ! બહેનો પણ અનેક પ્રકારની અપેક્ષા લઈને તેમની પાસે જાય. પુરુષો કરતાં બહેનોમાં ચમત્કારની શ્રદ્ધા વધારે તેથી તેમનો પણ ગેરઉપયોગ કરવાવાળા સાધુઓ મળી જાય.

આમાં કોઈ વ્યક્તિનો સવાલ નથી. સવાલ જૈન શાસનનો છે. જીવ તો કર્માધીન છે. આજે ચઢયો, કાલે પડયો અને ફરી પાછો કદાચ ચઢશે, પણ ડાઘ તો શાસનને જ લાગશે. તેથી ઘણા અધર્મને પામે અને માર્ગ નષ્ટ થઈ જાય. જો માર્ગ નષ્ટ થઈ જાય તો માર્ગને આધારે રહેલા ઘણાનો ઘાત થઈ જાય. પરમાત્મના શાસનની ભવ્ય કીર્તિને આવા કિસ્સાથી કેટલું નુકસાન થાય છે તેનો આપણને ખ્યાલ આવવો જોઈએ.

આ બધુ સાંભળી દરેકે નિર્ણય એ કરવો જોઈએ કે સાધુ પાસે કોઈ પણ સાંસારિક કામ માટે ન જવું. સારા સાધુઓને બગાડવા અને બગડેલા સાધુઓને પોષવા એ જેવું તેવું મહાપાપ નથી. એનાથી ગાઢ મોહનીય કર્મ બંધાય છે. એનાથી ભવાંતરમાં જિનનો માર્ગ- સમ્યકત્વ-ચારિત્ર બધુ જ દુર્લભ થઈ જાય છે. માટે કોઈએ પોતાના સ્વાર્થ માટે કોઈ સાધુને બગાડવા જોઈએ નહિ. અને બગડેલા સાધુઓને કદી પણ પોષવા નહિ, એનો પડછાયો પણ લેવો નહિ.

સર્વ સાધુને વંદન નમસ્કાર કરો એમાં હું પણ સંમત છું, પણ સાધુ સાધુ હોવા જોઈએ. માત્ર વેશધારી નહિ, વેશ વિડંબક પણ નહિ. સાધુ સાધુ હોય તો નમવું જ જોઈએ. એને ન નમવાની ના પાડનારનો સંસાર વધી જાય.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં સાધુનું વર્ણન કર્યું છે :

महाव्रत धरा धीरा भैक्षमात्राप जिविनः ।
सामायिकस्थाधर्मोपदशका गुरवो मताः ॥

સાધુ કોને કહેવાય અને કોને ન કહેવાય તેનું વર્ણન કરતાં હેમચન્દ્રાચાર્યે આગળ લખ્યું છે :

परिग्रहारभमग्नास्तारये यु : कथं परान ।
स्वयं दरिद्रौ न परमीश्वरी कतु ' मीश्वरः ॥

મહાવ્રતોને ધારણ કરનારા જોઈએ, મન, વચન, કાયાથી હિંસા ન કરવી, ન કરાવવી, ન અનુમોદવી. મન, વચન, કાયાથી અસત્ય ન બોલવું, ન બોલાવવું, બોલનારને અનુમોદન ન આપવું મન, વચન, કાયાથી ચોરી ન કરવી, ન

કરાવવી, કરતાને અનુમોદન ન આપવું. તમે ખોટું કરીને પૈસો કમાઓ સાધુઓ તેને અનુમોદન આપે તો ? અન્યાયથી પ્રાપ્ત કરેલી તમારી શ્રીમંતાઈ જોઈ સાધુને આદર કરવાનું મન થાય તો ? તો સાધુનું બીજું મહાવ્રત ટકે નહિ. રાતીપાઈની વસ્તુ, તણખલા જેવી પણ તમે ન આપો ત્યાં સુધી સાધુથી લેવાય નહિં. તમે ટેક્સની ચોરી કરીને સંપત્તિ બચાવો તો તેની અનુમોદના સાધુથી થાય ખરી ? અને જો સાધુ અનુમોદના કરે તો સાધુનું ત્રીજું મહાવ્રત ટકે ખરું? હવે ચોથા મહાવ્રતની વાત પાંચે ઈન્દ્રિયોના વિષયો, શબ્દ, રૂપ, રંગ, રસ, ગંધ અને સ્પર્શના અનુકૂળ વિષયો મન વચન કાયાથી ભોગવવા નહિ, ભોગવાવવા નહિ અને ભોગવનારને અનુમોદન આપવું નહિ એ ચોથુ મહાવ્રત છે. હવે કોઈ વ્યક્તિ સાધુ પાસે આવીને કહે કે 'મહારાજ સાહેબ, મારી આ છોકરીનું ઠેકાણું પડતું નથી.' તો સાધુથી તેમાં પડાય ખરું ? ઠેકાણું પાડવાનો રસ્તો જો સાધુઓ બતાવે તો તેમનું ચોથું મહાવ્રત સ્ખલિત ન થાય?

જેનું લગ્ન ન થતું હોય તેના ઠેકાણા પાડી આપે, તે માટે વાસક્ષેપ નાખી આપે, પુત્ર પુત્રી થતાં ન હોય તો માદળિયું કરી આપે, તે માટેના જાપ કરી આપે, રાખડીઓ કરે-એક રંગની, બે રંગની, પાંચ પાંચ રંગની, રેશમની, ચાંદીની, સોનાની, રત્નની રાખડીઓ સાધુ પોતાની પાસે રાખે અને એ કોઈને આપે-અપાવે. જો આવું બધું કામ સાધુઓ કરે કે કરાવે તો તેઓનું ચોથું મહાવ્રત રહે કે જાય ? અણુવ્રત અને મહાવ્રત બંને જુદી વસ્તુ છે. આ વસ્તુઓનું ગૃહસ્થથી જો અનુમોદન થઈ જાય તો ગૃહસ્થની પ્રતિજ્ઞા ન ભાંગે પણ યુવક યુવતી લગ્ન કરીને આવે અને સાધુઓ 'સુખી થાવ' એવા આશીર્વાદ આપે તો તેમનું સાધુપણુ લાજે.

તમને પ્રશ્ન થશે કે તો પછી ભક્તામર વગેરે સ્તોત્રોમાં લક્ષ્મી વગેરે મળે એવા મંત્રો કેમ બનાવ્યા છે ? તેનો ઉત્તર એ છે કે એ યોગ્ય અધિકારી સાધક માટે છે. આ બધા શાસ્ત્રો જેના તેના હાથમાં નથી મૂકવાના. આજે તો લ્હાણીની જેમ તે વહેચાય છે. શાસ્ત્ર પણ ગીતાર્થ મહાત્માઓની મૂડી છે. આચાર્યની માલિકીના છે. ગમે તેવા અનધિકારી આજે શાસ્ત્રોના માલિક થઈ બેઠા છે. તેથી જૈન શાસનને પારાવાર નુકસાન થયું છે. હવે પાંચમા મહાવ્રતની વાત જોઈએ. મન, વચન અને કાયાથી રાતીપાઈનો પરિગ્રહ સાધુ ન રાખે, ન બીજા પાસે રખાવે અને રાખનારને જરાય અનુમોદન ન આપે. મહાવ્રતોનું આ વર્ણન સાંભળ્યા પછી લાગે છે કે સાધુઓ પૈસા રાખી શકે ? બેન્કમાં સાધુનું ખાતું હોય ? ગૃહસ્થોના ઘરે કે ઓફિસે સાધુના નામના પૈસા જમા હોય ? અરે, ગૃહસ્થ પોતાને માટે જે પૈસા રાખે છે તેની અનુમોદન પણ સાધુઓ કરી શકે ? અને જો કરે તો તેમનું મહાવ્રત ખંડિત ન થાય ? આ વસ્તુ બહુ સૂક્ષ્મ વિચાર માગી લે છે.

લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે ! લોભીયા અને ધૂતારાઓનો મેળ બરાબર જામે. શાસન આજે ચાળણીએ ચળાઈ રહ્યું છે એમ કહેવાય છે. હવે તમે સમજ્યા હશો કે વંદન કરતી વખતે માત્ર કપડાં ન જોવાય પણ પરિણતિ જોવાય. સાધુઓ ગૃહસ્થના સંસારનો વિચાર કરે તો એમના મહાવ્રતો મલિન થાય અને છેવટે ખંડિત પણ થઈ જાય.

તો પ્રશ્ન એ થાય છે કે શું સાધુ માત્રને વંદન ન કરવાં ? જો સાધુ માત્રને વંદન ન કરવાનું હોય તો 'નમો લોએ સવ્વ સાહૂણં' નો અર્થ શો થાય? સાધુમાત્રને વંદન કરવાની ના નથી, પણ આપણે પહેલાં એ વિચારવાનું છે કે સાચા સાધુ કોણ ? વ્યવહારમાં તો સાધુનો વેશ ધારણ કરનાર દરેકને સાધુ કહેવામાં આવે છે, પરંતુ શાસ્ત્રો તો કહે છે કે જે મહાવ્રતધારી હોય, એના પાલન માટે ધીર હોય, નિર્દોષ ભિક્ષાથી જ જીવન નિર્વાહ કરતા હોય, સામાયિક-સમભાવમાં સ્થિર રહેતા હોય અને ધર્મતત્ત્વનો જ ઉપદેશ આપતા હોય તેઓને જ સાધુ કહી શકાય. ધીર તેને કહેવાય જેને કોઈ માર્ગથી ડગાવી ન શકે. ગમે તેવા પ્રલોભનોમાં પણ મહાવ્રતથી ચલિત ન થાય. નિર્દોષ ચર્યાથી ભિક્ષા મેળવે. સાધુનું કબાટ ખોલો તો તેમાંથી મેવા મિઠાઈના પડીકાં કે બીજું ખાવાનું ન નીકળે. શાસ્ત્રમાં કહ્યું છે 'भैक्ष मात्राप जीविनः સાધુને પાણીનું ટીપુય લેવું હોય કે અનાજનો દાણો પણ જોઈતો હોય તો ગૃહસ્થના ઘરે જવું પડે. પરંતુ ઘરે આવે, પગલાં કરે અને પૈસા માંગે અને લે તે કેમ ચાલે ? આજે આવા કેટલાક આચાર્યોના, પંન્યાસોના તથા સાધુઓ વગેરેના પગલાં કરવાના જુદા જુદા ભાવ બોલાય છે. જૈન શાસનની આ મોટી શરમ છે !

દ્વેષ, નિંદા કોઈની કરશો નહિ. જીવ કર્માધિન્ છે પણ તમારે સાવચેત જરૂર રહેવાનું છે. એક સંન્યાસીની વાત આવે છે. આ સંન્યાસીએ એક ઠેકાણે ચોમાસુ કર્યું. ચાતુર્માસ બાદ વિહાર કર્યો. ભક્તોએ ભેગા થઈ વિચાર્યું કે મહારાજે સરસ ચોમાસું કર્યું છે માટે આપણે તેમના માટે કંઈક કરવું જોઈએ. બધાંએ ભેગા થઈ મહારાજનું બાવલુ બનાવ્યું. અને મૂક્યું. પછી કોઈકે કહ્યું કે બાવલા નીચે મહારાજનું કોઈ સૂત્ર લખીએ તો સારું. એટલે શું લખવું તે પૂછવા મહારાજ પાસે ગયા. તેમણે મહારાજને આ માટે કોઈ સૂત્ર લખી આપો તેવી વિનંતી કરી. સાધુએ તેમને પૂછ્યું, હું લખી આપું તે તમે લખશો ? ભક્તોએ કહ્યું શા માટે નહિ ? સાધુએ બધાની બાહેંધરી લઈ એક કાપલી પર લખી આપ્યું... 'બધાને ભલામણ કરું છું કે મારા ભક્તોથી ખાસ ચેતતા રહેજો.'

આજે ઘેલા ભક્તોએ દાટવાળી નાખ્યો છે. સાધુઓને ચઢાવનાર પણ એજ અને પાડનાર પણ એજ ! અમારા ગુરુભગવંતે અમને ભારપૂર્વક કહ્યું છે કે પગ દબાવવા આવનાર ભક્તોથી ચેતીને રહેજો. પગ દબાવે તે ભક્ત કહેવાય, પણ આવા ઘણા ભક્તોઓએ સાધુઓને પાડયા છે.

સાધુઓ 'સામાયિકસ્થ હોવા જોઈએ. એટલે હંમેશાં સામાયિકમાં - સમભાવમાં રહેનાર હોવા જોઈએ. સાધુ સાવદ્ય યોગવાળી, પાપમુક્ત પ્રવૃત્તિઓ કદાપિ ન કરે. જેમાં આરંભ-સમારંભ અને હિંસાનો સંભવ હોય એવી એક પણ પ્રવૃત્તિ સાધુ ન કરે, ન કરાવે અને કરનારને અનુમોદન પણ ન આપે.

દેરાસર-ઉપાશ્રયના આયોજન કરવા, નકશાઓ તૈયાર કરવા જમીનોન સોદાઓ કરવા, કરારખત તપાસી જવા એ બધું સાધુઓનું કામ નથી. સાધુનું કાર્ય તો એટલું જ કે શ્રાવક તરીકે શ્રાવકનું શું શું કર્તવ્ય છે તે તેના હિત માટે શાસ્ત્રાધારે બતાવવું ' તું આટલા લખાવ, તું આટલા બોલ, તું આમ કર, તું તેમ કર' આવું બધું સાધુથી ન કરાય. જે પ્રવૃત્તિમાં ભગવાનની અને શાસ્ત્રની આજ્ઞાનો લોપ થતો હોય તે પ્રવૃત્તિને 'સારો માર્ગ' કદી ન કહેવાય. સાધુઓ આવી બધી પ્રવૃત્તિઓ લઈને બેસે તો સાધુમાર્ગનો નાશ થાય છે. આજે તો સાધુઓ મોટા મોટા પ્રોજેક્ટ લઈને બેઠા છે એટલે પગલાં કરીને પૈસા ઉઘરાવવા પડે છે, દાતાઓ અને દાનની રકમની યાદીઓ કરવી પડે છે, હિસાબો રાખવા પડે છે. ટ્રસ્ટોમાં પોતાનું નામ પણ મુખ્ય ટ્રસ્ટી તરીકે રખાવાય છે અને તેની કલમોમાં પોતાનો 'વીટો પાવર' પણ રખાવાય છે. આ બધામાંથી સાધુઓનો વિનિપાત સર્જાય છે.

સાધુ મહાવ્રતોનું શુદ્ધ પાલન કરનાર હોય, ભિક્ષાથી જ ધીર બનીને નિર્વાહ કરનાર હોય અને સામાયિકમાં જ સ્થિર હોય એટલું પર્યાપ્ત નથી, પોતાના આચારની જેમ સાધુની પોતાની પ્રરૂપણા પણ શુદ્ધ હોવી જોઈએ. આચરણ બધુ સારું હોય પણ આજ્ઞાવિરુદ્ધ પ્રરૂપણા જે સાધુઓ કરતાં હોય તો તેમને 'અદિઠ્ઠ કલ્લાણકરા' કહ્યા છે. એટલે એમનું દર્શન પણ નહિ કરવામાં જ કલ્યાણ છે. એમ શાસ્ત્રકારોએ કહ્યું છે. યોગીરાજ આનંદઘનજીએ પણ એ, કહ્યું છે. 'પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાસણ જિસ્યો'- જે ઉત્સૂત્ર પ્રરૂપણા કરે તે 'નમો લોએ સવ્વ સાહૂણં' પદમાં કેવી રીતે આવે ? ❑❑❑

## સાભાર સ્વીકાર

❑ **આતમજ્ઞાની શ્રમણ કહાવે** * લે. કુમારપાળ દેસાઈ * પૃષ્ઠ-૧૬૮ * મૂલ્ય રૂ. ૨૦/- * પ્રકાશક : શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર મું. કોબા (જિ. ગાંધીનગર) પીન-૩૮૨૦૦૯

❑ **આચાર્ય પદ્મસાગરસૂરિજી - એક પરિચય** (હિન્દીમાં) * લે. મુનિશ્રી વિમલસાગરજી * મૂલ્ય - નિઃશૂલ્ક * પ્રકાશક : અષ્ટમંગલ ફાઉન્ડેશન, એન/૫, મેઘાલય ફ્લેટસ, સરદાર પટેલ કોલોની પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.

❑ **જાગતે રહો** * લે. શ્રી એમ. જે. દેસાઈ * પૃષ્ઠ-૪૪ પ્રકાશક : - શ્રી જયંતીલાલ પ્રભુદાસ શાહ, ૩૫૨/૫૪, ગીરગામ રોડ, મુંબઈ- ૪૦૦ ૦૦૨.

❑ **શ્રી અનુયોગ દ્વાર સૂત્ર** * લે. પં. શ્રી પૂર્ણાનંદવિજયજી - 'કુમારશ્રમણ' * પૃષ્ઠ-૪૯૬ * મૂલ્ય રૂ. ૩૫/- * પ્રકાશક :- શ્રી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ મુ. પો. સાઠંબા (ગુજરાત) પીન-૩૮૩૩૪૦.

❑ **આપણી વાત** * લે. રણજિત પટેલ- 'અનામી' * પૃષ્ઠ-૧૬૦ * મૂલ્ય રૂ. ૫૦/- * પ્રકાશકઃ- અનામી પ્રકાશન, ૨૨/૨, અરુણોદય સોસાયટી, વડોદરા-૩૯૦૦૦૫.

# લેખનશક્તિ

❑ 'સત્સંગી'

સરોસ કોવસજી-Saros Cowasjee ની 'ટૂંકી વાર્તા' શીર્ષકવાળી એક ટૂંકી વાર્તા વાંચી. આમાં એક લેખક ટૂંકી વાર્તા લખવા માટે ટાઈપરાઈટરમાં એક સ્વચ્છ કાગળ ચડાવે છે, ત્યાં વાર્તાનું શીર્ષક આપવામાં મૂંઝવણ અનુભવે છે એટલે બધાં પાનાંના નંબર આપે છે. ત્રીશ સ્વચ્છ પાનામાં વાર્તા સરસ લખાશે એવો આનંદ તે માણે છે. એક પાનાંના ત્રણ ડૉલર મળે એવી ગણતરીથી અને લેખક તરીકેની સ્વીકૃતિ મળે એનો હર્ષ અનુભવે છે. સારી એવી મથામણને અંતે "A Short Story' એવું તે શીર્ષક આપે છે. વળી નવલકથા લખવાના વિચારે ચડી જાય છે અને તે માટે કાગળ ઓછા પડે તેથી તેણે પુષ્કળ કાગળ કેમ ન ખરીદ્યા એમ તે વિચારે છે. 'લેખકોને સલાહ' એવો લેખ લખીને પૂરતા કાગળ હોવાનું તે સમજાવશે એવા વિચારોમાં તે અટવાઈ જાય છે. આખરે તે નાટકીય ઢબની શરૂઆત તો કરે છે. પરંતુ શરૂઆત મૌલિક હોતી નથી તેથી તે કયાંથી લીધી એ બીજાને ખબર પડશે એવી તે શંકા સેવે છે અને આખરે લખવાનું બંધ કરે છે.

તેને શરૂઆત ગમતી નથી. તે સ્ત્રીઓને બાકાત રાખવા માગે છે. તેને પ્લોટ જોઈએ છીએ, ગૂંચવાડો નહિ. તે પોતાના નાનપણના વિચારો વાગોળે છે. તેણે એક વખત ચકલી મારી હતી. તે માટે તેને તેના પિતા પાસે લઈ જવામાં આવ્યો હતો. તેમણે તેના કાન આમળ્યા. ત્યારથી તેના જમણા કાનમાં તેને બહેરાપણું લાગતું હતું. બીજા કોઈએ તેના કાન આમળ્યા હોત તો તેણે ૫૦૦૦૦ ડૉલરનો દાવો માંડયો હોત. એટલા પૈસા તેની પાસે હોત તો તેને લખવું પડયું ન હોત. તેવી જ રીતે તેને ભૂતકાળના બનાવો યાદ આવે છે, પણ કયો પ્રસંગ લેવો તે તે પસંદ કરી શકતો નથી. તે મિત્રોની સલાહ લેવા માગે છે એટલે ફોનના નંબર જોડે છે. છેવટે મેરિઅન તેને જવાબ આપે છે. મેરિઅન તેને ફોન પર વાર્તા વાંચવાનું કહે છે. પણ આ લેખકે આમ ત્રણ જ શબ્દ ટાઈપ કર્યા હોય છે તેથી લેખક મેરિઅનને બહાર આવવાનું કહે છે. મેરિઅનને એક લેખ લખવાનો હોય છે તેથી બીજે સમયે આવવાનું કહે છે. ત્યારે તો બીજી વાર્તા હશે એમ કહીને લેખક ફોન મૂકી દે છે. છેવટે ટાઈપરાઈટરમાંથી કાગળ બહાર કાઢીને તેનો ગોળો બનાવીને લેખક ઘરથી દૂર ફેંકી દે છે.

સરસ નવું ટાઈપરાઈટર હોય, ખૂબ સારી ગુણવત્તાવાળા કાગળનો ઢગલો પડયો હોય, છેકવા માટેનું સરસ રબ્બર-eraser હોય, સરસ ચકચકિત બૉલપેનોની થપ્પી પડી હોય અને જુદી જુદી શાહીની રીફીલોવાળી, સરસ કિંમતી બોલ પેન હોય માટે વાર્તા, નિબંધ, નવલકથા કે કાવ્ય લખાઈ જાય એવું નથી. બાહ્ય સામગ્રી લેખકને માટે ઉદ્દીપન બને, પણ બાહ્ય સામગ્રી છે તેથી જ લેખનશક્તિ બહાર આવે એવું નથી. લખવાથી પોતાની શક્તિનો સ્વીકાર થાય, ખ્યાતિ થાય એ પ્રેરકબળ બને પણ માત્ર એવા ખ્યાલથી લેખનશક્તિ સ્ફુરતી નથી. પુરસ્કાર લેખકનાં લેખનકાર્યની કદર છે, જે પ્રેરકબળ જરૂર ગણાય. પરંતુ સારો પુરસ્કાર મળશે તેથી લેખનશક્તિ વ્યક્ત થાય જ એવું નથી. જયોર્જ ઈલિયટ કહે છે તેમ લેખકની મૂડી મગજ છે. લેખનશક્તિને મગજશક્તિ સાથે સંબંધ છે, બાહ્ય સાધનસામગ્રી, સ્વીકૃતિ, ખ્યાતિ, પુરસ્કાર વગેરે સાથે નહિ એ સત્ય લેખક બનવાની આકાંક્ષા ધરાવતા યુવાનોએ ખાસ ધ્યાનમાં રાખવાનું રહે છે.

લખતાં શી રીતે આવડે ? લેખક કેમ થવાય ? આવા પ્રશ્નો યુવાનોને અવશ્ય થાય. વાલિયો લૂંટારો હતો. તેના પર નારદઋષિનો પ્રભાવ પડયો. તેણે નારદ ઋષિની આજ્ઞા માનીને રામનામનો જાપ કર્યો. આખરે તે વાલ્મીકિ ઋષિ બન્યા. તેમણે રામાયણ લખ્યું જે ઉત્તમ સાહિત્યકૃતિ બની, પણ સાથે સાથે એવી કૃતિ બની કે જેણે ભારતનાં સમાજજીવનને અનેરું ચેતન આપ્યું અને આપતી રહી છે. મહાકવિ કાલિદાસ વિશેની દંતકથા એવી છે કે તેઓ નાનપણમાં બુદ્ધિહીન હતા, પણ દેવીનાં વરદાનથી તેમની જીહ્વા પર સરસ્વતી વસ્યાં. આધુનિક સમયમાં રવીન્દ્રનાથ ટાગોરે ૧૪ વર્ષની ઉંમરે અભ્યાસ સાવ છોડી દીધો. ભવિષ્યમાં તેમને તેમના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે નોબેલ પ્રાઈઝ મળ્યું અને તે દ્વારા તેમને કવિ તરીકેની આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મળી. ગુજરાતી સાહિત્યનાં ક્ષેત્રમાં પન્નાલાલ પટેલે ખાસ અભ્યાસ કર્યો નથી, પરંતુ તેમની સાહિત્યિક શક્તિ બદલ તેમને સારો એવોર્ડ પણ મળ્યો છે. ઈંદુલાલ ગાંધી સામાજિક દૃષ્ટિએ સામાન્ય વર્ગના હતા, પરંતુ તેઓ ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકેનું સ્થાન પામ્યા છે. આ સારસ્વતો માટે બાહ્ય સામગ્રી, ખ્યાતિ, પુરસ્કાર વગેરેનાં પ્રેરકબળો મુખ્ય નથી, પરંતુ મુખ્ય છે તેમનાં મગજની મૂડી.

આવા મહાકવિઓ કે પ્રતિભાસંપન્ન લેખકોની લેખનશક્તિ તેમના પૂર્વજન્મનાં સુકર્મોનું ફળ ગણવામાં આવે અથવા પૂર્વજન્મના સંસ્કારોને લીધે લેખવામાં આવે. તેથી સૌ કોઈ પાસે તેમના જેવી મગજની મૂડી ન હોય એવી દલીલ થાય. પૂર્વજન્મ સંબંધી આ માન્યતાઓમાં જરૂર સત્ય છે, પરંતુ તેનો અર્થ એમ નથી કે જેમને લેખન પ્રવૃત્તિ પ્રિય હોય તેમણે લખવાનો પુરુષાર્થ ન કરવો. જે ખાસ ખ્યાલમાં રાખવાનું છે તે એ છે કે તેઓ વાલ્મીકિ, કાલિદાસ, ટાગોર, ન્હાનાલાલ કે મેઘાણી કે તોલ્સતોય બને તો જ તેઓ કવિ કે લેખક બન્યા ગણાય તેવા વિચારને પોષવો ન જ જોઈએ. તેમણે પોતાની શક્તિ પ્રમાણે અભ્યાસ અને લેખન દ્વારા સરસ્વતીની ઉપાસનાનો નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરતા રહેવું જોઈએ.

કેટલાક લોકો લેખન શક્તિને વારસાગત બક્ષિસ ગણાવે એવું પણ બને. માતાપિતાના ગુણો સંતાનોને વારસારૂપે મળે છે એ સાચું, તો પણ વારસાના મુદ્દાને સર્વસ્વ ગણવો એ વૈજ્ઞાનિક વિચારણા નથી. દલપતરામ કવિ હતા અને તેમના પુત્ર ન્હાનાલાલ ગુજરાતના મહાકવિ થયા. તેવી જ રીતે ગુણવંતરાય આચાર્ય નવલકથાકાર હતા. તેમની પુત્રીઓ સારી લેખિકાઓ બની છે. અહીં આપણે વારસાને એક કારણ ખુશીથી ગણાવીએ. પરંતુ સઘળા લેખકો અને કવિઓનાં સંતાનો લેખકો અને કવિઓ બન્યાં નથી. પિતા કવિ કે લેખક હોય અને તેનો પુત્ર સરકારી ઓફિસમાં જુનીયર કલાર્ક તરીકે તેની કારકિર્દી શરૂ કરે, સમય જતાં તે મામલતદાર કે કલેકટર પણ બને એન્દ્રીકો કેસ્ટેલ્ન્યુવાની 'The Theorem of Pythagoras' શીર્ષકવાળી એક ટૂંકી વાર્તા છે. તેમાં પિતા પોતાનાં વિદ્યાર્થીજીવનમાં પાયથાગોરાસના પ્રમયને લીધે પરીક્ષામાં અનુત્તીર્ણ થાય છે અને તેથી અભ્યાસ છોડી દે છે. જયારે તેના પુત્રને પાયથાગોરાસનો પ્રમેય શીખવાનો છે એવી પિતાને ખબર પડે છે ત્યારે તેને ચિંતા થાય છે. કે તેના પુત્રને પણ તેની જેમ અભ્યાસ છોડી દેવો પડશે ? પુત્રને એ પ્રમેય આવડે છે કે નહિ એમ પિતા તેને પૂછે છે ત્યારે પુત્ર તો પાયથાગોરાસનો સિદ્ધાંત એકથી વધારે રીતે સાબિત કરવા તૈયાર હોય છે. પુત્રને ભવિષ્યનો ન્યૂટન ગણીને પિતા દિઙ્મૂઢ થઈ જાય છે. સારાંશ એ છે કે પૂર્વજન્મ અને વારસાની દલીલોનાં નામ પર લખવા માંગતા લોકોએ નિરાશ ન થવું જોઈએ, તેમ પુરુષાર્થ પડતો ન જ મૂકવો જોઈએ. લેખનશક્તિ માટે તંદુરસ્ત આશાવાદ અને પુરુષાર્થ પાયાની બાબતો છે.

લેખનશક્તિનું ઝરણું કયારે વહેવા માંડે ? કેટલાંક માણસો એવા હોય છે કે તેમને કોઈ પ્રસંગ યાદ આવે કે કોઈ વિચાર આવે તે તેઓ અન્યને કહ્યા વિના રહી શકે નહિ. આવા લોકો લેખક થાય જ એવું અહીં સમીકરણ નથી. પરંતુ આવું જે વલણ છે તેને લેખનશક્તિનાં ઝરણાંનું મૂળ કહી શકાય. પછી આવી વ્યક્તિને દુનિયાના અનુભવો થતા જાય, દુનિયા જોવાની દૃષ્ટિ થતી જાય, થોડો વધારે અભ્યાસ થાય. જેમાં ડિગ્રી મેળવવી અનિવાર્ય નથી, પરંતુ શ્રવણ, વાંચન અને મનન થાય. આ બધાં દ્વારા જે માનસિક ઘડતર થતું રહે અને સાથે સાથે જુદા જુદા પ્રશ્નો સંબંધી મગજમાં જે વિચારો આવ્યા કરે તે કોઈને કહેવાની ખૂબ આતુરતા થાય, તેથી મિત્રો સાથે વિચારોની આપલે સતત ચાલતી રહે. આવાં માનસ માટે એવી શક્યતા છે કે પોતાનાં મગજમાં ઊભરાતા વિચારોને કાગળ પર મૂકવાની અદમ્ય તાલાવેલી લાગે. જેવી રીતે શરીરમાં ચળ આવે તો જનોઈ પહેરતા લોકો જનોઈથી વાંસો ખંજવાળવા લાગે, તેમ કર્યા વિના રહી શકાય નહિ. તેવી જ રીતે લખવાની જાણે હાથમાં ચળ આવે એવું લાગે અર્થાત્ પોતાના વિચારો કે સર્જનાત્મક કૃતિ લખ્યા વિના રહી શકાય નહિ. લેખનશક્તિનાં ઝરણાંનાં મૂળની કંઈક આવી વાત ગણાય.

આ સાથે મનનો એક બીજો ગુણ સંવેદનશીલતા સવિશેષ હોય તો લેખનશક્તિમાં મદદરૂપ થાય છે. માણસને સુખદ દશ્ય, પ્રસંગ કે પરિસ્થિતિ નિહાળતાં સુખ-આનંદની અને દુઃખદ પરિસ્થિતિ નિહાળતાં કરુણાની સવિશેષ લાગણી થાય તો તેને તેવી લાગણીને શબ્દદેહ આપવામાં સારી મદદ મળે. એક એવો મત છે કે જે લેખકે પોતાનાં જીવનમાં કંઈક દુઃખ અનુભવ્યું હોય તેને દુનિયા અને જીવનની સમજ વિશેષ આવી હોય તેથી તેનું લેખન વધારે અસરકારક બને. જે વ્યક્તિને હંમેશાં અનુકૂળતાઓ જ રહી હોય તેના વિચારોમાં કલ્પનાનાં ઉડ્ડયનો હોય અને પાંડિત્ય પણ હોય, પણ કરુણતા અને આંસુસભર દુનિયામાં ધરતી પર ચાલવાની વાત ન હોય. શારીરિક, માનસિક કે આર્થિક દુઃખ વિના માણસનું ઘડતર એકપક્ષી થાય છે અને પરિણામે વિચારોમાં પરિપકવતા હોતી નથી. આમ જેનામાં લખવાની અદમ્ય લગની અને સંવેદનશીલતા હોય અને સાથે સાથે તે વ્યક્તિને કંઈક દુઃખનો અનુભવ થયો હોય તો તેનામાં રહેલી લેખનશક્તિ એક યા બીજાં સ્વરૂપમાં વ્યક્ત થાય અર્થાત્ કાવ્ય, નવલિકા, નવલકથા, નિબંધ, નાટક, હાસ્યલેખો વગેરેમાં આવિષ્કાર પામે અને તેનાં તે લેખનમાં જરૂર કંઈક સત્ત્વ હોય.

લખવું શા માટે ? પૈસા માટે ? અહીં થોભવું જરૂરી છે. આ સંબંધમાં જેણે ભારે વસમા માનસિક અને આર્થિક આઘાતો સહન કર્યા એવી ઈંગ્લેન્ડની સ્ત્રીસાહિત્યકાર જ્યોર્જ ઈલિયટ (મેરી એન ઈવાન્સ)ના વિચારો પ્રત્યે ખાસ ધ્યાન આપવાની જરૂર છે. તેઓ કહે છે કે લખનાર વ્યક્તિ લોકમાનસના શિક્ષક કે અસરકર્તા તરીકેનું સ્થાન ધરાવે છે. ઘડીભર કેટલાક લેખકો એમ કહે કે તેઓ મનોરંજન માટે લખે છે, તો પણ તેમનું લખાણ નૈતિક રુચિ ( moral taste)ને તેમજ બૌદ્ધિક રીતે અસર કરે છે એ હકીકતથી તેઓ બચી શકે નહિ. માનનીય ડૉ. રમણલાલ ચી. શાહ 'પ્રબુદ્ધ જીવન'ના ૧૬-૩-૮૯ના અંકમાં તેમના તંત્રીલેખમાં લખે છે, "કોઈ લેખકનું લખાણ અચાનક જગતમાં કેવો ઉત્પાત મચાવી દે છે તેનું દ્રષ્ટાંત તાજેતરમાં સલમાન રશદીની 'Satanic Verses' નામની નવલકથાએ પૂરું પાડયું છે." તેઓશ્રીનો આ લેખ 'લેખકનો શબ્દ' લેખકનાં સ્વાતંત્ર્ય, જવાબદારી વગેરે અંગે સુંદર પ્રકાશ પાડે છે. જ્યોર્જ ઈલિયટ કહે છે કે બજારમાં પોષાક અને રાચરચીલું જાતજાતની ઢબનાં હોય અને લોકોની રહેણીકરણીમાં આ ઉદ્યોગની કશી અસર ન થાય એ શી રીતે બને ? જે લેખકો કેવળ પોતાની આવક ખાતર જ મનોરંજન માટે લખે તેઓ લોકોનાં આરોગ્યને નુકસાન કરે તેવો માલ વેચીને ધનવાન બનનાર વેપારી જેવા છે. તેથી ઈલિયટ મનોરંજન માટેનાં ખરાબ પ્રકારનાં સાહિત્યને Spritual gin - આધ્યાત્મિક દારૂ કહે છે.

લેખકને સારી આવક થાય તે માટે ઈલિયટનો તલભાર વિરોધ નથી. શક્તિશાળી લેખકની જે કૃતિ બહાર પડે તેને માટે તેને માનપૂર્વક સારી કિંમત મળે તે તદ્દન ઉચિત જ છે. પરંતુ લેખકે પૈસાદાર બનવા માટેના વેપારના નિશ્ચયથી લેખકનો વ્યવસાય ન જ અપનાવવો જોઈએ એમ તેઓ ભારપૂર્વક કહે છે. તેથી લેખકે પોતાની કૃતિઓ બહાર પાડવામાં ઉતાવળ ન કરવી જોઈએ. નામના થઈ જાય માટે પૈસા ખાતર કૃતિઓ બહાર પાડયે જવી એ તેમના મતે સાહિત્યકાર, સાહિત્ય અને વાચકોનાં હિતમાં નથી. સુંદર કૃતિ જવાબદારી પૂર્ણ છે. તેમજ વૈચારિક શ્રમ માગી લે છે. જે લેખક શુદ્ધ અને ઉમદા અંતરાત્મા ધરાવે છે. તેણે પૈસાદાર બનવાનું ધ્યેય ન જ રાખવું જોઈએ. તેથી ઈલિયટ ત્યાં સુધી કહે છે કે લેખકે તેનું ખર્ચ નીચું રાખવું જોઈએ અને બિલો ચૂકવવા માટે રકમો કમાવાની તેણે તીવ્ર જરૂર ન જ બનાવવી જોઈએ. વિનોબા ભાવે પણ લેખકોની કેવળ પૈસા કમાવવાની વૃત્તિથી નારાજ હતા. લેખકને પણ સમાજનું ઋણ હોય છે એ તેણે ન ભૂલવું જોઈએ. સમાજને સારા પ્રકારની કૃતિઓ આપવી અને કેવળ પૈસાનું ધ્યેય ન રાખવું એ લેખકની સમાજ પ્રત્યેની ફરજો છે.

આ દલીલ સામે અંગ્રેજી સાહિત્યમાં સર વોલ્ટર સ્કોટનો દાખલો ટાંકવામાં આવે છે. સ્કોટને પૈસાનું જરૂરનું દબાણ રહે એવી પરિસ્થિતિ હતી. પરિણામે, તેઓ તેમની કૃતિઓ બહાર પાડયે જતા હતા અને વાંચકોને ખૂબ નિર્દોષ આનંદ અને તેથી સારી અસરવાળો આનંદ મળ્યો. જો સ્કોટને પૈસાની જરૂર ન હોત તો આવો આનંદ વાંચકોને ન મળ્યો હોત. ઈલિયટ આ દલીલ સ્વીકારતાં નથી અને ચેતવણી આપે છે કે સ્કોટનો દાખલો અનુકરણીય નથી. સ્કોટ જેવા પ્રતિભાસંપન્ન લેખકના દાખલાનું અનુકરણ સામાન્ય લેખકો માટે ઉચિત ન બને એવું તેમનું મંતવ્ય છે. વર્તમાન ભારતીય સાહિત્યમાં મુસાફરીમાં કે સાવ નવરાશના સંજોગોમાં સમય પસાર કરવા માટેની કૃતિઓ ખૂબ બહાર પડે છે. આવી કૃતિઓને કેટલાક લોકો નશીલી દવાઓની ઉપમા આપે છે. આવી કૃતિઓ વાંચકોને મનોરંજન આપે, પણ વાચકનાં માનસ પર અયોગ્ય અસર કરે એ પણ સ્પષ્ટ છે. વ્યસનની જેમ આવી કૃતિ વાંચવાનું વાંચકને વ્યસન થાય છે, પરંતુ વાચનથી જે વિકાસ થાય, જે કેળવણી મળે તેને બદલે આવી કૃતિઓનાં વાચનથી વિપરીત અસરો થાય છે. અલબત્ત, લેખકોને પૈસા મળે છે, તેમનાં બિલો ચૂકવાય છે અને તેઓ ધનવાન પણ બને; જ્યારે લખવા પાછળની આવી વૃત્તિથી નથી તો સાહિત્ય સમૃદ્ધ બનતું કે નથી બનતો સમૃદ્ધ વાચકવર્ગ.

શિક્ષણનો વિસ્તાર વધતો જ રહ્યો છે. શિક્ષિતોને લેખકના વ્યવસાય પ્રત્યે જરૂર આકર્ષણ રહે છે. જેઓ સારી રીતે શિક્ષણ પામ્યા હોય તેઓ નિબંધો સારી રીતે લખી શકતા હોય છે. તેથી તેઓ લેખનના વ્યવસાય માટે નિરંકુશ રહે એમ ઈલિયટ માનતાં નથી. ઈલિયટ સુશિક્ષિતો માટે સામાજિક ફરજનો ઉચ્ચ આદર્શ અને સામાન્ય સંસ્કૃતિ જે પ્રક્રિયાથી આગળ ધપે છે તેમાં યોગદાન આપવું એવું નિયંત્રણ લેખકના વ્યવસાય માટે આપે છે. આ બતાવે છે કે લેખક માટે વાચન, અભ્યાસ અને મનન સતત જરૂરી છે. ઈલિયટે ઈ.સ. ૧૮૮૦માં દુનિયા છોડી. અગિયાર દાયકા પહેલાં તેમણે આ વિચારો લેખનના વ્યવસાય માટે દર્શાવ્યા છે જે આજે પણ એટલા જ મનનીય, ઉપયોગી અને લાભદાયી છે.

કેવળ પૈસા ખાતર જ લખવું ઉચિત નથી, તેમ નામના-પ્રસિદ્ધિ માટે જ લખવું પણ અનુચિત છે. વ્યક્તિને અન્ય લોકો જાણે, સ્વીકારે એવી લાગણી તેનામાં અવશ્ય રહેલી છે. નામના મેળવવાની લાગણીનો અતિરેક વ્યક્તિ માટે હાનિકારક પણ નીવડે. પ્રસિદ્ધિ પ્રેરક બળ તરીકે રહે ત્યાં સુધી બરાબર છે, પણ અંતિમ કારણ બને તો એ લેખક માટે હિતાવહ નથી. અન્ય લોકો પોતાને જાણે એવી વૃત્તિથી લખીને નિષ્ફળ લેખક બનવા કરતાં સ્વસ્થ દૃષ્ટિથી લેખનકાર્યમાં પ્રવૃત્ત રહેવું એ સર્વથા તંદુરસ્ત રીત છે. બીજા શબ્દોમાં કહીએ તો લેખકના વ્યવસાયમાં ગાંભીર્ય, જવાબદારી અને ઉદ્યમ મહત્ત્વપૂર્ણ છે.

લેખનશક્તિ જેટલી આકર્ષક અને પ્રલોભનકારી છે તેટલી જ તપસાધ્ય છે. લેખકે પોતાના નૈતિક અને બૌધિક વિકાસ માટે હંમેશા અપ્રમત્ત રીતે પ્રવૃત્ત રહીને અભ્યાસ, વાચન અને મનન કરતાં કરતાં પૈસા અને નામ ગૌણ બનાવીને કલમને ખોળે માથું મૂકવાનું છે. પોતાનાં લખાણોથી વાચકનાં નૈતિક રુચિ હીન ન બને તે લેખકે ખાસ જોવાનું છે. લેખક સ્વતંત્ર છે એ સાચું પણ 'સ્વતંત્ર'નો અર્થ ઘણો ગહન છે, જ્યારે આ નિયંત્રણ સ્વચ્છંદતા પર છે. આવી સાધના કરતા રહેતા લેખકે ભૂતકાળના કે સમકાલીન મહાન લેખકોનાં લખાણો સાથે પોતાનાં લેખનની સરખામણી કરવાની જરૂર નથી. જે સંવેદન, અનુભવ, આઘાતોપ્રત્યાઘાતો વગેરે કહ્યા વિના રહી શકાતું નથી તેમને અક્ષરદેહ આપવાનું કાર્ય લેખકે કરવાનું છે. શુભભાવથી અને સહૃદયતાથી વ્યક્ત થતા શબ્દો લોકપ્રિય થશે કે નહિ તેવી નચિંતતા લેખકનું ભૂષણ છે. લોકપ્રિયતા મળે તો પોતાનાં જીવનની દૃષ્ટિએ વધુ સાવધ બનવું પડે. પોતાનું કર્તવ્ય - પોતાનો લેખકધર્મ મુખ્ય છે અને અહમ્ ગૌણ છે એવી આત્મ કેળવણી ન રહે તો પતન અને પાયમાલીની પૂરી શકયતા રહેલી છે. લોકપ્રિય કલાકારો અનિદ્રાના રોગના ભોગ બને છે એવા દાખલાઓ છે. લખવાની કળાના વિકાસ સાથે ધર્મપરાયણતાનો વિકાસ સાધવો અનિવાર્ય છે. ભારતમાં ગરીબી, બેરોજગારી, પોતાનો સ્વીકાર થાય તે માટેની વધુ પડતી ચડસાચડસી, કદર કરવાનો અભાવ, કાલ્પનિક સાહિત્ય વાંચવાની વાંચકોની રસવૃત્તિ વગેરે કારણોને લીધે લેખકોને માટે પૈસાનાં પ્રલોભનોમાં તણાઈ જવું સ્વાભાવિક પણ ગણાય; પરંતુ સાદાઈ અપનાવીને લેખકો વાંચકવર્ગને સુંદર વસ્તુસામગ્રી પીરસે તેમાં લેખકધર્મ રહેલો છે.

□□□

# નવકારમંત્રની શાશ્વતતા

❑ રમણલાલ ચી. શાહ

નવકારમંત્રને નિત્ય, શાશ્વત, અનાદિ સિદ્ધ, સનાતન, અવિનાશી તરીકે ઓળખાવવામાં આવે છે.

શું નવકારમંત્ર ખરેખર શાશ્વત છે? એને 'શાશ્વત' કહેવામાં અતિશયોક્તિ તો નથી થતી ને ? એને 'નિત્ય' કહેવામાં જૈનધર્મનું મિથ્યાભિમાન તો નથી રહ્યું ને? નવકારમંત્રની ભાષા તો અર્ધમાગધી છે. અર્ધમાગધી ભાષા તો ત્રણ હજાર કે તેથી થોડાં વધુ વર્ષ જૂની છે. તો પછી નવકારમંત્ર એથી વધુ જૂનો કેવી રીતે હોઈ શકે? આવા આવા પ્રશ્નો થવા સ્વાભાવિક છે . પરંતુ એ વિશે શાંત ચિત્તે, પૂર્વગ્રહરહિત થઇને, વિશ્વના વિશાળ ફલક ઉપર અને કાલના અનંત પ્રવાહના પરિપ્રેક્ષ્યમાં વિચારથી આ બધા સંશયો ટળી જશે.

નિત્ય એટલે હંમેશનું, કાયમનું. જેનું અસ્તિત્વ કાયમ કે સતત રહયા કરે તે નિત્ય કહેવાય. શાશ્વત એટલે જેનો કયારેય નાશ થવાનો નથી. અનાદિ એટલે આદિ વગરનું, જેનો આરંભ કયારેય થયો નથી ને આરંભ જેનો કયારે થયો તે કહીં ન શકાય એવું, આરંભ વિનાનું એટલે અનાદિ. અમુક કાળે તેનો આરંભ થયો એમ કહીએ તો તે અનાદિ ગણાય નહિ અને અસંગતિનો દોષ આવે. સનાતન એટલે પ્રાચીન કાળથી ચાલ્યું આવતું, અવિનાશી, નિશ્ચલ. આમ નિત્ય, શાશ્વત, સનાતન, અવિનાશી, અનાદિ એ બધા શબ્દો નજીક નજીકના અર્થવાળા છે.

નવકારમંત્રને નિત્ય, શાશ્વત અનાદિસિદ્ધ તરીકે ઓળખાવવામાં રહસ્યપૂર્ણ યથાર્થ પ્રયોજન રહ્યું છે. નમવાની ક્રિયા આ વિશ્વમાં સર્વત્ર જોવા મળે છે. વૈજ્ઞાનિક અને ભૌગોલિક દૃષ્ટિથી જોઇએ તો કેટલીક વસ્તુઓ ભારથી નમી જાય છે. વૃક્ષો, લતાઓમાં એમ થવું સહજ છે. ગુરુત્વાકર્ષણના નિયમને લીધે નમવું, નીચા થવું એ પદાર્થનો સ્વભાવ બની જાય છે. વાદળો નીચે વરસે છે, પાણી નીચાણમાં વહે છે, નદીઓ પર્વતોમાંથી નીકળી, નીચે વહેતી વહેતી સમુદ્રને મળે છે. સ્વેચ્છાએ ભાવપૂર્વક નમવું એવી ક્રિયા પણ જુદી જુદી કોટિના જીવોમાં જોવા મળે છે.

પશુપંખીઓમાં પણ પોતાના સંતોષ કે આનંદને વ્યકત કરવા માટે, પોતાના ઉપર થયેલા ઉપકારના સ્વીકારનો ભાવ વ્યકત કરવા માટે કોઇક શારીરિક કે વાચિક ક્રિયા કરાય છે. મનુષ્યનું ઉત્તમાંગ તે એનું મસ્તક છે. પોતાના ભાવોને દર્શાવવા માટે, જેમકે હા- ના, સ્વીકાર-અસ્વીકાર, સંતોષ-અસંતોષ ઇત્યાદિ ભાવો દર્શાવવા માટે મસ્તકના હલનચલનની ક્રિયા કુદરતી રીતે થઇ જાય છે. સ્વીકાર માટે, વડીલો કે ગુરુજનો પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવા માટે, પોતે ઉપકૃત થયા છે એવો ભાવ બતાવવા માટે મસ્તક નમાવવાની ક્રિયા આદિ કાળથી ચાલી આવી છે. એવી ક્રિયા અમુક કાળ પછી બંધ થઇ જશે એમ કહી શકાય નહિ. આમ વિશ્વમાં નમન ક્રિયાનું નિત્યત્વ, સાતત્ય જોવા મળે છે. એટલા માટે નમસ્કારની સ્થૂલ ક્રિયા વિશ્વમાં શાશ્વત છે એમ કહી શકાય. કયારેક મનમાં નમવાનો ભાવ ન હોય પણ ઔપચારિકતા ખાતર, વિવેક ખાતર, દેખાદેખીથી, સ્વાર્થના પ્રયોજનથી નમવું પડે છે. એવો સ્થૂલ નમસ્કાર તે માત્ર દ્રવ્ય નમસ્કાર છે. કયારેક મનમાં નમવાનો ભાવ સહજ, સાચો હોય પણ શારીરિક કે સંજોગોની પ્રતિકૂળતાને કારણે અથવા સહજ તેવી સ્થતિને કારણે તેમ થઇ શકતું નથી. એવો નમસ્કાર તે દ્રવ્ય નમસ્કાર નહિ પણ માત્ર ભાવ નમસ્કાર છે. નમસ્કારના આ રીતે ત્રણે પ્રકાર જોવા મળે છે : (૧) માત્ર દ્રવ્ય નમસ્કાર, (૨) ભાવ સહિત દ્રવ્ય નમસ્કાર અને (૩) માત્ર ભાવ નમસ્કાર એ ત્રણે પ્રકારના નમસ્કાર સંસારમાં સતત જોવા મળતા રહે છે. આમ નમન કરવાની ક્રિયા વિશ્વમાં અનાદિ કાળથી છે, તે નિત્ય છે અને શાશ્વત છે.

નવકારમંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવ્યા છે. હવે કોઇ કદાચ પ્રશ્ન કરે કે નમવાની ક્રિયા આ વિશ્વમાં અનાદિ કાળથી ચાલી આવી છે એ સાચું, પરંતુ અરિહંત, સિદ્ધ વગેરે પંચપરમેષ્ઠિ અનાદિ કાળથી ન હોય તો પછી નમવાની ક્રિયાનું કે નવકારમંત્રનું કોઇ પ્રયોજન રહેતું નથી. એના ઉત્તરમાં શાસ્ત્રકારો પંચપરમેષ્ઠિની શાશ્વતતા તો સમજાવે છે, પરંતુ તે પહેલાં જે વડે આ વિશ્વ બનેલું છે એ મૂળભૂત દ્રવ્યોની નિત્યતા પણ સમજાવે છે.

આવશ્યક ચૂર્ણીમાં કહ્યું છે, 'जहा पंच अत्थिकाया निच्चा एवं नमुक्कारो वि ।' અર્થાત જેમ પાંચ અસ્તિકાય નિત્ય છે તેમ નમસ્કારમંત્ર પણ નિત્ય છે. જૈનધર્મ પ્રમાણે આ વિશ્વમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાલ એ છ દ્રવ્યો છે. તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલ અને જીવ એ પાંચ અસ્તિકાય (પ્રદેશોનો સમૂહ) ગણાય છે. સમગ્ર વિશ્વમાં આ પાંચે દ્રવ્યો ગુણથી નિત્ય છે, અનાદિ અને અનંત છે. તેનો કયારેય નાશ થયો નથી, થતો નથી અને થવાનો નથી. તેવી જ રીતે નવકારમંત્ર નિત્ય છે. તેનો કયારેય નાશ થવાનો નથી. આમ ચૂર્ણિકારે નવકારમંત્રની નિત્યતા પંચાસ્તિકાયનું ઉદાહરણ આપીને દર્શાવી છે.

'નમસ્કારફલ પ્રકરણ'માં કહ્યું છે :

एसो अणाइकालो अणाइजीवो अणाइजिणधम्मो ।
तइया वि ते पढंता, इसुच्चियजिणनमुक्कारो ॥

[આ કાળ અનાદિ છે, આ જીવ અનાદિ છે અને આ જૈન ધર્મ પણ અનાદિ છે. જયારથી એ છે ત્યારથી આ જિન નમસ્કાર (નવકારમંત્ર) ભવ્ય જીવો વડે ભણાય છે.]

આમ આ ગાથામાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે કાળ અનાદિ છે, જીવ અનાદિ છે, જૈનધર્મ અનાદિ છે અને તે પ્રમાણે નવકારમંત્ર પણ અનાદિ છે.

હવે કાળની બાબતનો વિચાર કરીએ. કયારેય એમ નહિ કહી શકાય કે અમુક વખતે કાળની શરૂઆત થઇ. જો એમ કહીએ તો તે પહેલાં શું હતું અને શા માટે તેમ હતું તેવા પ્રશ્નો ઊભા થશે અને તેનો કોઇ તર્કયુક્ત બુદ્ધિગમ્ય જવાબ નહિ આપી શકાય. માટે કાળને આરંભ વગરનો અનાદિ માનવો પડશે.

એવી જ રીતે જીવને અર્થાત આત્માને પણ અનાદિ, નિત્ય માનવો પડશે. જૈન ધર્મમાં આત્મા વિશે છ પદ ગણાવવામાં આવે છે : (૧) આત્મા છે. (૨) આત્મા નિત્ય છે (૩) આત્મા કર્મનો કર્તા છે. (૪) આત્મા કર્મનો ભોક્તા છે (૫) મોક્ષ છે અને (૬) મોક્ષનો ઉપાય છે. આ ષટ સ્થાનક વિશે શાસ્ત્રકાર કહે છે :

अत्थि जिओ सो निच्चो, कत्ता भोत्ता य पुन्नपावाणं ।
अत्थि धुवं निव्वाणं, तदुवाआ अत्थि छट्ठाणे ॥

આમ જીવને (આત્માને) નિત્ય માનવામાં આવ્યો છે. અમુક કાળે આત્મા ઉત્પન્ન થયો અને અમુક કાળે આત્મા નાશ પામશે એમ કહેવું અસંગત ઠરે છે. આત્મા નિત્ય એટલે શાશ્વત, અનાદિ, અનંત છે. શરીરનો નાશ થાય છે, પણ આત્માનો કયારેય નાશ થતો નથી. આત્મા નિત્યસ્વરૂપનો છે એ સાંખ્યાદિ હિંદુ દર્શનો પણ સ્વીકારે છે. માટે જ શ્રીમદ્ ભગવદ્ગીતાના બીજા અધ્યાયમાં આત્માનાં લક્ષણો દર્શાવતાં કહેવાયું છે :

न जायते म्रियते वा कदाचिन्नपि भूत्वा भविता न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥

[તે (આત્મા)જન્મતો નથી કે મરતો નથી. અથવા તે પૂર્વે નહોતો અને પછી પણ નહિ હોય એવું પણ નથી. આત્મા અજ (જેનો જન્મ થતો નથી તે) નિત્ય, શાશ્વત અને પુરાતન છે. જયારે શરીર હણાય છે ત્યારે પણ આત્મા હણાતો નથી.]

જેવી રીતે કાળ અને આત્મા અનાદિ, નિત્ય, શાશ્વત છે, તેવી રીતે જૈન ધર્મ પણ શાશ્વત છે. અહીં જૈન ધર્મનો એકાદ ઉત્સર્પિણ કે અવસર્પિણીની દૃષ્ટિએ કે એના વર્તમાન અથવા તત્કાલીન આચાર ધર્મની દૃષ્ટિએ નહિ પણ

મૂળ મોક્ષમાર્ગ અને એની સાધનાની સૂક્ષ્મ દ્રષ્ટિએ તથા સનાતન ચાલ્યા કરતા કાળ પ્રવાહની દ્રષ્ટિએ વિચાર કરવાનો છે. જ્યાં સુધી જીવ છે, મનુષ્ય ગતિ છે, મોક્ષમાર્ગ છે અને સિદ્ધદશા છે ત્યાં સુધી એટલે કે અનાદિ - અનંત કાળને વિશે જૈનધર્મ પણ છે. જેમ કાળ, જીવ અને જૈનધર્મ અનાદિ છે તેમ જિનેશ્વરને નમસ્કાર અર્થાત, નવકારમંત્ર પણ અનાદિ, નિત્ય, શાશ્વત છે. માટે જ કવિ કુશળલાભ વાચક કહે છે :

આગે ચોવીસી હુઇ અનંતી, હોશે વાર અનંત,
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત.

ચોવીસ તીર્થંકરોની ચોવીસી કયારથી શરૂ થઇ ? જેમ વર્તમાન અવસર્પિણી કાળની ચોવીસી છે. તેમ ગત કે અનાગત ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળની ચોવીસી પણ હતી અને હશે. મહાવિદેહક્ષેત્રમાં જેમ હાલ વીસ તીર્થંકરોની વીસી છે તેમ ગત તેમજ અનાગત વીસી પણ હતી અને હશે. આમ જયારે કાળની ગણના કરીશું ત્યારે તીર્થંકરોની ગણના કરવી જ પડશે. પરંતુ કાળ તો અનાદિ છે, અનંત છે. માટે જ કવિ કુશળલાભે કહ્યું છે કે અનંત ચોવીસીઓ થઇ ગઇ અને અનંત ચોવીસીઓ થશે. એટલા માટે અરિહંત પરમાત્મા, જિનેશ્વર ભગવાનનું પદ અનાદિ અનંત છે. નવકારમંત્રમાં કોઇ એક જ તીર્થંકર ભગવાનને નમસ્કાર નથી, પણ અનાદિ - અનંતકાળના સર્વ ક્ષેત્રના સર્વ તીર્થંકરોને નમસ્કાર છે.

જેવી રીતે અરિહંત પરમાત્માનું પદ અને સ્વરૂપ શાશ્વત છે તેવી જ રીતે સિદ્ધ ભગવંત, આચાર્ય ભગવંત, ઉપાધ્યાય ભગવંત અને સાધુ ભગવંતનાં પદ અને સ્વરૂપ પણ શાશ્વત છે, અનાદિ-અનંત છે. નવકારમંત્રમાં અરિહંત ઉપરાંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુને કરાતા નમસ્કારમાં પણ કોઇ એક જ નિશ્ચિત વ્યકિતને નમસ્કાર નથી, પણ અનાદિ અનંત કાળના તે સર્વેને નમસ્કાર છે. એટલે જયાં જયાં અને જયારે જયારે આ પંચ પરમેષ્ઠી હોય ત્યાં ત્યાં અને ત્યારે ત્યારે તે સર્વને નમસ્કાર છે. એટલા માટે જ કવિ કુશળલાભે કહ્યું છે કે 'નવકાર તણી કોઇ આદિ ન જાણે.' આમ નવકારમંત્ર અનાદિ કાળથી સિદ્ધ થયેલો શાશ્વત મંત્ર છે. માટે જ કુશળલાભ વાચક નવકારમંત્રના છંદમાં એનો મહિમા વર્ણવતાં કહે છે :

નિત્ય જપીએ નવકાર, સાર સંપત્તિ સુખદાયક,
સિદ્ધ મંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક.

પ્રવચનસારોદ્ધાર વૃત્તિમાં કહ્યું છે :

सर्वमन्त्ररत्नानामुत्पत्त्याकरस्य, प्रथमस्य कल्पितपदार्थ करणैक कल्पद्रुमस्य, विषविषधर शाकिनी डाकिनीयाकिन्यादिनिग्रह निरवग्रह स्वमावस्य सकलजगद्ध करणाकृष्टयाद्यव्यभिचारी प्रौढ प्रभावस्य चतुर्दशपूर्वाणां सारभूतस्य पञ्चपरमेष्ठि नमस्कारस्य महिमाऽत्येय भूतं वरिवर्तते त्रिजगत्यत्कालमेति निष्प्रतिपक्षमेतत् सर्वसमयविदाम् ।

અહીં વૃત્તિકારે સર્વ શાસ્ત્રકારોને સંમત એવા નવકાર મંત્રના ભિન્ન ભિન્ન વિશેષણો દર્શાવ્યાં છે. (૧) નવકારમંત્ર અન્ય સર્વ મંત્ર રૂપી રત્નોને ઉત્પન્ન થવા માટે ખાણ સમાન છે. (૨) નમકારમંત્ર પ્રથમ છે. એટલે નવકાર મંત્ર મૂળ મંત્ર છે, અનાદિ કાળનો મંત્ર છે. (૩) સર્વ મનોવાંછિત પદાર્થો આપવા માટે કલ્પવૃક્ષ સમાન છે. (૪) નવકાર મંત્ર સર્વ વિષ, વિષધર, શાકિની, ડાકિની, યાકિની વગેરેનો નિગ્રહ (પરાભવ) કરવાવાળો તથા નિરવગ્રહ (અસર થઇ હોય તો તેમાંથી મુકત કરાવવાનો) સ્વભાવવાળો મંત્ર છે. (૫) સકલ જગતનું વશીકરણ અને આકર્ષણાદિ કરવામાં સફળ અને પ્રૌઢ પ્રભાવવાળો છે. (૬) નવકારમંત્ર ચૌદપૂર્વના સાર જેવો છે. આવા મહામંત્રનો મહિમા ત્રણે જગતમાં અનાદિકાળથી અદ્‌ભુત વર્તે છે.

વૃત્તિકારે અહીં 'આકાલ' શબ્દ પ્રયોજ્યો છે. આકાલ એટલે જયારે કાળ શરૂ થયો ત્યારથી. પરંતુ કાળ તો અનાદિ છે. માટે આકાલનો અર્થ અહીં અનાદિ એવો થાય છે.

કોઇકને કદાચ એમ પ્રશ્ન થાય કે નવકારમંત્ર અનાદિ છે તે તો સમજાય છે, પરંતુ તે નિત્ય છે, અનંત છે, શાશ્વત કાળ માટે રહેશે એમ કહેવાય કારણ કે આ અવસર્પિણીનો પાંચમો આરો પૂરો થયા પછી છઠ્ઠા આરામાં જો ધર્મ જ નહિ રહે, તો નવકારમંત્ર કયાં રહેશે ? છઠ્ઠો આરો પૂરો થયા પછી ફરી ઉત્સર્પિણી કાળ આવે ત્યારે માનો કે નવકારમંત્ર ફરીથી ચાલુ થાય તો પણ એટલો કાળ તો એનો વિચ્છેદ થયો એટલે કે એનું સાતત્ય તૂટયું એમ ન કહી શકાય ? તો પછી એની નિત્યતા, શાશ્વતતા કયાં રહી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે નવકારમંત્રની નિત્યતા કે શાશ્વતતા જે કહેવામાં આવી છે તે ચૌદ રાજલોકની દ્રષ્ટિએ કહેવામાં આવી છે. છઠ્ઠા આરામાં ભરતક્ષેત્ર અને ઐરાવત ક્ષેત્રમાંથી એટલો કાળ નવકારમંત્રનો વિચ્છેદ થશે, પરંતુ મહાવિદેહક્ષેત્ર કે જયાં સદાય ચોથા આરા જેવી સ્થિતિ પ્રવર્તે છે, જયાં કાયમ તીર્થંકર પરમાત્માઓ વિચરે છે અને જયાં મોક્ષમાર્ગ, કેવળજ્ઞાન, નિર્વાણ માટેનાં દ્વાર નિરંતર ખુલ્લાં જ છે. ત્યાં નવકારમંત્રનો કયારેય વિચ્છેદ થતો નથી. ત્યાં શાશ્વતકાળને માટે નવકારમંત્ર વિદ્યમાન જ છે. માટે જ આવશ્યક ચૂર્ણીમાં કહ્યું છે :

जदा हि भरहेरवएहिं वुच्छिज्जति
तथा वि महाविदेहे अवुच्छिन्नो ।

(જયારે ભરત અને ઐરાવતક્ષેત્રોમાંથી તે વિચ્છેદ પામે છે, ત્યારે પણ મહાવિદેહ ક્ષેત્રમાં તે અવિચ્છિન્ન રહે છે.)

મહાવિદેહ ક્ષેત્રમાં નવકારમંત્ર નિત્ય બોલાય છે, ભણાય છે, 'નમસ્કાર ફલ પ્રકરણ' નામના ગ્રંથમાં એના કર્તા એટલે જ કહે છે :

सट्ठिसयं विजयाणं पवराणं जत्थ सासओ कालो ।
तत्थ वि जिण नवकारो इय एस पढिज्जइ निच्चं ॥

[એકસો સાઠ વિજયો (મહાવિદેહક્ષેત્રની) કે જયાં કાળ શાશ્વત છે ત્યાં પણ આ જિનનમસ્કાર નિત્ય ભણાય છે.]

નવકારમંત્ર અર્થથી કે ભાવથી અનાદિ છે એ હજુ સમજાય, પણ શબ્દથી અનાદિ એ કેવી રીતે માનવું ? કારણ કે ભાષા તો સતત પરિવર્તનશીલ માધ્યમ છે. પરંતુ શાસ્ત્રકારો કહે છે કે નવકારમંત્ર જેમ અર્થ કે ભાવથી નિત્ય છે તેમ શબ્દથી પણ નિત્ય છે;

આ પૃથ્વી ઉપર મનુષ્ય જીવનની ઉત્પત્તિ અમુક કરોડ વર્ષ કે અમુક અબજ વર્ષ પહેલાં થઇ એવું કેટલાક વૈજ્ઞાનિકો અનુમાન કરે છે, તો પણ તે માત્ર અનુમાન છે. ગત શતકમાં કેટલાક વૈજ્ઞાનિકો કહેતા કે આ પૃથ્વી ઉપર અમુક લાખ વર્ષ પહેલાં માનવજીવનની ઉત્પતિ થઇ હતી. પરંતુ વૈજ્ઞાનિકો હવે કરોડો અને અબજો વર્ષની વાત પર આવ્યા છે. પરંતુ એના વિવાદમાં ન ઊતરતાં એટલું જ કહીએ કે જૈનધર્મ માત્ર આ પૃથ્વી પૂરતી જ વાત નથી કરતો. સમગ્ર બ્રહ્માંડ, ચૌદ રાજલોકની વાત જૈન ધર્મ કરે છે. જૈનધર્મની દ્રષ્ટિએ ચૌદ રાજલોકનો મધ્યભાગ અથવા તિર્છાલોક એ મનુષ્યલોક છે. (મહાવિદેહ ક્ષેત્રમાં પણ મનુષ્યો વસે છે. આપણી પૃથ્વીની બહારનો આ પ્રદેશ છે.) એટલે જૈનધર્મ પ્રમાણે મનુષ્ય આ વિશ્વમાં અનાદિ કાળથી છે અને અનંતકાળ રહેશે. આપણી આ પૃથ્વી ઉપર પણ મનુષ્ય હતો, છે અને રહેશે. મનુષ્યની આકૃતિ નાની મોટી હોઇ શકે, એનો વર્ણ ભિન્ન ભિન્ન હોઇ શકે, પરંતુ એની દેહાકૃતિ (બે હાથ, બે પગ, મુખ, બે આંખ, બે કાન, નાક, જીભ વગેરે સહિત) મનુષ્યની જ રહેવાની. એટલે એના ધ્વનિના ઉચ્ચારણના અવયવો-કંઠ, જીભ, સ્વરતંત્રી પડજીભ, તાળવું, હોઠ વગેરે આવા જ રહેવાના. અમુક કાળ પછી આ સ્વર-વ્યંજન ચાલ્યા જશે અને બીજા નવા સ્વર-વ્યંજન આવશે એમ તર્કયુકત રીતે નહિ કહી શકાય. કાગડો અનાદિ કાળથી કા....કા.. ... કરે છે અને અનંત કાળ કા....કા....જ કરશે. તેવી જ રીતે મનુષ્યનાં ધ્વનિ ઉચ્ચારણો, વર્ણાક્ષરો આવા જ રહેશે. કોઇક સ્વર કે કોઇક વ્યંજન અમુક દેશકાળમાં પ્રચલિત હોય અને અમુક દેશકાળમાં લુપ્ત થઇ જાય એમ બને. (જેમ કે 'ૠ' સ્વર કે 'લૃ' સ્વર અત્યારે લુપ્ત છે.) કેટલાક કષ્ટોચ્ચાર્ય સ્વર વ્યંજનોની બાબતમાં એમ બની શકે, પરંતુ તે પણ ભરત, ઐરવત કે મહાવિદેહ ક્ષેત્રની સમગ્ર દ્રષ્ટિએ ન કહી

શકાય. સરળતાથી ઉચ્ચારી શકાય એવા વર્ણોની બાબતમાં તેવો સંભવ નથી. અને નવકારમંત્રમાં તો સરળ વર્ણાક્ષરો જ છે. એટલે માત્ર વર્ણાક્ષરની દ્રષ્ટિએ વિચારએ તો નવકારમંત્રના વર્ણાક્ષરો ચૌદ રાજલોકમાં એના એ જ રહેવાના છે. એટલે કે તે નિત્ય છે, શાશ્વત છે. નવકારમંત્રમાં વર્ણમાળાના બધા જ અક્ષરોને સ્થાન નથી મળ્યું એનો અર્થ જ એ કે કાળના અનંત પ્રવાહમાં વખતોવખત લુપ્ત થઇ જવાના સ્વભાવવાળા વર્ણાક્ષરો નવકાર મંત્રમાં અનાદિકાળથી સ્વાભાવિક રીતે સ્થાન પામી શક્ય નથી.

હવે પ્રશ્ન એ થાય કે શું નવકારમંત્રના શબ્દોના એના એ જ અર્થ રહેશે? કારણ કેટલાયે શબ્દોમાં ફેરફારો થાય છે અને કેટલાય શબ્દોના અર્થોમાં પણ ફેરફાર થાય છે. એનો ઉત્તર એ છે કે ભાષામાં કેટલુંક તત્ત્વ પરિવર્તનશીલ છે અને કેટલુંક તત્ત્વ નિત્ય છે. વર્તમાન સમયમાં ઉપલબ્ધ પ્રાચીનતમ ભાષા તે વેદકાલીન સંસ્કૃત, પ્રાકૃત ભાષા છે. એમાં કેટલાયે શબ્દોના અર્થ બદલાઇ ગયા છે, તો બીજી બાજુ ઇતિહાસકારો, દ્રષ્ટિએ પાંચ દસ હજાર વર્ષ પસાર થઇ જવા છતાં કેટલાયે શબ્દો વેદકાળમાં જે રીતે બોલાતા હતા અને એનો જે અર્થ થતો હતો તે જ રીતે તે શબ્દો આજે પણ બોલાય છે. અને તેનો એ જ અર્થ થાય છે. આ એક સાદું ઉદાહરણ બતાવે છે કે કેટલાક શબ્દાર્થને દસ હજાર કે તેથી વધુ વર્ષ સુધીમાં કશો જ ઘસારો લાગ્યો નથી. કયું એવું તત્ત્વ :શે કે જેને લીધે એને કાળનો કશો ઘસારો લાગતો નથી ? એ અક્ષરો અને એ શબ્દોમાં પોતાનામાં જ એવું કોઈ દૈવી તત્ત્વ છે કે જે કાલાતીત છે. એટલા માટે અવિનાશી એવા એક એક અક્ષરનું, માતૃકાનું ધ્યાન પણ ઘણું મોટું ફળ આપનારું છે.

શાસ્ત્રકારોએ નવકાર મંત્રને અનાદિ मूलमंत्रोडयम् કહ્યો છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં પદસ્થ ધ્યાનનું સ્વરૂપ સમજાવતાં નવકાર મંત્રને તેઓ અનાદિ સંસિધ્ધ તરીકે ઓળખાવે છે, જુઓ :

ध्यायतोडनादिसंसिद्धान्, वर्गनेतान्यथाविधि ।
नष्टादिविषये ज्ञानं धातुरत्पद्यते क्षणात् ॥

[અનાદિસિધ્ધ એવા આ વર્ણોનું વિધિપૂર્વક ધ્યાન કરનારને નષ્ટ વગેરે થયેલું જ્ઞાન ક્ષણવારમાં ઉત્પન્ન થાય છે.]

હેમચંદ્રાચાર્ય પદસ્થ ધ્યાનનું લક્ષણ વર્ણવતાં કહે છે :

यत्पदानि पवित्राणि समालम्ब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धान्तपारगैः ॥

[પવિત્ર મંત્રાક્ષરાદિ પદોનું અવલંબન લઈને જે ધ્યાન કરાય તેને સિધ્ધાંતનો પાર પામેલા મહાત્માઓ પદસ્થ ધ્યાન કહે છે.]

આ પદસ્થ ધ્યાનમાં સ્વરો અને વ્યંજનોનું - માતૃકાક્ષરોનું ધ્યાન ધરનાર યોગી શ્રુતજ્ઞાનનો પારગામી થાય છે.

એટલા માટે અનાદિ સિધ્ધ એવા આ વર્ણોનું વિધિપૂર્વક ધ્યાન કરનારને ભૂત, વર્તમાન અને ભાવિકાળનું જ્ઞાન ક્ષણવારમાં ઉત્પન્ન થાય છે. નવકારમંત્રના આ અવિનાશી માતૃકાક્ષરોમાં આટલું સામર્થ્ય રહેલું છે.

આથી પ્રતીત થશે કે નવકારમંત્રના અક્ષરો તો અનાદિ સિધ્ધ છે, પરંતુ એ અક્ષરો જે ક્રમે આવે છે તે પણ અનાદિ સિધ્ધ છે. એટલે નવકારમંત્રની અક્ષરાનુપૂર્વી અને અર્થસહિત શબ્દાનુપૂર્વી પણ અનાદિ સિધ્ધ, શાશ્વત છે. આ સમજવા માટે દ્રષ્ટિની વિશાળતા અને વ્યાપકતાની સાથે સાથે ગહન ચિંતન-મનનની ઊંડી અનુપ્રેક્ષાની આવશ્યકતા રહે છે. નવકારમંત્રની અક્ષરાનુપૂર્વી અને શબ્દાનુપૂર્વી શાશ્વત ન હોય તો નવકારમંત્ર સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન થયાની વાતો બહુ પરિમિત કાળની માનવી પડે. નવકારમંત્રના અક્ષરો અને શબ્દો બદલાતા હોય તો તે સાંભળવાથી જાતિસ્મરણ જ્ઞાન થાય નહિ. પરંતુ વસ્તુતઃ નવકારમંત્રના અક્ષરો અને શબ્દો એ જ ક્રમે રહે છે અને તેથી જ અનંત ભવભ્રમણમાં જીવને પૂર્વે સાંભળેલા નવકારમંત્રથી જાતિસ્મરણજ્ઞાન થવાની સંભાવના રહે છે.

જેમ દ્વાદશાંગી માટે કહેવાય છે તેમ એમ પણ કહેવાય છે કે નવકારમંત્રને અર્થથી અરિહંત ભગવાન કહે છે અને શબ્દથી ગણધર ભગવાન ગૂંથે છે. એટલા માટે આનો અર્થ કોઈ કદાચ એમ કરે કે ભગવાન મહાવીરસ્વામીએ નવકારમંત્ર અર્થથી કહ્યો છે અને ગૌતમસ્વામી વગેરે ગણધરોએ એને શબ્દથી ગૂંથી લીધો છે. માટે નવકારમંત્ર વધુમાં વધુ ભગવાન મહાવીરસ્વામીના સમય જેટલો પ્રાચીન હોઈ શકે. પરંતુ એમ કહેવું યથાર્થ નથી, કારણ કે આવી રીતે નવકારમંત્રને અર્થથી કહેવાની અને શબ્દથી ગૂંથવાની ક્રિયા તો દરેક તીર્થંકરના સમયમાં થતી હોય છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવના સમયમાં પણ એ પ્રમાણે થયું છે, અતીત ચોવીસીના તીર્થંકરોના સમયમાં પણ એમ થયું છે. અને એ રીતે અનંત ચોવીસીના અનંત તીર્થંકરોના સમયમાં એ જ પ્રમાણે થયું છે.

નવકારમંત્ર અને દ્વાદશાંગી વચ્ચે આટલો ફરક સમજવો જરૂરી છે. દ્વાદશાંગી માટે પણ એમ કહેવાય છે કે તીર્થંકર ભગવાન અર્થથી દેશના આપે છે અને એમના ગણધર ભગવંતો એ દ્વાદશાંગીને સૂત્રથી ગૂંથી લે છે. તો પછી શું અનાદિ કાળથી દરેક તીર્થંકર પરમાત્માના ગણધર ભગવંતોએ શબ્દથી ગૂંથેલી દ્વાદશાંગી એક જ સરખા શબ્દોવાળી, શબ્દાનુપૂર્વીવાળી હશે ? આપણે જોયું તેમ કેટલાક શબ્દો હજારો, લાખો વર્ષ સુધી એના એ જ સ્વરૂપે રહે છે તો બીજી બાજુ કેટલાય શબ્દોના અર્થ બદલાય છે અને કેટલાક અર્થ માટે બીજા શબ્દો પ્રચલિત બની જાય છે. એટલે સમગ્ર દ્વાદશાંગીના શબ્દોમાં અને શબ્દાનુપૂર્વીમાં ફરક પડવાનો સંભવ રહે છે. દ્વાદશાંગીના વિષયો, પદાર્થો અને રહસ્યબોધ તો સર્વ તીર્થંકરોના સમયમાં એ જ પ્રમાણે રહે છે, પરંતુ તેની ભાષામાં ફરક પડી શકે છે. પરંતુ નવકારમંત્રની બાબતમાં તો અક્ષરો, અક્ષરાનુપૂર્વી કે શબ્દાનુપૂર્વીમાં પણ ફરક પડતો નથી કારણ કે તે મંત્ર સ્વરૂપ છે એમ શાસ્ત્રકારો કહે છે. માટે જ મહાવીરસ્વામીના સમયની પૂર્વે પણ નવકાર મંત્ર એ જ સ્વરૂપે હતો. એટલે જ પાર્શ્વનાથ ભગવાને બળતા નાગને નવકારમંત્ર સંભળાવ્યો હતો. તેવી જ રીતે મુનિસુવ્રતસ્વામીના સમયમાં સિંહલદ્વીપના રાજદરબારમાં આવેલો કોઈ શ્રાવક વેપારી છીંક આવતાં 'નમો અરિહંતાણં' શબ્દો બોલ્યો ત્યારે એ સાંભળીને રાજકન્યા સુદર્શનાને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું અને પૂર્વના પોતાના સમડીના ભવમાં કોઈ મુનિ મહારાજે સંભળાવેલા નવકારમંત્રનું સ્મરણ થયું હતું.

સૈકાઓ પૂર્વે જયારે મુદ્રિત ગ્રંથો નહોતા અને અભ્યાસ અને સંશોધનની સર્વ સામગ્રી સુલભ નહોતી, ત્યારે એક સંપ્રદાયમાં એક મત એવો પ્રવર્ત્યો હતો કે નવકારમંત્ર સૌ પ્રથમ 'ષટ્ખંડાગમ' ગ્રંથમાં જોવા મળે છે, માટે એ ગ્રંથના રચયિતા પુષ્પદન્તાચાર્યે નવકારમંત્રની રચના કરી છે. પરંતુ પૌરસ્ત્ય અને પાશ્ચાત્ય વિદ્વાનોએ ગઈ સદીમાં હસ્ત પ્રતો, શિલાલેખો ઈત્યાદિના આધારે જે અધિકૃત સંશોધન કર્યાં છે તે દર્શાવે છે કે નવકારમંત્રના ઉલ્લેખો એથી પણ પ્રાચીનકાળના મળે છે. એટલે પુષ્પદન્તાચાર્યે નવકારમંત્રની રચના કરી છે એવો મત હવે સ્વીકાર્ય રહ્યો નથી.

આ તો ઉપલબ્ધ સામગ્રીની વાત થઈ, પરંતુ કાળના પ્રવાહમાં નષ્ટ થઈ ગયેલી સામગ્રીનું પ્રમાણ અનેકગણું છે. માટે જ કવિ કુશળલાભ વાચકે કહ્યું છે તેમ 'નવકારતણી આદિ કોઈ ન જાણે.'

આમ, જિનશાસનના અને ચૌદ પૂર્વના સારરૂપ, પંચમંગલમહાશ્રુતસ્કંધ, મંત્રશિરોમણિ નવકારમંત્ર અનાદિસંસિધ્ધ, નિત્ય, શાશ્વત અને અવિનાશી છે.

□□□

**સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે**

**નવાપુરમાં નેત્રયજ્ઞ**

સંઘના ઉપક્રમે **શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ** તરફથી મળેલા આર્થિક સહયોગથી **સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના** સ્મરણાર્થે **નવાગામ** (તા. માતર - જિ. ખેડા) ખાતે **શનિવાર, તા. ૭મી માર્ચ, ૧૯૯૨**ના રોજ શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરા દ્વારા નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. તેના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ બપોરના ૨/૩૦ કલાકે રાખવામાં આવ્યો છે.

આ પ્રસંગે ત્યાં પધારવા સર્વને નિમંત્રણ છે.

રસિકલાલ લહેરચંદ શાહ
સંયોજક

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# સ્થૂલિભદ્ર સમકક્ષ એક સાકેત ભિક્ષુ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈન મહાપુરુષોનો ઈતિહાસ જાણનાર પ્રત્યેક જિનના અનુયાયી આરાધના નિષ્ઠ જૈન નીચેના શ્લોકથી સુપરિચિત હોય જ :-

मंगलं भगवान् वीरो, मंगलं गौतम प्रभुः ।
मंगलं स्थूलिभद्राद्या, जैन धर्मोस्तु मंगलम् ॥

મંત્રી શકટાલનો આ જયેષ્ઠ પુત્ર કોશા વેશ્યાના પાસમાં જકડાઈને માતા-પિતા-ભાઈ-બેનનો ત્યાગ કરી વેશ્યાને ત્યાં બાર -બાર વર્ષો સુધી પડયો પાથરો રહે છે. જયારે નાનો ભાઈ રક્તરંગી નાગી તલવાર હાથમાં ઝાલી ભાઈને સંબોધે છે ત્યારે તેની આંખ ખૂલી જાય છે અને રાજાને આલોચવાનું કહી લોચ કરીને ધર્મલાભ કહેતા ઊભા રહે છે. ત્યાર પછી ફરી સ્થૂલિભદ્ર ગુરુની આજ્ઞાનુસાર કોશાને ત્યાં ચાતુર્માસ રહી, અણીશુધ્ધ ચારિત્ર જાળવી પાછા ફરે છે ત્યારે 'દુષ્કર, અતિદુષ્કર' કહી ગુરુ તેને નવાજે છે. તેથી ચોર્યાશી ચોવીસી સુધી સ્થૂલિભદ્રને યાદ કરતો સમાજ શ્રદ્ધાંજલિ અર્પણ કરતો રહેશે. આની સામે ચકલા-ચકલીનું મૈથુન જોઈ આપ મેળે પ્રાયશ્ચિત કરનાર લક્ષ્મણા સાધ્વી એંસી ચોર્યાશી સુધી ગર્તમાં ફેંકાઈ જાય છે.

સ્થૂલભદ્રના પ્રસંગ જેવો જ એક પ્રસંગ બુધ્ધના સમયનો જોઈએ. એક સાકેત (બૌધ્ધ) ભિક્ષુને એક વેશ્યાએ ચાતુર્માસ માટે આમંત્રણ આપતાં કહ્યું કે આપના સાંનિધ્યમાં મારું મન ખૂબ સંતોષ અને આનંદ પામશે.'

સાધારણ કોટિનો કોઈ પણ ભિક્ષુ આવા આમંત્રણથી આશ્ચર્ય તથા વિમાસણમાં પડી જાત. વેશ્યાને ત્યાં ચોમાસાની વાત કેટલી બેહુદી, વિસંગત અને અપવાદ ભરેલી હતી !

વેશ્યાના મનમાં નિમંત્રણ સ્વીકારવા વિષે શંકા, સંશય હતો; કારણ કે કયાં સાધુનું સદાચરણ અને કયાં વેશ્યાની નારકીય સૃષ્ટિ ! બંનેના જીવન વચ્ચે મેળ ન હોવાથી નિમંત્રણ સ્વીકારશે તેનો વિશ્વાસ ન હતો. કારણ કયાં તું અને કયાં હું ? કયાં તારી કક્ષા અને કયાં મારી ? તારી રહેણીકરણી, રીતભાત, રસમ અને જીવનપધ્ધતિ સાથે મારો મેળ કયાં ખાય ?

વાત ઊલટી બની ભિક્ષુએ તરત જ નિમંત્રણ સ્વીકારી લીધું. મહાપુરુષોનાં વ્યક્તિત્વને, મહાનતાને દિવ્યતાને સમજવું મુશ્કેલ છે. સ્વીકૃતિથી વેશ્યા આશ્ચર્યમાં પડી ગઈ. તેણીએ કહ્યું કે આપ નિમંત્રણ સ્વીકારો છો પણ ભગવાન બુધ્ધ ના પાડશે તો ? મુનિએ તેટલા જ વિશ્વાસથી પ્રત્યુત્તર વાળ્યો કે 'તમે ચિંતા ન કરો. ભગવાન બુધ્ધ આજ્ઞા આપશે એવો વિશ્વાસ હોવા છતાં પણ તેમની આજ્ઞા મારા માટે અનિવાર્ય છે. આજ્ઞા મળી જશે તેની મને ખાત્રી છે. તેનો નિર્ણય આવતી કાલે. સાધુની મર્યાદા પ્રમાણે કેટલાંક ઔપચારિક અને વ્યાવહારિક નિયમો અપરિહાર્ય છે. ભગવાન બુધ્ધને મારામાં સંપૂર્ણ વિશ્વાસ છે આજ્ઞા મળશે જ. મંદિર કે વેશ્યાનું ઘર મારા માટે સમાન છે; મારી વૃત્તિઓથી ભગવાન બુધ્ધ સુજ્ઞાત છે.

બીજે દિવસે ભગવાન બુધ્ધને વીંટળાઈને ભિક્ષુઓની પરિષદ ભરાઈ હતી. ત્યારે આ ભિક્ષુએ ઊભા થઈ વેશ્યાના નિમંત્રણની વાત કરી. બુધ્ધ તેને ઓળખતા હતા તેથી કહ્યું કે આજ્ઞાની શી જરૂર છે ? વેશ્યાથી સંન્યાસી ભય પામતો હોય તો વેશ્યા બલવત્તર છે. ભય પામનાર મારા મતે સંન્યાસી નથી. વેશ્યા જો સાધુને સાધનાથી ભ્રષ્ટ કરે તો સાધના સાચી સાધના નથી. જાઓ, મારી આજ્ઞા છે કે તમે ત્યાં ચાતુર્માસ શાંતિથી કરશો.

આજ્ઞા મળતાં બીજાં ભિક્ષુઓ ધ્રૂજી ઊઠયાં. કેમકે આ વેશ્યા સાધારણ ન હતી. રાજાઓ પણ જેના સૌંદર્યથી મુગ્ધ થતા તેવું લોકોત્તર તેનું સૌંદર્ય હતું. કેટલાંક ભિક્ષુઓ ભિક્ષાના બહાને તેના સૌંદર્યને નિહાળવા, તેના નિવાસેથી પસાર થતાં. એક ભિક્ષુએ વિરોધ કર્યો : 'હે પ્રભુ, આ અનુચિત છે, આ કયાંની રીત, એમાં શાસનની શી શોભા ?'

ભગવાને કહ્યું કે 'જો તું આવી આજ્ઞા માંગે તો હું તને ન આપું કારણ કે તું ભય પામે છે. પરંતુ આ સંન્યાસીની સાધનાની કસોટીનો અવસર છે. સંન્યાસી હારી જાય તો સાધનાની કિંમત કોડીની પણ ન રહે.' વેશ્યાને સંદેહ નથી કે સાધુ પોતાના જીવનને આમૂળ ફેરવી નાંખશે, તેમ ભિક્ષુને ભય નથી કે તેના સાંનિધ્યથી પોતાના જીવનનું પરિવર્તન થઈ જશે ! સાધુ પોતાની શક્તિ પર મુસ્તાક છે; વેશ્યા પોતાની ભાવનામાં !

ભિક્ષુ તેના આવાસમાં જે ભોજન વેશ્યા કરતી તે ભોજન કરતો; વેશ્યાએ પોતાનું પોત પ્રકાશ્યું. નૃત્ય અને ગીતનો પ્રારંભ કર્યો. અર્ધનગ્ન અવસ્થામાં નાચવા લાગી. બધા પ્રયત્નો ભ્રષ્ટ કરવા આદરવા માંડ્યા. શણગારો સજ્યા, અવનવા હાવભાવ કર્યા, વિવિધ આકર્ષક મુદ્રાઓ રજુ કરી છતાં તે સાધનામાં અડોળ રહ્યો. વેશ્યાનો એક પણ પ્રયત્ન તેને વિક્ષુબ્ધ ન કરી શક્યો. તેની ચેષ્ટામાં ન રસ બતાવ્યો, ન ઉત્સુકતા બતાવી. આંખોમાં બંધન કરી. તેની દરેક ક્રિયાનો ઉદાસીન સાક્ષી બની રહ્યો.

ચાતુર્માસ હેમખેમ પસાર થઈ ગયું. ભિક્ષુઓ પરેશાન, ચિંતિત, અસ્વસ્થ, સંદેહશીલ બન્યા. તેઓ રોજરોજ નવી નવી ખબરો ફેલાવે છે. પ્રભુ ! ખબર છે તમને કે ભિક્ષુ અર્ધનગ્ન વેશ્યાનો નાચ જોતો હતો ? પ્રભો ! વેશ્યા તેને રોજ વિવિધ પ્રકારના મેવા મિષ્ટાન્નો જમાડે છે, અને તે આનાકાની કર્યા વગર પ્રેમથી ખાય છે. કોઈ કહેતા : ભગવન્ ! વેશ્યા તેને જાતજાતના સુંદર રેશમી વસ્ત્રો આપે છે. કોઈ તેજોદ્વેષથી ગર્જી ઉઠતા : 'નાથ ! શાસનની બધી મર્યાદાઓ ભ્રષ્ટ થઈ ગઈ છે; નિયમો નષ્ટ થઈ રહ્યા છે.'

ભગવાન બુધ્ધ બધાની વાત શાંતિથી સાંભળતાં; તમે નિષ્કારણ મુંઝાઓ છો. ભિક્ષુની ચિંતામાં તમે તમારી સાધના કેમ ભુલી જાઓ છો ? જો તે ભ્રષ્ટ થશે તો તે થશે, તે ગુમાવશે, બુડશે તો તે બુડશે. તમે શા માટે નિષ્કારણ પરેશાન થાવ છો ? તે માટે તમારી આતુરતા શા માટે ?

ચાર માસ પછી ભિક્ષુ ભગવાનના ચરણમાં ઉપસ્થિત થયો. તે એકલો ન હતો. તેની સાથે ભિક્ષુણી હતી. વેશ્યા જયારે પોતાની કોઈ કળા ભિક્ષુ પર અજમાવી ન શકી ત્યારે ભિક્ષુએ પોતાની અધ્યાત્મ સાધનાની કળા, ધર્મકળા, તેના પર અજમાવી અને પરિણામ સ્વરૂપ તેનું જીવન પરિવર્તન થઈ ગયું ! તે વેશ્યા મટી ભિક્ષુણી બની ગઈ. વાત, સાચી છે કે 'सव्व कला धम्मकला जिणाई.'

સ્થૂલભદ્રે પણ રૂપાકોશાને બાર વ્રત અંગીકાર કરનારી સાચી શ્રાવિકા બનાવી. બંને દ્રષ્ટાંતોમાં કેવું અદ્દભૂત સામંજસ્ય અને સાદશ્ય રહેલું છે.

❑❑❑

## સ્વ. ગણપતલાલ મગનલાલ ઝવેરી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યવાહક સમિતિના સભ્ય અને સક્રિય કાર્યકર શ્રી **ગણપતલાલ મગનલાલ** ઝવેરીનું ૭૮ વર્ષની વયે થોડા દિવસ પહેલાં મુંબઈમાં અવસાન થયું છે. તેમના અવસાનથી સંઘને ભારે ખોટ પડી છે.

મુ.શ્રી ગણપતભાઈ મિલનસાર સ્વભાવના હતા. સાહિત્ય, સંગીત અને કલામાં તેમને ઘણો ઊંડો રસ હતો. તેઓ કવિતા લખતા અને વિવિધ વિષયો ઉપર અભ્યાસપૂર્ણ લેખો લખતા. વ્યવસાયે તેઓ ઝવેરી હતા પરંતુ નિવૃતિ પછીનાં વર્ષો તેમણે સામાજિક પ્રવૃતિઓમાં ગાળ્યાં હતાં. અવારનવાર તેઓ પોતાના ઘરે લોકસાહિત્ય અને સંગીતના કાર્યક્રમો યોજતા અને નવોદિત કલાકારોને પ્રોત્સાહન આપતા. તેઓ જુદીજુદી સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાયેલા હતા અને કેટલાકમાં મહત્ત્વનો હોદ્દો ધરાવતા હતા. સમયની અનુકૂળતા હોય તો જાહેર કાયક્રમોમાં તેઓ અવશ્ય હાજરી આપતા.

અંગત રીતે મુ. શ્રી ગણપતભાઈ ઝવેરી મારા એક વડીલ, મુરબ્બી હતા અને તેમની પાસેથી મને વારંવાર પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતું.

બહોળું કુટુંબ ધરાવનાર મુ. શ્રી ગણપતભાઈ ઝવેરીના સ્વર્ગવાસથી તેમના કુટુંબીજનોને જે ભારે ખોટ પડી છે તે માટે અમે દિલસોજી દર્શાવીએ છીએ.

સદ્ગતના આત્માને માટે શાંતિ પ્રાર્થીએ છીએ.

❑ તંત્રી

## ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત

# ઉપદેશરહસ્ય

❑ રમણલાલ ચી. શાહ

'જ્ઞાનસાર', 'અધ્યાત્મસાર', 'દ્રવ્યગુણપર્યાયનો રાસ', ' જંબૂસ્વામી રાસ', સવાસો ગાથા, દોઢસો ગાથા અને સાડી ત્રણસો ગાથાનાં સ્તવનો, ત્રણ સ્તવનચોવીસીઓ ઈત્યાદિ સુપ્રસિધ્ધ કૃતિઓના રચયિતા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ વિક્રમના સત્તરમા-અઢારમા શતકના એક મહાન જ્યોતિર્ધર છે. એમના કાળધર્મ પછી અદ્યાપિ પર્યન્ત એવી બહુમુખી વિદ્દ્પ્રતિભા જોવા મળી નથી. એમણે સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં શતાધિક ગ્રંથોની રચના કરીને તે તે ભાષા ઉપરના અને તે તે વિષય ઉપરના અસાધારણ પ્રભુત્વની પ્રતીતિ કરાવી છે. એમણે જેમ ગહન, સૂક્ષ્મ દાર્શનિક વિષયો પસંદ કર્યા છે તેમ સામાન્ય બોધના સરળ વિષયો પણ પસંદ કર્યા છે અને એ બંનેમાં એમની લેખિનીની પ્રવાહિતા અનુભવાય છે.

નવ્યન્યાયવિશારદ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પોતાની સમર્થ રચનાઓ દ્વારા જૈન પરંપરામાં એવું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે કે જેથી 'ઉપાધ્યાયજી મહારાજ'એ એમના નામના પર્યાય જેવું બની ગયું છે. એમને જે જુદાં જુદાં બિરુદો આપવામાં આવ્યાં હતાં તેમાંનું એક 'લઘુ હરિભદ્રસૂરિ' છે. ઉપાધ્યાયજી મહારાજની કેટલીક દાર્શનિક કૃતિઓ વાંચતાં એમને આપવામાં આવેલું આ બિરુદ કેટલું યથાર્થ છે એની સદ્યપ્રતીતિ થાય છે. વસ્તુત: ઉપાધ્યાયજી મહારાજે શ્રી હરિભદ્રસૂરિની કેટલીક કૃતિઓને પ્રાકૃત કે ગુજરાતીમાં ઉતારવાનું સરસ કાર્ય કર્યું છે.

'ઉપદેશરહસ્ય'એ ઉપાધ્યાયજી મહારાજની એ પ્રકારની કૃતિ છે. શ્રી હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' નામના ગ્રંથ ઉપરથી ઉપાધ્યાયજી મહારાજે આ 'ઉપદેશરહસ્ય' નામના ગ્રંથની પ્રાકૃત ભાષામાં રચના કરી છે, અને છતાં એ અનુવાદ નથી. ઉપાધ્યાયજી મહારાજનું એ સ્વતંત્ર અનુસર્જન છે.

'ઉપદેશરહસ્ય' એ પ્રાકૃત ભાષામાં આર્યા છંદમાં ૨૦૩ ગાથામાં લખાયેલી કૃતિ છે. એના ઉપર ઉપાધ્યાયજી મહારાજે પોતે જ સંસ્કૃત ભાષામાં ટીકા લખી છે. આ ૨૦૩ ગાથામાં એમણે ૪૫૦ થી વધુ વિષયોનો પરામર્શ કર્યો છે. ૨૦૩ ગાથાની ૪૦૬ પંક્તિઓ થાય. એમાં આટલા બધા વિષયોનો સમાવેશ કેવી રીતે થાય ? તરત માનવામાં ન આવે એવી આ વાત છે. પરંતુ 'ઉપદેશરહસ્ય'ની નવી પ્રગટ થયેલી આવૃત્તિમાં એના સંપાદક અને એનો તાત્પયાર્થ લખનાર પૂ. મુનિશ્રી શ્રી જયસુંદરવિજયજીએ આ વિષયોની જે નિર્દેશિકા આપી છે તે વાંચવાથી આ વાતની તરત પ્રતીત થાય છે. એટલે લાઘવ એ ઉપાધ્યાયજી મહારાજની શૈલીનો એક મહત્ત્વનો ગુણ છે. પ્રત્યેક ગાથાની પ્રત્યેક પંક્તિને ઉચિત શબ્દપસંદગી દ્વારા એમણે અર્થસભર બનાવી દીધી છે, અને તેનો અર્થવિસ્તાર ટીકામાં કરીને પૂરી સ્પષ્ટતા કરી આપી છે. આમ છતાં આ એક ગહન દાર્શનિક કૃતિ છે અને એથી જ ઉતાવળે વાંચનારને તે તરત સમજાય એવી નથી.

આ ગ્રંથની રચનાનો આરંભ કરતાં પહેલાં ઉપાધ્યાયજી મહારાજ વાગ્દેવતા સરસ્વતી માતાનું સ્મરણ કરે છે. તેઓ લખે છે :

ऐंकार कलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।
निजमुपदेशरहस्यं विवृणोमि गभीरमर्थेन ॥

ત્યાર પછી ગદ્યપંક્તિઓમાં તેઓ જીવનું પરમ કર્તવ્ય શું છે તે સમજાવતાં લખે છે :

इह हि विपुलपुण्यप्राग्भारलभ्यमवाप्य मनुजत्वं, संसेव्य च गुरुकुलवासं, परिज्ञाय च प्रवचनानुयोगं सम्यक् स्वपरहितार्थितया मार्गोपदेशाय प्रयतितव्यमित्ययमुपक्रमस्तत्रेयमाद्यागाथा –

[વિપુલ પુણ્યરાશિના સંચય વિના અલભ્ય એવું મનુષ્યપણું પ્રાપ્ત કરીને, ગુરુકુળવાસનું સેવન કરીને, જિનપ્રવચનના અનુયોગને (વિસ્તૃત ગૂઢાર્થોને) યથાર્થપણે જાણવા જોઈએ અને સ્વપરહિત માટે સન્માર્ગના ઉપદેશને વિશે ઉચિત ઉદ્યમ કરવો જોઈએ.]

ત્યાર પછી ઉપાધ્યાયજી મહારાજ ગ્રંથરચનાનું મંગલાચરણ કરવા તરફ વળતાં પ્રથમ ગાથામાં ભગવાન મહાવીરસ્વામીને નમસ્કાર કરતાં લખે છે :

नमिऊण वद्धमानं वुच्छं भविआण बोहणट्ठाए ।
सम्मं गुरुवइठं उवएसरहस्समुक्किट्ठं ॥

[શ્રી વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે ઉત્કૃષ્ટ અને સમ્યક્ પ્રકારે ગુરુથી ઉપદિષ્ટ ઉપદેશના રહસ્યને કહીશ.]

'ઉપદેશપદ'માં શ્રી હરિભદ્રસૂરિએ ગ્રંથના આરંભમાં લખ્યું છે કે મનુષ્યભવની દુર્લભતા સમજીને કુશળ પુરુષોએ ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.

लद्धूण माणुसत्त कहंचि अइदुल्लहं भवसमुद्दे ।
सम्मं नियुंजियव्वं कुशले हि सयावि धम्मंमि ॥

[આ ભવસમુદ્રમાં અતિ દુર્લભ મનુષ્યપણું કોઈ પણ રીતે પામીને કુશળ પુરુષોએ હંમેશાં ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.]

ઉપાધ્યાયજી મહારાજ શ્રી હરિભદ્રસૂરિને અનુસરીને મનુષ્યભવની દુર્લભતા અને ધર્માચરણ વિશે સમજાવે છે, પરંતુ તેઓ ગાથા પોતાના શબ્દોમાં આપે છે. જુઓ :

लद्धूण माणुसत्तं सुदुल्लहं वीयरागपण्णत्ति ।
धम्मे पवट्टियव्वं निऊणेहिं सुत्तणीईऐ ॥

[સુદુર્લભ એવો મનુષ્યજન્મ પ્રાપ્ત કર્યા પછી નિપુણ માણસોએ સૂત્રોક્ત આજ્ઞાપ્રમાણે વીતરાગપ્રણીત ધર્મમાં ઉદ્યમ કરવો જોઈએ.]

મનુષ્યભવની દુર્લભતા બતાવી ઉપાધ્યાયજી મહારાજ પ્રશ્ન કરે છે કે પરમ ધર્મ શું છે ? અહિંસાનું યથામતિ પાલન કે જિનાજ્ઞાનું પાલન ? સામાન્ય માણસોની દષ્ટિએ અહિંસા જ પરમ ધર્મ છે, પરંતુ ઉપાધ્યાયજી મહારાજ શાસ્ત્રના આધારે કહે છે કે હિંસા અને અહિંસાનું વાસ્તવિક સૂક્ષ્મ સ્વરૂપ સમજ્યા વિના જીવ હિંસાને અહિંસા અને અહિંસાને હિંસા સમજી લેવાની ભૂલ કરી બેસે એવો સંભવ છે. એટલા માટે જ્ઞાનની પહેલી આવશ્યકતા છે. માટે જ કહેવાયું છે કે 'पढमं नाणं तओ दया' એટલે જ જિનાજ્ઞા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. જિનાજ્ઞાનો યથાર્થ બોધ થાય અને તેનું યોગ્ય પાલન થાય તો જ પરિણામવિશુદ્ધ અને શાસ્ત્રસુવિહિત એવું અહિંસાનું પાલન થઈ શકે. મિથ્યાત્વાદિ મોહનીય કર્મના ક્ષયોપશમ વિના બાહ્ય અને અંતરંગ એવી પરિણામવિશુદ્ધિ શક્ય નથી. ટીકામાં ઉપાધ્યાયજી મહારાજ દસવૈકાલિક સૂત્રની એક ગાથા ટાંકીને કહે છે કે હેતુ, સ્વરૂપ અને અનુબંધ એ ત્રણ પ્રકારે અહિંસાની શુદ્ધિ તપાસવી જોઈએ. પ્રમાદ અથવા અયતના તે હિંસાનો હેતુ છે; પ્રાણવિનાશ તે હિંસાનું સ્વરૂપ છે અને પાપકર્મના બંધથી ભાવિમાં પ્રાપ્ત થતાં દુ:ખો એ હિંસાનો અનુબંધ છે. માટે યતના (જયણા) એ અહિંસાનો હેતુ છે; કોઈના પણ પ્રાણવિનાશથી નિવૃત્ત થવું એ અહિંસાનું સ્વરૂપ છે અને મોક્ષસુખનો લાભ એ અહિંસાનો અનુબંધ છે. આમ, અહિંસાના શાસ્ત્રસુવિહિત પાલન માટે, પરિણામ વિશુદ્ધિ માટે શાસ્ત્રીય જ્ઞાનની આવશ્યકતા છે. પરંતુ શાસ્ત્રો ઘણાં ગહન, કઠિન અને જટિલ હોય છે. માત્ર શબ્દજ્ઞાનથી તેના ઊંડા મર્મ અને રહસ્યને જાણી શકાતું નથી. એ માટે જરૂર છે સુગુરુની. એટલા માટે ઉપાધ્યાયજી મહારાજ ગુરુપરતંત્રતા અને ગુરુકુલવાસ ઉપર બહુ ભાર મૂકે છે. એકાકી વિહાર કરનારા સ્વચ્છંદી મુનિઓ યોગ્ય માર્ગદર્શનના અભાવે પોતે ઉન્માર્ગે જાય છે અને અન્યને પણ ઉન્માર્ગે દોરી જાય છે. અલબત્ત ગીતાર્થ મહાપુરુષો એકાકી વિહાર કરી શકે છે.

ત્યાર પછી ઉપાધ્યાયજી મહારાજ સૂત્ર અને અર્થ ઉભયનું મહત્ત્વ સમજાવે છે, મોક્ષ અને મોક્ષાંગનું સ્વરૂપ સમજાવે છે અને મોક્ષ જવાને યોગ્ય એવા જુદી જુદી કોટિના જીવોનાં લક્ષણો દર્શાવે છે.

જૈન દર્શનમાં મોક્ષપ્રાપ્તિ માટેના માર્ગમાં ગતિ કરનારા પરંતુ જુદે જુદે તબક્કે રહેલા જીવો માટે માર્ગાનુસારી, સમ્યક્ દષ્ટિ, અપુનર્બંધક, દેશવિરતિ, સર્વવિરતિ, ઈત્યાદિ પારિભાષિક શબ્દો વપરાય છે. ઉપાધ્યાયજી મહારાજે તે દરેકનાં સ્પષ્ટ લક્ષણો દર્શાવ્યાં છે. ઉ.ત. અપુનર્બંધક જીવ માટે તેઓ લખે છે:

सो अपुणबंधगो जो णो पावं कुणइ तिव्वभावेणं ।
बहु मण्णइ णेव भवं सेवइ सव्वत्थ उचियठिइं ॥

[જે જીવ તીવ્રભાવે પાપ ન કરે, ભવનું બહુમાન ન કરે, અને સર્વત્ર ઉચિત સ્થિતિનું સેવન કરે તે અપુનર્બંધક છે.]

અપુનર્બંધક એટલે એ જીવ કે જે સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં હવે એ સ્થિતિએ આવ્યો હોય કે પોતે હવે સંસારમાં હોય ત્યાં સુધી ફરીથી (પુનઃ) ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરે નહિ.

અવક્રગામી અથવા ઋજુચારી જીવનાં લક્ષણો જણાવતાં ઉપાધ્યાયજી મહારાજ કહે છે :

मग्गणुसारी सद्धो पन्नवणिज्जो क्रियावरो चेव ।
गुणरागी जो सक्कं आरमइ अवंकगामी सो ॥

[જે માર્ગાનુસારી હોય, શ્રદ્ધાવાન હોય, સુખબોધ હોય, ક્રિયામાં તત્પર હોય, શક્યમાં ઉદ્યમવંત હોય તે અવક્રગામી છે .]

દુનિયાના તમામ ધર્મોમાં સાધુસંન્યાસી થનારી બધી જ વ્યક્તિઓ અંતઃકરણના શુધ્ધ ત્યાગવૈરાગ્યના ભાવથી જ થાય છે એમ એકાન્તે કહી નહિ શકાય. જૈન ધર્મમાં પણ એવા સાધુઓ હોઈ શકે છે કે જેમણે માથે મુંડન કરાવ્યું હોય પરંતુ હૃદયમાં ત્યાગ વૈરાગ્યનો ભાવ ન હોય. એવા માત્ર વેશધારી સાધુઓથી દૂર રહેવા માટે ઉપાધ્યાયજી મહારાજ કહે છે. જુઓ :

दिसंति बहू मुंडा दुसमदोसवसओ सपक्खेडवि ।
ते दूरे मोत्तव्वा आणासुद्धेसु पडिबंधो ॥

[સ્વપક્ષમાં પણ દુષમકાળના દોષથી ઘણાય માથું મુંડાવનારા દેખાય છે. તેઓનો દૂરથી જ પરિહાર કરવો અને અને વિશુદ્ધ આજ્ઞાનું પાલન કરનારાઓમાં બહુમાનનો ભાવ રાખવો.]

કેટલાકના મનમાં એવો ભ્રમ હોય છે કે આ દુષમ આરામાં, પડતા કાળમાં સારા, સાચા સાધુઓ હોય જ ક્યાંથી ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે આ પાંચમા આરામાં ગમે તેટલું કષ્ટ આવી પડે તો પણ ભગવાન મહાવીરનું શાસન પાંચમા આરાના અંત સુધી ચાલવાનું છે અને ત્યાં સુધી પંચાચારનું શુધ્ધ પાલન કરનારા સાધુઓ રહેવાના. તેઓ લખે છે :

एवं रवु दुस्समाए समिया गुत्ता य संयमुज्जुत्ता ।
पन्नवणिज्जासग्गरहिया साहू महासत्ता ॥

[દુષમ કાળમાં પણ સમિતિ-ગુપ્તિવાળા, સંયમમાં ઉદ્યમ કરનારા, સુખબોધ્ય, અસદ્‌ગ્રહરહિત તથા મહાસત્ત્વશાળી સાધુઓ વિદ્યમાન છે.]

સ્થૂલ ક્રિયા અને મનના ભાવ એ બંનેની દૃષ્ટિએ- દ્રવ્ય અને ભાવની દૃષ્ટિએ વિવિધ સ્થિતિઓની જૈન દર્શનમાં છણાવટ કરવામાં આવી છે. દ્રવ્ય ક્રિયા હોય અને ભાવ હોય, દ્રવ્ય ક્રિયા હોય પણ ભાવ ન હોય દ્રવ્ય ક્રિયા ન હોય પણ ભાવ હોય અને દ્રવ્ય ક્રિયા પણ ન હોય અને ભાવ પણ ન હોય એવી ચતુર્ભંગિ બતાવવામાં આવે છે. દેખીતી રીતે જ દ્રવ્ય ક્રિયા કરતાં ભાવનું મૂલ્ય વધારે છે. સાધુઓ દ્રવ્યક્રિયા કરતાં ભાવવિશુદ્ધિ પ્રતિ વધુ આગળ વધેલા હોવા જોઈએ. જિનેશ્વર ભગવાનની આરાધના દ્રવ્ય ક્રિયાથી અને ભાવથી થઈ શકે છે. પરંતુ ભાવમાં આગળ વધેલા સાધુઓ પોતાનાથી નીચી કક્ષાની એવી ગૃહસ્થોની દ્રવ્યક્રિયાની અનુમોદના કરી શકે ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે હા, અવશ્ય કરી શકે. તેઓ લખે છે :

अह हीणं दव्वत्थयं अणुमाणज्जा णं संजओ त्ति मई ।
ता कस्सवि सुहजोगं तित्थयरो णाणुमण्णिज्जा ॥

[જો તમારી બુદ્ધિ એમ કહેતી હોય કે ઊતરતી કક્ષાનો હોવાથી દ્રવ્યસ્તવની સાધુએ અનુમોદના ન કરવાની હોય તો તીર્થંકર ભગવાન કોઈના પણ શુભોપયોગની અનુમોદના કરશે નહિ.]

અહીં ઉપાધ્યાયજી મહારાજે એક જ દલીલ આપીને શંકાનું સરસ નિવારણ કરી આપ્યું છે.

આમ, ઉપાધ્યાયજી મહારાજે 'ઉપદેશરહસ્ય'માં જે ભિન્ન ભિન્ન વિષયોની મીમાંસા કરી છે તેમાં દ્રવ્યચરિત્ર, દ્રવ્યાજ્ઞાપાલન, દેશવિરતિ અને સર્વવિરતિ અને તેના પેટા ભેદો, દ્રવ્યસ્તવ અને ભાવસ્તવ, દ્રવ્યસ્તવની આવશ્યકતા, વિનયના બાવન ભેદો, વૈયાવચ્ચ, દ્રવ્ય અને ભાવની ચતુર્ભંગી, સમાન કર્મ છતાં ફળમાં તરતમતાનું રહસ્ય, સમ્યગદૃષ્ટિની સ્વભાવતઃ હિતપ્રવૃત્તિ, વ્યવહાર નય અને નિશ્ચયનય, અનિયત સ્વભાવવાળા કર્મ ઉપર પુરુષાર્થની અસર, કર્મ અને પુરુષાર્થ ઉભયનું મહત્ત્વ, સમ્યગદૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિનાં સુખદુઃખ, અભિગ્રહ, ઉપદેશની પરિપાટી, મહત્તા અને સફળતા, ઉપદેશકની યોગ્યતા, સૂત્રનિષ્ઠા, એકાન્તવાદ અને અનેકાન્તવાદ, સ્યાદવાદ વિના ઉપદેશકની આત્મવિડંબના, સ્વાધ્યાય, જ્ઞાન અને શ્રદ્ધા, જયણા, ઉત્સર્ગ અને અપવાદ, હેતુવાદ અને આગમવાદ, અધ્યાત્મ અને ધ્યાનયોગ, સહજાત્મસ્વરૂપની ભાવના, શુધ્ધબુધ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન ઈત્યાદિ અનેક વિષય ઉપર સુંદર પ્રકાશ આપ્યો છે.

આ ગ્રંથની રચના કરતાં પૂર્વે ઉપાધ્યાયજી મહારાજે પ્રત્યેક વિષય, વિચાર કે મુદ્દા વિશે કેટલું મનનચિંતન કર્યું હશે અને કેટલા બધા ગ્રંથોનું અધ્યયન કરી લીધું હશે તેની અને તેમની બહુશ્રુતતા કેટલી બધી છે તેની પ્રતીતિ ગ્રંથની મૂળ ગાથાઓ તથા તેના ઉપરની ટીકા વાંચતાં સ્થળે સ્થળે થાય છે. ઉપાધ્યાયજી મહારાજે પોતાની આ રચનામાં મુખ્ય આધાર શ્રી હરિભદ્રસૂરિનો લીધો છે એટલે શ્રી હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' ઉપરાંત 'યોગબિન્દુ', 'યોગદૃષ્ટિસમુચ્ચય', 'ષોડશક', 'પંચાશક' ઈત્યાદિ ગ્રંથોની ગાથાઓ એમણે આધાર માટે ટાંકી છે. તદુપરાંત ભગવતીસૂત્ર, ઉત્તરાધ્યયનસૂત્ર, દસવૈકાલિકસૂત્ર, મહાનિશીથ, સ્થાનાંગ, આચારાંગ, અનુયોગદ્વાર, આવશ્યકનિર્યુક્તિ, વિશેષાવશ્યક ભાષ્ય, વ્યવહારભાષ્ય, તત્ત્વાર્થસૂત્ર, સન્મતિતર્ક, પ્રવચનસાર, શ્રાવકપ્રજ્ઞપ્તિ ઈત્યાદિ ગ્રંથોમાંથી એમણે આપેલાં પ્રમાણો ઉપરથી એમની દૃષ્ટિ કેટલાં બધા શાસ્ત્રગ્રંથો ઉપર ફરી વળી છે અને એમની ગ્રહણશક્તિ કેટલી બધી સૂક્ષ્મ છે તેની સરસ પ્રતીતિ થાય છે.

આટલા બધા જુદા જુદા વિષયોની સૂક્ષ્મ છણાવટ કર્યા પછી તેમાંથી જીવે ગ્રહણ કરવા જેવું શું છે અને આરાધક જીવનું લક્ષ્ય શું હોવું જોઈએ તે વિશે ગ્રંથનો ઉપસંહાર કરતાં ઉપાધ્યાયજી મહારાજ જણાવે છે કે-

किं बहुण इह जह जह रागदोसा लहुं विलिज्जंति ।
तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणां ॥

[ઘણું શું કહીએ ! જે જે રીતે વહેલામાં વહેલો રાગદ્વેષનો વિલય થાય તે તે રીતે પ્રવર્તવું એ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા છે.]

વળી તેઓ અંતે શુભકામના વ્યક્ત કરતાં વિનમ્રતાથી લખે છે :

अणुसरिय जुत्तिगब्मं पुव्वायरियाण वयणसंदब्मं ।
रि काउमिणं लद्धं पुण्णं तत्तो हवउ सिद्धि ॥

[યુક્તિના મર્મોને અનુસરીને મેં પૂર્વાચાર્યોનાં જ વચનોનું અહીં ગૂંથન કર્યું છે. તે કરવાથી જે પુણ્યનું ઉપાર્જન થયું તેનાથી સ્વપર ભવ્ય જીવો પરમપદને પ્રાપ્ત કરો.]

પ.પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી મહારાજે લખ્યું છે, 'પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજે 'ઉપદેશપદ'ના વિષયોને વધુ સુવાચ્ય શૈલીમાં આ ગ્રંથમાં રજૂ કર્યા છે 'ઉપદેશરહસ્ય' એ 'ઉપદેશપદ'નો સારોદ્ધાર લાગે છતાં આ ગ્રંથ નિરૂપણની દૃષ્ટિએ મૌલિક છે, સ્વતંત્ર છે; સાચે જ તેઓશ્રી પ્રાચીન ગ્રંથોને પી-પચાવીને નવીન ગ્રંથ નીપજાવવાનાં વરદાનને વરેલાં છે... સ્યાદવાદપરિપૂર્ણ રોચક શૈલીમાં આ ગ્રંથ લખાયો છે. કોઈ પણ શ્રમણે ઉપદેશદાન દેવાની કળા હસ્તગત કરવા માટે એટલે કે ભવભીરુ ગીતાર્થ મુનિવરે પણ સ્વપર કલ્યાણ કાજે ઉપદેશક બનતાં પહેલાં આ ગ્રંથનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. માર્ગદર્શકની જવાબદારીનો વિચાર કરીએ ત્યારે ખ્યાલ આવે કે ઉપદેશકળા માટે કેવી અને કેટલી સજ્જતા અપેક્ષિત છે. યથાર્થ ઉપદેશક થવું તે ઘણું અઘરું કાર્ય છે.'

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીકૃત આ 'ઉપદેશરહસ્ય' ગ્રંથનું જેમ જેમ ફરી ફરી વાર વાંચન-અધ્યયન કરવાનું થાય છે તેમ તેમ નવો નવો અર્થપ્રકાશ સાંપડતો જાય છે. અને એથી એમને બહુમાનપૂર્વક નતમસ્તકે બધ્ધ અંજલિ નમસ્કાર કરવાનું મન થાય છે. એમણે આ અને આવા બીજા અણમોલ ગ્રંથોની રચના કરીને આપણા ઉપર કેટલો મોટો ઉપકાર કર્યો છે એ વિચારતાં ભાવવિભોર થઈ જવાય છે !

તત્ત્વજ્ઞાનગર્ભિત, દાર્શનિક, જટિલ વિષયોને પ્રાકૃત ભાષામાં પદ્યમાં ઉતારી તેને કાવ્યત્વની કોટિએ પહોંચાડવાનું દુષ્કર કાર્ય ઉપાધ્યાયજી મહારાજે કેવી અનાયાસ લીલાથી કર્યું છે !

□□□

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ●● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૯૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૧ ● તા. ૧૬-૨-૧૯૯૨ Regd. No. MH. By / South 54 Licence No. : 37

●●● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ●●●

# પ્રબુદ્ધ જીવન

●●● પ્રબુધ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ●● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ●●●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## લગ્નોત્સવ

લગ્ન એક ઉત્સવ છે અને ઉત્સવનો આનંદ અવશ્ય માણવો જોઈએ. પોતાના આનંદમાં બીજા ઘણા બધાને સહભાગી પણ બનાવવા જોઈએ.

ગૃહસ્થ જીવન જીવનાર વ્યક્તિ સતત નીરસ, લૂખું જીવન લાંબો સમય જીવી ન શકે; જીવવું પણ ન જોઈએ. ઉત્સવનો આનંદ જીવનમાં બળ પૂરનારું મોટું પ્રેરક, ચાલક તત્ત્વ છે.

ઉત્સવપ્રિયા: ખલુ મનુષ્યા: એમ જે કહેવાયું છે તે સાચું જ છે. સામાજિક, ધાર્મિક ઈત્યાદિ ઉત્સવો નિશ્ચિત સમયે આવે છે. લગ્નનો ઉત્સવ સ્થળ, કાળની પોતાની અનુકૂળતા અનુસાર ઊજવી શકાય છે.

હજારો વર્ષથી સમગ્ર દુનિયામાં માનવજાત લગ્નનો ઉત્સવ માણતી આવી છે. યુવક યુવતી મહાજનની સાક્ષીએ પ્રભુતામાં પગલાં માંડે એ સમાજવ્યવસ્થા અને જીવનવ્યવસ્થાની દ્રષ્ટિએ જરૂરી છે. આમ છતાં બીજી પ્રથાની જેમ લગ્નની પ્રથામાં અને એની ઊજવણીમાં અતિશયતા કે વિકૃતિ આવ્યા વગર રહે નહિ. કશો ખોટો આશય ન હોય તો પણ કેટલાક રીતરિવાજ સહજક્રમે જૂના અને કાલગ્રસ્ત થયા વગર રહે નહિ. એટલે લગ્નના કેટલાક રિવાજોમાં ફેરફાર કરવાની આવશ્યકતા હવે ઊભી થઈ છે. ચાંલ્લો, પહેરામણી, દહેજ, વાંકડો, ધર્માદાની રકમની આગ્રહપૂર્વક જાહેરાત વગેરેના રિવાજો જયારે ચાલુ થયા હશે ત્યારે તે શુભોપયોગી અને જરૂરી હશે, પરંતુ જયાં જ્ઞાતિનાં બંધનો હવે રહ્યાં નથી ત્યાં આવા રીતરિવાજો નિરર્થક બનવા લાગ્યા છે, એટલું જ નહિ, પરસ્પર અસંતોષ, મહેણાંટોણાં, વૈમનસ્ય વગેરેમાં નિમિત્ત બની રહ્યાં છે. કયારેક બહુ ધામધૂમથી ઊજવાયેલાં લગ્ન આવા રીતરિવાજોના સંઘર્ષમાંથી લગ્નવિચ્છેદમાં પરિણમે છે. કાલગ્રસ્ત બનેલા એવા રિવાજોને વહેલી તકે સમાજે તિલાંજલિ આપવી ઘટે. એની શરૂઆત પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી થાય તો સમાજ ઉપર એનો વધુ પ્રભાવ પડે. કેટલીકવાર એક પક્ષને ફેરફાર કરવો હોય છે, પણ બીજા પક્ષની અસંમતિ થતાં લાચાર થઈ જવાય છે. વર, કન્યા, વરનાં માતાપિતા અને કન્યાનાં માતાપિતા એમ ચારેની સમજણપૂર્વકની સહકારભરી સંમતિ સધાય તો કાર્ય સરળ થાય છે. સગાઈ પૂર્વે જ આવી કેટલીક સ્પષ્ટતા થાય તો એથી પણ વધુ સરળતા રહે છે.

મોટાં શહેરોમાં કોઈ કોઈ વખત એવું જોવા મળે છે કે લગ્ન પ્રસંગે લગ્નવિધિનું કોઈ ગૌરવ સચવાતું નથી. પધારેલા મહેમાનો ટોળે મળીને વાતો કરવામાં મગ્ન હોય છે, કારણ કે દૂર દૂર રહેતા હોવાને લીધે લગ્ન મંડપ એમને માટે મિલનસ્થાન બની જાય છે. લગ્નની વિધિમાં ગોર મહારાજ વધુ કે ઓછા શ્લોકો બોલીને વિધિ ઝડપથી પતાવી આપે છે. દક્ષિણા લેવાની ઉતાવળમાં તેઓ હોય છે, કારણકે એક દિવસમાં બીજાં કેટલાંક લગ્નો પણ એમને કરાવવાનાં હોય છે. બીજી બાજુ કેટલીકવાર વિધિકારને પોતાને સરસ વિધિ કરાવવી હોય છે, પરંતુ વરકન્યા કે તેમનાં માતાપિતાને તેમાં બહુ રસ હોતો નથી. બોલાતી વિધિમાં શું ચાલી રહ્યું છે તેની પણ તેમને સમજણ કે ખબર નથી હોતી. વરકન્યા વતી સપ્તપદી પણ ગોર મહારાજ જ બોલી જતા હોય છે. કોઈ કોઈ સ્થળે તો વિધિ દરમિયાન વર અને એના મિત્રો તથા કન્યા અને એની સાહેલીઓ સામસામે એકબીજાની સાથે ટીખળકટાક્ષ વગેરે કરવામાં એટલાં બધાં મગ્ન હોય છે કે વિધિમાં શું ચાલી રહ્યું છે તેની પણ તેમને ખબર કે પરવા હોતી નથી.

આવી ગૌરવહીન પરિસ્થિતિને લીધે જ કેટલાક દ્રષ્ટિસંપન્ન, સુશિક્ષિત, સંસ્કારી યુવક-યુવતીઓ હવે સજાગ બનવા લાગ્યાં છે. જૈનોમાં શાસ્ત્રીય, ગૌરવભરી જૈન લગ્નવિધિથી લગ્ન કરાવવાની ભાવના હવે વધવા લાગી છે. અમારા પુત્રનાં લગ્ન જૈન લગ્નવિધિથી અમે કર્યાં હતાં ત્યારથી એ વિધિ માટે કેટલાંક મિત્રોનો આગ્રહ ચાલુ થયો છે. એક કચ્છી ઉદ્યોગપતિ મિત્રે પોતાની પુત્રીનાં લગ્ન માટે મારી પાસે જૈન લગ્નવિધિની પુસ્તિકા તૈયાર કરાવી અને તે પ્રમાણે મંગળમય પવિત્ર વાતાવરણમાં સૌએ એકાગ્ર ચિત્તે એ વિધિ નિહાળી હતી. મુંબઈમાં કેટલાક દિવસ પહેલાં બીજા એક શ્રીમંત ઉદ્યોગપતિ મિત્રે પોતાની પુત્રીનાં લગ્ન બહુ જ નાના પાયા ઉપર અને જૈન લગ્નવિધિથી કરાવ્યાં. બંને પક્ષ તરફથી ફકત પોતાના અત્યંત નિકટનાં સ્નેહી-સ્વજનોને લગ્ન પ્રસંગે નિમંત્રણ આપવામાં આવ્યું હતું.

પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં જ સાદાઈથી છતાં સુશોભિત અને મંગલ વાતાવરણમાં સંગીત સાથે જૈન લગ્નવિધિ એવી રીતે ગોઠવવામાં આવી હતી કે સૌ કોઈ ધ્યાનથી એ લગ્નવિધિ જોતા- સાંભળતા હતા. એક પવિત્ર વાતાવરણ જેવું અનુભવાતું હતું. વરપક્ષ પણ સુખી અને સંપન્ન હતો. છતાં બંને પક્ષે સાથે મળીને, ખાસ તો વર અને કન્યાએ દઢ નિર્ણય કરીને આ રીતે લગ્નવિધિ યોજવાનું નિર્ધાર્યું હતું. ચાંલ્લો, ભેટ, પગે લાગ્યાનાં કવર, પહેરામણી વગેરે ન લેવાનો મક્કમ સંકલ્પ કર્યો હતો. એક નવો ચીલો પાડવા માટે વરકન્યા અને તેમનાં માતાપિતા અભિનંદનના અધિકારી બન્યાં હતાં.

થોડા સમય પહેલાં બીજા એક શ્રીમંતને ત્યાં લગ્ન પ્રસંગે અમે ગયાં હતાં. લગ્ન મંડપ માટે ઘણી વિશાળ જગ્યા રાખવામાં આવી હતી. ઠેર ઠેર સુશોભનો હતાં. રંગબેરંગી લાઈટો કરવામાં આવી હતી. વરકન્યાને સત્કાર સમારંભ માટે ઊભા રહેવા માટેના મંચની જગ્યા તે કોઈ રજવાડી મહેલ જેવું દ્રશ્ય બનાવ્યું હતું. કલાકો સુધી સતત વિડિયો ફિલ્મ ઊતરતી હતી. ભાંતભાતની વાનગીઓ જમવામાં હતી. જાણે કોઈ મોટો મેળો ભરાયો હોય એવું દ્રશ્ય લાગતું હતું. જમવામાં સંસ્કારી ધક્કાધક્કીનો પાર નહોતો. બધું મળીને બે-ત્રણ કરોડ રૂપિયા ખર્ચાયા હશે એવી વાત સાંભળવા મળતી હતી. લોકોને યાદ રહી જાય એવી રીતે લગ્ન કરવાની એમની મહત્ત્વાકાંક્ષા પાર પડી હતી.

આજકાલ મોટા શહેરોના શ્રીમંતોમાં લગ્ન પ્રસંગે ધનનું વરવું પ્રદર્શન કરવાની એવી ચડસાચડસી વધતી ચાલી છે કે કોઈએ કર્યું ન હોય એવું પોતાને ત્યાં થવું જોઈએ. લગ્નની વાડીમાં રાજમહેલ, કિલ્લો, મંદિર જેવી વિશાળ રચના ફિલ્મી દુનિયાના કોન્ટ્રાકટરો પાસે કરાવવામાં આવે છે. એક મિત્રના મજાકમાં કહેવા પ્રમાણે રાણી એલિઝાબેથ જો સંમતિ આપે તો એક ધનપતિની મહેચ્છા પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે બકિંગહામ પેલેસ જેવી રચના કરવાની અને ચાર્ટર વિમાનદ્વારા લંડનથી પેલેસના ગાર્ડ્સને બોલાવવાની છે.

લગ્ન પ્રસંગે ખાદ્ય વાનગીઓનું વૈવિધ્ય ઉત્તરોત્તર વધતું જાય છે. વાર્તામાં આવતી બત્રીસ પકવાનની વાતો હવે વાસ્તવિક બનવા તરફ છે. શ્રીમંતોના અહંને પોષવા કેટરરો નવી નવી વાનગીઓ બનાવવા લાગ્યા છે. થોડા વખતમાં મરચાંની બરફી, રીંગણાંની બાસુંદી, કારેલાંનો આઈસક્રીમ, ચોકલેટનાં ભજિયાં, સંતરાંની છાલની કઢી, જેવી નવી નવી વાનગીઓ શોધી કાઢી કેટરર્સ ધનપતિઓને આકર્ષે તો નવાઈ નહિ !

મોટા શહેરોમાં શ્રીમંત વર્ગ વચ્ચે મોંઘી લગ્નપત્રિકા કાઢવાની સ્પર્ધા દિવસે દિવસે વધતી ચાલી છે. પત્રિકા બનાવવાના વ્યવસાયમાં પડેલા માણસો નવી નવી કલ્પના દોડાવીને નવા નવા પ્રકારની મોંઘીદાટ લગ્નપત્રિકાઓ તૈયાર કરીને ધનાઢ્યોને આકર્ષે છે. કોઈ કોઈ લગ્ન માટે તો એક એક લગ્નપત્રિકા સો દોઢસો રૂપિયાની કિંમતની થતી હોય છે. હજારો રૂપિયાનો ધુમાડો માત્ર મોંઘી લગ્નપત્રિકા પાછળ થાય છે. લગ્ન પૂરાં થાય એટલે ઘણી ખરી લગ્નપત્રિકાઓ, ભલે ગમે તેટલી મોંઘી હોય તો પણ સરવાળે કચરામાં, ગટરમાં જ જાય છે, કારણકે તેની બીજી કોઈ ઉપયોગિતા હોતી નથી.

કેટલાક શ્રીમંત માણસ પાસે એટલી અઢળક સંપત્તિ હોય છે કે એક દિવસનો લગ્નોત્સવ એમને માટે ઓછો પડે છે. સામાજિક પ્રતિષ્ઠા પણ તેમને સતાવે છે. જૂના વખતમાં જાનને સાત દિવસ જમાડવામાં આવતી. એ ઘટતાં ઘટતાં એક દિવસ અને એક ટંક ઉપર વાત આવી ગઈ. પરંતુ એ પ્રથા હવે નવા સ્વરૂપે આવી છે. શ્રીમંત માણસો પોતાને આંગણે આવેલ લગ્ન પ્રસંગને માટે એક દિવસનો નહિ પરંતુ પાંચ છ કે તેથી વધુ દિવસના ઉત્સવ તરીકે ઉજવે છે. કેટલાક માટે આ 'અઠ્ઠાઈ' (આઠ દિવસનો) મહોત્સવ બની જાય છે. સંગીતની, નૃત્યની, રાસ ગરબાની, ડાયરાની, શાયરીની એવી જાતજાતની મહેફીલો લગ્ન પહેલાં ગોઠવાય છે અને તેમાં ચઢતા ઊતરતા ક્રમે ઓછી કે વધુ નિમંત્રણ પત્રિકાઓ મોકલાય છે. ફક્ત સગાં સંબંધી સહિત મિત્ર વર્તુળ, જ્ઞાતિજનો, વેપારી વર્ગ અને અપરિચિત આમવર્ગ સુધી નોંતરા પહોંચાડાય છે. કોઈકને એક, કોઈકને બે, કોઈકને ત્રણ-ચાર એમ જદા જુદા કાર્યક્રમોના નોંતરાનાં કાર્ડ મળે છે. ધાર્યા કરતાં પોતાને ઓછાં કાર્ય મળ્યાં છે અને બીજાને વધુ કાર્યક્રમોનાં કાર્ડ મળ્યાં છે એની ખબર પડતાં તેવા લોકોનો કચવાટ લગ્ન અગાઉ જ ચાલુ થઈ જાય છે. જયારે એક લગ્ન નિમિત્તે જાત જાતના ઉત્સવો યોજાય છે ત્યારે તેમાં હાજરી આપનારા બધા જ દરેક વખતે ઉત્સાહપૂર્વક પહોંચી જતા હોય એવું બનતું નથી. ફરજ રૂપે પરાણે હાજરી આપવી પડતી હોય એવું પણ કેટલાંકની બાબતમાં બને છે. ઘણા બધા દિવસના ઉત્સવો રાખીને કેટલાંક શ્રીમંત માણસો તો પોતાના સગાંસંબંધી અને મિત્રવર્તુળ ઉપર ત્રાસ ગુજારતા હોય છે. તેમના પોતાને કાને એવી વાત આવતી નથી હોતી. મોઢે તો માત્ર પ્રસંશા અને અહોભાવના ઉદ્‌ગારો જ નીકળતા હોય છે, પરંતુ પોતપોતાના અંગત વર્તુળોમાં તેની ઘણી ટીકા થતી હોય છે.

જે કેટલાક ધનપતિઓ લગ્ન પ્રસંગે એક સાથે ઘણા બધા ઉત્સવો ઊજવે છે તેઓ કેટલીક વાર એક પ્રકારની માનસિક તાણમાંથી પસાર થાય છે. પોતાના ઘરે લગ્નોત્સવ છે એટલે અપાર આનંદ તો હોય જ, પરંતુ નાની નાની વ્યવસ્થાઓની ચિંતાનો ભાર ઘણો મોટો હોય છે. તે તરત જણાતો નથી. થોડીક ગેર વ્યવસ્થા ઊભી થતાં માનસિક તાણ ચાલુ થાય છે. સગાંસંબંધીઓનાં રીસામણાં, કેટરર- ડેકોરેટરની લુચ્ચાઈ, કે અપ્રામાણિકતા, ઈન્કમટેક્ષના માણસોની તપાસ, ખૂટી જતી ખાદ્ય વાનગીઓ કે એવી બીજી સમસ્યાઓને લીધે કોઈક વાર તો એવા પણ કિસ્સા બન્યા છે કે લગ્નોત્સવની તાણને લીધે વર કે કન્યાના પિતાને હૃદયરોગનો હુમલો થયો હોય અથવા મૃત્યુ પણ થયું હોય. આવા ઉત્સવો યોજવાનું વિચારતી વખતે ઉમંગ ઘણો હોય છે, પરંતુ જેમ જેમ દિવસ નજીક આવતા જાય છે તેમ તેમ ચિંતા, વ્યગ્રતા, ઉજાગરા વધતા જાય છે અને તેની માઠી અસર શરીર ઉપર થાય છે. વર કન્યાનાં મા-બાપ સામાન્ય રીતે એવી પ્રૌઢ ઉંમરે પહોંચેલાં હોય છે કે જયારે તેમનું શરીર અને મન આ માનસિક બોજો સહેલાઈથી ઉઠાવી શકતું નથી. એનાં માઠાં પરિણામ પછીના વખતમાં ચાલુ થવા લાગે છે. એટલે જ કેટલીકવાર કેટલીક વ્યક્તિઓની બાબતમાં લગ્નોત્સવ આશીર્વાદરૂપ નહિ, પરંતુ શાપરૂપ નીવડે છે.

આજકાલ કેટલીય વ્યક્તિઓના દેશ-વિદેશના અનેક લોકો સાથે વેપાર ઉદ્યોગના સંબંધો વધ્યા છે. વિદેશની અવરજવર પણ વધી છે. ભારતીય લોકો આખી દુનિયામાં પથરાયેલા છે એટલે સગાંસંબંધને હિસાબે પણ વ્યાવહારિક પ્રસંગે વિદેશમાં જવાનું સામાન્ય બની ગયું છે. કેટલાક ધનાઢ્ય લોકો માત્ર લગ્ન પ્રસંગે હાજરી આપવા કે કોઈકની ખબર કાઢવા કે અન્ય પ્રકારના સારા માઠા પ્રસંગે એકાદ દિવસ માટે પણ વિદેશમાં આંટો મારી આવતા હોય છે. આવા કેટલાય લોકોને પોતાને ત્યાં જયારે લગ્ન પ્રસંગ આવે છે ત્યારે વિદેશથી ભારતીય ઉપરાંત વિદેશી મહેમાનો પણ નોતરવામાં આવ્યા હોય છે. આવા માંસાહારી વિદેશી મહેમાનોને લગ્ન પ્રસંગે જે હોટલમાં ઉતારવામાં આવ્યા હોય છે તે હોટલમાં તેઓ માંસાહાર કરતા હોય છે. વિદેશના મહેમાનોને નિમંત્રણ આપની વખતે ધર્મપ્રેમી જૈન ગૃહસ્થોએ આ બાબતનો ગંભીરપણે વિચાર કરવો ઘટે. આમાં કશું અનુચિત નથી એવું માનવાવાળો પણ એક વર્ગ છે. લગ્ન પ્રસંગે જમણવારમાં મોટી પંચતારક હોટલોમાં કેટલાક જૈન ધનાઢ્યો વિદેશીઓ માટે માંસાહારનો કાઉન્ટર થોડે દૂર રાખે છે. આ પણ એક વિચારણીય ગંભીર બાબત છે. આવું જવલ્લેજ બને છે, પરંતુ સર્વથા નથી બન્યું કે નથી બનતું એમ નહિ કહી શકાય.

વિદેશીઓ માટે કેટલાક જૈનો મર્યાદિત સંખ્યામાં શરાબની મહેફીલો પણ યોજે છે. માંસાહાર કરતાં શરાબની મહેફીલોનું પ્રમાણ ઘણું વધારે છે. વિદેશી મહેમાનો ન હોય તો પણ પોતાના મિત્રો અને સગા સંબંધીઓ માટે સીમિત સ્વરૂપની શરાબની મહેફીલો કેટલાક જૈન ધનાઢ્યો લગ્ન નિમિત્તે યોજે છે. [અન્ય પ્રસંગે યોજાતી મહેફીલોની વાત તો વળી જૂદી જ છે.] આવી મહેફીલોમાં ઘણું ખરું શરાબ પીનારને જ નિમંત્રણ અપાય છે. મહિલા વર્ગ પણ એમાં સામેલ હોય છે. આજકાલ શરાબ પીવો એ પહેલાં જેટલું ઘૃણાસ્પદ ગણાતું નથી. શરાબ પીવાની છૂટવાળી વ્યક્તિઓની સંખ્યા જૈન સમાજમાં પણ દિવસે દિવસે વૃદ્ધિ પામતી જાય છે. [વિદેશના ઘણા જૈનોમાં એ શિષ્ટાચાર રૂપ પણ હોય છે, જો કે પરાપૂર્વથી જૈનધર્મમાં મદ્યપાનનો નિષેધ ફરમાવાયેલો છે. સાત વ્યસનમાંનું એ પણ એક વ્યસન છે.] આ સંજોગોમાં વ્યક્તિગત શરાબ પીવો એ એક બાબત છે અને લગ્ન પ્રસંગે શરાબની મહેફીલ યોજવી તે બીજી બાબત છે. એમાં કોઈને કદાચ મોટો અનર્થ ન દેખાતો હોય તો પણ પરંપરાથી સાચવેલા સંસ્કારનું જે ઉલ્લંઘન થતું જાય છે તે સમય જતાં અનાચાર તરફ ન દોરી જાય એ પ્રત્યે લક્ષ્ય રાખવું જરૂરી છે. માત્ર મોટાઈના, આધુનિકતાના કે પ્રગતિશીલતાના દેખાવો કરવા માટે આવી મહેફીલો યોજાતી હોય તો તેમાં બહુ ઔચિત્ય રહેલું નથી.

કેટલાક મોટા ધનપતિઓને લગ્ન પ્રસંગે ગમે તેટલું ખર્ચ થાય તેનો પ્રશ્ન હોતો જ નથી. લાખો રૂપિયા તેમને ખર્ચી જ નાખવાના હોય છે. સમાજને પોતાની મોટાઈ બતાવી શકે એ માટે પોતાને ઘરે આવેલા લગ્નપ્રસંગે વધુમાં વધુ માણસો હાજર રહે એ એમનો શોખનો વિષય બની જાય છે. વ્યવસાયમાં પોતાના પ્રતિસ્પર્ધીઓ કરતાં પોતાના પ્રસંગે ઘણા વધુ માણસો પધાર્યા હતા એ બતાવવા માટે શક્ય તેટલી બધુ નિમંત્રણ પત્રિકાઓ તેઓ પહોંચાડે છે. મોટા શહેરોમાં સારો રસ્તો તો એ હોય છે કે પોતે જેટલી જેટલી સંસ્થાઓ સાથે સંકળાયેલા હોય તે બધી સંસ્થાઓના સભ્યોને સાગમટે નોતરવામ. આવે. આ કામ તો એમના કર્મચારીઓએ જ કરવાનું હોય છે. જુદી જુદી સંસ્થાઓની છાપેલી તૈયાર યાદીઓ મંગાવીને તે પ્રમાણે નિમંત્રણો કર્મચારીઓ દ્વારા રવાના થાય છે, પછી એમાંની કેટલીય વ્યક્તિઓને પોતે ઓળખતા હોય કે ન ઓળખતા હોય આવા પ્રસંગે જે ભાઈબહેનો પાંચ છ સંસ્થામાં સભ્ય હોય. કે કમિટિમાં હોય તેમને આવા મહાનુભાવ તરફથી ટપાલમાં પાંચ છ કે વધુ નિમંત્રણ પત્રિકા મળે છે, છતાં વ્યક્તિગત ઓળખાણ કે સંબંધ જેવું કશું જ હોતું નથી. એથી એમને કૌતુક જેવું થાય છે. મફતનું મહાલવા મળતું હોય તો જતું શા માટે કરવું એવી પ્રકૃતિના ઘણા લોકો લગ્નના માંડવે મિત્રમંડળ સહિત ધસી જતા હોય છે અને મિજબાની ઉડાવી, વરકન્યા કે એનાં માતાપિતાને મળ્યા વગર (કારણકે કોઈ ઓળખતું હોતું નથી) પેટ પર હાથ ફેરવતા ફેરવતા પાછા ફરે છે.

માણસ ધનવાન હોય અને આવા લગ્ન પ્રસંગે એ હોંશથી ધન વાપરે અને પોતના ઘરે આવેલા પ્રસંગને યાદગાર બનાવે તેમાં ખોટું શું છે ? આવો પ્રશ્ન કેટલાક કરતા હોય છે. કેટલાય લોકો આવા પ્રસંગે હાજર રહીને, મહાલીને ધન્યતા અનુભવે છે અને શ્રીમંતોની પ્રસંશામાં સરી પડે છે. બહુ મોટા શ્રીમંત માણસ ભલે પોતાને ન ઓળખતા હોય તો પણ પોતાને મોટા ઘરનું નિમંત્રણ મળ્યું છે એથી કેટલાય લોકો ધન્યતા અનુભવે છે અને બધે કહેતા ફરતા હોય છે. પરંતુ આ આનંદ અને અભિમાનનું મૂલ્ય થોડા વખતમાં જ વિસરાઈ જાય છે. વળી આવું ધનપ્રદર્શન સમગ્ર દેશની વર્તમાન સામાજિક અને આર્થિક

(અનુસંધાન પૃષ્ઠ - ૮)

# શું પ્રજા એટલી બધી ગમાર છે કે...

□ વિજયગુપ્ત મૌર્ય

દિવાળી આવે છે...આવી.... અને આવીને ગઇ પણ ખરી, પરંતુ ફટાકડાના પડઘા અને આતશબાજીના ધૂમાડા હજી શમ્યા નથી. હવે માત્ર દિવાળી ઉપર જ નહિ, બીજા પર્વોના પ્રસંગે કે લગ્ન જેવા સામાજિક કે ધાર્મિક પ્રસંગે પણ આ ઘોંઘાટીયા પ્રસંગ ઉજવાય છે. વરઘોડામાં પણ ફટાકડાની તડાફડી હોય. આપણા જીવનમાં આ બધું એવું રૂઢ થઈ ગયું છે કે આખી રાત અને દિવસ ધૂમધડાકા થાય અને લાઉડ સ્પીકરો ઉપર, કાનને બહેરા કરી નાખે એવા રાગડા ગવાય તેમાં બહુ અજૂગતું થાય છે, એવું ભાન પણ આપણે ભૂલી ગયા છીએ. આપણે એવા નિર્માલ્ય બની ગયા છીએ કે કાયદાએ (કેવળ કાગળ ઉપર) આ અનર્થ સામે રક્ષણ આપ્યું હોવા છતાં, આપણે ફરિયાદ પણ કરતા નથી !

દિવાળી તો ગઇ પણ આપણા દેશમાં જુદા જુદા ધર્મોમાં અને સંપ્રદાયોમાં એટલા બધા પર્વો આવે છે કે તેમાં કશું ખોટું થાય છે તેનો ખ્યાલ લોકોને રહેતો નથી. એ પર્વો હજી ઓછા હોય તેમ વેવિશાળ, લગ્ન, સભાસરઘસો, શોભાયાત્રા, પૂજા અને રાષ્ટ્રીય પર્વો પણ ઘોંઘટથી ભરચક રહે છે. બાળકો ઊંઘી શકતા નથી, વિદ્યાર્થીઓ ભણી શકતા નથી. આપણું જ્ઞાનતંત્ર ઘોંઘાટથી નંગ બની જાય છે. તેથી આ ચર્ચા હંમેશ માટે પ્રાસંગિક જ છે.

ધાર્મિક, સામાજિક અને રાજકીય પર્વો આવે છે ને જાય છે અને ફટાકડા અને આતશબાજી તેમની પાછળ ઘણો વિનાશ વેરી જાય છે. આપણા દેશમાં કરોડો માણસોને પેટ પૂરતો કે પોષણ પૂરતો ખોરાક મળતો નથી. ગરીબ લોકો, ખાસ કરીને આદિવાસીઓ પર્વો ઉજવવા, અંગ ઢાકવા જેટલું કપડું ન હોવાથી કપડા ભાડે લાવે છે. આવા ગરીબ દેશમાં ફટાકડા, આતશબાજી, પતંગો, માંજો, હોળીના રંગો, ચોરાયલા લાકડા, વગેરે પાછળ દરવર્ષે કરોડો રૂપિયા વેડફાય છે. તેમાંથી થોડું નાણું પણ બાળકો અને માંદાઓ માટે, દૂધ માટે, બાળકોના ભણતર માટે, માંદાઓની માવજત માટે વપરાતું હોય તો કેવું સારું !

પર્વો આનંદ માટે છે. ચારિત્રના ઘડતર માટે છે, વિચારોની આપ-લે માટે છે, વિજ્ઞાનના વિનીમય માટે છે. પર્વોને ભલે આપણે આનંદ મંગળથી ઉજવીએ, પરંતુ ચોરી, શરાબી, લબાડી, મિલ્કત અને સ્વાસ્થ્યને થતાં નુકશાન અને પ્રાણહાની જેવા ગંભીર અકસ્માતોથી બચવું જોઇએ, પરંતુ કેમ બચવું તેની સાદી સમજ પણ આપણામાં નથી ? દિવાળી હોય કે સક્રાંત હોય, કે હુતાશિની હોય , આ વિશાળ દેશમાં ઘણા બળેલા શબ, ગંભીરપણે દાઝેલા શરીરો, ભાંગેલા હાડકા, અકસ્માત કે બેદરકારીથી આગમાં બળી ગયેલી કરોડો રૂપયાની મિલ્કતો આ પર્વોની આસૂરી ઉજવણી પોતાની પાછળ મૂકી જાય છે. તમે આવા સપરમાં દિવસે એવા કુટુંબોના ઘર જોશો કે જેમણે, સ્વજનો, ગંભીર છતાં ટાળી શકાય એવા અકસ્માતોથી ઝૂપડાં, રહેઠાણો, દુકાનો, મકાનો કે બીજી મિલ્કત ગુમાવી હોય. રોટલાનો રળનાર કે ખોળાનો ખુંદનાર બાળક થોડા પૈસાનો માંજો કે પતંગ પકડી લેવા માટે જાન ગુમાવી બેઠો હોય.

આ કરુણ ઘટનાઓ માટે કોણ જવાબદાર છે ? પહેલા ગુનેગાર માબાપ છે. જેઓ પોતાના સંતાનોમાં શિસ્ત અને નિયમબધ્ધતા ઠસાવવામાંની ફરજ ચૂક્યા છે. બીજા ગુનેગાર શિક્ષક અને સરકાર પોતે છે. સમાજને પીડતા અનેક અનિષ્ટોમાં હવે સિનેમાનું અનિષ્ટ ઉમેરાયું છે. પહેલા થિએટરોમાં જ ફિલ્મો હતી. આજે ટીવી અને વિડિયો ઘણાં ઘરોમાં અને ઘરમાં ન હોય તો પડોશમાં પણ જોવા-સાંભળવા સુલભ બની ગયા છે. અને જોઇએ તેવી અનિષ્ટ ફિલ્મ પણ વિડિયો પર જોવા ભાડે મળે છે, ફિલ્મો જયારે થિએટરો પૂરતી મર્યાદિત હતી ત્યારે પણ ગુનેગારો અદાલતમાં કબૂલ કરતા હતા કે તેમણે કરેલો ગુનો કેમ કરવો તે તેઓ ફિલ્મ જોઇને શીખ્યા હતા. હવે જયારે ટીવી. અને વિડિયો લગભગ ટેલિફોન જેટલા જ સુલભ છે, ત્યારે મારામારીથી માંડીને જાતીય ઉશ્કેરણી જગાડનાર અત્યંત હિન પ્રકારની ફિલ્મો ભાડે મળે છે અને સમયને કેમ વેડફી નાખવો તે તમે જાણતા ન હો તો, ભણતર ભૂલીને વિડિયો રમતો જોવામાં તલ્લીન રહેતી ઉગતી પ્રજાની મનોદશા જોજો. ટીવી અને ભાડે મળતી રંગીન ફિલ્મો ઝૂંપડપટ્ટી સુધી પહોંચી છે. એ જોઈને એમ લાગે કે સિનેમાના થિએટરો ખાલી રહેતા હશે, પણ એવું નથી. વસતી વધી છે. તેમ મોજશોખની વસ્તુઓની માગ વધી છે અને ગુનાખોરી પણ વધી છે. જમાનાનો ચેપ માબાપને પણ લાગે છે. તેઓ પોતાના સંતાનોને "MODERN" બનાવવા માંગે છે. રખડુ અને વંઠેલ છોકરાં પણ મૉર્ડનમાં ખપે. કેટલાક કિસ્સા પોલિસની પોથીમાં અને અદાલતોના મુકદમામાં નોંધાય છે, તેમાંથી જાણ માટે બે-ચાર કીસ્સાથી પણ પરિચિત થઈએ તો આઘાત લાગે. થિએટરોની ટિકિટબારીઓ પર ટિકિટ મેળવનારાઓની લાઇનો પણ લાંબી થતી જાય છે.

વિડિયો-ફિલ્મો અને થિએટરોમાં અતિ મોંઘી થઇ ગયેલી ટિકિટો ખરીદવા માટે મૉર્ડન છોકરીઓ પૈસા કયાંથી કાઢે છે ? હવે માબાપ પાસેથી POKET-MONEY મળી રહે છે. ન મળે તો ચોરી કેમ કરવી તે ફિલ્મો શીખવે છે. પૈસા કયાંથી આવ્યા, અને કેમ આવ્યા તે પૂછવાની કોને પડી છે? ઉગતી પ્રજાને વશિષ્ટ કે ચાણક્ય વિશે પૂછો તો તેનું તેને કાંઇ જ્ઞાન નહિ હોય, પણ સિનેમાના અભિનેતાઓ અને અભિનેતીઓ વિશે પૂછો તો તેમના ખાનગી જીનવ વિષે પણ બધું કહી દેશે ! નવી ફિલ્મ આવે ત્યારે ઉઘડતા શોની ટિકિટ ગમે તે ભાવે ખરીદીને પણ જોવી એ મૉર્ડન માનસ છે. બીજે દિવસે એ વાસી કહેવાય. એવા એક કિસ્સામાં મારામારી થતાં માબાપના એકના એક પુત્રે જાન ગુમાવેલો.

તક્ષશીલા અને નાલંદાની આપણી પ્રાચીન વિદ્યાપીઠોનું નામ પણ કેટલા છોકરાઓએ સાંભળ્યું છે ? આજની કૉલેજો પ્રેમના પાઠ શીખવાના પટાંગણો છે. કેટલાક એવા કિસ્સા પણ તાજેતરમાં નોંધયા છે જેમાં, છોકરીના 'ચાહકો' વચ્ચેની હરિફાઈમાં ખૂન થયા હોય . કૉલેજમાં ભણતો નવયુવાન છોકરીની હત્યા કરે એ ખ્યાલ પણ કેવો ભડકાવનારો છે ! કેટલીક છોકરીઓ પણ ફેશન અને અભિનયના નખરા વડે પોતાનું મૂલ્ય વધારે છે.

જો માબાપ ફિલ્મી દુનિયાના રંગવડે થોડાઘણા પણ રંગાયા ન હોયતો પોતાના સંતોનોને અનિષ્ટ માર્ગે જવામાં પ્રોત્સાહન મળે એવી રીતે વર્તે નહિ, પરંતુ ઘણા માબાપ એમ સમજે છે કે પોતાના સંતાનોને શાળામાં દાખલ કર્યા અને દરમહિને ફી ચૂકવી એટલે સંતોનો પ્રત્યેની તેમની ફરજ પૂરી થઇ. સંતાનો રોજ શું ભણી આવ્યા, શું થવા માગે છે, તેમની વૃત્તિ કેવી છે, તેમના મિત્રો કેવા છે, શાળામાં તેમની હાજરી-ગેરહાજરી કેટલી છે, તેમના શિક્ષકોનો અભિપ્રાય કેવો છે, તેમાંથી કશું જાણવાની કોઇને કાંઇ પડી હોતી નથી. અત્યંત ખર્ચાળ કેળવણી અને અત્યંત ખર્ચાળ જીવનધોરણ દેખાદેખીનું પણ પરિણામ હોય છે. સરવાળે શિક્ષકો પણ જેઓ ચાર આંકડાની ટ્યુશન ફી ખર્ચી શકે તેમના વિશે જ વિચારે છે.

હોટેલ, ચા-નાસ્તા, ફિલ્મો, ડ્રાઇવઇન સિનેમા, ફિલ્મી-ફેશન, વગેરે પાછળ દેખાદેખીનું માનસ પણ હોય છે. વડીલોને કમાવા માટે કેટલો શ્રમ અને સમય વાપરવો પડે છે તેનો વિચાર જ આવતો નથી, તેથી ઉગતી પ્રજા કાંકરાની જેમ પૈસા ખર્ચે છે. ઘરમાં ગમે એવા અને ગમે તેટલા સારા કપડાં હોય, પણ નવું કાપડ નીકળે, નવી ફેશન નીકળે તો ઉગતી પ્રજાને તેના વિના ચાલે નહીં . આશ્ચર્યની વાત એ છે કે અમેરિકામાં એક ફેશન શરૂ થઇ તો તેને મુંબઇ-અમદાવાદ કે દિલ્હી પહોંચતા વાર લાગતી નથી. આ નવી ફેશનમાં નાચગાન હોય ત્યાં સુધી તો ઠીક પણ કેફી પદાર્થોનું સેવન હોય એ તો બહુ ગંભીર વાત છે. તેમાં બળવત્તર થતી જતી "લેડી નિકોટીનવાળી" સિગારેટથી માંડીને હેરોઇન અને કોકેઇનના ઇન્જેકશનનનો સમાવેશ થાય છે. આપણે કે આપણા બાળકોએ તેમનું નામ પણ ન સાંભળ્યું હોય તો તે નામ સાંભળીને આપણે ભડકી જઇએ નહીં. પરંતુ જાણકારો જણાવે છે કે આ ખતરનાક વ્યસન ફેલાતા જાય છે. તેમનો કરોડો ડોલરની કિંમતનો આંતરરાષ્ટ્રીય દાણચોરીનો વેપાર ચાલે છે અને અમેરિકા સૌથી મોટું યુધ્ધ આ દાણચોરી સામે લડી રહેલ છે. પાકિસ્તાન આ દાણચોરીના કેન્દ્રમાં છે અને તેનાં નાણા શસ્ત્રો ખરીદવામાં વાપરે છે, તેનો ઇરાદો આપણી સંરક્ષણ સેનામાં આ બદી ફેલાવીને તેને નિર્માલ્ય બનાવી દેવાનો છે અને કાશ્મીર, પંજાબ, વગેરે રાજ્યોમાં પાકિસ્તાન તેની મબલખ કમાણીનો મબલખ ખર્ચો કરે છે.

વિચાર આવે છે કે, જે દેશની સ્વતંત્રતા મેળવવા જે પેઢીએ એક સૈકા સુધી પોતાનું સર્વસ્વ હોમીને ફનાગીરી વ્હોરી લીધી હતી, તે દેશ આપણે કેવી પ્રજાને સોંપી જવાના છીએ ? આ નવી પ્રજામાં આજના તપસ્વી વિદ્યાર્થીઓ પણ છે, અને આવતી કાલના મહાપુરુષો પણ છે, પરંતુ તેઓ લઘુમતિમાં છે. યુનિવર્સિટીઓ, કૉલેજો અને શાળાઓ એવા વિદ્યાર્થીઓ વડે પણ ઉભરાય છે કે જેમને વિદ્યા સાથે કાંઇ નાતો નથી, તેમના માટે કેળવણી ક્ષેત્રો પારકે પૈસે મૉજ માણવાના ક્ષેત્રો છે. તેમાં ઉજળીયાત વર્ગના સંતાનો પણ છે, જે "પૉકેટ-મની" પૂરો ન થાય ત્યારે "પાકિટમાર" પણ બની શકે છે ! જ્યારે આઝાદીની લડતમાં ભારે ભોગ આપનારાઓને બદલો વાળી આપવાની યોજના રાજીવ ગાંધીની સરકારે જાહેર કરી ત્યારે, એવા માણસોએ પણ તેનો લાભ લીધો કે જેઓ આઝાદીની લડતમાં જેલમાં ગયા નહોતાં, માર ખાધો ન હતો, મિલ્કત ગુમાવી ન હતી. અને છતાં ખોટાં પ્રમાણપત્રો મેળવીને આજે પ્રજાને પૈસે મૉજ માણે છે !

દેશમાં સર્વત્ર જ્યારે આધ્યાત્મિક, ધાર્મિક, સમાજિક, રાજકીય અને જાહેરજીવનના મૂલ્યોનો ઝડપથી ક્ષય થઇ રહ્યો છે ત્યારે આ સર્વવ્યાપક સડા સામે ક્રાંતિ કરે એવી એકમાત્ર આશા તરીકે યુવાવર્ગ પ્રત્યે મીટ મંડાય છે, ત્યારે આજે શું જોવા કે સાંભળવા મળે છે ? ફિલ્મી ગીતો, અમેરિકન શૃંગાર નૃત્યો, 'ડીસ્કો' - રાસગરબા વગેરે. તેમાં એવી નવી પ્રજા છે, કદાચ બહુમતિમાં છે, કે જેમને શિક્ષકો પ્રત્યે માન નથી, અને શિક્ષકોને તેના માટે કાંઇ પડી નથી. તેમાં એવી નવી પ્રજા પણ છે કે જેને માતાપિતા માટે કશો પ્રેમ નથી, જન્મભૂમિ માટે કશો પ્રેમ નથી. જેઓ કેવળ મૉજશૉખ માણવામાં માને છે, દેશમાં અને દુનિયામાં જે કાંઇ બની રહ્યું છે તેનું અભ્યાસની દૃષ્ટિએ નિરીક્ષણ કરશો તો જણાશે કે કોઇ વર્ગ ભ્રષ્ટાચારથી મુક્ત રહી શક્યો નથી. નેતાઓ, પ્રધાનો, શિક્ષણક્ષેત્રો, ઉદ્યોગો, વેપારીઓ અને સંપ્રદાયોથી માંડીને સૈનિકો સુધી પણ ભ્રષ્ટાચારનો સડો વ્યાપેલો છે. ગાંધીજી અને ભગતસિંહ જેવા દેશભક્તોનો જમાનો હવે આથમી ગયો છે અથવા આથમી જવા આવ્યો છે. જે સૈનિકો અને સેનાપતિઓ પાસેથી દેશના સંગઠન, અને સ્વાતંત્ર્ય માટે પોતાના પ્રાણ સહિત સર્વકાંઇનું બલિદાન આપી દેવા તત્પર હોય એવી અપેક્ષા અને શ્રદ્ધા રાખી શકાય તેમાં પણ દાણચોરો, દેશદ્રોહીઓ, દુશ્મનોના જાસુસ બનનારાઓ વગેરે અનિષ્ટ પાક્યા છે. ભારતીય સંઘના વિસર્જનની પ્રવૃત્તિ કેટલાયે રાજ્યોમાં શરૂ થઇ ગઇ છે અથવા શરૂ થઇ રહી છે. જ્યાં એક નહિ બે મહાનુભાવ વડાપ્રધાનોની હત્યા થઇ ગઇ હોય, એવો બીજો કોઇ દેશ ભારત ઉપરાંત શોધ્યો મળે છે ખરો ?

આપણે આ દેશ કોને સોંપી જઈશું ? યાદ રાખજો કે પ્રજામાં આપણા સંતાનો પણ છે જેમને શિસ્ત અને સંસ્કારની ધાર ઉપર ચલાવવામાં આપણે પોતે પણ નિષ્ફળ ગયા હોઇ એ દોષ અને ભૂલો શોધવાની શરૂઆત આપણાથી કરવી જોઇએ.

શું પ્રજા એવી ગમાર થઇ ગઇ છે કે તે આત્મ નિરીક્ષણ કરી શકતી નથી અને બીજાના અપકૃત્યો અને દુષ્કૃત્યો પ્રત્યે આટલી બધી અભાન છે

□□□

# શ્રાવક ભીમસિંહ માણેક

□ ગુલાબ દેઢિયા

જ્ઞાન સંઘરવાની શરૂઆત સઘળું કંઠસ્થ રાખીને થઈ હતી. જ્યારે લિપિ નહોતી શોધાઈ ત્યારે બધું કંઠોપકંઠ જ્ઞાન ફરતું રહેતું હતું. પછી શિલા, લાકડું, હાથીદાંત, વાંસ, તાડપત્ર, ઝાડની છાલ, માટીની તકતીઓ, તામ્રપત્ર, ચામડું, રેશમ, કાપડ, લિનન, પેપિરસ અને કાગળ પાસે જ્ઞાન સંઘરવાની યાત્રા અટકે છે. આજે માઈક્રો ફિલ્મ, કૉમ્પ્યુટર અને કૅસેટ સુધી એ યાત્રા પહોંચી છે.

અત્યાર સુધી વધુમાં વધુ જ્ઞાન કાગળમાં સંઘરાયું છે. કાગળને તો આપણે દેવ માનવો પડે. માનવ જાત પર કાગળના ઉપકાર અસીમ અનંત છે.

હવે નજીકના ભૂતકાળ સુધી જઈએ. જૈન શ્રુત તાડપત્રની હસ્તપ્રતોમાં સંઘરાતું હતું. મુદ્રણ ચલણમાં આવતાં છાપેલાં પુસ્તકો આવ્યાં. ગુજરાતી ભાષામાં જૈન ધર્મના પુસ્તકો પ્રકાશિત કરી જ્ઞાન પીપાસુઓ પર ઉપકાર કરનાર, સો વર્ષના ગાળામાં મુખ્ય સંસ્થાઓ નીચે મુજબ હતી. અમુક સંસ્થાઓ આજે પણ કાર્યરત છે. અમુક નવી ઉમેરાઈ છે. આ પ્રકાશકો જેમણે પચ્ચીસ કે વધુ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

ગુજરાતીમાં જૈન પુસ્તકો પ્રગટ કરવામાં ભાવનગર અગ્રેસર હતું. જૈન ધર્મ પ્રસારક સભા, બુદ્ધિ-વૃદ્ધિ કર્પૂર ગ્રંથમાલા, જૈન સસ્તી વાચનમાલા, આત્માનંદ જૈન સભા, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા (પ્રથમ બનારસ), જૈન પત્ર, આ બધી સંસ્થાઓ ભાવનગરની છે. પં. હીરાલાલ હંસરાજ-જામનગર, જૈન શ્રેયસ્કર મંડળ - મહેસાણા, જૈન ગ્રંથ પ્રકાશક સમિતિ-અમદાવાદ, સિંધી જૈન ગ્રંથમાલા-અમદાવાદ, ભારતીય વિદ્યાભવન-મુંબઈ, ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝ-વડોદરા, શેઠ દેવચંદ લાલાભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ-સુરત, આગમોદય સમિતિ-સુરત, શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રચારક મંડળ-મુંબઈ, શ્રી આત્માનંદ જૈન ટ્રેક્ટ સોસાયટી-અંબાલા, અગરચંદ ભૈરોદાન શેઠિયા જૈન પારમાર્થિક સંસ્થા-બીકાનેર, શ્રી મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ, એલ.ડી. ઈન્સ્ટીટ્યૂટ-અમદાવાદ.

આ અને એમના જેવી બીજી પ્રકાશન સંસ્થાઓ ધાર્મિક ટ્રસ્ટ જેવી હતી. આર્થિક રીતે સધ્ધર હતી. આજથી સવાસોએક વર્ષ પહેલાં જૈન શ્રુત પ્રસારક ક્ષેત્રમાં એક એકલો માણસ પ્રવેશે છે. અન્ય ધાર્મિક પ્રકાશન સંસ્થાઓમાં બીજા ક્ષેત્રોમાંથી ધન ઉપાર્જન કરીને ફંડ ઊભું કરેલું હતું. જ્યારે ભીમસિંહ માણેકે અગાઉ અગાઉ બે વખત વ્યાપારમાં ખોટ કરી હતી. તેઓ આ ખોટના વ્યવસાયમાં પ્રવેશ્યા અને અખૂટ જ્ઞાનશ્રી લૂંટાવી ગયા. સાચા શ્રાવક બની ગયા. શ્રાવક જેવી માનભરી ઉપાધિ ભીમસિંહ માણેકના નામ સાથે કાયમ રહી.

શ્રાવક ભીમસિંહ માણેકનો જન્મ કચ્છી દશા ઓસવાલ જૈન કુટુંબમાં આજથી દોઢસો વર્ષ પહેલાં થયો હતો. એમનું વતન કચ્છમાં અબડાસામાં ડુમરા અને નારાયણપુર ગામની પાસે આવેલ મંજલ રેલડિયા નામનું નાનકડું ગામ. તે વખતે આ ગામમાં દશા અને વીસા ઓસવાલ જૈન કુટુંબોની ૫૦-૬૦ ઘરની વસતી હતી. અત્યારે મંજલ રેલડિયામાં દશા અને વીસા જ્ઞાતિના એકાદ-બે ઘર સમ ખાવા પૂરતા ખુલ્લાં છે.

સંપાદક અને પ્રકાશક બન્યા પહેલાં ભીમસિંહ અભ્યાસી બન્યા. એમણે સંવત ૧૯૨૧માં મુંદ્રાના કેશવજી નામના શ્રાવકને પ્રાચીન હસ્તલિખિત ગ્રંથો ખરીદવા પૂર્વ પ્રદેશોમાં મોકલ્યો હતો. કેશવજી, ગુજરાત, મારવાડ, કાશી વગેરે પ્રદેશોમાં ફરીને રૂપિયા દસ હજારના જૈન ગ્રંથો ખરીદી એક વર્ષે પાછો ફર્યો હતો. સવાસો વર્ષ પહેલાંના દસ હજાર રૂપિયાને આજને હિસાબે ગણીએ તો કેટલી મોટી રકમ કહેવાય !

આ બધા ગ્રંથોનું ચીવટપૂર્વક અધ્યયન કરીને ભીમસિંહ માણેકે તે પ્રકાશિત કરવાની યોજના ઘડી. તે સમયના મુંબઈના જૈન અગ્રેસર અને શ્રેષ્ઠિ કેશવજી નાયકનો આર્થિક સહયોગ પ્રાપ્ત થતાં ભીમસિંહે ગ્રંથ પ્રકાશનના શ્રીગણેશ કર્યા અને એમને સફળતા પણ મળી.

છવીસ વર્ષ જેટલા ગાળામાં ભીમસિંહ શ્રાવકે ત્રણસો જેટલાં પુસ્તકોનું પ્રકાશન કર્યું હતું. જૈન પુસ્તકોમાં વસંત ઋતુ બેઠી હતી. એમનો આયુષ્યકાળ પંચાવન વર્ષની આસપાસ હોય એમ જણાય છે.

તે સમયમાં ધર્મશાસ્ત્રોના પુસ્તકો છપાય તે માટે બધાનો રાજીપો નહોતો. વિરોધની વચ્ચે ખરી હિંમતથી અને જ્ઞાનપ્રસારની ખરી ધગશથી એમણે જે કાર્ય કર્યું છે તે જોતાં શ્રાવક ભીમસિંહ પ્રત્યે આપણને અહોભાવની લાગણી થાય.

એમની પ્રસ્તાવનાઓમાં વીર નર્મદ જેવી જોસ્સાદાર ભાષાનો રણકો સંભળાય છે. લોકો જ્ઞાન પ્રાપ્ત કરે એ એમની ઊંડે ઊંડેની તીવ્ર ઈચ્છા હતી. તેઓ મશાલચી બન્યા હતા.

શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈએ 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ' પુસ્તકના ત્રીજા પ્રકરણમાં ભીમસિંહ માણેકના કાર્યની પ્રશંસા કરી નીચે મુજબ નોંધ લીધી છે. 'તાડપત્ર પછી લૂગડા પર ને કાગળ પર હાથેથી લખવાની કળા અઢારમા શતક સુધી કાયમ રહી. ઓગણીસમી સદીમાં શિલાછાપનો પ્રચાર થતાં તેમાં થોડા રાસ-ચોપાઈ-પૂજા આદિ છપાયાં. પછી વીસમી સદીમાં મુદ્રણકલાનો વિશેષ આવિષ્કાર થયો ને તે કલાનો આશ્રય લઈ ધર્મપુસ્તકો

છપાવવામાં પહેલ કરનાર કચ્છી બંધુ શા. ભીમશી માણેક હતા. તેમણે એક લાખ રૂપિયાના ખર્ચે 'પ્રકરણ રત્નાકર' ચાર ભાગમાં છાપવાની યોજના કરી. તેનો પ્રથમ ભાગ સંવત ૧૯૩૨ જેઠ સુદ બીજ ને ગુરુવારે 'નિર્ણયસાગર' નામના મુંબઈના પ્રસિદ્ધ મુદ્રાયંત્રમાં છપાવી પ્રસિદ્ધ કર્યો. પ્રસ્તાવનામાં એ પણ જણાવ્યું કે 'એવા વખતમાં (કાલાંતરે લખવાની મહેનતને લીધે ગ્રંથો લખવાનો વ્યાપાર ઓછો થવા લાગ્યો તે સમયમાં) વર્તમાન કાલાશ્રિત યુક્તિપૂર્વક જ્ઞાનરક્ષા અથવા વૃદ્ધિનાં જે જે સાધનો હોય, તેઓનું ગ્રહણ કરીને તેના ઉપયોગ વડે એ શુભ કૃત્ય કરવામાં કાંઈ પણ પ્રમાદ કરવો નહિ. ચાલતા સમયમાં જ્ઞાનવૃદ્ધિનું સર્વોત્કૃષ્ટ સાધન મુદ્રાયંત્રકલા છે. એ કલાનો મૂલ પાયો જો કે યુરોપ દેશમાં અન્ય ધર્મીઓના હાથથી પડયો છે, તો પણ તે સર્વ લોકોને અતિ ઉપયોગી હોવાથી તેનો તિરસ્કાર ન કરતાં, સર્વ જ્ઞાનની વૃદ્ધિની ઈચ્છા કરનારા મનુષ્યોએ અંગીકાર કરવો જોઈએ. હરેક સર્વોપયોગી વસ્તુની ઉત્પત્તિ ગમે ત્યાં થઈ હોય, તો પણ તેને નિષ્પક્ષપાતથી ગ્રહણ કરી લેવી એ નીતિ છે. માટે પુસ્તક મુદ્રિત કરવાની અતિ ઉત્કૃષ્ટ અને સહુથી સહેલી રીતને ન ગ્રહણ કરવાને લીધે જ્ઞાનની ન્યૂનતારૂપ મહાહાની કરી લેવી નહીં પણ જેમ બને તેમ જ્ઞાનની વૃદ્ધિનાં સાધનોને ઉપયોગમાં આણીને તે ઉદ્યોગનો આરંભ, કરવો, તેમાં કાંઈ દોષ નથી પણ મહોટો પુણ્યાનુબંધી પુણ્ય છે. કેમકે સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચાર કરીએ તો એથી જ્ઞાનનો વિનય થાય છે; કારણકે મોટા શ્રમેથી પરોપકાર બુદ્ધિથી પૂર્વાચાર્યોએ જે ગ્રંથો કરેલા છે, તેને અપમાન આપી કોઈને ઉપયોગમાં પણ ન આવે એવી રીતે છાના રાખી મૂકવા કરતાં બીજું વધારે રૂડું કામ કોઈ પણ જણાતું નથી. મારા વિચાર પ્રમાણે તો જે પ્રકારે ગ્રંથો છપાવીને પ્રસિદ્ધ કરવા જોઈએ, જેથી અનેક ભવ્ય જીવો જ્ઞાનને પામે અને જ્ઞાનની વૃદ્ધિ થાય કેમકે એક વખત છપાઈ ગયેલો ગ્રંથ હંમેશાં કાયમ રહે છે; તેનો ઘણા કાલ સુધી વિચ્છેદ થતો નથી. તેમ છતાં જે અલ્પ બુદ્ધિવાળા, અવિચારીઓ એ કૃત્યનો ધિક્કાર કરે છે, તેઓ મૂર્ખ, જ્ઞાનના દ્વેષી અને અજ્ઞાની જાણવા. એવા મનુષ્યોની કાંઈ પણ પરવા ન કરતાં મેં આ પુસ્તક છાપવાનો આરંભ કરીને તેનો પહેલો ભાગ સમાપ્ત કર્યો છે, અને બીજા ત્રણ ભાગ પણ જ્ઞાનીની કૃપાથી કોઈ વિઘ્ન ન પડતાં સમાપ્ત થાઓ તથાસ્તુ.'

સંવત ૧૯૩૨-૩૩-૩૪ અને ૩૭માં 'પ્રકરણ રત્નાકર'ના ચાર ભાગ છપાવી ભીમસિંહે પ્રગટ કર્યા એ સમયે અમુક સાધુઓ અને શ્રાવકોમાં જ્ઞાનની આશતના થવાના ભયે પુસ્તક છપાવવા પ્રત્યે વિરોધ હતો.

શ્રાવક ભીમસિંહ તે સમયે આધુનિક વિચારના ઠર્યા હશે, તેઓ લખે છે, 'હાલના સમયમાં ગ્રંથોનો જીર્ણોદ્ધાર કરવાના જેવાં સાધનો મલી આવે છે તેવાં આગળ કોઈ વખતે પણ નહોતાં. હાલ વિદ્યાભ્યાસ કરીને નવા નવા ગ્રંથોની રચના કરવી તો એક કોરે રહી, પણ છતી શક્તિએ પુરાતન ગ્રંથોની રક્ષા કરવાનો યત્ન નહીં કરીશું તો આપણે જ જ્ઞાનના વિરોધી ઠરીશું. કેમકે જે જેની રક્ષા કરે નહિ તે તેનો વિરોધી અથવા અહિતકર હોય છે, એ સાધારણ નિયમ આપણી ઉપર લાગુ પડશે.'

ભીમસિંહ માણેકની નજર દૂર સુધી પહોંચી હતી. જ્ઞાનનું મૂલ્ય તેઓ સમજતા હતા. શ્રાવકોને જ્ઞાનના પ્રસાર કાર્યમાં જોડાવા તેઓ આહ્વાન આપે છે. પ્રકાશન માટે આર્થિક સહકારની પણ જરૂર છે એ વાત પ્રકરણ રત્નાકર ભાગ-૨ ની પ્રસ્તાવનામાં જણાવે છે, 'શ્રાવક ભાઈઓ, પુરાતન ગ્રંથોનો જીર્ણોદ્ધાર કર્યાથી તે ગ્રંથોનું અવલોકન થશે, વિદ્યાભ્યાસ થશે, રસ ઉત્પન્ન થઈને જ્ઞાન સંપાદન કરવાની અંતઃકરણમાં ઉત્કંઠા થશે. શુદ્ધ ધર્મ ઉપર પ્રીતિ વધશે, અભિરુચિ એટલે પુનઃ પુનઃ જ્ઞાન મેળવવાની ઈચ્છા થશે, અને ઉદ્યોગ પ્રમુખ સર્વ જ્ઞાનનાં સાધનો તો સહજ પ્રાપ્ત થશે. ઉદ્યોગ એ સર્વ પદાર્થ મેળવવાનું અથવા વૃદ્ધિ કરવાનું મુખ્ય સાધન છે; પરંતુ અમસ્તા ઉદ્યમથી જ કાંઈ થઈ શકતું નથી તેની સાથે દ્રવ્યની પણ સહાયતા જોઈએ છે. દ્રવ્ય જે છે તે સર્વોપયોગી પદાર્થ છે. માટે દ્રવ્યવાન પુરુષોએ અવશ્ય એ કામ ઉપર લક્ષ દેવું જોઈએ. કેમકે તેઓની એ ફરજ છે કે જેમ બને તેમ જ્ઞાનની વૃદ્ધિ કરવી જોઈએ. તે આ પ્રમાણે - સારા સારા પંડિતોની મારફતે પ્રાચીન ગ્રંથો સુધારી લખાવી અથવા છપાવીને પ્રસિદ્ધ કરવા. તેનો ભાવિક લોકોને અભ્યાસ કરાવવો, ઈત્યાદિક શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે સર્વ પ્રકારે જ્ઞાનની વૃદ્ધિ કરવી. એવા હેતુથી જ મેં આ ગ્રંથો છપાવવાનું કામ હાથમાં લીધું છે.'

'શ્રી જૈન કથા રત્નકોષ'ના પંદર ભાગ પ્રસિદ્ધ કરવા હતા. ભીમસિંહ તેમાંથી પ્રથમ આઠ ભાગ પ્રસિદ્ધ કરી શકયા. પહેલો ભાગ સને ૧૮૯૦માં પ્રગટ થયો છે. પૈસાની ખેંચ પડે છે. પોતાની એ વાત દુઃખ સાથે જાહેર પણ કરે છે છતાં શ્રાવક ભીમસિંહ હિંમત નથી હારતા. એ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે, 'મહારું લખવાનું તથા છાપવાનું કામ બંધ રાખીને તેમની પાસે જઈ વિનંતી કરીને સંખ્યાબંધ પુસ્તકોની મદદ લઈને પછી આ પુસ્તકના ચોથા તથા પાંચમા ભાગમાં સમસ્ત ઉદારતા દર્શાવનારા મહાન જનોનાં નામ દાખલ કરી મહારા મનને આનંદ પમાડીશ.'

પોતાના મનને આનંદ પમાડવામાં આ સમજુ માણસને ભારે કષ્ટ પડે છે. કારણકે પુસ્તક છપાતું હતું ત્યાર સુધીમાં ૧૭૫ જેટલા જ આગોતરા ગ્રાહક થયા હતા.

આશાવાદી ભીમસિંહ બે હજાર પ્રત છપાવે છે પણ એમાં નામ પ્રગટ નથી કર્યા કારણ નામ આવ્યાં હોય તો કરે ને ? ત્યારે કલમને મજબૂત કરી ભારે હૈયે લખે છે, 'માત્ર મહારી શ્રી જિનધર્મ સંબંધિ પુસ્તકોનો ઉદ્ધાર થવાની અભિલાષા પૂર્ણ થવા માટે એ પુસ્તકમાં જો પણ મહારી ગરીબ અવસ્થાને લીધે મનેં ઘણું જ સંકટ વેઠવું પડશે તે સંબંધિ દરકાર ન કરતાં પ્રથમ લખેલા છ ભાગ મધ્યે ૨૪૦૦ પૃષ્ઠ છાપવાની ઈચ્છા છે.'

શ્રાવક ભીમસિંહ કથા રત્નકોષમાં જૈન ધર્મની અનુપમ વાર્તાઓથી શોભતા પંદર ભાગ પ્રગટ કરવાની ઈચ્છા હતી. જે પૂર્ણ ન થઈ. આઠ ભાગ પ્રગટ કરી શક્યા. એ વાર્તાઓ કેવી રસિક છે એનું માત્ર એક જ નાનકડું ઉદાહરણ લઈએ.

'રાણી દાસીને પૂછે છે, 'એક સ્થળે એક હાથનું મંદિર છે. જેમાં ચાર હાથની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. આ કઈ રીતે બને ?' દાસીને જવાબ નથી સૂઝતો, ત્યારે રાણી હસીને કહે છે, 'ચાર હાથની પ્રતિમા એટલે ચાર ભુજાવાળી પ્રતિમા.'

તેરમાંથી અઢારમાં સૈકામાં થઈ ગયેલા સાધુ ભગવંતો રચિત સજઝાયોનો સંગ્રહ 'સજઝાયમાલા' ભાગ-૧ ભીમસિંહ માણેક પ્રગટ કરે છે. આ સજઝાયો વાંચવાથી શો લાભ થશે તે પણ તેઓ આ શબ્દોમાં જણાવે છે, 'આ સજઝાયો વાંચતાં આપણી બુદ્ધિને ખીલવે છે. મન શાંતિને પામે છે. સાથે મહાપુરુષોના ચારિત્રની ઘટના બતાવે છે. આપણી પૂર્વની જાહોજલાલીનું ભાન કરાવે છે. મનોવૃત્તિને દબાવે છે. ધર્મનું સ્પષ્ટીકરણ કરાવે છે. તેમજ વૈરાગ્યવૃત્તિ તરફ દોરવે છે.' ૫૨૧ સજઝાયોનો અભ્યાસ કરવા વાચકને આવા સરળ શબ્દોમાં ભીમસિંહ સલાહ આપે છે.

એમણે પુસ્તકો શાસ્ત્રી અક્ષરો (દેવનાગરી)માં છપાવ્યાં છે. તેનો આશય બતાવતાં લખે છે. 'સાધુ-સાધ્વી તેમજ મારવાડ તથા દક્ષિણ વગેરે દેશોમાં નિવાસ કરનાર અમારા સાધર્મિ ભાઈઓ તેમજ બાઈઓને શાસ્ત્રી અક્ષરોના ગ્રંથો વાંચવાનો પરિચય હોય છે.'

આ પ્રકાશન પ્રવૃત્તિ પાછળ ભીમસિંહ માણેકની નેમ એક જ હતી કે સંસ્કૃત કે પ્રાકૃત ન જાણનાર જૈનો પણ આ જ્ઞાનનું પાન કરે અને આત્મ કલ્યાણ કરે.

ભીમસિંહ માણેકે પ્રકાશિત કરેલા પુસ્તકોમાં ભારોભાર વૈવિધ્ય છે. કલ્પસૂત્ર-બારસાસૂત્ર (મૂળ), સૂત્રકૃતાંગ સૂત્ર (મૂળ) ટીકા સમેત ભાષાંતર, પ્રકરણ રત્નાકર ભાગ ૪, નવ સ્મરણ-મૂળ, જયશેખરસુરિ કૃત જૈન કુમારસંભવ, પ્રાકૃત વ્યાકરણ- ઢૂંઢીકાવૃત્તિ, જીવવિચાર સાર્થ, દેવવંદનમાલા, નવતત્ત્વ પ્રશ્નોત્તર, છવીસ જેટલાં વિવિધ રાસનાં પુસ્તક, સલોકા સંગ્રહ, પાંડવ ચરિત્ર, પંચ પ્રતિક્રમણસૂત્ર સાર્થ, જૈન કથારત્નકોષ ભાગ ૮, સામુદ્રિક શાસ્ત્ર ભાષાંતર, અઢી દ્વીપના નકશાની હકીકતનું સચિત્ર પુસ્તક જેવાં ત્રણસોએક પુસ્તકો પ્રગટ કરી ભીમસિંહ માણેકે જૈન સમાજ પર મોટો ઉપકાર કાયમ કર્યો છે.

વીર નર્મદ જેવી વાણીમાં શ્રાવક ભીમસિંહ માણેક કહેતા, 'જયાં સુધી મારું શરીર વિદ્યમાન રહેશે ત્યાં સુધી હું જૈન ગ્રંથો છાપ્યા સિવાય બીજો કોઈ ઉદ્યોગ કરનાર નથી.' જ્ઞાનના ફેલાવા માટે ખુશીથી ખુવાર થવામાં ભીમસિંહે શ્રાવકકર્તવ્ય માન્યું.

જૈન ધર્મના પુસ્તકો અને ઉપકરણોની મુંબઈની જાણીતી પેઢી 'મેઘરાજ પુસ્તક ભંડાર'ના કુટુંબીજન શ્રાવક ભીમસિંહ માણેકે જ્ઞાન પ્રસારનું કાર્ય કરતાં કરતાં સંવત ૧૯૪૭ના જેઠ વદ પાંચમ ને ગુરુવારે દેહ છોડયો.

તેઓ નિઃસંતાન હતા, પરંતુ ત્રણસો જેટલા માનસપુત્રોના જનક પોતાની જયારે આંખ મીંચાતી હશે ત્યારે પોતાના પુસ્તક પરિવારની લીલીવાડી જોઈ સંતોષ અનુભવ્યો હશે. એ ત્રણસો દીવડાની જયોત ટમટમતી હશે.

શ્રાવક ભીમસિંહ માણેકને હૃદયપૂર્વક વંદન હોજો !

# રમતગમતમાં 'લવ' પ્રેમ કે શૂન્ય ?

❑ પ્રવીણચંન્દ્ર જી. રૂપારેલ

રમતગમતને ક્ષેત્રે ભારત હવે આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં પણ કંઇક નામ ધરાવતું થયું છે. છતાં એકંદરે આ ક્ષેત્રે આપણે ત્યાં સામાન્ય પ્રજાજન હજુ એમાં જોઇએ તેટલો રસ લેતો નથી.

જે છે તેમાં આપણે ત્યાં સૌથી વધુ રસ ક્રિકેટમાં લેવાય છે. હોકીમાં આપણી સારી એવી પ્રગતિ છતાં સામાન્યજનને તેમાં ખાસ રસ નથી. ટેનિસમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી રસ જાગતો જાય છે ખરો, જયારે ટેબલટેનિસ (પિંગપોંગ)તથા બેડમિંટનમાં શાળાજીવનથી રસ લેવાય છે પણ પછી બહુ ઓછામાં એ રસ જળવાઇ છે.

આ બધી રમતો આપણે ત્યાં પરદેશથી થયેલી આયાત છે. ટેનિસ, ટેબલટેનિસ ને બેડમિંટન, લગભગ સરખા પ્રકારની રમતો કહી શકાય. આમાં રમતા બે પક્ષોમાં, સામી બાજુ જેટલીવાર ચૂકી જાય, ભૂલ કરે તેટલાં પોંઇટ આ બાજુ રમનારને મળે છે. જે બાજુ અમુક નિશ્ચિત સંખ્યાના પોંઇટ પૂરા થાય તે બાજુ વિજય ગણાય છે.

આ રમતો દરમિયાન બોલાતું ભલે કોઇપણ ભાષામાં હોય પણ આવા પોંઇટની ગણતરી તો સામાન્ય રીતે અંગ્રેજી સંખ્યામાં જ થતી હોય છે. જયારે જયારે પોંઇટ થાય ત્યારે બંને પક્ષના પોંઇટ સાથે જ બોલીને ગણતરી ચાલતી હોય છે. 'ફોર-ટુ' એટલે રમનાર પક્ષના ચાર પોંઇટ અને સામા પક્ષના બે પોંઇટ.

રમતના પ્રારંભમાં સ્વાભાવિક રીતે એક જ પક્ષે પોંઇટ શરૂ થાય ; એટલે ત્યારે બીજે પક્ષે શૂન્ય પોંઇટ હોય આમ હોય ત્યારે ગણતરીમાં શૂન્ય માટે 'લવ' બોલાય છે. જેમકે 'વન-લવ'! રમનાર પક્ષે ત્રણ પોંઇટ થયા હોય ને સામે પક્ષે શૂન્ય પોંઇટ હોય તો 'થ્રી-લવ' બોલાય છે.

અંગ્રેજીમાં શૂન્ય માટે 'ઝિરો,' 'સાઇફર' કે વ્યવહારમાં બોલાતા નોટ કે 'ઓ' શબ્દો પણ છે જ. છતાં આ રમતોમાં એ નથી બોલાતા. રમતનો પ્રારંભ સામાન્ય રીતે બંને પક્ષે શૂન્ય પોંઇટ હોઇ 'લવ ઓલ' બોલીને થાય છે. કોઇ એક પક્ષ સામા પક્ષને એક પણ પોંઇટ આપ્યા વિના જીતી જાય ત્યારે આવા જ અર્થમાં એ 'લવ- ગેઇમ' કહેવાય છે.

આ બધું ગુજરાતીમાં બોલવું હોય તો શું બોલવું ? 'ટુ-લવ' હોય તો ? 'બે-શૂન્ય ?' કે 'બેને શૂન્ય'! યા, 'બે ને મીંડું' ! એમ બોલી શકાય ખરું ? પણ આ રમતોમાં એ ફાવતું આવે એવું લાગતું નથી. કયાં 'શૂન્ય' !

'લવ' શબ્દનો જ અનુવાદ કરવો હોય તો આપણે એનો જે પ્રચલિત અર્થ જાણીએ છીએ તે રીતે તો એને માટે 'પ્રેમ' (કે પ્યાર, સ્નેહ, વહાલ ) બોલવું પડે ને ! એ રીતે 'ટુ-લવ' એમ બોલવું હોય તો 'બે ને પ્રેમ' કે 'બે ને વહાલ' એવું કંઇક બોલવું પડે ને 'લવગેઇમ'નું ગુજરાતી ? 'પ્રેમની રમત' કે 'પ્રેમ- રમત ' ? કેવું વિચિત્ર લાગે ?

ત્યારે અંગ્રેજીમાં યે 'શૂન્ય'ના અર્થમાં આવો પ્રેમના અર્થનો 'લવ' શબ્દ શી રીતે વપરાતો થયો હશે. એનું આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. એનો કોઇ ઉદેશ ખરો ? પ્રેમ શૂન્ય છે ? શૂન્ય જેવો છે ? ખાલી છે ? એવું કંઇ ખરું? જેને પક્ષે એક્કે પોંઇટ જમા નથી થયો. તેને માટે શૂન્ય કહેવું એ અશિષ્ટ લાગે, તોછડું લાગે માટે 'પ્રેમ'-લવ' કહેવું એવું કંઇ ખરું ?

હકીતમાં અંગ્રેજીમાં 'પ્રેમ'ના અર્થમાં વપરાતા 'લવ' (LOVE) જોડે, આવી રમતોમાં 'શૂન્ય' માટે વપરાતા 'લવ' શબ્દને કંઇ જ- સંબંધ નથી ! હા, બંનેની જોડણી સરખી જ LOVE છે, એ ખરું ! શબ્દકોશો તો માત્ર આ શબ્દના એવા અર્થનો ઉલ્લેખ કરીને જ અટકી જાય છે.

પણ એને માટે જે ખુલાસો મળે છે તે જાણવો અત્યંત રસપ્રદ થઇ પડે એવું છે.

વ્યવહારમાં 'શૂન્ય' ના અર્થમાં માત્ર 'શૂન્ય' નથી બોલાતું. તેને માટે 'શૂન્ય' નો અર્થ સૂચવાય એવાં, બીજા અર્થનાં નામો પણ બોલાતાં હોય છે. ખાસ કરીને શાળાના બાળકોમાં, ગુણાંકમાં શૂન્ય મળે તો 'ભમરડો' મળ્યો બોલાય છે, પારસી વિદ્યાર્થીઓમાં એ માટે 'પપેટો' (બટાટું) બોલાય છે, મરાઠીમાં એ માટે ભોપળા (કોળું એટલે કે મોટું મીંડું) બોલાય છે, હિંદીમાં કયારેક એને માટે 'લડુ' ને કયારેક 'અંડા' પણ બોલાય છે, અંગ્રેજીમાં બાળકો આવા મીંડાને ગુઝ એંગ કે 'ડક્સ એગ' (હંસ કે બતકનું ઇંડું) નામે ઓળખે છે.

આ બધાં જ નામવાળી વસ્તુ એકંદરે ગોળ કે લંબગોળ આકાર જેવી હોવાથી શૂન્ય એટલે કે 'મીંડાં' ના આકારને મળતી હોવાથી, એમના સામ્યને અનુસરીને જ આમ એ નામો આડકતરી રીતે મીંડા માટે વપરાતાં થયાં છે.

અંગ્રેજીમાં પશ્ચિમી ભાષાઓમાં, મીંડું મોટે ભાગે ઊભા લંબગોળ આલહમાં લખાતું હોય છે એટલે આકારની દષ્ટિએ પણ એ ઇંડાને ઠીકઠીક મળતું આવે છે ; એટલે મીંડાં માટે આમ ઇંડાનું નામ વપરાય એ સમજી શકાય એવું છે.

પણ રમતગમતમાં 'શૂન્ય' માટે વપરાતા એ 'લવ' શબ્દને મૂળ તો ફ્રેન્ચ ભાષા જોડે સંબંધ છે. જો કે માનિસિક અભિગમ તો ' શૂન્ય' ના આકારને મળતા આવતા 'ઇંડાં' પ્રત્યેનો જ છે.

ફ્રેન્ચ ભાષામાં ઇંડા માટે LOEUF શબ્દ છે. એનો ઉચ્ચાર કંઇક 'લ (અ-ઉ) ફ' જેવો થાય છે. વ્યવહારું લોકબોલી (સ્લેંગ)માં, ફ્રેન્ચ ભાષામાં પણ શૂન્ય માટે ઇંડાના અર્થનો આ LOEUF શબ્દ વપરાતો રહ્યો છે ઉચ્ચારમાં થોડો થોડો બદલાતો રહેતો અંતે એ અંગ્રેજીમાં પણ શૂન્યના અર્થમાં LOEUF રૂપે સ્થિર થયો છે. ને એ જ હવે રમતગમતમાં શૂન્યના અર્થમાં 'લવ' રૂપે પ્રચાલિત થઇ ગયો છે.

શબ્દાર્થનું આ 'ઇંડું' રમતગમતની વ્યવહારુ ભાષામાં આમ 'પ્રેમ' પૂર્ણ સ્થાન પામ્યું છે.

રમતગમતમાં સામે પક્ષે 'શૂન્ય' હોવા છતાં એનો ઉલ્લેખ 'પ્રેમ ' થી કરવામાં આમેય ખેલદિલી તો વરતાય જ ને !

## સાભાર સ્વીકાર

❑ **જિનદર્શન અને મનોદૈહિક રોગો** ✱ લેખક : શ્રી નેમચંદ ગાલા ✱ પૃષ્ઠ-૧૩૪ ✱ મૂલ્ય રૂા. ૪૫/- ✱ પ્રકાશક : શ્રીમતી જયશ્રી કાંતિલાલ શાહ, ૫૬૩, ડૉ. ઈ. મોઝીઝ રોડ, જેકબ સર્કલ, સાત રસ્તા, મુંબઈ-૪૦૦ ૦૧૧.

❑ **જયભિખ્ખુ : વ્યક્તિત્વ અને વાઙ્મય** ✱ લેખક : શ્રી નટુભાઈ ઠક્કર ✱ પૃષ્ઠ-૪૩૨ ✱ મૂલ્ય : રૂા. ૯૦/- ✱ પ્રકાશક : શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## આનંદઘનજીનાં સ્તવનો-ભક્તિ સંગીત અને પ્રવચનનો કાર્યક્રમ

સંઘના ઉપક્રમે આનંદઘનજીનાં સ્તવનોનો ભક્તિ સંગીત અને પ્રવચનનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજવામાં આવ્યો છે.

**ભક્તિ સંગીત : શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠ**

**પ્રવચન : ડૉ. રમણલાલ ચી. શાહ**

**દિવસ : બુધ, ગુરુ, શુક્ર તા. ૧૧,૧૨,૧૩, માર્ચ, ૧૯૯૨**

**સમય : બપોરના ૩-૩૦ થી ૪-૩૦**

**સ્થળ : પરમાનંદ કાપડિયા સભાગૃહ**

૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.

પ્રત્યેક દિવસે પસંદ કરેલાં બે ત્રણ સ્તવનનું ભક્તિ સંગીત સહિત ગાન થશે અને તેનું રહસ્ય સમજાવવામાં આવશે. શ્રોતાઓને સ્તવનની નકલ સભામાં આપવામાં આવશે.

સર્વેને પધારવા વિનંતી છે.

**રમાબહેન વોરા**
સંયોજક

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

# એક જૈન મુનિની અનોખી સ્મરણ-કથા

❑ રમણીક સોમેશ્વર

"મારા સાધુ જીવનનાં સંસ્મરણો" એ જૈન મુનિ શ્રી કલ્યાણચંદ્રજીની (૧૮૯૬-૧૯૭૧) એક અનોખી સ્મણકથા છે. અહીં એક બહુપરિમાણી વ્યક્તિ-પ્રતિભાના દર્શન થાય છે. વિશાળ દષ્ટિકોણ ધરાવતા સત્યાન્વેષી, સ્પષ્ટવકતા, સદાય ઉત્સાહ ધરાવતા, નિરાડંબર, નિખાલસ, નિર્ભીક અને સમાજસેવી સાધુજીવનનો અહીં આપણને પરિચય મળે છે. સાધુસમાજમાં ભાગ્યે જ જોવા મળે એવો રાષ્ટ્રભાવ અને સમાજભાવ પણ અહીં મૂર્તિમંત થાય છે. આ સંસ્મરણો વાંચતાં એક અભ્યાસનિષ્ઠ, વિદ્વાન મુનિની છબિ આપણા માનસપટ પર અંક્તિ થતી રહે છે. અને છતાં વિદ્વતાનો કશો ભાર અહીં વરતાતો નથી. આ સંસ્મરણોની ભાષા- શૈલી માણવા જેવી છે. લેખક જાણે માંડીને વાત કરવા બેઠા હોય તેવી સરળ-સહજ ભાષામાં, અનેક કહેવતો અને લોકોક્તિઓ દ્વારા ગ્રામ્ય પરિવેશને જીવંત કરતી પ્રવાહી શૈલીમાં આખી વાત કહેવાઇ છે. અને એટલે જાણે મુનિ કલ્યાણચંદ્રજીને સાંભળતા હોઇએ એવો ભાવ પુસ્તકના પૃષ્ઠોમાંથી પસાર થતાં અનુભવાય છે.

પુસ્તકમાં મુખ્યત્વે મુનિ કલ્યાણચંદ્રજીના સાધુ જીવનનાં સંસ્મરણો નિરૂપાયાં છે. આ સંસ્મરણોની આસપાસ તત્કાલીન સમાજનું ચિત્ર, જૈનોના શ્રાવક સમાજમાં તેમજ સાધુસમાજમાં પ્રવેશલું રૂઢિ-દાસ્ય, કુદરતી આફતો, ગ્રામ્ય જીવનનો ધબકાર વગેરે અનેક વાતોના તાણાવાણા અહીં ગૂંથાતા ચાલ્યા છે. કેટલાંક અનોખા પાત્રોનું ચિત્રણ તેમજ વિવિધ પ્રસંગોની ગૂંથણીથી સુંદર રીતે નિરૂપાયેલી આ સ્મરણકથા કોઇ નવલકથાની જેમ વાચકોને જકડી રાખે છે.

બચપણથી જ કલ્યાણચંદ્ર કંઇક વિશિષ્ટ વ્યકિત્વ ધરાવે છે. એમનું બચપણ તોફાનમસ્તીમાં વીત્યું છે. નિર્ભીકતા અને સાહસવૃત્તિ એમની બાળરમતોમાં દેખાય છે. અન્ય બાળકોની જેમ વડીલોને અનુસરી ધર્મસ્થાનોમાં જવું કે ઘરે વહોરવા આવતા સાધુઓને માન આપવું એ આ બાળકને પંસદ નથી. તેઓ પોતે બચપણ વિશે લખે છે. 'વાસ્તવિક સત્ય તો એ છે કે હું બડો આઝાદ અને તોફાની હતો. અને આશ્ચર્યની વાત એ છે કે આ તોફાની અને આઝાદ બાળક નવ વર્ષની કાચી વયે ગુરુ રત્નચંદ્રજી મહારાજ તરફ આકર્ષાય છે અને એ કુમળી વયે એનામાં અચાનક સાધુ થવાના કોડ જાગે છે. આ એક અદ્દભૂત યોગાનુયોગ છે. પાછી આ બાળકની દઢતા પણ કેવી છે ! અનેક પ્રકારની લાલચો, મારાઝૂડ, ધાકધમકી કશું જ એને સાધુ થવાના નિર્ણયમાંથી ચળાવી શક્તું નથી. હા, એમાં માતૃ-સંસ્કારનું બળ પણ મોટું છે. પુસ્તકમાં નિરૂપાયેલ કલ્યાણચંદ્રજીની ધર્મનિષ્ઠ માતાનું ઉદાત્ત વ્યક્તિત્વ ધ્યાનાકર્ષક છે.

જૈન સાધુ તરીકે દીક્ષા લઇ જૈન સમાજમાં પૂજયભાવ પ્રાપ્ત કરનાર આ મુનિ કંઇક જુદી જ માટીથી ઘડાયા છે. જુદે જુદે સ્થળે ચાતુર્માસ કરવા નિમિત્તે તેઓ અનેક પ્રદેશો ખૂંદી વળ્યા છે અને એક જાગૃત પ્રહરીની જેમ તત્કાલીન સમાજ અને પરિસ્થતિનો કયાસ મેળવતા આવ્યા છે. નિર્ભીકતા અને સ્પષ્ટવકતા પણું આ અનુભવ સમૃધ્ધ સાધુના પ્રમુખ લક્ષણો છે. તેઓ કહે છે. 'પોતાના મનથી સત્ય સમજાયા પછી તેને ગોપવવામાં હું પાપ સમજું છું અને એટલે જ જયાં જયાં સત્ય સમજાયું ત્યાં ત્યાં એ કડવું લાગે તો પણ સત્ય કહેતાં તેઓ અચકાયા નથી. એને કારણે એમને ઘણીય વાર ખટપટોના ભોગ બનવું પડયું છે અને અનેક પ્રકારના વિરોધોનો પણ સામનો કરવો પડયો છે. પણ અહીં 'ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું ના ન્યાયે તેઓ સતત ઝઝૂમતા રહ્યાં છે. પોતાની હૃદય-વ્યથા વ્યક્ત કરતાં એક સ્થળે તેઓ લખે છે. ' આજની પરિસ્થતિથી ભાગ્યે જ કોઇ અજ્ઞાત હશે. પરંતુ શાસનની વિડંબનાના ભયે કોઇ પણ કંઇ બોલી કે લખી શકતા નથી. સાધુસમાજમાં ગચ્છેગચ્છમાં સ્થાનકવાસી કે દેરાવાસી સમાજમાં આપસ-આપસમાં કદાગ્રહ અને અહંતા ભારોભાર પોષાઇ રહેલ છે. એકબીજાથી શ્રેષ્ઠ કહેવડાવવા ખાતર એકબીજા પર સાચા વા જૂઠા આક્ષેપો મૂકી શાસનને હાનિ પહોંચે એમ કરતાં અચકાતા નથી. ગૃહસ્થ સમાજમાંથી દિનપ્રતિદિન જ્ઞાનની હાની થતી જાય છે. ધર્મની સાચી જિજ્ઞાસા સરતી જાય છે. આવી પરિસ્થતિ જિનેશ્વરદેવ શ્રી મહાવીરસ્વામીના શાસનની ચાલે છે. એનાથી જો જાગૃત થઇ સાચી શાસ્ત્રસંમત દોરવણી સાધુસમાજ આપતો થાય અને શ્રાવકસમાજ સાચી દોરવણીને ઝીલીને જો શાસનની સેવા કરે તો જ ધર્મનો વિકાસ થવા સંભવ છે'

આવા જાગૃતિના ભાવ સાથે હૃદયની વિશાળતાનો મહિમા તેઓ હંમેશા ગાતા આવ્યા છે. અને ઋગ્વેદના પેલા સૂત્રની જેમ 'आना भद्रा ः कृतवो यन्तु विश्वत :' દરેક દિશાએથી તેઓ શુભ વિચારોને આવકારે છે. પોતાના આ દષ્ટિવિકાસનો યશ તેઓ એમના ગુરુને આપે છે અને કહે છે. 'મારા ગુરુદેવ મને કોઇ પણ ધર્મના પુસ્તક વાંચવાની મનાઇ ન કરતા. આ કારણથી મારી દષ્ટિ વિકાસ પામતી ગઇ અને પ્રત્યેક ધર્મ પ્રત્યે હું સદ્દભાવ ધરાવતો થયો' એમની વિશાળ ધર્મભાવના અને માનવભાવનાનાં ઉદાહરણો પુસ્તકમાં અનેક જગ્યાએ જોવા મળે છે.

મુનિ કલ્યાણચંદ્રજીને રૂઢિદાસ્ય ગમતું નથી નવા વિચારોને તેઓ હંમેશાં આવકારે છે. સાથે સાથે તેઓ એ પણ જાણે છે કે સમાજ તો જુના વિચારો અને જુની પ્રણાલિકાઓથી ટેવાયેલો છે. અને નવા વિચારોને એમ જલ્દીથી સ્વીકારી શકે તેમ નથી. છતાં સમયની માગ પ્રમાણે નવા વિચારોને આવકારવા અનિવાર્ય છે. તેથી જ શિક્ષણ, પુસ્તકાલયપ્રવૃતિ, યુવાપ્રવૃતિ, આ બધામાં તેઓ સતત પરોવાયેલા રહે છે. દરેક બાબતમાં એમના વિચાર મૌલિક છે અને એમના પ્રગતિશીલ વિચારોને કારણે સમાજના સંકુચિત વલણો સામે એમને હંમેશાં ટક્કર લેવી પડે છે.

સમાજના વિકાસ માટે તેઓ એકતા પર ભાર મૂકે છે અને સૌને પોતાપોતાના અંગત વિચારો અને મતભેદો ભૂલી જઇ સમાજમાં પેસી ગયેલા અનિચ્છનીય સડાઓને નાબૂદ કરવા માટે કમર કસવા હાકલ કરે છે. શિક્ષણ એમનો પ્રમુખ રસ છે. એટલે જ શિક્ષણ માટે તેઓ સતત મથતા રહ્યાં છે. માડવી (કચ્છ)માં જૈન સંસ્કૃત પાઠશાળાની સ્થાપના માટે તેઓ પૂરી જહેમત ઉઠાવે છે. પુસ્તકાલયો અને યુવામંડળો માટે પણ તેઓ પૂરી સજાગતાથી સતત પ્રવૃત્ત રહે છે. આગળ જતાં એમની મહેનત અને સૂઝથી સોનગઢમાં સ્થાપાયેલા શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમમાં તેઓ છાત્રોના શિક્ષણ પરત્વે વિશેષ ધ્યાન આપે છે.

તન અને મન બંનેની કેળવણીને તેઓ એક સરખું મહત્વ આપે છે. પોતાના વિશાળ અનુભવને આધારે તેઓ કહે છે કે શિક્ષણસંસ્થા માટે ખેતી અને ગૌધન અતિ આવશ્યક છે. વિદ્યાર્થીઓને શુધ્ધ ખાન- પાન મળે, તેઓ ખેતીવિષયક સામાન્ય જ્ઞાન મેળવે. સંસ્થા આત્મનિર્ભર રહી શકે અને ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં આજના સમયમાં જયારે ખેતીને અગ્રસ્થાન આપવું આવશ્યક છે ત્યારે ખેતી માટે વિદ્યાર્થીઓમાં સદ્દભાવ ઊભો થાય એ માટે પણ શિક્ષણ સંસ્થા માટે ખેતી અનિવાર્ય છે. વળી શિક્ષણ સંસ્થા આર્થિક રીતે પંગભર હોવી જોઇએ એ અંગેના પોતાના વિચારો પણ તેઓ સ્પષ્ટપણે વ્યકત કરે છે તદ્દઉપરાંત રોજગારલક્ષી કેળવણીની વાત પણ તેઓ એ સમયમાં બહુ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. એક સ્થળે તેઓ લખે છે, 'આજે તો સારા સારા ઉદ્યોગોની તાલીમ સંસ્થાઓમાં ફરજિયાત દાખલ કરવી જોઇએ. સંસ્થાની બહાર નીકળ્યા પછી કોઇ પણ વિદ્યાર્થી રોટી મેળવવાની ફિકરમાં ગોથાં ન ખાય અને કોઇના ઉપકાર વિના પોતાનું ગુજરાન સહેલાઇથી ચલાવતો જાઇ જાય એવો એને બનાવવાની આજે પહેલી જરૂર છે.

પુસ્તકમાં નિરૂપાયેલ અનેક પ્રસંગો દ્વારા મુનિ શ્રી કલ્યાણચંદ્રજીની સંવેદશીલતા પણ પ્રગટ થતી રહે છે. એમાં પણ પ્લેગ અને છપ્પનિયા દુષ્કાળના ચિત્રો હૃદયદ્રાવક છે. પ્લેગના રોગથી પીડાતા લોકોની વેદનાનું વર્ણન ભાવાદ્ર શૈલીમાં કરવામાં આવ્યું છે. સાથે સાથે મુનિશ્રીનું ચિંતન પણ ચાલે છે. પ્લેગના સમયે લોકોમાં આતંક ફેલાયો જ હતો પરંતુ સંસારને અસાર સમજી વિરકત થયેલા સાધુમહાત્માઓ પણ પ્લેગની છાયાથી દૂર ભાગતા. આ વાતનું વર્ણન કરતાં તેઓ લખે છે. 'ખરી રીતે સાધુમહાત્માઓ પણ આવા સમયમાં સાધુતા જાળવી શકતા ન હતા. એવો પણ આફતમાં આવી પડેલાને આશ્વાસન સુધ્ધા પણ આપી શકતા ન હતા. અમે પણ રોગ વિહોણા ગામોમાં જ ફરતા રોગવાળા ગામ પાસેથી પસાર પણ થતા ન હતા. છપ્પનિયા દુષ્કાળના

વર્ણનમાં લોકોની પીડા સાથે ક્યાંક લોકોની ખુમારીનાં દર્શન થતાં રહે છે. એકંદરે આવી ઘટનાઓ સહૃદય સાધુના હૃદયમાં વધુને વધુ કરુણાભાવ જન્માવે છે. અને લોકોની સેવા કરવી એ જ સાચા સાધુનો ધર્મ છે એવો ભાવ એમના હૃદયમાં દૃઢ થતો જાય છે. લોકોને પણ તેઓ સમજાવતા રહે છે કે માનવસેવાના કાર્યોમાં દ્રવ્યનો ઉપયોગ કરવો એ આજના સમયની તાતી આવશ્યકતા છે. મુનિશ્રીના નિર્ભેળ વ્યક્તિત્વનો લોકો પર અજબ પ્રભાવ છે. આ પ્રભાવના દૃષ્ટાંતરૂપ અનેક પ્રસંગો આ સ્મરણકથાનાં પૃષ્ઠો પર જોવા મળે છે. ચાતુર્માસના પોતાના વ્યાખ્યાનો દરમ્યાન તેઓ લોકોજાગૃતિનું કામ કરતાં રહે છે એમના સત્યનિષ્ઠ વ્યાખ્યાનોની અસરથી ક્યારેક વંથળી જેવા ગામમાં લોકો વ્યસનરહિત થાય છે અને હોટલો સુદ્ધાંને તિલાંજલિ આપે છે, તો એમના ઉપદેશની અસરથી ચિનુભા જેવા અફીણના ભારે બંધાણી ગરાસિયા અફીણનો ત્યાગ કરે છે આવા અનેક પ્રસંગો અહીં નિરૂપાયા છે.

આ પુસ્તકમાં નિરૂપાયેલા કેટલાંક વ્યક્તિચિત્રો આપણું વિશેષ ધ્યાન ખેંચે છે. પોતાના જીવનમાં ઊંડી છાપ મૂકી ગયેલી કેટલીક વ્યક્તિઓનું શ્રી કલ્યાણચંદ્રજીએ સુરેખ ભાષામાં તાદશ ચિત્રાંકન કર્યું છે. એમાં પવિત્રતાની અમીટ છાપ મૂકી જતા સાધુમહાત્માઓ કલ્યાણચંદ્રજીના ગુરુ, દાદગુરુ તેમજ ચારિત્રવિજયજી મહારાજ જેવા વ્યક્તિ વિશેષના ચરિત્રો તો અનિવાર્ય પણે આવે જ છે પરંતુ સાથે સાથે અન્ય કેટલાંક પાત્રોનું પણ તાદશ નિરૂપણ અહીં થયું છે. એમાં જેમના તરફથી એમને અથાગ વહાલ મળ્યું છે અને જેમને તેઓ માતૃસ્વરૂપ સમજે છે એવાં જીવીમાનું રેખાચિત્ર ધ્યાનાકર્ષક છે. તો વેદાંત રસિયા ખોજા કુટુંબોની વાત કરતાં કરતાં અક્ષરજ્ઞાન નહીં પણ આત્મજ્ઞાનને આધારે ભજનો રચતાં જીવીબાઇનું સુંદર રેખાચિત્ર અહીં જોવા મળે છે. અહીં જૈનેતર સમાજ સાથેના મુનિશ્રીના બહોળા સંપર્કનો પણ પરિચય થાય છે. કચ્છના રાયણ ગામના પુસ્તક સંચાલનમાં બાળઅંધ મોનજીની અદ્‌ભૂત આવડતનું આલેખન કરી એમણે એક વિશેષ વ્યક્તિત્વનો પરિચય આપ્યો છે. એમના વિદ્યાગુરુ રાજારામ દીક્ષિતની પંડિત પ્રતિભા, ગુરુભાઇ ગુલાબચંદ્રજીનો કવિતાપ્રેમ, કરુણામયી સાધ્વી રળીયાતબાઇ વગેરેના સુરેખ આલેખ દ્વારા મુનિ કલ્યાણચંદ્રજીની પાત્રનિરૂપણ શક્તિનો પરિચય થાય છે.

એક તરફ મુનિની મેધાવિતાનાં દર્શન થાય છે તો બીજી તરફ કેટલાંક ચમત્કારિક પ્રસંગોનાં વર્ણનો પણ અહીં જોવા મળે છે. રૂપચંદ્રજી મહારાજના ચોઢાળિયાં ગાતી વખતે પ્રસરતી સુગંધ, એમના પુસ્તકાલયમાં પ્રસરતી સુગંધ વગેરે ચમત્કારિક પ્રસંગોની વાત અહીં આવે છે. ગુરુદેવના કોઇ પ્રકારે ન ઊતરતા તાવને ઊતારવાનો ઉપચાર યતિ શ્રી નારણજી ઋષિ ગુરુદેવને સ્વપ્નમાં આવી બતાવી જાય છે. આવા કેટલાક ચમત્કારિક પ્રસંગોનું વર્ણન મુનિશ્રીની આસ્થાનો પરિચય આપી જાય છે.

મુનિશ્રીની ગુરુભક્તિ પણ અનુપમ છે. ગુરુનું એમના પ્રત્યેનું વાત્સલ્ય પણ અનોખું છે. ગુરુની ઉત્તરાવસ્થામાં પણ મુનિશ્રી એમના ખોળામાં માથું રાખીને સૂતા એવું વાત્સલ્યવર્ણન આ પુસ્તકમાં દૃષ્ટિ ગોચર થાય છે. ગુરુ શ્રી રત્નચંદ્રજી મહારાજના દેહાવસાન સમયનો મુનિશ્રીનો કરુણ વિલાપ હૃદયદ્રાવક છે. અહીં નિરુપાયેલ અન્ય અવસાન પ્રસંગોમાં દાદાગુરુ વ્રજપાલજી મહારાજ તેમજ બાપા ચારિત્રવિજયજીના દેહાવસાન પ્રસંગોનું નિરૂપણ અદ્‌ભૂત છે. સાચા સન્યાસીના મંગળમય મૃત્યુનું પવિત્ર વાતાવરણ અહીં ખડું થતું અનુભવાય છે.

અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થતાં ગુરુસેવા કરતાં કરતાં અધ્યાત્મ ચિંતનનું ભાથું બાંધતા મુનિ કલ્યાણચંદ્રજી શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારાથી પ્રભાવિત થયા છે. સાથે સાથે એમનું આગવું અધ્યાત્મ ચિંતન પણ સતત ચાલતું રહે છે. સાકાર અને નિરાકાર અંગેની એમની ચિંતનકણિકા આપણે ઉદાહરણ સ્વરૂપે જોઇએ. 'સાકાર ભાવના પહેલી અવસ્થાની છે, નિરાકારભાવના બીજી અવસ્થાની છે. ઉભય ભાવના સત્ય છે. એકે ખંડન કરવા યોગ્ય નથી. ઉભય ભાવના જીવને ઉપકારક છે. જ્યાં સુધી જીવભાવ છે ત્યાં સુધી જ આ મારામારી છે. આત્મભાવે એમાનું કઇ છે જ નહિ. આટલો જો વિચાર કરાય તો સહેજ પણ રાગદ્વેષ થવા કારણ ન રહે. પરંતુ જ્યાં મત-મમત્વને જ ધર્મ માનતા હોય ત્યાં મારામારી સિવાય બીજું હોય પણ શું?

આમ મત-મમત્વથી સદા દૂર રહેનાર મુનિને જૈન મુનિ તરીકેનું વર્તુળ સાંકડુ પડતું જણાય છે. એમના મનમાં તો હિંદભરના સાધુઓની એકતા સાધવાના કોડ છે. સાંપ્રદાયિક મતભેદોને ભૂસી નાખી ઘરઘરના ચોકા મિટાવી દઇ સમગ્ર વિશ્વનો એક મહાન ચોકો બનાવવાની ભાવના એમના હૃદયમાં છે. તેથી જ તેઓ એક વિશિષ્ટ સંસ્થા સ્થાપવાની મહત્વાકાંક્ષા સેવે છે.અતુટ શ્રદ્ધા અને વિશ્વાસના બળે તેઓ ચારિત્રવિજયજી જેવાને નવા યુગના કેળવણીપ્રયોગ માટે પ્રેરી શકે છે અને સોનગઢમાં શ્રી મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમની સ્થાપના કરે છે. એમની ભાવના તો આ સંસ્થા એમના વતન કચ્છમાં ખોલવાની છે, પરંતુ સંયોગોની સાનુકૂળતા ન સધાતા એમના શબ્દોમાં કહીએ તો 'માતાનો ખોળો મૂકીને માશીના ખોળામાં સંસ્થા ખોલવાનો યોગ પ્રાપ્ત થાય છે.

રાષ્ટ્રીય ચળવળ સાથે સંલગ્ન મુનિશ્રી કલ્યાણચંદ્રજી ગાંધીજીના વિચારોથી આકર્ષાયા છે. ગાંધીવિચાર વિશે તેઓ લખે છે. 'ગાંધીજીના વિચારો જો મહાવીર પ્રભુના વિચારોથી સુસંગત ન હોત તો હું તે જરૂર ન માનત, પરંતુ એ મહાપુરુષના વિચારો મને તો પૂરેપૂરા શ્રી મહાવીરના વિચારોને સંમત જ લાગે છે. એથી જ એમના વિચારોનું અનુકરણ કરું છું અને બીજાઓને એમ કરવા સમજાવું છું. આ ગાંધીવિચારના પ્રભાવે તેઓ એમની સંસ્થામાં રેંટિયાશાળા શરૂ કરે છે, આશ્રમમાં ભારતદેવીની મૂર્તિનું સ્થાપન કરે છે, રાષ્ટ્રવાદી પ્રવૃતિઓમાં સક્રિય રસ લે છે અને સમાજ જાગૃતિનો નાદ ગજાવતા રહે છે. ચારિત્રવિજયજી મહારાજ સંગીતના રસજ્ઞ છે. એમના નાદથી સંસ્થામાં સંગીત અને સંગીતકારોને તેઓ આદર આપે છે. તો કવિતા પ્રત્યે એમને બચપણથી જ ભાવ છે. તેઓ એ વિશે લખે છે. 'ખરેખર શબ્દોની અને તેમાં પણ કવિતાની તાકાત અદ્‌ભૂત છે. બાળપણથી જ મને કવિતાની લગની લાગેલી.'

'સાધુજીવનની સ્મરણકથાનાં આ પૃષ્ઠોમાં એકંદરે એક કર્મયોગી સ્વામીના આપણને દર્શન થાય છે. તેઓ ચારિત્રવિજયજીને ઘણીવાર રાજસંન્યાસી તરીકે ઓળખાવે છે પરંતુ એમના વ્યક્તિત્વને જોતાં આવા રાજસંન્યાસીના દર્શન કલ્યાણચંદ્રજીમાં પણ આપણને જોવા મળે છે. એક કુશળ વહીવટકાર પણ એમના વ્યક્તિત્વમાં છુપાયેલો છે. આમ વિશાળ દૃષ્ટિકોણ ધરાવતા, રૂઢિભંજક, ઉત્સાહી, બહાદુર મુનિની સુરેખ છબિ આપણે આ પુસ્તકના પૃષ્ઠોમાંથી ઝીલી શકીએ છીએ. સાથે સાથે તે સમયના સમાજનુ દર્શન અને સમયના પડકારો તેમજ સુધારાની આબોહવાનો સ્પર્શ પણ અહીં અનુભવાય છે. અહીં ખૂબીની વાત એ છે કે પોતાની જ કથા કહેતા હોવા છતાં દૃષ્ટાભાવે અન્ય કોઇની વાત કરતા હોય એ રીતે સરળ બાનીમાં આખી વાત કહેવાય છે. શ્રી જયંત કોઠારીના શબ્દો સાથે સમાપન કરતાં કહીએ 'મુનિશ્રી કલ્યાણચંદ્રજીનાં આ સંસ્મરણો એમના પ્રેરક જીવનની કથા છે. તે ઉપરાંત એમાં સમયનું દસ્તાવેજી વિગતસભર ચિત્ર છે. સમાજ ને સાધુજીવનના આચાર વિચારોની માર્મિક સમીક્ષા છે, જૈનેતર સમાજ સાથેના એમના વિશાળ સંબંધોનું આલેખન છે ને આ બધું એવી નિખાલસ પ્રેમભરી સરળ વાણીમાં થયું છે કે જે વાંચશે એને એ અવશ્ય સ્પર્શી જશે.' ❑❑❑

(લગ્નોત્સવ - પૃષ્ઠ-૨થી ચાલુ)

પરિસ્થિતિના સંદર્ભમાં સર્વથા અનુચિત છે. જે સમાજે અને જે રાજય વ્યવસ્થાએ પોતાને આટલું બધુ ધન કમાવા માટે અનુકૂળતા કરી આપી છે એ સમાજ પ્રત્યે ધનિકોનું ઉત્તરદાયિત્વ ઘણું મોટું છે. સમાજમાં અસંખ્ય લોકો ગરીબની રેખા નીચે જીવતા હોય એવે વખતે લગ્ન પ્રસંગે ભોગ વિલાસના આવા ભારે જલસા યોજવા એ નર્યો સમાજ દ્રોહ છે. એક રીતે કહીએ તો, ભલે કાનૂની નહિ તો પણ સામાજિક પ્રકારનો એ ગુનો (Social Crime) છે. આવી ઘટનાઓની તાત્કાલિક પ્રતિક્રિયા અને પરિણામો જણાતાં નથી હોતાં પરંતુ લાંબે ગાળે સમાજ ઉપર એની અવળી અસર વિશેષત: સમાજના ગરીબ વર્ગ ઉપર પડયા વગર રહેતી નથી. શ્રીમંતો ગરીબોના છૂપા ધિક્કારને પાત્ર વધુ અને વધુ બનતા જાય છે. સમગ્ર ભારતમાં ગરીબ લોકોમાં વધતી જતી ગુનાખોરીના મૂળમાં એકલદોકલ શ્રીમંતોનાં થતાં ખૂનમાં કે અપહરણમાં અજાણપણે આવો સામાજિક વિસંવાદ રહેલો છે.

સમાજમાં શ્રીમંતોની વધતી જતી સામાજિક ગુનેગારીને કોણ અટકાવશે? વડીલો રૂઢિચુસ્ત હોય એટલે એમની પાસેથી એવી અપેક્ષા રાખવી વ્યર્થ છે. આ દિશામાં યુવાનોએ પહેલ કરવાની જરૂર છે. શ્રીમંતોનાં કેટલાંક અલ્પશિક્ષિત કે દૃષ્ટિહીન સંતાનો તો એ જ જૂની ઘરેડમાં તણાવાના. સુશિક્ષિત યુવક-યુવતીઓએ દૃઢ પ્રતિજ્ઞાપૂર્વક ધનના આવા વરવા પ્રદર્શનને અટકાવી પોતાની લક્ષ્મીને સામાજિક કલ્યાણના માર્ગે વાળવાનો સમય હવે આવી પહોંચ્યો છે. આવતી પેઢીના સ્વપ્નશીલ યુવાનોમાં આવાં ક્રાન્તિકારી પગલાં માટે આપણને અખૂટ અને શ્રદ્ધા આશા હોવી ઘટે.

❑ રમણલાલ ચી. શાહ

# રાણકપુર

❑ રમણલાલ ચી. શાહ

[ગતાંકથી સંપૂર્ણ]

રાણકપુરનું મંદિર વિક્રમના પંદરમા શતકમાં મેવાડના કુંભારાણાના મંત્રી શેઠ ધરણાશાહે બંધાવ્યું હતું.

રાણકપુરના જૈનમંદિરમાં વિ. સં. ૧૪૯૬માં મહાન જૈનાચાર્ય શ્રી સોમસુંદરસૂરિના હસ્તે પ્રતિષ્ઠા થઇ હતી. મંદિરનો શિલાન્યાસવિધિ સં ૧૪૩૪ માં (અથવા અન્ય મત પ્રમાણે સં. ૧૪૪૬ માં ) થયો હતો. આ મંદિર બંધાતાં પાંચ કે છ દાયકાથી વધુ સમય લાગ્યો હતો. આ મંદિરની ત્યારે જ ખ્યાતિ એવી બંધાઇ હતી કે એ વિશે 'સોમસૌભાગ્ય કાવ્ય,' 'રાણિગપુર ચતુર્મુખ પ્રાસાદ સ્તવન,' 'રાણપુરમંડન ચતુર્મુખ આદિનાથ ફાગ' વગેરે કાવ્યકૃતિઓની રચના થયેલી છે. આ કૃતિઓને આધારે, શિલાલેખને આધારે, પરંપરાથી ચાલતી આવેલી કિંવદન્તીઓને આધારે રાણકપુરના જૈનમંદિર વિશે ઠીક ઠીક માહિતી સાંપડે છે.

શેઠ ધરણાશાહ રાજસ્થાનના નાંદિયા ગામના વતની હતા. અને પછીથી તેઓ માલગઢ ગામમાં જઇને વસ્યા હતા. એમના પિતાનું નામ કુંરપાલ અને માતાનું નામ કામલદે હતું. ધરણાશાહના મોટા ભાઇનું નામ રત્નાશાહ હતું. તેમનું કુટુંબ બહુ જ ધર્મપ્રિય, ઉદાર, અને સંસ્કારી હતું. બંને ભાઇઓ કુશાગ્ર બુદ્ધિના અને તેજસ્વી પ્રતિભાવાળા હતા. ધરણાશાહની બુદ્ધિમત્તાથી પ્રભાવિત થયેલા કુંભા રાણાએ એમને યુવાન વયે રાજ્યના મંત્રી બનાવી રાજ્યકારભાર સોંપ્યો હતો.

વિક્રમના પંદરમાં શતકમાં થઇ ગયેલા મહાન જૈનાચાર્યોમાં આચાર્ય ભગવંત શ્રી સોમસુંદરસૂરિનું નામ ઘણું મહત્ત્વનું છે. એમના હસ્તે ઘણે સ્થળે જૈન મંદિરોના નિર્માણ અને પ્રતિષ્ઠાના પ્રસંગો ઉજવાયા છે. રાણકપુરના જૈનમંદિરમાં ભગવાન ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા પણ એમના હસ્તે થઇ છે. આ ભવ્ય જિનાલયના નિર્માણમાં એમની પ્રેરણાએ મુખ્યત્વે કાર્ય કર્યું છે. ચાલી આવતી અનુશ્રુતિ પ્રમાણે શેઠ ધરણાશાહને ધર્મ તરફ વાળનાર સોમ સુંદરસૂરિ હતા. એમની પ્રેરણાથી જ ધરણાશાહે તીર્થાધિરાજ શત્રુંજયની જાત્રા કરીને ત્યાં ઋષભદેવ ભગવાન સમક્ષ બત્રીસ વર્ષની યુવાનવયે બત્રીસ જુદાં જુદાં નગરોના એકત્ર થયેલા સંઘો તરફથી સંઘતિલક કરાવી, ઇન્દ્રમાળ પહેરી આજીવન ચોથા વ્રતની-બ્રહ્મચર્યવ્રતની બાધા લીધી હતી. એ યુવાન વયથી જ એમણે તીર્થયાત્રા, જીર્ણોદ્ધાર તથા દાન પુણ્યનાં ઘણાં કાર્યો કર્યાં હતાં. વળી ઋષભદેવ ભગવાનનું એક ભવ્ય જિનાલય પોતાના પ્રદેશમાં બંધાવવાની એમને ઉત્કટ ભાવના થઇ હતી અને એને લીધે જ એમ કહેવાય છે કે ચક્રેશ્વરી માતાએ ધરણાશાહને એક દિવસ સ્વપ્નમાં સ્વર્ગલોકના નલિનીગુલ્મ વિમાનનું દર્શન કરાવ્યું હતું. આથી તેઓ નલિનીગુલ્મ દેવવિમાન જેવું મંદિર બંધાવવાનું સ્વપ્ન સેવવા લાગ્યા હતા. એમણે પોતાના અનુભવની આ વાત સોમસુંદરસૂરિ મહારાજને કરી. આચાર્ય ભગવંતની પ્રેરણા તથા અનુમોદનાથી મંત્રી ધરણા શાહે નલિનીગુલ્મ દેવવિમાન જેવું મંદિર બંધાવવાનો સંકલ્પ કર્યો.

નલિનીગુલ્મ દેવવિમાનની વિગતો શાસ્ત્રોમાં બહુ મળતી નથી. એટલે ધરણાશાહે પોતા સ્વપ્નમાં જે પ્રમાણે દેવવિમાન જોયું તે પ્રમાણે તેની વિગતોનું વર્ણન આચાર્ય ભગવંત પાસે કર્યું. એ વર્ણનના આધાર પ્રમાણે મંદિર બાંધવા માટે ધરણાશાહે જુદા જુદા શિલ્પીઓને બોલાવ્યા અને પોતાના વર્ણન અનુસાર નકશા બનાવવાનું કહ્યું, પરંતુ કોઇ નકશાથી તેમને સંતોષ થતો ન હતો. પોતાના રાજ્યના મુંડારા ગામના રહેવાસી દેપા (દિપાક-દીપા) નામના શિલ્પીને પણ બોલાવવામાં આવ્યા. દેપા શિલ્પી શિલ્પકળામાં, સ્થાપત્યકળામાં અસાધારણ પ્રતિભા ધરાવનાર હતા. તેઓ સાધારણ આર્થિક સ્થિતિના હતા. તેમાંજ સંતોષ માનતા. તેઓ સંન્યાસી જેવું પવિત્ર જીવન જીવતા. થોડું પણ ઉત્તમ કોટિનું કામ કરવું એવો એમનો જીવનમંત્ર હતો. મંદિર બંધાવનાર પણ યોગ્ય વ્યક્તિ હોય તો જ તેનું કામ હાથમાં લેવું એવો પણ એમનો નિયમ હતો. જ્યારે મંત્રી ધરણાશાહની દરખાસ્ત આવી ત્યારે એમની ધર્મપરાયણતાથીઅને ઉદારતાથી દેપા શિલ્પી પ્રભાવિત થયા અને મંત્રી ધરણાશાહનું કામ કરવાનું તેમણે સ્વીકાર્યું. તેઓ ધરણાશાહ પાસે વારંવાર આવવા લાગ્યા અને તેઓ વર્ણન કરે તે ઉતારી લેવા લાગ્યા. તે પ્રમાણે તેઓ જુદા જુદા નકશા તૈયાર કરતા. આમ દેપા શિલ્પીએ તૈયાર કરેલા જુદા જુદા નકશાઓમાંથી એક નકશો ધરણાશાહને પોતે સ્વપ્નમાં જોયેલા નલિનીગુલ્મ દેવવિમાન જેવો આબેહૂબ લાગ્યો અને તે એમણે સ્વીકાર્યો. આચાર્ય સોમસુંદરસૂરિની સંમતિ મળતાં તે પ્રમાણે મંદિર બાંધવાનું નક્કી થયું.

પ. પૂ. સોમસુંદરસૂરિની પ્રેરણાથી ધરણાશાહે આ વિશાળ જૈનમંદિરના નિર્માણનું કાર્ય ઉપાડયું. એમાં ખર્ચવા માટે જરૂરી નાણાંનો પ્રશ્ન તો મહત્ત્વનો હતો જ પરંતુ આ મંદિરમાં ઊંડો પાયો ખોદી જરૂરી ભોંયરાં બનાવી, વિશાળ ફલક ઉપર આટલી બધી કોતરણીવાળી સ્થાપત્ય રચના કરવી એ ઘણાં બધાં વર્ષોનું કામ ગણાય. યુવાન ધરણાશાહ અને યુવાન સોમસુંદરસૂરિ બંને આ જૈનમંદિરના નિર્માણ માટે ઉત્સાહી અને આશાવાન હતા. મંદિર બાંધવા માટે ગમે તેટલા વધુ માણસો કામે લગાડીએ તો પણ કેટલોક સમય તો અનિવાર્યપણે પસાર થાય. અઢી હજારથી વધુ કારીગરો કામે લાગ્યા હતા છતાં રાણકપુરનું આ જૈનમંદિર બંધાતાં પચાસ કરતા (અન્ય મત પ્રમાણે ૬૨ વર્ષ કરતાં) વધુ વર્ષ વીતી ગયાં અને છતાં કામ પૂરું થયું ન હતું. ધારણાશાહની ઉંમર ત્યારે ચોક્કસ કેટલા વર્ષની થઇ હશે તેની માહિતી મળતી નથી. પરંતુ ત્રીસ-પંત્રીસ વર્ષની ઉંમરે આ કામ ચાલુ કર્યું હોય તો પણ એમની એંશી, પંચાશી કે નેવું વરસની ઉંમરે પણ મંદિરનું બાંધકામ હજુ થોડું બાકી હતું. ધરણાશાહની તબિયત થોડી નરમ ગરમ રહેતી હતી. એંશી પંચાશીની ઉંમર વટાવી ચૂકેલા સોમસુંદરસૂરિ પણ હવે વયોવૃદ્ધ થયા હતા અને એટલે જ વિ. સં. ૧૪૯૬માં પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આચાર્ય સોમસુંદરસૂરિ અને શેઠ ધરણાશાહે એ બંને મહાપુરુષો પ્રતિષ્ઠા કરાવવાના સમય સુધી વિદ્યમાન રહ્યા તે ઘટના આ બંને મહાપુરુષો કેટલા પુણ્યશાળી હતા તેનો ખ્યાલ આપે છે. ધરણાશાહના સ્વર્ગવાસ પછી મંદિર પૂરું કરાવવાની જવાબદારી એમના મોટાભાઇ રત્નાશાહે ઉપાડી હતી. એનો અર્થ એ થયો કે રત્નાશાહે પણ દીર્ઘાયુષ્ય ભોગવ્યું હતું.

સોમસુંદરસૂરિ વિ. સં. ૧૪૯૮ માં કાળધર્મ પામ્યાનો ઉલ્લેખ મળે છે. એટલે પ્રતિષ્ઠા પછી બે વર્ષ તેઓ જીવ્યા હતા એમ જણાય છે. ધરણાશાહ પ્રતિષ્ઠા પછી કેટલું જીવ્યા હશે તેનો કોઇ નિર્દેશ હજુ સુધી મળ્યો નથી, પરંતુ સંભવત: એકાદ વર્ષથી વધુ તેઓ વિદ્યમાન નહિ રહ્યા હોય.

મંદિરના મુખ્ય પ્રવેશ દ્વારના ઉપરના ભાગમાં એક હાથીની પાછળ બીજા હાથીની આકૃતિ છે અને તેના ઉપર ધરણાશાહ અને તેમનાં પત્ની તથા રત્નાશાહ અને તેમનાં પત્ની એમ ચારેની શિલ્પાકૃતિ તેઓ ભગવાનની સન્મુખ બેસીને ચૈત્યવંદન કરતાં હોય તેવી મુદ્રામાં મૂકવામાં આવી છે. મંદિરના દક્ષિણ દિશાના પ્રવેશ દ્વાર પાસે મંદિર પૂરું કરાવનાર મોટાભાઇ રત્નાશાહની જુદી મૂર્તિ મૂકવામાં આવી છે.

રાણકપુરનું આ જૈનમંદિર ધરણાશાહે બંધાવ્યું હોવાથી તે 'ધરણવિહાર' તરીકે ઓળખાય છે. નંદીશ્વરદ્વીપના અવતાર જેવું અને ત્રણે લોકોમાં દેદીપ્યમાન એવું આ મંદિર હોવાથી એનું 'ત્રૈલોક્યદીપક' એવું નામ સખવામાં આવ્યું હતું. નલિનીગુલ્મ વિમાનના આકારનું આ મંદિર હોવાથી તે 'નલિનીગુલ્મ વિમાન' તરીકે પણ ઓળખાય છે. આ મંદિરના ગર્ભગૃહમાં મૂળનાયક તરીકે શ્રી આદિનાથ ભગવાનની ચાર પ્રતિમાઓ ચોમુખી તરીકે બિરાજમાન છે, અને મંદિરના ચાર દ્વાર છે એટલે તે 'ચતુર્મુખ જિન પ્રાસાદ' તરીકે પણ ઓળખાય છે. મંદિરમાં પ્રતિષ્ઠા સમયના શિલાલેખમાં 'ત્રૈલોક્યદીપ' અને 'શ્રી ચતુર્મુખયુગાદીશ્વર વિહાર' એ બે નામોનો નિર્દેશ છે.

મંદિર બાંધવા માટે જગ્યાની પસંદગીનો જ્યારે નિર્ણય લેવાયો હશે ત્યારે નક્કર જમીનની સાથે પ્રકૃતિના સુરમ્ય વાતાવરણનો પણ ખ્યાલ કરાયો હશે. એક બાજુ ખળખળ વહેતી નાનકડી નદી મઘઇ અને બીજી બાજુ વિંધ્યાચલના (અરવલ્લીના) ડુંગરો એ બેની વચ્ચેની માદ્રી પર્વતની તળેટીની જગ્યાની પસંદગી કરવામાં આવી હતી. આ જિનમંદિરની માંડણી અડતાલીસ હજાર

ચોરસ ફૂટના વિસ્તારમાં કરવામાં આવી હતી. ત્રણ બાજુ તદ્દન પાસે આવેલા ડુંગરોથી એની મોહકતા વધી હતી. કવિ મેહ લખે છે તે પ્રમાણે આ મંદિરનો પાયો સાત માથોડા ઊંડો ખોદવામાં આવ્યો હતો. મંદિરની રચના જે રીતે કરવામાં આવી છે તે જોતાં ધરણાશાહની ભાવના તો મુખ્ય ગર્ભદ્વાર ઉપર સાત મજલાનું શિખર બાંધવાની હતી, પરંતુ પોતાનો અંતકાળ નજીક આવતો જાણીને એમણે આ શિખર ત્રણ મજલાનું કરાવ્યું હતું. અને પછીથી શિખરના ઉપરના ભાગમાં બાકીના માળાના પ્રતીકરૂપ માત્ર ગોખલા જેવી આકૃતિ જ કરવામાં આવી હતી, જે આજે પણ જોઇ શકાય છે.

અઢારમાં સૈકામાં રાણકપુરની યાત્રએ આવેલા શ્રી જ્ઞાનવિમલસૂરિ પોતાના 'રાણકપુર તીર્થ સ્તવનમાં' કહે છે : 'નલિનીગુલ્મ વિમાનની માંડણીવાળું આ મંદિર બહુ ઊંચુ છે. પાંચ મેરુ, ચારે તરફ મોટો ગઢ, બ્રહ્માંડ જેવી બાંધણી, ૮૪ દેરીઓ, ચારે તરફ ચાર પોળો, ૧૪૨૪ થાંભલા, એક એક દિશામાં બત્રીશ-બત્રીશ તોરણો, ચારે દિશાએ ચાર વિશાળ રંગમંડપો, સહસ્ત્રકુટ, અષ્ટાપદ, નવભોંયરા અને અનેક જૈનબિંબ, રાયણની નીચે પાદુકા, અદબદમૂર્તિ વગેરે યુક્ત ત્રણ માળનું આ મંદિર છે. અહીં ૩૪૦૦૦ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી છે. એ જ સૈકાના શ્રી સમયસુંદર ગણિએ આ તીર્થમાં ૧૦૦ તોરણ, ૨૦૦૦ સ્તંભ અને ૪૦૦૦ પ્રતિમાનો ઉલ્લેખ કર્યો છે. આમ સમયસુંદર અને શ્રી જ્ઞાનવિમલસૂરિના આ વર્ણન ઉપરથી મંદિરની વિશાળતા, ઉન્નતતા અને ભવ્યતાનો પરિચય મળી રહે છે.

રાણકપુરના જૈનમંદિરના બાંધકામનમાં આજથી સાડા પાંચસો વર્ષ પૂર્વે નવાણું લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. એક હસ્તપ્રતમાં નોંધ મળે છે કે 'धन्ने पोरवाड निन्नाणु लख द्रव्य लगायो !' એક જ વ્યકિતએ આપેલો આ ખર્ચ છે : એ દિવસોમાં રાજશાહી હતી. કરવેરાના કાયદાઓ જુદા પ્રકારના હતા અને માણસ ગમે તેટલું ધન વારસામાં મેળવી શકતો. પોતે ગમે તેટલી કમાણી કરી શકતો અને એકત્ર કરી શકતો હતો. ધરણાશાહ પોતે રાજાના મંત્રી હતા. એટલે એમની આવકને કોઇ મર્યાદા હોય નહિ. પોતાની સંપત્તિનો આવડો મોટો હિસ્સો જિનમંદિરના નિર્માણ માટે વાપરવાની ભાવના થવી એ વાત સહેલી નથી. ધરણાશાહે પોતાની સંપત્તિનો કેવો સરસ સદુપયોગ કર્યો કે જેથી આવા ભવ્ય-રમણીય મંદિર દ્વારા અનેક લોકો ધર્મ પામી શકે, અનેક લોકોની ધર્મ પ્રત્યે અભિરુચિ જાગે અને કોઇ પણ ધર્મ કે સંપ્રદાયની વ્યકિતને જોતાંની સાથે જ આશ્ચર્ય સહિત આદરભાવ થાય. જૈન મંદિરોના નિર્માણમાં ખાતમૂર્હુત વખતે જમીનમાં સોનું રૂપું વગેરે કીમતી ધાતુઓ તથા હીરામાણેક વગેરે રત્નો પધરાવવાની પ્રણાલિકા ચાલી આવે છે. (અન્ય કેટલાક ધર્મોમાં પણ એ પ્રમાણે પરંપરા છે) જ્યાં તીર્થંકર પરમાત્માની પ્રતિમા મૂળનાયક તરીકે ગાદીનશીન કરવાની હોય ત્યાં તેની નીચે પણ ધરતીમાં સુવર્ણાદિ કીમતી ધાતુઓ અને કીમતી રત્નો ભરવામાં આવે છે. મંદિર બંધાવનાર પરિવાર ઉપરાંત અન્ય શ્રાવકોને પણ પોતાની ભાવના અને શક્તિ અનુસાર ત્યાં આવા કીમતી દ્રવ્યો પધરાવવાની છૂટ રહે છે. રાણકપુરના આ મંદિરમાં એ તો થયું જ છે, પરંતુ તે ઉપરાંત મંદિરનો પાયો વજ્ર જેવો મજબૂત રહે, ધરતીકંપ, વીજળી, પૂર વગેરેની અસર એને ન થાય એ દષ્ટિએ પણ આ જૈન મંદિરના પાયામાં સાત પ્રકારની ધાતુ દેપા શિલ્પીએ ધરણાશાહ પાસે નખાવી હતી. એટલે મંદિરનું આ બાંધકામ કિંમતી ધાતુઓ અને રત્નની દૃષ્ટિએ પણ અત્યંત સમૃદ્ધ છે. એ દ્રવ્યો નાખતી વખતે મંદિર બંધાવનાર વ્યક્તિની ઉદારતા કેટલી બધી છે તેનો પરિચય પણ શિલ્પીને મળી રહેતો. ધરણાશાહે ધાર્યા કરતાં ઘણું દ્રવ્ય ખાતમુહૂર્ત વખતે જમીનમાં પધરાવ્યું તેથી દીપા શિલ્પીને ઉલ્લાસપૂર્વક ખાતરી થઇ હતી કે ધરણાશાહ મંદિરના બાંધકામમાં અને કોતરણીમાં ખર્ચની કરકસર નહિ કરે. એ વાત સાચી ઠરી હતી. વળી મંદિર બંધાતુ હતું તે દરમિયાન અને પ્રતિષ્ઠા વખતે તો ખાસ કીમતી ભેટ સોગાદો મજૂરોને, કારીગરોને અને બીજા શિલ્પીઓ તથા વ્યવસ્થાપકોને આપવામાં આવી હતી.

રાણકપુરનું આ દેરાસર ચતુર્મુખ પ્રાસાદ છે. સામાન્ય રીતે દેરાસરનું મુખ પૂર્વ દિશામાં અથવા ઉત્તર દિશામાં હોવું જોઇએ ચતુર્મુખ પ્રાસાદ હોય તો તેનાં ચાર દ્વાર ચારેય દિશામાં હોય છે. એટલે તેમાં પૂર્વ અને ઉત્તર દિશા પણ આવી જાય છે. આમ છતાં આ જૈન મંદિરનું મુખ્ય પ્રવેશ દ્વાર પશ્ચિમ દિશામાં છે પચીસેક પગથિયાંવાળું ચાલીસેક ફૂટ ઊંચું આ પ્રવેશ દ્વારા પહેલેથી છે. એમ બાકીનાં ત્રણ પ્રવેશ દ્વારોની રચના સાથે સરખાવતાં સ્પષ્ટ જણાય છે. વળી કોતરણીનો વધુમાં વધુ ભાગમાં પશ્ચિમ દિશાના પ્રવેશદ્વાર પાસે જ જોવા મળે છે. પૂર્વ દિશા કે ઉત્તર દિશાનાં પ્રવેશદ્વારોમાં પ્રમાણમાં એટલી કોતરણી જોવા મળતી નથી.

ડુંગરની ટેકરી ઉપર ઢળતી જગ્યામાં આ દેરાસર બાંધવામાં આવ્યું હોવાથી મુખ્ય પ્રવેશદ્વાર પૂર્વ દિશામાં જો રાખવામાં આવ્યું હોય તો પશ્ચિમ દિશા જેટલી ઉંચાઇ તેને મળે નહિ. પ્રવેશદ્વારની ઊંચાઇ એ આ દેરાસરની ભવ્યતાનું એક મહત્ત્વનું લક્ષણ છે અને એટલા માટે દેરાસરનું મુખ્ય પ્રવેશદ્વારા પશ્ચિમ દિશામાં રાખવામાં આવ્યું છે. પૂર્વ દિશામાં ટેકરીમાં ખોદકામ કરીને પ્રવેશદ્વાર ઊંચું કરી શકાય, પરંતુ તેમ કરવામાં બિનજરૂરી ખોદકામ કરવું પડે. નીચે ખડકો નીકળે તો પણ પ્રશ્ન ઊભો થાય અને કૃત્રિમ સપાટી અચાનક કરવા જતાં નૈસર્ગિક સૌંદર્યને હાનિ પણ પહોંચે. વળી આ દેરાસર માટે નજીકમાં નગર પણ વસાવવામાં આવ્યું હતું. નગર સપાટ ભૂમિમાં વસાવી શકાય. અને નગરથી લોકોને મંદિરે જવા માટે આ પશ્ચિમ દિશાનું પ્રવેશદ્વારા જ નજીક અને અનુકૂળ પડે. મંદિર માટે જગ્યાની પસંદગી જયારે કરવામાં આવી હશે ત્યારે વાસ્તુ શાસ્ત્રની દ્રષ્ટિએ, ભૂખંડની દ્રષ્ટિએ, નૈસર્ગિક હવામાનની દ્રષ્ટિએ એમ ઘણી જુદી જુદી દૃષ્ટિએ પૂરો પુખ્ત વિચાર અવશ્ય કરવામાં આવ્યો હશે અને તે પછી જ મંદિરનું મુખ્ય પ્રવેશ દ્વાર પશ્ચિમ દિશામાં રાખવાનું નક્કી થયું હશે.

આ મંદિરની પ્રતિષ્ઠા થઈ તે વખતે ચારે દિશાના દ્વાર પાસે શું શું હતું તે વર્ણવતાં મેહ કવિએ લખ્યું છે કે પશ્ચિમ દિશાના દ્વારના મંડપમાં નાટક-ઓચ્છવ થાય છે, ઉત્તર દિશાના દ્વારમાં ભોજક-ભાટ વગેરે બેસે છે, પૂર્વ દિશામાં ડુંગર પાસે લોકોનો વાસ છે અને દક્ષિણ દિશાના દ્વારની બહાર વિશાળ પૌષધશાળા છે.

રાણકપુરના જૈન મંદિરમાં ૧૪૪૪ (અથવા ૧૪૨૪) સ્તંભ છે એવી માન્યતા ચાલી આવે છે. આ મંદિરમાં સ્તંભોની બહુલતા છે એ તો પ્રથમ નજરે જોતાં જ દેખાય છે. ચતુર્મુખ જિનપ્રસાદ કરવો હોય અને ફરતી ઊંચી દેવકુલિકાઓ કરવી હોય તો ઘણા વધુ સ્થંભ કરવા પડે એ દેખીતું છે. વળી રાણકપુરના જિનમંદિરમાં એક કરતાં વધુ શિખર, ઘુમ્મટ, અને સામરણ છે. વળી મુખ્ય શિખર ઘણું ઊંચું છે. એટલે પત્થરનો આટલો બોજ ઝીલવા માટે વધુ સ્થંભો હોવા જરૂરી છે. પરંતુ મંદિરનો નકશો એવી સરસ રીતે તૈયાર કર્યો છે કે જેથી સ્થંભોથી ઊભરાતા આ દેરાસરમાં તે એટલા ખીચોખીચ થઇ ગયેલા જણાતા નથી. મંદિરમાં પ્રવેશતાં જ એના સ્તંભોની બહુલતા આગંતુકને માટે ધ્યાનાકર્ષક બની રહે છે. એની બહુલતા ખટકતી નથી, પણ એની રમ્યતામાં વૃદ્ધિ કરે છે.

આ સ્તંભોને આડી અને ઊભી એવી જુદી જુદી હારમાં એવી યોજનાપૂર્વક ગોઠવવામાં આવ્યા છે કે જેથી આખા મંદિરમાં કોઈ પણ સ્થળે ઊભેલી વ્યક્તિને એક નહિ તો બીજી દિશામાં ભગવાનનાં અચૂક દર્શન થયા વિના રહે નહિ. એટલે મંદિરના સ્તંભો મંદિરના સ્થાપત્ય- સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે અને છતાં એ સ્તંભો પ્રભુદર્શનમાં અંતરાયરૂપ બનતાં નથી.

આ મંદિરમાં શું ખરેખર ૧૪૪૪ સ્તંભ હશે ? સ્તંભોની રચના એવી રીતે કરવામાં આવી છે કે કોઇપણ વ્યક્તિ સ્વાભાવિક રીતે ગણતરી કરવા જાય તો તે સરળતાથી ગણી શકે નહિ. તેમાં ભૂલ પડવાનો સંભવ રહે કારણ કે કેટલાયે સ્તંભો એકસરખા લાગે છે. કોઇક વ્યકિત દરેક સ્તંભ ઉપર સંખ્યાંક લખી નિશાની કરે અને ગણવા જાય તો જરૂર ગણી શકે. પરંતુ આ મંદિરના સ્તંભો ગણી શકાય એમ નથી એમ કહેવા પાછળનો એક આશય એ છે કે મંદિરના મુખ્ય ભાગમાં કે ઉપરના મજલે સ્તંભોની ગણતરી તો હજુ ચોક્કસાઇપૂર્વક કરી શકાય, પરંતુ મંદિરના ભોંયરાની અંદર અને મંદિરના પાયામાં કરવામાં આવેલા સ્તંભોની ગણના તો થઇ શકે એમ નથી. ૧૪૪૪ની સંખ્યા એ નીચે ભોંયરાઓમાં અને પાયામાં કરવામાં આવેલા સ્તંભો સહિત છે એ ભૂલવું ન જોઇએ.

આ જિનમંદિરમાં જેમાં ૮૪ દેવકુલિકાઓ છે તેમ ૮૪ ભોંયરા હતાં એમ મનાય છે. વિશાળ જિનમંદિરમાં પાયો નીચે સુધી લેવાનો હોય છે એટલે ભોંયરા

કરવાની અનુકૂળતા રહે છે. ભોંયરું એ જૈન મંદિરની લાક્ષણિકતા છે. આપત્તિના કાળમાં પ્રતિમાજી પધરાવી દેવા માટે એની ઉપયોગિતા છે. ચાલુ દિવસોમાં પ્રતિમા સન્મુખ બેસી ધ્યાન ધરવા માટે પણ એવા શાન્ત, એકાન્ત સ્થળની ઉપયોગિતા છે. પછીના કાળમાં ભોંયરા અહીં પૂરી દેવામાં આવ્યાં હશે. હાલ પાંચ ભોંયરા છે એમાં સુંદર પ્રતિમાઓ છે.

મંદિર માટે આ સ્થળની પસંદગી થયા પછી ત્યાં પાસે જ નગર વસાવવાનો પણ નિર્ણય લેવાયો હતો. એ માટે કુંભા રાણાએ વિશાળ જમીન ફાળવી આપી હતી. કુંભા રાણાના સહકારથી ત્યાં નગર વસાવવામાં આવ્યું હતું. એટલે 'રાણા' નામ પરથી તે નગરનું નામ 'રાણાપુર' રખાયું હતું. એ માટે ત્યારે લોકોમાં રાણપુર- રાણિગપુર, રાણિકપુર, રાણકપુર જેવાં નામો પણ વપરાવા લાગ્યાં હતાં. સમય જતાં 'રાણકપુર' નામ વિશેષ પ્રચલિત બની ગયું હતું અને આજે એજ નામ પ્રચલિત રહ્યું છે.

પંદરમી સદીના અંતમાં રાણકપુર ઘણું આબાદ અને સમૃદ્ધ નગર બની ચૂક્યું હતું. એ સમયે માત્ર જૈનોનાં જ ત્રણ હજાર જેટલાં ઘરો ત્યાં હતાં આ તીર્થસ્થળાની યાત્રા કરનાર મેહ કવિએ સં . ૧૪૯૯ની આસપાસ રચેલા 'રાણિગપુર ચતુર્મુખ પ્રાસાદ સ્તવનમાં નગરનું વર્ણન કરતાં કહે છે કે રાણકપુર જોઇને અત્યંત ઉલ્લાસ અને સંતોષ થાય છે. આ નગર અણહિલપુર પાટણ જેવું છે, તેના ગઢ, મંદિર અને પોળો અત્યંત સુંદર છે. વચ્ચે સરિતાનાં સલિલ વહે છે. ત્યાં કૂવા, વાવ, વાડી, હાટ અને જૈન મંદિર ઘણાં છે. તેમાં અઢાર વર્ણના લોકો, લક્ષ્મીવંત વેપારીઓ અને પુણ્યશાળી માનવીઓ વસે છે. તેમાં યશસ્વી દાનીશ્વર ધરણિંદ (ધરણા) નામનો સંઘવી મુખ્ય છે. તે જૈનમંદિરનો ઉદ્ધારક છે,

આ વર્ણન ઉપરથી રાણકપુરની સમૃદ્ધિનો વાસ્તવિક પરિચય મળે છે. વળી, એજ કવિએ રચેલી 'તીર્થમાળા' પ્રમાણે આ સ્થળે નાનાં મોટાં સાત જિનમંદિરો હતાં. સંભવ છે કે એકાદ બે મંદિરો પછીના સમયમાં ન રહ્યાં હોય, કારણ કે ત્રણેક સૈકા પછી અહીં યાત્રાએ આવેલા શ્રીજ્ઞાનવિમલસૂરિ તથા પં મહિમાવિજયજીએ અહીં પાંચ જિનમંદિર હોવાની નોંધ પોતાની તીર્થમાળામાં કરી છે. આજે તો અલબત્ત અહીં ત્રણ જ જિનમંદિરો છે. રાણકપુર નગરી અને ચારેક જિનમંદિરો ક્યારે નાશ પામ્યાં હશે તેનો કોઇ કડીબદ્ધ વિગતવાર ઇતિહાસ મળતો નથી. એમ કહેવાય છે કે મોગલ બાદશાહ ઔરંગઝેબ ઘણો ઝનૂની હતો અને એના આક્રમણોના કાળ દરમિયાન આ વિશાળ અને સમૃદ્ધ નગર નષ્ટ થવા લાગ્યું હતું. તદુપરાંત દુકાળ વગેરે પડતાં અને અન્ય સુવિધાઓ ઓછી થતાં તથા સલામતીનો અભાવ થતાં નગરની વસતી ક્રમે ક્રમે સ્થળાંતર કરી ગઇ હતી અને એ રીતે કાળક્રમે આખા નગરનો વિધ્વંસ થઇ ગયો હતો. ઘણાયે અવશેષો દટાઇ ગયા હશે. આ વિસ્તારમાં ખોદકામ થાય તો જૈન પ્રતિમાઓ અને અન્ય બીજા અવશેષો મળી આવવાનો સંભવ છે.

રાણકપુરના આ દેવવિમાન સમાન મંદિરમાં જ્યારે પ્રતિષ્ઠામહોત્સવ સં. ૧૪૯૬ માં ઊજવાયો હતો ત્યારે શ્રી સોમસુંદરસૂરિ પોતાના પાંચસો શિષ્યો સાથે પધાર્યા હતા. એમના શિષ્યોમાં ચાર આચાર્ય ભગવંત અને નવ ઉપાધ્યાય મહારાજ હતા. તેઓ બધાને ઊતરવા માટે સરસ પૌષધશાળાનું બાંધકામ કરવામાં આવ્યું હતું. આ પ્રતિષ્ઠા મહોત્સવની સાથે શ્રી સોમસુંદસૂરિએ પોતાના એક શિષ્ય વાચક શ્રી સોમદેવને આચાર્યની પદવી આપવાનો ઉત્સવ પણ જોડી દીધો હતો. જિનમંદિરની પ્રતિષ્ઠા અને આચાર્ય પદવીપ્રદાન એમ બંને ઉત્સવમાં શેઠ ધરણાશાહે પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યું હતું.

મુખ્ય મંદિરના ગભારામાં શ્રી ઋષભદેવ ભગવાનની પાંચ ફૂટ ઊંચી એવી શ્વેત સ્વચ્છ આરસની ચાર સુંદર મનોહર પ્રતિમાની ચાર દિશામાં પરિકર સાથે સ્થાપના કરવામાં આવી છે. એમાં ત્રણ પ્રતિમા ઉપર સં. ૧૪૯૮ ની અને એક પ્રતિમા ઉપર સં. ૧૬૭૯ ની સાલ વંચાય છે. સંભવ છે કે સત્તરમા સૈકામાં શ્રી હીરવિજયસૂરિના સદુપદેશથી મંદિરનો જીર્ણોધ્ધાર થયો ત્યારે આ એક પ્રતિમાજી નવાં પધરાવવામાં આવ્યા હોય. (આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા જ્યારે જીર્ણોધ્ધાર કરવામાં આવ્યો ત્યારે ચારે પરિકર નવાં કરાવવામાં આવ્યાં હતાં.) આ ગભારામાં એક ખૂણામાં આ મંદિરની પ્રતિષ્ઠા કરવનાર, શેઠ ધરણાશાહના ગુરુભગવંત શ્રી સોમસુંદરસૂરિની એક નાની પ્રતિમા બિરાજમાન છે.

પશ્ચિમ દિશાના મુખ્ય ગર્ભદ્વારની બહાર, બારસાખ પાસેની ભીંતમાં પ્રતિષ્ઠા સમયનો સં. ૧૪૯૬ ની સાલનો શિલાલેખ કોતરેલો છે, જે સ્પષ્ટ વાંચી શકાય એવી સ્થિતિમાં હજુ રહ્યો છે. આ શિલાલેખમાં ગોહિલવંશી રાજાઓની કુંભારાણા સુધીની એકતાલીસ જેટલી પેઢીની વંશાવલિ આપવામાં આવી છે. મુસલમાન સુલતાનોનો પણ તેમાં ઉલ્લેખ છે. શેઠ ધરણાશાહ માટે 'પરમ આર્હત' એવું બિરુદ એમાં વપરાયું છે. શિલાલેખમાં દર્શાવ્યા પ્રમાણે તે સમયે નગરનું નામ 'રાણપુર' હતું. (રાણકપુર પછીથી થયું.) આ શિલાલેખ ઉપરથી જણાય છે કે શેઠ ધરણાશાહે અજારી (અજાહરી), પિંડવાડા (પિંડરવાટક), સાલેર વગેરે કેટલાંક સ્થળે નવીન જિનાલયોનું નિર્માણ કરાવ્યું હતું તથા પ્રાચીન જૈનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. શ્રી સોમસુંદરસૂરિનો ઉલ્લેખ બૃહત્ તપગચ્છના શ્રી જગતચંદ્રસૂરિના સમયથી કર્યો છે. ધરણાશાહનાં પત્ની ધારલદે તથા પુત્રો જાજા અને જાવડનો તથા મોટાભાઇ રત્નાશાહ અને એમનાં પત્ની રત્નાદે તથા પુત્રો લાખા, મજા, સોના અને સાલિગનો ઉલ્લેખ પણ આ શિલાલેખમાં કરવામાં આવ્યો છે.

ઋષભદેવ ભગવાન મૂળનાયક તરીકે આ જિનમંદિરમાં છે અને મંદિર ચૌમુખીના પ્રકારનું છે. એટલે ઋષભદેવ ભગવાની ચાર પ્રતિમા ચારે દિશાની સન્મુખ રહે એ પ્રમાણે સ્થાપવામાં આવી છે. ઋષભદેવ ભગવાનની પ્રતિમા મૂળનાયક તરીકે હોય એવા કેટલાક વિશાળ મંદિરોમાં મૂળ ગભારાની બહાર હાથી ઉપર અંબાડીમાં મરુદેવા માતા બેઠાં હોય અને ઋષભદેવ ભગવાનનાં દર્શન કરતાં હોય એવી શિલ્પરચાના કરવામાં આવે છે. રાણકપુરના આ જિનમંદિરમાં ત્રણ દિશામાં ત્રણ હાથીની મરુદેવા માતાની સાથે રચના કરવામાં આવી છે. ચોથી દિશામાં રચના કરવામાં કેમ નહિ આવી હોય એવો પ્રશ્ન થાય છે. સંભવ છે કે મંદિરના પાછળના ભાગનું બાંધકામ પછીથી ઉતાવળે પૂરું કરવામાં આવ્યું હોય અને એને લીધે ચોથા હાથીની રચના કરવાની રહી ગઇ હોય, અથવા કરી હોય પરંતુ અવાવરુ અવસ્થામાં એ ખંડિત થઇ હોય અને પહેલા કે બીજા જીર્ણોદ્ધાર વખતે તે કાઢી નાખવામાં આવી હોય. !

એક હાથી ઉપર તો સં. ૧૭૨૪નો લેખ છે એટલે જીર્ણોદ્ધાર થયો હોવાની ખાતરી તે કરાવે છે.

આ મંદિરની વિશાળતા અને ઉંચાઇને લક્ષમાં રાખીને એના સભા-મંડપની રચના એવી રીતે કરવામાં આવી છે કે તેવી અન્યત્ર ક્યાંય જોવા મળતી નથી. ચારે દિશામાં ચાર ઊંચા મેઘમંડપ અને તે પ્રત્યકની કલાકારીગીરી તરત દર્શકનું ધ્યાન ખેંચે છે. મેઘમંડપ (અથવા મેઘનાદમંડપ) એના નામને સાર્થક કરે એવા અદ્વિતીય છે. અહીં મુખ્ય રંગમંડપમાં એક ઘુમ્મટની અંદર બીજો ઘુમ્મટ સોળ સ્તંભ ઉપર કરવામાં આવ્યો છે. જે મુખ્ય ઘુમ્મટ છે તેમાં નવગ્રહ તથા સોળ વિદ્યાદેવીઓની મૂર્તિઓ ગોઠવવામાં આવી છે અને અતીત, વર્તમાન અને અનાગત એવી ત્રણ ચોવીસીના બોંતેર તીર્થંકરોની નાની પ્રતિમા વર્તુળાકારે કોતરવામાં આવી છે.

મંદિરના મુખ્ય ગર્ભદ્વારની બહારની બાજુમાં દિક્પાલોની મૂર્તિઓ છે અને પશ્ચિમ બાજુના મુખ્ય ગર્ભદ્વારની બહારની બાજુ ભૈરવ યક્ષ અને યક્ષિણીની મૂર્તિ છે.

મંદિરમાં સભામંડપમાં પ્રવેશતાં જ એના ઊંચા ઊચાં ઝીણા કોતરકામવાળા સ્તંભો તથા ઠેર ઠેર હાથી, હંસ, ઘોડા, ઊંટ, અસુરમુખ, વિવિધ પ્રકારનાં ફૂલની વેલ તથા વર્તુળાકાર કે અર્ધવર્તુળકાર આકૃતિઓની ઊંભી કે આડી હારમાળા બારીક નકશીકામ સાથે જોવા મળે છે જે પ્રેક્ષકને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે.

રાણકપુરના આ મંદિરના સુશોભનની બીજી એક વિશિષ્ટતા એ જ્યારે બંધાયું ત્યારે એ હતી કે અત્યંત બારીક તથા આરપાર કોતરકામવાળાં અને એક પથ્થરમાંથી બનાવેલાં મનોહર તોરણો સ્તંભ ઉપર વચ્ચે એવી રીતે ગોઠવવામાં આવ્યાં હતાં કે જેથી મંદિરના સૌંદર્યમાં તે અત્યંત વૃદ્ધિ કરે. આવાં ફક્ત ત્રણ તોરણ અત્યારે સભમંડપમાં છે. મંદિર જ્યારે બંધાયું હતું ત્યારે એવાં કુલ ૧૦૮ તોરણો હતાં એમ કહેવાય છે. અન્ય એક ઉલ્લેખ પ્રમાણે

દરેક દિશામાં ૩૨ તોરણો હતાં. એ પ્રમાણે તો ૧૨૮ તોરણ થાય. કલાકારીગીરીવાળા અને આબુ-દેલવાડાનાં તોરણોની યાદ અપાવે એવાં ૧૨૮ જો તોરણ હોય તો આટલા બધા સ્તંભ સાથે મંદિરની કલાસમૃદ્ધિ કેટલી બધી હશે એની હવે તો માત્ર કલ્પના જ કરવાની રહી.

તોરણોની જેમ ઘુંમટમાં વચ્ચે લટકતાં ઝૂમરો (લોલકો)ની કોતરણી પણ નવીનતાવાળી અને આકર્ષક છે.

આ જિનમંદિરમાં મેઘમંડપની ઉંચાઇ ચાલીસ ફૂટથી વધારે છે અને ચારે બાજુ ફરતી ઊંચી ઊંચી દેવકુલિકાઓની સંખ્યા પણ બોતેર જેટલી છે. આમ છતાં પ્રકાશ અને હવાની દ્રષ્ટિએ આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી વહેલી પરોઢથી ઠેઠ સાંજ સુધી એમ આખો દિવસ મંદિરમાં સારું અજવાળું રહ્યાં કરે. મંદિરમાં વધુ પડતો તડકો પણ ન થાય અને ભર ઉનાળામાં આખો દિવસ ઠંડક રહ્યાં કરે એવી રીતે રચના કરવામાં આવી છે. તેમ છતાં દિવસ દરમ્યાન સૂર્યની બદલાતી જતી દિશા અને ગતિ અનુસાર મંદિરમાં પ્રકાશ અને છાયાની મિલાવટ થોડે થોડે સમયે બદલાય કરે છે. આ દ્રશ્યો ચિત્તને પ્રસન્ન કરે એવાં છે.

મંદિરમાં પ્રવેશતાં જ સભામંડપમાંના મેઘમંડપના એક સ્તંભમાં મંત્રી ધરણાશાહની નાની સરખી ઊભી શિલ્પાકૃતિ કોતરવામાં આવી છે. આ આકૃતિમાં બે હાથ જોડીને ધરણાશાહ ઊભા છે. તેમની દ્રષ્ટિ ભગવાનની સામે છે. ધરણશાહની ભાવના એવી હતી કે પોતે કોઇને પણ દર્શનમાં અંતરાયરૂપ ન થાય એવી રીતે તથા કોઇનું જલદી ધ્યાન ન ખેંચાય એ રીતે એક ખૂણામાં ઊભા રહીને પોતે જયારે ભગવાનનાં દર્શન કરે તે વખતે તેમને પણ કોઇનો અંતરાય ન થાય. એટલી ઊંચાઇએ આ શિલ્પાકૃતિ કરવામાં આવી છે. પોતે નિરંતર ભગવાનનાં દર્શન કર્યા કરે એવી રીતે આ સ્તંભમાં એટલી ઊંચાઇએ આ મૂર્તિ કોતરવામાં આવી છે અને આ મેઘમંડપ વચ્ચે કેટલાક સ્તંભો આવે છે, તેમ છતાં તેની વચ્ચે રહેલી જરાક જેટલી જગ્યામાંથી ધરણાશાહની દ્રષ્ટિ સીધી ભગવાન ઉપર પડે છે. આ મૂર્તિ પ્રત્યે જો પ્રેક્ષકનું ધ્યાન ખેંચવામાં ન આવે તો તેની જલદી ખબર પડે તેમ નથી.

આવીજ રીતે મંદિરના દક્ષિણ દિશા બાજુના મેઘમંડપના એક સ્તંભમાં દીપા શિલ્પીની હાથમાં ગજ તથા કમંડલ સાથે આકૃતિ કોતરવામાં આવી છે.

મૂળનાયક તરીકે આદીશ્વર ભગવાનની સ્થાપના આવા મોટા તીર્થ જેવા મંદિરની અંદર કરવામાં આવે એટલે રાયણ પગલાની રચના પણ કરવામાં આવે. આ જિનમંદિરના અંદરના ભાગમાં ગર્ભદ્વાર અને ભમતીની વચ્ચે એક સ્થળે રાયણ પગલાંની રચના કરવામાં આવી છે. ત્યાં રાયણનું વૃક્ષ ઉગાડવામાં આવ્યું છે. રાયણનું આ વૃક્ષ મંદિરની રચના વખતનું સળંગ ૫૫૦ વર્ષ જેટલું પુરાણું છે.

રાયણ પગલાંની પાસે એટલે કે ઉત્તર દિશાના પ્રવેશ દ્વાર પાસેના એક ગભારામાં એક અનોખી રચના જોવા મળે છે. કયાંક એનો સમોવસરણ તરીકે તો કયાંક એનો અષ્ટાપદજી તરીકે ઉલ્લેખ થયો છે. કયાંક એનો, કરતાં કરતાં અધૂરા રહી ગયેલા સમોવસરણ તરીકે ઉલ્લેખ થયો છે. સમોવસરણની જેમ આ રચનામાં ત્રણ ગઢ છે, અને ઉપર ચૌમુખજી છે, છતાં તે સમોવસરણ નથી, કારણ કે તેમાં કેવલી ભગવંતો, દેવો, મનુષ્યો, પશુપક્ષીઓ નથી. રચનામાં સાવ નીચે નાનાં નાનાં આઠ પગથિયાં કોતરવામાં આવ્યાં છે. છતાં તે અષ્ટાપદજી નથી કારણ કે અષ્ટાપજીમાં ૪,૮,૧૦ અને ૨ એ ક્રમે પ્રતિમાઓ હોય છે. અહીં સમોવસરણ અને અષ્ટાપદજી બંનેનો આભાસ ઉત્પન્ન થાય અને સમન્વય થાય એવી રીતે આ રચના થયેલી છે. ઉપર ચૌમુખી છે અને ત્રણ ગઢ પણ છે એટલે સમોવસરણ જેવું લાગે. વળી કેટલીક જિન પ્રતિમાઓ સમોવસરણની દેશના મુદ્રામાં છે. કેટલીક કાઉસગ્ગની મુદ્રામાં છે. બધી જૈન પ્રતિમાઓ ગણી જોતાં ૪ + ૧૨ + ૨૮ = ૪૪ જૈન પ્રતિમાઓ એમાં છે. આ પ્રતિમાઓમાં સૌથી ઉપરની ચારે પ્રતિમાઓ કાઉસગ્ગ મુદ્રામાં છે. પછી નીચે બાર પ્રતિમામાં છ પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં છે અને છ પ્રતિમા દેશના મુદ્રામાં છે. (જેમાં એક પગ નીચે રાખવામાં આવ્યો હોય તેવી મુદ્રામાં) ત્યાર પછી એની નીચેની હારની ૨૮ પ્રતિમાઓમાં ૧૪ પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં છે અને ૧૪ દેશના મુદ્રામાં છે. આ રીતે ૪૪ પ્રતિમામાં કુલ ૨૪ પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં છે અને ૨૦ પ્રતિમા દેશના મુદ્રામાં છે. એટલે મારા અનુમાન પ્રમાણે વર્તમાન ચોવીસીના ચોવીસ તીર્થંકરોની ચોવીસ પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં છે એટલે કે નિર્વાણ અવસ્થામાં છે. કારણ કે વર્તમાન ચોવીસીના કોઇ પણ તીર્થંકર અત્યારે વિદ્યમાન નથી. બધાં જ નિર્વાણ પામ્યા છે. મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વીસ તીર્થંકરો અત્યારે વિદ્યમાન છે. અને સમોવસરણમાં બેસીને દેશના આપે છે. એટલે તેમની પ્રતિમા જુદી દર્શાવવા માટે દેશના મુદ્રામાં મૂકવામાં આવી છે. (જો કે ઘણે સ્થળે વિહરમાન જિનેશ્વરની પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં હોય છે. અને તેમાં પણ જિનમંદિરમાં પૂજા અર્થે પ્રતિષ્ઠા કરાવી હોય તો તેવા સીમંધરસ્વામી વગેરે તીર્થંકરોની પ્રતિમા કાઉસગ્ગ મુદ્રામાં હોય છે.)

આ રીતે આ કાળમાં વિશેષ આરાધ્ય એવા અને આપણી સૌથી વધુ નજીકના એવા ૨૪ + ૨૦ = ૪૪ તીર્થંકરોની પ્રતિમા આ વિશિષ્ટ રચનામાં મૂકવામાં આવી છે. આ રચનામાં સૌથી ઉપરની ચૌમુખીમાં ચાર તીર્થંકરો કાઉસગ્ગ મુદ્રામાં છે. તે ચાર શાશ્વત તીર્થંકરોના પ્રતીકરૂપે પણ લઇ શકાય. વળી એની નીચેની બે રચનાઓમાં વર્તમાન ચોવીસી અને વીસીના તીર્થંકરોને સરખી સંખ્યામાં મૂકી શકાયા છે. એટલે કે આ આયોજન બહુ દ્રષ્ટિપૂર્વકનું થયું છે.

ત્રણ ગઢની નીચે આઠ પગથિયાં ઉપર ૬ + ૬ + ૬ + ૬ + =૨૪ પ્રતિમા દેશના મુદ્રામાં છે. પરંતુ બારીકાઇથી જોતાં તે તીર્થંકરની પ્રતિમા નથી. તેમના મસ્તકમાં પાછળના ભાગમાં ઓઘાની આકૃતિ કોતરવામાં આવી છે, જે પાસે બેસીને ધ્યાનપૂર્વક જોવામાં ન આવે તો ખ્યાલ આવે એવું નથી. ઓઘાની આકૃતિ છે એ બતાવે છે કે તે તીર્થંકરો નથી, પણ ગણધર ભગવંતો છે. આમ ચોવીસ તીર્થંકરના ચોવીસ ગણધર ભગવંતની આકૃતિ સાવ નીચે કોતરવામાં આવી છે. એ મૂર્તિઓમાં પણ ચાર મૂર્તિઓ સહેજ જુદી જુદી મુદ્રામાં છે. એટલે કે વીસ મૂર્તિઓ તે વિહરમાન વીસ તીર્થંકરના ગણધર તરીકે લઇ શકાય. આમ નીચેની ચોવીસ મૂર્તિઓમાં ૨૦ અને ૨૪ નો સમન્વય કરવામાં આવ્યો હોય એમ જણાય છે.

આ ગર્ભગૃહની બહાર એક બાજુ શિલાપટ મૂકવામાં આવ્યો છે. એમાં શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થો એ દરેકની લાક્ષણિકતા સાથે કોતરવામાં આવ્યા છે. એમાં એક બાજુ ગિરનારમાં એક હાથમાં ઓઘો અને એક હાથમાં મુહપત્તિ સાથે સાધ્વી રાજીમતિની સુંદર આકૃતિ કંડારવામાં આવી છે.

આ જિનમંદિરને નંદીશ્વર દ્વીપના અવતાર જેવું બનાવવાનું હોવાથી વચ્ચે મુખ્ય ગર્ભગૃહ સાથે ચાર દિશામાં (વિદિશામાં) ચાર વિશાળ ઉજ્જવળ મહાધરપ્રાસાદ (ભદ્રપ્રાસાદ) બનાવવામાં આવ્યા છે. ચારે બાજુ ફરતી ૭૬ દેવકુલિકાઓ ઉપરાંત આવી મોટી બીજી મોટી દેવકુલિકાઓ મળીને ૮૪ દેવકુલિકાઓ આ જિનમંદિરમાં બનાવવામાં આવી છે. ૮૪ની સંખ્યા પણ સૂચક છે.

રાણકપુરના જિનમંદિરમાં જે કેટલીક સ્વતંત્ર, વિશિષ્ટ બેનમૂન શિલ્પકૃતિઓ છે, તેમાં મંદિરમાં પ્રવેશતાં જ મેઘમંડપની છતમાં મૂકવામાં આવેલા કલ્પવૃક્ષના પાનની આકૃતિ ધ્યાન ખેંચે એવી છે. આ પ્રકારની રચના અન્યત્ર કોઇ જૈનમંદિરમાં જોવા મળતી નથી. કલ્પવેલીની આ આકૃતિમાં જે વળાંકો અને રેખાઓ સાથે ઝીણી ઝીણી વિગતો કોતરવામાં આવી છે. તે બધાંનું એક પ્રકારનું રમણીયતાપૂર્ણ સૂચક સૌંદર્ય છે. આ મુખ્ય આકૃતિમાં ॐ ના આકારનો આભાસ થાય છે. એટલું જ નહિ તેની ઝીણી ઝીણી પાંખડીઓમાં, કુંપળોમાં અને નસોમાં પણ ॐની આકૃતિ જોવા મળે છે. આવી ઘણી બધી આકૃતિઓને લીધે જાણે ॐકારના સતત રણકારવાળું આ પર્ણ હોય તેવું જણાય છે. જોનારાને તે મંત્રમુગ્ધ કરી દે છે. એની એક એક રેખા સમપ્રમાણ છે. અને સમગ્ર આકૃતિનું એક વિશિષ્ટ સૌંદર્ય અનુભવાય છે. એમાં વર્તુળાકાર અને લંબગોળ રેખાઓનું મનોહર સામંજસ્ય અનુભવાય છે.

આ મંદિરની એક બીજી વિશિષ્ટ, સ્વતંત્ર આકૃતિ તે સહસ્ત્રફણા પાર્શ્વનાથ ભગવાનની છે. લગભગ સાડા પાંચ ફૂટના વ્યાસવાળી અખંડ વર્તુળાકાર શિલામાં આ આકૃતિમાં કોતરવામાં આવી છે. એમાં વચ્ચે પાર્શ્વનાથ ભગવાન કાયોત્સર્ગ ધ્યાનમાં છે. એમની આજુબાજુ ધરણેન્દ્ર અને પદ્માવતી

છે. એમાં સહસ્ત્રફણા (૧૦૦૦ ફણા)વાળા નાગનું છત્ર પાર્શ્વનાથ ભગવાનનું મસ્તક ઢંકાય એવી રીતે ઉપસાવવામાં આવ્યું છે. નાગેન્દ્ર અને નાગિણીની પૂંછડી એવી રીતે ફરતી જાય છે અને અંદરો અંદર ગૂંથાતી જાય છે કે તેનો છેડો કયાં આવતો હશે તેની સમજ ન પડે. આખી શિલ્પાકૃતિમાં પાર્શ્વનાથની ચારે બાજુ વર્તુળાકારે પૂંછડીની આ ગૂંથણી કરવામાં આવી છે. કોઇ પણ વ્યક્તિ સમય કાઢીને સળંગ તે પૂછડીને અનુસરે તો તે કયાં જાય છે અને કેવી રીતે ગૂંથાય છે તે જોઇને આશ્ચર્યમુગ્ધ બની જાય. એમ કરતાં કરતાં પૂછડીનો છેડો છેવટે મૂળ જગ્યાએ આવીને જ તેમાં એવી રીતે સમાઇ જાય છે કે જોનારની નજરમાં તરત તે આવે નહિ. એવી ખૂબીપૂર્વક અને કલાકૃતિનું સ્વરૂપ ધારણ કરે તેવી રીતે પૂછડીની અહીં ગૂંથણી કરવામાં આવી છે. આ શિલ્પાકૃતિ મૌલિક, સમપ્રમાણ, કૌતુકમય, ભક્તિભાવથી સભર અને કલાકૃતિના એક અદ્વિતીય ઉત્કૃષ્ટ નમૂનારૂપ છે. આ શિલ્પાકૃતિ મંદિરના આરંભના કાળની છે કે પછીથી બહારથી લાવીને અહીં બેસાડવામાં આવી છે તેની કોઇ આધારભૂત માહિતી મળતી નથી. એના ઉપર એના પછીના સમયનો લેખ અસ્પષ્ટ છે. પરંતુ સ્થાપનાસમયનો છે કે જીર્ણોદ્ધારના સમયનો છે તે વિશે પણ આધારભૂત માહિતી મળતી નથી.

શિલ્પાકૃતિની નવીનતા અને વિશિષ્ટતાનો એક સુંદર નમૂનો ઉપરના મજલે એક ઘુમ્મટના અંદરના ભાગમાં જોવા મળે છે. એમાં ઘુમ્મટ છતમાં ફુલવેલની એક આકૃતિ એવી રીતે કરવામાં આવી છે કે પ્રથમ દ્રષ્ટિએ તેની વિશિષ્ટ ખૂબી નજરમાં ન આવે. એમ લાગે કે ફુલવેલની નાની મોટી વર્તુળાકાર જુદી જુદી હાર કરવામાં આવી છે, પરંતુ ધારીને જોવામાં આવે તો જુદી જુદી વેલની તે હાર નથી, પરંતુ એક જ વેલની સળંગ આકૃતિ કરવામાં આવી છે. શિલ્પીએ દ્રષ્ટિ ભ્રમનો સરસ પ્રયોગ અહીં કર્યો છે.

દક્ષિણ દિશાના મેઘમંડપમાં એક સ્તંભ વાંકો ગોઠવવામાં આવ્યો છે. ઉતાવળે જોનારની નજરમાં તે આવે એવો નથી, પરંતુ ધ્યાનથી જોતાં તેનું વાંકાપણું જણાય છે. આ સ્તંભ વાંકો હોવા છતાં મેઘમંડપના સૌંદર્યમાં એથી કશી હરકત આવી નથી. આ સ્તંભ કેમ વાંકો રાખવામાં આવ્યો હશે તેનાં કોઇ સાચા કારણની સમજ પડતી નથી, પરંતુ જુદા જુદા અનુમાન થાય છે. મંદિરનું બાંધકામ જેમ જેમ આગળ ચાલતું ગયું હશે તેમ તેમ ઉપરના ભાગનો ભાર ઝીલવાની દ્રષ્ટિએ અથવા માપમાં કંઇ ફરક પડવાની દ્રષ્ટિએ આ સ્તંભ વાંકો કરવામાં આવ્યો હશે. અથવા ધરતીકંપ વગેરેની દ્રષ્ટિએ ભાર ઝીલવા માટે કદાચ આ સ્તંભ વાંકો રાખવામાં આવ્યો હશે. અથવા શિલ્પ સ્થાપત્યની અવનવી ખૂબીઓ જેમ આ મંદિરમાં દર્શાવવામાં આવી છે તેમાં એક વધુ ખૂબી તરીકે શિલ્પીઓએ આ સ્તંભ વાંકો રાખ્યો હશે. અથવા દક્ષિણ દિશાના દેવ યમરાજા છે . એની નજર ન લાગે એટલા માટે આ સ્તંભ વાંકો રાખવામાં આવ્યો હશે. આ બધાં અનુમાન છે, પરંતુ તેના સાચા કારણની આધારભૂત માહિતી કોઇ સાંપડતી નથી.

દક્ષિણ દિશાના દ્વારના ઉપરના ભાગમાં સામસામે બે મોટી શિલાઓ ગોઠવવામાં આવી છે. તેના ઉપર નંદીશ્વર દ્વીપની યંત્રાકારે કોતરણી કરવામાં આવી છે. આ શિલાપટ પાછળથી અહીં લાવવામાં આવ્યા હશે એવું અનુમાન છે.

મંદિરની ઉત્તર દિશામાં કુંભારાણાની ચોકી કોતરવામાં આવી છે. દંતકથા એમ કહે છે કે કુંભારાણાને પણ આ મંદિરમાં પોતાના તરફથી સ્તંભ જેવી એક શિલ્પાકૃતિ કરાવતી હતી અને પોતે રાણા છે એટલે ધરણાશાહની શિલ્પાકૃતિ કરતાં પોતાની શિલ્પાકૃતિ ચડિયાતી થાય એવો એમના મનમાં ભાવ હતો, પરંતુ એમ કહેવાય છે કે કોતરણી કરેલા દિવસે જે પત્થરો ચડાવવામાં આવતા તે રાતના પડી જતા. કોઈ દૈવી પ્રકોપ થયા કરતો હતો અને એને લીધે છેવટે એ રચના પૂરી કરવાનું માંડી વાળવામાં આવ્યું હતું. બીજો મત એવો છે કે બાંધકામના પાછલાં વર્ષોમાં કરાવવામાં આવેલી આ આકૃતિ ખર્ચ વધી જતાં નાણાંને અભાવે અધૂરી રહી હતી. આ અધૂરી રચના આજે પણ કુંભારાણાની સ્મૃતિને તાજી કરાવે છે.

મંદિરમાં બે વિશાળ ઘંટ ગર્ભદ્વારની ડાબી અને જમણી બાજુ રાખવામાં આવ્યા છે. બંને ઘંટ અઢીસો અઢીસો કિલોગ્રામના વજનવાળા છે. એનો ઓમ કાર સરખો રણકાર અત્યંત મધુર છે અને એનું ગુંજન પણ ઠીક ઠીક સમય સુધી રહ્યા કરે છે. જોરથી જો આ ઘંટ વગાડવામાં આવે તો તેનો રણકાર ત્રણ કિલોમિટર સુધી સાંભળી શકાય છે. બંને ઘંટ ઉપર મંત્રાક્ષરો ઉપરાંત યંત્રાકૃતિઓ કોતરવામાં આવી છે. આ બે ઘંટની વિશિષ્ટતા એ છે કે એક ઘંટ ને નરઘંટ છે અને બીજો ઘંટ તે માદાઘંટ છે. બંને ઘંટને વારાફરતી વગાડીને તેના અવાજની પરીક્ષા કરવાથી આ રહસ્ય સમજાય છે. આરતી ટાણે જયારે બંને ઘંટ સાથે જોરથી વાગતા હોય છે ત્યારે એ ઘંટારવનો નાદ કોઈક જુદો વિશિષ્ટ અનુભવ કરાવે છે.

લગભગ પાંસઠ વર્ષ સુધી ચાલેલા મંદિરના બાંધકામને લીધે પછીથી કેટલોક ભાગ સાદા સ્તંભોથી ચલાવી લેવાયો છે અને કેટલેક સ્થળે પણ કેટલુંક કોતરકામ પ્રતિષ્ઠા પછીના સમયમાં કરવામાં આવ્યું છે. રાણકપુરના આ મંદિરની એક ઐતિહાસિક વિશિષ્ટતાએ છે કે એમાં મોગલ બાદશાહ સમ્રાટ અકબરની મૂર્તિ એક સ્તંભમાં કોતરવામાં આવી છે. અકબર બાદશાહે જીવનની ઉત્તરાવસ્થામાં શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી માંસાહારનો ત્યાગ કર્યો હતો. જૈનધર્મ પ્રત્યે બાદશાહ અકબરની લાગણી પૂરા સદ્‌ભાવની રહી હતી એને લીધે જૈન મહાજનોમાં બાદશાહ અકબરનું સ્થાન માનભર્યું રહ્યું હતું. મુસલમાનો મૂર્તિપૂજક નહિ પણ મૂર્તિભંજક ગણાયા છે પરંતુ અકબરમાં એ પ્રકારની કટ્ટરતા નહોતી. અને એથી જ શ્રી હીરવિજયસૂરિના ઉપદેશથી અમદાવાદનો સંઘ સં. ૧૬૫૧માં રાણકપુરની યાત્રાએ આવ્યો હતો અને મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો ત્યારે તેની યાદગીરીમાં એક સ્તંભમાં અકબર બાદશાહની આકૃતિ, સ્પષ્ટ શિલાલેખ સાથે કોતરવામાં આવી છે. ખુદ અકબર બાદશાહે પોતે આ મંદિરની મુલાકાત લીધી હતી કે નહિ તે વિશે માહિતી મળતી નથી, પરંતુ અકબર બાદશાહ ઉત્સુકતા ખાતર પણ જો આ મંદિરમાં પધાર્યા હોય તો તેથી નવાઈ ન થાય. શ્રી હિરવિજયસૂરિ આ મંદિરની યાત્રાએ પધાર્યા હતા કે નહિ તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, પરંતુ દિલ્હી જતાં આવતાં તેઓ આ સ્થળની યાત્રા ન કરે એવો સંભવ નથી.

મૂળ મંદિરના બહારના ભાગમાં ઉત્તર દિશાની ભમતીની એક દેવકુલિકાના ગર્ભગૃહમાં કસોટીના પત્થરમાંથી બનાવેલી નાગની ફણાવાળી એવી બે પ્રતિમાઓની સ્થાપના બાજુ બાજુમાં કરવામાં આવેલી છે. બરાબર ધ્યાનથી ન જોઈએ તો ફણાને આધારે બંને પ્રતિમા પાર્શ્વનાથ ભગવાનની હશે એમ માની લેવાની ભૂલ થવાનો સંભવ છે, પરંતુ એમાંની એક પ્રતિમા પાર્શ્વનાથ ભગવાનની છે અને બીજી પ્રતિમા સુપાર્શ્વનાથ ભગવાનની છે. સુપાર્શ્વનાથની પ્રતિમા કોઈ કોઈ મંદિરમાં નાગની ફણાવાળી હોય છે. સુપાર્શ્વનાથ ભગવાનનું લાંછન સ્વસ્તિક છે. આ લાંછનના આધારે એ પ્રતિમા સુપાર્શ્વનાથ ભગવાનની છે એ સ્પષ્ટ જણાય છે. (બંને ભગવાની ફણાની સંખ્યામાં પણ ફરક કરવામાં આવ્યો છે.)

આ ગર્ભગૃહમાં બાજુમાં શેઠ ધરણાશાહની પાઘડી, ખેસ, આભૂષણોવાળી તથા હાથમાં માળાવાળી એક નાની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રતિમાની સ્થાપના પછીના વખતમાં થઈ હોવાનો સંભવ છે.

મંદિરમાં નીચેના ભાગમાં જેટલું કોતરકામ થયું છે તેટલું ઉપરના ભાગમાં નથી થયું, સિવાય કે મેઘમંડપના ઘુમટની અંદર જે થયું છે તે. ઉપરના મજલે ચૌમુખી પ્રતિમાઓ છે. બીજા, ત્રીજા મજલે જવાનાં પગથિયાં પણ સાંકડાં અને ઊંચા છે. પરંતુ બીજા ત્રીજા મજલે મંદિરની પવિત્રતા સાથે બહારના નૈસર્ગિક વાતાવરણની રમ્યતાનો અનુભવ વિશિષ્ટ જ છે. ત્યાં માત્ર જોવા ખાતર જનારને જેટલો આનંદ થાય તેના કરતાં ત્યાં કંઈક વાર શાંતિથી બેસવાથી વિશિષ્ટ અનુભવ થાય છે. ધ્યાન માટે પણ એ ઊંચા, એકાન્ત અને પ્રેરક સ્થળની ઉપયોગિતા ઘણી છે. પ. પૂ. સ્વ. પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ત્યાં ઘણી વાર ધ્યાનમાં બેસતા હતા.

શિલ્પની નવીનતા અને દર્શકને મુગ્ધ કરે એવી ચાતુરી બતાવવાની દ્રષ્ટિએ કેટલીક આકૃતિઓ વિશિષ્ટ પ્રકારની કરવામાં આવી છે. એમાં એક સ્થળે છતમાં કીચકની આકૃતિ કરવામાં આવી છે. એને મુખ એક જ છે અને એનાં જુદાં જુદાં શરીર જુદી જુદી દિશામાં બનાવવામાં આવ્યાં છે. કોઈ સ્થળે આવા પંચશરીરી વીરની આકૃતિ પણ જોવા મળે છે.

છતમાં એક સ્થળે નાગદમણની આકૃતિ પણ ઝીણવટપૂર્વક દોરવામાં આવી છે.

જૈન મંદિરોનું બાંધકામ હિન્દુ શિલ્પીઓના હાથે થતું અને તેઓની પૂર્વ શરતને કારણે તેમજ બંધાવનારની ઉદારતાને કારણે તથા એ જમાનામાં હિંદુ અને જૈન વચ્ચે એવી કોઈ સંકુચિતતા ન હતી એને કારણે ભારતના ઘણા જિનમંદિરોમાં હિન્દુ દેવદેવીઓ અને રામાયણ-મહાભારતના પ્રસંગોની આકૃતિઓ જોવા મળે છે. જૈન રામાયણ અને જૈન મહાભારત જેવી જૈન પરંપરાની કૃતિઓ હોવાને કારણે પણ જૈન મંદિરોના શિલ્પ સ્થાપત્યમાં તેને સ્થાન મળ્યું છે. એક રીતે કહીએ તો મધ્યયુગમાં જૈન મંદિરોનું શિલ્પ-સ્થાપત્ય એટલે ધર્મનિરપેક્ષ વિવિધ પરંપરાનો સમન્વય અને સંગમ. એમાં ગ્રીક, રોમન અને ઈરાનિયન શિલ્પ-સ્થાપત્યની અસર પણ જોઈ શકાય છે અને ઈસ્લામના શિલ્પ-સ્થાપત્યની અસર પણ જોઈ શકાય છે.

મધ્યકાલીન ભારતીય હિંદુ-જૈન મંદિરોનાં શિલ્પસ્થાપત્યની એક લાક્ષણિકતાએ જગતભરના કલાવિદોને આશ્ચર્યચકિત કરી દીધા છે. એ લાક્ષણિકતા છે નગ્ન, અશ્લીલ કહી શકાય એવી કામભોગની - રતિક્રીડાની શિલ્પાકૃતિઓ. આ લાક્ષણિકતા ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વિશેષપણે જોવા મળે છે. ખજુરાહોનાં મંદિરો એને માટે વધુ પ્રસિદ્ધ બની ગયાં છે. મોઢેરા, રાણકપુર, અને અન્ય કેટલાંક સ્થળોનાં હિંદુ-જૈન મંદિરોમાં પણ કામભોગની શિલ્પાકૃતિઓ જોવા મળે છે.

શું રાણકપુરના આદિનાથ ભગવાનના મુખ્ય મંદિરમાં પણ આવી આકૃતિઓ છે ? હા, તેમાં પણ છે. ધરણાશાહ જેવા ૩૨ વર્ષની વયે આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર સંયમી પુણ્યાત્મા પોતાના મંદિરમાં આવી શિલ્પાકૃતિ કરાવે ખરા ? ન જ કરાવે, જો પોતાનું એકલાનું જ ચાલે તો; છતાં તેમને તેમ કરાવવું પડયું છે તો તેનાં કારણો પણ હશે જ.

રાણકપુરમાં મુખ્ય મંદિર 'ધરણ વિહાર' ઉપરાંત પશ્ચિમ બાજુ જે બીજાં નાનાં મંદિરો છે તેમાં નેમિનાથ ભગવાનનું શિખરબંધી દેરાસર છે. એમાં પરિકર સહિત નેમિનાથ ભગવાનની બે ફૂટ ઊંચી શ્યામવર્ણી પ્રતિમા છે. તદ્દુપરાંત નાની મોટી પાંત્રીસેક જેટલી પ્રતિમાઓ હાલ છે. એમાંની કેટલીક ઉપર સં. ૧૪૪૪માં પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. એનો અર્થ એ થયો કે કાં તો રાણકપુરનું મંદિર બંધાતું હતું તે દરમિયાન અથવા રાણકપુરના મંદિરનું બાંધકામ ચાલુ થયું તેની પહેલાં આ મંદિરની પ્રતિષ્ઠા થઈ હતી. આ મંદિરમાં પરિકરની રચના તથા બહાર દેવાંગનાઓ વગેરેની આકૃતિઓ બારીકાઈથી સરસ કંડારેલી છે. આ મંદિરની બહારની બાજુ સ્ત્રીપુરુષની રતિક્રીડા કરતી નજરે પડે એવી નગ્ન શિલ્પાકૃતિઓ છે. આ મંદિર સોમલ પોરવાડે બાંધાવ્યું હતું એવો ઉલ્લેખ એક હસ્તપ્રતમાં મળે છે : तिणरै पाखती देवल १ सोमल पोरवाड करायो तिणमें नागी पूतली छै । આ સોમલ પોરવાડ તે ધરણાશાના મુનીમ હતા એવી માન્યતા છે, મૂળ મોટું મંદિર બંધાતાં ઘણાં વર્ષ લાગવાનાં હોય ત્યારે ત્યાં આવીને વસેલા લોકો માટે દર્શન-પૂજાની વ્યવસ્થા કરવાના હેતુથી આસપાસ પહેલાં એક નાનું મંદિર બંધાવવાની પ્રથા ચાલી આવે છે. એ રીતે આ મંદિરની પ્રતિષ્ઠા વહેલી થઈ ગઈ હશે ! પરંતુ એમાં નગ્ન પૂતળીઓ છે એથી આશ્ચર્ય થવાનો સંભવ છે, પરંતુ એના અર્થ જ એ કે દર્શન-પૂજા કરવા આવનાર સેંકડો, હજારો લોકોએ તથા રાણકપુરના મુખ્ય મંદિરનું બાંધકામ ચાલતું હતું તે જોવા આવનાર મુસાફરોએ, ખુદ ધરણાશાહે કે કુંભારાણાએ આ નગ્ન પૂતળીઓ સામે વાંધો નહિ લીધો હોય કે ઉહાપોહ નહિ મચાવ્યો હોય. તેમની સંમતિ વગર આમ બની શકે નહિ. જો આમ હોય તો સમગ્ર પરિસ્થિતિનો ઉતાવળથી વિચાર કરવા કરતા સાપેક્ષ દ્રષ્ટિબિંદુઓથી ઊંડાણથી વિચાર કરવો જોઈએ.

નેમિનાથ ભગવાનના આ મંદિરમાં કંડારવામાં આવેલાં કામભોગનાં એ શિલ્પો પ્રત્યે પછીના પડતીના કાળમાં ઘણા લોકોને નફરત થઈ હતી. 'મારવાડ રાજયકા ઈતિહાસ' નામના ગ્રંથમાં નેમિનાથ ભગવાનના આ મંદિરને લોકો 'વેશ્યાનાં મંદિર' તરીકે ઓળખાવતા હતા એવો ઉલ્લેખ છે.

મંદિરોમાં કામભોગના શિલ્પોની પરંપરા મધ્યયુગમાં અને તેમાં પણ પશ્ચિમ ભારતમાં વિશેષપણે પ્રચલિત થઈ. જયારે વિધર્મીઓનાં અને તેમાં પણ ખાસ કરીને ભારત બહારથી આવેલા મુસલમાનોનાં હિન્દુ-જૈન મંદિરો ઉપર આક્રમણો થયાં ત્યારે આવાં કામભોગનાં શિલ્પો મંદિરની બહાર જો કરવામાં આવ્યાં હોય તો ખંડિત કરવા માટેનું આ ધર્મસ્થાનક નથી એવી છાપ સૈનિકોમાં પડે. વળી લશ્કરમાં લાંબા સમયથી એકલા રહેલા અને જાતીય જીવન માટે ભૂખ્યા થયેલા યુવાન સૈનિકો આવાં શિલ્પો જોઈને તેમાં રાચે અને મંદિરને નષ્ટ કરવાનું માંડી વાળે. કામભોગની શિલ્પાકૃતિઓવાળાં આવાં કેટલાક મંદિરો વિધર્મીઓના હાથે નષ્ટ થતાં બચી ગયાં છે એ ઉપરથી પણ આવું એક અનુમાન કરાય છે.

ભારતીય શિલ્પપરંપરામાં ધર્મસ્થળોમાં નગ્નતાનું આલેખન બહુ પ્રાચીન કાળથી ચાલ્યું આવે છે. પરંતુ નૈસર્ગિક નગ્નતા અને કામભોગની નગ્નતા વચ્ચે ભેદ કરવાનો રહેશે. પાશ્ચાત્ય દેશોમાં પણ સૈકાઓ પૂર્વે વિનસ, એપોલો વગેરેની નગ્ન મૂર્તિઓ જોવા મળે છે. માઈકલ એન્જલો અને અન્ય ચિત્રકારોએ દોરેલાં વિશાળ ભીંતચિત્રો કે છતચિત્રોમાં નગ્નતાનું નિરૂપણ થયેલું છે.

પ્રકૃતિમાં નગ્નતા સહજ છે. બાળક નગ્નસ્વરૂપે જન્મે છે. પશુ પંખીઓ નગ્ન સ્વરૂપે જ હોય છે. માનવ સંસ્કૃતિના આદિકાળમાં મનુષ્ય નગ્નસ્વરૂપે જ રહેતો, વિચરતો હતો. આજે પણ કેટલીક આદિવાસી જાતિઓમાં સ્ત્રી-પુરુષ નગ્ન સ્વરૂપે રહેતાં જોવા મળે છે, કારણ કે નગ્નતા એમને માટે સહજ અને સ્વાભાવિક પરિસ્થિતિ છે.

ભારતીય સંસ્કૃતિનાં હિન્દુ અને જૈન મંદિરોની સ્થાપત્ય કલામાં નગ્ન શિલ્પાકૃતિઓ વિશે ઘણાને પ્રશ્ન થાય છે. ભારતીય સંસ્કૃતિ દુનિયાની પ્રાચીનતમ સંસ્કૃતિ છે અને એણે જીવનની સર્વ અવસ્થાનો સવિગત અને સમતોલ પરામર્શ કર્યો છે. એથી જ એણે કેવળ નૈસર્ગિક શારીરિક નગ્નતા અને શૃંગાર રસિક જાતીય જીવનની નગ્નતાને જુદાં જુદાં પરિપ્રેક્ષ્યમાં તપાસી છે. આર્ય સંસ્કૃતિ અને દ્રાવિડ સંસ્કૃતિનો સંગમ થયો એ કાળ દરમિયાન દ્રાવિડોની લિંગપૂજા આર્યોએ સ્વીકારી લીધી હતી. એટલે શંકર ભગવાનનાં મંદિરોમાં યોનિ (થાળું) સહિત લિંગપૂજા હજારો વર્ષથી ચાલી આવી છે. કુદરતમાં પણ એવાં કેટલાંક સ્થળો કુદરતી રીતે નિર્માયેલાં મળ્યાં છે જે જયોતિર્લિંગ તરીકે ઓળખાયાં છે. એવાં બાર જયોર્તિલિંગ ભારતમાં જુદાં જુદાં સ્થળે જોવા મળે છે. હજારો વર્ષથી ચાલી આવતી આ પરંપરાને લીધે ભારતીય જનજીવન માટે શારીરિક નગ્નતા ધર્મક્ષેત્રે પણ સ્વાભાવિકતાથી સ્વીકારાયેલી છે. પ્રજોત્પતિના એટલે કે સંસાર સાતત્યના પ્રતીકરૂપ લિંગપૂજાથી ભારતીય પ્રજા કયારેય ક્ષોભ અનુભવતી નથી.

ભગવાન મહાવીરના સમયથી અને તેથી પણ પૂર્વેના સમયથી-હજારો વર્ષથી દિગમ્બર આમ્નાય પ્રચલિત છે. હિંદુઓમાં નાગાબાવાની પરંપરા ચાલી આવી છે. ભગવાન મહાવીર પોતાની સાધનાના સાડા બાર વર્ષ દરમિયાન અને કેવળજ્ઞાન પછી દેશનાના ત્રીસ વર્ષ દરમિયાન સંપૂર્ણ નગ્ન સ્વરૂપે જ વિચર્યા હતા. ભગવાન મહાવીરના સમયથી ચાલી આવતી દિગમ્બર સાધુ સમાજની અખંડિત પરંપરામાં આજે પણ સેંકડો દિગમ્બર સાધુઓ વિચરે છે. એમની પાસે એકત્ર થયેલાં ભક્ત સ્ત્રી પુરુષોને જરા પણ ક્ષોભ થતો નથી, બલકે તેમના પ્રત્યે પૂજય ભાવ રહે છે. ભારતમાં શ્રમણ બેલગોડા, મુડબિદરી, કારકલ વગેરે અનેક સ્થળે બાહુબલિજીની વિશાળ ઊંચી નગ્ન પ્રતિમા જોવા મળે છે. એ પ્રતિમા પાસે જતાં ઔત્સુકયનો ભાવ કદાચ જન્મે, પણ કામવિકાર જન્મતો નથી. ઊલટું, કામભાવ જન્મ્યો હોય તો તે ત્યાં ઉપશાંત થઈ જાય છે. એટલે જયાં જયાં નગ્નતા ત્યાં ત્યાં કામવાસના એવી વ્યાપ્તિ બાંધી-શકાય નહિ. ભારતમાં સેંકડો દિગમ્બર મંદિરોમાં હજારો ભાવિકો રોજેરોજ નગ્ન પ્રતિમાનાં દર્શનપૂજન પૂરેપૂરી સાહજિકતાથી કરે છે.

વળી ભારતીય સંસ્કૃતિમાં કામેચ્છાને સહજ નૈસર્ગિક દેહધર્મ તરીકે ઓળખાવ્યો છે. ચાર પુરુષાર્થમાં 'કામ'ને સ્થાન આપવામાં આવ્યું છે. એટલા માટે જે ગંભીર દ્રષ્ટિથી 'કામસૂત્ર' લખનાર વાત્સ્યાયનને ભગવાન તરીકે ઓળખવામાં આવ્યા છે.

ભારતીય જનજીવનમાં શ્રદ્ધા કે અંધશ્રદ્ધા પણ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. સમગ્ર દુનિયાની ગ્રામીણ પ્રજાઓમાં આવી કંઈક વહેમભરેલી માન્યતાઓ હોય છે. કામભોગના શિલ્પ માટે એક માન્યતા એવી છે કે

શિલ્પીઓએ પોતે સરસ રમણીય મંદિરનું બાંધકામ કર્યું હોય તે પછી તે મંદિરને કોઈની નજર ન લાગવી જોઈએ એટલા માટે મંદિરના બહારના ભાગમાં તેઓ કામભોગની થોડીક શિલ્પાકૃતિઓ ઈરાદાપૂર્વક મૂકતા. ભારતમાં નાનાં બાળકને નવરાવીને, સુંદર વસ્ત્રો પહેરાવીને, સારી રીતે સજ્જ કરીને પછી માતા એના કાન પાસે કે કપાળે એકાદ સ્થળે કાળું ટપકું (મસો) કરે છે કે જેથી પોતાના દેખાવડા બાળકને કોઈની નજર ન લાગે. કેટલાક માણસો પોતાનાં સંતાન જીવતાં ન રહેતાં હોય તો તે પછીના બાળકનું નામ ગાંડાલાલ, કચરાલાલ, ભીખાલાલ, ગોદડદાસ કે એવું કોઈ વિચિત્ર નામ આજે પણ પાડે છે. ભારતીય પરંપરાની આ ખાસિયત છે. એથી જ ભારતીય શિલ્પ સ્થાપત્યની પરંપરામાં સુંદર મંદિરને કોઈની નજર ન લાગે એટલા માટે આવી નિકૃષ્ટ શિલ્પાકૃતિઓ મંદિરના બહારના ભાગમાં જ મૂકવામાં આવતી કે જે જોતાં જ પ્રેક્ષકને મંદિરની એ પ્રકારની ત્રુટિ મનમાં ખટકવા લાગે. એથી સુંદર મંદિરને એની નજર ન લાગે. મંદિરને જો કોઈની નજર ન લાગે તો વીજળી, આગ, ધરતીકંપ, પુર, દુકાળ વગેરે કુદરતી આપત્તિ મંદિરને નડે નહિ જ એવો વહેમ મધ્યકાળમાં પ્રચલિત થઈ ગયો હતો.

એક મત એવો છે કે માનવજીવનના આદિકાળની યુગલિક તરીકેની પ્રાકૃત અવસ્થાનું એ શિલપવિધાન છે. એ સ્થૂલ, પ્રાકૃત, વાસ્તવિક પરંતુ નિકૃષ્ટ અવસ્થામાંથી માનવે ત્યાગ, સંયમ અને ઉપશમ દ્વારા મંદિરની અંદર રહેલા ભગવાન સુધી પહોંચવાનું છે, માટે જ મંદિરના અંદરના ભાગમાં કે ગર્ભગૃહમાં કામભોગનું શિલ્પવિધાન ક્યાંય જોવા નહિ મળે.

કામભોગનું શિલ્પ મંદિરના ફક્ત બહારના ભાગમાં થોડુંક પણ કંડારવું જોઈએ એવી વંશવારસાગત પરંપરા પછી તો શિલ્પીઓમાં પ્રચલિત બની ગઈ હતી. પેઢી દર પેઢી એ પરંપરા ઊતરતી આવી હતી. પછી તો કોઈ પણ મંદિરના બાંધકામની દરખાસ્ત આવે ત્યારે શિલ્પીઓ પોતે જ મંદિર બંધાવનાર રાજા કે શ્રેષ્ઠિની સાથે એવી પૂર્વ શરત જ કરતા કે જો થોડુંવતુ કામભોગનું શિલ્પ તેમને કરવા દેવામાં આવે તો જ તેઓ મંદિરનું બાંધકામ હાથમાં લઈ શકે. 'અમારા કુળદેવતાની આ આણ છે' એમ પણ કેટલાક કહેતા. આરંભમાં હિન્દુ મંદિરો માટેની શિલ્પીઓની આ પૂર્વ શરત સમય જતાં જૈન મંદિરો માટે પણ થવા લાગી કારણ કે જૈન મંદિરો હિંદુ શિલ્પીઓ, વિશેષત: સોમપુરાઓ દ્વારા બંધાયેલાં છે. સારામાં સારા શિલ્પી પાસે જો કામ કરાવવું હોય તો આટલી શરત તો માન્ય રાખવી જ પડશે એવું અમુક કાળે તો અનિવાર્ય બની ગયું હતું. પરિણામે કેટલાક રાજવીઓ કે શ્રેષ્ઠિઓ શિલ્પકલાની દ્રષ્ટિએ સાદાં મંદિરો બંધાવવા તરફ વળ્યા હતા, અને મધ્યમ કક્ષાના શિલ્પીઓથી ચલાવવા લાગ્યા હતા.

કેટલાક રાજવીઓ કે શ્રેષ્ઠિઓએ સારા શિલ્પીઓ પાસે મંદિરો બંધાવવા માટે એમની પૂર્વ શરતની બાબતમાં કેટલાક બાંધછોડના ઉપાયો પણ શોધી કાઢ્યા હતા. કેટલાક એવી શરત કરતા કે કામભોગનું શિલ્પ ભલે કરવામાં આવે પણ તે મંદિરના સાવ પાછળના ભાગમાં જ કરવામાં આવે કે જેથી ફક્ત મંદિરની બહારની પ્રદક્ષિણા કરનાર લોકોની જ ત્યાં નજર જાય. કેટલાક એવી શરત કરતા કે બહારના ભાગમાં જ્યાં ખૂણા કે ખાંચા આવે ત્યાં જ તેવી શિલ્પાકૃતિઓ કરવી. કેટલાક એવી શરત કરતા કે કામભોગના શિલ્પો છૂટાછવાયાં નાનાં નાનાં કદનાં કરવાં અને એની આસપાસ દેવદેવીઓ કે ફૂલવેલનાં વધુ મોટાં કદનાં ધ્યાનાકર્ષક શિલ્પ કરવાં કે જેથી કામભોગનાં શિલ્પો ઉપર લોકોની ઓછી નજર જાય. કેટલાક એવી શરત કરતા કે એવાં શિલ્પો એટલાં ઊંચે કરવાં કે જેથી માણસ જો ઊંચી નજર કરે તો જ તેને તે જોવા મળે. કોઈક વાર બે મોટી પેનલની વચ્ચે એક નાની પેનલ તરીકે કામભોગનાં શિલ્પ મૂકી દેવામાં આવતાં, તો કોઈવાર એવી શિલ્પાકૃતિઓ એવી સંદિગ્ધ કે અટપટી રીતે કોતરવામાં આવતી કે જેથી દૂરથી જોનારને જુદો આભાસ ઉત્પન્ન થાય. અને માત્ર નજીકથી ઝીણવટપૂર્વક જોનારને જ કામભોગનું શિલ્પ સમજાય. આમ વિવિધ રીતે કામભોગના શિલ્પની રચનાની બાબતમાં શરતો થતી. અથવા શિલ્પીઓ પણ સ્વેચ્છાએ તેવી તરકીબો કરતા. કારણકે બધા શિલ્પીઓને તેમ કરવું ગમતું નહી. કેટલાક કુળનાશના ભયથી તેવું શિલ્પ કોતરતાં.

કોઈ કોઈ મંદિરોમાં તે બંધાવનારની પોતાની જ શૃંગારરસિકતા અથવા શિલ્પીઓની પોતાની શૃંગારરસિકતા રહેલી હોય એવું સમજાય છે. કોઈક શિલ્પાકૃતિઓમાં શિલ્પીઓની કે તે બંધાવનારા રાજવીની વિકૃત મનોદશાનું પ્રતિબિંબ પડયું હોય એવો વહેમ જાય છે. સાંસ્કૃતિક અધ:પતનના એ કાળમાં આમ બનવું સ્વાભાવિક છે.

કેટલીક વિકૃત શિલ્પાકૃતિઓમાં શિલ્પીઓનો એવું બતાવવાનો સંનિષ્ઠ આશય પણ હોઈ શકે કે મનુષ્ય પોતાના બાહ્ય જીવનમાં વધુમાં વધુ અધમ કક્ષાએ કેટલો બધો પહોંચી જાય છે ! ત્યાંથી એણે મંદિરની અંદર રહેલા ભગવાન સુધી પહોંચવાનું છે. મંદિરના બહારના ભાગમાં પાર્થિવ, પ્રાકૃત પણ વાસ્તવિક એવી મનુષ્યનાં જાતીય જીવનની અધમતા બતાવવામાં આવી છે. ત્યાંથી એણે શિખરની ટોચ સુધી ઊંચે ચડવાનું છે. અધમમાં અધમ જીવન તો ત્યાં સુધીનું હોઈ શકે છે કે જેમાં મનુષ્ય પોતે તિર્યંચ ગતિના જીવો સાથે રતિક્રીડા કરે. કોઈક મંદિરોમાં કામભોગનાં શિલ્પોમાં પશુ સાથેની મનુષ્યની રતિક્રીડા પણ દર્શાવવામાં આવી છે. રાણકપુરના ધરણવિહાર મંદિરમાં પણ એ છે.

રાણકપુરના 'ધરણવિહાર' દેરાસરમા પગથિયા ચઢતાં સૌથી પહેલી જે નાની છત આવે છે તેમાં ડાબી બાજુ એક નાની સરખી પેનલમાં, તરત નજરે ન આવે એવી કંઈક અસ્પષ્ટ રીતે કામભોગની કેટલીક તદ્દન નાની નાની શિલ્પાકૃતિ કંડારવામાં આવેલી છે. શિલ્પીની શરત સચવાય અને છતાં આવા ભવ્ય જિનમંદિરમાં ગૌરવ અને ઔચિત્ય પણ બરાબર સચવાય એ રીતે આ શિલ્પાકૃતિ કરવામાં આવી છે. મંદિરમાં અંદર મુખ્ય ગર્ભદ્વારની બહાર જમણી બાજુ ભૈરવ યક્ષ અને યક્ષિણીને નગ્ન અવસ્થામાં બતાવવામાં આવ્યાં છે. અલબત્ત તેમાં શૃંગારનો ભાવ નથી. પણ તે સહજકૃતિ છે. પણ શિલ્પીઓનાં પારંપારિક દેવ-દેવી તરીકે જ તે મૂકવામાં આવ્યાં છે. વળી તેની પૂજા કરવાની પરંપરા મંદિરના પૂજારીઓમાં આજ દિવસ સુધી ચાલી આવી છે. આ કામભોગનું શિલ્પ નથી. પણ સહજાવસ્થાનું શિલ્પ છે. એ પણ ધરણાશાહે પોતે નહિ કરાવ્યું હોય, પરંતુ શિલ્પીની એ શરત હશે એમ લાગે છે !

નેમિનાથ ભગવાનના મંદિર પાસે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. તે ઉત્તરાભિમુખ છે. મંદિરની બાંધણી સરસ છે. પાર્શ્વનાથ ભગવાનની ત્રીસ ફૂટ ઊંચી સુંદર પ્રતિમા છે. તદુપરાંત બીજી ઘણી પ્રતિમાઓ તેમાં છે. આ મંદિરની સ્થાપના પછીના કાળમાં થઈ હશે. ધરણવિહારની સ્થાપના થઈ ત્યારે રાજસ્થાનમાં તપગચ્છનો વિશેષ પ્રચાર હતો. પછીથી ખરતરગચ્છનો પ્રચાર વધ્યો. એટલે પોતાના ગચ્છનું જુદું મંદિર બંધાવવાની ભાવના થઈ હશે કારણકે આ મંદિર 'ખરતરવસહી' તરીકે ઓળખાતું હતું. ખરતરગચ્છની કવિ સમયસુંદરે 'ખરતરવસહી ખાતસુ રે લાલ' એમ પોતાની એક રચનામાં ગાયું છે.

રાણકપુરના મંદિરથી એક કિલોમિટરના વિસ્તારમાં જીર્ણ હાલતમાં એક મંદિર છે. એ શિખરબંધી મંદિરમાં ચક્રેશ્વરી દેવીની મૂર્તિ છે. તદુપરાંત એક સૂર્યમંદિર પણ છે. એ પણ ધ્વસ્ત થઈ ગયેલું છે.

આમ, રાણકપુરના મંદિરનો ઈતિહાસ રસિક પ્રેરક અને આશ્ચર્યમુગ્ધ કરી દે એવો છે. જાણે આકાશમાં વિહરતા આ દેવવિમાનમાં ધર્મભાવના અને સૌન્દર્યભાવના એકરૂપ થઈને આરસમાં કવિતારૂપે અવતરી છે. પુણ્યાત્મા ધરણાશાહે સ્વપ્નમાં જોયા પ્રમાણે કરાવેલી નલિનીગુલ્મની આ રચનામાં ફરતાં ફરતાં આપણે જાણે સ્વપ્નસૃષ્ટિમાં ગરકાવ થઈ જઈએ છીએ.

□□□

## નેત્રયજ્ઞ

**અમને જણાવતાં આનંદ થાય છે કે સ્વ. ચંદુલાલ જેસંગલાલ ભણશાલીના સ્મરણાર્થે નેત્રયજ્ઞનું આયોજન કરવા માટે એમના પરિવારના સભ્યો તરફથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘને રૂા. ૧૫,૦૦૦/- (પંદર હજાર)નું દાન મળ્યું છે.**

**આ નેત્રયજ્ઞ સંઘના ઉપક્રમે અને શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ-ચિખોદરાના સહયોગથી માર્ચ મહિનામાં યોજવામાં આવશે.**

# મનોદૈહિક રોગો

❑ પ્રો. તારાબહેન ૨. શાહ

માનવ શરીર એક પ્રકારનું યંત્ર છે. યંત્રને જેમ ઘસારો લાગે છે, એમાં ખરાબી ઉત્પન્ન થાય છે અને એક દિવસ યંત્ર કામ આપતું બંધ થાય છે તેવું માનવ શરીરનું પણ છે. પાંચ ઈન્દ્રિયો અને મનના વ્યાપારો પરસ્પર એવા સંકળાયેલા છે કે તેની એક બીજા ઉપર અસર પડયા વગર રહેતી નથી. માનવશરીરમાં સ્થૂલ વ્યાપારો ઉપરાંત સૂક્ષ્મ વ્યાપારો પણ ઘણા બધા છે. એને લીધે માનવશરીરના રોગોની સંખ્યા પણ અપરિમિત છે. દુનિયામાં જેટલા રોગો અત્યારે જાણીતા છે તેમાં નવા રોગોનો ઉમેરો થશે નહિ એમ કહી શકાય નહિ.

સુખસગવડની નવી નવી વૈજ્ઞાનિક શોધો થતાં અને તેનો પ્રભાવ જીવન ઉપર પડતાં કેટલાક નવા નવા રોગો વિશે જાણવા મળે છે. તબીબી ક્ષેત્રે છેલ્લાં ચારેક દાયકામાં ઘણું બધું સંશોધન થયું છે. કેટલાયે રોગો ઉપર તબીબી વિજ્ઞાને વિજય મેળવ્યો છે . મરકીની જેમ મોટા બળિયાનો રોગ દુનિયામાંથી નાબૂદ થયો છે. ક્ષયરોગ હવે રાજરોગ રહ્યો નથી, બાળલકવાના કિસ્સા ઓછા થતા ગયા છે, બીજી બાજુ 'એઈડ્સ' જેવા નવા ચેપી રોગે દુનિયાને ચિંતામાં ધકેલી દીધી છે.

ચિત્તની દશાની દેહ ઉપર અસર થયા વગર રહેતી નથી. વધુ પડતો અવાજ, વધુ પડતો પ્રકાશ, વધુ પડતી ગતિ વગેરેની અસરને કારણે નવા નવા માનસિક રોગો વધવા લાગ્યા છે. મનની શરીર ઉપર પડતી અસરને લીધે તેવા પ્રકારના શારીરિક રોગો પણ થવા લાગ્યા છે. તબીબી વિજ્ઞાનના ક્ષેત્રે મનોદૈહિક (Psychosomatic) રોગોની વિચારણા અને તેનાં સંશોધનો હવે વધુ થવા લાગ્યા છે.

ચિત્તની સ્વસ્થતા હોય, આવેગો ઓછાં હોય, વ્યગ્રતા ઓછી હોય, સમતા હોય, સમતુલ દ્રષ્ટિબિન્દુ હોય તો કેટલા બધા મનોદૈહિક રોગોમાંથી બચી શકાય છે ! દુનિયાના દરેક ધર્મમાંથી માનસિક સાંત્વન માટેના કોઈને કોઈ ઉપાયો અવશ્ય જડી આવવાનાં. જૈન ધર્મે મનુષ્યના મનનું ઊંડું અવગાહન કર્યું છે અને તેને પરિણામે જૈન ધર્મે કેટકેટલા નિયમો અને આચારો એવા દર્શાવ્યા છે કે જે વડે ધર્મપાલન દ્વારા ચિત્તની શાંતિ ઉપરાંત કૌટુમ્બિક, સામાજિક અને વૈશ્વિક શાંતિ અને સુખાકારી પ્રાપ્ત કરી શકાય છે.

કેટલાક દિવસ પહેલાં કચ્છમાં બિદડા સર્વોદય ટ્રસ્ટના ઉપક્રમે બિદડામાં ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખપદે નેત્ર, દંત વગેરે માટેના યજ્ઞના તથા વિવિધ રોગો માટેની નિદાન શિબિરના ઉદ્દઘાટન સમારંભમાં ભાઈશ્રી નેમચંદ ગાલાના 'જિન દર્શન અને મનોદૈહિક રોગો' નામના નવા પુસ્તકનું વિમોચન કરવા માટે મને ટ્રસ્ટના પ્રમુખ શ્રી બચુભાઈ રાંભિયા અને સંચાલક શ્રી પનાલાલ આર. શાહ તરફથી નિમંત્રણ પ્રાપ્ત થયું હતું. આ પ્રસંગે સર્વ શ્રી દામજીભાઈ એન્કરવાલા, કેશવજીભાઈ છેડા, શામજીભાઈ વોરા, અમરચંદભાઈ ગાલા, કે. કે. શાહ, વિશનજી કુરિયા, લીલાધર ગડા, લાયન ડૉ. જતીન શાહ, લાયન પ્રવીણભાઈ કે. શાહ, ડૉ. આર. કે. શાહ, નેમચંદ ગાલા વગેરે મહાનુભાવો તથા નિષ્ણાત ડૉકટરો અને સેવાભાવી કાર્યકર્તાઓ વગેરે ઉપસ્થિત હતા. આફ્રિકા, લંડન વગેરેથી કેટલાક મહેમાનો પધાર્યા હતા. ગ્રંથવિમોચન નિમિત્તે શ્રી નેમચંદ ગાલાનું પુસ્તક વાંચી જવાની અને જૈન ધર્મ તથા મનોદૈહિક રોગો વિશે વિચારવાની મને તક મળી હતી. શ્રી નેમચંદ ગાલા જૈન ધર્મના અભ્યાસી છે. તેઓ વ્યવસાયે વકીલ છે. નવલકથા, ટૂંકી વાર્તા વગેરેના તેઓ લેખક છે. 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી' વિશે તેમણે સરસ અધ્યયન કરીને પુસ્તક લખ્યું છે. એમનું લખાણ તર્કયુક્ત, બુદ્ધિગમ્ય, મુદ્દાસરનું અને વાંચવું ગમે એવું હોય એ સ્વાભાવિક છે. આ નવું પુસ્તક પણ એમણે ઘણું અધ્યયન કરીને લખ્યું છે. એમણે પોતાના વિશાળ વાંચનમાંથી વિવિધ પ્રસંગો ટાંકીને તથા દેશવિદેશના નિષ્ણાત દાકતરો તથા સમાજચિંતકો અને તત્ત્વચિંતકોના અભિપ્રાયો આપીને મનોદૈહિક રોગોના વિષયને યોગ્ય ન્યાય આપ્યો છે. જૈન ધર્મમાં કષાયો, લેશ્યાઓ વગેરેની જે વિચારણા કરવામાં આવી છે તેની દ્રષ્ટિએ એમણે મનોદૈહિક રોગોનાં કારણો અને તેના નિવારણના ઉપાયોની સવિગત ચર્ચા કરી છે.

માનવશરીરમાં ઈન્દ્રિયો, મન અને આત્મા રહેલાં છે. જયાં સુધી આત્મા છે ત્યાં સુધી જ મન અને ઈન્દ્રિયોમાં કામ કામ કરવાની શક્તિ હોઈ શકે છે. આત્મા વગર મન અને ઈન્દ્રિયો મૃત બની જાય છે. જૈન ધર્મે આ વિષયમાં ગહન ચિંતન કર્યું છે. જૈન ધર્મે મન, વચન અને કાયાના યોગોની, વ્યાપારોની સૂક્ષ્મતમ વિચારણા કરી છે. જૈન ધર્મ મનના દ્રવ્ય મન અને ભાવ મન એવા બે વિભાગો કરે છે. આત્મા ભાવ મનને આદેશ આપે છે. ભાવ મન દ્રવ્ય મનને આદેશ આપે છે અને દ્રવ્ય મન ઈન્દ્રિયો પાસે તે પ્રમાણે કાર્ય કરાવે છે. બળવાન ઈન્દ્રિયો કયારેક દ્રવ્ય મનને વિવશ કરી નાખે છે. માટે જ આત્માએ સતત જાગૃતિ માટે પુરુષાર્થ કરવાની જરૂર છે.

જૈન ધર્મે ચિત્તની અંદર ઊઠતા વિવિધ ભાવો, વિચારો, અધ્યવસાયોને શુભ અને અશુભ પ્રકારના બતાવ્યા છે અને અશુભનું વર્ગીકરણ ચાર મુખ્ય કષાયોમાં -ક્રોધ, માન, માયા અને લોભમાં કર્યું છે. એ દરેકની તરતમતા બતાવવામાં આવી છે અને તે પ્રમાણે જે અશુભ કર્મો બંધાય છે તેની પણ વિચારણા કરવામાં આવી છે. જૈન દર્શનમાં ચિત્તના અધ્યવસાયો અનુસાર દ્રવ્ય મનમાંથી નીકળતા સૂક્ષ્મ રંગોની પણ વિચારણા કરી છે. એને લેશ્યા કહેવામાં આવે છે. કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ એ છ પ્રકારની લેશ્યાનો શરીર ઉપર અને આત્મપ્રદેશો ઉપર કેવો કેવો પ્રભાવ પડે છે તેની મીમાંસા જૈન ધર્મમાં કરવામાં આવી છે. છ લેશ્યાની જૈન દર્શનની વિચારણા એની મૌલિક વિચારણા છે અને તેવી વિચારણા અન્ય કોઈ દર્શનમાં જોવા મળતી નથી. મનોદૈહિક રોગોનો વિચાર કરતી વખતે લેશ્યાઓનો વિચાર કરવો અનિવાર્ય છે.

જૈન ધર્મમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપ્યો છે. શરીરને નિરામય બનાવવા અને સમાજની અંદર પણ શાંતિ, સહકાર અને પર્યાવરણની શુદ્ધિ જાળવવા માટે સદાચારના આ નિયમો માનવજાત માટે બહુ જ ઉપયોગી છે. જે માણસ આવાં વ્રતોનું પાલન કરી સદાચારપૂર્ણ જીવન જીવે છે તે સ્વસ્થ, શાંત અને નિર્ભય બની શકે છે. જૈન ધર્મમાં અનશન, ઊણોદરી વગેરે છ પ્રકારનાં બાહ્ય તપ તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાઉસગ્ગ, ધ્યાન જેવાં આભ્યંતર તપ બતાવ્યાં છે. બાહ્ય તપથી દેહશુદ્ધિ અને આભ્યંતર તપથી ચિત્તશુદ્ધિ થાય છે અને સાથે સાથે કર્મની નિર્જરા થાય છે. જૈન ધર્મે સાથે સાથે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાં તથા સંયમ દયા, ક્ષમા, સમતા, સહિષ્ણુતા, ઉદારતા વગેરેનો બોધ આપ્યો છે.

અસંતોષ, ચિંતા, ભય, સંતાપ, ક્રોધ, તીવ્ર કામવાસના, હતાશા, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ, નિંદા, અસત્ય, અપ્રામાણિકતા, વિશ્વાસઘાત, લુચ્ચાઈ, લંપટતા વગેરેથી શરીર અને ચિત્તની શક્તિનો ક્ષય થાય છે. અને માથાનો દુ:ખાવો, પિત્ત, ચાંદુ, કબજિયાત, લકવા, હૃદયરોગ, મધુપ્રમેહ લોહીનું દબાણ વગેરેને લગતા હઠીલાં દર્દોને નોતરે છે. શારીરિક અને માનસિક શુભ ઉદ્યમ, સદ્‌વિચાર, પ્રાર્થના, પ્રભુસ્મરણ, જગત અને જીવનને ઉદારભાવે જોવાની અનેકાન્ત દ્રષ્ટિ અને પ્રાણી માત્ર પ્રત્યે કરુણાભરી આત્મીયતાથી ચિત્ત નિર્મળ રહે છે. જીવનમાં દરેક કાર્યની શુભ શરૂઆત કરતાં પહેલાં પ્રાર્થના અને નવકારમંત્રનું સ્મરણ વિપુલ શક્તિ પૂરી પાડે છે.

શ્રી નેમચંદ ગાલાનું આ માહિતીસભર, ચિંતનશીલ પુસ્તક સૌએ અને ખાસ કરીને મોટાં શહેરોમાં વ્યસ્ત, વ્યગ્ર અને તાણયુક્ત જીવન જીવતી વ્યક્તિઓએ અવશ્ય વાંચી જવા જેવું છે.

❑❑❑

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ●● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઑફસેટ પ્રિન્ટર્સ, ૯૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૩ ● ● તા. ૧૬-૩-૧૯૯૨ ● Regd. No. MH. By / South 54 Licence No. : 37

●●● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ●●●

# પ્રબુદ્ધ જીવન

●●● પ્રબુધ્દ્ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ●● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ●●●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ચિખોદરાની આંખની હૉસ્પિટલ

કેવળ લોકહિતાર્થની ભાવનાથી પ્રેરાઈને જીવનનાં ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં લોકકલ્યાણનાં કાર્યો કરતી, અર્વાચીન તીર્થધામ જેવી જે કેટલીક સંસ્થાઓ ગુજરાતમાં જુદે જુદે સ્થળે આવેલી છે તેમાં ચિખોદરાની 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ'ને પણ અવશ્ય ગણી શકાય. એકાદ બે નિઃસ્વાર્થ, સંનિષ્ઠ, સેવાપરાયણ વ્યક્તિઓ જ્યારે કોઈ એક સંસ્થાને પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દે છે ત્યારે સંસ્થાનાં તેજ અને સુવાસ કેટલાં બધાં વધી જાય છે તેનુ પ્રત્યક્ષ દર્શન, આવી સંસ્થાઓની મુલાકાત લઈએ છીએ ત્યારે થાય છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૭મી માર્ચ, ૧૯૯૨ના રોજ ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા માતર તાલુકામાં રઢુ મુકામે સ્વ. ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરીના પરિવારની આર્થિક સહાયથી નેત્રયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘના લગભગ પચાસેક સભ્યોને ચિખોદરાની આંખની હૉસ્પિટલ-આણંદનું આંખનું દવાખાનું તથા આણંદની દરબાર ગોપાળદાસ ટી. બી. હૉસ્પિટલની મુલાકાત લેવાની તક સાંપડી હતી.

ચિખોદરાની 'રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ'ના સૂત્રધાર ડૉ. રમણીકલાલ દોશી અને એમના સ્ટાફના સભ્યોએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

શનિવારે સવારે સાત વાગે અમે હૉસ્પિટલના પ્રાંગણમાં પહોંચી ગયાં હતાં અને ત્યાં હરિયાળી અને પક્ષીઓના કલરવયુક્ત ખુશનુમા વાતાવરણનો અનુભવ કર્યો હતો. ડૉ. દોશીએ અમારા સર્વ માટે હૉસ્પિટલના અતિથિગૃહમાં સરસ સુવિધા કરી હતી.

ચિખોદરાની આ હૉસ્પિટલનો ઇતિહાસ રસિક અને પ્રેરક છે. એક બે સંનિષ્ઠ સેવાભાવી વ્યક્તિઓ પોતાના જીવનકાર્ય તરીકે એકાદ પ્રવૃત્તિ ઉપાડી લે તો તેના કેવાં સુભગ પરિણામ આવે છે તે આ હૉસ્પિટલના નિર્માણ ઉપરથી જોઈ શકાય છે.

કેટલાંક વર્ષ પહેલાં એક સર્વોદય કાર્યકર્તા અને અમારા પાડોશી-મિત્ર શ્રી કીર્તિનંભાઈ ધારિયા એક દિવસ ડૉ. રમણીકલાલ દોશીને લઈને અમારા ઘરે મળવા આવ્યા હતા. ડૉ. દોશીનો ત્યારે મને પહેલોવહેલો પ્રત્યક્ષ પરિચય થયેલો. એમનું નામ તો ઘણાં વર્ષથી સાંભળ્યું હતું, પરંતુ પરિચય કરવાની તક મળી નહોતી. સેવાના ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરનાર દાનવીર શેઠ મુ. શ્રી મફતલાલ મહેતાએ એક વખત મને કહ્યું હતું કે 'રમણભાઈ, તમારે ચિખોદરાની આંખની હૉસ્પિટલની એક વખત જરૂર મુલાકાત લેવા જેવી છે અને ડૉ. રમણીકલાલ દોશીને મળવા જેવું છે' મુ. મફતકાકા જ્યારે પોતે કોઈ સંસ્થાની ભલામણ કરે ત્યારે એ એક પ્રમાણપત્ર જેવી ગણાય, કારણ કે તેમણે એ સંસ્થાની ઝીણી ઝીણી વિગતોનો અવશ્ય અભ્યાસ કર્યો હોય. એટલે ડૉ. દોશી જ્યારે અમારા ઘરે મળવા આવ્યા ત્યારે અમારા માટે ખરેખર એ દિવસ અત્યંત આનંદનો અને ધન્યતાનો બની ગયો હતો. ડૉ. દોશીનો પહેરવેશ અને દેખાવ જોતાં મુંબઈના લોકો તરત માને નહિ કે આ આંખના એક મોટા સર્જન છે અને હજારો ઓપરેશન એમણે કરેલાં છે.

અમારા ઘરેથી ડૉ. દોશી સીધા બોમ્બે સેન્ટ્રલ જઈ ટ્રેન પકડી આણંદ જવાના હતા. સ્ટેશન પર પહોંચવાનો સમય એમણે અમને જણાવ્યો હતો, પરંતુ વાતવાતમાં એટલો રસ પડતો ગયો કે અમારે કહેવું પડ્યું કે 'તમારે ટ્રેન પકડવામાં મોડું નહિ થાય ?' એમણે કહ્યું, 'ના, મોડું નહિ થાય. એક નહિ તો બીજી ટ્રેન પકડીશું.' અમે સ્વાભાવિક પ્રશ્ન કર્યો કે 'પણ રિઝર્વેશન કઈ ટ્રેનમાં છે ?' એમણે કહ્યું, 'કોઈ ટ્રેનનું નથી. સ્ટેશન પર જઈશું ત્યારે ટિકિટ લઈને જે ટ્રેન મળતી હશે તેમાં બેસી જઈશું.' અમે કહ્યું, 'તો પછી તમને ટ્રેનમાં સૂવાની સગવડ નહિ મળે.' એમણે કહ્યું, 'છેલ્લી ઘડીએ જઈએ એટલે રિઝર્વેશન વિનાના ડબ્બામાં જ બેસવાનું હોય. બેઠક પર બેસવાનું મળે તો ઠીક નહિ તો નીચે બેસી જવાનું. મારી પાસે આ થેલા સિવાય બીજો કોઈ સામાન નથી અને મને બેઠાં બેઠાં ઊંઘ આવી જાય છે.'

ડૉ. રમણીકલાલ દોશી આ રીતે ૭૫ વર્ષની ઉંમરે પણ આવી હાડમારીવાળો પ્રવાસ લોકહિતાર્થે કરે છે તે જાણીને અમને એમને માટે ખૂબ સદ્‌ભાવ અને આદર થયો. સરળતા અને વિનમ્રતા જેમ એમના સાદા પહેરવેશમાંથી નીતરે છે તેમ એમના સ્વભાવમાંથી પણ વહે છે. માત્ર ત્રણ જોડ વસ્ત્રો રાખવાં, રાત્રિભોજનનો ત્યાગ કરવો, ભોજનમાં ગણતરી મુજબ થોડીક જ વાનગી લેવી અને આખો દિવસ કામ કરવું અને સમગ્ર ભારતમાં, રેલવેના સાદા બીજા વર્ગમાં રિઝર્વેશન વગર પ્રવાસ કરવો - ગાંધીયુગના સાચા પ્રતિનિધિની જેમ જીવન જીવવું એ વર્તમાન યુગમાં જેવી તેવી વાત નથી. ડૉ. રમણીકલાલ દોશી (દોશીકાકા) ખરેખર, અર્વાચીન યુગના એક સંતપુરુષ છે.

ચિખોદરાની આંખની હૉસ્પિટલના નિર્માણમાં મુખ્ય ફાળો ડૉ. રમણીકલાલ દોશીનો છે. એક નાના વિચાર બિન્દુમાંથી સેવા-પ્રવૃત્તિનો વિકાસ કેટલો મોટો થાય છે તેના એક ઉત્તમ ઉદાહરણ રૂપ ચિખોદરાની આંખની હૉસ્પિટલ છે.

પૂ. દાદા રવિશંકર મહારાજે પોતાનું સમગ્ર જીવન ગુજરાત અને ગુજરાત બહાર લોકસેવાને અર્થે સમર્પિત કરી દીધું હતું. તેઓ ઓછું ભણેલા છતાં દ્રષ્ટિસંપન્ન તેજસ્વી પુરુષ હતા. ગુજરાતના બહારવટીયાઓના જીવનમાં પરિવર્તન લાવનાર, માણસાઈના દીવા પ્રગટાવનાર રવિશંકર મહારાજના નામથી કોણ અપરિચિત હોય ? ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં તેમની સેવા પ્રવૃત્તિ સતત ચાલતી રહેતી. એકવાર તેઓ રાધનપુરમાં હતા ત્યારે ત્યાંના લોકોની મુશ્કેલીઓનો વિચાર કરતા હતા. રાધનપુર વિસ્તારમાં પાણીની તંગી ઘણી હતી અને દૂષિત પાણી પીવાને લીધે લોકોની આંખોને ભારે નુકસાન થતું હતું. લોકોને પીવાનું સ્વચ્છ પાણી મળે એ માટેની યોજનાઓ કરવા એમણે સરકારને તથા સામાજિક સંસ્થાઓને અનુરોધ કર્યો હતો. પરંતુ તે ઉપરાંત લોકોની બગડેલી આંખો માટે તેઓ તે સમયે આંખના સુપ્રસિદ્ધ નિષ્ણાત ગણાતા ડૉક્ટરો હીરાભાઈ પટેલ અને રમણીકલાલ દોશીને રાધનપુર લઈ ગયા. ડૉક્ટરોએ લોકોની આંખો તપાસીને તે માટે ઓપરેશન અને બીજા ઉપચાર કરવાની ભલામણ કરી. પરંતુ ગરીબ માણસો એવી સારવાર લેવા માટે ક્યાં જાય? એટલે ડૉક્ટરોએ પોતે સ્થળ પર આવીને સારવાર આપે તો જ લોકોને લાભ થાય. રવિશંકર દાદા સાથે ડૉક્ટરોએ વિચારવિનિમય કર્યો. ઓપરેશન માટે ડૉક્ટરો દર્દી પાસે જઈ શકે કે કેમ ? જો ડૉક્ટરો જવા તૈયાર હોય તો સામૂહિક ઓપરેશન માટે શી શી વ્યવસ્થા કરવી જોઈએ તેની વિચારણા થઈ. આ નિર્ણયમાંથી રાધનપુરના નેત્રયજ્ઞનો વિચાર સ્ફૂર્યો. ઈ. સ. ૧૯૪૯માં આ રીતે ગુજરાતમાં સૌથી પહેલો નેત્રયજ્ઞ રાધનપુરમાં યોજાયો. તે વખતે 'EYE CAMP' જેવો શબ્દ વપરાયો હતો. તેને માટે 'આંખની શિબિર' કે એવા શબ્દો પ્રયોજાયા. પરંતુ ડૉક્ટરોની માનદ્ સેવા સહિત ઘણા બધાંની ત્યાગ, સેવા અને સહકારની ભાવનાથી આ મફત સારવાર થતી હોવાથી

રવિશંકર દાદાએ 'EYE CAMP'ને માટે 'નેત્રયજ્ઞ' જેવો શબ્દ આપ્યો. એ શબ્દ ઝીલાઈ ગયો અને ચાર દાયકાથી હવે એ જ શબ્દ સમગ્ર ભારતમાં રૂઢ થયેલો રહ્યો છે.

રાધનપુરના આ નેત્રયજ્ઞમાં સાતેક હજાર રૂપિયા જેટલો ખર્ચ થયો અને લોકોને આંખો માટે ઘેર બેઠાં સારવાર મળી. આ નેત્રયજ્ઞ પ્રસંગે દાદાએ ઓપરેશન કરનાર ડૉક્ટરોને એમના મહેનતાણા માટે ફી લેવાનું કહ્યું, પરંતુ ડૉક્ટરોએ કશું જ સ્વીકાર્યું નહિ. પૂ. દાદાએ બહુ જ આગ્રહ કર્યો પરંતુ ડૉક્ટરો મક્કમ રહ્યા. એથી દાદાના મન ઉપર ઘણી સારી છાપ પડી. લોકો જો પોતાના દાનનો પ્રવાહ વહાવડાવે અને ડૉક્ટરો જો પોતાની માનદ્ સેવા આપે તો ગુજરાતમાં ઠેર ઠેર આવા નેત્રયજ્ઞો યોજી શકાય. તદુપરાંત કોઈ એકાદ સ્થળે પાકું મકાન બાંધીને ત્યાં ફક્ત આંખ માટે હૉસ્પિટલ કરવામાં આવે તો તે સ્થળે કાયમી ધોરણે નેત્રયજ્ઞ યોજી શકાય. તથા બારે માસ બીજા દર્દીઓને પણ લાભ મળતો રહે. પૂ. દાદાએ એ માટે પોતાના વતન બોચાસણનો જ વિચાર કર્યો. પૂ. દાદાના પુત્ર શ્રી મેધાવ્રત પણ આંખના ડૉક્ટર થયા હતા. (બધા એમને પંડિતજી કહીને બોલાવે છે. તેઓ અત્યારે ૮૨ વર્ષની ઉંમરે પણ ઓપરેશન કરે છે.) આ રીતે બીજો નેત્રયજ્ઞ બોચાસણમાં કરવાનું નક્કી થયું. દરમિયાન ડૉ. રમણીકલાલ દોશી જેઓ અમદાવાદમાં પોતાનું આંખનું દવાખાનું ચલાવતા હતા અને સારી કમાણી ધરાવતા હતા તેમને રવિશંકર દાદાએ બોચાસણ નજીક આણંદ શહેરમાં આવીને દવાખાનું ચાલુ કરવાનું કહ્યું. ડૉ. રમણીકલાલ દોશીએ એ પ્રમાણે આણંદમાં આવીને પોતાનું આંખનું દવાખાનું ચાલુ કર્યું.

ખાદીધારી ડૉ. દોશી ઉપર મહાત્મા ગાંધીજીની ઘણી મોટી અસર હતી . આંખના સર્જન તરીકે ધન કમાઈને ધનવાન થવા કરતાં ગરીબોની સેવા કરવાની એમનામાં રહેલી ભાવના ઉત્તરોત્તર વધુ પ્રબળ બનતી જતી હતી. આણંદમાં વસીને તેમણે બીજા ડૉક્ટરો તથા પૂ. રવિશંકર દાદા અને બબલભાઈ મહેતા સાથે વિચાર વિનિમય કર્યો. પરિણામે ૧૯૫૦માં 'ગુજરાત નેત્ર રાહત અને આરોગ્ય મંડળ' નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી. એના પ્રમુખ તરીકે રવિશંકર મહારાજની સર્વાનુમતે વરણી થઈ. આ રીતે ૧૯૫૦થી માત્ર આંખોની સારવાર જ નહિ પરંતુ સમગ્ર આરોગ્યની દષ્ટિએ પૂ. દાદાની આગેવાની હેઠળ એક મોટી ઝુંબેશ ઊપડી. એના મુખ્ય સૂત્રધાર તરીકે ડૉ. રમણીકલાલ દોશી રહ્યા. આ સેવા પ્રવૃત્તિની હવા સમગ્ર ગુજરાતમાં એટલી ઝડપથી પ્રસરી કે પોતાના ગામની અંદર નેત્રયજ્ઞ યોજવા માટે ઘણે ઠેકાણેથી માંગણી આવવા માંડી.

નેત્રયજ્ઞનું આયોજન એ કોઈ નાનીસૂની વાત નથી. કેટલાક પસંદ કરેલાં આસપાસનાં ગામડાઓમાં મહિના અગાઉથી ડૉક્ટરો જઈને દર્દીઓની આંખો તપાસે; મોતીઓ, ઝામર વગેરેના દર્દીઓના ઓપરેશનનો નિર્ણય કરે; નેત્રયજ્ઞના સ્થળે દર્દીઓને લઈ આવવામાં આવે; ત્યાં કામચલાઉ ઓપરેશન થિએટર ઊભું કરવામાં આવે; પલંગ, ગાદલાં વગેરે જરૂરી સાધનસામગ્રી લાવવામાં આવે, રસોડામાં ભોજન વગેરેની વ્યવસ્થા કરવામાં આવે-આ બધું કામ વહીવટી સૂઝ માંગી લે છે. વળી એ માટે નાનામોટા પરચૂરણ કામો કરનાર સંખ્યાબંધ સ્વયંસેવકોની પણ જરૂર પડે. દર્દીઓ, બરદાસીઓ, સ્વયંસેવકો વગેરે પણ શિસ્તબદ્ધ રીતે કામ કરે તે માટે દેખરેખ રાખનારની પણ જરૂર પડે. એ માટે શ્રી પશાભાઈ અમીન, શ્રી ગોરધનભાઈ પટેલ વગેરેએ નેત્રયજ્ઞોની વહીવટી જવાબદારી ઘણી સારી રીતે ઉપાડી લીધી હતી. એથી ગુજરાતમાં પ્રતિ વર્ષ સારી સંખ્યામાં નેત્રયજ્ઞ થવા લાગ્યા.

આમ, ગુજરાતમાં રાધનપુર, બોચાસણ, સોજિત્રા, કરમસદ, ડાકોર, પેટલાદ, આણંદ, દાહોદ, ગોધરા, વિરમગામ, દહેગામ, પાટણ, મહેસાણા, ચાણસ્મા, વિસનગર, વડનગર, પાલનપુર, અંકલેશ્વર, રાજપીપળા, ઈડર, ખેડબ્રહ્મા, બારડોલી, વ્યારા, વઢવાણ, ધ્રાંગધ્રા, બિલિમોરા, વાપી, જેવાં સંખ્યાબંધ ગામો ઉપરાંત કચ્છમાં ભચાઉ, મુંદ્રા, ડુમરા વગેરે સ્થળોએ તથા ડાંગ જિલ્લામાં આહવામાં નેત્રયજ્ઞો યોજવામાં આવ્યા. વળી આવા નેત્રયજ્ઞોની સફળતા અને ઉપયોગિતાથી પ્રભાવિત થઈને ગુજરાત બહાર પણ નેત્રયજ્ઞ યોજવા માટે માંગણી થવા લાગી. તે મુજબ બિહાર બંગાળ, આસામ, ઓરિસ્સા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે સ્થળોએ પણ નેત્રયજ્ઞો યોજવાનું શરૂ થયું. એમાંના કેટલાક સ્થળોએ તો કાયમી ધોરણે પ્રતિવર્ષ નેત્રયજ્ઞ યોજવાની પ્રવૃત્તિ ચાલી. વળી બીજી કેટલીયે સામાજિક સંસ્થાઓને પણ પ્રેરણા મળી અને તેઓએ પણ નેત્રયજ્ઞની પ્રવૃત્તિ ઉપાડી લીધી. આ કરુણાસભર પ્રવૃત્તિ માટે દાનનો પ્રવાહ પણ અવિરત વહેતો રહ્યો.

મંડળ તરફથી એકસોમો નેત્રયજ્ઞ સૂરત જિલ્લાના વ્યારા ગામમાં યોજવામાં આવ્યો. ડૉ. દોશી હવે નેત્રયજ્ઞની પ્રવૃત્તિથી બહુ રંગાયા હતા. લોકસેવાની એમની ધગશ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી જતી હતી. એમના મનમાં એક સદ્દવિચાર સ્ફુર્યો. આણંદમાં પોતાનું અંગત માલિકીનું આંખનું દવાખાનું છે તે હવે પોતાની અંગત માલિકીનું ન રાખતાં મંડળને સમર્પિત કરી દેવાનું એમણે જાહેર કર્યું. વળી પોતે પોતાની અંગત કોઈ કમાણી નહિ કરે અને પોતાનું સમગ્ર જીવન સંસ્થાને સમર્પિત કરી દે છે એવી પણ એમણે સહર્ષ જાહેરાત કરી. એમના જીવનમાં આ એક મોટું પરિવર્તનશીલ અને ક્રાંતિકારક પગલું હતું. એમાં એમનાં પત્ની ભાનુબહેનનો સહકાર પૂરા ઉમંગથી હતો. તેમણે પણ પોતાના પતિના પગલે જીવનને સાદાઈ, સેવા અને સહકારથી મધમધતું કરી દીધું.

ડૉ. દોશી દંપતીના આ ત્યાગભર્યા નિર્ણયનો પડઘો ઘણો મોટો પડયો. ડૉ. દોશી જો પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેવા તૈયાર થયા છે તો મંડળ આંખના તમામ રોગો માટે આધુનિક સગવડવાળી જો કોઈ હૉસ્પિટલ ઊભી કરે તો ગુજરાતના કેટલાક લોકોને ઉત્તરપ્રદેશમાં ત્યાંની જાણીતી સિતાપુરની હોસ્પિટલમાં જે જવું પડે છે તે જવું ન પડે. આ વિચારે વેગ ધારણ કર્યો. નાણાભંડોળ પણ એકત્ર થવા લાગ્યું. પૂ. રવિશંકર દાદા, પંડિત ડૉ. મેધાવ્રત અને ડૉ. દોશીની સેવાપ્રવૃત્તિઓ મુખ્યત્વે ખેડા જિલ્લામાં હતી એટલે આંખની હૉસ્પિટલ ખેડા જિલ્લામાં કરવી એવો નિર્ણય લેવાયો. એની જાહેરાત થતાં ખેડા જિલ્લાના કેટલાંક ગામોના નાગરિકોએ પોતાના ગામમાં જો હૉસ્પિટલ કરવામાં આવે તો જાતજાતનો સહકાર આપવાની ઑફર કરી. આ બધી જે દરખાસ્તો આવી તેમાં ચિખોદરાના વતની અને તંબાકુના મોટા વેપારી શ્રી બેચરભાઈ સોમાભાઈ પટેલે ચિખોદરામાં હૉસ્પિટલ કરવા માટે આર્થિક સહકાર સહિત ઘણો બધો ઉત્સાહ બતાવ્યો. ગામના પાટીદાર લોકોએ પોતાની જમીન મફત આપવા માટે તત્પરતા બતાવી. આથી હૉસ્પિટલ ચિખોદરામાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ગામના લોકોએ પોતાની માલિકીની અઢાર એકર જેટલી જમીન મફત આપી અને દોઢ લાખ રૂપિયા જેટલી રકમ પણ એકત્ર કરી આપી, જે એ સમયની દષ્ટિએ ઘણી મોટી રકમ હતી. આ રીતે ઈ. સ. ૧૯૭૩માં ચિખોદરાની હૉસ્પિટલનું નિર્માણ થયું. ડૉ. છોટુભાઈ પટેલ અને બીજા ડૉક્ટરો સેવાભાવનાની તત્પરતાથી તેમાં જોડાયા. આ હૉસ્પિટલમાં ૧૨૦ જેટલાં બિછાનાં છે અને ડૉક્ટરો સહિત ૭૦ માણસોનો સ્ટાફ કામ કરે છે. અહીં દર્દીઓ પાસેથી ઓપરેશન માટે કે રહેવા જમવા માટે કશી જ ફી લેવામાં આવતી નથી. એટલું જ નહિ પ્રત્યેક દર્દી સાથે આવેલા એક સંબંધી (બરદાસી)ને માટે પણ એક રૂપિયામાં રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવે છે.

ચિખોદરાની આ હૉસ્પિટલ આધુનિક સાધનોથી સુસજ્જ છે. અહીં મોતીયો અને ઝામર ઉપરાંત ત્રાસી આંખ, નાસુર, નવી કીકી બેસાડવી, રેટિનાનું ઓપરેશન વગેરે પ્રકારનાં ઓપરેશનો થાય છે. આ હોસ્પિટલમાં ભારતના કેટલાક ખ્યાતનામ સર્જનો આવીને દર મહિને એક બે વખત ઓપરેશન કરવા માટે પોતાની માનદ્ સેવા આપતા આવ્યા છે.

ઈ. સ. ૧૯૭૩માં આ હૉસ્પિટલની શરૂઆત થઈ ત્યારે વાર્ષિક સરેરાશ ૩૦૦ થી ૪૦૦ ઓપરેશન થતાં હતાં તે વધતાં વધતાં હવે વાર્ષિક લગભગ ૩૫૦૦ થી વધુ ઓપરેશનો થાય છે. અહીંયા ઓપરેશન માટે અને ત્યાર પછીની સારવાર માટે એટલી કાળજી લેવામાં આવે છે કે જેથી સફળતાનું પ્રમાણ અત્યંત ઊંચું રહ્યું છે. ડૉ. દોશીની ભાવના એવી રહ્યા કરી છે કે પાંચ પંદર દર્દીઓનાં ઓપરેશન મોડાં થાય તેનો વાંધો નહિ, પરંતુ ઉતાવળ કે બેદરકારીને કારણે કોઈ દર્દીની આંખ જાય તો તે મોટું નુકશાન છે.

વળી, ડૉ. દોશીએ જોયું કે ભારતમાં ઘણા બધા લોકો અંધ બને છે, કારણ કે બાળપણમાં એકથી છ વર્ષ સુધીમાં પોષક ખોરાક મળતો નથી. આથી એમણે અંધત્વનિવારણની યોજના પણ પોતાની હૉસ્પિટલમાં દાખલ કરી છે. તેવા દર્દી બાળકોને પોષક આહાર - ઔષધિયુક્ત સુખડી આપીને તેમની સારવાર કરવામાં આવે છે.

પૂ. રવિશંકર દાદાની પ્રેરણાથી નેત્રયજ્ઞની પ્રવૃત્તિ ગુજરાતમાં મોટા પાયા ઉપર ચાલી એ ભાવનાથી પ્રેરાઈને ચિખોદરાની હૉસ્પિટલને રવિશંકર મહારાજનું નામ આપવાની દરખાસ્તને મંડળે સ્વીકારી. ત્યારથી ચિખોદરાની હૉસ્પિટલ ' રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ' તરીકે ઓળખાય છે. નેત્રયજ્ઞના ક્ષેત્રે આ મંડળ અને હોસ્પિટલ દ્વારા છેલ્લા ચાર દાયકામાં ભગીરથ કાર્ય થયું છે. અત્યાર સુધીમાં યોજાયેલા ૬૦૦ થી વધુ નેત્રયજ્ઞોમાં હજારો દર્દીઓએ લાભ લીધો છે.

ભારત વિશાળ દેશ છે. ભારતની વસતીનો કંઈ પાર નથી. ગરીબી, બેકારી ગંદકી વગેરેની સમસ્યાઓ ઘણી મોટી છે. દેશના તમામ નાગરિકોને - એક એક વ્યક્તિને આરોગ્યની સઘળી સુવિધાઓ, ધનાઢય દેશોની જેમ, સરકાર દ્વારા પૂરી પાડતાં તો હજુ એક કે બે સૈકાથી પણ વધુ સમય લાગવાનો સંભવ છે. એટલે જ ભારતમાં લોકોપયોગી સામાજિક સેવાભાવી સંસ્થાઓના મૂલ્યવાન યોગદાનની એટલી જ જરૂર રહેવાની છે. અનેક શક્તિસંપન્ન લોકોના વિવિધ સહકારનો પ્રવાહ એના તરફ વહેતો રહે એ કર્તવ્યરૂપ છે !

☐ રમણલાલ ચી. શાહ

# શિષ્યાત્ ઈચ્છેત્ પરાજયમ્

❏ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

ગુરુ-શિષ્યનો સંબંધ, ગૌરવ તથા પ્રતિષ્ઠાદિને સર્વ સાહિત્યમાં ગૌરવપ્રદ સ્થાન અપાયું છે. ગીતાર્થ ગુરુ પ્રત્યે પ્રતિપત્તિ, સમર્પણ તથા વૈયાવચ્ચને જૈન સાહિત્ય જગતમાં પ્રથમ પંક્તિનું સ્થાન મળ્યું છે. ગુરુએ પણ શિષ્ય પ્રત્યે કાળજી, વાત્સલ્ય તથા હુંફ પૂર્વક જ્ઞાન વિતરણ કરવું જોઈએ. શિષ્યનો પણ ધર્મ થઈ પડે છે કે આવા ગુરુ પ્રત્યે આદર, વિનય, સમર્પણ તથા અહોભાવ હોવો જોઈએ. એક પ્રસિદ્ધ આચાર્યના ચાર શિષ્યોએ વિવિધ વિદ્યાશાખામાં પ્રાવીણ્ય મેળવ્યું પણ ગુરુ તરફથી પ્રોત્સાહિત ન થવાથી તથા અનાદર, ઉપેક્ષા, તિરસ્કાર, ધૃણા વગેરેથી પાંચે પોતાના પથથી પ્રચલિત થયા.

ભગવાન મહાવીરસ્વામીના સ્વહસ્તે દીક્ષિત થયેલી છત્રીશ હજાર સાધ્વીઓના અગ્રસર હતાં ચંદનબાળા. એકવાર ભગવાનના સમવસરણમાં તેઓ પોતાની શિષ્યા મૃગાવતી સાથે ગયાં હતાં. તે પ્રસંગે સૂર્ય-ચંદ્ર પોતાના મૌલિક વિમાનોમાં ઉપસ્થિત થયા હતા. સૂર્યાસ્ત થઈ ગયો પણ મૃગાવતીનું ધ્યાન એ તરફ ન ગયું. દેવોની હાજરીથી તેમ બન્યું. ચંદનબાળા યથા સમયે સ્વસ્થાને પાછાં ફર્યા, પણ મૃગાવતી મોડા આવ્યાં. ચંદનબાળાએ મૃગાવતીનું તે તરફ લક્ષ દોર્યું તથા કહ્યું કે સારા કુળની સ્ત્રીઓ માટે આ યોગ્ય નથી થયું. શિષ્યા મૃગાવતીને આ મીઠો ઠપકો ઘણો આકરો લાગ્યો અને પોતાની આ બેદરકારી પ્રત્યે ઊંડું ચિંતન કરતાં કરતાં રાત્રિ દરમિયાન ભાવનાના ઉચ્ચોત્તમ શિખરે આરૂઢ થઈ ક્ષપકશ્રેણિએ કર્મક્ષય કરતાં કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

તે રાત્રે ગાઢ અંધકારમાં ચંદનબાળા જ્યાં સૂતાં હતાં ત્યાંથી કાળો સર્પ સરકી રહ્યો હતો. નિદ્રાધીન ચંદનબાળાનો હાથ ઊંચો કરી સાપને સરકવાનો માર્ગ કરી આપ્યો. તેથી ચંદનબાળા જાગી ગયાં તથા આમ કરવાનું મૃગાવતીને કારણ પૂછ્યું કાળો સર્પ પસાર થતો હતો તેમ મૃગાવતીએ જણાવ્યું. ચંદનબાળાએ પૂછ્યું કે અંધકારમાં સાપ કેવી રીતે જોઈ શકાયો. મૃગાવતીએ કહ્યું કે 'તમારા પ્રતાપથી મેળવેલા જ્ઞાનથી.'

'કેવા પ્રકારનું જ્ઞાન ? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ' ? મૃગાવતીએ કહ્યું કે 'અપ્રતિપાતિ.'

અપ્રતિપાતિ એટલે પાછું ચાલ્યું ન જાય. ચંદનબાળા સફાળા બેઠા થઈ ગયાં. તેમણે જાણ્યું કે મૃગાવતીને કેવળ જ્ઞાન થયું છે. પોતે કેવળીની આશાતના કરી તેથી પશ્ચાત્તાપના પુનિત ઝરણામાં તેમણે ડૂબકી લગાવી. ઉચ્ચ ભાવના ભાવતાં ભાવતાં તેમને પણ કેવળજ્ઞાન થયું. આ રીતે મૃગાવતી શિષ્યા ગુરુણી આર્યા ચંદનબાળા કરતાં એક ડગલું આગળ નીકળી ગયાં હતાં .

બીજો પ્રસંગ શીતલાચાર્ય અને તેના ભાણેજ શિષ્યોનો છે. વંદનના મહિમા પર શીતલાચાર્યનું દ્રષ્ટાંત પ્રસિદ્ધ છે. તેમના બહેન કર્મવશાત સંસારી હતાં. તેમને ચાર પુત્રો હતા. સંસારમાં હોવા છતાં ભાઈના ચારિત્ર પ્રત્યે અનુરાગ હતો. શીતલાચાર્યના બહેન પ્રતિદિન પોતાના પુત્રોને ચારિત્રધર્મની વાત કરે. મામા મહારાજના ગુણોનું હરરોજ અનુમોદન કરે. ચારે ભાઈના મનમાં બીજ રોપાઈ ગયું. બીજ અંકુરિત થઈ એક સમયે સંયમનું ફળ મનોરથના વૃક્ષને આવ્યું. ચારે ભાણિયાઓએ ગુરુ ભગવંત પાસે દીક્ષા લીધી.

સંયમધર્મની પરિણતી થતાં એક દિવસ ચારે ભાણિયાઓને મામા-ગુરુને વંદન કરવાની ભાવના થઈ. વિહાર કર્યો. જ્યાં મામા હતા તે સ્થાને જતા હતા. રસ્તામાં રાત્રિ થતાં રોકાઈ જવું પડયું. પોતાના આગમનના સમાચાર આચાર્ય મહારાજને મોકલાવ્યા કે કાલે પ્રભાતે વંદન કરવા તેઓ આવશે.

તેઓ રાત્રે પ્રતિક્રમણ કરી એક જ ભાવના ભાવતા રહ્યા કે આવતી કાલે પ્રભાતે આચાર્ય ભગવંતનાં દર્શન-વંદન કરી કૃતકૃત્ય થઈશું. તેમની ભાવનાની ધારા શુકલ ધ્યાનની ધારામાં બદલાઈ ગઈ અને ચારેને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. માટે જ 'ધર્મ પ્રતિ મૂલ ભૂતા વંદના' એમ કહેવાય છે. તેઓ કયાંથી કયાં પહોંચી ગયા, માત્ર વંદનાની શુભ ભાવનાથી ! તેથી 'ભાવે કેવળજ્ઞાન' કહ્યું છે.'

સંદેશો મળી જતાં શીતલાચાર્ય ચારેની રાહ જુવે છે. ઘણો સમય થઈ ગયો મુનિવરો ન આવતાં સૂરિ સામે આવ્યા, પણ કોઈ ભાણેજ ઊભા ન થયા પણ આ શું ? 'મને જોવા છતાં નથી ઊભા થતાં, નથી સામે આવતાં.' શીતલાચાર્ય વિચારમાં પડી ગયા. વિનય તો ધર્મનો પ્રાણ છે. આપણે જાણીએ છીએ કે મુનિવરો તો કેવળી છે.

સહેજ ચીડાઈને આચાર્યે મુનિઓને કટાક્ષમાં કહ્યું; હું તમને વંદન કરું? જવાબ મળ્યો, 'જેવી તમારી ભાવના.' તેઓ ચોંકી ગયા, સ્તબ્ધ થઈ ગયા.

શીતલાચાર્યે ગુસ્સામાં વંદન કર્યું ત્યારે તેઓ બોલ્યા : ' તમે દ્રવ્યવંદન કર્યું છે.'

'શી રીતે જાણ્યું ?'

'જ્ઞાનથી'

'કયા જ્ઞાનથી ?'

'અપ્રતિપાતિ... જ્ઞાનથી'

સાંભળતાં જ શીતલાચાર્યને વજ્રઘાત થયો. 'હેં ! મેં કેવળીની આશાતના કરી ! અહો ! કેટલું મને પાપ લાગ્યું ? કેવો હું ઘોર પાપી !' એક જોરદાર આંચકો લાગ્યો. એમનો કર્મનો મહેલ કકડભૂસ થઈ તૂટી ગયો. તેમણે કેવળી ભગવંતોના ચરણોમાં ભાવવંદના કરી, આંસુથી પગ પખાળતાં સૂરિ મહારાજ પણ કેવળી થયા. કહેવાય છે ' વંદના પાપ નિકંદના'. ભાવપૂર્વક વંદનાથી કર્મોનું નિકંદન નીકળી ગયું.

ત્રીજો પ્રસંગ ચંડરુદ્રાચાર્યનો લઈએ. નામ પ્રમાણે આ આચાર્ય દુર્વાસાના અવતાર સમાન ખૂબ ક્રોધી હતા. તેથી તેમનું ' ચંડરુદ્રાચાર્ય' એવું નામ પડી ગયું હતું. આચાર્ય હોવાથી વિશાળ શિષ્ય પરિવાર હતો. પોતાના સ્વભાવથી સુપરિચિત આચાર્ય હંમેશાં શિષ્યોથી જરા છેટે રહેતા. એક વખત એક ગામમાં જ્યાં સ્થિરતા કરી રહ્યા હતા ત્યાં કુતૂહલવૃત્તિથી પ્રેરાઈને એક યુવાનનું ટોળું ગુરુ મહારાજના દર્શન-વંદન માટે આવી ચઢયું. તે યુવાનોમાં એક યુવાનનાં તાજાં લગ્ન થયેલાં હતાં. યુવાનોએ ટીખળ કરતાં કહ્યું; 'આને દીક્ષા આપો.' વારંવાર કહેવાથી કુપિત થયેલા આચાર્યે તે તાજા પરણેલા યુવાનને માથેથી પકડી લોચ કરી નાંખ્યો. હસવામાંથી ખસવું થઈ ગયું. બીજા યુવાનો પરિસ્થિતિ જાણી રફુચક્કર થઈ ગયા. આ યુવાને વિચાર કરી પરિસ્થિતિનો મુકાબલો કરવાનો દઢ નિશ્ચય કરી, ગુરુ મહારાજને ત્યાંથી વિહાર કરી જવા જણાવ્યું કેમકે જો તેના કુટુંબીજનો જાણશે તો કંઈક નવાજૂની થશે.

રાત અંધારી હતી. આપદ્ધર્મ તરીકે વિહાર કરવો પડયો. રસ્તો ખાડા-ટેકરાવાળો અપરિચિત હતો, છતાં પણ ગુરુને પોતાના ખભે બેસાડી નૂતન શિષ્ય કર્મના વિપાકનો વિમર્શ કરતો કરતો જઈ રહ્યો હતો. ખાડા-ટેકરાવાળી જમીનને લીધે ગુરુને આંચકા ખમવા પડતા હતા. ક્રોધાયમાન ગુરુ વારંવાર શિષ્યને તાજા મુંડેલા માથામાં દાંડાથી પ્રહાર કરતા. શિષ્ય સમતાપૂર્વક કર્મક્ષયના શુભ ભાવથી સહન કરી લેતો. આ રીતે શુભ ભાવ ભાવતાં ભાવતાં ક્ષપકશ્રેણિએ આરૂઢ થઈ તેણે કેવળજ્ઞાન ઉપાર્જ્યું. હવે અંધારામાં રસ્તો દેખી શકવાથી શિષ્ય સારી રીતે ચાલી રહ્યો હતો. ગુરુ પૂછે છે, 'કેમ સોટી વાગવાથી હવે ભાન થયું ને ?'

શિષ્ય કહે છે : 'આપની કૃપાથી'

'રસ્તો કેવી રીતે જણાય છે ?'

'આપના પ્રભાવથી થયેલા જ્ઞાનના બળે.'

'કેવું જ્ઞાન ? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ?'

'અપ્રતિપાતિ !'

ચંડરુદ્રાચાર્ય તરત શિષ્યના ખભેથી નીચે ઊતર્યા કેવળી થયેલા શિષ્યના ચરણમાં વંદન કર્યાં, ક્ષમા માગી. કેવળીની આશાતનાથી પશ્ચાત્તાપના પાવક અગ્નિથી બાળી નાંખ્યા છે કર્મો જેણે તેવા ચંડરુદ્રાચાર્યને પણ આ રીતે શિષ્યના માધ્યમથી કેવળજ્ઞાન થયું.

અન્ય પ્રસંગ પુષ્પચૂલાનો છે. તેના રાજવી માતાપિતા પુત્રી પ્રત્યેના અનહદ પ્રેમથી આકર્ષાઈ તેનું લગ્ન સગા ભાઈ સાથે કરે છે. સાચી પરિસ્થિતિનું યથાસમયે ભાન થતાં ઉદ્વિગ્ન થયેલી પુષ્પચૂલાને દીક્ષા લેવાનો ભાવ થાય છે. ભાઈ-પતિને દીક્ષા લેવાનો પોતાનો ઈરાદો જણાવે છે. તેના પતિ એક શરતે

દીક્ષા આપવા સંમતિ આપે છે. શરત એ છે કે પુષ્પચૂલાએ હંમેશાં એ નગરમાં રહેવું કે જેથી પ્રતિદિન તે તેને જોઈ શકે. સંયમના પથ પર પ્રગતિ કરવાની ભાવના હોવાથી પુષ્પચૂલાએ તે શરત મંજુર કરી છે. પરંતુ રાણી હોવાથી સાધ્વી થયા પછી લોકોના આદરાદિથી વિચલિત ન થવાય તે દુષ્કર હતું. છતાં પણ કર્મવિપાકોદય તથા કર્મની બલિહારી જાણી તે શરતો સ્વીકારી લે છે.

જેમની પાસે દીક્ષિત થઈ હતી તે ગુરુ ભગવંત આચાર્ય અર્ણિકાપુત્ર તે ગામમાં વૃધ્ધ હોવાથી સ્થિરતા કરે છે. પુષ્પચૂલા તેમની યોગ્ય સાર સંભાળ લે છે. આહારાદિ યોગ્ય સમયે યોગ્ય પ્રમાણમાં લાવે છે. તથા વૃધ્ધ ગુરુ મહારાજની યથોચિત વૈયાવચ્ચ કરે છે.

એકવાર વરસતા વરસાદમાં ગોચરી લાવી પુષ્પચૂલા ગુરુ સમક્ષ રજૂ કરે છે. પોતાને દરરોજ જેટલું અને જેવી ગોચરી જોઈએ તેવી અને તેટલી કેવી રીતે પુષ્પચૂલા લાવે છે તે ન સમજવાથી; અર્ણિકાપુત્ર પૂછે છે કે મારે જેવું અને જેટલું જોઈએ તેટલું કેવી રીતે લાવી શકાય છે ? પુષ્પચૂલા કહે છે કે 'તમારા પ્રભાવ અને પ્રતાપથી.' 'શું તેનાથી જ્ઞાન થયું છે ? જ્ઞાન પ્રતિપાતિ છે કે અપ્રતિપાતિ ?'

'પુષ્પાચૂલાએ કહ્યું : 'અપ્રતિપાતિ.'

ગુરુ પ્રસન્ન થયા વંદન કર્યું. કેવળી પાસેથી ગુરુ જાણવા માંગે છે પોતાને આવું જ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે ? તેઓ પુષ્પચૂલાને પૂછે છે. પુષ્પચૂલા કહે છે, 'નદી પાર કરતાં.'

ગોચરી બાજુ પર રાખી ગુરુ નદી પાર કરવા તૈયાર થઈ જાય છે. હોડીમાં બેસી નદી પાર કરતા હતા. તે વખતે એક દુષ્ટ દેવ ભાલાની અણી પર તેમને ઊંચે ફંગોળે છે. ગુરુના શરીરમાંથી લોહી ટપકે છે. પોતાના ટપકતા રક્તના બિંદુથી અપકાયના જીવોની થનારી હિંસાનો વિચાર તેઓ કરી રહેલા હતા. એ માટે પશ્ચાત્તાપ કરતાં કરતાં ગુરુ મહારાજને પણ કેવળજ્ઞાન પછીથી થયું.

ઉપરના આ ચાર પ્રસંગોની સમકક્ષ અન્ય દષ્ટિબિંદુથી લલિતાંગ મુનિ અને અસંમત નાસ્તિકનો પ્રસંગ નિહાળીએ. લલિતાંગ મુનિ ચારિત્ર લઈ આરાધનામાં લાગી ગયા. નિત્ય ગુરુસેવામાં રહી શાસ્ત્રાધ્યયન, મહાવ્રતોનું પાલન, બારે પ્રકારના તપની ભવ્ય આરાધના કરવા લાગ્યા. લલિતાંગ મુનિ વિચારે છે કે જો ભૂતકાળમાં મેં પાપ સેવવામાં બાકી રાખી નથી, તો હવે ધર્મારાધનામાં શા માટે પીછેહઠ કરવી ? વિચરતાં વિચરતાં લલિતાંગ એક એવા નગરમાં આવી પડે છે કે જ્યાં એક અસંમત નામનો નાસ્તિક રહે છે. તે સગા મા-બાપને ગણકારતો નથી. તે પાપ- પુણ્ય-પરલોક વગેરે કશામાં માનતો નથી. તેને કુતર્ક બહુ આવડે છે.

જે કોઈ જોગી, બાવા, સંન્યાસી સાધુ આવે તેની તે ખબર લઈ નાંખતો. લલિતાંગને અસંમત વિષે લોકો માહિતગાર કરે છે. લલિતાંગ વિચારે છે કે 'આવો નાસ્તિક માણસ વાદવિવાદથી સુધરે નહીં.'

લલિતાંગ મુનિ કાયોત્સર્ગ ધ્યાનમાં રહેવા લાગ્યા. કાઉસગ્ગમાં ખડા ખડા રહી વચન અને કાયાને વોસરાવી દેવાની, કાયાને સ્થિર રાખી જરાપણ હલાવવાની નહીં, આંખ અડધી મીંચી રાખવાની, દષ્ટિ નાસિકાના અગ્રભાગ પર સ્થિર કરી બહારનું જોવાનું બંધ, હાથ સહજ ભાવે લટકતા છોડી મૂકવાના; હવે રહ્યું મન. તેને ચોક્કસ પ્રકારનાં ધ્યાનમાં સંલગ્ન કરવાનું. કાયોત્સર્ગમાં ઉપવાસ સહિતનાં છ તપ છે.

આમ છ પ્રકારના તપમાં મુનિ મહર્ષિ લીન બની ગયા એકવાર નદીમાં પૂર જબરજસ્ત ચઢી આવ્યું. એમના તપનો જબ્બર પ્રભાવ જુઓ કે ઊંચા નગરમાં પાણી ન ચઢયું પરંતુ ઉદ્યાન પર પાણી ફરી વળ્યું. માથોડા પાણીમાં વૃક્ષો ડૂબાડૂબ થઈ ગયા ચારે તરફ જળબંબાકાર પરંતુ મુનિ ધ્યાનમાં જ છે. તે વખતે કોઈ આકર્ષાયેલો વ્યંતર દેવ તેમને પૂર ન અડકે એવું નિર્માણ કરે છે. લોકો નગરના કિલ્લા પરથી મહર્ષિના અડગ ધ્યાનની પ્રશંસા કરે છે; પૂર શમી ગયું લોકોના આશ્ચર્યનો પાર નથી. લોકો મુનિની પ્રશંસા અને નાસ્તિકની નિંદા કરે છે. મુનિએ અસંમતને વાદથી ચૂપ કરવાને બદલે મુનિએ તપથી સાધનાના માર્ગે આકર્ષવા પ્રયત્ન કર્યો. પરંતુ નાસ્તિકને ધર્મ માનવો જ નથી; પછી આંતરશત્રુ સાથે લડવાનું અને બહારના સાથે સહિષ્ણુતાનું શિક્ષણ ક્યાંથી સંભવે ? મુનિની પ્રશંસા તે કેમ સહી શકે ? ઈર્ષા કેમ રોકી શકે ? મુનિએ નાસ્તિકનું કશું બગાડયું નથી. ઈર્ષા કેવી ગોઝારી છે. મુનિની પ્રશંસા અને નાસ્તિકની નિંદા લોકો કરે છે. તેમાં મુનિનો શો વાંક ?

ઈર્ષાનો માર્યો નાસ્તિક આર્ત અને રૌદ્ર ધ્યાનમાં રમે છે. મુનિને કેવી રીતે મારી નાખું, એ વિચારે, ચઢી તે મુનિને ખતમ કરવાનો પેંતરો રચે છે.

નાસ્તિકે ઉપાય શોધી કાઢયો. રાતના ઊપડયો એ ઉદ્યાનમાં લાકડાં ભેગાં કરી મુનિની આસપાસ ગોઠવી દીધા. લાકડાં સળગાવી ઘરભેગો થઈ ગયો. 'હાશ ! હવે મુનિ સળગી જશે. લોકો યાદ પણ નહીં કરે. મારો કાંટો ગયો.'

મુનિની રાખ જોવા તે હરખ અનુભવી રહ્યો છે. પરંતુ આ શું ? ત્યાં ને ત્યાં મુનિને રાખની વચમાં ધ્યાનમાં ઊભેલા જોઈ સ્તબ્ધ બની ગયો. આ શું ? મુનિ બળ્યા નહીં ?

તપના પ્રભાવ પર નાસ્તિકને આશ્ચર્ય અને ધર્મ બુદ્ધિ થાય છે. લલિતાંગ મુનિની રક્ષા થઈ એ જોઈ અસંમત દિઙ્મૂઢ થઈ ગયો. કેવો તપાદિનો પ્રભાવ તથા પરચો. બે અસંભવિત કાર્યોનો પરિપાક જોઈ (નદીનો પ્રવાહ કશું ન કરી શકયો, તથા અગ્નિ બાળી ન શકયો) આ કેવું સમજી ન શકાય તેવું આશ્ચર્ય! ધર્મ સિવાય અહીં કયું તત્ત્વ કાર્ય કરી ગયું, કયું તત્ત્વ કાર્યરત થયું !

આજ સુધી જે ધર્મને પોતે નિરર્થક ગણતો, વિટંબણાકારી ગણતો તેનો આવો પ્રભાવ અને પરચો જોઈ તે હવે કંઈક ખંચકાયો. શું તે કુદરતના નિયમને પણ આંબી શકે ? ઉથલાવી શકે ? બે કુદરત વિરોધી ઘટના જોયા પછી નાસ્તિકને પારાવાર પસ્તાવો થયો. ઠીક જ લખ્યું છે કે :

'હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતરેલું
પાપી તેમાં ડૂબકી દઈને થાય છે પુણ્યશાળી."

ત્યારબાદ, નાસ્તિક અસંમતને સમર્થ ધર્મને સાધનારા મહાત્મા પ્રત્યે ઈર્ષા, ધર્મ અને ધર્મી પ્રત્યેનો દ્વેષ અને દ્રોહ માટે પારાવાર પશ્ચાત્તાપ, જાગ્યો અને તે તત્ત્વોએ આત્મા, પરમાત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, મોક્ષ વગેરે પર શ્રદ્ધા ઊભી કરી. ધર્માત્મા મુનિ બંને સંકટો તરી શકયા; ન ડૂબ્યા, ન બળ્યા એ એમના ધર્મને આભારી હતું.

શરીર જડ છે, પૌદ્ગલિક છે, આત્મા વિશિષ્ટ તત્ત્વ છે, પુણ્ય, પાપ, ધર્માદિ છે. મેં આત્માને ભૂલી માત્ર શરીર પ્રત્યે દષ્ટિ રાખી તેથી જીવનને ગોઝારાં અપકૃત્ય-દુષ્કૃત્ય ભર્યું બનાવ્યું. તેના જીવનમાં પરિણતી થઈ, પાપ પશ્ચાત્તાપથી દુષ્કૃત્ય બીજ નષ્ટ થયું.

બસ, અસંમત નાસ્તિક મનથી કાયા અને કાયિક સુખાદિની પરાધીનતા ત્યજી, આત્માનું ખરેખરું સ્વાતંત્ર્ય અજમાવી વીર્યોલ્લાસ પ્રગટાવ્યો. અશુભ ભાવનાથી આત્માને અલગ કરી, અલિપ્ત કરતો કરતો તે શુભ ભાવોમાં ચઢયો. શરીર-આત્માનો ભેદ સમજતો, અનાસક્ત ભાવમાં ચઢી ચિંતનમાં ચિત્ત પરોવી, શુભ ભાવમાં આરૂઢ થઈ શુક્લ ધ્યાન લાગતાં, ક્ષપક શ્રેણિ માંડતાં, પ્રથમ મોહનીય કર્મનો ત્યારબાદ બાકીના જ્ઞાનાવરણીયાદિ સમસ્ત ઘાતી કર્મનો સર્વથા નાશ કરી તેણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું.

ઉપરના પાંચ પ્રસંગો જોયા પછી વૈદિક ધર્મમાંથી કંઈક જુદો એવો એકલવ્યનો પ્રસંગ જોઈએ.

એકલવ્યની જાતિને લીધે ગુરુ ધનુર્વિદ્યા શીખવવા સંમત થતા નથી. એકલવ્ય તેથી હતાશ થયા વગર નિષ્ઠા અને ખંતપૂર્વક ધનુર્વિદ્યામાં પારંગત થવા દ્રોણાચાર્યની માટીની મૂર્તિ બનાવી. તેણે જાણે કે સાક્ષાત્ ભાવભર્યા ઉમળકા સાથે માટીના ગુરુમાં સાચા ગુરુની પ્રતિષ્ઠા કરી ધનુર્વિદ્યામાં એકકો બની ગયો. બ્રાહ્મણ દ્રોણાચાર્યથી નિમ્ન કોટિ અને જાતિના એકલવ્યની આ સિદ્ધિ સહન ન કરી શકવાથી વિદ્યા શીખવવાની ફી તરીકે તેને જમણા હાથનો અંગૂઠો કાપી આપી ગુરુદક્ષિણામાંથી મુક્ત થવા જણાવ્યું. સવાયા અર્જુન જેવા બનેલા એકલવ્યે કોઈપણ પ્રકારના કચવાટ વગર પોતાનો અંગૂઠો કાપીને ગુરુ સમક્ષ ધરી દઈ ગુરુ પ્રત્યેના ઋણમાંથી મુક્ત થઈ એણે ગુરુ કરતાં પોતાની પ્રતિષ્ઠા તથા પોતાનું ગૌરવ સદા માટે વધારી દીધું.

આમ, ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં ગુરુનો મહિમા ઘણો મોટો છે. સાચા વત્સલ ગુરુ પોતાના કરતાં પણ પોતાના શિષ્યો આગળ વધે, વધુ સિદ્ધિ પ્રાપ્ત કરે, તેવી અંતરની સાચી ભાવના ધરાવતા હોય છે અને એવી આશિષ આપતા હોય છે. પોતાના કરતાં પોતાના શિષ્યો વધુ પ્રગતિ કરે તો તેથી તેમને દ્વેષ કે મત્સર થતો નથી, પણ અપાર હર્ષ થાય છે. પોતાના કરતાં પોતાના શિષ્યને પોતાની ઉપસ્થિતિમાં વહેલું કેવળજ્ઞાન થાય તો ગુરુ તેવા કેવળી શિષ્યના ચરણમાં વિનયપૂર્વક ભાવપૂર્વક મસ્તક નમાવી કૃતકૃત્યતા અનુભવે છે. ગુરુશિષ્યના આ સંબંધના વિનયનું તત્ત્વ ઉભયપક્ષે રહેલું છે.

□□□

# સાદાઈ

❑ 'સત્સંગી'

ઘણાં વર્ષ પહેલાં હું એક સંસ્થામાં નોકરી કરતો હતો. એક વખત સંસ્થાના પ્રમુખશ્રીએ મારા ખબરઅંતર પૂછ્યા. પછી તેમણે મને કહ્યું, "કપડાં જરા ઠીકઠાક પહેરો." આમ કહેવા પાછળ તેમનો ભાવ સારો હતો. મારી દ્રષ્ટિએ મારાં સ્થાન અને સંજોગો પ્રમાણે હું મારા પોષાકને યોગ્ય ગણતો હતો. તેમ છતાં તેઓશ્રીનાં સૂચનને મેં અમલી બનાવ્યું. પ્રમુખશ્રી ધનપતિ તો હતા, પણ ઘણાં કુશળ, પ્રતિષ્ઠિત અને સેવાભાવી પણ હતા. પ્રધાનો ખાદીનાં સાદાં કપડાં પહેરે તે પ્રત્યે તેઓ નારાજી બતાવતા. સત્તાની ખુરશી પર બેઠેલા લોકો આવાં સાદાં વસ્ત્રો પરિધાન કરે, તેથી તેમનો યોગ્ય પ્રભાવ ન પડે એવી તેમની માન્યતા હતી. પરંતુ આજે તો આપણા દેશમાં એવું પરિવર્તન આવી ગયું છે કે સાદાઈનાં ઉચ્ચારણ પ્રત્યે પણ તિરસ્કાર ભર્યું હાસ્ય જોવા મળે. સામાન્ય સ્થિતિ ધરાવનારને પણ સાદાઈનો ખ્યાલ સ્પર્શી શકતો નથી.

શહેરી સમાજમાં માણસને ઠાઠમાઠ અને ભભકાના દ્રશ્યો પ્રત્યે જ આકર્ષણ થાય છે, જ્યારે શહેરોમાં ખૂણેખાંચરે તેને સાદાઈનાં દ્રશ્યોમાં ભયંકર ગરીબી અને તદનુરૂપ વેદનાનાં દર્શન થાય છે. શહેરી ઠાઠમાઠ અને ભભકો ગામડાંમાં પણ પહોંચ્યો છે, ભલે ગામડાં વાતાવરણની મર્યાદામાં આજે માણસને રહેણીકરણીનો જે ખ્યાલ બંધાવા પામ્યો છે તેમાં સાદાઈને સ્થાન નથી: ઐચ્છિક સાદી રહેણીકરણી તો જવલ્લે જ જોવા મળે.

આપણા દેશના લોકોમાં સાદાઈ સ્વભાવગત હતી, પરંતુ સાદાઈનું સ્પષ્ટ અને જીવંત સ્વરૂપ મહાત્મા ગાંધીજીએ પોતાનાં જીવન દ્વારા સચોટ રીતે સમજાવ્યું પરંતુ આજે ગાંધીયુગ કાલગ્રસ્ત બન્યો છે. મોજશોખ, વૈભવ અને એશઆરામ જીવનનું ધ્યેય ગણાય એવો પ્રત્યાઘાત વર્તમાન સમાજજીવનમાં જોવા મળે છે. ભૌતિક દ્રષ્ટિએ સુખસગવડો મળે એટલે જ જીવન યોગ્ય અને સુખી ગણાય એવી અંધશ્રદ્ધા પેદા થઇ છે. પરિણામે, સાદાઈને વેદિયાવેડામાં ખપાવવામાં આવે એવું વૈભવનું સામ્રાજ્ય આકર્ષક અને સર્વસ્વ ગણાવા લાગ્યું છે. સાદાઇ અપનાવનારા પ્રત્યે લોકોને રોષ પણ છે. બાહ્ય સાદાઇ દાખવનારા લોકો તેમને ધૂર્ત લાગતા રહ્યાં છે. તેથી તેમને સાદાજીવન પ્રત્યે ધૂંધવાટ રહે છે. તેઓ રોષપૂર્વક ઠાઠમાઠ અને ભભકાવાળું જીવન યોગ્ય ગણે છે. અને તે માટે શક્ય તેટલા સક્રિય રહે છે. લોકમાનસનાં આવા વાતાવરણમાં સાદાઇની વાત કરવામાં ઉપહાસ વહોરવાનું પૂરૂં જોખમ રહેલું જ છે.

સાધુ વાસવાણીનાં લખાણોથી પ્રભાવિત થઇને એક ફ્રેંચ સદ્‌ગૃહસ્થ તેમને મળવા આવ્યા. તેમના ઓરડામાં એક સાદડી, ઢાળિયું અને પુસ્તકો જોઇને સદ્‌ગૃહસ્થે તેમને પૂછ્યું, " આપનું ફર્નિચર કયાં છે ?"

સાધુ વાસવાણીએ સદ્‌ગૃહસ્થને પૂછ્યું,

"તમારું કયાં છે ?"

સદ્‌ગૃહસ્થે કહ્યું, મારું ફર્નિચર ફ્રાન્સમાં મારે ઘરે છે. અહીં તો હું માત્ર મુસાફર છું." સાધુ વાસવાણીએ મૃદુતાથી જવાબ આપ્યો,

"હું પણ તેવો જ છું."

સંત વિનોબા પણ આવી સાદાઇને વરેલા હતા. અપરિગ્રહી જૈન સાધુસાધ્વીજીઓ સાદાઇનું ચુસ્તપણે પાલન કરતાં આવ્યાં છે.

આજના માણસને સાદાઇ શા માટે પસંદ નથી ? માણસમાં પ્રતિભા, વ્યક્તિત્વ, મોભો વગેરે વિશે ભ્રામક ખ્યાલો ઘર કરી ગયા છે. જેવા કે, અદ્યતન ઢબનો પોષાક હોય તો જ પ્રભાવ પડે, પોતાના હોદ્દા પ્રમાણે પોષાક, ઘરની સજાવટ વગેરે અન્ય પર સારી છાપ પાડે એવાં હોવાં જોઇએ. જે સમૂહમાં રહેવાનું હોય તે સમૂહની રહેણીકરણી પ્રમાણે રહેવાય તો જ તે સૂમહમાં આપણો યોગ્ય સ્વીકાર થાય અને તદનુરૂપ લાભો મળે વગેરે વગેરે. આ ખ્યાલોમાં દુનિયાની રીતરસમની દ્રષ્ટિએ સત્ય હોય તો પણ પોતાનાં વ્યક્તિત્વે કૃત્રિમ પ્રકારનું બનાવવું પડે છે. કેટલીક વાર તો દુનિયાના પ્રવાહમાં તણાવાથી આર્થિક બોજ સવિશેષ સહન કરવો પડે છે. દાખલા તરીકે, ડાઇનિંગ ટેબલ માટે સારા એવા પૈસા ખર્ચવા પડે છે. તે માટે અલગ ખંડ અથવા પૂરતી જગ્યા જોઇએ. આ માટે વધારે આવક મેળવવી જોઇએ.

પરિણામે, જીવન યંત્રવટ બનવા પામે છે, તેથી ડાઇનિંગ ટેબલ પર જમવાનો આનંદ ખરેખર કેટલો મળે એ પ્રશ્ન બને છે. તેવી જ રીતે ફ્રીજ, સોફાસેટ, ફોન વગેરે મેળવવા માટે માણસનાં તનાવમાં ઉમેરો થતો રહે છે. જેમ દીવાલો મકાન બનાવે છે, પણ ઘર નહિ; તેમ ફર્નિચર અને સુવિધાઓવાળાં મકાનને સુસજ્જ મકાન કહેવાય પણ ઘર નહિં : ઘર માટે તો અનિવાર્ય તત્ત્વ પ્રેમ છે , પછી મકાન ભલે તદ્દન સાદું હોય એ ન જ ભૂલવું ઘટે.

'એક નૂર આદમી, હજાર નૂર કપડાં' એ ભ્રામક ઉક્તિને સત્ય માનીને માણસ દેહની સજાવટ માટે ભારે જહેમત ઉઠાવે છે. ચલચિત્રોનાં અભિનેતા-અભિનેત્રીઓથી સમાજ અંજાઇ જાય છે એ સાચું અને તેમનું અનુકરણ કરે છે એ પણ સાચું પરંતુ તેથી કેટલી વ્યક્તિઓની પ્રતિભા અસરકારક બની ? અમિતાભ બચ્ચન તેની વેશભૂષાથી દીપે છે કે તેની વિશિષ્ટ અભિનય કલાથી? અમિતાભનો પોષાક તેનાં વ્યક્તિત્વને ઉપસાવતો નથી, પરતું તેનાં વ્યક્તિત્વને જે ઉપસાવે છે તે છે તેના અભિનયની શક્તિ. એ આપણે ખુલ્લાં મનથી નહિ વિચારી શકીએ ? સત્ય એ છે કે માણસનાં વિશિષ્ટ શક્તિ અને ગુણોના વિકાસથી તેનાં વ્યકિતત્વનું નિર્માણ થાય છે, જેવા ગુણો વિકસ્યા હોય તે પ્રમાણે તેનાં વ્યક્તિત્વની છાપ પડે છે. યોગ્ય હેતુ માટે કામ કરતી વ્યક્તિને મોભો, છાપ પાડવી વગેરે કહેવાતી બાબતો અંગે પ્રશ્નો થતા હોતા નથી. શહેરો કે ગામડાંમાં રહેતી સ્વસ્થ વ્યક્તિઓના પરિચયથી આ સત્યનો અનુભવ થાય.

મનોવૈજ્ઞાનિક રીતે વિચારીએ તો, માણસને પોતામાં કંઇ ખામી જણાતી હોય છે, તેથી તે પોતાનો પ્રભાવ પાડવા માટે બાહ્ય વસ્તુઓ જેવી કે વેશભૂષા, ફર્નિચર વગેરેનો આશ્રય લે છે. આનો અર્થ એવો નથી કે પ્રવર્તમાન રહેણીકરણી પ્રમાણે રહેતા બધા જ પોતાનામાં ખામી અનુભવે છે. જે માણસોને પોતાની શક્તિ તેમજ મર્યાદાઓનો સ્પષ્ટ ખ્યાલ છે, અને પોતાનાં જીવનનાં સ્થાનથી એકંદરે સંતોષ છે તેઓ ભભકાદાર પોષાક અને ફર્નિચરને અનિવાર્ય ગણતા નથી. તેઓ સાદું કામ પણ સ્વાભાવિક રીતે જ કરવા લાગે છે. આઇન્સટાઇન જેવા મહાન વૈજ્ઞાનિકે પોતાના પોષકને કદી મહત્વ આપ્યું નથી.

અહીં કેવળ બાહ્ય સાદાઇની વાત નથી. બહાર સાદાઇ અને ઘરમાં ઠાઠમાઠ એવા વિરોધાભાસને સ્થાન નથી. બહાર સાદાઇ પણ મનમાં ઠાઠમાઠ અને વૈભવની તૃષ્ણા એવી સાદાઇની વાત નથી. બહારથી સાદાઇ પણ દ્રવ્યનો પરિગ્રહ કર્યા કરવો એ સાદાઇ ગણાય જ નહિ. સાદાઇ એટલે પારદર્શક સાદાઇ, તનથી અને મનથી, ધનપ્રાપ્તિ થાય તો તે ધન લોકો ધર્માભિમુખ બને અને સમાજની સુખાકારી રહે તે માટે વાપરવાનું હોય. તેવી જ રીતે ફરજીયાત સાદાઇ કરતાં ઐચ્છિક સાદાઇ શ્રેષ્ઠ છે અર્થાત્ ગરીબને તો ફરજીયાત સાદાઇ અપનાવવી પડે, પરંતુ ખાધેપીધે સુખી લોકો અને શ્રીમંતો સાદાઇ અપનાવે તે ખરી સાદાઇ ગણાય. આર્થિક રીતે સુખી શ્રી ટી.જી.શાહ અને તેમનાં પત્ની ચંચળબહેને ઐચ્છિક સાદાઇ અપનાવી હતી. આ અંગે માનનીય ડૉ. રમણલાલ ચી. શાહે તેમના વિશે અંજલિરૂપે ૧૬-૧-૮૪ના પ્રબુદ્ધ જીવનના અંકમાં વિગતથી લખ્યું છે જે સાદાઇનો મર્મ સ્પષ્ટ કરે છે અને પ્રેરણાદાયી છે.

સીધી સાદી વાત છે કે મોજશોખ, ઠાઠમાઠ, અદ્યતન સગવડો વગેરેને સર્વસ્વ ગણનારને એ પ્રમાણેની આવક મેળવવી જ જોઇએ. આવી આવકનો પ્રશ્ન શ્રીમંતોને માટે પણ જટિલ છે. મોટી આવક વિના તો ધનપતિના ભંડાર પણ ખૂટી જાય. મોટી આવક માટે તો ઇતિહાસ સાક્ષી પૂરે છે તેમ નબળા વર્ગોનું શોષણ આવીને ઊભું જ રહે. તેવી જ રીતે લાંચરુશ્વત અને ભ્રષ્ટાચાર વ્યાપક જ બને. આ પ્રકારનાં અનિષ્ટો સમગ્ર વિશ્વમાં પ્રવર્તમાન છે જેનાથી સાચા સાધુસંતો અને સજ્જનો કેવળ ત્રાસ અનુભવે છે. એક બાજુ સમજપૂર્વકની ઐચ્છિક સાદાઇ અને બીજી બાજુ આ પ્રકારનાં અનિષ્ટો આમાંથી શું પસંદ કરવું ઉચિત ગણાય ? આ પ્રશ્નનો જવાબ વાચક વિચારે તે જ ઉચિત લાગે છે.

અદ્યતન ઢબની રહેણીકરણી શ્રીમંતો, નેતાઓ, અભિનેતાઓ અને અભિનેત્રીઓ, મોટા અમલદારો વગેરે રાખે છે, તેથી અન્ય લોકો તે

રહેણીકરણીનું અનુકરણ કરે છે. આ પ્રકારનો માનવસ્વભાવ ગીતામાં સ્પષ્ટ રીતે બતાવ્યો છે :

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते ॥

અર્થાત્ શ્રેષ્ઠ મનુષ્ય જે જે આચરણ કરે છે તેનું અનુકરણ બીજા લોકો કરે છે, તે જેને પ્રમાણ બનાવે છે તે અનુસાર લોકો વર્તે છે.

જો ધનપતિઓ, નેતાઓ વગેરે લોકો સાદાઇ અપનાવે તો સામાન્ય માનવીનો વળાંક અવશ્ય બદલાય. પરંતુ આ મોટા લોકો કોઇને કંઇજ કહી શકે એમ નથી અને બલકે તેમને મોંઘી રહેણીકરણી માટે ઉત્તેજન પણ આપવું પડે છે, તેમજ તે પ્રમાણેનાં આયોજન અને નીતિઓ રચવાં પડે છે. પરિણામે, આજે ઋષિમુનિઓનાં ભારતમાં સાદાઇનું ઉચ્ચારણ રણમાં રૂદન બરાબર બન્યું છે.

ભારતવાસી પશ્ચિમી અનુકરણ અને ધનસંચયની લોકવૃત્તિની એવી સજ્જડ પકડમાં આવી ગયો છે કે સાદાઇનાં આહ્લાદકતા અને તાજગી તેની સમજમાં આવતાં જ નથી. જે માણસે સમજીને સ્વેચ્છાથી જરૂરિયાતો ઓછી રાખવામાં આનંદ માન્યો છે તેનો નચિંતતા, હળવાશ અને સહજ અનુભવોનો આનંદ અમેરીકાના અબજપતિ કરતાં તદ્દન જુદી ગુણવત્તાનો અને શબ્દાતીત છે. ધનવાનો પોતાનો વૈભવ વધતો રહે, ટકી રહે તે માટે સતત તનાવ અનુભવતા રહે છે, જ્યારે સાદા માણસનો વૈભવ સાદાઇ છે જે માટે તનાવની કોઇ શક્યતા રહેતી જ નથી. વૈભવને વરેલા માણસોનું સ્વાસ્થ્ય થોડા અપવાદો સિવાય ડૉકટરોની સતત સહાય પર અવલંબિત રહે છે. જે માણસે જીવનના સમગ્ર વ્યવહારમાં સાદાઇ અપનાવી છે તે તંદુરસ્તીનું ચિત્ર બની શકે છે. જેઓ ઠાઠમાઠ અને સજાવટનું ધ્યેય રાખે છે તેઓને વસ્તુસામગ્રી વૈવિધ્યને પોષે તે રીતે ઠીક ઠીક પ્રમાણમાં રાખવી પડે છે. પરિણામે, તેમને મોંઘીદાટ વસ્તુઓ ચોરાઇ જવાનો ભય રહેતો હોય છે, જ્યારે સાદા માણસનાં ઘરમાં ચોર આવી ચડે તો તેને પસ્તાવું પડે. ફેશનેબલ સ્ત્રીપુરુષોને કામ પર અથવા બહાર જતાં પહેલાં તૈયાર થતાં પણ સારો એવો સમય લાગે છે, જ્યારે સાદાઇ પ્રિય સ્ત્રીપુરુષોનો આ સંબંધમાં અમૂલ્ય સમય વેડફાતો નથી, તેમને નથી લાગતો શ્રમ કે નથી હોતી મેચિંગની ભાંજગડ કે નથી રહેતો કોઇ પ્રકારનો તનાવ.

આધુનિક રહેણીકરણીવાળા લોકોની એક દલીલ એવી આવવાની કે આવા સાદા માણસો જ્યાં માત્ર સાદાં પાણીથી સ્વાગત કરે ત્યાં કોણ તેમને મળવા જાય ? તેથી તેમનું મિત્ર મંડળ ન થાય અને તજ્જન્ય લાભો ન મળે. વળી, સંતાનોનાં સગપણનો પ્રશ્ન ઘણો વિકટ બને. આજે મુંબઇની તાજમહાલ હોટલમાં ખાણીપીણી સાથે મોટા વેપારીઓ વેપારની ચર્ચા-વિચારણા કરે છે. વાસ્તવમાં જે માણસે સમજપૂર્વક સાદાઇ અપનાવી છે તેની સ્વાર્થવૃત્તિ સહજ રીતે ઓછી હોય. તેથી આવા ઓછા સ્વાર્થીને ત્યાં સાદા પાણીનું સ્વાગત અનુભવનારા આનંદ અનુભવે એ ભૂલવું ન જોઇએ. ફેશનેબલ માણસની પાર્ટીમાં જવું પ્રિય લાગે તો પણ તે માણસના સ્વાર્થનો ડર રહે, નહિતર છેલ્લી બાકી પોતાને આવી પાર્ટી માટે તૈયાર રહેવું પડશે એવો તનાવ તો તેને જરૂર રહે. સાદાઇ અપનાવનાર વેપારીની વેપાર પદ્ધતિ નિરાળી જ હોય છે. પ્રામાણિક પુરુષાર્થથી વેપાર કરવામાં તેને આનંદ અને સંતોષ હોય છે, તેથી લાખોકરોડો રૂપિયા કમાવા માટે બિનજરૂરી માથાકુટ કરવાનો તેને પ્રશ્ન થતો નથી. તેમ છતાં તેને પ્રામાણિક પુરુષાર્થથી લાખોકરોડોની કમાણી થાય તો પોતાની ઓછી જરૂરતો પૂરતું ધન રાખીને બાકીનું વધારાનું ધન ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં તે વાપરતો રહે છે. તેનાં સંતાનોનાં સગપણ-લગ્ન અંગે વર્તમાન સમયની જે ગણતરીઓ છે તે દ્રષ્ટિએ અવશ્ય મુશ્કેલી પડે. પરંતુ સાદાઇને વરેલો માણસ દુન્યવી ગણતરીઓ પ્રમાણે તેનાં સંતાનોને પરણાવવા માગતો હોતો નથી. જે યુવકયુવતીને સાદાઇ માન્ય હોય તેની સાથે પોતાનાં સંતાનોને તે પરણાવે છે. તેનાં સંતાનોનું લગ્નજીવન દુઃખી નીવડશે એમ માનવું તદ્દન ભૂલભરેલું છે. જે માણસ સાદાઇ અપનાવે તેનામાં અને તેના પરિવારમાં પ્રેમ, સદ્ભાવ, શુભેચ્છા, આતિથ્ય, સ્નેહ, મૈત્રી વગેરેની લાગણી બુઠ્ઠી થઇ હોય એમ માનવામાં સાદા માણસને અન્યાય જ થયો ગણાય એ ભૂલવું ન ઘટે.

એક પ્રશ્ન એવો પણ થાય કે જો માણસો સાદાઇ અપનાવે તો મોજશોખ અને વૈભવની વસ્તુઓ ઉત્પન્ન કરનારા કયાં જાય ? તેવાં કારખાનાંના કેટલા બધા કામદારો બેકાર બને તેનું શું ? આવા પ્રશ્નો કરનારને આપણે આ પ્રશ્ન પૂછવાનો રહે છે : અત્યારે જે લોકો મોજશોખ અને વૈભવની વસ્તુઓ ખરીદે છે તેઓ આ વસ્તુઓના ઉત્પાદકો અને તેમનાં કારખાનાંના કામદારો પર પરોપકાર કરવાના ભાવથી ખરીદે છે. ? ઉત્પાદકો આકર્ષક પદાર્થો બજારમાં મૂકે છે, લોકો આકર્ષાય છે.અને તેમનાં ખિસ્સાંને પરવડે તે પ્રમાણે તેઓ તે પદાર્થો ખરીદે છે. લોકોની માંગ પ્રમાણે પદાર્થો બજારમાં દેખાતા રહે છે, પણ લોકોની માંગ ન રહે તો આ પદાર્થો બજારમાં દ્રશ્યમાન બનતા નથી. ઉદ્યોગપતિઓ પણ સમયની રૂખ પ્રમાણે પોતાના ધંધાનું યોગ્ય આયોજન કરી જ લેતો હોય છે. ખરો પ્રશ્ન એ છે કે આપણે હળવા થવું છે કે તંગ સ્થિતિમાં રહેવું છે ? જો હળવા થવું જ હોય તો સાદાઇ આનંદથી અપનાવવી જોઇએ. મોજશોખ અને વૈભવની વસ્તુઓ ઉત્પન્ન કરનારાઓની ચિંતા કરવા કરતાં સમગ્ર દ્રષ્ટિએ સમાજનો વિચાર કરવો યોગ્ય છે. સાદાઇ અપનાવવાથી સમાજની સુખાકારીની આશા કાલ્પનિક બાબત નથી. તદ્દન સાદો દાખલો રોજિંદા જીવનનો લઇએ. આપણી ખાદ્યસામગ્રીમાં આપણે તેલ ઓછું લઇએ જે તબીબી દ્રષ્ટિએ પણ હિતાવહ છે, તો તેલના ભાવ આસમાને ગયા છે તે નીચા આવે જે સૌને રાહત થાય એવી સ્પષ્ટ વાત છે. મોટાં શહેરોમાં અંગત વાહન અનિવાર્ય બન્યું છે, છતાં પણ જે પગ ચાલવા માટે મળ્યા છે તેનો ઉપયોગ પણ સમય પ્રમાણે કરીએ તો સ્વાસ્થ્ય સારું રહે અને પેટ્રોલ ઓછું વપરાય. આવી સાદાઇ માટે અત્યારનું વાતારણ પણ આમ તો આપણે ફરજ પાડે તેવું છે. આમ સમગ્ર રહેણીકરણીમાં સાદાઇ અપનાવાય તો પોતાનાં કુટુંબના નિભાવની બૂમને બદલે સંતોષ રહે, દેખાદેખી ઘટે અને તનાવ ઓછા રહે એવું શાંત અને ભર્યુંભર્યું સમાજનું વાતાવરણ રહે. આ ઓછો લાભ છે ?

સાદાઇ એટલે સાધુ થવું એવો અર્થ નથી, પરંતુ મોજશોખ, ઠાઠમાઠ વગેરે તરફ જે વલણ થઇ ગયું છે ત્યાંથી સમજપૂર્વક પાછા વળવાનું છે. મહેમાનોનું સ્વાગત જરૂર થાય અને પાર્ટીઓ દ્વારા તેમનું આતિથ્ય પણ જરૂર કરાય, પરંતુ આ બધાંમાં પશ્ચિમી ઢબ પ્રમાણે અદ્યતન ઠાઠમાઠનો જે અતિરેક થાય છે એ આપણા દેશ માટે કૃત્રિમ અને એકંદરે હાનિકારક છે. સ્વાગત માટે હૃદય મુખ્ય છે, ઠાઠમાઠ નહિ; આતિથ્ય માટે ભાવ મુખ્ય છે, સામગ્રીઓનો ભભકો નહિ. આજના અમેરિકનો મોજશોખ અને વૈભવને ભલે યોગ્ય ગણતા હોય, પરંતુ સાદાઇના હિમાયતી અને વિચારક તરીકે જાણીતા બનેલા તેમના પૂર્વજ હેન્રી ડેવિડ થોરોએ (ઇ. સ. ૧૮૧૭ - ઇ. સ. ૧૮૬૨) આમ લખ્યું છે : "Simplify instead of three meals a day, if it be neassary, eat but one ; instead of hundred dishes, five ; and reduce other things in proportion. અર્થાત તમારું જીવન સાદું કરો બનાવો. દરરોજ ત્રણ વખત જમવાને બદલે જરૂર પડે તો એક જ વખત જમો; એક સો વાનગીઓને બદલે પાંચ વાનગીઓથી ચલાવો; અને પ્રમાણનો ખ્યાલ રાખીને બીજી વસ્તુઓ ઘટાડો."

આપણા દેશની અર્થવ્યવસ્થાની કટોકટીભરી સ્થિતિ જાહેર થઇ ગઇ છે. આ પરિસ્થિતિની ભૂમિકા પર જ દેશનું વાર્ષિક બજેટ રજૂ થયું છે. આ કોઇ પક્ષીય રાજકારણની બાબત અંશમાત્ર નથી, પરંતુ દરેક નાગરિકને સ્પર્શતી બાબત છે. આપણા દેશનું વર્તમાન અર્થતંત્ર પ્રત્યેક ભારતવાસીને સ્પષ્ટપણે કહે છે, "સાદાઇ અનિવાર્ય છે." સ્વ. મુનશીજીએ તેમના નાનાકડાં પુસ્તક 'Warnings of History'માં આમ લખ્યું છે, "આપણો દેશ ગરીબ છે. આપણે પશ્ચિમનાં ભૌતિક સુખસગવડોની કક્ષાએ કદી પહોંચશું નહિ. અને તો પણ આપણે આત્મસંયમી જીવનની પ્રશંસા કરવાની, તેનું મૂલ્ય આંકવાની કે તેવું જીવન ગાળાવાની શક્તિ ગુમાવી રહ્યા છીએ જો તે આપણે કયારની ગુમાવી દીધી ન હોય તો." □□□

# વસુદેવહિંડી

❑ ડૉ. રણજિત પટેલ (અનામી)

'ઇસપની વાતો,' 'પંચતંત્ર,' 'હિતોપદેશ,' અરેબિયન નાઇટસ (અરબરાત્રિઓ)' સિંહાસન બત્રીશી' 'કથાસરિત્સાગર' વગેરે કથાગ્રંથો તથા 'લઘુરામાયણ' 'લઘુમહાભારત' આપણે જરૂર રસપૂર્વક વાંચ્યાં હશે ! પરંતુ આપણા એક અલ્પપરિચિત અદ્દભૂત-વિરલ ગ્રંથનું નામ છે 'વસુદેવ-હિંડી' શ્રી સંઘદાસગણિ વાચક એના કર્તા છે. એમના જીવન સંબંધે ઝાઝું જાણવા મળતું નથી પણ લગભગ સાડા દશ હજાર શ્લોક-પ્રમાણનો આ દળદાર ગ્રંથ, આંતરબાહ્ય પ્રમાણોને આધારે કહી શકાય કે તેમણે વિક્રમના છઠ્ઠા દાયકા કરતાંયે એકાદ-બે શતાબ્દી પૂર્વે રચ્યા લાગે છે.

આમ તો શ્રી સંઘદાસગણિ વાચક-વિરિચિત આ પ્રાકૃત-ગ્રંથના અનુવાદની પ્રથમ આવૃત્તિ ઇ.સ. ૧૯૪૬માં પ્રગટ થયેલી. કેટલાક મુદ્રણદોષોવાળી એ પ્રથમ આવૃત્તિનું સંસ્કરણ કરીને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે ઇ. સ. ૧૯૮૮માં એની દ્વિતીયાવૃત્તિનું પ્રકાશન કર્યું છે. આમ લગભગ ૪૩ સાલથી અનુપલબ્ધ રહેલ વસુદેવહિંડીનું સંસ્કરણ-પ્રકાશન કરીને સાહિત્ય અકાદમીએ તથા ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ગુજરાતી કથાસાહિત્યની મૂલ્યવાન સેવા બજાવી છે. વર્ષો પૂર્વ, આ ગ્રંથના પ્રથમ ખણ્ડના સંપાદકો પૈકીના એક પૂજ્ય પુણ્યવિજયજી મહારાજ, જે ડૉ. સાંડેસરાના વિદ્યાગુરુ થાય, તેમની પાસે અનુવાદકે પ્રાકૃત ભાષાઓના અભ્યાસ અંગે 'વસુદેવહિંડીનું' વાચન કરેલું ત્યારે જ એ વિરલ ગ્રંથનું ભાષાન્તર કરવાનો તેમણે સંકલ્પ કરેલો.

અત્યાર સુધીમાં આ ગ્રંથ માટે મેં ત્રણેકવાર 'વિરલ' વિશેષણનો ઉપયોગ કર્યો તેનાં અનેક કારણો છે. ઇ. સ. પ્રથમ યા દ્વિતીય શતાબ્દીમાં પૈશાચી પ્રાકૃતમાં રચાયેલી ગુણાઢ્ય કવિની લુપ્ત 'બૃહત્કથા'ની રચના પધ્ધતિ જેવી અસાધારણ રચના-પધ્ધતિ આ ગ્રંથની પણ છે. સોમદેવકૃત 'કથાસરિત્સાગર' અને ક્ષેમેન્દ્ર કૃત 'બૃહત્કથામંજરી ' જેવી ભારતીય કથા સાહિત્યની વિશિષ્ટ કૃતિઓ પણ ગુણાઢ્યની 'બૃહત્કથા'ની ઋણી છે. વસુદેવીહિંડી, પણ તેમાં અપવાદરૂપ, નથી; છતાં એની રચનાપધ્ધતિ સાચેજ વિશિષ્ટ છે. બીજ, 'કથાસરિત્સાગર' અને 'બૃહત્કથામંજરી' જેવા સંસ્કૃત કથા ગ્રંથો અને પ્રાકૃત કથાગ્રંથ 'વસુદેવહિંડી' કુળ રૂપે, રંગે સમાન લાગે પણ કથાનકે ભિન્ન અને કેટલીક બાબતોમાં ઉપયુર્કત સંસ્કૃત-કથાગ્રંથોના પૂરક પણ લાગે. ત્રીજું, તુલનાત્મક લોકસાહિત્યના અધ્યયન માટે 'વસુદેવ- હિંડી' અનિવાર્ય લાગે તો નવાઇ નહીં. ચોથું 'વસુદેવ-હિંડી' જૈન સાહિત્યના સર્વ ઉપલબ્ધ આગમેતર કથાગ્રંથોમાં પ્રાચીનતમ છે.. એટલે ભાષા શાસ્ત્રની દ્રષ્ટિએ પણ એનું મહત્વ વિશેષ છે. પાંચમુ, એમાંથી પ્રાપ્ત થતી સામાજિક-સાંસ્કૃતિક માહિતીનું ઐતિહાસિક મૂલ્ય સ-વિશેષ છે. છઠ્ઠુ, આ ગ્રથમાં બૃહત્કથા જેવી શૃંગારકથાઓ હોવા છતાં શૃંગારકથાના વ્યપદેશથી એમાં ભારોભાર ધર્મોપદેશ સંભર્યો છે અને છેલ્લે કહું કે કોઇ મહાકવિની અદાથી આ કથાઓ કહેવાઇ છે.

સંક્ષેપમાં કહું તો, જયાં જયાં તક મળી ત્યાં ત્યાં કર્તાએ અનેક ધર્મકથાઓ, લોકકથાઓ અને વાદસ્થળો તેમજ તીર્થંકરો, ધર્મપરાયણ સાધુઓ અને ધાર્મિક પુરુષોનાં ચરિત્રો તથા બીજી અનેક વસ્તુઓનું નિરૂપણ કરીને કવચિત સાહિત્યિક સપ્રમાણતાનો ભોગ આપીને પણ આ ગ્રંથને એક મહાકાય ધર્મકથા તરીકે રજૂ કર્યો છે.

વસુદેવહિંડીની વાત તો સાવ સાદી છે. યોગેશ્વર શ્રી કૃષ્ણના પિતા વસુદેવ પોતાના વડિલ ભ્રાતા સાથે કલહ કરી યુવાવસ્થામાં જ ગૃહત્યાગ કરી પરિભ્રમણ આદરે છે. એ પરિભ્રણ દરમિયાન તેઓ અનેક માનવ અને વિદ્યાધર કન્યાઓના પરિચયમાં આવે છે અનો અસામાન્ય પરાક્રમ કરી અનેક કન્યાઓ સાથે લગ્ન કરે છે. પરિભ્રમણ બાદ ગૃહાગમન ટાણે જાણવા મળે છે કે સત્યભામાના પુત્ર સુભાનું માટે ૧૦૮ કન્યાઓ એકત્ર કરવામાં આવેલી તેમનું લગ્ન રુકિમણીના પુત્ર સાંબ સાથે થયું: આ બંને ઘટનાઓને તુલનાવીને પ્રદ્યુમ્ન દાદાને ટોણો મારે છે: 'આર્ય ! તમે સો વર્ષ સુધી ભમ્યા ત્યારે અમારી દાદીઓને મેળવી પણ સાંબના અંત:પુરમાં જુઓ; સુભાનુ માટે એકત્ર કરેલી કન્યાઓ એકી સાથે સાંબને પરણી ગઇ' (પૃ. ૧૭૨) આ ટોણાનો યથાયોગ્ય પ્રત્યુત્તર આપંતાં વસુદેવ પ્રદ્યુમ્નને કહે છે, 'સાંબ કૂવાના દેડકાની જેમ સહેલાઇથી પ્રાપ્ત થયેલા ભોગથી સંતુષ્ટ થયેલો છે. હું તો માનું છું કે મેં પરિભ્રમણ કરતાં કરતાં જે સુખ અથવા દુ:ખ અનુભવ્યાં છે તે બીજા કોઇ પુરુષે ભાગ્યે જ અનુભવ્યાં હશે' (પૃ. ૧૭૨) પછી વસુદેવ પ્રદ્યુમ્નને એમનાં સાહસિક પરિભ્રમણો અને અસામાન્ય પરાક્રમની કથા અરે આત્મકથાજ કહીને-કહે છે તે રમ્ય ભવ્ય વૃત્તાન્ત તે 'વસુદેવ-હિંડી'. શબ્દોમાં પ્રાકૃત્ત 'હિંડ' ધાતુ છે. પ્રાચીન જૈન સાહિત્યમાં 'હિંડી' શબ્દમાં 'પરિભ્રમણકથા'ના અર્થમાં પ્રચલિત અને સુપરિચિત છે...મતલબ કે 'વસુદેવ-હિંડી' એટલે વસુદેવનું પરિભ્રમણ. આત્માકથારૂપે એ પરિભ્રમણ નિરૂપાયુ હોય અતિ પ્રતીતિકર લાગે છે. પણ દાદાને મુખે પૌત્રોને કહેવાતી કેટલીક શૃંગારકથા એ વખતે કેટલાકને ઔચિત્યભંગ સમી લાગે તો નવાઇ નહીં !

હું આ ગ્રંથમાંથી કેટલીક ઉપમાઓ અને ઉત્પ્રેક્ષાઓથી મુગ્ધ છું અને એમાંનાં અનેક વર્ણનો કવિ બાણની સ્મૃતિ જગવે તેવાં છે. કેટલાક અલંકારો અને એકાદ વર્ણનના નિદર્શનથી મારું વકતવ્ય વધુ સ્પષ્ટ થશે. દા.ત. 'આ સાધુ ઘી વડે છંટાયેલા અગ્નિ જેવા પ્રતાપી અને મનોહર શરીરવાળા દેખાય છે' શિરપરના શ્વેત કેશ જોઇને પત્ની કહે છે' સ્વામી ! આ ધર્મદૂત આવ્યો છે. 'જે નવી માતાનું દૂધ પીવા ઇચ્છતા હોય તે મારી આગળ આવે' 'નવી શીખેલી વિદ્યા, જો તેનો અભ્યાસ ચાલુ રાખવામાં ન આવે તો તેલ વગરના દીવાની જેમ નાશ પામે છે,' કુટુંબનું વિપુલ ધન દૈવયોગે જેમ સૂકી અને ઝીણી રેતી મૂઠ્ઠીમાં ભરતાં જ સરી પડે તે પ્રમાણે નાશ પામી ગયું. ' આળસીના ફૂલ જેવી કાળી તીક્ષ્ણ તલવાર' 'શુષ્ક કોટરવાળુ વૃક્ષ જેમ દાવાનળથી સળગે તેમ મનમાં જ દાઝવા માંડી' ' વર્ષાકાળમાં પ્રફુલ્લિત થયેલા કદંબવૃક્ષની જેમ મારું શરીર અત્યંત રોમાંચિત થયું,' પાડો..-અડદનામોટા ઢગલા જેવો, 'ક્ષીણ કર્મવાળા આત્માઓ જેમ નિર્વાણમાં જાય તેમ એ માછલાં પણ શીઘ્રતાથી પાણીમાં પેસી ગયાં', મેઘની ઘટા જેમ મોરને રુચે તેમ,' 'વનહસ્તી જેમ વનલતાને ઉપાડે તેમ,' 'મોગરાના ફૂલની માળા સમાન ધવલ પાંચજન્ય વગાડયો' 'નવા મેઘને આલિંગન કરતી જાણે કે વિદ્યુલ્લતા,' 'નીલકમલનાં પત્રોના રાશિ જેવા શ્યામ ગગનમાં નારદ ઉડયા,' 'પદ્યુમ્નને પ્રીતિથી જાણે કે પીતા હોય તેમ ઊભા રહ્યાં,' 'મેના જેમ પોપટને શીખવે તેમ, તેણે સાંબને શિક્ષિત કર્યો," પ્રિયના વચનામૃત જેવું મધુર અને ગુરુના વચન જેવું પથ્ય તે પાણી પીધું' 'જાણે શ્વાસ લેતી હોય તેવી કુસુમની શૈયા મેં જોઇ' ' સંધ્યાના રાગવિશેષ જેવું પીળું રેશમી વસ્ત્ર પડેલું જોયું' 'રજ વગરના આકાશ જેવો તેજસ્વી દેવ ત્યાં આવ્યો' વૃષભને જોઇ : 'શું આ હાલતોચાલતો રૂપાનો પર્વત હશે અથવા ધવલ મેઘ હશે' ? ' નિ:શીલ અને નિર્વ્રત એવો તે અસ્ત્રાની ધારની જેમ અત્યંત ક્રૂર હતો' 'પછી તે રાજા સિંહ જેમ બળતી ગુફામાંથી બહાર નીકળે તેમ ત્વરાપૂર્વક નીકળ્યો' 'નીલકમલ અને પલાશ સમાન શ્યામ ગગનમાં ઊડી' 'કપડાના છેડા પર વળગેલા તૃણની માફક રાજ્યલક્ષ્મીનો ત્યાગ કરીને દીક્ષા લીધી' 'બાહુબલિ, વૃક્ષના ઠૂઠાની જેમ એક સંવત્સર સુધી ઊભા રહ્યા' 'દક્ષિણ દિશાના પવન વડે વીંજાયેલી વસન્ત ઋતુની નલિનીની જેમ તે વિશેષ શોભવા લાગી' 'નૈઋત્યના પવનની જેમ મેં તેનું નિવારણ કર્યું'. 'જેની દોરી તૂટી ગઇ છે એવા ઇન્દ્રધ્વજની જેમ તે અચેતન થઇને ધરતી ઉપર પડયો' 'તે વહાણ, અપુણ્યજનના મનોરથની જેમ નાશ પામ્યું'. ' પાડાનાં સિંગડા ગળી અને અળસીના ફૂલ જેવી નીલ પ્રભાવાળા આકાશમાં તે ઊડી'. 'સમુદ્રના જળનાં મોજાં અથડાવાથી વળેલી નદીની જેમ, પાછી વળીને નગરમાં પ્રવેશી' 'લક્ષ્મી જેમ પદ્મસરમાં પ્રવેશે તેમ એ સ્વયંવરમાં પ્રવેશી'. 'ધુવડ પક્ષી જેમ સૂર્યોદય જોવાને માટે અયોગ્ય છે, કોરડુ મગ જેમ રસોઇને માટે અયોગ્ય છે, અને ઘણા કાંકરાવાળા ભૂમિભાગની માટી જેમ ઘડો બનાવવા માટે અયોગ્ય છે તેમ મોક્ષમાર્ગને માટે અયોગ્ય હોય તેમને માટે આ સંસારનો છેડો નથી', 'દુર્જનના હૃદયની જેમ (બહારથી) જાણી શકાય નહી એવી પલ્લીમાં હું ગયો', 'જીવ, દીવો જેમ તૈલાદિનું ગ્રહણ કરે છે તેમ, કર્મોને ગ્રહણ કરે છે.'

અલંકારના આ તો કેટલાક અછડતા દાખલા જ અહીં આપ્યા પણ તેમાં ય અમર્ત ભાવ કે વસ્તુને તાદૃશ રીતે મૂર્ત કરવાની, ઉપમાન- ઉપમેયની યથાર્થ ઔચિત્યપૂર્ણ પસંદગી હૃદયંગમ છે. એક પણ પૃષ્ઠ આવા અલંકાર વિનાનુ વાંચવા નહીં મળે અને કવિની વર્ણન કરવાની શક્તિ અને છટાનાં તો અનેક દષ્ટાંતો આપી શકાય. લંબાણને ભયે એકજ દ્રષ્ટાંત પર્યાપ્ત થશે. નાયિક પદ્માનો પિતા અભગ્નસેન વસુદેવનું વર્ણન આ પ્રમાણે કરે છે: લોકોની દ્રષ્ટિ વડે જેની સુંદરતા જોવાની હતી એવો, મુકુટના સ્થાનરૂપ તથા છત્રના જેવી આકૃતિયુક્ત મસ્તકવાળા, ભમરાઓના સમૂહ જેવા કાળા, વાંકા દક્ષિણાવર્ત અને સ્નિગ્ધ કેશવાળા, શરદ્ઋતુના પૂર્ણચંદ્ર જેવા સૌમ્ય વદનચંદ્રવાળા, અષ્ટમીના ચંદ્ર જેવા લલાટવાળા રવિનાં કિરણોથી વિકાસ પામેલા કમળ જેવી આંખવાળા, સુંદરના નાસિકાવાળા, ઈન્દ્રગોપ અને પરવાળાં જેવા રાતા હોઠવાળા, સર્પની બહાર કાઢેલી જીભના સમાન વર્ણયુક્ત જીભવાળા, કમળમાં મૂકેલી મોગરાની કળીઓની માળા સમાન દાંતવાળા, જેના ઉપર કુંડળ લટકી રહ્યાં છે એવા રમણીય શ્રવણવાળા, મોટી હડપચીવાળા, ત્રિલેખાથી યુક્ત શંખ સમાન ડોકવાળા, ઉત્તમમણિના શિલાતલ સમાન, વિશાલ વૃક્ષ: સ્થળવાળા, જેના પ્રકાષ્ઠ તથા શરીરના સાંધાઓ સુશ્લિષ્ઠ એવા,નગરની ભોગળ જેવી દીર્ઘ ભુજાઓવાળા, ઉત્તમલક્ષણોથી અંકિત અને પુષ્ટ હસ્તકમળવાળા, મનોહર રોમરાજિથી વ્યાપ્ત અને હાથના પંજામાં ગ્રહણ કરી શકાય એવા મધ્યભાગવાળા, વિકાસ પામતા પદ્મ સમાન નાભિવાળા, ઉત્તમ અશ્વના જેવી ગોળ કટિવાળા, હાથીની સૂંઢ જેવા રમ્ય અને સ્થિર ઊરુવાળા (માંસલ સ્નાયુઓમાં) ઢંકાયેલા જાનુવાળા હરિણના જેવી ઘૂંટીવાળા, શંખ, ચક્ર અને છત્ર વડે અંકિત, કોમલ અને કૂર્મ જેવા આકારયુક્ત ચરણવાળા મસ્ત વૃષભ જેવી લલિત ગતિવાળા, શ્રવણમનોહર, ઉત્તમ અર્થયુક્ત અને રિભિત વાણીવાળા, તથા આખા મહીતલનું પાલન કરવાને યોગ્ય એવા તેને (વસુદેવને) મેં જોયા'

સંક્ષેપમાં કહું તો વસુદેવહિંડીમાં બીજાં ઘણા આવાં નખશિખ વર્ણનો વાંચવા મળશે. આ ઉપરાંત જૈન ધર્મને સાચી રીતે સમજવા માટે પણ 'વસુદેવ-હિંડી' જેવો વિરલ કથાગ્રંથ વાંચવો જોઇએ.

□□□

# દાન આપવાનું એક નવું ક્ષેત્ર

□ સૂર્યકાંત પરીખ

જેઓએ હજુ ભારતીય સંસ્કારોની પરંપરા જાળવી રાખી છે તેઓ પોતાની કમાણીમાંથી કેટલોક ભાગ સમાજના કલ્યાણ માટે અને વિકાસ માટેના કામોમાં ખર્ચે છે. છેલ્લા ૨૦-૨૫ વર્ષમાં આપણા દેશમાં કેળવણીક્ષેત્રે થયેલ અનેક શાળા, મહાશાળાઓ, જુદા જુદા રોગોના નિદાન માટેના કેમ્પો, તે અંગેની સુશ્રુષા માટેની હોસ્પિટલો, દવાખાનાઓ વગેરેમાં કરોડો રૂપિયા સુખી સંપન્ન લોકોએ પોતાની કમાણીમાંથી જુદા કાઢીને ખર્ચ્યા છે અને સમાજના વિકાસમાં તેણે ઘણો ભાગ ભજવ્યો છે. આ અંગેનો સર્વે કરવાની જરૂરત છે કે જેથી ખબર પડે કે સરકારના રૂ. ૧૦૦ ખર્ચવાથી જે સગવડો સમાજમાં થઈ હોય તેની સામે લોકોના ૨૫-૩૦ રૂપિયાના ખર્ચથી એટલી જ સગવડો સમાજમાં થઈ શકી છે. ધાર્મિકક્ષેત્રે નવા મંદિરો બનાવવાની બાબતને તથા જૂના મંદિરોના જીર્ણોદ્ધારની બાબતની વાત કરીએ તો તો અબજો રૂપિયા આપણા દેશમાં ખર્ચાય છે, અને સરકાર તેવી બાબતમાં એક પાઈ પણ ખર્ચતી નથી. દાનના આ પ્રવાહની સગવડ માટે સરકારના કાયદાઓમાં પણ અનુકૂળતા કરવામાં આવી છે, અને તેનો લાભ ખૂબ ધન કમાનારા લોકો લે છે તે સારી બાબત છે.

આજે ભારતમાં "વિકાસ"નો જે અર્થ છે તેને નજર સમક્ષ રાખીને "દાનનો પ્રવાહ" બીજી એક દિશા તરફ પણ વાળવાની જરૂરત છે. પર્યાવરણ- એન્વાયરમેન્ટ એ બહુ મહત્ત્વનો વિષય બની રહ્યો છે. તેમાં પાણી, હવાના પ્રદુષણો વધતા જાય છે. ખાસ કરીને શહેરમાં તો તે સ્થિતિ વધુ ખરાબ થતી જાય છે. સ્વચ્છતાની બાબતમાં મોટા શહેરોની સ્થિતિ રોજેરોજ ખરાબ થતી જાય છે. કચરાના ઢગલાઓ ચારે તરફ ખડકાય છે. મુંબઈ શહેરમાં મરીનડ્રાઈવ, ચર્ચગેટ કે કફપરેડ પર રહેનારાઓને ખબર નથી કે તેમનો કચરો છેક ૩૦-૪૦ કિલોમીટર દૂર મુંબઈની ખાડીઓમાં ઠલવાય છે, અને ત્યાં રહેનારાઓ માટે તે રોગ ફેલાવનાર સાબિત થાય છે.

ભારતના ઘણાં શહેરમાં અને મુંબઈમાં પણ રોગ ફેલાવનાર એક બીજી બાબત છે તે છે ખુલ્લામાં રોજ હજારો માણસો શૌચક્રિયા કરે છે. તેને કારણે વરસાદ પડતાં તેના પાણીની સાથે માનવમળ આસપાસની જગાઓમાં પાણીની સાથે નીચે ઊતરે છે અને એક કે બે ફૂટ ઊંડાઈએથી જતી પીવાના પાણીની નળીઓ જો કયાંક કોહાઈ હોય તો ત્યાંથી તે પીવાની પાણીમાં જાય છે અને પીવાના પાણીને પ્રદુષિત કરે છે, તે પીવાથી અનેક જાતના રોગો ફેલાય છે. જેઓ પાસે આર્થિક સધ્ધરતા હોય છે તેઓ પાણીને શુધ્ધ કરવાનું સાધન વસાવી શકે છે, ઉકાળીને પી શકે છે. પરંતુ હજારો લોકો તે પ્રમાણે કરી શકતા નથી. તેઓ પચાસ જાતના પાણીના પ્રદુષણથી પેદા થતા રોગોના ભોગ થાય છે.

શું આનો ઈલાજ શકય છે ? તે પ્રશ્ન સ્વાભાવિક રીતે જ આપણા જેવા પ્રબુધ્ધ નાગરિકોને થાય છે. આધુનિક વિજ્ઞાનના વિકાસ સાથે એ વાત નક્કી છે કે તેનો ઈલાજ છે. તે ઈલાજ લાખો લોકો માટે નાહવાની અને શૌચાલયની સુવિધા પૂરી પાડવાનો છે. તેમાં વચલો કોઈ માર્ગ નથી. આપણા રોજિંદા જીવનની સાથે વણાઈ ગયેલ શૌચ-સુવિધાઓ અંગે અત્યાર સુધી વિચાર જ ન થયો હોય, પરંતુ સતત વિકસતા શહેરી સમાજમાં તેને માટે વિચાર કર્યા વગર છૂટકો જ નથી. જેઓ સમાજના વિકાસ માટે અનેક પ્રકારના દાન કરે છે, અને જેઓને પ્રજાના જાહેર આરોગ્ય અંગે ચિંતા છે તેઓએ તેમના દાનની દિશામાં થોડા ફેરફાર કરવાની જરૂરત છે. પાણી વહી જાય તે પહેલાં પાળ બાંધવી તેના જેવી જ શિખામણ છે કે રોગ થતાં અટકે એવું પર્યાવરણ તૈયાર કરીએ. જે આપણા હાથમાં છે, તેનાથી શરૂઆત કરી શકીએ અને તે છે આવા કામો માટે ઉદારતાથી દાન આપવું તે. અમદાવાદમાં નેશનલ સેનીટેશન ઈમ્પ્રુમેન્ટ ફાઉન્ડેશન (ગવારા સ્ટ્રીટ, રીલીફ સીનેમા સામે, અમદાવાદ-૧) નામની સંસ્થા આ દિશામાં સારું કાર્ય કરી રહી છે.

ભારતમાં ગરીબી, બેકારી, ગંદકી, ગુંડાગીરી, આંતકવાદ વગેરેની વિવિધ સમસ્યાઓ છે. દરેક ક્ષેત્રે સામાજિક સ્તરે સેવાકાર્ય કરતી સંનિષ્ઠ સંસ્થાઓને પ્રજા તરફથી જો પોષણ અને પ્રોત્સાહન મળે તો ઘણું સારું રચનાત્મક કાર્ય થઈ શકે ! લોકોએ દાનના પ્રવાહ માટે વિવિધ અભિગમ અપનાવવાની જરૂર છે.

□□□


## પ્રબુધ્ધ જીવન

(રજિસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ રૂલ્સ ૧૯૫૬ના અન્વયે)

(ફોર્મ નં. ૪)

'પ્રબુધ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિધ્ધિનું સ્થળ | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૨. | પ્રસિધ્ધિનો ક્રમ | : દર મહિનાની સોળમી તારીખ. |
| ૩. | મુદ્રકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૪. | પ્રકાશકનું નામ | : ચીમનલાલ જે. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૫. | તંત્રીનું નામ | : ડૉ. રમણલાલ ચી. શાહ |
| | કયા દેશના | : ભારતીય |
| | ઠેકાણું | : રસધારા કો. ઓ. હા. સોસાયટી, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |
| ૬. | માલિકનું નામ અને સરનામું | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪. |

હું રમણલાલ ચી. શાહ આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

૧૬-૩-૧૯૯૨ રમણલાલ ચી.

# સ્વ. પંડિત હીરાલાલ દુગ્ગડ

☐ રમણલાલ ચી. શાહ

કેટલાક સમય પહેલાં જૈન ધર્મના વિદ્વાન પંડિત હીરાલાલ દુગ્ગડનું ૮૭ વર્ષની વયે દિલ્હીમાં અવસાન થયું.

પં. હીરાલાલ દુગ્ગડનું નામ દિલ્હી, ઉત્તર ભારત અને પંજાબના જૈનોમાં જેટલું જાણીતું છે એટલું ગુજરાતમાં કે ભારતના અન્ય રાજ્યોના જૈનોમાં જાણીતું નથી.

પં. હીરાલાલ દુગ્ગડ એક વિરલ પ્રતિભા ધરાવનાર પ્રાચીન પરિપાટીના, ગઈ પેઢીના વિદ્વાન હતા.

પં. હીરાલાલ દુગ્ગડ સાથેની મારી પહેલી મુલાકાત કંઈક જુદી જ રીતે થઈ હતી. કેટલાંક વર્ષ પહેલાં નવી દિલ્હીથી થોડે દૂર વલ્લભ સ્મારકની રચના માટે ખાતમુર્હુતનો ઉત્સવ મહત્તરા સાધ્વીશ્રી મૃગાવતીશ્રીજીની નિશ્રામાં જ્યારે યોજાયો હતો ત્યારે મારે પણ ત્યાં જવાનું બન્યું હતું. વિશાળ ખુલ્લી જગ્યામાં તંબુઓમાં રહેવાનું હતું. પંજાબ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, મુંબઈ વગેરે સ્થળેથી ઘણા લોકો ઉત્સવ માટે એકત્રિત થયા હતા. એ પ્રસંગે જૈન ધર્મના ગ્રંથો, ભજનોની કેસેટ વગેરે વેચવા માટે કેટલાક નાના નાના સ્ટોલ પણ કરવામાં આવ્યા હતા. તે વખતે એક ચશમાધારી કૃશકાય સજ્જન ખાદીનું પહેરણ, સુરવાલ, બંડી અને માથે કાળી ટોપી પહેરીને હાથમાં એક પુસ્તકની કેટલીક નકલો રાખીને વેચવા માટે ફરતા હતા. પુસ્તકનું નામ હતું 'મધ્ય એશિયા ઔર પંજાબમેં જૈન ધર્મ.'

ઉત્સવમાં પધારેલા સામાન્ય લોકોને આવા દળદાર, ગંભીર, સંશોધનાત્મક પુસ્તકમાં બહુ રસ ન પડે એ સ્વાભાવિક હતું. પરંતુ એ પુસ્તક એમના હાથમાં જોતાં જ મને એમાં રસ પડયો. મેં એ પુસ્તક ખરીદવા માટે એમની પાસેથી લીધું. પચાસ રૂપિયાની કિંમતનું પુસ્તક હતું. મેં એમને પચાસ રૂપિયા આપ્યા. તો તેમણે મને પાંચ રૂપિયા પાછા આપ્યા. એમણે કહ્યું કે 'આ ઉત્સવ પ્રસંગે જે કોઈ પુસ્તક ખરીદે તેને હું દસ ટકા કમિશન આપું છું.' એ સજ્જનનો સાધારણ વેશ જોતાં મને એમ થયું કે આ કોઈ સેલ્સમેન તડકામાં ફરી ફરીને પોતે પુસ્તક વેચવાનો પ્રયાસ કરે છે તો મારે એમની પાસેથી કમિશનના પાંચ રૂપિયા પાછા ન લેવા જોઈએ. એટલે મેં પાંચ રૂપિયા પાછા આપ્યા. એથી એમને આશ્ચર્ય થયું. 'પાંચ રૂપિયા કેમ પાછા આપો છો ?' એવો પ્રશ્ન એમણે કર્યો. ત્યારે મેં કહ્યું, આવા દળદાર પુસ્તકની નકલો ઊંચકીને તડકામાં આપ વેચવા પ્રયત્ન કરો છો તો આપની કમાણી મારે ઓછી ન કરવી જોઈએ.'

એમની પાસેથી પુસ્તક લઈ ત્યાં ઊભા ઊભા જ હું એ પુસ્તક ઉપર નજર ફેરવવા લાગ્યો. મને લાગ્યું કે આ એક સમર્થ, વિદ્વદ્ભોગ્ય સંશોધનાત્મક ગ્રંથ છે. પંડિત હીરાલાલ દુગ્ગડનો એ ગ્રંથ હતો. મેં એ સજ્જનને કહ્યું, 'અહો, પંડિત હીરાલાલ દુગ્ગડનો આ ગ્રંથ સરસ છે. આ ગ્રંથના લેખક જો આ કાર્યક્રમમાં આવ્યા હોય તો મારે તેમને મળવાની ઈચ્છા છે. તમે મને એમનો પરિચય કરાવશો ?' એમણે કહ્યું, 'આ ગ્રંથનો લેખક હું પોતે જ છું. હું હીરાલાલ દુગ્ગડ છું.'

એક ક્ષણ તો મને એમ લાગ્યું કે તેઓ મજાક તો નથી કરતાને ? તેમનો પહેરવેશ અને દેખાવ જોઈને કોઈ કહે નહિ કે આ લેખક મહાશય પોતે હશે, પરંતુ થોડી વાતમાં જ ખબર પડી કે તેઓ ગ્રંથલેખક પોતે જ છે. મેં સહાનુભૂતિપૂર્વક કહ્યું, 'તમે આવા મોટા પંડિત છો અને તમારા ગ્રંથની નકલો તમારે જાતે વેચવા માટે ફરવું પડે છે એ જોઈને મને દુઃખ થાય છે. એમણે કહ્યું, 'ભાઈ, આ પુસ્તક મેં ઘણા લોકો પાસેથી આર્થિક સહાય લઈને છપાવ્યું છે. અને ઘરના ગાંઠના પૈસા પણ અંદર બહુ નાખ્યા છે. આવું અઘરું પુસ્તક એમને એમ તો કોણ લેવાનું હતું ? જો ફરું અને પાંચ પંદર નકલ વેચાય તો મારો આર્થિક બોજો એટલો હળવો થાય.'

એક સમર્થ જૈન વિદ્વાનને પોતાના ગ્રંથની નકલો વેંચવા માટે તડકામાં આંટા મારવા પડે એ ઘણી શોચનીય સ્થિતિ મને લાગી.

પંડિત હીરાલાલ દુગ્ગડનો આ રીતે મને પહેલી વાર પરિચય થયો હતો. ત્યાર પછી અમે બંને સમાનરસને લીધે ઘણીવાર મળ્યા છીએ અને પરસ્પર પત્રવ્યવહાર કર્યો છે.

પંડિત હીરાલાલ દુગ્ગડનો જન્મ ઈ.સ. ૧૯૦૪માં (વિ. સં. ૧૯૬૧ જેઠ વદ-૫) પંજાબમાં ગુજરાનવાલા (હાલ-પાકિસ્તાન)માં થયો હતો. પ. પૂ. આત્મારામજી મહારાજની સ્વર્ગારોહણની એ ભૂમિ પં. હીરાલાલ દુગ્ગડના પિતાનું નામ ચૌધરી દીનાનાથ દુગ્ગડ હતું. એમની માતાનું નામ ધનદેવી હતું. પુત્ર હીરાલાલને જન્મ આપ્યા પછી નવમે દિવસે માતા ધનદેવીનું અવસાન થયું હતું. કુટુંબ ઉપર એથી એક મોટી આપત્તિ આવી પડી હતી. પોતાના દોહિત્રને ઊછેરવા માટે ધનદેવીની માતા હીરાલાલને પોતાના ઘરે લઈ ગયાં અને ત્યાં તેમને ઉછેરવા લાગ્યાં. ભર યુવાનીમાં વિધુર થયેલા દીનાનાથ આગળ બીજા લગ્ન માટેનો પ્રસ્તાવ આવ્યો. એ કન્યા તે ધનદેવીની જ નાની બહેન હતી. લગ્ન કર્યા વિના છૂટકો નહોતો. દીનાનાથનાં બીજાં લગ્ન આ રીતે થયાં હતાં. બાળક હીરાલાલ માટે પોતાની માશી તે પોતાની સાવકી માતા બની. જો કે બાળક હીરાલાલ તો પોતાની નાની પાસે ઊછરવા લાગ્યા હતા. ચૌધરી દીનાનાથનાં આ બીજાં લગ્ન દસેક વર્ષ ટક્યાં. એમની બીજી પત્નીનું પણ અવસાન થયું. આ પત્નીથી એમને બે સંતાન થયાં હતાં. પરિસ્થિતિ અનુસાર ચૌધરી દીનાનાથને ત્રીજાં લગ્ન કરવાં પડયાં. એ લગ્ન થયાં ગુજરાનવાલાના શ્રેષ્ઠી લક્ષ્મણદાસની પુત્રી માયાદેવી સાથે. માયાદેવીથી એમને બે સંતાનો થયાં હતાં.

ચૌધરી દીનાનાથની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી. તેઓ ગુજરાનવાલામાં તાંબાપિત્તળનાં વાસણોનો વેપાર કરતા હતા, પરંતુ એ વેપારમાં એમને ખાસ કંઈ કમાણી થતી ન હતી. વેપારમાં વારંવાર ખોટ આવવાને લીધે તથા માથે થોડું દેવું થઈ જવાને લીધે તેમને પોતાના વાસણનો વેપાર બંધ કરવાની ફરજ પડી હતી. ત્યાર પછી તેમણે અનાજની દલાલી ચાલુ કરી હતી. તેમાં પણ બહુ ઓછી કમાણી થતી એટલે એમના કુટુંબનું ગુજરાન માંડ પૂરું થતું. ગરીબીમાં કષ્ટમય દિવસો એમના કુટુંબના પસાર થતા રહ્યા હતા.

આવા કપરા સંજોગોમાં પણ દીનાનાથે અને હીરાલાલની દાદીમાએ હીરાલાલને મેટ્રિક સુધીનો અભ્યાસ કરાવ્યો. એ દિવસોમાં મેટ્રિકની પરીક્ષા પાસ કરવી એ જ ઘણી મોટી વાત હતી. કૉલેજનું ઉચ્ચત્તર શિક્ષણ જવલ્લેજ કોઈક લેતા. સોળ વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને હીરાલાલ પોતાના પિતાની વાસણની દુકાનમાં જોડાયા હતા. પરંતુ એ દુકાનમાં વકરો બહુ થતો નહિ. આખો દિવસ બેસી રહેવાનું થતું. હીરાલાલને એ ગમતું નહિ. એટલે તેઓ ફાજલ સમયનો ઉપયોગ ગ્રંથો વાંચવામાં કરતા. દુકાનમાં ધંધો સારો ચાલતો ન હોવાથી અને તેમાં હીરાલાલની કંઈ જરૂર ન હોવાથી તથા હીરાલાલને પોતાને પણ એમાં બહુ રસ પડતો ન હોવાથી તથા હીરાલાલને ખાવાપીવાના ખર્ચ સાથે શિષ્યવૃત્તિ મળતી હોવાથી છેવટે કૉલેજના અભ્યાસ માટે મોકલવાનું નક્કી થયું. ગુજરાનવાલાની આત્માનંદ જૈન ગુરુકુળની કૉલેજમાં તેઓ દાખલ થયા. ત્યાં પાંચ વર્ષ સુધી રહીને એમણે સંસ્કૃત ભાષા સાહિત્ય, વ્યાકરણ વગેરેનો અભ્યાસ કર્યો. એમણે સ્નાતકની પદવી મેળવી. તદુપરાંત એમણે જૈન આગમ સાહિત્ય તથા દર્શનશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો. એ કરીને એમણે 'વિદ્યા ભૂષણ'ની ઉપાધિ પ્રાપ્ત કરી. આ રીતે એમણે સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓનો પણ સંગીન અભ્યાસ કર્યો. તદુપરાંત જેમ જેમ અનુકૂળતા મળતી ગઈ તેમ તેમ એમણે હિન્દી, બંગાળી, ગુજરાતી, પંજાબી, ઉર્દૂ, અંગ્રેજી વગેરે ભાષાઓનો પણ સરસ અભ્યાસ કર્યો. આ રીતે યુવાન હીરાલાલ 'શાસ્ત્રી' થયા.

હીરાલાલે ત્યાર બાદ એકાદ વર્ષ પછી કલકત્તા યુનિવર્સિટીની સંસ્કૃત ભાષાના વિષયની 'ન્યાયશાસ્ત્ર'ની પરીક્ષા આપી. તેમાં સારા માર્કસ મેળવી પાસ થતાં તેમને 'ન્યાયતીર્થ'ની ઉપાધિ મળી હતી. ત્યાર પછી બીજે વર્ષે એમણે વડોદરામાં ગાયકવાડ સરકારે સ્થાપેલી સેન્ટ્રલ લાઈબ્રેરીના વિષયને

લગતી પરીક્ષા પસાર કરી. ત્યાર પછી એમણે અજમેરમાં યોજાયેલી વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લઈ સરસ વ્યાખ્યાન આપ્યું. એમાં ઘણી સારી સફળતા પ્રાપ્ત કરવા માટે અજમેરમાં ભરાયેલી અખિલ ભારતીય વિદ્વદ્ પરિષદમાં એમને 'વ્યાખ્યાન દિવાકર'નું બિરુદ આપવામાં આવ્યું. આમ, વિદ્યાના ક્ષેત્રે પંડિત હીરાલાલ શાસ્ત્રીની ઉત્તરોત્તર ચડતી થવા લાગી.

પં. હીરાલાલને ધાર્મિક વારસો એમના દાદા મથુરાદાસજી શાસ્ત્રી પાસેથી તથા વિશેષત: દાદાના મોટાભાઈ કર્મચંદ્ર (કરમચંદ) શાસ્ત્રી પાસેથી મળ્યો હતો. પંજાબમાં એ દિવસોમાં જૈનધર્મ અને શાસ્ત્રજ્ઞાનના ક્ષેત્રે કર્મચંદ્ર શાસ્ત્રીનું નામ ઘણું જ મોટું હતું. એમનો જન્મ અને ઉછેર ગુજરાનવાલામાં થયો હતો. યુવાન વયે તેઓ પોતાના પિતાના સોનાચાંદીના-શરાફીના વ્યવસાયમાં જોડાયા હતા. કર્મચંદ્ર સ્વભાવથી જ અત્યંત પ્રામાણિક હતા. સોનાચાંદીના વ્યવસાયમાં તેઓ ભાવતાલમાં કે ધાતુના મિશ્રણમાં જરા પણ અપ્રામાણિકતા કરતા નહિ. તેઓ તથા ગુજરાનવાલાના બધા જ જૈનો ઢુંઢક મત-સ્થાનકવાસી માર્ગને અનુસરતા હતા. કર્મચંદ્રજી સ્થાનકવાસી હતા. એટલે એમણે બત્રીસ આગમોનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો હતો. તેઓ સાધુ સાધ્વીઓને નિ:સ્વાર્થપણે, સેવાની ભાવનાથી અધ્યયન કરાવતા હતા. એટલા માટે તેઓ 'શાસ્ત્રી' તરીકે ઓળખાતા હતા. તેમના હસ્તાક્ષર બહુ સરસ, મરોડદાર હતા. એ દિવસોમાં મુદ્રિત ગ્રંથો નહોતા. એટલે તેઓ પોતે સાધુસંતોને શાસ્ત્રગ્રંથોની હસ્તપ્રતોની નકલ કરી આપતા. આગમોના પોતાના ઊંડા અભ્યાસને કારણે એમની પ્રતિષ્ઠા પંજાબમાં ત્યારે એટલી મોટી હતી કે કોઈપણ સાધુસંતને જૈનધર્મ વિશે કંઈ પણ શંકા થાય અથવા વિશેષ જાણવું હોય તો તે વિશે કર્મચંદ્ર શાસ્ત્રીને પૂછતા અને છેવટે એમનો જવાબ માન્ય રહેતો.

પંજાબમાં એ વખતે સ્થાનકવાસી અગ્રણી સાધુઓમાં બુટેરાયજી મહારાજનું નામ ઘણું પ્રખ્યાત હતું તેઓ પણ કર્મચંદ્ર શાસ્ત્રી પાસે ઘણીવાર અધ્યયન કરવા અથવા પોતાની શંકાઓનું સમાધાન કરવા માટે આવતા. શાસ્ત્રોના ઊંડા અધ્યયનને લીધે કર્મચંદ્ર શાસ્ત્રીને એવી ખાત્રી થઈ ગઈ હતી કે જિનપ્રતિમાનો નિષેધ સ્થાનકવાસી પરંપરા દ્વારા ખોટી રીતે થયો છે. એ અંગે એમણે તટસ્થ ભાવે બધા આગમોનો અને અન્ય ગ્રંથોનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યો. એથી એમને દઢ શ્રદ્ધા થઈ કે જિનપ્રતિમા અને તેની પૂજા જૈનધર્મને સંપૂર્ણપણે માન્ય છે. બત્રીસ આગમોની પોથીઓમાં જિનપ્રતિમાના પાઠ જાણી જોઈને છેકી નાખવામાં આવેલા છે. આ વિષયમાં એમણે શ્રી બુટેરાયજી મહારાજ સાથે નિખાલસ ચર્ચા કરી. બુટેરાયજી મહારાજને પોતાને પણ કેટલાંક સંશયો થયા હતા. એથી જ બુટેરાયજી મહારાજને જિન પ્રતિમા પૂજા તરફ વાળવામાં મુખ્યત્વે કર્મચન્દ્ર શાસ્ત્રીનો જ ફાળો હતો.

કર્મચંદ્ર શાસ્ત્રી બારવ્રતધારી શ્રાવક હતા. પૂ. બુટેરાયજી મહારાજ ગુજરાતમાં જઈ શ્વેતામ્બર મૂર્તિપૂજક પરંપરામાં નવેસરથી સંવેગી દીક્ષા ધારણ કર્યા પછી જયારે પંજાબમાં પાછા ફર્યા અને મૂર્તિપૂજાનો ઉપદેશ આપવો શરૂ કર્યો ત્યારે સ્થાનકવાસી શ્રાવકોમાંથી બુટેરાયજી મહારાજના પ્રથમ અનુયાયી શ્રી કર્મચંદ્ર શાસ્ત્રી બન્યા હતા. કર્મચંદ્ર શાસ્ત્રીને બુટેરાયજી મહારાજ પાસે નિર્ભયતાપૂર્વક અને નિષ્ઠાપૂર્વક જાહેરમાં સ્વીકારેલા મૂર્તિપૂજક ધર્મનો પ્રભાવ ઘણો મોટો પડયો. એને લીધે પંજાબમાં અસંખ્ય સ્થાનકવાસી કુટુંબોએ મૂર્તિપૂજા સ્વીકારી. વખત જતાં શ્રી આત્મારામજી મહારાજ તથા શ્રી વલ્લભસૂરિ મહારાજના સદુપદેશથી સમગ્ર પંજાબમાં જૈન કોમમાં ઘણી મોટી ક્રાંતિ થઈ હતી. આ ક્રાંતિના આદ્ય પ્રણેતાઓમાં સાધુઓમાં જેમ બુટેરાયજી મહારાજ હતા તેમ શ્રાવકોમાં કર્મચન્દ્ર શાસ્ત્રી હતા.

આમ, ગુજરાનવાલા નગરમાં હીરાલાલને પોતાના દાદા મથુરાદાસજીના મોટાભાઈ કર્મચંદ્ર શાસ્ત્રી પાસે નિયમિત બેસીને જૈન ધર્મનું અધ્યયન કરવાની સારી તક સાંપડી હતી. કર્મચંદ્ર શાસ્ત્રીના સંયમશીલ જીવન અને શાસ્ત્રીય અધ્યયનનો પ્રભાવ તેમના ઉપર ઘણો મોટો પડયો હતો. વળી પોતાના બાર વ્રતધારી દાદા મથુરદાસજીના જીવનની અસર પણ હીરાલાલ ઉપર ઘણી વધી પડી હતી. આથી જ યુવાનીમાં પ્રવેશતાં હીરાલાલને વેપારધંધો કરી સારું ધન કમાવામાં રસ પડયો ન હતો, પરંતુ શાસ્ત્રગ્રંથોનું અધ્યયન કરવામાં, સાહિત્ય ગ્રંથોનું વાંચન કરવામાં અને લેખન કાર્ય કરવામાં વધુ રસ પડયો હતો. તેઓ જાણતા હતા કે વિદ્યાના ક્ષેત્રે અર્થપ્રાપ્તિ ખાસ થવાની નથી અને સાદાઈથી જીવન જીવવું પડશે, પરંતુ તેઓ તે માટે મનથી સજજ થઈ ગયા હતા અને એક પંડિત કે શાસ્ત્રી તરીકે પોતાની કારકિર્દીને વિકસાવવા ઈચ્છતા હતા. ઊગતી યુવાનીમાં ધન તરફ ન આકર્ષાવું એ સરળ નથી. જ્ઞાનસંપત્તિનો સાચો પરિચય જેને હોય તે જ વ્યક્તિ ભૌતિક સંપત્તિ પ્રત્યે ઉદાસીન રહી શકે.

આમ, હીરાલાલનું મન વાસણના કે અનાજના વેપારમાં રહ્યું નહિ. બીજી બાજુ અનાજની દલાલીમાં સરખી કમાણી ન થતાં ચૌધરી દીનાનાથે પોતાનો એ વ્યવસાય બંધ કર્યો. ત્યાર પછી તેઓ તથા તેમના દીકરાઓ ગુજરાનવાલામાં જુદી જુદી નોકરીએ લાગી ગયા. બજારની કોઈ નોકરી કે કારકૂની કરવા કરતા વિદ્યાભ્યાસંગ દ્વારા પંડિત કે શાસ્ત્રી તરીકે જે કંઈ આજીવિકા પ્રાપ્ત થાય તેમાં પોતાનું ગુજરાન સંતોષપૂર્વક ચલાવવાનું હીરાલાલે નક્કી કર્યું. એમના એ જમાનામાં આ રીતે જીવન નિર્વાહ કરવો એ ઘણી કપરી વાત હતી. એમ છતાં પં. હીરાલાલ પોતાના સંકલ્પમાંથી જીવનભર ચલિત થયા નહોતા. સાધારણ આવકને કારણે પોતાની જીવન શૈલી પણ એમણે એટલી સાદાઈભરી કરી નાખી હતી. હાથે ધોયેલાં સાદાં વસ્ત્રો તેઓ પહેરતા. કરકસર ભર્યું જીવન તેઓ ગુજારતા. પોતાના લેખો, ગ્રંથો, વ્યાખ્યાનો વગેરેમાંથી જે કંઈ નજીવી કમાણી થાય તેમાંથી તેઓ પોતાનું ગુજરાન ચલાવતા હોવા છતાં પોતાની પરિસ્થિતિ માટે પોતે કયાંય અફસોસ કે અસંતોષ વ્યક્ત કરતા નહિ, બલ્કે ખુમારીથી તેઓ આનંદમાં મસ્તીભર્યું પોતાનું જીવન જીવતા. પોતાની પાસે જે જ્ઞાનસંપત્તિ છે એજ સદ્ભાગ્યની ઘણી મોટી વાત છે એમ તેઓ માનતા.

એ જમાનામાં કિશોર વયે લગ્ન થઈ જતાં, પરંતુ હીરાલાલની લગ્ન કરવાની ઈચ્છા નહોતી. શાસ્ત્રાભ્યાસ કરવાની અને કરાવવાની એમને વધારે લગની હતી. આમ છતાં કૌટુમ્બિક સંજોગાનુસાર એમને લગ્ન કરવાં પડયાં હતાં. પરંતુ એમનાં લગ્ન એમના જમાનાની દ્રષ્ટિએ ક્રાંતિકારક હતાં. હીરાલાલે ૨૭ વર્ષની ઉંમરે લગ્ન કર્યાં ત્યારે એમના સમાજમાં ઘણો ખળભળાટ મચ્યો હતો. દઢ જ્ઞાતિ પ્રથાના એ જૂના દિવસો હતા. લગ્ન માટે જ્ઞાતિનાં બંધનો ઘણાં ભારે હતાં. હીરાલાલ પંજાબના વતની હતા. તેઓ શ્વેતામ્બર સમુદાયના અને તેમાં ઓસવાલ (ભાવડા) જ્ઞાતિના હતા. એમણે પંજાબની બહાર ઉત્તરપ્રદેશની, દિગમ્બર સમુદાયની અને પોરવાડ જ્ઞાતિની કન્યા કુમારી કલાવતીરાણી સાથે લગ્ન કર્યાં હતાં. એટલે દેખીતી રીતે એમના લગ્નજીવનમાં સમન્વયની ભાવના રહેલી હતી.

ઈ.સ. ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે જયારે હિન્દુસ્તાનના બે ટૂકડા થયા અને ભારત તથા પાકિસ્તાનમાં દેશ વિભાજિત થયો તે વખતે દીનાનાથ દુગ્ગડ અને તેનું કુટુંબ ગુજરાનવાલામાં હતું. ગુજરાનવાલા પાકિસ્તાનમાં જતાં ત્યાંના જૈનો ઘરબાર છોડીને, નિરાશ્રિત થઈને ભારતમાં ભાગી આવ્યા હતા. પૂ. વિજયવલ્લભસૂરિ તે વખતે ગુજરાનવાલામાં હતા. તેમની સાથે ગુજરાનવાલાથી ઘણા જૈનો ભારતમાં આવ્યા હતા. તેઓને ઘણી તકલીફ પડી હતી.

૧૯૪૭ના ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં લાખોની સંખ્યામાં હિન્દુ- મુસ્લિમની ભારતમાંથી પાકિસ્તાનમાં અને પાકિસ્તાનમાંથી ભારતમાં એમ હિજરત થઈ હતી. એ વખતે થયેલાં મોટાં રમખાણોમાં અનેક લોકોની કતલ થઈ. જે લોકો નિરાશ્રિત તરીકે ભારતમાં આવ્યા તેઓ પોતાના ઘરબાર અને માલમિલ્કત છોડીને જીવ બચાવીને ભાગી આવ્યા હતા. દીનાનાથ દુગ્ગડ ૧૯૪૭ના સપ્ટેમ્બરમાં ગુજરાનવાલાથી પોતાના પરિવારના સભ્યો સાથે ભાગીને અમૃતસર આવી પહોંચ્યા હતા. પરંતુ રસ્તામાં લાહોરમાં એમના ચાલીશ વરસની ઉંમરના પુત્ર લક્ષ્મીલાલની મુસલમાન હુલ્લડખોરોએ કતલ કરી નાખી હતી.

દીનાનાથ દુગ્ગડ અમૃતસરથી પોતાના સગાંને ત્યાં આગરા પહોંચ્યા. ત્યાં રહેતા કેટલાક શ્રાવક ભાઈઓએ એમને સારી મદદ કરી. તેઓએ એમને તથા એમના દીકરાઓને કામધંધે લગાડયા. સમય જતાં એમના એક પુત્ર મહેન્દ્રલાલે સોના ચાંદીની દુકાન કરી અને બીજા પુત્ર શાદીલાલે વાસણોની દુકાન કરી. આમ એમના દીકરાઓએ આગરામાં આવીને ધંધાની સારી જમાવટ કરી. દીનાનાથ દુગ્ગડનું ૬૭ વર્ષની ઉંમરે આગરામાં અવસાન થયું.

પાકિસ્તાનથી આગરા આવ્યા પછી પં. હીરાલાલ દુગ્ગડને પોતાના ભાઈઓ સાથેના વેપાર ધંધામાં એટલો રસ પડયો નહિ. એટલે તેઓ પોતાના કુટુંબ સાથે ગ્વાલિયર રાજયના ભિંડ નામના ગામે રહેવા ગયા. ત્યાં તેમણે શાસ્ત્રી તરીકે વ્યવસાય ચાલુ કર્યો. ત્યાર પછી તેઓ પોતાના પરિવાર સાથે દિલ્હી રહેવા ચાલ્યા ગયા અને જીવન પર્યંત ત્યાં રહ્યા.

પં. હીરાલાલે જૈન તથા હિન્દુ અને બૌદ્ધ ધર્મગ્રથોનું ઊંડુ અધ્યયન કર્યું હતું. જૈનધર્મમાં પણ શ્વેતામ્બર અને દિગમ્બર એમ બંને પરંપરાના સાહિત્યનો તેમનો અભ્યાસ ઘણો ગહન હતો. તેઓ મધ્યસ્થ દષ્ટિના હતા. દિગમ્બર પરંપરા પ્રત્યે તેમને કોઈ પૂર્વગ્રહ નહોતો, કારણકે તેમનાં પત્ની દિગમ્બર સંપ્રદાયનાં હતાં. તેઓ પોતે પણ દિગમ્બર આચાર્યો અને મુનિઓના સતત સંપર્કમાં રહેતા. ઈ.સ. ૧૯૩૫માં અજમેરમાં એક મોટો વિવાદ ઊભો થયો હતો. અજમેરનિવાસી એક દિગમ્બર વિદ્વાને શ્વેતામ્બર પરંપરા વિરુદ્ધ ચાલીસ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. એ વખતે પં. હીરાલાલે અજમેરથી પ્રગટ થતા 'જૈનધ્વજ' નામના સાપ્તાહિકમાં એ ચાલીસ પ્રશ્નોના એવા સચોટ તર્કયુક્ત અને આધાર સહિત ઉત્તરો આપ્યા હતા કે જેથી એ દિગમ્બર વિદ્વાન નિરુત્તર થઈ ગયા હતા. પં. હીરાલાલે એ પ્રસંગે પોતાની જે વિદ્વતા અને તર્કશક્તિનો પરિચય સમાજને કરાવ્યો તેથી પ્રભાવિત થયેલા જૈન અને જૈનેતર વિદ્વાનોની ભલામણથી અયોધ્યા સંસ્કૃત કાર્યાલય તરફથી 'ન્યાયમનીષી'ની પદવી આપીને એમનું મોટું સન્માન કરવામાં આવ્યું હતું.

પં. હીરાલાલ પ્રત્યે શ્વેતામ્બર તથા દિગમ્બર એમ બંને પરંપરાના સમાજને ઘણો આદર હતો અને તેથી જ કેટલીક વાર જયાં સાધુ-સાધ્વીનો યોગ ન હોય ત્યાં પર્યુષણ પર્વ દરમિયાન વ્યાખ્યાનો આપવા માટે જેમ એમને શ્વેતામ્બરો તરફથી નિમંત્રણો મળતાં તેમ દિગમ્બરો તરફથી પણ દસ લક્ષણી પર્વ પ્રસંગે વ્યાખ્યાનો આપવા માટે નિમંત્રણો મળતાં.

કેટલાંક વર્ષ પહેલાં કેટલાક અજૈન વિદ્વાનોએ ભગવાન મહાવીરે માંસાહાર કર્યો હતો એવો આક્ષેપ કર્યો હતો ત્યારે પં. હીરાલાલે એ આક્ષેપનો એવો તો સચોટ રદિયો વેદપુરાણો, ઉપનિષદો તથા આગમો અને આયુર્વેદના ગ્રંથોનો આધાર લઈને આપ્યો હતો કે એ વિશે કોઈના પણ મનમાં શંકા રહે નહિ. એમના આ ગ્રંથથી જ પ્રભાવિત થઈને ઉત્તર ભારતની આત્માનંદ જૈન મહાસભાએ ઈ.સ. ૧૯૬૫માં હસ્તિનાપુરમાં અક્ષય તૃતીયાના દિવસે બહુ મોટો સમારંભ યોજીને એમનું પુરસ્કાર સહિત ભવ્ય સન્માન કર્યું હતું.

ઈ.સ. ૧૯૬૬માં પં. હીરાલાલનાં ધર્મપત્ની કલાવતીરાણીનો સ્વર્ગવાસ થયો. વિધુર થયેલા પં. હીરાલાલે ત્યાર પછી આચાર્ય ભગવંત પૂ. વિજય સમુદ્રસૂરિ પાસે જઈને આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી લીધું હતું. તદુપરાંત તેઓ નિયમિત પ્રતિક્રમણ, જિનપૂજા, સામાયિક, અભક્ષ્મ ત્યાગ, રાત્રિ ભોજનત્યાગ વગેરેના નિયમો સ્વીકારીને એક સાધુ જેવું જીવન જીવવા લાગ્યા હતા.

ઈ.સ. ૧૯૭૬માં હિમાચલ પ્રદેશમાં કાંગડાતીર્થમાં જૈનદર્શન માટે એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરના મુખ્ય સૂત્રધાર તરીકે પં. હીરાલાલને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. એ વખતે એમણે વિદ્યાર્થીઓને પોતાની વકતૃત્વ શક્તિ અને તર્કશક્તિથી આશ્ચર્યચકિત કર્યા હતા. વિદ્યાર્થીઓની વિવિધ પ્રકારની શંકાઓનું સમાધાન તેમણે સરસ રીતે કરાવ્યું હતું. જૈન દર્શન ઉપરાંત અન્ય દર્શનોના એમના જ્ઞાનથી પણ વિદ્યાર્થીઓ બહુ જ પ્રભાવિત થયા હતા.

પં. હીરાલાલ દુગ્ગડના ચાલીસેક જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે. એમાંના કેટલાક પોતાના મૌલિક સંશોધનના પ્રકારના છે, કેટલાક સંપાદનના પ્રકારના છે, કેટલાક અનુવાદના પ્રકારના છે. 'નિર્ગ્રન્થ ભગવાન મહાવીર તથા માંસાહાર પરિહાર', 'વલ્લભજીવન જયોતિ ચરિત્ર', 'વલ્લભકાવ્ય સુધા' (સંપાદન), 'હસ્તિનાપુર તીર્થકા ઈતિહાસ', 'સદ્ધર્મ સંરક્ષક મુનિ બુદ્ધિવિજયજી,' 'મધ્ય એશિયા ઔર પંજાબમેં જૈન ધર્મ' વગેરે ગ્રંથોમાં એમની અભ્યાસનિષ્ઠ સંશોધન દષ્ટિ જોવા મળે છે. 'મધ્ય એશિયા ઔર પંજાબમેં જૈનધર્મ' નામનો એમનો દળદાર ગ્રંથ તો એમની તેજસ્વી વિદ્વદ્ પ્રતિભાનો સરસ પરિચય કરાવે છે. બહુ જ પરિશ્રમપૂર્વક ઘણી માહિતી એકત્ર કરીને એમણે આ ગ્રંથની રચના કરી છે. એમાં ઘણી ઘણી બાબતો ઉપર એમણે નવો સુંદર પ્રકાશ પાડયો છે. ભગવાન મહાવીરના જીવન વિશે એમણે બીજા બે ગ્રંથોની પણ રચના કરી છે. એકમાં ભગવાન મહાવીરના જન્મસ્થાનની વિચારણા કરવામાં આવી છે. બીજા એક ગ્રંથમાં એમણે ભગવાન મહાવીર વિવાહિત હતા કે નહિ એની ચર્ચા વિચારણા કરી છે. આ વિષયમાં સંશોધન કરીને એમણે પ્રમાણો આપીને બતાવ્યું છે કે ભગવાન મહાવીર વિવાહિત હતા. આ બંને ગ્રંથોમાં એમણે ભગવાન મહાવીર વિશેના દિગમ્બર મતનો પરિહાર કરીને શ્વેતામ્બર મતનું સમર્થન કર્યું છે.

પં. હીરાલાલ દુગ્ગડે પંચપ્રતિક્રમણસૂત્ર, નવસ્મરણ, નવતત્ત્વ જીવવિચાર, આત્મજ્ઞાન પ્રવેશિકા વગેરે પ્રકારના શાસ્ત્રગ્રંથોનું સંપાદન-સંકલન પણ કર્યું છે. એમણે 'જિનપૂજાવિધિ' તથા 'જિન પ્રતિમા પૂજા રહસ્ય' વગેરે વિશે પણ શાસ્ત્રીય ગ્રંથો લખેલા છે.

પં. હીરાલાલ દુગ્ગડે શાસ્ત્રીય પ્રકારના અન્ય કેટલાક જે ગ્રંથોની રચના કરી છે તેમાં 'શકુન વિજ્ઞાન', 'સ્વરોદય વિજ્ઞાન,' 'સ્વપ્નવિજ્ઞાન,' 'જયોતિષ વિજ્ઞાન,' સામુદ્રિક વિજ્ઞાન,' 'પ્રશ્નપૃચ્છા વિજ્ઞાન,' યંત્ર મંત્ર તંત્ર કલ્પાદિ સંગ્રહ,' 'ઔષધ ઔર તોટકા વિજ્ઞાન' વગેરે પ્રકારના ગ્રંથો છે. એમના ગ્રંથો પરથી જોઈ શકાય છે કે પં. હીરાલાલ દુગ્ગડ જયોતિષ, આયુર્વેદ, યોગવિદ્યા, મંત્ર તંત્ર, સ્વપ્નશાસ્ત્ર વગેરે ભિન્ન ભિન્ન શાસ્ત્રોના ઊંડા અભ્યાસી હતા. પ્રાચીન ભારતીય શાસ્ત્રોની વિભિન્ન શાખાઓના તેઓ ઘણા સારા જાણકાર હતા. એમની સાથે વાતચીત કરતાં આ વાતની તરત ખાત્રી થતી. એમની સાથે કોઈપણ વિષયની વાત કરીએ તો એ વિષય ઉપર અભ્યાસપૂર્વક અને અધિકારપૂર્વક તેમને કશુંક કહેવાનું હોય જ. એમની સાથે ગોષ્ઠી કરવાથી ઘણી નવી નવી વાતો જાણવા મળતી.

સમેતશિખરમાં પ. પૂ. શ્રી ગુણસાગરસૂરિજી તથા પ. પૂ. શ્રી કલાપ્રભસાગરજીની નિશ્રામાં ભગવાન મહાવીરની જન્મભૂમિ વિશે એક વિદ્વદ્ગોષ્ઠિનું આયોજન થયું હતું. એમાં ઉપસ્થિત રહી મારે પણ એક નિબંધ વાંચવાનો હતો. એ વખતે પં. હીરાલાલ દુગ્ગડ પણ દિલ્હીથી પધાર્યા હતા. અન્ય વિદ્વાનો તો હતા જ, પરંતુ એ વખતે બે વડીલ વિદ્વાનો શ્રી ભંવરલાલજી નાહટા અને પં. હીરાલાલ દુગ્ગડ સાથે એક જ રૂમમાં ત્રણેક દિવસ સુધી સાથે રહેવાનું પ્રાપ્ત થયું હતું. મારે માટે એ અત્યંત આનંદની વાત હતી. એ વખતે ફાજલ સમયમાં સાથે બેસીને વાતો કરવામાં મને એ બંને વિદ્વાનો પાસેથી જૈન સાહિત્ય, ઈતિહાસ વગેરેને લગતી ઘણી માહિતી મળી હતી. પં. હીરાલાલ દુગ્ગડ સ્વભાવે અને રહેણીકરણીમાં કેટલા બધા સાદા અને સરળ હતા તેની તરત ખાતરી થઈ હતી.

દિલ્હીમાં વલ્લભસ્મારકમાં પ. પૂ. મહત્તરા શ્રી મૃગાવતીશ્રીજીની નિશ્રામાં કયારેક સંક્રાંતિ પર્વના કાર્યક્રમો તથા કયારેક અન્ય જાહેર કાર્યક્રમો યોજાતા. કોઈ કોઈ વાર મને એમાં ઉપસ્થિત રહેવાની અને પં. હીરાલાલને સાંભળવાની તક મળી હતી. પં. હીરાલાલ અત્યંત સરળ સ્વભાવના હતા. પોતાના જ્ઞાનનો અહંકાર તેમનામાં જરાપણ નહોતો. તેઓ સભામાં આવીને એક સામાન્ય જનની જેમ શ્રોતાઓ વચ્ચે ગમે ત્યાં બેસી જતા. સંચાલકોનું જો તેમના પર ધ્યાન પડે અને તેમને આગ્રહપૂર્વક બોલાવીને મંચ ઉપર બેસવા કહે તો તેઓ ત્યાં બેસતા. તેમને પોતાનું વક્તવ્ય રજૂ કરવાનું જો કહેવામાં આવે તો તેઓ

## શ્રી જયપ્રકાશ નારાયણ અને ડૉ. રામમનોહર લોહીયા વિશેનાં વ્યાખ્યાનો

સંઘના ઉપક્રમે નીચે મુજબનાં બે વ્યાખ્યાનોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. વ્યાખ્યાનો હિંદી ભાષામાં રહેશે.

☐ સોમવાર, તા. ૨૩મી માર્ચ, ૧૯૯૨
વ્યાખ્યાતા : શ્રી કાંતિ શાહ (તંત્રી : ભૂમિપુત્ર)
વિષય : શ્રી જયપ્રકાશ નારાયણ: રાજકારણના ક્ષેત્રે એક સંત
☐ મંગળવાર, તા. ૨૪મી માર્ચ, ૧૯૯૨
વ્યાખ્યાતા : શ્રી ગણેશ મંત્રી (તંત્રી : ધર્મયુગ)
વિષય : ડૉ. રામમનોહર લોહિયાનું ક્રાંતિ દર્શન
☐ સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, કમિટિરૂમ, મુંબઈ-૨૦.
☐ બંને દિવસનો સમય : સાંજના ૬/૧૫ કલાકે

ડૉ. રમણલાલ ચી. શાહ આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન લેશે.
સર્વેને મિત્રમંડળ સહ પધારવા વિનંતી છે.

અમર જરીવાલા / સુબોધભાઈ એમ. શાહ
સંયોજકો

નિરુબહેન એસ. શાહ / પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

આપેલી સમય મર્યાદા પ્રમાણે બોલતા. સભામાં બોલવા માટે તેઓ આકાંક્ષા દર્શાવતા નહિ કે સૂચન કરતા નહિ. બોલવાનું ન મળે તો તેનો તેઓ રંજ પણ રાખતા નહિ. જૂની પેઢીના માણસ અને ગુજરાનવાલાના વતની હોવાને કારણે પૂ. શ્રી વિજયવલ્લભસૂરિના ઘણા અંગત સંસ્મરણો તેઓ કહેતા. પંજાબના એ પ્રદેશના પોતે વતની હોવાને કારણે શાળામાં તેઓ ઉર્દૂ ભાષા પણ શીખેલા હતા. ઉર્દૂ લિપિમાં લખવું વાંચવું એમને મન સ્વાભાવિક હતું. પૂ. વલ્લભસૂરિ વિશેનાં કેટલાંક અંજલિરૂપી પદો એમની ડાયરીમાં ઉર્દૂ લિપિમાં લખેલાં રહેતાં અને કેટલીકવાર સભામાં તેઓ ઉર્દૂ લિપિમાં લખેલી એ ડાયરી વાંચીને રજૂઆત કરતા.

કેટલાંક વર્ષ પહેલાં હું જ્યારે મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો મંત્રી હતો ત્યારે એક દિવસ પં. હીરાલાલ દુગ્ગડનો પત્ર આવ્યો હતો. એમણે લખ્યું હતું કે પોતે જે એક વિષયનું સંશોધન કરવા ઈચ્છે છે એ વિષયની હસ્તપ્રતો શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં છે. એ માટે પોતે મુંબઈ આવીને ત્રણ ચાર દિવસ રહીને એ હસ્તપ્રતો જોવા ઈચ્છે છે. પોતાના રહેવા માટે જો કંઈ પ્રબંધ થાય તો કરી આપવા મને વિનંતી કરી હતી. એંશીની ઉંમર વટાવી ચૂકેલા આ વિદ્વાનની ધગશ જોઈને મને બહુ આનંદ થયો. મેં તરત પત્ર લખ્યો અને તેમને જણાવ્યું કે તેઓ મુંબઈ પધારશે તો અમને બહુ જ આનંદ થશે. એમના રહેવા તથા જમવા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રબંધ કરવામાં આવ્યો છે એમ પણ એમને જણાવ્યું. પત્ર મળતાં પં. હીરાલાલ મુંબઈ આવી પહોંચ્યા અને વિદ્યાલયમાં ઊતર્યા. એ ઉંમરે પણ તેઓ દિલ્હીથી ટ્રેનમાં રિઝર્વેશન વગર બેઠા બેઠા મુંબઈ પહોંચ્યા હતા. બોમ્બે સેન્ટ્રલથી ચાલતા ચાલતા તેઓ પોતાની બે જોડ કપડાની થેલી લઈ વિદ્યાલયમાં ગયા હતા. પોતાના આગમનના કોઈ સમાચાર એમણે અગાઉથી વિદ્યાલયને જણાવ્યા નહોતા, નહિ તો બોમ્બે સેન્ટ્રલ સ્ટેશન પર તેમને લેવા જઈ શકાયું હોત. તેઓ આવ્યા હતા તો ત્રણ ચાર દિવસ માટે, પરંતુ વિદ્યાલયમાં હસ્તપ્રતો અને પ્રાચીન પુસ્તકોનો ખજાનો જોઈને તેઓ હર્ષ વિભોર થઈ ગયા હતા. ચાર દિવસને બદલે લગભગ એકવીસ દિવસ તેઓ વિદ્યાલયમાં રોકાયા. પુસ્તકો તથા હસ્તપ્રતો જોઈને નોંધ કરતા રહ્યા હતા. તેઓ એકલા હતા અને આગળ પાછળથી કશી ચિંતા ન હતી. એટલે મરજી મુજબ વધુ કે ઓછા દિવસ રોકાઈ શકે એમ હતા. પોતાનું કામ પત્યું ત્યારે દિલ્હી પાછા ફર્યા હતા. એ વખતે પં. હીરાલાલ સાથે વિવિધ જૈન વિષયોની જ્ઞાનગોષ્ઠિ કરવાની મને સારી તક મળી હતી.

આમ, જન્મથી જીવનના અંત સુધી પં. હીરાલાલ દુગ્ગડનું જીવન એટલે એક આર્થિક સંઘર્ષમય જીવન. ઓછી કમાણીને કારણે અને પછી તો સ્વભાવગત બની ગયેલી ટેવને કારણે તેમનો પહેરવેશ અને તેમની રહેણીકરણી અત્યંત સાદાઈભરી હતી. હાથે ધોયેલાં, ઈસ્ત્રી વગરનાં સાધારણ કપડાં પહેરેલાં એ સજ્જનની, પહેલીવાર જોનારના મન ઉપર એ બહુ મોટા વિદ્વાન છે એવી તરત છાપ ન પડે. બાલ્યકાળમાં અને યુવાનીમાં ગરીબીને કારણે જે લઘુતાગ્રંથિ જીવનમાં આવી તે એમના જીવનના અંત સુધી રહી હતી. પરંતુ સ્વભાવે તેઓ અત્યંત ભલા, ભોળા, સરળ અને નિખાલસ હતા. એમની સાથે નિરાંતે બેસીને વાતો સાંભળીએ તો જ ખબર પડે કે તેમની પાસે વિવિધ પ્રકારની માહિતીનો અને શાસ્ત્રીય જ્ઞાનનો કેટલો મોટો ખજાનો છે. એમણે પોતાના જીવનને ધન્ય બનાવ્યું હતું.

પંડિત હીરાલાલ દુગ્ગડના જીવનમાંથી સમાજે પોતાના કર્તવ્ય અંગે પ્રેરણા લેવા જેવી છે ! ❑❑❑

---

## સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત

# વિદ્યાસત્ર

## (વર્ષ - ૧૬)

સંઘના ઉપક્રમે શનિવાર, તા. ૨૮મી માર્ચ, ૧૯૯૨ના રોજ સ્વ. **મંગળજી ઝવેરચંદ મહેતા** પ્રેરિત **વિદ્યાસત્ર**નું આયોજન કરવામાં આવ્યું છે. આ વિદ્યાસત્રમાં ડૉ. નરેશ વેદ (પ્રાધ્યાપક : સરદાર પટેલ યુનિવર્સિટી) બે વ્યાખ્યાનો આપશે. કાર્યક્રમની વિગત નીચે પ્રમાણે છે.

❑ **પ્રથમ વ્યાખ્યાન :**

**વિષય : રમણલાલ વસંતલાલ દેસાઈ : જીવન અને સાહિત્ય**

**સમય : સાંજના ૪-૩૦ થી ૫-૩૦**

❑ **પંદર મિનિટનો વિરામ**

❑ **દ્વિતીય વ્યાખ્યાન :**

**વિષય : ધૂમકેતુ-જીવન અને સાહિત્ય**

**સમય : સાંજના ૫-૪૫ થી ૬-૪૫**

**સ્થળ : ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર, કમિટિરૂમ, ચર્ચગેટ, મુંબઈ- ૪૦૦ ૦૨૦.**

આ કાર્યક્રમનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહ સંભાળશે. સર્વેને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

**તારાબહેન ર. શાહ**
સંયોજક

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

---

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# આર્થિક સહાય

સંઘને નીચે પ્રમાણે આર્થિક સહાય જુદા જુદા હેતુ માટે પ્રાપ્ત થઈ છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

રૂા. ૨૦,૦૦૦/- શ્રીમતી કલાબહેન શાંતિલાલ મહેતા અને એમના પરિવાર તરફથી - અનાજ રાહત માટે

રૂા. ૧૦,૦૦૦/- શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી ટ્રસ્ટ તરફથી નેત્રયજ્ઞના મુકામે અનાજ વિતરણ માટે

રૂા. ૧૦,૦૦૦/- શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાળી અને તેમના પરિવાર તરફથી નેત્રયજ્ઞના મુકામે અનાજ વિતરણ માટે

રૂા. ૭,૦૦૦/- શ્રી કલ્પાબહેન હસમુખભાઈ શાહ તથા તેમના પરિવાર તરફથી ચિખોદરા આંખની હૉસ્પિટલ માટે બાળ અંધત્વ નિવારણની યોજના હેઠળ એક ગામ દત્તક લેવા માટે

રૂા. ૫,૦૦૦/- શ્રી વસુબહેન ચંદુલાલ ભણશાળી મંદબુદ્ધિના બાળકોના વિકાસ માટે સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ - રાજેન્દ્રનગર

રૂા. ૧૫૦૦/- શ્રીમતી તારાબહેન વાડીલાલ ગોસલીયાના પરિવાર તરફથી ચિખોદરા આંખની હૉસ્પિટલ દ્વારા બાળ અંધત્વ નિવારણની સુખડી માટે

રૂા. ૧૦૦૧/- સ્વ. વિજયાલક્ષ્મી પ્રેમજી પરિવાર તરફથી ચિખોદરા આંખની હૉસ્પિટલ દ્વારા બાળ અંધત્વ નિવારણની સુખડી માટે

રૂા. ૧૦૦૧/- સ્વ. વિજયાલક્ષ્મી પ્રેમજી પરિવાર તરફથી - સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ - મંદબુદ્ધિના બાળકો માટે.

રૂા. ૧૦૦૧/- સ્વ. પ્રેમજી જેઠાભાઈ પરિવાર તરફથી - સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ માટે

રૂા. ૧૦૦૧/- સ્વ. પ્રેમજી જેઠાભાઈ પરિવાર તરફથી - દરબાર ગોપાળદાસ ટીબી હૉસ્પિટલ - આણંદ માટે

રૂા. ૫૦૧/- શ્રી નરેશભાઈ વાડીલાલ ગોસલિયા તરફથી - સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ માટેર

❑ મંત્રીઓ

---

### સાભાર સ્વીકાર

❑ **જ્ઞાનીકવિ અખાકૃત અખે ગીતા** ✻ સંશોધક - સંપાદક : ડૉ. શિવલાલ જેસલપુરા ✻ પૃષ્ઠ - ૧૨૦ ✻ મૂલ્ય રૂા. ૨૫-૦૦ ✻ પ્રકાશક : શબ્દલોક પ્રકાશન, ૧૭૬૦/૧, ગાંધીમાર્ગ, બાલા હનુમાન સામે, અમદાવાદ-૩૮૦૦૦૧.

**પૂ. શ્રી લાડકચંદ માણેકચંદ વોરા શિક્ષામૃત** ✻ સંયોજક : શ્રી સદ્‌ગુણાબહેન સી. યુ. શાહ ✻ પૃષ્ઠ - ૨૧૯ ✻ મૂલ્ય : નિ:શૂલ્ક ✻ પ્રકાશક : શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, મુ. સાયલા (સૌરાષ્ટ્ર) જિ. સુરેન્દ્રનગર-૩૬૩૪૩૦.

# મોહનલાલ દલીચંદ દેશાઇનું જાહેરજીવન

❑ જયંત કોઠારી

મોહનભાઈની સક્રિયાતા અને સેવાનાં ક્ષેત્રો ત્રણ : જાહેરજીવન, પત્રકારત્વ અને સાહિત્યલેખન. જાહેરજીવનના ક્ષેત્રમાં એમની કામગીરીની શી વિશેષતાઓ હતી અને એમનું પ્રદાન કેવું મૂલ્યવાન હતું તે જોઇએ.

મોહનભાઇનું જાહેરજીવન શુધ્ધ સેવાભાવનાનો એક આદર્શ આપણી સમક્ષ મૂકે છે. એમાં નિષ્ઠા હતી. પોતે જે સંસ્થા સાથે સંકળાયા હોય તેની સઘળી કાર્યવાહીમાં એ અચૂક ભાગ લે, એનાં સભાસંમેલનોમાં અચૂક હાજરી આપે; એમાં જાતસંડોવણી હતી એ નિષ્ક્રિય સભ્ય બની ન રહે, પોતાના વિચારો નિર્ભીકતાથી રજૂ કરે અને જવાબદારી વહન કરવાની આવે તે પ્રેમપૂર્વક અને શ્રમપૂર્વક પણ વહન કરે; એમાં સ્થાનમાનની કશી અપેક્ષા નહોતી-સામાન્ય કાર્યકર્તા તરીકે કર્તવ્ય બજાવવાનું હોય. તોયે એ આનંદથી બજાવે. મોતીચંદભાઇ ઇંગ્લેન્ડ ગયેલા ત્યારે ત્યાંથી મોહનભાઇને લખેલું કે તમારી નિષ્કામ સેવા ઘણી વાર યાદ આવે છે. આવી નિર્મળ જાહેર સેવાવૃત્તિના દાખલા બહુ વિરલ હોય છે. કદાચ એમ પણ કહી શકાય કે મોહનભાઇની આ નિર્મળતાને કારણે જાહેર સેવામાં એમણે જે ભોગ આપ્યો છે એના પ્રમાણમાં એમનું ગૌરવ થઇ શક્યું નથી.

મોહનભાઇ વિશાળ જાહેરજીવન સાથે પણ સંકળાયેલા હતા. કૉંગ્રેસ, સાહિત્યપરિષદ, સાહિત્યસંસદ વગેરેના એ સભ્ય હતા. પણ ત્યાં ખાસ કશો અસરકારક ભાગ ભજવવાનું એમને આવ્યું હોય એમ જણાતું નથી. એમણે અસરકારક ભાગ તો જૈન સમાજનાં પ્રશ્નોમાં ભજવ્યો છે અને ઘણીબધી જૈન સંસ્થાઓમાં એ મહત્વના કાર્યકર્તા તરીકે છવાયેલા રહ્યા છે. આ હકીકતનું સચોટ ચિત્ર તો ટીકાત્મ ભાવે લેવાયલી એક નોંધમાં જડે છે:

"રા. રા. દેશાઇ મુંબઇની સઘળી આગેવાન સંસ્થાઓની કારોબારી કમિટીના સભાસદ છે. મુંબઇમાં આવું માન જો કોઇબી ધરાવતું હોય તો આ 'ત્રિપુટી' છે. આ 'ત્રિપુટી' ત્રણ નામચીન જૈન ગૃહસ્થોની બનેલી છે. આ 'ત્રિપુટી'ના રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ, રા. રા. મકનજી જૂઠા બૅરિસ્ટર અને ડૉ. નાનચંદ કસ્તુરચંદ મોદી સભાસદો છે. દરેક તકરારી બાબતોમાં આ 'ત્રિપુટી' હંમશાં એકમત જ છે. અને આ 'ત્રિપુટી'ક્યાં નથી ? મુંબઇ માંગલોર જૈન સભા, મુંબઇ મહાવીર જૈન વિદ્યાલય, જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા-દરેક ઠેકાણે, દરેક કમિટીમાં આ વકીલ, બૅરિસ્ટર અને દાક્તરની ત્રિપુટી કાંઇ ઓર જ ચમત્કાર કરી બતાવે છે. કોઇ ઠેકાણે કૉન્ફરન્સના પ્રમુખના માટે આમંત્રણ કરવા ડેપ્યુટેશન જાય તો તેમાં પણ મુખ્ય સભાસદો તરીકે આ 'ત્રિપુટી' જ નજરે પડશે. જૈન ગ્રેજ્યુએટ્સ એસોસિએશન, કૉન્ફરન્સ, એજ્યુકેશન બૉર્ડ વગેરે વગેરે નાના કે મોટા કે સારા કે ખોટા કોઇબી અગત્યના ખાતાને આ ત્રિપુટીના ટેકા વગર જીવવું કે નભવું મુશ્કેલ જણાય છે. આ ત્રિપુટી વગર કોઇ સભા શોભતી નથી અને કોઇ હિલચાલ વજનદાર બનતી નથી. મુંબઇના રાજદ્વારીઓ સર ફિરોજશાહ મહેતા, નામદાર જસ્ટિસ મિ. તેલંગ અને મિ. બદરુદ્દીન તૈયબજીની ત્રિપુટી જેમ મુંબઇની રાજદ્વારી તવારીખમાં અમર છે તેવી રીતે મુંબઇની સાંપ્રત જૈન તવારીખમાં આ ત્રિપુટી પણ તેવું જ અગત્યનું નામ મેલી જાય તો આપણે અજાયબ થઇશું નહીં. આ ત્રિપુટીના સભાસદો તેથી વ્યાજબી રીતે એકબીજાની પડખે હંમેશા ઊભા રહી, એકબીજાને ટેકો આપે છે, અને તેમ કરી એકબીજાને જાહેરમાં આગળ પાડે છે. ત્રિપુટીના દરેક સભાસદમાં બળ છે, કારણકે ત્રિપુટીના બાકીના સભાસદોના ટેકાની તે સભાસદને ખાતરી છે. અત્યારે મુંબઇની જૈન કોમમાં આ 'ત્રિપુટી' જે સત્તા અને લાગવગ ધરાવે છે તેનું કારણ ઉપર જણાવ્યું તે છે. મુંબઇ માંગલોર જૈન સભા જયારે આ ત્રિપુટીની મદદથી ભાષણશ્રેણી તૈયાર કરે છે. ત્યારે ત્રિપુટીનો એક સભાસદ વક્તા તો બીજો પ્રમુખ અને બીજો વક્તા તો ત્રીજો પ્રમુખ અને ત્રીજો પ્રમુખ તો પહેલો વક્તા આ પ્રમાણે સુંદર ગોઠવણ ભાષણશ્રેણીમાં થાય છે, અને ત્રિપુટીનો એક સભાસદ જ્યારે એક બીજાની તારીફ કરે છે ત્યારે ઘણી વખતે હસવાનું રોકવું અશક્ય થઇ પડે છે.

રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇની લાયકાત તપાસતાં જૈન કોમે જાણવું જોઇએ કે રા. રા. દેશાઇ આ બળવાન ત્રિપુટીના એક અગ્રગણ્ય સભાસદ છે અને હાલમાં જોકે ત્રિપુટીના એક રા. રા. મકનજી બૅરિસ્ટર સાથે તેઓએ જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયામાંથી રાજીનામું આપ્યું છે, છતાં તેઓ બાકીની સઘળી સંસ્થાઓમાં સભાસદ છે, એટલે લાગવગ ધરાવે છે. તેઓએ પોતાના 'હેરલ્ડ' માસિકમાં પોતાના મિત્ર રા. રા. વાડીલાલ મોતીલાલ શાહના ઘણા લેખો પ્રગટ કર્યા છે અને રા. રા. વાડીલાલભાઇએ પોતાના આ વફાદાર મિત્રની આ સેવાની કદર બૂઝી પોતાના હસ્તકના વિદ્યાર્થીગૃહના કારોબારી ખાતામાં રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇની નિમણૂક કરી છે." (જૈન રિવ્યૂ, મે-જૂન ૧૯૧૮, પૃ.૫૪-૫૫)

'ધર્મધ્વજે' પણ મોહનભાઇને 'મોતીચંદભાઇ મમ્મા પાર્ટીના મેમ્બર' એવી ગાળ આપેલી. આમ, આ ત્રિપુટી અને મમ્મા પાર્ટી કેટલાક લોકોની આંખે ચડેલી એમ સ્પષ્ટ દેખાય છે. 'જૈન રિવ્યૂ'એ જે ટીકા કરી છે તે મોહનભાઇને કૉન્ફરસન્સના ઑનરરી આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી તરીકે નિમણૂક આપવામાં આવી તેને અનુલક્ષીને કરવામાં આવી છે. એમાં પ્રથમ કારણ તો વૈધાનિક છે. કારણ વીગતે મુકાયેલું છે ને સમજવા જેવું છે:

"ગયા એપ્રિલ માસમાં કૉન્ફરન્સના ઑનરરી આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી તરીકે રા. રા. મકનજી જૂઠા બૅરિસ્ટરે રાજીનામું આપ્યું એટલે હાલના બંધારણ પ્રમાણે આ નિમણૂક પૂરવાનું કાર્ય કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટ પર આવ્યું. આ સ્ટૅન્ડિંગ કમિટીમા ઘણા સભાસદો છે અને તેમાં રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ પણ એક સભાસદ છે. કૉન્ફરન્સનું સઘળું કામ આ સ્ટૅન્ડિંગ કમિટી, આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી મારફતે કરે છે. કૉન્ફરન્સના સઘળા ખાતાઓ, કૉન્ફરન્સના ફંડો અને કૉન્ફરન્સના હોદેદારો પર પર દેખરેખ રાખનારું આ સત્તાધિકારી મંડળ છે. એક નિયમની ખાતર તેથી કૉન્ફરન્સના કારોબારી ઓહ્દેદારની નિમણૂક સ્ટૅન્ડિંગ કમિટીમાં નહીં જ થવી જોઇએ, તેમજ સ્ટૅન્ડિંગ કમિટીના કોઇબી સભાસદનો કૉન્ફરન્સના કોઇબી ખાતામાં ઑનરરી કે પગારદાર ઓધ્ધા પર નહીં જ નીમવામાં આવવા જોઇએ. આ નિયમ જાળવવામાં આવે તો જ અને તો જ કૉન્ફરન્સની સ્ટૅન્ડિંગ કમિટી કૉન્ફરન્સના નાનામોટા ખાતાઓ પર અસરકારક અને ચાંપતી દેખરેખ રાખી શકે અને કોઇ પણ ખાતાની નિરંકુશ રાજનીતિ અટકાવી શકે અને નિયમમાં રાખી શકે. હિંદના આગેવાનો ન્યાયખાતું અને કારોબારી ખાતું જુદું રાખવાની જે લડત વરસોથી ચલાવે છે તે આ જ મુદાસર ચલાવે છે. એક બાજુ જયારે આપણા લોકનાયકો ન્યાયખાતું અને કારોબારી ખાતું જુદું પાડવા સખત હિલચાલ કરે છે ત્યારે આપણી કૉન્ફરન્સ જેવી સંસ્થા આ લડતે ટેકો આપવાને બદલે લડતના મુખ્ય મુદા તરફ બેદરકારી બતાવે છે એ અફસોસભરેલું જ ગણી શકાય. સ્ટૅન્ડિંગ કમિટીએ રા. રા. મકનજી બૅરિસ્ટરની જગાએ રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇની નિમણૂક કરી એક ગંભીર ભૂલ કરી છે, કારણકે રા. રા. દેશાઇ કૉન્ફરન્સના વાજિંત્રરૂપ મનાતા 'હેરલ્ડ' માસિકના તંત્રી છે. કૉન્ફરન્સના ઘણા ખાતાઓ છે, અને તેમાંનું એક ખાતું 'હેરલ્ડ' છે. આ ખાતા પર દેખરેખ રાખવાની 'હેરલ્ડ'ની રાજનીતિ કૉન્ફ્રન્સના આશયો અને ઠરાવથી વેગળી ન જાય તે જોવાની કૉન્ફરન્સના આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીની ઘણી ફરજોમાંથી મુખ્ય ફરજ છે. જો 'હેરલ્ડ'ના તંત્રી અને કૉન્ફરન્સના આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીના બે ઓધ્ધાનું કાર્ય એક જ માણસ કરે તો 'હેરલ્ડ'ની રાજનીતિ પર અંકુશ રાખવાનું કાર્ય પહેલાં કરતાં ઘણું જ મુશ્કેલ બને અને બન્યું છે...જો આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરીનો ઓધ્ધો રા. રા. મોહનલાલને આપવો હતો તો 'હેરલ્ડ' ના તંત્રી તરીકે તેઓને રાજીનામું આપવાની ફરજ પાડવી જ જોઇતી હતી." (પૃ. ૫૨-૫૩)

દલીલ તો ઘણી તાર્કિક છે, પણ પણ એ બિનવિવાદાસ્પદ નથી. ખાસ કરીને રાજ્યતંત્રની બે સ્વતંત્રકલ્પ ઘટકોની પધ્ધતિ જાહેર સેવાસંસ્થામાં હોવી જોઇએ કે કેમ એ મતભેદનો વિષય બને. જાહેર સેવાસંસ્થાઓમાં આવી પધ્ધતિનો આગ્રહ આજેયે જોવા મળતો નથી. ઑનરરી હોદેદાર માટે તો નહીં જ. સ્ટૅન્ડિંગ કમિટીનો સભાસદ કારોબારી હોદ્દો ધરાવતો હોય તો એના પર સ્ટૅન્ડિંગ કમિટીનો અંકુશ ન જ રાખી શકે એમ માનવા માટે કશું કારણ જણાતું

નથી. અગત્યની વાત તો એ છે તે કે મોહનભાઈની નિમણૂક થઈ છે તો કૉન્ફરન્સના બંધારણ અનુસાર જ-માત્ર 'જૈન રિવ્યુ' વિશેષ નિયમો સૂચવે છે. મોહનભાઈની નિમૂણક થઈ માટે જ આવી દલીલ કરવામાં આવી હતી કે કેમ એ તો આપણે જાણતા નથી. કદાચ આવી દલીલ કરવાનો આ પહેલો જ પ્રસંગ ઉપસ્થિત થયો હોય પરંતુ ' જૈન રિવ્યૂ' એ આગળ વધીને એવું પણ કહ્યું છે કે આ બંધારણીય જોગવાઈની ઉપર કૉન્ફરન્સ સભાનો અધિકાર હોવો જોઈએ અને સભામાં ઠરાવ રજૂ કરવા દેવામાં ન આવ્યો એ ખોટું થયું છે; ઠરાવ પર મત લેવાયો હોત તો મોહનલાલ દેશાઈની નિમણૂક કદી થાત જ નહીં. એટલે અંતે વાંધો તો મોહનભાઈની સામે વ્યક્તિગત જ આવીને ઊભો રહે છે.

'જૈન રિવ્યૂ' મોહનભાઈને એવી વ્યક્તિ તરીકે વર્ણવે છે જે નાના હોદ્દાઓ અને નાના ખાતાઓમાં પણ નિષ્ફળ નીવડેલ છે. ' હેરલ્ડ'ની, એજ્યુકેશન બૉર્ડની અને સુકૃત ભંડારની કામગીરીને એ નિષ્ફળ ગણાવે છે.

ખરી હકીકત એ છે કે કૉન્ફરન્સને પોતાને જૈન સમાજનો હંમેશા યોગ્ય સહકાર મળ્યો નથી, એ સંસ્થા સર્વમાન્ય બની નથી અને એથી કૉન્ફરન્સની પ્રવૃત્તિઓમાં વેગ તથા મંદતા, એના સમગ્ર ઇતિહાસકાળમાં આવ્યાં કર્યા છે. કૉન્ફરન્સનો એક ટીકાકાર વર્ગ હંમેશાં રહ્યો છે. છેક ૧૯૧૩માં કૉન્ફરન્સો નકામી છે એમ કહી એની વિરુદ્ધ બુમરાણ કરનારા અને એના હસ્તકના સુકૃત ભંડારમાં ચાર આના નહીં આપવાની હિલચાલ ચલાવનારા કહેવાતા આગેવાનો (ખાસ કરીને અમદાવાદીઓ)ની નોંધ કોઈ પત્રકારે લીધી છે. (હેરલ્ડ, ડિસેં. ૧૯૧૩) આમ છતાં મોહનભાઈ તો આવી ટીકાઓ તરફ ઉદારભાવે જ જુએ છે ને લખે છે કે "જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના કાર્યવહન સામે ટીકાની સખ્ખાઈ સદરહુ કૉન્ફરન્સ વખતે થયેલા ફંડની 'ખોદ્યા ડુંગર ઔર પાયા છછુંદર' જેવી સ્થિતિ જોતાં ગેરવ્યાજબી ન ગણતાં આ મિત્રભાવે લખાયેલા સર્વે લેખોમાં છુપાઈ રહેલાં શુભ તત્ત્વો આદરણીય લાગે તો ગ્રહણ કરવામાં સમાજને લાભ છે." (હેરલ્ડ, ઑગસ્ટ-ઑક્ટોમ્બર ૧૯૧૬) મોહનભાઈ ચાવીરૂપ હોદ્દા પર તો ઘણો થોડો સમય રહ્યા છે એટલે કૉન્ફરન્સની જે કંઈ નિષ્ફળતા કોઈની દ્રષ્ટિએ હોય એમાં એમનો ફાળો ઘણો અલ્પ ગણાય.

ખરેખર તો કૉન્ફરન્સનું કામ ઘણું કપરું હતું. જૈન સમાજનાં અનેક તડાંને સાથે રાખવાં અને નવા યુગની હવા ફૂંકાતી હતી તેની સાથે તાલ મિલાવવો એ એક પડકાર હતો. રૂઢિચુસ્ત વર્ગ તરફથી આમાં અનેક અવરોધો આવે એ સ્વાભાવિક હતું. પરંતુ આ પરિસ્થિતિમાં પણ કૉન્ફરન્સ જે કંઈ કરી શકી એમાં જે કેટલાક મહાનુભાવોનો ફાળો હતો તેમાં મોહનભાઈ અવશ્ય એક હતા. મોહનભાઈ એકતાના પ્રખર હિમાયતી હતા અને કૉન્ફરન્સ સર્વમાન્ય સંસ્થા બને એની જિકર એમણે ઊંડી દાઝથી વારંવાર કરી છે. એજ્યુકેશન બૉર્ડના એ સેક્રેટરી હતા ત્યારે ધાર્મિક શિક્ષણનો જે અભ્યાસક્રમ તૈયાર થયેલો એમાં ચારિત્ર્યઘડતરની વિશાળ દ્રષ્ટિ જોવા મળે છે અને એનું મૂલ્ય ઓછું આંકવા જેવું નથી. ધાર્મિક પરીક્ષાનું તંત્ર પણ ઊભું કરવામાં આવેલું, ભલે એ એકસરખી સફળતાથી લાંબો સમય ચાલ્યું ન હોય. કૉન્ફરન્સે અનેક પ્રગતિશીલ ઠરાવો કરેલા અને વિદ્યાકીય પ્રવૃત્તિઓ આરંભી એમાં જેમને મમ્મા પાર્ટી કે ત્રિપુટીના સભ્યો તરીકે ગાળ આપવામાં આવી છે એ મહાનુભાવોનું કર્તૃત્વ ઘણું હતું. પણ દેખીતી રીતે જ રૂઢિચુસ્ત વર્ગોને આમાંનું ઘણું પસંદ ન હતું. મોહનભાઈએ ચલાવેલા માસિકોની ઉગ્ર ટીકા એ વર્ગ દ્વારા થઈ છે. મોહનભાઈએ પોતે સામે ચાલીને બે વાર તંત્રીપદ છોડયું તેમાં આ ટીકાઓ પણ જવાબદાર જણાય છે પણ એક વાર મોહનભાઈએ તંત્રીપદ છોડયા પછી માસિક ચાલી ન શકતાં મોહનભાઈને જ ફરી તંત્રીપદ સોંપવુ પડયુ એમાં એમની શક્તિનું અને એમણે બજાવેલી સેવાનું મૂલ્યાંકન થઈ જાય છે.

જાહેરજીવનમાં મોહનભાઈની કાર્યરીતિ શાંત સમજાવટની હતી. કૉન્ફરન્સ ભરવા અંગે 'જૈન' પત્ર વિરોધી સંલાપ અપલાપ શરૂ કરે છે ત્યારે મોહનભાઈ કેવી વિનમ્રતા, વિવેક ખેલદિલી અને સમજાવટભરી ભાષામાં એની ચર્ચા કરે છે ! (જાન્યુ. ફેબ્રુ. ૧૯૧૩, હેરલ્ડ) મોહનભાઈ પરિસ્થિતિનું તટસ્થતાથી વિશ્લેષણ કરે, હકીકતોને છાવરે નહીં, પોતાના અભિપ્રાયો સ્પષ્ટતાથી મૂકે પણ આત્યંતિક ઉપાયોનો સામાન્ય રીતે પક્ષ ન કરે અને વિભેદ કે વિદ્વેષ ન જન્મે એની ખાસ ચિંતા કરે. મુનશીની ' પાટણની પ્રભુતા' તથા 'રાજાધિરાજ' એ નવલકથામાંનાં જૈન સાધુઓનાં નિરૂપણોથી જૈન સમાજમાં ખળભળાટ થયેલો તે પ્રસંગોએ મોહનભાઈએ જે ભૂમિકા સ્વીકારેલી તે આ દ્રષ્ટિએ જોવા જેવી છે. 'પાટણની પ્રભુતા' ૧૯૧૬માં 'ઘનશ્યામ'ના નામથી પ્રગટ થયેલી. મોહનભાઈ એમાં આનંદસૂરિ જતિના નિરૂપણમાં રહેલા ઐતિહાસિકતાના દોષો બતાવે છે, લેખકને જૈન પરંપરા વિશે જ્ઞાન નથી એમ સ્પષ્ટપણે કહે છે, પોતાના સમર્થનમાં ઇન્દુલાલ યાજ્ઞિક વગેરે જૈનેતર તટસ્થ વિચારકોનાં મંતવ્યો ટાંકે છે અને અંતે જૈન વિદ્વાનો અને સંસ્થાઓએ આ અંગે ચર્ચા જગાવવી જોઈએ એમ કહે છે. (હેરલ્ડ, જૂન ૧૯૧૬) મોહનભાઈ ચર્ચા જગાવવી જોઈએ એટલું જ કહે છે ને કશા વિશેષ આંદોલનની જિકર કરતા નથી એ ખાસ નોંધપાત્ર છે. કેટલાક જૈનોએ મુનશીને અદાલતમાં ઘસડી જવાનો ઇરાદો સેવેલો ને મુનશી એથી ગભરાયેલા પણ ખરા. પણ એવું કંઈ થયું નહીં. મોહનભાઈ તો એવું સૂચન કરતા જ નથી.

મુનશીપ્રકરણ ઉગ્ર બને છે ૧૯૨૭માં ૧૯૨૨માં પ્રગટ થયેલ ' રાજાધિરાજ'માં હેમચંદ્રાચાર્યાનું જે રીતે નિરૂપણ થયેલું તેની સાથે જૈનોનો ઘણો અસંતોષ હતો. ૧૯૨૭માં મુનશી જ્યારે યુનિવર્સિટી ગ્રેજ્યુએટોના પ્રતિનિધિ તરીકે ધારાસભાની ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે જૈનોને એમને ભિડાવવાની તક મળી ગઈ. મુનશી જો જૈનોની માફી ન માગે તો ગ્રેજ્યુએટોએ એમને ધારાસભાની ચૂંટણીમાં મત ન આપવો જોઈએ એવો એક વિચાર વહેતો થયો. જૈનોની પ્રોટેસ્ટ સભામાં એવા ઠરાવ પણ થયો. પણ મોતીચંદ કાપડિયા જેવા અગ્રણીએ મુનશીના નિરૂપણ સાથે પોતે અસંમત હોવા છતાં આ પ્રકારના 'ઝનૂન' ને અને રાજદ્વારી બાબતને ધાર્મિક પ્રશ્ન સાથે સાંકળવાની બાબતને અયોગ્ય ગણી. જૈન અગ્રણીઓનો મતભેદ, આ રીતે, જાહેર થયો અને મુનશી નિર્વિઘ્ન ધારાસભામાં ચૂંટાઈ ગયા. મોહનભાઈ આ પ્રસંગે 'પાટણીની પ્રભુતા' અને ' રાજાધિરાજ'માંનાં મુનશીનાં સ્ખલનો વીગતે બતાવે છે. મુનશીએ જૈનોની લાગણી સંતોષવાનું ટાળ્યા કર્યું છે એની વીગતો આપે છે અને 'ગુજરાતી' પત્રનો અભિપ્રાય ઉદ્ધૃત કરે છે કે " ' સ્વપ્નદ્રષ્ટા'માં હઝરત પાક પેગંબર સાહેબના સંબંધમાં ઇસ્લામીઓને આશ્ચર્યચકિત ત્વરાથી સંતોષવાનું યોગ્ય વિચાર્યું છે. પરંતુ જૈનોનો પણ એવો વાંધો હોવા છતાં તેમને ઘટતો સંતોષ આપવામાં અસાધારણ વિલંબ લગાડયો છે, તેથી કુદરતી રીતે જૈનોમાં ઘણો કચવાટ ઉત્પન્ન થયો છે. પણ મુનશીને મત ન આપવાના ઠરાવની યોગ્યાયોગ્યતા વિશે મતભેદનો એ સ્વીકાર કરે છે, ' ગુજરાતી' પત્રનો એ અભિપ્રાય પણ એ ઉદ્ધૃત કરે છે કે " સંબંધમાં અમારે કહેવું જોઈએ કે જૈનોનું આ પગલું સહજ છે તેટલું જ અવસરને યોગ્ય નથી. ધાર્મિક ચળવળને રાજકીય ચળવળ સાથે ભેળવી દેવામાં ભૂલ થઈ છે" અને પોતાનું દ્રષ્ટિબિંદુ આ પ્રમાણે રજૂ કરે છે: "અમે હૃદયપૂર્વક જણાવીએ છીએ કે 'લોકસમૂહ' ઊછળી જાય એ સ્વાભાવિક છે. ચૂંટણીના સમયનો મોકો લઈ મિ. મુનશીને મત ન આપવા બાબતનો ઠરાવ કરવો એની યોગ્યાયોગ્યતા માટે મતભેદ હોવા છતાં રા. મુનશી જેવાએ તો સમજુ થઈ આખી કોમની ક્ષુબ્ધ લાગણીને માન આપી તેને યોગ્ય રીતે સંતોષવી ઘટે અને એક સાક્ષર તરીકે તેઓએ તે પ્રકારની પ્રામાણિકતા બતાવવી ઘટે... અમે તો આ પ્રકરણ સર્વ પક્ષને સંતોષ મળે તે રીતે પૂર્ણ થાય એ જ અને એ જ ઇચ્છીએ છીએ. એમ થશે માટે આવેશમય ન થવું એ વાત તો ઉપરોક્ત પ્રોટેસ્ટ સભામાં અમે વ્યકિત કરી હતી." (જૈનયુગ, ફાગણ ૧૯૮૩)

મોહનભાઈ મુનશીને મત આપવાના ઠરાવ સાથે પોતાની સ્પષ્ટ સંમતિ કે અસંમતિ દર્શાવતા નથી, પણ જૈનોની લાગણીની સાથે તો એ છે જ. તો પછી આંદોલનનો માર્ગ કયો હોય શકે ? મોહનભાઈને ઇષ્ટ આંદોલનો માર્ગ કૉન્ફરન્સે નીમેલી મુનશી કમિટી, જેના મોહનભાઈ પણ એક સભ્ય હતા તેના ઠરાવમાં સૂચવાયેલો છે એમ કહી શકાય : જૈન-જૈનેતર વિદ્વાનોના અભિપ્રાયો મેળવી પ્રગટ કરવા, મુનશી સંતોષકારક ખુલાસો ન કરે તો તેમની નવલકથાની સમાલોચના કરવી, સભાઓ દ્વારા વિરોધ રજૂ કરવો, મુનશીની કૃતિ પાઠયપુસ્તક તરીકે મુકરર થાય તે સામે ચળવળ કરવી વગેરે. આ ઠરાવ સાથે પણ મોતીચંદભાઈએ - એ કમિટીના એક સભ્ય હતા જ - પોતાની અસંમતિ દર્શાવેલી, એમ કહીને કે "સુરુચિની મર્યાદામાં અરસપરસ વિચારોનો

વિનિમય અને પત્રવ્યવ્યહાર ઇષ્ટ હેતુ પ્રાપ્ત કરી શકે." (જૈનયુગ, જયેષ્ઠ ૧૯૮૩) મોતીચંદભાઇએ કમિટીના ઠરાવ અંગે ગેરસમજણ ઊભી કરી છે એમ કહી તેના ખુલાસા રૂપે કશા ટીકાટિપ્પણ વગર આ માહિતી મોહનભાઇ જાહેરમાં મૂકે છે તે પરથી તેમનો અભિપ્રાય જણાઇ આવે છે કે આ પ્રશ્ન પરત્વે લોકમત ઊભો કરવામાં અને યોગ્ય સત્તામંડળો સમક્ષ રજૂઆત કરવામાં કશું અનુચિત નથી, બલકે એ આવશ્યક છે. આ ઠરાવમાં મુનશીને મત ન આપવાની તો કોઇ વાત જ નથી. મોહનભાઇને ઇષ્ટ આ માર્ગ બૌધ્દિક સમાજને શોભે એવો એક તંદુરસ્ત માર્ગ નથી એમ કોણ કહેશે ? અને આ માર્ગનું સૂચન પણ મુનશીએ આ પ્રશ્ન પરત્વે ગંભીરતાથી લક્ષ નહોતું આપ્યું તેથી જ થયું હતું એ ભૂલવું ન જોઇએ.

પાલીતાણાના દરબારે ૧૯૨૬માં શત્રુંજય પર યાત્રા વેરો નાખવાનું નક્કી કર્યું ત્યારે એની સામે જૈનોએ આંદોલન ઉપાડયું. આ આંદોલન યાત્રાત્યાગ સુધી પહોંચ્યું હતું અને મોહનભાઇ એ યાત્રાત્યાગના અનુમોદક - પ્રોત્સાહક હતા, એમને તો એમાં ગાંધીજીએ ઊભા કરેલા વાતાવરણનો પ્રભાવ જણાયો હતો. શત્રુંજયના પ્રશ્ન પરત્વે આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી જે કાર્યવાહી કરવામાં આવતી હતી તે ઘણાંને ઢીલી લાગતી હતી અને પેઢી તથા કૉન્ફરન્સ વચ્ચે કેટલુંક અંતર ઊભું થયું હતું. વાયસરૉયની મધ્યસ્થીથી થયેલુ અંતિમ સમાધાન પણ પૂરતું સંતોષકાર નહોતું. આ બધા પ્રસંગોએ મોહનભાઇ બધી હકીકતોને તટસ્થતાથી જોઇ, કશા પૂર્વગ્રહ વિના, અનાકુલ ભાવે પોતાનાં મંતવ્યો રજૂ કરે છે અને જૈન સમાજની એકતાને હાનિ થાય એવું કશું પસંદ કરતા નથી. શત્રુંજય તીર્થના પ્રશ્નને કારણે પેઢીએ કૉન્ફરન્સનું અધિવેશન ભરવા સામે વિરોધ કરેલો અને અધિવેશન મુલતવી રાખવું પડેલું તે સંબંધે મોહનભાઇના ઉદ્‍ગાર જુઓ :

"આવી રીતે અધિવેશન ભરવા સામે વિરોધ બતાવનારા સર્વને કૉન્ફરન્સના શત્રુ નહીં કહી શકીએ. તેમને વિઘ્નસંતોષીઓ પણ કેમ કહેવાય? જુદાજુદા દ્રષ્ટિકોણથી જોનારાને જુદુંજુદું પ્રતિભાસે અને એ જુદુંજુદું એકત્રિત કરી વિચારવામાં વ્યાવહારિક બુધ્ધિ છે. તેથી જ સત્યશોધન થાય છે. અમને તો એક બાજુથી અધિવેશન ન ભરાયું તેથી એક મહા તક ગુમાવવામાં આવી છે એવું જૈન સમાજનો ભવિષ્યનો ઇતિહાસકાર જરૂર લખશે એમ લાગે છે. બીજી બાજુ આ અધિવેશન નહીં ભરવામાં કુદરતનો કોઇ ગુપ્ત સંકેત હશે તો ? એવો પ્રશ્ન હ્રદયમાં થાય છે." (જૈનયુગ, જયેષ્ઠ ૧૯૮૨)

મુલતવી રહેલું ખાસ અધિવેશન, પછી તો, ભરાયું, પેઢીનો સહકાર પણ મળી રહ્યો, અને જૈન સમાજની એકતા ટકી રહી. એમાં મોહનભાઇ જેવા તટસ્થ વિચારકોની દ્રષ્ટિનો વિજય હતો.

૧૯૨૭માં કેસરિયાજી તીર્થમાં દિગંબરો અને શ્વેતામ્બરો વચ્ચે ઝઘડો થાય છે ત્યારે મોહનભાઇ ઐતિહાસિક હકીકતોની સ્પષ્ટતાપૂર્વક શ્વેતામ્બરોનો પક્ષ લે છે પણ દિગમ્બરોની રજૂઆતો પ્રત્યે મન ખુલ્લું રાખે છે અને આ પ્રશ્ન પરત્વેના પોતાના અહેવાલમાં મોતીચંદભાઇએ દિગંબર મુનિ માટે એકવચન વાપર્યુ હતું તેનો અણગમો વ્યક્ત કરે છે. (જૈનયુગ, વૈશાખ ૧૯૮૩)

છેવટે તો મોહનભાઇ જૈનોના બધા ફાંટાઓ એકબીજાની નજીક આવે અને જૈન એકતા સિધ્ધ થાય એ માટે મથનારા પુરુષ હતા. બધા ફિરકાઓ માટેની સંયુક્ત જૈન હૉસ્ટેલની એમણે હિમાયત કરેલી અને વાડીલાલે એવું વિદ્યાર્થીગૃહ સ્થાપ્યુ ત્યારે એને ટેકો આપ્યો. ૧૯૩૬માં સ્થાનકવાસી મુનિ મિશ્રીલાલજીએ જૈન સાધુ- સાધ્વીઓની એકતા માટે ઉપવાસ કર્યા ત્યારે એ અંગે મળેલી સભામાં મોહનભાઇ હાજર રહ્યા હતા અને એકતાના ઠરાવને ટેકો આપ્યો હતો.કૉન્ફરન્સનું નાવ અનેક વાર હાલકડોલક થયું છે. એવે પ્રસંગે એને સ્થિર કરવામાં જે કેટલીક વ્યક્તિઓએ ભાગ ભજવ્યો છે. એમાં મોહનભાઇનું પણ સ્થાન છે. ૧૯૨૫માં " કૉન્ફરન્સના પાયા હચમચવા લાગ્યા હતા ત્યારે શેઠ મોહનલાલ હેમચંદ ઝવેરી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા સોલિસિટર, સાક્ષરવર્ય શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇ અને મકનજી જૂઠાભાઇ મહેતા બૅરિસ્ટર અને શેઠ દેવકરણ મૂળજીએ હિંમતપૂર્વક આ નાજુક પરિસ્થિતિનો સામનો કરી શેઠ કસ્તૂરભાઇ લાલભાઇના પ્રમુખપણે કન્વેશન બોલાવી કૉન્ફરન્સનો ડગમગતો પગ સ્થિર કર્યો હતો." ( શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનો ઇતિહાસ, પૃ. ૧૯૭)

મોહનભાઇનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર તો વિદ્યા અને સાહિત્યનું હતું અને સ્વાભાવિક રીતે એ ક્ષેત્રે એમણે કૉન્ફરન્સને સક્રિય કરી અને પોતે કોન્ફરન્સ દ્વારા આગવું પ્રદાન કર્યું. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જૈન ચેર સ્થાપવાનો વિચાર અમલી બન્યો એમાં મોહનભાઇનો હિસ્સો હતો. પંડિત સુખલાલજી આ બાબતમાં તટસ્થ હતા , તો મોહનભાઇએ એમની પાસેથી કાશીની સ્થિતિ જાણી કઇ શરતો મૂકવી જોઇએ તે જાણ્યું અને પત્રવ્યવહાર કરી એ શરતો કબૂલ કરાવડાવી. પછીથી યોગ્ય માણસને અભાવે જૈન ચેરનું તંત્ર ડામાડોળ થયું ત્યારે ૧૯૩૩માં પંડિત સુખલાલજી કાશી જવા તૈયાર થયા તેની પાછળ, એમના કહેવા મુજબ જ, "બળ હતું કૉન્ફરન્સનું અને કૉન્ફરન્સ એટલે મારી દ્રષ્ટિએ તે વખતે સજીવ કાર્યકર્તા બે મોહનભાઇ : એક દેશાઇ અને બીજા ઝવેરી." એમણે સુખલાલજી માટે બધી વધારાની સગવડ કરી આપવાનું બીડું ઝડપ્યું. આનાં દૂરગામી પરિણામો આવ્યા. કાળક્રમે જૈન ચેરને પોષક એવી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ જેવી સંસ્થાઓ પણ ત્યાં ઊભી થઇ અને વર્ષો સુધી અધ્યયન-અધ્યાપન, લેખન, સંશોધન અને પ્રકાશનની ઘણી મહત્ત્વની પ્રવૃત્તિઓ થઇ.

"જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના કાર્યને" પંડિત સુખલાલજી કહે છે તેમ "સ્થાયી કીર્તિકળશ ચડાવનાર કાંઇ હોય તો તે મોહનભાઇની કૃતિઓ જ છે." આ કૃતિઓ એટલે મોહનભાઇએ ચલાવેલાં કૉન્ફરન્સનાં માસિકો - 'હેરલ્ડ' અને 'જૈનયુગ'. એમાં એમણે લખેલા સંખ્યાબંધ લેખો અને કૉન્ફરન્સ દ્વારા પ્રકાશિત એમના 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' તથા 'જૈન ગૂર્જર કવિઓ' એ ગ્રંથો. સમય પસાર થાય તેમ જેનું મૂલ્ય વધે એવી આ કૃતિઓ છે. આ, આમ તો, ગણાય મોહનભાઇની સાહિત્યસેવા (જેની હવે પછી વીગતે વાત કરવાની છે), પરંતુ અહીં એ ઉલ્લેખનીય એટલા માટે બને છે કે મોહનભાઇની સાહિત્યસેવા જાહેર સેવા રૂપે પ્રગટ થઇ છે - એમાં જૈન સંપ્રદાય અને સમાજ એમની નજર સામે રહ્યા છે તથા પોતાની એ સેવા એમણે કૉન્ફરન્સ જેવી સંસ્થાને અર્પિત કરેલી છે.

આ થયું કૉન્ફરન્સ જેવી સંસ્થા દ્વારા સમાજસેવાના એક મહાન યજ્ઞમાં મોહનભાઇએ કેવો ફાળો આપ્યો હતો એનું દિગ્દર્શન.

જાહેરજીવનના બીજા ઘણા પ્રસંગોએ પણ મોહનભાઇનો અભિપ્રાય માર્ગદર્શક બનેલો દેખાય છે. ધર્મવિજયજી સોઝતમાં હતા અને હર્મન જેકોબી એમને ત્યાં મળવા જનાર હતા તેથી જૈન સાહિત્ય સંમેલન સોઝતમાં ભરવાનું વિચારાયું ત્યારે મોહનભાઇએ એવા નાના ગામમાં સાહિત્યસંમેલન ભરવામાં મુશ્કેલીઓ રહેશે અને એનો હેતુ સરશે નહીં એમ સ્પષ્ટ અભિપ્રાય આપેલો. સંમેલન, પછીથી, જોધપુર રખાયું એમાં મોહનભાઇ જેવાના દ્રષ્ટિબિંદુનો સ્વીકાર હતો. આ સંમેલનને સફળ બનાવવા મોહનભાઇ કેટલાક ઠરાવોની ભલામણ પણ કરે છે- એ દ્વારા કરવા યોગ્ય કામોનું સૂચન કરે છે.

સન્નિષ્ઠા, સ્વસ્થતા અને નિષ્કામતા એ મોહનભાઇની જાહેર સેવાનાં અત્યંત નોંધપાત્ર લક્ષણો છે.

***

## નેત્રયજ્ઞ

સ્વ. ચંદુલાલ જેશંગલાલ ભણશાલીના સ્મરણાર્થે તેમના પરિવાર તરફથી નેત્રયજ્ઞ માટે રૂા. ૧૫,૦૦૦/-ની રકમ શ્રી વસુબહેન ભણશાલી હસ્તક મળી છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

આ નેત્રયજ્ઞ સંઘના ઉપક્રમે શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ - ચિખોદરાના સહયોગથી શનિવાર, તા. ૪-૪-૧૯૯૨ના રોજ વાલીઆ (જિ. ભરૂચ) મુકામે યોજવામાં આવનાર છે.

❑ મંત્રીઓ

# સંઘ-આયોજિત બે મુલાકાત

❑ ચીમનલાલ કલાધર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળા વખતે માનવસેવાના કાર્યો કરતી કોઇપણ એક સંસ્થાને સહાય કરવાનો પ્રોજેકટ હાથ ધરાય છે તે મુજબ ગત્ પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રી સુરેશ સોની સંચાલિત સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ (રાજેન્દ્રનગર તા. હિંમતનગર) ને સહાય કરવા અંગેનો પ્રોજેકટ હાથ ધરાયો હતો અને જાણે ચમત્કાર થયો હોય તેમ આ સંસ્થા માટે જોતજોતામાં રૂપિયા દસ લાખ જેવી માતબર રકમ એકત્ર થઇ ગઇ હતી. સંઘ તરફથી દાતાઓ, શુભેચ્છકો અને સમિતિના સભ્યોને આવી સંસ્થાઓની મુલાકાત કરાવવાનો કાર્યક્રમ પણ યોજાય છે. તે મુજબ તા. ૭-૮- માર્ચ, ૧૯૯૨ના રોજ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ (રાજેન્દ્રનગર-સાબરકાંઠા) ની મુલાકાતનો કાર્યક્રમ યોજાયો હતો. તદુપરાંત સ્વ ચંદુલાલ મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી મળેલા આર્થિક સહયોગથી સંઘના ઉપક્રમે 'શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ' ચિખોદરા (આણંદ) દ્વારા માતર તાલુકાના રઢુ ગામે યોજાયેલ નેત્રયજ્ઞનાં ઉદ્ઘાટનનો કાર્યક્રમ પણ સાથે સાથે યોજવામાં આવ્યો હતો.

વડોદરા એકસ્પ્રેસ ટ્રેન દ્વારા તા. ૭મી માર્ચના સવારના છ વાગે વડોદરા પહોંચી બસ મારફત ચિખોદરા મુકામે અમે સૌ પહોંચ્યા હતા. અહીં સ્નાનાદિ કાર્ય કરી ચા-નાસ્તો લઇ અમે સૌ ચિખોદરાની શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ, આણંદની હૉસ્પિટલ અને દરબાર ગોપાલદાસ ટી.બી. હૉસ્પિટલની મુલાકાત લીધી હતી. નબળી આંખોવાળા બાળકોને અપાતી સારવારનું પણ અમે નિરીક્ષણ કર્યું હતું. આ સંસ્થાઓના પ્રણેતા અને મુખ્ય સૂત્રધાર સમા, ડૉ. રમણીકભાઇ દોશી જેવા આજીવન સેવાવ્રતધારી ડૉકટરના આ વિસ્તારમાં થતા સેવાકાર્યથી અમે સૌ પ્રભાવિત થયા હતા. બપોરનું ભોજન લઇ થોડો આરામ કરી અમે સૌ શ્રી રવિશંકર મહારાજનાં જન્મસ્થળ રઢુ મુકામે જવા ઊપડયા.

સાંજના ચાર વાગ્યાની આસપાસ અમે સૌ રઢુ ગામ પહોંચ્યા. અહીં શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરીના આર્થિક સહકારથી આયોજિત નેત્રયજ્ઞનું અમે નિરીક્ષણ કર્યું. આ વિસ્તારના જુદાં જુદાં ગામોના ૫૦૦ દર્દીઓની એક મહિના દરમિયાન તપાસણી થઇ હતી અને તેમાંથી ઓપરેશન કરવા યોગ્ય દર્દીઓનાં ઓપરેશન રઢુના નેત્રયજ્ઞમાં થયા હતાં.

અહીં ડૉ. રમણભાઇ શાહે મંગલદીપ પ્રગટાવી કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં જણાવ્યું હતું કે આંખ એ માનવ જીવનનું સૌથી ચળકતું કિંમતી રત્ન છે. નેત્રયજ્ઞનું કાર્ય પૂ રવિશંકર મહારાજની પ્રેરણાથી ઠેર ઠેર ચાલ્યું અને ગુજરાત માટે અને સમગ્ર દેશ માટે તે આશીર્વાદરૂપ બન્યું. આજના કપરા સમયમાં દરેક બાબતમાં સરકાર પર આધાર ન રાખી શકાય. આવા સેવા કાર્યો માટે સામાજિક સંસ્થાઓએ આગળ આવવું જોઇએ. પૂ. ડૉ. દોશીકાકાએ પોતાનું જીવન આ સેવાયજ્ઞમાં સમર્પિત કરી દીધું છે. એમના જીવનમાંથી અનેકોને પ્રેરણા લેવા જેવી છે.

પ્રા. તારાબહેન ર. શાહે તેમના વકતવ્યમાં કહ્યું હતું કે 'યાત્રાના ભાવથી અમે અહીં આવ્યા છીએ. તમારા બધાનાં દર્શન કરી અમે બધા ધન્ય બન્યા છીએ. માનવ દુ:ખ ઓછું કરવાની તક મળતી હોય એવે વખતે એ દર્શન પવિત્ર હોય છે.' સંઘના મંત્રી શ્રી નિરુબહેન સુબોધભાઇ શાહે ઉદ્બોધન કરતા જણાવ્યું હતું કે આંખના રતનનું જતન આપણે કંઇ રીતે કરી શકીએ તે પૂ. ડૉક્ટર દોશીદાદાએ આપણને સારી રીતે સમજાવ્યું છે. આપ સૌને મળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું તેનો આનંદ છે.

ડૉ. રમણીકલાલ દોશીએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે અહીં આજે ત્રણ નારાયણોનો સમન્વય થયો છે. પહેલા નારાયણ છે દરીદ્રનારાયણ, બીજા બુદ્ધિનારાયણ અને ત્રીજા છે લક્ષ્મીનારાયણ. ગામડાના ગરીબ લોકોને - દરીદ્રનારાયણોને જેઓ આંખના ઓપરેશન માટે ખર્ચ કરી શકે તેમ નથી તેમને આ નેત્રયજ્ઞનો લાભ મળી રહ્યો છે. ગામની ભણેલી વ્યક્તિઓ, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ વગેરે બુદ્ધિનારાયણ છે. અને તેઓએ આ નેત્રયજ્ઞને સફળ બનાવવા મહેનત ઉઠાવી છે. મુંબઇથી પધારેલાં મહાનુભાવો કે જેમના દાનથી આ રઢુ ગામમાં નેત્રયજ્ઞ યોજી શકાયો છે તે બધા લક્ષ્મીનારાયણો છે અને તેમનો આપણે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આ પ્રસંગે સંઘની સમિતિના સભ્ય શ્રી રસિકલાલ લહેરચંદ શાહ તથા શ્રી મફતલાલ ભીખાચંદ શાહ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. સર્વ શ્રી વસુબહેન ભણસાલી, ધીરજબહેન વોરા, નેમચંદ ગાલા, સરપંચ શ્રી રતનસિંહ, પૃથ્વીસિંહ વાઘેલા, રતિભાઇ સુથાર વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. રઢું શાળાના આચાર્ય શ્રી ભટ્ટ સાહેબે કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ કરી હતી.

નેત્રયજ્ઞ પછી સૌ બસમાં ગોઠવાયા હતા અને રાત્રીના સાડાદસ આસપાસ યોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી મહારાજના જન્મ અને કાળધર્મના ગામ વિજાપુર મુકામે અમે સૌ પહોંચ્યા હતા. અહીં સમાધિમંદિરના બ્લોકમાં અમારો રાત્રિ નિવાસ ગોઠવાયો હતો.

બીજા દિવસે, અમે તીર્થધામ મહુડી તરફ પ્રયાણ કર્યું. ત્યાં દર્શન કરી બાર વાગે અમે શ્રી સુરેશ સોનીની તપોભૂમિ રાજેન્દ્રનગર પહોંચ્યા. અહીં વસતા સૌ ભાઇ-બહેનોએ અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. અમે સૌએ અહીંના કુષ્ઠયજ્ઞ આશ્રમની મુલાકાત લીધી અને તેમની સેવા પ્રવૃત્તિઓને નજરે નિહાળી. દરમિયાન, સુંદર એવા અહીંના નાનકડા સભાગૃહમાં કાર્યક્રમ આયોજિત થયો હતો. જાણીતા લેખક અને સંસ્થાના એક ટ્રસ્ટી શ્રી રજનીકુમાર પંડયાએ સૌનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે આ સંસ્થા સાથે શરૂઆતથી જ હું સંકળાયો છું અને હવે તો સંસ્થાના પરિવારનો સભ્યો બની ગયો છું. તમે બધા ઠેઠ મુંબઇથી આ તીર્થ જોવા આવ્યા છો, આપ સૌનું સ્વાગત કરતા મને ખરેખર અત્યંત આનંદ થાય છે. શ્રી સુરેશભાઇ સોની તો અહીંના ઋષિ છે અને આ સંસ્થાના પ્રાણ છે. આ સંસ્થાનું કામ એક ઇશ્વરી સંકેત છે અને તમારા જેવા શ્રેષ્ઠિઓની તેમાં સહાય પણ મળે છે તેનો આનંદ છે.'

શ્રી સુરેશભાઇ સોનીએ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે જૈન યુવક સંઘ અને ડૉ. રમણભાઇ શાહે અમને સહયોગ આપી ઋણી બનાવ્યા છે. આ સંસ્થામાં ૧૫૨ કુષ્ઠરોગીઓને વસાવવામાં આવ્યા છે. તેમાં ૧૦૦ અપંગ અને બાવન અર્ધ અપંગ છે, ૧૬ ખેતી કરે છે, ૧૭ અંબર ચરખા ચલાવે છે, અને ૧૫ પરચૂરણ કામ કરે છે. અહીં ૩૦મી જાન્યુઆરીથી મંદબુદ્ધિના ૧૮થી ઉપરની ઉંમરના પુરૂષોનું કેન્દ્ર પણ અમે શરૂ કર્યું છે. તેમાં ૧૭ જેટલા ભાઇઓ અત્યારે છે.

સંઘની સમિતિના સભ્ય શ્રી મફતલાલ ભીખાચંદ શાહે ઉદ્બોધન કરતાં જણાવ્યું હતું કે ભગવાન કેવા સ્વરૂપે આવે છે તેની આપણને ખબર નથી. પરંતુ સુરેશભાઇ અહીં જે રીતે કામ કરી રહ્યા છે તે જોતાં લાગે છે કે જેનું કોઇ નથી તેના સુરેશભાઇ છે. યોગ એવો ઊભો થયો છે કે સુરેશભાઇ અને તેમની આ સંસ્થા સાથે મારે સંકળાવાનું બન્યું છે. અને એમાં પણ કંઇ ઇશ્વરનો સંકેત મને જણાય છે.

પ્રા. તારાબહેન ર. શાહે વકતવ્ય કરતા જણાવ્યું હતું કે અહીં અમે એક મંદિરના દર્શન કરવા આવ્યા છીએ. સુરેશભાઇને મારા સાદર વંદન છે કે જેમણે અહીં તરછોડાયેલા, વિખૂટાં પડેલા માનવોને જીવન જીવવાનું એક નવું પરિમાણ આપ્યું છે. સુરેશભાઇને સરકારના પદ્મભૂષણ કે પદ્મશ્રી જેવા ઇલ્કાબની જરૂર નથી. ખુદ સુરેશભાઇ જ નિષ્કામ સેવા ક્ષેત્રના ભૂષણ છે.

સંઘના મંત્રી શ્રી નિરુબહેન એસ.શાહે જણાવ્યું હતું કે 'તમારો બધાનો આદર સત્કાર પામી અમારાથી ગદ્ગદિત્ થઇ જવાયું છે. જીવનમાં માનવીને પ્રેમ સિવાય શું જોઇએ ? આપ સૌને જોઇને અમને આજે ઇશ્વરનો અને ઇશ્વરના પ્રેમનો અનુભવ થયો છે.'

ડૉ. રમણલાલ ચી. શાહે પોતાના વકતવ્યમાં કહ્યું હતું કે સંસ્થાની મુલાકાત લેતાં ખૂબ જ આનંદ થાય છે. એક વ્યક્તિ ધારે તો પોતાના સંકલ્પથી કેવું ઉત્તમ કાર્ય કરી શકે તેનું ઉદાહરણ શ્રી સુરેશભાઇ સોની છે. સુરેશભાઇ યુનિવર્સિટીમાં અધ્યાપનનું કાર્ય છોડી સેવાના ક્ષેત્રમાં આવ્યા છે. તેમની પાસે પ્રતિભા છે. ભાવના છે, નિષ્ઠા છે, ધર્મબુદ્ધિ અને પ્રામાણિકતા છે અને તેનું પ્રત્યક્ષ પરિણામ આજે આ સંસ્થામાં જોવા મળે છે. તદુપરાંત સર્વશ્રી વસુબહેન ભણસાળી, ધીરજબહેન વોરા, નેમચંદ ગાલા, પ્રવીણભાઇ મફતલાલ શાહ, સુધાબહેન દલાલ, અરુણાબહેન ચોકસી, ડૉ. નવીનભાઇ મોદી વગેરેએ આ પ્રસંગે પ્રાસંગિક વક્તવ્ય કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન સંસ્થાના સેવાવ્રતધારી કાર્યકર્તા અને ટ્રસ્ટી શ્રી સુભાષભાઇએ કર્યું હતું. તેમણે કેટલાક આશ્રમવાસી અશિક્ષિત ગભરુ ભાઇ-બહેનોને ખાસ તાલીમ આપીને તેમની પાસે ગુજરાતી, મરાઠી, હિંદી, બંગાળી, કન્નડ, તેલુગુ, મલિયાલમ વગેરે પોતપોતાની ભાષામાં આભાર અને આશીર્વાદનાં વચનો બોલાવ્યાં હતાં. તથા મંદબુદ્ધિવાળા એક યુવાન પાસે પશુપક્ષીઓના અવાજની સરસ નકલ કરાવી હતી.

આમ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના આ આશ્રમની મુલાકાતથી સૌ અત્યંત પ્રભાવિત થયા હતા. અહીં શ્રી સુરેશભાઇ સોની અને તેમના ધર્મપત્ની ઇન્દિરાબહેનનું સેવાકાર્ય ખરેખર સેવાક્ષેત્રની એક ઉજ્જવળ યશોગાથા સમું જણાયું.

આ પ્રવાસના આયોજનની જવાબદારી શ્રી યોગેશભાઇ તથા ચંદ્રિકાબહેને સહર્ષ ઉપાડી લીધી હતી. આમ, ચિખોદરાની હૉસ્પિટલની મુલાકાત, નેત્રયજ્ઞનું ઉદ્ઘાટન તથા સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટના આશ્રમની મુલાકાતના કાર્યક્રમની એક સરસ છાપ અમારા મનમાં અંકિત થઇ હતી.

* * *

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ●● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪૦૦૦૦૪
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦૦૦૮. ફોટોટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ.

વર્ષ : ૩ ● અંક : ૪ ● તા. ૧૬-૪-૧૯૯૨ Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## मोहरिते सच्चवयणस्स पलिमंथू

-- ભગવાન મહાવીર

ચૈત્ર સુદ તેરસ અને તા. ૧૫ મી એપ્રિલે ચરમ તીર્થંકર ભગવાન મહાવીરસ્વામીના જન્મકલ્યાણકની ઉજવણી નિમિત્તે એમણે પ્રબોધેલાં વચનો વાંચતા વર્તમાન સમયને પણ સવિશેષ લાગુ પડે એવા ઉપરના એક વચનનું સ્મરણ થયું.

સ્થાનાંગ સૂત્રના છઠ્ઠા અધ્યયનમાં (કંડિકા ૫૨૯ માં) ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું છે :

**मोहरिते सच्चवयणस्स पलिमंथू** અર્થાત્ મુખરતાથી સત્યવચનનો ઘાત થાય છે.

સ્થાનાંગ સૂત્રમાં દસ અધ્યયન છે. તેમાં એક, બે, ત્રણ, ચાર એમ અનુક્રમે દસ અધ્યયનમાં તે પ્રત્યેકમાં તેની સંખ્યાનુસાર તેવી તેવી વસ્તુઓ ગણાવવામાં આવી છે. છઠ્ઠા અધ્યયનમાં છ છ ના પ્રકારો બતાવવામાં આવ્યા છે. આ કંડિકામાં માણસ કઈ છ વસ્તુઓનો ઘાત કેવી કેવી રીતે કરે તે બતાવવામાં આવ્યું છે. એમાં કહ્યું છે કે મુખરતાથી માણસ સત્યવચનનો ઘાત કરે છે.

મુખરતા એટલે વાચાળપણું, બહુ બોલબોલ કરવું, બડબડ કરવું, બૂમરાણ મચાવવી અથવા બોલીને ઘોંઘાટ કરવો.

બોલવું એ એક વાત છે અને બોલબોલ કરવું એ બીજી વાત છે. વિચારપૂર્વક, સંયમપૂર્વક, યોગ્યતાનુસાર માણસ પોતાની વાતને વાણીદ્વારા રજૂ કરે એ સારી વાત છે. પોતાની વાણીને દિવ્યતા સુધી માણસ પહોંચાડી શકે છે. તીર્થંકર પરમાત્માની વાણી ઉત્તમ પ્રકારના પાંત્રીસ ગુણથી યુકત હોય છે.

સામાન્ય માણસોની વાત કરીએ તો કેટલાક માણસોનું બોલવું આપણને ગમે છે અને કેટલાકનું બોલવું ગમતું નથી. કોયલનો ટહૂકાર પ્રિય લાગે છે અને કાગડાનો અવાજ કર્કશ લાગે છે. મુખરતા એટલે કાગડાના અવાજના જેવી કર્કશતામાં સરી પડતી વાણી એવો પણ એક અર્થ થાય છે.

એકની એક વાતનું પુનરુચ્ચારણ એ મુખરિતતા નથી. કેટલીક સારી, સાચી વાત ફરી ફરી કહેવા જેવી હોય છે અને ફરી ફરી તે સાંભળતાં માણસને ચીડ ચડતી નથી. ગીત-સંગીતમાં કેટલીયે પંકિતઓ ફરી ફરી ગાવામાં આવે છે. ધ્રુવપદની પંકિતઓ તો વારંવાર ગવાય છે, જો પુનરુકિત એ વાચાળપણું ગણાય તો સમગ્ર શાસ્ત્રીય સંગીત ઉપર વાચાળતાનો દોષ આવે. પરંતુ તેનો તેવો દોષ ગણાતો નથી, બલકે તેની ગણના શાસ્ત્રીય કલામાં થાય છે.

કેટલાક માણસોને બીજાની સાથે વાત કરતી વખતે મૂંગા બેસી રહેવા કરતાં એકની એક વાત બેત્રણ વાર કરવાની ટેવ હોય છે. કેટલાકને વિસ્મૃતિ દોષને કારણે એકની એક વાત બેત્રણ વાર કરવાની ટેવ પડી જાય છે, પણ એ મુખરતા નથી. પરંતુ કેટલાક માણસનો સ્વભાવ જ એવો હોય છે, તેઓ કારણ વગર બોલ બોલ કર્યા કરતા હોય છે. કયારેક એકની એક વાત એક જ રીતે બોલબોલ કર્યા કરતા હોય છે, તો કેટલીક વાર એક જ વાત વળી વળીને જુદા જુદા શબ્દોમાં બોલ્યા કરતા હોય છે. બીજાનું સાંભળવાનું તેમને ગમતું નથી. એમની વાણી અસ્ખલિત વહ્યા કરે છે. વચ્ચે પૂર્ણવિરામ કે અર્ધવિરામ જેવું હોતું જ નથી કે બીજાને વાત કરવાની તક મળે. વળી પોતે બોલે છે તે બીજાને ગમે છે કે નહિ અથવા બીજા ધ્યાનથી સાંભળે છે કે નહિ તે જોવા જાણવાની તેમને દરકાર હોતી નથી. પોતાના બોલવાની કેવી પ્રતિક્રિયા થશે, પોતાની પ્રતિષ્ઠાની કેટલી હાનિ પહોંચશે તેની પણ તેઓને ચિંતા કે ખેવના હોતી નથી.

આવા મુખરી માણસોનો અનુભવ ઘણાને થતો હોય છે.

જેમ એક બાજુ મૂંગા કે ઓછાબોલા અને મીંઢા માણસો અનર્થ ઉપજાવે છે તેમ મુખરી માણસો પણ અનર્થ ઉપજાવે છે. ભગવાન મહાવીર કહે છે કે તેઓ સત્યનો ઘાત કરે છે.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે બે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવવાનું ઘણું જ દુષ્કર છે : એક જિહ્વા અને બીજી ઉપસ્થ. ઈન્દ્રિયોમાં સ્વાદેન્દ્રિય અને વ્રતોમાં બ્રહ્મચર્ય વ્રત ઉપર વિજય મેળવવા માટે મોટો પુરુષાર્થ કરવાની જરૂર રહે છે. જીભ એક છે અને એણે કામ બે કરવાનાં હોય છે - ખાવાનું કામ અને બોલવાનું. માણસને ખાતાં ન આવડે તો પેટ બગડે અને બોલતાં ન આવડે તો સંબંધો બગડે, જીવન બગડે. બગડેલા પેટને સુધારતાં વાર નથી લાગતી, પણ બગડેલા સંબંધને સુધારતાં ઘણી વાર લાગે છે.

અર્થયુકત વાણી એ બીજા પ્રાણીઓ કરતાં મનુષ્યની વિશેષતા છે. પોતાને મળેલી આ વિશિષ્ટ શકિત કેટલું બધું કાર્ય કરી શકે છે એનો જયારે વિચાર કરીએ છીએ ત્યારે વિસ્મય થાય છે. પોતાને મળેલી શકિતનો માણસને વારંવાર ઉપયોગ કરવાનું મન થાય એ દેખીતું છે. નાનું બાળક થોડાક શબ્દો કે વાકયો બોલતાં શીખે છે ત્યારે એ ઘણું બોલવા લાગે છે. એ બોલવામાં એકના એક પ્રકારના શબ્દો કે વાકયોનું પુનરુચ્ચાર ઘડીએ ઘડીએ કરે છે. વાણી એ અભિવ્યકિતનું માધ્યમ છે અને નાના બાળકને પોતાની જાતને વ્યકત કરવા માટે વાણીનો ઉપયોગ કરતાં આવડી જાય એથી એને અતિશય આનંદ અને વિસ્મય થાય છે, પોતાની એ શકિતનો પ્રયોગ તે વારંવાર કરવા લાગે છે. નાના બાળકની વાણીમાં મુખરતા આવે છે, પણ તે મધુર હોય છે. તેની મુખરતાનો બીજો કોઈ આશય હોતો નથી, માટે તે પ્રિય લાગે છે. આમ, મુખરતાનું લક્ષણ મનુષ્યમાં એના બાલ્યકાળથી જ આવી જાય છે. પરંતુ એ જ બાળક પાંચ - પંદર વર્ષનું થયા પછી એ જ રીતે બોલબોલ કરે તો સ્વજનોને તે દોષરૂપ લાગે છે.

મુખરનો એક અર્થ બહુ અવાજ કરવો એવો થાય છે. સંસ્કૃત કવિઓએ પગના ઝાંઝરમાં મુખરતાનો ગુણ રહેલો છે એમ વર્ણવ્યું છે. ઝાંઝરની ઘૂઘરીઓ પોલી હોય છે અને પોલી હોવાથી તે વધારે અવાજ કરે છે. આથી જયાં વધુ અવાજ હોય ત્યાં પોલાણ હોય તેવો

એક નિયમ બતાવવામાં આવે છે. જેમ ઝાંઝરની બાબતમાં તેમ મનુષ્યની બાબતમાં પણ કહેવાય છે. જે માણસો બહુ બોલબોલ કરતા હોય છે તે માણસો અંદરથી પોલા હોય છે. કેટલીકવાર પોતાના પોલાણને ઢાંકવા માટે જ માણસો બોલબોલ કરતા હોય છે, અને એમ કરવાને કારણે પોતે શું અને કેવું બોલે છે તેનું એમને ભાન રહેતું નથી. તેથી એમના જ બોલવામાં વિસંગતિ આવવા લાગે છે અને વિસંગતિ અસત્યને નોંતરે છે. ખલિલ જિબ્રાને કહ્યું છે કે In much talking thinking is half murdered.

જે વાચાળ માણસો હોય છે તે જો કંઈ બોલવામાં ભૂલ કરે તો પોતાની ભૂલને ઢાંકતાં કે ફેરવી તોળતાં પણ તેઓને આવડતું હોય છે. જેમ એક અસત્ય બીજા અસત્યને નોતરે છે તેમ એક પ્રકારની મુખરતા બીજા પ્રકારની મુખરતાને નોતરે છે. આવી રીતે મુખરતાની-વાચાળપણાની પરંપરા ચાલે છે અને એમાં રહેલાં કેટલાંક અસત્ય વચનોને કારણે તે ઘણા અનર્થો ઉપજાવે છે.

મુખરતા અર્થાત્ વાચાળતા ક્યારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિએ સત્યની મર્યાદા ઓળંગી જશે અને અસત્યની હદમાં પ્રવેશી જશે તે કહી શકાય નહિ. સત્ય અને અસત્યની વચ્ચે ભેદરેખા એટલી સૂક્ષ્મ હોય છે કે વાચાળ માણસ એ ભેદરેખા ઓળંગીને અસત્યના વાડામાં પૂરાઈ જશે એની એને પોતાને પણ ખબર પડતી નથી.

મુખરતાની સાથે બીજાના સદ્‌ગુણો પ્રત્યે દ્વેષનો ભાવ આવે તો તેવી મુખરતા તો એથી પણ વધુ ભયંકર છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે અઢાર પાપસ્થાનકની સજઝાયમાં કહ્યું છે કે -

'જે બહુ મુખરી રે વળી ગુણ - મત્સરી, અભ્યાખ્યાની હોયજી,
પાતક લાગે રે અણકીધાં સહી, તે કીધું સવિ ખોયજી.'

કેટલાક માણસો બહુ બોલકા હોય છે. બોલકા માણસો સારી સંગત જમાવી શકે છે. અજાણ્યા માણસને પણ આવા તડાકા જ્યારે ચાલતા હોય ત્યારે તેવા ટોળામાં જોડાઈને સાંભળવાનું ગમે છે. બોલકા માણસોની જ્યારે પ્રસંશા થાય છે ત્યારે તે ઓર ખીલે છે. અને વધુ અને વધુ બોલવા લાગે છે. પરંતુ જેમ જેમ એ વધુ બોલે છે તેમ તેમ તેનાં વચનોમાં, તેની વાણીમાં અતિશયોક્તિરૂપી અસત્ય પ્રવેશે છે ઉપરાંત અભિમાન, ઈર્ષ્યા, દ્વેષ, દંભ વગેરે દુર્ગુણો પણ તેની વાણીમાં પ્રવેશવા લાગે છે. ક્યારેક એવે વખતે એવા મુખરી મનુષ્યનું આંતરમન અજાણતાં ખરા સ્વરૂપે પ્રગટ થાય છે.

વાચાળ માણસો શરૂઆતમાં સારી સોબત જમાવે છે અને મિત્રવર્તુળ વાહવાહ કરવા લાગે છે, પરંતુ સમય જતાં મિત્રોસોબતીઓ પણ તેને ઓળખી જાય છે અને ખપ પૂરતી કે સ્વાર્થ પૂરતી એને સોબત આપી પછી દૂર ચાલ્યા જતા હોય છે. બહુ બોલકા માણસ માટે એક ચીની લેખક ચુઆંગત્સે કહ્યું છે કે A dog is not considered a good dog because he is a good barker.

મુખરતાનો એક મોટો અવસર તે રાજદ્વારી ચૂંટણીઓના પ્રચાર વખતનો છે. દરેક ઉમેદવાર પોતાને મત મળે તે માટે સ્થળે સ્થળે ભાષણો કરતો, સભાઓને સંબોધતો ફરે છે. સતત બોલવાનો એને એવો મહાવરો થઈ જાય છે કે તે પછી કઈ સભામાં પોતે શું બોલ્યા તેનું પણ તેને સ્મરણ રહેતું નથી. ચૂંટણી પ્રચાર વખતે લોકોને જાતજાતનાં વચનો અપાય છે, પરંતુ પછીથી એ વચનોનું પાલન થતું નથી કે ઈરાદાપૂર્વક કરવામાં આવતું નથી. પોતાનું બોલેલું ન પાળવું એ પણ એક પ્રકારનું અસત્ય છે. રાજદ્વારી પુરુષો અસત્યનો કેટલો બધો આશ્રય લે છે અને સત્યનો કેટલો બધો ઘાત કરે છે તે આપણા જાહેર જીવનમાં આપણે જોઈ શકીએ છીએ.

કેટલાક માણસોએ એમનો વ્યવસાય વાચાળ બનવાની ફરજ પાડે છે. બોલે તેનાં બોર વેચાય એ જૂનો રૂઢ પ્રયોગ આજે પણ એટલો જ સાચો છે. પોતાની ચીજવસ્તુઓની પ્રસંશા વેપારીઓને વારંવાર કરવી પડે છે પરંતુ એને લીધે જ એ પ્રસંશામાં અસત્યનો અંશ આવી જાય છે. પોતાની ચીજ વસ્તુઓ ઘરાકોને વેચવા માટે જે પ્રસંશા કરવી પડે છે અથવા તે લેવા માટે બીજાના મનમાં ઠસાવવાના આશયથી વારંવાર બોલવું પડે છે એ પ્રકારની મુખરતામાં અસત્યના અંશો આવ્યા વગર રહે નહિ. જે માણસ સ્વભાવે ઓછાબોલો હોય કે વાણીનો અતિશય સંયમી હોય તેવા માણસને સેલ્સમેન તરીકે જલદી નોકરી મળે નહિ. જુદી જુદી કંપનીઓના એજન્ટોને પોતાના વ્યવસાયના પ્રચાર માટે અસત્યનો આશરો લેવો જ પડતો હોય છે. પછીથી તો અસત્ય બોલવામાં એમની શરમ નીકળી જતી હોય છે. વીમા કંપનીના એજન્ટો મૂંગા મૂંગા કામ કરીને વધુ પોલિસી લાવી શકે નહિ. કોઈ પણ પ્રકારનો પ્રચાર ચાલુ થાય એટલે એક અથવા બીજા સ્વરૂપનું અસત્ય આવી જ જાય. યુદ્ધ વખતે મુખરતાની - પ્રચારની બહુ આવશ્યકતા રહે છે. ત્યારે પ્રચારમાં અસત્ય આવી જાય છે એમ કહેવા કરતાં અસત્યનો જ પ્રચાર થાય છે એમ કહેવું વધુ યોગ્ય છે. માટે જ કહેવાય છે કે Truth is the first casualty in war.

જેમ વ્યવસાયમાં તેમ વ્યવહારમાં પણ કેટલાક પુરુષોને, વિશેષતઃ સ્રીઓને ભાવતાલ કરતી વખતે દુકાનદાર સાથે, નોકરો કે આશ્રિતો સાથે અથવા સંતાનો કે અન્ય સ્વજનો સાથે બહુ કચકચ કરવાની ટેવ પડી જાય છે. પરિણામે સત્યનું તેઓ ખંડન કરે છે અને પોતાનું ગૌરવ ઘટાડે છે.

વાણીની મુખરતા સાથે માદકતા જ્યારે ભળે છે ત્યારે વાણી વધુ ખીલવા લાગે છે. કેટલાક માણસોને ન બોલવું હોય તો પણ તેમની પાસે જ્યારે બોલાવવું હોય ત્યારે બીજાઓ દ્વારા તેને માદક પીણું પીવડાવવાનો પ્રયોગ થાય છે. માદકપીણાનો નશો જ્યારે ચઢે છે ત્યારે માણસની જીભ છૂટી થઈ જાય છે. શરૂઆતમાં તે કંઈ ચબરાકી ભરેલું અને બીજાને હસાવે એવું વાચાળ બોલવા લાગે છે. પણ પછી જેમ જેમ નશો ચઢતો જાય છે તેમ તેમ એવા વાચાળ માણસ વધુ વાચાળ બને છે અને ન બોલવાનું બોલી બેસે છે. ક્યારેક અશ્લીલ શબ્દો પણ બોલવા લાગે છે. માણસના આંતરમનમાં પોતાના સ્વજનો, સગાંઓ, સંબંધીઓ ધંધાદારી કે સામાજિક કે રાજદ્વારી સંબંધો વિશે પોતાના અંતરમનમાં પડેલા ગુપ્ત અભિપ્રાયો કે વિચારો તે પ્રગટ કરી દે છે. તેના મનનો બધો કચરો બહાર આવે છે. કેટલીકવાર માણસની ખાનગી વાત કઢાવવા માટે એને વધુ શરાબ પીવડાવી દેવામાં આવે છે. એથી જ રાજદ્વારી નેતાઓ એકબીજાના દેશમાં વાટાઘાટો કરવા માટે જ્યારે જાય છે અને શરાબ પીવાના તેઓ શોખીન હોય છે તો તે પીવામાં તેમને બહુ સંભાળવું પડે છે. દુનિયાના ઘણા દેશોમાં સાંજે ભોજન પહેલાં શરાબ પીવાની પ્રથા હોય છે, કારણકે શરાબના ઘેન પછી માણસ ઘસઘસાટ ઊંઘી જાય છે. આથી કેટલાક કંપનીઓના એજન્ટો જ્યારે વિદેશમાં સોદા કરવા જાય છે ત્યારે સાંજના શરાબ સહિતના ભોજન પછી કોઈ ધંધાદારી વાટાઘાટ ન કરવાની સલાહ તેમની કંપની તરફથી આપવામાં આવે છે, કારણકે શરાબ પછી વાચાળતા ચાલુ થાય તો ઉત્સાહમાં આવી જઈને એજન્ટ ગમે તે દરખાસ્ત કબૂલ કરી નાખે જે કંપનીને માટે નુકસાનકારક હોય.

જે માણસો વાચાળ હોય છે એ માણસોને વૃદ્ધાવસ્થામાં એમની વાચાળતા જો રોગરૂપે પરિણમે છે ત્યારે તે ઘણા અનર્થ ફેલાવે છે. તેઓ જ્યારે અનૌપચારિક વર્તુળમાં બોલબોલ કરતા હોય છે ત્યારે તેમના સ્વજનો કે મિત્રો અટકાવી શકે છે. પરંતુ આવી વ્યક્તિ જાહેર જીવનમાં હોય અને મંચ ઉપરથી બોલવાની હોય ત્યારે પોતે કેવું અને કેટલું બોલે છે તેનું એમને પોતાને પણ ભાન રહેતું નથી. એમના મગજમાં વિચારો સતત ઉભરાયા કરતા હોય છે અને બોલતાં તેઓ થાકતા નથી. કેટલાક સારા વ્યાખ્યાતાઓ પોતાની યુવાનીમાં પોતાના સરસ વક્તવ્યને કારણે ઠેરઠેર પ્રસંશા પામે છે, પરંતુ એ જ વ્યાખ્યાતાઓ વૃદ્ધાવસ્થામાં બોલવા ઊભા થાય ત્યારે તેમના લાંબા વક્તવ્યના કારણે તેમને અધવચ્ચેથી બેસાડી દેવામાં આવે છે. કાર્યક્રમના વ્યવસ્થાપકોની ચિઠ્ઠીના તેઓ વારંવાર ભોગ બને છે. રાણી વિક્ટોરિયાએ ગ્લેડસ્ટન માટે અભિપ્રાય આપતાં કહ્યું હતું કે He Speaks to me as if I am a public meeting.

મુખરી માણસોને એક ટેવ એવી પડી જાય છે કે જ્યારે તેઓ પ્રશંસા કરવા બેસે છે ત્યારે તેમાં અતિશયોક્તિનો પાર નથી હોતો કારણ કે જીભમાં હાડકું હોતું નથી. તેઓ નિંદા કરવા બેસે છે તો તેમાં પણ અતિરેક એટલો જ થતો હોય છે. કેટલાક મુખરી માણસો પ્રશંસા અને નિંદા બંનેમાં અત્યંત કુશળ હોય છે અને પ્રસંગાનુસાર કાં તો

પ્રશંસાનો અને કાં તો નિંદાનો ધોધ એક જ વ્યકિત કે વિષયને માટે તેઓ વહેવડાવી શકે છે. આવા મુખરી માણસોના સાચા અભિપ્રાયને પામવાનું કે એના આંતરમનને સમજવાનું કે પારખવાનું અઘરું હોય છે. કેટલીકવાર તો તેઓ પોતે પોતાની જાતને બરાબર સમજી શકયા છે કે નહિ તેની તેમને પોતાને ખબર હોતી નથી, કેટલાક ચિંતકો કહે છે કે જો કોઈ વ્યકિત તમારે મોઢે તમારી અતિશય કૃત્રિમ પ્રશંસા કરવા લાગે તો સમજવું કે એના હૃદયમાં કે અસંપ્રજ્ઞાત ચિત્તમાં (subconcious mind માં) તમારે માટે એટલો જ ધિક્કાર પડેલો છે. એ ધિક્કારને છૂપાવવા માટે તેનું વાચાળપણું પ્રશંસારૂપે પ્રગટ થાય છે. માટે એવા માણસોથી સાવધ રહેવાની અને એમની પ્રશંસાથી ભોળવાઈ ન જવાની સલાહ આપવામાં આવે છે.

જે માણસ ઘડીકમાં પ્રશંસા અને ઘડીકમાં નિંદા એમ બંને રીતે પોતાની વાણીને વાપરી જાણે છે એવા માણસો બે જીભવાળા કહેવાય છે. સર્પને બે જીભવાળો દ્વિજિહ્વ કહેવામાં આવે છે કારણ કે સાપની જીભમાં ફાટ હોય છે. પરંતુ સંસ્કૃત સુભાષિતકારે કહ્યું છે તેમ સાપ તો કયારેક જ કરડે છે. પરંતુ બે જીભવાળો દુર્જન વાચાળ માણસ તો ડગલે ને પગલે કરડે છે અને સત્યનું ખંડન કરે છે.

મુખરી માણસને ચાવી ચઢાવવાનું સહેલું હોય છે. કેટલાક સ્વાર્થી, મીંઢા માણસો પોતે બોલતા નથી હોતા, પરંતુ વાચાળ માણસની ખુશામત કરીને, પ્રલોભનો આપીને, ચાવી ચઢાવીને એની પાસે પોતાની ઈચ્છા પ્રમાણે બોલાવડાવે છે. એવે વખતે વાચાળ માણસોને, પોતે બીજાના હાથા બની જાય છે એનો ખ્યાલ આવતો નથી. મીંઢા માણસ મૂંગા રહીને પોતાના સ્વાર્થનું કામ વાચાળ માણસો પાસે કરાવી લે છે પરંતુ જ્યારે ખરાબ પરિણામ ભોગવવાનાં આવે છે ત્યારે વાચાળ માણસનો ભ્રમ તૂટી જાય છે.

સત્યના પણ હિત, મિત અને પથ્ય એવા ગુણો બતાવવામાં આવે છે. સત્ય હિતકારી, મિતસ્વરૂપી અને બીજાને તે ગ્રાહ્ય તથા પથ્ય હોય એવું બોલવું જોઈએ.

જૈન સાધુ ભગવંતો માટે ભગવાને પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલન પર બહુ ભાર મૂકયો છે. એ આઠને અષ્ટ પ્રવચન માતા તરીકે ઓળખાવામાં આવે છે. સાધુ ભગવંતોએ સંયમની આરાધના માટે આ સમિતિ-ગુપ્તિનું બહુ જયણાપૂર્વક પાલન કરવાનું હોય છે. એમાં વાણીનું મહત્ત્વ કેટલું બધું છે તે સમિતિ અને ગુપ્તિ એમ બંનેમાં એને સ્થાન આપવામાં આવ્યું છે તે પરથી જોઈ શકાશે.

પાંચ સમિતિમાં એક સમિતિ તે ભાષા સમિતિ છે અને ત્રણ ગુપ્તિમાં એક ગુપ્તિ તે વચનગુપ્તિ છે. આમ ભાષા અને વચનના સંયમ ઉપર ભગવાને સાધુ ભગવંતો માટે સવિશેષ ભાર મૂકયો છે.

વળી ભગવાને શું કરવાથી પાપકર્મ ન બંધાય એ માટે આપેલા બોધ માટેની અર્થાત્ ' જયણા ' વિશેની સુપ્રસિદ્ધ ગાથામાં ' जयम् भुंजतो भासंतो पावम् कम्मम् न बन्धई । ' એમ કહ્યું છે. ભાસંતો એટલે બોલતો. માણસ જો જયણાપૂર્વક બોલે તો તે પાપ કર્મ બાંધતો નથી.

આમ, ભગવાન મહાવીરે એક વાકયમાં જ વાણીના સંયમનો મહિમા સમજાવી દીધો છે.

□ **રમણલાલ ચી. શાહ**

---

# અધ્યાત્મ - જીવનનું વ્યાકરણ : अक्षरं ब्रह्म परमम्

□ **હેમાંગિની વી. જાઈ**

અક્ષર વ્યાકરણની કળ છે.
અક્ષર બ્રહ્મ સકળ છે.
તો યે ક્ષર જીવનમાં,
અક્ષર આત્મા અકળ છે.
અક્ષર વ્યાકરણનું મૂલ છે.
અક્ષર અધ્યાત્મનું કુલ છે.
અક્ષરમાં રત ભારતમાં,
નિરક્ષરતા જીવનનું શૂલ છે.

જીવનને આપણે ભિન્ન ભિન્ન સ્વરૂપે નિહાળ્યું છે અને ભિન્ન ભિન્ન રૂપકોથી નવાજયું છે, અલંકૃત કર્યું છે.

જીવન વૃક્ષ છે, જીવન ઋક્ષ છે.
જીવન પ્રવાસ છે, ઈશ તણો આવાસ છે.
જીવન કવિતા છે, જીવન સરિતા છે.
જીવન નૈયા છે, ભુલભુલૈયા છે.
જીવન રંગમંચ છે, નટવરનો પ્રપંચ છે.
જીવન ક્રીડાંગણ છે, જીવન સમરાંગણ છે.
જીવન વજ્રકુંજ છે, જીવન જયોતિપુંજ છે.
જીવન સંગીત છે, જીવન ઉદ્દગીથ છે.
જીવન દર્પણ છે, જીવન કૃષ્ણાર્પણ છે.
જીવન સમીકરણ છે, જીવન વ્યાકરણ છે.

अथ अध्यात्मम् । સમીકરણ એટલે જીવનમાં સમત્વ સ્થાપવું. આ સમત્વ અધ્યાત્મ - યોગનું 'અનન્વય ' અલંકરણ છે. અધ્યાત્મ - જીવનનું અનવદ્ય ઉપકરણ છે. અધ્યાત્મ એટલે (आत्मानम् अधिकृत्य) આત્મવિદ્યા 'કિંવા બ્રહ્મવિદ્યા એને અક્ષરાધ્યાત્મ પણ કહે છે.

ગીતાના આઠમા અધ્યાયના પ્રારંભિક શ્લોકમાં અર્જુને કૃષ્ણ પર પ્રશ્નોની જડી વરસાવી છે. બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? અધિભૂત શું છે ? અધિદૈવ શું છે ? અધિયજ્ઞ શું છે ? અને આટલા પ્રશ્નો ઓછા હોય તેમ ફરી પૂછે છે, મરણની ક્ષણે તમારું સ્મરણ સંયમી કેવી રીતે કરે છે ? એકી શ્વાસે આટલા બધા અને આટલા ગંભીર પ્રશ્નો પૂછવાનો વિક્રમ કોઈએ તોડયો જાણ્યો નથી !

શ્રી કૃષ્ણના જવાબો સચોટ છે, સૂત્રાત્મક છે. એક વૈયાકરણીને છાજે તેવું લાઘવ તેમાં છે. વૈયાકરણી અર્ધમાત્રાનું પણ જો લાઘવ કરી શકે અર્થાત્ અડધી માત્રા ઓછી કરી શકે તો તેને પુત્રના જન્મ જેટલો આનંદ થાય છે. अर्धमात्रा लाघवेन पुत्रोत्सवं मन्यन्ते वैयाकरणाः ।

લાઘવની (brevity) બાબતમાં અધ્યાત્મશાસ્ત્ર વ્યાકરણશાસ્ત્રને ય ટપી જાય. સર્વવ્યાપક, સર્વગત અક્ષરબ્રહ્મને અધ્યાત્મશાસ્ત્રે એક અક્ષરમાં સમાવી લીધું. આ એકાક્ષર બ્રહ્મ તે ॐ કાર. ओमित्येकाक्षरं ब्रह्म (ગીતા ૮.૧૩)

અર્જુનના અનેકાનેક પ્રશ્નોમાંનો પહેલો પ્રશ્ન છે किं तद् ब्रह्म किमध्यात्मम् ! બ્રહ્મ શું છે ? અધ્યાત્મ શું છે ? એનો શ્રીકૃષ્ણે આપેલો લાઘવયુકત લાજવાબ જવાબ જુઓ.

अक्षरं ब्रह्म परमम्
स्वभावोऽध्यात्ममुच्यते ॥

અર્થાત, અક્ષર પરબ્રહ્મ છે, બ્રહ્મનો સ્વ-ભાવ તે અધ્યાત્મ.

ભાવ અને સ્વભાવમાં ભેદ છે. રૂપ અને સ્વરૂપમાં અંતર છે. બાળપણની નજાકત અને નિર્દોષતા યૌવનમાં નથી અને યૌવનનું સૌષ્ઠવ પાકટ વયે હોતું નથી. અવસ્થાએ અવસ્થાએ દૈહિકરૂપ બદલાય છે, પરંતુ આત્મરૂપ, સ્વ-રૂપ શાશ્વત છે. પ્રસંગે પ્રસંગે ભાવ બદલાય છે પણ આત્મભાવ - સ્વ-ભાવ અક્ષર છે, અવિનાશી છે. બ્રહ્મનો આ સ્વ-ભાવ તે અધ્યાત્મ.

અધ્યાત્મ એટલે અક્ષરની અનુભૂતિ
વ્યાકરણ એટલે અક્ષરની સંભૂતિ.

અક્ષર એટલે અ થી ક્ષ સુધીના વર્ણોની અભિવ્યકિત. અક્ષરરૂપે વ્યાકરણ અને અધ્યાત્મ બન્ને પરમાત્માના વિભૂતિમત્વથી વ્યાપૃત છે, પરિપ્લુત છે.

વ્યાકરણ એટલે વ્યાકારવું. નિરાકાર અક્ષરબ્રહ્મનો બારાક્ષરી (બારાખડી) રૂપે સાકાર આવિષ્કાર - વ્યાકાર એટલે વ્યાકરણ. સાકારની સહાયથી પુનઃ મૂલસ્રોત સુધીની 'મૂલાક્ષર' ધામ સુધીની

અવિરત શાશ્વત ગતિ તે અધ્યાત્મ. હજાર નામવાળા હરિના અનંત નામ અને સર્વનામથી આરંભીને' नामरुपे विहाय ' પર્યંતની અવિચળ અનામી બ્રાહ્મી સ્થિતિની પ્રાપ્તિ તે અધ્યાત્મ.

મુંડક ઉપનિષદનો (૩.૨.૮) શ્લોક છે -

यथा नद्यः स्यन्दमानाः
अस्तं गच्छन्ति नामरूपे विहाय ।
तथा विद्वान्नामरूपाद्विमुक्त :
परात्परं पुरुषमुपैति दिव्यम् ॥

સંસ્કૃતમાં પાણીને જીવનમ્ કહે છે. અધ્યાત્મ-જીવન પણ ઉપર વર્ણવેલા શ્લોકની જેમ અવિરત વહેતી નદીના પાણી જેવું છે, જે નામ-રૂપ ત્યજીને સમુદ્રમાં તદ્રુપ થઈ જાય છે. તેવી રીતે નામ-રૂપથી વિમુકત વિદ્વાન પરાત્પર પુરુષને ક્ષર અક્ષરથી પરે પુરુષોત્તમને પામે છે.

આ 'તત્પુરુષ ' ને પામવાની ઝંખના, તત્પુરુષમાં નદીની જેમ સમાઈ જવાની 'સમાસ' ની ઉત્કંઠા, અધ્યાત્મજીવનની સહજ સંવેદના છે. ભૌતિક જીવનમાં સુખ - દુઃખ, લાભાલાભ, જય - પરાજયના 'દ્વન્દ્વો ' ની વચમાં પણ तत्पुरुषाय धीमहि નો મન્ત્ર પર જપ આત્મરત અવિરત રટતો જ હોય છે.

વ્યાકરણની જેમ જીવનમાં સમાસ પણ છે અને વ્યાસ (વિસ્તાર,પરિધિ) પણ છે, સન્ધિ પણ છે અને વિચ્છેદ પણ. માનવની દરેક ક્રિયા કર્મનો દરજ્જો પ્રાપ્ત કરે તેવી 'કર્મધારય ' હોતી નથી, તેથી વ્યાકરણના ક્રિયાપદની જેમ માનવની ક્રિયા, સકર્મક પણ છે અને અકર્મક પણ.

ગીતા નો શ્લોક છે -

- - - - - - - - - - यज्ञः कर्मसमुद्रवः ॥
कर्म ब्रह्मोद्रवं विद्धि ब्रह्माक्षर समुदभवम् ॥
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥ (૩.૧૪,૧૫)

યજ્ઞનો ઉદ્ભવ કર્મમાં છે, કર્મનો ઉદ્ભવ બ્રહ્મમાં છે, બ્રહ્મનો સમુદ્ભવ અક્ષરમાં છે તેથી સર્વગત બ્રહ્મ યજ્ઞમાં સતત પ્રતિષ્ઠિત છે.

જીવન-યજ્ઞ સતત ચાલ્યા જ કરે છે. સાતત્ય, સાધર્મ્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજય, સાહચર્ય અને સામ્ય - આ સાત સ્વરૂપમાં વિભકત અધ્યાત્મ - જીવન ભકિતનું 'હરિગીત ' છે, યજ્ઞનું ઉદ્ગીથ છે; જેમાં અધ્યાત્મ - શકિત ' ધ્વનિત ' છે.

વ્યાકરણની સાત વિભકિતઓમાં ષષ્ઠી સિવાયની બધી જ વિભકિતઓ કારક - વિભકિતઓ છે.ષષ્ઠી વિભકિત એટલે possessive અથવા genitive case. ષષ્ઠી એટલે तस्य - एतस्य, मम - तव, મારું - તારું. જીવનમાં જેણે આ મમત્વ છોડયું અને સમત્વ અપનાવ્યું તેને 'કારક ' કે કારજ કશું શેખ - અવશેષ હોતું નથી. પણ ભૂલેચૂકે જો મમત્વ (possessiveness) બાંધ્યું તો જનમ - મરણના ફેરા (genitiveness) માંથી આરો નથી.

આ દુનિયામાં લડાઈ - ઝઘડા, મારામારીનું મૂળ છે મારા - તારામાં.

સારું તે બધું મારું
અને તેમાંય
તારું જે સારું તેય બધું મારું
આ મારું - તારું, એમાંથી પછી મારું - મારું (પોતીકું - મારઝૂડ)
અંતે મારા - મારી

કૌરવોના કુળ અને મહાભારતના મૂળમાં આ मम અને तव જ છે. ગીતાનો આદ્યશ્લોક તપાસો.

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पाण्डवाश्चैव किमकुर्वत सञ्जय ॥

मामकाः અને पाण्डवाः ની વચ્ચે મમત્વના સ્થાને ધૃતરાષ્ટ્રે જો સમત્વ જાળવી જાણ્યું હોત તો વિધાતાને મહાભારતની ' ષષ્ઠી ' ના લેખ ધૃતરાષ્ટ્રને માથે લખવા પડયા ન હોત !

ધૃતરાષ્ટ્રની ચાલને મહાભારતમાં સર્પગતિ કહી છે. સર્પની ગતિ ન કળાય પણ ડંશ કળાય. જેમ નદી શત્રુમિત્ર છે, વૃક્ષ શત્રુમિત્ર છે, તેમ સર્પ પણ શત્રુમિત્ર છે.

અધ્યાત્મ - જીવનની ગતિ કુંડલિની સર્પિણી સમી 'ભુજંગપ્રયાત ' પણ છે અને 'દ્રુત વિલંબિત ' પણ. એમાં શાર્દૂલની વિક્રીડિતા પણ છે અને 'હરિણી ' ની ભીરુતા પણ. કવચિત્ બ્રહ્મગિરિની ' શિખરિણી ' પરથી પથ્વી, ધરા ' પર સ્રવતું બ્રહ્મતત્ત્વનું અમૃત પણ એમાં છે.

અધ્યાત્મ - જીવનમાં આત્મરાયાના વિયોગમાં ઝૂરતા હૈયાનું મંદ - મંદ આક્રંદ (મંદાક્રાન્તા) પણ છે, અને છતાં ય અક્ષર સાથે મેળ ઈચ્છતો આધ્યાત્મનો છૂટયો છૂટે નહીં તેવો અક્ષરમેળ છંદ પણ છે. જીવનની વસંતમાંય સંતોની ભીડ વચ્ચે રઘુવીરને કરેલું ગોસ્વામી તુલસીદાસજીનું 'તિલક' પણ છે. (વસંતતિલકા).

ચિત્રકૂટ કે ઘાટ પર ભઈ સંતન કી ભીર,
તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુવીર.

માનવ જયારે આનંદમાં આવી જાય ત્યારે આતમપંખી કલબલવા લાગે છે. લલલલા..... સંસ્કૃત વ્યાકરણની જેમ દસ 'લંકાર'થી કલબલતું જીવન કલા પણ છે અને કવચિતા વ્યાકરણ શીખવા - ગોખવા જેવી બલા પણ.

કેટલાક વ્યાકરણને સાહિત્યની કબર કહે છે. વ્યાકરણની જંજાળને કારણે સાહિત્યનો રસ માણવાનું ચૂકીએ એવું આળ તેઓ મૂકે છે, છતાં ય સાહિત્યકારની અભિવ્યકિત વ્યાકરણ વિના બર આવતી નથી તે નિતાંત 'સત્ય ' છે. સાહિત્ય એટલે સત્ય, શિવ, સુંદર સમન્વિત કૃતિ. સાહિત્ય એટલે -

૧ . सहितस्यभावम् = સહભાવના
૨. स - हित અર્થાત્ હિતકર.

વ્યાકરણના અભ્યાસના અભાવે કદાચિત્ અહિત થાય એવાં અશુદ્ધ રૂપોનો વિનિયોગ થવાની શકયતા નકારી શકાય નહી.

એક ઉદાહરણ આપું. બંગાળીઓમાં 'સ ' ને સ્થાને ' શ ' નો પ્રયોગ વધારે. કોઈકે એક બંગાળીને નવા વર્ષની મુબારક બાદી આપી એના પ્રત્યુત્તરમાં બંગાળી સદ્ગૃહસ્થ કહેવા માગતા હતા Same to you પરંતુ ઉચ્ચાર્યું - Shame to you.

સંસ્કૃતમાં એક શ્લોક છે. પિતા પુત્રને કહે છે - पठ पुत्र व्याकरणम्. બીજાં બધાં શાસ્ત્રો ભણે કે ન ભણે પણ વ્યાકરણનો અભ્યાસ તો કર જ. નહીં તો તેના અભાવે કોઈ બેશુદ્ધ થાય એવા અશુદ્ધ રૂપો વાપરીશ. સ્વજનને શ્વજન (કૂતરાં) કહીશ કે સકલ (સઘળું) ને શકલ (ખંડ, ટુકડો) કહીશ.આવું અનિષ્ટ પરિણામ ન આવે માટે હે પુત્ર ! વ્યાકરણ શીખ.

દરેક ભાષા - સાહિત્યનું વ્યાકરણ છે તેવી રીતે અધ્યાત્મ - સાહિત્ય કે અધ્યાત્મ - જીવનનું પણ વ્યાકરણ છે. સાહિત્ય એટલે સંહતિ. વાણી અને અર્થ સમા પાર્વતી અને પરમેશ્વર - અર્ધનારીનટેશ્વર - જેવી સંપૃકિત. વ્યાકરણમાંય સંહતિ છે પ્રકૃતિ અને પ્રત્યયની, પદ અને પદાર્થની જેની પરિણતિ છે અધ્યાત્મ - જીવનમાં હિતકર પરમપદની પ્રાપ્તિમાં. વિકારયુકત પ્રકૃતિથી પરે અક્ષર પુરુષોત્તમની સંપૃકિતમાં. ભકત નરસૈંયાના શબ્દોમાં કહું તો ' પ્રેમ - પદારથ ' ની પ્રાપ્તિમાં. વ્યાકરણના સંયુકતાક્ષર જેવી અક્ષર પુરુષ સહ યુતિ અધ્યાત્મ - જીવનના વ્યાકરણની પરા ગતિ છે.

કઠ ઉપનિષિદના શ્લોકો છે (૩.૧૦, ૧૧)

इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धि बुंद्धेरात्मा महान्पर : ॥
महतः परमव्यक्तमव्यक्तात्पुरुषः परः ।
पुरुषान्न परं किञ्चित् सा काष्ठा सा परा गतिः ॥

જે ક્ષણે સ્થૂળ દેહનો ઘટસ્ફોટ થાય છે ક્ષર દેહ પંચતત્ત્વોમાં ભળી જાય છે, અક્ષર આત્માં પરમાત્મામાં, પરમ પુરુષમાં મળી જાય છે.

વ્યાકરણમાં ય સ્ફોટ છે, શબ્દોનો. આ સ્ફોટ ધ્વન્યાત્મક અને નિત્યનાશરહિત છે. એને કારણે જ તો 'અક્ષર' શબ્દની સાર્થકતા છે.

જીવનને અંતે આ નશ્વર દેહ રૂપી ઘટનો સ્ફોટ છે અને અક્ષર દેહે એના આત્માની અમરતા છે.

અક્ષર અજર અમર છે.
અક્ષર બ્રહ્મ પરમ છે
॥ इति अक्षराध्यात्मम् ॥

□

# અભિવ્યક્તિની સ્વતંત્રતા અને મર્યાદા

□ પન્નાલાલ ર. શાહ

અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના આ યુગમાં પ્રત્યેક વ્યક્તિએ એ ખ્યાલ રાખવો જરૂરી છે કે કોઈ પણ પક્ષે જયારે મત બંધાય તેનો ઉદ્ભવ હંમેશાં પૂર્ણ સત્યમાંથી જ થતો હોય તેમ બનતું નથી. કારણ જે તે વસ્તુ તે વ્યક્તિની સમજણ અને વિવેકશક્તિ તેમ જ તેની ચિત્તની શુદ્ધિ પર ઘણું ખરું આધારિત હોય છે. મંતવ્ય ઘડતી વખતે રાગ-દ્વેષ યુક્ત માનસ હોય તો તેનો રંગ પણ તેમાં ભળતો રહે છે. વળી, ચોકકસ પ્રસંગના પ્રત્યાઘાતો મન પર ઝીલાતા હોય ત્યારે ચિત્તની સ્વસ્થ અસ્વસ્થ કઈ ભૂમિકા છે તેની છાયા પણ મંતવ્યો પર પડતી હોય છે. એટલે કોઈ પણ મંતવ્યો કે માન્યતા તદ્દન નિરપેક્ષ કે નિરાળા ન હોઈ શકે. એકને જે લાગ્યું તે બીજાને જુદું લાગે; ત્રીજાનું મંતવ્ય એથી નિરાળું આવે આ બધા સાથે વિચાર વિનિમય કરીને મનને કેળવીએ અને શકય તેટલા ખુલ્લા દિલથી વિચાર કરી સમન્વય કરીએ તો ચિત્તક્લેશ ઓછો થાય. અને સામી વ્યક્તિને અન્યાય થવાનો ભય ઘટે તેમજ મતમતાંતર રહે અને છૂટા પડવાનું થાય ત્યારે કડવાશની લાગણી ઘટે એટલું જ નહિ પરંતુ પ્રારબ્ધ કે નિમિત્ત કે અંજળને આગળ લાવીને તેમાં ઈશ્વરી સંકેત સમજીને મનનું સમાધાન પણ સાધી શકાય. અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય માનનારે આથી ખૂબ જ જવાબદારીપૂર્વક વર્તવું જોઈએ એવું એમાં ઈંગિત છે. વૈચારિક દૃષ્ટિએ સતત જાગૃતિ, સતત અપ્રમત્ત અવસ્થા એ અભિવ્યક્તિની સ્વતંત્રતાની પૂર્વશરત છે. ભગવાન મહાવીરે ગૌતમ ગણધરને એક ક્ષણ પણ પ્રમાદ ન સેવવાનો વારંવાર ઉપદેશ આપ્યો છે તે અભિવ્યક્તિની સ્વતંત્રતાના ભોગવટાના સદર્ભમાં સતત સ્મરણમાં રાખવા યોગ્ય છે.

એક સર્જકની મુલાકાત લેવામાં આવી. એમને ઘણાં રસપ્રદ પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેમાં એક પ્રશ્ન આવો હતો; ' તનાવયુકત દશામાં આપના મોંઢેથી ગાળ સરે ખરી ?' સર્જકે બેધડક કહ્યું ' હા, એથી તનાવ મુકત થવાય છે અને એ નિર્દોષ છે.' સર્જકનો આવો ઉત્તર એમની પ્રમત્તતાનો દ્યોતક છે. તનાવયુકત દશામાં માનવીના મોઢેથી અપશબ્દ સરી પડે એ એની મર્યાદા છે એનો સ્વીકાર સહ્ય જરૂર બને. પણ વાણીના અસંયમથી માનવી તનાવમુકત થઈ શકે અને એ સંયમ નિર્દોષ છે એવું અર્થઘટન કરવામાં અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની જવાબદારી પર જનોઈવઢ ઘા સમાન લેખાવી શકાય. સર્જક જયારે આજના સમૂહ માધ્યમ દ્વારા પોતાના વિચારો રજૂ કરે છે ત્યારે એ લાખો વાચકો કે દર્શકો સુધી પહોંચવાના એટલે એની પાસે જાગૃતિ અને અપ્રમત્તતાની વિશેષ અપેક્ષા રહે છે. એના વિચારોની વ્યાપક સમાજ પર, વ્યક્તિના ઘડતર પર, એના ચિત્ત પર કેવી અસર પડશે એનો વિચાર કરીને, શબ્દોને તોળી તોળીને સતત અપ્રમત્ત અવસ્થામાં રજૂ કરવાં જોઈએ. અન્યથા વાણીના અસંયમથી શરૂ થતાં હિંસાના દોરથી સમાજ કેવી અવનતિ પામશે એની કલ્પના કરવી દુષ્કર છે.

સમૂહ માધ્યમોના આ યુગમાં દૂરદર્શન પર કેટલાક ઉત્તમ કાર્યક્રમો ઔદ્યોગિકગૃહો સ્પોન્સર કરે એવી ચાલ આપણને હવે તો કોઠે પડી ગઈ છે. પ્રિન્ટ મીડિયા એટલે કે અખબારો અને સામયિકોમાં ઉત્તમ લખાણોના સ્પોન્સર તરીકે હવે ઔદ્યોગિક ગૃહો આગળ આવે તો નવાઈ નહીં. આપણને એ પ્રથમ દૃષ્ટિએ એ આવકાર્ય લાગે. પરંતુ અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની દૃષ્ટિએ, એ લાંબે ગાળે જોખમી કે તીવ્રપણે કહેવું હોય તો ઘાતક પુરવાર થાય. ' વાણી સ્વાતંત્ર્યની ધ્રૂજતી દિવાલો' એ શીર્ષક હેઠળના પોતાના એક લેખમાં શ્રી હરીન્દ્ર દવેએ એક સરસ ઉદાહરણ આપ્યું છે. કોઈ કંપનીના વ્યવહાર - વેપારને જેની સાથે લેવાદેવા ન હોય એવા લેખને કેવળ ઉત્તમ સાહિત્યને ઉત્તેજન આપવા સ્પોન્સર કરવામાં શ્રી ઈ.બી. વ્હાઈટે અસંમતિનો અવાજ ઊઠાવ્યો હતો. એણે કહ્યું હતું : ' કોઈ મોટી કંપની કે શ્રીમંત વ્યક્તિ કોઈ સામયિકમાંના લેખને પોતાની રજૂઆત તરીકે ગણે છે ત્યારે ચિત્ર બદલાઈ જાય છે. એ સામયિકની માલિકી એટલા પૂરતી નાશ પામે છે. આ રીતે સ્પોન્સર કરાતાં લેખની બાબતમાં એ સામયિક સ્પોન્સર કરનાર ઉદ્યોગ - ગૃહની દયા પર જીવતું સામયિક બની રાહતનું પહેલું દાન મેળવતું હોય તેવું લાગે છે. તંત્રી એ લેખની સંપૂર્ણ જવાબદારી સ્વીકારતા હોવા છતાં તંત્રી એ લેખના પૈસા ચૂકવતા નથી. જયારે પૈસા હાથ બદલે એ સાથે જ કશુંક બદલાતું હોય છે. સામયિક સ્પોન્સરર અને લેખક સામયિક તથા તેમના સ્પોન્સરર કંપનીના ઓશિંગણ બને જ છે. અખબારોમાં સ્પોન્સરશિપ ભ્રષ્ટાચાર તથા દુરુપયોગને નિમંત્રણ આપવા સમાન છે. આવા પ્રલોભનનો ઘણાં છે અને પ્રત્યેક વાડની પાછળ એક તકવાદી છુપાયેલો હોય છે. બહારથી ચુકવાઈને મળતો લેખ બે છેડા એકઠાં કરવા મથતા સામયિક માટે મીઠો કોળિયો બનીને આવે છે અને લેખક માટે નિયમ કરતાં વધારે પુરસ્કાર લાવતું મિષ્ટાન્ન બની જાય છે. સમાચારની, કટારોમાં જગા ખરીદવા - વેચવાનો રોગ એટલી હદે વકર્યો છે કે એ પ્રિન્ટ મીડિયાનો નાશ કરીને જ જંપશે. ઢગલા બંધ નાણાં આપી કોઈ ઉદ્યોગ-ગૃહ લેખ લાવી આપે એ કરતાં તંત્રી અને પ્રકાશક પોતાની મેળે જે મેળવી શકે અને જેનો પુરસ્કાર ચૂકવી શકે એ અભિવ્યક્તિના સ્વાતંત્ર્યની દૃષ્ટિએ જરૂરી અને મહત્ત્વનું છે. હવે તો પ્રચ્છન્ન રીતે અખબારમાં લેખો સ્પોન્સર થાય છે. એટલે અભિવ્યક્તિના સ્વાતંત્ર્યનો આટલો સૂક્ષ્મરીતે વિચાર કરતાં એક પણ જાહેર ખબર વિના ચલાવાયેલાં 'નવજીવન' 'હરિજન બંધુ ' કે 'પ્રબુદ્ધ જીવન' પાછળની આર્ષ દૃષ્ટિ અને આગ્રહ એથી સંતર્પક બની રહે છે.

અભિવ્યક્તિના સ્વાતંત્ર્યમાં મળેલી માહિતીનો યોગ્ય વિનિયોગ એ મહત્ત્વનું પાસું છે. એની ચર્ચા આપણને એક તરફ સાધન શુદ્ધિ અને બીજી તરફ એના વિનિયોગના યોગ્ય સમય તરફ દોરી જાય છે. અહીં સાધનશુદ્ધિનો એક રસિક પ્રસંગ યાદ આવે છે. સ્વ. ઝીણાભાઈ દેસાઈએ એમની આત્મકથા ' સાફલ્યટાણુ' માં આ પ્રસંગ નોંધ્યો છે. તેઓ લખે છે. ' સરદાર એ વખત બારડોલીથી પોતાના બધાં કાર્યો કરતા. આથી અમારે એમના સતત સંપર્કમાં રહેવું પડતું. સરકારી તંત્રોમાં કોંગ્રેસને માટે સહાનુભૂતિ ધરાવતા કેટલાક અધિકારીઓ અમારી મારફત સરદારને કેટલીક ખાનગી માહિતીઓ પહોંચાડતા. એ પૈકી સુરતના એક અધિકારી અમારી સાથે પરોક્ષ રીતે સંબંધમાં રહેતા. તેમને મળતી, તેમના દ્વારા આવતી કેટલીક ગુપ્ત માહિતી અમને પહોંચાડતા. એ વખતે મને વારંવાર થતું કે નૈતિક રીતે આ કેટલું ઉચિત લેખાય ? અમે આ માટે કોઈ નાણાં વેરતા નહીં, કોઈ પ્રલોભન આપતા નહીં. દેશ માટેની પોતાની ભક્તિથી પ્રેરાઈને જ આ ભાઈઓ એ કામ કરતા હતા. પરંતુ એથી એમની ફરજમાંથી એ ચલિત નહોતા થતા ? નિર્ભેળ સત્ય કેવળ વિરાક વ્યક્તિ જ આચરી શકે અને તે પણ બધા સ્વાર્થ અને રાગદ્વેષથી પર હોય તેવી જ, અહીં માહિતી મેળવવા માટેના સાધન શુદ્ધિનો સવાલ છે.

ગાંધીજી કહેતા કે યુક્તિ - પ્રયુક્તિથી માહિતી મેળવવી કે ઉઘાડી પાડવી તેમાં પત્રકારની સફળતા નથી. હાથમાં આવે તે જાહેર માધ્યમ દ્વારા પ્રસારિત કરવું તેમાં માધ્યમની સફળતા નથી. સાચી વિગતો હોવા છતાં જાહેર હિતનો વિચાર કરી, તે જે પ્રગટ કરતો નથી તે સાચો પત્રકાર.

સૌરાષ્ટ્રની રાજદ્વારી વાત છે. ત્યાંના એક પોલિટિકલ એજન્ટે કાંઈક પગલું ભર્યું હશે અને જાહેરમાં એણે એની ના પાડી. એક વ્યક્તિએ એ ગોરાનો એક ખાનગીમાં મળેલો કાગળ ગાંધીજીને બતાવ્યો, જેના ઉપરથી પેલા પોલિટિકલે એજન્ટનું જુઠાણું સહેજે ઉઘાડું પાડી શકાય તેમ હતું. ગાંધીજીએ આ પત્ર પ્રગટ કરી શકાય નહીં એમ કહ્યું. ખાનગીમાં મળેલો કાગળ આમ જાહેર ન કરાય. પેલો માણસ જૂઠું બોલીને ભલે જીતી જાય. આપણે સહન કરીશું પણ ખાનગી રીતે મળેલો કાગળ આપણાથી પ્રગટ ન જ કરાય.

બરાબર એથી ઊલટો દાખલો છે. સરકારનો એક ખાનગી પરિપત્ર ગાંધીજીના હાથમાં આવ્યો. જાહેર મહત્ત્વનો હતો એટલે ગાંધીજીએ પોતાના છાપા દ્વારા પ્રગટ કર્યો. સરકારે કેસ કર્યો.

ગાંધીજીએ એક જ વાત પકડી કહ્યું કે જો મને ખાતરી થઈ જાય કે મેં કોર્ટનું અપમાન કર્યું છે તો હું જરૂર માફી માગીશ. મેં જે પગલું ભર્યું છે તે જાહેર હિતનું જ છે અને ઉમેર્યું કે 'The court certainly does not want an insincere apology ' એટલે કે મારી પાસેથી ખોટી માફી મંગાવવાની કોર્ટની ઈચ્છા જ ન હોઈ શકે. રસપ્રદ બાબત એ છે કે ગાંધીજીના આવા અગવડભર્યા સવાલ આગળ શું કરવું તે કોર્ટને સૂઝયું નહીં અને મુકદમો મુલતવી રાખ્યો. ગાંધીજીના ગયા પછી ચૂકાદો આપ્યો કે ગાંધીજીએ કોર્ટનું અપમાન કર્યાનો ગુનો કર્યો છે અને એમને ફરી આવું ન કરવાની ચેતવણી આપી છોડી દઈએ છીએ.

ગાંધીજી અને કાયદે આઝમ મહમદઅલી ઝીણા વચ્ચે વાટાઘાટ ચાલી રહી હતી. એ દરમિયાન તા. ૨૭-૯-૧૯૪૪ના ગુજરાતના વર્તમાનપત્રોમાં તા. ૧૫-૪-૧૯૪૪ થી તા. તા. ૨૯-૯-૧૯૪૪ સુધીમાં ગાંધીજી અને ઝીણા વચ્ચેના પત્ર વ્યવહાર પ્રગટ થયેલો. આ બન્ને પ્રજા નાયકોની સંમતિ વિના શંકાસ્પદ ઉપાયો વડે પ્રાપ્ત કરેલું અતિ અગત્યનું અને દેશના ગંભીર પ્રશ્નને સીધી રીતે સ્પર્શતું પત્ર સાહિત્ય પ્રગટ કરવું કે નહિ તે પ્રશ્નનો વિવાદ ચગ્યો હતો. બીજે દિવસે ગાંધી -ઝીણા મંત્રણા ભાંગી પડી અને અકાળે પ્રગટ થયેલાં પત્ર-સાહિત્યના પ્રકાશનથી નુકસાન થવાની શકયતા રહી નહિ. આ ઘટના ઉપરથી ધડો લેવો જોઈએ કે જાહેર માધ્યમોએ અને વ્યકિતએ સમાચારો-માહિતી મેળવવાની અને તેનો વિનિયોગ કરવાની ઘેલછા ઉપર સંયમ અને વિવેક કેળવવો ઘટે. □ □ □

# હિંદી સાહિત્યની એક અનન્ય પ્રતિભા શ્રી મહાદેવી વર્મા

**□ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ**

એક સંપન્ન, શિક્ષિત અને વિદ્વાન પરિવારમાં જન્મેલી બાળા, સાહિત્ય, સંગીત અને ચિત્રકળામાં ઊંડી રુચિ ધરાવતી થાય એમાં કદાચ કંઈ નવું નથી; પણ પછી વિશિષ્ટ કાવ્ય દૃષ્ટિ, દાર્શનિક ચિંતન, કરુણા, સહાનુભૂતિ ને સેવાભાવ વગેરેથી સભર એવું આગવું વ્યકિતત્વ કેળવી જે સામયિકમાં એનું પ્રથમ કાવ્ય પ્રકટ થયું તેની સંપાદિકા બને, શિક્ષણ ક્ષેત્રે પદાર્પણ કરી અનેક ક્ષેત્રે અનેક પુરસ્કારો પ્રાપ્ત કરી મહિલા વિદ્યાપીઠની આચાર્યા બને, અનેક કાવ્યસંગ્રહો રચી ઊંચી પ્રતિષ્ઠા ધરાવતું પારિતોષિક પ્રાપ્ત કરે, હિંદી સાહિત્યમાં અત્યંત મહત્ત્વનું ઉચ્ચ સ્થાન ધરાવતી અપ્રતિમ કવયિત્રી નીવડે એટલું જ નહીં, આધુનિક હિંદી સાહિત્યમાં સ્વર્ગીય ગીતોની શ્રેષ્ઠ ગીતકાર ને ગાયિકાનું બિરુદ પણ પામે, એ હિંદી સાહિત્યમાં જ નહીં, પણ સમસ્ત સાહિત્ય જગતમાં એક ઉલ્લેખનીય ઘટના ગણાય.

દેશભરમાં ઉત્સાહપૂર્વક ઊજવાતા હોળીના પર્વને દિને, ૨૪ મી માર્ચ, ૧૯૦૭ ના દિને ઉત્તર ભારતના ફરૂખાબાદ શહેરમાં જન્મેલી આ બાળા, એ પરિવારમાં ચાર ભાઈબહેનોમાં સૌથી મોટી હતી. લાડપ્યારમાં ઊછરેલી આ બાળા મહાદેવીના વિકાસપર પ્રારંભથી જ કાળજીપૂર્વક ધ્યાન અપાયું હતું. એ સાત વર્ષની હતી ત્યારથી જ ચિત્રકળા, સંગીત હિંદી અને ઉર્દૂ શીખવવા ઘેર શિક્ષકો આવતા. વિદ્વાન પ્રોફેસર પિતાએ એ જમાનામાં પણ દીકરીને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરી. વૈષ્ણવ સંપ્રદાયના પરિવારમાં ઊછરતી આ બાળા પછી ઈલાહાબાદની ગર્લ્સ કોલેજમાં ને પછી પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરી ૧૯૩૨માં સંસ્કૃત વિષય લઈ એમ.એ.માં પ્રથમ વર્ગમાં સર્વપ્રથમ આવી.

શાળાજીવનથી જ એનાં કાવ્યો વર્તમાન પત્રો તથા સામયિકોમાં પ્રકાશિત થતાં રહ્યાં હતાં. મહાદેવી એમ.એ. થયાં કે તરત પ્રયાગની મહિલા વિદ્યાપીઠમાં આચાર્યા તરીકે નિમાયાં. આ પહેલાં જ એમના બે કાવ્ય સંગ્રહો તો પ્રકટ થઈ ચૂકયાં હતાં. એક જ સંસ્થામાં વર્ષોથી સતત સેવા આપનાર આ શિક્ષણ પ્રેમી મહિલા આ જ સંસ્થામાં ૧૯૬૦ માં વાઈસ ચાન્સેલરનું આદરણીય સ્થાન પામ્યા હતા.

શિક્ષણ ક્ષેત્રે આવું મહત્ત્વનું પ્રદાન કરનાર આ વિદુષીએ સમાજ સેવા તથા રાષ્ટ્રીય ભાવનાની જાગ્રતિ ને ક્ષેત્રે પણ નોંધનીય પ્રદાન કર્યું છે.

પણ મહાદેવી વર્માનું સૌથી મહત્ત્વનું પ્રદાન તો સાહિત્ય ક્ષેત્રે છે. હિંદી સાહિત્યમાં સર્વાધિક પ્રતિભાવાન કવયિત્રી અને ગદ્યકાર તરીકે એમનું સ્થાન અનન્ય છે.

એમના શાળા જીવનથી પ્રકટ થતાં એમનાં કાવ્યો એ હિંદી કાવ્યજગતનું ધ્યાન ખેંચ્યું જ હતું. આ મૌલિક પ્રતિભાસંપન્ન કવયિત્રી પ્રથમ કાવ્ય સંગ્રહ 'નીહાર' એમની ૨૩ વર્ષની ઉમરે ૧૯૩૦ માં પ્રકટ થયો ને તે પછી પ્રકટ થયેલા એમના 'રશ્મિ', 'નીરજા' તથા 'સાંધ્યગીત' કાવ્યસંગ્રહે સાહિત્યમાં એમને નિશ્ચિત ઉચ્ચ સ્થાને પ્રતિષ્ઠિત કર્યા : થોડા જ વર્ષો પછી એમનો પાંચમો કાવ્ય સંગ્રહ 'દીપ શીખા' પ્રકટ થયો.

કાવ્યરચના, ચિત્રકળા અને સંગીત આ ત્રણે કળામાં મહાદેવીની સાધનાએ હિંદી સાહિત્યમાં એક વિશિષ્ટ કેડી કંડારી છે. કાવ્ય સંગ્રહોમાં પોતે દોરેલા ચિત્રો એ કાવ્યપ્રકાશનોમાં એક નવી જ શૈલી શરૂ કરી છે. 'સાંધ્યગીત' ની એમની વિશિષ્ટ આવૃત્તિ, ત્યારે હિંદી સાહિત્ય જગતમાં એક અનેરું પ્રદાન હતું. 'દીપશીખા' નાં બધાં કાવ્યો હસ્તાક્ષરમાં પ્રકટ થયાં છે, એ વળી અન્ય અનોખું પ્રદાન ! આ કાવ્યોમાં સતત વહેતો સંગીતનો આંતરિક પ્રવાહ એમની રચનાઓમાં કાવ્ય, ચિત્ર ને સંગીતનો ત્રિવેણી સંગમ રચે છે ! નીહાર, રશ્મિ, નીરજા અને સાંધ્યગીત, એ ચારે સંગ્રહોનું સંયુકત પ્રકાશન ૧૯૩૯માં 'યામા' નામે પ્રકટ થયું જેને ભારતના સાહિત્ય ક્ષેત્રે સર્વોચ્ચ ગણાતું દોઢ લાખ રૂપિયાનું જ્ઞાનપીઠ પારિતોષિક એનાયત થયું છે.

હિંદી સાહિત્યમાં પ્રચલિત છાયાવાદના ચાર સ્તંભ સમા કવિઓમાં પ્રસાદ, પંત અને નિરાલા જોડે મહાદેવી વર્માનું સ્થાન પણ છે. આ છાયાવાદના અંતર્ગત સ્વરૂપ સમા રહસ્યવાદમાં તો મહાદેવી પ્રમુખસ્થાન ધરાવે છે.

મહાદેવીનાં કાવ્યો મૂળગત રીતે આત્મકેન્દ્રી છે. એમને રચનાઓ સુંદર સજીવ પ્રકૃતિથી સભર છે તો પ્રણયની મધુર ભાવનાથી પણ સમૃદ્ધ છે. વિરહ, વેદના, વ્યથા દુઃખ એમના કાવ્યોમાં પ્રાણરૂપ બન્યાં છે.

મૈં નીર ભરી દુઃખકી બદલી
વિસ્તૃત નભકા કોઈ કોના,
મેરે ન લિયે અપના હોના
પરિચય ઈતના ઈતિહાસ યહી,
ઉમડી કલ થી, મિટ આજ ચલી

આ કલાત્મક કાવ્યગીતની અંતિમ પંકિતઓમાંનો વિષાદભાવ એમની સમગ્ર કાવ્યપ્રવૃત્તિના અંતસ્તલમાં સતત ધબકતો રહે છે.

અજ્ઞાત પ્રિયતમની પ્રતીક્ષામાં, નિશ્વાસના દોરમાં સ્વપ્નો પરોવી એ વેદનાનું તોરણ બાંધે છે. સંધ્યાની સોનેરી આભામાં, દુઃખ ભરી સઘન ઘટામાં, રાત્રીમાં ને પ્રભાતની રમણીયતામાં એને એ અજ્ઞાત પ્રિયતમના અવ્યકત અસ્તિત્વની ઝાંખી થાય છે.

" અવનિ અંબર કી રૂપહલી સીપમેં,
તરલ મોતી-સા જલધિ જબ કાંપતા...."
"....સુરભિ બન, જો થપકિયાં દેતા મુઝે,
નીંદ કે ઉચ્છ્વાસસા વહ કૌન હૈ ? "

યુગ યુગથી એ અજ્ઞાત પ્રિયતમના ચિરવિરહમાં આ પ્રેયસી વ્યથિત છે, વિકળ છે. શાંતિ માટેની એની અશાંતિ એને સતત અકળાવ્યા કરે છે - ને છતાં એ અકળાટ, એ વિકળતા, એ વ્યથા એને પ્રિય છે. પ્રિયતમને પણ એ દુઃખ રૂપે આવવાનું કહે છે -

" તુમ દુઃખ બન, ઈસ પથસે આના ! "
- ને કયારેક એમની પંકિતઓ-
" .... મેરે પ્રીતમકો ભાતા હૈ
તમ કે પરદે મેં આના ! "

ઉર્દૂ શાયરીના ઈશ્કે હકીકીની ઝાંખી પણ કરાવી જાય છે. એમની રચનાઓમાં ગૂંથાયેલી પ્રકૃતિ એમના કાવ્યજીવનનું એક અપરિહાર્ય અંગ બન્યું છે. એ એમના કાવ્યોને શણગારે છે, એમના મન જોડે સહાનુભૂતિસભર તાદાત્મ્ય સાધે છે ને એમના આ પ્રિયતમ તરફ

**(અનુસંધાન પૃષ્ઠ - ૧૫ )**

## ગત શતકના મહાન દિગંબર આચાર્ય

# પ. પૂ. સ્વ. શ્રી શાન્તિસાગરજી મહારાજ

□ રમણલાલ ચી. શાહ

જૈનોના દિગંબર સંપ્રદાયની પરંપરામાં છેલ્લા એક સૈકા દરમિયાન સુદીર્ઘ ચારિત્રપર્યાય, ઉગ્ર તપશ્ચર્યા, સંયમની ઉચ્ચ આરાધના, શાસ્ત્રાભ્યાસ , ક્રિયોદ્ધાર, શ્રુતસંરક્ષણ, સ્થળે સ્થળે ધર્મપ્રભાવના અને ૮૩ વર્ષની વયે સંલેખનાપૂર્વક સમાધિમરણ એ બધાંની દૃષ્ટિએ આચાર્ય શ્રી શાન્તિસાગરજી મહારાજની તોલે કોઈ ન આવે. એમને 'ચારિત્રચક્રવર્તી ' નું બિરુદ યોગ્ય રીતે જ અપાયું હતું. ઈ.સ. ૧૯૫૫માં એમના કાળધર્મ પ્રસંગે જૈન-જૈનેતર એવી અનેક નામાંકિત વ્યકિતઓએ એમને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ભગવાન મહાવીરના નિર્વાણ પછી, શ્રી ભદ્રબાહુસ્વામીના કાળથી દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો ખૂબ પ્રચાર થયો. રાજયાશ્રય મળતાં જૈન ધર્મનો પ્રભાવ સૈકાઓ સુધી વિસ્તરતો રહ્યો. કર્ણાટક, આન્ધ્રપ્રદેશ અને તામીલનાડુમાં જૈન ધર્મના અનેક અવશેષો આજે પણ જોવા મળે છે. મૂળબિદ્રી, કારકલ, શ્રવણ બેલગોડા જેવાં ધર્મકેન્દ્રોએ રાજયસત્તાની સાથે સાથે ધર્મસત્તા સ્થાપી હતી. આ સૈકાઓ દરમિયાન કુંદકુંદાચાર્ય, સમન્તભદ્રાચાર્ય, અમૃતચન્દ્રાચાર્ય, વીરસેનાચાર્ય, જિનસેનાચાર્ય, અકલંક ભટ્ટારક, પૂજ્યપાદ સ્વામી, નેમિચંદ્રાચાર્ય, વિદ્યાનંદાચાર્ય વગેરે મહાન આચાર્યોએ સમર્થ શાસ્ત્રગ્રંથોની રચના કરીને જૈન ધર્મ પરંપરાને અવિચ્છિન્ન રાખવાનું અદ્દ્ભુત કાર્ય કર્યું છે. સમગ્ર ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોમાં દિગંબર મુનિઓ અને ભટ્ટારકોની પરંપર સૌથી વધુ સબળ દક્ષિણ ભારતમાં અદ્યાપિ પર્યંત જોવા મળી છે. બેએક સૈકા પહેલાં શિથિલ થતી એ પરંપરાને વધુ શુદ્ધ, સબળ અને ચેતનવંતી બનાવવાનું ભગીરથ કાર્ય શ્રી શાન્તિસાગરજી મહારાજે કર્યું છે. એમનું જીવન અનેક ઘટનાઓથી સભર અને પ્રેરક છે.

કર્ણાટકમાં બેલગાંવ જિલ્લાના ચીકોડી તાલુકાના ભોજ નામના નગરની પાસે યળગૂડ નામનું એક નાનું સરખું ગામ આવેલું છે. એ ગામમાં વિ. સં. ૧૯૨૯ (ઈ.સ.૧૮૭૩) ના જેઠ વદ - ૬ ના રોજ બુધવારે રાત્રે આચાર્ય શાંતિસાગરને જન્મ થયો હતો. એમના પિતાનું નામ ભીમગૌડા પાટીલ અને માતાનું નામ સત્યવતી હતું. બાળકનું નામ સાતગૌડા પાડવામાં આવ્યું હતું. ભીમગૌડા પાટીલ ભોજ ગામના વતની હતા. માતા સત્યવતીનું પિયર યળગુડ હતું. સાતગૌડાનો જન્મ મોસાળમાં થયો હતો. પરંતુ એમનું બાળપણ અને એમનો ઉછેર ભોજ ગામમાં થયો હતો. ભોજ ગામ દૂધ ગંગા અને વેદ ગંગા એ બે નાનકડા નદીના પવિત્ર સંગમ સ્થાન પર આવેલું છે. એને લીધે ભોજ ગામ શાંત અને રમ્ય નૈસર્ગિક વાતાવરણ ધરાવે છે.

કર્ણાટકમાં ' ગૌડા ' શબ્દ સમાજના ઉચ્ચ અને સત્તાધારી વર્ગ માટે વપરાતો શબ્દ છે. મહારાષ્ટ્ર, કર્ણાટક વગેરે કેટલાક પ્રદેશોમાં પાટીલ, ચૌધરી, દેશમુખ વગેરે શબ્દો જેમ પોતપોતાના સમાજના ઉચ્ચ, ઉપરી વર્ગ માટે વપરાતા આવ્યા છે તેમ કર્ણાટકમાં ' ગૌડા ' શબ્દ પણ વપરાતો આવ્યો છે.

આ ગૌડા લોકો જૈનધર્મ પાળનારા છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતીનો રહ્યો છે. ખેતી સાથે સંકળાયેલા એવા અનાજ, ગોળ, મસાલા વગેરે અન્ય વ્યવસાયોમાં તથા કાપડ, સોનાચાંદી, શરાફી વગેરે વ્યવસાયોમાં પણ કર્ણાટકના જૈન લોકો જોડાયેલા રહ્યા છે.

બાળક સાતગૌડાનું નામ એની પ્રકૃતિ અનુસાર રાખવામાં આવ્યું હતું. કર્ણાટકમાં કન્નડ ભાષામાં ' સાત ' શબ્દ ' શાંત ' ના અર્થમાં વપરાય છે. સાતગૌડાની પ્રકૃતિ શાંત હતી. એટલે એની પ્રકૃતિ અનુસાર તેનું નામ 'સાતગૌડા' રાખવામાં આવ્યું.

ભીમગૌડાને પાંચ સંતાનો હતાં : ચાર દીકરા અને એક દીકરી એમાં સાતગૌડા ત્રીજા નંબરના હતા. એમના બે મોટાભાઈનાં નામ અનુક્રમે આદગૌડા અને દેવગૌડા હતાં. એમના નાનાભાઈનું નામ કુમ ગૌડા હતું. એમની બહેનનું નામ કૃષ્ણાબાઈ હતું.

એ જમાનામાં બાળલગ્નનો રિવાજ હતો. સાતગૌડા જયારે નવ વર્ષના થયા હતા ત્યારે એમના મોટાભાઈ દેવગૌડા અને આદગૌડાનાં લગ્ન લેવાયાં હતાં. એ લગ્નના પ્રસંગે સગાંસંબંધીઓ ઘરે આવ્યાં હતાં. લગ્નપ્રસંગ ઊજવાતો હતો. લગ્ન મંડપમાં બધાં એકત્રિત થયાં હતાં. એ વખતે નવા વર્ષના બાળક સાતગૌડા પોતાની ફોઈની પાંચ વર્ષની દીકરી સાથે રમતા હતા. એ બંનને સાથે રમતાં જોઈને કેટલાંક સગાંઓએ સૂચન કર્યું કે આ છોકરા - છોકરીની જોડ સારી લાગે છે. મામા-ફઈનાં દીકરા-દીકરી વચ્ચે લગ્ન કરવાનો રિવાજ એ જ્ઞાતિમાં હતો. એટલે વાટાઘાટો થઈ અને તરત જ નિર્ણય લેવાયો અને ભીમગૌડાના બે દીકરાઓની સાથે ત્રીજા દીકરા સાતગૌડાનાં લગ્ન પણ એ લગ્ન મંડપમાં થઈ ગયાં. લગ્નવિધિ પતી ગઈ પરંતુ બંને બાળકોને તેની કંઈ ખબર નહોતી. સાતગૌડાની ફોઈ પોતાની દીકરી સાથે પોતાને ગામ પાછી પહોંચી ગઈ. પરંતુ ભાવિ કંઈક જુદી જ રીતે ગોઠવાયું હશે તેમ છ એક મહિનામાં જ સમાચાર આવ્યા કે એ કન્યાનું કોઈક બીમારીમાં અચાનક અવસાન થયું છે. આ ઘટના જાણે કે ભાવિના એક સંકેતરૂપ હોય એવી રીતે બની ગઈ.

બાળક સાતગૌડાને શાળામાં દાખલ કરાયા હતા, પણ પછી ત્રીજા ધોરણમાંથી જ ઉઠાડી લેવાનો વિચાર એમના પિતાજીએ કરેલો. ગામના કેટલાક લોકો ભીમગૌડાને પૂછતા કે સાતગૌડા તો બહુ હોંશિયાર છે. તમે એને કેમ ભણાવવા ઈચ્છતા નથી ? ' તો ભીમગૌડા કહેતા કે ' અમારે તો ઘરનો ધીકતો વેપાર સરસ ખેતી છે. અમારે કયાં એની પાસે નોકરી કરાવવી છે કે જેથી એને વધુ ભણાવવાની જરૂર પડે.'

એક વખત સાતગૌડાને બીજા છોકરાઓની સાથે ખેલકૂદ કરતાં કરતાં હાથમાં વાગ્યું અને નિશાળે જવાનું થોડા દિવસ બંધ થયું. એ નિમિત્ત મળતાં કુદરતી રીતે જ એમનું નિશાળે જવાનું છૂટી ગયું. જો કે આ વ્યાવહારિક શિક્ષણની સાતગૌડાને બહુ જરૂર ન હતી. એમનું પોતાનું મન પણ ત્યાર પછી ધાર્મિક શિક્ષણ તરફ વધુ લાગી ગયું હતું.

સાતગૌડાને ધર્મના સંસ્કાર એમનાં માતાપિતા પાસેથી મળ્યા હતા. પિતાશ્રી પૈસેટકે બહુ સુખી હોવા છતાં સંયમી અને ત્યાગવૃત્તિવાળા હતા. તેઓ ઊંચા, દેખાવડા અને પ્રતિભાશાળી હતા. ક્ષત્રિય રાજકુમાર જેવા તેઓ દેખાતા. તેમની મુખાકૃતિ શિવાજી મહારાજ જેવી છે એવું લોકો કહેતા. મુનિ ભગવંતોની સેવા ચાકરી તેઓ ઘણા ઉત્સાહથી કરતા.

ભીમગૌડાના સમગ્ર પરિવારમાં ધર્મ સંસ્કારની અસર ઘણી પ્રબળ હતી. ખુદ ભીમગૌડા પોતે પણ એક ધર્મપરાયણ પુરુષ હતા. તેઓ જૈન મુનિઓનો સત્સંગ કરતા અને ધર્મશ્રવણમાં રુચિ દાખવતા.

સાતગૌડા પોતાના પિતાની જેમ જ ઊંચા, દેખાવડા અને સશકત હતા. તેઓ પોતાના ખેતરમાં સખત મજૂરી કરી શકતા; ભારે સામાન ઊંચકીને દોડી શકતા. પોતાના ખેતીના વ્યવસાયમાં તંબાકુના પુડા બાંધવા અથવા ગોળના રવા તૈયાર કરવા વગેરેને લગતાં ભારે શ્રમભરેલાં કામો કરવામાં પણ સાતગૌડા ઘણા ચપળ હતા. ભોજ ગામની પાસે વેદગંગા અને દૂધગંગા નદીઓનો સંગમ આવેલો છે. એ નદીઓમાં અને સંગમમાં ઘૂંટણ સુધીનાં પાણી રહે. એટલે ભોજ ગામમાં આવેલા સાધુ- સંતોને આ નાનકડી નદી કે સંગમ પાર કરવાનું કેટલીકવાર મુશ્કેલ બની જતું. દિગમ્બર મુનિઓ હોડીનો ઉપયોગ કરે નહિ. પરંતુ સાતગૌડા એટલા સશકત હતા કે જયારે કોઈ મુનિઓ ત્યાંથી આવવા કે જવાના હોય ત્યારે ગામના લોકો સાતગૌડાને બોલાવી લાવતા. સાતગૌડા પોતાના ખભા ઉપર મુનિને બેસાડીને એક કિનારેથી બીજે કિનારે, નદી પાર કરીને મૂકી આવતા. રમત - ગમત અને ખેલકૂદમાં પણ સાતગૌડા ગામમાં બીજા છોકરાઓ કરતાં શકિતશાળી હતા. પંદરેક ફૂટનો લાંબો કૂદકો મારવો એ એમને મન રમત વાત હતી.

સાતગૌડાના પિતાશ્રીને ધાર્મિક ગ્રંથોના વાંચનનો રસ હતો. તેઓ પોતાના ઘરમાં 'જૈનધર્મ - આદર્શ ' નામના એક ગ્રંથમાંથી રોજ નિયમિત થોડું થોડું વાંચન કરતા હતા. એ જમાનામાં કોઈ રાવજી

નેમચંદ શાહ નામના પંડિતે મરાઠી ભાષામાં લખેલો એ ગ્રંથ હતો. એ વખતે સંસ્કૃત કે અર્ધમાગધી ભાષા ઘરમાં કોઈને આવડતી ન હતી. પરંતુ સાતગૌડાને જૈન તત્ત્વજ્ઞાનમાં રસ પડવા લાગ્યો. એટલે તેઓ પોતાની મેળે સંસ્કૃત અને અર્ધમાગધી ભાષા સમજવાનો પ્રયત્ન કરતા. જરૂર પડે તો તેઓ કોઈ કોઈ વખત આસપાસના કોઈ પંડિતની મદદ પણ લેતા. એમ કરતાં કરતાં સાતગૌડા પોતાની મેળે સંસ્કૃત અને અર્ધમાગધીમાં ધાર્મિક ગ્રંથો વાંચતા શીખી ગયા હતા. તેમણે આચાર્ય ગુણભદ્ર કૃત 'આત્માનુ-શાસન' અને આચાર્ય કુંદકુંદકૃત 'સમયસાર' જેવા ગહન તત્ત્વ જ્ઞાનવાળા ગ્રંથોનું પરિશીલન કર્યું હતું. એ ગ્રંથોની એમના જીવન ઉપર ઘણી મોટી અસર પડી હતી. સાતગૌડાને નાનપણથી જ વૈરાગ્યના સંસ્કાર હતા અને યુવાનીમાં પ્રવેશતાં આવા કઠિન ધર્મગ્રંથો સ્વયમેવ વાંચી શકવાની શકિત પ્રાપ્ત થઈ હતી. એ માટે તેઓ પોતેએમ માનતા હતા કે પૂર્વજન્મના કોઈ ક્ષયોપશમને કારણે તેઓ આટલી તત્ત્વરુચિ ધરાવતા થયા હતા.

સાતગૌડાના જીવન ઉપર રુદ્રાપ્પા નામના એમના એક બાલમિત્રની ઘણી મોટી અસર રહી હતી. ભોજ નામના ગામની અંદર તેઓ બંને જયારે રહેતા હતા અને શાળામાં સાથે અભ્યાસ કરતા હતા ત્યારે આ રુદ્રાપ્પાની દોસ્તી તેમને ગમી ગઈ હતી. રુદ્રાપ્પા હિન્દુ લિંગાયત કોમના હતા અને તેઓ શુદ્ધ શાકાહારી હતા. એટલે તેમને ઘરે જવા આવવાનું સાતગૌડાને ગમતું. આશ્ચર્યની વાત તો એ છે કે એ નાની ઉંમરે રુદ્રાપ્પાને પણ તત્ત્વજ્ઞાનમાં રસ પડતો હતો. ચાતુર્માસ દરમિયાન રુદ્રાપ્પા પણ સાતગૌડાની સાથે જિનમંદિરે જતા. જૈન ધર્મસિદ્ધાન્ત અને આચારનો પ્રભાવ તેમના ઉપર ઘણો પડયો હતો. રુદ્રાપ્પાએ સાતગૌડાની જેમ રાત્રિ ભોજનનો ત્યાગ કર્યો હતો. રુદ્રાપ્પા અત્યંત શ્રીમંત કુટુંબના પુત્ર હતા, છતાં મોજશોખમાં એમને રસ ન હતો. ખાવાપીવામાં પણ તેમના જીવનમાં સાદાઈ હતી. ઘણીવાર તેઓ ઘરમાં એકલા બેસીને આત્મ ચિંતન કરતા. આ બંને મિત્ર કેટલીક વાર ગામની બહાર દૂર વગડામાં જઈ કોઈ વૃક્ષ નીચે બેસી શાસ્ત્ર ચર્ચા કરતા. સાતગૌડાના ત્યાગવૈરાગ્યને પોષવામાં આ લિંગાયતી કોમના વેદાંત પ્રેમી પરંતુ જૈનતત્ત્વના આચારથી પ્રભાવિત એવા રુદ્રાપ્પાની અસર ઘણી પડી હતી. દુર્ભાગ્યે ગામમાં જયારે મરકીનો ઉપદ્રવ ફાટી નીકળ્યો ત્યારે રુદ્રાપ્પા તેનો ભોગ બન્યા હતા. એમના એ અંતિમ દિવસોમાં સાતગૌડા દિવસરાત એમની પાસે બેસી રહેતા અને એમને નવકાર મંત્ર સંભળાવતા તથા 'અરિહંત ' 'અરિહંત' એવો જાપ કરાવતા. રુદ્રાપ્પા ભાવપૂર્વક અરિહંતનો જાપ કરતા. જાપ કરતાં કરતાં સમાધિપૂર્વક એમણે પોતાનો દેહ છોડયો હતો.

શાળા છોડયા પછી સાતગૌડા પોતાના પિતાશ્રીને અનાજની તથા કાપડની દુકાનમાં કામ કરવા લાગ્યા હતા. દુકાન પર પોતે એકલા બેઠાં હોય ત્યારે તેમને એવી પદ્ધતિ રાખી હતી કે જે કોઈ ઘરાક આવે અને ધર્મની વાત સંભળાવવા તૈયાર હોય તેને જ તેઓ માલ આપતા. તેઓ આવેલા ઘરાકને પહેલાં કોઈ એક ધર્મગ્રંથમાંથી એકાદ પાનું વાંચી સંભળાવતા અથવા એકાદ ગાથા સમજાવતા અથવા કોઈ મહાત્માના જીવનમાંથી એકાદ પ્રેરક પ્રસંગ કહેતા. સમયની નિરાંતના એ દિવસો હતા એટલે દુકાને બેસીને ઘરાકો સાથે વ્યવહાર કરવાની આ એમની નિત્યની પદ્ધતિ થઈ ગઈ હતી.

સાતગૌડા પોતાની દુકાનમાં એક જ નિશ્ચિત ભાવ રાખતા. તેઓ કોઈને છેતરતા નહિ. આમ છતાં જો કોઈ કોઈ ઘરાક એવા આવે કે જે ભાવ તાલમાં બહુ કચકચ કરવા લાગે તો સાતગૌડા તરત તેને છોડીને પોતાનો ધર્મગ્રંથ વાંચવા બેસી જતા.

તેઓ જયારે પોતાના ખેતરમાં કામ કરવા જતા ત્યારે ત્યાં પણ ફાજલ સમયમાં ધર્મવાર્તા કરતા. તેમનામાં કપટભાવે બિલકુલ નહોતો. તેઓ વૈરાગ્યની મૂર્તિ જેવા હતા અને એથી કેટલીક વાર એમની દુકાને કે એમના ખેતરમાં કેટલાક લોકો એમની સાથે ધર્મગોષ્ઠી કે સત્સંગ કરવા માટે જ ખાસ આવતા.

સાતગૌડા આ રીતે પોતાના માતાપિતા સાથે ઘરમાં અકાંતપ્રિય અને અંતર્મુખ બનીને રહેવા લાગ્યા હતા. તેઓ ઘરમાં પણ ખપ પૂરતી ઓછી વાત કરતા. તેઓ આડોશી - પાડોશી સાથે પણ ટોળટપ્પાં કરતા નહિ. તેઓ પોતાની પિતાની સાથે દુકાને જતા અને ઘરમાં આવે ત્યારે પોતાનો સમય વ્રત, સંયય અને સ્વાધ્યાયમાં પસાર કરતા. તેઓજયારે દુકાને જાય ત્યારે ત્યાં પણ જયાં સુધી પિતાજી અને નાનાભાઈ કુમગૌડા દુકાનમાં હોય ત્યાં સુધી તેઓ વેપારની વાતચીતમાં રસ લેતા નહિ અને ઘરાકો સાથે માથાકૂટ કરતા નહિ. પોતાના નાનાભાઈ કુમગૌડાને જ તેઓ કહેતા કે ' તમે જ દુકાનનો બધો કારભાર ચલાવો. મને એમાં રસ નથી.' કોઈકવાર દુકાનમાં પિતાજી અને નાનાભાઈ ન હોય અને કોઈ ઘરાક આવ્યું હોય તો તેઓ ઘરાકને કહેતા કે 'જુઓ ભાઈ, આ કાપડના તાકાઓ પડયા છે. એમાંથી તમને જે કાપડ ગમે તે તાકામાંથી તમારી મેળે માપીને અને કાપીને કાપડ લઈ લો. એનો જે ભાવ લખ્યો છે તે પ્રમાણે હિસાબ કરીને જે પૈસા થતા હોય તે ગલ્લામાં નાખી દો. જો તમારે ઉધાર લઈ જવાનું હોય તો આ ચોપડો પડયો છે તેમાં તમારા હાથે લખી લો.' આ રીતે સાતગૌડાની પ્રામાણિકતા અને ધંધાની બાબતમાં નિસ્પૃહતા જોઈને ઘરાકોને શરૂઆતમાં આશ્ચર્ય થતું. પરંતુ પછીથી બધા ઘરાકો સાતગૌડાની પ્રકૃતિથી અને એમના ધંધાની આ પ્રશસ્ય રીતથી સુમાહિતગાર થઈ ગયા હતા.

સાતગૌડાને ગૃહસ્થ જીવનની ઉદાસીનતા એટલી બધી હતી કે પોતાના સગાસંબંધીઓના કોઈના ઘરે લગ્ન પ્રસંગ હોય તો તેમાં તેઓ જતા નહિ. એમની વયના બીજા છોકરાઓ જયારે સરસ વસ્રો પહેરીને લગ્નમાં મહાલવા નીકળતા અને લગ્નના જમણવારમાં રસ લેતા તે વખતે સાતગૌડા તો શાંતિથી ઘરે બેસીને પોતાનો સ્વાધ્યાય કરતા. એમની આ ઉદાસીનતાની પરાકાષ્ઠા તો ત્યાં સુધી હતી કે પોતાની સગી નાની બહેન કૃષ્ણબાઈનાં લગ્ન હતા ત્યારે અને પોતાના સગા નાનાભાઈ કુમગૌડાનાં લગ્ન હતાં ત્યારે સાતગૌડાએ એ લગ્નોમાં હાજરી સુદ્ધાં આપી નહોતી. તેઓ ઘરે જ પોતાના સ્વાધ્યાયમા લીન રહ્યા હતા. લગ્ન વગેરે પ્રકારના સામાજિક પ્રસંગોથી સાતગૌડા તદ્દન વિમુખ હતા. પરતુ બીજી બાજુ ધાર્મિક ઉત્સવોમાં તેઓ એટલો જ સક્રિય ભાગ લેતા હતા. કોઈ ધાર્મિક પર્વની ઉજવણી હોય, જિનમંદિરમાં ખાસ કોઈ ઉત્સવ હોય, ગામમાં કોઈ મુનિભગવંતની પધરામણી હોય કે એવા બીજા કોઈ ધાર્મિક પ્રસંગો હોય ત્યારે સાગગૌડા તેમાં અગ્રેસર રહેતા.

ભીમગૌડાના એક પુત્ર દેવગૌડાએ દિગમ્બર મુનિ પાસે ક્ષુલ્લકની દીક્ષા ગ્રહણ કરી હતી અને તેઓ અનુક્રમે દિગમ્બર મુનિના પદ સુધી પહોંચ્યા હતા. તેમનું નામ વર્ધમાનસાગર રાખવામાં આવ્યું હતું. ભીમગૌડાના બીજા એક પુત્ર કુમગૌડાની પણ દીક્ષા લેવાની ભાવના હતી. તેમનાં લગ્ન નાનપણમાં થઈ ચૂકયાં હતાં. પરંતુ ગૃહસ્થ જીવનમાં તેમને રસ નહોતો. તેઓ પણ દિગમ્બર મુનિઓની અને ખાસ તો પોતાના વડીલ બંધુ વર્ધમાન સાગરની સેવામાં વધુ રહેતા હતા. દુર્ભાગ્યે દીક્ષા લેવાનો એમનો સંકલ્પ પાર પડે તે પહેલાં તો તેમનું અવસાન થયું હતું.

સાતગૌડાને કિશોરાવસ્થાથી જ દીક્ષા લેવાનો ભાવ જન્મ્યો હતો. પોતાના એક વડીલ બંધુએ દીક્ષા લીધી હતી અને પોતાના કુટુંબના ધર્મના સંસ્કાર હતા એ તો ખરું જ , પરંતુ એમને પોતાના હૃદયમાં પણ સંયમની રુચિ જન્મથી જ હતી. બાલ્યાવસ્થામાં તેઓ શાળાએ ભણવા જતા, પરંતુ શેરીમાં છોકરાઓ સાથે રમવા જતા ન હતા. બાળવયે થયેલાં એમનાં ઔપચારિક લગ્નની વાત તો હવે જૂની થઈ ગઈ હતી. સાતગૌડાની કિશોરાવસ્થા પૂરી થવા આવી તે વખતે માતાપિતાએ ઘરમાં એમની સગાઈ અંગે વિચારણા ચાલુ કરી. એ વખતે સાતગૌડાએ સ્પષ્ટ શબ્દોમાં માતાપિતાને જણાવી દીધું કે 'જુઓ, હું કોઈ દિવસ લગ્ન કરવાનો નથી. હું આજીવન બ્રહ્મચારી રહેવાનો છું અને મારા મનમાં દીક્ષા લેવાની ભાવના છે.'

સાતગૌડાની આ સ્પષ્ટ જાહેરાતથી માતાને આઘાત લાગ્યો. માતા ધર્મપરાયણ હતી, પરંતુ માતૃસહજ વાત્સલ્યને કારણે દીકરાને પરણેલો જોવા અને ઘરમાં વહુ આણવા તે ઉત્સુક હતી. પિતા તટસ્થ હતા, કારણ કે તેઓ વધુ ધર્મપરાયણ હતા. સાતગૌડાના નિર્ણયથી તેમને જરા પણ આઘાત લાગ્યો નહિ, બલકે આનંદ થયો. તેમણે કહ્યું,' બેટા ! આપણા ઘરના ધામિક વાતાવરણ અનુસાર દીક્ષા લેવાના તારા નિર્ણયથી મને બહુ આનંદ થયો છે. તું જો દીક્ષા લેશે તો હું માનીશ કે મારું જીવન સાર્થક થયું છે. તું તારા દીક્ષાના નિર્ણયમાં અડગ રહેજે. અને અમારા જીવનને ઉજજવળ બનાવજે.'

માતાની માનસિક અવસ્થા જુદી હતી. તેમની ઈચ્છા એવી હતી કે દીકરો ન પરણવાનો હોય તો ભલે ન પરણે, પરંતુ પોતે હયાત હોય

ત્યાં સુધી ઘરમાં રહે તો સારું. પિતાને પણ પોતાની કાપડની દુકાનમાં મદદનીશની જરૂર હતી. આથી માતાપિતાએ સાતગૌડાને કહ્યું, 'બેટા, તારે લગ્ન નથી કરવાં અને એ નિર્ણયમાં તું મક્કમ છે, તો ભલે, પણ અમારી વિનંતી છે કે અમે હયાત હોઈએ ત્યાં સુધી તારે દીક્ષા ન લેવી. ભગવાન મહાવીરે પણ માતાપિતાનું માન્યું હતું તો તારે પણ અમારી આટલી વિનંતી માન્ય રાખવી જોઈએ. ઘરમાં રહીને તારાથી જે કંઈ ધર્મારાધના થાય તે તું અવશ્ય કર, પરંતુ દીક્ષા લેવાનું પછીથી જ રાખજે.'

સાતગૌડાને દીક્ષા વહેલી લેવી હતી, પરંતુ માતાપિતાના દિલને તેઓ દુઃખ આપવા ઈચ્છતા ન હતા. એટલે એમણે માતાપિતાની વિનંતીનો સ્વીકાર કર્યો અને વચન આપ્યું કે જયાં સુધી તેઓ હયાત છે ત્યાં સુધી પોતે દીક્ષા નહિ લે.

સાતગૌડાને તીર્થયાત્રામાં ઘણો રસ હતો. નજીકમાં ઘણાં ખરાં તીર્થોની એમણે યાત્રા કરી હતા, પરંતુ સમેતશિખરની યાત્રા કરી ન હતી. એ યાત્રા કરવાની એમની ઉત્કટ ભાવના હતી. બત્રીસ વર્ષની ઉંમરે એમને એ તક મળી. તેઓ સમેતશિખર પહોંચ્યા ત્યારે તેમને બહુ ધન્યતા અનુભવી. એમના ચિત્તમાં ત્યાગ - વૈરાગના ભાવો ઊભરાવા લાગ્યા. એ વખતે એમને બે પ્રખર બાધાઓ લીધી. એક જીવન પર્યંત કયારેય ઘી અને તેલ ન ખાવાં. બીજી બાધા એવી લીધી કે જીવન પર્યંત દિવસમાં એક જ વખત આહાર કરવો. સાતગૌડા દીક્ષા લેવાની ભાવનાવાળા હતા. વળી પોતાનાં માતાપિતાને વર્ષો સુધી દિવસમાં એક જ વખત આહાર લેતા નિહાળ્યાં હતાં. એટલે આ પ્રકારની આકરી બાધાઓ તેમના ભાવિ સાધુજીવનની પૂર્વતૈયારીરૂપે ઘણી ઉપયોગી નીવડી હતી.

સમેતશિખરની જાત્રા કરવા ઉપરાંત સાતગૌડાએ ત્યાં નજીકમાં આવેલાં પાવાપુરી, ચંપાપુરી, રાજગૃહી વગેરે તીર્થોની પણ યાત્રા કરી લીધી.

સાતગૌડા જયારે શિખરજીના એ ડુંગર ઉપર ચઢી રહ્યા હતા ત્યારે એમની સાથે આવેલા સગાંસંબંધીઓમાંથી એક વૃદ્ધ બાઈ શિખરજીના ડુંગર ઉપર ચઢતાં બહુ થાકી જવા લાગી. હજુ શરૂઆતમાં જ ડુંગર ઉપર સીતાનાળા નામની જગ્યા સુધી બધાં પહોંચ્યા હતાં ત્યાં તો એ બાઈ એટલી થાકી ગઈ કે એને લાગ્યું કે હવે પોતાનાથી ઉપર જઈ જાત્રા કરી શકાશે નહિ. તે બહુ રડવા લાગી. લોકોએ પૂછયું ત્યારે એને કહ્યું કે ઠેઠ આટલે સુધી આવીને મારી જાત્રા હવે હું કરી નહિ શકું. મારો ફેરો નિષ્ફળ જશે. કેટલાય વર્ષોથી શિખરજીની જાત્રાનું હું સ્વપ્ન સેવતી હતી, પણ અહીં આટલે સુધી આવ્યા પછી હું હવે ડુંગર ઉપર જઈ શકું એમ નથી.'

એ વખતે સાતગૌડાએ એ વૃદ્ધ મહિલાને સાંત્વન આપ્યું અને કહ્યું ' માજી ! તમે ફિકર કરો નહિ. મારા ખભા ઉપર બેસાડીને હું તમને ઠેઠ સુધીની જાત્રા કરાવીશ.'

સાતગૌડાએ એ રીતે એ માજીને પોતાના ખભા ઉપર ઊંચકીને શિખરજીનો પર્વત ચઢીને સારી રીતે જાત્રા કરાવી. સાતગૌડામાં શારીરિક તાકાત કેટલી બધી હતી તે આવા પ્રસંગો ઉપરથી જોઈ શકાય છે.

સાતગૌડાના પિતા ભીમગૌડા અને માતા સત્યવતીનું પ્રૌઢાવસ્થાનું જીવન વધુ સંયમ, તપશ્ચર્યા અને ધર્મક્રિયામાં વીતવા લાગ્યું. તેઓ ગામમાં પધારેલા ક્ષુલ્લક, ઐલક, મુનિ વગેરેને આહાર માટે ઘરે બોલાવી લાવતા. ભીમગૌડાએ જીવનનાં છેલ્લાં સોળવર્ષ દિવસમાં એક વખત ભોજન કરવાના વ્રતનું પાલન કર્યું હતું. વળી તેમને સ્વદારા સંતોષ અને પછીથી છેલ્લાં સોળ વર્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યં હતું. પાંસઠ વર્ષની વયે તેમની તબિયત લથડી ત્યારે તેમણે અનશન વ્રત (યમ સંલેખના વ્રત) સ્વીકારી લીધું હતું અને સમાધિમરણપૂર્વક દેહ છોડયો હતો. ઘરમાં કોઈએ પણ શોક ન પાળવો એવી સ્પષ્ટ સૂચના તેમણે આપી દીધી હતી. એમના અવસાન વખતે એમનાં પત્ની સત્યવતીએ અપૂર્વ સ્વસ્થતા અને ધીરજ ધારણ કર્યાં હતાં. તેઓ એક દેવી જેવાં હતા. તેઓ સંયમની મૂર્તિ હતાં. પોતાના પતિ ભીમગૌડાએ જયારે દિવસમાં એક વખત આહાર કરવાનું અને આજીવન બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યારે તેમણે પણ સાથે સાથે એ વ્રત સ્વીકાર્યું હતું. પોતાના પતિના અવસાન પછી એમણે મસ્તકે મુંડન કરાવી દીધું હતું. તેમણે સફેદ વસ્ત્ર ધારણ કરી લીધાં હતાં. પોતાની પાસે એક કમંડળ અને પીંછી રાખીને દિગંબર સંપ્રદાયની આર્યિકા જેવું જીવન તેઓ જીવવા લાગ્યાં હતાં.

પોતાના માતાપિતાની આવી સંયમ ભરેલી જીવન યાત્રા જોઈને તથા વારંવાર દિગમ્બર મુનિઓની સાથે તેમનું કમંડલ અને પીછી ઊંચકીને ચાલવાના સંસ્કારને લીધે સાતગૌડાને નાનપણથી જ મુનિજીવનનું આકર્ષણ થયું હતું.

સાતગૌડા સ્વસ્થ પ્રકૃતિના હતા. એમનો ધર્મભ્યાસ વધતો જતો હતો. સાધુ સંતો સાથે એમનો સત્સંગ પણ વધતો જતો હતો. એમની તત્ત્વદૃષ્ટિ પણ ખીલતી જતી હતી. સંસારના સ્વરૂપનું તેઓ અનાસકતભાવે અવલોકન કરતા રહેતા હતા. એમની આ તત્ત્વદૃષ્ટિની અને આત્મશાંતિની પરાકાષ્ઠા તો ત્યારે જોવા મળી કે જ્યારે એમણે પોતાના પિતાને અને ત્યારબાદ પોતાની માતાને, મૃત્યુ પ્રસંગે ધર્મશ્રવણ કરાવ્યું અને તેઓ બંનેને અનુક્રમે શાંતિપૂર્વક સમાધિમરણ કરાવ્યું. પિતાના અને ત્યાર પછી માતાના અવસાન પ્રસંગે ઘરનાં બધાં સ્વજનો, સગાસંબંધીઓ અને પાડોશીઓ રૂદન કરતાં હતાં ત્યારે સાતગૌડા એટલા જ સ્વસ્થ અને આત્મમગ્ન રહ્યા હતા. એમની આંખમાંથી એક પણ આંસુ સર્યું ન હતું. તેમનામાં જડતા નહોતી, પણ જન્મમરણની ઘટમાળનો સ્વસ્થપણે સ્વીકાર હતો, કારણ કે તેઓ વૈરાગ્યની મૂર્તિ હતા અને તેમનું આત્મબળ ઘણું ઊંચું હતું.

સાતગૌડાને દીક્ષા લેવા માટે ઘણાં વર્ષ સુધી રાહ જોવી પડી. એમનાં માતા અને પિતા બંનેનો સ્વર્ગવાસ થયો. ત્યાર પછી તેઓને આપેલા વચન અનુસાર સાતગૌડાએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો. એ વખતે એમની ઉંમર ૪૧ વર્ષની હતી. તેઓ પોતે ઘણાં વર્ષથી ઘરમાં રહીને સાધુ જેવું જીવન જીવતા હતા. હવે દીક્ષા માટે યોગ્ય ગુરુની શોધમાં તેઓ હતા.

એ દિવસોમાં એક વખત કર્ણાટકમાં દિગમ્બર મુનિરાજ દેવેન્દ્રકીર્તિ વિહાર કરતા હતા. તેઓ દેવપ્પા સ્વામી તરીકે વધારે જાણીતા હતા. એકંદરે દિગમ્બર મુનિઓની સંખ્યા ઘણી ઓછી હોય છે, કારણ કે એ સાધના માર્ગ અત્યંત દુષ્કર છે. દેવપ્પા સ્વામી વિહાર કરતા કરતા ઉત્તૂર નામના ગામમાં પધાર્યા હતા. એ જાણીને સાતગૌડા એમને વંદન કરવા માટે ગયા. સાતગૌડાને દીક્ષા લેવી હતી. એમણે દેવપ્પાસ્વામીને કહ્યું, 'ગુરુ મહારાજ મને મુનિ દીક્ષા આપો.'

દેવપ્પાસ્વામીએ કહ્યું, ' ભાઈ, એવી રીતે નગ્ન મુનિ તરીકે સીધી દીક્ષા લેવી એ સરળ વાત નથી. જૈન ધર્મમાં ગૃહસ્થોએ ક્રમે ક્રમે દીક્ષાના માર્ગે આગળ વધવાનું હોય છે. ગૃહસ્થોને પહેલાં ફકત બે વસ્ત્ર ધારણ કરનાર ક્ષુલ્લકની દીક્ષા આપવામાં આવે છે. એ માટે જુદી જુદી 'પ્રતિમા' (સાધના) વહન કરવાની હોય છે. એ પ્રતિમાઓનો અભ્યાસ સારી રીતે થાય એ પછી ફકત કમરે એક વસ્ત્ર ધારણ કરનાર ઐલકની દીક્ષા આપવામાં આવે છે. ત્યાર પછી તેમાં સ્થિરતાની પૂરી ખાતરી થાય તો જ ગુરુ મહારાજ નિર્ગ્રન્થ (નગ્ન) મુનિની દીક્ષા આપે છે. નગ્ન મુનિની દીક્ષા લેવી એ સહેલી વાત નથી. નગ્ન મુનિની દીક્ષા લીધા પછી જો એનું પાલન ન થાય તો ધર્મ વગોવાય છે. નગ્ન મુનિની દીક્ષામાં ઘણાં આકરાંવ્રત હોય છે અને સંકટો તથા ઉપસર્ગો સહન કરવાની શકિત કેળવવાની હોય છે. માટે એકાએક દિગમ્બર મુનિની દીક્ષા આપવામાં આવતી નથી.'

ગુરુ મહારાજની ભલામણ અનુસાર સાતગૌડાએ ક્ષુલ્લકની દીક્ષા લેવાનું સ્વીકાર્યું. આ રીતે વિ. સં. ૧૯૭૨ (ઈ.સ. ૧૯૧૬) ના જેઠ સુદ-૧૩ના રોજ સાતગૌડાને ક્ષુલ્લકની દીક્ષા આપવામાં આવી. એમનું નામ શાંતિસાગર રાખવામાં આવ્યું.

સાતગૌડાએ ક્ષુલ્લકની દીક્ષા લીધી ત્યારે પોતે ઘરમાં સ્વજનોને જણાવ્યું નહોતું. ગુરુમહારાજ પાસે જઈને ઉત્તૂર ગામની અંદર એમણે દીક્ષા લઈ લીધી. આ વાતની જ્યારે ઘરનાં સ્વજનોને ખબર પડી ત્યારે તેઓ ઉત્તૂર ગામે આવી પહોંચ્યા. સાતગૌડાને કેશલોચ સહિત ક્ષુલ્લકના સ્વરૂપમાં લંગોટી જેવું વસ્ત્ર પહેરીને બેઠેલા જોઈને ઘરનાં સ્વજનો રડવા લાગ્યા. પરંતુ એથી સાતગૌડા જરા પણ અસ્વસ્થ ન થયા. તેમણે સ્વજનોને કહ્યું કે તમે કોઈ રડશો નહિ. રડવા માટે અહીં આવવાનું ન હોય. મેં તો એક ઉત્તમ માર્ગ સ્વીકાર્યો છે.' એમના ઉપદેશથી સ્વજનો શાંત બન્યા. ત્યાર પછી સ્વજનોએ ત્યાં રોકાઈને

ક્ષુલ્લક શાંતિસાગરને વિધિપૂર્વક આહાર પણ વહોરાવ્યો.

એ દિવસોમાં દિગમ્બર પરંપરામાં દીક્ષા લેનારની સંખ્યા બહુજ અલ્પ રહેતી. એટલે દિગમ્બરોમાં ક્ષુલ્લક, ઐલક અને મુનિઓના આચારોમાં પણ જુદી જુદી પરંપરા ચાલતી હતી. કર્ણાટકમાં દિગમ્બરોમાં એક પરંપરા અનુસાર ક્ષુલ્લક અને ઐલક કોઈ પણ ગૃહસ્થોને ઘરે જઈને આહાર લેતા. તેઓ વાહનનો ઉપયોગ પણ કરતા. બીજી પરંપરામાં ક્ષુલ્લક, ઐલકને ગૃહસ્થને ઘરે આહાર લેવાની તથા વાહનનો ઉપયોગ કરવાની મનાઈ હતી. ક્ષુલ્લક શાંતિસાગરે જયારે ક્ષુલ્લકની દીક્ષા લીધી ત્યારે એમને કમંડલુ અને મોરપીંછ પણ આપવામાં આવ્યાં ન હતાં. શાંતિસાગરે તાંબાના એક લોટાને દોરી બાંધીને કમંડલુ તરીકે વાપરવાનું ચાલું કર્યુ હતું. મોરપીંછ માટે એમના ગુરુમહારાજ દેવેન્દ્રકીર્તિસાગરે પોતાના પીંછમાંથી થોડાંક પીંછા કાઢી આપ્યાં હતાં, જેમાંથી શાંતિસાગરે પોતાને માટે કામચલાઉ મોરપીંછ બનાવી લીધું હતું.

ક્ષુલ્લકની દીક્ષા લીધા પછી શાંતિ સાગરતપ-જપ-સ્વાધ્યાય-ધ્યાન વગેરેમાં મગ્ન રહેવા લાગ્યા. તેઓ જુદા જુદા મંત્રના દર મહિને ઓછામાં ઓછા ૨૫ લાખ જાપ કરતા. તેઓ પોતાના આચારનું ચુસ્તપણે પાલન કરવા લાગ્યા. તેમનો પવિત્ર આત્મા ધ્યાનમાં જયારે આરૂઢ થઈ જતો ત્યારે જાણે કશાની જ એમને ખબર રહેતી નહિ. ક્ષુલ્લક શાંતિ સાગરે ક્ષુલ્લક તરીકેનું પોતાનું પ્રથમ ચાતુર્માસ કર્ણાટકમાં કોગનોલી નામના નગરમાં કર્યું હતું. આ ચાતુર્માસ દરમિયાન એક ચમત્કારિક ઘટના બની હતી. એક દિવસ ક્ષુલ્લક શાંતિસાગર મંદિરમાં સાંજના સમયે ધ્યાનમાં બેઠા હતા. મંદિરમાં અંધારું થવા આવ્યું હતું. એ વખતે છ ફૂટ લાંબો એક સાપ મંદિરમાં આવી ચઢયો. ઘૂમતો ઘૂમતો તે સાપ શાંતિસાગર પાસે આવ્યો. પરંતુ શાંતિસાગર તો પોતાના ધ્યાનમાં નિમગ્ન હતા. સાપ શાંતિસાગરના શરીર ઉપર ચઢયો, પરંતુ એથી શાંતિસાગર પોતાના ધ્યાનમાંથી ચલિત થયા નહિ. એ વખતે પૂજારી મંદિરમાં દીવો કરવા માટે આવ્યો. દીવો કરતાં જ એણે જોયું કે શાંતિસાગર ધ્યાનમાં બેઠા છે અને એમના શરીર ઉપર સાપ છે. એ દશ્ય જોતાં જ પૂજારી ચોંકી ગયો અને ગભરાઈને બહાર દોડયો. એણે બૂમાબૂમ કરી મૂકી. એ સાંભળીને આસપાસથી ઘણા માણસો દોડી આવ્યા. તેઓ બધા વિચારવા લાગ્યા કે જો ઘોંઘાટ કરીને સાપને પકડવાનો પ્રયાસ કરીશું અને રખેને સાપ શાંતિસાગરને ડંખ મારશે તો મોટો અનર્થ થશે. એના કરતાં છૂપાઈને નજર રાખવી કે સાપ કયારે શાંતિસાગરના શરીર ઉપરથી નીચે ઊતરે છે. સૌ એ રીતે ઉત્સુકતાપૂર્વક રાહ જોવા લાગ્યા. કેટલીક વાર પછી સાપ ધીમે ધીમે શાંતિસાગરના શરીર ઉપરથી નીચે ઊતરી ગયો અને ઝડપથી બહાર નીકળીને અંધારામાં કયાંક એવી રીતે ભાગી ગયો કે તે કઈ બાજુ ગયો તે પણ જાણી શકાયું નહિ. શાંતિસાગર ધ્યાનમાંથી જાગ્રત થયા ત્યારે તેમણે આ ઘટનાની ખબર પડી. પરંતુ તેમણે તો એ ઘટનાને સહજ રીતે સ્વીકારી લીધી. પરંતુ આ ઘટના બનતાં ગામલોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો. શાંતિ સાગરના સંયમના પ્રભાવની આ ચમત્કારિક વાત ચારે બાજુ પ્રસરી ગઈ.

શાંતિસાગરજી મહારાજ કોગનોળીથી વિહાર કરીને કોલ્હાપુર પાસે બાહુબલિ તીર્થમાં પધાર્યા. તે વખતે આસપાસના વિસ્તારમાં વસતા જૈનોએ મહારાજશ્રી પાસે ગિરનાર તીર્થની યાત્રાનો પ્રસ્તાવ મૂકયો. ક્ષુલ્લક તરીકે શાંતિસાગર મહારાજે વાહનનો હજુ ત્યાગ કર્યો નહોતો એટલે સંઘયાત્રાના આ પ્રસ્તાવનો એમણે સ્વીકાર કર્યો. સંઘના શ્રાવકો સાથે ટ્રેનમાં બેસી તેઓ જૂનાગઢ પહોંચ્યા હતા. ગિરનારની યાત્રાથી એમને અપાર ઉલ્લાસ થયો હતો. નેમિનાથ ભગવાનની પ્રતિમા અને પાદુકાનાં દર્શન વંદન કરીને એમણે ધન્યતા અનુભવી હતી. એમની નજર સમક્ષ બાલ બ્રહ્મચારી નેમિનાથ ભગવાનનું જીવન જાણે એક ચિત્રપટની જેમ તાજું થયું હતું. એમના હૃદયના ભાવ દઢપણે એટલા ઊંચા થયા હતા કે પોતાની જ મેળે એમણે પોતાનું ઉપરનું ભગવું વસ્ત્ર છોડી દીધું અને માત્ર લંગોટ ભર રહીને પોતાને ઐલક તરીકે ત્યાં સંઘ સમક્ષ જાહેર કરી દીધા.

ગિરનારની યાત્રા કરીને સંઘ પૂના થઈને પાછો ફરી રહ્યો હતો. પૂનાથી મિરજના રસ્તે કુંડલરોડ સ્ટેશન પર બધા ઊતર્યા અને ત્યાં કુંડલતીર્થનાં દર્શન માટે ગયા. ત્યાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં દર્શન કરીને ભગવાનની સમક્ષ ઐલક શ્રી શાંતિસાગરજીએ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી કે 'આજથી હવે હું કોઈ પણ પ્રકારના વાહનનો ઉપયોગ કરીશ નહિ અને પાદવિહાર કરીશ.' સંઘના શ્રાવકો રેલવે દ્વારા પોતપોતાના મુકામે પહોંચ્યા અને શાંતિસાગરજીએ પોતાનો વિહાર ચાલુ કર્યો. નસલાપુર, બીજાપુર વગેરે સ્થળે વિહાર કરીને તેઓ ઐનાપુર પહોંચ્યા. ત્યાં તેમણે પંદર દિવસ સ્થિરતા કરી. ત્યાં તે વખતે દિગમ્બર મુનિ આદિસાગર મહારાજ બિરાજમાન હતા. એમના સહવાસથી શાંતિસાગરજીએ ખૂબ ઉલ્લાસ અનુભવ્યો. તેમની જેમ પોતે પણ જલદી જલદી નિર્ગ્રન્થ મુનિ બને એ માટે તેઓ તાલાવેલી સેવવા લાગ્યા.

ઐલક થયા પછી શાંતિસાગરજી પોતાના ગુરુવર્ય દેવેન્દ્રકીર્તિ પાસે આવ્યા અને પોતાને દિગમ્બર દીક્ષા આપવામાં આવે તે માટે વિનંતી કરી. દેવેન્દ્રકીર્તિ તે વખત યરનાળ નામના ગામમાં બિરાજમાન હતા. દેવેન્દ્રકીર્તિએ શાંતિસાગરજીને સમજાવ્યું. કે દિગમ્બર દીક્ષા સહેલી નથી. એનું પાલન કરવાનું અત્યંત કપરું છે. જો કોઈ વ્યકિત એનું બરાબર પાલન ન કરી શકે તો તે વાત ગુપ્ત રહેતી નથી. એથી તે વ્યકિતની, તેના ધર્મની અને તેને દીક્ષા આપનાર ગુરુની અપકીર્તિ થાય છે. પરંતુ શાંતિ સાગરજી તો નિર્ગ્રન્થ મુનિની દીક્ષા લેવા માટે મકકમ હતા. દેવેન્દ્રકીર્તિ સ્વામીએ એમની જાત જાતની કસોટી કરી અને પાકી ખાતરી થઈ ત્યારે છેવટે એમને મુનિ દીક્ષા આપવાનું નકકી કર્યુ.

દિગમ્બર મુનિ માટે કેશલોચ, સ્નાનત્યાગ, ભૂમિશયન, અદંતધાવન, ઊભાઊભા એક ટંક એક જ સમયે હાથમાં લઈને આહાર કરવો એવી એવી અઠ્ઠાવીસ પ્રકારની અત્યંત કઠિન વ્રતચર્યા હોય છે.

આ વ્રતચર્યા માટે શાંતિસાગરજી પૂરેપૂરા સજજ, સ્વસ્થ અને દઢનિશ્ચય હતા. એટલે જ દેવેન્દ્રકીર્તિસ્વામીએ તેમને મુનિ દીક્ષા આપવાનો નિર્ણય કર્યો. એ મુજબ વિ. સં. ૧૯૭૬ (ઈ.સ. ૧૯૨૦) ના ફાગણ સુદ અગિયારસના દિવસે દીક્ષા આપવામાં આવી. આ દીક્ષાની વિશિષ્ટતા એ હતી કે તેમને જાહેરમાં દીક્ષા આપવામાં આવી. છેલ્લા ચાર પાંચ સૈકામાં આ રીતે જાહેરમાં દિગમ્બર, નગ્ન મુનિ દીક્ષા આપવાનો કોઈ પ્રસંગ બન્યો નહોતો. સામાન્ય રીતે દિગમ્બર નગ્નમુનિની દીક્ષા થોડાક લોકોની હાજરીમાં જ ખાનગીમાં અપાતી રહી છે, પરંતુ શાંતિસાગરજીની દીક્ષા વિશાળ સમુદાય સમક્ષ જાહેરમાં આપવામાં આવી હતી. આ એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના ગણાય છે.

શ્રી શાંતિસાગરજી મહારાજે દિગમ્બર મુનિની દીક્ષા લીધી તે વખતે ભારતમાં એકંદરે દિગમ્બર મુનિઓની સંખ્યા ઘણી જ ઓછી હતી. વળી તેમના આચારોમાં પણ વિવિધતા હતી. દિગમ્બર મુનિ તરીકે રહેવું, વિચરવું, આહાર લેવો વગેરે બાબતો આપણે ધારીએ તેના કરતાં પણ ઘણી વધારે કઠિન હોય છે. તેઓને ઉપવાસ તો નાના મોટો નિમિત્તે કરવાના આવ્યા જ કરે. એથી જીવન ટકાવવું ઘણું અઘરું થઈ પડે. દિગમ્બર મુનિની આહારવિધિ પણ ઘણી આકરી હોય છે. તેઓને દિવસમાં એક જ વાર એક જ સ્થળે ઊભા ઊભા બે હાથ વડે આહાર (ઠામ ચોવિહાર) કરી લેવાનો રહે. પછી ચોવીસ કલાક પાણી પણ ન વપરાય. એમાં પણ બત્રીસ પ્રકારના અંતરાયમાંથી કોઈ પણ અંતરાય આવે તો તરત આહાર છોડી દેવો પડે. આહારમાં કાંકરી, રેષો, વાળ કે એવું કંઈ આવે કે જે મોંઢામાંથી કાઢવા માટે આંગળી મોંઢામાં નાખવી પડે તો તરત આહાર છોડી દેવો પડે. વળી એ સમયે અમુક પશુ પક્ષીઓના અવાજ થાય તો પણ આહાર છોડી દેવો પડે. આથી કેટલાક ભકતો દિગમ્બર મુનિ ભગવંતને અંતરાય ન થાય એટલા માટે આહારવિધિ વખતે સતત જોરથી ઘંટ વગાડતા રહેતા જેથી મુનિઓને બીજો કોઈ અવાજ સંભળાય નહિ અને આહારમાં અંતરાય થાય નહિ.

શાંતિસાગરજી લાગ્યું કે દિગમ્બર મુનિની ચર્યા તો તપસ્વીની ચર્યા છે. આહાર ન મળે તો તેથી તેઓએ સંતપ્ત થવાની જરૂર નથી અને ગૃહસ્થોએ મુનિ પ્રત્યે આ બાબતમાં દયાભાવ રાખવાની જરૂર નથી. બલકે મુનિઓનો આચાર શિથિલ ન થાય એ તરફ જોવાનું ગૃહસ્થનું કર્તવ્ય છે. આથી એમણે મુનિઓના આહાર વખતે થતાં ઘંટનાદને બંધ કરાવ્યા હતા. વળી દિગમ્બર મુનિઓ આહાર લેવા ગામમાં જતા ત્યારે તે દિવસ માટે નકકી કરેલા ગૃહસ્થના ઘરે જઈ આહાર લેતા. ગામમાં જતી વખતે તેઓ શરીરે ચાદર વીંટાળી લેતા

અને ગૃહસ્થના ઘરમાં ગઈ, સ્નાન કરી પછી નગ્ન બની ઊભા ઊભા આહાર લેતા અને ત્યાર પછી ચાદર શરીરે વીંટાળી સ્વસ્થાનકે આવી વસ્ત્ર કાઢી નગ્નાવસ્થામાં રહેતા. રસ્તામાં તેમને જોવા માટે લોકોનાં ટોળાં ન થાય એ જ આશય હતો. પરંતુ શાંતિસાગરજી મહારાજે આચારમાં પ્રવેશેલી આવી શિથિલતાઓને દૂર કરાવીને પોતાના શુદ્ધ નિરતિચાર સંયમ પાલન દ્વારા સમાજને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું હતું. એથી જ એમના સમયથી દિગમ્બર સાધુઓનો સમુદાય, સંખ્યાની દૃષ્ટિએ વૃદ્ધિ પામતો ગયો હતો અને તેમાં પ્રવેશેલી શિથિલતાઓ દૂર થઈ હતી. મહારાજશ્રીએ આ રીતે દિગંબર મુનિ સંસ્થાને વધુ સુદૃઢ બનાવી હતી.

વિ.સં. ૧૯૭૯ (ઈ.સ. ૧૯૨૩) માં મુનિ શાંતિસાગરજીએ કોણ્ણૂર નામના ગામની અંદર ચાતુર્માસ માટે સ્થિરતા કરી હતી. નગ્ન મુનિ તરીકેનું આ તેમનું પ્રથમ ચાતુર્માસ (વર્ષાવાસ) હતું. કોણ્ણૂર ગામ પાસે પ્રાચીન સમયની એક ગુફા છે. એમ કહેવાય છે કે પ્રાચીન સમયમાં કોઈક રાજાએ મુનિઓને ધ્યાન ધરવા માટે આ ગુફા બનાવેલી હતી. મહારાજશ્રી એ ગુફામાં ધ્યાન ધરવા માટે જવા લાગ્યા. એક દિવસ બપોરે તેઓ ગુફામાં ધ્યાન ધરવા માટે બેઠા હતા તે વખતે એક સાપ ત્યાં આવ્યો. એ ગુફાના દ્વાર પાસે કેટલાક લોકો નાળિયેર ધરાવતા. કોઈ એક સજ્જન ત્યાં નાળિયેર ધરાવવા આવ્યા. એ જોઈને સાપ ગુફામાં અંદર દોડયો અને મહારાજશ્રીના પગ નીચે લપાઈ ગયો. આ વાતની ખબર પડતાં ત્યાં કેટલાક લોકો જમા થઈ ગયા. લોકોને લાગ્યું કે જો કાંઈ વધુ ઘોંઘાટ થશે તો સાપ કદાચ મહારાજશ્રીને કરડશે એટલે તેઓ ચૂપચાપ જોવા લાગ્યા. મહારાજશ્રી તો ધ્યાનમગ્ન હતા. સાપે એમના શરીર ઉપર ચડઊતર કર્યા કરી, પરંતુ એથી મહારાજશ્રી પોતાના ધ્યાનમાંથી વિચલિત થયા નહોતા. કેટલીકવાર પછી અંધારાનો લાભ લઈ એ સાપ ત્યાંથી ભાગી ગયો.

મહારાજશ્રીના સાધુ જીવનમાં સાપના આવા પ્રસંગો ઘણી વાર બન્યા હતા. કર્ણાટકમાં સાપનો ઉપદ્રવ વધારે અને મહારાજશ્રીને ગામથી બહાર એકાન્ત, નિર્જન, કયારેક અવાવરુ જગ્યામાં મુકામ કરવાનો રહેતો. એટલે આવા પ્રસંગો બન્યા હતા. પરંતુ તેથી તેઓ કયારે ય અસ્વસ્થ કે ધ્યાનથી વિચલિત થયા નહોતા.

વિ.સં. ૧૯૭૯માં મહારાજશ્રીનું મુનિ તરીકેનું આ પ્રથમ ચાતુર્માસ હતું. ચાતુર્માસ દરમિયાન મહારાષ્ટ્રના નાંદગાવના બે શ્રાવકો તે શેઠ હીરાલાલ અને શેઠ ખુશાલચંદ શ્રવણબેલગોડાની યાત્રાએ નીકળ્યા હતા. તેઓ ચુસ્ત ધર્માનુરાગી હતા અને દીક્ષા લેવાની ભાવનાવાળા હતા. પરંતુ તે માટે તેઓ યોગ્ય ગુરુની શોધમાં હતા. શ્રી શાંતિસાગરજી મહારાજનું નામ સાંભળીને તેઓ તેમને વંદન કરવા આવ્યા હતા. તેમના મનમાં મહારાજશ્રીની કસોટી કરી જોવાનો વિચાર પણ હતો. કોણ્ણૂરમાં મહારાજશ્રી પાસે આવીને તેમણે વાતચીત કરતાં કરતાં કેટલાક પ્રશ્નો સીધા જ પૂછયા. તેમણે પૂછયુ કે 'મહારાજશ્રી, આપે ઠંડી અને ગરમીનો ભારે પરીષહ સહન કર્યા છે? આપે ઉનાળામાં ડુંગર ઉપર, ચોમાસામાં વૃક્ષ નીચે અને શિયાળામાં નદી કિનારે બેસીને તપશ્ચર્યા કરી છે ?'

મહારાજશ્રીએ સરળતાથી સત્યવચન કહ્યું, ' ના, ભાઈ.'

' આપે પંદર દિવસના કે મહિનાના ઉપવાસ કર્યા છે ? '

મહારાજશ્રીએ કહ્યું, ' ના, ભાઈ. '

' તો પછી અમે આપને મુનિ તરીકે કેવી રીતે સંબોધન કરી શકીએ ? '

મહારાજશ્રીએ કહ્યું ' ભાઈ, હું તમને કયાં એવું સંબોધન કરવા માટે કહું છું ? '

' તો પછી આપ મુનિ તરીકેનો વ્યવહાર કેમ કરો છો ? '

મહારાજશ્રીએ શાન્તિ અને પ્રસન્નતાપૂર્વક કહ્યું, ' હું તો મુનિપદનો અભ્યાસ કરું છું. કોઈ મને મુનિ કહે કે ન કહે તેની સાથે મને કશી જ નિસ્બત નથી.'

મહારાજશ્રી સાથે આવી રીતે કર્કશ ચર્ચા ચાલતી જોઈને ત્યાં બેઠેલો ભકત સમુદાયમાંથી કેટલાક આ બે આગંતુક શ્રાવકો ઉપર ચિડાઈ ગયા અને કહ્યું કે, 'તમે મહારાજશ્રી સાથે આમ ઉદ્ધતાઈથી વાત ન કરો, જરા વિનયથી વાત કરો. નહિ તો અમે તમને અહીંથી હાંકી કાઢીશું.'

મહારાજશ્રીએ રોષે ભરાયેલો ભકતોને અટકાવ્યા અને શાન્ત પાડયા. પછી તેમણે ભકતોને કહ્યું, ' કોઈ પણ વ્યકિતને કંઈ પણ પૂછયું હોય કે ચર્ચા કરવી હોય તો તે તેનો અધિકાર છે. એથી આપણે ગરમ થવાનું ન હોય.'

આ રીતે લોકોને શાંત પાડીને મહારાજશ્રીએ એ બે શ્રાવકો સાથે પ્રેમ અને વાત્સલ્યથી પોતાની વાત ચાલુ રાખી. શ્રાવકોએ પૂછેલા બીજા કેટલાક પ્રશ્નોના યથાયોગ્ય ઉત્તરો મહારાજશ્રીએ આપ્યાં. થોડીવાર પછી મહારાજશ્રીએ એ શ્રાવકોને કહ્યું, 'ભાઈઓ, અત્યાર સુધી તમે મને પ્રશ્ન પૂછયા છે. હવે હું તમને એક પ્રશ્ન પૂછું ? '

તેઓએ કહ્યું, 'ભલે.'

મહારાજશ્રીએ થોડે દૂર આવેલા એક વૃક્ષ તરફ આંગળી કરીને પૂછયું, ' તમે મને કહેશો કે એ વૃક્ષ શાનું છે ? '

તેઓએ કહ્યું, ' એ આંબાનું વૃક્ષ છે.'

મહારાજશ્રીએ કહ્યું, 'ભાઈ, આ વૃક્ષ પર હજુ એક વાર પણ કેરી આવી નથી. એ પહેલાં તમે એને આંબાના વૃક્ષ તરીકે કેવી રીતે ઓળખાવી શકો ?'

તેઓએ કહ્યું, ' એની ૠતુ આવશે એટલે જરૂર કેરી જરૂર આવશે.'

મહારાજશ્રીએ કહ્યું, ' જેમ કેરી હજુ નથી આવી તે પહેલાં આપણે એને આંબાના વૃક્ષ તરીકે ઓળખીએ છીએ. તેવું જ મુનિપદનું છે. મુનિપદનો અભ્યાસ કરતાં કરતાં એનો સમય આવશે ત્યારે શીતોષ્ણપરીષહો સહન કરી શકાશે અને માસખમણ વગેરે તપશ્ચર્યા પણ કરી શકાશે. માસખમણ વગેરે ન થાય તો તેથી મુનિપદ નથી એમ ન કહી શકાય. ત્યાગ વૈરાગ્યની સાધનામાં પણ જુદી જુદી વ્યકિતની જુદી જુદી તરતમતા હોઈ શકે છે.'

મહારાજશ્રીના ઉત્તરથી તે બંને શ્રાવકો પ્રભાવિત થયા. મહારાજશ્રીએ તેમના હૃદયને જીતી લીધું. પોતાની ભૂલ માટે બંને શ્રાવકોને પ્રશ્ચાત્તાપ થયો. મહારાજશ્રીની તેઓએ ક્ષમા માંગી.

તેઓ બંને શ્રવણબેગોડાની યાત્રાએ ગયા. રસ્તામાં વિચાર કરતાં તેઓ બંનેને લાગ્યું કે શાંતિસાગર મહારાજ પાસે જ દીક્ષા લેવાનું બધી રીતે યોગ્ય છે.

શ્રવણબેલગોડાની યાત્રા પછી તેઓ મહારાજશ્રી પાસે વારંવાર આવવા લાગ્યા અને પોતાનો નિર્ણય પાકો થતાં દીક્ષાનો પ્રસ્તાવ મૂકયો. મહારાજશ્રી એ જયારે 'સમડોળી' નામના ગામમાં સ્થિરતા કરી હતી ત્યારે તેઓ બંનેએ તેમની પાસે દીક્ષા લીધી. શેઠ હીરાલાલનું નામ મુનિ વીરસાગર રાખવામાં આવ્યું અને શેઠ ખુશાલચંદનું નામ મુનિ ચંદ્રસાગર રાખવામાં આવ્યું. મહારાજશ્રીના ચારિત્રનો પ્રભાવ કેટલો બધો હતો અને બીજાના હૃદયનું પરિવર્તન કરવાની કળા તેમની પાસે કેવી હતી એ આવા પ્રસંગો ઉપરથી જોઈ શકાય છે.

મહારાજશ્રી પાસે દીક્ષા લેનારાઓની સંખ્યા ક્રમે ક્રમે વધતી જતી હતી. એમના બીજા શિષ્યોમાં પાયસાગર, કુંથુસાગર, નેમિસાગર, સુધર્મસાગર, વર્ધમાનસાગર, સમન્તભદ્ર વગેરે હતા.

ઈ.સ. ૧૯૨૪મા હારાજશ્રી કર્ણાટકમાં સમડોળી નામના ગામમાં ચાતુર્માસ કર્યું. એમના શાસ્ત્રાભ્યાસ અને દિગંબર મુનિ તરીકેના ચુસ્ત આચારપાલનને લક્ષમાં લઈને સંઘ તરફથી એમને બહુમાનપૂર્વક આચાર્યની પદવી આપવામાં આવી.

ત્યાર પછી વિહાર કરતા કરતા મહારાજશ્રી ઈ.સ. ૧૯૨૫ માં શ્રવણબેલગોડા પધાર્યા. દિગમ્બર, નિર્ગ્રન્ય નગ્ન મુનિ તરીકે શ્રવણ બેલગોલાની આ એમની પહેલી યાત્રા હતા. તેમણે અહીં આવીને ધર્મસ્થાનકમાં મુકામ કર્યો. તેમની સાથે બીજા સાત મુનિઓ, ચાર ઐલક અને ચાર ક્ષુલ્લક હતા. એ વખતે શ્રવણ બેલગોડમાં ગોમટેશ્વરજીના 'મહામસ્તિષ્ક અભિષેક'નો કાર્યક્રમ હતો. મહારાજશ્રી ગોમટેશ્વરમાં ડુંગર ઉપર પહોંચી ગયા. રાત્રિ મુકામ ત્યાં જ કર્યો. બીજે દિવસે આ અભિષેકની વિધિ મૈસૂર રાજયના રાજા કૃષ્ણરાજના હસ્તે કરાવવાની વ્યવસ્થા ઈંદોરના સર હુકમીચંદે કરાવી હતી. રાજા કૃષ્ણરાજે ડુંગર ઉપર જઈને ગોમટેશ્વરની અભિષેકવિધિ કરી અને ત્યાં ઉપસ્થિત રહેલા શ્રી શાંતિસાગરજી વગેરે મુનિઓના આશીર્વાદ લીધા.

આ પ્રસંગે શાંતિસાગરે એક વિચિત્ર ઘટના જોઈ. તેમના ગુરુ મહારાજ દેવેન્દ્રકીર્તિ - દેવેપ્પાસ્વામી પણ ગોમટેશ્વરમાં ડુંગર ઉપર આ વિધિ વખતે પધાર્યા હતા, પરંતુ તેમણે શરીર ઉપર, કમરે એક વસ્ત્ર

ધારણ કરેલું હતું. પોતાના ગુરુમહારાજને વસ્ત્ર ધારણ કરેલા જોઈને તેઓ આશ્ચર્યસહિત વિચારમાં પડી ગયા. ગુરુ મહારાજ પણ કંઈક સંકોચ અનુભવવા લાગ્યા. નીચે ઊતર્યા પછી ધર્મસ્થાનકમાં શાંતિસાગરજી પોતાના ગુરુ મહારાજને એકાંતમાં મળ્યા. બંને વચ્ચે વાતચીત થઈ. વસ્ત્ર ધારણ કરવાનું કારણ પૂછ્યું. ગુરુ મહારાજે કહ્યું કે અહીં શ્રવણ બેલગોડામાં રોજ સેંકડો જૈન યાત્રિકો અને પ્રવાસીઓ આવે છે. એમાંથી ઘણા લોકો નગ્ન મુનિ તરીકે મને જોવા માટે મારી પાસે આવતા હતા. એથી કંઈક લજ્જા અને સંકોચને કારણે અને કંઈક લોકો ઓછા આવતા થાય એ કારણે મેં એક વસ્ત્ર ધારણ કરી લીધું હતું. પરંતુ આહાર લેતી વખતે, અન્ય ધાર્મિક ક્રિયાઓ કરતી વખતે અને રાત્રે હું દિગમ્બર અવસ્થા ધારણ કરી લઉં છું. ' શાંતિસાગરજીએ તેમને સમજાવ્યા કે લોકાચારને લક્ષમાં રાખી, લજ્જા અને સંકોચને કારણે દિગમ્બર મુનિ વસ્ત્ર ધારણ કરી લે એ બરાબર ન કહેવાય. દિગમ્બર મુનિ તો લજ્જા અને ભયથી પર હોવા જ જોઈએ. વ્યવહાર, ઉપચાર કે લોકાચારનો વિચાર કરવો એ દિગમ્બર મુનિને ન ઘટે. એટલા માટે જ દિગમ્બર મુનિની ચર્યાને 'વીરચર્યા ' કહેવામાં આવી છે. દિગમ્બર મુનિને ' શૂર ' તરીકે ઓળખાવવામાં આવે છે. જે શૂરવીર હોય તે જ નગ્ન મુનિ થઈ શકે. ઉપસર્ગો અને પરીષહો તેને ડગલેને પગલે સહન કરવાના આવે, પરંતુ તેથી ડરી જવાનું ન હોય.

શ્રી શાંતિસાગર મહારાજના ઉપદેશની અસર એમના ગુરુ મહારાજ ઉપર તરત પડી. તેમણે સરળતાપૂર્વક પોતાની ભૂલનો સ્વીકાર કરી લીધો. તેમણે પોતાના શિષ્ય શાંતિસાગર મહારાજ પાસે પ્રાયશ્ચિત લેવાની માંગણી કરી. ગુરુ પોતાના શિષ્ય પાસે આચાર સંબંધે પ્રાયશ્ચિત લેવા તત્પર થાય એ ઘટના જ વિરલ ગણાય. શાંતિસાગર મહારાજે પણ વિનયપૂર્વક અને યથાયોગ્ય રીતે પોતાના ગુરુ ભગવંતને આચારમાં સ્થિર કરવાની શુભદ્દષ્ટિથી નાનું સરખું પ્રાયશ્ચિત આપ્યું. એથી એમના ગુરુ ભગવંત પોતાના દિગમ્બર મુનિના આચારમાં ફરી પાછા સ્થિર થઈ ગયા હતા.

કુંભોજગિરિ, નાંદણી અને બાહુબલિમાં ચાતુર્માસ પછી શાંતિસાગરજી મહારાજશ્રીએ સમેતશિખરની યાત્રા માટે પ્રસ્થાન કર્યું. મધ્યપ્રદેશ, બિહાર અને ઉત્તરપ્રદેશની આ યાત્રા દરમિયાન એમણે વિવિધ પ્રકારના અનુભવો થયા હતા. સમેતશિખરની યાત્રા માટે વિહાર કરતાં કરતાં મહારાજશ્રી જાન્યુઆરી મહિનામાં રાયપુર પધાર્યા હતા. કડકડતી સખત ઠંડીના એ દિવસો હતા. તેમ છતાં વસ્ત્રવિહીન અવસ્થામાં મહારાજશ્રી અને એમના શિષ્યને જોઈને જૈનો ઉપરાંત અન્ય લોકોને પણ ઘણું આશ્ચર્ય થતું. મહારાજશ્રી રસ્તામાં નીકળતા ત્યારે પણ અનેક લોકો તેમનાં દર્શન માટે એકત્ર થતાં. રાયપુરમાં ત્યારે એક અંગ્રેજ કલેકટર હતા. તેમણે તથા તેમનાં પત્નીએ પણ મહારાજશ્રીને આ રીતે નગ્નાવસ્થામાં જોયા. તેમના માટે આવું દૃશ્ય નવું અને કૌતુક જગાવે એવું હતું. વળી એમની સંસ્કૃતિની દૃષ્ટિએ એમને એ દૃશ્ય અસભ્ય પણ લાગ્યું. કલેકટરની પત્નીએ પોતાના પતિને એ વિશે ફરિયાદ કરી. એટલે કલેકટરે પોલિસ દ્વારા મહારાજશ્રીને તથા એમના શિષ્યોને નગ્નાવસ્થામાં વિહાર બંધ કરવાનો હુકમ કર્યો. પરંતુ રાયપુરના કેટલાક વિદ્વાનો કલેકટર પાસે પહોંચ્યા સાધુઓની દિનચર્યા કેવી હોય છે તે ગ્રંથો બતાવીને સમજાવ્યું. આવી સખત ઠંડીમાં પણ આટલું કઠિન ધર્મધમ જીવન દિગમ્બર મુનિઓએ જીવવાનું હોય છે એ જાણીને કલેટરને બહુ આશ્ચર્ય થયું, એટલું જ નહિ એનું હૃદયપરિવર્તન પણ થયું. તરત જ એમણે દિગમ્બર સાધુની સંચારબંધીનો હુકમ પાછો ખેંચી લીધો.

મહારાજશ્રીને આવી રીતે નગ્નાવસ્થામાં વિહાર કરવામાં કાયદાની દૃષ્ટિએ ક્યારેક ક્યારેક મુશ્કેલીઓ પડી હતી, પરંતુ મહારાજશ્રીએ તે માટે ક્યારેય નમતું આપ્યું ન હતું. તેઓ કહેતા કે 'જરૂર પડશે તો હું અસશન કરીને દેહત્યાગ કરીશ, પરંતુ આચારનો લોપ કાયદાને વશ થઈને ક્યારેય નહિ કરું.'

એક વખત મહારાજશ્રી વિહાર કરતા કરતા મધ્ય પ્રદેશમાં મહાકોશલ પ્રાંતમાં સાગર નામના નગરમાં પધાર્યા. મહારાજશ્રીનો ઉપદેશ શ્રવણ કરવા માટે ભક્તો આવવા લાગ્યા. મહારાજશ્રી સાગર પાસે આવેલા દ્રોણગિરિ પર્વત ઉપર કોઈ કોઈ વખત જઈને આખી રાત ત્યાંના જિનમંદિરમાં ધ્યાનમાં બેસતા. વૈશાખ મહિનાની ગરમીના એ દિવસો હતા. મહારાજશ્રી રોજ પોતાની ધ્યાનની સાધના પૂરી થાય એટલે સવારે નીચે આવતા. નીચે આવવાનો સમય લોકો જાણતા અને એ સમયે લોકો તેમનાં દર્શન માટે તળેટીમાં એકત્ર થતા. એક દિવસ નિશ્ચિત સમય કરતાં ઘણો વધુ સમય લાગ્યો. એથી શ્રાવકોને ચિંતા થઈ. તેઓ પર્વત ઉપર જઈ તપાસ કરવાનો વિચાર કરતા હતા એટલામાં મહારાજશ્રી નીચે પધાર્યા. લોકોએ મોડું થવાનું કારણ પૂછ્યું, મહારાજશ્રીએ પહેલાં તો કશું કહેવાની અનિચ્છા દર્શાવી, પરંતુ પછી શ્રાવકોનો આગ્રહ થતાં એમણે કહ્યું કે 'હું ધ્યાનમાં હતો તે વખતે રાત્રે એક વાઘ મારી બાજુમાં આવીને બેસી ગયો. સૂર્યોદય થયો છતાં એ ખસતો નહોતો. એને મૂકીને આવવાની મારી ઈચ્છા નહોતી. એ ચાલ્યો ગયો એટલે હું નીચે આવ્યો.'

મહારાજશ્રીના જીવનમાં એમના તપના પ્રભાવે ઘણા ચમત્કારિક પ્રસંગો બન્યા હતા મહારાજશ્રીના આશીર્વાદથી કોઈને કુષ્ઠ રોગ ચાલ્યો ગયો હોય અથવા કોઈનું મૂંગાપણું ચાલ્યું ગયું હોય એવા પ્રસંગો પણ બન્યા છે મહારાજશ્રીનું ચારિત્ર કેટલું નિર્મળ હતું અને એમના હૃદયમાં કરુણાભાવ કેટલો બધો હતો તે એ દર્શાવે છે.

મહારાજશ્રી જ્યારે લલિતપુરમાં ચાતુર્માસ માટે પધાર્યા ત્યારે લોકોએ એમનું હર્ષપૂર્વકભાવથી સ્વાગત કર્યું. મહારાજશ્રીને ગૃહસ્થાવસ્થાથી કઠોર તપશ્ચર્યાનો ઘણો સારો મહાવરો હતો. પાંચ પંદર દિવસના ઉપવાસ એ એમને મન રમત વાત હતી. લલિતપુરના ચાતુર્માસ દરમિયાન એમણે જાહેરાત કરી કે પોતે ચાતુર્માસ દરમિયાન સિંહવિક્રીડિત તપ કરશે. આ તપ ઘણું કઠિન છે. એમાં સિંહની જેમ પરાક્રમ કરવાનું - બળ દાખવવાનું હોવાથી તે સિંહ - વિક્રીડિત તપ કહેવાય છે. એમાં પંદર દિવસના ઉપવાસના પારણે પંદર દિવસના ઉપવાસ આવે છે અને એ રીતે સમગ્ર ચાતુર્માસ દરમિયાન એ તપ કરવાનું હોય છે. આ રીતે સમગ્ર ચાતુર્માસ દરમિયાન આહાર લેવાના દિવસ ફક્ત ચાર કે પાંચ આવે. વળી દિગમ્બર આમ્નાય પ્રમાણે આહારને દિવસે જો કોઈ અંતરાય આવે તો મુનિઓ આહાર છોડી દે છે, એટલે પારણાને દિવસે મહારાજશ્રીને કોઈ અંતરાય ન આવે એ માટે શ્રાવકો બહુ ચિંતાતુર રહેતા અને પૂરી કાળજી રાખતા હતા. આ રીતે મહારાજશ્રીએ પોતાની તપશ્ચર્યા ચાલુ રાખી હતી. કોઈ કોઈ વખત એને લીધે એમને તાવ આવી જતો. ત્યારે ગૃહસ્થો એમને એ તપશ્ચર્યા છોડી દેવા માટે આગ્રહભરી વિનંતી કરતા, પરંતુ મહારાજશ્રી પોતાના વ્રતમાં સર્વથા દૃઢ રહ્યા હતા. આમ લલિતપુરના ચાતુર્માસ દરમ્યાન મહારાજશ્રીએ સિંહવિક્રીડિત તપશ્ચર્યા અદ્‌ભુત રીતે પાર પાડી હતી.

એકવાર મહારાજશ્રી એક ગામની અંદર સ્થિર હતા અને ધર્મસ્થાનકમાં સામાયિકમાં કાઉસગ્ગ ધ્યાનમાં બેઠા હતા. તેઓ એકાગ્રચિત્તે ધ્યાનમાં સ્થિર થઈ ગયા હતા. એ વખતે એવું બન્યું કે ત્યાં પાસે કોઈ કીડીનું દર હતું. કીડીઓ ત્યાંથી નીકળી. ઘડીકમાં સેંકડો કીડીઓ બહાર નીકળી આવી. કેટલીક કીડીઓ મહારાજશ્રીના શરીર ઉપર ચઢી ગઈ. દિગમ્બર નગ્ન મુનિના શરીર ઉપર ચઢેલી કોઈ કોઈ કીડીઓ ચટકા મારવા લાગી તો પણ શાંતિસાગરજી પોતાના ધ્યાનમાંથી ચલિત થયા નહિ. એમ કરતાં કરતાં કીડીઓ વધતી ગઈ અને શાંતિસાગરજીના પગ નીચે ફરતી થઈ. કેટલીક કીડીઓ એમના પુરુષ- લિંગ સુધી પહોંચી અને કેટલીક કીડીઓનો ત્યાં ચોંટી જઈને જોરથી ચટકા મારવા લાગી. એ ચટકા એટલા બધા ઉગ્ર હતા કે શાંતિસાગરજીના પુરુષ લિંગમાંથી લોહી વહેવા લાગ્યું, પરંતુ તેમ છતાં તેઓ તો પોતાના ધ્યાનમાં જ નિમગ્ન હતા. જ્યારે તેઓ પોતાના ધ્યાનમાંથી જાગૃત થયા ત્યારે જ તેમને ખબર પડી કે કીડીઓ ઉપદ્રવ થયો છે અને પોતાના શરીરમાંથી લોહી પણ નીકળ્યું છે. આમ છતાં પોતે નિશ્ચલ બેસી રહ્યા કે જેથી કોઈ કીડી ચગદાઈ ન જાય. તેમણે કીડીઓને પોતાની મેળે ચાલી જવા દીધી બધી કીડી ગઈ પછી તેઓ ઊભા થયા. કીડીઓએ એમના શરીરને ચટકા માર્યા અને લોહી પણ કાઢ્યું પરંતુ તેઓ તો ચાલી જતી કીડીઓને કરુણાભરી નજરે જોતા રહ્યા હતા.

મહારાજશ્રી પરિસ્થિતિ અને સમયાનુસાર ઉપદેશ આપતા. તત્ત્વજિજ્ઞાસુ વ્યક્તિઓ બેઠી હોય ત્યારે તેમની સાથે તેઓ આત્મતત્ત્વની વિચારણા કરતા. સામાન્ય સરેરાશ શ્રાવકો વ્યાખ્યાન સાંભળવા આવ્યા હોય ત્યારે તેઓ અહિંસાદિ બાર વ્રતો અને સદાચારની વાત કરતા. મધ્યપ્રદેશ, બિહાર અને ઉત્તર ભારતના

જંગલોમાંથી તેઓ જયારે જયારે પસાર થતા અને આદિવાસીઓના કોઈ સ્થળે મુકામ કરવો પડતો ત્યારે ત્યારે તેઓ આદિવાસીઓને ઉપદેશ આપતી વખતે પ્રાણીઓનો શિકાર ન કરવો, માંસાહાર ન કરવો, દારૂ જેવાં માદક પીણાં ન પીવાં, ચોરી ન કરવી અને પરસ્ત્રીગમન ન કરવું. એ વિશે ઉપદેશ આપતા. તેમની ઉપદેશવાણી સરળ, મધુર અને હૃદયમાં સોંસરી ઊતરી જાય એવી રોચક અને સચોટ રહેતી, કારણક કે તેઓ જે કંઈ કહેતા તે એમના હૃદયમાંથી આવતું. એમના ઉપદેશમાં એમના ચારિત્રની સુવાસ રહેતી.

દિગમ્બર સાધુઓને વિહારમાં ઘણી મુશ્કેલી પડતી હોય છે. કેટલાક જૈનેતર લોકોને દિગમ્બર પરંપરાની પૂરી જાણકારી ન હોવાને કારણે દિગમ્બર સાધુઓ પ્રત્યે અકારણ દ્વેષ થતો હોય છે. એ લોકોએ આવું દશ્ય કયારેય જોયું હોતું નથી. અન્ય ધર્મીઓને પણ કેટલીકવાર ધર્મદ્વેષની બુદ્ધિથી પણ ઝનૂન ચઢી આવતું હોય છે. આવી એક ઘટના ઈ.સ. ૧૯૩૦ માં મહારાજશ્રી મધ્યપ્રદેશમાં ધવલપુર રાજયના રાજાખેડા નામના ગામમાં હતા ત્યારે બની હતી. રાજાખેડામાં મહારાજશ્રીના વ્યાખ્યાનનો પ્રભાવ ઘણો મોટો પડયો હતો. આસપાસનાં ગામોમાંથી પણ સેંકડો લોકો વ્યાખ્યાન સાંભળવા આવતા.

નગ્ન સાધુઓનો આ ઉત્સવ જોઈને કેટલાક અજૈન લોકોને બહુ દ્વેષ થયો. તેઓએ જૈનો ઉપર હલ્લો કરવાનું કાવત્રુ કર્યું. લગભગ ૫૦૦ ગુંડાઓ હથિયાર લઈને હલ્લો કરવા આવી પહોંચ્યા. શ્રાવકોએ અગમચેતી વાપરી અને પોતાના સંરક્ષણ માટે તૈયાર કરી. તેમ છતાં આ હુમલામાં કેટલાક શ્રાવકો જખમી થયા. હુમલો કરીને ગુંડાઓ નાસી ગયા. આ વાતની જાણ થતાં ધવલપુરના રાજાએ તરત પોલિસ ટુકડી મોકલી આપી. કેટલાક ગુંડાઓને પકડીને જેલમાં પૂરવામાં આવ્યા. આ વાતની ખબર પડતાં મહારાજશ્રીએ પોતે જાહેરાત કરી કે જયાં સુધી ગુંડાઓને જેલમાંથી છોડીને તેમને માફી આપવામાં નહિ આવે ત્યાં સુધી પોતે ઉપવાસ કરશે. મહારાજશ્રીના ઉપવાસ ચાલુ થયા. રાજયના અધિકારીઓ મહારાજશ્રી પાસે મસલત કરવા આવ્યા. મહારાજશ્રી એ કહ્યું કે 'સંસારમાં અમારે કોઈની સારે શત્રુતા નથી. એટલે ગુંડાઓ જેલમાં હોય ત્યાં સુધી આહાર લેવાનું અમને કેવી રીતે ગમે ?' છેવટે મહારાજશ્રીની આગ્રહભરી વિનંતીને માન આપીને રાજય તરફથી ગુંડાઓને છોડી મૂકવામાં આવ્યા, મહારાજશ્રીએ ત્યાર પછી પારણું કર્યું. આથી ગુંડાઓના હૃદયનું પરિવર્તન થયું અને પોતાની ભૂલ માટે મહારાજશ્રી પાસે આવીને તેઓએ પશ્ચાત્તાપપૂર્વક ક્ષમા માગી.

ઉત્તર ભારતના વિહાર દરમિયાન મહારાજશ્રીએ હસ્તિનાપુર, અલ્વર, મહાવીરજી, જોધપુર, જયપુર, આગ્રા વગેરે સ્થળે મુકામ કર્યો હતો. વિહાર દરમિયાન સ્થળે સ્થળે પંચકલ્યાણક મહોત્સવ, રથયાત્રા, વ્યાખ્યાન વગરે દ્વારા ધર્મની સારી પ્રભાવના થઈ હતી. મહારાજશ્રીના દર્શન - વંદન માટે અને એમની વાણીના શ્રવણ માટે હજારો લોકો ઉમટતા હતા. સ્થળે સ્થળે જિનમંદિરના નિર્માણ માટે અથવા જીર્ણોદ્ધાર માટે, પાઠશાળાઓ માટે યોજનાઓ થતી રહી હતી. મહારાજશ્રી આગ્રા પધાર્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેમની આગળ તાજમહાલ જોવાનો પ્રસ્તાવ મૂકયો હતો. પરંતુ મહારાજશ્રીએ તાજમહાલ જોવાની જરા સરખી પણ જિજ્ઞાસા બતાવી ન હતી, કારણકે આત્માના સૌન્દર્ય પાસે તાજમહાલનું સૌન્દર્ય કશી વિસાતમાં નથી. જેમણે આત્મકલ્યાણ કરવું છે તેમણે આવા ભૌતિક સૌન્દર્યના દર્શનના પ્રલોભનમાં પડવાનું ન હોય એમ તેઓ સ્પષ્ટપણે માનતા હતા. એથી જ તેઓ તાજમહાલ જોવા ગયા ન હતા.

મહારાજશ્રીને કેવળ કરવા ખાતર વાદવિવાદ કરવાનું ગમતું નહિ. તેઓને એમ સમજાય કે તેમની પાસે આવેલી વ્યકિત માત્ર ચર્ચા કરવા જ આવી છે તો તેવી ચર્ચા તેઓ ટાળતા. તેમણે વિતંડાવાદમાં રસ નહોતો. આવી ચર્ચા ઉપસ્થિત થાય ત્યારે તેઓ તે ટાળીને પોતાના સ્વાધ્યાયમાં લાગી જતા. મહારાજશ્રીને જયારે લાગે કે વાતચીત કરવા આવનાર વ્યકિત સાચે જ જિજ્ઞાસુ છે તો તેની સાથે તેઓ મુકત મનથી તત્ત્વચર્ચા કરતા. મહારાજશ્રીનો સ્વાધ્યાય ઘણો ઊંડો હતો, એમનું વાંચન વિશાળ હતું. એમનું ચિંતન - મનન ઘણું ગહન હતું, એમની સમક્ષ ધ્યેયની સ્પષ્ટતા હતી. એટલે બીજાને સમજાવવા માટે એમને બહુ વિસ્તાર કરવાની જરૂર પડતી નહિ. તેઓ એકાદ ધાર્મિક ઉદાહરણ આપીને સંક્ષેપમાં છતાં સ્પષ્ટતાથી સમજાવી શકતા.

એક વખત મહારાજશ્રી એક ગામમાં સ્થિરતા કરીને રહ્યા હતા ત્યારે કેટલાક માણસોનું એક મોટું ટોળુ તેમની પાસે આવીને બેઠું. આવનાર માણસો માત્ર જિજ્ઞાસાથી આવ્યા હતા. તેમનામાં કોઈ ધર્મના સંસ્કાર કે ધર્મની રુચિ નથી એમ વાત ચીત પરથી જણાયું. તેઓ ઘણો દૂરથી આવ્યા છે એવું તેઓએ કહ્યું તેઓમાંના મુખ્ય આગેવાને કહ્યું, 'મહારાજશ્રી અમે જિંદગીમાં કોઈ દિવસ આવી રીતે નગ્ન મનિને જોયા નથી. બધાની વચ્ચે માણસ નગ્ન અવસ્થામાં હરતા ફરતા હોય એનું અમને બહુ કુતુહલ હતું. એટલે અમે અહીં આપને જોવા આવ્યા છીએ.' મહારાજશ્રીએ પ્રસન્નાતાપૂર્વક નર્મ વિનોદ કરતાં કહ્યું, 'ભાઈઓ, તમે આટલા બધા માઈલ ચાલવાનું કષ્ટ ખોટું લીધું. તમારા ગામમાં તમે કોઈ નગ્ન વાનરને જોઈ લીધો હોત તો તમારી જિજ્ઞાસા સંતોષાઈ જાત ! આટલે દૂર આવવાની કાંઈ જરૂર નહોતી.'

કયારેક પ્રસંગાનુસાર નર્મ વિનોદપૂર્વક વાત કરવાની મહારાજશ્રીની જે રીત હતી તે આવા પ્રસંગ ઉપરથી જોવા માળે છે.

દિગમ્બર મુનિઓને તેમની નગ્નાવસ્થાને કારણે રસ્તામાં વિહારની ઘણી તકલીફો પડતી હોય છે. સામાન્ય રીતે ગૃહસ્થ સમાજમાં કોઈ ગાંડો માણસ હોય તો તે જ રસ્તા ઉપર નગ્નાવસ્થામાં નીકળી પડે. પરંતુ પોલિસ પોતાની સત્તાથી તેને પકડી શકે. સમગ્ર દુનિયાના બધા જ રાષ્ટ્રોમાં કાયદો છે કે માણસ નગ્નાવસ્થામાં રસ્તા ઉપર ફરી શકે નહિ. તેમ કરવા કોઈ જાય તો તેની ધરપકડ થાય. આ કાયદો દિગમ્બર મુનિને લાગુ પડે કે કેમ ? એકંદરે તો દિગમ્બર મુનિઓ વહેલી સવારમાં અજવાળું થતાં પહેલાં વિહાર કરીને પોતાના મુકામે પહોંચી જતા હોય છે, એટલે આવો સંભવ ઓછો હોય છે. આહાર વગેરે માટે કે અન્ય પ્રસંગોએ દિવસ દરમિયાન તેઓને રસ્તા પર ચાલવાના નિમિત્તો પ્રાપ્ત થતાં હોય છે. તેમ છતાં શાંતિસાગરજી મહારાજે પોતાના દષ્ટાંતથી નકકી કરાવી આપ્યું હતું કે દિગમ્બર મુનિને ગૃહસ્થનો એ કાયદો લાગુ પડી શકે નહિ.

શાન્તિસાગરજી મહારાજના જમાનામાં ભારતમાં અનેક દેશી રાજયો હતાં તથા અન્યત્ર બ્રિટિશ શાસન હતું. એટલે જુદા જુદા પ્રદેશમાં જુદા જુદા કાયદા રહેતા. મુસલમાની રાજયોમાં તો વળી જૈન દિગમ્બર સાધુઓ માટે વધુ કડક કાયદા રહેતા. આવી એક ઘટના ઈસ્લામપુરા નામના નગરમાં બની હતી. ત્યાં તેમના વિહાર ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો. નગ્ન સાધુને જોઈને પોતાના ધર્મના લોકોની લાગણી દુભાય છે એવું કારણ રાજય તરફથી આપવામાં આવ્યું હતું. દેશી રાજયોમાં લોકશાહી ઢબે ન્યાયપદ્ધતિ જેવું એ જમાનામાં ઓછું હતું. એટલે એ વખતે આ પ્રતિબંધની સામે શાંતિસાગરજીએ આમરણ ઉપવાસ જાહેર કર્યા હતા. ચાર દિવસના ઉપવાસ થયા પછી વાતાવરણ ઘણું તંગ થયું હતું. રાજય કક્ષાએ ઘણો ઉહાપોહ મચ્યો હતો અનેછેવટે રાજયને શાંતિસાગરજીના વિહાર પર ફરમાવેલા પ્રતિબંધને પાછો ખેંચી લેવો પડયો હતો.

મહારાજશ્રીએ દક્ષિણ ભારત, મધ્ય પ્રદેશ, ઉત્તર ભારત, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં વ્યાપક વિહાર કર્યો હતો. દક્ષિણમાં હૈદ્રાબાદના નિઝામ રાજય તરફથી પહેલાં દિગમ્બર સાધુઓના વિહાર ઉપર પ્રતિબંધ હતો, પરંતુ નિઝામ સરકારને સમજાવવાથી એ કાયદો કાયમ માટે રદ કરવામાં આવ્યો હતો.

આવો પ્રશ્ન ફરી એક વાર ઉત્તર ભારતમાં ઉપસ્થિત થવાની શકયતા હતી. મહારાજશ્રી વિહાર કરતાં કરતાં દિલ્હી જવાના હતા. દિલ્હીમાં ત્યારે બ્રિટીશ રાજય હતું. ભારતની આ રાજધાનીમાં ત્યારે કાયદાઓ વધુ કડક હતા. એટલે મહારાજશ્રીને ઘણા શ્રાવકોએ વિનંતી કરી કે તેઓ દિલ્હી ન પધારે તો સારું. પરંતુ મહારાજશ્રી પોતે અત્યંત મકકમ હતા. તેમણે ભકતોને કહ્યું કે 'સરકાર મને વધુમાં વધુ શું કરી શકે ? મૃત્યુની સજા કરી શકે. એ કરે તો પણ મને તેનો ડર નથી.' આથી મહારાજશ્રીએ દિલ્હી તરફ વિહાર કર્યો. નગ્ન સાધુ આવે છે એની જાણ થતાં તેમને અટકાવીને તેમની ધરપકડ કરવાની સૂચના અંગ્રેજ કલેકટર દ્વારા પોલિસને અપાઈ ચૂકી હતી. મહારાજશ્રી વિહાર કરતા દિલ્હી તરફ આવ્યા, રસ્તામાં પોલિસે તેમને અટકાવ્યા, પરંતુ શું કરવું તેની પોલિસને સમજણ ન પડી. ઘણો ઉહાપોહ મચ્યો. પરિસ્થિતિ અને ધાર્મિક પરંપરાને સમજતાં ગોરા કલેકટરને વાર લાગી

નહિ. તેમણે તરત જ નગ્ન જૈન મુનિને રસ્તા ઉપર ચાલીને ગમે ત્યાં વિહાર કરવાની છૂટ આપી દીધી. આ કોઈ જેવા તેવો વિજય ન હતો. દિલ્હી જેવી રાજધાનીમાં આવી ઘટના બને એનો અર્થ જ એ કે ભારતના બીજા કોઈ પણ શહેરમાં બીજી કોઈ પણ સરકાર તેમને હવે અટકાવવાની હિંમત કરી શકે નહિ. મહારાજશ્રીએ આ રીતે ઉત્તર ભારતના અને ભારતના અન્ય પ્રદેશોમાં વિહાર કરીને દિગમ્બર મુનિચર્યાથી જૈન સમાજ ઉપરાંત અન્ય સમાજને પણ પરિચિત અને પ્રભાવિત કરી દીધો હતો.

ઉત્તર ભારતમાં વિહાર કરીને ત્યાર પછી મહારાજશ્રીએ રાજસ્થાનમાં જયપુર, ઉદયપુર, બ્યાવરમાં તથા ગુજરાતમાં પ્રતાપગઢ, ગોરલમાં ચાતુર્માસ કરી નાસિક પાસે ગજપંથા ઈ.સ. ૧૯૩૭માં પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. તેમના નિરતિચાર સંયમપૂર્ણ જીવન માટે અને તેમણે કરેલી ધર્મજીભાવના માટે ગજપંથામાં એમને 'ચારિત્ર ચક્રવર્તી ' નું બિરુદ આપવામાં આવ્યું હતું.

આચાર્ય શાંતિસાગરજીના જીવનની એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના તે જૈન મંદિરોમાં હરિજનોના પ્રવેશ માટે ઘડાયેલા કાયદાનો પ્રતિકાર કરવા અંગેની છે.

ઈ. સ. ૧૯૪૭ માં ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ તે પછી જુદા જુદા રાજ્યોમાં સામાજિક સુધારાઓ કરવા માટે નવા નવા પ્રગતિશીલ કાયદાઓ ઘડવામાં આવ્યા. એ વખતે ગુજરાત- મહારાષ્ટ્ર અને કર્ણાટકનાં રાજ્યો જુદાં નહોતાં. એ ત્રણે મળીને પહેલાંનું મુંબઈ રાજ્ય હતું. મુંબઈ રાજ્યની ધારાસભામાં તે વખતે એક કાયદો પસાર કરવામાં આવ્યો. તે મુજબ હરિજનોને હિન્દુ મંદિરોમાં કોઈ પણ પ્રકારની રોક ટોક વિના પ્રવેશ કરવાનો હકક આપવામાં આવ્યો. હરિજનોને ત્યારે સામાજિક દૃષ્ટિએ બહિષ્કૃત ગણવામાં આવતા હતા. હિન્દુ મંદિરોમાં તેમને પ્રવેશવાની મનાઈ હતી. એટલે આવા કાયદાની આવશ્યકતા હતી. પરંતુ જૈન મંદિરો અને હિન્દુ મંદિરો વચ્ચે તફાવત છે. કાયદાનો અમલ કરનારા સરકારી અધિકારીઓ પણ એમ કહેવા લાગ્યા હતા કે જૈન મંદિર તે હિન્દુ મંદિર જ ગણાય. માટે આ નવા કાયદા દ્વારા જૈન મંદિરમાં પણ હરિજનોને પ્રવેશવાનો હકક છે.

આચાર્ય શાંતિસાગરજી તે વખતે સોલાપુરમાં ચાતુર્માસ પૂરું કરીને કર્ણાટકમાં અકલૂજ નામના ગામમાં પધાર્યા હતા. ત્યાં તેમનું ચાતુર્માસ પણ નકકી થયું હતું. તેમણે મુંબઈ સરકારના આ કાયદાનો વિરોધ કર્યો અને સરકાર જયાં સુધી કાયદો પાછો ન ખેંચી લે ત્યાં સુધી પોતે અન્નત્યાગ (સંપૂર્ણ ઉપવાસ નહિ) જાહેર કર્યો.

શાંતિસાગરજી મહારાજનું કહેવું એ હતું કે જૈન મંદિરનો હિન્દુ મંદિરમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે યોગ્ય નથી, કારણ કે જૈનધર્મ અને હિન્દુધર્મ વચ્ચે તાત્ત્વિક દૃષ્ટિએ તફાવત છે. જૈનધર્મની પરંપરા અને હિન્દુધર્મની પરંપરા સ્પષ્ટ રીતે ભિન્ન છે. જૈન ધર્મ વર્ણાશ્રમમાં માનતો નથી. એથી જ જૈનધર્મની આરાધના કરવાની બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ દરેકને સરખી છૂટ છે. ઈતિહાસમાં એના ઘણા દાખલા છે. જૈન ધર્મમાં માનનાર હરિજનને જૈનધર્મે કયારેય મંદિરમાં પ્રવેશવાનો ઈન્કાર કર્યો નથી. એટલે જૈનધર્મ હરિજનોનો વિરોધી નથી. જૈન મંદિરમાં એની ક્રિયાવિધિ અનુસાર ઉપાસના કરનાર સર્વકોઈને પ્રવેશવાની છૂટ છે. પરંતુ નવા કાયદા દ્વારા જે રીતે હિન્દુ મંદિરોમાં હરિજનોને પ્રવેશવાની છૂટ આપવામાં આવી છે એવી રીતે જૈનધર્મમાં ન માનનાર હરિજનોને કે બીજા કોઈને પણ જૈન મંદિરમાં પ્રવેશવાની છૂટ ન આપી શકાય, કારણ કે એમ કરવાથી જૈનોની ઉપાસના વિધિમાં વિક્ષેપ પડે અને સંઘર્ષ થાય. જિજ્ઞાસા ખાતર જેમ ભારતના અન્ય ધર્મીઓ, યુરોપિયનો વગેરેને જૈન મંદિરમાં દાખલ થવા દેવામાં આવે છે તેવી રીતે જૈનધર્મમાં ન માનનાર હરિજનોને પણ જિજ્ઞાસા ખાતર જૈન મંદિરની મુલાકાત લેવી હોય તો તે માટે પણ છૂટ હોય જ છે. એટલે કાયદામાં રહેલી આ વિસંગતિ દૂર થવી જોઈએ.

શાંતિસાગરજી મહારાજના વિચારો તદ્દન સ્પષ્ટ હતા, પરંતુ લોકજુવાળ જુદી દિશાનો હતો. કાયદો પસાર થતાં મુંબઈ રાજયના કેટલાય નગરોનાં હિન્દુ મંદિરોમાં ટોળાબંધ હરિજનોએ પ્રવેશ કર્યો. એક રીતે એ આવકાર્ય પગલુ હતું. પરંતુ કર્ણાટકના કેટલાક ગામમાં શાંતિસાગરજી મહારાજના અનુરોધને લીધે હરિજનોને જૈન મંદિરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા. પરંતુ અકલૂજ જિલ્લા અધિકારીએ રાતને વખતેજૈન મંદિરનું તાળું તોડાવી મહેતર, ચમાર વગેરે હરિજનોને મંદિરમાં દાખલ કરાવ્યા. એને લીધે રમખાણો થયાં. અને કેટલાક લોકોની ધરપકડ પણ થઈ. કાયદો મંદ ગતિએ ચાલે છે. એ દિવસોમાં અમુક વર્ગની લાગણીને માન આપી કાયદામાં તરત ફેરફાર કરવાનું વલણ પણ નહોતું. જૈનો તરફથી ઠેઠ કેન્દ્ર સરકાર સુધી આ બાબતમાં સત્તાવાર રજૂઆત કરવામાં આવી, પરંતુ તેનું જલ્દી કંઈ પરિણામ આવ્યું નહિ. પરંતુ અકલૂજના બનાવ અંગે જૈનો તરફથી કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો અને મુંબઈની હાઈકોર્ટ સુધી એ કેસ પહોંચ્યો. તે વખતે ન્યાયધીશ શ્રી એમ.સી. ચાગલા અને ન્યાયાધીશ શ્રી ગજેન્દ્રગડકરે સરકારની અને જૈનોની એમ બંને પક્ષોની રજૂઆત અને દલીલો પૂરેપૂરી સાંભળીને એવો ચૂકાદો આપ્યો કે જૈન મંદિર એ હિન્દુ મંદિર નથી. જૈનોની ઉપાસના વિધિ જુદી જ છે. એથી હરિજનોને કાયદા હેઠળ હિન્દુ મંદિરોમાં દાખલ થવાની જે છૂટ આપવામાં આવી છે તે જૈન મંદિરને લાગુ પડતી નથી. આમ હાઈકોર્ટનો ચુકાદો જૈનોની તરફેણમાં આવ્યો.

આચાર્ય શાંતિસાગરજી મહારાજ પોતાના વિચારોમાં કેટલા સ્પષ્ટ, સાચા અને મકકત હતા તે આ પ્રસંગ ઉપરથી જોઈ શકાય છે. અલબત્ત આ વિવાદમાં નિર્ણય આવતાં સમય ઘણો ગયો. નવો કાયદો પસાર થયો અને ૨૪મી જુલાઈ, ૧૯૫૧ ના રોજ કોર્ટનો ચુકાદો આવ્યો ત્યાર પછી એટલે કે કુલ ૧૧૦૫ દિવસ પછી મહારાજશ્રીએ અન્નાહાર લીધો. અલબત્ત આ ત્રણેક વર્ષના ગાળા દરમિયાન અન્નાહારના ત્યાગને લીધે એમનું શરીર ઘણું ક્ષીણ થઈ ગયું હતું., પરંતુ એમનું આધ્યાત્મિક તેજ જરાપણ ઓછું થયું ન હતું. આટલા દિવસો દરમિયાન એમણે જુદા જુદા મંત્રોના કરોડો જાપ કર્યા હતા.

ઈ. સ. ૧૯૫૨ ના જૂન માસમાં ફલટણ શહેરમાં મહારાજશ્રીનો રાષ્ટ્રીય સ્તરે હીરક મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. પોતાના જીવનનાં ૮૦ વર્ષ તેમણે પૂરાં કર્યાં હતાં. ૮૧ મું વર્ષ ચાલતું હતું. ત્રણ દિવસના એ મહોત્સવમાં ભારતભરમાંથી નામાંકિત વ્યકિતઓ પધારી હતી. તેઓના પ્રાસગિક વકતવ્યો થયાં. હાજર ન રહી શકનાર ઘણા મહાનુભાવોના સંદેશાવાંચન ઉપરાંત ત્રણે દિવસ મહારાજશ્રીએ પોતાના ઉદ્બોધનમાં જિનમંદિર, જિનવાણી, અહિંસાદિ મહાવ્રતો, દયા, પુરુષાર્થ વગેરેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

મહારાજશ્રી કુંથલગિરિમાં હતા તે વખતે એમણે શ્રાવકોને જિનાગમનું મહત્ત્વ સમજાવ્યું. તીર્થંકર ભગવાનની અનુપસ્થિતિમાં જિનવાણી દ્વારા જ જિનેશ્વર ભગવાનની ભકિત ઉત્તમ પ્રકારની થઈ શકે. મોક્ષમાર્ગને સમજવા માટે અને તેમાં આત્મવિકાસ સાધીને મોક્ષગતિ પામવા માટે જિનાગમ એ જ આ કાળમાં સર્વશ્રેષ્ઠ આલંબન છે. એટલા માટે એમણે જિનાગમનું મહત્ત્વ શ્રાવકોને સમજાવીને તે નષ્ટ ન થાય તથા તેની યોગ્ય જાળવણી થઈ શકે એ માટે શ્રુતવ્યવસ્થાની એક યોજના શ્રાવકો સમક્ષ રજૂ કરી.

ષટ્ખંડાગમ અને કસાયપાહુડ તથા તેના ઉપરની ટીકા 'ધવલા' (૭૨૦૦૦ ગાથા) 'જય ધવલા' (૬૦૦૦૦ ગાથા) અને 'મહાબંધ-મહાધવલ (૪૦૦૦૦ ગાથા) એ ત્રણ સિદ્ધાન્તગ્રંથોની લગભગ પોણા બે લાખ ગાથાઓ તામ્રપત્ર ઉપર કોતરાવવાની દરખાસ્ત રજૂ કરી. એના ખર્ચ માટેની જવાબદારી કેટલાક શ્રેષ્ઠીઓએ અને સંઘે ઉપાડી લીધી. એ યોજના અનુસાર ઈ. સ. ૧૯૫૪ માં મહારાજશ્રીના નામથી જિનવાણી જીર્ણોદ્ધાર સંસ્થા સ્થપાઈ અને તામ્રપત્રો કોતરવાનું કાર્ય ચાલું થયું. તદુપરાંત ઈ. સ. ૧૯૫૪ માં ફલટણમાં શ્રુતભંડાર અને ગ્રંથ પ્રકાશન સમિતિની નિયુકિત કરવામાં આવી. ફલટણ શહેર દક્ષિણ ભારતમાં જૈનોના કાશી તરીકે આળખાય છે. એટલે મહારાજશ્રી એ ફલટણ શહેરની પસંદગી કરી.

આ રીતે મહારાજશ્રીએ શ્રુત સંરક્ષણની અને આગમગ્રંથોના જીર્ણોદ્ધારની કાયમી યોજના કરાવી. મહારાજશ્રીના હસ્તે થયેલા મહત્ત્વનાં ઐતિહાસિક કાર્યોમાં આ પણ એક મહત્ત્વનું કાર્ય હતું. આશરે ૨૬૬૪ તામ્રપત્રો ઉપર આ ગ્રંથો કોતરવામાં આવ્યા. એટલા તામ્રપત્રોનું વજન લગભગ પચાસ મણ જેટલું થાય.

તામ્રપત્રો કોતરાવવા ઉપરાંત મહારાજશ્રીએ રત્નકરંડ શ્રાવકાચાર, સમયસાર, સર્વાર્થસિદ્ધિ, અનગાર ધર્મામૃત, સાગારધર્મામૃત, મૂલાચાર વગેરે ગ્રંથો છપાવીને પ્રકાશિત કરવાની યોજના પણ કરી.

મહારાજશ્રીનો જીવનકાળ જેમ ભવ્ય હતો તેમ તેમનો અંતકાળ

પણ ભવ્ય હતો. આવા જૈન મહાત્માઓ સ્વેચ્છાપૂર્વક દેહનું વિસર્જન કરતા હોય છે.

મહારાજશ્રી કુંથલગિરિમાં ઈ. સ. ૧૯૫૩ માં ચાતુર્માસ કર્યા પછી ફલટણ પધાર્યા હતા. ફલટણમાં ચાતુર્માસ કરી તેઓ ફરી પાછા કુંથલગિરિ પધાર્યા. ત્યારે તેમની ઉપર ૮૩ વર્ષની થઈ ગઈ હતી. તેમનું સ્વાસ્થ્ય પહેલાં જેવું હવે સારું રહેતુ ન હતું. આંખે મોતિયો આવી ગયો હતો. ઓપરેશન કરાવવામાં કદાચ બંને આંખો જાય એવું જોખમ હતું. મહારાજશ્રી બારામતીમાં હતા ત્યારે જ તેમને લાગ્યું હતું કે હવે પોતાનું શરીર ધર્મારાધના માટે પહેલાં જેવું સારું રહ્યું નથી. શરીર જયારે સારું ન રહેતું હોય ત્યારે આચારધર્મના પાલનમાં પણ બળ અને ઉત્સાહ ઓછાં થાય. આચાર્યશ્રી નિરતિચાર સાધુ જીવન જીવ્યા હતા અને અંત સુધી તે પ્રમાણે જીવવા ઈચ્છતા હતા. એટલે જ પોતાના આચારમાં શિથિલતા આવે તેના કરતાં દેહ ત્યાગ કરવો એ એમને મતે વધુ સારો અને સાચો વિકલ્પ હતો એટલે ઈ. સ. ૧૯૫૫ માં તેઓ જયારે કુંથલગિરિ પધાર્યા ત્યારે સંલેખનાવ્રત લેવાની પોતાની ઈચ્છા એમણે જાહેર કરી, પહેલાં 'નિયમ સંલેખના' વ્રત લીધું. આ વ્રત મર્યાદિત કાળનું હોય છે અને આમરણાંત સંલેખનાવ્રત માટેની પૂર્વ તૈયારી રૂપે હોય છે. એથી વ્યકિતને પોતાને ખ્યાલ આવી જાય છે કે પોતે સારી રીતે આમરણાંત સંલેખના વ્રત પાળી શકશે કે કેમ ? એ દિવસો દરમિયાન મહારાજશ્રી ઉપવાસ કરતા અને વચ્ચે વચ્ચે કોઈ કોઈ દિવસ બે કોળિયા જેટલો આહાર કરતા. ત્યાર પછી મહારાજશ્રી એ ૧૫ મી ઓગસ્ટ, ૧૯૫૫ ના દિવસે યમ સંલેખના વ્રત (મારણાંતિક સંલેખના વ્રત) જાહેર કર્યું. સંલેખનામાં સત્તર પ્રકારના જે મરણ શાસ્ત્રકારોએ ગણાવ્યાં છે તેમાંથી પોતે 'ઈંગિની મરણ'ના પ્રકારનું વ્રત સ્વીકાર્યું હતું.

આ પ્રકારના સંલેખના વ્રતમાં ઊઠબેસ કરવાની તથા ઈશારો વગેરે કરવાની તથા જરૂર પડે બોલવાની છૂટ હોય છે. સંલેખનાની જાહેરાત થતાંની સાથે મહારાજશ્રીના ભકતો એમના અંતિમ દર્શનને માટે ચારે બાજુથી આવવા લાગ્યા.

ઉપવાસ ચાલુ થતાં મહારાજશ્રીની તબિયત ધીમે ધીમે ક્ષીણ થવા લાગી. તેઓ રોજ યથાશકિત ઉપદેશ આપતા. આ સમય દરમિયાન એમણે પોતાના પછી સમુદાયના વડા તરીકે પોતાના પ્રથમ શિષ્ય વીરસાગર મહારાજને આચાર્ય તરીકે ઘોષિત કર્યા. વીરસાગર મહારાજ ત્યારે જયપુરમાં ચાતુર્માસ અર્થે બિરાજમાન હતા. એમને ત્યાં સંદેશો પહોંચાડવામાં આવ્યો. મહારાજશ્રીના અન્ય કેટલાક શિષ્યો એમની સેવા - સુશ્રૂષામાં લાગ્યા હતા.

મહારાજશ્રી કુંથલગિરિમાં રોજ સવારે ડુંગર ઉપર દર્શન કરવા જતા. સંલેખનાવ્રતની જાહેરાત પછી ત્રણેક દિવસ પછી તેઓ ઉપર જ એક ગુફામાં સ્થિર થઈ ગયા. ત્યાં સંલેખના દરમિયાન તેઓ સામાયિક, ભકિતપાઠ, અભિષેક દર્શન વગેરે ક્રિયાવિધિ કરતા - કરાવતા. તેમણે સર્વ લોકોની સાથે ક્ષમાપના કરી લીધી. વચમાં એક દિવસ એમણે બ્રહ્મચારી ભરમાપ્પાને ક્ષુલ્લકની દીક્ષા આપી. એમનું નામ સિદ્ધસાગર રાખવામાં આવ્યું. મહારાજશ્રી ઘણું ખરું પદ્માસનસ્થ રહેતા. તેઓ ધ્યાનમાં રહેતા અથવા સ્તોત્ર સાંભળતા કે જાપ કરાવતા. આ રીતે એક પછી એક દિવસ ઉલ્લાસપૂર્ણ ધર્મમય વાતાવરણમાં પસાર થતો હતો. એમ કરતાં કુલ પાંત્રીસ દિવસ થયા. તા. ૧૮ મી સપ્ટેમ્બર, ૧૯૫૫ ના રોજ સવારે સૂર્યોદય પછી સવારે ૬=૫૦ વાગે એમણે દેહ છોડયો. એ વખતે મહારાજશ્રીના મુખમાં પણ મંદ સ્વરે ૐ કારનું રટણ ચાલતું હતું. આસપાસ બેઠેલા ભકતો તે વખતે ભકતામરસ્તોત્રના શ્લોકોનું ઊંચે સ્વરે પઠન કરાવતા હતા. 'કુંદાવદાત' શ્લોકના પઠન વખતે મહારાજશ્રીએ દેહ છોડયો. જયોતિષની દૃષ્ટિએ રવિવારના એ દિવસે અમૃતસિદ્ધિ યોગ હતો.

મહારાજશ્રી કાળધર્મ પામ્યાના સમાચાર સમગ્ર ભારતમાં પ્રસરી ગયા. નજીકનાં ગામોમાંથી હજારો લોકો આવી પહોંચ્યા હતા. એમની પાલખી તૈયાર કરવામાં આવી અને બપોરે બે અને પાંચ મિનિટે એમના પાર્થિવ દેહને ચંદનકાષ્ઠની ચિતા ઉપર વિધિપૂર્વક અગ્નિદાહ દેવામાં આવ્યો.

મહારાજશ્રીનો પાર્થિવ દેહ ભૂતકાળમાં વિલીન થઈ ગયો.

મહારાજશ્રીના સ્વર્ગારોહણ પછી કુંથલગિરિમાં પાંચ સપ્તાહનો સમાધિમરણ મહોત્સવ ઊજવવામાં આવ્યો હતો. તે વખતે મહારાજશ્રીના ઘણા ભકતોએ ત્યાં આવીને પોતાની શ્રદ્ધાંજલિ આપી હતી.

આમ, આચાર્ય શ્રી શાન્તિસાગરજી મહારાજે પોતાના સુદીર્ઘ ચારિત્રપર્યાય દરમિયાન જૈન ધર્મની ઘણી મોટી પ્રભાવના કરી. સ્વાધ્યાય, તપશ્ચર્યા, જપ, ધ્યાન અને સંલેખના દ્વારા આત્મકલ્યાણ સાધવા સાથે તેમણે દિગંબર મુનિનું ઉત્તમ, આદર્શરૂપ દૃષ્ટાન્ત પૂરું પાડયું. એમણે પોતે તો પોતાનું કોઈ સ્મારક રચવાની ના પાડી હતી, છતાં એમના ઋણના સ્વીકારરૂપે એમના નામથી સ્થળે સ્થળે સંસ્થાઓ સ્થપાઈ.

ગત શતકના મહાન આચાર્યોમાં સ્વ. પૂ. શ્રી શાન્તિસાગરજી મહારાજનું અપ્રતિમ જીવન અને કાર્ય સૌને માટે પ્રેરણારૂપ બની રહે એવું છે. !

□ □ □

## (મહાદેવી વર્મા - પૃષ્ઠ - ૬ થી ચાલુ)

સંકેત કરનાર સહચરીનું સખીકાર્ય પણ કરે છે.

કયારેક આ પ્રેયસીને પ્રીતમના મિલનની ઘડી આવેલી લાગે છે ત્યારે રૂદન કરતું આકાશ કેવું હસી ઊઠે છે :

મુસ્કાતા સંકેત ભરા નભ,
અલિ, કયા પ્રિય આનેવાલે હૈં ?

પ્રકૃતિ જોડેના એમના આ રાગાત્મક સંબંધે તથા એમના આભિનવ કલ્પના વૈભવે એક તરફ મહાદેવીને પ્રકૃતિમાં મોહક, માદક, વિશદ ને સૂક્ષ્મ આલેખન માટે પ્રેર્યા છે તો બીજી તરફ ચિત્રલેખા મહાદેવીને એવાં જ મોહક, અનુભૂતિ ભર્યા ચિત્રોની રેખાઓ આલેખવા પણ પ્રેર્યા છે. કવિના હૈયાના ભાવો કવિની જ પીંછીની રેખાઓમાં સાકાર સ્વરૂપ પામે એ અત્યંત સુખદ છતા આશ્ચર્યજનક સુયોગ છે ને !

મહાદેવીની સર્જનાત્મકતા કેવળ કાવ્યો અને ચિત્રોમાં સીમિત નથી રહી. પ્રકૃતિના અનંત વૈભવ તથા જીવનમાં અપરિમિત દુઃખોનું ક્રંદન અને કવયિત્રીની અંતર્મુખી વૃત્તિ, લેખિકા મહાદેવીના ગદ્યમાં બહિર્મુખી બની યથાર્થતાની નકકર પાર્થિવ ભૂમિપર અવતરણ પણ કરે છે.

'સ્મૃતિ કી રેખાએ', 'અતીત કે ચલચિત્ર', 'શૃંખલા કી કડિયાં' વગેરે દ્વારા આ લેખિકા હૃદય સ્પર્શી ચિત્રો ઉપસાવે છે. સામાન્ય જનતાના પીડિત જીવનને એમાં વાચા મળે છે. સમાજમાં પ્રસરેલાં દૈન્ય, દુઃખ, સ્વાર્થ અને અભિશાપોનો પ્રતિકાર કરતા બળવાખોર આત્માનું એમાં રુદન છે. અનુભૂતિથી રસાયેલા એમના ચિંતન જોરે એમની ભાવનાશીલતા ને સંવેદનશીલતા પણ એમના ગદ્યમાં સતત સજાગ રહે છે.

ઘણીવાર લાગે છે કે આદર્શ અને યથાર્થ, ભાવના અને ચિંતન અંતર્મુખી અને બહિર્મુખી વૃત્તિઓની અભિવ્યકિત જુદી પાડી, મહાદેવી એમને માટે પદ્ય અને ગદ્યમાં ભિન્ન ભિન્ન માધ્યમો પસંદ કરે છે. જે ભાવ, જે વિચાર લેખિત મહાદેવીના ગદ્યમાં સુરેખ અભિવ્યકિત પામે છે તે જ ભાવ કે વિચાર કવયિત્રી મહાદેવીને કાવ્યરચના વખતે કેમ નહીં સ્પર્શ્યા હોય એનું સહેજે આશ્ચર્ય થાય છે.

વિષય દૃષ્ટિ, નિરૂપણ વગેરેની નજરે જોતાં એમનાં પદ્ય ને ગદ્ય કેવાં ભિન્ન લાગે છે ! એમની કાવ્ય રચના વાંચ્યા પછી, એમનું ગદ્ય વાંચતાં સહેજે થાય છે કે કવયિત્રી મહાદેવી ને લેખિકા મહાદેવી ભિન્ન હશે ?

મહાદેવી સ-રસ વકતા પણ છે. મેં જયારે જયારે એમને સાંભળ્યાં છે ત્યારે એમના ગદ્યમાં રણકતું સંગીતમય પદ્ય પણ અનુભવ્યું છે. લેખનમાં ભલે ન હોય, વાણીમાં તો એમણે ગદ્ય ને પદ્યનો સંગીતમય સમન્વય સાધ્યો જ છે.

સદાયે ખાદીનાં શ્વેત વસ્ત્રોમાં શોભતાં, મુખપર સાત્ત્વિકતા ધરાવનાર, અત્યંત પ્રભાવશાળી વ્યકિતત્વ છતાં સૌમ્ય પ્રકૃતિના મહાદેવી હિંદી સાહિત્યને ગદ્ય અને પદ્યની સમર્થ, મર્મસ્પર્શી રચનાઓથી સમૃદ્ધ કરનાર સવ્યસાચી મહાદેવી, શબ્દના સાચા અર્થમાં હિંદી સાહિત્યનાં મહા કવયિત્રી છે !

□ □ □

# સભર શ્રીફળ

□ જયંત કોઠારી

કોરાસાહેબને સૌ પ્રથમ મળવાનું, હું ભૂલતો ન હોઉં તો, સોનાગઢના જૈન સાહિત્ય સમારોહ વખતે બનેલું, પણ એ તો અલપઝલપ. મારો સ્વભાવ સંકોચશીલ અને કોરાસાહેબ પણ, હું માનું છું કે, જલદી ઉમળકો અનુભવે એવા નહીં. એ ઓછું બોલે અને એમનો પહેલો વ્યવહાર ઔપચારિક હોય.

એ ઔપચારિકતાનો અનુભવ સાહિત્યકોશના કામ માટે મુંબઈ જવાનું થયું ત્યારે થયો. સાહિત્યકોશ માટે અમારે જયાં મધ્યકાલીન સાહિત્યનાં પ્રકાશનો, સચવાયાં હોય એવાં ગ્રંથાલયો અને ગ્રંથસંગ્રહો જોવાનાં હતાં. શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું ગ્રંથાલય એમાં આવે જ. કોરાસાહેબ એના ડાયરેકટર પણ એમના વધારે પરિચયમાં આવવાનું થયેલું નહીં એટલે મેં ડૉ. રમણલાલ શાહને કહ્યું કે તમે કોરાસાહેબને ભલામણ કરો કે અમને ગ્રંથાલય જોવાની સગવડ કરી આપે અને કોઈ પુસ્તક અમદાવાદ લઈ જવાની જરૂર લાગે તો લઈ જવા દે. રમણભાઈએ મને કહ્યું કે તમે એમની સાથે સીધી વાત કરો. એ જ એમને ગમશે.

મેં કોરાસાહેબને ફોન કર્યો. એમણે જવાબ આપ્યો કે બહારગામનો યાત્રાળુસંઘ આવ્યો છે એને ગ્રંથાલયના ખંડમાં ઉતારો આપ્યો છે એટલે પુસ્તકો જોવા દેવાનું શકય નથી. કોરાસાહેબની તો કામ પૂરતી, ટૂંકીટચ ને સીધી વાત. આગળ પાછળ કશું નહીં. ન સાહિત્યકોશ જેવા મહત્ત્વનાં કામમાં પોતે મદદરૂપ થઈ શકતા નથી એની દિલગીરી, ન બીજો શું માર્ગ નીકળી શકે એનો કોઈ વિચાર. મારે જ એમને સૂચવવું પડયું કે પુસ્તકોનું રજિસ્ટર અમને જોવા મળે એવું કરી શકો ખરા ? અમે અમને કામનાં લાગે એવાં પુસ્તકોની યાદી કરી લઈશું. એમણે એ માટે હા પાડી પણ ઉમેર્યું કે પુસ્તકો અમે બહાર નહીં આપીએ.

પુસ્તકો બહાર લઈ જવા દઈ નહીં શકાય એવું તો અમને બધાં ગ્રંથાલયોમાંથી કહેવામાં આવતું હતું ને અમે અંતે બહાર લઈ જવાની સંમતિ મેળવી લેતા. કોરાસાહેબ તો સ્વભાવે અક્કડ. એ કામ પૂરતી વાત કરનારા એટલે એમની સાથે ઝાઝી વાત ન થઈ શકે, કોશપ્રવૃત્તિનો મહિમા ગાઈ ન શકાય. એમને પીગળાવવા મુશ્કેલ. પણ જે મુશ્કેલ લાગતું હતું તે આશ્ચર્યજનક રીતે આસાન બની ગયું. રજિસ્ટરમાંથી અમને ઉપયોગી જણાતાં પુસ્તકોની યાદી કરી લીધા પછી મેં એમને જણાવ્યું કે અમારા એક સાથીદાર અહીં રોકાવાના છે, ગ્રંથાલય-ખંડ છૂટો થયા પછી તમે એમને પુસ્તકો બતાવો તો એ ખરેખર ઉપયોગનાં પુસ્તકો જુદાં તારવી લેશે, જેમાંથી અહીં જ નોંધ લઈ શકાય એવું હશે એની નોંધ લઈ લેશે. બાકીનાં પુસ્તકો તમે જો અમદાવાદ લઈ જવા દો તો અમને ઘણી મદદ થશે. કોરાસાહેબે હા પાડી - ટૂંકીટચ હા. અમારે કશી દલીલ કરવાની પણ ન રહી. એમ લાગે છે કે એમણે અમારી પરીક્ષા કરી લીધી હતી, અમારી સંન્નિષ્ઠાની ખાતરી કરી લીધી હતી. પછી તો એમણે અમે પત્ર લખીને પુસ્તકો મંગાવ્યાં ત્યારે પણ મોકલ્યાં.

ખંભાતના જૈન સાહિત્ય સમારોહ વેળા 'જૈન ગૂર્જર કવિઓની'ની સંશોધિત આવૃત્તિ પ્રકાશિત કરવાનો શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો નિર્ણય જાહેર થયો અને એ કામગીરી મને સોંપવામાં આવી. આ નિર્ણય ડૉ. રમણલાલ શાહે કોરાસાહેબની સંમતિથી જાહેર કર્યો હતો. આ રીતે શ્રી મહાવીર જૈન વિદ્યાલય સાથે સંકળાવાનું થયા છતાં એ સમારોહ પ્રસંગે મારે કોરાસાહેબની નિકટ આવવાનું ન થયું.

એ તો થયું ' જૈન ગૂર્જર કવિઓ' ની કામગીરી શરૂ થયા પછી. ' જૈન ગૂર્જર કવિઓ' માટે કાગળ ખરીદવાના, પ્રેસ નકકી કરવાનું, એડવાન્સ રકમો મંગાવવાની,બિલો મોકલી ચેક મંગાવવાના વગેરે અનેક નાની મોટી બાબતો માટે મારે વિદ્યાલય સાથે પત્રવ્યવહાર આરંભાયો. હું જોતો હતો કે કોરાસાહેબ આ બધામાં રસ લેતા હતા અને એમની સૂઝ તથા ચીવટ વારંવાર પ્રગટ થયા કરતી હતી. કાગળ, બાઈન્ડિંગ વગેરે વિશે એમની પસંદગીઓ હોય અને એ પસંદગીઓ લાંબી દૃષ્ટિની હોય, સુઘડતાના ખ્યાલવાળી પણ હોય. શરૂઆતના તબકકે જ એમણે મને જણાવ્યું કે મોહનલાલ દલીચંદ દેશાઈ પોતે 'દેશાઈ' લખતા, 'દેસાઈ' નહીં. એમણે ધ્યાન ન ખેંચ્યું હોત તો આ ભૂલ રહી જ ગઈ હોત. વિદ્યાલય પોતાના અંગ્રેજી નામાક્ષરોમાં ' Mahvir Jain' એમ નહીં પણ Mahvira Jaina' એમ લખે છે એ તરફ પણ એમણે ધ્યાન દોરેલું.

કોરાસાહેબનાં કાળજી, સન્નિષ્ઠા અને પરિશ્રમનો પણ પરિચય થતો ગયો. પત્રનો જવાબ તરત **જ હોય. અને તે** પણ એમના પોતાના હસ્તાક્ષરમાં. Official જવાબ આપવામાં ***વિલંબ થાય*** તેમ હોય તો એ હકીકતની જાણ તો કરી જ દે, અને કોઈ વખત કામ અટકે એવું હોય તો પોતાના તરફથી કામચલાઉ નિર્ણય આપી દે. કાર્યક્ષમતા જાણે એમનો જીવનઆદર્શ હોય એમ લાગે.

પત્રો જ નહીં, ' જૈન ગૂર્જર કવિઓના વેપારીઓ માટેનાં બિલો વગેરે ઘણું કોરાસાહેબના હસ્તાક્ષરમાં આવતું. વૃદ્ધ ઉંમરે પણ એ કેટલો પરિશ્રમ ઉઠાવતા હતા એનો અંદાજ એ પરથી આવતો. પછીથી મને જાણવા મળ્યું કે કોરાસાહેબ સવારે સૌથી પહેલાં પોતાના ટેબલ પર પહોંચી જતા. સાદા નાનકડા ટેબલ પરથી એમનો સઘળો વહીવટ ચાલતો. પોતાને પગાર મળતો હોય એનાથી ઘણું વધારે કામ આપવાની લગની. બીજા કર્મચારીઓ પાસે પણ એ આવી અપેક્ષા રાખે. એ સમજી શકાય એવું છે કે આવી અપેક્ષા ભાગ્યે જ સંતોષાય. એવી અપેક્ષા રાખવાથી તો નિરાશ થવાનું આવે.

વિદ્યાલયના વાર્ષિક અહેવાલો મારી પાસે આવવા લાગ્યા ત્યારે એમાંની માહિતીની પ્રચુરતા અને ગોઠવણી, એના સુઘડ સુંદર મુદ્રણ ને એની કલાત્મકતાથી મન પ્રસન્ન થઈ ઊઠયું. આની પાછળ કોરાસાહેબની સૂઝ અને લગની હતી, જે વિદ્યાલયનાં બીજાં અનેક પ્રકાશનોમાં પણ જોવા મળે છે. આપણી મોટી સાહિત્યસંસ્થાઓ પણ પુસ્તક નિર્માણનાં આવાં ધોરણો નિપજાવી શકતી નથી તે સંયોગોમાં કોરાસાહેબ અને વિદ્યાલય માટે માન ઊપજયા વિના ન રહે. આવું કામ ઘણાં ચીવટ, જાતસંડોવણી ને પરિશ્રમ માગી લેતાં હોય છે. મને યાદ છે કે કોરાસાહેબે એક વખત અહેવાલાના છેલ્લા પૂંઠા પર મૂકવાં માટે આપણા ખ્યાતનામ છબીકાર જગન મહેતા પાસેથી દેલવાડાના કે એવા કોઈ કલાત્મક શિલ્પકામની છબી મેળવી મોકલવા મને લખેલું. એમની અભિરુચિ અને એમના ખંતનું એ પ્રમાણ છે.

કોરાસાહેબ 'જૈનયુગ' ના પુનરવતારના એક સંપાદક હતા. એની સુઘડતા પણ ઊડીને આંખે વળગે એવી હતી: મોહનલાલ દલીચંદ દેશાઈના 'જૈનયુગમાં એ નહોતી. કોરાસાહેબના સાહિત્ય અને વિદ્યા-પ્રેમનો 'જૈનયુગ' પરિચય આપે છે અને અનેક વિદ્વાનો સાથેના એમના સંબંધો એને સમર્થિત કરે છે.

કેટલાક સમય કોરાસાહેબ સાથે માત્ર પત્રવ્યવહારનો જ સંબંધ રહ્યો. મુંબઈ જવાનું થતું પણ કોરાસાહેબને રૂબરૂ મળવાનું મને સૂઝયું નહોતું. ડૉ. રમણભાઈએ મને એક વખત સૂચવ્યું કે ' કોરાસાહેબને મળવામાં સંકોચ ન રાખશો. આપણે ધારીએ તેવા તેઓ કડક નથી. અંદરથી બહુ મૃદુ છે.' એકાદ વખત રમણભાઈ પણ સાથે આવ્યા. અને ધીમે ધીમે તો એવું બનવા લાગ્યું કે મુંબઈ જાઉં એટલે કોરાસાહેબને અચૂક મળું. જેમને મેં કાર્યદક્ષ પણ રુક્ષ વહીવટી માણસ તરીકે ઓળખ્યા હતા તેમના એક જુદા જ સ્વરૂપનું અહીં દર્શન થયું. - વત્સલ વડીલ તરીકેના સ્વરૂપનું. એ પ્રેમથી આવકારે, જમવાનું રાખવાનું કહે અને કશુંક લીધા વિના તો જવા જ ન દે. 'જૈન ગૂર્જર કવિઓ' ની કામગીરીમાં રસ લે, એને એક ઉત્તમ કાર્ય તરીકે બિરદાવે અને એના વેચાણની જે વ્યવસ્થા મેં ગોઠવી આપી હતી એની ઊંડી કદર કરે. હવે તો અવારનવાર એમના અંગત પત્રો આવવા લાગ્યા. એકે એકે પત્રમાં ' જૈન ગૂર્જર કવિઓ ' પાછળના મારા પરિશ્રમના, મારી નિષ્ઠાના તથા મારી ભાવનાના બે મોઢે વખાણ હોય. એ આમાં મારી વિદ્યાપ્રીતિ અને વિદ્યાલય પ્રત્યેની પ્રીતિ જુએ, એમાં વિદ્યાલયનું સદ્ભાગ્ય માને, મારે માટે તો આ બધા ઉદ્ગારો અપાર ધન્યતા ઉપજાવનારા હતા. કોઈ પ્રેમસાગરમાં હું ઝીલા રહ્યો હોઉં, અંગેઅંગ તરબોળ થઈ રહ્યો હોઉં એમ મને લાગતું હતું. કોરાસાહેબ મારામાં એટલો બધો રસ લેતા હતા કે બેન્ડરના એમના પર પત્રો આવે, ડો. અર્નેસ્ટ બેન્ડર ' શાલિભદ્ર રાસ' પરના પોતાના કામની પ્રગતિની માહિતી મોકલે તો કોરાસાહેબ એ બધુ મને પણ મોકલે.

કોરાસાહેબ સાથે એવી આત્મીયતા બંધાઈ કે કોઈ વાર એમની વેદના પણ મારી સમક્ષ પ્રગટ થઈ જતી. કોરાસાહેબને વિદ્યાલય માટે અપાર આસકિત. એવી કે વિદ્યાલય જાણે એમનો પ્રાણ. બીજી બાજુથી એ પોતાની ચોકકસ દૃષ્ટિ, માન્યતાઓ અને પ્રતીતિઓ ધરાવનાર પુરુષ હતા. આવા પુરુષને ઘણી વાર આગ્રહી બની જવાનું થતું હોય છે.આસકિત અને આગ્રહીપણું બે ભેગાં થાય એટલે સંઘર્ષને અવકાશ મળે અને વેદનાનાં નિમિત્તો ઊભાં થાય. કોરાસાહેબની વેદના ઉચ્ચાશયી વેદના હતી. આ વેદના પણ એમની એક મૂડી હતી એમ કહેવાય.

કોરાસાહેબ મેં અનુભવ્યા - સભર શ્રીફળ જેવા. ઉપરથી રુક્ષ, પણ અંદરથી ભીના ભીના.

□□□

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬,મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૯૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૫ ● તા. ૧૬-૫-૧૯૯૨ Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## કોપીરાઈટ

મેં મારા સર્વ ગ્રંથો અને અન્ય સર્વ લખાણોના અનુવાદ, સંક્ષેપ, સંપાદન, પુનર્મુદ્રણ વગેરે માટેના કોપીરાઈટનું હવે વિસર્જન કર્યું છે. લેખક પોતાના કોપીરાઈટ માટે બહુ આગ્રહ ન રાખે એ એક વાત છે અને પોતાના લખાણો માટેના કોપીરાઈટનું જાહેર રીતે વિસર્જન કરે એ બીજી વાત છે. કોપીરાઈટના મેં કરેલા આ વિસર્જન વિશે મારા મિત્ર શ્રી યશવંત દોશીએ તાજેતરમાં 'સમકાલીન' દૈનિકમાં એક લેખ લખ્યો છે અને બે બાબતો વિશે 'પ્રબુદ્ધ જીવન' માં લખવા મને અનુરોધ કર્યો છે : (૧) મેં કોપીરાઈટનું વિસર્જન શા માટે કર્યું ? અને (૨) કોપીરાઈટ વિશે મારા શા વિચારો છે ?

પહેલાં કોપીરાઈટ વિશે મને કેવા કેવા અનુભવો થયા છે તે વિશે કહું છું. અત્યાર સુધીમાં નાટિકા, જીવનચરિત્ર, નિબંધ, પ્રવાસવર્ણન, ધર્મતત્ત્વજ્ઞાન ઈત્યાદિ પ્રકારનાં મારા ૬૦ થી વધુ ગ્રંથો પ્રગટ થયા છે. હું વ્યાવસાયિક લેખક નથી. છતાં પાસપોર્ટની પાંખે ' પ્રદેશે જયવિજયના' - 'એવરેસ્ટનું આરોહણ', 'ગુલામોનો મુક્તિદાતા' વગેરે પુસ્તકોમાંથી રોયલ્ટી તરીકે સારી રકમ મને મળી છે. હજુ પણ કેટલાંક પુસ્તકોમાંથી સારી રકમ મળી શકે એમ છે. પરંતુ યુનિવર્સિટીમાંથી છ વર્ષથી નિવૃત્ત થયા પછી અર્થોપાર્જન તરફ લક્ષ કુદરતી રીતે ઓછું થઈ ગયું છે. નિવૃત્ત થતાં બીજી કેટલીક સારી તક અર્થોપાર્જન માટે મળતી હોવા છતાં લેખન-સ્વાધ્યાયમાં રુચિ વધતી ગઈ છે. જૈન તત્ત્વજ્ઞાનના મહાન ગ્રંથોનાં પરિશીલન પછી એમ લાગે છે કે નિષ્કારણ કરુણાથી ભરેલા કયાં એ મહાત્માઓ અને કયાં આપણે ? કર્તૃત્વ અને મમત્વનો ભાવ યથાશકય આપણે ઓછા કરતા જવું જોઈએ. આથી જ ત્યાગની ભાવનાથી પ્રેરાઈને મેં લેખક તરીકે મારા કોપીરાઈટનું વિસર્જન કર્યું છે. મારાં પત્ની સાથે વિચાર વિનિમય કરી મેં આ નિર્ણય લીધો એમાં મારા પુત્ર ચિ. અમિતાભની માત્ર સંમતિ જ નહોતી, એનો ઉત્સાહપૂર્વક આગ્રહ પણ હતો. એણે કહ્યું કે યુરોપ - અમેરિકાની કેટલીક યુનિવર્સિટીના કેટલાક પ્રોફેસરો હવે પોતાની નવી શોધ કોઈ કંપનીને વેચીને કરોડો ડોલર કમાઈ લેવાના આનંદને બદલે તે શોધ સૌ માટે જાહેરમાં ખુલ્લી મૂકીને સંશોધનકાર્યનો વધુ આનંદ માણે છે.

કોપીરાઈટનું વિસર્જન એ અનુભવ અને અનુભૂતિનો વિષય છે. મને કોપીરાઈટનો આનંદ આટલાં વર્ષ હતો તેના કરતાં તેના વિસર્જનનો આનંદ વધુ છે. મારા અત્યાર સુધીના લેખનકાળ દરમિયાન કોપીરાઈટ વિશે મને વિવિધ અનુભવો થયા છે. એમ.એ. માં હું અભ્યાસ કરતો હતો ત્યારે ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે મેં એક સવિસ્તર લેખ લખ્યો હતો. એ લેખ અમારી ઝેવિયર્સ કોલેજના ગુજરાતી વાર્ષિકમાં ત્યાર પછી પ્રગટ થયો હતો. એ પછી એકાદ વર્ષે મુંબઈના એક વડીલ અધ્યાપક (જેઓ કોઈ મોટા લેખક ન હતા) ને ટૂંકી વાર્તાના એક પાઠયપુસ્તકની ગાઈડ લખવાનું કામ મળ્યું. એમણે ગાઈડમાં મારો આખો લેખ પોતાને નામે છપાવી દીધો. મેં એમનું ધ્યાન ખેંચ્યું ત્યારે જરા પણ અસ્વસ્થ થયા વગર એમણે કહ્યું, ' પણ, રમણભાઈ, આ તો ગાઈડ છે. એમાં લેખ તમારે નામે છપાય કે મારે નામે છપાય, એમાં શું ફરક પડવાનો હતો ? વિદ્યાર્થીઓ તો જવાબ ગોખવાના. ગાઈડની વેલ્યૂ શી ? પાઠયપુસ્તક બદલાશે એટલે ગાઈડની નકલો પસ્તીમાં જવાની.'

એ અધ્યાપકે ખોટું કર્યું છે એવો એમનામાં જરા પણ ભાવ નહોતો. એક વડીલ અધ્યાપક હતા એટલે બહુ બોલાય એમ પણ નહોતું.

આવો જ બીજો એક અનુભવ પણ એ કાળ દરમિયાન થયેલો. મારા બે લખો મારા એક અંગત મિત્રે પોતાના પુસ્તકમાં પોતાના નામે છપાવી દીધા. એ મને મળ્યો અને મેં એમનું ધ્યાન દોર્યું. ત્યારે મારી ક્ષમા માગતાં બહાનું કાઢયું, ' પ્રેસવાળાએ ભારે ગરબડ કરી નાખી. તમારા લેખો તો મેં પ્રેસવાળાને ટાઈપ અને હેડિંગ કેવાં રાખવા તે જોવા મોકલ્યાં હતાં. તેને બદલે એણે તો પુસ્તકમાં છાપી નાખ્યા. મને પણ પુસ્તક હાથમાં આવ્યું ત્યારે ખબર પડી.' મેં કહ્યું, ' એ વિશે છાપામાં કોઈ ખુલાસો કરી શકો ?' એમણે કહ્યું, 'તો તો મારું કેટલું બધું ખરાબ દેખાય ? રમણભાઈ, આ વિષયો ઉપર તમે નવા લેખ ન લખી શકો ? તમારે માટે એ કશી અઘરી વાત નથી. દોસ્તીદાવે આટલું તો તમારે કરવું જોઈએ.'

ત્યારે એ મિત્ર માટે મને માઠું લાગ્યું હતું. પરંતુ વર્ષોનાં વહાણાં પછી આજે જયારે હું, હવે વિસ્મૃત થઈ ગયેલી એ ઘટનાનું સ્મરણ કરું છું ત્યારે એ કેટલી બધી ક્ષુદ્ર ઘટના લાગે છે ! જયારે યુવાનીનો આરંભકાળ હતો ત્યારે નામ માટે કેટલો આગ્રહ હતો ! પછીના કાળમાં એવી પણ ઘટનાઓ બની છે કે લેખક થવા ઉત્સુક એવા, મિત્રોને વિદ્યાર્થીઓને લેખ લખી આપીને તેઓ પોતાને નામે એ છપાવે એવી સહર્ષ, પ્રેમથી, આગ્રહપૂર્વક રજા પણ આપી છે.

જૈન ધર્મ વિશે પ્રગટ થયેલા મારા ઘણા લેખોના કેટલાંયે સામયિકોએ સંમતિ વગર ઉતારા કર્યા છે અને કેટલાકમાં તો લેખક તરીકે મારું નામ પણ મૂકયું નથી. પરંતુ આવી ઘટનાઓ મારે માટે હવે સાવ ગૌણ છે.

જયારથી મુદ્રણકલાનો વિકાસ થયો ત્યારથી કોપીરાઈટનો પ્રશ્ન ઊભો થયો છે. જયારે મુદ્રણકલા નહોતી અને હસ્તલિખિત પ્રતો હતી ત્યારે પોતાના ગ્રંથની કોઈ નકલ કરાવી લે તો કવિ કે લેખક ઊલટાના બહુ રાજી થતા. ઘણીવાર તો તેવા લેખકો નકલો કરાવવા માટે કોઈ રાજયનો કે શ્રેષ્ઠિનો આશ્રય શોધતા. લેખકને પોતાનો કોપીરાઈટ હોઈ શકે એવી ત્યારે વિભાવના જ નહોતી. પોતાની કૃતિની

નકલ કરતાં બીજાને અટકાવવાનો પ્રયત્ન કરવા કરતાં બીજાને પોતાની કૃતિની નકલ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો પુરુષાર્થ લેખકોને વધુ કરવો પડતો હતો એવો એ યુગ હતો.

જ્યારથી મુદ્રણકલાની શોધ થઈ અને લેખક લખે તથા પોતે અથવા પ્રકાશક છાપે અને પડતર કિંમત કરતાં વધુ ભાવ રાખીને કમાણી કરે ત્યારથી કોપીરાઈટનો પ્રશ્ન ઉપસ્થિત થયો. કેટલીકવાર લેખક લખીને કમાય એના કરતાં પ્રકાશક છાપી-વેચીને વધુ કમાય એવી પરિસ્થિતિ પણ થવા લાગી. લાચાર લેખક પાસેથી ચતુર પ્રકાશકોએ નજીવી રકમ આપીને કાયમ માટેના કોપીરાઈટ મેળવી લીધા હોય અને ધૂમ કમાયા હોય એવી ઘટનાઓ પણ બને છે. કેટલીક વખત પ્રકાશકોએ લેખક સાથે નક્કી કરી હોય તેના કરતાં ઘણી બધી વધુ નકલો ખાનગીમાં છાપી દીધી હોય અને એના વેચાણમાંથી લેખકને રોયલ્ટી ન આપી હોય એવા બનાવો પણ બન્યા છે. કવિ ન્હાનાલાલના ગ્રંથોનું પ્રકાશન કરવામાં કોઈક પ્રકાશકે આવી ગરબડ કરી અને પકડાઈ ત્યાર પછી કવિ ન્હાનાલાલે પોતાના પ્રત્યેક ગ્રંથની પ્રત્યેક નકલ ઉપર પોતાની સહી કરવાનું ચાલુ કર્યું હતું. જેથી સહી વગરની નકલ બજારમાં આવે તો તે તરત પકડાઈ જાય. આપણા આ મહાકવિને પ્રકાશકની છેતરપિંડીને કારણે જીવનભર કેટલો મોટો પરિશ્રમ કરવો પડયો તે આ શરમજનક ઘટના પરથી જોઈ શકાય છે.

વ્યવસાયી લેખકો લેખનમાંથી પોતાની આજીવિકા મેળવે અને પોતાના કોપીરાઈટનો આગ્રહ રાખે તેમાં વ્યવહારુ દૃષ્ટિએ કશું અયોગ્ય નથી. નિજાનંદ માટે લેખન પ્રવૃત્તિ કરનાર લેખક ગ્રંથપ્રકાશન દ્વારા કમાણી કરે એમાં પણ કશું ખોટું ન હોઈ શકે. અલબત્ત, એ વ્યવહારની સામાન્ય ભૂમિકા છે. લેખકના અવસાન પછી એનાં સંતાનોને કોપીરાઈટથી આવક થાય એમાં પણ વ્યવહારુ દૃષ્ટિએ કંઈ અનુચિત ન હોવું જોઈએ. વેપાર - ઉદ્યોગમાં પડેલા માણસો પોતાના વ્યાપાર ઉદ્યોગનો વારસો પોતાના સંતાનને સહેલાઈથી આપી શકે છે. ડૉક્ટર, વકીલ, ઈજનેર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ વગેરે પ્રકારના વ્યાવસાયિકો પોતાનો વ્યવસાયનો વારસો પોતાના સંતાનોને તો જ આપી શકે છે કે જો સંતાનો તેવી બૌદ્ધિક કક્ષાવાળાં અને રસ રુચિવાળાં હોય. લેખકના સંતાનો લેખક હોય એવું એકંદરે ઓછું બને છે. પિતા અને પુત્ર બંને કવિ કે નાટયકાર કે નવલકથાકાર હોય એવા દાખલા વિરલ કે અપવાદરૂપે જ જોવા મળે છે. ત્રીજી ચોથી પેઢી સુધી લેખનનો વારસો ટકે એ તો સંભવિત જણાતું નથી. તેનું મુખ્ય કારણ એ છે કે બીજા વ્યવસાયો કરતાં લેખનનો વ્યવસાય અનોખી પ્રતિભા માગી લે છે અને એવી પ્રતિભા બધામાં હોતી નથી. બીજા વ્યવસાયો કરતાં લેખનના વ્યવસાયમાં લેખકને સારી એવી કમાણી થઈ હોય એવા અપવાદરૂપ થોડા દાખલા ભારતમાં અને તેમાં પણ ગુજરાતી સાહિત્યમાં જોવા મળે તો મળે.

અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયેલા ગ્રંથોના લેખકોને આંતરરાષ્ટ્રીય સ્તરે એમના ગ્રંથોના વેચાણ દ્વારા જેટલો મોટો અર્થ લાભ થાય છે તેટલો અર્થલાભ એવી જ કક્ષાના ગ્રીક, ઈટાલિયન, પોર્ટુગીઝ, સ્પેનિશ વગેરે ભાષાઓના લેખકોને થતો નથી હોતો, સિવાય કે તેમની કૃતિનો અંગ્રેજીમાં અનુવાદ થાય અને તે દ્વારા તેનો પ્રચાર થાય. બર્નાર્ડ શો, સમરસેટ મોમ તથા ઘણા બીજા લેખકો લેખન દ્વારા મોટા ધનપતિ બન્યાના દાખલા નોંધાયા છે. ભારતમાં પણ હિન્દી ભાષામાં પ્રકાશિત થયેલા ગ્રંથોને જેટલું બજાર મળે છે તેટલું ગુજરાતી, મરાઠી, કન્નડ, મલયાલમ કે સિંધી ભાષાના લેખકોને મળતું નથી. વળી આ ક્ષેત્રમાં પ્રજાની પોતાની વાંચનની રસ રુચિ, આર્થિક સદ્ધરતા અને પુસ્તકો જાતે ખરીદીને વાંચવાનો શોખ વગેરે કારણો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલે બહુ સમર્થ અને લોકપ્રિય લેખકો પોતાના ગ્રંથો માટે કોપીરાઈટનો આગ્રહ રાખે તો તેમને કદાચ લાભ થાય. પરંતુ સામાન્ય સરેરાશ લેખક પોતાના ગ્રંથ માટે કોપીરાઈટનો વધુ પડતો આગ્રહ રાખે તો તેથી તેને લાભ કરતાં ગેરલાભ થવાનો અવકાશ વધારે રહે છે.

પોતાના લખાણોના કોપીરાઈટ માટે બહુ જ ચુસ્ત આગ્રહ રાખવાને કારણે લેખકને હંમેશાં લાભ જ થાય છે એવું નથી. કેટલીક વખત લેખકને ગેરલાભ પણ થાય છે. કવિતાના એક પુસ્તકના સંપાદન વખતે એક કવિનું કાવ્ય અમે લઈ શકયા નહોતા, કારણ કે કવિ એક શહેર છોડી બીજે રહેવા ગયા હતા અને બીજા ગામનું સરનામું તરત મળી શકયું ન હતું. કવિ મળ્યા ત્યારે પોતાનું કાવ્ય અમે ન લીધું તે માટે મિત્રદાવે ફરિયાદ કરી. પરંતુ અમે કહ્યું કે " તમારો સંપર્ક કરવા તમારા સરનામે અમે ત્રણેક વખત પત્ર લખ્યા પરંતુ એ પત્રો તમે ઘર બદલ્યું તેને કારણે તમને મળ્યા નથી, એ તો તમારી વાત પરથી જણાય છે. તમે કોપીરાઈટના ચુસ્ત આગ્રહી છો એટલે તમારી સંમતિ વગર તમારું કાવ્ય લેવાનું અમને યોગ્ય લાગ્યું નહિ. "

આમ પોતાનું કાવ્ય એ સંગ્રહનમાં ન લેવાયું એથી કવિને ઘણો અફસોસ થયો. પુરસ્કારની વાત તો બહુ મોટી ન હતી, પરંતુ પોતાના કોપીરાઈટને કારણ બીજા કવિઓ સાથે પોતાને સ્થાન ન મળ્યું એનો એમને વસવસો રહ્યો.

ઈ.સ. ૧૯૪૮માં મેં મારા મિત્ર શ્રી મીનુ દેસાઈ સાથે 'મનીષા' નામના સોનેટ કાવ્યના સંગ્રહનું સંપાદન શરૂ કર્યું હતું. એ વખતે ઘણા ખ્યાતનામ કવિઓનાં સોનેટ છાપવા માટે અમને સંમતિ મળી હતી, પરંતુ કવિ ખબરદારે પોતાનાં સોનેટ છાપવા માટે અમને સંમતિ આપી નહિ. અમે એમને ઘરે મળવા ગયા. બહુ આગ્રહભરી વિનંતી કરી. પુરસ્કારની રકમનો તો એમને કોઈ પ્રશ્ન નહોતો, કારણ કે વેપારી તરીકે તેઓ ઘણા સંપન્ન હતા. તેમનો આગ્રહ એવો હતો કે બળવંતરાય ઠાકોરનાં સોનેટ લેવામાં ન આવે તો જ પોતે સંમતિ આપે, કારણ કે તેઓ બળવંતરાયને સોનેટકાર તરીકે સ્વીકારતા ન હતા. આ એક પ્રતિષ્ઠાનો પ્રશ્ન એમણે ઊભો કર્યો હતો. બળવંતરાયના સોનેટ લીધા વિના અમારો સોનેટ સંગ્રહ પ્રતિનિધિરૂપ બની શકે નહિ. વળી આવો કદાગ્રહ સ્વીકારાય નહિ. એટલે અમારે છેવટે ખબરદારનાં સોનેટ લેવાનું માંડી વાળવું પડયું હતું. લેખક પોતે પોતાના સાહિત્યિક મતાગ્રહ ઉપરાંત કોપીરાઈટના આગ્રહી હોય તો તેઓ પોતાની જાતને કેટલું નુકસાન પહોંચાડી શકે છે તે આવા પ્રસંગો ઉપરથી જોઈ શકાય છે.

કેટલાક લેખકોની કૃતિઓ એમની હયાતી દરમિયાન વંચાતી હોય છે. લેખકના અવસાન પછી વહેતા જતા અને બદલાતા જતા કાળમાં એમની કૃતિઓ જૂનવાણી અને કાલગ્રસ્ત બનવા લાગે છે. વળી નવા નવા સર્જકો ક્ષિતિજ ઉપર ઉદયમાં આવવા લાગે છે. નવી પ્રજા પોતાના સમકાલીન સર્જકને વાંચવાનું વધુ ચાહે છે. એવા સંજોગોમાં લેખકનો કોપીરાઈટ એમના અવસાન પછી પચાસ વર્ષે જ્યારે છૂટો થાય ત્યારે તેમની કૃતિઓ સાવ કાલગ્રસ્ત બની ગઈ હોય છે. તે છાપવામાં પછી કોઈને રસ રહ્યો હોતો નથી. આમ કાળ જ કોપીરાઈટના કાયદાને કેટલીક વાર કેટલાક લેખકોની બાબતમાં નિરર્થક બનાવી દે છે.

કેટલાક કવિ-લેખકો પોતાના ગ્રંથ માટે કોપીરાઈટ રાખે છે અને એ માટે બહુ કડક વલણ ધરાવતા હોય છે. આવા કેટલાક કવિ લેખકો ગાંઠના પૈસા ખરચીને ગ્રંથ છપાવતા હોય છે. કોઈ પણ પ્રકાશક તેમનો ગ્રંથ છાપવા તૈયાર હોતા નથી, કારણ કે તેવા ગ્રંથો માટે અર્થપ્રાપ્તિની કોઈ અપેક્ષા રહેતી નથી. બલકે મૂડીરોકાણ ખોટી રીતે થઈ ગયાનો અનુભવ થાય એવા એ ગ્રંથો હોય છે. આવા ગ્રંથોની ખપત નહિ જેવી જ હોય છે. અને સમય જતાં જૂનવાણી થયેલા એ ગ્રંથોની નકલો પસ્તીના ભાવે પણ કોઈ લેવા તૈયાર હોતું નથી. આવા લેખકો પોતાના ગ્રંથનો કોપીરાઈટ રાખે તો પણ શું ? અને ન રાખે તો પણ શું ? પોતાના કોપીરાઈટનો અમલ કરવાનું જિંદગીમાં એકાદ વખત પણ તેમને મળતું નથી. તેમના વારસદારોને પોતાને વારસામાં કોપીરાઈટ મળ્યો છે એવી ખબર પણ રહેતી નથી. એવો વારસો એમના માટે નિરર્થક પુરવાર થાય છે. વસ્તુતઃ આવા કવિ-લેખકો જો પોતાના કોપીરાઈટ ન રાખે તો એમાંની એકાદ સારી કૃતિ પણ કોઈકને કયાંક પુનર્મુદ્રિત કરવી હોય તો અવકાશ રહે અને લેખકને એટલો યશ -

લાભ મળે.

કેટલીક વ્યકિતઓની બાબતમાં એવું બને છે કે તેમની હયાતી દરમિયાન જ તેમના સંતાનો અવસાન પામે છે. પોતાની નજર સામે પોતાના સંતાનોને અવસાન પામતાં જોવાં એ જેવું તેવું દુઃખ નથી. એવી જ રીતે કેટલાક લેખકોના માનસ સંતાનરૂપી ગ્રંથો તેમની હયાતી દરમિયાન જ લોકોમાં વિસ્મૃત બની જતા હોય છે. કયારેક તો લેખક પોતે હયાત છે કે નહિ તેની પણ જાણ ઘણા લોકોને હોતી નથી. આવા લેખકો પોતાના કોપીરાઈટ માટે બહુ કડક આગ્રહ રાખે તો તેથી તેમને મિથ્યાભિમાનના સંતોષ સિવાય કશો જ લાભ થતો નથી.

કોપીરાઈટના આંતરરાષ્ટ્રીય કાયદા પ્રમાણે લેખકના અવસાન પછી પચાસ વર્ષ સુધી તેના વારસદારો કોપીરાઈટનો હકક ભોગવી શકે છે. મારી દૃષ્ટિએ આ પચાસ વર્ષનો ગાળો પણ ઘણો મોટો છે. સારું કમાતા લેખકો અકાળે અવસાન પામ્યા હોય તો તે જુદી વાત છે, પરંતુ એકંદરે સરેરાશ આયુષ્યનો વિચાર કરીએ તો લેખકના કોપીરાઈટનો લાભ તેના અવસાન પછીના પચાસ વરસમાં ત્રીજી પેઢી સુધી પહોંચી શકે છે. બીજી અને ત્રીજી પેઢીને નવું કશુ કરવાનું હોતું નથી. પરંતુ પોતાના વડીલે જે લેખનકાર્ય કર્યું છે તેમાંથી જ ગુજારો કરવા તેઓ લલચાય છે અથવા એટલી વધારાની આવક મેળવવા લલચાય છે. પરંતુ ત્રીજી પેઢી સુધી કોપીરાઈટનો લાભ પહોંચતો કરવો એ સામાજિક દૃષ્ટિએ પણ બહુ ઔચિત્યપૂર્ણ જણાતું નથી. હું એમ માનું છું કે લેખકનો કોપીરાઈટ એમના અવસાન પછી પચીસેક વર્ષથી વધુ ન હોવો જોઈએ, જેથી કદાચ લેખકનાં સંતાનોને કોઈ આર્થિક મુશ્કેલી ન નડે. લેખકના કોપીરાઈટથી સંતાનોને હંમેશાં લાભ જ થાય છે એવું નથી. જેમ કોઈ શ્રીમંત વ્યકિતના અવસાન પછી એની મિલકતની વહેંચણી માટે સંતાનો કોર્ટે ચડે છે, કાદાવાદા કરે છે, અને પાયમાલ થાય છે તેમ લેખકનાં સંતાનો - ખાસ કરીને કાયદો, વિજ્ઞાન, તબીબીશાસ્ત્ર વગેરે વ્યાવસાયિક ક્ષેત્રનાં પુસ્તકોના લેખકોનાં સંતાનો લેખકના અવસાન પછી હક માટે કોર્ટે ચડયા હોય અને સરવાળે સૌને નુકસાન થયું હોય એવા બનાવો પણ બને છે.

જે કોઈ લેખક પોતાના કોપીરાઈટનો વારસો પોતાના સંતાનોને આપે છે તે સંતાનો માત્ર પિતાના ગ્રંથોના વેચાણની આવક ઉપર જીવન ગુજારે એ બહુ શોભાસ્પદ ઘટના નથી. વેપાર ઉદ્યોગમાં પણ જે સંતાનો વડીલોની આવક ઉપર જીવન ગુજારતા હોય તેઓની સામાજિક પ્રતિષ્ઠા અને પ્રતિભા ઝાંખી થઈ જાય છે. જે કેટલાક ધનપતિઓ પોતાના ધનનો મોટો વારસો પોતાના સંતાન માટે મૂકી જાય છે તેઓ હંમેશાં તેઓનું ભલું જ કરે છે એમ નહિ કહી શકાય. મોટો તૈયાર આર્થિક વારસો મેળવનારા ઘણા યુવાનો પુરુષાર્થહીન થઈ જાય છે, ભોગવિલાસમાં જીવન ગુજારે છે; સ્વચ્છંદી થઈ જાય છે અને તેને કારણે તેની પછીની પેઢી માટે તેઓ કોઈ ધ્યેય કે આદર્શ મૂકી શકતા નથી. તેવા પુંજીપતિઓ પોતાના સંતોનોને આડકતરી રીતે ઘણો મોટો અન્યાય કરે છે. સારું કમાતા લેખકોએ પણ આ દૃષ્ટિથી પોતાની ભવિષ્યની પેઢીનો વિચાર કરવો ઘટે છે.

વિદેશોમાં જુદા જુદા ઉદ્યોગોમાં તથા દવાઓ અને અન્ય ચીજવસ્તુઓના ઉત્પાદનમાં પોતે કરેલી નવી શોધના પેટન્ટ હકક સંશોધકો ઘણી જંગી રકમ લઈને ઉત્પાદકોને વેચે છે. એ હકક લેનારી કંપનીઓ સંશોધકને આપેલી રકમ કરતાં ઘણો બધો વધુ નફો કરી લે છે. આથી સંશોધકની વસ્તુ ગ્રાહક પાસે જયારે આવે છે ત્યારે તે ઘણી મોંઘી થઈને આવે છે. આ એક પ્રકારનું પ્રજાનું કાયદેસરનું શોષણ છે. પરંતુ સંશોધક જો પોતાનું સંશોધન જાહેરમાં મૂકી દે અને તેનો ઉપયોગ કરવાની સૌ કોઈને છૂટ આપે તો તેવી ચીજવસ્તુ બનાવવા માટે જુદી જુદી કંપનીઓ વચ્ચે સ્પર્ધા ચાલે છે અને તેથી તે વસ્તુ ગ્રાહકને ઘણા સસ્તા દરે મળી શકે છે. દુનિયામાં કેટલીક દવાઓ એટલી બધી મોંઘી હોય છે કે સામાન્ય મનુષ્યનું તે લેવાનું ગજું હોતું નથી. એક રૂપિયાની પડતર કિંમતની દવા એકસો થી એક હજાર રૂપિયાના ભાવે વેચાતી હોય એવું કેટલીક નવી શોધાયેલી દવાઓની બાબતમાં બને છે. સંશોધકને અને કંપનીઓને પોતાનો નફો કમાવા ઉપરાંત નવા સંશોધન માટે ખર્ચ કરવો પડે છે એ તો સાચું, તેમ છતાં તેમાં વૃત્તિ તો નફાખોરીની જ હોય છે. ઈયાન ફ્લેમિંગે પેનેસિલિનની શોધ કરીને તેના કોઈ હકક રાખ્યા નહિ તો તે દવા આખી દુનિયાને કેટલી બધી સસ્તી મળી શકે છે એ આપણા સૌના અનુભવની વાત છે. આવી જ રીતે જો સારા સારા લેખકો પોતાના ગ્રંથોના કોપીરાઈટ છોડી દે તો વાચકોને ગ્રંથ સસ્તામાં મળે અને વિદ્યાર્થીઓને પણ કેટલાંક પાઠયપુસ્તકો સસ્તા દરે મળી શકે.

કોપીરાઈટના વિસર્જન માટે વિવિધ પ્રકારનાં પ્રેરક બળો હોઈ શકે છે. કેટલાક માતાપિતાને પોતાના સંતોનો પોતાની મેળે સ્વતંત્ર પ્રતિભા વિકસાવે એવો ભાવ રહેતો હોય છે. એવી જ રીતે કેટલાક સર્જકો પોતાનાં માનસ સંતાન રૂપી ગ્રંથો પોતાનું અસ્તિત્વ પોતાની શકિત અનુસાર જાળવે એવો ભાવ રાખતા હોય છે. આવા ગ્રંથો ઉપર સ્વામિત્વનો ભાવ રાખવાનું કેટલાક લેખકોને અમુક સમય સુધી જ ગમતું હોય છે. કેટલાક લેખકો વિશેષતઃ સાધુ સંત મહાત્માઓ તો પોતાના સર્જનકાળના આરંભથી જ આવી બાબતમાં ઉદાસીન રહેતા હોય છે.

સર્જકતાનો આનંદ જ જુદી કોટિનો છે. સર્જક સર્જન કરે છે એ વેળાના એના આનંદને આલંકારિકોએ 'બ્રહ્માનંદ સહોદર' તરીકે ઓળખાવ્યો છે. આવા આનંદની કોટિ સુધી પહોંચવું એ સરળ વાત નથી. જેણે એ આનંદનો રસ ચાખ્યો છે એને સંસારના બીજા રસો તુચ્છ લાગે તો નવાઈ નહિ. એક બાજુ સર્જકતાનો આનંદ અને બીજી બાજુ કોપીરાઈટ દ્વારા થતી અર્થપ્રાપ્તિનો આનંદ એ બે આનંદમાં દેખી તું જ છે કે સર્જકતાનો આનંદ ઘણી ઊંચી કોટિનો હોય. આ બે પ્રકારના આનંદ સાથે ન હોઈ શકે એવું નથી. કયારેક સાથે હોય એવી આવશ્યકતા પણ રહે, પરંતુ કેટલાક સર્જકોની બાબતમાં, ઠેઠ પ્રાચીનકાળથી એવું જોવા મળ્યું છે કે તેમની સર્જકતાનો આનંદ એટલી ઊંચી કોટિનો હોય છે કે પોતાની કૃતિના કર્તૃત્વનો લોપ એમનાથી સહજ રીતે થઈ જાય છે. દુનિયાની તમામ ભાષાઓમાં ઉત્તમ લોકસાહિત્યના વિકાસમાં એક મહત્ત્વનું કારણ તે કર્તૃત્વ વિલોપનનું રહ્યું છે.

કોપીરાઈટનું વિસર્જન કરવાને બદલે કોઈ સંસ્થાના લાભાર્થે કોપીરાઈટ આપવાનું વધુ યોગ્ય નથી આવો પ્રશ્ન પૂછવામાં આવે છે. આમાં લેખકનું ધ્યેય શું છે તે મહત્ત્વનું છે. પોતાનાં લખાણ દ્વારા પોતાના અવસાન પછી પણ અર્થપ્રાપ્તિ થતી રહે એવું લેખક ઈચ્છે છે ? કે પોતાના સાહિત્યનો વધુ પ્રચાર થાય એમ ઈચ્છે છે ? સંસ્થાના લાભાર્થે કોપીરાઈટ આપવાથી એ લેખકના સાહિત્યનો જેટલો પ્રચાર થવો જોઈએ એટલો હંમેશાં થતો નથી. વળી લેખકના અવસાન પછીના પચાસ વર્ષના ગાળામાં સંસ્થાના હોદ્દેદારો, વહીવટી પદ્ધતિ, આર્થિક સદ્ધરતા વગેરેમાં ફેરફારો થાય છે અને નવું માળખું લેખકના સાહિત્યને ગુંગળાવી મારે એવું પણ બનતું હોય છે. ગાંધીજીના લખાણના હક નવજીવનને મળ્યા એથી ગાંધીજીના સાહિત્યનો જેટલો પ્રચાર થવો જોઈએ તેટલો થયો છે એવું હું માનતો નથી. એવી જ રીતે રવીન્દ્રનાથ ટાગોર, કાકા કાલેલકર અને બીજા કેટલાક લેખકોની બાબતમાં પણ બન્યું છે. રવીન્દ્રનાથના કોપીરાઈટ વિશે શ્રી મહેન્દ્ર મેઘાણીએ કલકત્તાના એક અંગ્રેજી દૈનિકમાં સરસ ચર્ચાપત્ર લખ્યું હતું.

જેમ સર્જનનો આનંદ છે તેમ વિસર્જનનો પણ આનંદ છે. માત્ર સાહિત્યના ક્ષેત્રે જ નહિ, જીવનના સર્વ ક્ષેત્રે વિસર્જનની કલા અપનાવવા જેવી છે. વિસર્જનનો કાળ પાકવા છતાં જેઓ પોતાના સ્વામિત્વનો આગ્રહ રાખ્યા કરે છે તેમને સંઘર્ષ, વિસંવાદ, નિર્વેદ (Furstration) ઈત્યાદિમાંથી પસાર થવાનો વખત આવે એ સ્વાભાવિક છે.

સર્જન કરતાં વિસર્જનનો આનંદ ઘણો ચડિયાતો છે એવું સમજવા માટે ઊંડી સ્વાનુભૂતિની અપેક્ષા રહે છે એમ તત્ત્વવેત્તાઓ કહે છે. એવી સ્વાનુભૂતિ સુધી હજુ હું પહોંચ્યો નથી.

☐ **રમણલાલ ચી. શાહ.**

# રમણલાલ દેસાઈની જન્મશતાબ્દી નિમિત્તે-

## □ ડૉ. હસમુખ દોશી

આપણા પ્રવર્તમાન જીવનમાં વર્તમાનપત્રોનું મહત્ત્વ ઘણું છે. વર્તમાનપત્રો દેશવિદેશની માહિતી સામાન્ય લોકો સુધી પહોંચાડે છે, એ તેમની અમૂલ્ય સેવા છે. સુશિક્ષિત લોકોથી માંડીને અલ્પશિક્ષિત લોકોને આજે તેના વિના ચાલતું નથી. એ તેમની મહત્તા દર્શાવે છે. વિદ્વાનોથી માંડીને સામાન્ય અક્ષરજ્ઞાન ધરાવનાર માણસોને પણ રસ પડે એવી સામગ્રી પીરસવા તેઓ હમેશાં તત્પર હોય છે. આમ અનેક દૃષ્ટિએ તેનું મૂલ્ય પ્રજાજીવનને સંબોધવામાં અને સંસ્કારવામાં વધતું રહ્યું છે એ સ્પષ્ટ હકીકત છે.

પરંતુ કોઈ પણ પ્રવૃત્તિ જ્યારે વેપારી કે બજાર રૂપ ધારણ કરે છે ત્યારે તેનું એ રૂપ કેટલું કુત્સિત બની રહે છે તેનું દર્શન પણ આપણાં વર્તમાન પત્રો જ આજે કરાવી રહ્યાં છે. લોકશાહીમાં અને તેમાંય હવે તો સમાજવાદના ઓસરતા પ્રવાહોમાં ઉદ્યોગો વચ્ચે કે સામાજિક સેવાનાં માધ્યમો વચ્ચે પ્રતિયોગિતા રહે એ તો સામાજિક તંદુરસ્તીની નિશાની છે. પરંતુ એ સ્પર્ધા અસૂયામાં અને ઈર્ષ્યા પ્રેરિત હરીફાઈમાં સરી પડે ત્યારે કેટલો સામાજિક દુર્વ્યય - Waste - થતો હોય છે. તેનું દર્શન આપણાં વર્તમાનપત્રો કરાવી રહ્યાં છે. હું પોતે જેમાં આ લખી રહ્યો છું એ 'પ્રબુદ્ધ જીવન' પત્રકારત્વની એક શાખા જેવું છે એ જાણું છું અને એટલે સંબંધિત સૌની ક્ષમાપના સાથે જ કંઈક કહી શકું એમ છું.

કેટલાક સમય પહેલાં ભારતનું એક સૌથી જૂનું અંગ્રેજી દૈનિક ગુજરાતી ભાષામાં પ્રગટ થવાનું હતું એ પહેલાં તેણે જે મોટી મોટી જાહેરખબરો દિવાલો પર ચીપકાવી હતી એ વાંચતાં આશ્ચર્ય સાથે ઘણું દુઃખ થતું હતું. ' હવે અમારું અખબાર........ની ભાષા બોલશે '..... ' હવે અમારું અખબાર ...... ની ભાષા બોલશે ......' બે ખાલી જગ્યામાં એક જાણીતા ઉદ્યોગપતિ તથા એક અલ્પજાણીતા એવા એક નાંટયકલાકારનું નામ મૂકવામાં આવ્યું હતું. એ લોકોને એટલી પણ ખબર નહોતી, અને ખબર હતી તો પરવા નહોતી કે ગુજરાતી ભાષાનો મહાન લેખક ગોવર્ધનરામ છે કે તેનો મહાન કવિ ન્હાનાલાલ છે. કદાચ વેપારી બુદ્ધિથી તેમણે ગુજરાતના ઉત્તમ સારસ્વતોનું નામ આપવાને બદલે ગુજરાતી ભાષાના બોલનાર તરીકે એક અગ્રણી ઉદ્યોગપતિનું નામ આપ્યું હશે. કેમકે તેઓ એમ જ માને છે કે ગુજરાતને સારસ્વતો સાથે કંઈ લાગતું વળગતું હોતું નથી. એ તો વેપારીઓનો અને નાટય કલાકારોનો પ્રદેશ છે. ગોવર્ધનરામને કે ન્હાનાલાલને ગુજરાતમાં કોણ ઓળખે ? પણ ગોવર્ધનરામ કે ન્હાનાલાલ ઉપરાંત ગુજરાતી ભાષા બોલનાર કે લખનાર મહાત્મા ગાંધી કે સરદાર વલ્લભભાઈ પટેલ પણ હતા એ વિગતનું વિસ્મરણ તેમને કેમ થયું હશે ? પરંતુ એ વિસ્મરણ નહોતું. તેઓ જાણતા જ હતા કે આજનું ગુજરાત પોતાના ગાંધીને કે સરદારને ઓળખતા માંગતું નથી. ગુજરાતને તો આજના ઉદ્યોગપતિઓ અને નાટયકલાકારોમાં જ રસ છે.

તીવ્ર હરીફાઈમાં ગુજરાતી દૈનિકોએ જે ધારાવાહી નવલકથાઓ પ્રગટ કરવા માંડી તે પણ ગ્રંથસ્થ થયેલી કે પ્રગટ થઈ ગયેલી નવલકથાઓ હોય છે. કેમકે એ લોકો સમજે છે કે આજે ગ્રંથસ્થ વાઙ્મય વાંચનારો વર્ગ રહ્યો નથી. જે લોકો કંઈક વાંચે છે એ માત્ર છાપાં જ વાંચે છે. અને એટલે જે સાહિત્ય પુસ્તકાલયોમાં સડતું હોય તેનો આ રીતે પુનરુદ્ધાર કેમ ન કરવો ? કહેવાતા લોકપ્રિય નવલકથાકારોની પ્રગટ થઈ ગયેલી કોઈ નવલકથાનું એક પ્રકરણ હમેશાં સહેલાઈથી છાપી શકાય છે અને શુદ્ધ કે ઉત્તમ સાહિત્યથી લગભગ અલિપ્ત થઈ ગયેલા આજના ગુજરાતી વાચકોને એ એંઠવાડ પીરસી શકાય છે. એથી અખબારનો ફેલાવો કેટલો વધતો હશે એ તો એ લોકો જાણે પણ સાહિત્યિક ધોરણોને બાજુએ રાખીયે તો ય અખબારી ધોરણોને કેટલી હાનિ પહોંચતી હશે એ વિશે વિચારવાનું તેમને ગમતું નથી.

સ્વર્ગસ્થ રમણલાલ વસંતલાલ દેસાઈની જન્મ શતાબ્દી નિમિત્તે આપણા અખબારોમાં અને સામયિકોમાં જે કંઈ લખાયું છે એ વાંચતાં તેના એક ઊંડા ને સહૃદયી અભ્યાસી તરીકે આ લખનારને જે સંવેદના થઈ તેને કારણે ઉપરના શબ્દો લખવા પડયા છે.

રમણલાલ દેસાઈએ કેટલાં પુસ્તકો લખ્યાં હતાં અને તેમનાં કેટલાં પુસ્તકો પ્રગટ થયાં હતાં એ વિશે આપણા અખબારોને સામયિકો, તેમજ તેની સાથે સંકળાયેલા લેખકો કોઈ ચોકકસ સાચો આંકડો આપી શકતા નથી. ગુજરાતના એક અગ્રણી દૈનિકમાં કોઈ લેખકે રમણલાલનાં પુસ્તકોની સંખ્યા ફકત ચાળીસની જ આપી છે ! જ્યારે બીજા કોઈ લેખકે એ સંખ્યા ૮૫ ની આપી છે.આંકડાઓની બાબતમાં પ્રમાણમાં ઠીક ચોકકસ કહી શકાય એવા નવલકથાકાર-વાર્તાલેખક અને દૈનિકોમાં કટાર લખનાર લેખકે પણ રમણલાલના પુસ્તકોની સંખ્યા ૮૫ ની આપી છે. વાસ્તવમાં તેમનાં પુસ્તકોની સંખ્ય ૭૬ ની છે. વળી એક લેખકે એમ પણ લખ્યું છે કે " સત્તાવીસ જેટલાં માતબર પુસ્તકો તેમણે રજવાડી શાસનની નોકરી કરતાં કરતાં આપ્યાં ," (!) ત્યારે પ્રશ્ન થાય છે કે માત્ર સત્તાવીસ જ પુસ્તકો ? રમણલાલ દેસાઈ ઈ. સ. ૧૯૪૮ માં 'રજવાડી શાસનની એડી' માંથી મુકત થયા ત્યારે તેમનાં પુસ્તકોની સંખ્યા માત્ર સત્તાવીસ નહિ, પણ લગભગ તેંતાળીસ પુસ્તકોની હતી ! બે-ચાર પુસ્તકોનો ફેર હોય તો આમતેમ હજી ચલાવી લેવાય. પણ ૪૦, ૮૫ અને રજવાડી શાસનની એડી તળે લખાયેલાં પુસ્તકોની સંખ્યા ૨૭ !

સામાન્ય લેખકો તો ભૂલો કરે અને અખબારો એવી ભૂલો છાપતા રહે. પણ સ્વ. સુરેશ જોષીના નિશ્રામાં ઘડાયેલા અને મહદ્ અંશે શુદ્ધ કલાવાદના ઉપાસક બની રહેલા, તેમજ સુરેશ જોષી વિરુદ્ધ લખનારાઓને વિવેચક કે લેખક પણ ન ગણનારા એક લેખકે લખ્યું કે : 'બીજા ઘણા સર્જકોની જેમ રમણલાલ દેસાઈને પણ પોતાની વર્તમાન પેઢી પર અવિશ્વાસ હતો. ૧૯૫૦ ની આસપાસના જે વરસો વિશે આજે આપણે ખૂબજ સારી ભાષામાં બોલીએ છીએ એ વરસો વિશે તેમને તો અસંતોષ હતો. એ અસંતોષમાંથી નવલકથા પ્રગટી શકી હોત. પણ ત્યાર પછી તો એમની જીવનલીલા સંકેલાઈ ગઈ. એ અસંતોષ કયા પ્રકારનો હતો એ જાણવાનું સહજ કુતૂહલ રહે. (!)

તેમને નમ્રતાથી કહી શકાય કે રમણલાલની એ સમયની નવલકથાઓ વાંચવાની તસ્દી ઉઠાવી હોત તો 'સહજ કુતુહલ' રહેવાને કોઈ કારણ ન રહેત. 'ઝંઝાવાત' નવલકથાના બીજા ભાગમાં અને 'પ્રલય' ના આરંભનાં પ્રકરણોમાં રમણલાલે એ અસંતોષની અભિવ્યકિત કરી જ છે. સ્વરાજ પછીની નિરાશાજનક પરિસ્થિતિનું નિરૂપણ તેમાં જોઈ શકાય છે. 'ઝંઝાવાત' માં બાવાભાઈ નામે એક મહાસભાવાદી નેતાનું પાત્ર આવે છે. સ્વરાજ સિદ્ધ થયા પછી જેટલા લાભો મળી શકે એટલા લાભો મહાસભા (કોંગ્રેસ) ના આગેવાનને નામે તેઓ મેળવતા હોય છે. તેમાં એક બીજું પાત્ર શેઠ કિશોરદાસનું પણ આવે છે. તેઓ પોતાને ગાંધીવાદી માને છે ને મનાવે છે. પણ તેનામાં બધાં 'એન્ટી-ગાંધી' અનિષ્ટો જ હોય છે. કાળાંબજાર, શોષણ, લાંચ-રુશ્વત, માંસાહાર, મદિરાપાન, વેશ્યાગમન વગેરેથી તેઓ યુકત છે. કિશોરદાસ મોટા ઉદ્યોગપતિ થવાના અને બાવાભાઈ ગવર્નર જનરલ બનવાનાં સ્વપ્નો સેવતા હોય છે. સ્વરાજ પછી રમણલાલને પ્રધાનો અને નેતાઓ પ્રત્યે ઘૃણા થવા લાગી હતી અને તેનું કટાક્ષપૂર્ણ આલેખન આ પાત્રો દ્વારા ઉકત નવલકથામાં થયેલું જ છે. 'ઝંઝાવત'નો

પહેલો ભાગ ઈ.સ. ૧૯૪૮ માં મને બીજો ભાગ ઈ. સ. ૧૯૪૯ માં પ્રસિદ્ધ થયો હતા. જે સમય ૧૯૫૦ ની આસપાસનો જ છે. કલાની દૃષ્ટિએ આ નવલકથા સામાન્ય કક્ષાની છે પણ સ્વરાજ પછીનો જે રાજકીય અસંતોષ હતો એ તેમાં સુપેરે પ્રગટ થાય છે.

બીજા એક પત્રમાં તો એક જાણીતા લેખકે જે લેખ લખ્યો છે તેમાં એટલા બધા મુદ્રણદોષો રહી ગયા છે કે કયાંયથી પણ લેખકનું વકતવ્ય સ્પષ્ટ રીતે પકડી શકાતું નથી. જેમ કે, '........જયારે વાતાવરણ ગાંધીના ગ્રામ અભિમાને સરચાર્જ થયેલું છે. અને પ્રગતિશીલ વડોદરા રાજયના મણિલાલ બાલાભાઈ નાણાવટી સરખા વડા વહીવટકારો ગ્રામ પુર્નઘટના શકય છે એવું ચીંધી એને નવલવિજય સુદ્ધાં બનાવી શકાય એમ માનનારા છે......'

રમણલાલ દેસાઈ ઉપર જે લેખકો લખવા તત્પર થયા હોય એ બધા ઉચ્ચકક્ષાના વિદ્વાનો કે વિવેચકો ન હોય એમ સ્વીકારીને ચાલીએ તો પણ સામાન્ય લેખકની પણ લેખક તરીકેની જવાબદારી ઓછી રહેતી નથી. એવું જ બધા અખબારો ને સામયિકો વિશે કહી શકાય. અખબારોને સામયિકોએ સામાન્ય વાચકો સુધી પહોંચવાનું હોય છે. પણ લેખકના વકતવ્યને જ સંદિગ્ધ બનાવે એ રીતે વાચકો સમક્ષ ન મૂકવું જોઈએ.

અંગ્રેજી ભાષામાં પ્રગટ થતું કોઈ અખબાર રમણલાલ દેસાઈ ઉપર લેખ પ્રગટ કરે ત્યારે કોને આનંદ ન થાય ? અને એ લેખ પણ એક ગુજરાતી લેખિકા લખે ત્યારે એ ઘટના ગૌરવશીલ જ ગણાય. પણ જેવો એ લેખ વાંચવા લાગીએ છીએ કે એ આનંદ ઓસરતો જાય છે. આ અંગ્રેજી લેખમાં લેખિકાએ જે બેજવાબદારી ભર્યાં વિધાનો કર્યાં છે અને મહદ્અંશે ખોટી માહિતી આપી છે એથી તો ઘણી ગ્લાનિ થાય છે. એટલું જ નહિ પોતાના જ લેખમાં લેખિકા જયારે વિરોધી મંતવ્યો પ્રગટ કરે છે ત્યારે તો દુઃખની પરાકાષ્ટા આવી જાય છે જેમકેઃ

'JhanJhawat' and 'Bharelo Agni' were also based on the independence struggle.'

તેના વિરોધમાં આગળ ઉપર તેમના જ શબ્દો જોઈએ :

' Pralay' and JhanJhawat express doubts about dangerous effects of modern science.'

પહેલાં 'ઝંઝાવાત'ને સ્વાતંત્ર્યસંગ્રામની ભૂમિકા ઉપર મંડિત થયેલી નવલકથા તરીકે તેઓ ઓળખાવે છે અને પછી તે જ નવલકથાને આધુનિક વિજ્ઞાનનાં ભયાનક ભયસ્થાન તરીકે ઓળખાવે છે !

ઉકત અંગ્રેજી લેખમાં લેખિકા એક નવું સંશોધન કરી બતાવે છેઃ

'...... he had written a few plays including Nana Fadnavis, Pavagadh and Rana Pratap. There were staged all over the state in the twenties.

લેખિકાનો, અહીં ગંભીર વિગત દોષ રહેલો છે, કારણ કે આ પ્રકારનાં નાટકો રમણલાલે લખ્યાં નથી. વસ્તુતઃ એ ગ્રંથ નાટકનો ગ્રંથ નથી પણ ચરિત્ર અને ઈતિહાસનો છે. રમણલાલ પોતે પોતાની જ આત્મકથામાં આવાં નાટકોનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. તેમની આરંભની સાહિત્યકૃતિઓ નાટયરૂપે અવતરી હતી. 'સંયુકતા' અને 'શંકિતહૃદય' વિશે તેમણે સ્પષ્ટતાથી લખ્યું છે તેવું ઉકત નાટયકૃતિઓ વિશે લખ્યું નથી. એટલું જ નહિ, રમણલાલની છપાતી ગ્રંથ શ્રેણીમાં પણ આ પુસ્તકોનાં કયારેય સમાવેશ થયો હોવાનું યાદ નથી. તેમણે જે કંઈ લખ્યું છે એ બધું ગ્રંથસ્થ થયું છે તો ઉકત રચનાઓ ગ્રંથસ્થ કેમ થઈ નથી ? આવા પ્રશ્નો સહેજે ઊઠે છે: અને એ માટે લેખિકાએ પોતાનાં સંશોધનને યોગ્ય પ્રમાણો પૂરાં પાડવાં જોઈતાં હતાં તેમ લાગ્યા વિના રહેતું નથી.

'ગ્રામલક્ષ્મી' વિશે તેઓ લખે છે : 'Among his notable works is gram-Lakashmi. The Four volume work took him a decade to write.....' વાસ્તવમાં આ નવલકથા દસકામાં નહિ પણ ચાર વર્ષોમાં જ લેખકે લખી હતી. ઈ.સ. ૧૯૩૩ થી ૧૯૩૭.

એ પછી લેખિકા લખે છે : ' His Kshitis (ક્ષિતિજ) and shachi Paulomi (શચી પૌલોમી) had 'devas' and asuras' as characters.'

'શચીપૌલોમી'માં દેવો અને અસુરો પાત્રો તરીકે ચોકકસ આવે છે. પણ 'ક્ષિતિજ' તો તેમની પુરાણ કાલીન નવલકથા છે. તેમાં આવતાં પાત્રો મુખ્યત્વે સાગરજીવન જોડે સંકળાયેલા છે. સુબાહુ, સુકેતુ, ઉલુખી, ઉત્તુંગ, ક્ષમા વગેરે પાત્રોમાંથી કોઈ દેવ કે અસુર નથી. બધા માનવો છે.

ગુજરાત અને હવે સૌરાષ્ટ્રમાંથી પણ પ્રગટ થતાં એક અગ્રણી દૈનિકમાં તેના અધ્યાપકી પત્રકાર લેખકે રમણલાલ સંબંધે જે લેખ લખ્યો છે તે પુષ્કળ મુદ્રણદોષોથી ભરેલો છે. તેમાં સ્થળે સ્થળે નવલકથા 'પ્રલય' ને બદલે 'પ્રણય' છપાયું છે. આજનો વાચક રમણલાલની 'પ્રણય' નામે નવલકથા કયાં શોધવા જશે ? આ સમગ્ર લેખ ભારે અત્યુકિતઓથી ભરેલો છે એ બધું જવા દઈએ પણ તેમણે ઘણી તો ખોટી જ વિગતો આપી છે. લેખકના મિત્રો તેમને લાડથી ને વહાલથી 'સીને સાહિત્યના આંતરરાષ્ટ્રીય પંડિત' તરીકે ઓળખાવે છે. તેમણે ભારતીય ચિત્રપટો વિશે એકાદ ગ્રંથ લખ્યો છે તેના અહોભાવથી પ્રેરાઈને - આ આંતરરાષ્ટ્રીય પંડિતે એવા તો ગબારા ચડાવ્યા છે કે જે વાંચીને શ્વાસ પણ અદ્ધર થઈ જાય. તેમણે લખ્યું છેઃ

'સાહિત્ય કરતાં ફિલ્મઉદ્યોગે રમણલાલની શકિતઓને પિછાણી હતી. ૧૯૫૦ ના દાયકામાં ર.વ.દેસાઈની સંખ્યાબંધ કૃતિઓ ઉપરથી ફિલ્મો બની હતી. તેમાં એમની 'ગ્રામ લક્ષ્મી'નો પણ સમાવેશ થાય છે. 'કોકીલા' (કોકિલા) પરથી પણ ફિલ્મ બની હતી. રણજીત અને મિનરવા જેવી કંપનીઓ ત્યારે સારી સાહિત્યકૃતિઓની શોધમાં રહેતી.....'

ઉપરોકત પરિચ્છેદમાંથી એકાદ વાકય બાદ કરતાં લેખકે બધું જ ખોટું લખ્યું છે. 'કોકિલા' ઉપરથી ચોકકસ ફિલ્મ બની હતી, પણ 'ગ્રામ લક્ષ્મી' ઉપરથી ફિલ્મ બની હતી ? જો એવી કોઈ ફિલ્મ બની હતી તો તે કયારે બની હતી ? કોણે બનાવી હતી ? તેના દિગ્દર્શક કોણ હતાં ? તેમાં કયા કલાકારોએ ભૂમિકા ભજવી હતી ? વાસ્તવમાં 'ગ્રામ લક્ષ્મી' પરથી ફિલ્મ કદી બની જ નથી. 'કોકિલા' ત્યારની સાગર કંપનીએ બનાવી હતી અને રમણલાલની 'પૂર્ણિમા' ઉપરથી ત્યારની પ્રકાશ કંપનીએ ફિલ્મ તૈયાર કરી હતી. રમણલાલની ફકત આ બે નવલકથાઓ ઉપર થી જ ચિત્રપટોનું નિર્માણ થયું હતું અને તે બન્ને ચિત્રપટો મેં જોયાં હતા. સંખ્યાબંધ કૃતિઓ ઉપરથી ફિલ્મો બનવાની હકીકત તદ્દન ખોટી છે. અને ઉકત બન્ને ફિલ્મો ૧૯૫૦ ના નહિ પણ ૧૯૪૦ ના દાયકામાં બની હતી. બન્ને ચિત્રપટોના નિર્માતાઓ અને દિગ્દર્શકો ગુજરાતી હતા કેમકે બન્ને ગુજરાતી માલિકોની સંસ્થાઓ હતી. રણજીત કે મિનરવા જેવી કંપનીઓ ત્યારે સારી સાહિત્ય કૃતિઓની શોધમાં રહેતી જ નહોતી. રણજીતની ફિલ્મો બહુ સાધારણ બનતી હતી અને મિનરવા કંપની મહદ્ અંશે ઐતિહાસિક ફિલ્મો બનાવતી હતી. હા, મુનશીની ' પૃથિવી વલ્લભ' ઉપરથી તે કંપનીએ ચિત્રપટનું નિર્માણ જરૂર કર્યું હતું. અને રણજીત કંપનીમાં ગુણવંતરાય આચાર્ય વાર્તાલેખક તરીકે નોકરી કરતા હતા એ જુદી વાત છે.

રમણલાલ દેસાઈની નવલકથાઓ વિશે કે સમગ્ર ગુજરાતી નવલકથા સાહિત્ય વિશે સ્વર્ગસ્થ સુરેશ જોષીનો અભિપ્રાય બહુ ઊંચો નહોતો એ તો જાણીતી વાત છે. નવલકથા વિશે તેમણે પોતાના વિવેચન સંગ્રહ ' કથોપકથન'માં વિસ્તૃત અભ્યાસપ્રચુર લેખ લખ્યો છે એ પણ બહુ પ્રસિદ્ધિ છે. સુરેશ જોષીનો પ્રભાવ એ સમયમાં, એટલે કે ૧૯૬૦ ના દાયકામાં એટલો જોરદાર ને વ્યાપક હતો કે તેમણે નવલકથાની જે વિભાવના આપી હતી તેની વિરુદ્ધ જવાનું કોઈને ગમતું નહોતું. જેમને વિરુદ્ધ જવા જેવું લાગતું હતું તેઓ એવી હિંમત પણ કરી શકતા નહોતા. નવલકથા વિશે સુરેશ જોષીની વિભાવનાનો

એકાંગી દૃષ્ટિ કોણ જ સૌ માન્ય રાખવા લાગ્યા હતા. એ સમયમાં આ લેખકને કે સ્વ. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટને બાદ કરતાં ભાગ્યે જ કોઈએ તેમની વિરુદ્ધ સ્પષ્ટતાથી લખવાની હિંમત કરી હશે. મોટા ભાગના લેખકો તેના પુરસ્કર્તા બની રહ્યા હતા અને તેમની સામે લખનારને વિવેચક કે વિદ્વાન તરીકે માન્ય રાખવા પણ તૈયાર નહોતા. પણ આજે હવે જ્યારે પરિસ્થિતિ બદલાઈ રહી છે ત્યારે જુદું જ વાતાવરણ જોવા મળે છે. રમણલાલ વિશે આ લેખકના શોધપ્રબંધમાંથી તફડંચી કરીને એકાદ પુસ્તિકા લખનાર એક લેખક એક પત્રમાં લખે છે :

'૧૯૬૦ પછીના પચીસેક વર્ષના ગાળામાં એક નવલકથાકાર તરીકે રમણલાલનું અવમૂલ્યાંકન કરવાનો પ્રયત્ન અમુક વિવેચકોને હાથે સતત થયો. તેમની મનીષા તો માત્ર રમણલાલને જ નહિ, ગોવર્ધનરામ અને મુનશીને પણ લેખકોની પંગતમાંથી ઉઠાડી મૂકવાની હતી. ગુજરાતી સાહિત્યની ક્ષિતિજને પોતાની દીઢ નવલકથાની ટૂંકી નજરથી કાપીકૂપીને સાંકડી બતાવવાના પ્રયત્નો થતા રહ્યા. ઘટનાલોપ કે ઘટનાનું તિરોધાન, ભાષાકર્મ વગેરેના ઊહાપોહની વચમાં રમણલાલ વિષે વાત કરવી એટલે જાણે ગુનો કરતા હોઈએ એવો અનુભવ થતો...... '

સુરેશ જોષીનું નામ આપ્યા વિના તેમણે ઉપરના શબ્દો લખ્યા છે. બરાબર છે. પણ જ્યારે ખરેખર સિંહ હયાત હતો અને ડણકતો હતો ત્યારે તેની બોડમાં હાથ ઘાલવાની હિંમત કેમ થતી નહોતી ? જે શબ્દો તમે આજે લખી શકો છો એ લખવાની નીડરતા ત્યારે કેમ નહોતી ? સુરેશ જોષી આજે હયાત હોત તો આ બહાદુરો આવું લખવાની હિંમત કરી શકયા હોત કે કેમ એ વિચારવાનું છે.

આ ઉપરાંત બીજું પણ ઘણું રમણલાલ વિશે લખાયું હશે. હું તો જેટલું જોઈ શકયો ને વાંચી શકયો એથી ઘણો ક્ષુબ્ધ થયો છું. લેખકો પાસે રમણલાલ વિશે જ્યારે પાયાની માહિતી ન હોય અથવા તો એવી માહિતી મેળવવાની તેમને ખેવના ન હોય ત્યારે આમ જ બધું ચાલે એ તો દેખીતું છે. એકાદ લેખ લખવામાં કે એકાદ કલાક આવા માતબર સાહિત્યકાર વિશે બોલવામાં જે અથાક સ્વાધ્યાય કરવો પડે છે એવું કરવાની આજે કોઈની તૈયારી હોતી નથી. પછી મૂલ્યાંકન કે પુનર્મૂલ્યાંકનની અપેક્ષા તો કયાંથી સંતોષાય ? લાગે છે કે પ્રકૃતિને સત્ય બહુ રુચતું હોતું નથી; જૂઠ કે અર્ધસત્ય જે આવી રીતે તેની પિછાન બની રહેતાં હશે.

કેટલાક લેખકો એવો આક્ષેપ પણ કરે છે કે રમણલાલ દેસાઈ વિશે લખવાનો ફકત મારો જ ઈજારો હોય એ પ્રકારના મારો અભિગમ રહ્યો છે. રમણલાલ દેસાઈ વિશે જાણે મેં મોનોપોલી રાખી હોય એવું જ મારું વર્તન રહ્યું છે. આવું તો મારા મનમાં કંઈ નથી, હોઈ શકે પણ નહિ. કેમકે કોઈ પણ લેખક આજે છે ને કાલે નહિ હોય. તેની હયાતી પછી પણ આવું બધું તો ચાલતું જ રહેવાનું. પોતાની હયાતી પછી તેનાં લખાણો વિશે ભવિષ્યની પ્રજા શું કહેવાની છે તેની કોઈ લેખકને ખબર હોતી નથી. પણ જ્યાં સુધી લેખક હયાત હોય ત્યાં સુધી તો તેની ફરજ છે કે તેણે પોતાનાં લખાણો વિરુદ્ધ થતી ટીકાઓનો જવાબ આપવો જ જોઈએ અને પોતાના અભ્યાસ વિષયક મૂલ્યાંકનોને અને નિરીક્ષણોને આજના સંદર્ભમાં જોવા જોઈએ. રમણલાલ દેસાઈ કે કોઈપણ સાહિત્યકાર વિશે લખવાનો એક લેખકનો ઈજારો હોઈ શકે નહિ. પણ આજે રમણલાલ દેસાઈ વિશે જે કંઈ લખાઈ રહ્યું છે અને એ બધું આપણાં અખબારો ને સામયિકોમાં પ્રગટ થઈ રહ્યું છે ત્યારે લાગે છે કે આ ક્ષેત્રમાં તો હજી આ લેખકની મોનોપોલી ટકી રહી છે. ગુજરાતી લેખકોને કે પત્રકારોને આ શબ્દો વાગે અને તેઓ હંમેશની જેમ મારા પર ક્રોધે ભરાય તો ય આ શબ્દો તદ્દન સાચા છે. □□□

# નામ - જપનનો મહિમા

## □ ડૉ. વિબોધચંદ્ર હીરાલાલ કાપડિયા

અનાદિ સમયથી ફરી રહેલા કાલચક્રની ગતિના વિધિના નિયમો પ્રમાણે આ અવસર્પિણિના પાંચમા આરામાં કષ્ટ, દુઃખ, અશાંતિ, અગવડો વધારે રહેવાનાં છે તથા સુખ, સગવડ અને શાંતિ અલ્પ મળવાનાં છે. મળેલું જીવન તો પસાર કરવાનું જ છે. પરંતુ સંતોષ, સમતા અને હિમ્મત આપે તેવી વાત એ છે કે મહર્ષિઓના-યોગીમહાત્માઓના, સંતોના નામરૂપી મંત્રનું સ્મરણ, જપન અને આલંબન ભવસાગર તરવા સુલભ, અમોઘ અને રામબાણ ઈલાજ છે - કલિયુગમાં તે મહાઅસરકારક છે - મહામહિમાવંત છે એમ અનેક વિદ્વાનોનું - ધર્માત્માઓનું - યોગ સાધકોનું કહેવુ છે - માનવું છે. અનેક સંતપુરુષોએ પણ રામનામનો મહિમા ગાયો છે - વર્ણવેલો છે - ચાખેલો છે.

ગોસ્વામી તુલસીદાસે રામાયણમાં કહ્યું છે કે :-

" ચહુઁ જુગ, ચહુઁ શ્રુતિ નામ પ્રભાઉ, કલિ વિશેષ નહિ આન ઉપાઉ.
કલિયુગ કેવલ નામ આધારા, પ્રભુ સુમરિ ઉતરહું ભવપારા. "

નામ સ્મરણ માટે કહેવાય છે કે ઓછાવત્તા ફળ ઉપર ધ્યાન આપ્યા સિવાય પ્રભુનું નામ લેવા (ઘૂંટવા) માંડો - જેમ જેમ એ ઘૂંટાતુ જશે તેમ તેમ એનો પ્રભાવ દેખાવા માંડશે - પીપર જેમ જેમ વધુ ઘૂંટાય તેમ તેમ એનામાં વધુ શકિત આવે છે. પીપરને વધુ શકિતમાન - અસરકારક બનાવવા માટે વૈદો ચોસઠ પહોર સુધી એને ઘૂંટયા કરે છે. આવી પીપરને ચોસઠપોરી પીપર કહે છે. તેમ પરમાત્માનું નામ પણ વધુ ઘૂંટાય - રટાય - લેવાય તેમ વધુને વધુ શકિત - સામર્થ્ય પ્રાપ્ત થાય - જો કે તે અડગ, અખૂટ શ્રદ્ધા, ધીરજ અને સતત પ્રયત્ન વગર પામી શકાય નહિ - જેમ નાના છોકરાને એકડો વારંવાર ઘૂંટાવવો પડે છે, તેમ પ્રભુનું નામ વારંવાર લેવાથી એનો જાપ આપોઆપ ચાલ્યા કરે છે. શ્વાસેશ્વાસે નામ-સ્મરણ વહ્યા કરે છે. રોમરોમમાંથી પ્રભુનું રટણ ચાલે છે.

જૈન સ્તોત્રકારે કહ્યું છે : " पूजा कोटि समं स्तोत्रं - स्तोत्र कोटि समो जपः । जप कोटि समं ध्यानं, ध्यानकोटि समो लयः ॥

દરેક પદાર્થને ઓળખવા માટે નામ અગત્યનો ભાગ ભજવે છે. નામથી વ્યવહાર, લેવડદેવડ, વિચારોની આપ લે વગેરે સરલપણે ચાલે છે. તેથી જ દરેક વસ્તુના જઘન્યથી પણ થતા ચાર નિક્ષેપોમાં નામ-નિક્ષેપ અગ્રસ્થાને છે. જાપ, જપ, જપન, સ્મરણ સમાન અર્થી શબ્દો છે. ચંચલ મનને કાબુમાં રાખવા - સ્થિર કરવા - શુભ સંસ્કારોથી પલ્લવિત કરવા, વારંવાર, ફરીફરી પરમોચ્ચ પ્રભાવિક અને મહાશકિત સંપન્ન સમર્થ પરમાક્ષરોના બનેલા નામોનુ શ્રદ્ધાથી રટણ કરવું - ઉચ્ચારણ કરવું - આલંબન લેવુ — શરણે જવુ એમ જપનનો અર્થ કરી શકાય. જગતમાં ચમત્કાર, જાદુ, જંતરમંતર, લૉટરી, પ્રતાપ, પ્રભાવાદિ શબ્દો સામાન્ય માનવીના મનને તથા હૃદયને લલચાવે છે પરંતુ આપણે તો આપણા મોંઘેરા મનુષ્યજીવનનો પરમોચ્ચ અભ્યુદય સાધીને શાશ્વત સુખ અને પરમ શાંતિ આપનારા - સુલભ રીતે મેળવી શકાય એવા પ્રભાવિક, મહિમાવંત, પ્રતાપશીલ પુણ્યમય સાધનોનો - ઉપાયોનો જ વિચાર કરવાનો છે અને મોહમાયામાં ફસાવી દે - જન્મ - જરા મૃત્યુના ચકકરમા સપડાવી દે એવા ઝાંઝવાના નીર જેવા ચમત્કારો અને જાદુથી ભરેલા માયાવી પ્રયોગોથી, વચનોથી દૂર જ રહેવાનું છે. આ સિદ્ધ કરવા માટે નામજપન એ સહેલાઈથી આચરણમાં મૂકી શકાય, સૌને રુચિ જાય એવો અનુભવીય માર્ગ છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનો અને સિદ્ધચક્રનો પ્રભાવ - મહિમા તો અવર્ણનીય છે. જેમ વાણીનો, ધાર્મિક ગ્રંથોનો, વેદ પુરાણ અને આગમોનો, સત્સંગનો, જિણ પડિમાઓનો, તીર્થસ્થાનોનો મહિમા

અને પ્રભાવ જગવિખ્યાત છે તેમ પવિત્ર, પાવનકારી, શુભ દિવ્ય નામો પણ મહાપ્રભાવિક અને મહિમામય હોય છે. પરમપુણ્યવંત, મહાત્માઓના, સાધુસંતોના, મહર્ષિઓના, યોગીશ્વરોના, બ્રહ્મચારીઓના, જિનેશ્વર કેવલી ભગવંતોના નામોમાં પણ અચિંત્ય, અવર્ણનીય, અલૌકિક, અસાધારણ પરમ દિવ્ય અનંત મહાશકિત, મહાજ્યોતિ, સામર્થ્ય અને સૌંદર્ય રહેલાં છે એમ અનુભવસિદ્ધ મહામુનિવરોએ - યોગિરાજોએ પુરવાર કરેલુ છે. અરિહંત ભગવંતોનું, પુરુષોત્તમોનું, સંત-મહાત્માઓનું અને વિશેષતઃ પુરુસાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ એ મહામંત્રરૂપ છે આ વાતનું સમર્થન કરતાં અનેક ઉલ્લેખો ધાર્મિક ગ્રંથોમાં ઉપલબ્ધ થાય છે તેમાંથી કેટલાંક અત્રે જણાવું છું :-

૧ " सकलाऽर्हत् स्तोत्र" માં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યસૂરિ મહારાજે કહ્યું છે :

"नामाकृतिः द्रव्यभावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ।।"

તથા આ જ મહર્ષિએ " श्री अर्हन्नामसहस्र - समुच्चय" માં જણાવ્યું છે. :

अर्हन्नामाऽपि कर्णाभ्यां शृण्वन् वाचा समुच्चरन् ।
जीवः पीवर पुण्य श्री र्लभते फलमुत्तमम् ।।१ ।।
अत एव प्रतिपातः समुत्थाय मनीषिभिः ।
भकत्याष्टाग्र सहस्राईन्नामोच्चरो विधीयते ।। २ ।।
एतदष्टोत्तरं नाम-सहस्रं श्रीमदर्हतः ।
भव्याः पढन्तु सानन्दं महानन्दैककारणम् ।।"

૨. 'અજિતશાંતિ સ્તવ'ની ગાથા ચારમાં આ પ્રમાણે છે : - अजियजिण ! सुहप्पवत्तणं तव पुरिसुत्तम नामकित्तणं । तह य धिइमइप्पवत्तणं, तव य जिणुत्तम । संति कित्तणं । "

૩. માનતુંગસૂરિ રચિત ભકતામરસ્તોત્રની ૩૬-૩૭ મી ગાથામાં " त्वन्नाम-कीर्तनजलं शमयत्यशेषम् तथा " स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः " આમ ઉલ્લેખો છે.

૪. સિદ્ધસેન દિવાકર રચિત કલ્યાણમંદિર સ્તોત્રનો સાતમો શ્લોક " नामाऽपि पाति भवतो भवतो जगन्ति" નામનો જ મહિમા સૂચવે છે ને ?

૫. બૃહદ્ગચ્છીય શ્રી માનતુંગાચાર્ય વિરચિત नमिऊण स्तोत्रમાં ત્રણેક વાર નામ જપનનો મહિમા ભારપૂર્વક દર્શાવાયો છે - જુઓ;

a) " तुह नामक्खर कुडसिद्ध मंत गुरुआ नरा लोए ।"

b) "रोग जलजलण विसहर चोरारि मइंदगय - रणभयाइं पासजिण नाम संकित्तणेण पसमंति सव्वाइं । " '

c) ' पासह समरण जो कुणइ संतुट्ठे हियएण । अठ्ठुत्तरसय वाहिभय नासइ तस्स दूरेण । "

૬. બૃહત્શાંતિ સ્તવ - મોટી શાંતિ સ્તોત્ર " ॐ ह्रँ श्रीं धृतिमतिकीर्त्ति कान्तिबुद्धिलक्ष्मीमेघाविद्यासाधन प्रवेशननिवेशनेसु सुगृहीत नामानो जयन्तु ते जिनेन्द्राः ।" નામજપનના મહિમા જ ગાય છે.

૭. બૃહદ્ગચ્છમાં પ્રસિદ્ધ પ્રભાવક શ્રીમાનદેવસૂરિએ મરકીથી પીડાતા સંઘને રોગમુકત કરવા જે લઘુ 'શાંતિસ્તવ ' ની રચના કરી છે તેમાં " यस्येतिनाम मंत्र-प्रधानवाक्योपयोग कृततोषा विजया कुरुते जनहितमिति च नुता तं शान्ति । " નામ જપનનો જ મહિમા વર્ણવે છે.

૮. જૈન સ્તોત્ર સંદોહ (ભાગ ૨) માં નામ જપનના મહિમા વિષે આ પ્રમાણે ઉપયોગી માહિતી મળે છે :-

निःशेष मन्त्राक्षर चारमन्त्रं श्रीपार्श्वतीर्थेश्वरनाम ध्येयम् ।
जिन त्वन्नाम मन्त्रं ये ध्यायन्त्येकाग्रचेतसः ।
सर्व विद्या मन्त्र बीजाक्षर नामाक्षर प्रभो ।
प्रभूता भूताद्याः प्रबलतररोगाऽपि तक्ष तव स्वमिन नामस्मरणवरातो यान्ति विलयम् ।
त्वन्नाम वामाङ्गज ये जपन्ति नरयन्ति दूरं दुरितानि तेभ्यः ।

૯. स्वामी माणिक्य पूर्वस्त्रिभुवन तिलकश्चिंतित श्री सुरादि त्रैलोक्यद्योतकर्ता प्रथिततरयशाः श्चित्रकृन्नाम मंत्रः (D.C. Hymnology, p. 57)

૧૦. " श्री पार्श्व (नाथ) मन्त्राधिराज स्तोत्र " ની શરૂઆતમાં પાર્શ્વ પ્રભુના ૧૦૮ દિવ્યનામો પ્રકીર્તિત કરાયા છે અને આ ૧૦૮ દિવ્યનામોના અંતમાં આ પ્રમાણે છે. - "इति श्री पार्श्वनाथस्य सर्वज्ञस्य जगद्गुरोः दिव्यमष्टोत्तरं नाम शत्रमत्र प्रकीर्तितम् ।। पवित्रं परमं ध्येयं परमानन्द दविकम् । भुक्तिमुक्ति प्रदं नित्यं पढते मङ्गलप्रदम ।। "

૧૧. ભદ્રબાહુસ્વામી રચિત લઘુસહસ્રનામ સ્તોત્રમાં નીચેના શ્લોકો નામ જપનનો મહિમા સૂચિત કરે છે.

" नमस्त्रिलोकनाथाय सर्वज्ञाय महात्मने,
वक्षे तस्यैव नामानि मोक्ष सौख्या भिलाषया ।। १ ।।
नामाष्टक सहस्राणि ये पढन्ति पुनः पुनः ते
निर्वाणपदं यान्ति मुच्यतेनात्र संशयः ।। ४१ ।।

૧૨ નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરિ રચિત મહાપ્રભાવિક થંભણપાસનાહની દિવ્ય સ્તુતિરૂપ " जयतिहुअण स्तोत्र ની બીજી, ત્રીજી અને ચોથી ગાથાઓ પાર્શ્વનાથના નામરૂપી છે. પવિત્ર મહામંત્રનો મહિમા જ દર્શાવે છે.

૧૩. લાવણ્યસમયસૂરિ રચિત ગૌતમસ્વામીના છંદમાં "ગૌતમ નામે નિર્મલ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર" પદો પણ સકલલબ્ધિનિધાન ગૌતમસ્વામીના નામના મહિમાનું જ સ્મરણ કરાવે છે.

૧૪. પાર્શ્વચંદ્રસૂરિકૃત ગૌતમસ્વામીના લઘુરાસમાં " ગૌતમ સ્વામિ લબ્ધિ નિધાન, ગૌતમસ્વામિ નવે નિધાન; સુરગો તરુ મણિ ગૌતમ નામ, જેવો નામ તેવો પરિણામ - " વધારામાં દસથી સોળ ગાથાઓ પણ ગૌતમ નામનો વિશિષ્ટ મહિમા ગાય છે.

૧૫. ઉદયરત્નસૂરિએ સોળ સતીના છંદમાં જણાવ્યું છે : આદિનાથ આદે જિનવર વંદી સફળ મનોરથ કીજિયે રે;
પ્રભાતે ઊઠી મંગલિક કામે સોળ સતીનાં નામ લીજિયે રે.

આ ઉપરાંત બીજાં ઘણાં જૈન પદ્યોમાં તથા હિંદુ ધર્મના ભજન - કીર્તનોમાં નામસંકીર્તનનો મહિમા ગવાયો છે. વળી હરિનામ, રામનામ, ઈશ્વર, ભગવાન, પારસનાથ, મહાવીર, અલ્લા, નિર્મલ, પરમપદ, ૐકાર વગેરે વગેરે પવિત્ર પાવનકારી શુભ નામોથી સંપન્ન ભકિતગીતો પણ જો ફરી ફરી નિત્ય સાંભળવામાં આવે અથવા સ્વમુખે ગાવામાં આવે તો પણ તન, મન, હૃદય અને આત્મા આનંદિત, શાંત, પ્રસન્ન, પ્રફુલ્લિત બની પવિત્ર થઈ શકે છે.

રોજના નિત્ય વ્યવહારમાં, એક બીજાને મળતાં રામ રામ, જયરામજી, હરિ ઓમ, જય સીયારામ, જય શ્રીકૃષ્ણ, જય જિનેન્દ્ર, નમસ્તે, નમસ્કાર આદિ શબ્દોનો અરસપરસ જે ઉપયોગ થાય છે તે વારંવાર બોલવાથી અને સાંભળવાથી ભગવદ્નામના જપનનો મહિમા અને પ્રભાવ સીધી કે આડકતરી રીતે અનુભવાય છે - પામી શકાય છે. આમ, ભારતીય ધર્મપરંપરામાં નામ જપનનો મહિમા અપાર છે.

□ □ □

## સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક

'પ્રબુદ્ધજીવન' માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલા લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. અમને જણાવતાં આનંદ થાય છે કે ૧૯૯૧ના વર્ષ માટેનું પારિતોષિક **શ્રી વિજયગુપ્ત મૌર્ય** ને તેમના લેખો માટે આપવામાં આવે છે.

આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ધનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી છે.

અમે શ્રી વિજયગુપ્ત મૌર્યને અભિનંદન આપીએ છીએ અને નિર્ણાયકોનો આભાર માનીએ છીએ. □**મંત્રીઓ**

# ઑસ્ટ્રેલિયાની અજાયબીઓ

□ વિજયગુપ્ત મૌર્ય

ક્રિકેટ જગતના મનમોહક અને મહામૂલ્યવાન વિશ્વકપ જીતવાની સ્પર્ધાઓ, ક્રિકેટના રસિયાઓમાં, આખી દુનિયામાં ખૂબ જ ઉત્તેજના પ્રેરી. જ્યાં બ્રિટિશ સામ્રાજ્ય હતું, ત્યાં ક્રિકેટ માટેનો ગાંડો શૉખ તો છે જ, પરંતુ હવે અખબારો, સામાયિકો, રેડિયો, ટેલવિઝન, ફિલ્મો, ઉપગ્રહો વગેરેએ આપેલી ઝાકઝમાળ પ્રસિદ્ધિએ વધુમાં વધુ રસ ફેલાવ્યો. જે ઘણા માણસ સિનેમાના પડદા ઉપર હીરો અને હીરોઈનના પ્રેમના દૃશ્યોથી પીગળી જતા ન હોય તેઓ પણ આ વિશ્વકપ સ્પર્ધાના પ્રચારથી પોતાને અલિપ્ત રાખી શક્યા નહિં. તેમની દલીલ એવી હોય છે કે, પાંચ દસ હજાર કિલોમિટર દૂર, પારકા દેશમાં બીજા પારકા દેશના ખેલાડીઓ ત્રીજા પારકા દેશના ખેલાડીઓ સામે રમતા હોય અને સૂસવતા બોલ ઉપર બેટ ઝીંકે કે ન ઝીંકે એની સાથે આપણે શું સંબંધ ?

બંને પક્ષોને તેમની દલીલો મુબારક હો. તેમાંથી તો ઑસ્ટ્રેલિયા શું છે, કોણ છે, ક્યાં છે, કેવો છે, તેનો લેશમાત્ર ખ્યાલ નહીં હોય. શાળાના અભ્યાસમાં, ઈતિહાસ અને ભૂગોળ પ્રત્યે નફરત સેવનારા વિદ્યાર્થીઓ પણ ક્રિકેટના ઈતિહાસ અને તેના ઈતિહાસના પાત્રો વિષે ઝીણવટ ભરી વિગતો પણ જાણતા હોય છે. આ એક એવી સીઝન છે કે જ્યારે પૃથ્વી પર સર્વત્ર સ્પર્ધાના હરીફોનાં પરાક્રમો ગુંજતા હોય છે. એ ઋતુમાં સરકારી અને ખાનગી ઓફિસોમાં કોઈ કામ કરતું નથી, શાળા-કૉલેજોમાં છોકરાઓ ભણતા નથી-અધિકારીઓ અને અધ્યાપકો પોતે પણ ક્રિકેટમાં ખોવાઈ ગયા હોય છે, અને રમનારાઓ, શ્રોતાઓ, દર્શકો વગેરે વચ્ચે સ્પર્ધામાં અઢળક ધનની આપ-લે થાય છે. રમનારાઓમાં કોઈ મુફલિસ હોય તો પણ તે કરોડપતિ થઈને બહાર આવે છે. આપણા વડાપ્રધાને વિદેશી મુદ્રાની ગરીબીથી પીડાઈને સરકારી સોનુ ગીરવી મુકવું પડે, પણ ક્રિકેટના બોલબેટ અને સ્ટંપ વિદેશી મુદ્રાના અથાગ સમુદ્રમાં મહાલતા હોય છે. તેમ છતાં, તમને ક્રિકેટ અને ફૂટબોલની સ્પર્ધામાં રસ હોય કે ન હોય, તો પણ તેમાં અજાયબીઓનો ભંડાર તો છે જ, આજે આપણે ઢાલની એ બીજી બાજુની અજાયબીઓનો પણ આનંદ માણીએ.

ક્રિકેટ જગતના વિશ્વકપની ઉત્તેજનાભરી સ્પર્ધા જોવા માટે, ઑસ્ટ્રેલિયા જવાની જરૂર નથી. દૂરદર્શનની સ્વીચ ખોલો એટલે એ સ્વર્ગના દૃશ્ય તત્ક્ષણ તમારી સમક્ષ હાજર થઈને તમારી સામે રમવા માંડે છે. તે માટે ઑસ્ટ્રેલિયા (કે સ્પર્ધાનું બીજું કોઈ મેદાન) ક્યાં છે, તે જાણવાની પણ જરૂર નથી. દુનિયામાં સપ્તખંડ પૈકી સૌથી નાના, સૌથી વધુ વેરાન, છતાં પ્રમાણમાં સૌથી વધુ હરિયાળા અને વધુ ઉત્પાદક, સૌથી ઓછી વસતી ધરાવનારા આ દેશ પાસે એવું ઘણું છે કે જેમાંથી દર્શકો, શ્રોતાઓ કે વાચકો થોડુંક પણ ગ્રહણ કરે તો દેશનો દિવસ સુધરી જાય.

ઑસ્ટ્રેલિયા દક્ષિણ ગોળાર્ધમાં છે અને આપણે ઉત્તરગોળાર્ધમાં છીએ, એટલું જાણ્યા પછી કેટલાક અધકચરી સમજણવાળા લોકો એમ પણ પૂછી નાખે છે કે " ત્યારે શું ઑસ્ટ્રેલિયામાં લોકો ઊંધે માથે ચાલતા હશે ? " તેમણે ગુરુત્વાકર્ષણ વિષે કદી કશું જાણ્યું હોતું નથી. તેથી, એમ પણ પૂછીનાખે છે કે " ત્યારે સમુદ્ર છલકાઈને ઢોળાઈ કેમ નથી જતો ? "

આ તો અજ્ઞાનના અતિરેકની વાત થઈ. અને આપણે ત્યાં આવું અજ્ઞાન ઘણું છે. પણ ઑસ્ટ્રેલિયા વિષે આવી ઊલ્ટાસુલ્ટી હકીકતો પણ છે, દા.ત. આંચળવાળાં પ્રાણીઓ તો આપણે જોઈએ છીએ, પરંતુ ઑસ્ટ્રેલિયા આંચળને બદલે પેટ ઉપર થેલીવાળા જ પ્રાણીઓનો વસેલો દેશ હતો, જ્યાં પાંચફૂટ ઊંચી માદા કાંગારૂ ઈંચ જેવડું બચ્ચું જણીને થેલીમાં સમાવી લે અને પેટપરની થેલીની દિવાલો બચ્ચાને દૂધ પાઈને ઉછેરે. બચ્ચું ઉછરીની તગડું થઈ જાય ત્યાં સુધી થેલીમાં, આવજા અને આરામ કરે.

સૌથી લઘુ લાંબો ઠેકડો કાંગારૂ મારી શકે છે, તેમ છતાં, તેના આગલા પગ ટૂંકામાં ટૂકા અને પાછલા પગ તથા પૂંછડું મોટામાં મોટા હોય છે.

સુધરેલા જગતમાં ઑસ્ટ્રેલિયા વિષે સાંભળનાર ઈટાલિનો વિશ્વ પ્રવાસી માર્કોપોલો હતો, જો કે, ઑસ્ટ્રેલિયાં વિષે તેણે સાંભળેલી બધી વાતો સાચી ન હતી. એ પોતે ઑસ્ટ્રેલિયાં ગયો ન હતો. તેરમી સદીમાં લખાયેલું તેનું પ્રવાસ પુસ્તક, તેમ છતાં વાંચવા જેવું છે.

પશ્ચિમ ગોળાર્ધ અને દક્ષિણગોળાર્ધ પહેલીવાર જોનાર અને ખેડનાર સ્પેનનો મેગૅલન હતો, જેણે પૃથ્વીનો પહેલો વિશ્વપ્રવાસ કર્યો. પરંતુ તે જાતે પહેલી પૃથ્વી પ્રદિક્ષણા કરી શકે તે પહેલાં બેફામ બહાદૂરી બતાવવા જતાં માર્યો ગયો હતો.

જેમ ઉત્તરગોળાર્ધમાં સપ્તર્ષીના સાત તારાનું દિશાસૂચક ઝૂમખું છે તેમ દક્ષિણ ગોળાર્ધમાં, જુદા ઘાટનું ચોખઠું ( SOUTHERH CROSS) છે, એ જોનાર પહેલાં પ્રવાસી મેગૅલન હતો, આજે પણ દક્ષિણ આટલાન્ટિક મહાસાગરમાંથી દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં જવાની સામુદ્રધૂની મેગૅલનના નામે ઓળખાય છે.

ઑસ્ટ્રેલિયાની જેમ, ઑસ્ટ્રેલેશિયાની પ્રાણીસૃષ્ટી અને વનસ્પતિસૃષ્ટી તથા આદિવાસી માનવોની વસ્તી ઘણી વિચિત્રતાઓ ધરાવે છે. તેમાં ઑસ્ટ્રેલિયાની આસપાસના ભૌગોલિક પ્રદેશોમાં સમાવેશ થઈ જાય છે. દા. ત. યુકેલિપ્ટસ (નીલગીરી) ના વૃક્ષો ૨૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચે છે, GUMTREE વિષે ૩૦૦ ફૂટનો ઉલ્લેખ છે. નીલગીરીની કેટલીક જાતો ઉપરાંત, બાવળની પણ કેટલીક જાતો છે. સૌરાષ્ટ્રમાં નીલગીરીએ અને ગાંડા બાવળે તરખાટ મચાવ્યો છે.

પાંખ હોય તે પંખી કહેવાય, એ માન્યતા સાચી નથી. ઘણા જીવડાંને પાંખો હોય છે, તેઓ પંખી નથી અને ન્યુગીનીમાં કીવી નામના પંખી થાય છે તેમને પાંખો નથી !

આપણામાં એવી માન્યતા છે કે, જેમને કાનને ઠેકાણે મીંડા (કેવળ છીદ્ર) હોય તે ઈંડા મૂકે, અને જેમને કાન હોય તે બચ્ચાં જણીને, ધવરાવીને ઉછેરે. ઑસ્ટ્રેલિયાના પ્લૅટીપસ અથવા DUCK BILL ઈંડા મૂકે છે પણ બચ્ચાને ધવરાવીને ઉછેરે છે, અને છતાં તેમને આંચળ નથી હોતા !

ઑસ્ટ્રેલિયાનો વિશાળ પ્રદેશ, રણમાં સમાઈ જાય છે. કેટલાક અંગ્રેજોએ મુર્ખાઈ કરીને ત્યાં સસલા અને લોંકડી વસાવવાની ભૂલ કરી. સસલાની વસતી એટલી બધી વધી ગઈ કે તેમણે ઘણી ખરી લીલોતરીનો નાશ કરી નાખ્યો. પછી આ સસલાનો નાશ કેમ કરવો તે પ્રશ્ન ઑસ્ટ્રેલિયાને માટે માથાનો દુખાવો બની ગયો. માણસની મુર્ખાઈથી ઘણી કુદરતી હરિયાળી ગુમાવ્યા છતાં ઑસ્ટ્રેલિયા ગરમકાપડ અને દૂધની બનાવટોના ઉદ્યોગનો પ્રતીક ગણાય છે. સીલ બંધ ડબ્બામાં પૅક કરેલા માંસમાં પણ ખરો.

આપણા દેશમાં ચમચો દૂધ પણ નહીં પામનારા કરોડો બાળકો અને મોટેરાઓ જ્યારે પ્રોટિનરૂપી પોષણ વિના અકાળે મૃત્યુ પામે છે, ત્યારે ઑસ્ટ્રેલિયા દૂધ, પાવડર, રબડી, માખણ, ચીઝ, વગેરેની નિકાસ કરે છે. આપણા દેશમાં વસતીનો આંકડો ૮૪ કરોડની ઉપર ગયો છે. દરેક ક્ષણે તેમાં ઉમેરો થતો જાય છે. ઑસ્ટ્રેલિયાને વધુ ને વધુ વસતી જોઈએ છે તેથી રંગભેદની નીતિનો ત્યાગ કરીને પણ વસ્તીવધારાને તે પ્રોત્સાહન આપે છે. બીજી બધી રીતે સુપાત્ર હોય તો રંગભેદનો બાધ નથી.

ઑસ્ટ્રેલિયા પોણા યુરોપ જેટલો દેશ છે. તેનું ક્ષેત્રફળ ૨૯૯૫૩૬૮ ચો. માઈલ છે, ત્યારે ભારતનું કદ ૧૨૨૯૭૩૭ ચો. માઈલ છે. તેમ છતાં ભારત જયારે ખીચોખીચ વસતીથી ઉભરાય છે ત્યારે ઑસ્ટ્રેલિયામાં દર ચોરસ માઈલે લગભગ પાંચ માણસો વસે છે.

યુગો સુધી આવો વિશાળ પ્રદેશ માણસની વસતી નહિં ધરાવતો પણ માત્ર પ્રાણીઓની વસતી ધરાવતો પ્રદેશ હતો; અને વળી તેમાં પણ સસ્તન પ્રાણીઓને બદલે પેટ ઉપર થેલી ધરાવનારા અને આંચળવિનાના છતાં દૂધ ધરાવનાર પ્રાણીઓનો પ્રદેશ પણ ખરો. ત્યારે આ દખણાદા ખંડમાં માણસ સહિત સસ્તન પ્રાણીઓની વસતી ક્યાંથી આવી ? આ એક વિસ્મયકારક વાત છે કે, દક્ષિણ અને પશ્ચિમ પ્રશાંત મહાસાગરના અસંખ્ય ટાપુઓ તરાપા વડે " ઠેકતા ઠેકતા " આ ટાપુઓ ઉપર ફેલાવા

લાગ્યા. ઈતિહાસના ઉષા કાળને પણ હજી થોડીવાર હતી ત્યારે, તદ્દન પછાત આદિ માનવોએ તેમના પાળેલા કુતરાઓ સાથે ઑસ્ટ્રેલિયામાં આવી વસ્યા! તેમની પાસે ન વસ્ત્ર હતાં કે ન હતી વસ્ત્રકળા. આ બે સસ્તન પ્રાણીઓની ઉત્તરોત્તર થોડીક વસતી હજી પણ છે, અને તેમને "સુધારી" ને સભ્ય સમાજમાં લાવવા ત્યાંના ગોરા રાજકર્તાઓ પ્રયાસ કરી રહ્યાં છે. છેક વીસમી સદી સુધી તેમાંથી કેટલા સો માણસો સુધરેલા સમાજથી એવા અલિપ્ત રહ્યા કે તેમને માટીના વાસણ બનાવવાની કળા પણ વરી નહિં. અને જો એટલી સગવડ પણ ન હોય,તો પાણી શેમાં ભરી લાવે. તેથી તેમણે જળાશયોના કાંઠે વસવાટ કરવાનું પસંદ કર્યું. તેઓ એટલા બધા પછાત હતા કે, એક ફોટોગ્રાફમાં આ આદિજાતિના માણસને જળાશયમાંથી ખોબો વડે નહીં પણ પશુઓ જેમ પાણીમાં મોં નાંખીને પાણી પીએ છે તેમ પાણી પીતાં બતાવેલ છે.

છેક ઈ. સ. ૧૭૮૮ સુધી અહીં માનવસતી આવા આદિવાસી લોકોની જ હતી, અને તેમની સંખ્યા વધુમાં વધુ સાડા ત્રણ લાખથી અને આછીમાં ઓછી દોઢ લાખ જેટલી અંદાજવામાં આવી હતી. તે પછી ગોરાલોકો આ ભૂમિ પર પર ઉતરવા લાગ્યાં. પરંતુ તેઓ પોતાની સાથે એવા રોગો પણ લાવ્યા હતા કે જેની સામે, આ આદિજાતિના લોકોના શરીરના બંધારણમાં રક્ષણ ન હતું, તેથી સામાન્ય રોગોના સંસર્ગથી પણ તેઓ ટપોટપ મરવા લાગ્યા. ૧૯૩૦ સુધીમાં ફકત ૪૦૦૦૦ માણસો જ બચ્યા અને આજે જેમને શુદ્ધ આદિવાસીના વંશ જ તરીકે ઓળખાવી શકાય, તેવા લોકોની સંખ્યા ત્રણ, આંકડાથી વધુ નથી - ચાળીસ હજાર જેટલા લોકો શંકર એટલે મિશ્ર જાતિના છે. તેમ છતાં કાંઠા નજીકના મોટા ટાપુ, ટાસ્માનિયામાં આદિવાસીનો એકેય માણસ રહ્યો નથી. આમ, સભ્ય જગતથી તદ્દન અલિપ્ત રહેલા અતિ પછાત લોકોને "સુધારવામાં" આવે છે, ત્યારે આવું બને છે: આપણા આંદામાન ટાપુમાં પણ એવું બની રહ્યું છે, પરંતુ ત્યાં જારેવા જાતિના વગર સુધરેલા રહેલા, સેંકડો માણસોની આક્રમક વૃત્તિ છતાં તેમને સુધારવામાં આપણા સૈનિકોને સફળતા મળી છે.

હવે ઑસ્ટ્રેલિયાની પ્રજાના નૃવંશીય વિભાજન કેટલું વિચિત્ર છે તે જુઓ. ૯૫ ટકા લોકો ગોરા અંગ્રેજો છે, ૩ ટકા બીજા ગોરા યુરોપી છે અને બાકીના આદિવાસીઓ તથા રંગીન જાતિઓમાંથી ત્યાં જઈને સફળ થનારા લોકો છે, ઑસ્ટ્રેલિયાની શોધ અંગ્રેજોએ કરી હતી, અને તે મુખ્યત્વે અંગ્રેજ પ્રજાનો જ દેશ છે. તેમ છતાં, રાષ્ટ્ર સમૂહના સ્વતંત્ર દેશોના સમૂહમાં રહીને તે બ્રિટિશ રાજા કે રાણીનું માનદ્ વડપણ સ્વીકારે છે, પણ બધી રીતે સ્વતંત્ર છે. ત્યાં એવા પ્રત્યાઘાતી ગોરાઓ પણ થોડી સંખ્યામાં છે કે જેઓ દક્ષિણ આફ્રિકાની ગોરી પ્રજાની જુલ્મી રંગભેદની નીતિને વખાણે છે, પરંતુ તેમના કરતા વધુ સારા લોકોની સંખ્યા વધારે છે, અને તેઓ આ વાત સમજે, છે જાપાન, ચીન, સામ્યવાદી વિયેટનામ, ઈન્ડોનેશિયા, વગેરે કોઈ ધનવાન, કોઈ બળવાન અને કોઈ ઉભરાતી વસતીવાળા દેશોથી ઘેરાયેલા ઑસ્ટ્રેલિયાએ સૌ સાથે હળીમળીને ચાલવું જોઈએ, અને બ્રિટનના રાજકર્તાના છત્રપતિ પદના રક્ષણ નીચે રહેવું જોઈએ. વળી, જ્યાં ૯૫ ટકા અંગ્રેજી અને ત્રણ ટકા યુરોપી લોકો વસે છે ત્યાં નૃવંશી વિખવાદો જગાડવા ન જોઈએ. ગોરી પ્રજામાં વસતી વધારવાનો દર ઊંચો છે અને પસંદગીના ધોરણે થોડાક રંગીન લોકોને પણ વસાહતી તરીકે આવવા દેવામાં આવે છે, વળી દક્ષિણ આફ્રીકાની ગોરી પ્રજા અને અહીંની ગોરી પ્રજા વચ્ચે તફાવત છે, દક્ષિણ આફ્રિકાની ગોરી પ્રજામાં બહુમતિ ઉચ્ચવંશી (મૂળ હૉલેન્ડના) પ્રજાની છે, અને તેઓ રંગભેદની નીતિમાં વધુ જડ છે. અંગ્રેજો લઘુમતિમાં છે અને તેમાં ઉદારમતવાદી અંગ્રેજો પણ છે, તેથી જ તેમના ઈતિહાસમાં પહેલીવાર ઉદારમતવાદી નેતા દ-કલાર્કની ઉદારમતવાદી સરકાર સત્તા પર આવી છે અને રંગીન પ્રજા (મુખ્યત્વે કાળા આફ્રિકીઓ)ની આફ્રિકી નેશનલ કૉન્ગ્રેસના નેતા નેલસન મંડેલાને દાયકાઓના કારાવાસ પછી મુક્ત કરી સમાનતા ધોરણ ઉપર, સામાધાન માટે વાટાઘાટ કરવામાં આવે છે, ઑસ્ટ્રેલિયાની ગોરી પ્રજાએ તેમાંથી બોધપાઠ લેવો જ પડે. વળી અહીં ભાષા અને ધર્મના મતભેદો નથી.

વળી, કુદરતે ઑસ્ટ્રેલિયાને રણપ્રદેશ આપ્યો છે તો, ફળદ્રુપ પ્રદેશ પણ આપ્યો છે અને અનેકજાતના ખનિજોથી તે સમૃદ્ધ છે. તેમાં યુરેનિયમ, સોનું, રૂપું, કલાઈ, કૉબાલ્ટ, કોલસા વગેરે કિંમતી ખનિજોનો સમાવેશ થાય છે. તેથી અહીંના રાજકર્તાઓ પ્રજાનું જીવનધોરણ ઘણું ઊંચી લાવી શકયા છે અને હજી પણ લાવશે.

ઑસ્ટ્રેલિયાની પ્રજામાં, ગોરા પણ ન હોય, અને આદિવાસી કે મિશ્ર વર્ણના પણ ન હોય તેવી લઘુમતિ કોમો પણ છે અને તેમની કુલ સંખ્યા લાખના આંકડા સુધી નથી પહોંચતી. (૧૯૯૧ ની ગણત્રી પ્રમાણે) તેમાં સૌથી વધું વસતી ચીનાઓની છે. તે પછી ભારતીય, પાકિસ્તાન, મલય અને શ્રીલંકનો આવે છે. પરંતુ ટકાવારીમાં તેમની સંખ્યા નામની જ આવતી હોવાથી તેમના વિષે કોઈ ગંભીર વાદવિવાદ નથી. અલબત્ત, તેમાં ચીના સૌથી વધારે છે અને તેમના વિષે કાંઈ કહી શકાય નહિં -

તેમ છતાં ઉચવંશી વસાહતીઓ વિષે પણ કાંઈ કહી શકાય નહિં. ઑસ્ટ્રેલિયાની સરકાર પોતાની પસંદગીનાં વસાહતીઓને વસાવવા ઘણી ઉદાર નીતિ ધરાવે છે. અને તેના કાયદાનો લાભ યોગ્યતા સાબિત કરનાર થોડા એશિયાઈ લોકોને પણ મળે છે. ઘણા એશિયાઈ દેશોના વિદ્યાર્થીઓને ભણાવવાની સગવડ પણ ઑસ્ટ્રેલિયાની સરકાર આપે છે.

ભારતે બોધપાઠ લેવા જેવો એ છે કે પ્રજાનો આર્થિક અને સામાજિક વિકાસ અહીં વૈજ્ઞાનિક ધોરણે થાય છે અને જે પ્રદેશો સૂકકું હવામાન ધરાવે છે ત્યાં પણ ખનિજોના ધોરણે ઉદ્યોગો સ્થાપવામાં આવ્યા છે. આદિજાતિના વંશજો પોતાના એક માત્ર પાળેલા પ્રાણી કૂતરા સાથે આ નિર્જન ખંડ પર આવી ગયા વસ્યા, ત્યારે કેટલાક સાગરકાંઠે વસ્યાં, કેટલાંક ડુંગરાળ પ્રદેશમાં વસ્યા, ચામડીના રંગ અને દેખાવમાં તેઓ જરા જુદા પડે છે. તેમની પાસે કંઈ વસ્ત્ર ન હોવાથી, રાતની ઠંડીથી બચવા તેઓ હૂંફ મેળવવા માટે પોતાની બંને બાજુ કુતરાને સૂવડાવતા હતા!

ઑસ્ટ્રેલિયા પાસેથી ભારતે તેના ગુજરાત રાજય અને રાજસ્થાન રાજય માટે, ઘણું શીખવા જેવું છે. ભારતની જેમ ઑસ્ટ્રેલિયામાં પણ આબોહવાનું વૈવિધ્ય ઘણું છે, અહીં સૂકાપ્રદેશમાં વાર્ષિક ૧૫ ઈંચથી માંડીને વનશ્રીવાળા હરિયાળા પ્રદેશોમાં ૧૮૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. અહીં ખનિજતેલનો ઉદ્યોગ પણ છે, અને ઑસ્ટ્રેલિયાએ ભારતને ખનિજતેલ ઉદ્યોગમાં મદદરૂપ થવા ઈચ્છા બતાવી છે. સારા ચરિયાણના કારણે અંગ્રજોએ અહીં ઘેટાં ઉદ્યોગ ઉછેર શરૂ કર્યો હતો. અને ઘેટાની પેદાશોથી આ ઉદ્યોગો ખીલ્યા પણ ખરા. પરંતુ ઘેટાના ચીપીયા જેવા હોઠ ઘાસ અને બીજી વનસ્પતિને ખેંચીને ખાઈ જતા હોવાથી આ ઉદ્યોગ ઉપદ્રવી પણ બની ગયો છે તેમ છતાં, વનશ્રીનો નાશ ન થાય તેમજ ઘેટા તથા ઢોરઉદ્યોગની પેદાશો મબલખ આવક આપે એવી યુકિતઓ સફળ રીતે અહીં અજમાવવામાં આવી છે અને સૂકી જમીનને ફળદ્રુપ બનાવામાં આવી છે.

જડ અને ચેતન સૃષ્ટિમાં, ધરતી અને પાણીમાં, વનશ્રી અને વનેશ્વર જીવોમાં ઑસ્ટ્રેલિયા અનેક અજાયબીઓ ધરાવે છે; આપણા દેશમાં આવીને, વિવાદ અને આશિર્વાદ આપતા નીલગીરી (યુકેલીપ્ટસ) ના વૃક્ષોની ઑસ્ટ્રેલિયા કાંઈ નહિં તો ૬૦૦ જાતિઓ ધરાવે છે. હિમાલયના જન્મ પહેલાં ઑસ્ટ્રેલિયામાં હાથી અને વ્હેલ કરતાં મોટા સરીસૃપો પણ વસતા હતા. તેમના અસ્મિભૂત અવશેષો હજી મળી આવે છે. ઑસ્ટ્રેલિયાના પૂર્વ કાંઠાને સમાંતર એક હજાર માઈલ લાંબી પણ તૂટક તૂટક પરવાળાની પર્વતમાળા પાણીમાં ડૂબેલી છે, અને તે હેરત પમાડે એવી રંગબેરંગી જળચર સૃષ્ટિ ધરાવે છે, જે પ્રવાસીઓ માટે મોટું આકર્ષણ છે. પાણી અને પુષ્કળ ભેજ વિના નહિં જીવી શકનાર દેડકાની એક જાત અહીંના સૂકા રણમાં રહે છે! સૂકી ઋતુમાં તે કાદવમાં ઊતરી જાય છે, શરીરમાંથી ચીકણાં શ્લેષ્મ જેવા પ્રવાહી પદાર્થનો દડા જેવો ગોળો બનાવીને તેમાં મુર્છાવસ્થામાં ગરમ અને સૂકી ઋતુ ગાળે છે.

ઑસ્ટ્રેલિયાની કુદરત પાસે અને પ્રજા પાસે અજાયબીઓનો ભંડાર છે. તે જોવા અને જાણવાની જીજ્ઞાસા જોઈએ. આપણા ઉદ્યોગો અને ખેતીમાં શીખવા જેવું ઑસ્ટ્રેલિયા પાસે ઘણું છે. વિશ્વક્રિકેટ કપની સ્પર્ધામાં ઑસ્ટ્રેલિયા પાસે આપણા વિવાદાસ્પદ ખેલાડીઓ ભલે હારી જાય પણ શુન્યમાંથી સમૃદ્ધ સૃષ્ટિ રચનાર ઑસ્ટ્રેલિયન પ્રજા પાસેથી આપણો ઉદ્ધાર થાય એવું કાંઈ શીખીએ તો તે પણ ઘણું છે. □□□

# તિજયપહુત્તમાં આંકડાની યોજના

□ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

જૈન પરંપરા પ્રમાણે ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રત્યેક દસ ક્રોડાક્રોડ સાગરોપમની હોય છે. તે દરેકમાં ત્રીજા અને ચોથા આરામાં ચોવીસ તીર્થંકરો તીર્થ પ્રવર્તાવે છે. આપણી આ અવસર્પિણીના ત્રીજા તીર્થંકર અજીતનાથ ભગવાન થયા. તે સમયે ઉત્કૃષ્ટ તીર્થંકરોની સંખ્યા એકસો સિત્તેરની ગણાવાય છે. ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રોમાં અજિતનાથના સમયમાં ભરતક્ષેત્રમાં પાંચ, ઐરાવત ક્ષેત્રમાં પાંચ અને મહાવિદેહક્ષેત્રની બત્રીસ વિજયોમાં પ્રત્યેકમાં પાંચ પાંચ એટલે ૩૨×૫=૧૬૦ + ૫ + ૫ = ૧૭૦ ની સંખ્યામાં તીર્થંકરો થયા હતા.

આ માટેના કેટલાંક ઉલ્લેખો જોઈએ. શ્રી જગચિંતામણિ ચૈત્યવંદન કે જે રાઈપ્રતિક્રમણમાં કરાતું હોય છે તેની બીજી ગાથામાં આ પ્રમાણે ઉલ્લેખ છે :-

કમ્મભૂમિહિં કમ્મભૂમિહિં, પઢમસંઘયણિ,
ઉક્કોસયસત્તરિસય, જિણવરાણ વિહરંત લબ્ભઈ.

કર્મભૂમિઓ જે ૧૫ છે તેમાં પઢમસંઘયણિવાળા ઉત્કૃષ્ટ, ૧૭૦ જિનવરો થયા હતા. રાઈપ્રતિક્રમણમાં બોલતા ' તીર્થવંદના ' - 'સકલતીર્થ ' સૂત્રમાં તારંગે શ્રી અજિતજુહાર એવો ઉલ્લેખ છે.

નવસ્મરણ જે અત્યંત પ્રભાવક ગણાવાય છે અને જેનો નિત્ય પાઠ ભાવિકો ઉલ્લાસપૂર્વક કરે છે તેમાં ચોથું સ્મરણ તિજયપહુત્ત સ્મરણ તરીકે સ્થાન પામ્યું છે. તેની નવમી ગાથામાં આ પ્રમાણે ઉલ્લેખ છે : "પંચદસકમ્મભૂમિસુ ઉપ્પનં સત્તરિં જિણાણસયં " પંદરકર્મભૂમિમાં એકસો સિત્તેર (સિત્તેર અને સો) જિનેશ્વરો ઉત્પન્ન થયા છે.

આજ સ્મરણમાં ૧૭૦ સંખ્યા બધી રીતે જેનો સરવાળો ૧૭૦ થાય તેવો ઉલ્લેખ એક સુંદર યંત્ર રૂપે આ પ્રમાણે કરાયો છે : - (ગાથા ૨ થી ૫)

પણવીસા (૨૫) ય અસીઆ (૮૦) પન્નરસ (૧૫) પન્નાસ (૫૦) જિનવર સમૂહો નાસેઉ સયલદૂરિઅં ભવિયાણં ભત્તિજુત્તાણં ।।૨ ।।

વીસા (૨૦) પણયાલાવિ (૪૫) ય તીસા (૩૦) પન્ત્તરિ (૭૫) જિણવરિંદા । ગહબ્ભૂઅરકખસાઈણિ - ઘોરઉવસગ્ગં પણાસંતુ ।। ૩ ।।

સંત્તરિ પણમાલાવિ (૪૫) ય સઠ્ઠી (૬૦) પંચેવ (૫) જિણગણો એસો
વાહિજલજલણ હરિકરિ - ચોરારિ મહાભયં હરઉ ।। ૪ ।।

પણપન્ના (૫૫) ય દસેવ (૧૦) ય પન્નટ્ઠિ (૬૫) તહય ચેવ ચાલિસા (૪૦) । રદ્ખંતુ મે સરીરં દેવાસુર પણમિયા સિદ્ધા ।।૫ ।।

વળી, આ સંખ્યાનો બનાવેલો યંત્ર કે જેમાં ૐ હરહુંહઃ સરસુંસઃ તથા હરહુંહઃ સરસુંસઃ લખી કેન્દ્રમાં નામ લખી સ્વાહા સહિત ચંદન-કપૂરથી વિધિપૂર્વક લખી તેનું પ્રક્ષાલિત જલ જે પીએ તથા આ (૧૭૦ ના) યંત્રને સમ્યક રીતે દરવાજે લિપિબદ્ધ કરાવે તો ભવનપતિ, વાણવ્યંતર, જોઈસવાસી, વિમાનવાસી તથા દુષ્ટદેવો બધાં ઉપશાંત થઈ જાય છે.

ફરીથી આ સ્મરણની નવમી ગાથા વળી કહે છે :-

પંચદસકમ્મ ભૂમિસુ ઉપ્પન્નં સત્તરિંજિણાણ સયં ।
વિવિહરયણાઈવજોવસોહિઅં હરઉ દુરિઆઈં ।। ૯ ।।
પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થયેલાં વિવિધ રત્નોથી
ઉપશોભિત એકસોસિત્તેર જિનેશ્વરો દુરિત (ઉપસર્ગાદિ) દૂર કરો.

આ યંત્ર આ પ્રમાણે બનેં છે :

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫<br>હ<br>રો૦ | ૮૦<br>ર<br>પ્ર૦ | ક્ષિ | ૧૫<br>હું<br>વ૦ | ૫૦<br>હઃ<br>વ૦ |
| ૨૦<br>સ<br>ચ૦ | ૪૫<br>ર<br>ન૦ | ૫ | ૩૦<br>સું<br>કા૦ | ૭૫<br>સઃ<br>મ૦ |
| ક્ષિ | ૫ | ૐ | સ્વા | હા |
| ૭૦<br>હ<br>ગૌ૦ | ૩૫<br>ર<br>ગાં૦ | સ્વા | ૬૦<br>હું<br>મ૦ | ૫<br>હઃ<br>મા૦ |
| ૫૫<br>સ<br>વૈ૦ | ૧૦<br>ર<br>અ૦ | હા | ૬૫<br>સું<br>મા૦ | ૪૦<br>સઃ<br>મ૦ |

જેવી રીતે આડી લીટીની સંખ્યાનો સરવાળો ૧૭૦ થાય છે તેવી રીતે ઉભી તથા તીરછી લીટીનો સરવાળો પણ ૧૭૦ થાય છે જેમ કે :- ૨૫+૨૦+૭૦+૫૫= ૧૭૦ ; ૨૫+૪૫+૬૦+૪૦ = ૧૭૦; ૫૦+૩૦+૩૫+૫૫=૧૭૦. બધી બાજુથી રકમનો સરવાળો ૧૭૦ થાય છે એવી ગણિતની યોજના આ યંત્રમાં દૃષ્ટિગોચર થાય છે.

વળી, આ યંત્રમાં દરેક ખાનાની ત્રીજી લીટીમાં રોહિણી અને પ્રજ્ઞપ્તિથી માણસી, મહામાણસી સુધી એમ સોળ વિદ્યાદેવીઓને યાદ કરીને સ્થાન અપાયું છે.

તિજયપહુત્ત સ્મરણની પાંચમી છઠ્ઠીગાથામાં આ સોળ દેવીઓ રક્ષણ કરે તેની માંગણી કરાઈ છે :-

રકખંતુ મમ (મં) રોહિણી પન્નત્તી વજ્જ, [illegible]લા ય સયા ।
વજ્જંકુસી ચક્કેસરી નરદત્તા કાલિ મહા[illegible]લિ ।। ૫ ।।
ગોરી તહ ગંધારી મહજાલા માણવી અ વઈરુટ્ટા ।
અચ્છુત્તા માણસિઆ મહામાણસિઆઉ દેવીઓ ।। ૬ ।।

ફરી પાછું ૭-૮ ગાથામાં આ દેવીઓ રક્ષણ કરે તેવી વાત કરી છે.

દૈવસિક પ્રતિક્રમણમાં નમુત્થુણં પછી ચાર ખમાસમણા દઈ ભગવાન૦ વગેરે બોલાય છે. બીજીવાર નમુત્થુણં પછી નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ કહી કોઈ પણ પૂર્વાચાર્યવિરચિત સ્તવન કહી નીચેની ગાથા બોલાય છે :-

વરકનકશંખવિદ્રુમમરકતઘનસંન્નિભં વિગતમોહમ્ ।
સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વંદે ।।

ઉત્તમ સુવર્ણ, શંખ, પરવાળાં, લીલમ સજળ મેઘ એટલે કે પાંચ રંગ છે જેના તથા મોહરહિત સર્વ દેવો વડે પૂજિત એકસો સિત્તેર તીર્થંકરોને હું વંદન કરું છું.

આ ગાથામાં પણ ૧૭૦ તીર્થંકરોનો ઉલ્લેખ છે. લોગસ્સમાં બે વાર 'ચઉવિસંપિ' એમ નિર્દેશ કરાયો છે. વર્તમાન અવસર્પિણીના ૨૪ તીર્થંકરો ઉપરાંત બીજાની પણ હું સ્તુતિ કરું છું. "અરિહંતે કિત્તઈસ્સં ચઉવીસંપિ કેવલી " (૧)......" ચઉવીસંપિ જિણવરા તિત્થયરા મેં પસિયંતુ " (૫) તેથી વધુ તીર્થંકરોનો ઉલ્લેખ ૧૭૦ ની સંખ્યાનો આપણે ઉપર જોઈ ગયા. તેવી રીતે 'તીર્થવંદના' સકલતીર્થ વંદુ કર જોડ માં ૧૩ મી ગાથામાં " સિદ્ધ અનંત નમું નિશદિન " એમ અનંત સિદ્ધોને વંદનની સ્પૃહા સેવી છે. " સિદ્ધાણં બુદ્ધાણં "માં માં " નમો સયા સવ્વસિદ્ધાણં " (૧) બધાં સિદ્ધોને નમસ્કાર કરાયો છે.

મહાનિસીહ (મહાનિશીથ) માં વિવિધ વિષયો પૈકી વજસ્વામીએ પંચમંગલમહાસૂત્ર સ્કંધ એટલે કે નવકાર કે નમસ્કારમંત્રની સ્થાપના કરી હતી. ૧૪ પૂર્વોના સારભૂત નવકાર કે જેની રટણા દીર્ઘ તપસ્વીઓ પણ મરણ સમયે કરે છે તેમાં નમો અરિહંતાણં સિદ્ધાણં, આયરિયાણં, સાહુણં શબ્દો માગધીમાં બહુવચનના રૂપો છે. અનંત અરિહંત, સિદ્ધ, આચાર્ય સાધુને નમસ્કાર થાવ તેમ અભિપ્રેત હોઈ અભિલષિત છે. એકને કરેલો નમસ્કાર અનેકને અભિપ્રેત હોઈ અભિલષિત છે, કેમકે કહેવાય છે કે :- 'એક દેવો નમસ્કારો સર્વ દેવં પ્રતિ ગચ્છતિ. ' વળી, તિજયપહુત્તમાં નિર્દિષ્ટ દેવો વિષે સરેમિ ચકકં જિણિંદાણં " (જિનેશ્વરોના સમૂહચક્રને હું સ્મરું છું. એમ પ્રથમ ગાથામાં કહ્યું છે.) ૧૦મી ગાથા કહે છે : "તિત્થયરા ગયમોહા ઝાએઅવ્વા પયત્તેણ " (નષ્ટ થયો છે સંમોહસંભ્રમ એવા તીર્થંકરોને પ્રયત્નપૂર્વક ધ્યાનના વિષય બનાવવા જોઈએ. લોગસ્સમાં પણ બહુવચનમાં " સિદ્ધા સિદ્ધિં દિસન્તુ મેં " એમ કહ્યું છે.

નવસ્મરણના છેલ્લા નવમા બૃહત્શાંતિસ્મરણમાં : યે યાત્રાયાં ત્રિભુવનગુરારાર્હતા ભકિતભાજઃ અને આગળ ઈહ હિ ભરતૈરાવતવિદેહ સમ્ભવાનાં સમસ્તતીર્થકૃતાં...વિહિત જન્માભિષેક - શાન્તિમુદ્ઘોષયતિ એવો ઉલ્લેખ છે. કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે આ બધાં સ્થળોએ એકાધિક તીર્થંકરોનો સમુદાય કે ચક્ર લેખકના માનસપર પર છવાયેલો છે.

□□□

# દસ્તાવેજી પત્રોનું ઐતિહાસિક મૂલ્ય

☐ રમણલાલ ચી. શાહ

પ. પૂ. શ્રી યશોદેવસૂરિજી મહારાજ સાહેબે યુગદિવાકર પ. પૂ. સ્વ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજના પત્રોના સંગ્રહ 'યશોધર્મ - પત્રપરિમલ' નામથી તાજેતરમાં પ્રગટ કર્યો છે.

માનવજીવન અને પ્રકૃતિ ઉપર કાળની અસર ઘણી મોટી છે. જેમ જેમ સમય પસાર થતો જાય તેમ તેમ કેટલીય ચીજ-વસ્તુઓ જીર્ણશીર્ણ થતી જાય છે. સમયે સમયે નવી વસ્તુઓ ઉત્પન્ન થતી જાય છે. થોડો વખત ટકે છે અને પછી નષ્ટ થઈ જાય છે, અને ભૂતકાળમાં વિલીન થઈ જાય છે. જેમ ચીજ-વસ્તુઓની બાબતોમાં તેમ જીવનની બાબતમાં પણ આવું સતત બન્યા કરે છે. માનવજાતની ચીજ-વસ્તુઓને સંઘરવાની શક્તિને મર્યાદા હોય છે. માણસ બધી જ વસ્તુઓ સાચવી શકતો નથી. સાચવવા જેવી કેટલીક વસ્તુઓને પણ પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ, તેજ વગેરેનો ઘસારો લાગતાં તે જીર્ણ થવા લાગે છે. એટલે પોતાના જીવનની સાચવવા જેવી સામગ્રીની બાબતમાં પણ માણસે અગ્રતાક્રમ રાખવો પડે છે. ઘરમાં આગ લાગે ત્યારે કઈવસ્તુ લઈને આપણે બહાર નીકળી જઈશું ? દરેક માણસની સાચવવા જેવી પોતાની અત્યંત પ્રિય એવી વસ્તુ જુદા જુદા પ્રકારની હોઈ શકે છે.

કેટલીક ચીજ-વસ્તુઓ લાંબા કાળ સુધી અજાણતાં સચવાયેલી પડી રહી હોય અને ફરી પાછી તે પ્રકાશમાં આવે ત્યારે અનેરો ઉત્સાહ અને આનંદ અનુભવાય છે એ વસ્તુ સાથે સંકળાયેલા પોતાના અનુભવો અને સંવેદનો તાજાં થાય છે. કેટલીકવાર એવી રીતે સચવાયેલી ચીજ-વસ્તુઓ વિસ્મૃત થયેલા ઈતિહાસને માટે ખૂટતી કડીરૂપ બનીને તેને ફરી સજીવન કરી આપે છે. આ પત્રસંગ્રહમાં અપાયેલા પત્રો એ દૃષ્ટિએ ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે.

માનવ જીવનમાં શબ્દનું મૂલ્ય ઘણું મોટું છે. પારસ્પારિક સંબંધમાં શબ્દ સેતુરૂપ બની જાય છે. બોલાયેલા કે લખાયેલા કેટલાક મહત્ત્વના શબ્દો વર્ષો સુધી સ્મૃતિસંવેદનાને જાગૃત રાખ્યા કરે છે. પત્રરૂપે લખાયેલા શબ્દોનું મૂલ્ય તો એથી પણ વધુ છે. એમાં પણ સ્વહસ્તે લખાયેલા શબ્દો વ્યક્તિના વ્યક્તિત્વના પ્રતીકરૂપ અને પ્રતિબિંબરૂપ બની જાય છે, કારણકે અક્ષરોના મરોડ ઉપરથી અક્ષર-શાસ્ત્રના નિષ્ણાતો એ લખનાર વ્યક્તિના ગુણલક્ષણોની આગાહી પણ કરી શકે છે. આ પત્રસંગ્રહમાં નમૂનારૂપે અપાયેલા સ્વ. પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના પત્રોમાં એમના હસ્તાક્ષરના મરોડ એમના પવિત્ર વ્યક્તિત્વની ઝાંખી કરાવી જાય છે.

છેલ્લા એક બે સૈકામાં સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં પત્રસાહિત્યે પણ અનોખું સ્થાન પ્રાપ્ત કરી લીધું છે. સાહિત્યસર્જકો સાહિત્યકૃતિનું જે સર્જન કરે છે તેમાં એક સર્જક તરીકેની સભાનતા હોય છે, પરંતુ પત્રલેખનમાં એકંદરે તો કેવળ સાહજિકતા જ હોય છે, કારણકે પોતાના પત્રો સચવાશે અને ભવિષ્યમાં છપાશે એમ જવલ્લે જ પત્ર લખતી વખતે માણસ વિચારે છે. પરંતુ મહાપુરુષોનાં કોઈપણ નિમિત્તે બોલાયેલા કે લખાયેલા શબ્દો વિશિષ્ટ સંદર્ભમાં મહત્ત્વના બની જાય છે અને સમય જતાં તે ઐતિહાસિક દસ્તાવેજી મૂલ્ય ધરાવવા લાગે છે. મહાન વ્યક્તિઓએ લખેલા પત્રોના સંગ્રહ કરવા તરફ હવે સાહિત્ય-જગતનું વલણ વધતું જાય છે, કારણકે એવા પત્રો વિચારોની મૌલિકતા અને સત્ત્વશીલતા ઉપરાંત વિવિધ સંબંધો અને સંદર્ભો ઉપર વિશિષ્ટ અર્થપ્રકાશ પાડે છે. એટલે જ જગતના મહાપુરુષોનું પત્રસાહિત્ય હવે પ્રગટ થવા લાગ્યું છે. અને પત્રસાહિત્ય ઉપર યુનિવર્સિટીઓમાં શોધપ્રબંધો પણ લખાવા લાગ્યા છે.

પ. પૂ. યુગદિવાકર આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે પોતાના જીવનકાળ દરમિયાન જે કેટલુંક પત્રલેખન કર્યું હતું તેમાંનું થોડુંક તો પ્રાસંગિક ચિઠ્ઠીરૂપ હતું. એ આ સંગ્રહના પત્રો જોતાં જણાશે. સામાન્ય રીતે જૈન સાધુભગવંતો નિષ્પ્રયોજન પત્રવ્યવહાર રાખતા નથી. કેટલાકે તો આખી જિંદગીમાં આઠ-દસ વખત પત્રો લખ્યા હશે કે કેમ ! તે પણ પ્રશ્ન છે. પત્ર વ્યવહાર પણ અનાવશ્યક પરિગ્રહરૂપ ન બનવો જોઈએ અને આત્મસાધનામાં તે વિક્ષેપરૂપ ન બનવો જોઈએ એવી જૈન સાધુ મહાત્માઓની વિશિષ્ટ દૃષ્ટિ હોય છે.

ગુરુ-શિષ્ય વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, બે મિત્રો વચ્ચે એમ પત્ર વ્યવહાર જુદા જુદા પરસ્પર સંબંધો અને વિષયોને આધીન હોય છે. કેટલીકવાર બેમાંથી એક જ વ્યક્તિના પત્રો મહત્ત્વના હોય એવું પણ બને છે. એવા પત્રો વાંચતા જ સામી વ્યક્તિના પત્રમાં શું લખ્યું હશે તેનો અણસાર તે આપી દે છે.

આ ગ્રંથમાં પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના પાંત્રીસેક જેટલા પત્રો આપવામાં આવ્યા છે. એમાંના કેટલાક પત્રો તો આઠ દસ લીટીના જ છે. કોઈ કોઈ પત્રો સવિસ્તર પણ છે. અહીં આપવામાં આવેલા પત્રોમાંના ઘણા ખરા પત્રો એમણે પોતાના પટ્ટશિષ્ય મુનિશ્રી યશોવિજયજી (હાલ આ. શ્રી યશોદેવસૂરિજી) ને લખેલા છે. તેમાંનો એક ટૂંકો પત્ર મુનિશ્રી યશોવિજયજીને આચાર્યની પદવી મળી અને તેઓ પૂ. શ્રી યશોદેવસૂરિ થયા તે પછી લખાયેલો છે. એ પત્ર શ્રી વિજયધર્મસૂરીશ્વરજીએ પોતાને લકવાની અસર થઈ તે પછી ધ્રૂજતા હાથે લખેલો છે. આ સંગ્રહમાં એ પત્રની આપેલી ફોટો કોપી ઉપરથી એ જોઈ શકાશે.

મુનિશ્રી યશોવિજયજીએ કિશોરવયે દીક્ષા લીધી હતી. તેમની તબિયત નાજુક રહ્યા કરતી હતી. તેમ છતાં તેમણે નાની વયમાં શાસ્ત્રોનું ગહન અધ્યયન કરવા ઉપરાંત સાહિત્ય, સંગીત, નૃત્યકલા, ચિત્રકલા, શિલ્પકલા, ઈતિહાસ વગેરેનો પણ ઊંડો અભ્યાસ કરી લીધો હતો. એટલે કેટલાયે વિષયોમાં એમની જાણકારીનો લાભ સમગ્ર સમુદાયને કેવો મળતો રહ્યો હતો તે આ પત્રો ઉપરથી જણાશે. ગુરુ ભગવંત પોતે પણ કેટકેટલા વિષયોમાં શ્રી યશોવિજયજીના અભિપ્રાયને છેવટનો ગણતા. તેઓ કેટલાયે વિષયોમાં તેમની સંમતિ અનિવાર્ય માનતા. આ જેવી તેવી સિદ્ધિ નથી. ગુરુ ભગવંતની શિષ્ય પ્રત્યેની વાત્સલ્યપ્રીતિની અને ગુણગ્રાહિતાની એ સાક્ષી પૂરે છે. ભારતીય ગુરુ-શિષ્ય પરંપરાનો આદર્શ 'शिष्यात् इच्छेत पराजयम्' નો છે. પોતાના કરતાં પોતાના શિષ્યો વધુ તેજસ્વી બને એવી ભાવના, હૃદયમાં અપાર વાત્સલ્યના ભાવ વગર આવી શકે નહિ.

આ પત્રો વાંચતા ગુરુભગવંતને પોતાના પટ્ટશિષ્ય મુનિશ્રી યશોવિજયજી પ્રત્યે કેટલો બધો વાત્સલ્યભાવ અને સાથે સાથે આદરમાન પણ કેવાં હતાં તે બીજી રીતે પણ જોવા મળે છે. ગુરુભગવંત પોતાના શિષ્ય શ્રી યશોવિજયજીને પત્રમાં 'ભાઈશ્રી' કહીને સંબોધે છે. ગૃહસ્થોના વ્યવહારનું એ સંબોધન કેટલી બધી આત્મીયતા દર્શાવે છે ! વળી કેટલાક પત્રોમાં તેમને માટે 'સદ્ગુણસંપન્ન' એવું વિશેષણ પણ તેઓ પ્રયોજે છે. એટલે પૂ. શ્રી વિજય ધર્મસૂરિના આ પત્રો વાંચતા તેમાંથી શ્રી યશોવિજયજી (શ્રી યશોદેવસૂરિ) ના વ્યક્તિત્વની એક વિશિષ્ટ પ્રકારની મુદ્રા ઉપસી આવે છે.

આ પત્ર સંગ્રહમાં ફક્ત ગુરુભગવંતના પત્રો જ આપવામાં આવ્યા છે. એ પત્રોના સંદર્ભના પૂર્વાપર સમયે મુનિશ્રી યશોવિજયજીએ પોતાના ગુરુભગવંતને જે પત્રો લખ્યા હશે તે આપવામાં આવ્યા નથી. એવા પત્રો કે તેની કોઈ નકલ પણ ઉપલબ્ધ નથી. બીજી રીતે જોઈએ તો તેની કોઈ આવશ્યકતા આ ગ્રંથ પૂરતી નથી, કારણકે આ પત્રો તો ગુરુભગવંતના વાત્સલ્યપૂર્ણ, ઉદાર, ઉદાત્ત અને પવિત્ર વ્યક્તિત્વને સમજવા માટે આપવામાં આવ્યા છે.

આ સંગ્રહમાં મુનિશ્રી યશોવિજયજીને સંબોધીને લખાયેલા પત્રોનો સમયગાળો ત્રણ દાયકાથી પણ વધુ છે. એ ઉપરથી પણ જોઈ

શકાશે કે ગુરુભગવંત નિયમિત પત્રલેખન કરતા નહોતા, તેમ કરવાની જરૂર પણ રહેતી નહિ. ગુરુ-શિષ્ય સાથે વિહાર કરતા હોય ત્યારે પત્રલેખનને કોઈ અવકાશ રહે નહિ. પરંતુ કેટલાક જુદા વિહારના પ્રસંગો બન્યા છે કે જ્યારે શિષ્યને પત્ર લખવાના નિમિત્તો ઊભાં થયાં છે અને એ રીતે આ સંગ્રહમાં પાંત્રીસેક જેટલાં પત્રો આપણને પ્રાપ્ત થયાં છે.

જૈન સાધુભગવંતો વ્યવસ્થિત પત્રલેખનની બહુ આવશ્યકતા રાખતા નથી. તેની ખાત્રી આ પત્રસંગ્રહ ઉપરથી પણ થઈ શકશે. ઘણા ખરા પત્રોમાં મથાળે માત્ર તિથિ અને વાર લખેલાં છે. સંવત કે સ્થળ લખેલાં નથી. એટલે કાળ અને ક્ષેત્ર ઘણા પત્રોમાં માત્ર અધ્યાહાર તરીકે રહેલાં છે. આ પત્રો વિશે જો નોંધ ન લખાયેલી હોય તો તેના કાળના અને ક્ષેત્રના સંદર્ભ તરત સમજી શકાય નહિ. એટલે પત્રો વિશે લખાયેલી વિવિધ માહિતી સભર બહૂમૂલ્ય નોંધો અત્યંત આવશ્યક અને ઉપયોગી બની છે.

આ ગ્રંથમાં જે પત્રો આપવામાં આવ્યા છે તેની સાથે સાથે આપેલી નોંધોમાં આગળ પાછળના સંદર્ભોનો સવિસ્તર ખુલાસો કરવામાં આવ્યો છે. એટલે જ પત્રો કરતાં નોંધો વિસ્તૃત બની છે. આ બધી નોંધો ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણી જ મહત્વની બની જાય છે. એમાં પત્ર નં. ૨૪ અને તેની નોંધ તો મુનિશ્રી યશોવિજયજીએ લોકસંગ્રહનાં કેવાં કેવાં મહત્વનાં કાર્યો કર્યાં છે તેની સરસ સવિસ્તર માહિત પૂરી પાડે છે. કેટલીક નોંધો ગુરુ-શિષ્યના ગાઢ સંબંધ ઉપર વેધક પ્રકાશ પાડે છે. કેટલીક બાબતો વિશે હજુ સવિસ્તર નોંધો લખાઈ હોત તો વધુ ઐતિહાસિક માહિતી પ્રાપ્ત થઈ શકત !

પૂ. આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબે અન્ય સમુદાયના સાધુ-ભગવંતોને, પોતાના સમુદાયના અન્ય સાધુ ભગવંતોને તથા સમાજના સન્માનનીય ગૃહસ્થોને પણ કેટલાક પત્રો અવશ્ય લખ્યા જ હશે, અને એ મેળવવા માટે જાહેર વિનંતી પણ કરાઈ હતી, પણ તેવા પત્રો પ્રાપ્ત થઈ શકયા નથી.

આ ગ્રંથમાં આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીએ શ્રી યશોદેવસૂરિજીને લખેલા પત્રો ઉપરાંત શ્રી વિજયધર્મસૂરિજી અને એમના ગુરુભગવંત શ્રી વિજયપ્રતાપસૂરિજી એ બે ગુરુ-શિષ્ય વચ્ચે થયેલા પત્ર વ્યવહારમાંથી કેટલાક મહત્ત્વના પત્રો આપવામાં આવ્યા છે. તદ્દુપરાંત અભૂતપૂર્વ અને અતિ આશ્ચર્ય ઉપજાવે તેવી બાબત યશઃ પાદરજઃ (બાલ મુનિશ્રી યશોવિજયજીની એમના ગુરુભગવંતે શીશીમાં સંગ્રહેલી ચરણરજ) વિશેની છે તથા વિશાળ સંખ્યામાં ગાથાઓ કંઠસ્થ કરવાની મુનિશ્રી યશોવિજયજીની (પૂ. શ્રી યશોદેવસૂરિજીની) અદ્ભુત શકિતની બિરદાવતી નોંધ પણ આ સંગ્રહમાં આપવામાં આવી છે. આ બધી સામગ્રી વીતી ગયેલા કાળ ઉપર કેટલો બધો સરસ અને વેધક પ્રકાશ પાથરે છે ! આત્મશ્લાઘા માટે નહિ પણ ભવિષ્યની પેઢીને પ્રેરણા મળતી રહે એ માટે પણ આ બધા પત્રોના પ્રકાશનની આવશ્યકતા રહેલી છે.

ખરેખર ! કહીએ તો આ પત્રો પ્રગટ કરીને પ. પૂ.શ્રી યશોદેવસૂરિજીએ જૈન સાધુ સંસ્થાની અને પોતાના સંઘાડાની બહુમૂલ્ય સેવા બજાવીને એક ઐતિહાસિક અને અતિઉપકારક કાર્ય કર્યું છે. એ માટે તેઓશ્રીને ધન્યવાદ જ આપવા રહ્યા !

યુગદિવાકર પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિજયધર્મસૂરીશ્વરજીના અંગત સંપર્કમાં આવવાની મને અને અમારા પરિવારને અમૂલ્ય તક સાંપડી હતી. અમારા પરિવાર ઉપર એમના ઉપકાર ઘણા બધા છે. દિવંગત એ મહાન આત્માનું આ પત્રો દ્વારા સ્મરણ તાજું થયું એ મારે માટે ઘણા હર્ષની વાત છે. એમને નતમસ્તકે અંજલિબદ્ધ વંદન કરતાં કૃતાર્થતા અનુભવું છું.

(નોંધ :- પ. પૂ. યુગદિવાકર સ્વ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના પત્રોના સંગ્રહ 'યશોધર્મ - પત્રપરિમલ' ના વિમોચનનો સમારોહ વૈશાખ સુદ ૨ ને સોમવાર, તા. ૪-૫-૧૯૯૨ ના રોજ પાલીતાણામાં જૈન સાહિત્ય મંદિરમાં પ. પૂ. શ્રી યશોદેવસૂરિજીના નિશ્રામાં યોજવામાં આવ્યો હતો. આ પત્રસંગ્રહનું વિમોચન કરતાં મેં મારા વકતવ્યમાં ઉપર્યુકત પ્રસ્તાવનાના મુદ્દાઓ ઉપરાંત જણાવ્યું હતું કે પ. પૂ. શ્રી યશોદેવસૂરિજીએ પ્રતિકૂળ તબિયત, પગની તકલીફ અને અધૂરાં રહેલાં શાસનનાં કાર્યો વગેરેને કારણે પાલીતાણામાં સ્વીકારેલા સ્થિરવાસને વિવિધ સંખ્યાબંધ પ્રકાશનો દ્વારા, ભગવાન મહાવીરના વિસ્તૃત ચિત્રસંપુટનાં અને અન્ય પ્રકારનાં નવાં નવાં ચિત્રો દ્વારા તથા વિવિધ શિલ્પકૃતિઓ દ્વારા સારી રીતે શોભાવ્યો છે, ઉજ્જવળ બનાવ્યો છે, તેમના લાભ, મુંબઈને મળ્યો હોત તો હેંગિંગ ગાર્ડન પર ખાતમુહૂર્ત થયેલ 'ભગવાન મહાવીર કીર્તિસ્તંભ' આકાર લઈ શકયો હોત. પ્રતિભાવંત સર્જકોને મહાપુરુષોને, સંતોને સ્થળ અને કાળનાં બંધનો નડતાં નથી. તેઓને જે ક્ષેત્રમાં જે કાળે વસવાનું થાય ત્યાં કાદવમાંથી કમળની જેમ તેઓ ખીલી ઊઠે છે. પ. પૂ. શ્રી યશોદેવસૂરિએ પોતાના સ્થિરવાસને સાર્થક કરી બતાવ્યો છે એ ખરેખર આપણા સૌને માટે આનંદ અને ગૌરવની વાત છે. - તંત્રી)

□ □ □

# મિથુન શિલ્પો અને લામા અગનારિકા ગોવિંદ

**□ માવજી કે. સાવલા**

ભારતીય સંસ્કૃતિના ઈતિહાસમાં ધર્મ, લોકજીવન અને આધ્યાત્મિક સાધનાના કંઈક રહસ્યપૂર્ણ માર્ગો એકબીજામાં એવી રીતે ગુંથાઈ ગયા છે - અથવા તો એમ કહીએ કે અટવાઈ ગયા છે, કે સામાન્ય રીતે તો એમાં ઉંડા ઉતરવા જતાં અનેક વિરોધાભાસી સિદ્ધાંતો અને હકીકતો આપણને આશ્ચર્યચકિત કરી નાખે. એક તરફ અધ્યાત્મ અને ધર્મને નામે ત્યાગમાર્ગયુકત કઠોર જીવનની વાતો છે, બીજી તરફ તંત્રસૂત્રો છે, તો ત્રીજી તરફ શિલ્પ સ્થાપત્ય ક્ષેત્રે ખજૂરાહો અને કોનાર્કના શૃંગારિક શિલ્પો છે. કયાંક જૈન મંદિરોમાં પણ શ્રીકૃષ્ણની રાસલીલાના ચિત્રો જોઈને વિમાસણમાં પડી જવાય છે. યોગ સાધનાના નામે પંચમકારોનું આલંબન લેનાર (મધ્ય-માંસ-મૈથુન-મુદ્રા અને મત્સ્ય) વામમાર્ગ પણ પ્રસિદ્ધ જ છે. સિંધમાં એક સમયે એવો એક ચોલાપંથ ચાલેલો. આજે પણ અનેક સ્થળોએ કંઈક અંશે છદ્મવેશે - ગુપ્ત રીતે આવા કેટલાક સંપ્રદાયો ચાલતા હોવાનો અંદાજ છે.

સહેજે આપણને એવો પ્રશ્ન થાય કે આ બધું છે શું ? અથવા તો વધુ તટસ્થપણે વિચાર કરતાં એમ લાગે છે કે આ બધાની પાછળ કંઈક જુદું જ સત્ય કે ગૂઢ સિદ્ધાંત છુપાયેલ હશે; અને કંઈક આવી એક અભ્યાસપૂર્ણ પરિપાટી દ્વારા જ બાહ્ય રીતે જયાં શૃંગાર અને વિલાસિતા પ્રગટ થતાં હોય ત્યાં એની પાછળના ગૂઢ સિદ્ધાંતો અને રહસ્યો પ્રતિકાત્મક અર્થઘટન દ્વારા પ્રસ્તુત કરવાનો પ્રયત્ન થતો રહે છે. ગુર્જયેફે પણ નોંધ્યું છે કે કેટલાંક પ્રાચીન આધ્યાત્મિક નૃત્ય પ્રકારોમાં સમગ્ર બ્રહ્માંડનું રહસ્ય પ્રતિકારત્મક રીતે જાણે કે એક ગુપ્ત ભાષામાં સચવાઈ રહ્યું છે.

આપણે મૂળ મુદ્દાની વાત ઉપર જ આવીએ કારણ કે લામા અગનારિકા ગોવિંદ આ વિષયમાં અધિકારપૂર્વક આપણને કંઈક કહી શકે છે.

આ લામા ગોવિંદ છે કોણ ?

ગોવિંદ લામા મૂળ જર્મનીમાં આવેલ બોહીમીઆના વતની હતા; પરંતુ વર્ષો સુધી તેમની કર્મભૂમિ ભારત જ રહી છે. તેઓ બાળપણથી જ બૌદ્ધ ધર્મ તરફ આકર્ષાયા હતા અને માત્ર અઢાર વર્ષની ઉંમરે એમણે બૌદ્ધ દર્શન ઉપર પોતાનું પ્રથમ પુસ્તક લખ્યું. યુરોપની જુદી જુદી યુનિવર્સિટીઓમાં તેમણે તત્ત્વજ્ઞાન, લલિતકળા અને પુરાતત્વ વિદ્યાનો અભ્યાસ કર્યો. પાલી, બૌદ્ધ દર્શન અને શ્રમણ સંસ્કૃતિ પ્રત્યેના તેમના આકર્ષણને કારણે તેઓ સિલોન અને બર્મામાં ઠીક ઠીક સમય રહ્યા; પરંતુ આખરે ભારતમાં આવીને તેઓ સ્થિર થયા અને તિબેટ સુધી તેમણે પોતાની પ્રવૃત્તિઓનો વિસ્તાર કર્યો. તેમને એક ગુરુ મળ્યા અને બૌદ્ધ સંપ્રદાયના તેઓ એક સાધુ બન્યા. સંસ્કૃત અને તિબેટીઅન ભાષાનો અભ્યાસ પણ તેમણે કર્યો. ટાગોરના શાંતિનિકેતનમાં તેમણે થોડાંક વર્ષ અધ્યાપન કાર્ય કર્યું. પટણા યુનિવર્સિટીમાં પણ તેમણે થોડોક વખત અધ્યાપનનું કામ કર્યું. કલકત્તા,

મુંબઈ દિલ્હી, લખનૌ અને અલ્હાબાદમાં તેમના ચિત્રોના પ્રદર્શનો થયાં. તિબેટનું પરિભ્રમણ કરીને ત્યાંના ભીંતચિત્રોનું સંશોધન અને આલેખન તેમણે કર્યું અને એ ચિત્રોની પ્રતિકૃતિઓ તેમણે તૈયાર કરી હતી; એને લગતી તેમની એક સચિત્ર લેખમાળા Illustrated Weekly માં પ્રગટ થઈ હતી.

તેમણે જર્મન તેમજ અંગ્રેજી ભાષામાં અનેક સંશોધનાત્મક ગ્રંથો અને લેખો લખ્યાં છે. એમના પ્રગટ થયેલા કેટલાક ગ્રંથોના નામ નીચે મુજબ છેઃ

(૧) રીધમિક એફોરીઝમ્સ
(૨) થોટ્સ એન્ડ વીઝન્સ.
(૩) અભિધમ્મક્ક સંગ્રહ
(૪) સમ આસ્પેકટ્સ ઓફ સ્તુપ સીમ્બોલીઝમ
(૫) આર્ટ એન્ડ મેડિટેશન
(૬) ટિબેટન મિસ્ટિસિઝમ

લામા ગોવિંદના પત્ની લી-ગોતીમીની જીવન કારકીર્દી પણ જાણવા જેવી છે. તેમનો જન્મ મુંબઈમાં એક પારસી કુટંબમાં થયેલો અને નાનપણમાં અભ્યાસ તેમણે ઈંગ્લેન્ડમાં કરેલો. પોતાના માતાપિતા સાથે યુરોપમાં તેમણે ખૂબ પ્રવાસ કરેલો. ચિત્રકળા તરફ તેઓ બાળપણથી જ આકર્ષાયેલા હતા. નૃત્ય અને અભિનયકળામાં પણ તેમનો રસ ઊંડો હતો. સમયાંતરે તેઓ શાંતિનિકેતનમાં જોડાયા અને ત્યાં તેમણે ભારતીય કળા તથા નૃત્યનો અભ્યાસ કર્યો. શાંતિનિકેતનમાં તેમણે પોતાનું ઘર વસાવ્યું હતું અને ત્યાં તેઓ સતત બાર વર્ષ સુધી રહ્યા હતા. ટાગોરની તેમના ઉપર ખૂબ કૃપા ી. ચિત્રકાર અવનીન્દ્રનાથ ટાગોરના હાથ નીચે તેમણે ઘણા વર્ષો કામ કર્યું હતું. અવનીન્દ્રનાથે જ એમને તિબેટન આર્ટના ક્ષેત્રમાં આગળ વધવા પ્રેરણા આપી હતી. તેમના શાંતિનિકેતનના નિવાસ દરમ્યાન તેઓ ગોવિંદ લામાના સંબંધમાં આવ્યા હતા; અને આમ તેઓ ગોવિંદ લામા સાથે લગ્ન સંબંધીથી જોડાયા. એમનું મૂળ નામ રતી પીટીટ હતું. ગોવિંદ લામા સાથે લગ્ન થયા બાદ તેમણે લી ગોતમી નામ ધારણ કર્યું હતું. તેમનું નામ ઉત્તમ કોટિના ચિત્રકાર, લેખિકા, કવયિત્રી અને બાળવર્તાઓના કુશળ નિર્માતા તરીકે છે. લામા ગોવિંદ અને લી ગોતમી અલમોરા પ્રદેશમાં કાસાર દેવીના સ્થાન નજીક એક નાનકડું સુંદર મકાન બનાવીને સ્થિર થયા.

લામા એટલે બૌદ્ધ સાધુ. બૌદ્ધ ધર્મના કેટલાંક સંપ્રદાયોમાં લામાઓ, બે પ્રકારના હોય છે : (૧) બ્રહ્મચારી અને (૨) ગૃહસ્થાશ્રમી. લામા ગોવિંદ ગૃહસ્થાશ્રમી હતા.

લામા દંપતિના બેઠક ખંડમાં પ્રવેશ દ્વારની બરાબર સામેની દિવાલના મધ્ય ભાગમાં એક લંબચોરસ ટેબલ ઉપર નાના કદના ચોરસ સ્ટૂલ ઉપર ભગવાન બુદ્ધની એક નાની સરખી પણ અત્યંત ભાવવાહી લાવણ્યમૂર્તિ છે. બાજુએ તેમજ નીચે બીજી નાની નાની મૂર્તિઓ અને પ્રશોભનો છે. સૌથી નીચે મધ્યમાં ગોઠવેલી દેવદેવીની સંલગ્ન એવી એક મૂર્તિ આપણું ધ્યાન અવશ્ય ખેંચે. સ્ત્રી-પુરુષ ઊભાં ઊભાં અમુક રીતે ગોઠવાઈને મૈથુન આચરતાં ...ય એવા દેવદેવીના યુગલની આ મૂર્તિ છે. એક બૌદ્ધ ધર્મગુરુના સ્થાનમાં પૂજા સ્થાને મૂકેલી આવી મૂર્તિને શું સ્થાન હોઈ શકે એ પ્રશ્ન મુલાકાતીને થાય જ. લામા ગોવિંદ આ પ્રશ્નનો વિસ્તારથી ખુલાસો નીચે મુજબ કરે છે.

"આ પ્રકારની યુગલ પ્રતિમાનું નિર્માણ અને આરાધના હિંદુ તંત્રશાસ્ત્ર તેમજ બૌદ્ધ તંત્રશાસ્ત્રમાં દીર્ઘકાળથી પ્રચલિત છે, એમ છતાં હિન્દુ તંત્રશાસ્ત્રમાં આ યુગલ પ્રતિમાનું જે અર્થઘટન - ખુલાસો કરવામાં આવે છે, તેનાથી બૌદ્ધ તંત્રશાસ્ત્રોમાં કરવામાં આવતું અર્થઘટન - ખુલાસો તદ્દન જુદા જ પ્રકારનો છે.

"હિંદુ તંત્રશાસ્ત્ર પ્રમાણે શિવ અને શકિતના સંયોગમાંથી આ આખા વિશ્વનો પ્રાદુર્ભાવ થયો છે. તેમાં શિવ દૃષ્ટા છે - અકર્તા છે; શકિત સમગ્ર પ્રક્રિયાનું મૂળ છે, કર્તા છે, ક્રિયાધાર છે. આ પ્રતિમામાં જે પુરુષ રૂપે છે તે શિવ છે. એટલે કે વિશ્વનો અક્રિયાત્મક પુરુષ સિદ્ધાંત છે. અને આ પ્રતિમામાં જે સ્ત્રીરૂપે છે તે વિશ્વનો ક્રિયાત્મક સ્ત્રી સિદ્ધાંત છે. સાંખ્ય દર્શનમાં નિરૂપાયેલ પુરુષ અને પ્રકૃતિનું સાયુજય આ શિવશકિતના સાયુજયનો જ આ કલ્પનાપર્યાય છે.

"પણ બોદ્ધ ધર્મમાં કે બૌદ્ધ તંત્રશાસ્ત્રોમાં આવા શિવશકિતના કે પુરુષ-પ્રકૃતિના સાયુજયની અને તેના સંયોગની અને તેમાંથી સમગ્ર વિશ્વના ઉદ્દ્ભવની તેમજ સંચાલનની કલ્પનાને કોઈ સ્થાન નથી. હિંદુ તંત્ર શાસ્ત્રમાં આવી પ્રતિમાની આરાધના દ્વારા શકિતની ઉપાસના કરાયેલ છે. બૌદ્ધ ધર્મ શકિતલક્ષી નથી, જ્ઞાનલક્ષી છે.

"બૌદ્ધ તંત્રશાસ્ત્ર પ્રમાણે આવી યુગલ પ્રતિમાં 'પ્રજ્ઞા' અને 'ઉપાય'નો સંગમ સૂચવે છે. પ્રજ્ઞા એટલે જ્ઞાન. તેની અંતિમ કોટિ એટલે જેમાંથી આ વિશ્વ પ્રાદુર્ભાવ પામ્યું છે; અને જે આ વિશ્વથી પર છે, અને જેને બૌદ્ધ પરિભાષામાં 'શૂન્ય' શબ્દથી ઓળખાવવામાં આવે છે-તે શૂન્યતાની પ્રતિપતિ - સાક્ષાત્કાર. આ સ્થિતિને 'પ્રજ્ઞા-પારમિતા'ની સ્થિતિ તરીકે બૌદ્ધ પરિભાષામાં ઓળખવવામાં આવે છે. તેનો અર્થ છે પારને પામેલી પ્રજ્ઞા - ઉત્કૃષ્ટતાની કોટિએ પહોંચેલી પ્રજ્ઞા.

"અને બીજું તત્ત્વ છે 'ઉપાય'. ઉપાય એટલે પ્રેમ અને કરુણારૂપી સાધન. આ વડે જ પ્રજ્ઞાની સિદ્ધિ શકય બને છે. ઉપરોકત યુગલ પ્રતિમામાં જે નારી છે તે પ્રજ્ઞાનું પ્રતીક છે. અથવા તો અક્રિયાત્મક સ્ત્રી સિદ્ધાંત છે. અક્રિયાત્મક એટલે કે જ્ઞાન પ્રાપ્તિમાં કશું કરવાપણું હોતું નથી, માત્ર પ્રત્યક્ષનું જાણવાપણું જ હોય છે; અને આ યુગલમાં જે પુરુષ છે તે ઉપાયનું પ્રતીક છે. અથવા તો 'ક્રિયાત્મક પુરુષ-સિદ્ધાંત' છે. ક્રિયાત્મક એટલા માટે કે પ્રેમ - કરુણારૂપ ઉપાયમાં હંમેશા ક્રિયાકારિત્વ રહેલું છે."

આ બંનેનો સતત વિકાસ એ જ પૂર્ણત્વની પ્રાપ્તિ તરફ લઈ જતી સાચી પ્રક્રિયા છે. પ્રેમ વિનાનું જ્ઞાન અને કરુણા વિનાની તર્કશીલતાનું પરિણામ સ્થગિતતામાં - આધ્યાત્મિક અવસાનમાં આવે; જયારે જ્ઞાન વિનાનો પ્રેમ, તર્કશીલતા વિનાની કરુણા, તેનું પરિણામ વ્યામોહમાં, બુદ્ધિનાશમાં આવે. પરંતુ જયારે બંને એકમેકને વીંટળાઈને પરસ્પર વિકસતાં ચાલે છે ત્યારે મસ્તિષ્ક અને હૃદયનો, કરુણા અને બુદ્ધિનો, ઉત્કૃષ્ટ પ્રેમ અને ગૂઢતમ જ્ઞાનનો સંગમ-સમન્વય થાય છે. ત્યારે જ વિકાસની સાચી સીડી પ્રાપ્ત થાય છે, અને તે દ્વારા પૂર્ણતાની પરમ કોટિએ પહોંચાય છે. અપૂર્વ તેજ વડે ઝળહળતા જ્ઞાન સૂર્યનો અન્તરતમ પ્રદેશમાં ઉદય થાય છે; ન કલ્પી શકાય, ન વર્ણવી શકાય એવા આનંદનો અનુભવ થાય છે. આ આનંદનો ખ્યાલ શી રીતે આપવો ? આ ખ્યાલ આપવા માટે સ્ત્રીપુરુષના ભૌતિક મિલનમાં કલ્પાયેલાં આનંદાતિરેકને એક પ્રતીકરૂપે આગળ ધરવામાં આવે છે. પ્રસ્તુત પ્રતિમામાં દર્શાવાયેલાં જાતીય મિલનનો માત્ર આટલો જ અર્થ અથવા તો હેતું છે. વસ્તુતઃ આ યુગલ-પ્રતિમા સ્ત્રી-પુરુષના સ્થુળ મિલનને રજૂ કરતી નથી. પણ માનવીય જીવનની પૂર્ણાવસ્થાને એટલે બુદ્ધત્વને પ્રાપ્ત કરવા માટેની દ્વિમુખી આધ્યાત્મિક પ્રક્રિયાને રજુ કરે છે."

લામા ગોવિંદ કહે છે કે આ પ્રકારના નિરૂપણનો આશય જીવ અને શિવના મિલનને અથવા તો શિવ અને શકિતના અદ્વૈતને અથવા તો પુરુષ અને પ્રકૃતિના સાયુજયનેને પ્રતીકરૂપે અભિવ્યકત કરવાનો છે. જેવી રીતે માનવીની આંખ જ્ઞાનની દ્યોતક છે, હાથ શ્રમનો દ્યોતક છે, પગ ગતિના દ્યોતક છે; સ્ત્રીના સ્તન વાત્સલ્યના દ્યોતક છે, હૃદય પ્રેમનું દ્યોતક છે, તેવી રીતે સ્ત્રી-પુરુષ મૈથુનની સ્થુળ પ્રક્રિયા સ્ત્રી -પુરુષના - પ્રકૃતિ પુરુષના આધ્યાત્મિક અદ્વૈતની દ્યોતક છે. બીજી રીતે કહીએ તો, મૈથુન ભૌતિક કક્ષા ઉપર સરજાતાં એક સ્ત્રી અને પુરુષના અદ્વૈતની પ્રક્રિયા છે. એ જ પ્રક્રિયા ઉચ્ચતમ ભૂમિકા ઉપર સરજાતાં તે આધ્યાત્મિક અદ્વૈતનું પ્રતીક બને છે. સ્ત્રી પુરુષના શારીરિક સંબંધને એકાંગી જુગુપ્સાની દૃષ્ટિએ જોવો - વિચારવો યોગ્ય નથી. કુદરતમાં જે પ્રવર્તે છે તે કશું હીન કે જુગુપ્સાલાયક નથી. તેની પાછળ ઘણી વખત ઊંડો આશય-ગૂઢ સૂચન રહેલ હોય છે, તે શોધી કાઢવું અને તે રીતે તે પ્રક્રિયાને ઘટાવવી તે બુદ્ધિમાનનું કર્તવ્ય છે.

(ઋણ સ્વીકાર : આ લેખની કેટલીક સામગ્રી શ્રી પરમાનંદ કાપડીઆ કૃત 'ચિંતનયાત્રા' માંના લામા ગોવિંદ સાથેના વાર્તાલાપની નોંધને આધારે આપી છે.)

□ □ □

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા
## આર્થિક સહાય

સંઘને નીચે પ્રમાણે આર્થિક સહાય જુદા જુદા હેતુ માટે પ્રાપ્ત થઈ છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

| | |
|---|---|
| રૂા. ૨૫૦૦૦/- | શ્રી પદ્મ ફૂલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચિખોદરા આંખની હોસ્પિટલમાં મેડિકલ ચેકઅપના મશીન માટે હ. શ્રી જયંતીભાઈ પી. શેઠ તથા શ્રી નગીનભાઈ પી. શેઠ |
| રૂા. ૨૫૦૦૦/- | શ્રી પદ્મ ફૂલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી દરબાર ગોપાલદાસ ટી.બી. હોસ્પિટલ - આણંદ માટે હ. શ્રી જયંતીભાઈ પી. શેઠ તથા શ્રી નગીનભાઈ પી. શેઠ |
| રૂા. ૩૦૦૦/- | શ્રી સુરેશચંદ્ર કાંતિલાલ પટ્ટણી શ્રી સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ- રાજેન્દ્રનગર માટે |

# સંઘના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમો

**અહેવાલ : ચીમનલાલ કલાધર**

**□ આનંદઘનજીનાં સ્તવનો - ભક્તિસંગીત અને પ્રવચનો :**

સંઘના ઉપક્રમે છેલ્લાં ચારેક વર્ષથી અધ્યાત્મયોગી આનંદઘનજીનાં સ્તવનોનો-ભક્તિ-સંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ યોજવામાં આવે છે; તે મુજબ આ વર્ષે પણ તા. ૧૧, ૧૨, ૧૩, માર્ચ, ૧૯૯૨ના રોજ, દરરોજ સાંજના સાડા ત્રણથી ચાડાચાર સુધી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ શ્રી ઉષાબહેન મહેતાના સ્વાગત પ્રવચનથી થયો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતીલાલ શેઠે મધુરકંઠે આનંદઘનજીનાં સ્તવનો રજૂ કર્યાં હતાં. હાર્મોનિયમ પર શ્રી શ્યામ ગોગટેએ સેવા આપી હતી. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં શ્રી વિમલનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામીનાં સ્તવનો - એમ આનંદઘનજીનાં ચાર સ્તવનો રજૂ થયાં હતાં. આ ચારેય સ્તવનો પર ડૉ. રમણલાલ ચી. શાહે મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં. પ્રત્યેક સ્તવન શ્રી પૂર્ણિમાબહેન શેઠે મધુરસ્વરે ગાયા પછી તેના પર ડૉ. રમણભાઈ શાહનું રસપ્રદ અને રહસ્યબોધક અર્થ વિવરણ થયું હતું. આ કાર્યક્રમના સંયોજક શ્રી રમાબહેન વોરા હતાં.

**□ શ્રી જયપ્રકાશ નારાયણ અને ડૉ. રામમનોહર લોહિયા વિશે વ્યાખ્યાનો :**

સંઘના ઉપક્રમે તા. ૨૩ મી અને તા. ૨૪ મી માર્ચ, ૧૯૯૨ ના રોજ ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટીરૂમમાં સાંજના સમયે શ્રી જયપ્રકાશ નારાયણ અને ડૉ. રામમનોહર લોહિયા વિશે એમ બે વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં.

ભૂમિપુત્રના તંત્રી શ્રી કાંતિભાઈ શાહે 'જયપ્રકાશ નારાયણ - રાજકારણક્ષેત્રે સંત' - એ વિષય પર વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે જયપ્રકાશ નારાયણ એક બહુમુખી પ્રતિભા ધરાવનાર રાજકારણક્ષેત્રના એક સંત હતા, તેમનું વ્યક્તિત્વ અને આચરણ સંતને શોભે તેવું હતું. જયપ્રકાશજીએ સત્તાનો મોહ કદી રાખ્યો ન હતો. આઝાદી પછી ઘણીવાર કેન્દ્રીય મંત્રી બનવાની તેમને ઓફર મળી હતી, પરંતુ તેમણે સત્તાની ઘોડાદોડથી હંમેશાં દૂર રહેવાનું સ્વેચ્છાએ સ્વીકાર્યું હતું.

'ધર્મયુગ'ના તંત્રી શ્રી ગણેશ મંત્રીએ 'ડૉ. રામ મનોહર લોહિયાનું ક્રાંતિ ચિંતન' એ વિષય પર પ્રવચન આપતાં જણાવ્યું હતું કે ડૉ. લોહિયા એક સમર્થ વિચારકની સાથે એક અજોડ આંદોલનકારી પણ હતા. ભારતની આઝાદી પછી દેશમાં ડૉ. લોહિયાએ પરસ્પર ઘણી બધી વિરોધી ભૂમિકા નિભાવી હતી. સંપત્તિ, અંગ્રેજી ભાષા અને જાતિપ્રથા એ ત્રણ વસ્તુને સ્વતંત્ર ભારતના સંદર્ભમાં જનતાએ સમજવી જોઈએ તેમ ડૉ. લોહિયા દ્રઢપણે માનતા.

કાર્યક્રમના સંયોજક શ્રી અમર જરીવાલાએ આવકાર પ્રવચન કર્યું હતું. સંઘના મંત્રી શ્રી નિરુબહેન શાહે પુષ્પગુચ્છથી વ્યાખ્યાતાઓનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણભાઈ શાહે વ્યાખ્યાનની સમીક્ષા કરી હતી. સંઘના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે પ્રથમ દિવસે અને કાર્યક્રમના સંયોજક શ્રી સુબોધભાઈ એમ. શાહે બીજા દિવસે આભારવિધિ કરી હતી.

**□ વિદ્યાસત્રનાં વ્યાખ્યાનો :**

સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના કાર્યક્રમમાં શનિવાર, તા. ૨૮ મી માર્ચ, ૧૯૯૨ના રોજ સાંજના સાડાચાર વાગે ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બર હોલમાં સરદાર પટેલ યુનિવર્સિટી-વલ્લભવિદ્યાનગરના પ્રાધ્યાપક ડૉ. નરેશ વેદનાં બે વ્યાખ્યાનો યોજાયાં હતાં.

'રમણલાલ વસંતલાલ દેસાઈ : જીવન અને સાહિત્ય' એ વિષય પર બોલતાં ડૉ. વેદે જણાવ્યું હતું કે રમણલાલ દેસાઈ એટલે ગુજરાતી સાહિત્યનું અત્યંત લાડીલું નામ; લોકોના હૃદય મંદિરમાં ખૂબ જ પ્રેમપૂર્વક બિરાજતું નામ. ગુજરાતી સાહિત્યમાં સર્જકો તો અનેક થયા છે, પરંતુ ર.વ. દેસાઈનું સ્થાન તેમાં અનોખુ છે. ર.વ. દેસાઈએ સાહિત્યનું કોઈ ક્ષેત્ર વણખેડયું રાખ્યું નથી. પરંતુ એમનું પ્રિય ક્ષેત્ર તો નવલકથા હતું.

બીજા વ્યાખ્યાનમાં ડૉ. વેદે 'ધૂમકેતુ : જીવન અને સાહિત્ય' એ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે ધૂમકેતુ તદ્દન સાદા, સરળ અને સ્વાભિમાની હતા. ઉમાશંકર જોશીના શબ્દોમાં કહીએ તો ધૂમકેતુની બધી જ અભિવ્યક્તિ તેમની આંખોમાંથી પ્રગટ થતી. તેમનું વ્યક્તિત્વ વિલક્ષણ હતું. તેઓ એકાંતમાં સરસ્વતી ઉપાસના કરતા. ધૂમકેતુ નવલકથાકાર કરતાં પણ વધુ સફળ નવલિકાક્ષેત્રે રહ્યા છે. ગુજરાતી ટૂંકી વાર્તાના આધુનિક સ્વરૂપના જનક તરીકેનું બિરુદ જો કોઈને અપાય તો તે ધૂમકેતુને જ મળે.

કાર્યક્રમના પ્રારંભે જૈન યુવક સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન રમણલાલ શાહે વ્યાખ્યાતાનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે વ્યાખ્યાતા ડૉ. વેદનું સુખડના હારથી સન્માન કરવાની સાથે બંને વ્યાખ્યાનોની સુંદર સમીક્ષા કરી હતી. કાર્યક્રમના અંતે સંઘના મંત્રી શ્રી નિરુબહેન શાહે આભારવિધિ કરી હતી.

**□ વસંત વ્યાખ્યાનમાળા :**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત સ્વ. શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ સ્મારક વસંત વ્યાખ્યાનમાળા તા.૧૩મી એપ્રિલ થી તા. ૧૫ મી એપ્રિલ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઈન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના સભાગૃહમાં શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને યોજવામાં આવી હતી. વિષય હતો - Restructuring of Indian Economy and Globalasation આ વ્યાખ્યાનમાળાના ત્રણ વ્યાખ્યાતાઓ હતા ખ્યાતનામ પત્રકાર શ્રી પ્રેમશંકર ઝા, આઈ.સી.આઈ.સી.આઈ. (બોમ્બે) ના ચેરમેન શ્રી એન. વાઘુલ તથા આયોજન પંચના ભૂતપૂર્વ સભ્ય ડૉ. વી. કૃષ્ણમૂર્તિ.

શ્રી પ્રેમશંકર ઝા એ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે દેશના આર્થિ[illegible] સુધારાઓ વિશ્વના બજારમાં ભારતને નવી દિશા આપશે. જો આ [illegible] દુષ્કાળની સ્થિતિ સર્જાશે નહિ તો ફુગાવાનો વાર્ષિક દર નવથી દસ ટકાની સપાટીએ આવી જશે. હાલની બેરોજગારી, ભારે મૂડી રોકાણ, ધીમો વિકાસ દર જેવા વિવિધ પાસાઓની તેમણે છણાવટ કરી હતી.

શ્રી એન. વાઘુલે પોતાનાં વક્તવ્યમાં કહ્યું હતું કે નાણાપ્રધાન મનમોહન સિંહે શરૂ કરેલા આર્થિક સુધારણાનો કાર્યક્રમ એટલી હદે જરૂરી છે કે જો એ કાર્યક્રમનો અમલ રોકવામાં આવશે તો દેશ એક ગંભીર આર્થિક કટોકટીમાં મુકાઈ જશે. કડક નાણાંનીતિએ આર્થિક સુધારણાના કાર્યક્રમની સફળતાનું પ્રથમ સોપાન છે. સરકારી ખર્ચ ઘટાડીને ફુગાવાને અંકુશમાં રાખવામાં નહિ આવે તો પરિસ્થિતિ વકરી જશે.

ડૉ. વી. કૃષ્ણમૂર્તિએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે આયાત અને નિકાસ બંનેમાં વૃદ્ધિ થવી જોઈએ. તે માટે વિશ્વબજારમાં ઊભા રહી શકીએ એ પ્રકારની માલની ગુણવત્તા અને સ્પર્ધાત્મક ભાવો હોવાં જરૂરી છે.

જાણીતા ઉદ્યોગપતિ અને સંસદ સભ્ય શ્રી વીરેન શાહે દીપ પ્રગટાવી વ્યાખ્યાનમાળાનું ઉદ્‌ઘાટન કર્યું હતું. સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહે સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી સુબોધભાઈ એમ. શાહે, શ્રી પ્રવીણભાઈ કે. શાહે અને ડૉ. રમણલાલ ચી. શાહે અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતી[illegible] દિવસે આભારવિધિ કરી હતી. □□□

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવાં પ્રકાશનો**

● અભિચિંતના ●
મૂલ્ય રૂા. ૪૫/-
● શેઠ મોતી શાહ ●
મૂલ્ય રૂા. ૧૦/-
● વંદનીય હૃદયસ્પર્શ ભા.-૨ ●
મૂલ્ય રૂા. ૪૦/-
☆ ત્રણે ગ્રંથના લેખક ☆
ડૉ. રમણલાલ ચી. શાહ
☆
● આપણા તીર્થંકરો ●
સંપા. તારાબહેન ર. શાહ
મૂલ્ય રૂા. ૩૦/-
☆ પ્રકાશક ☆
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૦૪ ☆ ફોન : ૩૫૦૨૯૬

# વાતચીત

□ ' સત્સંગી '

'સ્રીને વહાલી વાત' પ્રચિલિત કહેવત તેમ જ સૌના રોજબરોજના અનુભવની બાબત પણ છે. પરંતુ પુરુષને પણ વાત કંઈ ઓછી વહાલી નથી અને તેથી જ તો તે તેના ભરચક દિવસ દરમ્યાન પણ થોડી વાત કરી લેવાનો સમય મેળવવાની આતુરતા સેવે છે. નાનાં મોટાં શહેરોમાં તેમજ ગામડાંઓમાં વિદ્યાર્થીઓ, યુવાનો, પ્રૌઢો અને વૃદ્ધોનાં મિત્ર-મંડળો સાંજનાં વાળુ બાદ ઠેકઠેકાણે મળતાં હોય છે અને વાતોનો અકથ્ય રસ અને મૈત્રીની ઉષ્માનો આનંદ માણતાં હોય છે. આવાં મિલનો અને તેમાં થતી વાતચીત હંમેશાં સમયનો બગાડ જ છે એમ કહી શકાય નહિ. આવાં કેટલાંક મિલનો તો તેમાં સાથ મળતી વ્યકિતઓને માટે લાભદાયી પણ નીવડે; જયારે કેટલીક વાર અનિચ્છનીય પરિસ્થિતિ પણ સર્જે. આ મિલનોની યોગ્યાયોગ્યતાનો આધાર વ્યકતિઓનાં માનસ, ઉછેર, સંસ્કાર, અભ્યાસ, વિચારસરણી વગેરે પર રાખે છે. વાસ્તવમાં આવાં મિત્રમંડળોનાં મિલનમાં નિદોર્ષ આનંદ અને એકબીજાંની સમજનો સહજ રીતે પરસ્પર લાભ મળે એવો હેતુ રહેલો છે. વ્યકિતઓ ધારે તો આવાં મિત્રમંડળોનો સદુપયોગ કરી શકે અને તેનો દુરુપયોગ થવાની ''ગ શકયતા છે; સદુપયોગ કે દુરુપયોગમાં 'સોબત તેવી અસર ' નું ..નોવૈજ્ઞાનિક સત્ય લાગુ પડે છે, પછી આવાં મિલનોમાં શિક્ષિત લોકો મળે કે અશિક્ષિત એ ગૌણ બાબત છે.

આજના ટેલિવિઝન યુગમાં તેમજ બે છેડા ભેગા કરવા અથવા આધુનિક રહેણીકરણી પ્રમાણે રહેવા માટે આર્થિક સદ્ધરતા મેળવવાના સમયમાં આવાં મિલનો ઘટયાં હોય એ દેખીતું છે. તો પણ નિરાંત ભર્યાં મિલનોને બદલે સગવડભર્યાં અને ઘડિયાળના કાંટાને ખ્યાલમાં રાખવામાં આવે તેવાં મિલનો તો અવશ્ય હોય જ અને રહેવાનાં. આવાં મિલનોમાં થતી વાતચીત મહત્ત્વની બાબત છે; વાતચીતની કળાનો નાજુક પણ સુંદર વિષય અહીં સંકળાયેલો છે. અંગ્રેજી સાહિત્યના પ્રખ્યાત નિબંધકાર જોનાથન સ્વિફ્ટ-Jonathan Swift (ઈ.સ. ૧૬૬૭ થી ઈ.સ. ૧૭૪૫) ના આ વિષય પરના વિચારો દર્શાવવાનું મારું મન છે.

અઢીસો કે તેથી થોડાં વધારે વર્ષ પહેલાં ઈંગ્લંડનાં વાતાવરણના પ્રત્યાઘાત રૂપે સ્વિફ્ટને થયું કે જીવનના દરેક સમયે અને દરેક સંજોગોમાં વાતચીત ઉપયોગી છે તેમજ નિર્દોષ આનંદ આપે છે. વળી, બધા લોકો માટે વાતચીત દ્વારા આવો લાભ મેળવવો શકય છે. વાતચીતની અવગણના અને દુરુપયોગ થતાં જોઈને તેઓ આ અંગે રોષથી લખવા ..યા હતા.

સ્વિફ્ટ વાતચીતનો એક દોષ એ ગણાવે છે કે એક જ વ્યકિત વધુ પડતી વાત કર્યે રાખે તો તે તેની મૂર્ખાઈ છે. જયાં પાંચ વ્યકિતઓ સાથે મળી હોય ત્યાં એક જ વ્યકિત વાત કરતી હોય અને બીજી વ્યકિતઓ શ્રોતા હોય એવાં જ દશ્યો તેમને મોટે ભાગે જોવા મળતાં. આમાં પણ એવો વાત કરનાર હોય જે વિચારપૂર્વક આગળ ધપે, પ્રસ્તાવના આદરે, કેટલાંક વિષયાંતરો કરે અને તેમાંથી તેને બીજી વાતનું સૂચન થાય અને પછી કહે કે તે તે વાત બીજી વાર કહેશે; પછી તો મૂળ વિષય પર આવે, ત્યાં કોઈ વ્યકિતનું નામ યાદ ન આવે એટલે માથું પકડીને પોતાની યાદશકિતની ફરિયાદ કરે, તેથી સાંભળનારા ત્યાં સુધી શી વાત હશે એની આતુરતાથી રાહ જુએ. અંતમાં એમ સાબિત થાય કે મંડળીએ એ વાત પચાસ વખત સાંભળી હોય અને બહુ બહુ તો તેનાં કોઈ નીરસ સાહસની વાત હોય.

સ્વિફ્ટનું આ મંતવ્ય આજે પણ એટલું જ ઉપયોગી છે. જયારે ચારપાંચ વ્યકિતઓ સાથે મળે અને વાતચીત થાય ત્યારે એક જ વ્યકિત વાત કર્યે અને બીજા સાંભળે રાખે તો તે ખરા અર્થમાં વાતચીત ન કહેવાય. સતત વાત કરનાર એમ માને કે તેની વાત રસભરી છે. અને સાંભળનારાઓને તેમાં રસ પડે છે તો તે તેની ભૂલ છે. વાસ્તવમાં સાંભળનારાઓ કંટાળી જાય છે અને તે વાત કરવાનું બંધ કરે એમ તેઓ ઈચ્છતા હોય છે. સાથે મળેલી દરેક વ્યકિતને પણ વાત કરવી હોય છે, તેથી સૌએ વકતા-વાત કરનાર તેમ જ શ્રોતા બનવાની ટેવ પણ કેળવવી જ જોઈએ અને તો જ વાતચીતનો નિર્દોષ આનંદ અને સૌના વિચારોનો પરસ્પર લાભ મળે. માનનીય ડૉ. રમણલાલ ચી. શાહનાં પુસ્તક 'સાંપ્રત સહચિંતન ભા. ૧લા'માં નિબંધ ' णाइवेलं वएज्जा ' આ સંબંધમાં ખાસ વાંચવા જેવો છે. णाइवेलं वएज्जा એટલે અતિવેળા ન બોલવું, મર્યાદા વગરનું ન બોલવું. તેમના આ નિબંધમાં ભગવાન મહાવીરનાં હિતવચનોનું ગાંભીર્ય અને ઉપરોકત હિતવચનની ભૂમિકા પર વકતા અને વકતવ્ય વિશે ઘણું ઉપયોગી જાણવા મળે છે. વાતચીતના સંદર્ભમાં પણ તે હિતવચન અવશ્ય લાગુ પડે છે.

સ્વિફ્ટ વાતચીતનો બીજો દોષ આ રીતે દર્શાવે છે. :- કેટલાક લોકો પોતાનાં જીવનની વાત કરે, તેમના રોગોનો ઈતિહાસ વર્ણવે જેમાં રોગોનાં ચિહ્નો અને સંજોગોનો પણ ઉલ્લેખ હોય. તેમણે અદાલત, લોકસભા, પ્રેમ, કાયદો વગેરેની દષ્ટિએ જે કઠિનાઈઓ અનુભવી હોય અને અન્યાયો સહન કર્યા હોય તેનું વૃત્તાંત કહેવા લાગે. વળી, કેટલાક ચતુર લોકો આત્મશ્લાઘા કરવા લાગે. અમુક પ્રકારની પરિસ્થિતિમાં શું બને તેની આગાહી તેમણે કરી હતી. તેમણે કોઈ માણસને પહેલેથી સલાહ આપી હતી અને પરિણામો પણ કહ્યાં હતાં; બન્યું પણ તે જ પ્રમાણે. પણ તે ભાઈ પોતાની જ વાત રાખે એમ હતા. જયારે કેટલાક પોતાના દોષો કહેવાનું મિથ્યાભિમાન દાખવે છે. તેઓ તેમના દોષો છુપાવી શકતા હોતા નથી; તેઓ કબૂલ કરે છે કે તે એમની મૂર્ખાઈ છે અને તે દ્વારા તેમણે પુષ્કળ ફાયદાઓ ગુમાવ્યા હોય છે એમ પણ તેઓ કહે છે.

વર્તમાન સમયમાં પણ આપણાં વર્તુળમાં પોતાનાં જીવનની વાત કરનાર વ્યકિતને સાંભળવાનું બને તો એકાદ વખત તે સાંભળવું ગમે અને કંઈક જરૂરી માહિતી તેમજ શીખવાનું પણ મળે. પરંતુ તે વ્યકિત વારંવાર પોતાને થયેલા અન્યાયો અને કઠિનાયાઈઓ વગેરેનું પુરાણ ચલાવે તો સૌ સાંભળનારાઓ કંટાળે અને વાત કરનારમાં રસ ન દાખવે. કોઈ કોઈ વ્યકિતઓ પોતાને પડેલી મુશ્કેલીઓ કે પોતાને થયેલા અન્યાયો વર્ણવનાર તરીકે એવી પ્રખ્યાત બની ગઈ હોય છે કે જયારે આપણે આપણા કોઈ મિત્રને કહીએ કે ફલાણાભાઈ મળ્યા હતા એટલે મિત્ર સમજી જ જાય કે તેમણે પોતાનું 'પુરાણ' ચલાવ્યું હશે. તેવી જ રીતે વાત કરનાર પોતાની બીમારીનું સવિસ્તર વર્ણન કરવા લાગે તો સાંભળનારાઓને રસ ન પડે. ડૉકટરે તેમને તળેલું ખાવાની મના કરી છે, સાંજે સૂપ કે ઓસામણ જેવું પ્રવાહી લેવાનું કહ્યું છે, ઉજાગરો ન કરવાની ખાસ સલાહ આપી છે વગેરે બાબતોનું વર્ણન સાંભળનારાઓને રુચિકર લાગતું નથી. પરંતુ નબળા મનના માણસોને પોતાની તબિયતની વાત કરવાની અદમ્ય ઈચ્છા રહે છે, તેથી તેઓ સારા વાતચીત કરનારા બની શકે નહિ.

આત્મશ્લાઘા ધર્મ - અધ્યાત્મની દષ્ટિએ તો વર્જ્ય જ છે, પરંતુ વ્યાવહારિક દષ્ટિએ પણ આત્મશ્લાઘાથી શ્રોતાઓમાં અપ્રિય બનાય છે. ' હું ઈ.સ. ૧૯૬૦ માં ઈંગ્લંડમાં હતો ત્યારે મેં આમ કર્યું , ' હું અમેરિકામાં ઈ.સ. ૧૯૬૪ માં હતો ત્યારે મેં તેમ કર્યું ,' ' મને આવા પરિણામની ખબર હતી.' 'મેં ધાર્યું હતું કે આમ થશે અને મેં ફલાણાભાઈને આમ કહ્યું પણ હતું અને તેમજ બન્યું ' વગેરે આત્મશ્લાઘાનાં વાકયો દ્વારા વાત કરનારા પોતાની પ્રતિષ્ઠા વધે છે એમ માને છે, પરંતુ વાસ્તવમાં તેઓ પોતાનો મોભો ગુમાવતા રહે છે. પોતાના દોષો કહેવાથી પણ સાંભળનારોઓની સહાનુભૂતિ મળતી હોતી નથી. બધું કહી દેવાનું હોતું નથી એવો સામાન્ય નિયમ રાખવાથી મિત્રમંડળમાં સૌના નિર્દોષ આનંદ જળવાઈ રહે છે.

સ્વિફ્ટ વાતચીતના બીજા બે દોષો વર્ણવે છે. (૧) વચમાં બોલવાની અધીરાઈ અને (૨) આપણે બોલતા હોઈએ ત્યારે કોઈ વચમાં ડખલ કરશે તેની બેચેની. વાતચીતના બે મુખ્ય હેતુઓ છે, આનંદ આપવો અને આપણી સાથે જેઓ હોય તેઓમાં સુધારણા થાય અથવા આપણે તે લાભો મેળવીએ. જયારે કોઈ વાત કરતું હોય ત્યારે તે તે સાંભળનારાઓ ખાતર કરે છે, પોતાના ખાતર નહિ. તેથી સામાન્ય વિવેકબુદ્ધિ રહેવી જોઈએ કે આપણે વાત કરતા હોઈએ ત્યારે વચમાં કોઈ ડખલ કરશે એવી બેચેની રાખીએ તો સાંભળનારાઓને આપણા પ્રત્યે ધ્યાન આપવાની ફરજ પડે જે યોગ્ય નથી. તેવી જ રીતે સાંભળનાર

વચમાં બોલે તો તેણે પોતાની વાત મહત્ત્વની બતાવી ગણાય જે પણ ઉચિત નથી. વચમાં બોલનારની માનસિક સ્થિતિ એવી થઈ જાય છે કે તેમનાં મનમાં વિચાર શરૂ થયો હોય છે જે તેઓ કહી દેવા માગે છે. તે વિચાર કહેવો રહી જશે એ બીકથી તેમનું ધ્યાન વાતચીતમાં હોતું નથી; પણ જે તેમનાં મનમાં રહેલું છે તેના પર તેમની કલ્પનાઓ કેન્દ્રિત થઈ હોય છે.

આજે પણ આપણે આ બે દોષોને લીધે નથી તો વાતચીતનો આનંદ લઈ શકતા કે નથી તો લાભ પામી શકતા. વાત કરનારને પોતાની વાત દરમ્યાન ડખલ થશે એવી બેચેનીથી સાંભળનારાઓને પ્રશ્ન થાય છે, 'આ ભાઈ વળી શું વિચારે ચડી ગયા?' તેથી તેમની વાત પ્રત્યેનું ધ્યાન વેરવિખેર થઈ જાય છે. વાત ચાલતી હોય ત્યાં વચમાં બોલવાથી વાત કરનાર અને સાંભળનારા બંનેનો આનંદ હણાઈ જાય છે. વાત સાંભળી લીધા પછી પોતાની વાત કરી શકાય, પરંતુ વાત ચાલતી હોય ત્યાં સુધી પોતાની કલ્પનાઓ પર કાબૂ રાખીને ચાલતી વાત સાંભળવી એ લાભદાયી છે.

સ્વિફ્ટ આપણું ધ્યાન દોરે છે કે કેટલાક માણસો વાતો - પ્રસંગવર્ણનો કહેવામાં નિષ્ણાત હોય છે અને તેમની પાસે તેવી વાતોનો વિપુલ સમુચ્ચય હોય છે. પ્રસંગે તેઓ સઘળાં મિત્રમંડળોમાં આવી વાતો કરી શકતા હોય છે. તેમાં ટાળી ન શકાય એવી બે ખામીઓ છે, (૧) પુનરાવર્તન અને (૨) વાતોનો સંગ્રહ ખલાસ થઈ જાય. જેમને પોતાની આ બક્ષિસનું મૂલ્ય હોય તેમને સારી યાદશકિતની જરૂર છે અને તેમણે અવારનવાર મિત્રમંડળ બદલતા રહેવું જોઈએ. તેનું કારણ લેખક એ બતાવે છે કે આવી શકિત ધરાવતા લોકો ભાગ્યે જ બીજા કોઈ વિષયની વાતોનો સંગ્રહ કરતા હોય છે, પરંતુ તેમની મુખ્ય મૂડી પર તેઓ નિર્ભર રહેતા હોય છે. વર્તમાન સમયમાં પણ કેટલાક અમલદારો, પ્રાધ્યાપકો, નેતાઓ, વેપારીઓ, ડૉક્ટરો, શ્રમજીવીઓ વગેરે જાતજાતના છબરડા, સમયસૂચકતાનાં દૃષ્ટાંતો, ખોટ જતી હોય એવી પરિસ્થિતિમાં નફો મેળવ્યો હોય તેવા પ્રસંગો, દર્દીઓને ચમત્કારિક રાહત થઈ હોય તેવા પ્રસંગો, સામાન્ય બુદ્ધિથી માલિકને ફાયદો કરાવ્યો હોય તેવા બનાવો વગેરેનું વર્ણન સારી રીતે કરી શકતા હોય છે. તેમણે સ્વિફ્ટનાં ઉપરોકત મંતવ્ય અને સૂચન અવશ્ય ધ્યાનમાં લેવા જેવાં છે.

વળી, આપણને આશ્ચર્ય થાય એવું એક મંતવ્ય સ્વિફ્ટ વાતચીતની કળા અંગે એ કરે છે કે જાહેરમાં બોલતા મહાન વકતાઓ અંગત વાતચીતમાં ભાગ્યે જ રુચિકર બનતા હોય છે. તેમના મતે વકતાઓને દરેક વિષય પર અમુક પ્રકારના જ ખ્યાલો હોય છે અને તે દર્શાવવા માટે પણ તેમની અમુક પ્રકારની જ ભાષા હોય છે. તેથી પંડિતો વિશેષ મહાવરાથી ટેવાયેલા અને હિંમતવાળા ન બને ત્યાં સુધી તેઓ સામાન્ય રીતે સારા વાત કરનારા હોતા નથી; કારણકે તેઓ પુષ્કળ વસ્તુ, વિવિધ ખ્યાલો અને શબ્દોનાં વૈવિધ્યમાં ગૂંચવાયેલા રહે છે જે તેઓ તત્કાળ પસંદ કરી શકતા નથી; આ અંગત વાતચીત માટે ગેરફાયદો નથી, પરંતુ તેઓ પસંદગીના વધુ પડતા વ્યાપથી મૂંઝવણ અનુભવે છે. બીજી બાજુ, વાતચીતમાં આડંબર ભર્યા શબ્દોવાળાં સંભાષણની બુદ્ધિશકિત સૌથી વિશેષ રીતે અસમર્થનને પાત્ર છે.

વકતૃત્વ શકિત અને મિત્રમંડળમાં વાતચીત ખરેખર છેક જ ભિન્ન બાબતો છે. આજે પણ સારા વકતાઓ મિત્રમંડળની વાતચીતમાં પોતાને ભાષણ કરવાનું હોય એવી સભાનતા અનુભવવા લાગતા હોય છે, તેથી તેમને મિત્રમંડળનું શ્રોતાઓનું વાતાવરણ ફિકકું લાગે અને સાદી રીતે વાત કરવાની પકડ તેમને જલદી આવતી હોતી નથી. આ જ શ્રોતાઓએ તેમનું જાહેર ભાષણ સાંભળ્યું હોય ત્યારે તાળીઓ પાડી હોય, જ્યારે મિત્રમંડળમાં તેમની વાતચીત નીરસ પણ લાગે, જાહેર ભાષણમાં શ્રોતાઓનાં મન પર કોઈ વાત ઠસાવવા માટે દલીલોની રજૂઆત અમુક ઢબથી થતી હોય છે, જ્યારે મિત્રમંડળની વાતચીતમાં આત્મીયતા અને જે વિષયની વાત થતી હોય તેનું ઊંડાણ હોવાં જરૂરી છે. અહીં વાક્છટા ન બેહૂદી બને, વિચારોની સ્વસ્થતાભરી આપલે થવી ઘટે અને વકતા તરીકેના અહમ્‌ની બાદબાકી જ કરતા રહેવું પડે.

પંડિતોને મિત્રમંડળમાં વાત કરવાનું તરત ફાવતું હોતું નથી. સામાન્ય રીતે મિત્રમંડળની વાતચીતના વિષયો વર્તમાન પરિસ્થિતિના પ્રવાહો, આર્થિક બાબતો, ગરીબ વર્ગની સ્થિતિ, બીમારીની બાબતો, કોઈની વ્યકિતગત બીમારી, કોઈના કૌટુંબિક પ્રશ્નો, લગ્નપ્રસંગો, કોઈનો પોતાનો અંગત અનુભવ કોઈ ડોકટર કે અન્ય મોટા માણસની બાબત વગેરે હોય. પંડિત આવા કોઈ પણ વિષય અંગે પાંડિત્યપૂર્ણ વાત કરી શકે અને લખી પણ શકે એ દેખીતું છે. પરંતુ મિત્રમંડળમાં જે સહજ રીતે વાતો થતી હોય તેમાં શ્રોતાઓને અનુરૂપ વાતચીતની ભાષામાં સહજ રીતે વાત કરતાં પંડિત મૂંઝવણ અનુભવે છે. તેઓ મહાવરો રાખે તો સમય જતાં તેમને મિત્રમંડળમાં અનુકૂળતા જણાય અને વાતચીતમાં ફાવટ આવે. તેવી જ રીતે આ પ્રકારની વાતચીતમાં આડંબરભર્યા શબ્દોનો ઉપયોગ કર્ણપ્રિય બને નહિ. મિત્રમંડળમાં ભદ્રંભદ્રની ભાષા કેવળ હાસ્યાસ્પદ જ બને, ગમ્મત ખાતર બોલાય તે જુદી વાત છે. મિત્રમંડળની વાતચીતમાં નિર્દોષ આનંદ અને એકબીજાંની સમજનો લાભ મળે એ હેતુઓ છે.

સ્વિફ્ટના મતે કેટલાક માણસો વાતચીત માટે લાયક ઠરતા નથી. આમાં બુદ્ધિચાતુર્ય ધરાવતા લોકોનો પણ સમાવેશ છે. બુદ્ધિચાતુર્ય ધરાવતા લોકોને અનુયાયીઓ અને પ્રશંસકો જોઈતા હોય છે. તેઓ અને તેમના પ્રશંસકો પરસ્પર મિથ્યાભિમાનને પોષે છે. પરિણામે બુદ્ધિચાતુર્ય ધરાવતા લોકો ચડિયાતાપણાની એવી લાગણી અનુભવે છે અને તેમના પ્રશંસકો એટલા ઉપયોગિતાવાદી બને છે કે આ બંને પ્રકારના લોકોમ કોઈ સહન થતા નથી. ગપ્પાં મારનારા, વિવાદાસ્પદ અને વિરોધાભાસી વાતો કરનારા પણ મિત્રમંડળની વાતચીત માટે લાયક નથી. તેવી જ રીતે જે લોકોને વિચારોનાં ભ્રમણના રોગની તકલીફ હોય તેઓ વાતચીત ચાલતી હોય ત્યારે ધ્યાન આપી શકતા નથી, તેથી તેઓ મિત્રમંડળની વાતચીત માટે લાયક ગણાય નહિ.

સ્વિફ્ટ તે સમયનાં વાતાવરણના પ્રત્યાઘાતરૂપે સ્પષ્ટપણે કહે છે કે વાતચીતની શકિત માણસ અને પશુ વચ્ચેનો જબ્બર ભેદ બતાવે છે. આ શકિતના દુરુપયોગથી માનવસ્વભાવ વધારેમાં વધારે અવમૂલ્યન પામ્યો છે એ આપણે જોઈએ છીએ. આવી શકિત દ્વારા આપણને મહત્તમ, સૌથી વધારે ટકી શકે તેવો અને જિંદગીનો સૌથી વધારે નિર્દોષ તેમજ ઉપયોગી આનંદ મળે, તેનો આપણે કેટલો અલ્પ લાભ લઈએ છીએ ! આની ગેરહાજરીમાં આપણને પોષાક, મુલાકાતો, અથવા તો નાટક, પીણાં-પાર્ટીનાં વધારે નુકસાનકારક મનોરંજનો અપનાવવાની ફરજ પડે છે. પરિણામે, ભદ્ર વર્ગનાં સ્રીપુરુષો (nobility and gentry) ભ્રષ્ટ બન્યાં છે અને તેમણે પ્રેમ, માન-મરતબો, મૈત્રી, ઔદાર્ય વગેરેના સઘળા ખ્યાલો ગુમાવી દીધા છે.

અઢી સદી પહેલાં સ્વિફ્ટનો આ રોષ વીસમી સદીના સમાપન કાળમાં ભારતને સ્પર્શી શકે ખરો ? મોટાં શહેરોની દૃષ્ટિએ તો રણમાં વીરડી જેવા અપવાદો બાદ કરતાં શહેરી ભદ્ર વર્ગ પશ્ચિમનાં અનુકરણથી આવા રસ્તે જઈ રહ્યો છે. ગ્રામ્ય વિસ્તાર તો ઘણો વિશાળ છે અને શહેરી વાતાવરણની અસર ત્યાં પડી ચૂકી છે, તો પણ ત્યાં ગૃહ ઉદ્યોગો કે લઘુ ઉદ્યોગોને સવિશેષ ઉત્તેજન અપાય અને લોકકેળવણીનું રચનાત્મક કાર્ય ધગશપૂર્વક સતત ચાલતું રહે, તો તેમની વાતચીતની શકિતને યોગ્ય વળાંક મળે, જ્યારે વર્તમાન શહેરી વાતાવરણ ભૌતિકવાદ અને ઈંદ્રિયસુખોમાં એટલું ઓતપ્રોત બનેલું છે કે જ્યાં બૌદ્ધિક શકિત વિત્તપ્રાપ્તિ અને તે દ્વારા મળતા આનંદ માટેનું સાધન ગણાય છે. ધર્મપુરુષો કે મહાપુરુષોના ચમત્કારિક પ્રભાવ વિના શહેરી પ્રજા પોતાની બૌદ્ધિક શકિતનું યોગ્ય પ્રકાશમાં ભાન કેળવે અને વાતચીત દ્વારા નિર્દોષ આનંદ અને પરસ્પરની સમજ દ્વારા તંદુરસ્ત લાભ મળે એવી પ્રતીતિ સાથે વાતચીતની કળા પ્રત્યે યોગ્ય રીતે અભિમુખ બને એ શકય જણાતું નથી.

## સંયુકત અંક

'પ્રબુદ્ધ જીવન'નો જૂન-૧૯૯૨નો તથા જુલાઈ-૧૯૯૨નો અંક સંયુકત અંક તરીકે તા. ૧૬મી જુલાઈ, ૧૯૯૨ના રોજ પ્રગટ થશે તેની નોંધ લેવા વાચકોને વિનંતી છે. -તંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૮, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૬-૭ ● તા. ૧૬-૭-૧૯૯૨ Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## યુરોપમાં સામ્યવાદ

યુરોપમાં સામ્યવાદનો અંત આવ્યો. કેટલાકને મતે યુરોપમાં સામ્યવાદનું વિસર્જન ધાર્યા કરતાં ઘણું ઝડપથી થયું, તો કેટલાકને મતે સાત દાયકા જેટલો સમય એ ટકી શકયો એ જ આશ્ચર્યની વાત છે.

યુરોપના વીસમી સદીના ઈતિહાસમાં સૌથી મહત્ત્વની ઘટનાઓમાં બે વિશ્વયુદ્ધો અને તેનાં પરિણામો ઉપરાંત સામ્યવાદના જન્મ અને વિસર્જનની ઘટના પણ ગણનાપાત્ર લેખાશે.

સામ્યવાદનો જન્મ થયો ત્યારે રાષ્ટ્રના દરેક નાગરિકને રોજીરોટી મળી રહે, કામ કરવાની સમાન તક મળે અને સમાન હક મળે એવી વ્યવસ્થાની વિચારણાનો વ્યવહારુ અમલ થયો એ ઘટનાએ દુનિયાભરની વિચારશીલ, ભાવનાશીલ વ્યકિતઓને પ્રભાવિત કરી દીધી હતી. કેટકેટલા દેશોમાં નવયુવાનો પોતાની જાતને સામ્યવાદી તરીકે ઓળખાવવામાં ગૌરવ લેવા લાગ્યા હતા. યુરોપમાંથી ઓશિયામાં અને અન્ય ખંડોમાં સામ્યવાદનો પ્રસાર થયો એ જ એની મહત્તા દર્શાવે છે.

સામ્યવાદ સર્વાંશે ખોટો હતો એમ નહિ કહી શકાય. રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકને ખાવા માટે અન્ન, રહેવા માટે ઘર, પહેરવા માટે વસ્ત્ર, નિઃશુલ્ક તબીબી સારવાર, મફત કેળવણી, આજીવિકા મેળવવા માટેની સમાન તક, પૂરતી સલામતી, યોગ્ય ન્યાય ઈત્યાદિની વ્યવસ્થા કરી આપતું એક તંત્ર ઊભું કરવું એ જેવી તેવી વાત નથી. આટલી મોટી વસતી માટે આટલા લાંબા ગાળા સુધી સોવિયેટ યુનિયને જે કાર્ય સિદ્ધ કરી બતાવ્યું તેવું માનવજાતે પોતાના ઈતિહાસમાં કયારેય જોયું નથી. (વસતીની દૃષ્ટિએ ચીન આગળ વધ્યું, પણ સમયની કસોટી અઘરી છે.) પરંતુ વાણી સ્વાતંત્ર્યના અભાવને કારણે તથા રાજ્યના સતત ભય અને ત્રાસને કારણે પ્રજા જે ગુંગળામણ અનુભવતી હતી તેની વેદના વધુ ગંભીર હતી. ઘણા લોકો ખાધેપીધે સુખી હતા, પણ પશુજીવન જેવું જીવન જીવતા થઈ ગયા હતા.

સામ્યવાદ પહેલી પેઢી માટે દુઃખમાંથી રાહત, સાંત્વન અને આશીર્વાદ સમો હતો, બીજી પેઢી માટે ભયસહિત સગવડ રૂપ હતો, પરંતુ ત્રીજી પેઢી માટે નિરાશા અને ત્રાસરૂપ બની ગયો હતો. ત્રીજી પેઢીએ તો ઘણા બધા લોકો નિષ્ક્રિય, પ્રમાદી, કામચોરીવાળા, નવી સિદ્ધિઓ માટે નિરુત્સાહી, ભાવનાવિહીન, ઠંડુ જીવન જીવતા થઈ ગયા હતા. સમૃદ્ધિ અને વિકાસનો દર નીચે ઉતરતો જતો હતો. માનવકલાકોની ઉત્પાદકતા ઘટતી જતી હતી. પુરુષાર્થ, સ્પર્ધા, મહત્ત્વાકાંક્ષા માટેનું પ્રેરક બળ ખૂટી ગયું હતું. સામ્યવાદમાં લાંબે ગાળે આમ બનવું સ્વાભાવિક હતું અને તે પ્રમાણે થયું. સામ્યવાદને ટકાવી રાખવા ઉત્તરોત્તર વધુ અત્યાચારો કરવાની અનિવાર્યતા પેદા થતી હતી. સરકારી પ્રચાર માધ્યમોને વારંવાર અસત્યનો આશ્રય લેવો પડતો હતો. પ્રજા બધું સમજતી હતી, પણ બોલી શકતી નહોતી. એટલા માટે જ મિખાઈલ ગોર્બાચેવની મુકત વાતાવરણની વાતને તરત ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો. સોવિયેટ યુનિયનમાં ક્રાન્તિ પછી પ્રતિક્રાન્તિ થઈ.

પરંતુ સોવિયેટ યુનિયનમાં સામ્યવાદનું વિસર્જન ગોર્બાચેવે જેટલું વ્યવસ્થિત અને ક્રમાનુસાર કરવા ધાર્યું હતું તેવી રીતે થયું નહિ. થવાની શકયતા પણ નહોતી જણાતી. વાવાઝોડામાં છત્રી ઉઘાડીને ચાલવા જેવી એ વાત હતી. પાયા હચમચી ગયેલી ઈમારત વ્યવસ્થિત રીતે નીચે નથી આવતી, અચાનક કકડભૂસ થઈને તૂટી પડે છે. ગોર્બાચેવે 'પેરાસ્ટ્રોઈકા' અને 'ગ્લાસનોસ્ત' ની વાત વહેતી મૂકી અને સોવિયેટ સંઘને મુકત હવાનો થોડાક સ્વાદ ચખાડ્યો ત્યાં તો સમગ્ર સોવિયેટ સંઘમાં અરાજકતાનાં બીજ વવાઈ ચૂકયાં અને સામ્યવાદના પાયા હચમચી ઊઠયા.

સોવિયેટ સંઘનું સૌથી મોટું રાજ્ય તે રશિયા. એટલે તો 'રશિયા' શબ્દ સોવિયેટ યુનિયનના પર્યાય જેવો રહ્યો હતો. સામ્યવાદની સ્થાપનાનાં બીજ રશિયામાં વવાયાં અને આજુબાજુના દેશો એમાં ભેળવાતા ગયા હતા. ઝારની રાજ્યસરહદ લેનિને વધારી અને લેનિનની રાજ્યસરહદને સ્ટાલિને બળજબરીથી વધારી દીધી હતી. સોવિયેટ યુનિયનનું સૌથી મોટું રાજ્ય રશિયા હોવાથી, વિસર્જનની પ્રક્રિયામાં રશિયાના લોકપ્રિય નેતા બોરિસ યેલ્તસિન ગોર્બાચેવના મુખ્ય પ્રતિસ્પર્ધી જેવા બની ગયા અને સોવિયેટ સંઘનાં રાજ્યોનું વિભાજન થતાં એવો કાળ આવ્યો કે આંતરરાષ્ટ્રીય સ્તરે યેલ્તસિને એક મોટા સત્તાધીશ તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું અને સત્તાવિહોણા ગોર્બાચેવ ગૌણ બની ગયા. સોવિયેટ યુનિયનમાં ગોર્બાચેવ સત્તા પર આવ્યા તે પછી એમણે ધાર્યું હોત તો પોતાના પુરોગામી બ્રેજનેવ વગેરેની જેમ જીવનપર્યન્ત સોવિયેટ યુનિયનનું સ્વામિત્વ કદાચ ભોગવી શકયા હોત અને આંતરરાષ્ટ્રીય સ્તરે એટલું જ મહત્ત્વનું સ્થાન ટકાવી શકયા હોત. પ્રજાને મુકત હવાનો અનુભવ કરાવવા જતાં પોતે ફેંકાઈ ગયા. સત્તાનું રાજકારણ હમેશાં ગુણગ્રાહી હોય છે એવું નથી. વળી પ્રજાઓ જેમ ગુણાનુરાગી અને લાડીલા લોકનેતા પાછળ ઘેલી બની બલિદાન આપવા તૈયાર થાય છે તેમ પરિસ્થિતિ પલટાતાં ઉદાસીન, નગુણી કે કયારેક કૃતઘ્ની પણ બની જાય છે. લોકકલ્યાણની ભાવનાને કારણે ગોર્બાચેવની જે દશા થઈ તે મહાન રાજદ્વારી પુરુષોની ચડતી પડતી કેવી કેવી રીતે થાય છે તેના ઉદાહરણ રૂપે ઈતિહાસમાં ઉલ્લેખનીય બની રહેશે.

સોવિયેટ યુનિયનનો અંત આવતાં એનાં રાજ્યો સ્વતંત્ર થયાં છે. પ્રજાઓમાં અરાજકતા ફેલાઈ ગઈ છે. સરકારી ભયને કારણે વર્ષોથી દબાવી રાખેલી વેરવૃત્તિ જુદી જુદી જાતિઓમાં ફરી સળગી ઉઠી છે. કયાંક આંતરવિગ્રહ જેવી સ્થિતિ પણ થઈ. સંક્રાન્તિકાળમાં આમ બનવું કુદરતી છે. વ્યવસ્થાતંત્ર શિથિલ બની જાય ત્યારે સ્વાર્થ ઉપર તરવરી આવે છે.

સામ્યવાદમાં સંગ્રહખોરી અને નફાખોરી નહોતી. હવે રશિયા

અને બીજાં રાજ્યોમાં સંગ્રહખોરી અને નફાખોરી આવતાં ચીજવસ્તુઓની સાચી કે કૃત્રિમ અછત વરતાવા લાગી છે. ચોરી, લૂંટ, બેકારી, ભીખના કિસ્સાનો સામ્યવાદમાં અભાવ હતો. હવે એવા કિસ્સા દિવસે દિવસે વધવા લાગ્યા છે. ત્યારે શાળાનું શિક્ષણ ફરજિયાત હતું. હવે મોસ્કોનાં અને બીજાં શહેરોનાં બજારોમાં કેટલાયે નાના નાના છોકરાઓ ભણવાને બદલે છાપાંઓની ફેરી કરવા લાગ્યા છે. રસ્તાઓ ઉપર ફેરિયાઓની અને દુકાનના બાંકડાવાળાઓની ભીડ જામી ગઈ છે. ચીજવસ્તુ લેવાવેચવા માટે પડાપડી થવા લાગી છે. ભાવતાલ થાય છે, છેતરપિંડી થાય છે અને ભેળસેળ પણ હવે થાય છે. રશિયાના સુપ્રસિદ્ધ શરાબ Vodka અને વાનગી Caviar વગેરે રસ્તા પરથી ખરીદીને વિદેશી સહેલાણીઓ પસ્તાય છે, કારણ કે તે ભેળસેળવાળાં હોય છે. દાયકાઓ પહેલાં સામ્યવાદ ત્યાં કેટલો પ્રબળ હતો તેનો એક કાલ્પનિક દાખલો ભારતમાં અપાતો. મોસ્કોની મુલાકાતે ગયેલા ભારતના કોઈક ગણિત શિક્ષકે વિદ્યાર્થીઓને મોંઢે હિસાબ કરતાં કેટલી ઝડપથી આવડે છે તેની કસોટી કરવા એક શાળામાં વિદ્યાર્થીઓને નફાતોટાનો દાખલો પૂછ્યો કે એક વેપારી દસ રૂબલે રતલના ભાવે દસ રતલ ચા ખરીદે છે. તેમાં ત્રણ રૂબલે રતલની ત્રણ રતલ ચા ભેળવે છે. પછી એ બધી ચા દસ રૂબલે રતલના ભાવે વેચી દે છે. તો તે વેપારીને શું મળે? જે ને જવાબ આવડે તે હાથ ઉંચો કરે. બધા જ વિદ્યાર્થીઓએ તરત જ હાથ ઉંચો કર્યો. ગણિતશિક્ષકને આશ્ચર્ય થયું. એમણે પાછું પૂછ્યું, 'બોલો, વેપારીને શું મળે?' વિદ્યાર્થીઓએ કહ્યું, 'બે વર્ષની સખત મજૂરીની કેદ મળે, ભેળસેળ કરવા માટે.'

આજે હવે આ દાખલો રશિયા માટે ખોટો ઠરે છે. મુકત અર્થતંત્ર ચાલુ થતાં નફાખોરી અને શોષણ ચાલુ થઈ ગયાં છે. વૃદ્ધ, અપંગ, નબળા લોકોની લાચારી વધી ગઈ છે. રૂબલની કિંમત ઘટી ગઈ છે. ડોલર માટે પડાપડી થવા લાગી છે. પ્રાચીન ચીજવસ્તુઓના સંગ્રહકારો ડોલર આપીને સારી સારી વસ્તુઓ પડાવી લેવા લાગ્યા છે. નિવૃત્ત સૈનિકો કયાંક રસ્તા પર ઊભા રહી પોતાના સુવર્ણચન્દ્રકો વેચવા લાગ્યા છે. વિદેશી વસ્તુઓ માટેની લોકોની વર્ષોની ભૂખ એકદમ સતેજ થઈ ગઈ છે. અમેરિકાની મેકડોનાલ્ડ કંપનીએ ખોલેલી રેસ્ટોરામાં હેમબર્ગર ખાવા માટે છોકરાઓ વરસતા વરસાદમાં લાઈન લગાવીને ઊભા રહે છે. શાકભાજી વેચીને સારું કમાતી ઘરડી ડોશીઓ હાથ ઉપર સિકો ઘડિયાળ પહેરતી થઈ ગઈ છે. (સામ્યવાદ દરમિયાન ઓફિસોમાં કામ કરતી મહિલાઓના હાથ ઉપર પણ ભાગ્યે જ ઘડિયાળ જોવા મળતી. જરૂર પણ પડતી નહિ.) બીજી બાજુ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા માટે સાધારણ સ્થિતિના માણસો બિનજરુરી ઘરવખરી વેચીને નાણાં મેળવવા લાગ્યા છે. અમેરિકાના ગરાજસેલ કે યાર્ડ સેલમાં વેચાતી જૂની વપરાયેલી ઘરવખરી કરતાં પણ ખરાબ ઘરવખરી મોસ્કો અને અન્ય શહેરોના રસ્તા પરના બજારોમાં આવવા લાગી છે. જૂનાં કપરકાબી, છરીકાંટા, ડિનર સેટ, બુટચંપલ, છત્રી, ઓવરકોટ, હેટ-મોજાં, ડબ્બાડબ્બી જેવી ચીજવસ્તુઓ રસ્તા પર વેચાવા લાગી છે. સાત દાયકા પછી મુકત બજારનો આ એમનો નવો અનુભવ છે.

સોવિયેટ યુનિયનની એક મોટામાં મોટી સિદ્ધિ એ હતી કે એણે ચોરી, લૂંટ, છેતરપિંડી, લાંચરૂશ્વત, ખૂન, બળાત્કાર, અપહરણ, મારામારી વગેરે પ્રકારના સામાજિક ગુનાઓનું પ્રમાણ ઘણું જ ઓછું, નહિવત જેવું કરી નાખ્યું હતું. રાતની ડયૂટી પૂરી કરીને સ્ત્રીઓ અડધી રાતે એકલી ઘરે નિર્ભયતાથી જઈ શકતી. સોવિયેટ યુનિયનમાં જાહેર વેશ્યાગીરીનો, અશ્લીલ નાઈટકલબોનો સદંતર અંત આવી ગયો હતો. હવે લોકશાહી આવત ચોરી, લૂંટ, છેતરપિંડી વગેરે આવી ગયાં છે. વિદેશી સહેલાણીઓ આકર્ષવા સરકારી હોટેલોમાં પણ શૃંગારિક અર્ધનગ્ન નાઈટકલબો નાઈટ-શો ચાલુ થઈ ગયા છે. ધન કમાવા સ્ત્રીઓ શરીર વેચવા રસ્તા પ નીકળવા લાગી છે. વેશ્યાઓના અડ્ડા શરૂ થવા લાગ્યા છે. સરકારી અ ફેસોમાં કામ જલદી કરાવવા માટે, કે ટ્રેન, વિમાન કે હોટેલમાં છેલ્લી ઘડ ે જગ્યા મેળવવા માટે ઉઘાડી રીતે લાંચ લેવાનું ચાલુ થઈ ગયું છે. ૯ કો વધુ પ્રમાણમાં વિદેશી સિગરેટ પીતા અને શરાબનો વધુ પડતો શો કરીને તોફાન મચાવતા થવા લાગ્યા છે.

૧૯૧૭ ના ઓકટોબરની ક્રાન્તિ થઈ તે પૂર્વેના, ઝારના વખતનું રશિયા જેમણે નજરે જોયું હોય એવા વયોવૃદ્ધ રશિયનો કહે છે કે આને સામ્યવાદોત્તર (Post-Communism) રશિયા કહેવા કરતાં ક્રાન્તિપૂર્વ (Pre-Revolution) રશિયા કહેવામાં કશો ફરક પડતો નથી.

સોવિયેટ યુનિયન અને યુરોપના અન્ય સામ્યવાદી દેશોમાં સામ્યવાદનું વિસર્જન થયું અને લોકશાહી, મૂડીવાદ, મુકતબજાર અને મુકત સાહસની પદ્ધતિ અપનાવવામાં આવી એથી તરત આર્થિક સુધારા થઈ જશે એમ માની લેવું એ મોટો ભ્રમ ગણાય. તાત્કાલિક તો હતી તેના કરતાં પણ ઘણી ખરાબ આર્થિક સ્થિતિ સર્જાશે. બેકારી અને ભૂખમરો ચાલુ થશે. માલસામાનની આયાત માટે, ઉદ્યોગોની સ્થાપના માટે વિદેશોની સહાય નોંતરવી પડશે. ગરજ અને લાચારીનો લાભ બીજા દેશોને લેવા દેવો પડશે. અમેરિકા, જર્મની, જાપાન, બ્રિટન, ફ્રાન્સ જેવા સમૃદ્ધ દેશો માટે તો સારો શિકાર સાંપડયા જેવી સ્થિતિ નિર્માઈ છે. 'લાવો, તમને બધું વ્યવસ્થિત ગોઠવી આપીએ' એવી પરોપકારની આભાસી વૃત્તિથી તેઓ આવડા મોટા બજાર ઉપર વર્ચસ્વ જમાવીને શકય તેટલું શોષણ કરી લેશે. સમૃદ્ધ દેશોને પોતાનું અર્થતંત્ર ટકાવી રાખવા માટે દુનિયાનાં બજારોની એટલી જ ગરજ છે. સામ્યવાદી દેશોનું નવું મોટું બજાર ખૂલતાં તેઓ અકરાંતિયાની જેમ પેટ ભરવા દોડાદોડ કરશે.

સોવિયેટ યુનિયનનાં સ્વતંત્ર થયેલાં રાજ્યો હવે Workers' Paradise માંથી Consumers' Paradise તરફ વળી રહ્યાં છે લોકશાહી અને મૂડીવાદ સ્વીકારાયાં છે. પરંતુ Consumers' Paradise સુધી પહોંચતાં તો એક દોઢ દાયકાથી વધુ સમય લાગવાનો સંભવ છે. આ સંક્રાન્તિકાળ દરમિયાન એ રાજ્યોની મધ્યમ અને નીચલા થરની પ્રજાને ઘણી યાતનાઓ ભોગવવી પડશે. ભારતમાં ચાર દાયકાથી લોકશાહી, મુકત અર્થતંત્ર અને મુકત બજાર હોવા છતાં અને ઘણીખરી ચીજવસ્તુઓની છત હોવા છતાં Consumers' Paradise ની કક્ષા સુધી એ પહોંચી શકયું નથી.

જયારે નવી પદ્ધતિની રાજયવ્યવસ્થા આવે છે ત્યારે સંક્રાન્તિકાળમાં અર્થતંત્ર નબળું પડી જાય છે. આજની દુનિયામાં આંતરરાષ્ટ્રીય સ્તરના નાણાંકીય વ્યવહારો એટલા બધા વધી ગયા છે કે કોઈ પણ રાષ્ટ્ર સંપૂર્ણપણે પોતાનું સ્વતંત્ર, સ્વાયત્ત અને અલિપ્ત અર્થતંત્ર દીર્ઘકાળ સુધી ચલાવી ન શકે. પાડોશી દેશો પણ તેને ચાલવા ન દે. સમૃદ્ધ દેશોનું આર્થિક વર્ચસ્વ ગરીબ કે વિકાસશીલ દેશો ઉપર આવ્યા વગર રહે નહિ. દુનિયાનું સૌથી વધુ સબળ ચલણ ધરાવનાર અમેરિકાનું ડોલરનું વર્ચસ્વ દુનિયાના ઘણા બધા દેશો ઉપર ફેલાયેલું છે.

સોવિયેટ યુનિયનમાં સ્ટાલિનના અવસાન પછી થોડાં જ વર્ષોમાં સ્ટાલિનવાદ ખતમ થઈ ગયો. સોવિયેટ યુનિયનમાં સામ્યવાદ ન હોત અને સ્ટાલિન જેવો લોખંડી પુરુષ ન હોત તો બીજા વિશ્વયુદ્ધ વખતે હિટલરે રશિયાને ચૂંથી નાખ્યું હોત અને હિટલરની લશ્કરી તાકાત જો રશિયામાં ન ખર્ચાઈ ગઈ હોત તો બીજા વિશ્વયુદ્ધનું પરિણામ કંઈક જુદું જ આવ્યું હોત. પરંતુ યુદ્ધમાં વિજયી બનેલા સ્ટાલિને પોતાની સત્તા ટકાવી રાખવા પ્રજા ઉપર ભયંકર ક્રૂર અત્યાચારો કર્યા. એટલે જ સ્ટાલિનના અવસાન પછી સમય પાકતાં સ્ટાલિન વિરોધ ભભૂકી ઉઠયો. સમગ્ર સોવિયેટ યુનિયનમાંથી સ્ટાલિનના પૂતળાં, ફોટા ખસેડી નાખવામાં આવ્યાં. સ્ટાલિનગ્રાડ શહેરનું નામ ભૂંસીને ફરી પાછું એનું જૂનું નામ વોલ્વોગ્રાડ પ્રચલિત કરવામાં આવ્યું. એટલું જ નહિ, મોસ્કોના રેડ સ્કેવર -ક્રેમલિનમાંથી સ્ટાલિનની કબર પણ ખોદી નાખવામાં આવી. સામ્યવાદ ક્રૂર સરમુખત્યારશાહી સુધી પહોંચી ગયો હતો એટલે એના એટલા જ સબળ પ્રત્યાઘાત પડયા. હવે સામ્યવાદ ગયો અને લોકશાહી આવી એટલે લેનિનવાદ પણ ગયો. સોવિયેટ યુનિયનમાંથી અને અન્ય યુરોપીય સામ્યવાદી દેશોમાંથી લેનિનનાં પુતળાં અને ફોટાઓ ખસેડી નાખવામાં આવ્યા. રશિયામાં લેનિનગ્રાડ શહેરનું નામ કાઢી નાખવામાં આવ્યું અને જૂનું નામ પિટર્સબર્ગ ફરી પાછું ચાલુ થઈ ગયું. મોસ્કોમાં ક્રેમલિનમાં આવેલી લેનિની કબરનાં દર્શન કરવા રોજ હજારો પ્રવાસીઓ આવતા. ચોવીસ કલાક ત્યાં સંત્રીઓ ખડા રહેતા. એ કબરનું તીર્થભૂમિ જેવું

માહાત્મ્ય હવે રહ્યું નથી. લેનિને પણ ઓછી ક્રૂરતા નહોતી આચરી. લેનિના તટસ્થ પુનર્મૂલ્યાંકનનો સમય આવી પહોંચ્યો છે. સ્ટાલિન અને લેનિનના સમયના જૂના ગુપ્ત સરકારી દસ્તાવેજો હવે બહાર આવી રહ્યા છે. એ કઢાવવામાં અમેરિકાને સૌથી વધુ રસ છે.

રશિયામાં સામ્યવાદની સ્થાપના લોહિયાળ ક્રાન્તિદ્વારા થઈ હતી. હિંસાનો આશ્રય લેવો પડયો હતો. સામ્યવાદના અમલ દરમિયાન ભયંકર અત્યાચારો આચરવામાં આવ્યા હતા. સામ્યવાદના વિસર્જન વખતે પણ ભયંકર હિંસાત્મક ઘટનાઓ બની છે. આમ, સામ્યવાદનું નામ હિંસાથી ખરડાયેલું છે.

સામ્યવાદના અતિરેકે મનુષ્યને જડ જેવો બનાવી દીધો હતો. સામ્યવાદમાં મનુષ્યનો વૈયક્તિક ચહેરો જાણે કે ભુંસાઈ ગયો હતો. પણ મનુષ્ય અંતે તો મનુષ્ય છે. પેટમાં ખોરાક પડયા પછી એને ચિત્તના ખોરાકની જરૂર પડે છે. એટલે જ વાણીસ્વાતંત્ર્ય વિનાના સામ્યવાદ પ્રત્યેનો પ્રજાનો અહોભાવ ઘટી ગયો હતો. ત્રીજી પેઢીએ તો તેનો વિરોધ અને પ્રતિકાર થવા લાગ્યો. સામ્યવાદે આર્થિક સમાનતા આણી, પણ જીવન જીવવામાંથી રસ ઊડી ગયો. રસ્તા પર રખડતા ઘરબાર વગરના ચીંથરેહાલ ભૂખ્યા ભિખારીને પકડીને જેલમાં પૂરવામાં આવે અને એને ખાવાનું અને કેદીનાં નવાં કપડાં આપવામાં આવે તો થોડો વખત તો એને જરૂર ગમી જાય, પણ પછી એક દિવસ એવો આવે કે જ્યારે એને જેલ છોડીને ભાગી જવાનું મન થાય. યુરોપમાં સામ્યવાદી દેશોની એવી દશા થઈ. સરકારી સ્તરે મનુષ્યનું શોષણ પારાવાર થયું, ઉચ્ચ કક્ષાએ ગેરરીતિ અને ભ્રષ્ટાચાર વધી ગયાં હતાં.

યુરોપમાં સામ્યવાદના વિસર્જન પછી સંક્રાન્તિકાળની યાતનાઓ ચાલુ થઈ. સોવિયેટ યુનિયનમાં સો કરતાં વધુ આનુવંશિક જાતિઓની સંખ્યા હતી. અફઘાનિસ્તાન, તુર્કસ્તાન વગેરેની સરહદે મુસ્લિમ જાતિઓ અને પશ્ચિમ યુરોપની સરહદે ખ્રિસ્તી જાતિઓ છે. વળી ભાષાકીય જાતિઓ પણ ઘણી બધી છે. સામ્યવાદનો સૂર્ય સ્ટાલિનના વખતમાં પ્રખર તપતો હતો ત્યારે ક્રિયાકાંડી ધર્મ નહિવત્ થઈ ગયો હતો અને આનુવંશિક કે ધાર્મિક મતભેદો દટાઈ ગયા હતા. હવે તે સજીવન અને ઉગ્ર બન્યા છે. આર્મેનિયા, આઝરબૈજાન, જ્યોર્જિયા, મોલ્ડોવિયા વગેરે ઘણા રાજ્યોમાં આંતરવિગ્રહના પ્રકારની સશસ્ત્ર અથડામણો થઈ છે અને હજારો માણસો મૃત્યુ પામ્યા છે. બીજા સામ્યવાદી દેશોમાં પણ તંગદિલી પ્રવર્તી છે. ઝેકોસ્લોવાકિયામાં પણ ઝેક લોકો અને સ્લોવાક લોકો વચ્ચેના અણબનાવો હિંસામાં પરિણમ્યા છે. યુગોસ્લાવિયાના ટુકડા થયા પછી સર્બ અને બોસ્નિયાના લોકો વચ્ચે ખૂનખાર જંગો ખેલાયાં છે, હજારો મૃત્યુ પામ્યાં છે અને હજારો લોકો ઘરબાર વગરના નિરાશ્રિત થઈ ગયા છે. સામ્યવાદી ધૂમકેતુ જતાં જતાં પણ પોતાની પૂછડીની ઝપાટ મારતો ગયો છે.

યુરોપમાં સામ્યવાદના વિસર્જન પછી લોકશાહીકરણમાં વગર હિંસાએ તરત જો કોઈ દેશને લાભ થયો હોય તો તે પૂર્વ જર્મનીને છે. પૂર્વ જર્મની અને પશ્ચિમ જર્મની એક થઈ ગયાં. પૂર્વ અને પશ્ચિમ જેવા શબ્દો હવે જર્મની માટે રહ્યા નહિ. યુરોપીય પ્રજાઓમાં જર્મન પ્રજા એકંદરે વધુ ઉદ્યમી, બુદ્ધિશાળી, નિષ્ઠાવાન અને સંપની ભાવનાવાળી ગણાય છે. એથી જ ચાર દાયકાના વિભાજન પછી એ પ્રજા ઝડપથી એક થઈ ગઈ. એક રાજ્યતંત્ર, એક અર્થતંત્ર અને એક નાણાંકીય ચલણ સ્વીકારાઈ ગયું અને પશ્ચિમ જર્મનીએ પૂર્વ જર્મનીને વેપાર ઉદ્યોગ દ્વારા આર્થિક દ્રષ્ટિએ સમૃદ્ધ કરવાના પ્રયાસો ઝડપથી ચાલુ કરી દીધા.

યુરોપમાં સામ્યવાદના અને સોવિયેટ યુનિયનનાં વિસર્જનથી દુનિયાને જો કોઈ મોટા લાભ થયો હોય તો તે ઠંડા યુદ્ધના અંતનો છે. એક પક્ષે અમેરિકા અને સામે પક્ષે સોવિયેટ યુનિયન - આ બે મહાસત્તાઓએ બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયા ઉપર પોતાનું વર્ચસ્વ ધરાવવા અને બીજાથી પરાજિત ન થવા માટે ભયંકર અણુશસ્ત્રોના ઉત્પાદનની જે દોટ ચલાવી હતી તે હવે બંધ પડી ગઈ. એથી ભયંકર પ્રલયકારી અણુયુદ્ધનાં ભયમાંથી અને તાણમાંથી વિશ્વ મુક્ત થઈ ગયું છે. બ્રિટન, ફ્રાન્સ, ચીન વગેરે બીજા કેટલાક દેશો પાસે અણુશસ્ત્રો છે, પણ અમેરિકાનો મુકાબલો કરવા કોઈ સમર્થ નથી. એટલે દુનિયાની મહાસત્તાઓમાં લશ્કરી તાકાતની દ્રષ્ટિએ અમેરિકા હવે પ્રથમ નંબરે છે. સોવિયેટ યુનિયનના વિસર્જન પછી અમેરિકાને હવે દુનિયાના કોઈ પણ દેશ તરફથી યુદ્ધનો ડર રહ્યો નહિ, બલકે સોવિયેટ યુનિયનનું પીઠબળ ખસી જતાં દુનિયાના ઘણા દેશોને હવે અમેરિકાનો ડર રહેશે. ઈરાકને એનો અનુભવ થઈ ચૂકયો છે. ઘણા દેશોને હવે અમેરિકા સાથે બનાવવું પડશે, ભારતે સુદ્ધાં.

અમેરિકાની નજર હવે ચીનના સામ્યવાદને તોડવાની રહેશે. એક જમાનામાં ચાંગ કાઈ શેકનો પક્ષ લેનાર અમેરિકાએ સોવિયેટ યુનિયનની સામે થનાર સામ્યવાદી ચીન સાથે સંબંધો સુધારી લીધા હતા. પરંતુ હવે એની નેમ ત્યાંના લોકશાહી તત્ત્વોને પ્રોત્સાહન આપી સામ્યવાદને નિર્મૂળ કરવાની રહેશે. વર્તમાન સત્તાધીશોની પેઢી વિદાય થતાં એ કાર્ય કદાચ ત્યાં વધુ વેગ પકડશે.

એવો પ્રશ્ન થાય કે સોવિયેટ યુનિયનમાં વાણીસ્વાતંત્ર્ય આપીને અને બીજા આવશ્યક ફેરફારો કરીને સામ્યવાદને શું ન ટકાવી શકાયો હોત ? આ પ્રશ્ન ઘણા દ્રષ્ટિકોણથી વિચારણા માગી લે છે. પ્રજામાં વાણીસ્વાતંત્ર હોવું જરૂરી છે, પણ વાણીસ્વાતંત્ર્ય સાથે એનાં લક્ષણો અને દુર્ગુણો આવ્યા વિના રહેતાં નથી. વાણીસ્વાતંત્ર્ય આવે એટલે વિચારભેદ આવે, ધ્યેયભેદ આવે, કાર્યભેદ આવે, કાર્યપદ્ધતિનો ભેદ આવે અને આ બધું આવે એટલે પક્ષાપક્ષી આવે, પ્રામાણિક વિરોધ અને વિરોધ કરવા ખાતરનો વિરોધ આવે, કલુષિત રાજકારણ આવે કે જે સામ્યવાદનાં મૂળ ઉખેડી નાખે. પ્રજાકલ્યાણનાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો એકહથ્થુ સત્તાથી જ ઝડપથી થઈ શકે, પરંતુ ધ્યેયનિષ્ઠ, પ્રામાણિક એકહથ્થુ સત્તા કયારે ક્રૂર સરમુખત્યારશાહીની રેખા ઓળંગી જાય તે કહી શકાય નહિ.

શું યુરોપમાં સામ્યવાદનો ફરી કયારેય પુનર્જન્મ નહિ થાય ? નજીકના ભવિષ્યમાં તો એવી કોઈ જ શકયતા નથી. સામ્યવાદના જન્મ માટે એની પૂર્વસ્થિતિ હોવાની અપેક્ષા રહે છે. એ પૂર્વસ્થિતિ એટલે પ્રજાના વિશાળ સમુદાયની ગરીબીની રેખા નીચેની લાચાર જીવનદશા, અને એવી પ્રજાને હિંસક ક્રાન્તિ તરફ દોરી જનાર કઠોર આકર્ષક નેતૃત્વ. પરંતુ વહેતા જતા જીવનપ્રવાહમાં એકસરખી પરિસ્થિતિનું પુનરાવર્તન કયારેય થતું નથી. એટલે બે ચાર સૈકા પછી સામ્યવાદ ફરી આવે તો પણ એનું સ્વરૂપ એકસરખું ન હોઈ શકે. વર્તમાન સ્વરૂપનો સામ્યવાદ બળ, દમન, અન્યાય, અત્યાચાર વગર ટકી ન શકે. લોકશાહી, મુકત અર્થતંત્ર, મુકત વેપાર વ્યવસ્થા સહજ રીતે પ્રવર્તે છે. પ્રજાને એનો બોજો નથી લાગતો. સામ્યવાદનો બોજો લાગે છે. સામ્યવાદે સિદ્ધ કરેલી ઉત્તમ વ્યવસ્થા લોકશાહી દ્વારા સિદ્ધ કરી શકાય છે. માટે જ સામ્યવાદનો બીજો વિકલ્પ નથી એમ નહિ કહી શકાય. એટલે સામ્યવાદનો પુનર્જન્મ ગમે ત્યારે જો થાય તો પણ તે નવા સ્વરૂપે જ હોઈ શકે.

યુરોપમાં સામ્યવાદના થયેલા વિસર્જનમાંથી માનવજાતે ઘણો બોધપાઠ લેવા જેવો છે.

❑ રમણલાલ ચી. શાહ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા પ્રતિવર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળા આ વર્ષે સોમવાર તા. ૨૪ મી ઓગસ્ટ, ૧૯૯૨ થી સોમવાર, તા. ૩૧ મી ઓગસ્ટ, ૧૯૯૨ સુધી એમ આઠ દિવસ માટે ડૉ. રમણલાલ ચી. શાહ ના પ્રમુખસ્થાને ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી છે.

આ વ્યાખ્યાનમાળામાં પૂ. સાધ્વીશ્રી ગૌરાંજી, પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી, શ્રીમતી છાયાબહેન પ્રવીણચંદ્ર શાહ, ડૉ. શેખરચંદ્ર જૈન, પ્રો. ગુલાબ દેઢિયા, ડૉ. નરેશ વેદ, ડૉ. શશિકાંત શાહ, શ્રી મદનરાજ ભંડારી, શ્રી નેમચંદ ગાલા, ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી વસંતભાઈ ખોખાણી, ડૉ. સુષમા સિંઘવી, ડૉ હુકમીચંદ ભારિલ્લ, ડૉ. દયાનંદ ભાર્ગવ, ડૉ. સાગરમલ જૈન અને પ્રો. તારાબહેન રમણલાલ શાહ વ્યાખ્યાતા તરીકે પધારશે.

કાર્યક્રમની વધુ વિગત હવે પછી જણાવવામાં આવશે.

❑ મંત્રીઓ

# ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત 'સમુદ્રવહાણ સંવાદ'

□ ડૉ. કનુભાઈ જાની

છેલ્લા પાંચસો વર્ષના આપણા સામાજિક નવોત્થાનના ત્રણ જૈન વણિક ભાગીરથો યાદ આવે છે. આપણે સૌ ગુર્જર ભારતીઓ આ ત્રણ જૈનોના વારસદારો છીએ - જે ત્રણેય ભારતીય જીવનને નવપલ્લવિત કરવા મથ્યાં હતાં. એક હેમચંદ્રાચાર્ય (બીજા પાણિનિ); બીજા ઉપાધ્યાય યશોવિજયજી (બીજા શંકરાચાર્ય); અને ત્રીજાં મહાત્મા ગાંધીજી (બીજા ક્રાઈસ્ટ) એમની શબ્દ ગંગામાં જૈન- અજૈનના દ્વંદ્વો શમે છે, ને પરમ ભારતીયતા એના શુદ્ધ રૂપે પ્રગટે છે. ત્રણેય અધ્યાત્મરાગી, ત્રણેય તત્ત્વદર્શી, ત્રણેય સમગ્ર સમાજના હિતૈષી. ત્રણેય પોતાની પહેલાંની સમગ્ર ભારતીય ચિંતનસામગ્રીને ઉથલાવી જઈ, નવદર્શનો બાંધનાર, ત્રણેય વ્યુત્પન્ન પંડિતો, છતાં એમની વ્યુત્પત્તિને જનસામાન્ય માટે શબ્દો દ્વારા સરળતાથી વહાવનાર. ત્રણેય ધર્મપરસ્ત છતાં સમ્પ્રદાય મુક્ત. દંભ, દુરાચાર, બાહ્યાચાર પર યશોવિજયજીના પ્રહારો અખાની યાદ આપે એવા છેઃ

"નિજ ગુણ સંચે, મન નવિ ખંચે, ગ્રન્થ ભણિ જન વંચે,
લુંચે કેશ ન મુંચે માયા, તે ન રહે વ્રત પંચે."

* * *

"જો કષ્ટે મુનિ મારગ પાવે, બળદ થાય તો સારો;
ભાર વહે જે તાવડે ભમતો, ખમતો ગાઢ પ્રહારો."

આ ત્રણમાંથી યશોવિજયજીને જાણવા આપણે મોડાં પડ્યાં છીએ. પણ જાગ્યા ત્યારથી જાણવું ભલું. પણ જાણ્યાં વિનાનું સ્મરણ પણ અશક્ય, એટલે જાણવું જરૂરી.હવે એમના વિષેની સામગ્રી ઉપલબ્ધ થતી જાય છે.

આમ તો યશોવિજયજી નામના ચારેક મધ્યકાલિન કવિઓ વિશેની નોંધ ગુજરાતી સાહિત્યકોશ(પૃ. ૩૩૨-૩)માં છે. એમાંથી ત્રણ તો સત્તરમી સદીના છે. એમાથી જેમને વિશે અહીં વાત કરીએ છીએ તે યશોવિજય વિકલ્પે જશવિજય તે તપગચ્છના સાધુ. ઉત્તર ગુજરાતના કનોડાના વતની. મૂળે વણિક, પિતા નારાયણ, માતા સોભાગદે, ગુરુ હીરવિજયજીની પરંપરાના નયવિજયજી પાસે પાટણમાં પોતાના નાના ભાઈ પદ્મસિંહની સાથે દીક્ષા લીધેલી. નાનાભાઈ કહેવાયા પદ્મવિજય જ્યારે મોટાભાઈનું પૂર્વાશ્રમનું જ જસવંત નામ પછી થોડાક ફેરફાર સાથે જળવાયું છે યશોવિજયજી રૂપે. એમને વિષે બે સમગ્રદર્શી અભ્યાસાત્મક પરિચયો મળે છેઃ ૧. ગુજરાતી સાહિત્યકોશમાં ડૉ. રમણ સોનીનો અને ૨. યશોવિજયજી કૃત 'જમ્બૂસ્વામી રાસ'ના અભ્યાસયુક્ત સંપાદનની પ્રસ્તાવનામાં ડૉ. રમણલાલ શાહનો. એના મૂલાધાર તરીકે કવિની કૃતિઓ અને તે પરના વિદ્વાનોના અભ્યાસો ઉપરાંત બે મહત્ત્વનાં સાધનો : (૧) ૧૯૨૧ની આસપાસ મુનિ શ્રી પુણ્યવિજયજીને કારણે પ્રાપ્ત થયેલ યશોવિજયજીના સમકાલીન કાન્તિવિજયજી કૃત 'સુજસવેલી ભાસ' નામે યશોચરિત્ર અને (૨) યશોવિજયજીના ગુરુએ પોતે જ શિષ્યને માટે દોરેલ મેરુપર્વતમાંની સં. ૧૬૬૩ની (એટલે કે ઈ. સ. ૧૬૦૭ની) પુષ્પિકામાંની વિગત. એમાં યશોવિજયજીને 'ગણિ' કહીને ઓળખાવાયા છે. આ બીજાને શ્રદ્ધેય માનીએ તો આયુષ્ય થાય સોએક વર્ષનું; જ્યારે સુજસવેલી ભાસ પ્રમાણે જન્મસાલ ૧૬૨૩ કે '૨૪ માનતાં આયુષ્ય ૬૪-૬૫નું. ભાસ પ્રમાણે જન્મસાલ ૧૬૨૩-૨૪, જ્યારે ચિત્રપટ પ્રમાણે ૧૬૦૭. એટલે આ અંગે વધુ ભાળ ન મળે ત્યાં સુધી કોઈ નિર્ણય ન બાંધવાની ડૉ. રમણભાઈ શાહની સલાહ જ ઉચિત છે.

પણ એમના જીવનની કેટલીક શ્રદ્ધેય વિગતો પરથી જીવનચિત્ર બંધાય છે.

(૧) આઠ વર્ષની વયે (ભાસ પ્રમાણે ઈ.સ. ૧૬૩૨માં દીક્ષા લીધી. એ બાબતમાં એક એવી દંતકથા છે કે, નાનપણથી જ એમની સ્મરણશક્તિ અદ્દભૂત. માતાને ઉપશ્રયે જઈ, 'ભક્તામર સ્તોત્ર' સાંભળ્યા પછી જ જમવાનું વ્રત. એમાં એક ચોમાસે સતત ત્રણચાર દિવસ વરસાદ એવો ત્રાટક્યો કે ઉપવાસ થયા. પુત્રે કારણ જાણ્યું કે ફટફટ સ્તોત્ર બોલી ગયો. રોજ મા સાથે ઉપાશ્રયે જતાં, બાળકના મન પર સ્તોત્ર એવું કોતરાઈ ગયેલું. એવી સ્મરણશક્તિ, એવી માતૃભક્તિ, એવા ધર્મપ્રીતિ સંસ્કાર. પછી ગુરુની સાથે અગિયાર-બાર વર્ષનો વિહાર. મધ્યકાળના-ને છેક વીસમી સદીના બેએક દાયકા સુધીના ભારતવાસીના જીવનમાં સ્થળાંતરોને બહુ અવકાશ નહોતો, તેથી એમનું ચરિત્ર જો લખાય તો, ગણતરીનાં સ્થળો અને પ્રસંગોનું કાળક્રમિક આલેખન સરળ રહેતું. મુનિઓની બાબતમાં-એમના ચરિત્રની બાબતમાં આથી તદ્દન ભિન્ન સ્થિતિ રહેતી. સ્થળાંતરનાં સાધનોનો તો અહીં સવાલ જ નથી, સતત વિહાર થતો રહેતો, એ કારણે કેટલું ક્યાં રહ્યાં તેની ક્રમબદ્ધ માહિતી ભાગ્યે જ મળે;-કૃતિઓ દ્વારા જે મળે તે જ.

બીજું વિહાર પણ અત્યંત મુશ્કેલ, માર્ગો આજ જેવા નહીં, એટલે વિહાર વિકટ, ધીમો. પરિણામે જે જે પ્રદેશમાંથી પસાર થવું પડે તે તે પ્રદેશની ભાષાનો સંપર્ક થાય જ થાય. દયારામ જેવા અનેક ભાષાભાષી બની જાય એ ઘણાખરા વિહારીઓ માટે સરળ હતું. અહીં યશોવિજયજી બેય અર્થમાં ચતુર્ભાષી હતા તેમાં આશ્ચર્ય નથી. સંસ્કૃત પ્રાકૃત, હિન્દી ને ગુજરાતી ચારેય ભાષામાં પ્રવીણ. પણ એમ... પ્રતિભાનો વિશેષ તે ગદ્ય-પદ્ય બેઉમાં સહજ વિચરણ, પ્રગલ્ભ પાંડિત્ય અને અધ્યાત્મ-તર્કમાં પ્રાવીણ્ય છતાં સરળ-સહજ શબ્દલીલા, સામાન્યજનને પણ સમજાય તેવી સરળ અભિવ્યક્તિ. બહુભાષીતાએ તે કાળની અનિવાર્યતા જ નહીં, સહજ સમ્પ્રાપ્તિ હતી. અલબત્ત સંસ્કૃત-પ્રાકૃત એ એમણે સ્વાધ્યાયથી મેળવેલી ભાષાઓ હતી. એટલે એમની કૃતિઓમાં પણ એમની આ અનેક ભાષાઓની રંગછાયાની લીલા જોવા મળે છે.

(૨) દિક્ષા પછી અગિયાર-બાર વર્ષનો વિહાર કરતાં કરતાં એ અમદાવાદ આવ્યા. ઇ. સ. ૧૬૪૩માં. ત્યાં તેમની અષ્ટાવધાનશક્તિ જોઇને એક શ્રેષ્ઠિ ધનજી સૂરાએ એમને, ષડ્દર્શનોના અભ્યાસ- અર્થે કાશી મોકલવાની બધી આર્થિક જવાબદારી ઉપાડી. મોકલ્યા. સેંકડો શિષ્યોવાળું બહોળું શિષ્યકુળ ધરાવતાં આચાર્ય ભટ્ટાચાર્ય પાસે એમણે ત્રણ વર્ષ રહીને ન્યાય, મીમાંસા, સાંખ્ય-વૈશષિક આદિ દર્શનો વગેરેનો અભ્યાસ કર્યો. 'ન્યાય વિશારદ'ની ઉપાધિ મેળવી : 'ભાસ'માં કહે છે તેમ

"તીન વરસ લગી પાઠ કરેં, અતિ અભ્યાસી હો લાલ !" ('ભાસઃ'૨-૬-૩)

'જમ્બૂસ્વામી રાસ'ને પ્રારંભે કહે છે તેમ રોજ ગંગાને કિનારે શારદાનો જપ જપતા એ સ્વાધ્યાયરત સાધુને શારદા ત્યારે ને ત્યાં જ જાણે ફળ્યાં. એટલે પોતાના ગ્રંથોને આરંભે એ મોટે ભાગે ઐં એ બીજાક્ષર મંત્ર મૂકતા. એ શારદાએ ખુદ, તુષ્ટ થઇ, ગંગાતટે પ્રગટીને આપ્યાની કિંવદન્તિ છે.

'સારદ સાર દયા કરો, આપો વચન સુરંગ;
તૂં તૂઠીમુજ ઉપરિં, જાપ કરત ઉપગંગ.
તર્કકાવ્યનો તઈં તદા, દીધો વર અભિરામ,
ભાષા પણ કરિ કલ્પતરુ-શાખા સમ પરિણામ.'

'ભાસ' પ્રમાણે ઓગણિસનો અમદાવાદનો અષ્ટાવધાની બાવીસેકની વયે કાશીનો 'ન્યાય વિશારદ' બને છે. પછી આગ્રા જાય છે.

(૩) કાશીથી આગ્રા જઇ ત્યાં ચારેક વર્ષ રહી તર્કશાસ્ત્રનો અભ્યાસ કર્યો. 'તર્કશિરોમણી'ની ઉપાધિ પામ્યા. 'ભાસ' પ્રમાણે ગણતાં ત્યારે ઉંમર પચ્ચીસેકની હોય. સાલ ૧૬૫૦ પછીના દસ-અગિયાર વર્ષમાં કોઇ મહત્ત્વની ઘટના અંગે જાણવા નથી મળતું.

(૪) ઇ. સ. ૧૬૬૦-૬૧માં સૌરાષ્ટ્રમાં વિહાર કરતા હશે કારણકે સં. ૧૭૧૭માં (સં. ૧૬૬૦-૬૧)માં ઘોઘા બંદરે હતા ત્યારે 'સમુદ્રહાણ' સંવાદ રચાયાનો ઉલ્લેખ મળે છે.

(૫) ઇ. સ. ૧૬૬૨માં આડત્રીસેક વર્ષની વયે અમદાવાદમાં આવ્યા. મહોબતખાન સૂબાના દરબારમાં અઢાર અવધાનનો પ્રયોગ કર્યો અને વિજયદેવસૂરિની અધ્યક્ષતામાં 'ઉપાધ્યાય' પદ પામ્યા ત્યારે ('ભાસ' પ્રમાણે) ઉંમર આડત્રીસેકની હોય.

(૬) ૧૬૬૩ થી ૧૬૮૭ (એટલે કે ૩૯ની ઉંમરથી ૬૪ની ઉંમર સુધીની) કૃતીતર કોઇ પ્રસંગગત માહિતી મળતી નથી. ૧૬૮૭માં ચોમાસામાં ડભોઇમાં અનશનથી તેઓ કાળધર્મ પામ્યા. તે પહેલા ૧૬૮૩માં એમની સાહિત્યિક ગુણે ઓપતી પક્વશૈલીની કથા મળી 'જમ્બૂસ્વામી રાસ.'

આટલી શ્રદ્ધેય કાળક્રમિક માહિતી મળે છે. આ ઉપરાંત મહત્ત્વની ઘટના તે આનન્દઘનજી સાથેનો એમનો મેળાપ. એ મિલનને એમણે મોકળા મને ને મસ્તીથી ગાયું છે. જીવનનાં છેલ્લાં વર્ષમાં, એમની અપૂર્ણ રહેલી છેલ્લી કૃતિ (શ્રીપાળરાસ)ના છેલ્લાં ઢાળમાં પ્રત્યક્ષ અનુભૂતિનો આનંદ છલકાય છેઃ

"માહરે તો ગુરુચરણપસાયે
અનુભવ દિલમાંહિ પેઠો
ઋદ્ધિવૃદ્ધિ પ્રગટી ઘટમાંહે
આતમરતિ હુઇ બેઠો રે
મુઝ સાહિબ જગનો તૂઠો."

ખંભાતમાં પ્રવચન દરમિયાન આવી ચડેલા એક વૃદ્ધ બ્રાહ્મણને ઓળખી જઇ, 'આ તો મારા ગુરુ' કહી, એમનું કેવું બહુમાન કરેલું તે સજ્ઝાય સાભળવા ઉત્સુકને કહેવું પડ્યું 'સજ્ઝાય કંઠસ્થ નથી' ત્યારે એણે સંભળાવ્યું, 'તો કાશીમાં શું બાર વરસ પુળા બાંધ્યા' તા ?' તે એવું કહ્યું કે બીજે જ દિવસે એને એક લાંબી સજ્ઝાય સંભળાવવા બેઠા, ને પેલાથી જ્યારે બોલાઇ ગયું કે 'હજી કેટલી બાકી છે ?' ત્યારે હસીને કહે ' બાર વરસ ઘાસ કાપ્યું તેના આજે પુળા બંધાય છે.' તે, આવી આવી દંતકથાઓ પણ એમને વિશે છે. એમણે ગુજરાતીમાં રચેલાં ગ્રંથો પણ હજી અભ્યાસવા બાકી છે. પ્રેમાનંદના સમકાલીન આ સાહિત્યકારના પોતાના હસ્તાક્ષર એમની અનેક હસ્તપ્રતોમાં મળે છે; એ કારણે એ જમાનામાં ગુજરાતી કેમ લખાતું તેનો સારો ખ્યાલ એ આપે છે, એમની કૃતિઓમાંથી અહીં "સમુદ્રવહાણ સંવાદ" આસ્વાદર્થે લીધી છે.

કૃતિ ઠીકઠીક લાંબી છે, છતાં રસ જળવાઇ રહે છે તેમાં એમની તર્કકુશળતા ને કાવ્યકુશળતા બન્ને કામ લાગે છે. યોજના એવી છે કે પહેલા દુહા આવે પછી ઢાળ, પછી દુહા પછી ઢાળ-એમ કુલ સત્તર ખંડો છે. અપવાદે છેલ્લા દુહાને સ્થાને છે ચોપાઇ. કાવ્યસંગ્રહની ૭૦૦ પંક્તિઓ છે; દુહા-ચોપાઇ ૮૯ છે. કાવ્ય રૂપકાત્મક છે, -અન્યોક્તિ પણ બને છે. મૂળ વિવાદ ભલે સાગર અને વહાણ વચ્ચે હોય એ છે માણસોને માટે. દુહા સંખ્યાને ઢાળમાંથી કડીઓની સંખ્યા નિશ્ચિત નથી, પ્રસંગાનુસાર વધતી- ઓછી છે. ઢાળમાં આરંભે કેમ ગાવું તેના જ ઇશારા-નિર્દેશો છે તે આજે ભલે આપણાં માટે તુંબડીમાં કાંકરા, પણ ત્યારના લોકપ્રચલિત ગીતોના ફોસિલર છે-બચેલા ચિહ્નો ! એનો અલગ અભ્યાસ, કોઇ સંગીતજ્ઞ-ગીતપ્રેમી વિદ્વાન કરે તો રસિક બને એમ હું ધારું છું.

દુહાના બંધ પર કવિનો સારો કાબૂ છે. હેમચંદ્રાચાર્ય પહેલાંનું લોકમુક્તક; ઉપદેશને ચિંતન બન્ને માટે ઉપયોગી. અહીં, કથન, વર્ણન માટે પણ પ્રયોજાય છે. પાત્રને પ્રસંગના મુખમાં રહ્યે છતાં એ મુક્ત રહીને સૌને કામનુંયે બને છે. દા. ત. સાગર વહાણને કહે છે કે તું પારકી પંચાત કેમ કરે છે ? એનો દુહો જુઓઃ

આપકાજ વિણ જે કરે, મુખરી પરની તાતિ;
પર અવગુણ-વ્યસને હુએ, તે દુઃખીઆ દિનરાતિ.

દેશીઓમાં લોકપ્રચલિત ગીતો ઉપરાંત સુત્રેય માત્રામેળ છંદો પણ છે. દા. ત. ઢાલ ૧૧માં સવૈયા છે. એ વીરરસાનુકુળ, નાટ્યાત્મકતાવાળો, રણહાંક જેવો અહીં બની જાય છે. સાગર વહાણને કહે છે કે હવે જો બોલ્યો તો મારા પવનને છૂટો મૂકીશ, પર્વતવિદારક ભમરીઓ છૂટ્ટી મૂકીશ, મારી તળેના શેષશૈય્યાનો નાગ છૂટ્ટો મૂકીશ :

પવન ઝકોલે દિએ જલભમરી, માનું મદ-મદિરાની ઘુમરીં,
તેહમાં શૈલશિખર પણિ ત્રુટે, હરિ શય્યા ફણિબંધ વિછૂટે. ( ઢાલ ૧૧, કડી ૭)

દસમાં ઢાળમાં જે ઝુલણા પ્રયોજ્યા, છે તેય સબળ ઉક્તિ માટે ! નરસિંહમાં જે પ્રભાતિયું છે તે અહીં દાહક ઉબાડિયું છે ! લોકપરંપરાઓમાં, ચારણપરંપરામાં આવું જોવા મળે છે !

ચોરે કરિ સોર મલબારિયા ધારિયા,
ભારિયા ક્રોધ આવે હંકાર્યા;
ભૂત અવધૂત યમદૂત જિમ ભયકરા
અંજના-પૂત નૂતન વકાર્યા. (૧૦,૩)

ઢાળ સાતમામાંનું હરિગીત જુઓ :

જલધાર વરસે તેણી સઘળી હોઇ નવ-પલ્લવ મહીં;
સર કૂપ વાવિ ભરાઇ ચિહું દિશિ, નીઝરણ ચાલે વહી;
મુદ-મુદિત લોકા ગલિત શોકા કેકિ કેકારવ કરે;
જલધાન સંપતિ હોઇ બહુલી, કામ જગજનના સરે. (૭,૧)

આમ ઢાળમાં બધે જ વૈવિધ્ય એવું છે કે આખીય કૃતિ વચમાં વચમાં દુહાવાળી ગીતોની માળા જેવી બની રહે છે.

મધ્યકાળમાં આ જાતના સંવાદો ઘણા છે. એમાં 'રાવણ મંદોદરી' જેવા પૌરાણિક પાત્ર પ્રસંગોવાળા સંવાદો, વડછડ વગેરે છે; તો કેવળ ભાવોના રૂપકવાળાં કે અન્યોક્તિ પ્રકારના પણ છેઃ સમયસુંદરકૃત 'દાનશીલ-તપભાવના સંવાદ (૧૬૦૬) સુધિનહર્ષકૃત 'મોતી કપાસિયા સંવાદ' (૧૬૩૩) ઉદયવિજયકૃત 'સમુદ્રકલશ સંવાદ' વગેરે પરંપરાની રચનાઓમાં આ કૃતિ કાવ્યગુણે જુદી તરી આવે એવી છે.

ઉપાડ એકાએક થાય છે. નમન કરીને તરત કાવ્યપ્રયોજનનો નિર્દેશ કરે છે. કૃતિ શા માટે છે ? તો આરંભે તો આટલું જ કહ્યું છેઃ

કરસ્યું કૌતુક કારણે વહાણ-સમુદ્ર વૃત્તાંત.

બસ, મોજ માટે આ વાત માંડી છે. કોને માટે ને શો બોધ ?

મોટા નાનાં સાભળો મત કરો કોઇ ગુમાન...પણ શું થયું ? ઘોઘા બંદરેથી એકવાર વહાણ ઉપડ્યાં. સઢ તાણ્યા, તૂરી બજી, નાળિયેર વધેરાયાં, આવજો-આવજો-ને લાવજો લાવજો થયું. ને વહાણો ઉપડ્યાં. જાણે પાંખળા પર્વતો, જાણે હાલતાં ચાલતાં નગરો. હલેસાને પાણી બંને એકબીજાને મદદ કરવા લાગ્યા :

સાહ્ય દિએ જિમ સજ્જન, તિમ બેહુ મિલે રે !

પણ જેવાં એ મધદરિયે પહોંચ્યાં કે સાગર ઉછળવા લાગ્યો. ધમપછાડા કરવા લાગ્યો. ગરજવા લાગ્યો. એ જોઇને એક વહાણથી ન રહેવાયું. કહે ભાઇ વૃથા આ કકળાટ શો ? લવારો શો ? ગર્વ શો ? તો સાગર કહે તારે પારકી પંચાત શી ? વહાણ અને સાગર વચ્ચે એમ વાદ ચાલ્યો. સાગર કહે, મારે ગર્વ કરવા જેવું ઘણું છે. મારા દ્વીપોને એની સમૃદ્ધિ જો. રાજા રાવણને મારા કારણે સોનાની લંકા થઈ એ યાદ રાખ પેલો ઇન્દ્ર બધા પર્વતોની પાંખો કાપવા આવ્યો ત્યારે પેલા મોનાર્ક પર્વતને મેં આશરો આપ્યો'તો. હું ખુદ વિષ્ણુની શૈય્યા, ને તું હળવો-ફૂંક માર્યો ઊડી જાયઃ એટલે જ આમ હલકટ વાણી વદે છે :

વહાણ કહે : તેં સજ્જનોને મૂકીને દુર્જનોનો સંગ કર્યો, રાવણનો !

હલુઆ પિણ અમ્હે તારુજી, સાયર સાંભળો.
બહુજનને પાર ઉતારુજી, સાયર સાંભળો.

હું નાનો; પણ મોટા તો ઉકરડાય હોય છે. હીરો નાનો, પણ સૌને જોઇએ. દીવો ન્હાનો, અંધારું નાસે, ચંદ્ર નાનો કાળી રાત ઊજળી થાય, આંખ મોટી છે પણ કીકી નાની છે.- આ દ્રષ્ટાન્તોની હારમાળા

જેવો અત્યંત મીઠો ઢાળ-ત્રીજો આખોય સરસ ઉપમાઓ અને ગેયતાથી આ કાવ્યનો એક ઉત્તમ ખંડ છે. કવિની કલ્પના ક્યાં ક્યાં પહોંચે છે !

નાને અક્ષરે ગ્રંથ લિખાએજી, સાયર સાંભળો,
તેહનો અર્થ તે મોટો થાએજી, સાયર સાંભળો ! (૩,૭)

વળી અહીં નાના-મોટાની તુલના જ નકામી છે. એ હઠ ખોટી. વાત મુદ્દાની તો સાર-અસારની કહેવાય :

મોટા નાનાનો સ્યો વહરો જી ? સાયર
ઈહાં સાર-અસારનો વહરો જી ! સાયર

તમે રાવણનો પક્ષ લઈને નીતિને છોડી. ચોરને પક્ષે ગયા. માટે જ રામે તમને બાંધ્યા. ને તમે પેલા દ્વીપાદિકની સમૃદ્ધિની વાત કરી, તો એ સમૃદ્ધિ કોને કારણે ? એ તો દ્વિપનો ગુણ તમારો નહિ. દલીલ સાંભળીને સાગર ગર્જ્યો. લ્યા તું તો લાકડું તને કીડા કોરી ખાય. તારું કુળ જ એવું. જ્યારે મારું ? વહાણ કહે મારું કુળ તો સુરતરુનું ને વળી કુળગર્વ શો કરવો ? એ ચોથી ઢાળ પણ અત્યંત સુંદર છે, બોધક છે. પણ બોધ સીધો નથી; વળી કાવ્યરસ અક્ષુણ્ણ રહે છે. કુળ નહિ, ગુણ જ મુખ્ય વાત. એ વાત વહાણ અનેક દ્રટાંતોથી કહે છે. સાગરને કહે છે તમે રત્નાકર છો એમ કહો છો પણ તમે ક્યાં કોઈને રત્ન જાતે આપો છો. બીચારાં ડંહોળીને-આંબીને લઈ જાય છે. તમે તો લાકડું-તણખલાં તરાવો,ને રત્નોને તળિયે સંતાડો છો ! કવિ સંસ્કૃતના પંડિત છે. પ્રચલિત સંસ્કૃત સુભાષિતોનેય ગુજરાતીમાં વણી લે છે. સંસ્કૃતમાં છે.

अधः करोषि रत्नानि मूर्ध्नाधारयसे तृणम् ।
दोषस्तवैव जलधे रत्न रत्नं तृणम् तृणम् ॥

તમે તો રત્નોને કાંકરા ભેગા રાખો છો !

સાગરની દલીલ તૂટી ! ખિજાયો. કહેઃ લ્યા, મારાથી તો જગનો વેપાર ચાલે છે ને તારો ખેલ પણ ! ને મારું પાણી કોઈ દિ' ખૂટ્યું છે ? મારું ધન અખૂટ છે. વહાણ કહે ધનનો વળી માંડી બેઠા ગર્વ !

પણ તમારાં પાણી કોને કામનાં ? નાનું ઝરણુંય કામ આવે પણ તમે ?

સાગર કહે : પણ બધી નદીઓનાં પવિત્ર જળ મારામાં ઠલવાય છે. હું તીરથ !

વહાણ કહે : તીરથ એટલે ત્રીહું અર્થ : ત્રણ અર્થ સારે તે ' તીરથ' ક્યા ક્યા ?

ટાલે દાહ તૃષા હરે, મલ ગાલે જે સોઈ
ત્રિહું અર્થે તીરથ કહ્યું, તે તુજમાં નહિ કોઈ

અહીં બુદ્ધિચાતુર્ય છે. 'તીરથ' શબ્દને લઈને વ્યુત્પત્તિચાતુર્ય કરી છે. હજી વહાણ જળવાળી વાત છોડતો નથી . કહે છે : આ મેઘ કોનું જળ લે છે ? એના જળથી તો પૃથ્વી પાંગરે છે.આ

વહાણ કહે છે : તું આપતો નથી, એ તો ગર્જીને આવીને, ડરાવીને તારું પાણી લઈ જાય છે; તું જાતે આપતો નથી. સાચું પાણી જ જીવન કહેવાય, બાકી તું તો ખાર ! તું પડ્યે બધું બળે-પલ્લવે નહિ. એય પાણી ને તુંય પાણી, એ સરખામણી પણ છેતરકણી છે. એક ચિંતામણીને બીજો કાંકરો. એક એરંડોને બીજો સુરતરુ એમ દ્રષ્ટાન્તમાળા ચાલે છે! વહાણ કહે છે કે અમે તરીએ છીએ તે તો અમારે ગુણે, તું તો ડુબાડવા મથ્યાં જ કરે છે.

સિંધુ કહે છે, 'તું ગુણજ્ઞ જ નથી. તું હજી મને ઓળખતો નથી. આ ચાંદો-મારો પુત્ર. (સમુદ્રમંથનમાંથી નીકળેલો.)એ કેવો બધે શિતળતા ફેલાવે છે. એના ઉત્તરમાં વહાણ કહે છે : પણ તારાથી એ ભડકીને ભાગે છે કેમ જાણે છે.? અહીં કવિ ભરતીને ખ્યાલમાં રાખીને સરસ કલ્પના કરે છે. કહે છે. વહાણ સમુદ્રને કે આ ચાંદની તારા પુત્રની દુહિતા એનો સંગ કરવા તું ધમપછાડા કરે છે એ જોઈને એ ભાગે છે. તપસ્યા કરે છે વળી પુત્રના ગુણ બાપને શા કામના ?

સત્રા સણાની જાતિનો, ગુણ ના' વે પરકાજ.
કોઈ એકના ગુણ કોઈ બીજાને કામ ન આવે.
ત્યાં દુહો છે :
નિજ ગુણ હોય તો ગાજીએ, પરગુણ સવિ અકપત્થ;
જિમ વિદ્યા પુસ્તક રહી, જિમ વલિ ધન પરહત્થ

સાગર કહે, તું તો દુધમાંથી પોરાં કાઢે છે ! ફરીથી કહે છે કે બધામાં નીર સૂકાય છે મારાં નહિ. હવે જાણે દલીલો ખૂટી છે ! ત્યારે વહાણ ચકોર ને દલીલ સમૃદ્ધ છે, કહે છેઃ તું ભૂલી ગયો. પેલા ઘડામાં જન્મેલ ઋષિએ હથેળીનું ચાંગળું કરીને તને શોષી લીધો હતો એ ! ને આટઆટલી નદીઓ તારામાં આવે છે તોય તું ભૂખાળવો ને ભૂખાળવો! તું કહીશ કે તું મર્યાદા લોપતો નથી, તો મારે કહેવાનું કે એ તો ચારે બાજુથી કિનારાની જે ઝપાટો વાગે છે ને તેને કારણે તું પાછો પડે છે. કિનારા ભાંગવા તો મથ્યાં જ કરે છે ! આમ આ બન્ને વચ્ચેની દલીલ નવ ઢાળ સુધી અખંડ ચાલે છે.

ત્યાંથી પલટો આવે છે. સાગર હવે ધમકી આપે છે. શરણે આવવા કહે છે (ઢાળ ૧૦) ત્યારે ઝુલણામાં વહાણ કહે છેઃ

વહાણ કહે 'શરણજગિ ધર્મવિણ કો નહિ,
તું શરણ સિંધુ ! મુજ કેણિ ભાંતિ ?...(૧૦/૧)

તું તો ધાડા ને ધાડા લૂટારાના મારા પર હવે છૂટા મૂકે છે ! તારા મોજાંનું સૈન્ય મને પૂરો કરવા મથે છે.' એનું વર્ણન પણ સરસ છે. યુદ્ધ જાણે મચ્યું છે ! વહાણ અને મોજાં વચ્ચેનું સમુદ્રે મચેલ તોફાનમાં સપડાયેલા વહાણોનું આ ચિત્ર અત્યંત આબેહુબ થયું છે :

ભંડ બ્રહ્માંડ શતખંડ જે કરી સકે,
ઊછલે તેહળ નાલિ-ગોળા;
વરસતા અગન રણ-મગન રોસે ભર્યા;
માનું એ યમતણા નયન-ડોલા. (૧૦/૯)

વહાણ કહે છે આવે વખતે તું નહિ, ધર્મ જ બચાવે છે. તું તો તમાશો જુએ છે !

સાગર કહે છે : કે એ તને તારા પાપની જ સજા મળે છે. તેં તારી જાતના ખીલા ઠોક્યા છે, જાતને દોરડે બાંધી છે. તારા પેટમાં ધૂળને પથરા ભર્યા છે. (કેવી સરસ કલ્પના-કેવી સ્વભાવોક્તિ ને કેવી અન્યોક્તિ પણ !)

વહાણ કહે છે કે મારે તો પગ વચ્ચે જ અગ્નિ છે (વડવાનળ) મેરુમંથન વખતે તને તો વલોવી નાખ્યો હતો, રામે તને બાળ્યો, પાતાળમાં પેસાડી દીધો હતો. એ તો પવને તને બહાર કાઢ્યો. તારે મોઢે તો જો હજીએ એના ફીણ વળે છે !

હવે સાગરને ક્રોધ ચડે છે, કહે છે :'તું માઝા મૂકે છે. મોટાની સાથે વાદ ન હોય. મારી ભમરીમાં તું ક્યાંય તણાઈ જશે, રહેવા દે ! દલીલો ખૂટે ત્યારે ધમકી શરૂ થાય છે. ૧૦મી ઢાળથી એ મિજાજ આરંભાયો છે. વહાણ ડરતું નથી. પેલો જે કહે એનો તરત સામો ઉત્તર આપ્યા વિના રહેતું નથી. કહે છે :

સાયર ! સ્યૂં તું ઉછલે ? સું ફૂલે છે ફોક?
ગરવવચન હું નવી ખમું, દસ્યૂં ઉત્તર રોક.

તને રોકડો જવાબ દેવાનો જ. તેં તો વળી મારાં છિદ્રો જ જોયાં છે. મારું નાનું છિદ્ર હોય તો તું અનેક છિદ્ર પાડે છે ! પણ મને રક્ષનાર ધર્મ છે. તું વિચાર કે હું છું તો તારું મૂલ્ય છે, મને નિર્મૂળ કરીશ તો તારી પાસે પછી કાદવ જ રહેશે. હંસ વિના સરોવર ન શોભે, અલિ વિના પદ્મ, આંબો કોકિલ વિના...વગેરે જાણીતાં દ્રષ્ટાન્તો આપીને કહે છે કે જેમ રાજા પ્રજા બન્ને મળીને ચાલે તો સુખ બંનેને મળે-એમ આપણે બેય સાથે હોઈએ તો તું શોભે. પ્રજા વિનાનો રાજા એકલો છત્ર ચામર લઈને નીકળે તો કેવો વરવો લાગે ! વિનોક્તિઓ પાછી ચાલે છે. આ ભાગમાં જરા લંબાણ વધુ થયું છે. કેટલીક પુનરુક્તિઓ પણ છે.

ત્રીજો વળાંક હવે ઢાળ ૧૩થી આવે છે. સાગર કોપે છે. એનું વર્ણન ૧૩મી ઢાળમાં છે-પણ અહીંનાં બધાં જ વર્ણનો સંવાદે ગૂંથાઈને કાવ્યપ્રસંગમાં એકાકાર થઈને આવે છે, અલગ પડી જતાં નથી.

વહાણને ધરાર બોલતું જોઈ કોપેલ સાગર જ્યારે હુમલો કરે છે. ત્યારે ચૌદમી ઢાળના આરંભના દુહામાં છેક સાગરપુત્ર વચમાં પડે છે. એ આ કાવ્યનું ત્રીજું પાત્ર છે. અહીં છેક અંતભાગે પ્રવેશે છે ને વહાણને કહે છે કે નમી પડ, આ સાગર તો સાહેબ છે, તારા માલિક છે.

ત્યારે પંદરમી ઢાળમાં વહાણ એનેય જવાબ આપે છેઃ વહાણનો જવાબ એક જ છે. એ માલિક નથી, સાહેબ તો પાર્શ્વ, સાહેબ તો પ્રભુ

પોતે, એ જ રત્ન એ મૂકીને કાંકરો કોણ ઝાલે ? મારા મનમાં પ્રભુ છે, પછી મને શો ભો (ભય) ?

આવી નિષ્ઠા, આવી દ્રઢ ધર્મમતિ જોઇને દેવો ત્રૂઠ્યા. દેવવાણી થઇઃ "તું ધન્ય છે. તને વૈભવની પડી નથી, ધર્મની પડી છે. સુખ દુઃખ બન્નેમાં તું સમાનભાવે રહે છે:

હરખ નહીં વૈભવ લહે સંકટિ દુઃખ ન લગાર,
રણસંગ્રામે ધીર જે, તે વિરલા સંસાર !

ને છેલ્લી બે ઢાળમાં કાવ્ય સમેટાઇ જાય છે. વેપારીઓ પોતાના નિયત બંદરે વેપાર કેવો કરે છે ને શું શું કરે છે અને શું શું કેમ વેંચે છે એની વાત ઢાલ ૧૬માં છે તો ૧૭મીમાં પાછા હીરચીર કરિયાણા લઇને ઘોઘા બંદરે આવી પહોંચે છે, સ્વજનો મછવામાં બેસી સામા લેવા આવે છે, એ વિગત છે. એમાં તે કાળનું હુબહુ ચિત્ર મળે છે. આમ

એ ઉપદેશ રચ્યો ભલો હો, ગર્વ ત્યાગ હિત કાજ.

ઉદ્દેશ તો સ્પષ્ટ હતો, પણ વચમાં જણાવા દીધો નહિ. વચમાં વચમાં વહાણ કે સાગરના મુખમાં બોધ આપ્યા કર્યો તે મુખ્ય પ્રસંગમાં ભળીને આવ્યો. દેવો સીધા આવ્યા–એ મધ્યકાળનું સમાજમાનસ જોતાં કઠે એવી વાત નથી, આમ જ થાય.

ઘોઘા બંદરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યો સુપ્રમાણ એમ કાવ્યરસિકોને પણ કહેવું પડે. કૃતિ દીર્ઘ છે છતાં એકંદરે રસ જળવાઇ રહે છે તે તર્ક-કુશળતાને કારણે. વાદી-પ્રતિવાદી બન્ને પક્ષે થતી દલીલો કવિ કલ્પતા જ જાય છે. જેમ જેમ કાવ્ય આગળ વધે છે તેમ તેમ બહુ સહજ રીતે એમ થતું જાય છે. એમની વાકપટુતાને વ્યુત્પત્તિ, કલ્પનાશક્તિને વર્ણન-કથન-હથોટી, બધું કામે લાગ્યું છે. ભાષા અલંકારમંડિત ખરી, પણ અલંકારપ્રચૂર નથી. એકંદરે સરળ ને રસાળ છે. ફરી વાંચવી ગમે એવી કૃતિ છે. આનું અલગ શાસ્ત્રીય સંપાદન થાય તે જરૂરી છે.

❑❑❑

# વર્ષ-શ્રેણી સંવત અને સંવત્સરી

❑ પ્રવીણચંદ્ર જી. રૂપારેલ

પવિત્ર પર્યુષણ પર્વના આખરી દિવસને આપણે સંવત્સરી કહીએ છીએ ને એ દિવસ આપણે ભારે ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક ઉજવીએ ીએ.

અત્યારના જમાનામાં -ને ખાસ તો અંગ્રેજો આવ્યા પછીની કેળવણી પામનાર લોકોમાં ઇસ્વીસન વર્ષ-શ્રેણી જ વધુ પરિચિત છે; આમ છતાં આપણા વેપારી વર્ગમાં ને સમાજમાં 'સંવત' વર્ષ-શ્રેણીનું મહત્ત્વ હજુ સારું એવું રહ્યું છે.આપણા તહેવારો, મંગલ પ્રસંગો, ધાર્મિક ને લગ્ન જેવા ધાર્મિક-સામાજિક પ્રસંગોમાં પણ હજુ 'સંવત'નું મહત્ત્વ જળવાતું રહ્યું છે.

**સંવત** : વ્યવહારમાં પ્રચલિત આ 'સંવત' નામે ઓળખાતી વર્ષ-શ્રેણીનું પૂરું નામ છે 'વિક્રમ સંવત;' કહેવાય છે કે આ શ્રેણી વિખ્યાત રાજા વિક્રમાદિત્યની સ્મૃતિમાં શરૂ થઈ છે (એક એવોયે મત છે કે આ વર્ષ-શ્રેણી રાજા વિક્રમાદિત્યે પોતે જ શરૂ કરી હતી)ને એટલે એ 'વિક્રમ સંવત'નામે ઓળખાય છે. જોકે વ્યવહારમાં આપણે એને માત્ર 'સંવત' એવા ટૂંકા નામે ઓળખીએ છીએ.

જૈન પદ્ધતિના પંચાંગ પ્રમાણે વર્ષ-શ્રેણી 'વીર સંવત'નામે ઓળખાય છે.

આમ અત્યારે ચાલતું વર્ષ 'વિક્રમ સંવત' પ્રમાણે ૨૦૪૮મું છે. જ્યારે વીર સંવત અનુસાર ૨૫૧૮મું છે. સામાન્ય રીતે વર્ષ, કાર્તિકમાસની સુદ એકમ(પડવા)થી શરૂ થઈ, આસો માસની વદ અમાસે પૂરું થતું ગણાય છે.

આ બધું ધ્યાનમાં લેતાં એટલું તો સહેજે તારવી લેવાય એવું છે કે 'સંવત' શબ્દ આપણે 'વર્ષ-શ્રેણી' એવા અર્થમાં વાપરીએ છીએ.

આ 'સંવત' શબ્દ જોડે 'સંવત્સરી' શબ્દનો કાંઈ સંબંધ ખરો?

**સંવત્સર** : 'સંવત' શબ્દ હકીકતમાં સંસ્કૃત 'સંવત્સર' શબ્દનું વ્યવહારમાં પ્રચલિત સંક્ષેપ રૂપ જ છે. વળી વિગતમાં ઊતરીએ તો આ 'સંવત્સર' શબ્દના મૂળમાં તો છે શબ્દ 'વત્સર!' આ 'વત્સર' એટલે 'વર્ષ;' આ પરથી 'સંવત્સર' એટલે આખું વર્ષ (ઋગ્વેદ, મહાભારત વગેરેમાં, આવા અર્થમાં 'વત્સર' શબ્દ પરથી બનેલો 'પરિવત્સર' શબ્દ વપરાયો છે, એ પણ અહીં નોંધવું જોઈએ.)

પછી વ્યવહારમાં આ સંવત્સર શબ્દનું જ ટૂંકું રૂપ 'સંવત' વર્ષના અર્થમાં વપરાતું થયું ને એટલે જ વર્ષ-શ્રેણીનાં 'વિક્રમ સંવત' કે 'વીર સંવત' નામોમાં આ 'સંવત' શબ્દમાં વર્ષનો અર્થ સમાયેલો છે.

વ્યવહારમાં વર્ષો સુધી – મોટે ભાગે – આ 'સંવત' શબ્દ 'વિક્રમ સંવત' જોડે સંકળાયેલો રહેતાં હવે આ માટે એકલાં 'સંવત' શબ્દથી ચલાવી લેવાયું છે. એટલે હવે માત્ર સંવત બોલાય કે લખાય ત્યારે મુખ્યત્વે એ 'વિક્રમ સંવત'નો અર્થ દર્શાવે છે.

આમ 'સંવત' શબ્દનું મૂળરૂપ છે 'સંવત્સર;' એટલે હવે દર વર્ષે ચોક્કસ દિવસે કે તિથિએ આવતા પ્રસંગ કે તહેવાર. આ 'સંવત્સર' શબ્દ પરથી 'સંવત્સરી' નામે ઓળખાય છે.

**વત્સર** : આ 'સંવત્સર' શબ્દના મૂળમાં રહેલા 'વત્સર'ની વિકાસયાત્રા પણ નોંધવા જેવી છે. પ્રાકૃત ભાષામાં આ 'વત્સર' શબ્દે 'વચ્છર' રૂપ ધારણ કર્યું છે. બંગાળી ભાષામાં વર્ષના અર્થમાં વપરાતા 'બોછોર' શબ્દના મૂળમાં આ પ્રાકૃત રૂપ જ છે. અસામી ભાષાએ આ પરથી 'બછર' રૂપ બનાવી લીધું છે.

મૃત્યુ પછી વરસ દહાડે થતી ક્રિયા (વરસી) પણ સંવત્સર પરથી 'સંવત્સરી' કહેવાઈ છે ને દર વર્ષે થતું શ્રાદ્ધ 'સાંવત્સરિક' શ્રાદ્ધ કહેવાય છે.

'વત્સર'નું પ્રાકૃતમાં જે રીતે 'વચ્છર' રૂપ થયું તે જ રીતે 'સંવત્સર'નું રૂપ 'સંવચ્છર' પણ થયું છે. આગળ વધતાં પછી આ 'સાંવત્સરિક' શબ્દનું પ્રાકૃતમાં 'સંવચ્છરિય' રૂપ બન્યું, જેણે આપણને પછી સમચરી, સમછરી ને છમછરી રૂપો આપ્યાં છે. આજે પ્રતિવર્ષ આવતી મૃત્યુ તિથિ તથા તે દિવસે થતી ક્રિયા માટે આ સમચરી કે સમછરી કે છમછરી રૂપ વપરાય છે. (પ્રદેશભેદે વાર્ષિક શ્રાધ્ધના આવા દિનને 'છમછર' પણ કહે છે જે હકીકતમાં 'સંવચ્છર' પરથી વિકસેલું રૂપ છે.) હવે આને માટે સુઘડ, સંસ્કારી લાગતો ને સુશિક્ષિત લોકોનો આદર પામતો 'સંવત્સરી' શબ્દ વપરાવા માંડયો છે.

પર્યુષણ પર્વનો આખરી દિવસ જે હવે શિક્ષિત સમાજમાં 'સંવત્સરી' નામે ઓળખાય છે તે હજુ યે આજે અલ્પશિક્ષિતો, અશિક્ષિતો ને જૂની પેઢીના વડીલ વર્ગમાં, ધ્વનિ પરિવર્તનની આવી જ પ્રક્રિયામાંથી પસાર થઈ 'છમછરી' રૂપે વપરાય છે, એય નોંધવું જોઈએ.

હકીકતમાં, આમ શબ્દાર્થમાં આ 'સંવત્સરી' શબ્દ કોઈ વિશેષ પ્રસંગ કે તહેવાર માટેનું નામ છે જ નહીં ! પણ ચોક્કસ સંદર્ભમાં વિશેષ પ્રસંગે જ ખાસ વપરાતા રહેતાં, ધીમે ધીમે એ (સંદર્ભ સહિત) વિશેષનામની જેમ વપરાવા માંડે છે. આપણે ત્યાં પવિત્ર પર્યુષણ પર્વના સંદર્ભમાં હવે એ ખાસ અર્થ દર્શાવતું વિશેષનામ બન્યું છે.

## સાભાર-સ્વીકાર

❑ **પતન અને પુનરુત્થાન ભાગ ૧ અને ૨** (સ્વ. પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી) ❖ પૃષ્ઠ ૭૬૬ ❖ મૂલ્ય બે ભાગના રૂા. ૧૦૦/- ❖ પ્રકાશક : શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ, ૫૬, બૅન્ક ઑફ ઈન્ડિયા બિલ્ડિંગ, ૧૮૫, શેખ મેમણ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

❑ **શ્રી રામકૃષ્ણ અને શ્રી વિવેકાનંદ** ❖ લે. જ્યોતિબહેન થાનકી ❖ પૃષ્ઠ ૧૨૦ ❖ મૂલ્ય રૂા. ૨૫/- ❖ પ્રકાશક : સરદાર પટેલ યુનિ., વલ્લભવિદ્યાનગર-૩૮૮ ૧૨૦.

# હઝરત મહંમદ પયગમ્બર અને ઈસ્લામ

□ ડૉ. સાવિત્રી વ્યાસ

મહંમદ સાહેબ આખા અરબસ્તાનના શાસક બની ગયા હતા. તેઓ એક વિશાળ રાજ્યના એક મોટી સંખ્યા ધરાવતા ધર્મના અને એક કોમના નેતા હતા. પણ તેમનું જીવન ગૃહસ્થજીવન અને ફકીરીનું એક અજબ મિશ્રણ હતું. છેવટે સુધી તેમની રહેણીકરણી અતિશય સાદી અને મહેનતુ હતી. પોતાને માટે કે પોતાના ઘરનાંને માટે સરકારી કરમાંથી જકાત કે દાનમાંથી એક કોડી પણ લેવી તેઓ હરામ સમજતા હતા. કોઈની પાસે માંગવાનું પણ એમને સારું લાગતું ન હતું. તેમના ખાસ-ખાસ મિત્રો પાસેથી ભેટ લઈ લેતા. પણ જરૂર કરતાં વધારે કદી ન લેતાં. એમની પોતાની મિલ્કતમાં કેટલાંક ખજૂરીનાં ઝાડ, ઘોડાં, ઊંટ અને બકરાં હતા. આમાંથી તેમને ખજૂર અને દૂધ મળી રહેતાં. રાતે ઘરમાં જે કાંઈ સીધું-સામાન બચે તે ગરીબોને વહેંચાવી દેતા. આવતી કાલ માટે બચાવી રાખવું એને તેઓ 'અલ્લા પરના વિશ્વાસની ઊણપ' કહેતા. પરિણામે, જ્યારે ખજૂરની મોસમ ન હોય ત્યાર કે જાનવરો દૂધ ન દેતાં હોય ત્યારે તેમને અને તેમનાં ઘર વાળાંઓને કોઈ કોઈ વાર ત્રણ ત્રણ દિવસના સતત ઉપવાસ થતા.

કેવળ ખજૂર અને પાણી પર તેમને મહિના વીતી જતા. તેમના મૃત્યુ પછી તેમની બીજી પત્ની આયેશાએ એક વાર કહ્યું હતું, " કોઈ કોઈ વાર મહિનાઓ સુધી મહંમદના ઘરમાં ચૂલો સળગતો ન હતો. " કોઈએ પૂછયુ, " તો પછી આપ બધાં જીવતાં કેવી રીતે હતાં ? " આયેશાએ ઉત્તર આપ્યો, " પેલી બે કાળી વસ્તુઓ (ખજૂર અને પાણીને આધારે) અને મદિનાવાળા અમને જે કાંઈ મોકલતા તેને આધારે. અલ્લા તેમનું ભલું કરે ! જેમની પાસે દૂઝણાં જાનવર હતાં, તેઓ કોઈ કોઈ વાર અમને દૂધ મોકલતાં." આયશા કહે છે:" પેગંબરે કદી એક દિવસમાં બે પ્રકારની ખાવાની વસ્તુઓનો સ્વાદ નથી કર્યો. અમારા ઘરમાં ચાળણી નહોતી. જેથી અનાજ ખાંડીને, તેમાંનાં છોતરાં ફૂંક મારીને ઉડાડી દેતાં હતાં. " કેટલીયે વાર રાત્રે ઘરમાં દીવો કરવાને માટે ઘરમાં તેલ પણ ન હતું. " 'હદીસ'માં લખ્યું છે, કદીક તો ભૂખને કારણે (પેટ બેસી જવાથી) મહંમદસાહેબના પેટ પર કપડાં નીચે પથ્થર બાંધેલો રહેતો. પણ બહારનાંને ઘરની હાલત વિશે વાત કરવાની મનાઈ હતી. " આમ તેઓ અપરિગ્રહ વ્રતનું ચુસ્ત રીતે પાલન કરતા હતા. મહંમદ સાહેબ પોતાને હાથે ઝાડૂ કાઢતા, બકરીઓ દોહતા, અને ચંપલ પણ સીવતા. પોતાનાં કપડાં ને થીંગડાંયે મારતા. ખજૂરીની ચટાઈ કે ખુલ્લી જમીન ઉપર સૂઈ જતા. છેલ્લી માંદગીના દિવસોમાં એક વાર તેમની પીઠ પર સાદડીનાં નિશાન પડેલાં જોઈને કોઈએ ગાદી પાથરવાની રજા માગી, ત્યારે તેમણે કહેલું, " હું આરામ કરવા પેદા નથી થયો. " એમ કહીને મહંમદસાહેબે 'ના' પાડી દીધી.

મરણ સમયે મહંમદસાહેબનું કવચ દોઢ મણ જવ માટે ગીરો મૂકેલું હતું. એમના ત્યાં કોઈ મહેમાન આવતા તો તેઓ ભૂખ્યા રહીને પ્રેમથી મહેમાનને જમાડતા. જયારે ઈરાન, રોમ અને ઈથોપિયાના એલચીઓ મહંમદ સાહેબને મળવા આવતા. ત્યારે તેઓ જોતા કે મોટી સલ્તનતનો આ માલિક કોઈ સિંહાસન પર, ગાદી કે ઊંચા આસન પર બેસતો ન હતો. પણ જમીન પર જ પોતે બેસે અને મહેમાનને ય તેઓ સાદડી પર બેસાડે. આવી હતી તેમની સાદગી, સરળતા અને મરજિયાત ગરીબી. તેમના માન ખાતર જો કોઈ ઊભું થાય, તો તે પણ તેમને ગમતું નહિ.

મહંમદ સાહેબ કદી રેશમી કપડું પહેરતા નહિ. સામાન્ય રીતે સફેદ રંગનું જાડું સુતરાઉ કપડું, જે સીવેલુ ન હોય તે તેઓ પહેરતા. સામાન્ય સફેદ ચાદર ઉપરથી નીચે સુધી તેઓ લપેટતા અને તેના બંને છેડાને ખભા પર, ગરદન પાછળ બાંધી દેતા. કોઈ કોઈ વાર તેઓ અર્ધી બાંયનું ઢીલું પહેરણ, લુંગી અને માથે ફેટો બાંધતા પાયજામો તેમણે કદી નથી પહેર્યો. તેમણે માટીના કે લાકડાના એક લોટા ઉપરાંત વધારે વાસણો પોતાની પાસે કદીયે નથી રાખ્યાં.

તેમનું રહેવાનું મકાન કાચી ઈંટોનું હતું. કોટડીઓ વચ્ચે ખજૂરનાં તાડછાંની ગારો છાંદીને બનાવેલી દિવાલો હતી. છાપરાં પણ તાડછાંનાંજ હતાં. બારણાને કમાડ ન હતાં. પણ ચામડાના કે ઊનના કાળા ધાબળાના પડદા લટકતા.

સામાન્ય રીતે તેમનો ખોરાક ખજૂર અને પાણી અથવા જવની રોટી અને પાણી હતો. તેમને દૂધ અને મધ પસંદ હતાં. પણ તે ઓછાં ખાતાં. એક વાર કોઈએ તેમને બદામનો લોટ ભેટ તરીકે આપ્યો. તો તેમણે, " આ ઉડાઉ લોકોનો ખોરાક છે ! " એમ કહીને તે લેવાનો ઈન્કાર કર્યો. ડુંગળી અને લસણ પ્રત્યે તેમને એટલો બધો તિરસ્કાર હતો કે તેમની આજ્ઞા હતી કે મસ્જિદમાં કોઈએ ડુંગળી-લસણ ખાઈને ન આવવું.

નાના મોટા સૌ સાથે તેમનું વર્તન હમેશાં સમાન રહેતું. બાળકો પર તેમને વિશેષ પ્રીતિ હતી. રસ્તે ચાલતાં ચાલતાં ઊભાં રહીને, તેઓ ગલીમાં જ બાળકો સાથે રમવા માંડતા. માંદાને જોવા જવું તેમને ગમતું. મુસ્લિમ કે ગેરમુસ્લિમ કોઈનો પણ જનાજો (શ્મશાન યાત્રા) જતો હોય તો ઉઠીને થોડી દૂર સુધી તેની સાથે આદરપૂર્ણ રીતે જવું અને કોઈ જનાજામાં નાનો માણસ કે ગુલામ બોલાવે તો તે ખુશીથી સ્વીકારવું - એ તેમની ખાસિયત હતી.

તે જમાનામાં ગુલામીનો રિવાજ અરબસ્તાનમાં અને દુનિયાના ઘણા ખરા દેશોમાં હતો. મહંમદસાહેબને જેટલા ગુલામ મળ્યા, તેટલાને તેમણે આઝાદ કરી દીધા. 'કુરાન' માં વારંવાર કહેવામાં આવ્યું છે, " ગુલામોને આઝાદ કરવા અને કરાવવા એ બંને બાબતો બહું મોટાં પુણ્ય કાર્યો છે. " તેઓ લોકોને વારંવાર ગુલામોને આઝાદ કરવા કરાવવાનું કહેતા.

તેઓ ઘણું ખરું ચિંતનમાં ગરકાવ થયેલા અને ઉદાસિન જણાતા. કોઈ કોઈ વાર તેમના ચહેરા પર પ્રેમાળ સ્મિત જણાતું. મહંમદ સાહેબની ચાલ એટલી ઝડપી હતી કે બીજાંઓને તો તેમની સાથે રહેવા દોડવું જ પડતું. તેઓ પોતે એમ જ કહેતા, " હું તમારી પેઠે જ એક સામાન્ય માણસ છું. " તેઓ પોતાની જાત માટે કોઈ અલૌકિક કે ચમત્કારી માણસ માનવાનો હમેશાં ઈન્કાર કરતા. તેમણે કદી કોઈ જ ચમત્કારો કર્યા નથી. તેઓ રોઈ રોઈને ઈશ્વર પાસે પોતાનાં પાપોની ક્ષમા માંગતા. તેઓ 'કુરાન' માં એક જગ્યાએ કહે છે " જો હું ભૂલ કરું છું, તો મારે જ કારણે, અને જો હું ખરે રસ્તે ચાલું છું, તો ખુદાએ મને આપેલા આદેશને કારણે. "

મહંમદ સાહેબ એક જ નિરાકાર ઈશ્વરની ઉપાસનાના પ્રચારક હતા. બધા જ મહાપુરુષોએ ધર્મને અંતર અનુભૂતિની વસ્તુ માની છે. ધર્મ કે જેનો આધાર સદાચાર, સંયમ, સત્ય, અહિંસા, ઈન્દ્રિયો પર કાબુ અને વિકારોનું શમન છે તેને બદલે તે માત્ર બાહ્યાચારો, રૂઢિઓ પૂરી કરવામાં જ સમાઈ જાય છે. તેથી મહંમદસાહેબે તે જમાનામાં કાબામાં રહેતી આશરે ૩૫૦ જુદા જુદા કબીલાની મૂર્તિઓનું, એ કબીલાઓના લોકોની સંપૂર્ણ સંમતિ પછી, વિસર્જન કરાવી દીધું હતું. બધા કબીલાઓએ મહંમદ સાહેબની અસર નીચે આવીને 'ઈસ્લામ'ને કબૂલ કર્યો.

મહંમદ સાહેબની ૬૩ વર્ષની ઉંમરમાં માંદગી આવી. તેમનો વિશ્વાસઘાત કરીને, તેમના એક દુશ્મને આપેલા ઝેરને પરિણામે તે માંદગી ઉદ્‌ભવી હતી. " હવે છેલ્લી ઘડીઓ આવી ત્યારે તેમણે દવા ખોરાક લેવાની 'ના' પાડી દીધી. બધાની માફી માંગી લીધી. તેમણે કહ્યું, " જે લોકો પોતાના પેગમ્બરની કબરોની પૂજા કરવા માંડે છે, તેમના પર અલ્લાનો કોપ થજો. હે અલ્લા, મારી કબરની કદી કોઈ પૂજા ન કરે. " તેમણે પોતાની પત્નીને કહ્યું, " જે કાંઈ ઘરમાં બચાવી રાખ્યું હોય તે બધું ગરીબોમાં વહેંચી દો. " તેમનાં બેગમ આયેશાએ મુશ્કેલીના સમય માટે માત્ર છ દીનાર બચાવીને રાખ્યા હતા. તે તેમણે મહંમદસાહેબને આપી દીધા. પૈગમ્બરે તે કેટલાંક ગરીબ કુટુંબોમાં વહેંચી દીધાં. પછી કહ્યું., " હવે મને શાન્તિ મળી, હું મારા અલ્લાને મળવા જાઉં છું. એ સોનું મારી મિલકત રહે એ ખરેખર સારું નહોતું." પછી અલ્લાનું સ્મરણ કરી તેમણે પ્રાણ છોડ્યા.

મહંમદ સાહેબે 'કુરાન'માં અનેક વાર કહ્યું છે, "ધર્મની બાબતમાં કોઈ પણ પ્રકારની જબરજસ્તી ન હોવી જોઈએ. (૨-૨૫૬) જે લોકો પાસે બીજાં ધર્મપુસ્તકો છે, તેમની સાથે ચર્ચા ન કરો. અને જો કરો, તો મધુર શબ્દોમાં કરો. છતાં તેઓ તારું ન સાંભળે, તો તને કાંઈ તેમના પર દેખરેખ રાખનાર બનાવીને નથી મોકલ્યો. (૪૨-૪૮) દરેક કોમ માટે પૂજાની જુદી જુદી રીતો ઠરાવી છે, તે રીતો પ્રમાણે તેઓ વર્તે છે. એટલે એ વિશે ઝગડો ન કરવો, (૨-૬૭-૬૮) અમ્ર લખે છે, મેં પેગંબરને પૂછયું. " ઈસ્લામ શી ચીજ છે ? " જવાબમાં તેમણે કહ્યું, " વાણી પવિત્ર રાખવી અને અતિથિનો સત્કાર કરવો. " મેં પૂછયું. "ઈમાન શું છે ? " તેમણે કહ્યું, " ધીરજ ધરવી અને બીજાઓનું ભલું કરવું. " અસ્તુશિવમ્.

□ □ □

# નેતાગીરીની ભ્રામક માન્યતાઓ અને ભય

❑ પન્નાલાલ ર. શાહ

એક છાત્રાલયના નવા મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે એક રાજપુરુષે કહ્યું હતું : 'કોમ અને સંપ્રદાયના ધોરણે છાત્રાલયો સ્થપાય એમાં સંકુચિતતા છે. ઉચ્ચ કુળના શ્રીમંતો પોતાની કોમ, ધર્મ અને સંપ્રદાયના હિતો પૂરતી મર્યાદિત દ્રષ્ટિ રાખશે તો નીચલા સ્તરના જેમ કે કોળી, કુંભાર, ચમાર, હરિજન આદિ કોમના પ્રશ્નો વણઉકેલ્યા રહેશે. એટલે કોમના ધોરણે આવાં છાત્રાલયો સ્થપાય એનો હું વિરોધી રહ્યો છું,' વગેરે. એ પ્રસંગે બીજા એક રાજપુરુષે વિધાયક દ્રષ્ટિએ કહ્યું હતું કે 'આજથી પચાસ વર્ષ પૂર્વે આ સંસ્થાની સ્થાપનાથી જૈન સમાજના બાળકોની કેળવણીની દિશામાં મહત્ત્વનું પગલું ભરાયું. એના પગલે પગલે આ શહેરમાં દસા, કપોળ, સોરઠિયા, મુસ્લિમ, કુંભાર અને હરિજન આદિ વિવિધ કોમના બાળકો માટે છાત્રાલયો સ્થપાયાં. આ છાત્રાલયની સ્થાપનાથી અન્ય કોમને આવા કામની પ્રેરણા થઇ અને ચોક્કસ કોમ, ધર્મ કે સમાજ પૂરતું એથી કામ થયું અને સમગ્ર સમાજ કે રાષ્ટ્રના પ્રશ્નના ઉકેલની દિશામાં એટલા પૂરતું પ્રસ્થાન થયું એને હું આવકારું છું' વગેરે.

ઉપરોક્ત બન્ને દ્રષ્ટિબિંદુમાં તથ્ય છે અને તે બે છેડાના અંતિમો ( દોરી જાય છે. આર્થિક દ્રષ્ટિએ સંપન્ન વર્ગ પોતાની કોમ પૂરતી માત્ર વિચારણા ન કરે અને સૌ કોઇ માટે દરવાજા ખુલ્લા મૂકે એ આવકાર્ય છે, પરંતુ એ વર્ગને પણ પોતાના આગવાં પ્રશ્નો હોય અને અગ્રતાક્રમના ધોરણે એનું નિરાકરણ કરવા કટિબદ્ધ થાય એ પણ એટલું જરૂરી હોય. આવાં સામાજિક કાર્યો માત્ર સાર્વજનિક ક્ષેત્રે હાથ ધરવાના આગ્રહથી સાર્વજનિક ક્ષેત્રે સેવાકામો થતાં નથી અને સમગ્ર રાષ્ટ્રના પ્રવાહના એક ભાગ રૂપ એવી કોમ પૂરતી પણ એથી સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરાતી નથી. અહીં વ્યાપકતાનો આદર્શ અને મોહ એ બે વચ્ચે પાતળી ભેદરેખા છે. એ સમજવું જોઇએ, એ અંગે વિવેક જાળવવો જોઇએ. વ્યાપકતાનો આદર્શ આવકારવા લાયક છે. પરંતુ એના મોહમાં ચોક્કસ વિભાગ પૂરતા થતાં કામનો પણ વિરોધ કરવો અને એવો આદર્શ ચરિતાર્થ કરવા સક્રિય ન થવું એ આજના યુગની નેતાગીરીની એક મર્યાદા છે.

આપણા દેશની એક કરુણતા છે. આપણી નેતાગીરી, આ લેખના પ્રારંભમાં જણાવ્યા મુજબ, જાહેર મંચનો ઉપયોગ પોતાની પ્રતિભા ઉપસાવવા માટે આદર્શની વાતો કરે છે, પરંતુ એવા આદર્શ માટે કામ ક 'ની બહુધા ચિંતા સેવતી નથી. સ્વતંત્રતા બાદ, ખાસ કરીને, આપણી રાજકીય નેતાગીરી વ્યાપક દ્રષ્ટિવાળી, અને સાંપ્રદાયિક અભિનિવેશથી પર છે એવું દર્શાવવા જેમ સભાન પ્રયત્નો કરે છે તેમ જાહેર જીવનમાં પડેલા આવાં સત્તાધારી અગ્રણીઓ પોતાના ધર્મ, પ્રાન્ત કે કોમની સાચી, ન્યાયી, નીતિ અને કાયદાની દ્રષ્ટિએ યોગ્ય બાબતોને ઠુકરાવે છે.

આ અંગેનો મારો જાત અનુભવ છે. એક શહેર સુધરાઇના મેયર જૈન ધર્મી હતા. એ ગામની જૈન સંસ્થાના બે મકાનો વચ્ચે નાનો રસ્તો હતો અને એ સાંકડા માર્ગનો ત્યાં અંત આવતો હતો. વસતિ વધતાં આ બન્ને મકાનો નવેસરથી બાંધવાના હતા. તેમાં આ સાંકડા રસ્તાની જગ્યા મળે તો અને બન્ને અલગ અલગ મકાનને બદલે એક જ સંયુક્ત મકાન થાય તો વિશેષ અનુકૂળ થાય તેમ હતું. સાંકડા રસ્તાના વિકલ્પે સૂચિત સંયુક્ત મકાનની પાછળ અને મૂળ સાંકડા રસ્તાને સમાંતર અથવા અન્ય માર્ગ આપવાની શક્યતા હતી અને રાજ્યના સુધરાઇ ધારા અન્વયે એ શક્ય પણ હતું. આસપાસમાં રહેતા લોકો જૈન હતા અને આ નવી વ્યવસ્થામાં એમને કોઇ વાંધો નથી એવી આ રીતે નસરગ્રસ્ત લોકોની જાહેરાત (Declaration) અરજી સાથે કરવાની હતી. આ અરજી જિલ્લાના કલેકટરને કરવાની હતી. આમ છતાં આવી અરજી કરવાની મેયરશ્રીએ મૌખિક રીતે ના પાડી, કારણમાં આવી ધારાકીય જોગવાઇ નથી એમ કહ્યું. રાજ્યના સુધરાઇ ધારાની કલમ ટાંકીને કહ્યું તો આવી અરજીનો નિકાલ આવતા બે-પાંચ વર્ષનો ગાળો પસાર થઇ જાય એવી દહેશત બતાવવામાં આવી. એ સમય દરમિયાન નવા મકાનનો અંદાજિત બાંધકામ ખર્ચ દ્વિગુણિત કે એથી પણ વધુ થાય એવી રજૂઆત સ્થાનિક જૈન સંઘના અગ્રણીઓ સમક્ષ મેયરશ્રીએ રૂબરૂમાં કરી. આવી અરજીનો નિકાલ ૯૦ દિવસમાં કરવો જ પડે એવી ધારાકીય જોગવાઇ પર અમે મક્કમ રહ્યાં નિર્ધારિત રીતે અરજી કરવામાં આવી અને આયોજન પ્રમાણે કલેકટરશ્રીની મંજૂરી પણ મળી અને સુંદર આરાધના ગૃહનું નિર્માણ પણ થયું. અલબત્ત, સુધરાઇના જૈનેતર સભ્યોને આ બાબતમાં પહેલેથી જ વિશ્વાસમાં લઇને અમે આગળ વધ્યાં હતાં, જેથી મેયરશ્રી પર પક્ષપાતી, કોમી કે ધર્માંધ છે એવો એમની વિરુદ્ધ પ્રચાર કે આક્ષેપ કરી ન શકે અને એમની પ્રતિભા ખરડી ન શકે.

ગુજરાતમાં ખનિજ તેલ અને ક્રુડ ઓઇલ સાંપડ્યું ત્યારે એના શુદ્ધિકરણ માટે પાઇપ લાઇન દ્વારા પડોશના રાજ્યની રિફાઇનરીમાં લઇ જવાની વાત હતી. એનો વિરોધ કરનારને 'પ્રાદેશિક હિત અને સંકુચિતતા'ની દૃષ્ટિએ આ પ્રશ્નનો વિચાર ન કરવાની સલાહ આપવામાં આવી હતી અને એમ કરીને ગુજરાતમાં જ રિફાઇનરીની સ્થાપનાના આગ્રહનો છેદ ઉડાડવાની કોશિશ કરવામાં આવી હતી. આ સલાહ વાજબી ન હતી. એટલા માટે કે જે ભૂમિમાં તેલક્ષેત્રો મળ્યાં, ત્યાં જ રિફાઇનરી સ્થપાય તો સ્થાનિક કક્ષાએ નવી કામગીરીમાં રોજી-રોટીની નવી તકો ઊભી થાય. રિફાઇનરીના પગલે નવા આનુષંગિક ઉદ્યોગો સ્થપાય અને એટલે એ વિસ્તારનો વિકાસ થાય. રાષ્ટ્રના દરેક પ્રદેશના સમતોલ વિકાસ માટે એ આવશ્યક છે. આ રીતે વિકેન્દ્રીકરણ થાય તો જ જૂના ઔદ્યોગિક કેન્દ્રોમાં વસવાટ કરવાની અને શહેરીકરણના ફૂંકાયેલા પવનની દિશા મર્યાદિત થાય, અને પરિણામે સમસ્યારૂપ બનતા જતા મહાનગરો પરનો બોજ હળવો થાય. વિકેન્દ્રીકરણની વાત કરતાં થાકે નહીં એવા આપણા રાજપુરુષો 'પ્રાદેશિક હિત અને સંકુચિતતા'ના નામે રાજ્યના વ્યાજબી અને ન્યાયી હકને જતો કરવાનું કહે એ આ દેશની મોટી કરુણતા છે.

થોડા વર્ષો પહેલાં આપણે ત્યાં ઝોન-બંધી હતી. એ દ્વારા રાજ્યની મુખ્ય પેદાશની આંતર-રાજ્ય હેરફેર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ગુજરાતમાં મગફળીનો મબલખ પાક થાય છે. એમાંથી ઉત્પન્ન થતું તેલ રાજ્ય બહાર વેચાણ માટે જાય એટલે ચોમાસાની દ્રષ્ટિએ નબળાં વર્ષોમાં ગુજરાતની સ્થાનિક પ્રજાને તેલ મોંઘું મળે. આવી પરિસ્થિતિ ન સર્જાય એ માટે ગુજરાત રાજ્યે કેન્દ્ર સરકારની પરવાનગીથી સીંગ-તેલની નિકાસબંધી કરી હતી ત્યાર બાદ 'લેવી'ની પ્રથા દાખલ કરી હતી. તદનુસાર રાજ્ય બહાર જેટલો તેલનો જથ્થો જાય તેના ચોક્કસ પ્રમાણમાં ઉત્પાદકે રાજ્ય સરકારને બાંધેલા ભાવે તેલ 'લેવી' તરીકે આપવું પડે. રાજ્યના નબળાં કે દુકાળના વર્ષો પૂરતું આવી વ્યવસ્થા કરવાનું યોગ્ય ગણાય તો પણ સમગ્ર રાષ્ટ્રની કક્ષાએ અને જ્યાં એવો પાક થતો નથી ત્યાં નિકાસબંધીથી ઊભી થતી કૃત્રિમ અછતની પરિસ્થિતિમાં તો સીંગતેલના ભાવમાં અસમાન- આસમાન જમીનનો ફરક રહે એ હકીકત છે. એ તો ઠીક ('લેવી'ની પદ્ધતિથી એનું નિરાકરણ કરવાનો પ્રયત્ન હતો.) આવી જ નિકાસબંધી ઘઉંનું મબલખ ઉત્પાદન કરતાં પંજાબ આદિ રાજ્યોએ સારાં વર્ષોમાં પણ કરી હતી એથી છતવાળાં રાજ્યોમાં અન્ન સડી જાય અને પશુઓને નીરવું પડી એવી સ્થિતિ સર્જાયાની એ વર્ષોમાં અફવાઓ હતી. આવી નિકાસબંધીથી આંતરરાજ્ય વ્યાપાર ચોરી-છૂપીથી ચાલુ રહ્યો હતો એ આપણો અનુભવ છે. ત્યાર બાદ આવાં બધાં કારણો સર ઝોન-બંધીની માંગણી થઇ અને એમ થયું પણ ખરું પરંતુ અહીં નેતાગીરીએ 'પ્રાંતીય હિત અને સંકુચિતતા' સામે 'રાષ્ટ્ર હિત અને વ્યાપકતા'નો આદર્શ ધરવાની જરૂર હતી. એ જ રીતે આંતર-રાજ્ય સિંચાઇ યોજના અંગે પણ નેતાગીરીએ આવો અભિગમ અપનાવવો જોઇએ, એવી દ્રષ્ટિના

અભાવે કેટલીક સિંચાઇ યોજના રાજકારણના આટાપાટામાં અટવાઇ ગઇ છે.

આપણા દેશના રાજકારણમાં ગુણવત્તાના ધોરણનો કે તંદુરસ્ત સ્પર્ધાનો પાયો નથી. એટલે સત્તાધારી અગ્રણીઓ પોતાના ધર્મ કોમ કે પ્રાંતની સાચી, ન્યાયી, નીતિ અને કાયદાની દ્રષ્ટિએ યોગ્ય બાબતનો પક્ષ લે તો એવાં અગ્રણીઓનાં પ્રતિસ્પર્ધીઓ આવાં પ્રસંગોએ એમને કટ્ટર કોમવાદી, પ્રાંતવાદી કે ધર્માંધ તરીકે ઓળખાવી એમની પ્રતિભા ખંડિત કરવા ટાંપીને જ બેઠાં હોય છે. કારકિર્દીના જોખમના ભયથી આવાં ટાણે સાચી બાબતોનો પક્ષ લેવાની હિંમત આજની નેતાગીરીમાં બહુધા જણાતી નથી. એટલે એવાં પ્રશ્નોને 'સંકુચિતતા સામે વ્યાપકતા'ના નામે કે કાયદાની પરિસ્થિતિ કે અન્ય બહાના હેઠળ આપણી નેતાગીરી ઠુકરાવે છે. સામાન્ય પ્રજા પણ ઘણું ખરું આવા દ્રષ્ટિકોણથી દોરવાય છે. આવાં પ્રસંગો સાચી બાબતોનો પક્ષ લેવાથી કારકિર્દીની દ્રષ્ટિએ નેતાગીરીએ કદાચ થોડો સમય સહન કરવું પડે એવું બને ખરું, પરંતુ લાંબે ગાળે એની વાત લોકોને સમજાય છે. એ પણ એટલું જ સાચું છે. સાચું નેતૃત્વ એ જ કે જે સામાન્ય પ્રજાને વિવેકના માર્ગે દોરે; ભય, ભ્રામક માન્યતા કે લોક લાગણીથી દોરવાય નહી.

વ્યાપક સમાજના હિતોને આંચ ન આવે અગર નુકસાન ન કરે એવા ચોક્કસ વર્ગના પ્રશ્નોના નિરાકરણમાં જેમ આપણા દેશની નેતાગીરી ભ્રામક માન્યતામાં અટવાઇ ગઇ છે. અથવા કારકિર્દીના જોખમના ડરના કારણે પોતાનું વ્યક્તિત્વ વિશાળ દ્રષ્ટિકોણ ધરાવતું છે એવી પ્રતિભા ઉપસાવવા જેમ ચોક્કસ સીમિત સમાજના હિતનો ભોગ લે છે, તેમ ક્યારેક કટ્ટર કોમવાદી, ધર્માંધ અને અસહિષ્ણુ નેતા સમર્થ હોય તો સમગ્ર સમાજના વ્યાપક હિતના ભોગે પણ પોતાના ધર્મ, જ્ઞાતિ, પ્રાંત કે સમાજના હિતો પાર પાડે છે એ પણ એટલું જ સાચું છે એ બાબત પણ આદર્શના અંચળા હેઠળ થાય કે 'આટલા વર્ગ પૂરતું પણ કામ થાય છે' એ વિચારસરણીનો સધિયારો લઇને થાય છે. આ એક મોટું ભયસ્થાન છે.

આપણો તો એક સુખદ અનુભવ છે કે ચોક્કસ ધર્મ સમાજ કે કોમની કક્ષાએ ઊભા થયેલાં સાધનો રાષ્ટ્રીય કક્ષાએ, જરૂર પડ્યે કામ લાગ્યાં છે. રાષ્ટ્રના વિભાજન વખતનું ચિત્ર મારા મનઃચક્ષુ સમક્ષ તાદ્રશ્ય છે, એ વખતે હિજરતીઓને શત્રુંજય તીર્થમાં આવેલી યાત્રાળુઓ માટેની ધર્મશાળાઓમાં રાખવામાં આવ્યાં હતાં. એમનો પુનર્વસવાટ થાય ત્યાં સુધી આ ક્ષેત્રની બધી ધર્મશાળાઓનો અર્ધો ભાગ હિજરતીઓ માટે ફાજલ પાડવામાં આવ્યો હતો. આઝાદીની લોકલડત દરમિયાન મુંબઇના એક વિખ્યાત જૈન છાત્રાલયમાં રાષ્ટ્રીય કક્ષાના અગ્રણીઓની અને કોંગ્રેસની સભા થતી હતી.

આ બધી ચર્ચાને અંતે ફલિત થતી બાબત તો એ જ છે કે આપણા દેશના રાજકારણને ગુણાત્મક વળાંક આપવો જોઇએ. એ એનો સાચો ઇલાજ છે. એ માટે પ્રત્યેક પ્રશ્નો અંગેના નિર્ણયો એક જ ચોકઠામાં ઢાળેલાં ન હોઇ શકે. દરેક પ્રશ્નોનાં સમય, સંજોગો અને પરિસ્થિતિનો અભ્યાસ કરીને વિવેકપૂર્ણ નિર્ણય લેવો જોઇએ. એ માટે વૈચ દ્રષ્ટિએ નેતાગીરી અને સામાન્ય પ્રજાનું પણ ઘડતર થવું જોઇએ. આવાં પ્રશ્નોની ગૂંચ ઉકેલતા અને આખરી નિર્ણય લેતા પહેલાં એનાં બધાં પ્રશ્નોની, પાસાંઓની જરૂર પડ્યે જાહેર ચર્ચા થવી ઘટે. ❑❑❑

# મહત્ત્વાકાંક્ષા

❑ 'સત્સંગી'

મહત્ત્વાકાંક્ષા રાખવી એ ગુનો નથી, પરંતુ વિચારરહિત મહત્ત્વાકાંક્ષા નિતાંત પાયમાલી પણ સર્જી શકે છે. નેપોલિઅન, મુસોલિનિ અને હિટલર વિચારરહિત મહત્ત્વાકાંક્ષાનાં કરુણ દ્રષ્ટાંતો છે. સમગ્ર વિશ્વના સ્વામી બનવા માટે નીકળી પડવું એમાં યોગ્ય વિચારણાનો સંપૂર્ણ અભાવ છે, બલકે પાગલપણું અને અહમ્‌ની વિકૃતિનો આવિષ્કાર છે. ભારતની સ્વતંત્રતા બાદ કેટલીય વ્યક્તિઓએ પ્રધાન, મુખ્ય પ્રધાન અને વડા પ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષા રાખી હશે જેના સાક્ષી ઘણા લોકો હશે. આમાંથી એકાદ ટકા જેટલી વ્યક્તિઓની આ પ્રકારની મહત્ત્વાકાંક્ષા પરિપૂર્ણ થઇ હોય તો ભલે. જે લોકોની આ જાતની મહત્ત્વકાંક્ષા સફળ નહિ થઇ હોય તેઓ આઘાતના અનુભવને લીધે તેમનાં રોજબરોજનાં જીવનની વાસ્તવિકતા સાથે અનુકૂળ નહિ થઇ શક્યા હોય. તેમની સ્થિતિ કદાચ 'ધોબીનો કૂતરો નહિ ઘાટનો અને નહિ વાટનો' જેવી પણ થઇ હોય.

'મહત્ત્વાકાંક્ષા' શબ્દનું ઉચ્ચારણ સાંભળનારાઓમાં સૂગ જન્માવે છે. શાળા તથા કોલેજોના સ્ટાફરૂમમાં ગપસપ ચાલતી હોય તેમાં કોઇ શિક્ષક મહત્ત્વાકાંક્ષી છે. એવી ગંધ અન્ય શિક્ષકોને આવે તો સૌ કોઇને તે મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ પ્રત્યે ન સમજાવી શકાય તેવી ધૃણા થાય છે. તેવી જ રીતે પ્રિન્સિપાલના કાન પર વાત આવે તો તે મહત્ત્વાકાંક્ષી શિક્ષક પ્રત્યે તેમની કરડી નજર બનતાં વાર નથી લાગતી. મિત્રવર્તુળમાં પણ કોઇ મિત્રનું મહત્ત્વાકાંક્ષી વલણ જોવામાં આવે તો તે મિત્ર પ્રત્યેના વર્તાવમાં સાવચેતી સહજ રીતે આવી જાય છે. વેપારીઓ, વકીલો, ડૉક્ટરો, લેખકો, કામદારો, કારકુનો વગેરેનાં ક્ષેત્રોમાં મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ પ્રત્યે સૌ કોઇને અનાદરનો ભાવ થઇ આવે છે. રાજકારણનાં ક્ષેત્રે તો લગભગ બધા મહત્ત્વાકાંક્ષી જ હોય છે. તેથી તેમની વચ્ચે પરસ્પર વૈમનસ્ય અને તેમના નિત્ય નવા કાવાદાવાઓનું વર્ણન શક્ય નથી. પોતપોતાની મહત્ત્વાકાંક્ષાને લીધે કેટલાક રાજકારણીઓ વચ્ચે તદ્દન જરૂરી ગણાય એવો સદ્‌ભાવ પણ હોતો નથી. વળી, રાજકારણીઓ તેમની મહત્ત્વાકાંક્ષાને લીધે, વિરલ અપવાદ સિવાય, ક્યારે પણ લોકહૃદયમાં સ્થાન પામી શકતા નથી.

મહત્ત્વાકાંક્ષા એટલે સત્તાની આકાંક્ષા એટલો જ તેનો અર્થ નથી, પણ તેનું કાર્યક્ષેત્ર વિશાળ છે. ધનપતિ, પંડિત, યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર, વડા ન્યાયમૂર્તિ, ડૉક્ટર, ઇજનેર, વકીલ, મોટા વેપારી, અમલદાર, કોલેજના અધ્યાપક, લેખક વગેરે મહત્ત્વાકાંક્ષાનાં સાધ્યો બને છે. આંતરિક પ્રગતિની દ્રષ્ટિએ પણ મહત્ત્વાકાંક્ષા ધરાવી શકાય છે. ઇંદ્રિયો પર સંપૂર્ણ કાબૂ રહે, દુશ્મન પ્રત્યે પણ હૃદયથી ક્ષમાનો ભાવ રહે અને પ્રેમ રહે એવું વ્યક્તિત્વ સિદ્ધ કરવું, અહમ્‌ ગાળી નાખવો વગેરે માટે પણ મહત્ત્વાકાંક્ષા શબ્દ પ્રયોજી શકાય છે. સદ્‌ગત સાક્ષર ઉમાશંકર જોષી તેમના લેખ 'મડિયા રાજા'માં મડિયા સા[illegible] તેમના સંબંધો વિષે લખતાં કહે છે, 'તાત્ત્વિક મૂલવણીમાં મચક આપ્યા વગર, પ્રેમસંબંધ અકુંઠિત નભાવવો એ મહત્ત્વાકાંક્ષાથી હું ચાલવા કહું.' વિચારોમાં મતભેદ રહે તો મિત્રો વચ્ચે પ્રેમસંબંધ કદાચ ન પણ જળવાય, તેથી પોતાનું મૂલ્યાંકન અથવા પોતાના સૈદ્ધાંતિક વિચારો જાળવી રાખવા, પણ પ્રેમસંબંધ જે હોય તે નિખાલસ મનથી સતત નભાવ્યે જવો એ અઘરું છે, તેથી તે પણ મહત્ત્વાકાંક્ષાનું સાધ્ય બને. મોટા હોદ્દાઓ અને વ્યવસાયોથી માંડીને જીવનનાં આંતરિક પાસાંની ખીલવણી સુધી મહત્ત્વાકાંક્ષાનો વિશાળ વ્યાપ રહેલો છે.

જે એક બાબત સ્પષ્ટ રીતે ફલિત થાય છે તે એ છે કે જે સ્થાન પ્રાપ્ત કરવું સવિશેષ અઘરું હોય અથવા જે આંતરિક ઉન્મેષ ઘણો પરિશ્રમ માગી લે ત્યારે મહત્ત્વાકાંક્ષા શબ્દ પ્રયોજાય છે. મહત્ત્વાકાંક્ષી માણસોનો કરુણ અંજામ પણ આવતો હોય છે, મહત્ત્વાકાંક્ષી માણસો પોતાના માટે જ સામા માણસોમાં ધૃણા જન્માવે છે, અને મહત્ત્વાકાંક્ષા સિદ્ધ ન થાય તો તે આઘાત વ્યક્તિનાં વ્યક્તિત્વમાં ગરબડ કરી નાખે છે, તો પછી મહત્ત્વાકાંક્ષાનો ખરેખર મર્મ શો છે? જીવનની યોજનામાં તેનું ચોક્કસ સ્થાન શું છે? એવો પ્રશ્ન યુવાનોને અવશ્ય થાય. મો[illegible]થાન મેળવવાનું વિચારાય જ નહિ એવું નથી, પરંતુ જે મોટાં સ્થાનનું ધ્યેય રખાય તે માટે પોતાનાં રુચિ, લાયકાત, મહેનત કરવાની શક્તિ, ધૈર્ય, આર્થિક સદ્ધરતા, મગજશક્તિ, રસ તેમજ જરૂરી બાહ્ય સંજોગો વિશે પૂરી વિચારણાને અંતે પ્રતીત થાય કે પસંદ કરેલાં મોટાં સ્થાનનાં

ધ્યેય માટે પૂરી સજ્જતા છે, તો તે ધ્યેય રાખવામાં કશું જ ખોટું નથી. આ રીતે કોઇ ચોક્કસ લક્ષ્યની મહત્ત્વાકાંક્ષા રાખીને તે સંબંધોમાં સતત પ્રામાણિક પુરુષાર્થ રાખવો એ સર્વથા ઉચિત જ છે.

પરંતુ જે સ્થાનની મહત્ત્વાકાંક્ષા રખાય તેમાં તે સ્થાનની આભાથી અંજાઇને વાસ્તવિકતાનો વિચાર કરાયો ન હોય તો તેમાં સફળતા લગભગ ન જ મળે અને તેમાં બીજું ભયસ્થાન એ છે કે એ સ્થાન માટે પ્રામાણિક પુરુષાર્થને બદલે By fair means or foul - યેન કેન પ્રકારેણ તે સ્થાન પ્રાપ્ત કરવાની તાલાવેલી રહે. અંગ્રેજી સાહિત્યના પ્રખ્યાત સાહિત્યકાર વૉલ્ટર સ્કોટનાં વિદ્યાર્થી જીવનનો દાખલો પ્રખ્યાત છે. શાળામાં એક વિદ્યાર્થી હંમેશા પ્રથમ નંબર રાખતો. સ્કોટને પ્રથમ નંબર જોઇતો હતો. જ્યારે શિક્ષક પેલા વિદ્યાર્થીને પ્રશ્ન પૂછતા ત્યારે તેનો હાથ જાકીટનાં બટન પર રહેતો. તેનો જવાબ હંમેશા સાચો જ રહેતો. સ્કોટે બીજે દિવસે તે છોકરાની જાકીટનું બટન કાપી નાખ્યું. છોકરાને પ્રશ્ન પૂછવામાં આવ્યો. તેનો હાથ જાકીટનાં બટન પર ગયો. તેને જવાબ આવડતો હતો, પરંતુ બટન ગુમ થયું એ જાણીને તે બટન અંગેના વિચારમાં ચડી ગયો એટલે તે પ્રશ્નનો જવાબ આપી શક્યો નહિ. સ્કોટ જવાબ આપી શક્યો અને તેણે પ્રથમનંબર મેળવી લીધો. આમ મહત્ત્વાકાંક્ષા માટેની ઘેલછા અને તીવ્ર આસક્તિ માણસને અધમ બનાવી દે છે. મહત્ત્વાકાંક્ષા ઘેલછાનું સ્વરૂપ ધારણ કરે છે. ત્યારે માણસ પશુથી પણ બદતર બને છે. વિદ્યાર્થી પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થવાની મહત્ત્વાકાંક્ષા જરૂર રાખે, પણ તેનો અર્થ મહેનત કરવી એ છે. ચોરી કરીને કે ચિઠ્ઠીઓ લખી લાવીને પેપરમાં લખવું કે પરીક્ષકોની 'અનન્ય કૃપા' મેળવીને પ્રથમ વર્ગ મેળવવો એવો તેનો અર્થ લેશમાત્ર નથી.

સામાન્ય વિદ્યાર્થી પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે જરૂરી ૩૫ ટકા ગુણનું ધ્યેય રાખે તો શક્ય છે કે તે પરીક્ષામાં નિષ્ફળ પણ નીવડે. પરંતુ તે સામાન્ય વિદ્યાર્થી ૩૫ ટકા ગુણનાં લક્ષ્યને બદલે ૫૦ ટકા ગુણનું લક્ષ્ય રાખે તો તે પ્રમાણે તે મહેનત કરવા પ્રેરાય અને ઘડીભર ૫૦ ટકા ગુણ તે ન મેળવી શકે તો છેલ્લી બાકી ૪૦-૪૫ ટકા ગુણ તો મેળવે એવી પૂરી શક્યતા ગણાય. આમ ઊંચું લક્ષ્ય રાખવાથી વિદ્યાર્થી નિષ્ફળતામાંથી બચી જાય અને સાથે સાથે ઉચ્ચ ધ્યેય પામવા માટે તેણે અભ્યાસમાં મહેનત લીધી હોય એટલે તેનો અભ્યાસ પણ ઠીક થયો હોય. આ છે મહત્ત્વાકાંક્ષાનો મર્મ.

પંડિત નહેરુ તેમનાં એક વક્તવ્યમાં કહે છે કે જે યુવાનો ગૌરવ અને મહત્ત્વાકાંક્ષા ધરાવતા નથી તેઓ તેમને ગમતા નથી. તેઓ આગળ કહે છે, "જો તમે વૈજ્ઞાનિક હો તો આઇનસ્ટાઇન બનવાનું વિચારો, પણ માત્ર યુનિવર્સિટીમાં રીડર બનવું એમ નહિ. જો તમે ડૉક્ટર હો તો જે શોધ માનવજાતનો રોગ મટાડે એવી શોધ અંગે વિચારો. કોઇક મોટી વસ્તુનું ધ્યેય રાખવાનું કાર્ય જ તમને મોટા બનાવે છે." પછી પોતાનો દાખલો આપતાં તેઓ કહે છે, "but ssentially we became what we were, because we had some ambition and pride, because we hitched our wagon to a star, because we tried to do big things and in so doing our stature increased a little. અર્થાત્ પરંતુ આવશ્યક રીતે અમે જે છીએ તે થયા, કારણ કે અમારામાં કંઇક મહત્વાકાંક્ષા અને ગૌરવ હતાં, કારણ કે અમે કંઇક ઘણી મોટી વસ્તુનું ધ્યેય રાખ્યું કારણ કે અમે મોટી વસ્તુઓ કરવાનો પ્રયત્ન કર્યો અને તેમ કરવામાં અમારો દરજ્જો થોડો વધ્યો.' આવા યોગ્ય અર્થમાં મહત્ત્વાકાંક્ષા ઉચિત અને આવકાર્ય છે.

"મહત્ત્વાકાંક્ષા' શબ્દની અપ્રિયતાનો ઉલ્લેખ કરીને કોઇ કહે કે મહત્ત્વાકાંક્ષા તો વર્જ્ય જ હોવી ઘટે. આ બીજો છેડો દર્શાવતું વિધાન છે. યુવાન કે પ્રૌઢ વ્યક્તિ ચોક્કસ ધ્યેય રાખે તો તેનાં અનુસંધાનમાં તે પ્રવૃત્ત રહી શકે એ સ્પષ્ટ છે. અલબત્ત, પોતાનાં પોત, રુચિ, શક્તિ, સંજોગો વગેરે વિચારીને ધ્યેય નક્કી કરવાનું છે. આવું ધ્યેય, ઇજનેર, વકીલ, ડૉક્ટર, પ્રાધ્યાપક, લેખક, સામાજિક કાર્યકર કે નેતા જે નક્કી કરાય તે સિદ્ધ કરવા પ્રામાણિક પુરુષાર્થ કરવાનું મન પર રોજ સ્વાભાવિક રીતે આવવાનું. નિશ્ચિત ધ્યેય વિના પ્રયત્ન વ્યવસ્થિત રીતે થઇ શકતો નથી. તેવી જ રીતે નબળામાં નબળા વિદ્યાર્થીને ભણવાના વિષયો આવડે અને તેનાં જીવનમાં પ્રકાશ પથરાય એવું ધ્યેય શિક્ષક રાખે અને તે ધ્યેયનાં અનુસંધાનમાં તે પુરુષાર્થ કરે તેમાં મહત્ત્વાકાંક્ષા સાથે સંકળાયેલું પાગલપણું નથી. શિક્ષક કંઇ ઉચ્ચ ધ્યેય ન જ રાખે તો તે વર્તમાન સમયના ગતાનુગતિક શિક્ષકથી કંઇ વિશેષ બને એમ કહેવું મને ઉચિત લાગતું નથી.

સદ્ગત સાક્ષર શ્રી ધૂમકેતુ તેમના 'મહત્ત્વાકાંક્ષા : પુરુષાર્થ' પરના નિબંધમાં મહત્ત્વાકાંક્ષામાં વિજયનું ધ્યેય સ્વીકારાયેલું છે અને મહત્ત્વાકાંક્ષી પુરુષ પરાજયનો પછડાટ સહન ન કરી શકે એમ બતાવીને મહત્ત્વાકાંક્ષાને પુરુષાર્થનું હલકામાં હલકું રૂપ ગણાવે છે. તેઓ મહત્ત્વાકાંક્ષાને સદૈવ વર્જ્ય ગણે છે. તેમના નિબંધ પરથી એમ લાગે છે કે તેમણે મહત્ત્વાકાંક્ષા એટલે કંઇક ખૂબ મોટું સ્થાન - સત્તાનું કે સર્વશ્રેષ્ઠ બનવાનું - મેળવવાની તાલાવેલી અને તેમાં વિજય મેળવીને નામના મેળવવાનો મોહ એવો અર્થ કરીને મહત્ત્વાકાંક્ષામાં ખરી રીતે સાચા મનુષ્યને અપમાન લાગવું જોઇએ એવું પ્રતિપાદન કર્યું છે. તેમના સમયમાં 'મહત્ત્વાકાંક્ષા'નાં ઉચ્ચારણથી માણસમાં જે પ્રતિક્રિયા થાય તે તેમણે અસરકારક રીતે સમજાવીને પુરુષાર્થના મહિમા દ્વારા મનુષ્યનાં કર્તવ્યનું અને જીવનનાં યોગ્ય વહેણનું ભાન સુંદર રીતે કરાવ્યું છે. આજે 'મહત્ત્વાકાંક્ષા' શબ્દનો જે પ્રત્યાઘાત માણસને પડે છે તે કોઇ વર્તમાન સાહિત્યકાર શ્રી ધૂમકેતુ કરતાં વધારે તીખી ભાષામાં પણ લખે એવા મહત્ત્વાકાંક્ષી માણસો અવશ્ય રહેલા છે.

પરંતુ મારી નમ્ર રજૂઆત એટલી જ છે કે પુરુષાર્થ કોઇ ચોક્કસ ધ્યેયનાં અનુસંધાનમાં હોય. આ ધ્યેયની સપાટી જરા ઊંચી રાખવામાં આવે તો સવિશેષ પ્રયત્ન થાય અને જે ઊંચી સપાટી રાખી હોય તે પર વ્યક્તિ ન પહોંચી શકે તો છેલ્લી બાકી સાધારણ પ્રકારની સપાટી પર રહે અને એથી નીચી સપાટી પર આવવાનું ન બને. આનો અર્થ એમ નથી કે આખા વિશ્વને જીતવાનું ધ્યેય રાખવું જેથી છેલ્લે બાકી અર્ધુ વિશ્વ જીતાય. કોઇ સાહિત્યકાર આવેશયુક્ત વિચારણાથી સાહિત્ય પરિષદના પ્રમુખ થવાનું ધ્યેય રાખે તો તે મહત્ત્વાકાંક્ષાની નબળી બાજુ છે, પરંતુ તે પોતે જે લખે, નવલિકા કે નવલકથા, ગદ્ય કે પદ્ય, નાટક કે નિબંધ, જીવનચરિત્ર કે પ્રવાસવર્ણન, તેમાં પોતાનું પુસ્તક કે સર્જન ઉચ્ચ કક્ષાનું બને એવું ધ્યેય રાખીને શ્રમ લે તો છેલ્લે બાકી તે સર્જન સામાન્ય કોટિથી નીચું ન જાય એવો મહત્ત્વાકાંક્ષામાં તંદુરસ્ત અર્થ પણ રહેલો છે.

જીવનમાં મહત્ત્વાકાંક્ષા જેવી કોઇ જ બાબત ન હોય તો કાંતો તે વ્યક્તિ કોઇપણ ધ્યેય રાખવા અસમર્થ છે અર્થાત્ સવિશેષ નબળા મનની લાચાર વ્યક્તિ છે અથવા તે સાચા અર્થમાં ત્યાગી હોય. સાચા ત્યાગી તો વિરલ હોય છે, પરંતુ કોઇ ઉચ્ચ ધ્યેય રાખતાં કેટલાક લોકો ડરે છે. આપણે એમાં સફળ ન થઇએ એમ વિચારીને તેઓ નિષ્ક્રિય રીતે જીવવાનું પણ પસંદ કરે છે. બીજી બાજુથી મહત્ત્વાકાંક્ષા એવી બાબત છે કે વ્યક્તિ મનથી કોઇ પ્રકારની મહત્ત્વાકાંક્ષા સ્પષ્ટ કરીને પુરુષાર્થમય બને કે ન બને પણ મહત્ત્વાકાંક્ષાનો જે ભાવ છે કે મોટાઇ મેળવવી તે મનમાં ઓછેવત્તે અંશે રહેતો હોય છે. માણસ જે કંઇ કામ હાથ ધરે તેમાં તે સરસ કરી બતાવે, મોટું સ્થાન મેળવે, યશ, શાબાશી કે વખાણ મેળવે એવો ભાવ, થોડા અપવાદો સિવાય, માણસનાં મનમાં રહેતો હોય છે. પ્રામાણિક પુરુષાર્થના પરિણામરૂપે મોટાઇ કે મોટું સ્થાન મળે તો તેમાં પાપ નથી. પરંતુ ગમે તે પ્રકારે મોટાઇ કે મોટું સ્થાન મેળવવું જ જોઇએ એ મહત્ત્વાકાંક્ષાને વળગેલી ઘેલછા છે. એમાં યોગ્ય વિચારણા અલ્પ છે, આવેશ વધુ પડતો છે. આવા માણસોને ઘડીભર મોટાઈ કે મોટું સ્થાન મળે તો પણ તેમની સુખાકારી તો શંકાસ્પદ જ ગણાય.

માનસિક રીતે વિચારતાં એમ જોવાં મળે છે કે માણસ ઘણીવાર સત્તા, પૈસા, કૌશલ્ય વગેરેનાં મોટાં સ્થાનોનો અંજાઇ જવાય તેવો બાહ્ય આકર્ષક દેખાવ અને તેમાં તેને દેખાતી અદ્ભુત મોટાઇથી રોમાંચ અનુભવે છે. પરિણામે, તે મહત્ત્વાકાંક્ષાનો મર્મ સમજ્યા વિના મહત્ત્વાકાંક્ષાનાં નબળાં પાસાંને પકડીને અળખામણો બનવાનું ટાળી શકતો નથી. આવા માણસને પોતાના અહમને પોષણ - ખોરાક આપ્યે રાખવામાં એટલી તન્મયતા આવી જાય છે કે તેને પોતાની સુખાકારી પણ સમજાતી હોતી નથી. તેથી 'મહત્ત્વાકાંક્ષા' શબ્દ વગોવાઇ ગયો છે અને મહત્ત્વાકાંક્ષા સેવનાર પ્રત્યે અન્ય લોકોને ઘૃણા અને નફરત થાય છે. મહત્વકાંક્ષામાં રહેલા તંદુરસ્ત અર્થની દ્રષ્ટિએ મહત્ત્વાકાંક્ષી થવું એમાં માનવીનું ગૌરવ અવશ્ય રહેલું છે."

❑ ❑ ❑

# અભ્યાખ્યાન

❑ રમણલાલ ચી. શાહ

જગતમાં સારીનરસી પ્રવૃત્તિઓ સતત ચાલતી રહે છે. કેટલીક એવી પ્રવૃત્તિઓ અજાણતાં થઇ જાય છે, તો કેટલીક ઇરાદાપૂર્વક કરવામાં આવે છે. કેટલીક અસદ્ પ્રવૃત્તિ કર્યા પછી, માણસને તેને માટે પશ્ચાતાપ થાય છે. કેટલીક વાર અશુભ કાર્યોના પરિણામ વખતે માણસની આંખ ઊઘડે છે અને તેવું અશુભ કાર્ય ફરી ન કરવાનો તે સંકલ્પ કરે છે. શુભ કાર્યના પરિણામથી માણસને આનંદ થાય છે અને તેની તે માટેની શ્રદ્ધા-રુચિ વધે છે. પાપ- પુણ્યની આવી પ્રવૃત્તિઓ માટે બધા જ માણસો એકસરખા જાગ્રત, સમજદાર અને ક્રિયાશીલ નથી હોતા. સામાન્ય માણસોની પાપ-પુણ્ય વિશે પ્રકૃતિ કેવી હોય છે તે વિશે શ્રી હરિભદ્રસૂરિએ સચોટ કહ્યું છે :

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति, पापं कुर्वन्ति सादराः ॥

(માણસને પુણ્યના ફળની ઇચ્છા થાય છે, પરંતુ પુણ્યકાર્ય કરવાની ઇચ્છા હોતી નથી. તેવી જ રીતે માણસોને પાપનાં ફળ ભોગવવાની ઇચ્છા થતી નથી, પરંતુ તેઓ પાપ આદરપૂર્વક ( રસપૂર્વક) કરે છે.)

સંસારમાં પાપ અનેક પ્રકારના છે. પરંતુ શાસ્ત્રકારોએ બહોળું વર્ગીકરણ કરીને અઢાર પ્રકારનાં પાપ બતાવ્યાં છે. એમાં પાંચ પ્રકારનાં પાપ તે અહિંસાદિ વ્રતોના ખંડનરૂપ છે, ચાર પાપ ક્રોધાદિ ચાર કષાયનાં છે; બે પાપ રાગ અને દ્વેષરૂપી છે તદુપરાંત કેટલાંક પાપ તો કષાયજન્ય છે અને મનુષ્યના મનની નિર્બળતારૂપ છે. છેલ્લું અઢારમું મોટું પાપ તે મિથ્યાત્વરૂપી છે.

આ બધાં પાપોમાં તેરમું પાપ તે ખોટાં આળ ચડાવવારૂપ અભ્યાખ્યાન છે 'અભ્યાખ્યાન' સંસ્કૃત શબ્દ છે, એનો અર્થ થાય છે ખોટો આરોપ મૂકવો. એ જ અર્થમાં 'અભ્યાખ્યાન' જૈન ધર્મનો એક પારિભાષિક શબ્દ બની ગયો છે. 'અભ્યાખ્યાન' શબ્દ અભિ + આખ્યાન ઉપરથી આવ્યો છે. આખ્યાન એટલે બોલવું, ભાષણ કરવું, વચન ઉચ્ચારવું ઇત્યાદિ. 'અભિ' ઉપસર્ગ છે. 'વિશેષપણે, 'ભારપૂર્વક', 'સામેથી', 'પ્રતિ' જેવા અર્થમાં તે પ્રયોજાય છે. (સંસ્કૃતમાં 'અભિખ્યાન' શબ્દ પણ છે. એનો અર્થ કીર્તિ થાય છે.)

ભગવતી સૂત્રના પાંચમા શતકના છઠ્ઠા ઉદેશાનીટીકામાં 'અભ્યાખ્યાન'ની વ્યાખ્યા બાંધતાં કહેવાયું છે - : अभिमुखेन आख्यानं दोषाविष्करणम् अभ्याख्यानम् ।। અભિમુખેન એટલે સામેથી અભ્યાખ્યાન એટલે સામેથી દોષોનું આવિષ્કરણ કરવું. સ્થાનાંગ સૂત્રના પ્રથમ અધ્યયન (૪૮-૪૯)ની ટીકામાં અભ્યાખ્યાનની વ્યાખ્યા ટીકાકારે આ પ્રમાણે આપી છે : अभ्याख्यानं प्रकटमसदोषारोपणम् ।। અભ્યાખ્યાન એટલે પ્રગટ રીતે, ન હોય તેવા દોષોનું આરોપણ કરવું. એવી જ રીતે, આ જ અર્થમાં અભ્યાખ્યાનની વ્યાખ્યા નીચે પ્રમાણે અપાય છે.:

क्रोधमानमायालोभादिभिः परेष्वविद्यमान दोषोद्भावर्नमभ्याख्यानम् ।

(ક્રોધ, માન, માયા અને લોભ વગેરેને કારણે બીજા ઉપર અવિદ્યમાન - ન હોય તેવા - દોષોનો આરોપ કરવો તેને અભ્યાખ્યાન કહે છે.)

हिंसादेः कर्तुविरस्य विरताविरतस्य वायमस्य कर्तेत्यभिधानम् अभ्याख्यानम् ।

(હિંસાદિ કાર્ય કરીને હિંસાથી વિરક્ત એવા મુનિ અથવા શ્રાવકને માથે દોષ લગાવીને 'આ કાર્ય એમણે કર્યુ છે' એમ કહેવું તે 'અભ્યાખ્યાન' છે.)

અભ્યાખ્યાનની નીચે પ્રમાણે એવી જ બીજી વ્યાખ્યા આપવામાં આવે છે:

अभ्याख्यानं असद् अभियोगः ।

'અભિયોગ' શબ્દના આક્રમણ કરવું, સંઘર્ષ કરવો, આક્ષેપ મૂકવો, ન્યાયાલયમાં ફરિયાદ કરવી એવા જુદા જુદા અર્થ થાય છે. અહીં અસદ્ એટલે ખોટો અને અભિયોગ એટલે આક્ષેપ કરવો એવો અર્થ લેવાનો છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ અઢાર પાપસ્થાનકની સજ્ઝાયમાં અભ્યાખ્યાન એટલે પરનાં અછતાં આલ ઉચ્ચારવાં એવું સરળ ભાષામાં સમજાવ્યું છે. જુઓ :

પાપસ્થાનક તે તેરમું છાંડીએ,
અભ્યાખ્યાન દુરંતોજી;
અછતાં આલ જે પરનાં ઉચ્ચરે,
દુઃખ પામે તે અનંતો જી.

અભ્યાખ્યાનની પ્રવૃત્તિ પરાપૂર્વથી ચાલતી આવી છે. મહાસતી સીતા, મહાસતી દમયંતી, મહાસતી અંજના, મહાસતી કલાવતી વગેરે કેટલીક સતીઓ આવાં અભ્યાખ્યાનની ભોગ થઇ પડી હતી અને ઘણું દુઃખ ભોગવ્યા પછી નિર્દોષ પુરવાર થઇ હતી. મેતારજ મુનિ ઉપર ચોરીનો આરોપ આવ્યો હતો, તે વહેમ-શંકાથી આવ્યો હતો, પરંતુ સત્ય ઉચ્ચારવા જતાં જીવહિંસા થશે એવા કરુણાભાવથી એમણે મારણાન્તિક કષ્ટ સહન કરી લીધું હતું. સમયે સમયે કેટલાય સંત -મહાત્માઓ ઉપર જો અભ્યાખ્યાન થાય છે, તો વ્યવહારમાં સામાન્ય મનુષ્યોની તો વાત જ શી ?

શાસ્ત્રકારોએ જે અઢાર પ્રકારનાં પાપસ્થાનક ગણાવ્યાં છે, એમાં તેરમાં પાપસ્થાનક તરીકે અભ્યાખ્યાનને ગણાવ્યું છે. અભ્યાખ્યાનઃ બીજા ઉપર ખોટો આરોપ મૂકવામાં આવે છે, એટલે એમાં મૃષાવાદનો દોષ આવે છે. આમ છતાં અભ્યાખ્યાનને એક સ્વતંત્ર પાપસ્થાનક તરીકે શાસ્ત્રકારોએ ગણાવ્યું છે, કારણ કે એને જુદું ગણાવવાથી જ એમાં રહેલા પાપકર્મના ભારેપણાનો માણસને સાચો ખ્યાલ આવે. મૃષાવાદમાં નાનાં-નાનાં, નજીવાં, નિર્હેતુક, અજાણતાં ઉચ્ચારાતાં અસત્યોથી માંડીને ભારે મોટા જૂઠાણાં સુધીનું વિશાળ ક્ષેત્ર હોય છે અને એમાં ઘણી બધી તરતમતા હોય છે. અભ્યાખ્યાનમાં સહેતુક, દ્વેષપૂર્ણ, બીજાની જિંદગી બરબાદ કરી નાખે એવા એક જુદા જ પ્રકારના ભારે અસત્યનું કથન રહેલું હોય છે. વળી એની સાથે ક્રોધાદિ પ્રકારના ભારે કષાયો પણ સંલગ્ન રહેલાં હોય છે. એટલે આવા ભારે પાપકર્મને જુદું બતાવવાની આવશ્યક્તા રહેલી છે.

અઢાર પાપસ્થાનકોમાં કેટલાંક પાપ બોલવાથી બંધાય છે. વચનયોગનાં એ પાપોમાં મૃષાવાદ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, પરપરિવાદ વગેરે મુખ્ય ગણાવી શકાય. ક્રોધ, કલહ, માયામૃષાવાદમાં પણ વચનયોગ હોય છે. હિંસાદિ અન્ય પાપોમાં કાયાના કે મનના યોગ સાથે ક્યારેક વચનયોગ પણ હોઇ શકે છે. અસંયમિત વાણી પાપ બાંધવામાં કેવું પ્રબળ નિમિત્ત બની જાય છે આવા પ્રસંગે આપણને જોવા મળે છે.

અભ્યાખ્યાન, પૈશૂન્ય અને પરપરિવાદ એ નજીક નજીકનાં - એકબીજાને મળતાં આવે એવાં પાપો છે. એમ છતાં તે દરેકને સ્વતંત્ર પાપ તરીકે ઓળખાવવામાં આવ્યું છે. પૈશૂન્ય એટલે ચાડી ખાવી, ગુપ્ત વાત જાહેર કરી દેવી. એમાં અસત્ય હોય કે ન પણ હોય. પરપરિવાદ એટલે નિંદા કરવી. એમાં પણ અસત્ય હોય કે ન પણ હોય. પરંતુ અભ્યાખ્યાનમાં સ્પષ્ટપણે અસત્ય જ હોય. આ અસત્યનું દોષારોપણ બીજાને ઉતારી પાડવા માટે કે વગોવવા માટે જ કરવામાં આવ્યું હોય છે. એટલા માટે પૈશુન્ય કે પરપરિવાદ કરતાં અભ્યાખ્યાનનું પાપ વધારે ભયંકર મનાય છે.

અભ્યાખ્યાન વચન યોગનું પાપ હોવા છતાં કેટલીક વાર માણસ મનમાં ને મનમાં કોઇક ઉપર વહેમ કે રોષથી આળ ચડાવે છે, પરંતુ બીજા આગળ તે વ્યક્ત કરવાની તેની હિંમત હોતી નથી. ખૂન, ચોરી, દુર્વ્યસન, વ્યભિચાર, બળાત્કાર, લાંચ લેવી, ગેરરીતિ- અનીતિ આચરવી, અન્યાયપૂર્વક વર્તન કરવું ઇત્યાદિ પ્રકારનાં અભ્યાખ્યાન મોટાં ગણાય છે. એવા અસત્ય-દોષારોપણો ક્યારેક ભયંકર સ્વરૂપ ધારણ કરે છે. 'અમુક વ્યક્તિ તમારે માટે આમ કહેતી હતી' જેવાં ખોટાં દોષારોપણો પણ વર્ષોના ગાઢ સંબંધોને વિચ્છિન્ન કરી નાખે છે. આક્ષેપો મૂકવાનું કાર્ય સરળ છે, પરંતુ તે પુરવાર કરવાનું અઘરું છે. વ્યક્તિગત અંગત સંબંધોમાં બધી જ વાતોની મોઢામોઢ સાબિતીઓ મંગાતી નથી. ઘણા માણસો કાચા કાનના હોય છે અને સાંભળેલી

વાતને સાચી માની લે છે. વર્તમાનકાળમાં એકંદરે લોકોને બીજાની સારી વાતોને બદલે નબળી વાતોમાં વધુ રસ પડતો હોય છે. સાચી કે ખોટી નબળી વાતો જલ્દી પ્રસરતી હોય છે. વળી, એકની એક ખોટી વાતનું સતત પુનરુચ્ચારણ સત્યાભ્યાસ જન્માવે છે.

બીજાઓ ઉપર ખોટાં કલંક ચડાવવાનું, અભ્યાખ્યાનની પ્રવૃત્તિ કરવાનું માણસને મન કેમ થતું હશે એવો પ્રશ્ન કોઇને થાય. શાસ્ત્રકારો કહે છે કે માણસથી હિંસા, ચોરી, બળાત્કાર વગેરે મોટા પાપો થઈ જાય છે અને પકડાઇ જવાની બીક લાગે છે અથવા પકડાઇ જાય છે ત્યારે પોતે એ ગુનો કર્યો નથી પણ ફલાણાએ કર્યો છે એવો બીજા ઉપર આક્ષેપ મૂકીને છટકવાનો પ્રયત્ન કરે છે. વળી, શાસ્ત્રકારો કહે છે કે ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયના તીવ્ર આવેગને કારણે માણસ બીજા ઉપર આક્ષેપ મૂકે છે. તદુપરાંત બીજાની પરીક્ષા કરવા, ઉપહાસ કરવા અથવા પોતાના ઉપર થયેલા સાચા આક્ષેપનો પ્રતિકાર કરવા માણસ બીજા ઉપર ખોટો આક્ષેપ મૂકે છે. ક્યારેક વહેમને કારણે અથવા માત્ર આભાસ ઉત્પન્ન થવાને કારણે પણ બીજા ઉપર ખોટો આક્ષેપ કરાઇ જાય છે. સુભદ્રા, વંકચૂલ વગેરેનાં દ્રષ્ટાન્ત એ માટે જાણીતાં છે.

કેટલાક માણસોની દ્રષ્ટિ જ એવી વિકૃત હોય છે કે એમને બધે વિપરીત જ દેખાય છે અને તેઓ હાલતાં-ચાલતાં જીભના એક રોગની જેમ બીજા ઉપર આળ ચડાવતા હોય છે. 'હિંગુલપ્રકરણ' ગ્રંથમાં અભ્યાખ્યાન વિશે લખ્યું છેઃ

काचक्रामलदोषेण पश्चेन्नेत्रे विपर्ययम् ।
अभ्याख्यानं वदेग्जीव्हा तत्र रोग क उच्यते ॥

(આંખમાં કંઇ ઊલટું દેખાય તો તેમાં કમળાના રોગનો દોષ હોય છે; પરંતુ જીભ જો અભ્યાખ્યાન ઉચ્ચારે- પારકા ઉપર આળ ઉચ્ચારે તો ત્યાં ક્યો રોગ કહેવો અર્થાત્ કોનો દોષ કાઢવો ?)

કેટલાક માણસો એટલા નિર્લજ્જ કે ધૃષ્ટ હોય છે કે બીજી વ્યક્તિ ઉપર પ્રત્યક્ષ આળ ચડાવતા હોય છે. ખૂન કે વ્યભિચાર જેવા કલંક કરતાં ચોરીનું આળ પ્રત્યક્ષ ચડાવવાના પ્રસંગો વધુ બનતા હોય છે. તે વ્યક્તિએ એવી ચોરી નથી કરી એવું પોતે સ્પષ્ટપણે જાણતા હોવા છતાં એવું આળ ચડાવવામાં આવે છે. કેટલાક માણસોમાં એવી હિંમત હોતી નથી કે બીજાના ઉપર પ્રત્યક્ષ આળ ચડાવે, કારણકે પોતાને તરત ખોટા પડવાની ભીતિ હોય છે. પરંતુ પરોક્ષ રીતે તેઓ 'મેં નજરે જોયું છે..., મેં સાંભળ્યું છે...' એમ કહીને અભ્યાખ્યાનની પ્રવૃત્તિ ચાલુ કરી દેતા હોય છે. કેટલાક માણસો એવી રોગિષ્ઠ મનોવૃત્તિવાળા હોય છે કે થોડે થોડે વખતે તેઓ ચારિત્રહનન - Character Assasinationની પ્રવત્તિ ન કરે તો તેમને ચેન પડતું નથી. બીજાનો ઉત્કર્ષ તેમનાથી ...તો નથી એટલે અભ્યાખ્યાનની આવી પ્રવૃત્તિઓમાં તેઓ રાચે છે.

કેટલાક માણસોને જીવનમાં એવી સફળતા મળી હોતી નથી અથવા પોતાની શક્તિની કદર, પોતાના વિચિત્ર સ્વભાવને કારણે જ થઇ હોતી નથી. એવા ગુણદ્વેષી માણસો જો બોલકા હોય તો બીજાને હલકા પાડવા માટે જૂઠાણાં હાંકતાં હોય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે :

જે બહુમુખરી રે વળી ગુણમત્સરી,
અભ્યાખ્યાની હોયજી.
પાતક લાગે રે અણકીધાં સહી,
તે કીધું સવિ ખોયજી.

કેટલાક માણસો પોતે બીજા ઉપર ઇરાદાપૂર્વક કોઇ આળ ચડાવતા નથી હોતા. પરંતુ તેમનો નિંદારસ એટલો પ્રબળ હોય છે અને એમની ગુણ-મત્સરતા એટલી તીવ્ર હોય છે કે ક્યાંકથી સાંભળેલા અભ્યાખ્યાનને તેઓ વહેતું રાખે છે. કોઇકની નબળી વાત સાંભળવા તેઓ હંમેશા ઉત્સુક રહે છે, ક્યારેક તે માટે સામેથી પૂછપરછ ચાલુ કરે છે; એવી વાત સાંભળવા મળે તો તેઓ તેમાં રાચે છે, રાજી થાય છે અને બીજા કેટલાકને પોતે એ વાત ન કહી દે ત્યાં સુધી તેમને સંતોષ થતો હોતો નથી. પોતે આળ નથી ચડાવતા, પણ સત્ય હકીકત જાણતા હોવા છતાં બીજા ઉપર કોઇકે ચડાવેલા આળને 'કહેવાય છે કે....', 'સાંભળ્યું છે કે...' એમ કહીને, પ્રસારવામાં તેઓ સહર્ષ નિમિત્ત થતાં હોય છે.

કેટલાક માણસો આળ પોતે ઇરાદાપૂર્વક ઊભું કરતા હોય છે, પરતું પોતે કોઇકની પાસેથી સાંભળ્યું છે એમ કહીને એનો પ્રચાર કરતા હોય છે. કેટલાક માણસોની મથરાવટી જ એટલી મેલી હોય છે કે દુષ્કૃત્યોથી ભરેલા એના જીવનને લક્ષમાં રાખી પોતાનો કે કોઇકનો ગુનો એને માથે ઓઢાડી દેવામાં આવે છે.

પોતાના ઉપર કોઇએ આળ ચડાવ્યું હોય તો અજ્ઞાની જીવ તેની સાથે વેર બાંધે, તેનું અહિત ઇચ્છે અને પ્રતિકારરૂપે એ જ આળ કે એવું બીજું આળ કે એક કરતાં વધુ આળ તેના ઉપર સામું ચડાવે. ક્યારેક પોતાની જો વધુ શક્તિ અને લાગવગ વધુ હોય અને વેર લેવાનો આક્રોશ અતિશય ઉગ્ર હોય તો આળ ચડાવનારની હત્યા પણ કરી નાખે. આમ એક વ્યક્તિના એક પાપમાંથી બીજી વ્યક્તિનાં બીજાં પાપ બંધાય છે. ક્યારેક આવી ક્રિયા-પ્રતિક્રયા વધુ સમય પણ ચાલ્યા કરે છે.

પોતાના ઉપર કોઇએ આળ ચડાવ્યાની ખબર પડે ત્યારે કેટલીક નિર્દોષ પણ નિર્બળ મનની વ્યક્તિ એનો આઘાત જીરવી શકતી નથી. તે દિવસરાત ઉદ્વિગ્ન બની જાય છે. પોતાની થયેલી અપકીર્તિ તેના આંતરમનને કોરી ખાય છે. ભય અને ચિંતા તેને સતત સતાવ્યા કરે છે. અનિદ્રાના વ્યાધિનો તે ભોગ થઇ પડે છે, સંસાર પ્રત્યે તેને હંમેશ માટે નિર્વેદ થઇ જાય છે. જો કોઇક વ્યક્તિ અતિશય સંવેદનશીલ હોય તો તેને કોઇને મોંઢું બતાવવાનું ગમતું નથી. 'લોકો પૂછશે તો ?' - એ જાતનો એને ડર રહ્યા કરે છે. અને પરિસ્થિતિ અસહ્ય બનતાં કાં તો તે કોઇ માનસિક રોગનો ભોગ થઇ પડે છે, ગાંડા કે ચક્રમ જેવી તે વ્યક્તિ થઇ જાય છે. અને ક્યારેક તે આપઘાત પણ કરી બેસે છે.

કેટલાક માણસોમાં નરી જડતા હોય છે. કોઇએ પોતાના ઉપર આળ ચડાવ્યું હોય તો તેની તેમના મન ઉપર કંઇ અસર થતી નથી. તેઓ નિશ્ચિતપણે હરેફરે છે અને આળની વાતને હસી કાઢે છે. એવી વાતને પોતે પણ જલદી ભૂલી જાય છે. આવુ કોઇ ઊંચી સમજણ બુદ્ધિમાંથી નથી થતું, પરંતુ એમની પ્રકૃતિ જ એવી સરળ કે જડ હોય છે.

અભ્યાખ્યાન કરનાર ભારે અશુભ કર્મ બાંધે છે. અભાયાખ્યાનનું પાપ એવું છે કે તે વિષયમાં 'પોતે જોયું છે ' કે 'સાંભળ્યું છે' એવાં વચનો દ્વારા ફરી મૃષાવાદનું અશુભ કર્મ બંધાય છે. આ અશુભ કર્મ એવા પ્રકારનું છે કે તેમાં જાણતાં અજાણતાં વધુ પડતો રસ લેવાઇ જાય છે. અને ભારે અશુભ કર્મની નિકાચના થઇ જાય છે. એવાં નિકાચિત કર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે તે ભોગવવામાં ઘણી શારીરિક-માનસિક યાતના સહન કરવી પડે છે. અભ્યાખ્યાનને પરિણામે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, અશાતાવેદનીય, નીચ ગોત્ર વગેરે પ્રકારનાં ભારે અશુભ કર્મ બંધાઈ જાય છે.

અભ્યાખ્યાનનું પાપકર્મ કેટલું ખરાબ છે તે વિષે ઉપમા આપતાં 'હિંગુલપ્રકરણ' ગ્રંથમાં કહેવાયું છે કેઃ

देवेषु किल्बिषो देवो ग्रहेषु च शनैश्चरः ।
अभ्याख्यानं तथा कर्म सर्व कर्मसु गर्हितम् ॥

(જેમ દેવતાઓમાં કિલ્બિષ નામના દેવતા હલકા ગણાય છે, જેમ ગ્રહોમાં શનિશ્ચર ગ્રહ હલકો ગણાય છે, તેમ બધા કર્મોમાં અભ્યાખ્યાનનું કર્મ - પારકા ઉપર આળ ચઢાવવાનું કર્મ હલકું ગણાય છે.)

અભ્યાખ્યાની કેવા પ્રકારનાં કર્મ બાંધે છે અને ભોગવે છે તે વિશે ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરસ્વામીએ કહ્યું :

जेण परं अलिएणं असंतवयणेणं अब्मक्खाणेणं अब्मकरवाई ।
तस्सणं तहप्पगास चेव कम्मा कज्जंति ।
जत्थेवणं भिसमागच्छति, तत्थेव पडिसंवेदई ।

(भगवती सूत्र ५/६)

(જેઓ બીજા ઉપર જૂઠાં કલંક ચડાવે છે, અભ્યાખ્યાનનું પાપ આચરે છે તેઓ તેવા પ્રકારનાં કર્મ બાંધે છે. જ્યારે તે કર્મ ઉદયમાં આવે છે ત્યારે તે તેવાં ફળ ભોગવે છે.)

આમ, અભ્યાખ્યાનનું પાપકર્મ જ્યારે ઉદયમાં આવે છે ત્યારે જીવને તેવા પ્રકારનાં ભારે દુઃખ ભોગવવાં પડે છે. એટલે જ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ પણ કહ્યું છે :

અછતે દોષે રે અભ્યાખ્યાન જે,
કરે ન પૂરે ઠાણોજી;
તે તે દોષે રે તેહને દુઃખ હોવે,
ઇમ ભાંખે જિન-ભાણોજી.

ધર્મતત્ત્વજ્ઞાનના ક્ષેત્રે પણ જે ન હોય તેવા દોષો કે ભાવોનું આરોપણ કરવું એ પણ અભ્યાખ્યાનનો જ એક પ્રકાર છે. આવા અભ્યાખ્યાનીઓ મિથ્યાત્વી હોય છે. વસ્તુત : મિથ્યાત્વી હોવાને કારણે તેઓ અભ્યાખ્યાની બને છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે :

મિથ્યામતિની રે દશ સંજ્ઞા જિકે,
અભ્યાખ્યાનના ભેદો જી,
ગુણઅવગુણનો જે કરે પાલટો,
તે પામે બહુ ખેદો જી.

આવા મિથ્યાત્વીઓ ગુણ-અવગુણનો પાલટો કરે છે એટલે કે જ્યાં ગુણ હોય ત્યાં અવગુણનું આરોપણ કરે છે. અને અવગુણ હોય તેને ગુણ તરીકે માને છે. આવા મિથ્યાત્વી અભ્યાખ્યાનના ઘણા પ્રકાર સંભવી શકે છે. પરંતુ શાસ્ત્રોમાં તેના મુખ્ય દસ પ્રકાર નીચે પ્રમાણે બતાવવામાં આવે છે :

(૧) ધર્મને અધર્મ કહેવો
(૨) અધર્મને ધર્મ કહેવો
(૩) સન્માર્ગને ઉન્માર્ગ કહેવો
(૪) ઉન્માર્ગને સન્માર્ગ કહેવો
(૫) સાધુને અસાધુ કહેવો
(૬) અસાધુને સાધુ કહેવો
(૭)જીવને અજીવ કહેવો
(૮) અજીવને જીવ કહેવો
(૯) મુક્તને સંસારી કહેવો
(૧૦) સંસારીને મુક્ત કહેવો

જે વ્યક્તિને કર્મસિદ્ધાન્તમાં અટલ વિશ્વાસ છે અને ધર્મમાં રુચિ અને શ્રદ્ધા છે, જે વ્યક્તિને સન્માર્ગે વિકાસ સાધવો છે, તે વ્યક્તિએ અઢારે પ્રકારનાં પાપો આચરતાં અટકવું જોઇએ. બીજાના ઉપર ઇરાદાપૂર્વક ખોટું કલંક ચડાવવારૂપી અભ્યાખ્યાનના પાપથી તો એણે અવશ્ય અટકવું જ જોઇએ, પણ એથી આગળ વધીને બીજાના સાચા જે દોષ હોય તે દોષના પ્રત્યક્ષ કે પરોક્ષ કથનથી પણ અટકવું જોઇએ. એણે ગુણદર્શી અને ગુણગ્રાહી બનવું જોઇએ. બીજામાં સદ્‌ગુણો જોઇને એને હર્ષોલ્લાસ થવો જોઇએ સદવૃત્તાનાં ગુણગણકથા, દોષવાદે ચ મૌનં એવી એની વૃત્તિ અને પ્રવૃત્તિ હોવી જોઇએ.

'હિંગુલપ્રકરણ'માં કહ્યું છે :

यथॉमक्ष्यं न भक्ष्यते द्वादशव्रतधारिभिः ।
अभ्याख्यानं न चोच्येते, तथा कस्यापि पंडितै ॥ ॥

(જેવી રીતે બ્રાર વ્રતધારી માણસોએ અભક્ષ્યનું ભક્ષણ ન કરવું જોઇએ તેવી જ રીતે ડાહ્યા માણસોએ કોઇના ઉપર ખોટું કલંક લગાડવું ન જોઇએ.)

કેટલાક સમતાધારી, સમ્યગ્દ્રષ્ટિ માણસો પર અથવા તેથી પણ આગળ વધેલા, સંસારથી વિરકત બનેલા સાધુ મહાત્માઓ ઉપર કોઇ અસત્યારોપણ કરે, આળ ચડાવે તો તેઓ 'વાસીચંદન કલ્પ'ની જેમ માધ્યસ્થ દ્રષ્ટિ રાખી તે વ્યક્તિને મનોમન માફ કરી દે છે. તેઓ પોતાના આત્માની સાક્ષીએ પોતાની જાતને પૂછી લેતા હોય છે કે આવા આળમાં તથ્ય કેટલું ? જો પોતે નિર્દોષ હોય, પોતાનો આત્મા વિશુદ્ધ હોય તો પોતાના ઉપર ચડાવેલા આળની તેમને મન કશી કિંમત હોતી નથી. તેઓ તેનાથી નિર્લેપ રહે છે. પોતાની અપકીર્તિ થાય તો પણ તેની તેમને દરકાર હોતી નથી, કારણ કે તેઓ જાણે છે. થોડા વખતમાં જ એ અપકીર્તિ દૂર થઇ જશે અને સાચી વાત બહાર આવશે કારણકે તેઓને સત્યમાં અવિચલ શ્રદ્ધા હોય છે. કેટલાક ઊંચી કોટિના મહાત્માઓ તો આવે પ્રસંગે પણ આળ ચડાવનારનો પ્રસન્નતાપૂર્વક ઉપકાર માનતા હોય છે કે આળ ચડાવનાર પોતે ભારે અશુભ કર્મ બાંધીને પોતાનાં ઉદયમાં આવેલાં અશુભ કર્મનો ક્ષય કરવામાં સહાયભૂત થાય છે. વળી એવા જીવોની દુર્ગતિનો વિચાર કરી તેઓ એને માટે દયા પણ ચિંતવતા હોય છે.

પોતાના ઉપર કોઇ ક્યારેય આળ ન ચડાવે તે માટે શું કરવું જોઇએ? માણસે પોતાનું બાહ્ય અને આંતર જીવન એવું સ્વચ્છ અને પારદર્શક જીવવું જોઇએ કે જેથી તેના વિશે અભ્યાખ્યાન કરવાનું કોઇને મન ન થાય, જે માણસ સ્વાર્થી, લોભી, ક્રોધી, છેતરપિંડી કરનારો, અહંકારી, ઉદ્ધત, નિંદાખોર અને ઠેર ઠેર અકારણ કે સકારણ સંઘર્ષ, કલહ, વિસંવાદ કરવાવાળો કે કરાવવાના સ્વભાવવાળો હોય છે તેનાથી દુભાયેલા માણસો તેને હલકો પાડવા માટે તેના ઉપર આળ ચડાવે છે. કેટલીકવાર માણસ ઉપર આવી પડેલા અભ્યાખ્યાન માટે માણસની પોતાની વિચિત્ર પ્રકૃતિ જ જવાબદાર હોય છે. જો માણસ સરળ પ્રકૃતિનો હોય, બીજાના સદગુણોનો ચાહક હોય, અન્ય જીવોનું હિત ઇચ્છનારો અને તેમના પ્રત્યે વાત્સલ્યભાવ ધરાવનારો હો , મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચારે ભાવનાનું સતત શ્રદ્ધાપૂર્વક સેવન કરવાવાળો હોય તો એવા માણસો ઉપર આળ ચડાવવાનું કોઇને ગમે નહિ. કદાચ કોઇ આળ ચડાવે તો તે ટકે નહિ. વળી એવા સદાચારી, સંયમી માણસે પોતાનો જીવનવ્યવહાર એવો ઘડવો જોઇએ કે જેથી કોઇને શંકા કુશંકા કરવાનું મન ન થાય, કારણ કે સમાજને મોંઢે ગળણું બાંધી શકાતું નથી. માણસ અંતરથી સદાચારી હોય એટલું બસ નથી, લોકોની નજરે પણ તેના સદાચારમાં ખામી ન દેખાય એવી બાહ્ય દ્રષ્ટિએ પણ એણે સાવધ રહેવું જોઇએ અને સંશય ઊપજે એવાં સ્થાન અને વાતાવરણ વર્જવાં જોઇએ. વળી કેટકેટલી બાબતમાં એણે પ્રતિજ્ઞા-પચ્ચખાણ ધારણ કરી લીધાં હોવાં જોઇએ કે જેથી પોતાનું ચિત્ત અજાણતાં ચલિત ન થઇ જાય અને લોકોને પણ શ્રદ્ધાં-પ્રતીતિ રહ્યાં કરે. માણસનું વ્યક્તિત્વ અને ચારિત્ર એટલું ઊંચું હોવું જોઇએ કે તેના વિશે કરાયેલું અભ્યાખ્યાન પાછું પડે અને ટકી ન શકે અને અભ્યાખ્યાનીની જ એ માટે વગોવણી થાય. સૂર્ય સામે ધૂળ ઉડાડનારથી સૂર્ય ઢંકાતો નથી પરંતુ ઉડાડનારની આંખમાં ધૂળ પડે છે તેવું સંતમહાત્માઓ વિશે અભ્યાખ્યાન કરનારનું થાય છે. કોઇ માણસ જાણતાં કે અજાણતાં કોઇ અભ્યાખ્યાન થઇ ગયું હોય અને પછી પોતાની ભૂલ સમજાઇ હોય અથવા તેનાં તરત દુષ્પરિણામ ભોગવવાનાં આવ્યાં હોય કે આવવામાં હોય અને પોતે જે દુષ્કૃત્ય કર્યું તે નહોતું કરવું જોઇતું એવી સમજણ આવી હોય તો તેવી વ્યક્તિએ શું કરવું જોઇએ ? એવી વ્યક્તિએ પોતાની ભૂલનો સ્વીકાર વડીલજન, ગુરુ ભગવંત કે તીર્થંકર પરમાત્માની સાક્ષીએ કરવો જોઇએ. તેઓએ પશ્ચાતાપપૂર્વક પોતાના પાપની નિંદા અને ગર્હા કરવી જોઇએ. એવા પાપ માટે યોગ્ય પ્રાયશ્ચિત લેવું જોઇએ અને ફરી એવું પાપ પોતાનાથી ન થઇ જાય તે માટે દ્રઢ સંકલ્પપૂર્વક, પ્રતિજ્ઞાબદ્ધ થવું જોઇએ એ માટે માણસે પોતાની દુર્વૃત્તિઓને ઉપશાન્ત કરવી જોઇએ અને ચિત્તની સતત જાગૃતિપૂર્વક સંયમ તરફ શ્રદ્ધાં સાથે વળવું જોઇએ. સતત ધર્મશ્રવણથી, જિનેશ્વર ભગવાનની વાણીનું શ્રવણ-પરિશીલન કરવાથી આવા દોષોમાંથી બચી શકાય છે અને કરેલાં ભારે કર્મ એથી હળવાં થાય છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે :

'પરનાં આલ ન છતાં દીજિયે, પીજીએ જો જિન-વાણીજી;
ઉપશમ રસસ્યું રે ચિત્તમાં ભીજીએ, કીજીએ સુજસ કમાણી જી.'

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઇ-૪૦૦ ૦૦૮. ફોટોટાઇપસેટિંગ : મુદ્રાંકન, મુંબઇ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૮ ● તા. ૧૬-૮-૧૯૯૨ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯ થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## ઉપાધ્યાયપદની મહત્તા

ચૌદ પૂર્વના સારરૂપ, પંચમંગલ મહાશ્રુત સ્કંધ સ્વરૂપ નવકાર મંત્રમાં પરમેષ્ઠિને નમસ્કાર છે. અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ જગતનાં સર્વોત્કૃષ્ટ મંગલમય આરાધ્ય પદો છે.

નવકારમંત્રમાં 'નમો અરિહંતાણં' અને 'નમો સિધ્ધાણં' એ બે પદમાં અરિહંત અને સિધ્ધને નમસ્કાર છે. અરિહંત અને સિધ્ધમાં દેવ તત્ત્વ રહેલું છે.

'નમો આયરિયાણં', 'નમો ઉવજઝાયાણં' અને 'નમો લોએ સવ્વ સાહૂણં' એ ત્રણ પદમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને નમસ્કાર છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણમાં ગુરુ તત્ત્વ રહેલું છે.

'એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો; મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલમ્ ચૂલિકાનાં આ ચાર પદમાં ધર્મતત્ત્વ રહેલૂં છે.

દેવ, ગુરુ અને ધર્મ-એ ત્રણે તત્ત્વમાં જ્યાં સુધી સાચી સ્વાભાવિક શ્રધ્ધા ન પ્રગટે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ ન થાય. જ્યાં સુધી નવકારમંત્રમાં રસ-રુચિ ન થાય ત્યાં સુધી જીવ આધ્યાત્મિક માર્ગે બીજી ગમે તેટલી સાધના કરે તો પણ તે બહુ ફળદાયી ન નીવડે. એટલા માટે જ શાસ્ત્રકારે 'નમસ્કાર બૃહત્ ફળ પ્રકરણ'માં કહ્યું છે :

सुचिरंपि तवो तवियं, चिन्नं चरणं सुयं च वहु पढियं ।
जई ता न नम्मुकारे रई, तओ तं गयं विहलं ॥

[ઘણા લાંબા કાળ સુધી તપશ્ચર્યા કરી હોય, બહુ સારી રીતે ચારિત્રને પાળ્યું હોય, શ્રુતશાસ્ત્રનો બહુ અભ્યાસ કર્યો હોય, પરંતુ જો નવકાર મંત્રમાં રતિ ન થઈ હોય (આનંદ ન આવતો હોય) તો તે સઘળું નિષ્ફળ ગયું એમ જાણવું.]

નવકાર મંત્રમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુએ ત્રણેને કરેલા નમસ્કારમાં ગુરુને નમસ્કાર છે. કોઈકને પ્રશ્ન થાય કે દેવને નમસ્કાર કરવામાં અરિહંત અને સિધ્ધને જુદા જુદા નમસ્કાર કરાય છે, કારણ કે દેવનાં એ બે સ્પષ્ટ ભિન્ન સ્વરૂપ છે. પરંતુ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણેને જુદા જુદા નમસ્કાર કરવાને બદલે એ ત્રણે માટે માત્ર 'ગુરુ' શબ્દ પ્રયોજીને નમસ્કાર ન કરાય ? દેવ, ગુરુ અને ધર્મનું શરણું આપણે લઈએ છીએ ત્યારે ચાર શરણ જુદાં જુદાં બોલીએ છીએ. ચત્તારિ શરણં... માં અરિહંત, સિધ્ધ, સાધુ અને ધર્મ એ ચારનું શરણું લઈએ છીએ. આચાર્ય અને ઉપાધ્યાયનું જુદું શરણ લેતા નથી. સાધુના શરણમાં તેમનું શરણ આવી જાય છે. તો પછી નવકારમંત્રમાં તેમ ન કરી શકાય ?

વસ્તુત: આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે મુખ્યત: અને પ્રથમત: સાધુ જ છે. એક અપેક્ષાએ તેઓ ત્રણે સમાન છે. તેઓ ત્રણે માટે 'શ્રમણ' શબ્દ જ વપરાય છે. જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પંચાચારનું પાલન, પાંચ મહાવ્રતોનું તથા સમિતિ અને ગુપ્તિનું પાલન, બાર પ્રકારનું તપ, દસ પ્રકારનો મુનિધર્મ, પરિષહ અને ઉપસર્ગનું સહન કરવું, આહાર, શય્યા, વેશ ઈત્યાદિ બાબતોમાં તેઓ વચ્ચે કોઈ ભેદ નથી. તેમ છતાં આધ્યાત્મિક વિકાસક્રમની દ્રષ્ટિએ સાધુ અને આચાર્ય વચ્ચે તરતમતાની અનેક ભૂમિકાઓ રહેલી છે. નવદીક્ષિત સાધુથી શરૂ કરીને આદર્શ આચાર્ય સુધીનો વિકાસક્રમ આરાધકના લક્ષમાં રહેલો જોઈએ. એટલા માટે જ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને જુદા જુદા નમસ્કાર કરવાની આવશ્કતા છે. કોઈકને કદાચ પ્રશ્ન થાય કે તો પછી આચાર્ય અને સાધુને નમસ્કાર કરવાની વાત યોગ્ય જણાય છે, પણ વચ્ચે ઉપાધ્યાયના પદની શી આવશ્કતા છે ? દેવ તત્ત્વમાં જેમ અરિહંત અને સિધ્ધ એવા બે વિભાગ પાડ્યા તેમ ગુરુ તત્ત્વમાં આચાર્ય અને સાધુ એવા બે વિભાગ શું બસ નથી ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે જૈન શાસનની પરંપરા જો બરાબર વ્યવસ્થિત રીતે ચલાવવી હોય તો ઉપાધ્યાયનું પદ માત્ર આવશ્યક જ નહિ, અનિવાર્ય છે. સાધુ અને આચાર્ય વચ્ચે માત્ર ઉપાધ્યાયનું પદ જ નહિ, બીજા ઘણાં પદ ઊભાં કરવાં હોય તો કરી શકાય. પરંતુ તેમાં આદર્શ સ્વરૂપનું સ્તંભરૂપ પદ હોય તો તે એકમાત્ર ઉપાધ્યાયનું જ છે. તીર્થંકર પરમાત્માએ પ્રબોધેલા મોક્ષમાર્ગના જ્ઞાનને લોકો સુધી, અને વિશેષપણે સર્વવિરતિ સાધુ સુધી વ્યવસ્થિત રીતે પહોંચાડવાનું કાર્ય ઉપાધ્યાય ભગવંતોજ કરતા હોય છે. વ્યવહારમાં ઉપાધ્યાય નામધારી બધાજ ઉપાધ્યાયો એક સરખી કોટિનાં ન હોઈ શકે, પરંતુ જૈનદર્શનમાં ઉપાધ્યાય ભગવંતનો જે આદર્શ રજૂ કરવામાં આવ્યો છે અને એમના જે ગુણો દર્શાવવામાં આવ્યા છે તે જોતાં નવકાર મંત્રમાં ઉપાધ્યાય-ઉવજ્ઝાય ભગવંતને જે નમસ્કાર કરવામાં આવે છે તેની યથાર્થતાની સર્વથા સદ્યપ્રતીતિ થયા વગર રહેશે નહિ. શ્રુતજ્ઞાનના ધારક ઉપાધ્યાય ભગવંત ન હોય તો મોક્ષમાર્ગ ઝડપથી લુપ્ત થઈ જાય. એટલા માટે જ અનાદિ સિધ્ધ નવકાર મંત્રમાં 'નમો ઉવજ્ઝાયાણં' પદનું એટલું જ મહત્ત્વ રહેલું છે.

ઉપાધ્યાય (અર્ધમાગધીમાં ઉવજઝાય) શબ્દની વ્યાખ્યા નીચે પ્રમાણે જોવા મળે છે;

उपेत्य अधीयतेऽस्मात् ।

[જેમની પાસે જઈને અધ્યયન કરવામાં આવે છે તે ઉપાધ્યાય.]

❖ ❖ ❖

उप–समीपे अधिवसनात् श्रुतस्य आयो–लाभो भवति येभ्यस्ते उपाध्यायाः ।

[જેમની પાસે રહેવાથી શ્રુતનો આય (લાભ) થાય છે તે ઉપાધ્યાય.]

❖ ❖ ❖

હેમચંદ્રાચાર્ય 'અભિધાનચિંતામણિ'માં કહે છે :

उपाध्यायस्तु पाठकः ।

[જે ભણાવે, પઠન કરાવે તે ઉપાધ્યાય]

❖ ❖ ❖

अधि–आधिक्येन गम्यते ईति उपाध्यायः ।

[જેમની પાસે અધિકવાર જવાનું થાય છે તે ઉપાધ્યાય.]

❖ ❖ ❖

स्मर्यते सूत्रतो जिनप्रवचनं येभ्यस्ते उपाध्यायाः ।

[જેમની પાસે જિનપ્રવચનનું સ્મરણ તાજું કરવામાં આવે છે તે ઉપાધ્યાય.]

❖ ❖ ❖

उपाधानमुपाधिः सन्निधिस्तेनोपाधिना उपाधौ वा आयो–लाभः श्रुतस्य येषामुपाधीनां वा विशेषणानां प्रक्रमाच्छोभनानामायो–लाभो येभ्यस्ते उपाध्यायाः ।

[જેમની ઉપાધિ અર્થાત સંનિધિથી શ્રુતનો આય અર્થાત લાભ થાય છે તે ઉપાધ્યાય.]

❖ ❖ ❖

आधिनां मनः पीडानामायो लाभः–आध्यायः अधियां वा (नञः कुत्सार्थत्वात्) कुबुद्धीनामायोऽध्यायः, दुर्ध्यानं वाध्यायः उपहतः आध्यायः वा यैस्ते उपाध्यायः ।

[જેઓએ આધિ, કુબુધ્ધિ અને દુર્ધ્યાનને ઉપહત અર્થાત્ સમાપ્ત કરી દીધું છે તે ઉપાધ્યાય છે.]

❖ ❖ ❖

'આવશ્યકચૂર્ણિ'માં કહ્યું છે :

तमुपेत्य शिष्टा अधियन्त ईत्युपाध्यायः ।

[જેમની પાસે જઈને શિષ્ય અધ્યયન કરે છે તે ઉપાધ્યાય છે.]

❖ ❖ ❖

'આવશ્યકનિર્યુક્તિ'માં કહ્યું છે :

उत्ति उवओगकरणे वत्ति अ पावपरिवज्जणे होई ।

झत्ति अ झाणस्स कए उत्ति अ ओसक्कणा कम्मे ॥

[જેઓ ઉ એટલે ઉપયોગપૂર્વક, વ એટલે પાપકર્મનું પરિવર્જન કરતાં કરતાં ઝ એટલે ધ્યાન ધરીને, ઉ એટલે કર્મમલને દૂર કરે છે તે ઉપાધ્યાય છે.]

❖ ❖ ❖

'રાજવાર્તિક'માં તથા 'સર્વાર્થ સિદ્ધિ'માં ઉપાધ્યાયની વ્યાખ્યા આપતાં કહ્યું છે :

विनयेनोपेत्य यस्माद् व्रतशीलभावनाधिष्ठानादागमं श्रुताख्यमधियते ईत्युपाध्यायः >

[જેમની પાસે ભવ્યજનો વિનયપૂર્વક જઈને શ્રુતનું અધ્યયન કરે છે એવા વ્રતશીલ અને ભાવનાશાળી મહાનુભાવ ઉપાધ્યાય કહેવાય છે.]

'નિયમસાર'માં શ્રી કુંદકુંદાચાર્યે ઉપાધ્યાય મહારાજનાં લક્ષણો દર્શાવતાં કહ્યું છે :

रयणत्तयसंजुत्ता जिणकहियपयत्थदेसया सूरा ।

णिक्कखभावसहिया उवज्झाया एरिसा होंति ॥

[રત્નત્રયથી સંયુક્ત, જિનકથિત પદાર્થોનો ઉપદેશ કરવામાં શૂરવીર તથા નિઃકાંક્ષા ભાવવાળા એવા ઉપાધ્યાય હોય છે.]

❖ ❖ ❖

દિગંબર પરંપરાના 'ધવલા' ગ્રંથમાં કહ્યું છે :

चोदस–पुव्व–महोपहिमहिगम्म सिवरित्थिओ सिवत्थीणं ।

सीलधराणं वत्ता होई मुणीसो उवज्झायो ॥

[જેઓ ચૌદ પૂર્વરૂપી મહાસાગરમાં પ્રવેશ કરીને મોક્ષમાર્ગમાં સ્થિત છે તથા મોક્ષની ભાવનાવાળા શીલંધરોને (મુનિઓને) ઉપદેશ આપે છે એવા મુનીશ્વરો તે ઉપાધ્યાય છે.]

ઉપાધ્યાય ભગવંતનો મહિમા કેટલો બધો છે તે શાસ્ત્રકારોએ એમના ગણાવેલા ગુણો ઉપરથી સમજાય છે. પંચપરમેષ્ઠિના કુલ ૧૦૮ ગુણ ગણાવવામાં આવે છે. તેમાં અરિહંતના બાર, સિધ્ધના આઠ, આચાર્યના છત્રીસ, ઉપાધ્યાયના પચીસ અને સાધુના સત્તાવીસ ગુણ હોય છે.

ઉપાધ્યાય ભગવંતના પચીસ ગુણ નીચે પ્રમાણે ગણાવવામાં આવે છે :

૧૧ ગુણ : અગિયાર અંગશાસ્ત્ર પોતે ભણે અને ગચ્છમાં બીજાઓને ભણાવે.

૧૨ ગુણ : બાર ઉપાંગશાસ્ત્રો પોતે ભણે અને ગચ્છમાં બીજાઓને ભણાવે.

૧ ચરણસિત્તરી પોતે પાળે અને પળાવે.

૧ કરણસિત્તરી પોતે પાળે અને પળાવે.

આમ, ઉપાધ્યાય ભગવંતના આ પ્રમાણે જે પચ્ચીસ ગુણ ગણાવવામાં આવે છે તે સંક્ષિપ્ત નીચે પ્રમાણે છે :

અગિયાર અંગસૂત્રોનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમવાયાંગ, (૫) વિવાહ પ્રજ્ઞપ્તિ (ભગવતી ટીકા), (૬) જ્ઞાતાધર્મકથા, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃતદશાંગ, (૯) અનુત્તરોપપાતિક, (૧૦) પ્રશ્નવ્યાકરણ, (૧૧) વિપાકસૂત્ર.

બાર ઉપાંગસૂત્રોનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) ઓવવાઈય (૨) રાયપસેણિય, (૩) જીવાજીવાભિગમ, (૪) પણ્ણવણા, (૫) સૂરપણ્ણત્તિ, (૬) જંબૂદીવપણ્ણત્તિ, (૭) ચંદપણ્ણત્તિ, (૮) નિરયાવલિયા, (૯) કપ્પવડંસિયા, (૧૦) પુપ્ફિયા, (૧૧) પુપ્ફચૂલિયા, (૧૨) વણ્હિદસા.

ચરણ એટલે ચારિત્ર. સિત્તરી એટલે સિત્તેર. ચારિત્રને લગતા સિત્તેર બોલ એટલે 'ચરણસિત્તરી.' સાધુ ભગવંતોએ આ સિત્તેર બોલ પાળવાના હોય છે. એમાં પણ એ પાળવામાં જ્યારે સમર્થ થાય ત્યારે તેઓ ઉપાધ્યાય પદને પાત્ર બને છે.

ચરણસિત્તરીના સિત્તેર બોલ માટે નીચે પ્રમાણે ગાથા છે :

वयसमणधम्म–संजम–वेयावच्चं च बंभगुत्तिओ ।

नाणाइतिअं तव कोहनिग्गहाई चरणमेवं ॥

[વ્રત, શ્રમણધર્મ, સંયમ, વૈયાવચ્ચ, બ્રહ્મચર્યની ગુપ્તિઓ, જ્ઞાનાદિત્રિક, તપ અને ક્રોધાદિનો નિગ્રહ એ ચરણ છે.]

આમ, ચરણસિત્તરીના સિત્તેર બોલ નીચે પ્રમાણે છે :

| | પ્રકાર |
|---|---|
| વ્રત (અહિંસાદિ મહાવ્રત) | ૫ પ્રકારનાં |
| શ્રમણ ધર્મ | ૧૦ પ્રકારનો |
| સંયમ | ૧૭ પ્રકારનો |
| વૈયાવચ્ચ | ૧૦ પ્રકારની |
| બ્રહ્મચર્યની ગુપ્તિઓ (વાડ) | ૯ પ્રકારની |
| જ્ઞાનાદિત્રિક (જ્ઞાન, દર્શન, ચારિત્ર) | ૩ પ્રકારના |
| તપ (છ બાહ્ય+છ આભ્યંતર) | ૧૨ પ્રકારનાં |
| ક્રોધાદિનો (ચાર કષાયોનો) નિગ્રહ | ૪ પ્રકાર |
| કુલ | ૭૦ પ્રકાર |

કરણ એટલે ક્રિયા. સિત્તરી એટલે સિત્તેર બોલ. કરણસિત્તરી વિશે નીચેની ગાથામાં કહેવાયું છે :

पिंड विसोही समिई, भावण पडिमा य इंदिअनिरोहो ।

पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु ॥

[પિંડ વિશુધ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમા, ઈન્દ્રિયનિરોધ, પ્રતિલેખના, ગુપ્તિ અને અભિગ્રહ એ કરણ (ક્રિયા) છે.]

કરણસિત્તરીના ૭૦ બોલ નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| પિંડવિશુધ્ધિ | ૪ પ્રકારની |
| સમિતિ | ૫ પ્રકારની |
| ભાવના | ૧૨ પ્રકારની |
| પ્રતિમા | ૧૨ પ્રકારની |
| ઈન્દ્રિયનિરોધ | ૫ પ્રકારનો |
| પ્રતિલેખના | ૨૫ પ્રકારની |
| ગુપ્તિ | ૩ પ્રકારની |
| અભિગ્રહ | ૪ પ્રકારના |
| કુલ | ૭૦ પ્રકાર |

ઉપાધ્યાય ભગવંતના પચીસ ગુણ બીજી રીતે પણ ગણાવવામાં આવે છે, જેમકે અગિયાર અંગના અગિયાર ગુણ અને ચૌદ પૂર્વના ચૌદ ગુણ એમ અગિયાર અને ચૌદ મળીને પચીસ ગુણ, અગિયારઅંગનાં નામ ઉપરઆપ્યાં છે. ચૌદ પૂર્વનાં નામ નીચે પ્રમાણે છે : (૧) ઉત્પાદ પૂર્વ, (૨) અગ્રાયણીય પૂર્વ, (૩) વીર્યપ્રવાદ પૂર્વ, (૪) અસ્તિપ્રવાદ પૂર્વ, (૫) જ્ઞાનપ્રવાદ પૂર્વ, (૬) સત્યપ્રવાદ પૂર્વ, (૭) આત્મપ્રવાદ પૂર્વ, (૮) કર્મપ્રવાદ પૂર્વ, (૯)

પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વ, (૧૦) વિદ્યાપ્રવાદ પૂર્વ, (૧૧) કલ્યાણ પૂર્વ, (૧૨) પ્રાણાયુ પૂર્વ, (૧૩) ક્રિયાવિશાલ પૂર્વ, (૧૪) લોકબિંદુસાર પૂર્વ.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ 'નવકાર ભાસ'માં ઉપાધ્યાય ભગવંતના પચીસ ગુણ આ બંને રીતે દર્શાવ્યા છે. જુઓ :

અંગ આગ્યાર, ચૌદ પૂર્વ જે, વલી ભણિ ભણાવે જેહ રે;
ગુણ પણવીસ અલંકર્યા, દ્રષ્ટિવાદ અરથ ગેહ રે.

❖ ❖ ❖

અથવા અંગ ઈગ્યાર જે વલી, તેહના બાર ઉપાંગ રે;
ચરણકરણની સિત્તરી, જે ધારે આપણઈ અંગ રે.

ઉપાધ્યાય મહારાજના પચીસ ગુણમાં અગિયાર અંગ, બાર ઉપાંગ તથા નંદીસૂત્ર અને અનુયોગસૂત્ર એમ બે મળીને પચીસ ગુણ ગણાવાય છે.

ઉપાધ્યાયના પચીસ ગુણ નીચે પ્રમાણે પણ ગણાવવામાં આવે છે :

बारसंग विउवुद्धा करण चरण जुओ ।
पब्भावणा जोग निग्गो उवज्झाय गुणं वंदे ॥

[બાર અંગના જાણકાર, કરણસિત્તરી અને ચરણચિત્તરીના ગુણોથી યુક્ત, પ્રભાવના તથા યોગથી યુક્ત એવા ઉપાધ્યાયના ગુણોને વંદન કરું છું.]

બાર અંગના બાર ગુણ, એક ગુણ કરણસિત્તરીનો, એક ગુણ ચરણચિત્તરીનો, આઠ પ્રકારની પ્રભાવનાના આઠ ગુણ તથા મન, વચન અને .ા એ ત્રણના યોગના ત્રણ ગુણ એમ મળીને ઉપાધ્યાયના પચીસ ગુણો ગણાવવામાં આવે છે.

જેમ આચાર્ય ભગવંતના છત્રીસ ગુણ છત્રીસ જુદી જુદી રીતે ગણાવવામાં આવે છે તેમ ઉપાધ્યાય ભગવંતના પચીસ ગુણ પચીસ જુદી જુદી રીતે ગણાવવામાં આવે છે. શ્રી જ્ઞાનવિમલસૂરિ 'નવકાર ભાસ'માં કહે છે :

પંચવીસ પંચવીસી ગુણતણી, જે ભાખી પ્રવચનમાંહિ રે;
મુક્તાફલ માલા પરિ, દીપે જસ અંગિ ઉછાહી રે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી પણ 'નવપદની પૂજા'માં આ પચીસ પચીસીનો નિર્દેશ કરતાં કહે છે : 'ધરે પંચને વર્ગ વર્ગિત ગુણૌઘા.' અહીં એમણે ગણિત શાસ્ત્રના પારિભાષિક શબ્દો વાપર્યા છે. પાંચનો વર્ગ અટલે ૫x૫=૨૫. આ વર્ગને ફરી વર્ગિત કરવામાં આવે એટલે ૨૫x૨૫=૬૨૫ થાય. ઉપાધ્યાય ભગવંત એટલા ગુણોને ધારણ કરનારા હોય છે.

આમ શાસ્ત્રકારોએ ઉપાધ્યાય ભગવંતના ૨૫x૨૫ એટલે કુલ ૬૨૫ ગુણ બતાવ્યા છે. અલબત્ત, આમાં અગિયાર અંગ, ચરણસિત્તરી, કરણ સિત્તરી વગેરે ગુણો એકાધિક વાર આવે છે એટલે કુલ ૬૨૫ ગુણ કરતાં થોડા ઓછા થાય, તો બીજી બાજુ ચરણ સિત્તરી અને કરણ સિત્તરીના સિત્તેર સિત્તેર ગુણને ેક એક ગુણ તરીકે બતાવવામાં આવ્યા છે તેને બદલે તેના પેટાભેદોને સ્વતંત્ર ગુણ તરીકે ઓળખવામાં આવે તો આ સંખ્યા ઘણી વધી જાય.

સંસ્કૃત શબ્દ 'ઉપાધ્યાય' ઉપરથી અર્ધમાગધી-પ્રાકૃતમાં ઉવજ્ઝાય શબ્દ આવ્યો છે. અધ્યાપન કરાવનાર તે ઉપાધ્યાય એ અર્થમાં ભારતીય ભાષાઓમાં ઉપાધ્યાય ઉપરથી ઉપાધ્યે, પાધ્યે, ઓઝા, ઝા, જેવા શબ્દો પ્રચલિત થયા છે. પરંતુ પંચપરમેષ્ઠિમાં ઉપાધ્યાયનું પદ વિશિષ્ટ પ્રકારનું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'પંચપરમેષ્ઠિ ગીતા'માં ઉપાધ્યાયના જુદા જુદા પર્યાયો નીચે પ્રમાણે આપ્યા છે :

ઉપાધ્યાય, વરવાચક, પાઠક, સાધક, સિધ્ધ,
કરગ, ઝરગ, અધ્યાપક, કૃતકર્મા, શ્રુતવૃધ્ધ;
શિક્ષક, દીક્ષક, થવિર, ચિરંતન, રત્નવિશાલ,
મોહજયા, પારિચ્છક, જિતપરિશ્રમ, વૃતમાલ.
સામ્યધારી, વિદિત-પદવિભાગ કુત્તિયાવણ, વિગત દ્વેષરાગ;
અપ્રમાદી, સદા નિર્વિષાદી, અદ્યાનંદ, આતમપ્રમાદી.

આ ઉપરાંત પંડિત, પંન્યાસ, ગણિ, ગણચિંતક, પ્રવર્તક વગેરે શબ્દો પણ પ્રયોજાય છે, અલબત્ત, તેમાં ક્રિયા-કર્તવ્યાદિની દ્રષ્ટિ કેટલોક પારિભાષિક ભેદ રહેલો છે.

ઉપાધ્યાય ભગવંતનાં લક્ષણો દર્શાવતાં વિશેષાવશ્યક ભાષ્યમાં નીચેની ગાથાઓમાં કહ્યું છે :

नामं ठवणा दविए भावे चउव्विहो उवज्झायो ।
दव्वे लोईवसिप्पा धम्मे तह अन्नतित्थीया ॥

[નામ ઉપાધ્યાય, સ્થાપના ઉપાધ્યાય, દ્રવ્ય ઉપાધ્યાય અને ભાવ ઉપાધ્યાય એમ ચાર પ્રકારે ઉપાધ્યાય કહ્યા છે. લૌકિક શિલ્પાદિનો ઉપદેશ કરનાર તથા પોતાના ધર્મનો ઉપદેશ કરનાર અન્ય તીર્થિઓ (અન્યદર્શનીઓ) તે દ્રવ્ય ઉપાધ્યાય કહેવાય છે.]

बारसंगो जिणकखाऐ सज्झायो कहिउं बुहे ।
जम्हा तं उवइसंति उवज्झाया तेण वुच्चंति ॥

[દ્વાદશાંગરૂપ સ્વાધ્યાય જિનેશ્વર ભગવાને કહ્યો છે. એનો સ્વાધ્યાય શિષ્યોને ઉપદેશે છે તેથી તેઓ (ભાવ) ઉપાધ્યાય કહેવાય છે.]

उत्ति उवओगकरणे ज्झत्ति य ज्झाणस्स होई निद्देसे ।
एएण होइ उज्झा एसो अण्णो वि पज्जाओ ॥

[उ શબ્દ ઉપયોગ કરવાના અર્થમાં તથા ज्झ શબ્દ ધ્યાનના નિર્દેશમાં છે. એટલે उज्झा શબ્દનો અર્થ ઉપયોગપૂર્વક ધ્યાન કરનાર એવો થાય છે. ઉપાધ્યાય શબ્દના આવા બીજા પર્યાયો છે.]

उवगम्य जओऽहीयई जं चोवगयमज्झयाविंति ।
जं चोवायज्झाया हियस्स तो ते उवज्झाया ॥

[જેની પાસે જઈને ભણાય અથવા જે પોતાની પાસે આવેલાને ભણાવે, તેમ જ જે હિતનો ઉપાય ચિંતવનાર હોય તેને ઉપાધ્યાય કહેવામાં આવે છે.]

आयारदेसणाओ आयरिया, विणयणादुवज्झाया ।
अत्थ पदायगा वा गुरवो सुत्तस्सुवज्झाया ॥

[આચારનો ઉપદેશ કરવાથી આચાર્ય અને અન્યને ભણાવવાથી ઉપાધ્યાય કહેવાય. વળી, અર્થપ્રદાયક તે ગુરુ ભગવંત આચાર્ય અને સૂત્રપ્રદાયક તે ઉપાધ્યાય કહેવાય.]

'પંચાધ્યાયી'માં ઉપાધ્યાયનાં લક્ષણો બતાવતાં કહ્યું છે :

उपाध्यायाः समाधीयान् वादी स्याद्वादकोविदः ।
वाग्मी वाग्ब्रह्मसर्वज्ञः सिद्धान्तागमपारगः ।
कविर्व्रत्यग्रसूत्राणां शब्दार्थैः सिद्धसाधनात् ।
गमकोऽर्यस्य माधुर्ये धुर्यो वक्तृत्ववर्त्मनाम् ।
उपाध्यायत्वमित्यत्र श्रुताभ्यासोऽस्ति कारणम् ।
यदध्येति स्वयं चापि शिष्यानध्यापयेद् गुरुः ।
शेषस्तत्र व्रतादीनां सर्व साधारणो विधिः ।

[ઉપાધ્યાય શંકાનું સમાધાન કરવાવાળા, વાદી, સ્યાદ્‌વાદમાં નિપુણ, સુવક્તા, વાગ્ બ્રહ્મ, સર્વજ્ઞ એટલે કે શાસ્ત્રસિધ્ધાંત અને આગમોના પારગામી, શબ્દ અને અર્થ દ્વારા વાર્તિક તથા સૂત્રોને સિધ્ધ કરવાવાળા હોવાથી કવિ, અર્થમાં મધુરતા આણનાર, વક્તૃત્વના માર્ગના અગ્રણી હોય છે. ઉપાધ્યાયના પદમાં શ્રુતાભ્યાસ મુખ્ય કારણભૂત હોય છે, કારણ કે તેઓ સ્વયં અધ્યયન કરતા હોય છે અને શિષ્યોને અધ્યયન કરાવનાર ગુરૂ અર્થાત્ ઉપાધ્યાય હોય છે.

ઉપાધ્યાયમાં તદુપરાંત વ્રતાદિના પાલનમાં મુનિઓના જેવી જ સર્વ સાધારણ વિધિ હોય છે.]

શ્રી પદ્મવિજયજી મહારાજે નીચેની કડીમાં ઉપાધ્યાયના વિનય ગુણનો મહિમા ગાયો છે.

મારગદેશક અવિનાશીપણું આચાર વિનય સંકેતેજી,
સહાયપણું ધરતાં સાધુજી નમીએ એહિ જ હેતેજી.

ઉપાધ્યાય મહારાજના ૬૨૫ ગુણમાં વિનયનો ગુણ અનિવાર્યપણે સમાવિષ્ટ હોય જ. તેમ છતાં વિનય ગુણ ઉપર સકારણ ભાર મૂકવામાં આવે છે. એમનો વિનય ગુણ એમના ગુરુ ભગવંત પ્રત્યેનો છે. એ ગુણ એમના વ્યવહાર-વર્તનમાં દિવસરાત સ્પષ્ટપણે નીતરતો અન્યને જણાય છે. એથી જ એમની પાસે સ્વાધ્યાય કરનાર મુનિઓમાં પોતાના વાચનાદાતાનો ગુણ સ્વાભાવિક રીતે જ કેળવાય છે.તેઓ વિનીત બને છે. મુનિઓ સ્વાધ્યાય કરે અને છતાં એમનામાં જો વિનય ગુણ સહજપણે ન પ્રગટે તો એમના સ્વાધ્યાયનું બહુ ફળ ન રહે. વ્યવહારમાં કહેવાય છે કે જે વડીલોને માન નથી આપતો તે બીજાઓનું માન બહુ પામી શકતો નથી. લશ્કરી જીવનમાં કહેવાય છે કે Only those who respect their seniors can command respect from his juniors.

'આવશ્યક નિર્યુક્તિ'ની ૯૦૩મી ગાથામાં વિણયયા શબ્દ પ્રયોજાયેલો છે. એનો અર્થ થયો વિનયનથી. વિનયન એટલે સારી રીતે દોરી જવું, સારી રીતે ભણાવવું, સારી રીતે બીજામાં સંક્રાંત કરવું, બીજામાં સવિશેષ પ્રત્યારોપણ કરવું. ઉપાધ્યાય મહારાજ સાધુઓને સ્વાધ્યાય કરાવીને તેમનામાં જ્ઞાનનું

વિનયન કરે છે. અભયદેવસૂરિએ ભગવતી સૂત્રની ટીકામાં આ વિનયન દ્વારા ભવ્ય જીવો ઉપર ઉપાધ્યાય મહારાજના ઉપકારનું મહત્ત્વ દર્શાવાયું છે. नमस्यता चैषां सुसंप्रदायात जिनवचनाध्यापनतो विनयनेन भव्यानामुपकारित्वादिति:

ઉપાધ્યાય મહારાજના આ વિનય અને વિનયન એ બે ગુણોને કેટલાક એક સમજે છે. જો કે એ બંને ગુણો પરસ્પર ગાઢ રીતે સંકળાયેલા છે , તો પણ તે બંનેના ભિન્ન વિશિષ્ટ સ્પષ્ટ અર્થ છે.

આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ પદમાં વિકાસક્રમની દ્રષ્ટિએ સાધુ અને ઉપાધ્યાય વચ્ચે જેટલું અંતર છે તેટલું અંતર ઉપાધ્યાય અને આચાર્ય વચ્ચે નથી. ગચ્છવ્યવસ્થાની દ્રષ્ટિએ આચાર્યનું સ્થાન ચડિયાતું છે તેમ છતાં આચાર્ય અને ઉપાધ્યાય ઘણી બધી દ્રષ્ટિએ સમાન હોય છે.

કેટલીક વાર કેટલાક ગચ્છમાં આચાર્ય માત્ર એક જ હોય છે અને ઉપાધ્યાય એક કરતાં વધુ હોય છે. એટલે આચાર્યના પદને પાત્ર હોવા છતાં કેટલાક ઉપાધ્યાય જીવન પર્યંત ઉપાધ્યાય જ રહે છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'શ્રી પંચપરમેષ્ટિ ગીતા'માં ઉપાધ્યાય ભગવંત આચાર્ય ભગવંત સમાન જ છે તે દર્શાવતાં કહે છે :

જેહ આચાર્ય પદ યોગ્ય ધીર, સુગુરુગુણ ગાજતા અતિ ગંભીર;

❖ ❖ ❖

સૂત્ર ભણીએ સખર જેહ પાસે તે ઉપાધ્યાય, જે અર્થ ભાખે
તેહ આચાર્ય એ ભેદ લહીએ,દોઈમાં અધિક અંતર ન કહીએ.

'શ્રીપાલ રાસ' ના ચોથા ખંડમાં રાજા અને રાજકુંવર (યુવરાજ) નું રૂપક પ્રયોજી ગચ્છ વ્યવસ્થાની દ્રષ્ટિએ 'ઉપાધ્યાય'ના કાર્યનો મહિમા દર્શાવતાં કહેવામાં આવ્યું છે :

રાજકુંવર સરીખા ગણચિંતક આચારિજ પદ જોગ;
જે ઉવજ્ઝાય સદા તે નમતાં, નાવે ભવ ભય રોગ

રાજકુંવર જેવી રીતે રાજાની અનુપસ્થિતિમાં રાજાની જવાબદારી વહન કરે છે તેમ આચાર્ય ભગવંતની અનુપસ્થિતિમાં આચાર્યનું પદ પામવાને યોગ્ય એવા ઉપાધ્યાય ભગવંત ગણની-ગચ્છની ચિંતા કરતા હોય છે. એવા ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર કરતાં ભવનો ભય કે ભયરૂપી રોગ આવતો નથી.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ પણ 'નવકાર ભાસ'ના ચોથા પદમાં ઉપાધ્યાયને યુવરાજ તરીકે ઓળખાવતાં કહ્યું છે :

ચોથે પદે ઉવજ્ઝાયનું, ગુણવંતનું ધરો ધ્યાન રે;
જુવરાજા સમ તે કહ્યા, પદિસૂરિને સૂરિ સમાન રે.
જે સૂરિ સમાન વ્યાખ્યાન કરિ, પણિ નવિ ધરે અભિમાન રે;
વલી સૂત્રાર્થનો પાઠ દઈ, ભવિ જીવને સાવધાન રે,

દિગંબર પરંપરાના 'ધવલા' ગ્રંથમાં પણ કહ્યું છે :

चतुर्दशविद्यास्थानव्याख्यातारः उपाध्यायाः तात्कालिक प्रवचनव्याख्यातारो वा आचार्यस्योक्ता शेष लक्षण समन्विताः संग्रहानुग्रहादिगुणहीनाः ।

[ચૌદ વિદ્યાસ્થાનો વિષે વ્યાખ્યાન કરવાવાળા ઉપાધ્યાય હોય છે; અથવા તાત્કાલિક પ્રવચનો (શાસ્ત્રો) વિશે વ્યાખ્યાન કરવાવાળા ઉપાધ્યાય હોય છે. તેઓ સંગ્રહ, અનુગ્રહ વગેરે ગુણો સિવાય આચાર્યના બધા જ ગુણોથી યુક્ત હોય છે.]

ઉપાધ્યાય મહારાજ શ્રુતજ્ઞાનના પારગામી હોય અને તે જ પ્રમાણે તેમનું ઉત્કૃષ્ટ સંયમમય જીવન હોય તો તેઓ અવશ્ય વધુમાં વધુ ત્રીજે ભવે મોક્ષગતિ પ્રાપ્ત કરે. જે ઉપાધ્યાય મહારાજ આ જ પ્રમાણે ગુણો ધરાવીને પછી સમયાનુસાર આચાર્યની પદવી પ્રાપ્ત કરે અને આચાર્યનો ગુણ ધરાવે તેઓ પણ અવશ્ય વધુમાં વધુ ત્રીજે ભવે મોક્ષગતિ પામે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી શ્રીપાલ રાસમાં લખે છે :

અર્થ સૂત્ર ને દાન વિભાગે, આચાર જ ઉવજ્ઝાય
ભવ ત્રણ્ય લહે જે શિવસંપદ, નમિયેં તે સુપસાય.

[પોતાના શિષ્યોને શાસ્ત્રોના અર્થ અને સૂત્રના દાન કરવાના વિભાગથી અનુક્રમે આચાર્ય અને ઉપાધ્યાય વચ્ચેનું અંતર છે. ઉપાધ્યાય સૂત્ર ભણાવે છે અને આચાર્ય તેના ગૂઢાર્થ સમજાવે છે. આચાર્ય અને ઉપાધ્યાય પોતપોતાના પદ અનુસાર ત્રણ ભવમાં શિવસંપદ-મોક્ષસંપત્તિ મેળવનાર છે. તેઓને પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરીને તેમનો કૃપાપ્રસાદ મેળવો.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'પંચપરમેષ્ઠિ ગીતા'માં પણ આ વાતનો નિર્દેશ કરતાં લખે છે :

સંગ્રહ કરત ઉપગ્રહ નિજ વિષયે શિવ જાય,
ભવ ત્રીજે ઉત્કર્ષથી, આચારજ ઉવજ્ઝાય;
એહ વચન ઈહાં ભાખ્યો, ભગવઈ-વૃત્તિ લેઈ,
એક જ ધર્મિ નિશ્ચય, વ્યવહારે દોઈ ભેઈ.

ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજીએ અહીં ભગવતીસૂત્રની વૃત્તિનો આધાર આપ્યો છે અને ઉપાધ્યાય તથા આચાર્યમાં વ્યવહાર દ્રષ્ટિથી ભેદ છે, નિશ્ચય દ્રષ્ટિથી તો તેઓ બંને એક જ છે એવું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે.

ઉપાધ્યાય ભગવંતો શાસ્ત્રોના અધ્યયન અને અધ્યાપનના કાર્યમાં સવિશેષપણે, કર્તવ્યરૂપે મગ્ન રહેતા હોવા છતાં તેમની વ્રત- તપાદિ ક્રિયાઓમાં જરા પણ ન્યૂનતા આવતી નથી. તેઓ પોતાના શિષ્યોને, અન્ય મુનિઓને વાચના આપવા ઉપરાંત ક્રિયાઓનાં રહસ્ય પણ સમજાવતા હોય છે અને અધ્યયન કરતાં કરતાં મુનિઓ ક્રિયાની બાબતમાં પ્રમાદી ન બને તે તરફ પણ પૂરતું લક્ષ આપતા હોય છે. ઉપાધ્યાય ભગવંત સાધુમાંથી ઉપાધ્યાય થયા હોય છે એટલે સાધુ તરીકેના તેમનાં વ્રત-તપાદિ ચાલુ જ હોય છે અને સાધુના સત્તાવીસ ગુણોથી તો તેઓ યુક્ત હોય જ છે. પોતાના પંચાચારના વિશુદ્ધ પાલન દ્વારા તેઓએ વાચના લેતા મુનિઓ સમક્ષ એક અનુકરણીય ઉદાહરણ પૂરું પાડવાનું હોય છે.

ઉપાધ્યાય મહારાજ બાહ્ય બધી ક્રિયાઓ ઉપયોગપૂર્વક કરતા હોવા છતા અને પોતાના ગચ્છમાં સારણાદિક કર્તવ્ય કરતા હોવા છતાં તેમનું ચિત્ત સતત ધ્યાનમાં રહતું હોય છે. તેઓ આગમોના મુખ્યર્થ ઉપરાંત અક્ષર, પદ, વાકય, વાક્યસમૂહનો શો તાત્પર્યાર્થ છે તથા તેમાં કેવાં કેવાં રહસ્યો ગૂંથી લેવામાં આવ્યાં છે તેનું મનન-ચિંતન કરતા રહેતા હોય છે. તેમનું ભાવચિંતન મૌલિક અવગાહનરૂપ, અનુપ્રેક્ષારૂપ હોય છે. તેમનો રસનો વિષય જિનેશ્વરકથિત પદાર્થોનાં રહસ્યોને પામવાનો હોય છે. એથી જ તેઓ આત્મમગ્ન હોય છે અર્થાત્ આત્મારૂપી ઘરમાં રમણ કરતા હોય છે. કહ્યું છે :

સારણાદિક ગચ્છમાંહિ કરતાં, પણ રમતાં નિજ ઘર હો,
રંગીલે જી ઉરા તું તો પાઠક પદ મન ઘર હો.

'શ્રીપાલરાસ'માં પણ કહ્યું છે :

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગ બંધવ, જગ ભ્રાતા રે.

ઉપાધ્યાય ભગવંત દિવસ-રાત અન્ય ક્રિયાઓ કરતા હોવા છતાં અને સમુદાયનાં અન્ય વ્યવહારનાં કાર્યો કરવાનાં હોય તો પણ એમનું ચિત્ત તો શ્રુતશાસ્ત્રના પદાર્થોમાં સતત રમતું હોય છે. એમને માટે ઉપમા આપવામાં આવે છે કે, જેમ જલ વિના માછલી તરફડે તેમ શ્રુત્રશાસ્ત્ર વિના ઉપાધ્યા મહારાજને ચેન ન પડે. શાસ્ત્રોના અધ્યયન કે અધ્યાપનનો તેમને ક્યારેય થાક ન લાગે. વસ્તુત: અધ્યયન-અધ્યાપનની વાત આવે ત્યાં તેઓ ઉત્સાહમાં આવી જાય. અધ્યપનના કાર્યનો તેમને ક્યારેય બોજો ન લાગે. દિવસરાત ક્યારેય કોઈ પણ શિષ્ય કે અન્ય કોઈ ગૃહસ્થ શંકાસમાધાન માટે આવે ત્યારે તેઓ અવશ્ય તત્પર જ હોય. એ કાર્યમાં તેઓ ક્યારેય ઉતાવળ ન કરે કે વેઠ ન ઉતારે. પૂરી ધીરજ, ખંત, શાન્તિ અને સમભાવથી તથા એટલા જ ઉત્સાહથી તેઓ પદાર્થને, તત્ત્વને, સિધ્ધાંતને સમજાવે. ક્યારેક પૂછનાર વ્યક્તિ ગુસ્સો કરે, આવેગમાં આવીને ખોટી ખોટી દલીલો કરે તો પણ ઉપાધ્યાય મહારાજ એટલા જ સમભાવથી અને ક્ષમાભાવથી, જરૂર પડે તો મધ્યસ્થ કે કરુણાભાવથી તેને સમજાવે. તેઓ પોતે ક્યારેય રોષે ન ભરાય કે રોષપૂર્વક ઉત્તર આપવાનું ન ટાળે. અલબત્ત, તેઓ પાત્ર જોઈને તેની ગ્રહણ કરવાની શક્તિ અનુસાર શાસ્ત્રાધ્યન કરાવે. બધા શિષ્યોની ગ્રહણશક્તિ અને સ્મરણશક્તિ એક સરખી ન હોય એટલે જે જીવ જે દશાએ હોય ત્યાંથી તેને ઊંચે ચઢાવવાની દ્રષ્ટિથી પૂરા સદ્ભાવપૂર્વક તેઓ અધ્યયન કરાવે. માસતુસ મુનિનું દ્રષ્ટાંત જાણીતું છે. મુનિને કશું જ આવડતું નહોતું અને કશું જ યાદ રહેતું નહોતું . તેમના તેવા પ્રકારનાં જ્ઞાનાવર્ણીય કર્મોનો ઉદય જાણીને ઉપાધ્યાય મહારાજ તેમને રાગદ્વેષ ન કરવા માટે એક જ વાક્ય ભારપૂર્વક યાદ રાખવાનું, ગોખવાનું, શીખવાડે છે : મા તુષ મા રુષ. મુનિને આ વાક્ય પણ પૂરું યાદ રહેતું નથી અને તેઓ ' માસતુસ' ગોખે છે, પણ ઉપાધ્યાય મહારાજની શિખામણ પ્રમાણે ભાવપૂર્વક. બીજાઓ એમની અજ્ઞાન દશાની

હાંસી કરે છે, પણ મુનિ તો ગુરુમહારાજની શિખામણને યાદ રાખીને, પોતાનામાં જ મગ્ન બનીને એવી ઊંચી ભાવપરિણતિએ પહોંચે છે કે એમને કેવળજ્ઞાન થાય છે. આમ, ઉપાધ્યાય મહારાજ પાત્રાનુસાર અધ્યયન કરાવીને યોગ્ય જીવને કેવળજ્ઞાન સુધી પહોંચાડી શકે છે.

શ્રુતશાસ્ત્રનું અધ્યયન અને અધ્યાપન એ ઉપાધ્યાય મહારાજના કર્તવ્યરૂપ છે. એટલા માટે પોતાનું અધ્યયન કરવામાં અને શિષ્યોને અધ્યયન કરાવવામાં તેઓ જો પ્રમાદ સેવે અથવા મન વગર, કંટાળા કે ઉદ્વેગ સાથે તેઓ અધ્યયન કરાવે તો તેમને દોષ લાગે છે અને તેનું તેમને પ્રાયશ્ચિત્ત લેવું પડે છે.

ઉપાધ્યાય મહારાજનો આદર્શ તો એ છે કે એમની પાસે અધ્યયન કરવા આવનારને પણ થાક ન લાગે, પણ તેમના અધ્યયનમાં રસ, રુચિ અને વૈભવધે. શિષ્ય તરફથી આદરભાવ, પૂજ્યભાવ નૈસર્ગિક રીતે પામવો એ સહેલી વાત નથી. જ્ઞાનદાનની સાથે સાથે અપાર વાત્સલ્યભાવ હોય તો જ એ પ્રમાણે બની શકે. ઉપાધ્યાય મહારાજ શિષ્યોના શ્રદ્ધેય ગુરુ ભગવંત હોવા જોઈએ. આવા ઉપાધ્યાય મહારાજ મૂર્ખ શિષ્યને પણ જ્ઞાની બનાવી દે. તેઓ પથ્થરમાં પણ પલ્લવ પ્રગટાવી શકે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'શ્રીપાળ રાસ'માં લખે છે :

મૂરખ શિષ્ય નિપાઈ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે;
તે ઉવજ્ઝાય સકલજન પૂજિત, સૂત્ર અરથ સવિ જાણે.

જૈન શાસનની પરંપરામાં શિષ્યોને વાચના આપી ઉત્સાહિત કરવામાં કશોર વયના શ્રી વજસ્વામીનું ઉદાહરણ અદ્વિતીય છે. એમની પાસે વાચના લેનાર સાધુઓ એમના કરતાં ઉંમરમાં ઘણાં મોટા હતા. કેટલાક અલ્પબુધ્ધિના કે મંદબુધ્ધિના હતા. તેઓને પણ વજસ્વામી પાસે વાચના લેતાં બધું આવડી જતું. કેટલાક શિષ્યોને ધાર્યા કરતાં ઘણા ઓછા સમયમાં સમજાઈ જતું અને યાદ રહી જતું. વજસ્વામી પાસે અધ્યયન કરાવવાની એક વિશિષ્ટ લબ્ધિ હતી.

આમ ઉપાધ્યાય પદનો મહિમા ઘણો મોટો છે. ઉપાધ્યાય પદના નમસ્કારનું, જાપ અને ધ્યાનનું મહત્ત્વ શાસ્ત્રકારોએ સુપેરે સમાજાવ્યું છે :

શ્રી ભદ્રબાહુસ્વામી આવશ્યક નિર્યુક્તિમાં ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર કરવાનો મહિમા સમજાવતાં કહે છે :

उवज्झायनमुक्कारो जीवं मोएई भवसहस्साओ ।
भावेण कीरमाणो होई पुणो बोहिलाभाए ॥
उवज्झायनमुक्कारो धन्नाणं भवक्खयं कुणंताणं ।
हिअयं अणुम्मुयंतो विसोत्तियावारओ होई ॥
उवज्झायनमुक्कारो एस खलु वन्निओ महत्थोत्ति ।
जो मरणम्मि उवग्गे अभिक्खणं कीरई बहुसो ॥
उवज्झायनमुक्कारो सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं पढमं हवई मंगलं ॥

(૧) ઉપાધ્યાય ભગવંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી મુક્ત કરાવે છે. વળી ભાવપૂર્વક કરાતો નમસ્કાર તો બોધિલાભને માટે થાય છે. (૨) ઉપાધ્યાય ભગવંતને કરેલો નમસ્કાર ધન્ય માણસોને માટે ભવક્ષય કરનારો થાય છે તથા હૃદયમાં અનુસ્મરણ કરાતો નમસ્કાર અપધ્યાનને નિવારનારો થાય છે. (૩) ઉપાધ્યાય ભગવંતને કરાતો નમસ્કાર મહાન અર્થવાળો હોય છે એવું વર્ણવવામાં આવે છે તથા મૃત્યુ પાસે આવ્યું હોય ત્યારે તે નમસ્કાર બહુ વાર કરાય છે. (૪) ઉપાધ્યાય ભગવંતને કરાયેલો નમસ્કાર સર્વ પાપનો વિનાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે.

શ્રીપાળ રાસના ચોથા ખંડમાં ઉપાધ્યાય ભગવંત વિશે વળી કહેવાયું છે

બાવના ચંદન સમ રસવયણે,
અહિત તાપ સવિ ટાળે,
તે ઉવજ્ઝાય નમીજે જે વલી,
જિનશાસન અજુઆલે રે.

[જેઓ બાવના ચંદનના રસ જેવાં પોતાનાં શીતળ રસવચનો વડે લોકોના અહિતરૂપી સઘળા તાપને ટાળે છે તથા જેઓ જિનશાસનને અજવાળે છે તેવા ઉપાધ્યાય ભગવંતને ભાવપૂર્વક નમસ્કાર કરો.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'નવપદની પૂજા'માં ઉપાધ્યાય પદની પૂજામાં રત્નશેખરસૂરિનું ગાથા આદ્યકાવ્ય તરીકે નીચે પ્રમાણે આપે છે :

सुत्तत्थवित्थारणतप्पराणं, नमो नमो वायगकुंजराणं ।
गणस्स साधारण सारयाणं सव्वक्खणा वज्जियमंथराणं ॥

સૂત્રાર્થનો વિસ્તાર કરવામાં તત્પર અને વાચકમાં કુંજર (હાથી) સમાન ઉપાધ્યાય મહારાજને નમસ્કાર કરવાનું કહેવામાં આવ્યું છે. ઉપાધ્યાય મહારાજ સૂત્ર અને તેના અર્થનો વિસ્તાર કરીને સમજાવે છે. વળી તેઓ દ્વારા સૂત્રાર્થની પરંપરા વિસ્તરતી ચાલે છે. ઉપાધ્યાય મહારાજસૂત્રોનો અર્થ સામાન્યથી સમજાવે છે અને આચાર્ય ભગવંત વિશેષથી અર્થ સમજાવે છે અર્થાત્ જ્યાં જ્યાં અવકાશ હોય ત્યાં ત્યાં તેનાં ગૂઢ રહસ્યો પ્રકાશે છે.

'પંચપરમેષ્ઠિ નમસ્કાર અને સાધના'માં પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર લખે છે, 'શ્રી ઉપાધ્યાય ભગવંતનો નમસ્કાર કેવી રીતે ભાવનમસ્કાર બને છે તે જોઈએ. શબ્દ, રૂપ અને ગંધ એ જેમ અનુક્રમે શ્રોત, ચક્ષુ અને ઘ્રાણના વિષયો છે, તેમ રસ અને સ્પર્શ અનુક્રમે રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયના વિષયો છે અને તેનું આકર્ષણ જીવને અનાદિનું છે. તે ટાળવાના ઉપાય તરીકે અને તે દ્વારા ઉપાધ્યાયના નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે શ્રી ઉપાધ્યાય ભગવંતોનો સ્વાધ્યાય અને તેથી ઉત્પન્ન થતો એક પ્રકારનો રસ તે બંનેનું પ્રણિધાન આવશ્યક છે. દ્વાદશાંગીરૂપ પ્રવચનનો સ્વાધ્યાય નિરંતર કરવો અને અન્યને કરાવવો એ શ્રી ઉપાધ્યાય ભગવંતનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય છે...એ સ્વાધ્યાયનો રસ અતીન્દ્રિય તૃપ્તિને આપે છે, કે જે તૃપ્તિ ષડ્ રસયુક્ત ભોજનનો નિરંતર સ્વાદ કરનારને પણ કદી થતી નથી... શ્રુતજ્ઞાનના અભ્યાસથી શ્રી ઉપાધ્યાય ભગવંતોને થતી તૃપ્તિ તે અનાદિવિષયની અતૃપ્તિને શમાવનારી છે અને અતીન્દ્રિય તૃપ્તિના નિરુપમ આનંદને આપનારી છે.'

રત્નશેખરસૂરિની ગાથાને અનુસરી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કહે છે:

દ્વાદશ અંગ સજ્ઝાય કરે જે, પારગ ધારક તાસ;
સૂત્ર અરથ વિસ્તાર રસિક તે, નમો ઉવજ્ઝાય ઉલ્લાસ.

વળી તેઓ ઉપાધ્યાય પદના જાપનો મહિમા સમજાવતાં કહે છે :

નામ અનેક વિવેક, વિશારદ પારદ પુણ્ય;
પરમેશ્વર-આજ્ઞાયુત, ગુણ સુવિશુદ્ધ અગણ્ય;
નમિએ શાસન-ભાસન, પતિત પાવન ઉવજ્ઝાય,
નામ જપતાં જેહનું, નવ વિધિ મંગલ થાય.

પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી મહારાજ આ વિષે કહે છે," 'ઉવજ્ઝાય' શબ્દ પણ ઉપયોગકરણમાં તથા ધ્યાનના નિર્દેશમાં વપરાયેલો છે. અર્થાત્ શ્રી ઉપાધ્યાય ભગવંતો સદા ઉપયોગી અને નિરંતર ધ્યાની હોય છે.""

શ્રી રત્નશેખરસૂરિએ શ્રીપાળરાજાની કથા 'સિરિ-સિરિવાલ કહા' માં ઉપાધ્યાય પદનું ધ્યાન ધરવાનું કહ્યું છે :

गणतित्तीसु निउत्ते सुत्तत्थज्झावणंमि उज्जुते ।
सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ॥

[ગણ (ગચ્છ-ધર્મસંઘ)ની તૃપ્તિ (સારસંભાળ)માં નિયુક્ત (ગચ્છની સારણાવારણાદિ કરવાના અધિકારથી યુક્ત), સૂત્ર તથા અર્થનું અધ્યયન કરાવવામાં તત્પર અને સ્વાધ્યાયમાં લીન મનવાળા શ્રી ઉપાધ્યાય ભગવંતનું સમ્યક્ પ્રકારે ધ્યાન કરો ]

'સિરિસિરિવાલકહા'માં નીચેની ગાથાઓમાં પણ ઉપાધ્યાય પદના ધ્યાનનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે :

जे बारसंघसज्झाय पारगा धारगा तयत्थाणं ।
तदुभय वित्थाररया ते हं झाएमि उज्झाये ॥
अन्नाणवाहि विहुराण पाणिणं सुअ रसायणं सारं ।
जे दिंति महाविज्जा तेहं झाएमि उज्झाए ॥
मोहादि दट्ठनट्ठप्प नाण जीवाण चेयणं दिंति ।
जे केवि नरिंदा ईव ते हं झाएमि उज्झाये ॥

શ્રી રત્નશેખરસૂરિ ઉપાધ્યાય ભગવંત માટે વળી લખે છે :

सूत्तत्थ संवेगमयं सुएणं, संनीरखीरामय विस्सुएणं ।
तम्हा हु ते उवज्झायराये, झाएह निच्चंपिकयप्पसाए ॥

[સારા શુદ્ધ જળ સમાન સુત્રમય, ખીર સમાન અર્થમય અને અમૃત સમાન સંવેગમય એવા પ્રસિદ્ધ શ્રુતજ્ઞાન વડે જે ઉપાધ્યાય રૂપી રાજા કૃપાપ્રસાદ આપી ભવ્યાત્માને પ્રસન્ન કરે છે તેમનું હંમેશા ધ્યાન કરો.]

શ્રુત એટલે આગમસૂત્રો. એ સૂત્રો શબ્દમય છે, તેમ જ અર્થમય છે. એમાં નિરૂપાયેલા પદાર્થનો બોધ સંવેગ જન્માવે એવો છે. આવા શ્રુત જ્ઞાનના દાતા ઉપાધ્યાય મહારાજ પોતાના શિષ્યોના ચિત્તને વિશુદ્ધ બનાવી એની પુષ્ટિ

કરે છે. આવો કૃપાપ્રસાદ વરસાવનાર ઉપાધ્યાય મહારાજનું હંમેશા ધ્યાન ધરવું જોઈએ. એમનું એવું ધ્યાન ધરવાથી એમના ગુણો પોતાનામાં આવે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી 'શ્રી પંચપરમેષ્ઠિ ગીતા'માં ઉપાધ્યાય ભગવંતના ધ્યાનથી થતા આધ્યાત્મિક અને લૌકિક લાભ વર્ણવતાં લખે છે :

નિત્ય ઉવજ્ઝાયનું ધ્યાન ધરતાં,
પામીએ સુખ નિજ ચિત્ત ગમતાં;
હૃદય દુર્ધ્યન વ્યંતર ન બાધે,
કોઈ વિરૂઓ ન વયરી વિરાધે.

નવપદની આરાધનામાં એટલે પંચપરમેષ્ઠિની તથા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આરાધનામાં શાસ્ત્રકારોએ ભિન્ન ભિન્ન રંગની સંકલનાને ઘણું જ મહત્ત્વ આપ્યું છે. પંચપરમેષ્ઠિમાં અરિહંત પદનો શ્વેત, સિધ્દ પદનો લાલ, આચાર્ય પદનો પીત ( પીળો), ઉપાધ્યાય પદનો નીલો (લીલો) તથા સાધુ પદનો શ્યામ રંગ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ દરેકનો શ્વેત રંગ છે. આ વર્ણોની સંકલના વિશેષત: ધ્યાતા-ધ્યાનની દ્રષ્ટિએ કરવામાં આવી છે અને તેમાં વિશિષ્ટ પ્રયોજન રહેલું છે. સામાન્ય અનુભવની એ વાત છે કે આંખ બંધ કરીને કોઈ પણ એક પદાર્થનું ધ્યાન ધરીએ તો આંખ બંધ થતાં જ શ્યામ વર્ણ દેખાય છે, પછી ધીમે ધીમે નીલો વર્ણ, પછી પીળો વર્ણ અને પછી શ્વેત વર્ણ દેખાય છે. ધ્યાનમાં બહુ સ્થિર થતાં બાલસૂર્ય જેવો, તેજના ગોળા જેવો લાલ વર્ણ દેખાય છે. પંચપરમેષ્ઠિમાં છેલ્લું પદ સાધુનું છે. ત્યાંથી જીવે ઉત્તરોત્તર ચઢતાં ચઢતાં સિધ્દ દશા સુધી પહોંચવાનું છે. એટલા માટે રંગનો ક્રમ એ પ્રમાણે આપવામાં આવ્યો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ આત્માના જ ગુણો હોવાથી તેનો શ્વેત વર્ણ રાખવામાં આવ્યો છે.

ઉપાધ્યાય પદનો રંગ નીલો છે. વિજળીના બે તાર અડતાં તેમાથી ઝરતા તણખાનો જેવો ભૂરી ઝાંયવાળો લીલો રંગ હોય છે ત્યાંથી ઘાસના લીલા રંગ જેવો લીલો રંગ હોય છે. નીલમણિની પ્રભા પણ શીતળ, નયનરમ્ય અને મનોહર હોય છે. ઉદ્યાનની હરિયાળી વનરાજિ પોતે પ્રસન્ન હોય છે અને જોનારને પણ પ્રસન્ન કરી દે છે. હરિયાળાં વૃક્ષો પોતાના આશ્રયે આવનારનો શ્રમ હરી લે છે અને તેમને શીતળતા, પ્રસન્નતા અર્પે છે. તેવી રીતે ઉપાધ્યાય ભગવંત પોતે હંમેશા ઉપશાંત અને પ્રસન્ન હોય છે તથા એમના સાનિધ્યમાં આવનારને તેઓ શાંત અને પ્રસન્ન કરી દેતા હોય છે. ઉપાધ્યાય ભગવંત પાસે ભવનો ભય અને થાક ઊતરે છે, શંકાનું સમાધાન થાય છે અને તે થતાં પ્રસન્નતા અનુભવાય છે.

મંત્રશાસ્ત્રમાં અંતરાયો, ઉપદ્રવો કે અશિવના નિવારણ માટે નીલ વર્ણ (લીલા રંગ)નું ધ્યાન ધરવાનું વિધાન છે. ઉપાધ્યાય ભગવંત જ્ઞાનના આવરણને કે અંતરાયને દૂર કરવામાં સહાયભૂત થાય છે. એટલા માટે એમનું ધ્યાન લીલા વર્ણ સાથે કરવાનું કહેવામાં આવ્યું છે.

મંત્રશાસ્ત્રમાં (જૈન, હિંદુ અને બૌધ્દ એ ત્રણેમાં ) બતાવ્યા પ્રમાણે આ વિશ્વમાં મુખ્ય પાંચ તત્ત્વો છે. આ પંચ મહાભૂત છે : (૧) પૃથ્વી, (૨) જલ, (૩) વાયુ, (૪) અગ્નિ અને (૫) આકાશ. વર્ણમાલાના પ્રત્યેક વર્ણ (અક્ષર) સાથે કોઈ ને કોઈ તત્ત્વ સંકળાયેલું છે. મંત્રમાં વર્ણાક્ષરો હોય છે. એટલે મંત્રોચ્ચારની સાથે આ તત્ત્વોનું સૂક્ષ્મ અનુસંધાન થાય છે. નવકાર મંત્રમાં પણ એ રીતે એના અક્ષરો સાથે આ પાંચે તત્ત્વો સંકળાયેલાં છે. મંત્રવિદો બતાવે છે તે પ્રમાણે નવકાર મંત્રના 'નમો' એ બે અક્ષરો ઉચ્ચારતાં આકાશ તત્ત્વ સાથે અનુસંધાન થાય છે. 'નમો ઉવજ્ઝાયાણં' એ પદનો ઉચ્ચાર કરતી વખતે નમો=આકાશ, ઉ=પૃથ્વી; વ=જલ; જ્ઝા=પૃથ્વી અને જલ; યા=વાયુ અને ણં=આકાશ-એ પ્રમાણે તત્ત્વો સાથે અનુસંધાન થાય છે.

મંત્ર શાસ્ત્રને જ્યોતિષ શાસ્ત્ર સાથે સંલગ્ન કરવામાં આવે છે. પોતાને જે જે ગ્રહ નડતો હોય તેની શાંતિ માટે તથા તેની આરાધના માટે જુદા જુદા મંત્રોનું વિધાન છે. મંત્રવિદોએ નવકાર મંત્રનો પણ એ દ્રષ્ટિએ પરામર્શ કર્યો છે અને ઉપાધ્યાય પદનો મંત્ર ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં બુધના ગ્રહની શાંતિ માટે ફરમાવ્યો છે.

નવપદની આરાધનામાં, શાશ્વતી આયંબિલની ઓળીની વિધિ સહિત તપશ્ચર્યામાં ચોથા દિવસે ઉપાધ્યાય પદની આરાધના કરવાની હોય છે. ઉપાધ્યાય ભગવંતના પચ્ચીસ ગુણ હોય છે. એટલે એ દિવસે સવારે પ્રતિક્રમણ પછી લોગ્ગસ્સનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. ત્યાર પછી જિન મંદિર જઈ પચીસ સાથિયા કરવાનું , પચીસ ખમાસમણાં દેવાનું, પચીસ પ્રદક્ષિણા કરવાની અને 'ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં'ની વીસ નવકારવાળી ગણવાની હોય છે. ખમાસણા માટે નીચે પ્રમાણે દૂહો બોલવાનો હોય છે :

તપ સજ્ઝાયે રત સદા, દ્વાદશ અંગના ધ્યાતા રે;
ઉપાધ્યાય તે આતમા, જગબંધવ જગભ્રાતા રે.

પ્રત્યેક પ્રદક્ષિણા અને ખમાસમણા પછી નમસ્કાર કરતી વખતે ઉપાધ્યાય પદના એક એક ગુણના નિર્દેશ સાથે નમસ્કાર કરાય છે, જેમ કે 'શ્રી આચારાંગ સૂત્ર પઠન ગુણયુક્તાય શ્રી ઉપાધ્યાય નમ:' આ રીતે અગિયાર અંગ અને ચૌદ પૂર્વ એમ મળીને પચીસના નિર્દેશ સાથે, દૂહા તથા ખમાસમણાપૂર્વક નમસ્કાર કરાય છે.

ઉપાધ્યાય પદનો રંગ લીલો હોવાથી જેઓ તે દિવસે એક ધાનનું આયંબિલ કરવાની ભાવના ધરાવતા હોય તેઓ આયંબિલમાં મગની વાનગી વાપરે છે.

પચીસ સાથિયા કર્યા પછી જે ફળ-નૈવેદ્ય મૂકવામાં આવે છે તેમાં પોતાની શક્તિ અનુસાર લીલા વર્ણનાં ફળ-નૈવેદ્ય મૂકી શકે છે. શક્તિસંપન્ન શ્રીમંતો પચીસ મરકત મણિ પણ મૂકી શકે છે. ચોખાના સાથિયાને બદલે મગના સાથિયા પણ તે દિવસે કરી શકાય છે.

ઉપાધ્યાય પદની આરાધના કરનારે તે દિવસે એવી ભાવના ભાવવાની હોય છે કે, 'ઉપાધ્યાય ભગવંતની જેમ હું પણ શાસ્ત્રોનું પઠન- પાઠન કરાવવાની શક્તિ પ્રાપ્ત કરું અને જ્ઞાનાન્તરાય કર્મનો ક્ષય કરી સિધ્દ-બુધ્દ-મુક્ત બનું.'

આમ પાંચ પરમેષ્ઠિમાં ઉપાધ્યાય પદનો મહિમા પણ ઘણો મોટો છે. સાધુના પદમાંથી ઉપાધ્યાયના પદ સુધી પહોંચવાનું પણ જો એટલું સરળ ન હોય તો ઉપાધ્યાયનું પદ ઔપચારિક રીતે પ્રાપ્ત કર્યા પછી એ પદને સાર્થક કરવું એ કેટલી બધી દુષ્કર વાત છે તે સમજાય છે. એટલે જ જૈન શાસનની પરંપરામાં પોતાને મળેલા ઉપાધ્યાયના પદને ઉજ્જ્વળ કરનારી વિભૂતિઓ કેટલી વિરલ છે ! શ્રી હરિવિજયસૂરિના શિષ્ય, સત્તરભેદી પૂજાના રચયિતા, કુંભારનું ગધેડું ભૂંકે ત્યારે કાઉસગ્ગ પારવાનો અભિગ્રહ ધારણ કરનાર અને તેથી આખી રાત ઊભા ઊભા કાઉસગ્ગ ધ્યાનમાં એ પૂજાની રચના કરનાર શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાયનું નામ કેટલું બધું પ્રેરક છે. એજ પ્રમાણે શ્રી હીરવિજયજીસૂરિના શિષ્યો ઉપાધ્યાય શ્રી ભાનુચંદ્રજી અને ઉપાધ્યાય શ્રી શાંતિચંદ્રજી ગીતાર્થ પ્રભાવક ઉપાધ્યાય હતા. અનેક રાસકૃતિઓના રચયિતા ઉપાધ્યાય શ્રી સમયસુંદરજી, ઉપાધ્યાય શ્રી મેઘવિજયજી, ઉપાધ્યાય શ્રી માનવિજયજી, ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી, ઉપાધ્યાય શ્રી સિધ્ધિચંદ્રજી તથા ઉપાધ્યાય શ્રી કીર્તિવિજયજીનાં નામ પણ શાસનપ્રભાવકોમાં સુપરિચિત છે. તદુપરાંત શ્રીપાળરાસ અને પુણ્યપ્રકાશના સ્તવનના રચયિતા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી, ઉપાધ્યાય દેવચંદ્રજી મહારાજ અને આ બધા ઉપાધ્યાયોમાં જેમણે સંસ્કૃત, અર્ધમાગધી અને ગુજરાતીમાં અનેક રચનાઓ આપી છે, ત્રણ ચોવીસીઓની રચના કરી છે એવા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું નામ ઉપાધ્યાયોમાં શિરમોર સમાન છે. જેમનું સાહિત્ય રસ અને ભાવપૂર્વક વાંચતા જેમનાં ચરણમાં મસ્તક સહજપણે પૂજ્યભાવથી નમી પડે છે એવા ઉપાધ્યાય-મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે તો ઉપાધ્યાય પદને ઘણું બધું ગૌરવ અપાવ્યું છે. 'ઉપાધ્યાજી મહારાજ' એટલું બોલતાં જ એ શબ્દો શ્રી યશોવિજયજી માટે વપરાયા છે એવી તરત પ્રતીતિ થાય છે, કારણ કે ઉપાધ્યાય શબ્દ એમના નામના પર્યાયરૂપ બની ગયો છે.

આ ઉપરાંત બીજા ઘણા બધા ઉપાધ્યાય ભગવંતો થઈ ગયા છે જેમણે જૈન શાસનને દીપાવ્યું છે. વસ્તુત: શાસનની પરંપરા જ્ઞાનદાનમાં અદ્વિતીય એવા ઉપાધ્યાય ભગવંતો દ્વારા જ સારી રીતે ચાલી શકે છે. એટલા માટે જ તેમને શાસનના સ્થંભભૂત તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

આમ આચાર્ય નહિ પણ આચાર્ય જેવા, આચાર્ય ભગવંતને સહાયરૂપ, શ્રુતજ્ઞાનરૂપી રસાયન દ્વારા શિષ્યોને માતૃસમ વાત્સલ્યભાવથી સુસજ્જ કરી શ્રુત પરંપરાને ચાલુ રાખનાર, ક્ષમા, આર્જવ, માર્દવ ઈત્યાદિ ગુણોથી યુક્ત, નિરાકાંક્ષી, નિરાભિમાની, પચીસ-પચીસી જેટલા ગુણોથી યુક્ત એવા ઉપાધ્યાય ભગવંત જિનશાસનના આધાર સ્થંભરૂપ છે. જૈન દર્શનમાં ઉપાધ્યાય ભગવંતનો આદર્શ ઘણો જ ઊંચો રહ્યો છે. એથી પંચપરમેષ્ઠિમાં, નવકારમંત્રમાં ઉપાધ્યાય-ઉવજ્ઝાય ભગવંતનું સ્થાન અધિકારપૂર્વક યથાર્થ સ્થાને રહેલું છે. એમને જપ-તપ- ધ્યાનપૂર્વક કરાયેલો સાચો નમસ્કાર ભવભ્રમણ દૂર કરવામાં, મોક્ષપ્રાપ્તિમાં અવશ્ય સહાયરૂપ બને છે.

☐ રમણલાલ ચી. શાહ

# કાયોત્સર્ગ

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

વિશ્વના ધર્મોથી જૈનદર્શનની આગવી વિશિષ્ટતા તે તેના આગવાં તત્ત્વો જેવાં કે અહિંસા, તપ, અનેકાન્તવાદ, ચૌદ ગુણસ્થાનો, જીવાજીવવિચાર, કર્મનો સિદ્ધાંત વગેરે ગણાવી શકાય. દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં અહિંસા, સંયમ અને તપને શ્રેષ્ઠ ગણાવી તેની આરાધનાને જૈન ધર્મ કહ્યો છે. જૈન ધર્મ જેમ અહિંસાપ્રધાન છે; તેમ તપ પ્રધાન પણ બીજા ધર્મો કરતાં છે.' સંગ્રહ કરનારાઓમાં "ઉપઉમાસ્વાતિ સંગ્રહિતાર:" એવો નિર્દેશ કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પોતાના સિદ્ધહેમવ્યાકરણમાં પ્રકરણાદિ ગ્રંથોમાં સંગ્રહીત કરનારાઓમાં આચાર્ય ભગવંતોમાં ઉમાસ્વાતિ મહારાજનું નામ અગ્રગણ્ય ગણાવ્યું છે.

સર્વકર્મોનો ક્ષય થવાથી મોક્ષ મળી શકે છે. તે માટે તપ પણ આગવું સ્થાન ધરાવે છે; કેમકે "તપસા નિર્જરા ચ" એમ ઉમાસ્વાતિ ગણાવે છે. બાહ્ય તેમ આભ્યંતર એમ તપના છ છ પ્રકારો પડે છે. બંનેનું સરખું ગૌરવ તથા મહત્ત્વ છે; કેમકે તે બંને એકબીજાના પૂરક છે.

કાયોત્સર્ગ કે જેને માગધીમાં કાઉસગ્ગ કહેવાય છે અને જેને લૌકિક ભાષામાં કાઉસગ કહે છે તે આભ્યંતર તપમાં છઠ્ઠું સ્થાન ધરાવે છે. કાયોત્સર્ગ ધ્યાન સાધના કરવા માટેની એક વિશિષ્ટ અવસ્થા છે. 'ઓઘનિર્યુક્તિ'માં કાયોત્સર્ગને વ્રણ ચિકિત્સારૂપ કહી તેનું ભારે મહત્ત્વ બતાવ્યું છે. પાપના જે ઘા (વ્રણ) પડ્યા હોય તેને રૂઝવીને નિર્મળ કરવાની ક્રિયા કાયોત્સર્ગમાં પડેલી છે. ટૂંકમાં, ઘા સાફ કર્યા પછીનો મલમપટ્ટો તે કાયોત્સર્ગ છે. શ્રી જૈન શાસનમાં કાયોત્સર્ગનું મોટું ગૌરવ છે. છ આવશ્યકોમાં એ પાચમાં આવશ્યક રૂપે ગોઠવાયેલ છે; તથા આભ્યંતર તપના છ પ્રકારોમાં પણ તેનું સ્થાન છે.

અન્ય ધર્મોમાં ધ્યાન મુખ્યત્વે મન ઉપરના નિયંત્રણ રૂપે છે. જ્યારે જૈન શાસનનું ધ્યાન વિશિષ્ટ ભાવયુક્ત આવશ્યકાદિ ક્રિયા સ્વરૂપ છે; તે કાયોત્સર્ગ સહિત થાય ત્યારે તેમાં માત્ર મન નહીં પરંતુ વાણી અને કાયા ઉપર પણ તે પ્રકારની પ્રવૃતિથી નિયંત્રણ આવે છે.

ચૈત્યવંદન, સામાયિક, પાંચ પ્રતિક્રમણ, પૌષધ, ઉપધાન વગેરે અનુષ્ઠાનોમાં કાયોત્સર્ગ કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે. સામાયિક વગેરેમાં કોઈના નિમિત્તે મારો કાઉસગ્ગ ડોળાય નહીં, હસવાનું બોલવાનું થાય નહીં તે માટે એક જ રસ્તો છે કે સામાયિકની મર્યાદા સુધી આંખ અડધી બંધ રાખવી, જીભને બોલવાનો અવસર આપવો નહીં, કાનથી સંભળાય નહીં તેની કાળજી રાખવી આવશ્યક છે; જેથી 'કરેમિ ભંતે'થી લીધેલી પ્રતિજ્ઞા સાર્થક થાય. પ્રતિક્રમણની ક્રિયામાં છએ આવશ્યકોનું આરાધન થાય છે. છ આવશ્યક (સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન)માં પ્રતિક્રમણનું સ્થાન ચોથું છે; જ્યારે કાયોત્સર્ગનું સ્થાન પાંચમું છે.

પાપોના પ્રાયશ્ચિત્ત માટે, આત્માને શુદ્ધ કરવા સારું કાઉસગ્ગ કરવાનો હોય છે. કાયોત્સર્ગ અનાત્મભાવના ત્યાગ માટે; આત્મભાવમાં સ્થિર થવા માટે હોય છે. જેમ આલોચના પહેલાં વંદન જરૂરી છે તેમ કાયોત્સર્ગ પહેલા પણ ગુરુનંદન જરૂરી છે. સાધક એટલે પૂર્ણતયા ગુરુ સમર્પિત વ્યક્તિત્વ; ગુરુદેવને પૂછ્યા વગર કાયોત્સર્ગ પણ ન થાય !

સામાન્ય રીતે ચૈત્યવંદનમાં એક નવકારનો, રાઈદેવસી પ્રતિક્રમણમાં એકથી ચાર લોગસ્સનો, શ્રી તપચિંતવણીમાં ૪ લોગસ્સ કે ૧૬ નવકારનો, પખ્ખિ પ્રતિક્રમણમાં ૧૨નો, ચૌમાસીમાં ૨૦નો તથા સંવત્સરી પ્રતિક્રમણમાં ૪૦ લોગસ્સ અને એક નવકાર અથવા ૧૬૧ નવકારનો કાઉસગ્ગ કરવાનો હોય છે. અન્ય અનુષ્ઠાનોમાં ૧૦૦ લોગસ્સ કે એક રાત્રિ સુધીનો કે ઉપદ્રવ પૂરો ન થાય ત્યાં સુધી કાઉસગ્ગ કરાતો હોય છે. સુદર્શન શેઠની પત્ની મનોરમાએ કલંક દૂર ન થાય ત્યાં સુધીનો કાઉસગ્ગનો અભિગ્રહ રાખ્યો હતો.સૌ પ્રથમ રાઈ પ્રતિક્રમણના પ્રારંભમાં કુસુમિણ દુસુમિણ ઉડ્ડાવણિ રાઈ-પાયચ્છિત્ત વિસોહણત્થં કાઉસગ્ગ કરવાનો આદેશ મંગાય છે. કુસ્વપ્ન કે દુસ્વપ્ન દૂર કરવા તથા રાત્રિ દરમ્યાન લાગેલાં પાપ પ્રક્ષાલન માટે કાયોત્સર્ગ કરાય છે. અન્નત્થ સૂત્રમાં નિર્દિષ્ટ તેર આગારો તો અપવાદ માટે સહજ સમજાય તેમ છે.

ત્યાર પછી જે કાયોત્સર્ગ કરાય છે તેના હેતુઓ આ પ્રમાણે છે : જો મે રાઈઓ અંઈઆરો કઓ, કાઈઓ, વાઈઓ, માણસિઓ ઉસ્સુત્તો, ઉમ્મગો, અકપ્પો, અકરણિજ્જો, દુજ્ઝાઓ, દુવ્વચિંતિઓ, અણાયારો, અણિચ્છિઅવ્વો, અસાવગપાઉગ્ગો, નાણે, દંસણે, ચરિત્તાચરિત્તે, સુએ, સામાઈએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હમણુવ્વયાણં, તિણ્હં ગુણવયાણં, ચઉણ્હં સિકખાવ્વયાણં, બારસવિહત્સ સાવગધમ્મસ્સ જં ખંડિઅં, જ વિરાહિઅં તે માટે કાઉસગ્ગ કરું છું.ઉપર્યુક્ત વિચારોની પુષ્ટિ માટે તથા પ્રાયશ્ચિત્ત કરવા માટે, તે વધુ વિશુદ્ધ બને તે હેતુથી, હૃદયમાં રહેલા શલ્યોને દૂર કરવાના હેતુપૂર્વક કાઉસ્સગ્ગ કરવાનો મનસુબો સેવવામાં આવે છે.

હે ભગવંત ! વંદનના લાભ માટે, પૂજા કરવાના લાભ લેવા માટે, સત્કાર કરવાના લાભ લેવા માટે તથા પ્રભુ પૂજાના અભિષેકનું સન્માન કરવા માટે, બોધિ મેળવવા માટે, ઉપસર્ગો રહિતના ધ્યેય હાંસલ કરવા માટે (મોક્ષ મેળવવા માટે), વૃદ્ધિગત થતી શ્રદ્ધા, મેધા, વૃત્તિ તથા ધારણા અને અનુપ્રેક્ષા સહિત કાઉસ્સગ્ગ કરવાનો ઈરાદો હોવો જોઈએ. કેવી સુંદર વિચારોની શ્રેણિ ચઢવાનો હેતુ અહીં દર્શાવાયો છે! તેથી કાર્યોત્સર્ગ એક વેઠ ઉતારવાની પ્રક્રિયા નથી. ઘણી સાવધાનીપૂર્વકની ધાર્મિક પ્રવૃત્તિ છે.

દેવસી પ્રતિક્રમણમાં ઉપર ગણાવ્યા ઉપરાંત શ્રુતદેવતા તથા ક્ષેત્ર દેવતાને ઉદેશીને કાઉસગ્ગ કરવાનો હોય છે. શ્રુતદેવતા તરફથી આ કાઉસગ્ગ દ્વારા જ્ઞાનાવરણીય કર્મસમૂહ ક્ષય કરી શ્રુતસાગર પ્રત્યે ભક્તિ નિમિત્તે કાઉસગ્ગ કરવાનો હોય છે.

ક્ષેત્ર દેવતાના કાઉસગ્ગમાં દર્શન-જ્ઞાન ચરણ-કરણ સહિત મોક્ષ માર્ગની સાધના અપેક્ષિત રખાયેલી છે.

પ્રતિક્રમણમાં આ ઉપરાંત શાસનની સેવા કરનારા તથા શાસનની સેવા કરવામાં કટિબદ્ધ એવા તીર્થ(ચારે)ની મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે વૈયાવૃત્ય કરનારા દેવો શાંતિ કરાવે તથા સમ્યક્ દ્રષ્ટિ સહિતની સમાધિ કરે તે ઉદ્દેશથી કાઉસગ્ગ કરવાનો સુંદર હેતુ કાઉસગ્ગ માટે મુકરર કર્યો છે.કાયોત્સર્ગ માટે ઉપર મુજબની વિચારણા કર્યા પછી, કાયોત્સર્ગની મહત્તા, ઉપયોગીતા, લાક્ષણિકતા સમજી-જાણી તે સુંદર અનુષ્ઠાન વધુ અનુપ્રેક્ષણા સહિત કરાય તેવી અપેક્ષા અસ્થાને નથી. કાઉસગ્ગ કરવામાં ૧૯ દોષો ત્યજવા જોઈએ.

કાઉસગ્ગમાં ધ્યાન કેન્દ્રિય સ્થાને રહેવું જોઈએ. ધ્યાનના બે પ્રકારો છે; શુભ અને અશુભ. શુભ ધ્યાન માટે સૌ પ્રથમ અશુભ કષાયો, રાગાદિ દુર્ગુણો નષ્ટ કરી, શુભ ધ્યાનના ચાર પ્રકારો ઉત્તરોત્તર ક્રમિક ચઢી છેલ્લા ધ્યાનના બે પ્રકારોમાં યોગને પણ દેશવટો આપવાનો હોય છે. જૈન દર્શનમાં મન-વચન અને કાયાની પ્રવત્તિને તિલાંજલિ અપાય તેને યોગ કહેવાય છે. સયોગી અને અયોગી ૧૩-૧૪ ગુણસ્થાનોમાં ૧૩મે ગુણસ્થાને મન, વચન, કાયાની પ્રવૃત્તિ ચાલુ હોય છે; જ્યારે ૧૪મે ગુણસ્થાને ત્રણે પ્રવૃત્તિ બંધ હોય છે. મોક્ષ મેળવવા માટે અંતિમ કાર્ય કરનાર પ્રવૃત્તિ તે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપાદિ ઉપરાંત શુભ ધ્યાન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ભગવાન મહાવીરાદિ તીર્થંકરોએ પણ ધ્યાન દ્વારા જ મોક્ષગતિ પ્રાપ્ત કરી છે.

કાયોત્સર્ગમાં અન્નત્થ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે ૧૩ આગારો તથા અગ્નિ કે પ્રકાશની જ્યોત શરીર પર પડે ત્યારે, રાષ્ટ્ર વિપ્લવ કે હુલ્લડના પ્રસંગે, આગ લાગે ત્યારે, સર્પાદિના ડંશ પ્રસંગે ચલિત થતા કાઉસગ્ગનો ભંગ થતો નથી. ૧૩ આગારો, શરીરના પ્રાકૃતિક લક્ષણો, અત્યાજ્ય છે, તેથી ભંગ થતો નથી તે સમજી શકાય છે.

ઠાણેણં, મોણેણં, ઝાણેણં : સ્થાન, મૌન અને ધ્યાનની એક ત્રિપુટી છે. આ ત્રણેનો સમુચિત ઉપયોગ ચિત્તને ધ્યેય ભણી કેન્દ્રિત કરે છે.

યોગશાસ્ત્રમાં સાધકની માનસયાત્રાનું માર્મિક ચિત્રણ રજૂ કર્યું છે. એવો સમય ક્યારે આવશે જ્યારે એકાન્ત ભૂમિમાં, ખંડેર ઘર કે સ્મશાનમાં ધ્યાન ધરતો હોઈશ અને બળદ શરીરને-મારી કાયાને પત્થર માની ઘસતો હશે ! કેવો અલગાવ આત્મા-અનાત્માનો ! કાઉસગ્ગ સિદ્ધ થાય ત્યારે આ અનુભવ પ્રાપ્ત થાય ! પૂરો કાઉસગ્ગ સધાય ત્યારે તે ક્ષણ આવે જ્યારે કાયા અને ચૈતન્યની ભિન્નતાને સાધક અનુભવી શકે; અત્યાર સુધીની અભેદ અનુભૂતિ એ ક્ષણે ભેદ અનુભવમાં પલટાય. કાઉસગ્ગ વલોણું છે; અનાત્મભાવ અને આત્મભાવની પૃથ્થકતા. ઘમ્મર વલોણું પૃથક્ કરી આપે. મુદ્રાની આંતરિક ભાવ પર ઘણી અસર પડે છે. આંતરિક ભાવનાના આધારે મુદ્રા બહાર રચાઈ જાય છે . કાઉસગ્ગમાં સાક્ષીભાવ ભણી સરકવાનું છે. કાઉસગ્ગમાં આંગળી કે વેઢા કશાનો ઉપયોગ કર્યા વગર મનને આલંબન પકડાવી દેવાનું, જેથી ગણાતા પદો કે સંખ્યા પર ચાંપતી નજર રહે. કાઉસગ્ગનો ચોક્કસ હેતુ અનાત્મ ભાવમાંથી આત્મ ભાવમાં સંક્રમણ કરવાનો છે.

એક શ્રાવક ઊભા ઊભા ખંડેર ઘરમાં રાત્રિની એકાન્ત પળોમાં કાઉસગ્ગમાં તલ્લીન બની ગયા છે. તેના પત્ની કર્મસંયોગે કુછંદે ચઢેલા પ્રેમી સાથે ક્રીડા કરવા ત્યાં જ આવે છે. નિર્લજ્જ ચેષ્ટા, નીરવ અંધકાર, અધુરામાં પૂરું હોય તેમ ખાટલાનો એક પાયો શ્રાવકના પગ પર પડ્યો. શારીરિક વેદના સહન થાય, પત્નીની દુશ્ચારિત્રની માનસિક વેદના તરફ દુર્લક્ષ હોવાથી કાઉસગ્ગના ધ્યાનમાં શ્રાવકને બીજા કોઈ ચિંતનનો અવકાશ જ નથી, કેવું ધ્યાન ! કેવી સમાધિ !

જેવી રીતે ખેડૂતને ખેતરમાં પાક લેતાં પૂર્વે કેટલીક પૂર્વ તૈયારી જેવી રીતે ખેતર ખેડવું વગેરે કરવાનું હોય છે તેવી રીતે ઉપર જણાવેલી પ્રક્રિયાઓ જુદા જુદા દ્રષ્ટિબિંદુઓથી કાયોત્સર્ગ માટે મુકરર ગણાવી શકાય.

દેવસી પ્રતિક્રમણમાં વધુમાં દેવસીઅ પ્રાયશ્ચિત્ત વિસોહણત્થં કાઉસગ્ગ કરવા માટે અનુજ્ઞા માંગવામાં આવે છે, અને ત્યાર બાદ દુ:ખના ક્ષય માટે, કર્મના ક્ષય માટે કાઉસગ્ગ અવશિષ્ટ રહ્યો હોય છે.

શ્વેતાંબર જૈનોના ૪૫ આગમો પૈકી ઉપાસકદશાંગમાં આનંદ, કામદેવ વગેરે દશ ઉપાસકોના આખ્યાનો મળે છે. તે પ્રત્યેકને દુષ્ટ, ઈર્ષ્યાળુ દેવ દ્વારા સાનુકૂળ તેમજ પ્રતિકૂળ ઉપસર્ગો કરવામાં આવે છે; ત્યારે આ મહાનુભાવો સંકટ દરમ્યાન પ્રારંભથી અંત સુધી કાઉસગ્ગમાં નિશ્ચલ રહે છે અને તેના પ્રતાપે અને પ્રભાવે અણિશુદ્ધ રીતે પાર પડે છે.

બાહુબલીનો કાયોત્સર્ગ સુપ્રસિદ્ધ છે. એક વર્ષ સુધી ખાવાનું, પીવાનું, બોલવાનું, બધું જ બંધ હતું અને કાઉસગ્ગમાં ઊભા રહ્યા. તેની દાઢીના વાળમાં પક્ષીઓએ માળા કર્યા ! તથા શરીર પર વેલા વીંટળાઈ ગયા !

એક સમય એવો હતો કે સાધુ સમુદાયનો કલ્પ આચાર (સાધ્વાચાર) જેમાં સંગ્રહાયેલો છે, તે કલ્પસૂત્ર પર્યુષણના પવિત્ર પર્વ દરમ્યાન આચાર્ય કે ગુરુવર્યના મુખે વાંચન થાય ત્યારે મુનિગણ તેને કાઉસગ્ગમાં ઊભા ઊભા એકચિત્તે શ્રવણ કરે.

કાયોત્સર્ગમાં મનના નિયંત્રણ ઉપરાંત વચન તથા કાયાની પ્રવૃત્તિ પણ બંધ કરવાની છે. ૧૩ આગારો ઉપરાંત ૪ પ્રસંગોની છૂટ રહે છે. કાયોત્સર્ગનો ભંગ કે તેની વિરાધના ન થવી જોઈએ. જેવી રીતે સોનાનો ઘડો ભાંગી નાખીએ તો પણ તેની કિંમતમાં થોડો ઘટાડો થાય પણ સંપૂર્ણ શૂન્ય ન થાય; પરંતુ માટીનો ઘડો તૂટતાં તેના ઠીકરાની કશી કિંમત ન ઉપજે; તેવી રીતે, આગારોથી કાઉસગ્ગનો ભંગ કે વિરાધના ન થાય. કારણ કે આ આગારો શરીરના પ્રાકૃતિક ધર્મો છે

બીજું, કાઉસગ્ગ આઠ કે સોળ નવકારાદિનો હોય છે.તેમાં આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ મુકરર કરાયું છે. એક પાદચરણ-લીટી બરાબર એક શ્વાસોશ્વાસ ગણાય છે. કાઉસગ્ગમાં શ્વાસ રોકી પ્રાણાયામાદિ કરવાની ના પાડી છે કારણકે શ્વાસ વધુ રોકાઈ જાય તો મૃત્યુ પણ સંભવે.

ખેડૂત ખેતરને તૈયાર કર્યા પછી જ બીની રોપણી કરે છે. તેવી રીતે કાઉસગ્ગ કરતાં પહેલાં કેટલાંક આવશ્યક ગુણધર્મો વ્યક્તિએ ચરિતાર્થ કરેલાં હોવાં જોઈએ. તે ગુણધર્મો : રાતે કે દિવસે કાયિક, વાચિક અને માનસિક અતિચાર ન થવા જોઈએ, ઉત્સૂત્ર, ઉન્માર્ગ, ન કરવા જેવાં કૃત્યો, કલ્પ વિરૂદ્ધનું, દુષ્ટ ધ્યાન, દુષ્ટ ચિંતન, અનાચાર, અનિચ્છનીય વર્તણુંક, શ્રાવકને અનુચિત એવો ક્રિયાકલાપ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, શ્રુત, સમતા, ત્રણ ગુપ્તિ, ચાર કષાયો, પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, ચાર શિક્ષાવ્રતો તથા બાર પ્રકારના શ્રાવકોચિત ધર્મોનું ઉલ્લંઘન ન થાય તેની સવિશેષ કાળજી રાખવી જોઈએ. આ પ્રતિપાદિત કરે છે કે કાઉસગ્ગ એ અત્યંત ગૌરવશાળી વિધિ છે તેથી વેઠ કે જેમ તેમ કરી નાંખવાની ક્રિયા નથી; કારણ કે તે એક વિશિષ્ટ ધ્યાન માર્ગે લઈ જનારી ધાર્મિક અનુષ્ઠાન વિધિ છે. તે યોગ્ય રીતે પાર પડે તે માટે લેભાગુ રીતે ન કરવી જોઈએ એટલું નહિ પરંતુ તલ્લીન, તન્મય, તદ્દ્ગતચિત્ત તથા તદાકાર થવાનો પ્રયત્ન હમેશાં હોવો જોઈએ તો કાયોત્સર્ગ સફળ પાર પડે. ઉપર જણાવેલાં સદ્દ્ગુણો દરેકમાં હોઈ ન શકે. બધાં નિર્દિષ્ટ ગુણોવાળી વ્યક્તિ ક્યાં તો દેવ હોઈ શકે અથવા અતિમાનવ હોઈ શકે. તે ગુણો તરફ હંમેશાં લક્ષ રહેવું જોઈએ તેથી "કરેમિ ભંતે" સૂત્ર પછી "ઈચ્છામિ ઠામિ કાઉસગ્ગં" સૂત્રમાં રાઈઓ કે દેવસિઓ કાયા, મન, તથા વાણી દ્વારા અતિચારો થયા હોય તે માટે "મિચ્છામિ દુક્કડં" પ્રાર્થવામાં આવે છે. માનવ સુલભ દોષોથી ગણાવેલાં ગુણો વ્યક્તિ પાસે નથી તેથી આવી અભ્યર્થના કરાય છે. ખેડૂત જેવી રીતે ખેતર સાફ કરી બી રોપણી માટે તૈયાર કરે છે તેવી રીતે માનસિક ઉપર ગણાવેલાં ગુણો પ્રાપ્ત કરવાના શુભ આશયપૂર્વક કાયોત્સર્ગ કરવાનો સુંદર હેતુ ધ્યાનમાં રાખવો જોઈએ.

આ ઉપરાંત "સવ્વલોએ" અથવા "અરિહંત-ચેઈઆણં" સૂત્રમાં સર્વ દેવોના વંદનના લાભ માટે, પૂજાના લાભ માટે, સત્કારના લાભ માટે, સન્માન કરવાના લાભ માટે તથા મોક્ષપદ પ્રાપ્ત કરવાના લાભ માટે; શ્રદ્ધા, વિશિષ્ટ પ્રકારની બુદ્ધિ, ધૈર્ય, ધારણા તથા શુભ તત્ત્વધ્યાન જે પ્રતિ ક્ષણ વૃદ્ધિ પામે તે રીતે હું કાઉસગ્ગ કરવા કટિબદ્ધ થયો છું તેવી અભિલાષા સેવી કાઉસગ્ગ કરવા વ્યક્તિ તૈયાર થઈ હોય છે.

કાયોત્સર્ગ કરનાર સાધુ કે શ્રાવક ધાર્મિક જીવન વ્યતિત કરતો હોય છે તો પછી ધર્મલાભ થાય તેવી માંગણી શા માટે કરાય છે ? તેના પ્રત્યુત્તરમાં જણાવી શકાય કે ક્લિષ્ટ કર્મ કે મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી સંભવ છે કે પ્રાપ્ત થયેલો બોધિલાભ નાશ પામે અથવા જન્માંતરોમાં પણ બોધિલાભ મોક્ષ ન મળે ત્યાં સુધી મળતો રહે તે માટે આ આશંસા સેવવામાં આવે છે.

જેવી રીતે રત્ન સંશોધક અગ્નિ દ્વારા રત્નમાં કચરો સાફ કરે છે તેવી રીતે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા ( તત્ત્વભૂત પદાર્થનું ચિંતન) આ પાંચ અપૂર્વકરણ મહાસમાધિના બીજ છે. બીજોનો પરિપાક અપૂર્વકરણ છે. જે મહાસમાધિ સ્વરૂપ છે. સમાધિ અપ્ર ભાવથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી મળનારી આત્મરમણના સ્વરૂપ છે. મહાસમાધિ અપૂર્વકરણ છે,જે આઠમા ગુણસ્થાને પ્રાદુર્ભૂત થાય છે. અપૂર્વકરણ આત્માની ઉપર્યુક્ત રત્નત્રયીની રમણતાપૂર્વક ક્રિયમાણ તત્ત્વરમણતાના પરમ વિકાસ સ્વરૂપ છે. આવી મહાસમાધિ એટલે કે અપૂર્વકરણના સર્જન માટે બીજ આવશ્યક છે અને તે શ્રદ્ધા, મેધા, ધૃતિ, ધારણા, અનુપ્રેક્ષા પાંચ છે. આ પાંચને બીજ શા માટે કહેવામાં આવે છે ? કારણકે; તેનો અતિશય પરિપાક થવાથી અપૂર્વકરણ સિદ્ધ થાય છે.

માર્ગાનુસારી કે સમકિત દ્રષ્ટિવાળો શ્રાવક પાંચમા ગુણસ્થાને હોય; પ્રમત્ત સાધુ છઠ્ઠે ગુણસ્થાને હોય તથા અપ્રમત્ત સાધુ સાતમે ગુણસ્થાને હોય જ્યારે કાઉસગ્ગની અનુપ્રેક્ષાપૂર્વક કરાતી ક્રિયા અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકે લઈ શકે તેવું શુભાતિશુભ અનુષ્ઠાન તે કાયોત્સર્ગ . "કરેમિ કાઉસગ્ગં, ઠામિ કાઉસગ્ગં" કહેવાથી કાયોત્સર્ગનો સ્વીકાર કરાયો અને તે "શ્રદ્ધા"...વગેરે કહીને શ્રદ્ધાપૂર્વક સંપન્ન થાય તેવું સૂચવાય છે.

કાયોત્સર્ગમાં કેટલો સમય રહેવું જોઈએ તે માટે "જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ" એટલે કે જ્યાં સુધી અરિહંત ભગવાનને નમસ્કાર કરી ન પારું ત્યાં સુધી. એક નવકાર એટલે આઠ શ્વાસોશ્વાસના ચાર લોગસ્સ કે તેથી વધુ અથવા ઉપસર્ગ કે અભિગ્રહ પૂરો ન થાય ત્યાં સુધી કાઉસગ્ગમાં રહેવાનું હોય છે. કાયોત્સર્ગના બે પ્રકાર છે. ચેષ્ટા કાયોત્સર્ગ અને અભિનવ કાયોત્સર્ગ. ઉપદ્રવ કે પ્રતિમા

ધ્યાનમાં અભિનવ કાયોત્સર્ગ હોય છે; જ્યારે તે સિવાયના ચેષ્ટા કાયોત્સર્ગ ગણી શકાય.

કાયોત્સર્ગમાં ધ્યાનના વિષય ઘણા હોઈ શકે જેમકે : નવકાર, લોગસ્સ, તત્ત્વચિંતન, તીર્થસ્થાપક ભગવાનના ગુણકીર્તન, જીવાજીવાદિ તત્ત્વોનું ચિંતન, સ્થાન-વર્ણ-અર્થ-આલંબનનું ચિંતન, પોતાના દોષોના પ્રતિપક્ષી ભાવનાનું અનુપ્રેક્ષણ, અનાત્મભાવમાંથી આત્મભાવમાં જે કંઈ લઈ જઈ શકે તે ચિંતનનો વિષય થઈ શકે. મહાવીરસ્વામી વગેરે તીર્થંકરો તથા ભગવાન બુદ્ધે પણ ધ્યાનનો આશરો લીધો હતો.

છેવટે કાયોત્સર્ગ પૂરો થતાં "નમો અરિહંતાણં" બોલવા પૂર્વક અર્હદ-નમસ્કાર કરીને એટલે "નમો અરિહંતાણં" માથું નમાવીને બોલવું જોઈએ, અને કાયોત્સર્ગ પારવું જોઈએ. ઊભા ઊભા કાયોત્સર્ગ કરાતો હોય તો નીચે લાંબા કરેલા હાથને ઉંચા કરી બે હાથની અંજલિ જોડીને પારી ચૈત્યવંદન હોય તો સ્તુતિ બોલવી જોઈએ. "નમો અરિહંતાણં" જો ન બોલે અને તેને સ્થાને "હું અરિહંતને નમસ્કાર કરું છું" કે અન્ય કોઈ આવા ભાવાર્થને બોલે તો પ્રતિજ્ઞાનો ભંગ થાય, કાઉસગ્ગ વિફળ ગણાય, દોષ લાગવાની સંભાવના રહે. કારણકે, અન્ય મંત્રાદિમાં જોવાય છે કે મંત્રાક્ષરોને સ્થાને તેના ભાવાર્થવાળું કશું ઉચ્ચારાય તો લાભ ન થાય. આમ કથિત રીતિ પ્રમાણે જો કાઉસગ્ગ ન પારે તો તેનો ભંગ થયેલો ગણાય, વિરાધિત થયેલો ગણાય.

કાઉસગ્ગ એ શુભ ધ્યાનના સોપાનો ચઢવા માટેનું અદ્વિતીય, અનુપમ, અત્યંત સુંદર, શુભ અનુષ્ઠાન છે. જે માટે દેવસીય પ્રતિક્રમણમાં બોલાતી એક સજ્ઝાયમાં આમ કહેવાયું છે :

"કર પડિક્કમણું ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે ;
કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનથી..."

ઠાણેણં, મોણેણં, ઝાણેણં, આ ત્રણ શબ્દો પણ સૂચવે છે કે આ કાયોત્સર્ગના અનુષ્ઠાનમાં ઉપયોગ અને જયણા યોગ્ય પ્રમાણમાં સાચવવા જ જોઈએ; કારણકે જૈનોના પ્રત્યેક ધાર્મિક અનુષ્ઠાનોમાં તેમનો મહત્ત્વનો ફાળો છે.

સુંસમાને સાચવનાર નોકર ચિલાતીપુત્રે જ્યારે તેનું માથું લઈ ભાગવા માંડ્યું અને જ્યારે માર્ગમાં મળેલા મુનિએ ત્રણ પદમાં ("સંવેગ-વિવેક-સંવર") ધર્મનું રહસ્ય સમાઈ જાય છે એવો ઉપદેશ આપ્યો ત્યારે તેના ઉપર વિચાર કરતાં તત્ત્વ સમજી નાસિકાના અગ્રભાગ પર દ્રષ્ટિ પ્રસ્થાપિત કરી મન અને કાયાના વ્યાપારને બંધ કર્યા. મેરુ માફક અનિશ્ચલપણે કાઉસગ્ગમાં રહી આ ત્રણ પદોની અનુપ્રેક્ષા કરવા લાગ્યો.

જિનકલ્પ સંબંધી ક્રિયા જે આકરી છે તે વિષે ધર્મબિંદુમાં લખ્યું છે કે : "વચનગુરુતા-પ્રભુનાં શાસ્ત્ર-વચન એ જ ગુરુ, અલ્પઉપધિપણું, શરીરની ટાપટીપ-સાફસૂફી ન કરવી, શાસ્ત્રમાં કહેલાં અપવાદનો ત્યાગ, ગામમાં એક રાત્રિ, શહેરમાં પાંચ વગેરે પ્રમાણે વિહાર કરવો, નિયતકાલે જ ભિક્ષા લેવા જવું, ઘણે ભાગે કાઉસગ્ગ ધ્યાનમાં રહેવું, દેશના ન આપવી, ધ્યાનમાં એકાગ્રતા રાખવી."

કાઉસગ્ગ ધ્યાનમાં રહેનારી ઘણી વ્યક્તિઓના નામોનો ઉલ્લેખ ન કરતાં, સોમિલ સસરાએ માથા પર માટીની પાળ બાંધી તેમાં અંગારા મૂક્યા. ત્યારે પણ ગજસુકુમાલ કાઉસગ્ગ ધ્યાનમાંથી વિચલિત ન થયા તે કાઉસગ્ગનું ગૌરવ તથા મહત્ત્વાદિ બતાવે છે. ❑❑❑

# ચિખોદરાની આંખની હૉસ્પિટલ માટે સંઘ દ્વારા સહાય

સંઘ તરફથી પ્રતિવર્ષ કોઈ એક સેવાભાવી સંસ્થાને પર્યુષણ પર્વ દરમિયાન આર્થિક સહાય કરવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે અને દાતાઓને તે માટે અપીલ કરવામાં આવે છે. આ વર્ષે સંઘની સમિતિએ ઠરાવ્યું છે તે પ્રમાણે ચિખોદરાની 'રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ'ને સહાય કરવાનો કાર્યક્રમ નક્કી થયો છે.

ચિખોદરાની હૉસ્પિટલ અને એના સેવાભાવી ડૉ. રમણીકલાલ દોશીનો વિગતે પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના ગત માર્ચ મહિનાના અંકમાં આપવામાં આવ્યો છે. લોકસેવા માટે પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દેનાર, આજે છોંતેર વર્ષની વયે પણ ગુજરાત- સૌરાષ્ટ્ર-કચ્છ-રાજસ્થાન વગેરે પ્રદેશોમાં નેત્રયજ્ઞોના આયોજનનું તથા બાલ અંધત્વ નિવારણનું અથાગ કાર્ય કરનાર સેવામૂર્તિ ડૉ. રમણીકલાલ દોશીના સેવાયજ્ઞમાં સહભાગી થવું એ આપણું કર્તવ્ય છે.

**ચિખોદરાની આંખની હૉસ્પિટલને માટે નીચે પ્રમાણે દાનની રકમની કાયમી યોજના રાખવામાં આવી છે :**

❑ રૂા. ૨૫૦૦/- અંધત્વ નિવારણ માટે એક બાળકને દત્તક લેવાની યોજના. આ કાયમી રકમના વ્યાજમાંથી જેને પોષણના અભાવે આંખે અંધાપો આવતો હોય એવા કોઈ એક નાના બાળકને દર વર્ષે દવા તથા પોષક આહાર (તે માટે ખાસ બનાવેલી ઔષધિયુક્ત સુખડી) આપી તેને અંધત્વમાંથી બચાવી લેવામાં આવશે.

❑ રૂા. ૨૫૦૦/- આંખના દર્દીને દત્તક લેવાની યોજના. આ કાયમી રકમના વ્યાજમાંથી દર વર્ષે કોઈ પણ એક દર્દીને આંખના મોતીયો, ઝામર વગેરેના ઓપરેશન માટે આર્થિક સહાય આપવામાં આવે છે.

❑ રૂા. ૧૦,૦૦૦/- અંધત્વ નિવારણ માટે એક ગામ દત્તક લેવાની યોજના. આ કાયમી રકમના વ્યાજમાંથી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને રાજસ્થાનના પાંચ હજારથી ઓછી વસતિવાળા કોઈ એક ગામને દત્તક લઈ શકાશે. (દાતા પોતે પોતાની ઈચ્છાનુસાર ગામ પસંદ કરી શકશે. તે માટે ગામોની યાદી સંસ્થા પાસેથી મેળવી આપવામાં આવશે.) દત્તક લીધેલા ગામમાં આઠ-દસ વર્ષની વય સુધીના બાળકોને પોષણના અભાવે કાયમનો અંધાપો ન આવે તે માટે હૉસ્પિટલ તરફથી તે ગામના તમામ બાળકોની આંખની નિયમિત તપાસ કરવામાં આવશે અને નબળી આંખવાળા બાળકને દવા તથા પોષક આહાર આપવામાં આવશે.

સંઘના પેટ્રનો, આજીવન સભ્યો, સામાન્ય સભ્યો, શુભેચ્છકો, દાતાઓ વગેરેને પર્યુષણ પર્વ દરમિયાન ઉદાર હાથે આ અનુદાન આપવા માટે નમ્ર અનુરોધ છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘને અપાતું દાન આવકવેરાની કલમ ૮૦- જી હેઠળ કરમુક્ત છે.

આપશ્રી ચેક મોકલો તો 'SHRI BOMBAY JAIN YUVAK SANGH'ના નામથી મોકલવા વિનંતી છે.

મફતલાલ ભીખાચંદ શાહ
સંયોજક

નિરુબેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# સર્વને સમ્યક્ સાંકળે તે પર્વ

❑ હેમાંગિની જાઈ

કાર્યારંભે અગ્રપૂજ્ય ગણેશજીની ચતુર્થી અને જૈનોની સંવત્સરી હાથમાં હાથ મિલાવી સાથ સાથ ચાલે.

સંવત્સરી એટલે કરુણાની નિર્ઝરી
સંવત્સરી એટલે ક્ષમાની અધિશ્વરી
સંવત્સરી એટલે વેરઝેરને પરહરી
સંવત્સરી એટલે મુદિતાની સહચરી
સંવત્સરી એટલે મૈત્રી જેમાં વાવરી
સંવત્સરી એટલે શાંતિ-અભયાક્ષરી
સંવત્સરી એટલે સાક્ષાન્મોક્ષકરી
સંવત્સરી એટલે પર્વાધિરાજ પર્યુષણની પ્રજાગરી

પ્રજાગર અને ઉજાગર બેમાં દોન ધ્રુવ જેટલું અંતર છે. ઉજાગરો જડતાને જન્મ આપે, પ્રજાગર નવચૈતન્યની જ્યોત પ્રજ્વલિત કરે. ઉજાગરાથી દેહ કથળે, પ્રજાગર આતમને પ્રજાળે. ઉજાગરાનો સંબંધ શરીર સાથે છે, પ્રજાગર સાથે આત્મા સમ્યક્તયા સંકળાયેલો હોય છે. પરાણે કરવો પડે તે ઉજાગરો. પરીક્ષાના ઉજાગરા હોય. આત્મા સહજ જાગે તે પ્રજાગર. પર્યુષણ આત્મજાગૃતિનું, આત્મનિરીક્ષણનું, આત્મસંશોધનનું, આધ્યાત્મિક પ્રવૃતિ પ્રતિ વળવાનું પ્રજાગર પર્વ છે.

આપણે ત્યાં કેટલાંક પર્વો છે અને કેટનાક ઉત્સવો. એકબીજા સાથે "શેકહેન્ડ" કરીને ચાલનારા ગણેશોત્સવ એક ઉત્સવ છે. જ્યારે પર્યુષણ એક પર્વ છે. ઉત્સવ અને પર્વમાં ફરક શું ?

ઉત્સવ શબ્દમાં બે શબ્દો છે. ઉત્ + સવ. ઉત્ એટલે બહાર અને સવ એટલે આણવું, પડવું. જેમ પ્રસવ એટલે માતાના ગર્ભમાંથી બાળકનું બહાર આવવું તેમ ઉત્સવ એટલે અંતરમાં ન સમાતા આનંદનું બહાર પડવું. (ઉત્સવ અને પ્રસવ શબ્દોમાં ઉપસર્ગો જુદા છે પરંતુ ધાતુ એક જ છે.)

ઉત્સવ શબ્દનો બીજો એક અર્થ છે. ઉત્ એટલે ઊર્ધ્વ અને સવ એટલે જન્મ. મનુષ્યનો જે ઊર્ધ્વ જન્મ કરાવે, ઉપર ઊઠવે તે ઉત્સવ.

મનુષ્યના જીવનનો પ્રત્યેક દિવસ ઝેરોક્સની નકલ જેવો હોત જો ઉત્સવ ન હોત. દરરોજ તે જ તે જ તે જ. ઘાંચીના બળદની જેમ દિનભર ગતિ તો છે પણ પ્રગતિ નથી; ઊર્ધ્વ ગતિ નથી. રાતે સૂતા તે સવારે ઊઠ્યા-(ઊઠીએ તો છીએ પણ હંમેશાં ઉપર ઊઠીએ છીએ ખરા?)-નાહ્યાધોયા, ખાધુંપીધું, ઘર-ઓફિસ-ઘર જાણે કે મુંબઈ-વિરમગામ-મુંબઈ...પરંતુ જીવન ક્યાંય વિરમતું નથી. ઘરેડના દૈનંદિન જીવનમાં મન રમતું નથી. સંસારગ્રસ્ત માનવ રોજબરોજના વ્યવસાય, ચિંતા, વ્યથામાંથી ઉપર ઊઠીને સામાજિક સુખનો અનુભવ કરી શકે, સામાજિક જીવનમાં પરસ્પર સહકાર અને એકતા માણી શકે તેમાંથી પર્વોત્સવનું નિર્માણ થયું એવી માન્યતા છે.

પર્યુષણ પર્વનું હાર્દ છે સાંવત્સરિક ક્ષમાપના. દૂષિત સામાજિક વ્યવહારને સ્થાને સહજ સહકાર, આનંદોલ્લાસનું વાતાવરણ સર્જવા મૈત્રી અને ક્ષમા સમર્થ છે. પર્વોત્સવ એટલે આનંદની સામુદાયિક અભિવ્યક્તિ. પર્વોત્સવ એટલે સામુદાયિક ચેતોવિસ્તાર.

પર્વો અને ઉત્સવો સાંસ્કૃતિક સૂત્રો છે. પ્રાકૃતિક મંત્રો છે. યાંત્રિકતાથી પર હોવું એમની પ્રકૃતિ છે. સામાજિક ઉત્કર્ષનું પ્રવેશદ્વાર છે. સંસ્કૃતિની સમૃદ્ધિનો આધાર છે. રાષ્ટ્રના આધારસ્તંભ છે.માણસની કલાત્મક પ્રવૃતિઓનું પુણ્યક્ષેત્ર છે. એના દેહને પુષ્ટ કરે છે, મનને તુષ્ટ કરે છે. એના દુઃખ-દૈન્યને તત્ક્ષણ વિસરાવે છે. ઋતુ પરિવર્તન સાથે જીવનક્રમમાં ફેરફાર આણી ઐહિક, દૈહિક, માનસિક આરોગ્ય બક્ષે છે. એનામાં સાંસ્કૃતિક ચૈતન્ય પ્રગટાવે છે. સાહજિક સખ્ય સ્ફુરે છે. સહજીવન, સહવિચાર, સહભોજનની રસલ્હાણ કરાવે છે. પર્વોત્સવો સર્વને સમ્યક્ સાંકળતાં સમન્વય સૂત્રો છે. માનવસમાજ ઉત્સવપ્રિય છે. "उत्सवप्रियाः मनुष्याः"। ઉત્સવોમાં અદ્વૈત છે,ઉત્સવમાં આનંદ છે. એમાં દૂષણો ન ઘુસે તો ઉત્સવો સમાજનું ભૂષણ છે.

પર્વ અને ઉત્સવમાં કેટલુંક સામ્ય અવશ્ય છે પરંતુ બેઉનું પોતીકું વૈશિષ્ટ્ય પણ છે. પર્વ શબ્દનો એક અર્થ છે સંધાન, જોડાણ. ઉદાહરણતઃ પર્વત એટલે પર્વવાન. એકની સાથે બીજો પર્વત જોડાયેલો છે માટે એને પર્વત સંજ્ઞા છે. મહાભારત અધ્યાત્મવિદ્યામાં રત, ભારતિય સંસ્કૃતિની દીવાદાંડી સમો ગ્રંથ છે. તેના વિભાગોને વ્યાસજીએ પર્વ કહ્યા છે. પ્રત્યેક પર્વનું શરસંધાન બાણાવળી અર્જુનની જેમ પરતત્ત્વ સાથે છે. શેરડીના પ્રતિ પર્વ રસાવહ છે એવો સંસ્કૃત શ્લોક છે. અધ્યાત્મની પરિભાષામાં આપણાં શરીરની કરોડરજ્જુને પાર્વતી કહે છે. પાર્વતી એટલે પર્વવતી. કરોડના મણકા એકબીજાની સાથે સાંકળીની જેમ સમ્યક્ રીતે સંકળાયેલા છે. પાર્વતી કલ્યાણી છે. મૂર્તિમતી કરુણા છે. કુંડલિની શક્તિ છે. એ જો જાગૃત થાય તો જીવનું અનુસંધાન શિવ સાથે સહજ સંભવે. પર્વનું લક્ષ્ય આત્મજાગૃતિ છે, નિજાનંદની પ્રાપ્તિ છે.

કહેવાય છે-આનંદનો વાર તે તહેવાર. પર્વ હોય કે પછી ઉત્સવ-આનંદ તો બંનેમાં છે. પરંતુ ઉત્સવોનો સંબંધ અંતરમનના આનંદ સાથે છે, જ્યારે પર્વોનો સંબંધ આત્માના આનંદ સાથે છે. ઉત્સવો વિશેષ કરીને શ્રદ્ધા-ભક્તિથી ઉજવાય. પર્વો વિશેષતઃ શ્રદ્ધા-ભક્તિ ઉપરાંત બુદ્ધિથી ઉજવાય. હાર્દિક આનંદ મળે તે ઉત્સવ અને બૌદ્ધિક કિંવા આત્મિક આનંદ મળે તે પર્વ.

આત્માના આનંદની પ્રાપ્તિના અનેક સાધનોમાં એક છે જ્ઞાન. અને આત્મજ્ઞાનની પ્રાપ્તિના અનેક ઉપાયોમાંનો એક છે શ્રવણ અર્થાત્ સાંભળવું. आत्मा वा अरे श्रोतव्यः...શ્રવણ પરથી શબ્દ આવ્યો શ્રાવણ. શ્રાવણમાં આવતા પર્યુષણમાં વ્યાખ્યાનશ્રવણનું માહાત્મ્ય અનેરું. પર્વાધિરાજ પર્યુષણની પૂર્ણાહૂતિ થાય ભાદ્રપદમાં. ભદ્ર એટલે કલ્યાણ. આત્મશ્રવણનું અનસંધાન આત્મકલ્યાણમાં થાય એ પર્વમાત્રનો સંકેત છે.

પર્યુષણની જેમ પોષમાં આવતી મકરસંક્રાન્તિ પણ એક પુણ્યપર્વ છે. એનો સંબંધ તેજોમય પ્રકાશાત્મા સૂર્યના ઉત્તર સંક્રમણ સાથે છે.સૂર્ય જગતની પોષણા કરે છે. પર્યુષણ પુણ્યની પોષણા કરે છે.કવિશ્રી જ્ઞાનવિમલસૂરિએ 'પર્યુષણ મહાપર્વમાહાત્મ્યની સજ્ઝાય'માં કહ્યું છે-

"પુણ્યનાં પોષણાં, પર્વ પર્યુષણા."

સૂર્ય આત્મા છે. सूर्यो आत्मा जगतस्तस्थुः આત્મમાર્તંડના તેજોમય પ્રકાશમાં ભાદ્રપદ સમા પરમપદની પ્રાપ્તિના પંથ પ્રતિ ઉત્તરોત્તર ક્રમણ કરવાનું અમોઘ પર્વ છે-પર્યુષણ.

પર્યુષણ પર્વ સાથે કોઈ ભૌતિક સુખ, આકાંક્ષા, અભિલાષા નહીં, આત્માની અનુભૂતિ અનુસ્યુત છે. વસ્ત્ર અને અલંકાર દેહનાં આભૂષણ છે. જ્ઞાન આત્માનું અલંકરણ છે.જ્ઞાનની આરાધના પર્યુષણપર્વનું વિભૂષણ છે. આધ્યાત્મિક સિદ્ધિ એની ફલશ્રુતિ છે.

અધ્યાત્મના પ્રવક્તા શ્રી કુંદકુંદાચાર્યજીનું કથન છે-"આત્માને જાણવો સમ્યક્ જ્ઞાન છે. આત્માને નિહાળવો સમ્યક્ દર્શન છે. આત્મામાં રમણ કરવું સમ્યક્ ચરિત્ર છે. એમાંય સમ્યક્ દર્શન ધર્મનું મૂલ છે. दंसणमूलो धम्मो । જિનશાસનમાં સમ્યક્ દર્શન રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનું મૂલ છે.

શ્રીમદ્ રાજચંદ્રની આર્તવાણીનું, આર્ષવાણીનું અનુરણન હૃદયકંદરામાં થયા કરે છે. હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યક્ દર્શન ! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો ! આ અનાદી અનંત સંસારમાં અનંત અનંત જીવો તારા આશ્રય વિના અનંત દુઃખો ભોગવે છે.

હે કલ્યાણમૂર્તિ સમ્યક્ દર્શન ! તને નમસ્કાર. આવા સ્વસંવેદન વડે આત્માનો અચિંત્ય વૈભવ ખુલી જાય છે. આત્મૌપમ્યથી સર્વ જીવોને સમ્યક્ નિહાળે છે, સાંકળે છે. સર્વને સમ્યક્ સાંકળે તે પર્વ. સર્વગુણાંશ તે સમ્યકત્વ. આત્મશોધન સાથે સમ્યકત્વ પ્રકાશે છે. જીવ માત્રમાં આત્મ દર્શન કરે છે.

યુવાચાર્ય મહાપ્રજ્ઞ શ્રી નથમલજી કહે છે :

'ભગવાન મહાવીરનું દર્શન આત્માનું દર્શન છે. એના અતલ ઊંડાણમાં અવગાહન કરવાનો પ્રયાસ તે અધ્યાત્મ.'

પર્યુષણ અધ્યાત્મસાધનાનું પર્વ છે. પાપના પ્રતિક્રમણ એ જ આત્મામાં સંક્રમણનું પર્વશ્રેષ્ઠ છે.

તપ અને ત્યાગ. જ્ઞાન અને દાન. કરુણા અને મુદિતા. સંયમ અને સમ્યકત્વ.

મૈત્રી અને ક્ષમાથકી સર્વને સમ્યક્ સાંકળતું, સમગ્ર વિશ્વમાં શાંતિ અને સંવાદીતા સ્થાપતું, સાંવત્સરિક ક્ષમાપનાનું પુનિત પર્વ તે પર્યુષણ.

❑❑❑

# આત્મદ્રષ્ટા માતાજી

❑ પ્રા. પ્રતાપકુમાર ટોલિયા

આજથી ૬૫ વર્ષ પહેલાંની આ વાત છે.

ગુજરાત-કચ્છના એક ગામ 'સાંભરાઈ'માં જૈન કુળમાં એક વિલક્ષણ બાલિકાનો જન્મ થયો. પૂર્વસંસ્કારસંપન્ન આ બાલિકા બાળપણથી જ નિર્મળ જ્ઞાનપૂર્ણ હતી.

એક દિવસ, ચાર વર્ષની ઉંમરે તે પોતાના પિતા સાથે સાંભરાઈથી બીજે ગામ પગપાળા જઈ રહી હતી. બંને બાજુ ભેખડોવાળો સાંકડો રસ્તો આવ્યો. એક જ વાહન-ગાડી જઈ શકે એટલો જ પહોળો. પાછળ એ પ્રદેશના નાનકડા રાવ-રાજાનું વેલડું પોતાના રસાલા સાથે આવી રહ્યું હતું. બાલિકા ધનબાઈ એ સાંકડા રસ્તાની વચ્ચોવચ ચાલતી જઈ રહી હતી. એના પિતા શિવજી શેઠ તો પાછળથી આવતા વાહનોને માર્ગ આપવા એક તરફ ખસી ગયા, પણ બાલિકા વાહન-વેલડું ચલાવનારના અનેકવાર બૂમ પાડવા છતાં વચ્ચેથી હટી નહીં.

વેલડું હાંકનારે જોરથી બૂમ પાડીને એને ધમકાવી : "એ છોકરી, ખસ વચ્ચેથી ! તારું મગજ ફરી ગયું છે કે શું ? વેલડામાં રાવ બેઠા છે, તને પકડી જશે !"

પણ આ સાંભળવા છતાં ય વચ્ચેથી ખસ્યા વિના એટલી જ નિર્ભયતાપૂર્વક બાલિકાએ ચાલતાં ચાલતાં જ સામો પ્રશ્ન પૂછ્યો- "મગજ કોનું ફરી ગયું છે, મારું કે રાવનું ? પૂછો એમને જ..."

અને વેલડામાં બેઠાલો રાવ આ સચ્ચાઈને સાંભળી ચકિત જ નહીં, ભયભીત પણ થયો. એણે બાલિકાને પોતાની પાસે બોલાવી-એકાંતમાં, વેલડાની અંદર-બીજા બધાને દૂર મોકલી દીધા. પિતા શિવજી શેઠ તો થરથર કાંપવા લાગ્યા કે એ માથાભારે રાવ દીકરીને શું કરશે ? ક્યાંક મારશે પીટશે કે પકડી તો નહીં રાખે ?

બાલિકા ધનબાઈ તો નિર્ભય પ્રસન્નતાપૂર્વક રાવ પાસે જઈને સીધી રાવને એ જ પ્રશ્ન પૂછવા લાગી-

"રાવસાહેબ ! શું આપનું જ મગજ નથી ફરી ગયું ? માથા પર નહીં, હૃદય પર હાથ રાખીને સાચું કહો...!"

દોષિત હૃદયવાળો રાજા પોતાની જાતને ઢાંકી ન શક્યો. બાલિકાના આંખોના તેજ અને અવાજની નિર્ભયતા સામે એ ઢીલો પડી ગયો. રાવ કંઈ બોલી શકે એ પહેલાં તો, એના પાપી આશય ધરાવતા દિલને હચમચાવી દે એવો જ્ઞાની બાલિકાનો પુણ્યપ્રકોપ પ્રગટી ઉઠ્યો:

"પ્રજાના પિતાને સ્થાને હોવા છતાં, રાવણ જેવું કામ કરવા જતાં, પુત્રી સમાન પરસ્ત્રીનું અપહરણ કરવા જતાં આપને શરમ નથી આવતી ? ખરું કહો, તમે એ પાપકર્મ કરવા નથી જઈ રહ્યાં ? એવા અધમ કામ માટે હું આપને રસ્તો આપું...? "

અને અવાક્ બનેલો રાવ આ નાનકડી બાલિકામાં કોઈ સાક્ષાત્ દેવીના દર્શન કરતો હોય તેમ એના ચરણમાં નમી પડ્યો. દોષનો સ્વીકાર કરી, ક્ષમા માંગી ત્યાંથી જ પાછો ફરવા તૈયાર થયો. જતાં જતાં એકાંતમાં બાલિકા પાસે બે વિનંતી કરી :

"હે ધનદેવી ! આ યાત્રા પૂર્ણ કરી પાછાં આવો ત્યારે મને મહેલ પર આવી ધર્મ સંભળાવજો અને મારી આ પાપકથા કોઈનેય કહેશો નહિ."

બાલિકાએ બંને વાત આનંદપૂર્વક સ્વીકારી અને એને ક્ષમા આપીને ત્યાંથી જ પાછો વાળ્યો.

આ બાજુ ભયથી ધ્રૂજતાં પિતાના હોશ ત્યારે જ ઠેકાણે આવ્યા, જ્યારે પુત્રી ધનબાઈ હસતી હસતી એમની પાસે આવી. અને જ્યારે રાવના આખા રસાલાને ત્યાંથી જ પોતાના ગામ તરફ પાછો વળતાં જોયો ત્યારે તો તે સ્તબ્ધ જ થઈ ગયા. પુત્રી પાસેથી આખી ઘટના અને પાછા ફરવાનું કારણ જાણવામાંતો તેઓ અસમર્થ અને નિરાશ જ રહ્યા. બાલિકા બિલકુલ મૌન જ રહી.

તેઓ બંને તો પોતાના જે કામ માટે જઈ રહ્યાં હતાં તે કામ પૂર્ણ કરવા ચાલી નીકળ્યા. બહારગામ જઈ આવતાં, બાલિકા ધનદેવીની રાહ જોઈ રહેલા રાવનું જ્યારે એને માટે તેડું આવ્યું અને એણે રાવ પાસે શિકાર, જુગાર, પરસ્ત્રીગમન વિગેરે સાત વ્યસનોનો ત્યાગ કરાવ્યો અને એ દુષ્ટ વ્યક્તિને ભક્ત બનાવી દીધો ત્યારે જ પિતાને પુત્રીની કોઈ અદ્ભુત વિલક્ષણતાનું ભાન થયું. પણ પુત્રી ધનબાઈ પોતે તો તદ્દન મૌન જ હતી !

ત્યારથી આવા અનેક અદ્ભુત પ્રસંગો, અગમ્ય અનુભવો, ગૂઢ સંકેતો, જીવન રહસ્યો અને અગમચેતીભર્યા નિર્દેશોને કારણે આસપાસના લોકો બાલિકા ધનબાઈ પ્રત્યે એક રીતે આશ્ચર્યચકિત હતા! તો બીજી રીતે એને વહેમની નજરથી જોતા હતા ! એમને 'ગાંડી', 'ભૂતડી', 'જાદુગરણી' જેવા ઉપનામ પણ અજ્ઞાનવશ આપવામાં આવ્યા ! આ મહાન આત્માની નિર્મળ આંતરિક જ્ઞાન-સંપદાને કોઈ ન પીછાણી શક્યું.

બાળપણ, કૌમાર્ય તેમજ ગૃહસ્થાશ્રમને લગતા આવા અનેક પ્રસંગો એમના અલૌકિક, અદ્વિતીય ધર્મજીવનનો પરિચય આપે છે.

ત્યાર પછી પાવાપુરીમાં સંવત ૨૦૧૦માં સમાધિમરણપ્રાપ્ત વિદુષિ સાધિકા કુ. સરલાના દેવલોકગત આત્મા દ્વારા પ્રેરિત, ધનદેવીના સંસારી ભત્રિજા શ્રી ભદ્રમુનિ (પાછળથી યોગીન્દ્ર યુગપ્રધાન શ્રી સહજાનંદઘનજીના નામથી પ્રસિદ્ધ)ની પ્રેરણા તેમજ નિશ્રામાં ગઠિત એમનું અદ્વિતીય અખંડ આત્મસાધનામય જીવન જૈન સાધના "રત્નત્રયી"ની ચરમસીમા સમાન છે.

બાહ્યવેશે સીધા-સાદા સામાન્ય દેખાતા પરંતુ અંદરથી જ્ઞાનભક્તિ અને યોગની અમાપ્ય ઊંચાઈ ઉપર પહોંચેલા આત્મજ્ઞાતા માતાજી પૂર્વજન્મોની સંસ્કાર-સંપદા તેમજ વર્તમાન જીવનની આવી અનેક સાધનાઓ દ્વારા ઉચ્ચ સિદ્ધિઓ-લબ્ધિઓ પ્રાપ્ત કરવા છતાં તેઓ જીવનભર ગુપ્ત, નિરહંકારી, વિનમ્ર તેમ જ અત્યંત વિનયશીલ રહ્યાં.

માતાજી, બાલિકાઓ અને બહેનો માટે તો વાત્સલ્ય અને આશ્રયના વિરાટ વૃક્ષ સમાન હતાં. માત્ર મનુષ્યોને જ નહિ, ગાય, વાછરડા, કૂતરાઓ વગેરે કેટલાયે એમની પાવન નિશ્રામાં આત્મસમાધિપૂર્વક દેહ છોડવાનું ધન્ય પુણ્ય પ્રાપ્ત કરી જીવન સાર્થક કર્યું હતું.

"લઘુતામેં પ્રભુતાઈ હૈ, પ્રભુતાસે પ્રભુ દૂર..."

આ સંતવચન તેઓએ હંમેશાં પોતાની દ્રષ્ટિ સમક્ષ રાખ્યું હતું. એ પ્રમાણે તેઓએ પોતે ક્યાંય પોતાની સિદ્ધિઓનો આભાસ સુદ્ધાં આવવા દીધો નથી. તેઓના રહસ્યમય જીવનની આજુબાજુ જે કંઈ બનાવો બનતા ગયા તે આપોઆપ, સહજ અને અનાયાસ જ હતા.

શ્રીમદ્ રાજચંદ્રજીના સુવર્ણવચન "જ્યાં સર્વોત્કૃષ્ટ શુદ્ધિ, ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ" અનુસાર પૂજ્ય માતાજીના બાહ્યાંતર પરિશુદ્ધ જીવનની સર્વોત્કૃષ્ટ સિદ્ધિ હતી-" આત્માને નિરંતર દેહથી ભિન્ન જોઈ શકવાનું ભેદજ્ઞાન !"

"કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન" વાળી એમની અંતર્દશા હતી.

આ ભેદજ્ઞાન-આત્મજ્ઞાનને તેઓએ પોતાના વ્યવહાર જીવનમાં આત્મસાત્ કરી ડગલે અને પગલે અભિવ્યક્ત કર્યું અને પોતાના સંપર્કમાં આવનાર બધાને એ માર્ગ તરફ વાળ્યા-"હું દેહથી ભિન્ન આત્મા છું" એવી પકડ દ્રઢ કરાવીને-તેઓને શરણાગત હજારો મનુષ્યોને જ નહીં, પશુ-પક્ષી, કીટ-પતંગ, જીવ-જંતુઓનો પણ પોતાની કરુણાથી ઉદ્ધાર કરી, પોતાને અધીનસ્થ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, હંપી (કર્ણાટક)ને નિરંતર વિકસિત કરતાં, વિદેહસ્થ સદ્ગુરુદેવ સહજાનંદઘનજી દ્વારા અપાયેલ "જગત્માતા" ના જ્ઞાન-વાત્સલ્ય અને કરુણાભર્યા બિરુદને અક્ષરશઃ સાકાર કરતાં તેઓ શનિવાર, તા. ૪થી એપ્રિલ, ૧૯૯૨ના રોજ રાત્રે સવાનવ વાગે ૬૫ વર્ષની આયુમાં પોતાની ભાવિ ભૂમિ, મહાવિદેહક્ષેત્ર તરફ આત્મસમાધિપૂર્વક પ્રસ્થાન કરી ગયાં.

❑❑❑

### આગમોધ્ધારક

# પૂ. સ્વ. શ્રી આનંદસાગરસૂરિજી

## (શ્રી સાગરજી મહારાજ)

❑ રમણલાલ ચી. શાહ

વિક્રમના વીસમા શતકમાં જૈન શાસનમાં જે કેટલીક મહાન વિભૂતિઓ થઈ ગઈ તેમાં પરમ પૂજ્ય સ્વ. શ્રી આનંદસાગરસૂરિ એટલે કે શ્રી સાગરજી મહારાજનું નામ અવિસ્મરણીય છે.

પાલીતાણા અને સૂરતમાં આગમમંદિર બાંધવાની પ્રેરણા કરનાર, આગમપ્રકાશન માટે 'દેવચંદ લાલભાઈ પુસ્તકોધ્ધાર ફંડ', 'આગમોદય સમિતિ' વગેરેની સ્થાપના કરાવી તે દ્વારા આગમિક સાહિત્યને પ્રકાશિત કરાવનાર, જીવનભર આગમસાહિત્યના સંશોધન-સંપાદનમાં પોતાનો અમૂલ્ય સમય વ્યતિત કરનાર, 'આગમોધ્ધારક' 'આગમદિવાકર' જેવાં બિરુદ પામનાર પૂ. શ્રી આનંદસાગરસૂરિજીની આગમભક્તિ અનુપમ હતી.

હસ્તલિખિત પોથીઓમાં સચવાયેલાં આગમસૂત્રો મેળવવામાં અને વાંચવામાં રહેલી પ્રતિકૂળતાઓને લક્ષમાં લઈ, પંચમહાવ્રતધારી સાધુવર્ગ વધુ જ્ઞાનવાન થાય એ દ્રષ્ટિએ આગમસૂત્રોને સુલભ કરવાના આશયથી, મુદ્રણકળાનો આશ્રય લઈ સારા કાગળ ઉપર મોટા અક્ષરે આગમસૂત્રો પહેલી વાર છપાવવાનું ક્રાન્તિકારી પગલું ભરનાર તથા શિલાપટ્ટ તથા તામપત્રમાં આગમસૂત્રો ઉત્કીર્ણ કરાવવાનું ભગવાન મહાવીરના શાસનમાં પહેલી વાર એવું અદ્વિતીય ભગીરથ કાર્ય કરાવનાર આગમધરસૂરિ શ્રી સાગરજી મહારાજનું જીવન અને કાર્ય રસિક ઐતિહાસિક ઘટનાઓથી સભર છે. પંચોતેર વર્ષની વયે, ઓગણસાઠ વર્ષનો દીક્ષાપર્યાય પાળીને, પંદર દિવસના અનશનવ્રત સાથે અર્ધપદ્માસને બેઠાં બેઠાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં, નવકાર મંત્રની ધૂન વચ્ચે સમાધિપૂર્વક દેહ છોડનાર સાગરજી મહારાજના જીવનની એ અંતિમ ઘટના પણ વિરલ અને પ્રેરક છે.

#### જન્મ

વિક્રમની ઓગણીસમી સદીમાં ગુજરાતનાં જે કેટલાંક નગરોમાં જૈનોમાં ધાર્મિક વાતાવરણ વધુ પ્રબળ હતું એમાં કપડવંજનો પણ સમાવેશ થાય છે. કપડવણજ (કર્પટ વાણિજ્ય) પ્રાચીન નગરીઓમાંની એક નગરી ગણાય છે. પ. પૂ. અભયદેવસૂરિ કપડવંજના હતા. જિનમંદિરો, ધાર્મિક ઉત્સવો, પાઠશાળાઓમાં વિદ્યાભ્યાસ, સાધુ-સાધ્વીઓનાં ચાતુર્માસ અને વિચરણની દ્રષ્ટિએ કપડવંજ એક જાગતું અને ગાજતું શહેર ગણાતું.

વિક્રમના વીસમા શતકના આરંભમાં આ કપડવંજના શ્રેષ્ઠીઓમાં શેઠ મગનભાઈનું કુટુંબ આવા ધાર્મિક સંસ્કાર અને પવિત્ર વાતાવરણવાળું હતું. પૈસેટકે તેઓ ઘણા સુખી હતા. એમનાં પત્નીનું નામ હતું યમુના. તેઓને બે દીકરાઓ હતા. એકનું નામ હતું મણિલાલ અને બીજાનું નામ હતું હેમચંદ્ર.

હેમચંદ્ર તે જ ભવિષ્યના આગમોધ્ધારક, શાસનપ્રભાવક પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરિ, જેમને લોકો 'સાગરજી મહારાજ' તરીકે ઓળખતા રહ્યા છે.

હેમચંદ્રનો જન્મ કપડવંજમાં વિ. સં. ૧૯૩૧માં અષાઢ વદ અમાસના રોજ થયો હતો. એમના જન્માક્ષર બનાવતી વખતે જોશીએ મગનભાઈને કહ્યું હતું કે 'તમારો આ પુત્ર એક મહાન પુરુષ થશે !'

યોગ્ય વય થતાં હેમચંદ્રને નિશાળમાં બેસાડવામાં આવે છે. શાળામાં બીજા વિદ્યાર્થીઓ કરતાં તેઓ વધુ તેજસ્વી હતા. રમવામાં તેઓ કંઈક તોફાની પણ હતા. ગિલ્લી દંડાની રમત રમતાં એક વખત એમના હાથે શેરીમાં સુઘરાઈના ફાનસનો કાચ તૂટી ગયો હતો. બાલ્યાવસ્થામાં એમને ડોકમાં મોટું ગુમડું થયું હતું. પરંતુ તે ફૂટતું નહોતું. એકદિવસ વડીલબંધુ સાથે તોફાનમસ્તી કરતા હતા ત્યારે હેમચંદ્રને તમાચો મારવા માટે માતાએ હાથ ઉગામ્યો, પરંતુ તે ગુમડાને વાગ્યો, ગુમડું ફૂટ્યું અને રૂઝ આવી ગઈ.

બાલ હેમચંદ્ર નજીકના ઉપાશ્રયે જતા અને માતાપિતાની સૂચનાનુસાર સાધુસાધ્વીને ગોચરી વહોરવા ઘરે પધારવા માટે બોલાવી લાવતા. નવા આવેલા અપરિચિત સાધુસાધ્વીઓને તેઓ શેરીનાં જૈનોનાં ઘર બતાવવા લઈ જતા. ઉપાશ્રયમાં જવા આવવાને લીધે તથા સાધુભગવંતોની વાતો સાંભળવાને લીધે એમનામાં ધાર્મિક સંસ્કાર ખીલ્યા હતા અને સાધુજીવન પ્રત્યે આકર્ષણ જન્મ્યું હતું.

એ જમાનો બાળલગ્નનો હતો. હેમચંદ્ર બારેક વર્ષના થયા ત્યાં એમનાં લગ્નની વાત ઘરમાં ચાલુ થઈ. ચૌદ વર્ષના મોટાભાઈનાં તો લગ્ન થઈ ચૂક્યાં હતાં. ઘર શ્રીમંત હોય, છોકરો હોશિયાર હોય એટલે ઘણાં માગાં આવે. હેમચંદ્ર માટે પણ ઘણાં માગાં આવવા લાગ્યા. માતા એથી હરખાતી. દીકરા હેમચંદ્રનાં જલ્દી લગ્ન કરવા માટે માતાએ હઠ લીધી. હેમચંદ્રે પિતાજી આગળ પોતાની વાત કરતાં દ્રઢતાપૂર્વક કહ્યું, 'મારે લગ્ન નથી કરવાં. મારે દીક્ષા લેવી છે.' પણ એમની વાત કોણ માને ? માણેક નામની કન્યા સાથે એમની સગાઈ થઈ ગઈ. હેમચંદ્રે કન્યાના માતાપિતાને જણાવ્યું કે પોતાને લગ્ન નથી કરવાં. પરંતુ એથી તો તેઓએ ઉતાવળ કરી. બાર વર્ષના બાળકનું કેટલું ચાલે ? અંતે લગ્ન થઈ ગયાં. પણ હેમચંદ્રનું મન સંસારમાં નહોતું. લગ્ન પછી પણ એમણે તો દીક્ષા લેવાની જ વાત કર્યા કરી. એ જોઈને મોટાભાઈ મણિલાલ પણ દીક્ષા લેવાની વાત ઉચ્ચારી. એમ કરતાં કરતાં આ રકઝકમાં ત્રણ ચાર વર્ષ પસાર થઈ ગયાં.

#### વડીલ બંધુની દીક્ષા

મગનભાઈના બંને પુત્રોને-મણિલાલ અને હેમચંદ્રને દીક્ષા લેવાના કોડ જાગ્યા હતા. દીક્ષા લેવા માટે તેઓ બંને ઘરમાં વાતો કરતા, પરંતુ એમને રજા કોણ આપે ? પોતાના દીકરાઓ દીક્ષા લે એ પોતાને ક્યાંથી ગમે ? પિતાનું મન ડામાડોળ હતું. એક તરફથી થતું કે દીકરાઓ જો સંયમના માર્ગે જાય તો એના જેવું રૂડું શું ? બીજી બાજુ એમ થતું કે દીકરાઓ જો દીક્ષા લેશે તો પોતાનાં વેપારધંધો, મકાન મિલ્કત કોણ સંભાળશે ? મોટા દીકરાને પરણાવી દીધો હતો એટલે એની દીક્ષાની વાત હવે રહી નહોતી. ત્યાર પછી એમણે હેમચંદ્રને પણ, પત્નીના આગ્રહને વશ થઈ, પરણાવી દીધો હતો. પરંતુ જીવોની ગતિ જુદા જુદા ક્રમે ચાલતી હોય છે. દીક્ષા લેવાની વધુ ઉત્કટ તમન્ના હેમચંદ્રને હતી. પરંતુ બન્યું એવું કે બાલમરણના વધુ પ્રમાણના એ દિવસોમાં મણિલાલની પત્નીનું અવસાન થયું. ઘરમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું.

કિશોરવયે વિધુર થયેલા મણિલાલ બહુ ઉદાસ રહેતા હતા તથ એમની તબિયત બરાબર રહેતી નથી એ જોઈને બહારગામ જઈ થોડો હવાફેર કરી આવે તો સારું એવી વાત ઘરમાં ચાલી. અમદાવાદ (રાજનગર) જઈને કોઈ સગાંને ત્યાં થોડા દિવસ રહેવું અને ત્યાંથી ભોયણીની જાત્રા કરી આવવી એમ નક્કી થયું. સાથે દાદીમા પણ હોય અને હેમચંદ્ર હોય તો સારું એમ વિચારાયું. એટલે તેઓ ત્રણે અમદાવાદ જવા ઊપડ્યાં. બંને ભાઈઓએ અમદાવાદમાં આ તકનો લાભ લઈ દીક્ષા લઈ લેવી એવો નિર્ણય કર્યો.

એ વખતે તપગચ્છના શ્રી બુદ્ધિવિજયજી (બુટેરાયજી) મહારાજના શિષ્યરત્ન શ્રી નીતિવિજયજી અમદાવાદમાં બિરાજમાન હતા. તેઓ જ્ઞાની અને સમયના પારખુ હતા. બંને ભાઈઓ એમની પાસે જવા લાગ્યા. એક દિવસ તેઓ બંનેએ એમની પાસે દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો. નીતિવિજયજી મહારાજે કિશોર વિધુર મણિલાલને દીક્ષા આપવાનું સ્વીકાર્યું, પરંતુ પરિણીત કિશોર હેમચંદ્રને દીક્ષા આપવાની ના પાડી. કારણ કે એમને દીક્ષા આપવા જતાં કુટુંબપરિવાર અને રાજ્ય તરફથી ઉપસર્ગો આવશે એમ એમને જણાયું. આથી હેમચંદ્ર નિરાશ થઈ ગયા અને રૂદન કરવા લાગ્યા, પણ નીતિવિજય મહારાજને બીજો કોઈ ઉપાય જણાતો નહોતો.

વડીલબંધુ મણિલાલે પણ હેમચંદ્રને બહુ સમજાવ્યા કે એમની દીક્ષા માટે હજુ કાળ પાક્યો નથી.

મણિલાલને શ્રી નીતિવિજયજી મહારાજે અમદાવાદમાં એક નાના ઉત્સવપૂર્વક દીક્ષા આપી અને એમનું નામ મુનિ મણિવિજયજી રાખવામાં આવ્યું.

ત્યાર પછી હેમચંદ્ર પોતાનાં દાદીમા સાથે ભોયણી તીર્થની યાત્રા કરવા ગયા. ત્યાં એમણે ભગવાન મલ્લિનાથને પ્રાર્થના કરી કે પોતાને પણ જલ્દી જલ્દી દીક્ષા લેવાનો યોગ સાંપડે.

જ્યારે તેઓ દાદીમા સાથે કપજવંજ ઘરે પાછા આવ્યા અને મણિલાલે દીક્ષા લઈ લીધાના સમાચાર કહ્યા ત્યારે માતાએ ઘણું રૂદન કર્યું. પિતા સ્વસ્થ રહ્યા હતા. પરંતુ હવે હેમચંદ્ર ભાગીને દીક્ષા ન લઈ લે એ માટે માતા અને પત્નીએ વધુ ધ્યાન રાખવા માંડ્યું. સાસુસસરાં અને ઈતર સગાંસંબંધીઓ પણ સજાગ બની ગયાં.

પરંતુ એક દિવસ અડધી રાતે હેમચંદ્ર ઘર છોડીને એકલા ભાગી ગયા. સવાર પડતાં ઘરમાં, કુટુંબમાં, આખા ગામમાં હેમચંદ્રના ભાગી ગયાના સમાચાર પ્રસરી ગયા. બધે શોધાશોધ થઈ પણ ક્યાંયથી પત્તો લાગ્યો નહિ. વાહનવ્યવહાર અને સંદેશા-વ્યવહારનાં ઘણાં ઓછાં સાધનો ત્યારે હતાં. ક્યાંક પગે ચાલતાં ચાલતાં અને ક્યાંક બળદગાડામાં બેસીને હેમચંદ્ર આઠ દિવસે કાઠિયાવાડમાં લીંબડી ગામે પહોંચી ગયા.ત્યાં શ્રી ઝવેરસાગરજી મહારાજ બિરાજમાન હતા. હેમચંદ્રે ઝવેરસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી. ગુરુ મહારાજે એમનું નામ મુનિ હેમચંદ્ર રાખ્યું. વિ. સં. ૧૯૪૬નું એ વર્ષ હતું. હેમચંદ્રની ઉંમર ત્યારે સોળ વર્ષની હતી.

ઘરેથી ભાગી જઈને જરૂર હેમચંદ્રે દીક્ષા લીધી હશે એવું અનુમાન સ્વજનોએ અને ગામના લોકોએ કર્યું, પરંતુ તે ક્યાં હશે તેની તાત્કાલિક કંઈ ભાળ મળી નહિ. મુનિ હેમચંદ્ર સ્વાધ્યાય અને તપશ્ચર્યામાં લાગી ગયા. જ્ઞાન માટેની એમની ભૂખ મોટી હતી.

લીંબડીથી વિહાર કરતાં કરતાં ગુરુ મહારાજ મુનિ હેમચંદ્ર સાથે અમદાવાદ પધાર્યા. નવદીક્ષિત બાલમુનિ કોણ છે? ક્યાંના છે? વગેરે જે વાતો થતી હતી તે પ્રસરતી પ્રસરતી કપડવંજ સુધી પહોંચી ગઈ. પિતા ઉદાસીન હતા; પણ હેમચંદ્રજીના સાસુસસરાએ ઉહાપોહ ઘણો મચાવ્યો. પોતાની દીકરીનો ભવ બગાડનારને ઠેકાણે આણવો જોઈએ એવો એમનો રોષ પ્રજ્વલી ઊઠ્યો. કાયદો તેમના પક્ષે હતો કારણ કે બાલદીક્ષાનો રાજ્યમાં પ્રતિબંધ હતો.તેઓએ પોલિસમાં ફરિયાદ કરી. મુનિ હેમચંદ્રની ધરપકડનું વૉરંટ નીકળ્યું. ન્યાયાલયમાં એમને ખડા કરવામાં આવ્યા. 'તમે બાલદીક્ષિત છો, વળી તમે પરણેલા છો. તમારે માથે પત્નીના ભરણપોષણની જવાબદારી છે. માટે ગૃહસ્થનાં કપડાં પહેરી ઘરે પહોંચી જાવ.' ન્યાયાધીશે ચુકાદો આપ્યો. મુનિ હેમચંદ્રે ઘણી દલીલ કરી, ઘરે જવા આનાકાની કરી, પણ કાયદા આગળ તેઓ લાચાર હતા.

છેવટે મુનિ હેમચંદ્રને ઘરે જવું પડ્યું. ગૃહસ્થ વેશ ધારણ કરવો પડ્યો. ઘરનાં સૌ રાજી થયાં. એક માત્ર પિતાજી રાજી થયા નહોતા. પરંતુ તેઓ કશું બોલ્યા નહિ.

સમય પસાર થવા લાગ્યો. માતાને, પત્નીને, સાસુસસરાને લાગ્યું કે હેમચંદ્રની નાની ઉંમરમાં છોકરમત થઈ ગઈ છે. પરંતુ હવે એકાદ બે વર્ષ મોટા થશે એટલે યૌવનના રંગરાગમાં પડી જશે અને પોતે દીક્ષા લીધી હતી એવી વાત પણ ભૂલી જશે. તેઓને થોડા દિવસમાં જ આ પરિવર્તન દેખાવા લાગ્યું. હેમચંદ્રે સામાયિક, પ્રતિક્રમણ છોડી દીધાં. દેરાસરે પૂજા કરવા માટે જવાનું અનિયમિત બની ગયું. સરસ કપડાં પહેરીને તેઓ ફરવા લાગ્યા. પત્નીને સારી રીતે બોલાવવા લાગ્યા. પત્નીના કપડાંઘરેણાંમાં રસ લેવા લાગ્યા. ખાવાપીવાનો એમનો રસ વધી ગયો. વેપારધંધામાં પણ રસ લેવા લાગ્યા. દુકાને જવા લાગ્યા. સંસારમાં તેઓ એવા પલોટાવા લાગ્યા કે સાસુસસરાને હવે નિશ્ચિંતતા જણાવા લાગી. માતા અને પત્નીની ફિકર ટળી ગઈ. બહુ દેખરેખ રાખવાની હવે જરૂર ન જણાઈ.

એક દિવસ પત્ની માણેકે હેમચંદ્રને કહ્યું, 'મારી સોનાની આ કંઠી બહુ જૂની થઈ ગઈ છે, ઘસાઈ ગઈ છે. એ ભંગાવીને નવી કરાવી આપોને!'

પત્નીની માગણી હેમચંદ્રે તરત સ્વીકારી. પિતાજીને વાત કરી. કંઠી નવી સારી બનાવવી હોય તો અમદાવાદમાં કોઈ સોની પાસે બનાવરાવવી પડે. ત્યાં ઘાટ સારા બનાવે છે. પત્નીની પણ એવી મરજી હતી કે અમદાવાદમાં નવો સારો ઘાટ બનાવવામાં આવે.

પરંતુ અમદાવાદ જવા માટે આનાકાની થઈ. રખેને હેમચંદ્ર અમદાવાદ જઈને ફરી પાછા ન આવે તો? ઘરમાં ઘણી રકઝક થઈ. છેવટે નક્કી થયું કે હેમચંદ્ર એકલાં તો ન જ જાય. એમની સાથે જવા એમના પિતાજી તૈયાર થયા.

તેઓ બંને અમદાવાદ પહોંચ્યા. રસ્તામાં પિતાપુત્ર વચ્ચે દિલખોલીને ઘણી અંગત વાતો થઈ. અમદાવાદમાં વિદ્યાશાળામાં એક ધર્મશાળામાં તેઓ ઊતર્યા. હેમચંદ્રને મુનિ તરીકે જોનાર કોઈક શ્રાવકે કપજવંજની સાંભળેલી વાતો પરથી કહ્યું, 'ભાઈ હેમચંદ્ર, મેં તો સાંભળ્યું છે કે સાધુ વેશ છોડ્યા પછી તમે શ્રાવકના બધા આચાર પણ છોડી દીધા છે?' સામાયિક, પ્રતિક્રમણ કે જિનપૂજા બધું છૂટી ગયું? સંસારમાં ભલે તમે પાછા ગયા, પણ આવું બધું તમને શોભે?

હેમચંદ્રે કહ્યું, 'વડીલ! બધું છૂટી નથી ગયું. મારા અંતરની વાત હું જાણું છું.'

તે રાત્રે પિતાપુત્રે નિરાંતે વાતો કરી. હેમચંદ્રે ઘરે આવ્યા પછી સાંસારિક રસ ધરાવવાનું માત્ર નાટક જ કર્યું હતું કે જેથી કપડવંજ છોડીને જવાની જલ્દી તક મળે. સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા વગેરેનો તો સહેતુક માત્ર દ્રવ્યક્રિયા તરીકે જ ત્યાગ કર્યો હતો, ભાવથી એ ત્યાગ નહોતો.

હેમચંદ્રને હવે સત્તર વર્ષ પૂરાં થયાં હતાં. હવે એમને બાલદીક્ષાનો કાયદો લાગુ પડે એમ નહોતો. હવે દીક્ષા લેતાં એમને કોઈ રોકી શકે એમ નહોતું. હેમચંદ્રની દીક્ષા લેવાની ભાવનાને એમના પિતાનું પૂરેપૂરું સમર્થન હતું. તે રાત્રે હેમચંદ્રે 'જંબૂસ્વામી રાસ' વાંચ્યો. જંબુકુમારે પણ, માતાપિતાની લાગણીને માન આપીને લગ્ન કર્યા પછી દીક્ષા લીધી હતી. રાસ વાંચવાથી હેમચંદ્રની દીક્ષાની ભાવના વધુ સુદ્રઢ બની.

પિતા સોની પાસે કંઠી કરાવી કપજવંજ પાછા જાય અને હેમચંદ્ર ઝવેરસાગરજી મહારાજ જ્યાં વિચારતાં હોય ત્યાં પહોંચી દીક્ષા અંગીકાર કરે એવી ગોઠવણ પિતાપુત્રે પરસ્પર વિચારીને કરી.

### ઝવેરસાગરજી પાસે પુનર્દીક્ષા

અમદાવાદમાં પિતાપુત્ર છૂટા પડ્યા. પિતા કપજવંજ પાછા ફર્યા. પુત્ર હેમચંદ્ર ગુરુ મહારાજ ક્યાં વિચારી રહ્યા છે તેની ભાળ મેળવવા નીકળી પડ્યા. વિહાર કરતાં કરતાં શ્રી ઝવેરસાગરજી લીંબડી પહોંચ્યા હતા. ત્યાં હેમચંદ્ર પહોંચી ગયા. ફરી દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો. હવે તેઓ પૂરા ઉંમરના થયા હતા એટલે દીક્ષા લેવામાં કાયદાની દ્રષ્ટિએ બાધ આવે એમ ન હતો. વિ. સં. ૧૯૪૭ના મહા સુદ પાંચમીને દિવસે વસંતપંચમીના દિવસે હેમચંદ્રને દીક્ષા આપવામાં આવી. હવે એમનું નામ રાખવામાં આવ્યું મુનિ આનંદસાગર.

અમદાવાદ ઘરેણાં કરાવવાં પિતાપુત્ર મગનભાઈ અને હેમચંદ્ર બંને ગયા હતા, પરંતુ પાછા ફર્યા એકલા મગનભાઈ. તેઓ ઘરે આવ્યા ત્યારે દીકરો ક્યાં છે? ક્યાં ગયો? કેમ ગયો? કેમ જવા દીધો વગેરે રોષભર્યા પ્રશ્નોની ઝડી એમને માથે વરસી. પત્નીએ, પુત્રવધૂએ, વેવાઈએ, સગાસંબંધીઓએ મગનભાઈની બહુ આકરી ટીકા કરી. મગનભાઈએ મૂંગે મોંઢે નમ્રતાપૂર્વક એ બધું સહન કરી લીધું. હેમચંદ્રને દીક્ષા અપાવવા મગનભાઈ સમજણપૂર્વક સાથે ગયા નહોતા. પરન્તુ એમણે ખાતરી હતી કે થોડા દિવસમાં હેમચંદ્ર દીક્ષા લઈ લેશે અને દીક્ષાના સમાચાર મોડાવહેલા ગામમાં આવી પહોંચશે. થયું પણ એજ પ્રમાણે. હેમચંદ્રની દીક્ષાના સમાચાર આવ્યા. તેઓ લિંબડીમાં છે એ પણ જાણવા મળ્યું. લીંબડીમાં બીજું રાજ્ય હતું. ત્યાંના કાયદા જુદા હતા. વળી હવે હેમચંદ્રની ઉંમર સત્તર વર્ષની થઈ ગઈ હતી એટલે બાલદીક્ષાનો કાયદો એમને લાગુ પડતો નહોતો. આથી હવે બીજો કોઈ ઉપાય નહોતો. એટલે સ્વજનોએ, એ બાબતમાં પોતાના હાથ ધોઈ નાખ્યા. અંતે જે થવાનું હતું તે થયું. તેઓએ મન મનાવી લીધું. ક્રમે ક્રમે વાતાવરણ શાન્ત બની ગયું.

### ગુરુ મહારાજનો કાળધર્મ અને વિદ્યાભ્યાસ

મુનિ આનંદસાગરજીએ પોતાના ગુરુ મહારાજ પૂ. ઝવેરસાગરજી મહારાજ સાથે પ્રથમ ચાતુર્માસ લીંબડીમાં કર્યું. શિષ્યની તેજસ્વિતા અને જ્ઞાન માટે ભૂખ જોતાં ગુરુ મહારાજને લાગ્યું કે એમના વિદ્યાભ્યાસ માટે સરખી વ્યવસ્થા કરવી જોઈએ. એ દિવસોમાં પંડિતોની અને ગ્રંથોની વ્યવસ્થા કરવાનું કાર્ય એટલું સુલભ કે સરળ નહોતું. સંસ્કૃત ભાષા શીખવવા માટે સારા વ્યાકરણની પ્રથમ જરૂર પડે છે. તે વખતે 'સિદ્ધાન્ત રત્નિકા' નામનું વ્યાકરણ ગુજરાતમાં જાણીતું હતું. પરંતુ

એની પોથી જલ્દી મળે એવી નહોતી. મુદ્રિત ગ્રંથોના જમાનાની હજુ શરૂઆત હતી. તેમાં પણ સંસકૃત ગ્રંથો જલ્દી મળતા નહિ. ગુરુ મહારાજ બધે તપાસ કરાવતા રહ્યા. એમ કરતાં મહિનાઓ નીકળી ગયા, પરંતુ વ્યાકરણની પોથી મળી નહિ. છેવટે છ મહિને એ ગ્રંથ મળ્યો. ગ્રંથ હાથમાં આવતાં જ મુનિશ્રી એના અભ્યાસમાં લાગી ગયા, ગુરુમહારાજ પાસે તથા પંડિત પાસે બેસીને એમણે ત્રણ મહિનામાં વ્યાકરણનો એ ગ્રંથ અર્થસહિત સંપૂર્ણપણે કંઠસ્થ કરી લીધો.

એ જમાનામાં સાધુઓની સંખ્યા અલ્પ હતી. મુનિ આનંદસાગર પોતાના ગુરુ મહારાજ સાથે વિહાર કરતા હતા. એવામાં અવસ્થાને કારણે ગુરુ મહારાજ માંદા પડ્યા અને થોડા દિવસોમાં તો કાળધર્મ પામ્યા. ગુરુ ભગવંતનું છત્ર ચાલ્યું જતાં આનંદસાગર મહારાજશ્રી ગમગીન બની ગયા. માત્ર નવ મહિનાના પોતાના દીક્ષાપર્યાયમાં જ આ ઘટના બની હતી, તો પણ ક્રમે ક્રમે સ્વસ્થ બની તેઓ સ્વાધ્યાય અને તપમાં લીન બનવા લાગ્યા.

ત્યાર પછી સંવત ૧૯૪૮નું ચાતુર્માસ એમણે અમદાવાદમાં શાહપુરમાં કર્યું. સંસ્કૃત વ્યાકરણ આવડી જવાને લીધે એમની અભ્યાસની ભૂખ વધી ગઈ હતી, પરંતુ ગુજરાતમાં એવી સગવડ ત્યારે નહોતી. દરમિયાન તેમણે જાણ્યું કે ઉદયપુરમાં એક યતિવર્ય શ્રી આલમચંદજી શાસ્ત્રોના સારા જાણકાર છે અને ગૃહસ્થો તથા વિશેષતઃ સાધુઓને બહુ ઉત્સાહથી નિઃસ્વાર્થભાવે અભ્યાસ કરાવે છે. એટલે મહારાજશ્રીને ઉદયપુર જવાની ઈચ્છા થઈ. અમદાવાદના ચાતુર્માસ પછી એમણે ઉદયપુર તરફ વિહાર કર્યો. સંવત ૧૯૪૯નું ચાતુર્માસ એમણે ઉદયપુરમાં કર્યું અને યતિશ્રી આલમચંદજી પાસે એમણે અભ્યાસ ચાલુ કર્યો. યતિશ્રીએ બહુ જ ઉમળકાથી મહારાજશ્રીને શાસ્ત્રગ્રંથોનો અભ્યાસ કરાવ્યો. આ ઊંડા અભ્યાસને કારણે જ, યૌવનમાં પ્રવેશતાં જ મહારાજશ્રીની વિદ્વત્ પ્રતિભા ખીલી ઊઠી. એની સાથે સાથે વ્યાખ્યાન આપવાની એમની શક્તિ પણ વિકસવા લાગી.

યતિશ્રી પાસે અભ્યાસ કરી મહારાજશ્રી મારવાડમાં ગ્રામાનુગ્રામ એકલા વિચરવા લાગ્યા. એમની સાથે બીજા કોઈ સાધુ નહોતા.

યતિશ્રીએ કરાવેલા અભ્યાસથી મહારાજશ્રી સ્વયં આગમસૂત્રો વાંચીસમજી શકવા લાગ્યા. યતિશ્રીએ કરાવેલાં આગમસૂત્રો ઉપરાંત અન્ય આગમસૂત્રો અને ટીકા, ભાષ્ય, ચૂર્ણિ વગેરે પ્રકારનું સાહિત્ય વાંચવાની એમની ઉત્કંઠા ઘણી વધી ગઈ. પરંતુ એ દિવસોમાં એવા જ્ઞાની મહાત્માઓ ખાસ નહોતા કે જેમની પાસે વિધિસરની વાચના લઈ અભ્યાસ કરી શકાય. એક દિવસ મારવાડના એક ગામમાં મહારાજશ્રી આગમોના અભ્યાસની ચિંતામાં હતા ત્યારે મોડી રાત સુધી તેમને નિદ્રા આવી નહિ. પછી જ્યારે નિદ્રા આવી ત્યારે સ્વપ્નમાં કોઈ ગુરુ ભગવંતનાં દર્શન થયાં. એમણે કહ્યું, ' મુનિ આનંદસાગર ! પૂર્વભવમાં તમે શ્રુતધર હતા. માટે તમે સ્વયં વાચના લઈ શકો છો. આગમસૂત્રોની વાચના આપી શકે એવા જ્ઞાની ગુરુ હાલમાં કોઈ છે નહિ. માટે તમારે જે આગમસૂત્રની વાચના લેવી હોય તે ઊંચા બાજોઠ ઉપર મૂકી વિધિસર વંદન કરી, એની આજ્ઞા લઈ તમે યોગોદ્વહન સાથે અભ્યાસ કરો. તમારાં જ્ઞાનનાં આવરણો આપોઆપ હટી જશે.'

બીજે દિવસે મહારાજશ્રીએ આયંબીલ કરવા સાથે શ્રી હરિભદ્રસૂરિની વૃત્તિવાળી દશ વૈકાલિકસૂત્રની હસ્તપ્રત બાજોઠ ઉપર પધરાવી વિનયપૂર્વક એને વંદન કરી, એની આજ્ઞા લઈ અભ્યાસ ચાલુ કર્યો. જાણે બધું તરત સમજાઈ જતું હોય, નવો અર્થપ્રકાશ થતો હોય એવો મહારાજશ્રીને અનુભવ થયો. એથી મહારાજશ્રીનો આત્મવિશ્વાસ વધી ગયો અને ઉત્તરોત્તર તેઓ વધુ અને વધુ ગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યા.

### પાલી નગરમાં

ઉદયપુરમાં યતિવર્ય શ્રી આલમચંદજી પાસે શાસ્ત્રાભ્યાસ કરીને મહારાજશ્રી રાજસ્થાન તરફ વિહારમાં હતાં તે દરમિયાન પાલીનગરમાં મૂર્તિપૂજક સંઘમાં થોડો ખળભળાટ મચી ગયો, કારણકે ત્યાં અન્ય સંપ્રદાયોના સાધુઓમાં એક એવા સાધુનું ચાતુર્માસ નક્કી થયું હતું કે જેઓ મધુર કંઠે ગાતા હતા, સરસ વાક્છટા ધરાવતા હતા અને બત્રીસ આગમસૂત્રોની ગાથાઓ ટાંકતા હતા. લોકો તેમની વાણીથી ખેંચાતા હતા. નગરમાં મૂર્તિપૂજક સંઘ લઘુમતિમાં હતો. સંઘને ચિંતા એ વાતની થઈ કે રખેને પાછા થોડા લોકો સંઘ છોડીને અન્ય સંપ્રદાયમાં ભળી જાય. આથી સંઘના આગેવાનો ઉદયપુર યતિશ્રી આલમચંદજી પાસે પહોંચ્યા, પરિસ્થિતિ સમજાવી અને પાલીનગરમાં ચાતુર્માસ કરવા બહુ આગ્રહપૂર્વક વિનંતી કરી.

યતિશ્રીએ એમની ફરિયાદ અને વિનંતી સાંભળી લીધી, પરંતુ તેઓ પાલી જઈ શકે એમ નહોતા. એમણે આગેવાનોને કહ્યું કે, 'તમે ચિંતા ન કરશો. હું એક એવા નવયુવાન સાધુ ઉપર ભલામણપત્ર લખી આપું છું કે જો તેઓ આવશે તો તેમની સાથે શાસ્ત્રાર્થ કરવાની કોઈ હિંમત નહિ કરી શકે.'

યતિશ્રીએ મહારાજશ્રી ઉપર ચિઠ્ઠી લખી આપી. વિહારમાં તેઓ ક્યાં હતા તેની ખબર નહોતી, પણ આગેવાનો પૂછતા પૂછતા એમની પાસે પહોંચી ગયા. તેઓએ પાલીનગરમાં ચાતુર્માસ માટે પધારવાની આગ્રહભરી વિનંતી કરી. પરિસ્થિતિનો વિચાર કરતાં અને યતિશ્રીની ભલામણ હતી એટલે મહારાજશ્રીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો.

મહારાજશ્રી આનંદસાગરજીએ વાજતેગાજતે પાલીનગરમાં ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. મહારાજશ્રીની દુબળી કાયા જોઈને અન્ય સંપ્રદાયવાળા હસવા લાગ્યા કે આવા સાધુ તે વળી શો પ્રભાવ પાડવાના હતા ? પરંતુ પહેલે જ દિવસે મહારાજશ્રીનું દોઢ કલાકનું પ્રવચન સાંભળી શ્રોતાઓ આશ્ચર્યમુગ્ધ બની ગયા. આ તો કોઈ મોટા જ્ઞાની મહાત્મા છે એવી લોકો ઉપર છાપ પડી.

મહારાજશ્રીએ ચાતુર્માસમાં વ્યાખ્યાન માટે 'સ્થાનાંગ સૂત્ર' પસંદ કર્યું. રોજેરોજ વ્યાખ્યાનની અવિરત વાગ્ધારાથી, મહારાજશ્રીના અગાધ જ્ઞાનથી અને ઘરગથ્થુ દ્રષ્ટાંતો સાથે સમજાવવાની સરળ શૈલીથી નગરમાં એક જુદી જ હવા પેદા થઈ ગઈ. વ્યાખ્યાનમાં વખતોવખત સબળ શાસ્ત્રાધાર સાથે, તર્ક અને દલીલો સાથે મૂર્તિપૂજાની આવશ્યકતા પણ સમજાવવામાં આવી. આ વાતો પ્રસરતાં અન્ય સંપ્રદાયવાળા સાધુઓ પણ શાંત રહ્યા. કોઈ વિવાદ એમણે ઊભો કર્યો નહિ. સૌ પોતપોતાની રીતે પોતાની આરાધનામાં મગ્ન રહ્યા.

પાલીનગરના ચાતુર્માસથી મહારાજશ્રીનું નામ મારવાડના એ વિસ્તારમાં બહુ જાણીતું થઈ ગયું. પાલીના સંઘને એથી બહુ સંતોષ થયો. પાલીના ચાતુર્માસની ખ્યાતિથી પ્રેરાઈને મારવાડમાં સોજતનગરના આગેવાનોએ ચાતુર્માસનો લાભ પોતાના નગરને મળે એ માટે આગ્રહપૂર્વક વિનંતી કરી. મહારાજશ્રીએ આસપાસનાં ગામોમાં વિચરણ કરી સંવત ૧૯૫૧નું ચાતુર્માસ સોજતમાં કર્યું. એથી ત્યાં પણ બહુ ધર્મજાગૃતિ આવી.

મહારાજશ્રી મારવાડમાં હતા ત્યાં એમને સમાચાર મળ્યા કે એમના સંસારી પિતાશ્રી મગનભાઈએ દીક્ષા લીધી છે. એટલે મહારાજશ્રીએ ગુજરાત તરફ વિહાર કર્યો.

### મુનિ જીવવિજયજી

મુનિ આનંદસાગરના પિતા મગનભાઈનું પોતાનું મન પણ બંને દીકરાઓની દીક્ષા પછી સંસારમાંથી ઊઠી ગયું હતું. તેઓ શાંતિથી પોતાનું જીવન જીવી રહ્યા હતા, પરંતુ મનથી તેઓ કશીક તૈયારી કરી રહ્યા હતા. તેમણે પોતાની લેવડદેવડના હિસાબો ચૂકતે કરી દીધા હતા, બીજા બધા સામાજિક વ્યવહારોમાંથી પણ તેઓ નિવૃત્ત થઈ ગયા હતા. એક દિવસ એમણે ઘરમાં પ્રસ્તાવ મૂક્યો કે પોતાને શત્રુંજય તીર્થની યાત્રા કરવાની ભાવના થઈ છે. તેઓ એકલા યાત્રાએ ઊપડી ગયા. એ દિવસોમાં કાઠિયાવાડમાં રેલવે વ્યવહાર નહોતો. ઘણુંખરું ગાડાં માર્ગે અથવા પગપાળા મુસાફરી કરવી પડતી. એટલે શત્રુંજયની યાત્રાએ સાથે આવવા માટે પરિવારમાંથી બીજા કોઈએ આગ્રહ કર્યો નહિ.

મગનભાઈએ સિદ્ધિગિરિ, શત્રુંજય મહાતીર્થની યાત્રા કરી દેવાધિદેવ ભગવાન આદિનાથની પૂજાસેવા કરી અનન્ય ધન્યતા અનુભવી. ચૈત્યવંદન કરતાં કરતાં, ભગવાનની સ્તુતિ કરતાં કરતાં તેમની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે પોતાને કુટુંબ પરિવારનાં બંધનોમાંથી, સંસારના વ્યવહારમાંથી છોડાવે. પોતાને ચારિત્ર અંગીકાર કરવાનો યોગ આપો. તેમણે ભગવાનને વિનંતી કરી કે, 'હે પ્રભુ ! મારા દીકરાઓ સંયમના માર્ગે ગયા છે. હું અભાગી હજુ સંસારમાંથી નીકળી શક્યો નથી. હે પ્રભુ ! મારે હવે કપડવંજ પાછા જવું નથી. મને વહેલી તકે દીક્ષા અપાવો.'

મગનભાઈની આર્જવભરી પ્રાર્થના જાણે ફળી હોય તેમ યાત્રા કરીને પાછા ફરતાં માર્ગમાં પૂજ્યશ્રી પ્રતાપવિજયજી નામના એક સાધુ ભગવંતનો યોગ થઈ ગયો. એમની આગળ દીક્ષાનો પ્રસ્તાવ મૂક્યો. મગનભાઈની ઉંમર પાકટ હતી, પરંતુ એમની ભાવના ઉત્કટ હતી. એમની યોગ્યતા જાણીને પૂજ્યશ્રી પ્રતાપવિજયજી મહારાજે એમને, કશી ધામધૂમ વિના, સંવત ૧૯૫૧માં દીક્ષા આપી. મગનભાઈ હવે મુનિ જીવવિજયજી બન્યા. પોતાના ગુરુમહારાજ સાથે મુનિ જીવવિજયજી વિહાર કરવા લાગ્યા. થોડાક વખત પછી એમના દીક્ષાના સમાચાર એમના પરિવારને મળ્યા. આ પરિણામ તેઓએ ધાર્યું જ હતું, કારણ કે યાત્રા કરવામાં આટલા બધા દિવસ લાગે નહિ. વિહાર કરતાં કરતાં મુનિ જીવવિજયજી પેટલાદ નગરમાં પધાર્યા. મુનિ આનંદસાગર ગુજરાતમાં પાછા ફર્યા ત્યારે જાણ્યું કે મુનિ જીવવિજયજી પેટલાદમાં છે તથા વડિલબંધુ મણિવિજયજી પણ પેટલાદમાં છે. એટલે મુનિ આનંદસાગરજી ત્યાં પધાર્યા. પિતાપુત્રનું-મુનિ જીવવિજયજી અને મુનિ આનંદસાગરજીનું મિલન સાધુવેશમાં પેટલાદમાં થયું. પરસ્પર આનંદ અને ધન્યતા અનુભવી. પિતા અને એમના બંને પુત્રો-ત્રણેય સાધુવેશમાં સાથે મળ્યા એથી તેઓને અપાર હર્ષ થયો.

ઉંમરને કારણે જીવવિજયજીનું સ્વાસ્થ્ય સારું રહેતું નહોતું. ઔષધોપચાર ચાલતા હતા. છતાં નિરતિચાર સંયમ પાલનમાં તેઓ દ્રઢ હતા. એમની માંદગી ઉત્તરોત્તર વધતી ગઈ. બીજા વર્ષના દીક્ષા પર્યાય દરમિયાન તેઓ સંવત ૧૯૫૨ના અષાઢ સુદ બીજને દિવસે કાળધર્મ પામ્યા. તેઓ પોતાના જીવનને સાર્થક બનાવી ગયા. મુનિ આનંદસાગરે પોતાના પિતા મુનિ જીવવિજયજીને અંતિમ આરાધના સારી રીતે કરાવી હતી.

આગમસૂત્રોના ઊંડા અભ્યાસ દ્વારા મહારાજશ્રીએ જાણ્યું કે સંવત્સરી પર્વની ઊજવણી જે રીતે થવી જોઈએ તે રીતે થતી નથી. શાસ્ત્રીય પરંપરા વિચ્છિન્ન થઈ ગઈ છે, કારણ કે જ્ઞાની સાધુ મહાત્માઓ અલ્પ સંખ્યામાં રહ્યા હતા. વળી સંવત્સરી પર્વની તિથિ અંગે પણ કોઈ સુનિશ્ચિતતા નહોતી. મહારાજશ્રીએ પેટલાદના ચાતુર્માસ દરમિયાન સંવત્સરી પર્વની ઉજવણી શાસ્ત્રસંમત પધ્ધતિએ ચાલુ કરી.

પેટલાદથી વિહાર કરતાં કરતાં મહારાજશ્રીએ સંવત ૧૯૫૩નું ચાતુર્માસ વડોદરા પાસે છાણીમાં કર્યું. એ દિવસોમાં છાણી વિદ્યાભ્યાસનું મોટું કેન્દ્ર ગણાતું. ત્યાં જૈનોની વસતી ઘણી મોટી હતી. જ્ઞાનભંડાર પણ ઘણો મોટો હતો. ત્યાં પંડિતો પણ વસતા હતા. મહારાજશ્રીએ ત્યાં પંડિતો પાસે ન્યાયશાસ્ત્રનું અધ્યયન કર્યું. શાસ્ત્રાભ્યાસથી મહારાજશ્રીની તર્કશક્તિ ઘણી ખીલી. એથીજ કેટલાક હિન્દુ સંન્યાસીઓ સાથે તેઓ શાસ્ત્રાર્થ કરી શક્યા હતા. તદુપરાંત જૈનોના અન્ય સંપ્રદાયના સાધુઓ સાથે પણ મૂર્તિપૂજા, પ્રતિક્રમણવિધિ ઈત્યાદિ વિષયોની ચર્ચા કરી પોતાની વાત તેઓ સ્વીકારાવી શક્યા હતા.

મહારાજશ્રીની આ વિસ્તારમાં ખ્યાતિ વધતાં ખંભાતના સંઘે એમને ચાતુર્માસ માટે નિમંત્રણ આપ્યું. ખંભાત ત્યારે પાર્શ્વચંદ્ર ગચ્છનું મોટું મથક ગણાતું. પરંતુ મહારાજશ્રીના ચાતુર્માસને કારણે ત્યાં તપગચ્છનો ઘણો પ્રભાવ વધી ગયો હતો.

વિક્રમ સંવત ૧૯૫૫નું ચાતુર્માસ સાણંદમાં કરી મહારાજશ્રી અમદાવાદ પધાર્યા.

### પંન્યાસ-પદવી

મહારાજશ્રીએ વિ.સં. ૧૯૫૬, ૧૯૫૭ અને ૧૯૫૮નું એમ ત્રણ ચાતુર્માસ અમદાવાદમાં જુદા જુદા ઉપાશ્રયે કર્યા. દીક્ષા પછીનાં તરતનાં આટલાં વર્ષોમાં એમની પવિત્ર વાણીનો લાભ સૌથી વધુ મળ્યો હોય તો તે અમદાવાદને. લોકોનું આકર્ષણ એટલું બધું હતું કે સતત ત્રણ ચાતુર્માસ એમને અમદાવાદમાં કરવાં પડ્યાં. વિ.સં. ૧૯૫૬માં ગુજરાતમાં અને ગુજરાત બહાર ભયંકર દુકાળ પડ્યો હતો. છપ્પનિયા દુકાળ તરીકે એ જાણીતો થયો હતો. મહારાજશ્રીએ 'દુકાળ રાહત નિધિ'ની સ્થાપના કરાવી હતી. એમની પ્રેરણાથી લોકોએ સારું ધન આપ્યું હતું અને રાહત નિધિ દ્વારા લોકસેવાનું મહત્ત્વનું કાર્ય કરાવ્યું હતું. ત્યારપછી વિ.સં. ૧૯૫૯નું ચાતુર્માસ એમણે ભાવનગરમાં કર્યું. હવે એમનો શિષ્યસમુદાય પણ વધતો ગયો હતો. એમના મુખ્ય શિષ્યોમાં મુનિ માણિક્યસાગર હતા. અમદાવાદના સંઘોની ભક્તિ એટલી પ્રબળ હતી કે તેઓ ફરીથી આગ્રહ કરીને મહારાજશ્રીને વિ.સં. ૧૯૬૦નું ચાતુર્માસ અમદાવાદમાં કરવા માટે વિનંતી કરી. મહારાજશ્રીને એ સ્વીકારવી પડી.

મહારાજશ્રી અમદાવાદ પધાર્યા એટલે સંઘના આગેવાનોએ દરખાસ્ત મૂકી કે મહારાજશ્રીને અમદાવાદમાં આચાર્યની પદવી આપવામાં આવે. પરંતુ મહારાજશ્રીએ એનો સ્પષ્ટ અસ્વીકાર કર્યો કારણ કે એમણે ભગવતીજીના યોગવહન કર્યા નહોતા. પરંતુ સંઘોના અત્યંત આગ્રહને વશ થઈ એમણે પંન્યાસની પદવી, યોગવહન પછી સ્વીકારવાની સંમતિ આપી. મહારાજશ્રીએ ત્યારપછી વિધિપૂર્વક ભગવતીજીના યોગ, આયંબીલ અને નીવીની તપશ્ચર્યા સાથે ચાલુ કર્યા. યોગ પૂરા થતાં મહારાજશ્રીને પંન્યાસની પદવી આપવાનો ઉત્સવ યોજવામાં આવ્યો. બહુ ધામધૂમપૂર્વક આ ઉત્સવ અમદાવાદે યોજ્યો અને વિ.સં. ૧૯૬૦માં એમણે પંન્યાસની પદવી આપવામાં આવી. આ ચાતુર્માસ પછી મહારાજશ્રીએ જ્યારે વિદાય લીધી ત્યારે અનેક ભક્તોની આંખમાંથી અશ્રુધારા વહી હતી.

ત્યાર પછી મહારાજશ્રીએ ઉત્તર ગુજરાત તરફ વિહાર કર્યો. એ વખતે ઉત્તર ગુજરાતમાં, સાબરકાંઠામાં પેથાપુરમાં એક વિદ્વદ્ પરિષદ યોજાઈ હતી. એ પરિષદમાં પધારવા માટે મહારાજશ્રીને વિનંતી કરવામાં આવી. મહારાજશ્રી ત્યાં પધાર્યા અને એ સભામાં જૈન શાસનની સુરક્ષા અને ઓજસ્વિતા કેવી રીતે સધાય એ માટે પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું.

### સૂરતમાં આગમયોજના

વિ.સં. ૧૯૬૧નું ચાતુર્માસ મહારાજશ્રીએ કપડવંજમાં તથા ૧૯૬૨નું ચાતુર્માસ ભાવનગરમાં કર્યું. ત્યારપછી ત્યાંથી વિહાર કરતા તેઓ અમદાવાદ પધાર્યા. પંન્યાસની પદવી પછી અને અમદાવાદનાં ચારેક ચાતુર્માસ પછી મહારાજશ્રીની ખ્યાતિ સમગ્ર ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પ્રસરી ગઈ હતી. તેમણે હજુ સૂરતમાં એક પણ ચાતુર્માસ કર્યું નહોતું. આથી સૂરતની જનતા તેમના ચાતુર્માસ માટે આતુરતાપૂર્વક રાહ જોતી હતી. સૂરતના સંઘના આગેવાનો મહારાજશ્રી પાસે પહોંચ્યા અને બહુ આગ્રહભરી વિનંતી કરી. મહારાજશ્રીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો . ઓગણીસમા શતકમાં ગુજરાતની દક્ષિણે સૂરત એક મોટું ધર્મક્ષેત્ર ગણાતું હતું. આત્મારામજી મહારાજ, મોહનલાલજી મહારાજ વગેરે મોટા મોટા મહાત્માઓ સૂરતમાં ચાતુર્માસ કરી ગયા હતા. સૂરતની શ્રીમંતાઈ અને સાથે ઉદારતા શાસનનાં મહાન કાર્યો કરાવે એવી હતી. મહારાજશ્રીના સ્વપ્નો પણ સૂરતમાં સાકાર થયાં હતાં.

મહારાજશ્રીનું ૧૯૬૩નું ચાતુર્માસ સૂરતમાં એટલું જોરદાર થયું કે બીજા ચાતુર્માસ માટે માગણી થઈ. વ્યાખ્યાનમાં રોજેરોજ હજારો માણસો આવતા. સેંકડો માણસો દૂર દૂરથી આવવા લાગ્યા હતા. મહારાજશ્રીનો બુલંદ, સ્પષ્ટ અવાજ સમગ્ર સભામાં સંભળાતો. તેમને સૌ એકાગ્ર ચિત્તે સાંભળતા. વિષયની વિવિધતા, શાસ્ત્રીય તત્ત્વની ઊંડી સમજ, ઘરગથ્થુ દ્રષ્ટાંતો અને તરત ગળે ઊતરે એવી તર્કસંગત શૈલી-એ બધાંને કારણે એમનાં રોચક વ્યાખ્યાનો સાંભળતાં કેટલાંયના હ્રદયપરિવર્તન થતાં અને લોકોની ધર્માભિમુખતા વધતી.

સં.૧૯૬૪નું ચાતુર્માસ પણ મહારાજશ્રીએ ફરી સૂરતમાંજ કરવું પડ્યું. સૂરતમાં જુદા જુદા વિસ્તારોમાં આવેલા જૈન સંઘોની માગણી એટલી બધી હતી કે મહારાજશ્રીએ એક નવો જ માર્ગ અપનાવવો પડ્યો. રોજ વહેલી સવારે સંઘ સાથે નીકળી સૂરતનાં દેરાસરોની ચૈત્યપરિપાટિ કરવી અને પછી અગાઉથી જાહેર કરેલા કોઈપણ એક વિસ્તારના ઉપાશ્રયે વ્યાખ્યાન આપવું. એમ કરવાથી સૂરતના બધા જ વિસ્તારોને વારાફરતી લાભ મળવા લાગ્યો. આથી સમગ્ર શહેરમાં એક અભૂતપૂર્વ એવું ધર્મનું વાતાવરણ સર્જાયું.

આ ચાતુર્માસ દરમિયાન એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની હતી. મહારાજશ્રીનો સ્વાધ્યાયનો પ્રિય વિષય તે આગમિક સાહિત્યનો હતો. એ વિષે ખૂબ મનન-ચિંતન કરતાં તેમને જણાયું કે જૈનોએ આગમગ્રંથો હવે છપાવવા જોઈએ. અત્યાર સુધી આગમની હસ્તલિખિત પ્રતિ લહિયા પાસે લખાવાતી. ઘણી મહેનત પછી અને ઘણાં લાંબા સમયે એક પ્રત તૈયાર થતી અને તે ઘણી મોંઘી પડતી. વળી

મુદ્રણકળાના પ્રચાર પછી લહિયાનું કામ કરનારા મળતા નહિ એટલે આગમગ્રંથો જો છપાવવામાં આવે તો એક સાથે ઘણી નકલ છપાય અને ઘણાંને જ્ઞાનનો લાભ મળે. મુદ્રણ કરતાં હસ્તલેખન સારું અને લેખન કરતાં સ્મૃતિ સારી, પરંતુ સ્મૃતિદોષ વધવાને કારણે જેમ ક્ષમાશ્રમણ દેવર્દ્ધિગણિએ સ્મૃતિ પરંપરાથી ચાલ્યાં આવતાં આગમગ્રંથોને લિપિબધ્ધ કરાવવાનું ક્રાંતિકારી પગલું શાસનના હિતને લક્ષમાં રાખી ભર્યું હતું, તેમ હવે લેખન કાર્યમાં રહેલી મર્યાદાઓને લક્ષમાં રાખી આગમગ્રંથો મુદ્રિત કરાવવાનું ક્રાંતિકારી પગલું પૂ. આનંદસાગરજીએ, (સાગરજી મહારાજે) ભર્યું.

મહારાજશ્રીએ એક ચૈત્યપરિપાટી પછી વ્યાખ્યાનમાં સમજાવ્યું કે, 'જેમ મોક્ષમાર્ગ માટે જિનબિંબ આલંબનરૂપ છે, તેમ જિનાગમ પણ આલંબનરૂપ છે. માટે જિનાગમોના રક્ષણ, પોષણ, સંવર્ધન માટે યોજનાઓ હવે નવી દ્રષ્ટિથી થવી જોઈએ. એ માટે આર્થિક સહયોગની પણ સારી અપેક્ષા રહે.'

આ વ્યાખ્યાનનો એટલો બધો પ્રભાવ પડ્યો કે વ્યાખ્યાનને અંતે એક શ્રેષ્ઠી શ્રી ગુલાબચંદ ઝવેરીએ ઊભા થઈ જાહેરાત કરી કે ગુરુ ભગવંતની આ યોજના માટે તેઓ પોતાના વડિલની સ્મૃતિમાં એક લાખ રૂપિયાનું દાન જાહેર કરે છે. જે દિવસોમાં એક હજારની રકમ પણ ઘણીજ મોટી ગણાતી એ દિવસોમાં એક લાખની રકમની વાત તરત માન્યામાં ન આવે એવી, આશ્ચર્યકારક લાગે એવી હતી. એ દાનની રકમ સાથે 'શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોધ્ધાર ફંડ' નામની સંસ્થાની સ્થાપના થઈ અને એના ઉપક્રમે એક પછી એક આગમગ્રંથો મુદ્રિત થઈને પ્રગટ થવા લાગ્યા. એ સમયે કેટલાક મુનિમહારાજોએ આગમગ્રંથો છપાવવા સામે વિરોધનો સૂર ઉઠાવ્યો હતો, પરંતુ તે વધુ વખત ટક્યો નહિ કારણ કે તેઓ પોતે જ પોતાના ઉપયોગ માટે આગમગ્રંથોની નકલ મંગાવવા લાગ્યા હતા. હસ્તપ્રતો દુર્લભ રહેતી. વળી તેમાં અક્ષરો ઝીણા અને શબ્દો અડોઅડ રહેતા કારણકે તેવા કાગળો ઘણા મોંઘા આવતા. વળી તેમાં લહિયાની સરતચૂક થઈ હોય તેવાં શંકાસ્થાનો પણ રહેતાં. પરંતુ મુદ્રિત ગ્રંથોમાં અક્ષરો મોટા રહેતા, શબ્દો છૂટા છપાતા. બે પંક્તિઓ વચ્ચે જગ્યા રહેતી અને પૂરેપૂરી ભાષા- શુદ્ધિપૂર્વક ગ્રંથ છપાતો. આથી મુદ્રિત ગ્રંથની ઉપયોગિતા સ્વયમેવ સિદ્ધ થઈ ગઈ હતી. એથી જ મહારાજશ્રીના આ ક્રાંતિકારી કાર્યની પછીથી ભારોભાર પ્રશંસા થવા લાગી હતી.

### શિખરજી તીર્થની રક્ષા

સૂરતના ચાતુર્માસ પછી મહારાજશ્રી વિ. સં. ૧૯૬૪માં મુંબઈ પધાર્યા. મુંબઈમાં સૂરતીઓ તો એમના ભક્તો હતા જ, પરંતુ અન્ય લોકોનાં પણ આદર-બહુમાન મહારાજશ્રીએ જીતી લીધાં હતાં. સૂરતની જેમ મુંબઈમાં પણ એમના ઘણાખરા ભક્તો એમને 'સાગરજી મહારાજ' તરીકે ભાવભરી રીતે ઓળખતા અને પરસ્પર વાતચીતમાં એ જ નામનો ઉપયોગ કરતા.

મુંબઈમાં લાલબાગના ઉપાશ્રયે મહારાજશ્રીના ચાતુર્માસે મોટું આકર્ષણ જમાવ્યું હતું. એમનું વ્યાખ્યાન સાંભળવા માટે રોજેરોજ ચિક્કાર મેદની એકત્રિત થતી હતી.

આ દિવસો દરમિયાન એક એવી ઘટના બની કે જેથી જૈન સંઘોએ જાગૃત બનવાની જરૂર પડી. બ્રિટિશ સરકારે એક નવી યોજનાની જાહેરાત કરી હતી. અંગ્રેજો ભારતમાં રહ્યા હતા, પરંતુ ભારતની ગરમી તેનાથી સહન થતી નહિ, આથી ઉનાળામાં તેઓ પર્વતો ઉપર-સિમલા, મસુરી, દાર્જિલિંગ, આબુ, માથેરાન, મહાબળેશ્વર, ઉટાકામંડ, કોડાઈ કેનાલ વગેરે પર્વતો ઉપર રહેવા ચાલ્યા જતા, એ માટે એવાં ઘણાં સ્થળે જવાની પોતાને અનુકૂળતા રહે એ માટે તેઓએ નેરોગેજ રેલવે લાઈન પણ નાખી હતી. બિહારમાં હવે એ રીતે શિખરજીના ડુંગર ઉપર બ્રિટિશ સરકારે રહેવાના બંગલાઓ બાંધવાની યોજના જાહેર કરી હતી.

આ યોજનાની જાણ થતાં મહારાજશ્રીએ તે સામે પ્રચંડ ઝુંબેશ ઉપાડી. બંગલાઓ થશે એટલે હોટેલો આવશે, રેલવે આવશે અને એની સાથે બીજી ઘણી ગંદકી આવશે, દારૂ, શિકાર, માંસાહાર વગેરેની બદીઓ આવશે. તીર્થભૂમિની કોઈ પવિત્રતા નહિ જળવાય. મહારાજશ્રીનાં જોરદાર વ્યાખ્યાનો બ્રિટિશ સરકાર સામે ચાલુ થયાં. એક તીર્થની બાબતમાં ઢીલું મૂકવામાં આવશે તો તેઓ શત્રુંજય, ગિરનાર વગેરે બીજાં તીર્થો અભડાવશે.

મહારાજશ્રીના જાહેર વિરોધની નોંધ બ્રિટિશ સરકાર દ્વારા લેવાઈ હતી. મુંબઈ સરકારના ગુપ્તચર ખાતા તરફથી ગુપ્તચરોને લાલબાગના ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં મોકલવામાં આવતા હતા. મહારાજશ્રી સરકાર વિરુદ્ધ આટલું બધું જાહેરમાં બોલે છે માટે જરૂર એમની સામે ધરપકડનું વૉરંટ નીકળશે એવી ધાસ્તી લોકોને રહેતી હતી. કેટલાક સરકારી અમલદારો મહારાજશ્રી પાસે વાટાઘાટ કરવા આવ્યા હતા, પરંતુ મહારાજશ્રીએ એ બાબતમાં જરા પણ નમતું જોખ્યું ન હતું, પરંતુ ધર્મના ક્ષેત્રમાં પોતે હસ્તક્ષેપ નહિ કરે એવા બ્રિટિશ સરકારે આપેલા જાહેર વચનની યાદ દેવરાવી હતી.

શિખરજી અંગે જૈનોના અતિશય ઉગ્ર વિરોધની વાત ઠેઠ દિલ્હીના વાઈસરૉય સુધી પહોંચી હતી. છેવટે એક દિવસે સરકારે જાહેરાત કરી કે શિખરજીના ડુંગર ઉપર બંગલાઓ બાંધવાની યોજના સરકારે પડતી મૂકી છે.

મહારાજશ્રીની વાણીનો, તીર્થની સુરક્ષા માટેની લાગણીનો આ વિજય હતો. ત્યાર પછી મહારાજશ્રીની ભલામણથી આણંદજી કલ્યાણની પેઢીએ શિખરજીના આખા ડુંગરની જમીન ખરીદી લીધી કે જેથી ભવિષ્યમાં પણ આવી કોઈ દરખાસ્ત કરવાનો પ્રશ્ન જ ન રહે.

### અંતરીક્ષજીમાં

વિ. સં. ૧૯૬૪ના મુંબઈમાં લાલબાગના ચાતુર્માસ દરમિયાન બીજો એક મહત્ત્વનો નિર્ણય લેવાયો અને તે અંતરીક્ષજી તીર્થની યાત્રા માટે છ'રી પાળતો સંઘ કાઢવાનો. મુંબઈમાં વસતા સૂરતના ઝવેરી અભયચંદ સ્વરૂપચંદની આ સંઘના સંઘપતિ બનવાનો લાભ પોતાને મળે એવી વિનંતી મહારાજશ્રીએ માન્ય રાખી. ચાતુર્માસ પછી સં. ૧૯૬૫માં પાદવિહાર કરતો, ઉલ્લાસપૂર્વક આગળ વધતો વધતો સંઘ અંતરીક્ષજી પહોંચવા આવ્યો. સંઘમાં રોજેરોજ જિન પ્રતિમાની પૂજા માટે એક રથમાં પ્રતિમાજી પણ સાથે સાથે રાખવામાં આવતા હોય છે. અંતરીક્ષજીના ગામમાં વાજતે ગાજતે પ્રવેશ કરી જ્યારે પ્રતિમાજી દેરાસરમાં લઈ જવામાં આવ્યાં ત્યારે ત્યાં વસતા અન્ય સંપ્રદાયના કેટલાક લોકોએ તેનો વિરોધ કર્યો. એથી વાદવિવાદ થયો. ઝઘડો ઉગ્ર બન્યો. કેટલાક અજાણ્યા માણસોએ આવીને મારામારી ચાલુ કરી. મોટી મારામારી થઈ. કેટલાકને વાગ્યું. કેટલાક બેભાન થયા. મહારાજશ્રીને પણ મૂઢ માર વાગ્યો. અહિંસક તરીકે ઓળખાતા જૈનોના હાથે હિંસાનો ઉત્પાત મચી ગયો.

થોડીવારમાં પોલિસ આવી પહોંચી. કેટલાકની ધરપકડ થઈ. અદાલતમાં ખટલો ચાલ્યો. મહારાજશ્રીએ આ તોફાન કરાવ્યું છે એવો આક્ષેપ અન્ય પક્ષ તરફથી થયો. એથી મહારાજશ્રીને પણ અદાલતમાં જવું પડ્યું. બંને પક્ષ તરફથી કાબેલ વકીલો રોકવામાં આવ્યા. બ્રિટિશ ન્યાયાધિશ હતા. મહારાજશ્રીએ પોતાના વકીલને સ્પષ્ટ જણાવી દીધું કે એમના પક્ષ તરફથી જરા પણ જૂઠી રજૂઆત કરવી નહિ અને કૉર્ટમાં આવવાનું થશે તો પોતે અંશ માત્ર પણ અસત્ય બોલશે નહિ. ન્યાયાધીશે મહારાજશ્રીને વિનંતી કરી કે પોતાને મારનાર ગુનેગારોને તેઓ ઓળખી બતાવે. મહારાજશ્રીએ કહ્યું કે પોતાના ઉપર હુમલા પાછળથી થયા છે એટલે કોઈનું મોઢું જોવા મળ્યું નથી. વળી પોતાને મારનારને કંઈ પણ સજા થાય એવું પોતે ઈચ્છતા નથી એટલું જ નહિ તેઓ તેમને માફી આપવા ચાહે છે. મહારાજશ્રીના આ વલણની અંગ્રેજ ન્યાયાધીશ પર ઘણી સારી છાપ પડી. બીજી બાજુ અન્ય સમુદાયના વકીલો અને બીજા પ્રચારકો તરફથી એવી વાત વહેતી થઈ કે મહારાજશ્રીને સાત વર્ષની કેદની સજા થવાની છે. પરંતુ મહારાજશ્રી તદ્દન સ્વસ્થ અને શાંત રહ્યા હતા. તેઓ અંતરીક્ષજીમાં પોતાના સ્વાધ્યાયમાં જ નિમગ્ન રહેતા. જે દિવસે અદાલતનો ચુકાદો આવવાનો હતો તે દિવસે પણ શો ચુકાદો આવશે એવું જાણવાની જરા સરખી ઉત્સુકતા પણ એમણે દર્શાવી નહોતી. ચુકાદો આવ્યો. કૉર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા. આ સમાચાર પણ મહારાજશ્રી માટે બહુ મહત્ત્વના નહોતા. ચુકાદાના સમયે પણ તેઓ તો આગમગ્રંથનું અધ્યયન કરી રહ્યા હતા.

આ તોફાની બનાવની એક સારી બાજુ એ હતી કે અંગ્રેજ ન્યાયાધીશ મહારાજશ્રીની વિદ્વત્તાથી અને ઉત્તમ ચારિત્ર્યથી એટલા

બધા પ્રભાવિત થઈ ગયા હતા કે ચુકાદો આપ્યા પછી તેઓ મહારાજશ્રીને રોજ ઉપાશ્રયે મળવા આવતા અને એમની સાથે જ્ઞાનગોષ્ઠી કરતા. એથી લોકોમાં પણ મહારાજશ્રી પ્રત્યે ઘણો આદરભાવ વધી ગયો હતો.

અંતરીક્ષજીની યાત્રા પછી મહારાજશ્રી યેવતમલ પધાર્યા અને ચાતુર્માસ ત્યાં કર્યું. ત્યારપછી તેઓ ગુજરાતમાં પધાર્યા અને સૂરતમાં બે ચાતુર્માસ દરમિયાન આગમગ્રંથોના મુદ્રણની યોજના આગળ વધારી, ઉપધાન તપની આરાધના પણ કરાવી અને 'જૈન તત્ત્વબોધ પાઠશાળા'ની સ્થાપના કરાવી. સં. ૧૯૬૮માં ખંભાતમાં અને ૧૯૬૯માં છાણીમાં ચાતુર્માસ કરી તેઓ પાટણ પધાર્યા. પાટણના આ ચાતુર્માસમાં ઘણી સારી ધર્મજાગૃતિ આવી હતી. ચાતુર્માસ પછી મહારાજશ્રીની નિશ્રામા પાટણથી ભીલડિયાજીનો છરી પળતો સંઘ નીકળ્યો હતો. પાછા ફરતાં ભોયણી તીર્થની યાત્રા સૌએ કરી હતી. એ વખતે એમની પ્રેરણાથી મોટા પાયા ઉપર ' આગમોદય સમિતિ'ની રચના કરવામાં આવી હતી, જેમાં વેણીચંદ સૂરચંદ, કુંવરજી આણંદજી કાપડિયા, જીવણચંદ સાકરચંદ ઝવેરી, હીરાલાલ બકોરદાસ વગેરે તે સમયના નામાંકિત વિદ્વાનોને આ સમિતિમાં લેવામાં આવ્યા હતા.

### આગમવાચના

મહારાજશ્રીના જીવનનું એક અત્યંત મહત્ત્વનું કાર્ય તે આગમવાચનાનું હતું. મહારાજશ્રીએ યુવાન વયે ઉદયપુરમાં યતિવર્ય શ્રી આલમચંદજી પાસે આગમસૂત્રોનો અભ્યાસ કર્યો હતો. ત્યારપછી જુદાં જુદાં આગમસૂત્રોની પ્રતિઓ મેળવીને તથા તેના ઉપરની ટીકાઓની પ્રતિઓ મેળવીને તેમણે સ્વયમેવ અભ્યાસ વધાર્યો હતો. સંસ્કૃત અને અર્ધમાગધી ભાષા ઉપરનું એમનું પ્રભુત્વ અસાધારણ હતું અને આગમિક સાહિત્યના સંશોધન-અધ્યયનનો એમનો રસ ઉત્તરોત્તર વધુ ઉત્કટ બનતો જતો હતો. એ જમાનામાં સાધુ સમુદાયમાં પણ અભ્યાસ પ્રમાણમાં અલ્પ હતો. આથી મહારાજશ્રીએ મથુરા, પાટલીપુત્ર અને વલભીપુરની પ્રાચીન પરિપાટીએ આગમવાચનાના કાર્યક્રમો યોજવાનું વિચાર્યું. કોઈપણ એક આગમસૂત્ર લઈ તેનો શબ્દે શબ્દ વાંચવામાં આવે, તેના ઉપરની પંચાંગી ટીકા વાંચવામાં આવે અને દરેક શબ્દ છૂટા પાડી તેના અર્થ વિચારવામાં આવે અને તેનાં રહસ્યો સમજાવવામાં આવે. આવી રીતે એક આગમસૂત્રની વાચના પૂરી કરતાં ચારથી છ મહિના લાગે.

મહારાજશ્રી વિ.સં. ૧૯૭૦માં અને સં. ૧૯૭૧માં પાટણમાં ચાતુર્માસ માટે પધાર્યા હતા. પાટણના જ્ઞાન ભંડારોમાં ઘણી હસ્તપ્રતો જોવાનો એમને અવસર સાંપડ્યો. એ વખતે એમણે આ આગમવાચનાના કાર્યક્રમની જાહેરાત કરી. એ માટે સારી સંખ્યામાં સાધુ-સાધ્વીઓ પાટણમાં આવી પહોંચ્યાં. પૂર્વેની પ્રાચીન સમયની આગમવાચનાની સ્મૃતિ તાજી કરાવે એવું વાતાવરણ સર્જાયું હતું.

પછી તો આગમવાચનાના કાર્યક્રમની વાતો એટલી બધી પ્રસરી ગઈ કે વિ.સં. ૧૯૭૨માં કપડવંજની બીજી વાચના વખતે અને અમદાવાદની ત્રીજી વાચના વખતે ઉત્તરોત્તર મુનિ મહારાજોની સંખ્યા વધતી ગઈ. અઢીસોથી વધુ સાધુભગવંતો અને સવાસોથી વધુ વિદુષી સાધ્વીઓ આવી વાચનામાં ઉપસ્થિત રહેવા લાગ્યાં હતાં. મહારાજશ્રીએ ત્યાર પછી વિ.સં. ૧૯૭૩માં સૂરતમાં ચોથી અને પાંચમી વાચના, છઠ્ઠી વાચના વિ.સં. ૧૯૭૬માં પાલીતાણામાં અને ૧૯૭૭માં સાતમી વાચના રતલામમાં આપી.

મહારાજશ્રીએ આપેલી આગમવાચનાઓ વિષે તેમના એક વિદ્વાન કવિ ભક્તે કરેલી કાવ્યરચનામાંથી નીચેની પંક્તિઓ જુઓ :

*આગમવાચના પ્રાચીન રીતિ, ચલવી અર્વાચીન કાળે રે,*
*આગમ અર્થ અપૂર્વ શ્રવણમાં, મુનિમંડળ નિત્ય મહાલે રે;*
*અગમ અગોચર પદના અર્થ, સ્પષ્ટ પ્રગટ વિસ્તારી રે;*
*અનુપમ રહસ્ય સિધ્ધાંત પ્રકાશી, શંકા સંશય ધ્વંસકારી રે.*
*અલૌકિક ગુણ બ્રહ્મચર્ય જસ, અદ્‌ભુત ઉદ્યમ કરણી રે;*
*આનંદવાણી અમૃતઝરણી, જ્ઞાને તેજસ્વી તરણી રે,*
*આનંદરસના રસમિલણથી રતિપ્રીતિ ઘટઘટ જાગી રે;*
*તજી પ્રમાદ પ્રમોદ ભજીને, રસિક શ્રુત લય લાગી રે.*

x x x

*પાટણ, કપડવંજ, રાજનગરે, સૂર્યપુરે દોય વારી રે.*
*પાલીતાણા, રતલામ મુકામે, વાચના સુજ્ઞ ચિત્ત ઠારી રે.*

આમ, મહારાજશ્રીએ આગમવાચનાના કાર્યક્રમો દ્વારા પોતાના જમાનામાં સાધુભગવંતોમાં આગમસૂત્રોના અર્થ અને રહસ્ય સમજવા માટે અને તેવા પ્રકારની સજ્જતા કેળવવા માટે ખૂબ ઉત્સાહ વધારી દીધો હતો.

મહારાજશ્રીએ આગમવાચનાના આવા કુલ સાત કાર્યક્રમો જુદે જુદે સ્થળે યોજ્યા હતા. એવા કાર્યક્રમો યોજવાનો તેમનો સવિશેષ અધિકાર હતો.

આ આગમવાચનાઓમાં મહારાજશ્રીએ દશવૈકાલિકસૂત્ર, અનુયોગદ્વારસૂત્ર, આવશ્યકસૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, વિશેષાવશ્યક સૂત્ર, સ્થાનાંગસૂત્ર, ઔપપાતિકસૂત્ર, આચારાંગસૂત્ર, નંદીસૂત્ર, ભગવતીસૂત્ર, ઓઘનિર્યુક્તિ, પિંડનિર્યુક્તિની વાચનાઓ આપી હતી. એમાંની કેટલીક વાચનાઓની નોંધ એમના શિષ્યો કરી લેતા હતા. એવી કેટલીક નોંધો પ્રગટ પણ થઈ છે.

આગમસૂત્રો ઉપરાંત મહારાજશ્રીએ પૂર્વાચાર્યોના 'પ્રશમરતિ', ' જ્ઞાનસાર' વગેરે ગ્રંથો ઉપર પ્રવચનો આપ્યાં હતાં. એમના પ્રવચનોની નોંધના કેટલાંક ગ્રંથો પણ પ્રગટ થયા છે. અલબત્ત, વ્યાખ્યાનની નોંધરૂપે એ ગ્રંથો છે. વ્યાખ્યાનની શૈલી અને સ્વતંત્ર ગ્રંથ લેખનની શૈલી જુદી હોય એ તો દેખીતું છે.

### આચાર્યની પદવી

મહારાજશ્રી અંતરીક્ષજીથી વિહાર કરતાં કરતાં સં. ૧૯૭૪માં સૂરત તરફ પધાર્યા. સૂરત મહારાજશ્રીનું એક મોટું ક્ષેત્ર બની ગયું હતું. મહારાજશ્રીનું સ્વાગત સૂરતના સંઘોએ ભવ્ય રીતે કર્યું. સૂરતના સંઘોએ વર્ષો પહેલાં મહારાજશ્રીને સૂરતમાં આચાર્યની પદવી આપવામાં આવે એવી ભાવના દર્શાવી હતી. એ પ્રસ્તાવનું ફરી પુનરુચ્ચારણ કરવામાં આવ્યું. દેશકાળનો વિચાર કરતાં છેવટે મહારાજશ્રીએ એ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો . પરંતુ સાથે સાથે એવી શરત કરી કે સૂરતના કેટલાક સંઘો વચ્ચે નાના નાના મતભેદો છે અને ઝઘડાઓ છે તે મટી જવા જોઈએ. એ માટે બધા સંઘોના આગેવાનોની સભા બોલાવવામાં આવી અને તેમાં સૌએ સર્વાનુમતે સહર્ષ જણાવ્યું કે સૂરતના સંઘો વચ્ચે હવે કોઈ બાબતમાં કુસંપ રહેશે નહિ અને સાથે સાથે હળીમળીને શાસનની શોભા વધે એ રીતે તેઓ કામ કરશે.

મહારાજશ્રીને આચાર્યની પદવી વૈશાખ સુદ દસમના રોજ આપવાનું નક્કી થયું. આઠ દિવસનો આચાર્યપદ પ્રદાનનો ઉત્સવ ગોઠવાયો. પ. પૂ. તપગચ્છનાયક શ્રી મુક્તિવિજયજી (મૂળચંદજી) મહારાજના શિષ્ય પ. પૂ. શ્રી કમલસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આચાર્ય પદવી અપાય એ માટે શ્રી કમલસૂરીશ્વરજીને સૂરત પધારવા માટે વિનંતી કરવામાં આવી. તેઓ સૂરત પધાર્યા અને તેમના હસ્તે મહારાજશ્રીને આચાર્યની પદવી આપવામાં આવી. આ પ્રસંગે સૂરતમાં અભૂતપૂર્વ ભવ્ય રથયાત્રા કાઢવામાં આવી હતી. એ જોવા માટે હજારો માણસો શેરીએ શેરીએ એકત્ર થયા હતા. આચાર્ય પદવીનો કાર્યક્રમ પણ સાંગેપાંગ સરસ રીતે પાર પડ્યો હતો. એ પ્રસંગે શ્રી કમલસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા મહારાજશ્રીએ-નૂતન આચાર્યશ્રીએ વિશાળ જનસમુદાય સમક્ષ પ્રેરક પ્રવચનો કર્યાં હતાં. વૈશાખ સુદ ૧૦, વિ. સં. ૧૯૭૪ના રોજ પંન્યાસ શ્રી આનંદસાગરજી મહારાજ આચાર્ય શ્રી સાગરાનંદસૂરિ થયા. ત્યારથી સૂરતના લોકોમાં 'સાગરજી મહારાજ' તરીકે તેઓ વધુ ભાવભરી રીતે ઓળખાવા લાગ્યા. આચાર્યની પદવી પછી મહારાજશ્રી મુંબઈમાં ચાતુર્માસ કરી ૧૯૭૫ના ચાતુર્માસ માટે સૂરત પધાર્યા હતા. એ સમયે જૈનાનંદ પુસ્તકાલયની સ્થાપના કરાવી તથા ચાતુર્માસ પછી ઉપધાન તપ કરાવી ધર્મની સારી પ્રભાવના કરી હતી. ત્યાર પછી તેમણે સૂરતથી પાલીતાણાનો સંઘ કાઢ્યો હતો.

### માલવામાં-શૈલાનાના નરેશ

મહારાજશ્રીના વિહાર અને ઉપદેશનું બીજું એક મોટું ક્ષેત્ર તે માલવા અને મધ્ય પ્રદેશનું રહ્યું હતું. રતલામમાં સાતમી આગમવાચના આપ્યા પછી એમણે વિ.સં. ૧૯૭૭નું ચાતુર્માસ શૈલનામાં કર્યું અને ત્યારપછીના બે ચાતુર્માસ રતલામમાં કર્યાં હતાં. મહારાજશ્રીએ

ભોપાવર તીર્થનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો. તદુપરાંત અલીરાજપુર, કુક્ષી, માંડવગઢ, રાજગઢ, વગેરે તીર્થોમાં એમણે સારી ધર્મભાવના કરી હતી. તેઓ અમદાવાદ, પાલીતાણા, સૂરતમાં ચાતુર્માસમાં હતાં ત્યારે પણ એ ક્ષેત્રો સંભાળવા માટે એમનાં કોઈક ને કોઈક શિષ્યો માલવામાં વિચરતા રહ્યા હતા.

માલવાના આ વિચરણ દરમિયાન મહારાજશ્રી શૈલાના નામના નગરમાં પધાર્યા હતા. ગુજરાતમાંથી કોઈ મોટા મહાત્મા પધાર્યા છે એવા સમાચાર મળતાં રાજ્યના નરેશ દિલીપસિંહજી તેમને ઉપાશ્રયે વંદન કરવા ગયા અને પોતાના રાજમહેલમાં વ્યાખ્યાન આપવા માટે પધારવા વિનંતી કરી. વિનંતીનો સ્વીકાર કરી મહારાજશ્રી રાજમહેલમાં વ્યાખ્યાન આપવા પધાર્યા. મહારાજશ્રીના વ્યાખ્યાનથી તેઓ તથા અધિકારી વર્ગ બહુ પ્રભાવિત થયા. ત્યાર પછી નરેશ રોજેરોજ ઉપાશ્રયે વ્યાખ્યાન સાંભળવા પધારવા લાગ્યા તથા અન્ય સમયે જ્ઞાનગોષ્ઠી માટે આવવા લાગ્યા હતા. તેમના હૃદયનું ખાસ્સું પરિવર્તન થયું. મહારાજશ્રીની ભલામણથી શૈલાના નરેશે પોતાના રાજ્યમાં 'અમારી ઘોષણા' કરાવીને શિકાર વગેરે ઉપર પણ પ્રતિબંધ કરાવ્યો હતો.

મહારાજશ્રીના વિહારને પરિણામે માલવામાં ઘણી સારી ધર્મપ્રભાવના થઈ હતી.

શૈલાના પછી રતલામમાં ચાતુર્માસ કર્યા બાદ મહારાજશ્રીએ સમેત શિખર તરફ વિહાર કર્યો. એ દિવસોમાં આ પ્રકારનો વિહાર ઘણો કઠિન હતો, કારણ કે માર્ગમાં ઘણાં ગામોમાં જૈનોનાં ઘર નહોતાં. તેમ છતાં કષ્ટ વેઠીને પણ મહારાજશ્રીએ પોતાના શિષ્યો સાથે એ દિશામાં વિહાર કર્યો હતો.

### વારાણસીની વિદ્યાપીઠમાં

સમેતશિખર તરફ મહારાજશ્રીનું પ્રયાણ હોવાથી તેઓ ઉત્તર ભારતમાં કાનપુર, લખનૌ વગેરે સ્થળે વિહાર કરતાં કરતાં કાશીમાં આવી પહોંચ્યા હતા. મહારાજશ્રી આગમસૂત્રોના જાણકાર તથા અર્ધમાગધી અને સંસ્કૃત ભાષાના અને સાહિત્યના મોટા વિદ્વાન છે એની જાણ થતાં કેટલાક વિદ્વાન પંડિતો અને પ્રાધ્યાપકો એમને મળવા આવ્યા અને એમના અગાધ જ્ઞાનથી પ્રભાવિત થયા. તેઓને એમ થયું કે કાશી જેવી નગરીમાં મહારાજશ્રી પધાર્યા હોય અને એમની વાણીનો જાહેર કાર્યક્રમ દ્વારા લાભ ન લેવાય તો તેથી પંડિતો અને વિદ્યાર્થીઓને જ ગેરલાભ થશે. સંસ્કૃત ભાષા અને સાહિત્યના આ પ્રાચીન વિદ્યાધામમાં મહારાજશ્રીને 'સ્યાદવાદ' વિષે સંસ્કૃત ભાષામાં વ્યાખ્યાન આપવા આગ્રહભર્યું નિમંત્રણ મળ્યું. મહારાજશ્રીએ એ નિમંત્રણનો સ્વીકાર કર્યો અને હિંદુ વિશ્વવિદ્યાલયમાં તેઓ પોતાના શિષ્યો સાથે પધાર્યા. ત્યાં તેમણે પંડિતોની અને વિદ્યાર્થીઓની વિશાળ સભામાં વિદ્વદ્ ભોગ્ય સંસ્કૃત ભાષામાં ગહન વિચારોથી સભર એવું વ્યાખ્યાન આપ્યું. એ સાંભળીને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. પરંતુ વ્યાખ્યાન ઘણી કઠિન સંસ્કૃત ભાષામાં હતું. કેટલાક લોકોએ માગણી કરી એ જ વિષય ઉપર જરા સરળ ભાષામાં મહારાજશ્રી વ્યાખ્યાન આપે તો ઘણા વધુ લોકોને લાભ થાય. મહારાજશ્રીએ એ વિનંતીનો સ્વીકાર કર્યો અને ત્યાર પછી બીજાં બે વ્યાખ્યાન એજ વિષય ઉપર સરળ સંસ્કૃત ભાષામાં આપ્યાં. મહારાજશ્રી ગુજરાતી અને હિંદી ભાષામાં તો વ્યાખ્યાનો આપતા હતા, પરંતુ સંસ્કૃત ભાષામાં આટલી અસ્ખલિત શૈલીએ, સરળ અને કઠિન એમ બંને રીતે વ્યાખ્યાન આપતા પહેલીવાર જોઈને ખુદ એમના પોતાના શિષ્યોને પણ બહુ આશ્ચર્ય થયું હતું.

### બિહારમાં અને બંગાળમાં

વારાણસીથી મહારાજશ્રીએ સમેતશિખરની યાત્રા માટે પોતાના શિષ્યો સાથે બિહાર તરફ વિહાર કર્યો. સમેતશિખરની યાત્રા પછી તેઓ ત્યાંના તીર્થક્ષેત્રોમાં વિચરતા હતા તે સમયે કલકત્તાના આગેવાનો તેમને કલકત્તા ચાતુર્માસ કરવા પધારવા માટે વિનંતી કરવા આવ્યા. મહારાજશ્રીએ તેમની વિનંતીનો સ્વીકાર કર્યો. ગુજરાત તરફથી આ મહાન જૈનાચાર્ય પધારી રહ્યા છે એ સમાચારને કલકત્તાનાં વર્તમાનપત્રોએ સારી પ્રસિદ્ધિ આપી. કતકત્તામાં વેપારાર્થે ગયેલા ગુજરાતી અને વધુ તો રાજસ્થાનવાસી જૈન ભાઈઓની સારી સંખ્યા હતી. તેઓએ કલકત્તામાં પ્રવેશ વખતે મહારાજશ્રીનું કાર્તિકી પૂર્ણિમા વખતે ત્યાં જેવો ભવ્ય વરઘોડો વર્ષોથી નીકળે છે તેવું ભવ્ય સ્વાગત કર્યું.

અહીં મહારાજશ્રીના વ્યાખ્યાનમાં રાજસ્થાની ભાઈ-બહેનોની બહુમતી હતી એટલે મહારાજશ્રી હિંદી ભાષામાં વ્યાખ્યાન આપતા હતા. મહારાજશ્રીએ જોયું કે કલકત્તામાં લોકોની ધર્મવાચના માટે પૂરતા ગ્રંથો નથી. એમાં પણ હિંદી ભાષામાં તો નહિવત્ છે. એટલે મહારાજશ્રીના સદુપદેશથી ત્યાં 'શ્રી મણિવિજયજી જૈન જ્ઞાનભંડાર'ની સ્થાપના કરવામાં આવી હતી. મહારાજશ્રીની ઉપસ્થિતિથી કલકત્તામાં જૈન ધર્મનું એક નવું વાતાવરણ સરજાયું. એ દિવસોમાં જૈન સાધુઓ કલકત્તા તરફ જવલ્લે જ વિચરતા. મહારાજશ્રીના વિચરણ પછી અને ચાતુર્માસ પછી જાણે કલકત્તાનો માર્ગ જૈન સાધુઓ માટે ખૂલી ગયો હોય એવું બન્યું.

કલકત્તાથી વિહાર કરી મહારાજશ્રી મુર્શીદાબાદ પધાર્યા અને ત્યાર પછી અજીમગંજ પધાર્યા. તે સમયે અહીંના જૈન શ્રીમંત નેતા રાયબહાદુર વિજયસિંહ દુધેડિયાએ ભવ્ય સ્વાગતનું આયોજન કરાવ્યું હતું. સૂરતથી આવેલા બે દીક્ષાર્થી ભાઈઓને અજીમગંજમાં ભારે દબદબા સાથે દીક્ષા આપવામાં આવી. દીક્ષાની ઘટના આ વિસ્તારમાં લોકોને સૈકાઓ પછી જોવા મળી હતી એટલે એ ઐતિહાસિક ઘટના બની ગઈ. અજીમગંજમાં લોકોનો ઉત્સાહ જોઈને અને એમના આગ્રહને માન આપી મહારાજશ્રીએ ચાતુર્માસ અજીમગંજમાં કર્યું.

બિહારથી વિહાર કરી મહારાજશ્રી રાજસ્થાન બાજુ પધાર્યા અને સાદડીમાં ચાતુર્માસ કર્યું તથા ત્યાં ઉપધાન તપની આરાધના કરાવી. ત્યાંથી વિહાર કરતાં તેઓ કેસરીઆજી તીર્થમાં પધાર્યા. ત્યાં આદિનાથ ભગવાન કેસરીઆ નાથજીના દેરાસર ઉપર જીર્ણ થઈ ગયેલો ધજાદંડ કઢાવી નવો ધજાદંડ મુકાવ્યો. ત્યાર પછી મહારાજશ્રી વિહાર કરતાં કરતાં ઉદયપુર પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. ઉદયપુરથી તેઓ અમદાવાદ ચાતુર્માસ અર્થે પધાર્યા.

મહારાજશ્રી સમેતશિખરજીથી પાછા ગુજરાતમાં પધાર્યા ત્યારે બાલદીક્ષા, દેવદ્રવ્ય વગેરે વિષયોમાં ગુજરાતમાં ઘણો વાદવિવાદ ચાલ્યો હતો. એ વખતે પોતાના વિચારોને તરત પ્રકાશિત કરવા, ઊભા કરાયેલા પ્રશ્નોના ઉત્તર આપવા માટે અને અન્ય ધાર્મિક વિષયો ઉપરના પોતાના સંશોધાત્મક મનનીય લેખો પ્રગટ કરવા માટે એક સામયિકની જરૂર હતી. મહારાજશ્રીની પ્રેરણાથી 'સિદ્ધચક્ર' નામનું એક સામયિક આ અરસામાં શરૂ થયું હતું અને તે ઘણાં વર્ષ સુધી ચાલુ રહ્યું હતું.

વળી લોકોને ધર્મના માર્ગે સાચી સમજણ સાથે વાળવા માટે મંડળો સ્થાપવાની જરૂર હતી. એટલે મહારાજશ્રીની પ્રેરણાથી આ વર્ષો દરમિયાન 'દેશવિરતિ આરાધક સમાજ', 'નવપદ આરાધક સમાજ', 'યંગ મેન સોસાયટી' જેવી કેટલીક સંસ્થાઓની સ્થાપના થઈ હતી જે દ્વારા ધર્મરક્ષાનું અને ધર્મવૃધ્ધિનું ઘણું સંગીન કાર્ય થયું હતું.

એ વખતે મુંબઈમાં કેટલાક સુધારાવાદીઓએ 'નવયુગ નાટક સમાજ' નામની એક નાટક મંડળી ઊભી કરી હતી. આ નાટક મંડળી દ્વારા મુંબઈના રંગમંચ ઉપર જૈન સાધુઓની દીક્ષા પ્રણાલિકાને વગોવતું, જૈન સાધુનું હલકું ચિત્ર ઉપસાવતું એક નાટક ભજવવાની તૈયારીઓ ચાલવા લાગી. 'અયોગ્ય દીક્ષા' એવું એ નાટકનું નામ રાખવામાં આવ્યું હતું. આ નાટકની જાહેરાત થતાં જૈન સમાજમાં ભારે મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા હતા. સામાન્ય શ્રધ્ધાળુ લોકોને એથી ભારે આઘાત લાગ્યો હતો. સુધારાવાદીઓ, નાસ્તિકો એથી આનંદમાં આવી ગયા હતા.

એ વખતે મુંબઈમા ચાતુર્માસ અર્થે બિરાજમાન મહારાજશ્રીને લાગ્યું કે અન્ય સમાજ સમક્ષ જૈન સાધુ સમાજને ઉતારી પાડનારા આવા હીન, મલિન નાટ્યપ્રયોગ સામે જબરજસ્ત ચળવળ ઉપાડવા સિવાય બીજો ઉપાય નથી. પ્રબળ લોકમત આગળ ભલભલાને નમવું પડે છે. મહારાજશ્રીના ઉદ્‌બોધનથી નાટક કંપની સામે લોકોમાં ઘણો મોટો ઉહાપોહ થયો. વાતાવરણ નાટક કંપનીની વિરુધ્ધ થઈ ગયું. નાટક કંપનીએ નાટક ભજવવાનો ઈન્કાર જાહેર કરી દીધો. એથી સુધારાવાદીઓ ઢીલા પડી ગયા. અને એક વિવાદનો વંટોળ શમી ગયો.

### શત્રુંજય તીર્થ-યાત્રા કર

મહારાજશ્રીનો જમાનો એટલે ભારતની સ્વતંત્રતા પૂર્વેનો બ્રિટિશ રાજ્ય અને દેશી રાજ્યોનો જમાનો. એ વખતે કેટલાંક દેશી રાજ્યો પોતાની આવક વધારવા માટે જાતજાતના કરવેરા પ્રજા પર નાખતાં. ઘણાં રાજાઓ પ્રજાના કરવેરામાંથી થતી આવક પ્રજાકલ્યાણ માટે ન વાપરતાં પોતાના અંગત મોજશોખ અને ભોગવિલાસ માટે, શિકાર, જુગાર, મહેફીલો, કીમતી ઘરેણાં અને શોખની વસ્તુઓની ખરીદી માટે તથા રંગરાગભર્યા જીવન માટે વાપરતા. કેટલાક તો કાયમ માટે ઈંગ્લૅન્ડ (વિલાયત)માં રહેતા અને રાજ્યના પૈસા ત્યાં મંગાવી વાપરતા. પોતાના રાજ્યમાં કરવેરા નાખવા માટેનાં ક્ષેત્રોમાંનું એક તે તીર્થયાત્રા ઉપર યાત્રિક-કર, (મુંડકાવેરો શબ્દ ત્યારે વધુ પ્રચલિત હતો) નાખવાનું હતું. પાલીતાણા નરેશે એ રીતે શત્રુંજય તીર્થની યાત્રાએ આવતા યાત્રિકો ઉપર મુંડકાવેરો નાખવાનું જહેર કર્યું. આથી જૈન સંઘોમાં ખળભળાટ મચી ગયો. આ મુંડકાવેરાને કારણે અનેક ગરીબ જૈનો યાત્રા કરવાનું માંડી વાળશે એવી ભીતિ ઊભી થઈ.

એ વખતે ગામેગામના જૈન સંઘોએ આ મુંડકાવેરાનો વિરોધ કર્યો. પૂ. નેમિસૂરિ વગેરે આચાર્યોએ પાલીતાણા નરેશને સમજાવવા ઘણા પ્રયાસો કર્યા. પૂ. સાગરજીમહારાજે પણ પ્રયાસ કરી જોયા, પણ પાલીતાણા નરેશનું હૃદય પીગળ્યું નહિ. પરિણામે પૂ. નેમિસૂરિ તથા બીજા આચાર્યોના આદેશથી લોકોએ શત્રુંજયની યાત્રાએ જવાનું બંધ કર્યું. પાલીતાણા રાજ્યની હદની બહાર, શત્રુંજયની ટુંક બરાબર કદમ્બગિરિ તીર્થ પૂ. નેમિસૂરિએ વિકસાવ્યું અને યાત્રિકોનો પ્રવાહ એ તરફ વાળ્યો. વળી આ અન્યાયી કરની સામે બ્રિટિશ અદાલતમાં કેસ માંડવામાં આવ્યો કારણ કે દેશી રાજયો બ્રિટિશ શાસનને આધિન હતાં. અદાલતે વાર્ષિક પંદર હજાર રૂપિયાનાં કરમાંથી ચાર હજારનો કર મંજુર કર્યો. યાત્રિકો વ્યક્તિગત કર આપે એમાં ઘણી કનડગત થઈ શકે. એટલે આ રકમ આણંદજી કલ્યાણજીની પેઢી પ્રતિવર્ષ આપે એવું ઠરાવવામાં આવ્યું. પણ પેઢી એ રકમ ક્યાંથી લાવે ? પૂ. સાગરજી મહારાજ તે વખતે અમદાવાદમાં બિરાજમાન હતાં. એમણે જાહેર સભાઓમાં ઉદ્‌બોધન કરી આ કાર્ય માટે મોટી રકમ લખાવા શ્રીમંત જૈનોને ભલામણ કરી. મહારાજશ્રીના ચારિત્રનો અને એમની વાણીનો એટલો બધો પ્રભાવ હતો કે જે ચાર લાખ રૂપિયાની ટહેલ નાખવામાં આવી હતી તેને બદલે બાર લાખ રૂપિયા એકત્ર થઈ ગયા કે જેથી એના વ્યાજમાંથી પ્રતિવર્ષ યાત્રિકકર ભરાતો રહ્યો.

રાજ્ય સાથે સમાધાન થયું એટલે લોકોની યાત્રા રાજ્યની કનડગત વિના ચાલુ થઈ. ભારતને આઝાદી મળ્યા પછી આ યાત્રિકકર નીકળી ગયો હતો.

આ વર્ષ દરમિયાન મહારાજશ્રીના મુખ્ય શિષ્ય શ્રી માણિક્યસાગરજી મહારાજને અનુક્રમે ગણિપદ, પંન્યાસપદ તથા ઉપાધ્યાયપદ આપવાનો મહોત્સવ યોજાયો હતો. ત્યાર પછી જામનગરમાં ચાતુર્માસ કરી મહારાજશ્રી સૂરત પધાર્યા હતા. ત્યાં 'રત્નસાગરજી જૈન વિદ્યાશાળા', તથા 'નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધાર ફંડ' જેવી સંસ્થાઓના નિર્માણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું અને 'નવપદ આરાધક સમાજ', 'દેશવિરતી આરાધક સમાજ' તથા 'યંગ મેન જૈન સોસાયટી' જેવી મહારાજશ્રીની પ્રેરણાથી સ્થપાયેલી સંસ્થાઓના સભ્યોનું એક વિશાળ સંમેલન સૂરતમાં મહારાજશ્રીની નિશ્રામાં યોજવામાં આવ્યું હતું.

### મુનિ સંમેલન

વિ.સં. ૧૯૮૯માં સૂરતમાં ચાતુર્માસ કરી ૧૯૯૦માં મહારાજશ્રી અમદાવાદ પધાર્યા હતા, એ દિવસોમાં સુધારાવાદી અસરને કારણે જૈન સંઘોમાં કેટલાક સળગતા પ્રશ્નોના નિરાકરણ માટે આવશ્યકતા ઊભી થઈ હતી. કેટલાક સંઘોમાં પણ કુસંપ, મતભેદ, કદાગ્રહ, વગેરે પ્રવર્તતાં હતાં. એક જ ગચ્છમાં અને ગચ્છ-ગચ્છ વચ્ચે કેટલીક સમાચારીની બાબતમાં મતભેદ અને વિવાદ ચાલતા હતા. એ વખતે તપગચ્છના આચાર્યોમાં શ્રી વિજયનેમિસૂરિ, શ્રી સાગરાનંદસૂરિ, શ્રી વિજયસિધ્ધિસૂરિ, શ્રી વિજયદાનસૂરિ વગેરે મુખ્ય હતા. વડિલ આચાર્યોમાં શ્રી વિજયનેમિસૂરિ અને શ્રી સાગરાનંદસૂરિની ગણના થતી હતી. બાળદીક્ષા, દેવદ્રવ્ય, સ્વપ્નદ્રવ્ય, માળારોપણ વગેરેના પ્રશ્નો અંગે એકતા જો સ્થાપવામાં ન આવે તો અને સંગઠન મજબૂત ન થાય તો પ્રબળ બનતાં જતાં વિરોધી પરિબળો જૈન સંઘોને અને સાધુ સંસ્થાને છિન્નભિન્ન કરી નાખે એવાં હતાં. એ વખતે મહારાજશ્રીએ આગેવાની લઈ. શ્રી વિજયનેમિસૂરિ સાથે વિચારવિનિમય કરીને, તથા અમદાવાદ અને અન્ય મોટાં શહેરોના શ્રેષ્ઠીઓ અને સંઘના આગેવાનોનો સહકાર મેળવીને અમદાવાદમાં એક મુનિ સંમેલન યોજવાનું વિચાર્યું. શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયના માત્ર તપ ગચ્છના જ નહિ, ખરતર ગચ્છ, પાયચંદ ગચ્છ અને અંચલ ગચ્છના સર્વ મુનિ મહારાજોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું. એ પ્રમાણે અમદાવાદમાં આશરે સવા ચારસો જેટલા મુનિઓ પધાર્યા.

શ્રી વિજયનેમિસૂરિ અને શ્રી સાગરાનંદસૂરિએ અમદાવાદમાં સાથે પ્રવેશ કર્યો અને બંને સાથે પાંજરાપોળના ઉપાશ્રયે ઊતર્યા. નગરશેઠના વંડામાં મુનિ સંમેલન યોજવામાં આવ્યું હતું. મહારાજશ્રીએ મુનિસંમેલનની કાર્યવાહી વ્યવસ્થિત કરવા સરસ પ્રયાસો કરી લીધા હતા. જુદા જુદા ગચ્છ અને સમુદાયના નવ આચાર્યો સર્વસંમતિથી જે નિર્ણયો કરે તેટલાંજ માન્ય કરવા. ઉગ્ર વિવાદના પ્રશ્નો ટાળવા. બધાજ મુનિ ભગવંતો હાજર રહે, પરંતુ ચર્ચામાં જો બધા જ બોલે તો પાર ન આવે. માટે ચર્ચામાં ભાગ લેવા માટે, પોતાનું વક્તવ્ય રજૂ કરવા માટે પ્રતિનિધિરૂપ સિત્તેર મુનિઓની પસંદગી થઈ. બાકીનાઓએ પોતાના વિચારો પોતાના પ્રતિનિધિને જણાવવાના રહે. ઠરાવો ઘડવા માટે એક સમિતિની અને છેલ્લે ચાર મુનિઓની એક પ્રવર સમિતિની નિમણૂંક થઈ હતી.

સંમેલનની કાર્યવાહી સરસ ચાલતી હતી. પરંતુ ક્યારેક મદભેદોમાં આગ્રહ પણ વધી જતો એમ છતાં એકંદરે સરળતાપૂર્વક કાર્યવાહી ચાલતી હતી. અલબત્ત, એક વખત મદભેદ એટલો ઉગ્ર બની ગયો કે શ્રી વિજયસિધ્ધસૂરિ અને શ્રી વિજયદાનસૂરિ સંમેલન છોડીને ચાલ્યા ગયા. એટલે સર્વસંમતિ તૂટી પડવાનો પ્રશ્ન ઊભો થયો. એમ જો થાય તો આટલી તૈયારી કરીને બોલાવેલા મુનિસંમેલનની ફળશ્રુતિ શૂન્યમાં આવે. એ વખતે મહારાજશ્રી આનંદસાગરસૂરિ એ બંને આચાર્યો પાસે પહોંચ્યા અને એ બંનેને સમજાવીને પાછા બોલાવી લાવ્યા. જો તેઓ તેમને ન મનાવી શક્યા હોત તો મુનિસંમેલન તૂટી જાત.

આમ અમદાવાદમાં મળેલા મુનિસંમેલનમાં નવે આચાર્યોએ સર્વસંમતિથી જે ઠરાવો કર્યા તેના ખરડા ઉપર તેઓ દરેકની સંમતિની સહી થઈ અને એથી શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયમાં એકતા સધાઈ. સમાચારીના મદભેદો તથા શિથિલાચાર દૂર થયાં. આ મુનિસંમેલનનો પ્રભાવ જૈન સાધુસંસ્થા ઉપર ઘણો મોટો પડ્યો અને એનાં સારાં પરિણામ ઘણાં લાંબા સમય સુધી જોવા મળ્યાં.

### બાળદીક્ષા અંગે વડોદરા રાજ્યનો કાયદો

મહારાજશ્રીના સમયમાં એક મોટો પ્રશ્ન તે બાળદીક્ષાનો હતો. જૈન શાસનમાં બાળદીક્ષિત હોય એવાં ઘણાં મહાત્માઓ થઈ ગયા છે કે જામણે શાસનને વધુ ઉજ્જ્વલ બનાવ્યું છે. અલબત્ત, જૈન શાસનમાં આઠ વર્ષ પૂરાં થયા પછી દીક્ષા આપવાનું ફરમાવાયું છે. અપવાદરૂપે વજસ્વામી જેવાને એથી ઓછી ઉંમરે દીક્ષા આપવાનું તે કાળના આચાર્યોને યોગય લાગ્યું હતું, જે સર્વથા ઉચિત હતું એમ સિધ્ધ થયું હતું. સિધ્ધાંતોની દ્રષ્ટિએ જૈન શાસન અયોગ્ય વ્યક્તિને દીક્ષાની વિરૂધ્ધ છે, પછી તે બાલ હોય કે યુવાન હોય. પૂર્વ જન્મના સંસ્કારને કારણે, જ્ઞાનાવરણીય કર્મના તેવા ક્ષયોપશમને કારણે કોઈક જીવો બાલવયમાં પણ પુખ્તવયની વ્યક્તિ કરતામ વધુ સમજણ-ડહાપણ, ન્યાય-બુધ્ધિ, નીતિપરાયણતા, ધર્મારાધના દાખવતા હોય છે, તેવા બાલજીવોને વેળાસર દીક્ષા આપવામાં કશું અયોગ્ય નથી. બલ્કે એ પ્માણે દીક્ષા આપવાથી એમનું અને સમાજનું વધુ કલ્યાણ થાય છે. માત્ર જૈન પરંપરામાં જ નહિ, હિંદુ અને બૌધ્ધ પરંપરામાં પણ બાલદીક્ષા આપવાની પરંપરા ઠેઠ પ્રાચીન કાળથી ચાલી આવે છે.

આમ છતાં અયોગ્ય બાલદીક્ષાઓ પણ અપાતી આવી છે. નાનાં છોકરાંઓને ભગાડીને લઈ જઈ સંન્યાસી બનાવી દેવાનાદાખલા ઘણા બનતાં રહ્યા છે. પરંતુ તેથી બાલદીક્ષા ઉપર સર્વથા પ્રતિબંધ મૂકી શકાય નહિ. જ્યારે અયોગ્ય બાલદીક્ષાના બનાવો વધે છે તે વખતે સમાજમાં ખળભળાટ મચે છે. અને આ વિષયનો ઝીટવટથી અભ્યીસ ન કરનારા અધૂરી સમજણવાળા ઉતાવળિયા સુધારાવાદીઓ રાજ્ય પાસે કાયદો

કરાવવા દોડી જાય છે. બાળલગ્ન, બાળમજૂરી, બાળવ્યસન, બાળગુનેગારી, બાળદીક્ષા વગેરે બાળકોને લગતા વિષયોને એકસરખા પલ્લામાં ન મૂકી શકાય.

ભારતને સ્વતંત્રતા મળી તે પૂર્વે તળ ગુજરાતમાં મોટામાં મોટું દેશી રાજ્ય તે વડોદરાનું ગાયકવાડ સરકારનું રાજ્ય હતું. વળી સૌરાષ્ટ્રમાં અમરેલી, ઉત્ર ગુજરાતમાં પાટણ, વિજાપુર વગેરે, તથા દક્ષિણમાં નવસારી જેવા નગરોમાં પણ ગાયકવાડી રાજ્ય વિસ્તરેનું હતું. એ રાજ્યમાં કોઈ કાયદો થાય એટલે લગભગ એચઘા ગુજરાતને એની અસર પહોંચે. સયાજીરાવ ગાયકવાડે શિક્ષણ ઈંગ્લૅન્ડમાં લીધું હતું અને પોતાના રાજ્યમાં કેટલાક સારા સુધારા કર્યા હતા. ભારતનાં તે સમયનાં દેશી રાજ્યોમાં એક મોટા પ્રગતિશીલ રાજ્ય તરીકે એની ગણના થતી હતી. પરંતુ એ રાજ્યમાં 'બાલદીક્ષા, સંન્યાસ, દીક્ષા પ્રતિબંધ'નો કાયદો જ્યારે દાખલ કરવામાં આવ્યો ત્યારે તેનો ઘણો મોટો વિરોધ થયો. માત્ર જૈનોએ જ નહિ, હિંદુ સંન્યાસીઓ અને સમાજનેતાઓએ પણ એનો સખત વિરોધ કર્યો હતો. આગમોધ્ધારક મહારાજ શ્રીએ પણ ઠેર ઠેર સભાઓમાં એ વિશે ઉદ્બોધન કર્યું એને એ વિશે લેખો પણ લખ્યા. એમણે તે સમયે સયાજીરાવ ગાયકવાડને વિગતવાર પત્ર લખ્યો અને તેમની સાથે ચર્ચાવિચારણા માટે સમય આપવામાં આવે એવી માગણી કરી. લોકલાગણી એવી હતી કે છેવટે સયાજીરાવ ગાયકવાડે મહારાજશ્રીને મળવાનો સમય આપ્યો. પરંતુ અટલા ઓછા દિવસનો ગાળો જાણી જોઈને રાખ્યો કે જેથી મહારાજશ્રી વિહાર કરીને વડોદરા પહોંચી શકે નહિ. જ્યારે મહારાજશ્રીને ગાયકવાડનો પત્ર મળ્યો ત્યારે તેમણે ગણતરી કરી જોઈ. રોજના લગભગ ત્રીસ માઈલનો વિહાર કરે ત્યારે તેમનાથી વડોદરા પહોંચી શકાય એમ હતું. મહારાજશ્રીની તબિયત એવી નહોતી કે રોજના એટલા માઈલનો વિહાર કરી શકે. પરંતુ શાસનનું કાર્ય હતું એટલે મહારાજશ્રીએ દ્રઢ સંકલ્પ કર્યો કે ગમે તે થાય, ગાયકવાડે આપેલા સમયે વડોદરા પહોંચી જ જવું છે. તેઓ પોતાના શિષ્યો સાથે રોજના પચીસ ત્રીસ માઈલનો વિહાર કરી વડોદરા પહોંચી ગયા.

આ સમર્થ જૈન મહાત્મા તો ઉગ્ર વિહાર કરી ખરેખર વડોદરા આવી રહ્યા છે એવી સયાજીરાવને એમના દિવાને ખબર આપી ત્યારે તેઓ વિમાસણમાં મૂકાઈ ગયા. તેમની સાથે વાદવિવાદમાં કે ચર્ચાવિચારણામાં પોતે ફાવી શકશે નહિ એમ જણાતાં આગલે દિવસે સયાજીરાવ ગાયકવાડ વડોદરા છોડી મહાબલેશ્વર ચાલ્યા ગયા.

ગાયકવાડ વડોદરામાં મળવાનો સમય આપવા છતાં હાજર રહ્યા નથી એ જાણીને મહારાજશ્રી નિરાશ થઈ ગયા. પરંતુ રાજ્યસત્તા આગળ કશું ચાલે તેમ નહોતું એવા એ દિવસો હતા. અલબત્ત, સયાજીરાવે લેખિત નિમંત્રણ આપ્યાં છતાં મહારાજશ્રીને મુલાકાત આપી નહિ એ વાતના અવળા પ્રત્યાઘાત લોકોના મન ઉપર પડ્યા હતા.

વડોદરાથી વિહાર કરી, મહેસાણામાં ચાતુર્માસ કરી મહારાજશ્રી જામનગર થઈ પાલીતાણા ચાતુર્માસ માટે પધાર્યા. અહીં શ્રી માણિક્યસાગર વગેરે ચારે શિષ્યોને આચાર્યની પદવી આપવામાં આવી તથા શ્રી માણિક્યસાગરસૂરિને મહારાજશ્રીના પટ્ટશિષ્ય તરીકે સ્થાપવામાં આવ્યા. મહારાજશ્રી પાલીતાણાથી વિહાર કરીને જામનગર પધાર્યા અને ત્યાં બે ચાતુર્માસ કર્યાં. અમદાવાદ, સૂરત, પાલીતાણા ઉપરાંત જામનગર પણ મહારાજશ્રીનું એક મુખ્ય ક્ષેત્ર બની ગયું હતું. ત્યાં એમની પ્રેરણાથી જ્ઞાનમંદિર, ઉપાશ્રય, આયંબિલશાળા, ભોજનશાળા વગેરેની સ્થાપના થઈ હતી અને શેઠ પોપટલાલ ધારશી તથા શેઠ ચુનીલાલ લક્ષ્મીચંદે મહારાજશ્રીની નિશ્રામાં શત્રુંજય તથા ગિરનારનો છરી પળતો સંઘ બહુ મોટા પાયા ઉપર કાઢ્યો હતો, જે એક ઐતિહાસિક ઘટના જેવો બની ગયો હતો.

### આગમમંદિર

મહારાજશ્રીનું જીવન આગમમય બની ગયું હતું. આગમોની જુદી જુદી જે હસ્તપ્રતો પોતાની પાસે આવતી તે તેઓ ઝીણવટપૂર્વક જોઈ-તપાસી જતા. પોતાની પાસે આવતી બધી જ હસ્તપ્રતો શુદ્ધ, સંપૂર્ણ, અખંડિત હોય એવું બનતું નહિ. કોઈ કોઈ હસ્તપ્રતોમાં કોઈ કોઈ પાનાં ખૂટતાં હોય, અથવા થોડો ભાગ ઉધઈએ ખાધો હોય અથવા કાગળ કે તાડપત્ર બટકી ગયાં હોય. તાડપત્રિય હસ્તપ્રતોનું આયુષ્ય હજાર-દોઢ હજાર વર્ષથી વધુ ગણાય નહિ. તાડપત્ર ઉપર લખનારા લહિયાઓ હવે રહ્યા નહિ. એટલે જે હસ્તપ્રતો છે તે પણ કાળક્રમે નષ્ટ થવાની. કાગળની હસ્તપ્રતો લખનારા પણ દુર્લભ અને મોંઘા થવા લાગ્યા અને હસ્તલિખિત પ્રતો વાંચવાનો જમાનો હવે વિલીન થવા લાગ્યો. એટલા માટે મહારાજશ્રીએ આગમગ્રંથો મુદ્રિત કરાવવાનું ક્રાંતિકારી કાર્ય કર્યું.

એક વખત એક જ્ઞાનભંડારમાંથી આવેલી તાલપત્રીય હસ્તપ્રત જીર્ણશીર્ણ સ્થિતિમાં જોઈને મહારાજશ્રીને ઘણી વેદના થઈ. વિચાર કરતાં થયું કે તાલપત્ર કરતાં પણ પથ્થરમાં કે તામ્રપત્રમાં કોતરેલા અક્ષરોનું આયુષ્ય વધુ લાંબુ છે. અશોકના શિલાલેખો કે રાજા ખારવેલના સમયમાં ખંડગિરિની ગુફામાં કોતરેલા શબ્દો બે હજાર વર્ષથી એવા ને એવા જોવા મળે છે. આથી આગમોને પણ શિલાઓમાં પણ કંડારવામાં આવે તો એનું આયુષ્ય વધુ લાંબુ ટકી શકે. આમાંથી મહારાજશ્રીને આગમમંદિરનો વિચાર સ્ફુર્યો.

આગમમંદિરની યોજના એમના મનમાં સાકાર થવા લાગી. એ માટે સ્થળ તરીકે શત્રુંજયની તળેટી (પાલીતાણા) તેમને વધુ અનુકૂળ લાગી. કારણ કે યાત્રિકોની કાયમ અવરજવરને કારણે એની દેખભાળ પણ રહ્યા કરે. પાલીતાણામાં ચાતુર્માસ દરમિયાન રોજ પ્રભાતે પોતે તળેટીએ દર્શન કરવા જતા હતા ત્યારે એક દિવસ પાછા ફરતાં તળેટીની ડાબી બાજુની વિશાળ ખુલ્લી જગ્યા એમના મનમાં વસી ગઈ. પોતાના ભક્તો પાસે એમણે આગમમંદિરની કલ્પના અને યોજના રજૂ કરી. ભક્તોએ તે અત્યંત હર્ષપૂર્વક વધાવી લીધી. આ યોજનાની દરખાસ્ત સાંભળી પાલીતાણાના નરેશે જમીન પણ પડતર ભાવે સહર્ષ તરત આપી દીધી. શિલ્પીએ મહારાજશ્રીની કલ્પના અનુસાર પિસ્તાલિસ દેવ કુલિકાસહિત ચતુર્મુખ જિનપ્રસાદના નક્શા તૈયાર કરી આપ્યા. એમાં ચારે બાજુ ફરતી દિવાલો ઉપર આરસમાં અનુક્રમે પિસ્તાલિસ આગમ કોતરીને મઢવાની યોજના હતી.

મહારાજશ્રીની આ યોજના માટે વિ.સં. ૧૯૯૪માં ખાતમુહૂર્ત માટે સૂરતના શેઠ શાંતિચંદ છગનભાઈએ ચઢાવો બોલી કુલ રૂપિયા પચાસ હજારથી અધિક રકમ નોંધાવી હતી. પોતાની દેખરેખ હેઠળ આગમો કોતરવાનું કાર્ય શિલ્પીઓ દ્વારા શુદ્ધ રીતે થાય એ માટે મહારાજશ્રીએ સં. ૧૯૯૬, ૧૯૯૭ અને ૧૯૯૮નાં ચાતુર્માસ પાલીતાણામાં કર્યાં હતાં. મહારાજશ્રીના વિદ્વાન શિષ્યો માણિક્યસાગર, ક્ષમાસાગર, ચંદ્રસાગર, હેમસાગર, ધર્મસાગર વગેરેએ પણ આ કાર્યની સારી દેખરેખ રાખી હતી.

વિ.સં. ૧૯૯૯માં આગમમંદિરની પ્રતિષ્ઠાનો મહોત્સવ બહુ મોટા પાયા ઉપર તેર જેટલા દિવસ સુધી ચાલ્યો હતો. ગામેગામથી ઘણાં સાધુસાધ્વીઓ તથા હજારો શ્રાવકશ્રાવિકાઓ આ મહોત્સવમાં ભાગ લેવાં આવી પહોંચ્યાં હતાં. કુંભસ્થાપન, દશદિક્પાલપૂજન, નવગ્રહપૂજન, અષ્ટમંગલપૂજન, ચ્યવનાદિ કલ્યાણકો, અંજનશલાકા, તથા પ્રતિષ્ઠાની વિધિ બહુ જ ઉલ્હાસપૂર્વક, નિર્વિઘ્ને થઈ હતી. રોજેરોજ સાધર્મિક વાત્સલ્ય ઉપરાંત મહોત્સવના અંતિમ દિવસે સમગ્ર પાલીતાણા નગરને 'ધૂમાડાબંધ' જમાડવાનું નિમંત્રણ હતું. આ તેર દિવસ દરમિયાન પાલીતાણાની સ્મશાનભૂમિ પણ બંધ રહી હતી કારણ કે કોઈનું મૃત્યુ થયું નહોતું.

શેઠ મોતીશાહની ટૂંક બંધાઈ તે વખતે પાલીતાણા શહેરે જે મહોત્સવ જોયો હતો તેની કંઈક ઝાંખી કરાવે એવો ઉત્સવ ત્યાર પછી પાલીતાણામાં આ ફરી વાર થયો હતો.

આગમમંદિરના સંકુલમાં સિધ્ધચક્ર-ગણધર મંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

આગમમંદિરમાં શિલાપટ્ટોમાં સંસ્કૃત ભાષામાં પદ્યમાં જે પ્રશસ્તિ, સ્તુતિ વગેરે લખવામાં આવ્યા છે તે વાંચવાથી આગમમંદિરના મહિમાનો ખ્યાલ આવે છે. એ રચનાઓ મહારાજશ્રી તથા એમના પટ્ટશિષ્ય માણિક્યસાગરસૂરિએ લખેલી છે.

### કપડવંજમાં

વિ.સં. ૧૯૯૯માં મહારાજશ્રીએ આગમમંદિરમાં પ્રતિષ્ઠા કરાવી અને પછી પાલીતાણાથી વિહાર કરી તેઓ કપડવંજ પધાર્યા. કપડવંજમાં ચૈત્ર મહિનાની આયંબીલની ઓળી તેમણે ધામધૂમપૂર્વક કરાવી. મહારાજશ્રી ઘણા વખતે ફરી પોતાના વતનમાં પધાર્યા હતા. વળી તેમની તબિયત પણ વાયુના રોગને કારણે સારી રહેતી નહોતી.

એટલે કપડવંજના સંઘે બહુ આગ્રહપૂર્વક ચાતુર્માસ કપડવંજમાં કરવા માટે વિનંતી કરી. મહારાજશ્રીએ વિનંતીનો સ્વીકાર કર્યો અને ચાતુર્માસ માટે ત્યાંજ રોકાયા. એ સમય દરમિયાન મહારાજશ્રીની પ્રેરણાથી ગ્રહસ્થો માટે સ્થપાયેલ 'દેશવિરતિ ધર્મ આરાધક સમાજ'નું સંમેલન કપડવંજમાં યોજવાનું નક્કી થયું. મહારાજશ્રીની નિશ્રામાં એ સંમેલન યોજવામાં આવ્યું અને ઘણા આગેવાન આરાધકોએ એમાં ભાગ લીધો.

મહારાજશ્રીને વાયુના રોગ ઉપરાંત કપડવંજમાં તાવ અને ઉધરસ પણ સતાવવા લાગ્યાં. વળી લોહી પણ ફિક્કું પડતાં પાંડુરોગ પણ એમને થયો. એથી અહીં ઔષધોપચાર પણ ચાલુ થયા અને પરેજી પાળવાનું પણ ચાલુ થયું. કફની પ્રકૃતિને કારણે વૈદોએ દૂધને બદલે ચા વાપરવાની તેમને સલાહ આપી હતી. એ દિવસોમાં ચાનો આટલો બધો પ્રચાર નહોતો. દૂધ, ઉકાળાનો વધુ પ્રચાર હતો. થોડાંક શ્રીમંત ઘરોમાં ચા મંગાવાતી અને પીવા માટે બનાવાતી. ચા બનાવવાનો એટલો મહાવરો પણ નહોતો.

જૈન ધર્મમાં રસત્યાગને પણ એક પ્રકારના તપ તરીકે બતાવવામાં આવ્યું છે. જૈન સાધુ ભગવંતોએ તો સ્વાદેન્દ્રિય ઉપર પણ વિજય મેળવવો જોઈએ. વિવિધ વાનગીઓના રસને માણવો, ભાવતાં ભોજન જમવાની અભિલાષા થવી એ જૈન સાધુનું લક્ષણ નથી. મહારાજશ્રીએ આહારની બાબતમાં કેવી ઉદાસીનતા કેળવી હતી તેનો એક જાણીતો પ્રસંગ નોંધાયેલો છે. કપડવંજના આ ચાતુર્માસ દરમિયાન એક દિવસ એક શિષ્ય મહારાજશ્રી માટે બપોરે એક ઘેરથી ચા વહોરી લાવ્યા. એ મહારાજશ્રીને વાપરવા આપી. મહારાજશ્રીએ ચા વાપરી લીધી અને પોતાના સંશોધન-સ્વાધ્યાયના કાર્યમાં પાછા મગ્ન બની ગયા.

થોડી વારમાં જે શ્રાવિકાને ઘેરથી ચા વહોરી લાવવામાં આવી હતી એ શ્રાવિકાબહેન દોડતાં ઉપાશ્રયે આવી પહોંચ્યાં. તેમણે કહ્યું કે પોતે જે ચા વહોરાવી છે તે વાપરશો નહિ, કારણ કે તેમાં ખાંડને બદલે ભૂલથી દળેલું મીઠું નંખાઈ ગયું છે. પોતાની આવી ગંભીર ભૂલ માટે તેઓ ક્ષમા માગવા લાગ્યા. પરંતુ ચા વહોરી લાવનાર મુનિમહારાજે કહ્યું, 'બહેન, એ ચા તો ગુરુ મહારાજે વાપરી લીધી. તેઓ કશું બોલ્યા નથી. ચા વાપરીને તેઓ તો પોતાના સંશોધનમાં મગ્ન બની ગયા છે.'

શ્રાવિકાબહેને મહારાજ પાસે જઈને ક્ષમા માગી અને રૂદન કરવા લાગ્યાં. પરંતુ મહારાજશ્રીએ હસતે વદને એમને આશ્વાસન આપતાં કહ્યું, 'ખારી ચાની મને કંઈ જ ખબર પડી નથી. મીઠી ચાને બદલે ખારી ચા વાપરી એથી તમે તો મારી કર્મનિર્જરા કરાવી છે.'

મહારાજશ્રી સ્વાદેન્દ્રિયના વિષયમાં કેટલાં અનાસક્ત થતા જતા હતા તથા તેઓ સમતાના તેવા ધારક હતા તે આ પ્રસંગ ઉપરથી જોઇ શકાય છે.

કપડવંજના આ ચાતુર્માસ દરમિયાન કાશીથી એક વિદ્વાન બ્રાહ્મણ પંડિત મહારાજશ્રી પાસે પોતાની કેટલીક શંકાઓનું સમાધાન કરવા માટે આવ્યા હતા. તાર ટપાલ દ્વારા અગાઉથી નક્કી કરીને આવવાના રિવાજનો એ જમાનો નહોતો. પંડિતજી જ્યારે કપડવંજ આવ્યા ત્યારે મહારાજશ્રીને તાવ, ઉધરસ વગેરે ઘણાં વધી ગયાં હતાં. આવી બીમાર સ્થિતિમાં પ્રશ્નોત્તરી કરવી એ પંડિતજીને યોગ્ય ન લાગ્યું. મહારાજશ્રીને તેમણે કહ્યું, 'હું તો ફક્ત આપના દર્શનવંદન માટે આવ્યો છું.' પરંતુ મહારાજશ્રી સમજી ગયા કે પંડિતજી જરૂર કંઈક જ્ઞાનગોષ્ઠી માટે જ આવ્યા હશે કારણ કે કપડવંજ એ કંઈ માર્ગમાં આવતું શહેર નથી. વળી સાધારણ સ્થિતિના બ્રાહ્મણ પંડિતો આટલે દૂરથી કંઈ માત્ર દર્શનવંદન માટે આવે નહિ. મહારાજશ્રીએ આગ્રહ કર્યો એટલે પંડિતજીએ સાચી વાત જણાવી દીધી. મહારાજશ્રીએ તેમને કહ્યું કે, 'તમે મારી તબિયતની જરા પણ ચિંતા ન કરો. જે પૂછવું હોય તે જરૂર નિ:સંકોચ પૂછો.'

પંડિતજીનો રહેવાજમવા માટે મહારાજશ્રીએ બંદોબસ્ત કરાવ્યો. પંડિતજીને જે કંઈ પૂછવું હતું, જાણવું હતું તે વિષે તેઓ મહારાજશ્રીની સાથે જ્ઞાનગોષ્ઠી કરતા ગયા. મહારાજશ્રી પાસેથી તેમને પોતાની બધી શંકાઓનું સમાધાન મળતું ગયું. તબિયત નાદુરસ્ત હોવા છતાં મહારાજશ્રી થાક્યા વગર ચર્ચા કરતા રહ્યા, સમજાવતા રહ્યા. પંડિતજીને એથી ઘણું આશ્ચર્ય થયો. એમણે મહારાજશ્રીને એ વિષે પણ પૂછ્યું, મહારાજશ્રીએ કહ્યું, 'રોગો દેહમાં છે, આત્મામાં નથી. આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન આત્મામાં છે, દેહમાં નથી. એટલે જ્ઞાનગોષ્ઠી કરવાની હોય ત્યારે શરીર યાદ આવતું નથી.'

કપડવંજના આ ચાતુર્માસ દરમિયાન દેશવિરતિ ધર્મ આરાધક સમાજનું સંમેલન મહારાજશ્રીની નિશ્રામાં યોજવામાં આવ્યું હતું તથા શિષ્ય મુનિ હેમસાગરને ગણિ અને પંન્યાસની પદવી આપવામાં આવી હતી.

## સૂરતમાં આગમમંદિર

મહારાજશ્રી કપડવંજના ચાતુર્માસ પછી મુંબઈમાં ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કરીને સૂરત પધાર્યા. સૂરતમાં એમના ભક્તો ઘણા બધા હતા. 'સાગરજી મહારાજ' એ બે શબ્દો બોલતાં એમનાં હૈયામાં અનેરો ઉલ્લાસ ઉભરાતો. એમનો પડ્યો બોલ ઝીલવા તેઓ સતત તત્પર રહેતા.

મહારાજશ્રીની પિસ્તાલિસ આગમસૂત્રોને શિલામાં કંડારવાની ભાવના પાલીતાણામાં મૂર્તિમંત થઈ હતી. એ ભાવનાથી જ વધુ પ્રેરાઈને શિલા કરતાં વધુ ટકાઉ એવાં તામ્રપત્રો ઉપર આગમગ્રંથોની કોતરણી અન્ય કોઈ સ્થળે કરવાની એમની ભાવના હતી એ દ્રષ્ટિએ સૂરત એમને વધુ અનુકૂળ સ્થળ લાગ્યું.

સૂરતના આ ચાતુર્માસ દરમિયાન એમણે ભક્તોને પોતાની ભાવના જણાવી. ભક્તોએ તરત એ દરખાસ્ત હર્ષભેર વધાવી લીધી. પૂ. સાગરજી મહારાજશ્રીની તબિયત સારી રહેતી નહોતી. આથી એમની દેખરેખ હેઠળ કામ ઝડપથી પૂર્ણ થાય એ પણ જરૂરી હતું. આ કાર્ય સાંગોપાંગો પાર પડે એ માટે તથા વહિવટી કાર્ય કરી શકે એવી એક સ્વતંત્ર સંસ્થાની જરૂર હતી. સૂરતમાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે વૈશાખ સુદ અગિયારસને તા. ૧૧-૫-૪૬ના રોજ એક સભા બોલાવવામાં આવી હતી. મહારાજશ્રીની નિશ્રામાં મળેલી એ સભાએ 'આગમોધ્ધારક સંસ્થા'ની સ્થાપના કરી. એ સંસ્થાના ઉપક્રમે 'શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમમંદિર'ના નામથી ગોપીપુરામાં આગમમંદિર બાંધવાનો નિર્ણય લેવાયો.

મહારાજશ્રી હોય ત્યાં ધન વાપરનારાઓની કમી હોય જ ક્યાંથી? તરત મોટી મોટી રકમો લખાવાઈ ગઈ. સારું ફંડ એકત્ર થઈ ગયું. તરત કામ ઉપાડવામાં આવ્યું. જમીન લેવા માટેની વિધિ થઈ ગઈ. શુભ દિવસે શુભ મુહૂર્તે ભૂમિશોધન તથા ભૂમિખનનની અને શિલાન્યાસવિધિ મંત્રોચ્ચારપૂર્વક થઈ ગઈ.

ભવ્ય દેવવિમાન સમાન આગમમંદિરનું કામ વેળાસર પૂર્ણ કરવા માટે શક્ય અને જરૂરી એટલા વધુમાં વધુ માણસો કામે લગાડવામાં આવ્યા હતા. એક તરફ શિલ્પીઓ, બીજી તરફ તામ્રપત્ર કોતરનાર કારીગરો તથા મંદિર બાંધવા માટેના મજૂરો એમ રોજ સૈંકડો માણસો કામે લાગી ગયા.

ધારણા હતી કે એક વર્ષમાં આગમમંદિરનું કામ પૂરું થઈ જશે. પણ કામ કરનારાઓમાં ઉત્સાહની એવી હેલી ચડી આવી કે બસ નવ મહિનામાં (બસો સિત્તેર દિવસમાં) જ આ ભવ્ય આગમમંદિર તૈયાર થઈ ગયું. પિસ્તાલિસ આગમોનું મંદિર હતું એટલે મંદિરના પગથિયાં પિસ્તાલિસ રાખવામાં આવ્યાં અને મૂળ નાયકની શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા પિસ્તાલિસ ઈંચની કરવામાં આવી.

આ જિનમંદિરમાં કુલ એકસોવીસ જિનપ્રતિમા પધરાવવામાં આવી કારણકે તિરછા લોકમાં એકસોવીસ ચૈત્ય છે. પિસ્તાલિસ આગમસૂત્રો કુળ ત્રણસોચોત્રીસ તામ્રપત્રોમાં કોતરવામાં આવ્યા અને એ તામ્રપત્રો ભોંયરામાં અને અન્યત્ર દિવાલ ઉપર ચોડવામાં આવ્યાં. આસપાસ ભગવાન મહાવીર, ભગવાન ઋષભદેવ, તથા ભગવાન પાર્શ્વનાથના જીવનપ્રસંગોનાં ચિત્રો તથા શિલાપટ કરવામાં આવ્યાં. તથા કાગળ ઉપર મુદ્રિત આગમગ્રંથોની આગમમંજૂષા પણ મંદિરમાં રાખવામાં આવી છે.

બીજા વિશ્વયુધ્ધના કારમી મોંઘવારી અને અછતના એ દિવસો હતા. એ સમયે રૂપિયા પાંચ લાખના ખર્ચે, કશી પણ પ્રતિકૂળતા વગર આગમમંદિરનું કામ સોલ્લાસ પરિપૂર્ણ થયું એ ધન્યતાનો અનુભવ કરાવતી ભાગ્યવંત ઘટના હતી.

આગમમંદિરનું બાંધકામ ચાલતું હતું તે દરમિયાન મહારાજશ્રી સૂરત જિલ્લામાં બાજીપરા, બારડોલી, બુહારી વગેરે ગામોમાં વિહાર

કરી આવ્યા અને ત્યાંના પ્રતિષ્ઠાદિ મહોત્સવમાં પણ હાજરી આપી આવ્યા. ત્યાંથી સૂરત પાછા ફર્યા પછી આગમમંદિરનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ વિ. સં. ૨૦૦૪ના મહા સુદ ત્રીજના રોજ ઊજવાયો.

સૂરતનું આગમમંદિર તામ્રપત્રમાં છે. તામ્રપત્રમાં આ રીતે પહેલીવાર આગમમંદિરનું નિર્માણ થયું છે. ભારતીય જૈન પરંપરામાં એક યશોજ્જ્વલ ગાથા સમાન આ આગમમંદિરનું ઐતિહાસિક દ્રષ્ટિએ ઘણું મૂલ્ય છે.

## સાહિત્યસેવા

મહારાજશ્રીએ જીવનભર મહત્ત્વનું જે યશસ્વી અને ચિરકાલીન કાર્ય કર્યું તે તો સાહિત્યના ક્ષેત્રનું છે. આગમગ્રંથો મુદ્રિત કરીને સર્વસુલભ કરવા જોઈએ એ એમના ક્રાંતિકારી નિર્ણય અને તદનુસાર કાર્યને પરિણામે એની સાથે આવશ્યક સંલગ્ન કાર્ય તે સંશોધનનું આવ્યું. આગમગ્રંથોમાં પણ જુદી જુદી હસ્તપ્રતોમાં જુદા જુદા પાઠ હોય તો કયો પાઠ વધુ સાચો તેનો પ્રમાણભૂત નિર્ણય કરવાનું ઊંડા ભાષાજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન અને તર્કબુધ્ધિ વિના શક્ય નથી. મહારરાજશ્રી એક પછી એક આગમગ્રંથો સંશોધિત-સંપાદિત કરીને પ્રતાકારે છપાવતા ગયા. તેમણે જીવનભર આ કાર્ય કર્યા કર્યું. એ માટે કહેવાય છે કે એમણે સમયનો જરાપણ પ્રમાદ કર્યો નથી. આચાર્ય તરીકે સમુદાયની જવાબદારી, વ્યાખ્યાન, વિહાર, દીક્ષા, પ્રતિષ્ઠા વગેરે પ્રકારનાં સાધુ-સમાચારી સાથે સંકળાયેલાં મહત્ત્વનાં કાર્યો તથા શિષ્યોના શાસ્ત્રાભ્યાસ ઉપરાંત એમણે જે વિપુલ લેખનકાર્ય કર્યું છે એ ખરેખર આશ્ચર્ય ઉપજાવે એવું છે.

મહારાજશ્રીએ આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, નંદી, અનુયોગદ્વાર, પ્રજ્ઞાપના, ઔપપાતિક, કલ્પસૂત્ર, આવશ્યકસૂત્ર, વિશેષાવશ્યકસૂત્ર ઈત્યાદિના સંશોધન-સંપાદન ઉપરાંત પૂર્વ સૂરિઓની મહત્ત્વની કૃતિઓ જેવી કે ઉપદેશમાલા, આધ્યાત્મકલ્પદ્રુમ, ઉપમિતિભવપ્રપંચકથા, પંચાશક, ધર્મબિંદુ, ધર્મસંગ્રહ, તત્ત્વાર્થસૂત્ર, પ્રશમરતિ, પ્રવચનસારોધ્ધાર, પંચસંગ્રહ, લલિતવિસ્તરા, વીતરાગસ્તોત્ર, લોકપ્રકાશ, શ્રીપાલચરિત્ર વગેરે ૧૭૩ જેટલાં ગ્રંથોનું સંશોધન-સંપાદન કાર્ય કરીને તે ગ્રંથો છપાવ્યા છે.

મહારાજશ્રીમાં કવિત્વશક્તિ પણ ઘણી સારી હતી અને સંસ્કૃત ભાષા ઉપર એમનું એટલું બધું પ્રભુત્વ હતું કે એમણે નાનીમોટી મળી સવાસોથી વધુ કૃતિઓ સંસ્કૃત પદ્યમાં રચી છે. આ ઉપરાંત એમણે ગુજરાતીમાં પણ ઘણી કૃતિઓની રચના કરી છે. લગભગ સવાબસો જેટલી એમણે રચેલી કૃતિઓમાંથી ૧૬૬ જેટલી કૃતિઓ છપાયાની નોંધ મળે છે. એમની ચાલીસેક કૃતિઓ તો હજુ છપાયા વિનાની રહી છે. તાત્ત્વિકવિમર્શ, પર્યુષણાપરાવૃત્તિ, અવ્યવહાર રાશિ, ક્ષમાવિંશતિકા, મિથ્યાત્વવિચાર, પૌષધપરામર્શ, ભવ્યાભવ્ય પ્રશ્ન, પ્રતિમાપૂજા, જૈનગીતા, આગમમહિમા, આરાધના માર્ગ, પર્વતિથિ, અમૃતસાગર, ગિરનાર ચતુર્વિંશતિકા, સિધ્ધગિરિસ્તવ, વગેરે એમની કૃતિઓની યાદી ઉપર નજર ફેરવતાં જ સાનંદાશ્ચર્ય થાય છે કે આટલી બધી રચનાઓ કરવાનો એમને સમય ક્યારે મળ્યો હશે. (કોઈક સંસ્થાએ આ બધી કૃતિઓનું નવેસરથી વિષયવિભાગાનુસાર પનર્મુદ્રણ કરવા જેવું છે અને યુનિવર્સિટીની કક્ષાએ તેનો અભ્યાસ કરાવવા જેવો છે.)

## સૂરતમાં સ્થિરવાસ

સાગરજી મહારાજ એટલે સૂરતીઓના મહારાજ એવી સૂરતના શ્રાવકોની ભક્તિ વિશેષતઃ એમનાં અંતિમ વર્ષોમાં રહી હતી. મહારાજશ્રી ત્યારે સિત્તેરની ઉંમર વટાવી ચૂક્યા હતા. એમને વાયુ, પાંડુરોગ વગેરેનો વ્યાધિ તો રહ્યા કરતો હતો. હવે એમનું શરીરબળ ઘટતું જતું હતું. જંઘાબળ ઘટતાં એમની ચાલવાની શક્તિ ઓછી થઈ ગઈ હતી. હવે એમનાથી વિહાર થતો ન હતો. મહારાજશ્રીએ સૂરતમાં હવે પોતાને સ્થિરવાસ કરવો પડે છે એવો નિર્ણય પોતાના મુખ્ય શિષ્યો અને સંઘના આગેવાનો સાથે વિચારવિનિમય કરીને જાહેર કર્યો.

સ્થિરવાસમાં માત્ર વિહાર અટક્યો હતો, પરંતુ આખા દિવસની સામાચારી બરાબર વ્યવસ્થિત રીતે ચાલતી હતી. આગળના સંશોધનનું કાર્ય અને સ્વાધ્યાયમાં જરા પણ પ્રમાદ આવ્યાં નહોતાં. આ સમય દરમિયાન મહારાજશ્રીએ આગમોમાં આવતાં અલ્પપરિચિત પારિભાષિક શબ્દોનો કોષ તૈયાર કર્યો. ચાર ભાગમાં 'અલ્પ પરિચિત સૈધ્ધાંતિક કોષ' તરીકે એ પ્રગટ થયો હતો. તદુપરાંત જીવનના અંતિમ સમયે એમણે 'આરાધના માર્ગ' નામના એક ઉત્તમ ગ્રંથની રચના કરી હતી.

મહારાજશ્રીના અંતિમ દિવસો ગોપીપુરામાં માલીફળિયામાં લીંબડા ઉપાશ્રયમાં પસાર થઈ રહ્યા હતા. એ સ્થળે લીંબડાનું મોટું વૃક્ષ હતું. એની છાયા બારી વાટે મહારાજશ્રીના દેહ ઉપર પથરાતી હતી. લીંબડો જાણે મહારાજશ્રીની અંતિમયાત્રાનો સાક્ષી બની રહ્યો હતો.

## અંતિમ પ્રયાણ

મહારાજશ્રીએ પોતે કરવાં ધારેલાં નાનાંમોટાં બધાં જ કાર્યો સારી રીતે પરિપૂર્ણ થયાં હતાં. એમના શિષ્ય અને પ્રશિષ્યનો સમુદાય શતાધિક હતો. મહારાજશ્રી સમતાના ધારક હતા, જ્ઞાની હતા અને ઉચ્ચ કોટિના આરાધક હતા.

વ્યાધિઓને કારણે એમનું શરીર વધુ કથળતું જતું હતું. પરંતુ જપ, ધ્યાન વગેરેમાં જરા પણ પ્રમાદ આવતો નહોતો.

વૈશાખ મહિનો ચાલુ થઈ ગયો હતો. વૈશાખ સુદ પાંચમનો દિવસ આવ્યો. મહારાજશ્રીએ પોતાના પટ્ટશિષ્ય શ્રી માણિક્યસાગરસૂરિ અને બીજાઓ સાથે પોતાના સમુદાયની વ્યવસ્થા વિશે વિચારણા કરી લીધી. પોતાનો અંતિમ કાળ નજીક આવી રહ્યો છે એ સ્પષ્ટ હતું. દિવસે કોઈકે પૂછ્યું, 'સાહેબજી આપને હવે કેમ રહે છે ?'

મહારાજશ્રીએ કહ્યું, 'પાંચમની છઠ થવાની નથી.' આનો સાદો અર્થ હતો કે જે દિવસે જવાનું નિર્માયું હશે તેમાં કોઈ ફેરફાર થઈ શક્તો નથી. 'ચોથની પાંચમ નથી થવાની' કે 'બીજની ત્રીજ નથી થવાની' એમ આ રૂઢપ્રયોગમાં કોઈ પણ નજીકનજીકની બે તિથિ બોલી શકાય છે.

મહારાજશ્રીએ રૂઢપ્રયોગ તરીકે જ આમ કહ્યું હશે એમ સૌએ માન્યું. એજ દિવસે રાત્રે મહારાજશ્રીએ જાહેર કર્યું કે પોતે હવે મૌન સહિત અનશન વ્રત ધારણ કરે છે. મહારાજશ્રીનું જંઘાબળ ક્ષીણ થયું હતું. પરંતુ એમનું આત્મબળ તો એવું જ રહ્યું હતું. તેઓ સ્વાધ્યાય કરતા, વાચના આપતા કે સંશોધન કાર્ય કરતા ત્યારે કલાકો સુધી પદ્માસને કે અર્ધપદ્માસને બેસી શકતા. તેઓ અર્ધપદ્માસને કાયોત્સર્ગ ધ્યાનમાં બેસી ગયા. તેઓ 'નવકાર મંત્ર'નો અને ' અરિહંતે શરણં પવજ્જામિ' જાપ કરતા અને જમણા હાથની એમની આંગળીઓના વેઢા ઉપર અંગૂઠો ફરતો રહેતો. મહારાજશ્રીએ પડિલેહણ, પ્રતિક્રમણ વગેરે આવશ્યક સાધ્વાચાર માટે અર્ધપદ્માસન છોડવાની છૂટ રાખી હતી. પરંતુ મૌન છોડતા નહિ. જરૂર પડે તો ઈશારાથી સમજાવતા. ચતુર્વિધ આહારનો સંપૂર્ણ ત્યાગ હતો એટલે ઔષધિ લેવાનું પણ એમણે છોડી દીધું હતું.

મહારાજશ્રી રાતને વખતે પણ સંથારામાં સૂઈ ન રહેતાં અર્ધપદ્માસને બેસીને જપ ધ્યાન કરતા રહેતા. મહારાજશ્રીએ અનશન વ્રત અંગીકાર કર્યું છે એ સમાચાર પ્રસરતાં સૂરત અને અન્ય નગરોના અનેક ભક્તો એમના અંતિમ દર્શન માટે આવવા લાગ્યા.

દિવસ અને રાત ચોવીસ કલાક એક જ સ્થળે અર્ધપદ્માસને બેસી રહેવું એ સરળ વાત નથી. શરીર થાકી જાય. આડા પડવાનું મન થાય. પરંતુ મહારાજશ્રીનું આત્મબળ ઘણું મોટું હતું. તેઓ એવી રીતે એક દિવસ નહિ, સળંગ પંદર દિવસ અને રાત બેસી રહ્યા.

વૈશાખ વદ પાંચમને શનિવારનો દિવસ આવ્યો. કોઈને યાદ આવ્યું કે સાહેબજીએ કહ્યું છે કે પાંચમની છઠ નથી થવાની તે રૂઢપ્રયોગને બદલે સાચા અર્થમાંતો નહિ કહ્યું હોય ને ! વાત સાચી હતી. એમ જ લાગતું હતું. પાંચમની સવારથી મહારાજશ્રીનું શરીર ફિક્કું પડી ગયું હતું. શ્વાસ જોરથી ચાલતો હતો. નાડીના ધબકારા ધીમા પડી ગયા હતા. પોતે આત્મચિંતનમાં ઊંડા ઊતરી ગયા હતા. છતાં અર્ધપદ્માસને કાઉસગ્ગ ધ્યાનમાં જ તેઓ બેઠા હતા. માણિક્યસાગરસૂરિ તથા અન્ય સાધુઓ અને ગૃહસ્થોએ નવકારમંત્રની ધૂન ચલાવી હતી. થોડી થોડી વારે જમણા હાથનો અંગૂઠો વેઢા ઉપર ફરતો હતો. બપોરના સાડા ત્રણ થયા હતા. અમૃત ચોઘડિયાને થોડી વાર હતી. અમૃત ચોઘડિયું શરૂ થયું. મહારાજશ્રીએ

આંખો ખોલી. સૌની સામે નજર કરી લીધી. બે હાથ જોડી પ્રસન્ન વદને, મૌનપૂર્વક સર્વની સાથે ક્ષમાપના કરી લીધી. અને પાછી આંખો બંધ કરી કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થઈ ગયા.

થોડીવારે મહારાજશ્રીની ટટ્ટાર ગરદન ખભા ઉપર ઢળી પડી. જીવ ગયો એમ સૌએ જાણ્યું. વૈદ્ય-ડૉક્ટરોએ નાડી તપાસી તો તે બંધ થઈ ગઈ હતી.

સાગરજીમહારાજ કાળધર્મ પામ્યાના સમાચાર વાયુવેગે સર્વત્ર પ્રસરી ગયા. આગમોધ્ધારક, આગમદિવાકર એવા એ શતકના એક મહાન જૈનાચાર્યના કાળધર્મના સમાચારથી ઘણા લોકોને આઘાત લાગ્યો. એમના અનેક ભક્તો એમના પાર્થિવ દેહના દર્શન માટે સૂરત દોડી આવ્યા.

બીજે દિવસે વૈશાખ વદ છઠ્ઠના દિવસે એમના દેહને અગ્નિસંસ્કાર કરવાનું જાહેર કરવામાં આવ્યું. એ માટે દેવવિમાન જેવી સુશોભિત શિબિકા તૈયાર કરવામાં આવી. અગ્નિસંસ્કાર નગર બહાર તાપી નદીના કિનારે થાય. પરંતુ લોકોની ભાવના એવી હતી કે આગમ મંદિરની પાસે આવેલી સંસ્થાની માલિકીની ખુલ્લી જમીનમાં જો અગ્નિસંસ્કાર કરવામાં આવે તો ત્યાં ભવ્ય ગુરુ મંદિર બંધાવી શકાય જે આગમમંદિરની પાસે જ હોય. નગરના ગીચ વસતીવાળા વિસ્તારની મધ્યમાં અગ્નિસંસ્કાર માટે સામાન્ય કાયદા પ્રમાણે પરવાનગી મળે નહિ. પરંતુ મહારાજશ્રીની સમસ્ત સૂરતમાં એટલી મોટી સુવાસ હતી કે એ સ્થળે અગ્નિસંસ્કાર માટે કાયદેસરની તમામ કાર્યવાહી ઝડપથી થઈ ગઈ. અમલદારોએ ત્વરિત નિર્ણયો લીધા. આસપાસ રહેતા જૈનેતર લોકોએ પણ 'સાગરજી મહારાજ અમારા પણ ગુરુ ભગવંત છે' એવી વાણી ઉચ્ચારી અગ્નિસંસ્કાર માટે લેખિત સંમતિ આપી. અગ્નિસંસ્કારનો ચડાવો પણ ક્ષત્રિય કોમના જયંતિલાલ વખારિયાએ લીધો. તેમણે કહ્યું કે 'અમને વારસામાં જૈન ધર્મ મળ્યો નથી, પણ અમે સાગરજી મહારાજ પાસેથી ધર્મ પામ્યા છીએ. અમે મહારાજશ્રીના ધર્મપુત્ર છીએ.'

અગ્નિસંસ્કારનું સ્થળ તો બાજુમાં જ હતું, પરંતુ શિબિકા સાથેની અંતિમયાત્રા સૂરતના મુખ્ય માર્ગો ઉપર ફરીને ઘણાં કલાકો પછી તે સ્થળે આવી. સૂરતના તમામ બજારોએ તે દિવસે બંધ પાળ્યો હતો. મહારાજશ્રીના અંતિમ દર્શન માટે શેરીએ શેરીએ અસંખ્ય માણસો ઊમટ્યા હતા. કેટલાયની આંખમાંથી આંસુ સરતાં હતાં.

મહારાજશ્રીની પાલખી અગ્નિસંસ્કારના સ્થળે આવી પહોંચી. જયંતીલાલ વખારીયાએ આંસુ ટપકતે નયને અગ્નિદાહ આપ્યો. ચંદનકાષ્ઠની ચિતા ભડભડ બળવા લાગી. એક મહાન જ્યોતિ જ્યોતિમાં ભળી ગઈ. માણિક્યસાગરસૂરિની નિશ્રામાં ઉપાશ્રયમાં સાધુસાધ્વીઓએ દેવવંદન કર્યાં.

મહારાજશ્રીના કાળધર્મ પ્રસંગે ગામેગામથી તારસંદેશા આવ્યા. સૂરત, ઉપરાંત મુંબઈ, અમદાવાદ, વડોદરા, કપડવંજ, ખંભાત, પાટણ, પાલીતાણા, જામનગર, પાલનપુર, રાધનપુર, ભાવનગર, મહેસાણા, વિજાપુર તથા ગુજરાત બહાર પૂના, મદ્રાસ, ઉજ્જૈન, રતલામ, ઈન્દોર, અમલનેર વગેરે ઘણા નગરોમાં મહારાજશ્રીને અંજલિ આપવા ગુણાનુવાદ સભાઓ યોજાઈ.

અગ્નિસંસ્કારના સ્થળે ગુરુ મંદિર બાંધવાની યોજના તરત અમલમાં આવી. આગમમંદિરની પાસે જ સુંદર, આકર્ષક ગુરુમંદિર બાંધવામાં આવ્યું અને ત્યાં મહારાજશ્રીની કાઉસગ્ગ ધ્યાનની મુદ્રાવાળી પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. પંચોતેર વર્ષની વયે, ઓગણસાઠ વર્ષનો દીક્ષા પર્યાય પાળીને, મૌનસહિત અનશન વ્રત ધારણ કરી અર્ધપદ્માસને બેઠાં બેઠાં, આંતરિક જાગૃતિ સહિત, કાઉસગ્ગ ધ્યાને સમાધિપૂર્વક દેહ છોડનાર સાગરજી મહારાજે દીક્ષા લઈ પોતાની સંયમયાત્રા ચાલુ કરી હતી ત્યારે આરંભમાં તેઓ એકાકી હતા, પરંતુ તેઓ કાળધર્મ પામ્યા ત્યારે એમનો શિષ્ય-પ્રશિષ્ય સમુદાય પોણાબસો સાધુઓ અને બસોથી વધુ સાધ્વીઓનો હતો. એમના ચારિત્રનો પ્રભાવ કેટલો મોટો હશે તેની પ્રતીતિ માટે આટલી હકીકત પણ પૂરતી છે.

મહારાજશ્રીને અંજલિ અર્પતી કેટલીક કાવ્યરચનાઓ પણ એ સમયે સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં થઈ હતી. એમના પટ્ટશિષ્ય માણિક્યસાગરસૂરિ પણ શાસ્ત્રજ્ઞાતા ઉપરાંત સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતા. એમણે પોતાના ગુરુવર્ય માટે અષ્ટકાદિ પ્રકારની કેટલીક સંસ્કૃતમાં કરેલી રચનાઓમાં સરસ ભાવવાહી અંજલિ આપી છે. 'ગુરુવર્યાષ્ટકમ્'ના પ્રારંભમાં તેઓ લખે છે,

प्रभावक श्री जिनशासनस्य प्रज्ञानिधे ! संयमशालिमुख्य !
जिनागमोध्धारक सूरिवर्यश्री सागरानन्दगुरो सुपूज्य ॥
खगेषु हंसः कुसुमेषु पद्मः शक्रः सुरेषु दुषु कल्पवृक्षः ।
यथातथा साम्प्रतकालवर्ति संवेगिषु त्वं गुरुराज मुख्यः ॥

ગુજરાતીમાં થયેલી કાવ્યરચનાઓમાં મુખ્યત્વે જીવણચંદ સાકરચંદ ઝવેરીની છે. સૂરતના એ શ્રેષ્ઠીએ જૈન ધર્મનો ઘણો સારો અભ્યાસ કર્યો હતો અને રાસના પ્રકારની કૃતિઓનું સંપાદન કર્યું હતું. મહારાજશ્રી સાથેના પોતાના ચાર દાયકાના ઘનિષ્ઠ પરિચયને કારણે મહારાજશ્રીનો વિરહ એમને ઘણો લાગ્યો હતો. એમણે ગુરુ મહારાજ માટે જે જુદી જુદી રચનાઓ કરી છે તેમાં એક સ્થળે તેઓ લખે છે :

*ન વાંછી કીર્તિ કદા, ન વાંછી સૌરભ કથા,*
*વાંછી ના જીવનની કાંઈ માયા,*
*વાંછી આત્મદાનને, દેહક્ષય અવગણી,*
*અર્પિયું સર્વ તો ધર્મસાટે.*

x x x

*હેમ ને હીર અપિ, યશોઉપાધ્યાયકા*
*તરવરે દ્રષ્ટિએ તુજને પેખી;*
*શતક ત્રણસો લગી, તું સમો નવ થયો,*
*વીરના ધર્મમાં વીરબાહુ.*

મહારાજશ્રીની અંતિમયાત્રાનું વર્ણન કરતાં તેઓ લખે છે :

*દર્શને આવતા, રાત્રિએ જાગતા,*
*ખિન્નતા ધારતા ચિત્ત ચૌટે,*
*લોક ઉમટતું, વાસથી પૂજતું*
*દ્રમ્મ ચઢાવતું શક્તિયોગું.*
*બાળ ને વૃધ્ધ પણ, ભાવથી આવતા,*
*ખેદથી ઊભતા મોહ ત્યાગી,*
*ધૂપ પધરાવતા, ધૂપ ધાણાંમહિ,*
*સુરભિ રેલાવતા યત્ન કરતા.*

x x x

*જય નંદ, જય ભદ્રનો ઘોષ ઉચ્ચારતા*
*પરઠવે મંડિપ નિસ્સરણ કાજે;*
*લશ્કરી તૂરથી, શોકના સૂરથી*
*હસ્તિયે વિહરતી, ગાંભિર્ય છાયે.*
*ગાવતાં કીર્તનો, ભજનનાં મંડળો*
*ધૂપની સુરભિ ગગન વાહે.*
*પુષ્પસુવર્ણ ને દ્રમ્મ ઉછાળતા*
*ધીર વહતી વહે નિહરણજત્તા.*

આમ, આગમસેવા, તીર્થસેવા, સંઘસેવાનાં મહાન કાર્યો કરનાર, દીક્ષા, પદવીપ્રદાન, ઉપધાન, અંજનશલાકા, પ્રતિષ્ઠા, આગમવાચના અને નિયમિત પ્રેરક અને ઉદ્‌બોધક વ્યાખ્યાનો દ્વારા ઠેર ઠેર ધર્મ જાગૃતિ આણનાર અને જૈન-જૈનેતર એવા અનેક લોકોને ધર્મ પમાડનાર, વિવિધ સ્થળે, વિવિધ પ્રકારની સંસ્થાઓની સ્થાપના કરાવનાર પૂ. સ્વ. સાગરજી મહારાજનું જીવન અને કાર્ય જૈન શાસનની પરંપરામાં ચિરસ્મરણીય બની રહે એવું છે.

❑❑❑

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

## આર્થિક સહયોગ : શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સોમવાર, તા. ૨૪-૮-૧૯૯૨ થી સોમવાર, તા. ૩૧-૮-૧૯૯૨ સુધી એમ આઠ દિવસની વ્યાખ્યાન સભાઓ બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ-૪૦૦ ૦૦૭ મધ્યે યોજવામાં આવી છે. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહ** શોભાવશે. દરેક સભામાં પ્રાર્થના પછી સવારે ૮-૩૦થી ૯-૧૫ અને ૯-૩૦થી ૧૦-૧૫ એમ બે વ્યાખ્યાનો રહેશે. વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

| દિવસ | તારીખ | વ્યાખ્યાતા | વિષય |
|---|---|---|---|
| સોમવાર | ૨૪-૮-૯૨ | ૧. પૂ. સાધ્વીશ્રી ગૌરાંજી | जैन जीवनशैली |
| | | ૨. પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી | પશ્ચાત્તાપનાં આંસુ |
| મંગળવાર | ૨૫-૮-૯૨ | ૧. શ્રીમતી છાયાબહેન પી. શાહ | પ્રતિક્રમણની પવિત્રતા |
| | | ૨. ડૉ. શેખરચંદ્ર જૈન | कर्म की वैज्ञानिकता |
| બુધવાર | ૨૬-૮-૯૨ | ૧. પ્રો. ગુલાબ દેઢિયા | આર્જવ |
| | | ૨. ડૉ. નરેશ વેદ | ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન |
| ગુરુવાર | ૨૭-૮-૯૨ | ૧. ડૉ. શશિકાંત શાહ | જીવન વ્યવહારમાં સમયનું વ્યવસ્થાપન |
| | | ૨. શ્રી મદનરાજ ભંડારી | वनस्पति जगत–पर्यावरण एवम् मानवता |
| શુક્રવાર | ૨૮-૮-૯૨ | ૧. શ્રી નેમચંદ ગાલા | જન્મ-પુનર્જન્મ |
| | | ૨. ડૉ. રમણલાલ ચી. શાહ | અનર્થદંડ |
| શનિવાર | ૨૯-૮-૯૨ | ૧. શ્રી વસંતભાઈ ખોખાણી | પૂર્ણયોગના મહાયોગી-શ્રીમદ્ રાજચંદ્ર |
| | | ૨. ડૉ. સુષમા સિંઘવી | षडावश्यक–एक निरूपण |
| રવિવાર | ૩૦-૮-૯૨ | ૧. ડૉ. હુકમચંદ ભારિલ્લ | भगवान महावीर और उनकी अहिंसा |
| | | ૨. ડૉ. દયાનંદ ભાર્ગવ | जैन आचार वर्तमान परिप्रेक्ष्य में |
| સોમવાર | ૩૧-૮-૯૨ | ૧. ડૉ. સાગરમલ જૈન | समभाव की साधना ही सामायिक है |
| | | ૨. પ્રા. તારાબહેન રમણલાલ શાહ | ધર્મધ્યાનની ચાર ભાવના |

વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં દરરોજ સવારે ૭-૩૦થી ૮-૨૦ સુધી પ્રાર્થના અને ભજનો રહેશે. તે રજૂ કરશે અનુક્રમે (૧) શ્રીમતી ચંદ્રાબહેન કોઠારી (૨) શ્રીમતી ઈન્દુબહેન શાહ (૩) શ્રીમતી જ્યોત્સ્નાબહેન વોરા (૪) શ્રી મનમોહન સાયગલ (૫) શ્રીમતી અલકાબહેન શાહ (૬) શ્રીમતી અવનીબહેન પરીખ (૭) શ્રીમતી શોભાબહેન સંઘવી અને (૮) શ્રીમતી મીરાંબહેન શાહ.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ સભ્યો, શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.

**ચીમનલાલ જે. શાહ**
ઉપપ્રમુખ
**પન્નાલાલ ર. શાહ**
કોષાધ્યક્ષ

રમણલાલ ચી. શાહ
પ્રમુખ

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૯ ● તા. ૧૬-૯-૧૯૯૨ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ. ૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## રમકડાં

થોડા સમય પહેલાં મારા દોઢેક વર્ષના પૌત્ર ચિ. અર્ચિતને લઇને અમેરિકાના ખાસ રમકડાંઓ માટેના જ અલાયદા મોટા મોટા સ્ટોર્સની મુલાકાત લેવાનું થયું હતું. જન્મેલા બાળકથી માંડીને દસ-પંદર વર્ષ સુધીના બાળક માટે સેંકડો પ્રકારનાં રમકડાંઓ આવા સ્ટોર્સની અંદર પ્રથમવાર જોઈને આપના જેવા ભારતવાસીથી આશ્ચર્યચકિત થઇ જવાય. દર બે-ચાર મહિને એક નવું રમકડું બજારમાં અવશ્ય આવ્યું જ હોય. માત્ર રમકડાં બનાવવાનો ઉદ્યોગ ચલાવતી યુરોપ-અમેરિકાની મોટી મોટી કંપનીઓ ઘણા સારા પગારે મોટા મોટા ઇજનેરોને રોકીને, માનસશાસ્ત્રીઓ દ્વારા બાળમાનસનો અભ્યાસ કરાવવા સાથે, સમયે સમયે નવાં નવાં રંગબેરંગી, આકર્ષક રમકડાંનું ઉત્પાદન કરવા લાગી છે. રબર, પ્લાસ્ટિક તથા ઇલેક્ટ્રોનિક બેટરીએ રમકડાંની દુનિયામાં ઘણી મોટી ક્રાંતિ આણી છે. વર્તમાન જગતનું બાળક સમાજશાસ્ત્રીઓ, માનસશાસ્ત્રીઓ તથા વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોનું વધુ અને વધુ ધ્યાન આકર્ષિત કરવા લાગ્યું છે.

અમેરિકાની જ વાત કરીએ તો ત્યાંના કેટલાક કાયદાઓને કારણે રમકડાં બનાવતી કંપનીઓને પણ કેટલી સાવધાની રાખવી પડે છે, તે જોઇ શકાય છે. વેચાતું લીધેલું રમકડું ન ગમ્યું હોય અથવા અકારણ બગડી ગયું હોય તો તે પાછું આપી શકાય છે અને બદલામાં બીજું રમકડું અથવા તેના નાણાં પાછાં મેળવી શકાય છે. નાના બાળકોના હાથમાંથી રમકડું પડી જાય અથવા તે ફેંકે તો પણ તે તૂટે નહિ એવાં મજબૂત રમકડાં કંપનીઓ બનાવવા લાગી છે. વળી રમકડું રમવાને કારણે અથવા મોંઢામાં નાખવાને કારણે પોતાના બાળકને કંઇ ઇજા થઇ હોય, મોંઢામાં રંગ ગયો હોય તો નુકસાનીનો દાવો કંપની ઉપર માંડી શકાય છે. એટલે કોઇ પણ રમકડું રમતાં બાળકને અચાનક વાગી ન જાય તથા એનો રંગ કાચો ન હોય એની સાવધાની પણ રાખવામાં આવે છે. અમેરિકામાં રમકડાં બનાવનારી કંપનીઓના નવાં રમકડાંમાં વાગે એવો અણીદાર ખૂણો ક્યાંય જોવા નહિ મળે. બધા જ રમકડાંઓમાં એની ધાર અને ખૂણા વાળેલા કે ઘસેલા સુંવાળા હોય છે કે જેથી બાળકને રમતાં રમતાં વાગી ન જાય. એની સાથે સાથે ઘણા રમકડાંઓ ઉપર જાતજાતની ચેતવણી લખવામાં આવી હોય છે કે જેથી બેદરકારીને કારણે કંઇ થયું હોય તો કાયદાની દૃષ્ટિએ કંપની તેના માટે જવાબદાર ન રહે.

રમકડાંની બાબતમાં ગરીબ દેશો અને સમૃદ્ધ દેશો વચ્ચેનું અંતર દેખાઈ આવે એવું છે. સસ્તા અને ટકાઉ રમકડાંથી ગરીબ દેશના બાળકો રમે છે. બીજી બાજુ મોંઘામાં મોંઘા રમકડાથી રમનાર બાળકો સમૃદ્ધ દેશોમાં આપણને જોવા મળે છે. બાળમાનસ એવું છે કે એકનું એક રમકડું ઘણા લાંબા સમય સુધી એને રમવું ગમતું નથી. રમકડામાં પણ નવીનતા અને વૈવિધ્ય એ બાળમાનસનું એક મહત્ત્વનું લક્ષણ છે. એટલે કોઈ પણ બાળકને રમકડાં વડે સારી રીતે રમાડવા માટે જાતજાતનાં રમકડાં વસાવવાં પડે છે. નવું રમકડું જોઈને કૌતુક દાખવનાર બાળકોનો કૌતુકરસ થોડા વખતમાં શમી જાય છે. અને નવા રમકડાંને ઝંખે છે. પશ્ચિમના સમૃદ્ધ દેશોમાં કેટલાય ઘરોમાં બાળક માટે રમકડાંનો એક જુદો ઓરડો રાખવામાં આવે છે અને તેમાં ભાત-ભાતનાં રમકડાં વસાવવામાં આવે છે. શ્રીમંતો લોકો જૂના થતાં રમકડાંઓ કાઢી નાખીને પોતાના બાળકો માટે વખતોવખત નવાં નીકળેલાં રમકડાં વસાવે છે.

રમકડાંના ક્ષેત્રે છેલ્લા ચાર-પાંચ દાયકામાં દુનિયાએ હરણફાળ ભરી છે. ભાતરનો જ વિચાર કરીએ તો છેલ્લા એક સૈકામાં ધાવણી, ઢીંગલી, ઘૂઘરો, ભમરડા અને લખોટીથી રમનાર બાળકથી માંડીને મોટા શહેરોમાં કૉમ્પ્યુટર રમત રમનાર આજના બાળકનો વિકાસ થયો છે.

રમકડાંનું સર્જન ઠેઠ પ્રાચીનકાળથી થતું આવ્યું છે. માનવ શિશુને રાજી રાખવા માટે, રડતું શાંત રાખવા માટે, એકલું બહુ હોય ત્યારે રોકાયેલું રહે એ માટે રમકડાંની આવશ્યકતા પ્રાચીન કાળથી મનુષ્યને સમજાઈ છે. ઈજિપ્તની પ્રાચીન કાળની કબરોના ખોદકામમાંથી માટી કે પથ્થરનાં કેટલાંક રમકડાંના અવશેષો મળી આવ્યા છે.

માટી, પથ્થર; લાકડું કે અન્ય કોઈ ધાતુમાંથી નાની પ્રતિકૃતિ બનાવવાની પરંપરા મનુષ્ય-જીવનમાં પ્રાચીન કાળથી ચાલી આવી છે. મોટા માણસોની સર્જક શક્તિ પણ તેમાં કામ લાગી છે. પશુ- પશુઓની પ્રતિકૃતિ તેમાં વધુ ભાગ રોકે છે. ઠેઠ પ્રાચીન કાળથી માટી, પત્થર અને લાકડાનાં રમકડાં બનતાં આવ્યાં છે, કારણ કે તે ખર્ચાળ નથી હોતા અને તેથી તે ભાંગે-તૂટે તો પણ તેની બહુ ચિંતા નથી હોતી. બાળકોને માટે ગોળ, ચોરસ કે એવા પ્રકારની ભૌમિતિક આકૃતિઓનું નિર્માણ કરવામાં રસ પડે એવું છે. એમાં ચોરસ આકૃતિઓ એવી હોય છે કે જે એક ઉપર એક એમ ગોઠવી શકાય છે. ગોળ આકૃતિઓ એવી હોય છે કે જે ગબડાવી શકાય છે. આથી લખોટીથી માંડીને જાતજાતનાં મોટા દડા વડે રમવાની પ્રવૃત્તિ બાળકોમાં ઠેઠ પ્રાચીનકાળથી જોવા મળે છે. બાળ શ્રીકૃષ્ણનો ગેડી દડા સાથે રમવાનો ઉલ્લેખ ભાગવત પુરાણમાં જોવા મળે છે.

બાળક જન્મે છે ત્યારે તેના બંને હાથની મુઠ્ઠીઓ વળેલી હોય છે. આ મુઠ્ઠી ખોલાવી તેના હાથમાં પકડવાની પાતળી કોઈ વસ્તુ આપવામાં આવે તો બાળક તેને ઠીક ઠીક સમય સુધી કુદરતી રીતે પકડી રાખે છે. નાનાં બાળકની મુઠ્ઠી ખોલાવીને તેની પાસે ધાવણી પકડાવવામાં આવે છે. હાથ પગ હલાવતું બાળક પોતાનો હાથ જ્યારે મોઢા તરફ લઈ જાય છે ત્યારે ધાવણીનો છેડો મોઢાને અડતા તે ચૂસવા લાગે છે અને તે શાંત થઈ જાય છે. આથી ધાવણી એ એકાદ વર્ષ સુધીના બાળક માટેનું એક મહત્ત્વનું રમકડું બની જાય છે. રડતા બાળકના હાથમાં જો ઘૂઘરો પકડાવવામાં આવે તો બાળકના હાથ હાલતાં ઘૂઘરો અવાજ કરે છે અને એ અવાજ સાંભળતાં બાળક શાંત થઇ જાય છે. બાળકની ચક્ષુરેન્દ્રિય કરતાં એની શ્રવણેન્દ્રિય વધુ સક્રિય અને સતેજં હોય છે. આથી ધાવણીની સાથે સાથે ઘૂઘરો બાળકને રમાડવા માટે અને રડતા બાળકને શાંત પાડવા માટેનું એક મહત્ત્વનું રમકડું છે. હવે તો સંગીતમય ઇલેક્ટ્રોનિક ઘૂઘરા પણ નીકળ્યા છે.

બાળકને જ્યારે દાંત આવવા લાગે છે અને એના પેઢામાં ચળ ઊપડે છે, ત્યારે તે કશુંક કરડવા જાય છે. એટલે બાળકની મુઠ્ઠીમાં એવા પ્રકારનું રમકડું આપવામાં આવે છે કે જે બાળક મોઢામાં નાખે તો પણ એને વાગે નહિ અને કરડવાનો પ્રયત્ન કરે તો એની ચળ ભાંગે. Teether-દાંતની ચળ ભાંગનારનાં પ્રકારનાં અનેક રમકડાં દુનિયાભરના રમકડાંના બજારમાં જોવા મળે છે.

યુરોપના ફ્રાંસ અને જર્મની જેવા દેશોએ સત્તરમી અને અઢારમી સદીમાં રમકડાંની બાબતમાં ઘણી બધી પ્રગતિ કરી હતી. લાકડાંમાંથી અને કાગળના માવામાંથી રમકડાં બનતાં હતાં, તેમાં ધાતુનાં બીબાં ઢાળીને રમકડાં બનાવવાનો ઉદ્યોગ એ દેશોએ ત્યારે પ્રચલિત કર્યો હતો. સત્તરમા સૈકામાં એક જર્મન કંપનીએ પોતે જે રમકડાં બનાવતી હતી, તેનું કેટલોગ પહેલીવાર છપાવ્યું હતું અને તે આખા યુરોપમાં બહુ જ પ્રસિદ્ધિ પામ્યું હતું. ત્યારથી રમકડાં બનાવતી જુદી જુદી કંપનીઓ પોતાના રમકડાંની જાહેરાત માટે સચિત્ર કેટલોગ વખતોવખત છપાવતી રહી છે.

ઢીંગલી-Doll એ બાળકનું એક પ્રિય રમકડું છે, કારણકે એમાં મનુષ્યની વાસ્તવિક પ્રતિકૃતિ હોય છે. જાત-જાતની ઢીંગલીઓમાં પોતાના કૌટુંબિક સભ્યોના નામોનું આરોપણ કરીને પણ બાળક ઢીંગલી વડે રમે છે. માટી, લાકડું કે પેપરમશીની ઢીંગલીથી માંડીને વર્તમાન સમયમાં આંખ ખોલે, ચાલે, બોલે એવી, જીવંત લાગે તેવી ઢીંગલીઓ બનવા લાગી છે. નાના બાળકના કદની આબેહૂબ પ્રતિકૃતિઓ પણ કેટલીક કંપનીઓ એવી સરસ બનાવવા લાગી છે કે ઘોડિયામાં કે પલંગમાં તે મૂકવામાં આવી હોય તો અજાણ્યું માણસ ભૂલાવામાં પણ પડી જાય કે આ સાચું બાળક છે કે રમકડું છે.

માનવેતર જીવંત સૃષ્ટિ એ બાળકના રસનો એક સૌથી મોટો વિષય છે. બાળક મનુષ્યોની વચ્ચે ઘરમાં ઉછરે છે. એટલે બીજા મનુષ્યોને જોવામાં એને એટલું બધું કૌતુક થતું નથી, પરંતુ એ નાનું બાળક જ્યારે બિલાડી, ઉંદર, કૂતરું, ગાય, ભેંસ, બકરી, વાનર વગેરે હાલતાંચાલતાં જુએ છે, ત્યારે એ જોવામાં એને ઘણો રસ પડે છે. એમાં પણ જે પશુ-પંખીઓ વારંવાર ઘણી સંખ્યામાં જોવા મળતાં હોય તેના કરતાં જવલ્લે જ જોવા મળતાં પશુ-પંખીઓમાં એને વધુ રસ પડે છે. કબૂતર જોઇને બાળકને જેટલો આનંદ થાય છે, તેના કરતાં મોર કે પોપટને જોઇને વધુ આનંદ થાય છે. બુદ્ધિશાળી બાળક એવી આકૃતિઓ વચ્ચેના ભેદને જલદી પારખી શકે છે અને જેમ-જેમ એને પારખતાં આવડે છે, તેમ-તેમ તે વધુ હર્ષિત થાય છે.

બાળકોની દુનિયામાં પ્રતીકનું મહત્ત્વ ઘણું વધી ગયું છે, જે જે માણસોના, પશુ-પંખીઓના, ચીજવસ્તુઓના કે ઇતર જે કોઇ પ્રકારનાં વાહનો, સાધનો વગેરેના સંસર્ગમાં બાળક આવે તો તેની પ્રતિકૃતિ ઓળખતાં એને આવડી જાય છે. આધુનિક જગતમાં તો ઘણીખરી વાર તો બાળક પહેલાં પ્રતિકૃતિના સંપર્કમાં આવે છે અને પછી સાચી વસ્તુ કે વ્યક્તિના પરિચયમાં આવે છે. નાના બાળકે હાથી જોયો નથી હોતો, પણ હાથીની પ્રતિકૃતિ ચિત્રમાં કે રમકડારૂપે તે જુએ છે. એને મન ત્યારે તો એ જ સાચો હાથી છે. હાથીને આ રીતે ઓળખતાં એ શીખી જાય છે. ત્યાર પછી જે દિવસે ખરેખર સાચો હાથી બાળકને જોવા મળે છે ત્યારે એ આશ્ચર્યમુગ્ધ બની જાય છે. સાચી જીવંત વસ્તુ કે વ્યક્તિને જોવી અને પછી તેની પ્રતિકૃતિને ઓળખવી એ એક ક્રિયા છે અને પ્રતિકૃતિને પહેલાં જાણવી અને પછી સાચી આકૃતિને ઓળખવી એ બીજી ક્રિયા છે. આમ બાળકોનાં પ્રતીકાત્મક રમકડાંઓ દ્વારા બંને પ્રકારની ક્રિયાઓ સાથે સાથે ચાલતી હોય છે. બાળકના બૌદ્ધિક વિકાસમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે.

ઘર ઘર રમવું એ બાળકોની એક પ્રિય પ્રવૃત્તિ છે. કેટલાંક બાળકો ભેગાં મળીને ઘર બનાવતાં હોય છે. એટલે વિવિધ પ્રકારની ઘરવખરીની તથા રસોડાના સાધનોની પ્રતિકૃતિ રમકડાં તરીકે બનાવવામાં આવે છે. આધુનિક સમયમાં ઘર ઘર રમનાર બાળકો માટે ટી.વી., ટેલિફોન, રેફ્રિજરેટર, ટેબલ-ખુરશી, સોફા, મોટરકાર વગેરેની વિવિધ પ્રકારની પ્રતિકૃતિઓ રમકડાંની દુનિયામાં પ્રચારમાં આવી છે. સમયે સમયે જીવનવ્યવહારમાં આવતાં નવાં વાં સાધનોની પ્રતિકૃતિ રમકડાં તરીકે થતી આવી છે.

ચાવીવાળાં રમકડાં અને ઇલેક્ટ્રોનિક રમકડાં આવ્યા પછી રમકડાંમાં સજીવતાનું આરોપણ-Animation વધુ મહત્ત્વનો ભાગ ભજવવા લાગ્યું છે. લાકડાના હાથી કરતાં ચાવીથી કે બેટરીથી ચાલતો અને સૂંઢ ઊંચી-નીચી કરતો હાથી બાળકમાં વધુ રસ જન્માવે છે. દુનિયાભરના દેશોમાં આવા હાલતાં ચાલતાં અને પોતાનો અવાજ કરતાં પશુ-પંખીઓનાં રમકડાંનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ચાલ્યું છે. જેમ પશુ-પંખીઓ તેમ મોટરકાર, ટ્રેન, વિમાન, વહાણ વગેરે વિવિધ સ્વયં સંચાલિત અને અવાજ કરતી આકૃતિઓનાં રમકડાં બાળકોમાં બહુ પ્રિય થયાં છે.

ઇલેક્ટ્રોનિક ચીજવસ્તુઓની શોધ થયા પછી રમકડાંના ક્ષેત્રે પણ એની ટેક્નિક ઘણી કામ લાગી છે. દુનિયાના જુદા જુદા દેશોમાં તરેહ-તરેહનાં નવાં નવાં ઇલેક્ટ્રોનિક રમકડાં વધતાં ચાલ્યાં છે. કેટલાય રમકડાં સ્વયં સંચાલિત પ્રકારનાં હોય છે. બટન દબાવો અને રમકડું ચાલવા લાગે. રિમોટ કંટ્રોલની શોધ પણ ઉપયોગી થઇ છે. મોટરકાર હોય, ટ્રેન હોય, જાતજાતના પશુ-પંખીઓ હોય કે જાતજાતના માણસો હોય, બાળકને એ ચલાવવામાં રસ પડે છે. વળી તે આશ્ચર્યમુગ્ધ બને એવાં એ રમકડાં હોય છે. સાથે સાથે બાળકનું જ્ઞાન વધે એવું પણ એમાં આયોજન કરવામાં આવ્યું હોય છે. એકાદ રમકડું એવું હોય કે બાળકનો જ્યાં હાથ અડે ત્યાં તરત અંદર લાઇટ થાય. એક ચિત્ર દેખાય. એ ચિત્રમાં આપેલી આકૃતિ (મનુષ્યની, પશુ-પંખી, વાહનની કે બીજી કોઇ ચીજવસ્તુની) જે જાતનો અવાજ કરતી હોય, તેવો અવાજ તેમાંથી નીકળે. એ અવાજ તે વાઘનો છે, પોપટનો છે, ટ્રેનનો છે, વિમાનનો છે, કે બંબાવાળાનો છે, એ બાળકને તરત સાંભળવા મળે છે અને સમજાય છે. આવી રીતે રમકડાં રમતાં રમતાં નાનું બાળક શિક્ષણ પામતું જાય છે. એવાં શિક્ષણાત્મક-Educative રમકડાં પણ જાત-જાતનાં નીકળ્યાં છે. વળી કોયડા-Puzzleના પ્રકારનાં પણ અનેક રમકડાં નીકળ્યાં છે, જે ગોઠવવામાં બાળકની બુદ્ધિ ખીલે છે.

પાશ્ચાત્ય દેશોમાં રમકડાંની બાબતમાં Barbi Dollsના પ્રકારના રમકડાં ઘણાં પ્રચલિત થયાં છે. છોકરીઓમાં તે વધારે પ્રિય બન્યાં છે. તેવી રીતે Superman, He-manના પ્રકારનાં રમકડાં છોકરાઓમાં વધુ આકર્ષણ જમાવી રહ્યાં છે. ચિત્રકથાઓ અનુસાર બાળકોમાં અત્યંત પ્રિય થતાં એવા ટારઝન વગેરે જેવાં નવાં નવાં પાત્રો વખત જતાં રમકડાંરૂપે પણ પ્રચલિત થાય છે. ભારતમાં પૌરાણિક પાત્રો શ્રીકૃષ્ણ, રામ, રાવણ, હનુમાન વગેરેની આકૃતિવાળાં રમકડાં ઘણાં પ્રચલિત છે, એવી કઠપૂતળીઓના ખેલ પણ થાય છે.

એક રમકડાંના જુદાં જુદાં ભાગ કરીને તેને જોડવાની અને છોડવાની રમત બાળકોમાં ઘણી પ્રિય થઇ ગઇ છે. એમાંથી આગળ જતાં ઇંગ્લૅંડમાં વીસમી સદીના આરંભમાં ફ્રેન્ક હોર્નબી નામના માણસે મિકાનો સેટની શો[illegible] કરી કે જેમાં જુદાં જુદાં ટુકડાઓમાંથી ઘણી જુદી આકૃતિઓ કરી શકાય. આ જ રીતે રમકડાંમાં છેલ્લાં કેટલાક વર્ષથી લેગો-Lagoના પ્રકારના રમકડાંએ ઘણું આકર્ષણ જમાવ્યું છે. પ્લાસ્ટિકના જુદાં જુદાં માપનાં અને જુદી જુદી આકૃતિવાળા નાનાં નાનાં એવા ટુકડાઓ તૈયાર કરવામાં આવે છે કે જે એકબીજા સાથે દબાવીને જોડી શકાય. એવી રીતે જોડવાથી નાની-મોટી, ઊંચી-નીચી વિવિધ પ્રકારની આકૃતિઓ કરી શકાય છે. એવી નાની નાની આકૃતિઓ દ્વારા મોટી આકૃતિઓ પણ કરી શકાય છે. નાનું બાળક મન ફાવે તે રીતે ટુકડાઓ જોડીને કંઇક આકૃતિ બનાવે છે અને તે જોઇને રાજી થાય છે. ટુકડાઓ જોડવાનું અને છોડવાનું સરળતાથી થઇ શકે છે. મકાન, બાગ-બગીચો, તરણહોજ, જંગલ વગેરે પ્રકારની નાની-મોટી આકૃતિઓ બનાવવામાં બાળકની પોતાની બુદ્ધિ અને કલ્પનાશક્તિ કામે લાગે છે. એવી રીતે આકૃતિઓ કરવામાં એનો સમય પણ ઠીક ઠીક પસાર થઇ જાય છે. દોઢ-બે વર્ષના બાળકથી માંડીને દસ-બાર વર્ષના બાળક સુધી દરેકને પોતાની કક્ષા અનુસાર રમવા મળે એવા લેગોના ટુકડાઓના વિવિધ પ્રકારના સેટ મળે છે. દસ-બાર ટુકડાના સેટથી માંડીને બે-ત્રણ હજાર ટુકડાના સેટ સુધીનાં જુદી જુદી આકૃતિનાં અને રંગનાં ટુકડાઓના સેટ હવે મળે છે. લેગોના ટુકડાઓની આવી જુદી જુદી આકૃતિઓ કરવાનું બાળકને તો ગમે જ છે, પરંતુ વડીલોને પણ એવી આકૃતિ કરવા-કરાવવાનું પણ થાય એવું હોય છે. જેમ ટુકડાની સંખ્યા વધારે તેમ આકૃતિઓના નમૂનાનું વૈવિધ્યકરણ પણ વધારે. દરેક વખતે ટુકડાઓ છોડી નાખીને ફરી નવી નવી આકૃતિઓ કરવાનું બાળકોને મન થાય એવી આ રમવાની પ્રવૃત્તિ છે. અમેરિકામાં યુનિવર્સિટીમાં ઊંચો હોદ્દો ધરાવનાર એક પ્રોફેસરે કહ્યું હતું કે પોતે ઘરમાં જ્યારે નવરા પડે ત્યારે લેગો લઇને બેસે છે અને તેમનો સમય કલ્પનાશીલ આનંદમાં ઘણી સારી રીતે પસાર થાય છે. ભારતમાં રમકડાં વેચનારા ક્યારેક મજાકમાં બોલતા હોય છે કે 'બચ્ચા ભી ખેલે, ઔર બચ્ચે કા બાપ ભી ખેલે' એ ઉક્તિ લેગો માટે યથાર્થ નીવડે એવી છે.

કૉમ્પ્યુટરની શોધ પછી નાના બાળકો માટે સમૃદ્ધ દેશોમાં જાતજાતના કૉમ્પ્યુટર પ્રકારના રમકડાં નીકળ્યાં છે. આવા કૉમ્પ્યુટર ટોઇઝ-Computer Toys દ્વારા નવી પેઢીના બાળકો માટેના રમકડાંઓમાં જબરજસ્ત ક્રાંતિ આવી છે. આવા રમકડાંઓ રમવાથી બાળકની બૌદ્ધિક શક્તિનો ગજબનો વિકાસ થઇ શકે છે તથા તેટલા રમકડાંઓ દ્વારા બાળકની બૌદ્ધિકશક્તિનો આંક (IQ) માપી શકાય છે. પોતાનું બાળક કેટલું હોંશિયાર છે, તેનું માપ આવું રમકડું આપ્યા પછી ઘડીકમાં જાણી શકાય છે.

પશ્ચિમના કેટલાક શહેરોમાં કૉમ્પ્યુટર ટોઇઝનું મ્યુઝિયમ બનાવવામાં આવે છે અને ત્રણ-ચાર વર્ષથી પંદરેક વર્ષ સુધીના બાળકો પોતાની ઇચ્છા પ્રમાણે કોઇપણ રમકડાં પાસે જઇને રમી શકે છે. કૉમ્પ્યુટરની જુદી જુદી ચાવીઓને અડતા કૉમ્પ્યુટરના પડદા ઉપર કેવી કેવી આકૃતિઓ દેખાય છે, તે નાનું બાળક તરત શીખી લઇ શકે છે. આરંભમાં ગમે ત્યાં અચાનક આડા-અવળા સ્પર્શ કરવાથી શું શું દેખાય છે, એ જોવાથી બાળક પોતે

પોતાની સમજ અનુસાર કઇ ચાવીને સ્પર્શ કરવો તે પકડી પાડે છે અને એમ કરતાં કરતાં નવી નવી વસ્તુઓ શીખવા લાગે છે. ત્રણ-ચાર વર્ષની ઉંમરે કૉમ્પ્યુટર રમકડાંથી રમનાર બાળકનો ભવિષ્યમાં બૌદ્ધિક વિકાસ કેટલો અદ્‌ભુત હશે તે કલ્પી શકાય છે !

પોતાના બાળકોને રમકડાં રમવા આપતી વખતે મા-બાપોએ રમકડાંની બાબતમાં છોકરા-છોકરીનો ભેદ ન કરવો જોઇએ, એવું બાલમાનસશાસ્ત્રીઓ કહે છે. રમકડું એ રમકડું છે અને દરેક બાળકને એ ગમવું જોઇએ એવો મત દર્શાવાય છે. તેમ છતાં બાલમાનસશાસ્ત્રીઓ સર્વેક્ષણ કરીને એવા અભિપ્રાય પર આવ્યા છે કે છોકરીઓને કુદરતી રીતે જ ઢીંગલી સાથે તથા રસોડાની ઘરવખરી સાથે રમવાનું વધારે ગમે છે અને છોકરાઓને મોટરકાર, ફાયર એન્જિન, સુપરમેન, બંદૂક વગેરે સાથે રમવાનું વધારે ગમે છે.

બાળકોને માટે બનાવવામાં આવતા રમકડાંમાં કોઇ-કોઇ એવાં પણ હોય છે કે જે બાળકમાં ખોટી ટેવ અને ઉશ્કેરાટ જન્માવે છે. પાશ્ચાત્ય દેશોમાં-ખાસ કરીને અમેરિકામાં પિસ્તોલ-રિવોલ્વર, ગન વગેરે પ્રકારનાં રમકડાંએ કેટલાંય બાળ-કિશોરો પાસે બીજાનાં ખૂન કરાવ્યાં છે. રિવોલ્વર વાપરવાનાં દ્રશ્યો ટી.વી. ઉપર જોનાર બાળક પોતે રમકડાંની રિવોલ્વર રમતી વખતે ક્યારેક આવેશમાં આવી જઇને પોતાના મિત્રોને અને ક્યારેક તો પોતાના ઘરનાં સ્વજનોને 'તમને મારી નાખીશ' એ પ્રકારની ધમકી રમકડાંની રિવોલ્વર બતાવીને આપતો થઇ જાય છે. એવું કરનાર બાળક ક્યારેક આવેશમાં આવી જઇને પોતાના ઘરમાં રહેલી વડીલની સાચી રિવોલ્વર વાપરીને કોઇકનું ખૂન કરી બેસે છે. અમેરિકામાં આવા કિસ્સાઓ ત્યાં કેટલાંક વર્ષોમાં એક-બે નહિ પણ સેંકડોની સંખ્યામાં નોંધાયા છે. રિવોલ્વરનું રમકડું બાળકમાં ઝનૂન, આવેશ, નિર્દયતાના કુસંસ્કારો જન્માવે છે. સમજુ મા-બાપોએ પોતાના બાળકને રિવોલ્વર, બંદૂક વગેરે પ્રકારનાં ઘાતક શસ્ત્રોના રમકડાં રમવા ન આપવાં જોઇએ. ક્યારેક તેનું કરુણ પરિણામ પોતાને જ ભોગવવાનું આવે છે.

બાળકોના રમકડાંમાં હમણાં હમણાં પીચકારી Water Gunનો પ્રચાર પણ ઘણો થયો છે. હોળીના દિવસોમાં પીચકારીમાં રંગ ભરીને બીજાંને છાંટવાના ઉત્સવની પરંપરા ભારતમાં હજારો વર્ષથી ચાલી આવે છે. આ નિર્દોષ આનંદની પ્રવૃત્તિ પણ ક્યારેક નુકસાનકારક નીવડે છે. બીજી વ્યક્તિની આંખમાં નુકસાનકારક રંગની પીચકારી છોડવાથી તેની આંખોને નુકસાન પહોંચે છે. ક્યારેક જલદ રંગો હોય તો ચહેરાની કે શરીરની ચામડી ઉપર કાયમ માટે ડાઘ લાગી જાય છે. કેટલાક વખત પહેલાં અમેરિકાનાં કેટલાક છેકરાઓએ પોતાની પીચકારીમાં એસિડ ભરીને બીજા ઉપર છાંટવાના બનેલાં બનાવના કારણે તે રાજ્યમાં પીચકારીના વેચાણ ઉપર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો.

અમેરિકામાં નવી નીકળેલી પ્લાસ્ટિકની પીચકારી-Water Gun એવી સરસ બનાવવામાં આવી છે કે તેની ધાર ઘણે દૂર સુધી ધારેલી વ્યક્તિ ઉપર ફેંકી શકાય છે. પીચકારીનો આકારપણ બંદૂક જેવો કરવામાં આવ્યો અને ધાર ફેંકવા માટે ટ્રીગર દબાવવાનો હોય છે. આવી વોટરગનનો પણ ઉપયોગ કેટલીક વાર તોફાન અને મારામારીમાં પરિણમે છે.

ટી.વી. અને વિડિયોની શોધ પછી બાળકોના રમકડાં અને રમતગમતોમાં ઘણી ક્રાંતિ થઇ ગઇ છે. નવી નવી કંપનીઓ દિવસે દિવસે નવી નવી વિડિયો રમત બજારમાં મૂકવા લાગી છે. બાળક પોતાનું ટી.વી. સેટ લઇ તેમાં વિડિયો રમત દાખલ કરીને પોતાના બે હાથમાં બે બટન રાખીને ટી.વી.ના પડદા ઉપર દેખાતી આકૃતિઓને બટન દબાવીને આઘી-પાછી કરી શકે છે. બાળકોને રસ પડે એટલું જ નહિ ચસકો લાગે એવી આ રમત હોય છે. એથી બાળકોની બુદ્ધિ શક્તિ ઘણી ખીલે છે. તેના ચિત્તની ચપળતા સ્ફૂર્તિ બહુ વિકાસ પામે છે. આવી વિડિયો રમત દ્વારા મનોરંજન આપવા સાથે બાળકનો બૌદ્ધિક વિકાસ પણ ઘણો બધો થાય છે, પરંતુ બીજી બાજુ આવી આકર્ષક રમતોને કારણે બાળક રમવાનું જલદી છોડી શકતું નથી. એ અભ્યાસના કલાકોના કલાકો રમવામાં બગાડવા લાગે છે. બાળકને વિડિયો રમત વ્યસન બની જાય છે. તેના હાથનાં આંગળાઓ સતત બટન દબાવવાના કારણે દુઃખવા લાગે છે. રમતમાં સતત ઉશ્કેરાટ અનુભવવાના કારણે તેના જ્ઞાનતંતુઓ તંગ બની જાય છે. હારજીતની રમતોને કારણે એનામાં જુગારના સંસ્કાર પડવા લાગે છે. રમતની અંદર માનવ આકૃતિઓ દ્વારા વપરાતા રિવોલ્વર વગેરે પ્રકારનાં ઘાતક શસ્ત્રોને કારણે તેનામાં ઘાતકીપણાના સંસ્કાર પણ ધીમે ધીમે પડવા લાગે છે. વિકાસશીલ દેશોમાં બાળકને પોતાનું જુદું ટી.વી. અને વિડિયો રમતો વસાવી આપનાર મા-બાપો માટે આ એક ગંભીર સમસ્યા બની ગઇ છે.

મોટા માણસો સાથે મહેમાન તરીકે બાળકો પણ આવ્યાં હોય તો તેમને માટે રમકડાં હાજર રાખવાથી તેઓ તોફાન કે ઘોંઘાટ કરતાં અટકી જાય છે. ઘણા દેશોમાં-જાહેર સ્થળોમાં પોતાનાં બાળકોને સાચવવાની પણ એક સમસ્યા હોય છે. પરંતુ રમકડાં રમવા મળે તો બાળકને સાચવવાનો પ્રશ્ન ઘણુંખરું હલ થઇ જાય છે. કેટલાક સમૃદ્ધ દેશોમાં રેસ્ટોરાંઓમાં, થિયેટરોમાં, વ્યાખ્યાનખંડોમાં બાજુમાં બાળકોને રમકડાં રમવા માટે જુદી વ્યવસ્થા કરવામાં આવે છે. વડીલો રેસ્ટોરામાં બેઠાં હોય કે વ્યાખ્યાન સાંભળતા હોય ત્યારે તેમના બાળ સંતાનો સરળતાથી રમકડાં રમવામાં સમય પસાર કરી લે છે. ડૉક્ટરના દવાખાનામાં જેમ રાહ જોતા દર્દીઓ માટે જુદાં જુદાં સામયિકો રાખવામાં આવે છે તેવી રીતે બાળકો માટેના ડૉક્ટરોને ત્યાં બહાર વેઇટિંગ રૂમમાં રમકડાંની વ્યવસ્થા કરવામાં આવે છે કે જેથી દોઢ-બે કલાક રાહ જોવી પડે તો પણ રમકડાં રમવા મળતાં હોવાને કારણે બાળકો કંટાળતા નથી. કેટલીક હૉસ્પિટલોમાં પણ દર્દીઓ માટે રમકડાંની જુદી વ્યવસ્થા રાખવામાં આવે છે. કેટલીક વિમાન કંપનીઓ પણ વિમાનમાં બાળકો માટે રમકડાંની વ્યવસ્થા રાખે છે. શાળાઓમાં અને તેમાં પણ મોન્ટેસરી, કિંડર ગાર્ટન, પ્લે ગ્રુપ વગેરેના વર્ગોમાં તે તે કક્ષાના વિદ્યાર્થીઓ અનુસાર તેમને યોગ્ય એવાં રમકડાંની વ્યવસ્થા થવા લાગી છે. વય અનુસાર બાળકને ક્યા પ્રકારનાં રમકડાં આપવા જોઇએ તેનો પણ હવે અભ્યાસ થવા લાગ્યો છે. વય વધવા સાથે બાળક હજુ નાનાં જૂનાં રમકડાંથી રમે અને પોતાની વય અને કક્ષા અનુસારનાં રમકડાંમાં રસ ન ધરાવે તો તેવા બાળકના બૌદ્ધિક વિકાસ અંગે તપાસ કરાવવાની બાલમાનસશાસ્ત્રીઓ સલાહ આપે છે.

રમકડાં બનાવવાનો ઉદ્યોગ દિવસે દિવસે ઘણો વિકસતો જાય છે. દુનિયામાં ઘણા દેશોના મુખ્ય મુખ્ય નગરોમાં ફક્ત રમકડાં માટે હવે અલગ અલગ ઉદ્યોગો સ્થપાય છે અને તેના વેચાણ માટે અલગ સ્વતંત્ર દુકાનો થાય છે. અમેરિકા જેવા મોટા સમૃદ્ધ દેશોમાં ફક્ત રમકડાં માટેના જ એટલા મોટા મોટા સ્ટોર્સ હોય છે કે જે જોઇને અવિકસિત દેશોના માણસો આશ્ચર્યચકિત થઇ જાય છે. સમૃદ્ધ દેશોમાં બાળકને પોતાની ઇચ્છાનુસાર રમકડું રમવાનું મળી રહે છે. તે રમીને બાળક કંટાળે ત્યારે જૂના રમકડાં બીજાને અપાય છે અને કેટલેક સ્થળે તો સારાં આખાં રમકડાં કચરામાં નાખી દેવાય છે. ગરીબ અથવા અલ્પવિકસિત દેશોમાં પોતાના બાળકો માટે બધાં જ રમકડાં વસાવવાનું લોકોને પરવડે નહિ. આથી એવા કેટલાક દેશોમાં પુસ્તકાલયની જેમ રમકડાંઘર (Toy Library)ની પદ્ધતિ અમલમાં આવી છે. બાળકો આવી સંસ્થામાંથી વખતોવખત પોતાને મનગમતા રમકડાં રમવા માટે ઘરે લઇ આવા શકે છે. જેથી ઓછા ખર્ચે બાળકને વધુ રમકડાં રમવા મળે.

કેટલાક મોટા લોકોને પણ રમકડાંનો સંગ્રહ કરવાનું મન થાય છે. પોતાની શોખની એ પ્રવૃત્તિ-Hobbyને તેઓ વિકસાવે છે. વિવિધ દેશની વિવિધ પ્રકારની નૃત્ય કરતી ઢીંગલીઓ, દુનિયાના જુદાં જુદાં દેશના માનવોની જુદાં જુદાં પહેરવેશ સાથેની ઢીંગલીઓ, દુનિયામાં જુદે જુદે સમયે જુદાં જુદાં દેશોમાં જુદાં જુદાં ગણવેશ સાથેના સૈનિકોની પ્રતિકૃતિઓ, દુનિયાના તમામ દેશોની જુદાં જુદાં મોડેલની મોટરકાર, અથવા વહાણ અથવા હવાઇ જહાજ જેવી એકાદ-બે વસ્તુઓના રમકડાંઓનો સંગ્રહ કરીને પોતાના શો- કેસની અંદર ગોઠવવાનો શોખ વધતો જાય છે. દુનિયાનાં કેટલાંક મ્યુઝિયમોમાં કોઇ એક પ્રકારના રમકડાંનો કેવો કેવો વિકાસ થતો ગયો તે દર્શાવતા રમકડાં ગોઠવાય છે.

આમ, રમકડાંની દુનિયા ઘણી મોટી છે અને દિવસે દિવસે તે વધુ સમૃદ્ધ બનતી જાય છે. દુનિયાનું શ્રેષ્ઠ બુદ્ધિધન બાળકના વિકાસ માટે કામ લાગી ગયું છે અને દુનિયામાં આંતરરાષ્ટ્રીય સ્તરે રમકડાંનો વિનિમય ઝડપથી વધી રહ્યો છે, એ માનવશિશુના મોટા સદ્‌ભાગ્યની નિશાની છે.

❑ રમણલાલ ચી. શાહ

## ચિખોદરાની મુલાકાત

સંઘના ઉપક્રમે ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલની મુલાકાત લેવાનો એક કાર્યક્રમ સંઘના સભ્યો અને દાતાઓ માટે શનિવાર, તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ યોજવામાં આવ્યો છે. મુંબઇથી શુક્રવાર, તા. ૧૮મી ડિસેમ્બરે રાત્રે વડોદરા એક્સપ્રેસમાં જવાનું રહેશે. અને મુલાકાત પછી વડોદરાથી ૧૯મી ડિસેમ્બરે રાત્રે નીકળી મુંબઇ પાછા ફરવાનું રહેશે. જેઓ આ કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા હોય તેઓને પોતાના નામ ખર્ચની પ્રતીક રકમ રૂપે રૂા. ૨૦૦ ભરીને સંઘના કાર્યાલયમાં તા. ૧૫મી ઑક્ટોબર સુધીમાં જણાવી દેવો વિનંતી છે.

મફતલાલ ભીખાચંદ શાહ,
સંયોજક

નિરુબહેન એસ. શાહ,
પ્રવીણચંદ્ર કે. શાહ,
મંત્રીઓ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧મી માર્ચ ૧૯૯૨ના દિવસનું સરવૈયુ

| ૧૯૯૧ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | **રિઝર્વ ફંડ** | | |
| ૧૪,૮૭,૮૯૮-૧૮ | ગયા સરવૈયા મુજબ બાકી | ૧૫,૧૫,૯૪૩-૧૮ | |
| ૨૫,૦૪૫-૦૦ | ઉમેરો : આજીવન સભ્યોના લવાજમના વસુલ (નેટ) | ૧૦,૦૧૨-૦૦ | |
| ૩,૦૦૦-૦૦ | પેટ્રન સભ્યોના લવાજમના | ૩,૦૦૦-૦૦ | |
| ૧૫,૧૫,૯૪૩-૧૮ | | | ૧૫,૨૮,૯૫૫-૧૮ |
| | **અન્ય ફંડો** | | |
| ૧૩,૭૪,૦૭૫-૯૦ | પરિશિષ્ટ અ પ્રમાણે | | ૧૪,૫૪,૯૪૯-૧૦ |
| | **દેવું** | | |
| ૪૭,૯૪૯-૯૪ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | ૬૦,૯૨૪-૧૪ | |
| ૨,૪૦,૬૪૨-૮૭ | પરચુરણ દેવું | ૫,૦૮,૮૨૦-૦૦ | |
| ૨,૮૮,૫૯૨-૮૧ | | | ૫,૬૯,૭૪૪-૧૪ |
| | **શ્રી જનરલ ફંડ** | | |
| ૮૯,૮૮૧-૨૯ | ગયા સરવૈયા મુજબ | ૯૭,૨૪૯-૧૩ | |
| ૧,૮૭,૧૩૦-૪૨ | વર્ષ દરમિયાન આવકનો વધારો | ૧૭,૨૪૩-૬૪ | |
| ૯૭,૨૪૯-૧૩ | | | ૧,૧૪,૪૯૨-૭૭ |
| ૩૨,૭૫,૮૬૧-૦૨ | | કુલ રૂા. | ૩૬,૬૮,૧૪૧-૧૯ |

| ૧૯૯૧ | મિલ્કત અને લેણું | | |
|---|---|---|---|
| | **બ્લોક (કરાર મુજબ)** | | |
| | રસધારા કો.ઓ.હા. સો. લિ. | | |
| ૫૧,૨૩૦-૪૦ | ગયા સરવૈયા મુજબ બાકી | | ૫૧,૨૩૦-૪૦ |
| | **ઈન્વેસ્ટમેન્ટ ચોપડા પ્રમાણે** | | |
| | **પરિશિષ્ટ (બ) પ્રમાણે** | | |
| ૨૮,૩૫૦-૦૦ | શેરો તથા ડિબેન્ચર્સ | ૨૨,૫૦૦ | |
| ૨,૦૨,૦૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ. યુનિટો | ૨,૦૨,૦૦૦-૦૦ | |
| ૧૯,૮૫,૦૦૦-૦૦ | ગર્વ. કું.માં ડિપોઝીટ | ૨૩,૮૫,૦૦૦-૦૦ | |
| ૬,૬૫,૦૦૦-૦૦ | બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | ૬,૩૫,૦૦૦-૦૦ | |
| ૨૮,૮૦,૩૫૦-૦૦ | | | ૩૨,૪૪,૫૦૦-૦૦ |
| | **ફર્નિચર અને ફિક્ષર (ચોપડાં પ્રમાણે)** | | |
| ૩૧,૩૪૧-૨૪ | ગયા સરવૈયા મુજબ બાકી | ૩૧,૩૪૧-૨૪ | |
| ૧૫,૪૧૧-૨૪ | બાદ : ઘસારાના ૧૯૯૧ સુધી | ૧૫,૪૧૧-૨૪ | |
| | ચાલુ વર્ષ દરમિયાન ઘસારાના ૧૦% | ૧,૫૯૩-૦૦ | |
| ૧૫,૯૩૦-૦૦ | | | ૧૪,૩૩૭-૦૦ |
| | **ડિપોઝીટ** | | |
| ૧૨૫-૦૦ | પોસ્ટ ઓફિસમાં | ૧૨૫-૦૦ | |
| ૧,૩૨૫-૦૦ | બી.ઈ.એસ.ટી. | ૧,૩૨૫-૦૦ | |
| ૩૬૦-૦૦ | ટેલિફોન અંગે | ૩૬૦-૦૦ | |
| ૧,૧૦૦-૦૦ | બિરલા ક્રીડા કેન્દ્ર | ૧,૧૦૦-૦૦ | |
| ૨,૯૧૦-૦૦ | | | ૨,૯૧૦-૦૦ |
| | **લેણું સધ્ધર** | | |
| ૪૬,૭૫૬-૦૨ | શ્રી એમ.એમ. શાહ લાઈબ્રેરી | ૬૦,૩૯૫-૫૨ | |
| ૧૭,૫૬૮-૦૦ | ઈન્કમટેક્ષ રિફંડ | ૭,૨૭૫-૦૦ | |
| ૮૦,૩૭૧-૬૦ | ડિબેન્ચરો-ડિપોઝીટ પર ચઢેલ વ્યાજ | ૭૯,૪૨૯-૭૯ | |
| ૪૨,૯૫૮-૮૫ | સ્ટાફ પાસે અને અન્ય | ૫૦,૮૦૮-૮૮ | |
| ૧,૮૭,૬૫૪-૪૭ | | | ૧,૯૭,૯૦૯-૧૯ |
| | **રોકડ તથા બેંક બાકી** | | |
| ૯,૩૨૪-૩૩ | બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતે | ૯૩૮૬-૬૩ | |
| ૧,૨૮,૨૬૫-૦૧ | બેંક ઓફ ઈન્ડિયા બચત ખાતે | ૧,૪૬,૯૬૨-૦૭ | |
| ૧૯૬-૮૧ | રોકડ પુરાંત | ૯૦૫-૦૦ | |
| ૧,૩૭,૭૮૬-૧૫ | | | ૧,૫૭,૨૫૪-૬૦ |
| ૩૨,૭૫,૮૬૧-૦૨ | | કુલ રૂા. | ૩૬,૬૮,૧૪૧-૧૯ |

**ઓડીટરનો રિપોર્ટ :**

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું તા. ૩૧-૩-૧૯૯૨ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને અમારું ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એકટ અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

મુંબઈ    તા. ૧૨-૮-૧૯૯૨    ઉત્તમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, કોષાધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
## તા. ૩૧-૩-૯૨ના દિવસના સરવાયામાં બનાવેલ ટ્રસ્ટ ફંડો અને ટ્રસ્ટ ખાતાઓનું વિગત દર્શાવતું પરિશિષ્ઠ

પરિશિષ્ઠ અ

| ટ્રસ્ટ ફંડો | ૩૧-૩-૯૧ના | વર્ષ દરમિયાન ભેટ | વ્યાજના હવાલા | વર્ષ દરમિયાન ખર્ચ | હવાલા આવક જાવકમાં | ૩૧-૩-૯૨ના રોજ |
|---|---|---|---|---|---|---|
| ૧ મકાન ફંડ | ૪,૧૮૪-૬૯ | | | | | ૪,૧૮૪-૬૯ |
| ૨ પુસ્તક પ્રકાશન ખાતું | ૨૧,૭૦૧-૦૯ | ૫,૫૦૭-૫૦ | | ૩૨,૫૬૯-૫૦ | | (ઉધાર) ૫,૩૬૦-૯૧ |
| ૩ પ્રબુદ્ધ જીવન કાયમી ફંડ | ૨,૦૦૦-૦૦ | | | | | ૨,૦૦૦-૦૦ |
| ૪ મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર પ્રવૃત્તિ ખાતું | ૪૫,૦૦૦-૦૦ | | | | | ૪૫,૦૦૦-૦૦ |
| ૫ સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ ખાતું | ૩,૦૦,૦૦૦-૦૦ | | | | | ૩,૦૦,૦૦૦-૦૦ |
| ૬ આ. વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી | ૭૫,૦૦૦-૦૦ | | | ૭૫,૦૦૦-૦૦ (પાછા આપ્યા) | | ૦૦-૦૦ |
| ૭ ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ લેખક પારિતોષિક | ૧૧,૦૦૦-૦૦ | | | | | ૧૧,૦૦૦-૦૦ |
| ૮ શ્રી ધીરજબહેન દીપચંદ રમકડાં ઘર | ૭૦,૦૦૬-૪૯ | ૭,૫૦૦-૦૦ | | | | ૭૭,૫૦૬-૪૯ |
| ૯ મહાવીર વંદના સ્નેહ મિલન | ૧,૫૦,૦૦૦-૦૦ | | | | | ૧,૫૦,૦૦૦-૦૦ |
| ૧૦ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા : અનાજ રાહત ફંડ | ૭૪,૨૭૬-૦૦ | ૨૫,૦૦૦-૦૦ | | | | ૯૯,૨૭૬-૦૦ |
| ૧૧ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પારિતોષિક ફંડ | ૧૫,૦૦૦-૦૦ | | | | | ૧૫,૦૦૦-૦૦ |
| ૧૨ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા | ૫૧,૦૦૦-૦૦ | | | | | ૫૧,૦૦૦-૦૦ |
| ૧૩ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી યોજના ફંડ | ૧,૦૫,૦૦૦-૦૦ | | | | | ૧,૦૫,૦૦૦-૦૦ |
| ૧૪ શ્રીમતી તારાબહેન શ્રી ચંદુલાલ ઝવેરી નેત્રયજ્ઞ કાયમી ફંડ | ૦૦-૦૦ | ૧,૫૧,૦૦૦-૦૦ | | | | ૧,૫૧,૦૦૦-૦૦ |
| કુલ રકમ | ૯,૨૪,૧૩૮-૨૭ | ૧,૮૯,૦૦૭-૫૦ | | ૧,૦૭,૫૬૯-૫૦ | | ૧૦,૦૫,૫૭૬-૨૭ |
| **ખાતાઓ** | | | | | | |
| ૧ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા પ્રેમળજ્યોતિ ખાતું | ૩,૩૮,૫૯૭-૦૬ | ૧,૨૩,૩૮૬-૫૦ | | ૧,૨૮,૪૯૯-૬૦ | | ૩,૩૩,૪૮૩-૯૬ |
| ૨ શ્રી દીપચંદ ત્રી. શાહ ટ્રસ્ટ ખાતું | ૫૦,૭૩૮-૬૨ | ૬,૪૫૧-૦૦ | ૫,૦૭૩-૦૦ | ૧,૪૮૬-૦૦ | | ૬૦,૭૭૬-૬૨ |
| ૩ શ્રી સરસ્વતી ડાહ્યાભાઈ ઝવેરી ચશ્માઘર | ૩૪,૩૪૩-૫૦ | ૫૦૧-૦૦ | | ૧,૯૩૧-૦૦ | | ૩૨,૯૧૩-૫૦ |
| ૪ શ્રી મોહનલાલ મહેતા 'સોપાન' પા. આવક-જાવક | ૨,૦૦૦-૦૦ | | ૧,૫૦૦-૦૦ | | | ૩,૫૦૦-૦૦ |
| ૫ શ્રી ધીરજબેન દીપચંદ રમકડાંઘર આવક-જાવક | ૬,૨૦૯-૯૫ | ૫,૪૮૦-૦૦ | ૭,૦૦૦-૦૦ | ૧૨,૮૧૧-૦૦ | | ૫,૮૭૮-૯૫ |
| ૬ શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત આવક-જાવક | ૪,૯૪૭-૧૦ | ૨૯,૪૩૧-૦૦ | ૭,૪૨૪-૦૦ | ૩૦,૦૧૨-૨૦ | | ૧૧,૭૮૯-૯૦ |
| ૭ શ્રી મંગળજી ઝવેરચંદ મહેતા વિદ્યાસત્ર આવક-જાવક | ૩,૩૫૫-૯૦ | | | ૨,૩૪૯-૦૦ | | ૧,૦૦૬-૯૦ |
| ૮ આ. વિજયવલ્લભસૂરિ સ્મારક વ્યાખ્યાનશ્રેણી આવક-જાવક | ૭,૨૫૦-૦૦ | | | | ૭,૨૫૦-૦૦ | ૦૦-૦૦ |
| ૯ શ્રી વિદ્યાબેન મહાસુખભાઈ ખંભાતવાલા સ્નેહસંમેલન આ.જા. | ૦૦-૦૦ | | ૧૫,૦૦૦-૦૦ | ૧૫,૦૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૦ શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ પર્યુષણ વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | ૨,૬૫૫-૦૦ | ૩૦,૦૦૦-૦૦ | ૩૨,૬૫૫-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૧ શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ શ્રેષ્ઠ પારિતોષિક આવક-જાવક | ૦૦-૦૦ | | ૧,૧૦૦-૦૦ | ૧,૨૫૦-૦૦ | | (ઉધાર) ૧૫૦-૦૦ |
| ૧૨ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ વસંત વ્યાખ્યાનમાળા આ.જા. | ૦૦-૦૦ | | ૫,૧૦૦-૦૦ | ૫,૧૦૦-૦૦ | | ૦૦-૦૦ |
| ૧૩ શ્રી કિશોર ટીંબડિયા કેળવણી ફંડ આવક-જાવક | ૨,૩૦૫-૦૦ | ૨,૨૦૪-૦૦ | ૧૦,૫૦૦-૦૦ | ૧૪,૮૩૬-૦૦ | | ૧૭૩-૦૦ |
| ૧૪ શ્રી પરિસંવાદ આવક-જાવક ખાતું | ૧૯૦-૫૦ | | | | ૧૯૦-૫૦ | ૦૦-૦૦ |
| ૧૫ શ્રી નેત્રયજ્ઞ આવક-જાવક ખાતું | ૦૦-૦૦ | ૩૩,૫૦૧-૦૦ | ૭,૫૫૦-૦૦ | ૪૧,૦૫૧-૦૦ | | ૦૦-૦૦ |
| કુલ | ૧૩,૭૪,૦૭૫-૯૦ | ૩,૯૨,૬૧૭-૦૦ | ૯૦,૨૪૭-૦૦ | ૩,૯૪,૫૫૦-૩૦ | ૭,૪૪૦-૫૦ | ૧૪,૫૪,૯૪૯-૧૦ |

### તા. ૩૧-૩-૯૨ના રોજ ઈન્વેસ્ટમેન્ટ

| ૧૯૯૧ | વિગત | | |
|---|---|---|---|
| | (૧) શેરો અને ડિબેન્ચરો | | |
| ૫૦૦-૦૦ | રસધારા કો.ઓ.હા.સો. લિ. શેર-૧૦ | | ૫૦૦-૦૦ |
| ૫૦૦-૦૦ | | | |
| ૪,૦૦૦-૦૦ | તાતા ઓઈલ કું. લિ. ડિબેન્ચરો | ૪,૦૦૦-૦૦ | |
| ૧૫,૦૦૦-૦૦ | બોમ્બે ડાઈંગ એન્ડ મેન્યુ. કું. લિ. | ૧૫,૦૦૦-૦૦ | |
| ૩,૦૦૦-૦૦ | વોલ્ટાસ લિ. | ૩,૦૦૦-૦૦ | |
| ૫,૮૫૦-૦૦ | તાતા લોકો એન્ડ એન્જિ. કું. લિ. | ૦૦-૦૦ | |
| ૨૭,૮૫૦-૦૦ | | | ૨૨,૦૦૦-૦૦ |
| ૨,૦૨,૦૦૦-૦૦ | (૨) યુનિટ ટ્રસ્ટ ઓફ ઈ.ના યુનિટો | | ૨,૦૨,૦૦૦-૦૦ |
| | (૩) ગર્વ. કું. ફિક્સ ડિપોઝીટ | | |
| ૩,૪૦,૦૦૦-૦૦ | ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. | ૩,૪૦,૦૦૦-૦૦ | |
| ૪૦,૦૦૦-૦૦ | રાષ્ટ્રીય કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર | ૪૦,૦૦૦-૦૦ | |
| ૯,૫૫,૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | ૬,૫૫,૦૦૦-૦૦ | |
| ૧,૦૦,૦૦૦-૦૦ | મદ્રાસ રિફાઈનરી કું. લિ. | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| ૫૦,૦૦૦-૦૦ | નેયવેલી લેગ્નાઈટ કોર્પોરેશન | ૫૦,૦૦૦-૦૦ | |
| ૧,૦૦,૦૦૦-૦૦ | સિમેન્ટ કોર્પોરેશન ઓફ ઈ. લિ. | ૧,૦૦,૦૦૦-૦૦ | |
| ૪,૦૦,૦૦૦-૦૦ | ઈન્ડિયન પેટ્રો કેમિકલ્સ કોર્પો. લિ. | ૪,૦૦,૦૦૦-૦૦ | |
| | હાઉસિંગ ડેવલોપમેન્ટ ફાઈ. કોર્પો. લિ. | ૭,૦૦,૦૦૦-૦૦ | |
| ૧૯,૮૫,૦૦૦-૦૦ | | | ૨૩,૮૫,૦૦૦-૦૦ |
| | (૪) બેંકોમાં ફિક્સ ડિપોઝીટ | | |
| ૨,૭૫,૦૦૦-૦૦ | બેંક ઓફ ઈન્ડિયા ફિક્સ ડિપોઝીટ | ૨,૭૫,૦૦૦-૦૦ | |
| ૯૦,૦૦૦-૦૦ | માંડવી કો.ઓ. બેંક લિ. | ૯૦,૦૦૦-૦૦ | |
| ૯૦,૦૦૦-૦૦ | ધી બોમ્બે મર્કન્ટાઈલ્સ કો.ઓ. બેંક લિ. | ૬૦,૦૦૦-૦૦ | |
| ૯૦,૦૦૦-૦૦ | સારસ્વત કો.ઓ. બેંક લિ. | ૯૦,૦૦૦-૦૦ | |
| ૧,૨૦,૦૦૦-૦૦ | કપોળ કો.ઓ. બેંક લિ. | ૧,૨૦,૦૦૦-૦૦ | |
| ૬,૬૫,૦૦૦-૦૦ | | | ૬,૩૫,૦૦૦-૦૦ |
| ૨૮,૮૦,૩૫૦-૦૦ | | | ૩૨,૪૪,૫૦૦-૦૦ |

### તા. ૩૧-૩-૯૨ના રોજ દેવું અને લેણું

| વિગત | | |
|---|---|---|
| મુનિ સેવાશ્રમ | ૧૩,૫૦૦-૦૦ | |
| ખર્ચ અંગે | ૧,૫૦૦-૦૦ | |
| પ્રવાસ ખર્ચ અંગે | ૩,૫૬૩-૦૦ | |
| ઈન્ટરનેશનલ લેક્ચર સિરીઝ | ૬,૯૩૦-૦૦ | |
| સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ | ૧૦,૭૭૦-૦૦ | |
| શ્રી ભગવાન મહાવીર વચનો પુસ્તક પ્રકાશન અંગે અગાઉથી આવેલા | ૧,૦૭,૬૧૧-૦૦ | |
| કિડની ફંડ અંગે | ૩,૩૬,૪૪૪-૦૦ | |
| ચિખોદરા : હૉસ્પિટલ | ૨,૫૦૧-૦૦ | |
| દરબાર ગોપાલદાસ ટી.બી. હૉસ્પિટલ | ૨૬,૦૦૧-૦૦ | |
| | | ૫,૦૮,૮૨૦-૦૦ |
| પ્રોવિડન્ડ ફંડ | | |
| શ્રી એલ.એમ. મહેતા પ્રો. ફંડ | ૪૫,૯૩૯-૨૪ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ પ્રો. ફંડ | ૪,૮૦૦-૯૦ | |
| શ્રી મનસુખભાઈ બી. મહેતા પ્રો. ફંડ | ૩,૫૯૪-૬૦ | |
| પ્યુન અશોક પલસમકર પ્રો. ફંડ | ૩,૩૨૮-૬૦ | |
| પ્યુન વિજય સાવંત પ્રો. ફંડ | ૩,૨૬૦-૮૦ | |
| | | ૬૦,૯૨૪-૧૪ |
| લેણું : સ્ટાફ પાસે અને અન્ય | | |
| શ્રી એલ.એમ. મહેતા | ૧૩,૪૦૦-૦૦ | |
| શ્રી ચીમનલાલ એમ. શાહ | ૧૭,૦૦૦-૦૦ | |
| પ્યુન હરિચંદ એ. નવાળે | ૪,૬૬૦-૦૦ | |
| પ્યુન અશોક પલસમકર | ૬,૨૬૦-૦૦ | |
| પ્યુન વિજય સાવંત | ૭,૯૬૦-૦૦ | |
| અલ્પાહાર | ૧,૫૨૮-૮૮ | |
| | | ૫૦,૮૦૮-૮૮ |

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ
### તા. ૩૧-૩-૯૨ના રોજ પૂરા થતાં વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૧ | આવક | | |
|---|---|---|---|
| | **ભેટના** | | |
| ૩,૪૩,૯૩૩-૫૦ | ચાલુ ભેટના | ૧,૬૯,૬૪૭-૦૦ | |
| ૨૧-૦૦ | પ્રબુદ્ધ જીવનને | ૧૦૧-૦૦ | |
| ૨૬,૦૦૧-૦૦ | નેત્રયજ્ઞને | | |
| ૩,૬૯,૯૫૫-૫૦ | | | ૧,૬૯,૭૪૮-૦૦ |
| | **લવાજમ** | | |
| ૨,૬૮૫-૦૦ | વસુલ આવ્યા | ૧,૯૮૦-૦૦ | |
| ૮,૬૧૩-૫૦ | પ્રબુદ્ધ જીવન લવાજમના | ૫,૦૫૫-૦૦ | |
| ૧૧,૨૯૮-૫૦ | | | ૭,૦૩૫-૦૦ |
| | **વ્યાજ તથા અન્ય** | | |
| ૩,૩૩૦-૦૦ | ડિબેન્ચરો અને બોન્ડના | ૨,૧૦૦-૦૦ | |
| ૭૯,૮૧૨-૭૬ | બેંકની ફિક્સ ડિપોઝીટ પર | ૧,૧૩,૪૨૫-૩૬ | |
| ૨,૫૯,૦૭૪-૯૮ | ગવર્મેન્ટ કું.ની ડિપોઝીટ પર | ૨,૭૫,૦૭૧-૬૮ | |
| ૨૧,૫૦૦-૦૦ | યુનિટ ટ્રસ્ટની યુનિટ પર | ૨૨,૦૦૦-૦૦ | |
| ૧૧,૧૨૭-૧૫ | ખાતા પર તથા અન્ય | ૧૩,૮૦૦-૭૧ | |
| ૩,૭૪,૮૪૪-૮૯ | | ૪,૨૬,૩૯૭-૭૫ | |
| ૮૬,૧૦૧-૦૦ | બાદ : અન્ય અંકિત ફંડોને ૧૦% | ૯૦,૨૪૭-૦૦ | |
| ૨,૮૮,૭૪૩-૮૯ | | | ૩,૩૬,૧૫૦-૭૫ |
| | **પરચુરણ આવક** | | |
| ૮૫૫-૦૦ | શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ | ૯૦૪-૦૦ | |
| ૧૩૭-૦૦ | કેસેટના | | |
| | આ. વિજયવલ્લભસૂરિ વ્યાખ્યાનશ્રેણીના | ૭,૨૫૦-૦૦ | |
| | પરિસંવાદ આવકના | ૧૯૦-૫૦ | |
| ૯૯૨-૦૦ | | | ૮,૩૪૪-૫૦ |
| ૬,૭૦,૯૮૯-૮૯ | | | ૫,૨૧,૨૭૮-૨૫ |

| ૧૯૯૧ | વહીવટી અથવા વ્યવસ્થા ખર્ચ | | |
|---|---|---|---|
| ૧,૭૩,૬૧૦-૦૦ | પગાર, બોનસ તથા ગ્રેચ્યુટી | ૧,૦૨,૬૬૫-૫૦ | |
| ૧૬,૫૭૩-૦૦ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડ ફાળો તથા વ્યાજના | ૧૪,૯૭૮-૩૦ | |
| ૨૭,૫૯૫-૩૫ | ગાડી ભાડું તથા અન્ય ખર્ચના | ૩૨,૭૯૧-૨૫ | |
| ૨૩,૮૭૭-૦૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચ | ૩૦,૯૧૦-૦૦ | |
| ૧૦,૦૯૨-૫૦ | બ્લોક મેન્ટેનન્સ તથા વિજળી ખર્ચ | ૧૧,૪૮૧-૦૦ | |
| ૧,૮૫૦-૦૦ | લિફ્ટ ખર્ચ | | |
| ૪,૭૪૩-૦૦ | ટેલિફોન ખર્ચ | ૪,૩૦૯-૦૦ | |
| ૧૦,૭૨૯-૦૦ | પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | ૩,૦૫૩-૨૫ | |
| ૩૭૦-૦૦ | પોસ્ટેજ | ૩૮૦-૦૦ | |
| ૮૩-૦૦ | બેંક કમિશન | ૩૩૪-૪૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| ૧,૫૦૦-૦૦ | ઑડિટરોને ઓનોરિયમ | ૧,૫૦૦-૦૦ | |
| | બોમ્બે પબ્લીક ટ્રસ્ટ ફાળાના | ૧૦,૧૩૬-૦૦ | |
| ૧,૭૬૯-૦૦ | ફરનીચર પર ઘસારાના | ૧,૫૯૩-૦૦ | |
| ૨,૭૩,૩૯૨-૩૫ | | | ૨,૧૪,૭૩૧-૭૦ |
| | **ઉદ્દેશો અંગે** | | |
| ૨૬,૨૧૫-૯૫ | પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૨૫,૩૮૫-૯૬ | |
| ૯,૨૩૧-૭૦ | વસંત વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | ૬,૫૩૮-૮૫ | |
| ૧૧,૫૮૮-૦૦ | સ્નેહ સંમેલન અંગે ખર્ચ | ૨૩,૩૬૯-૦૦ | |
| ૪,૭૩૩-૦૦ | ભક્તિ સંગીત અંગે ખર્ચ | ૬,૫૦૫-૦૦ | |
| ૨,૦૭૩-૭૫ | સંઘના અન્ય ઉદ્દેશો અંગે ખર્ચ | ૦૦-૦૦ | |
| ૧૦,૬૨૩-૨૫ | મુનિ સેવાશ્રમ અંગે ખર્ચ | ૦૦-૦૦ | |
| ૧,૨૯૨-૦૦ | ચિંચણ મુલાકાત અંગે ખર્ચ | ૦૦-૦૦ | |
| ૫૦-૦૦ | શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ આવક ખર્ચના | ૦૦-૦૦ | |
| ૫૨-૦૦ | ક્રાંતિવીર કાર્યક્રમ અંગે ખર્ચના | ૦૦-૦૦ | |
| ૩,૮૮૬-૩૨ | ઈન્કમટેક્ષ રિફંડના આવતા માંડીવાળ્યા | ૦૦-૦૦ | |
| ૨૫,૦૦૦-૦૦ | એમ.એમ. શાહ લાઈબ્રેરીને ઠરાવ પ્રમાણે | ૫૦,૦૦૦-૦૦ | |
| | કેસેટ ખર્ચ | ૨૯૪-૦૦ | |
| - | સર્વોદય પરિવાર ટ્રસ્ટ ખર્ચ | ૬૩૯-૦૦ | |
| - | જ્ઞાનસત્ર ખર્ચ | ૬૦૧૮-૫૦ | |
| ૯૪,૭૪૫-૯૭ | | | ૧,૧૮,૭૫૧-૩૧ |
| ૩,૬૮,૧૩૮-૩૨ | | | ૩૩,૮૩,૪૮૩-૦૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૧૯૯૧ | | | |
| ૬,૭૦,૯૮૯-૮૯ | પાછળથી લાવ્યા | ૫,૨૧,૨૭૮-૨૫ | ૩,૬૮,૧૩૮-૩૨ | પાછળથી લાવ્યા | | ૨૮૩૪૮૩-૦૧ |
| | | | | વૈદ્યકિય | | |
| | | | ૩૭,૦૦૦-૦૦ | નેત્રયજ્ઞ | ૧૮૯૪૯-૦૦ | |
| | | | ૧૦,૦૦૦-૦૦ | અન્ય સંસ્થાઓને ઠરાવ પ્રમાણે | ૨૦,૦૦૦-૦૦ | |
| | | | | સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટનો ખર્ચ | | |
| | | | - | મુલાકાત પ્રવાસ તથા અન્ય ખર્ચના | ૧૬,૭૭૬-૦૦ | |
| | | | ૪૭,૦૦૦-૦૦ | | | ૫૫,૭૨૫-૦૦ |
| | | | | પ્રબુદ્ધ જીવન અંગે | | |
| | | | ૬,૨૯૭-૧૫ | પ્રબુદ્ધ જીવન પોસ્ટ ખર્ચ | ૬,૦૪૧-૬૦ | |
| | | | ૩,૩૨૫-૦૦ | પ્રબુદ્ધ જીવન પુરસ્કાર ખર્ચ | ૪,૦૮૩-૦૦ | |
| | | | ૩૪,૮૧૨-૦૦ | પ્રબુદ્ધ જીવન પ્રિન્ટિંગ ખર્ચ | ૪૨,૦૮૦-૦૦ | |
| | | | ૨,૫૦૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પગાર | | |
| | | | ૨,૯૩૭-૦૦ | પ્રબુદ્ધ જીવન ખર્ચ | ૨,૦૮૨-૦૦ | |
| | | | ૧૮,૮૫૦-૦૦ | પ્રબુદ્ધ જીવન પેપર ખર્ચ | ૬૦,૫૪૦-૦૦ | |
| | | | ૬૮,૭૨૧-૧૫ | | | ૧,૧૪,૮૨૬-૬૦ |
| | | | ૧,૮૭,૧૩૦-૪૨ | ખર્ચ કરતાં આવકમાં વધારો | | ૬૭,૨૪૩-૬૪ |
| ૬,૭૦,૯૮૯-૮૯ | | ૫,૨૧,૨૭૮-૨૫ | ૬,૭૦,૯૮૯-૮૯ | | | ૫,૨૧,૨૭૮-૨૫ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલમ પડ્યો છે.

મુંબઈ
તા. ૧૨-૮-૧૯૯૨

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ, પ્રમુખ
ચીમનલાલ જે. શાહ, ઉપપ્રમુખ
પન્નાલાલ ર. શાહ, અધ્યક્ષ

નીરુબહેન એસ. શાહ, મંત્રી
પ્રવીણચંદ્ર કે. શાહ, મંત્રી

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈ
### તા. ૩૧-૩-૯૨ના દિવસનું સરવૈયું

| ૧૯૯૧ | ફંડો અને દેવું | | |
|---|---|---|---|
| | કાયમી ફંડ | | |
| ૩,૫૭,૮૯૪-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૩,૫૭,૮૯૪-૦૦ | |
| | ઉમેરો થ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી | ૫૦,૦૦૦-૦૦ | |
| | | | ૪,૦૭,૮૯૪-૦૦ |
| | શ્રી પુસ્તક ફંડ | | |
| ૫,૫૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૫,૫૦૦-૦૦ | |
| | | | ૫,૫૦૦-૦૦ |
| | શ્રી ફરનીચર ફંડ | | |
| ૨,૪૦૦-૦૦ | ગયા સરવૈયા મુજબ | ૨,૪૦૦-૦૦ | |
| | | | ૨,૪૦૦-૦૦ |
| | શ્રી રીઝર્વ ફંડ | | |
| ૩૧,૬૭૩-૪૨ | ગયા સરવૈયા મુજબ | ૩૧,૬૭૩-૪૨ | |
| | | | ૩૧,૬૭૩-૪૨ |
| | દેવું | | |
| ૨૮,૬૨૬-૦૦ | પુસ્તકો અંગે ડિપોઝીટના | ૩૦,૦૫૧-૦૦ | |
| | | | ૩૦,૦૫૧-૦૦ |
| ૩૧,૬૭૯-૨૬ | સ્ટાફ પ્રોવિડન્ડ ફંડના | | |
| | ૧૨,૩૧૮-૪૪ શ્રી દીપક એન. શાહ | | |
| | ૦૮,૮૩૧-૧૫ શ્રી ઈન્દિરાબેન ભટ્ટ | ૧૨,૧૧૯-૫૦ | |
| | ૦૦,૯૦૯-૮૦ શ્રી હિના એચ. રાઠોડ | ૧૯૧૭-૬૦ | |
| | ૦૯,૮૨૧-૮૭ પ્યુન હિરાચંદ નવાળે | ૧૧,૯૩૪-૨૭ | |
| | ૩૧,૬૭૯-૨૫ | | ૨૫,૯૭૧-૩૭ |
| ૬૦,૩૦૫-૨૬ | | | |
| ૪૬,૭૫૬-૦૨ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘના | ૬૦,૩૯૫-૫૨ | |
| ૧,૦૦૦-૦૦ | ખર્ચ અંગે | ૧,૦૦૦-૦૦ | |
| | | | ૬૧,૩૯૫-૫૨ |
| ૫,૦૫,૫૨૮-૭૦ | | | ૫૬૪૮૮૫-૩૧ |

| ૧૯૯૧ | મિલકત અને લેણું | | |
|---|---|---|---|
| | ઈન્વેસ્ટમેન્ટસઃ ફિક્સ ડિપોઝીટ | | |
| ૫૦,૦૦૦-૦૦ | સ્ટીલ ઓથોરિટી ઓફ ઈ. લિ. | ૫૦,૦૦૦-૦૦ | |
| | | | ૫૦,૦૦૦-૦૦ |
| | ફરનીચર (ખરીદ કિંમત) | | |
| ૧૯,૧૮૭-૬૩ | ગયા સરવૈયા મુજબ | ૨૦,૧૮૭-૬૩ | |
| ૧,૦૦૦-૦૦ | ઉમેરોઃવર્ષ દરમિયાન | | |
| ૧૧,૮૬૪-૬૩ | બાદઃકુલ ઘસારાના ૧૯૯૨સુધીના | ૧૧,૮૬૪-૬૩ | |
| | વર્ષ દરમિયાન ઘસારાના | ૮૩૨-૦૦ | |
| ૮,૩૨૩-૦૦ | | | ૭,૪૯૧-૦૦ |
| | પુસ્તકો (ખરીદ કિંમતે) | | |
| ૮૧,૫૪૨-૮૫ | ગયા સરવૈયા મુજબ | ૭૦,૯૨૪-૨૦ | |
| ૧,૮૯૫-૩૫ | ઉમેરોઃવર્ષ દરમિયાન ખરીદી | ૩,૦૬૦-૩૫ | |
| ૮૩,૪૩૮-૨૦ | | ૭૩,૯૮૪-૫૫ | |
| ૧૨,૫૧૪-૦૦ | બાદઃવર્ષ દરમિયાન ઘસારાના લખી લાવ્યા | ૧૦,૬૩૮-૦૦ | |
| ૭૦,૯૨૪-૨૦ | | | ૬૩,૩૪૬-૫૫ |
| | રોકડ તથા બેંક બાકી | | |
| ૪૯,૮૧૮-૮૩ | બેંક ઑફ ઈન્ડીયા બચત ખાતે(ટ્રસ્ટ નામે) | ૨૧,૭૬૫-૫૨ | |
| ૨૮૦-૧૦ | રોકડ પુરાંત | ૧૬-૨૬ | |
| ૫૦,૦૯૮-૯૩ | | | ૨૧,૭૮૧-૭૮ |
| | શ્રી આવક ખર્ચ ખાતું | | |
| ૩,૧૩,૧૨૨-૧૦ | ગયા સરવૈયા મુજબ | ૩૨૩૮૧૪-૫૭ | |
| ૧૦,૬૯૨-૪૭ | ઉમેરોઃઆવક કરતાં ખર્ચનો વધારો | ૬૯,૮૪૫-૪૧ | |
| ૩,૨૩,૮૧૪-૫૭ | | | ૩,૯૩,૬૫૯-૯૮ |
| | લેણું | | |
| | ફિક્સ ડિપોઝીટ પર ચઢેલા વ્યાજના | | |
| ૨,૩૬૮-૦૦ | વસુલ નહિ થયેલ | ૩,૨૪૧-૦૦ | |
| - | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ પાસે | ૨૫,૦૦૦-૦૦ | |
| - | ઈન્કમટેક્ષ રીફંડ બાકી લેણા | ૩૬૫-૦૦ | |
| | | | ૨૮,૬૦૬-૦૦ |
| ૫,૦૫,૫૨૮-૭૦ | | | ૫,૬૪,૮૮૫-૩૧ |

**ઑડિટર્સનો રિપોર્ટ**

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુંબઈનું તા. ૩૧-૩-૯૨ના દિવસનું ઉપરનું સરવૈયું મજકુર લાઈબ્રેરીના ચોપડા તથા વાઉચરો વગેરે સાથે તપાસ્યું છે. અને અમારા ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ના અનુસાર જુદા રિપોર્ટ આધીન બરાબર છે.

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય, મુબંઇ
### તા. ૧-૪-૧૯૯૨થી તા. ૩૧-૩-૯૨ સુધીના વર્ષનો આવક ખર્ચનો હિસાબ

| ૧૯૯૧ | આવક | | |
|---|---|---|---|
| | વ્યાજના | | |
| ૬,૨૭૦-૦૬ | ગવરમેન્ટ કંપનીની ફિક્સ ડિપોઝીટ પર | ૬,૪૯૯-૦૦ | |
| ૯૬૮-૮૭ | બેંક વ્યાજના | ૧,૪૭૧-૯૯ | |
| ૭,૨૩૮-૯૩ | | | ૭,૯૭૦-૯૯ |
| | ભેટના તથા ગ્રાંટ અને લવાજમના | | |
| ૨૫,૦૦૦-૦૦ | પરમાનંદ કાપડિયા સ્મારક નિધિ તરફથી | ૨૫,૦૦૦-૦૦ | |
| ૨૪,૪૦૦-૦૦ | મ્યુનિસિપલ ગ્રાંટ | | |
| ૧૧,૮૧૮-૦૦ | પુસ્તક લવાજમના | ૧૧,૮૯૦-૦૦ | |
| ૨૫,૦૦૦-૦૦ | સંઘ તરફથી | ૦૦-૦૦ | |
| | ભેટના | ૧,૧૦૦-૦૦ | |
| ૮૬,૨૧૮-૦૦ | | | ૩૭,૯૯૦-૦૦ |
| | પરચુરણ આવક | | |
| ૧,૫૦૮-૨૫ | પસ્તી વેચાણના | ૧,૩૯૭-૦૦ | |
| ૪૬૫-૦૦ | લેઈટ ફીના | ૩૩૯-૫૦ | |
| ૫૦૫-૦૦ | દાખલ ફીના | ૧,૨૧૦-૦૦ | |
| | પાસબુકના કુલ રકમ | ૨૫૦-૦૦ | |
| ૨,૪૭૮-૨૫ | | | ૩,૧૯૬-૫૦ |
| | વર્ષ દરમિયાન આવક કરતાં | | |
| ૧૦,૬૯૨-૪૭ | ખર્ચનો વધારો | | ૬૯,૮૪૫-૪૧ |
| ૧,૦૬,૬૨૭-૬૫ | | કુલ રકમ | ૧,૧૯,૦૦૨-૯૦ |

| ૧૯૯૧ | ખર્ચ | | |
|---|---|---|---|
| ૮,૯૯૩-૭૫ | પેપર લવાજમના | ૭,૫૫૬-૧૫ | |
| ૫૨,૨૧૦-૦૦ | પગાર, બોનસ, ગ્રેચ્યુટી વગેરે | ૭૦,૭૫૧-૫૦ | |
| ૮૬૫-૫૦ | બુક બાઈડીંગ | ૩૪૨-૦૦ | |
| ૭,૪૯૭-૦૦ | પ્રોવિડન્ડ ફંડ ફાળાના તેના પર વ્યાજના | ૮,૨૯૦-૦૦ | |
| ૧૦૯-૦૦ | વિમા પ્રિમિયમ | ૧૦૯-૦૦ | |
| ૭૫,૬૭૫-૨૫ | | | ૮૭,૦૪૮-૬૫ |
| | વ્યવસ્થા ખર્ચ | | |
| ૧,૦૦૦-૦૦ | ઓડીટરને ઓનેરિયમના | ૧,૦૦૦-૦૦ | |
| ૧૧,૩૬૪-૦૦ | સ્ટાફ બેનિફિટ ખર્ચના | ૧૧,૪૨૮-૨૫ | |
| ૪,૬૬૧-૪૦ | સાફ-સફાઈ તથા પરચુરણ ખર્ચ | ૫,૩૧૬-૫૦ | |
| ૬૦૦-૦૦ | પ્રોફેશનલ ટેક્ષ | ૬૦૦-૦૦ | |
| - | પ્રિન્ટિંગ ખર્ચ | ૨,૧૩૯-૫૦ | |
| ૧૭,૬૨૫-૦૦ | | | ૨૦,૪૮૪-૨૫ |
| | ઘસારાના | | |
| ૮૧૩-૦૦ | ફરનીચર પર ઘસારાના-૧૦% | ૮૩૨-૦૦ | |
| ૧૨,૫૧૪-૦૦ | પુસ્તક પર ઘસારાના-૧૫% | ૧૦,૬૩૮-૦૦ | |
| ૧૩,૩૨૭-૦૦ | | | ૧૧,૪૭૦-૦૦ |
| ૧,૦૬,૬૨૭-૬૫ | | કુલ રકમ | ૧,૧૯,૦૦૨-૯૦ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલુમ પડયો છે.

મુંબઈ:
તા. ૧૧-૮-૧૯૯૨

ઉતમચંદ સાકરચંદ શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

રમણલાલ ચી. શાહ
ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
પ્રવીણભાઈ મંગળદાસ શાહ
કે.પી. શાહ
ટ્રસ્ટીઓ

# સંઘ દ્વારા આયોજિત આર્થિક સહાયનો કાર્યક્રમ

## રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ-ચિખોદરા

### વિવિધ યોજના માટે પર્યુષણ પર્વ દરમિયાન નોંધાયેલી રકમની યાદી

| રૂપિયા | દાતાનું નામ |
|---|---|
| ૨,૫૦,૦૦૦ | શ્રી રજનીકાંત ચંદુલાલ ભણસાળી તેમના પિતાશ્રી ચંદુલાલના સ્મરણાર્થે નેત્રયજ્ઞ માટે |
| ૧,૦૦,૦૦૦ | શ્રી ભાનુબહેનની સ્મૃતિમાં નેત્રયજ્ઞના કાયમી ફંડ માટે હ. શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ |
| ૫૧,૦૦૦ | શ્રી તારાબહેન ચંદુલાલ ઝવેરી |
| ૨૫,૦૦૦ | શ્રી દામજીભાઈ લાલજીભાઈ એન્કરવાલા |
| ૨૫,૦૦૦ | શ્રી બિડલ સોયર્સ હ. શ્રી શારદાબહેન |
| ૨૫,૦૦૦ | શ્રી કોન્વેસ્ટ ચેરિટેબલ ટ્રસ્ટ |
| | ❑ નેત્રયજ્ઞ માટે |
| ૧૫,૦૦૦ | શ્રી કળાબહેન શાંતિલાલ મહેતા |
| ૧૫,૦૦૦ | શ્રી શૈલેશભાઈ હિંમતલાલ કોઠારી |
| ૧૫,૦૦૦ | શ્રી મફતલાલ ભીખાચંદ શાહ |
| ૧૫,૦૦૦ | શ્રી મહાવીર વેલફેર ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી ફોર્બસ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. શ્રી કાંતિલાલ પુનમચંદ |
| ૧૫,૦૦૦ | શ્રી સાકરબહેન પ્રેમજી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૫,૦૦૦ | શ્રી નરેન્દ્રભાઈ કાંતિલાલ |
| ૧૫,૦૦૦ | શ્રી રતિલાલ છબીલદાસ |
| ૧૫,૦૦૦ | શ્રી યોગેશભાઈ નેમચંદ બેંકર |
| ૧૫,૦૦૦ | શ્રી સારાભાઈ નગીનદાસ શેઠ |
| ૧૫,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. જયંતીલાલ રાયચંદ ખંધાર |
| | ❑ અંધત્વ નિવારણ માટે એક ગામ દત્તક લેવાની યોજના |
| ૧૦,૦૦૦ | શ્રી એ. આર. શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી સુરેશભાઈ પેથાણી |
| ૧૦,૦૦૦ | શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | શ્રી સરયુબહેન ચી. કોઠારી |
| ૧૦,૦૦૦ | નાગલપુરીયા |
| ૧૦,૦૦૦ | શ્રી મોતીલાલ ડાહ્યાભાઈ ઝવેરી |
| ૧૦,૦૦૦ | શ્રી કે. કે. મોદી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | શ્રી અજીતભાઈ રમણલાલ ચોકસી |
| ૧૦,૦૦૦ | શ્રી ધીરજબહેન દીપચંદ શાહના સ્મરણાર્થે હ. શ્રી તારાબહેન રમણલાલ શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી જિતેન્દ્ર જગજીવન દોશી |
| ૧૦,૦૦૦ | સ્વ. બાબુભાઈ હીરાચંદ શેઠ |

| રૂપિયા | દાતાનું નામ |
|---|---|
| ૧૦,૦૦૦ | શ્રી અમૃતલાલ ડી. કોઠારી હ. શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી વિનુભાઈ યુ. શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી સુમનભાઈ કાલિદાસ મહેતા |
| ૧૦,૦૦૦ | શ્રી વીણાબહેન સુરેશકુમાર ચોકસી (વીસપર ઘંટીવાળા) |
| ૧૦,૦૦૦ | શ્રી વિમળાબહેન લાલજીભાઈ |
| ૧૦,૦૦૦ | શ્રી રમાબહેન નરેન્દ્ર કાપડીયા |
| ૧૦,૦૦૦ | શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી જે.આર. શાહ |
| ૧૦,૦૦૦ | શ્રી મૂળચંદ કરમચંદ શેઠ |
| ૧૦,૦૦૦ | શ્રી છોટાલાલ નાથાલાલ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૧૦,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૭,૦૦૦ | શ્રી અંજલિબહેન એચ. શાહ |
| ૫,૦૦૦ | શ્રી કાંતિલાલ ચીમનલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી અજય ફોજાલાલ ઝવેરી |
| ૫,૦૦૦ | શ્રી શાંતિલાલ ભાઈલાલ પટેલ |
| ૫,૦૦૦ | શ્રી સ્મિતાબહેન શાહ |
| ૫,૦૦૦ | એક સદ્‌ગૃહસ્થ તરફથી |
| ૫,૦૦૦ | શ્રી પ્રવીણભાઈ કોઠારી |
| ૫,૦૦૦ | શ્રી ભૂપેન્દ્ર સી. શાહ |
| ૫,૦૦૦ | શ્રી અમૃતલાલ આહિયા |
| ૫,૦૦૦ | શ્રી ચીમનલાલ કે.શાહ |
| ૫,૦૦૦ | શ્રી સમર્પણ ટ્રસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી નાનાલાલ રવજીભાઈના સ્મરણાર્થે |
| ૫,૦૦૦ | શ્રી કિશન સી. મહેતા |
| ૫,૦૦૦ | શ્રી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાળા |
| ૫,૦૦૦ | શ્રી કાંતિલાલ ચીમનલાલ મહેતા |
| ૫,૦૦૦ | શ્રી રોયલ કેમિસ્ટ |
| ૫,૦૦૦ | શ્રી સેવંતીલાલ ફકીરચંદ |
| ૫,૦૦૦ | શ્રી ગ્લોબ ફેબ્રીક્સ હ. શ્રી શાંતિલાલ ઝાટકીયા |
| ૫,૦૦૦ | શ્રી ઈન્દુબહેન ઉમેદચંદ દોશી |
| ૩,૦૦૦ | શ્રી ભૂપેન્દ્રભાઈ કોલસાવાળા |
| ૨,૫૦૦ | ડૉ. રમણલાલ ચી. શાહ તથા શ્રીમતી તારાબહેન રમણલાલ શાહ |
| ૨,૫૦૦ | શ્રી ચીમનલાલ જે. શાહ |
| ૨,૫૦૦ | શ્રીમતી નિરુબહેન અને સુબોધભાઈ શાહ |
| ૨,૫૦૦ | શ્રી પ્રવીણચંદ્ર કે. શાહ |
| ૨,૫૦૦ | શ્રી જયાબહેન વીરા |

| રૂપિયા | દાતાનું નામ |
|---|---|
| ૨,૫૦૦ | શ્રી વસુમતીબહેન ભણસાલી |
| ૨,૫૦૦ | શ્રીમતી સવિતાબહેન અને કે.પી. શાહ |
| ૨,૫૦૦ | શ્રી બિપિનભાઈ જૈન |
| ૨,૫૦૦ | શ્રી ચંદ્રકાંત દીપચંદ શાહ |
| ૨,૫૦૦ | શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી |
| ૨,૫૦૦ | શ્રી કાંતિલાલ નારણદાસ શાહ |
| ૨,૫૦૦ | શ્રી કલાબહેન શાંતિલાલ મહેતા |
| ૨,૫૦૦ | શ્રી કુસુમબહેન એન. ભાઉ |
| ૨,૫૦૦ | શ્રી મહેન્દ્રભાઈ કોલસાવાળા |
| ૨,૫૦૦ | શ્રી શર્મીબહેન ભણસાલી |
| ૨,૫૦૦ | શ્રી એસ.એ. શર્મા |
| ૨,૫૦૦ | શ્રી વનલીલાબહેન એન. મહેતા |
| ૨,૫૦૦ | શ્રી પ્રેમલતાબહેન મહેતા |
| ૨,૫૦૦ | શ્રી વિજયાબહેન ચત્રભૂજ સંઘવી |
| ૨,૫૦૦ | શ્રી જયંતિલાલ જેશીંગભાઈ |
| ૨,૫૦૦ | શ્રી રાજેન્દ્ર મયાભાઈ શાહ |
| ૨,૫૦૦ | શ્રી રાકેશ નટવરલાલ ધારીઆ |
| ૨,૫૦૦ | શ્રી નટવરલાલ મૂળજીભાઈ ધારીઆ |
| ૨,૫૦૦ | શ્રી રાજેશ નટવરલાલ ધારીઆ |
| ૨,૫૦૦ | શ્રી હસમુખબહેન નટવરલાલ ધારીઆ |
| ૨,૫૦૦ | શ્રી લલિતભાઈ સી. કોઠારી |
| ૨,૫૦૦ | શ્રી જવાહરલાલ પ્રભાશંકર દફતરી તથા ઈચ્છાબહેન પ્રભાશંકર દફતરીના સ્મરણાર્થે |
| ૨,૫૦૦ | શ્રી કચ્છીભાઈ તરફથી |
| ૨,૫૦૦ | શ્રી ઉષાબહેન મહેતા |
| ૨,૫૦૦ | શ્રી હરજીવનદાસ ગોરધનદાસ |
| ૨,૫૦૦ | શ્રી પ્રભાવતીબહેન અને શ્રી રમણલાલ નગીનદાસ પરીખ |
| ૨,૫૦૦ | શ્રી મીનાબહેન કિરણભાઈ ગાંધી |
| ૨,૫૦૦ | શ્રી ભગવાનદાસ ફત્તેહચંદ શાહ |
| ૨,૫૦૦ | શ્રી મણિલાલ કે. શાહ |
| ૨,૫૦૦ | શ્રી કુસુમબહેન નરોત્તમદાસ ભાઉ |
| ૨,૫૦૦ | શ્રી લહેરચંદ નરોત્તમદાસ ભાઉ |
| ૨,૫૦૦ | શ્રી ઇન્દિરાબહેન પી. શાહ હ : શ્રી પ્રાણભાઈ |
| ૨,૫૦૦ | શ્રી હસમુખભાઈ સી. કુબડિયા |
| ૨,૫૦૦ | શ્રી અપૂર્વ એન. શાહ |
| ૨,૫૦૦ | શ્રી જોરમલ મંગળજી મહેતા |
| ૨,૫૦૦ | શ્રી મહેશભાઈ એન. અગ્રવાલ |
| ૨,૫૦૦ | શ્રી વિરુબહેન બાબુલાલ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે |
| ૨,૫૦૦ | શ્રી મુકુલભાઈ બિપિનભાઈ ઝવેરી |
| ૨,૫૦૦ | શ્રી રસિલાબહેન અનંતરાય સંઘવી |
| ૨,૫૦૦ | શ્રી રજનીકાંત ચંદુલાલ ભણસાળી |

૨,૫૦૦ શ્રી નીલાબહેન રજનીકાંત ઘડિયાળી
૨,૫૦૦ શ્રી ભદ્રિકાબહેન જયવદન મુખત્યાર
૨,૫૦૦ શ્રી ભારતીબહેન ગજેન્દ્રભાઇ કપાસી
૨,૫૦૦ શ્રી બિપિનભાઇ આર. શાહ
૨,૫૦૦ શ્રી વિજયાબહેન ફુલચંદ ખુશાલચંદ મેમોરિયલ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી શકુંતલાબહેન અરવિંદભાઇ દલાલ
૨,૫૦૦ શ્રી ત્રિશલા ઇલેક્ટ્રોનિક્સ
૨,૫૦૦ શ્રી ભોગીલાલ લહેરચંદ ફાઉન્ડેશન
૨,૫૦૦ શ્રી વસંતલાલ કાંતિલાલ શાહ
૨,૫૦૦ શ્રી મણીલાલ લક્ષ્મીચંદ વોરા
૨,૫૦૦ શ્રી ચંપકબહેન રાઘવજી દોશી
૨,૫૦૦ શ્રી રમણિકલાલ ભોગીલાલ ઝવેરી
૨,૫૦૦ શ્રી ભદ્રિક શાહ
૨,૫૦૦ શ્રી અમિતાબહેન મુકેશભાઇ સંઘવી
૨,૫૦૦ શ્રી અનસુયાબહેન પી. શાહ
૨,૫૦૦ શ્રી પ્રવીણચંદ્ર ટી. શાહ
૨,૫૦૦ શ્રી અશોકભાઇ રતિલાલ મહેતા
૨,૫૦૦ શ્રી રજનીકાંત ચીમનલાલ મહેતા
૨,૫૦૦ શ્રી નિર્મળાબહેન રમણલાલના સ્મરણાર્થે
૨,૫૦૦ એક બહેન તરફથી
૨,૫૦૦ શ્રી મધુસૂદન શાહ
૨,૫૦૦ શ્રી તરુણાબહેન વિપિનભાઇ શાહ
૨,૫૦૦ શ્રી મીરાંબહેન મહેતા
૨,૫૦૦ શ્રી અંસુબહેન કૃષ્ણકાંત પટેલ
૨,૫૦૦ શ્રી કલાબહેન સંઘવી
૨,૫૦૦ શ્રી ઇન્દુબહેન ખાંડવાલા
૨,૫૦૦ શ્રી મયંક ધીરેન્દ્ર વોરા
૨,૫૦૦ શ્રી નેહા સૂચક
૨,૫૦૦ શ્રી રસિલાબહેન જયસુખ પારેખ
૨,૫૦૦ શ્રી માલાબહેન નવનીતભાઇ મહેતા
૨,૫૦૦ શ્રી ઇલાબહેન સી. મોદી
૨,૫૦૦ શ્રી ઠાકોરલાલ હીરાલાલ
૨,૫૦૦ શ્રી સુવર્ણાબહેન જીતુભાઇ દલાલ
૨,૫૦૦ શ્રી પ્રફુલ્લભાઇ જે. પારેખ
૨,૫૦૦ શ્રી દિલીપભાઇ મહેતા
૨,૫૦૦ શ્રી રતનબહેન જેઠાલાલ માલદે
૨,૫૦૦ શ્રી મનોરમાબહેન જે. મહેતા
૨,૫૦૦ શ્રી ડાહ્યાબહેન ગિરજાશંકર શેઠ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી હરગોવિંદદાસ કેસરીચંદ ભણસાલી
૨,૫૦૦ શ્રી તારાબહેન ગુણવંત શેઠ
૨,૫૦૦ શ્રી મણીબહેન ખુશાલચંદ ધ્રુવ
૨,૫૦૦ શ્રી ઇન્દુબહેન નટવરલાલ શેઠ

૨,૫૦૦ શ્રી ચીમનલાલ લલ્લુભાઇ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી અજન્ટા એન્ટરપ્રાઇઝ
૨,૫૦૦ શ્રી મણીબહેન ગોવિંદજી હીરજી હરિયા ફાઉન્ડેશન
૨,૫૦૦ શ્રી જગદીશ ગુલાબચંદ માલદે
૨,૫૦૦ શ્રી હેમલતાબહેન એન. શાહ
૨,૫૦૦ શ્રી પ્રમોદભાઇ સોમચંદ શાહ
૨,૫૦૦ એક ભાઇ તરફથી
૨,૫૦૦ શ્રી કાંતિલાલ જમનાદાસ વોરા ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી કાંતિલાલ લલ્લુભાઇ શાહ
૨,૫૦૦ શ્રી પોલીથિન પ્રિન્ટિંગ એન્ડ સિલિંગ વર્કસ
૨,૫૦૦ શ્રી શરતચંદ્ર કાંતિલાલ
૨,૫૦૦ શ્રી રીમા તુષાર મહેતા
૨,૫૦૦ શ્રી મોતીબહેન ઉમિયાશંકર શાહ
૨,૫૦૦ શ્રી હંસરાજ ઠાકરશી ગંગર
૨,૫૦૦ શ્રી માયાબહેન સંજય કોઠારી
૨,૫૦૦ શ્રી સજ્જન મહેતા
૨,૫૦૦ શ્રી પ્રેમલતાબહેન મહેતા
૨,૫૦૦ શ્રી કિશોરચંદ્ર નાગરદાસ સંઘાણી
૨,૫૦૦ શ્રી રમીલાબહેન નગીનદાસ
૨,૫૦૦ શ્રી અભિજિત ઝવેરી
૨,૫૦૦ શ્રી પ્રભાવતીબહેન નેમિચંદ કુવાંડિયા
૨,૫૦૦ શ્રી નેમિચંદ ચીમનલાલ કુવાડિયા
૨,૫૦૦ શ્રી ઇન્દિરાબહેન અનિલભાઇ દોશી
૨,૫૦૦ શ્રી વિમળાબહેન કાંતિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી રામકુંવરબહેન ભગવાનદાસ સાપડિયા
૨,૫૦૦ શ્રી નટવરલાલ બેચરદાસ જસાણી અને વનીતાબહેન નટવરલાલ જસાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી ગુણવંતીબહેન મહાસુખભાઇ દેવડાવાલા
૨,૫૦૦ શ્રી લાભુભાઇ જી. મહેતા
૨,૫૦૦ શ્રી મનુભાઇ રવચંદ
૨,૫૦૦ શ્રી કનુભાઇ રસિકલાલ કોલસાવાળા
૨,૫૦૦ શ્રી વસનજી લખમશી શાહ
૨,૫૦૦ શ્રી સુરેશભાઇ શાહ
૨,૫૦૦ શ્રી શારદાબહેન બાબુભાઇ શાહ
૨,૫૦૦ એક શુભેચ્છક તરફથી
૨,૫૦૦ શ્રી મહેન્દ્ર ડી. શાહ
૨,૫૦૦ શ્રી લાલભાઇ કુસુમગરના સ્મરણાર્થે
૨,૫૦૦ શ્રી ભરતકુમાર જયંતીલાલ શાહ
૨,૫૦૦ શ્રી અંજુલાબહેન રમણીકલાલ શાહ
૨,૫૦૦ શ્રી ભૂપેન્દ્ર હિંમતલાલ શાહ
૨,૫૦૦ બે બહેનો તરફથી
૨,૫૦૦ શ્રી પ્રભાવતીબહેન રસિકલાલના સ્મરણાર્થે

૨,૫૦૦ શ્રી હરિભાઇ ઠક્કરના સ્મરણાર્થે
૨,૫૦૦ શ્રી ચીમનલાલ મોહનલાલ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી લીલાબહેન મનુભાઇ શાહ
૨,૫૦૦ શ્રી લક્ષ્મીચંદ નાનજી વિસરિયા
૨,૫૦૦ શ્રી પ્રેરણા
૨,૫૦૦ શ્રી નિર્મળાબહેન આઇ. શેઠ
૨,૫૦૦ શ્રી સુશીલાબહેન શેઠ
૨,૫૦૦ શ્રી ધીરજલાલ પોપટલાલ શાહ
૨,૫૦૦ એક બહેન તરફથી
૨,૫૦૦ શ્રી મૃદુલાબહેન બી. શાહ
૨,૫૦૦ શ્રી વિદ્યાબહેન શરદ શાહ
૨,૫૦૦ શ્રી નીરવ પ્રતાપ શાહ
૨,૫૦૦ શ્રી રીતુબહેન સુધીર શાહ
૨,૫૦૦ શ્રી સરલાબહેન કાંતિલાલ સાવલા
૨,૫૦૦ શ્રી રસિલાબહેન દિલીપભાઇ કાકાબળિયા
૨,૫૦૦ સ્વ. મોહનલાલ ઝવેરીના સ્મરણાર્થે
૨,૫૦૦ શ્રી અંજનાબહેન ધનેશભાઇ ઝવેરી
૨,૫૦૦ શ્રી વૃજલાલ છેટાલાલ
૨,૫૦૦ શ્રી પ્રવીણભાઇ કે. મહેતા
૨,૫૦૦ શ્રી એચ.ટી.જે. બ્રધર્સ
૨,૫૦૦ શ્રી કાશીબહેન હરજીવનદાસ સંઘરાજકા
૨,૫૦૦ શ્રી જયંતીલાલ ફત્તેહચંદ શાહ
૨,૫૦૦ શ્રી કંચનબહેન ચીમનલાલ અજમેરા
૨,૫૦૦ શ્રી હંસાબહેન ચંપકલાલ ચોકસી
૨,૫૦૦ શ્રી ટી.એમ. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી અનિલભાઇ રસિકલાલ વકીલ
૨,૫૦૦ શ્રી પ્રવીણાબહેન સી. ઘડિયાળી
૨,૫૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨,૫૦૦ સ્વ. આશારાણી પંકજ શાહ
૨,૫૦૦ શ્રી પી. ઝવેરચંદ
૨,૫૦૦ શ્રી પ્રભાબહેન પટેલ
૨,૫૦૦ શ્રી ભાનુબહેન નવીન શાહ
૨,૫૦૦ શ્રી મહેન્દ્રભાઇ આર. શાહ
૨,૫૦૦ શ્રી રંજનબહેન સુરેશભાઇ મહેતા
૨,૫૦૦ શ્રી દીપકભાઇ રસિકલાલ ગાંધી
૨,૫૦૦ શ્રી ધીરજલાલ ગુલાબચંદ શેઠ
૨,૫૦૦ શ્રી કુમુદબહેન રસિકભાઇ ભણશાળી
૨,૫૦૦ શ્રી નયનાબહેન એ. શેઠ
૨,૫૦૦ શ્રી કુસુમબહેનના સ્મરણાર્થે
૨,૫૦૦ શ્રી અનિલાબહેન બોડાસી
૨,૫૦૦ શ્રી મંજુલાબહેન મહેતા
૨,૫૦૦ શ્રી મોહિનીબહેન દલાલ
૨,૫૦૦ ડૉ. રમીલાબહેન આનંદભાઇ સંઘવી
૨,૫૦૦ શ્રી રસિકલાલ અનિલભાઇ
૨,૫૦૦ શ્રી સ્મિતાબહેન વૃજલાલ પારેખ
૨,૫૦૦ શ્રી સદ્‌ગુણાબહેન દલાલ

(વધુ માટે જુઓ પાનુ ૧૪મું)

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

અહેવાલ : ચીમનલાલ એમ. શાહ-'કલાધર'

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળાએ આ વર્ષે અઠ્ઠાવનમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે. જ્ઞાન અને સાધનાની જ્યોત સમી આપણી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાને છેલ્લાં દસેક વર્ષથી શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટનો આર્થિક સહયોગ મળતો રહ્યો છે. આ વર્ષની વ્યાખ્યાનમાળા ડૉ. રમણલાલ ચી. શાહના પ્રમુખસ્થાને સોમવાર, તા. ૨૪મી ઑગસ્ટ, ૧૯૯૨થી સોમવાર, તા. ૩૧મી ઑગસ્ટ, ૧૯૯૨ સુધી એમ આઠ દિવસ માટે ચોપાટી ખાતે બિરલા ક્રીડા કેન્દ્રમાં યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાનો સંક્ષિપ્ત અહેવાલ નીચે પ્રમાણે છે :

❑ **જૈન જીવનશૈલી :** પ્રથમ દિવસે આ વિષય પર વ્યાખ્યાન આપતાં પૂ. સાધ્વીશ્રી જિનબાળાજીએ જણાવ્યું હતું કે પર્યુષણ પર્વ સમતા અને સમાનતાનું પર્વ છે. આત્મરમણતાની તરફ લઇ જવાનું પર્વ છે. આ પર્વમાં લોકો જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની આરાધનામાં મગ્ન બને છે. ક્ષમા, સહિષ્ણુતા અને કરુણાને વિકસાવવામાં તત્પર બને છે. ધર્મશાસ્ત્રમાં સહજધર્મ અને પર્વધર્મ એમ બે પ્રકારના ધર્મ બતાવ્યા છે. સહજધર્મનું સ્થાન આત્મામાં છે. પર્વધર્મ વરસાદી નદી જેવો છે. વરસાદી નદીની જેમ પર્વ પ્રસંગે ભક્તિનું પૂર આવે છે, તે કાયમી ટકી રહે તેવો પુરુષાર્થ આપણે કરવાનો છે.

❑ **પશ્ચાત્તાપનાં આંસુ :** પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે, આ જીવન અનેક ઝંઝાવતોથી ભરેલું છે. અનેક પ્રકારના પ્રતિકૂળ સંજોગો અને દ્વંદ્વોથી ભરેલું છે, પરંતુ આવા વિસંવાદી જીવનને પણ સંવાદી બનાવી શકે, તે જ ખરો વીર છે. આ જગતમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ અને પાપાચરણથી જાણ્યે કે અજાણ્યે આ જીવ કર્મબંધથી બંધાય છે. સંસારમાં રહેવા છતાં જે પાપાચરણથી દૂર રહે, તપ તથા જ્ઞાનધ્યાનમાં પ્રવૃત્ત રહે તે પોતાના કર્મની નિર્જરા કરી શકે છે. આ જીવનમાં કેમ રહેવું, કેમ બોલવું, કેમ બેસવું, કેમ ચાલવું, કેમ ઊભા રહેવું તેનું શાસ્ત્ર છે. જો મનુષ્ય તે પ્રમાણે વર્તે તો તે પાપકર્મથી બચી જશે. માનવ પશ્ચાત્તાપના શિખરે ચઢે છે, ત્યારે તે જીવમાંથી શિવ અને નરમાંથી નારાયણ બનવા તરફ ગતિ કરે છે.

❑ **પ્રતિક્રમણની પવિત્રતા :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રીમતી છાયાબહેન પી. શાહે જણાવ્યું હતું કે, પ્રતિક્રમણનો અર્થ છે પાછા ફરવું. પાપમાંથી પાછા ફરવા માટે જૈનોમાં પ્રતિક્રમણની ક્રિયાનું ભારે મહત્ત્વ છે. આત્માને પરભાવરમણતામાંથી સ્વભાવરમણતામાં લાવવાની પ્રક્રિયા તે પ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ આત્મશુદ્ધિ કરવાનો એક શાસ્ત્રોક્ત ઉપાય છે. આત્માનો સ્વભાવ ખાવાનો નથી. આત્મા અણહારી છે. આત્માનો સ્વભાવ વિકારી નથી, અવિકારી છે. પ્રતિક્રમણમાં મહત્ત્વની વાત પાપની કબૂલાતની અને પ્રાયશ્ચિત કરવાની છે.

❑ **કર્મ કી વૈજ્ઞાનિકતા :** ડૉ. શેખરચંદ્ર જૈને આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે, જૈનદર્શન અનુસાર કર્મ કોઇને છોડતું નથી. આપણે ત્યાં કર્મશબ્દનો પ્રયોગ ભાગ્યના રૂપમાં નહિ કર્તવ્યના રૂપમાં કરવામાં આવ્યો છે. જૈન ધર્મ કહે છે કે ક્રિયા વિના જેમ જ્ઞાન લંગડું છે, તેમ જ્ઞાન વિના ક્રિયા આંધળી છે. આપણા કર્મોના ક્ષય માટે ક્રિયાની પૂરી આવશ્યકતા છે. આત્માને હંમેશાં નિરંતર, ચિરંતર અને સચ્ચિદાનંદ સ્વરૂપ માનવામાં આવ્યો છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે તે વિકારી કેમ હોઇ શકે? મનમાં જ્યારે રાગદ્વેષ ઉત્પન્ન થાય, કષાયો ઉત્પન્ન થાય ત્યારે માનવી બુદ્ધિભ્રષ્ટ થઇ કર્મ બાંધે છે અને એથી આત્માની દુર્ગતિ થાય છે.

❑ **આર્જવ :** પ્રા. ગુલાલ દેઢિયાએ આ વિષય પર બોલતાં જણાવ્યું હતું કે, આર્જવનો અર્થ છે સરળતા. સરળતા આપણે માનીએ છીએ તેટલી સરળ નથી. પર્યુષણના દસલક્ષણી પર્વમાં ઉત્તમક્ષમા, ઉત્તમમાર્દવ સાથે ઉત્તમ આર્જવને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સરળ માણસના વિચાર, વર્તન અને વાણી એ ત્રણેમાં એકરૂપતા હોવી જોઇએ. આપણા વિચારો ઉત્તમ હોય તો તે આપણા વર્તનમાં અને વાણીમાં ઉત્તમ રીતે પ્રગટ થશે. કુટિલતા, પ્રપંચ, છળકપટ વગેરેથી દૂર રહેવાની જરૂર છે. આવી વૃત્તિ આત્મા માટે ઘાતક પુરવાર થઇ શકે. સરળ વ્યક્તિ મૈત્રી નિભાવી શકે છે, જ્યારે કુટિલ વ્યક્તિ મૈત્રી અવશ્ય ગુમાવે છે.

❑ **ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન :** ડૉ. નરેશ વેદે આ વિષય પર બોલતાં કહ્યું હતું કે, આ જગત સદાય અજ્ઞેય, અકળ રહ્યું છે. તેનું રહસ્ય પામવાની જિજ્ઞાસામાંથી જ ઉપનિષદો સર્જાયાં છે. ઉપનિષદોમાં જીવ, શિવ અને જગતની વિશેષતાઓ સમજાવવાનો પુરુષાર્થ છે. ઉપનિષદોની સંખ્યા ૧૧૮ જેટલી છે. વિદ્વાનોએ તે ૧૦૮ સુધી મર્યાદિત કરી છે. ઉપનિષદ ભારતીય તત્ત્વદર્શન અને ધર્મમીમાંસામાં બહુ પવિત્ર મનાયા છે. વેદો સ્મૃતિ અને સંહિતાનું સાહિત્ય છે, જ્યારે ઉપનિષદો શ્રુતિનું સાહિત્ય છે. ઇશાવાસ્ય, તૈત્તિરીય, માંડુક્ય, કઠ વગેરે મહત્ત્વનાં ઉપનિષદોમાં આત્મતત્ત્વવિચારણાની ગહનતાનાં દર્શન થાય છે.

❑ **જીવન વ્યવહારમાં સમયનું વ્યવસ્થાપન :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. શશિકાંત શાહે જણાવ્યું હતું કે, જેના જીવનમાં સમયનું વ્યવસ્થાપન નથી તેનું જીવન સફળ બની શકતું નથી. મોટાભાગના લોકો સમયના અભાવની સતત ફરિયાદ કરતાં હોય છે. પોતાના કામો માટે તેમને ચોવીસ કલાક પણ ઓછા પડતા હોય છે, પરંતુ જીવનમાં જો વ્યવસ્થિત રીતે સમયનું વ્યવસ્થાપન કરવામાં આવે તો તનાવમુક્ત થઇને જીવનને સુખી અને આનંદમય બનાવી શકાય છે. જો આપણે આપણા જીવનમાં સમયની સભાનતા નહિ રાખીએ તો આપણું જીવન દુષ્કર બની જશે.

❑ **વનસ્પતિ જગત, પર્યાવરણ એવમ્ માનવતા :** શ્રી મદનરાજ ભંડારીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિમાં પશુ અને વનસ્પતિ જગતનું ભારે મહત્ત્વ બતાવવામાં આવ્યું છે, પરંતુ દુઃખની વાત એ છે કે આજે આપણે આપણી જીવાદોરી સમાન આ ચીજોની સતત ઉપેક્ષા, અવગણના કરતાં રહ્યાં છીએ. આજે આપણા દેશમાં એટલાં બધાં જંગલો કપાઇ રહ્યાં છે કે, ભારતના પર્યાવરણક્ષેત્રે તેની ભયંકર અસર થવા લાગી છે. આપણા દેશમાં પશુઓની પણ મોટી સંખ્યામાં કતલ થઇ રહી છે, તેની અસર પણ પર્યાવરણ ઉપર ઘણી મોટી પડી રહી છે.

❑ **જન્મ-પુનર્જન્મ :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી નેમચંદ ગાલાએ જણાવ્યું હતું કે, આ વિશ્વમાં પુનર્જન્મનો સ્વીકાર આત્માના સ્વતંત્ર અસ્તિત્વને માનવાનો પ્રબળ પુરાવો છે. આ સિદ્ધાંતનો ફલિતાર્થ એ છે કે, જીવન માત્ર વર્તમાન જીવનમાં પૂરું થતું નથી. એ તો પહેલાં પણ હતું અને આગળ પણ ચાલવાનું. એવું એક પણ સ્થૂલ કે સૂક્ષ્મ, માનસિક, વાચિક કે કાયિક કર્મ નથી, જે આ જન્મમાં કે પરજન્મમાં પરિણામ ઉત્પન્ન કર્યા સિવાય વિલય પામે. ભારતીય દર્શનમાં પુનર્જન્મ, પુનર્જન્મનું કારણ, એ કારણનો નાશ કરવાની સાધના ઇત્યાદિની ગહન વિચારણા કરવામાં આવી છે.

❑ **અનર્થદંડ :** ડૉ. રમણલાલ ચી. શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે, વર્તમાન સમયમાં વ્યવહારક્ષેત્રે અને ધર્મક્ષેત્રે અનર્થદંડનું પ્રમાણ વધી રહેલ છે. દંડ એટલે શિક્ષા, કષ્ટ, મુશ્કેલી, નુકસાન. અનર્થ એટલે પ્રયોજન વિના. આજે ઉદ્દેશ વિના સીધી કે આડકતરી રીતે બીજાને મુશ્કેલીમાં મૂકવાની તથા હિંસા વગેરેની પ્રવૃત્તિઓ વધી રહી છે. ભગવાન મહાવીરે એટલા માટે અનર્થદંડવિરમણ વ્રત ગૃહસ્થો માટે ફરમાવ્યું. સાધુ ભગવંતો પાંચ

મહાવ્રતનું નવ કોટિએ પાલન કરે છે, માટે તેમને માટે અનર્થદંડવિરમણ વ્રત જુદું હોતું નથી. ગૃહસ્થો અણુવ્રત સ્વીકારે છે એટલે તેમને માટે બીજાં ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત હોય છે. આ બાર વ્રતમાં આઠમા અનર્થદંડવિરમણ વ્રતમાં ગૃહસ્થે અપધ્યાન, પાપોપદેશ, હિંસાદાન તથા પ્રમાદાચરણથી બચવાનું હોય છે. પ્રમાદાચરણમાં મુખરતા, સ્ત્રીકથા, રાજકથા, દેશકથા, ભોજનકથા તથા દારૂ, શિકાર, જુગાર વગેરે વ્યસનો જીવને દુર્ગતિમાં લઇ જનાર નિમિત્તો બને છે. ભોગોપભોગ તથા દિશાઓનું પરિમાણ કર્યાં પછી તેમાં પણ અનર્થદંડ ન થાય તે માટે સાવધ રહેવા માટે આ વ્રત છે.

☐ **પૂર્ણયોગના મહાયોગીન્દ્ર-શ્રીમદ્ રાજચંદ્ર :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં શ્રી વસંતભાઇ ખોખાણીએ જણાવ્યું હતું કે, શ્રીમદ્ રાજચંદ્ર આ યુગની એક વિરલ વિભૂતિ હતા. બાલ્યાવયથી જ તેમનામાં અનેક દિવ્યશક્તિઓ પ્રગટી હતી. સાત વર્ષની વયે તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. કૃપાળુદેવની સાધનાભૂમિ, યોગભૂમિ મુંબઇ હતી. મુંબઇમાં રહી તેઓએ આત્મસ્વરૂપનું ઊંડું દર્શન કર્યું હતું. તેઓને મન હીરા, મોતી, રત્નો અને સંપત્તિ ધરતીના રોગ સમાન હતી. તેઓ કોઇ ગચ્છ, મત કે પંથમાં માનતા ન હતા. તેઓ સ્પષ્ટ કહેતાં કે, હું કોઇ પંથમાં નથી, હું માત્ર આત્મામાં જ છું.

☐ **'ષડાવશ્યક : એક નિરૂપણ ':** ડૉ. સુષમા સિંઘવીએ આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે, જૈન ધર્મમાં છ આવશ્યક પર ખૂબ જ ભાર મૂકવામાં આવ્યો છે. આ છ આવશ્યક આ પ્રમાણે છે : (૧) સામાયિક (૨) ચતુર્વિશતિસ્તવ (૩) વંદન (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન. જે મનુષ્ય અન્યને વશીભૂત થતો નથી, ઇન્દ્રિયોને વશ થતો નથી, સ્વતંત્ર છે, તેની ક્રિયાને જૈન ધર્મમાં આવશ્યક તરીકે ઓળખવામાં આવે છે. મનુષ્યની આવશ્યક કરણી-કર્તવ્ય તે જ ષડાવશ્યક. જ્ઞાન-દર્શન- ચારિત્રરૂપી જે રત્નત્રયીનો સાધક છે તે ષડાવશ્યકને સ્વીકારે છે, કારણકે ષડાવશ્યક મુક્તિનો માર્ગ છે.

☐ **ભગવાન મહાવીર ઔર ઉનકી અહિંસા :** આ વિષય પર વ્યાખ્યાન આપતાં ડૉ. હુકમચંદ ભારિલ્લે જણાવ્યું હતું કે ભગવાન મહાવીરે કહ્યું છે કે આત્મામાં રાગાદિ ભાવોની ઉત્પત્તિ ન થાય તે અહિંસા છે. મનથી, વચનથી અને કાયાથી એમ ત્રણ પ્રકારની હિંસા હોય છે. કાયાની હિંસા સરકાર રોકે છે. કોઈ વ્યક્તિ હત્યા કરે તો પોલિસ એને પકડે છે. એના પર મુકદમો ચલાવીને એને સજા કરે છે. જે લોકો વાણીનો સદુપયોગ કરે છે, તેમનું સમાજ સન્માન કરે છે. અને જે વાણીનો દુરુપયોગ કરે છે તેને સમાજ રોકે છે. કદાચ પોતાની સજ્જનતા ખાતર સમાજ તેનું અપમાન ન પણ કરે તો પણ તેનું સન્માન તો નહિ જ કરે. પહેલા હિંસા મનમાં ઉત્પન્ન થાય છે અને તે મનમાં ન સમાય ત્યારે વાણીમાં પ્રગટ થાય છે અને વાણીથી ન ચાલે ત્યારે તે કાયામાં પ્રગટ થાય છે.

☐ **અનેકાંતવાદ:** પ્રા.તારાબહેન રમણલાલ શાહે 'અનેકાંતવાદ' ઉપર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે અનેકાંત એ ભગવાન મહાવીરની વિશિષ્ટ દેણ છે. એમના વખતમાં ૩૬૩ જેટલાં જુદા જુદા વાદો હતા. અનેકાંતવાદ દરેક દૃષ્ટિકોણમાં રહેલા સત્યને સ્વીકારે છે. વસ્તુના અનેક ધર્મો હોય છે, ગુણલક્ષણો હોય છે. દરેકને દરેક વખતે એ સર્વ દૃષ્ટિગોચર થતા નથી. અંધહસ્તી ન્યાય પ્રમાણે દરેકના વક્તવ્યમાં આંશિક સત્ય હોય છે, પણ સંપૂર્ણ સત્ય નથી હોતું. અનેકાન્તવાદ તેનો સમન્વય કરી સંપૂર્ણ સત્ય તરફ લઈ જાય છે. બીજાના દૃષ્ટિબિન્દુને સમજવાનો પ્રયત્ન કરવાથી ઘણા સંઘર્ષો ટળી જાય છે. એ રીતે જ્યાં અનેકાંતવાદ છે ત્યાં અહિંસા આવ્યા વગર રહે નહિ. વળી જ્યાં અનેકાંતવાદ છે ત્યાં મમત્વનો આગ્રહ ટળી જાય છે. આથી જ્યાં અનેકાંતવાદ છે ત્યાં વૈચારિક અહિંસા અને વૈચારિક મનપરિગ્રહ આવ્યા વગર રહે નહિ.

☐ **સમભાવકી સાધના હી સામાયિક હૈ :** આ વિષય પર વ્યાખ્યાન આપતા ડૉ. સાગરમલ જૈને જણાવ્યું હતું કે આ સંસારના જીવોનો ઉદ્દેશ વિભાવમાંથી સ્વભાવમાં જવાનો છે. આ આત્મા સમત્વરૂપ, સમભાવરૂપ છે. સમત્વની પ્રાપ્તિ સાથે આત્માનું લક્ષ્ય મોક્ષાગતિનું છે. સાધનકની સમગ્ર સાધનાનો સાર સમભાવમાં છે. જીવ જ્યાં સુધી તનાવમાં રહે છે, ક્રોધ, માન, માયા, લોભ રૂપી કષાયોમાં રહે છે ત્યાં સુધી તે શાંતિ કે સમતા પ્રાપ્ત કરી શકતો નથી. આ બધાથી મુક્ત થવાની સાધનાને સમભાવ, સામાયિક કહે છે. જે વ્યક્તિ દૃષ્ટિભાવથી, સાક્ષીભાવથી જીવે એ જ સમતાનો, સમભાવનો અનુભવ કરી શકે. અને એ જ મુક્તિમાર્ગને પ્રાપ્ત કરી શકે.

☐ **ધર્મધ્યાનની ચાર ભાવના :** પ્રા. તારાબહેન ર. શાહે આ વિષય પર વ્યાખ્યાન આપતાં કહ્યું હતું કે જૈન ધર્મમાં ભાવ અને ભાવના ઉપર ઘણો ભાર મૂકવામાં આવે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અથવા નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ અથવા દાન, શીલ, તપ અને ભાવ એ દરેકમાં ભાવને શ્રેષ્ઠતમ તરીકે ઓળખાવવામાં આવે છે અને ભાવનો વિનિયોગ તે દરેકમાં થઈ શકે છે, બલકે કરવો જોઈએ. ભાવનાને ભવનાશિની તરીકે ઓળખાવવામાં આવે છે કારણ કે અંતે ભાવના દ્વારા આત્મશુદ્ધી, આત્મસિદ્ધી અને મોક્ષપ્રાપ્તિ થાય છે. જૈન ધર્મમાં મૈત્રી, પ્રમોદ કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાને ધર્મધ્યાનની ભાવના તરીકે ઓળખવામાં આવે છે અને અનિત્યાદિ બાર ભાવનાને વૈરાગ્યની ભાવના અથવા અધ્યાત્મની ભાવના ત... ઓળખવામાં આવે છે. મૈત્રી વગેરે ચાર ભાવના વ્યવહારમાં જગતના કલ્યાણ માટે ઉપયોગી છે અને નિશ્ચયથી આત્મકલ્યાણ માટે આવશ્યક છે. એ ભાવનાના સેવનથી પંચમહાવ્રતનું પાલન સારી રીતે થાય છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એવો ક્રમ પણ યથાર્થ છે કારણ કે એ દરેક ભાવનાની સાચી સાધના ઉત્તરોત્તર કઠિન છે.

આ વ્યાખ્યાનમાળામાં દરરોજ વ્યાખ્યાનના પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિસંગીતનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. સંઘના મંત્રી શ્રી નિરુબહેન સુબોધભાઈ શાહે દરરોજ પ્રાર્થના અંગેનું વાંચન કરવાની સાથે ભક્તિસંગીતના કલાકારોનો પરિચય આપ્યો હતો. સર્વશ્રી ચંદ્રાબહેન કોઠારી, ઈન્દુબહેન શાહ, જ્યોત્સ્નાબહેન વોરા, વાસંતીબહેન દાણી, અલકાબહેન શાહ, અવનીબહેન પારેખ, શોભાબહેન સંઘવી અને મીરાંબહેન શાહે અનુક્રમે ભક્તિસંગીતનો કાર્યક્રમ આપી સવારના ખુશનુમા વાતાવરણને વધુ આહલાદક અને ભક્તિમય બનાવ્યું હતું. વ્યાખ્યાતાંઓનો પરિચય અને વ્યાખ્યાનોની ટૂંકી સમીક્ષા ડૉ. રમણલાલ ચી. શાહે કરી હતી. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રતિવર્ષ એક સંસ્થાને આર્થિક સહાય કરવાનો પ્રોજેક્ટ હાથ ધરે છે. તે મુજબ આ વર્ષે ચિખોદરાની આંખની હૉસ્પિટલનો પ્રોજેક્ટ ધરાયો હતો. ચિખોદરાની આંખની હૉસ્પિટલના મુખ્ય સુત્રધાર ... રમણીકલાલ દોશીએ પોતાની સંસ્થા દ્વારા ચાલતા અંધત્વ નિવારણના સેવાકાર્યનો ચિતાર આપ્યો હતો. સંઘના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર કે. શાહે સંસ્થાએ હાથ ધરેલ ચિખોદરાની આંખની હૉસ્પિટલના આ પ્રોજેક્ટમાં અને સંઘની અન્ય પ્રવૃત્તિઓમાં દાન આપવા માટે અપીલ કરી હતી. મંત્રી શ્રી નિરુબહેન એસ. શાહે દાતાઓનો તથા વ્યાખ્યાનમાળામાં સહકાર આપનારા સૌનો આભાર માન્યો હતો. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે. શાહે વ્યાખ્યાનમાળાના રોજેરોજના કાર્યક્રમનું સરસ રીતે સંચાલન કર્યું હતું. શ્રી હજારીમલ ચોપડાએ છેલ્લા દિવસે કાર્યક્રમના અંતે શાંતિપાઠનું બુલંદ સ્વરે પઠન કર્યું હતું. આમ આનંદ અને ઉલ્લાસના વાતાવરણમાં જ્ઞાનગંગા સમી આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાપ્તિ થઈ હતી.

☐☐☐

**આર્થિક સહાયનો કાર્યક્રમ-(પાના ૧૨થી ચાલુ)**

૨,૫૦૦ શ્રી ઈન્દુમતીબહેન રમણીકલાલ
૨,૫૦૦ શ્રી સોના અમિત મહેતા
૨,૫૦૦ શ્રી કૌશિક જયંતીલાલ રાંભિયા
૨,૫૦૦ શ્રી દીપેશ જયંતીલાલ રાંભિયા
૨,૫૦૦ શ્રી રસિકલાલ એસ. શાહ
૨,૫૦૦ શ્રી ધનીબહેન નવીનચંદ્ર શાહ
૨,૫૦૦ શ્રી માલતીબહેન કે. શાહ
૨,૫૦૦ શ્રી કંપાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી રતનચંદ દીપચંદ ઝવેરી
૨,૫૦૦ શ્રી નિરંજન રતનચંદ ઝવેરી
૨,૫૦૦ શ્રી ગુરુકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી લખમશી એન્ડ કું.
૨,૫૦૦ શ્રી ટી.એચ. ગોગરી
૨,૫૦૦ શ્રી જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ
૨,૫૦૦ શ્રી ચિમકો બાયો
૨,૫૦૦ શ્રી ખુશાલભાઇ સાકરચંદ શાહ
૨,૫૦૦ શ્રી રાજેશભાઇ બાગમલ મહેતા
૨,૫૦૦ શ્રી નવીનચંદ્ર ચીમનલાલ શાહ હ: હિરેન શાહ
૨,૫૦૦ શ્રી કમળાબહેન શશિકાંત પત્રાવાલા હ: ડૉ. મુકેશ પત્રાવાલા (વધુ રકમ આવતા અંકમાં)

# સ્પર્શ્યો જો અંગૂઠો, તો અધ્યાત્મમાં ઊઠો !

❑ હેમાંગિની જાઈ

જૈનોમાં રોજ ગવાય છે :

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર
શ્રી ગુરુ ગૌતમ સમરીએ, મનવાંછિત ફળ દાતાર.

અંગૂઠાનું કેટલું બધું માહાત્મ્ય છે, તે આ પંક્તિઓ દર્શાવે છે.

મોટરની lift માગવી હોય તો બતાવે ઉપર ઊઠેલો અંગૂઠો અને અધ્યાત્મમાં uplift માટે સૂતેલાં આત્માને ઊઠાડવા, ઊઠેલાંને જગાડવા (उत्तिष्ठ ! जाग्रत !) ઉપયોગી અંગૂઠો.

અંગૂઠાના નખથી બ્રહ્માંડ ભેદી બ્રહ્મદેવ સૃષ્ટિનું સર્જન પણ કરી શકે અને વિસર્જન સમયે-પ્રલયકાળે માર્કંડેય ઋષિને ઇશ્વરનો સાક્ષાત્કાર થાય, વટપત્ર પર પોઢેલા શ્રીકૃષ્ણના બાલસ્વરૂપનો અને તે ય અંગૂઠો ચૂસતા ! અંગૂઠામાંથી કેવા રસ ઝરતાં હશે એ ક્યાં તો પરમાત્માના ચરણામૃતનું પાન કરનારા કૃષ્ણભક્તો જાણે અથવા તો કૃષ્ણવર્ણા પીણાં-Thums upને પીનારા જાણે !!

એક કૈકેયી અંગૂઠા પરથી રાવણ ચીતરી શકે. એક જ્યોતિષી અંગૂઠા પરથી સ્વભાવ પારખી શકે. એક પોલીસ અંગૂઠાની છાપ પરથી ગુનેગારને પકડી શકે. એક એક્યુપ્રેશરિસ્ટ અંગૂઠો દબાવી શારીરિક ય દૂર કરી શકે. એક દ્રોણ એકલવ્યનો અંગૂઠો માગી ઉદાત્ત ગુરુ પરંપરાને પ્રદૂષિત કરી શકે.

લખતાં-વાંચતાં ન આવડે તે અંગૂઠાછાપ અને ભણીગણીને વિશેષ અભ્યાસ માટે પરદેશ જવું હોય તોય પાસપોર્ટમાં છાપ અંગૂઠાની.

જીવન-વન વટાવીને પરલોક સિધાવેલા 'સદ્‌ગત મોટાભાઇને' અંજલિ આપતાં શ્રી ઉમાશંકરભાઇ જોશી જેવા મૂર્ધન્ય કવિ મૃત્યુની વેદનાને વાચા અંગૂઠા દ્વારા આપે છે.

"કાળને તે કહીએ શું, જરીયે નવ ચૂકિયો
પાંચ આંગળીઓમાંથી અંગૂઠે વાઢ મૂકિયો."

એક વ્યાપારી અંગૂઠો બતાવી ગ્રાહકને દુઃખી દુઃખી કરી શકે. એક બાળક ઠૈયો બતાવી નિર્દોષ આનંદ માણી શકે. બાલસહજ નિર્દોષતાયુક્ત એક પ્રાજ્ઞ હૃદયગુહામાં સ્થિત અંગૂઠા જેવડા અંતરાત્માના (अंगुष्ठमात्र पुरुषोऽन्तरात्मा--कठ/श्वेताश्वर उपनिषद) દર્શન કરી પરમાત્માના સદ્‌ચિન્મય આનંદસ્વરૂપમાં તન્મય બની શકે.

સ્વામી રામતીર્થ મેડે તપ કરવા બેઠા. શિષ્યોને તેની ખબર નહીં. એટલી વારમાં કાંઇક અગત્યનું કામ આવી પડ્યું. સ્વામીજીના શિષ્ય એવા નારાયણસ્વામી તેમને શોધતાં શોધતાં મેડા પર ચડ્યા. મેડો સાંકડો, તેમાં વળી અંધારો, તે થયું એવું કે તપોધની રામતીર્થજીની ચરણનો અંગૂઠો અજાણતાં નારાયણસ્વામીની છાતીને સ્પર્શ્યો. અંગૂઠાના સહેજ સ્પર્શથી નારાયણસ્વામીનું સમૂળું સંવેદનાતંત્ર સહજ જાગ્યું. સાક્ષાત્કાર થયો જ સમજો. સચ્ચિદાનંદ સ્વરૂપમાં તરબોળ, આનંદના ભાવોદ્રેકમાં નાચતાં નાચતાં નારાયણસ્વામી મેડા પરથી છાપરે ચડી ગયા. નાચતાં જાય અને બોલતાં જાય अहं ब्रह्मास्मि । अहं ब्रह्मास्मि । તમાશાને તેડું નહીં. નીચે લોક ટોળે મળ્યું. ટોળાંમાંનો એક ટીખળી કહે-'સ્વામીજી ! ઉપરથી નીચે કૂદો. પગ જો ના ભાંગે તો માનું કે સાક્ષાત્કારી જીવ છો. સ્વયં બ્રહ્મ છો.' નારાયણસ્વામી કહે, 'પણ ક્યાં પડું કે જ્યાં બ્રહ્મ નથી?' सर्व खल्विदं ब्रह्मं-જગત સમગ્ર બ્રહ્મમય છે. આ પ્રસંગ રજૂ કરવાનું તાત્પર્ય એ કે તે સદ્‌ગુરુના અંગૂઠાના સ્પર્શે હૃદયગુહામાં સ્થિત અંગુષ્ઠમાત્ર પુરુષનો-અંતરાત્માનો સાક્ષાત્કાર સહજ કરાવ્યો.

અંગૂઠો એ ચાવી છે. અંગૂઠો કળ છે. તિજોરી ગમે ત્યાંથી ખૂલે નહીં. કળથી જ ખૂલે. દેહરૂપી તિજોરી અંગૂઠાની કળથી ખૂલે. ચેતનાતંત્ર જાગૃત કરવામાં અંગૂઠાનું માન અનોખું. નારાયણસ્વામી જેવો બીજો એક પ્રસંગ છે મગધ દેશના રાજવીનો. મગધનરેશને અમુક સાધુસંત પર અપાર શ્રદ્ધા. વૈયક્તિક જીવનમાં અને રાજ્યવહિવટમાં એમના સલાહસૂચનો લે. આ સાધુભગવંત બહુધા સમાધિસ્થ જ રહે. સમાધિમાં જતાં પહેલાં રાજાને એમણે સૂચના આપેલી. જો કોઇ અનિવાર્ય કારણસર સમાધિમાંથી જગાડવો હોય તો જમણા પગનો અંગૂઠો દબાવવો.

સૂતેલાંને ઊઠાડવા કે ઊઠેલાંને જગાડવા, પછી એ ઊંઘમાંથી હોય કે આધ્યાત્મિક જાગૃતિના સંદર્ભમાં-અંગૂઠાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. નરસિંહ મહેતાના 'નાગદમન'ની પંક્તિઓ યાદ આવે છે. 'ચરણ ચાંપી મૂછ મરડી નાગણે નાગ જગાડિયો.' યમુનાને કાંઠે ગોપબાળકો ગેડીદડે રમતાં હતાં. શરત એવી કે દડો જેનાથી પાણીમાં પડે તે બહાર કાઢે. રમતાં રમતાં કૃષ્ણ કનૈયાથી દડો પાણીમાં પડ્યો. ખરું પૂછો તો-જાણીબૂઝીને નાખ્યો, કાલિયાનાગને નાથવા સારું. કૃષ્ણ પાણીમાં ઊતર્યા. સૂતેલાં કાલિયા નાગને જગાડવા નાગણોને સૂચના આપી. અનેક કાલાવાલા અને પ્રલોભનો સામે પણ કૃષ્ણ ઝૂક્યા નહીં, ત્યારે હારી-થાકીને નાગણીઓએ નાગને જગાડ્યો. કેવી રીતે ? 'ચરણ ચાંપી-મૂછ મરડી.' જગાડવા માટે સ્પષ્ટ શબ્દોમાં અહીં અંગૂઠાનો ઉલ્લેખ તો નથી છતાં અછડતો અણસાર છે.

અંગૂઠાનો ખાસ કરીને પગના અંગૂઠાનો ઉપયોગ ભગવાન મહાવીરે મેરુ પર્વત ઉપર કર્યો હતો. પગના અંગૂઠાનો ઉપયોગ (કે પછી ઉપ -યોગ) યોગમાર્ગમાં થતો આવ્યો છે. જેમ પ્રમુખ અને ઉપપ્રમુખ તેમ યોગ અને ઉપ-યોગ. જેમ યોગમાર્ગમાં કુંડલિની શક્તિની જાગૃતિ માટે અંગૂઠો ઉપયોગી છે, તેમ અધ્યાત્મમાં આત્મજાગૃતિ માટે અંગૂઠાનો ઉપયોગ થતો આવ્યો છે.

પુરાણોની કથા છે-શંકરની અવગણના કરીને ય પાર્વતી પિતા દક્ષના યજ્ઞમાં ગઇ, ત્યાં શંકરનું આસન ન જોતાં અપમાનિત પાર્વતીએ યોગબળે પગનાં અંગૂઠામાંથી અગ્નિ ઉત્પન્ન કરી દેહ ભસ્મીભૂત કર્યો.

જે પોષે છે, તે મારે પણ છે, એ કુદરતનો ક્રમ છે. કવિશ્રી કલાપિની પંક્તિઓ છે, 'જે પોષતું તે મારતું શું એ નથી ક્રમ કુદરતી ?' જે અંગૂઠાની ચેતના યોગમાર્ગમાં ઉર્ધ્વગતિ વહે છે, તે જ ચેતના ભોગમાર્ગમાં દુઃખની ગર્તામાં પણ ધકેલી શકે છે.

આપણામાં એક કહેવત છે, 'અંગૂઠા પરથી રાવણ ચીતરવો.' આ કહેવતનું મૂળ છે. અદ્‌ભુત રામાયણની કથામાં (રૂ.૨૪૫) રાવણને સંહારીને રામ-સીતા લંકાથી અયોધ્યા પાછાં આવ્યાં. રામ ગાદીએ બેઠા. સીતા ગર્ભવતી હતી. બધી રીતે સુખાકારી હતી. કૈકેયીથી તે સહન થાય ? પ્રતિદિનની જેમ સીતા આજે પણ કૈકેયીને પ્રણામ કરવા આવી. 'સીતે !' કૈકેયી ઉવાચ, 'કેટલાય વખતથી મનમાં થતું હતું કે, પૂછું, પૂછું, તે સીતે ! સાંભળ્યું છે કે રાવણ બહુ રૂપાળો હતો ?'

'એનું મુખ પણ મેં જોયું નથી, માતા ! એ આવતો ત્યારે હું મારી દૃષ્ટિ નીચી ઢાળી દેતી.'

'એના મુખનું નહીં તો એના પગનાં અંગૂઠાનું વર્ણન તું કરી શકે કે નહીં, સીતે ?'

કૈકેયીના પેટનું કપટ ભોળી સીતા શું જાણે ? એણે રાવણના પગના અંગૂઠાનું વર્ણન કર્યું. અંગૂઠાના વર્ણન, કેવળ વર્ણન પરથી કૈકેયીએ રાવણનું ચિત્ર ચીતર્યું. નખશિખ આબેહુબ રાવણ !

કપટી કૈકેયીએ ચિત્ર લઇને રામને બતાવ્યું. આખરે પુરુષ ! રામને વિસ્મય સાથે સંશય ઊપજ્યો. આટલી બારીકાઇથી સીતાએ રાવણને નિહાળ્યો હશે ! આટલો સમય વિત્યા પછી ય રાવણનું આવું આબેહુબ વર્ણન સીતા કરી શકે ? અને બસ, રામ-સીતાના સુખી સંસારમાં કૈકેયીએ હોળી પ્રગટાવી.

એક અંગૂઠાના વર્ણન પરથી કૈકેયી જો રાવણ ચીતરે, તો સીતાની આંખોમાંથી શ્રાવણ નીતરે. અંગૂઠા પરથી સ્વભાવનું પારખું જ્યોતિષવિદો, હસ્તરેખાશાસ્ત્રીઓ અને અંગવિદ્યાશાસ્ત્રીઓ આજે પણ કરે છે.

જેવી રીતે ગુરુના ચરણનો અંગૂઠો સ્પર્શ્યો અને નારાયણસ્વામીને બ્રહ્માનન્દી અનુભૂતિ થઈ તેવી જ રીતે માર્કંડેય ઋષિને સૃષ્ટિના પ્રલયકાળે ઈશ્વરીય સાક્ષાત્કાર થયો, વડપત્ર પર પોઢેલાં, અંગૂઠો ચૂસતા બાલકૃષ્ણનો અને સુપ્રસિદ્ધ ભાવવાહી સ્તોત્ર એમના મુખમાંથી સરી પડ્યું.

करारविन्देन पदारविन्दं मुखारविन्दे विनिवेशयन्तम् ।
वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि ॥

[અર્થાત્ કરકમળથી પદકમળને મુખકમળમાં મૂકતા, વડના પાંદડા પર પોઢેલા બાલમુકુન્દનું હું મનમાં સ્મરણ કરું છું.]

બાલમુકુન્દ કહો એટલે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાયના ' નન્ઢા' બાલકૃષ્ણની ઝાંખી સહજ થાય. સામાન્ય રીતે ભગવાનને તિલક અનામિકાથી કરે પણ અપવાદ રૂપે પુષ્ટિમાર્ગમાં ભગવાનને તિલક અંગૂઠાથી કરે છે. આની પાછળ કારણ શું ? પરમાત્મા અવિકારી અને અંગૂઠાની રેખા પણ અવિકારી. જપ-તપ કરો તો હાથની રેખાઓ કવચિત બદલાય પણ અંગૂઠાની રેખા ક્યારેય બદલાય નહીં અને પરમાત્મા છે કેવા ? कूटस्थमचलं ध्रुवम् । તેથી કરીને-'देवो भूत्वा देवं यजेत' કે પછી 'સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે.' એ ન્યાયે અવિકારી પરમાત્માને તિલક કરવા અવિકારી અંગૂઠાનો ઉપયોગ કરે.

અંગૂઠાથી તિલક કરવાનું બીજું એક કારણ પણ છે, અધ્યાત્મમાં આપણી કહેવતો જ ઘણું ઘણું કહી જતી હોય છે. આપણામાં કહેવત છે , 'અંગૂઠો બતાવવો' એટલે કે છટકી જવું. નાનાં બાળકો વાતવાતમાં ઠૈયો બતાવે છે, છટકી જાય છે. બાલકૃષ્ણની જેમ યશોદા માઈના હાથમાંથી. પરમાત્મા પણ આવો જ છે, પકડ્યો પકડાય નહીં, દેખ્યો દેખાય નહીં, સાંભળ્યો સંભળાય નહીં, માધવ મધુવનમાં મળ્યો મળે નહીં. હાથમાં આવે ત્યાં તો છટકી જાય. છતાં સર્વત્ર સમાય. નાનપણમાં એક ગીત શાળામાં શીખેલું -આકાશના અસંખ્ય તારાઓને લગતું-

ગણ્યા ગણાય નહીં
વીણ્યા વીણાય નહીં
તો યે મારા આભલામાં માય.

અંગૂઠો હાથમાં છે છતાં આંગળીઓથી દૂર છે. પરમાત્મા સર્વવ્યાપી છે, અણુરેણુમાં, દુનિયાના કણકણમાં વ્યાપ્ત છે, હસ્તામલકવત્ હાથવેંતમાં છે, છતાં ય, ઈશોપનિષદમાં વર્ણવ્યા પ્રમાણે દૂર સુદૂર છે અને પરમ સમીપે ય છે. तद् दूरे तद्वन्तिके ।

અંગૂઠા વિનાનો હાથ વરવો લાગે છે, એકલવ્યના અંગૂઠા વિનાના હાથ સમાન. પારંગત છતાં અસ્તંગત. તેવી જ રીતે અંગુષ્ઠમાત્ર પરમાત્મા વિનાનું જગત એટલે એકડા વિનાના મીંડા.

શિલ્પશાસ્ત્રમાં, મૂર્તિકલામાં પરમેશ્વરની ભિન્નભિન્ન હસ્તમુદ્રાઓ છે. તેમાંની એક તે ભદ્રામુદ્રા અથવા તો જેને શિવમુદ્રા કહે છે તે. આધુનિક પરિભાષામાં કહું તો કોઈ પણ વસ્તુ 'topclass' છે, એ બતાવવા દર્શાવાતી મુદ્રા તે ભદ્રામુદ્રા.

ભદ્ર કિંવા શિવ એટલે કલ્યાણકારી. ભદ્રામુદ્રામાં કનિષ્ઠિકા , અનામિકા અને મધ્યમા ત્રણે સીધી રેખામાં ઊભી હોય. તર્જની અર્ધગોલાકૃતિમાં વળેલી હોય. વળેલી તર્જનીનું ટેરવું અંગૂઠાના અગ્રભાગ સાથે જોડાયેલું હોય.

કનિષ્ઠિકા એટલે કે ટચલી આંગળી સત્ત્વગુણનું પ્રતીક છે. અનામિકા રજોગુણનું અને મધ્યમાં તમોગુણનું પ્રતીક છે. ટચલી કરતાં વચલી મોટી ! ટચલી આંગળી એકદમ નાની કારણ સામાન્યતઃ સત્ત્વગુણ માણસમાં ખૂબ અલ્પ પ્રમાણમાં હોય, રજોગુણ એનાથી અધિક અને તમોગુણ સૌથી અધિક.

તર્જની એટલે જીવાત્મા અને અંગૂઠો એટલે પરમાત્મા. તર્જની અર્થાત્ જીવાત્મા ઉપર્યુક્ત ત્રણ ગુણોમાં લપટાયેલો છે, ત્રિગુણાત્મિકા પ્રકૃતિ સાથે સંકળાયેલો છે. એને થોડી વાર પણ દૂર રાખીએ, તર્જનીને બાકીની ત્રણ આંગળીઓથી સ્હેજ પણ અળગી રાખીએ તો આંગળીમાં કળતર થશે. તર્જનીને અર્થાત્ જીવાત્માને સંસારમાં આસક્તિ છે અને રહેશે. ભલેને રહે, જીવને સંસારમાંથી જડમૂળથી ઉખેડવાની અહીં વાત નથી, સંસારમાં રહીને પણ એ ભદ્રતા-કલ્યાણને પામે તે હેતુ છે. 'સંસાર સુસરસો રહે અને મન મારી પાસ.' એ પ્રમાણે મનને તર્જનીની જેમ સંસારમાંથી પરમાત્મા પ્રતિ-અંગૂઠા પ્રતિ થોડું થોડું વાળતા જઈએ તો ક્યારેક ને ક્યારેક તો, જીવ ત્રિગુણાતીત બનીને શિવને પામશે એ શિવમુદ્રા સૂચવે છે.

જીવ-શિવનો યોગ પરમ કલ્યાણકારી છે, સત્ય અને શિવ સમન્વિત ' સુંદર' છે. તેથી કરીને કોઈ પણ વસ્તુ અતિ સુંદર છે એ આનંદના ઉદ્રેકમાં દર્શાવવા સારું ભદ્રામુદ્રાનો પ્રયોગ આજે પણ વ્યવહારમાં કરીએ છીએ. ઉદાહરણતઃ કલકત્તાના રસગુલ્લાં કેવાં ? ભદ્રામુદ્રામાં આપણે બતાવીશું-'અતિસુંદર.' કંઈ પણ બોલ્યા વિના, કેવળ મુદ્રાના માધ્યમથી પણ મનુષ્ય ઘણું ઘણું વ્યક્ત કરી શકે છે.

વાણી અને લેખિનીની જ્યાં મર્યાદા નડે છે, ત્યાં આંગિક હાવભાવ કે ક્રિયા મૌન દ્વારા ઘણું ઘણું કહી જાય છે.

નથી વાણીમાં એ ક્ષમતા કે નથી લેખિનીમાં એ શક્તિ કે 'સુંદરમ્'નું સંકલન કરી શકે. નથી મનમાં એ સામર્થ્ય કે સત્યમ્ શિવમ્ સુંદરમ્‌નું આકલન કરી શકે. કવિ શ્રી રાજેન્દ્ર શાહનું ગીત યાદ આવે છે.

સુંદર ! બહુરિ કુટિલ તવ છલના !
પલ રૂપ એક અવર પલ દૂજો
મન કંઈ પામત કલના !

આનંદ અને સુંદરતા ! સચ્ચિદાનંદની સત્તા (સત્ + તા અસ્તિત્વ) ! જે વાણીથી વ્યક્ત થઈ શકતાં નથી અને લેખિનીથી અભિવ્યક્ત થતાં નથી તે આંગિક ક્રિયા દ્વારા, અંગૂઠા દ્વારા, ભદ્રા-મુદ્રા દ્વારા હાડ સુધી ગયેલું છે કે આ જ સુંદર છે ! આ જ ભદ્ર છે ! આ જ શિવ છે !

☐☐☐

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

## વાર્ષિક સામાન્ય સભા

સંઘની વાર્ષિક સામાન્ય સભા સોમવાર, તા. ૧૯-૧૦-૧૯૯૨ના રોજ સાંજના ૫-૩૦ કલાકે પરમાનંદ કાપડિયા સભાગૃહમાં મળશે, જે વખતે નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે :

(૧) ગત વર્ષના વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા.
(૨) નવા વર્ષના અંદાજપત્રો મંજૂર કરવા.
(૩) પદાધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી
(૪) સંઘ તેમ જ વાચનાલય-પુસ્તકાલયના ઓડિટર્સની નિમણૂક કરવા.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘનો વૃત્તાંત તથા સંઘ તેમ જ વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલાં હિસાબો સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા છે. તા. ૧૨-૧૦-'૯૨થી તા.૧૭-૧૦-'૯૨ સુધીના દિવસોમાં બપોરના ૧ થી ૫ સુધીમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને પ્રશ્ન પૂછવાની ઈચ્છા હોય તો બે દિવસ અગાઉ લેખિત મોકલી આપવા વિનંતી.

વાર્ષિક સામાન્ય સભાનાં સર્વ સભ્યોને ઉપસ્થિત રહેવા વિનંતી છે.

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૧૦ ● તા. ૧૬-૧૦-૧૯૯૨ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## બોધિદુર્લભ ભાવના

જૈન ધર્મમાં મોક્ષલક્ષી આત્મસાધના માટે જે વિવિધ પ્રકારના ઉપાયો દર્શાવવામાં આવ્યા છે તેમાં શુભ ભાવનાઓનું સેવન જીવો માટે ઘણું લાભકારક છે. જગતની સમગ્ર જીવસૃષ્ટિમાં મનુષ્ય સર્વોચ્ચ સ્થાને છે. એના ચિત્તમાં પ્રતિક્ષણે વિચારો, લાગણીઓ, તરંગો, સ્પંદનો, ભાવો વગેરે સતત ઊઠતાં રહે છે. એમાં કેટલાંયે રોજિંદા જીવનક્રમને લગતાં હોય છે. એને માટે એનું વિશેષ મૂલ્ય નથી હોતું. કેટલાંક સ્પંદનો સાવ ક્ષણિક અને ક્ષુલ્લક હોય છે. વ્યક્તિને પોતાને અલ્પ કાળમાં એનું વિસ્મરણ થાય છે. પરંતુ કેટલાંક સ્પંદનો એવાં હોય છે કે જે જાણે એના ચિત્તનો કબજો લઈ લે છે. એ ભૂલવા ઈચ્છે તો ભૂલાતાં નથી. થોડી થોડી વારે એનો પ્રવાહ પોતાની મેળે ચાલુ થઈ જાય છે. કેટલાંક શુભ કે અશુભ સ્પંદનો મનુષ્યના ચિત્તને ઘેરી વળે છે. એની અસર એના ચહેરા ઉપર અને વધતી વધતી એના શરીર ઉપર થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ કહીએ તો એની પ્રબળ અસર એના આત્મા ઉપર-આત્મપ્રદેશો ઉપર થાય છે. આવી પ્રક્રિયામાં ભાવનાનું સ્વરૂપ રહેલું છે.

જૈન ધર્મમાં જે વિવિધ પ્રકારની ભાવનાઓ બતાવવામાં આવી છે તેમાંથી બોધિદુર્લભ ભાવનાનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું છે.

ભાવનાની વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે :

भाव्यतेऽनयेति भावना ।

[જેનાથી આત્મા ભાવિત થાય છે તેને ભાવના કહેવામાં આવે છે.]

આમ, ભાવનાનો સંબંધ આત્મ તત્ત્વ સાથે છે. જૈન ધર્મ પ્રમાણે ઈન્દ્રિયોનો સંબંધ દ્રવ્ય મન સાથે છે. મનના બે પ્રકાર છે- દ્રવ્ય મન અને ભાવ મન. દ્રવ્ય મનનો સંબંધ ભાવ મન સાથે છે અને ભાવ મનનો સંબંધ આત્મા સાથે છે. આમ, ભાવનાનો આત્મા સાથેનો સંબંધ ભાવ મન દ્વારા છે. આથી જ જૈન ધર્મમાં ભાવ અને ભાવનાનું ઘણું મહત્ત્વ સ્વીકારાયું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ, અથવા દાન, શીલ, તપ અને ભાવ વગેરેમાં ભાવને છેલ્લું ચડિયાતું સ્થાન આપવામાં આવ્યું છે.

'મનોનુશાસન'માં ભાવનાનાં લક્ષણ નીચે પ્રમાણે જણાવવામાં આવ્યાં છે :

चेतो विशुद्धये मोहक्षयाय स्थैर्यापादनाय ।

विशिष्टं संस्कारपादनं भावना ।

[ચિત્તશુદ્ધિ, મોહક્ષય તથા (અહિંસાદિ વ્રતોમાં) સ્થૈર્ય આણવા માટે જે વિશિષ્ટ સંસ્કાર જાગૃત કરવામાં આવે છે તેને ' ભાવના' કહેવામાં આવે છે.]

'બોધિ' સંસ્કૃત શબ્દ છે. (એના ઉપરથી પ્રાકૃત-અર્ધમાગધીમાં 'બોહિ' શબ્દ આવેલો છે.) બોધિ શબ્દ બુધ્ ધાતુ ઉપરથી આવેલો છે. બુધ્ એટલે જાણવું. ડાહ્યા માણસો માટે, સારાસાર વિવેક જાણનાર જ્ઞાની માણસો માટે 'બુધ' શબ્દ વપરાય છે.

જૈન ધર્મમાં 'બોધિ' શબ્દ વિશિષ્ટ પારિભાષિક અર્થમાં વપરાયો છે. જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. એટલે 'બોધિ' શબ્દ આત્માના જ્ઞાનપ્રકાશ માટે વપરાય છે. વ્યવહારજગતમાં કીમતીમાં કીમતી પ્રકાશમાન પદાર્થ તે રત્ન છે. એટલે બોધિને રત્નનું રૂપક આપવામાં આવે છે.

'બોધિ' શબ્દ સમ્યકત્વ માટે વપરાય છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન તથા સમ્યગ્ ચારિત્રને 'સમકિત'- સમ્યકત્વ તરીકે ઓળખાવવામાં આવે છે એટલા માટે બોધિની વ્યાખ્યા આપતાં કહેવાયું છે :

सम्यग्दर्शन ज्ञान चारित्राणामप्राां प्रापणं बौधिः ।

[સમ્યગ્ દર્શન, જ્ઞાન, અને ચારિત્રની પ્રાપ્તિ ન હોય અને તે પ્રાપ્ત થાય તે 'બોધિ' કહેવાય.]

સમ્યક્ત્વ વિના મોક્ષપ્રાપ્તિ નથી. એટલા માટે જ સમક્તિ ઉપર-બોધિ ઉપર જૈન ધર્મમાં ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. જ્યાં સુધી બોધિબીજ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગ ઉપર આગળ વધી ન શકાય. એટલા માટે જિનેશ્વર ભગવાનની સ્તુતિ કરતી વખતે પણ બોધિપ્રાપ્તિ માટે પ્રાર્થના કરાય છે :

લોગસ્સ સૂત્રમાં કહેવાયું છે :

कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा ।

आरुग्ग बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु ॥

ઉવસગ્ગહરંસ્તોત્રમાં પણ કહેવાયું છે :

ता देव दिज्ज बोहिं भवे भवे पास जिणचंद !

જયવીયરાય સ્તોત્રમાં પણ કહેવાયું છે :

दुकखखओ कम्मकखओ समाहिमरणं च बोहिलाभोअ ।

संपज्जउ मह अेहं तुह नाह पणाम करणेणं ॥

ભાવનાની શ્રેષ્ઠતા દર્શાવતાં કહેવાયું છે :

दारिद्रयनाशनं दानं, शीलं दुर्गति नाशनम् ।

अज्ञाननाशिनी प्रज्ञा, भावना भवनाशिनी ॥

[દાનથી દરિદ્રતાનો નાશ થાય છે; શીલથી દુર્ગતિનો નાશ થાય છે; પ્રજ્ઞાથી અજ્ઞાનનો નાશ થાય છે, પરંતુ ભાવનાથી તો ભવનો જ નાશ થાય છે.]

वित्तेन दीयते दानं, शीलं सत्त्वेन पाल्यते ।

तपोऽपि तप्यते कष्टात् स्वाधीनोत्तम भावना ॥

[દાન ધનથી અપાય છે, શીલ સત્ત્વથી પળાય છે. તપ કષ્ટથી થાય છે, પરંતુ ઉત્તમ ભાવના તો સ્વાધીન છે.]

'બૃહત્કલ્પ'માં કહ્યું છે કે ભાવનાઓ બે પ્રકારની છે.

दुविहाओ भावणाओ–संकिलिट्ठा य, असंकिलिट्ठा य ।

[ભાવનાઓ બે પ્રકારની છે : સંક્લિષ્ટ અર્થાત્ અશુભ અને અસંક્લિષ્ટ અર્થાત્ શુભ]

કંદર્પી, કિલ્બિષી, આભિયોગિકી, દાનવી અને સંમોહી એ પાંચ પ્રકારની ભાવના તે અશુભ ભાવના છે. આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન એ બે અશુભ પ્રકારના ધ્યાન સાથે સંકળાયેલી ભાવનાઓ અશુભ પ્રકારની ભાવના છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ એ ચાર ભાવનાને ધર્મધ્યાનની ભાવના અથવા પરા ભાવના તરીકે ઓળખાવવામાં આવે છે અને તે શુભ ભાવનાઓ છે.

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહાવ્રતોની પ્રત્યેકની પાંચ પાંચ શુભ ભાવનાઓનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે :

भावनाभिभावितानि पऽचभि पऽचभि क्रमात् ।

महाव्रतानि नो कस्य साधयन्त्य व्ययं पदम् ॥

[ક્રમાનુસાર પાંચ પાંચ ભાવનાઓ વડે ભાવિત કરાયેલાં મહાવ્રતો કોને અવ્યયપદ (મોક્ષ) નથી સાધી આપતાં ?]

આવી રીતે દર્શનવિશુદ્ધિ ભાવના, વિનયસંપન્નતા ભાવના, વગેરે પ્રકારની સોળ શુભ ભાવનાઓને કારણ ભાવના તરીકે ઓળખાવવામાં આવે છે.

આ શુભ ભાવનાઓ ઉપરાંત જૈન ધર્મમાં અનિત્યાદિ બાર ભાવનાઓનું મહત્ત્વ સૌથી વિશેષ છે. આત્મચિંતન માટેની એ ભાવનાઓને વૈરાગ્યની ભાવના અથવા સમત્વની પ્રાપ્તિ માટેની ભાવના તરીકે ઓળખાવવામાં આવે છે.

'તત્ત્વાર્થાધિગમસૂત્ર'માં વાચક ઉમાસ્વાતિ કહે છે :

अनित्याशरणसंस्तरैकत्वान्यत्वाशुचित्वास्रवसंवर ।

निर्जरालोक बोधिदुर्लभधर्मस्वाख्यातत्त्वानुचिंतनमनुप्रेक्षा : ॥

નીચે પ્રમાણે બાર ભાવનાઓ-અનુપ્રેક્ષાઓ બતાવવામાં આવે છે:

(૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના, (૩) સંસાર ભાવના, (૪) એકત્વ ભાવના, (૫) અન્યત્વ ભાવના, (૬) અશુચિ ભાવના, (૭) આશ્રવ ભાવના, (૮) સંવર ભાવના, (૯) નિર્જરા ભાવના, (૧૦) લોક ભાવના, (૧૧) બોધિદુર્લભ ભાવના અને (૧૨) ધર્મ ભાવના.

[છેલ્લી ચાર ભાવનાઓના ક્રમમાં કેટલાંક ગ્રંથોમાં ફેર જોવા મળે છે. કોઇકમાં બોધિદુર્લભ ભાવના અગિયારમી બતાવવામાં આવી છે, તો કોઇકમાં તે બારમી બતાવવામાં આવી છે.]

મન અને પાંચ ઇન્દ્રિયો એ જેમ મનુષ્યજન્મની મોટામાં મોટી સિદ્ધિ-ઉપલબ્ધિ છે તેમ એ જ મન અને પાંચ ઇન્દ્રિયો મનુષ્યજન્મની મોટામાં મોટી ક્ષતિરૂપ નીવડવા સંભવ છે. મનુષ્યને દુર્ગતિની ખીણમાં ગબડાવી દેવાની શક્તિ પણ તેમાં રહેલી છે. માણસ જો પોતાની આ પાંચે ઇન્દ્રિયોને સંયમમાં રાખી શકે, ઇન્દ્રિયો ઉપર વિજય મેળવી શકે તો ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો ઉપર વિજય મેળવી શકે. કષાયો શાંત થતાં ચિત્ત પણ શાંત થાય છે. ચિત્ત ઉપર વિજય મળતાં મનઃશુદ્ધિ થાય છે. મનઃશુદ્ધિ થતાં રાગ અને દ્વેષ પાતળા પડવા લાગે છે. એથી નિર્મમત્વ આવવા લાગે છે. નિર્મમત્વ માટે અનિત્યાદિ ભાવનાઓનું સેવન આવશ્યક છે. નિર્મમત્વ આવતાં સમતા-સમત્વ આવવા લાગે છે. માટે જ કહ્યું છે :

साम्यं स्यान्निर्ममत्वेन तत्कृते भावना श्रयेत् ।

આમ, સમતાનું બીજ ભાવનાઓમાં રહેલું છે.

શ્રી સૂત્રકૃતાંગ સૂત્રમાં (૧૫/૫) કહ્યું છે :

भावनाजो सुद्धप्पा जले नावा व आहिया ।

नावा व तीरसंपन्ना सव्वदुऽखा विमुच्चई ॥

[ભાવનાયોગથી શુદ્ધ થયેલો આત્મા જલમાં નાવની જેમ તરે છે. જેમ નાવ કિનારે પહોંચે છે, તેવી રીતે શુદ્ધાત્મા સર્વ દુઃખોમાંથી મુક્ત થઇને લક્ષ્યસ્થાને પહોંચે છે.]

'અધ્યાત્મકલ્પદ્રુમ'માં મુનિસુંદરસૂરિએ કહ્યું છે :

चित्त बालक मा त्याक्षीरजस्त्रं भावनौषधी ।

यत्त्वां दुर्ध्यानभूता न च्छलयान्ति छलान्विष ॥

[હે ચિત્તરૂપી બાળક ! તું ભાવનારૂપી ઔષધિનો ક્યારેય ત્યાગ કરતો નહિ, જેથી છળને શોધનારા દુર્ધ્યાનરૂપી ભૂતો-પિશાચો તને છેતરી શકે નહિ. ]

ભાવનાઓનું કેવું ફળ હોય છે તે દર્શાવતાં ઉત્તરાધ્યયનસૂત્ર (૨૯/૫૦)માં ભગવાન મહાવીરે કહ્યું છે :

भावसच्चेणं भावविसोहिं जणयई भावविसोहिअे वट्टमाणे अरिहंतपन्नतस्स धम्मस आराहणायाअे अब्भुट्ठेई–अब्भुट्ठेईत्ता परलोगधम्मस आसहऐ भवई ।

[ભાવસત્યથી જીવ ભાવની વિશુદ્ધિ પ્રાપ્ત કરે છે. વિશુદ્ધ ભાવનાવાળો જીવ અરિહંતપ્રણીત ધર્મની આરાધનામાં તત્પર થઇને પારલૌકિક ધર્મનો આરાધક બને છે.]

સંસારમાં પરિભ્રમણ કરતા જીવોનું જ્યારે અવલોકન કરીએ છીએ અને તેમના વિકાસક્રમની ગતિનો વિચાર કરીએ છીએ ત્યારે સમજાય છે કે કેટલો બધો કાળ જ્યારે પસાર થઇ જાય ત્યારે જીવ વિકાસનું એકાદ પગથિયું ઉપર ચડે તો ચડે. વળી, કેટલાયે જીવો થોડે ઉપર ચડી પાછા નીચે પડતા હોય છે. જૈન દર્શન પ્રમાણે જીવ સૂક્ષ્મ નિગોદ (અવ્યવહારરાશિ)માંથી નીકળીને વ્યવહારરાશિમાં આવે છે. ત્યાર પછી એકેન્દ્રિયપણુ, ત્રસપણુ, બેઇન્દ્રિયપણુ, તેઇન્દ્રિયપણુ, ચઉરન્દ્રિયપણુ એમ પ્રાપ્ત કરતાં કરતાં સંજ્ઞીપંચેન્દ્રિયપણુ પ્રાપ્ત કરે છે. એમ કરતાં કેટલી બધી મુશ્કેલીથી જીવ મનુષ્યપણુ પ્રાપ્ત કરે છે. આમ ઉત્તરોત્તર એક એક તબક્કામાંથી પસાર થઇ ઉપર ચડવું એ જ ઘણું દુર્લભ છે અને તેમાં મનુષ્યપણુ પ્રાપ્ત કરવું એ તો એથી પણ વધુ દુર્લભ છે. વળી, મનુષ્યપણુ પ્રાપ્ત થયું એટલે બધું જ આવી ગયું એવું નથી.

મનુષ્યપણામાં રાજ્ય મળવું કે ચક્રવર્તીપદ મેળવવું એટલું દુ નથી જેટલું બોધિબીજ મેળવવું દુર્લભ છે.

મનુષ્યપણુ મળ્યા પછી આર્યદેશમાં જન્મ, સંસ્કારી કુટુંબમાં જન્મ, ધર્મજિજ્ઞાસા, ધર્મશ્રવણનો યોગ, ધર્મબોધ થવો, ધર્મમાં ઉદ્યમ કરવાના સંયોગ સાંપડવા ઇત્યાદિ ઉત્તરોત્તર દુર્લભ થતાં જાય છે.

એટલા માટે જ કહેવાયું છે :

चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ।

माणुसत्तं सुई सद्धा संजमम्मि च वीरिअं ॥

[જીવોને માટે ચાર મુખ્ય બાબતો અત્યંત દુર્લભ છે : (૧) મનુષ્યપણુ, (૨) શ્રુતિ (ધર્મશ્રવણ), (૩) ધર્મમાં શ્રદ્ધા અને (૪) સંયમમાં વીર્ય (ત્યાગવૈરાગ્ય માટેનો પુરુષાર્થ)].

ઉત્તરાધ્યનના 'દુમપત્તયં' નામના દસમા અધ્યયનમાં ઉત્તરોત્તર એક પછી એક વસ્તુઓ પ્રાપ્ત થવી કેટલી દુર્લભ છે તે દર્શાવતાં ભગવાન મહાવીરે કહ્યું છે :

लद्धूणं वि माणुसत्तणं आयरियत्तं पुणरावि दुल्लहं ।

बहवे दसुया मिलऽखुया समयं गोयम, मा पमायअे ॥

लद्धूण वि आयरियत्तणं अहीणपंचिंदियता हु दुल्लहा ।

विगलिंदियता हु दीसई समयं गोयम, मा पमायअे ॥

अहीणपंचे दियत्तं पि से लभे उत्तमधम्म सुई हु दुल्लहा ।

कुतित्थिनिसेवओ जणे समयं गोयम, मा पमायओ ॥

लद्धूण वि उत्तमं सुई सद्दहणा पुणरावि दुल्लहा ।

मिच्छत्तनिसेवओ जणे समयं गोयम, मा पमायओ ॥

[દુર્લભ એવો મનુષ્યજન્મ મળ્યા પછી પણ આર્ય દેશમાં જન્મ મળવો દુર્લભ છે. ઘણા લોકો મનુષ્ય હોવા છતાં દસ્યુ અને મ્લેચ્છ હોય છે. માંટે, હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

આર્ય દેશમાં જન્મ મળ્યા પછી પણ પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા મળવી દુર્લભ છે. ઘણા જીવો વિકલેન્દ્રિય જોવા મળે છે. માટે હે ગૌતમ ! સમય માત્રનો પ્રમાદ ન કર.

પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા મળ્યા પછી પણ ઉત્તમ ધર્મનું શ્રવણ દુર્લભ છે. ઘણા લોકો કુતીર્થિઓની સેવા કરનારા હોય છે. માટે હે ગૌતમ, સમય માત્રનો પ્રમાદ ન કર.

ઉત્તમ ધર્મનું શ્રવણ પ્રાપ્ત થયા પછી તેમાં શ્રદ્ધા થવી તે ઘણી દુર્લભ વાત છે. ઘણા લોકો મિથ્યાત્વનું સેવન કરનારા હોય છે. માટે હે ગૌતમ! સમય માત્રનો પ્રમાદ ન કર. ]

ઉત્તરાધ્યયનસૂત્રના ત્રીજા અધ્યયનમાં પણ આ જ વાત ઉપર ભાર મકવામાં આવ્યો છે :

माणुस्सं विग्गहं लद्धुं सुई धम्मस्स दुल्लहा ।

जं सोच्चा पडिवज्जंति तवं खंतमहिंसयं ॥

आहच्च सवणं लद्धुं सद्धा परमदुल्लहा ।

सोच्चा णेयाउणं मग्गं बहवे पभिमस्सई ॥

[મનુષ્યપણું પ્રાપ્ત થયા પછી પણ ધર્મનું શ્રવણ અત્યંત દુર્લભ છે, કે જે ધર્મશ્રવણ કરીને જીવ તપ, ક્ષમા અને અહિંસાનો સ્વીકાર કરે છે. કદાચ ધર્મશ્રવણ પ્રાપ્ત થયા પછી તેમાં શ્રદ્ધા થવી અત્યંત દુર્લભ છે. મોક્ષમાર્ગ પ્રતિ લઇ જનારા ધર્મનું શ્રવણ કર્યા પછી ઘણા લોકો એ માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે.]

ઉમાસ્વાતિ મહારાજ 'પ્રશમરતિ'માં કહે છે :

मानुष्य कर्मभूम्यार्यदेश कुल कल्पता ऽऽयुरुपलब्धौ ।

श्रद्धाकथक श्रवणेषु सत्स्वपि सुदुर्लभा बोधिः ॥

[મનુષ્યપણું, કર્મભૂમિ, આર્યદેશ, સારું કુળ, નીરોગીપણું, દીર્ઘ આયુષ્ય-એ સર્વ પ્રાપ્ત થવા છતાં ધર્મ કહેનાર ઉપર શ્રદ્ધા રાખવી અને 'બોધિ' (સમકિત) પામવું એ ઘણી દુર્લભ વાત છે.]

હેમચંદ્રાચાર્યે 'યોગશાસ્ત્ર'માં પણ કહ્યું છે :

अकामनिर्जरारुपात् पुण्याज्जन्तोः प्रजाय ।

स्थावरत्वात्रसत्वं वा तिर्यकत्वं वा कथंचन ॥

मानुष्यमार्यदेशश्च जातिः सर्वाक्षपाटवम् ।

आयुश्च प्राप्यते तत्र कथच्चित्कर्मलाघवात् ॥

प्राप्तेषु पुण्यतः श्रद्धाकथक श्रवणेष्वपि ।

तत्त्वनिश्चयरुपं तद्बोधिरत्नं सुदुर्लभम् ॥

विषयेभ्यो विरक्तानां साम्यवासितचेतसाम् ।

उपशाम्येत कषायाग्निर्बोधिदीपः समुन्मिषेत् ॥

(અકામ નિર્જરારૂપ પુણ્યથી જીવને સ્થાવરપણામાંથી ત્રસપણુ અથવા તિર્યચપણુ કોઇક રીતે પ્રાપ્ત થાય છે. મનુષ્યપણુ, આર્યદેશ, ઉત્તમ જાતિ, સર્વ ઈન્દ્રિયોની પૂર્ણતા, દીર્ઘ આયુષ્ય કંઈક હળવાં કર્મથી પ્રાપ્ત થાય છે. પુણ્યના ઉદયથી શ્રદ્ધા, સદ્‌ગુરુ, ધર્મશ્રવણ પ્રાપ્ત થવા છતાં તત્ત્વનિશ્ચયરૂપ બોધિરત્નની પ્રાપ્તિ દુર્લભ છે.)

વિષયોથી વિરક્ત થયેલાં અને સમત્વથી વાસિત થયેલાં ચિત્તવાળા સાધુપુરુષોનો કષાયરૂપી અગ્નિ શાન્ત થઇ જાય છે. તથા બોધિ (સમ્યક્ત્વ) રૂપી દીપક પ્રગટ થાય છે.

'શાન્તસુધારસ'ના ગેયાષ્ટકમાં વિનયવિજયજી મહારાજ લખે છે:

बुध्यतां बुध्यतां बोधिरतिदुर्लभा ।

जलधिजलपतित सुररत्नयु...

सम्यगाराध्यतां स्वहितमिह साध्यतां ।

बाध्यतामधरगतिआत्मशऽत्या ॥

[હે જીવ ! બોધિ અત્યંત દુર્લભ છે એ તું સમજ, સમજ ! સમુદ્રના જળમાં ચિંતામણિરત્ન પડી ગયું હોય તો તે મેળવવાનું જેટલું દુર્લભ છે એટલું દુર્લભ બોધિ મેળવવાનું છે. એટલા માટે તું સમ્યગ્ આરાધના કર અને તારું હિત સાધી લે. તું તારી આત્મશક્તિથી નીચી ગતિને, દુર્ગતિને અટકાવી દે.]

બોધિને મેળવવામાં ચાર મોટા અંતરંગ શત્રુઓ તે ચાર સંજ્ઞાઓ છે : (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા.

આ બોધિરત્ન મેળવવું અને સાચવવું એ સહેલી વાત નથી. કેટલીયે વાર મળ્યા પછી પાછું એ ખોવાઇ પણ ગયું છે.

બોધિરત્ન મેળવવા માટે ઘણી બધી તૈયારી કરવી પડે છે અને મેળવ્યા પછી એને સાચવવા માટે ઘણો મોટો પુરુષાર્થ કરવો પડે છે. બોધિપ્રાપ્તિને એટલા માટે જ શાસ્ત્રકારોએ અત્યંત દુર્લભ તરીકે ઓળખાવી છે. 'બોધિ દુર્લભ છે' એમ ઉતાવળે ઉપરઉપરથી કહી દેવું એ એક વાત છે અને એની દુર્લભતાની સાચી આત્મપ્રતીતિ થવી એ બીજી વાત છે. સમગ્ર સંસારના જીવોની ચાલતી સતત ગતિનું અવલોકન કરી તે વિશે આત્મચિંતન કરનારને બોધિની દુર્લભતાની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

ઉમાસ્વાતિ મહારાજે 'પ્રશમરતિ'માં કહ્યું છે :

तां दुर्लभां भवशतैर्लब्ध्वाऽप्यतिदुर्लभा पुनर्विरतिः ।

मोहाद्रागात् कापथविलोकनाद् गौरववशाच्च ॥

[આવી દુર્લભતાથી મળતી બોધિને સેંકડો ભવે મેળવ્યા પછી પણ વિરતિ (ત્યાગ-સંયમ) મળવી અત્યંત દુર્લભ છે. મોહમાં પડી જવાને કારણે, રાગને વશ થઇ જવાને કારણે, જાતજાતના ખોટા પંથોના અવલોકનને કારણે અને ગૌરવને વશ થવાને કારણે માણસને વિરતિમાં રસરુચિ થતાં નથી.]

આવું અત્યંત દુર્લભ એવું બોધિરત્ન પ્રાપ્ત થયું હોય તો તે વેડફી નાખવા જેવું કે ગુમાવી દેવા જેવું નથી.

ઉપાધ્યાય શ્રી જયસોમે બોધિદુર્લભ ભાવનાની રચનામાં સરસ દૃષ્ટાન્તો આપતાં કહ્યું છે :

લોહકીલકને કારણે, યાન જલધિમાં ફોડે રે :

ગુણકારણ કોણ નવલખો હાર હીરાનો ત્રોડે રે ?

એક લોઢાના ખીલા ખાતર આખું વહાણ કોણ દરિયામાં ડુબાવી દે ? દોરો જોઇતો હોય તો એટલા માટે નવલખો હાર કોણ તોડી નાખે?

બોધિરયણ ઉવેખીને કોણ વિષયારસ દોડે રે ?

કંકર મણિ સમોવડ કરે, ગજ વેચે ખર હોડે રે ?

બોધિરત્નને ઉવેખીને વિષયારસ પાછળ, ભૌતિક સુખ પાછળ કોણ દોડે ? કાંકરો અને મણિ એ બંનેને સરખાં કોઇ ગણે ? ગધેડાના બદલામાં હાથીને કોણ વેચી દે ?

વિનયવિજયજી મહારાજ બોધિદુર્લભ ભાવનાના ગેયાષ્ટકમાં અંતે ભલામણ કરતાં કહે છે :

अेवमतिदुर्लभात् प्राप्य दुर्लभतमं–

बोधिरत्नं सकलगुणनिधानम् ।

कुरु गुरुप्राज्यविनयप्रसादोदितं

शान्तरससरसपीयूषपानम् ॥

[હે જીવ ! આ રીતે અત્યંત દુર્લભથી દુર્લભ એવું તથા સકલ ગુણોના ભંડારરૂપ બોધિરત્ન મેળવીને, ઊંચા પ્રકારના વિનયના પ્રસાદથી પ્રાપ્ત થયેલા શાન્ત રસરૂપી સરસ અમૃતનું તું પાન કર.]

આમ, વૈરાગ્યની અને આત્મચિંતનની બાર ભાવનાઓમાં બોધિદુર્લભ ભાવનાનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું છે.

❑ રમણલાલ ચી. શાહ

# ઝરૂખડે દીવા બળે રે લોલ

❑ હેમાંગિની જાઈ

દીપજ્યોતિ ભારતીય સંસ્કૃતિની લાડકી દીકરી છે.લાવણ્યમયી, તેજોમયી, જ્ઞાનમયી, ચૈતન્યમયી દુહિતા છે. સોહામણી પવિત્ર સુપુત્રી છે. દીપજ્યોતિ એટલે જ્યોતિર્મયી લક્ષ્મી દીપજ્યોતિ વિના માંગલિક પ્રસંગ સૂનો અને ઊણો. તેજ, સૌંદર્ય, લાવણ્ય, જીવન, ઉલ્લાસ, અમૃતત્વ, જ્ઞાન, પાવિત્ર્ય, ચૈતન્યનો આવિષ્કાર જ્યાં જ્યાં દગ્ગોચર થયો, રૂપક ત્યાં ત્યાં દીપકનું છે. ઝરૂખો સાહિત્યનો હોય કે સંગીતનો, ધર્મનો હોય કે અધ્યાત્મનો, યોગનો હોય કે જ્યોતિષનો, સમાજનો હોય કે સામાજિક ઉત્સવનો, કહેવતોનો હોય કે રૂઢિપ્રયોગોનો દીપ-જ્યોતિ સર્વત્ર ઝબૂકતી જ રહે છે.

સૂર્ય-ચંદ્ર એટલે આકાશદીપક
સુપુત્ર એટલે કુલદીપક
મહાભારત તે જ્ઞાનદીપક
દીપનૃત્ય છે નેત્રદીપક
દીપક રાગ છે અગ્નિપ્રદીપક
દીપગર્ભ એટલે આત્મદીપક
દેવાલયનું દીપવૃક્ષ એટલે જગમંદિરદીપક

લગ્નમાં લાવણદીપ (રામણદીપ), પૂજામાં સાંધ્યદીપ, સ્થાપીત દીપ, અખંડદીપ, પિષ્ટિદીપ કે પછી નંદાદીપ. નદીમાં વહાવે દ્રોણીદીપ, ઘરઆંગણે દેહલીદીપ, સંતકવિ તુલસીદાસજીનો રામનામમણિદીપ.

સાહિત્યના ઝરૂખે કવિકુલગુરુ કાલિદાસ ઝળક્યા દીપશિખાની ઉપમાથી. ગોવર્ધનરામના સરસ્વતીચંદ્રની નાયિકા કુમુદસુંદરીની વિશુદ્ધિનું શોધન કર્યું દીપજ્યોતિએ. યોગમાર્ગમાં ત્રાટક કરે દીપકલિકા ઉપર, શંકર ભગવાનનાં લિંગો જ્યોતિસ્વરૂપ અર્થાત્ જ્યોતિર્લિંગો. જ્યોતિષ એટલે આકાશસ્થ જ્યોતિર્મય ગ્રહ-નક્ષત્રોનું શાસ્ત્ર. નવરાત્રિનું ગરબાનૃત્ય એટલે ગર્ભદીપનો ઉત્સવ. દીવાળી એટલે આનંદનું પર્વ-દીપ-ઉત્સવનું ઝળહળતું પર્વ. જ્યાં દીપ છે ત્યાં આનંદોલ્લાસ છે. દીપોત્સવીનો સંબંધ તીર્થંકર મહાવીરસ્વામી સાથે પણ છે.

આસોની અમાસે પ્રભાતે સ્વાતિ નક્ષત્રમાં પાવાપુરી તીર્થક્ષેત્રમાં મહાવીરસ્વામી નિર્વાણ પામ્યા. તે વેળા દેવોએ ત્યાં જઈ નિર્વાણકલ્યાણ ઉત્સવ ઊજવ્યો અને દીપદાન કર્યું. આ ઘટનાની પવિત્ર સ્મૃતિ સંજીવીત રાખવા જૈનો દીપમાલિકા વ્રત કરે છે. જ્ઞાનનો સૂર્ય, જ્ઞાનપ્રદીપ તો નિર્વાણ પામ્યો પરંતુ આપણે ઘર આંગણે નાના દીવા પ્રગટાવી એમનું સાતત્ય જાળવીએ આવી ઉદાત્ત ભાવનાથી જૈનોએ દીપોત્સવ શરૂ કર્યો. આ સંદર્ભમાં શાળામાં ભણતાં વાચેલી અને યાદ રહી ગયેલી પંક્તિઓ ટાંકું છું.

"મોટાં નાનાં વધુ મોટામાં તો નાનાં પણ મોટાં ;
વ્યોમદીપ રવિ નભબિંદુ તો ઘરદીવડા નહીં ખોટા."

અતિ પ્રકાશિત વીજબત્તીથી ય બીજી બત્તી પેટાઈ શકતી નથી પરંતુ નાના અમથા દીવડામાં એ સામર્થ્ય અવશ્ય છે કે બીજી જ્યોત જલાવી શકે. ચૈતન્યની દીપ માલિકા પ્રગટાવી શકે. 'સંત જ્ઞાનેશ્વર' ચલચિત્રનું એક ગીત છે :

"જ્યોત સે જ્યોત જલાતે ચલો,
પ્રેમ કી ગંગા બહાતે ચલો."

દીપોત્સવી આત્માની જ્યોતિ, માનવતાની દીપજ્યોતિ જગવતું શુભ પર્વ છે.

ભગવાન બુદ્ધના અવતારોમાંના એક તે દીપંકર. હિંદુઓના સૌથી મોટા દેવ તે સૂર્ય. એમનું એક નામ દિવાકર. દીપંકર હો યા દિવાકર-બંનેનો સંબંધ દીપ સાથે છે. ઉપનિષદમાં અનેક ઠેકાણે આત્માને સૂર્યનું રૂપક છે. सूर्यो आत्मा जगतस्तस्थुः । ઉપનિષદની આર્ષવાણીનો પડઘો ભગવાન બુદ્ધના ઉપદેશમાં પડે છે-અત્તદીપા ભવ અર્થાત્ તમે આત્મદીપ થાવ. તમારો આત્મદીપ ઝળહળી ઊઠો. જે પિંડમાં તે બ્રહ્માંડમાં-બ્રહ્માંડમાં સૂર્ય આકાશદીપ છે, પિંડમાં સૂર્ય આત્મદીપ છે.

ઈશુ ખ્રિસ્તના જન્મ પહેલાં જ્યોતિષ્મંત તારો ખર્યો. હિંદુઓમાં દીપજ્યોતિનો મહિમા છે તો ખ્રિસ્તોમાં Candle lightનો. મુસલમાનો મહમ્મદ પયગંબરને અલ્લાહની તજલ્લી માને છે . સૂફી સાહિત્યમાં અલ્લાહનો પહેલો અવતાર તે નૂર કિંવા જ્યોતિ એવી માન્યતા પ્રવર્તે છે. સૃષ્ટિના સર્વ રૂપોમાં પહેલાં જ્યોતિ દશ્યમાન થઈ તેવો ઉલ્લેખ સૂફી સાહિત્યમાં છે.

ભારતીય સાહિત્યનો આકરગ્રંથ તે મહાભારત. મહા એટલે વિશાલ. ભા એટલે પ્રભા. રત એટલે રમમાણ. ભારતીય વાઙ્મયના ઝરૂખામાં મહાભારત ઝળહળતો જ્ઞાનમય પ્રદીપ છે-

नमोऽस्तु ते व्यासविशालबुद्धे फुल्लारविन्दायेतपत्रनेत्र ।
येन त्वया भारततैलपूर्णः प्रज्वालितो ज्ञानमयः प्रदीपः ॥

ભારતીય સંસ્કૃતિનો આવો જ ઉજ્જવલ દીપ તે તુલસીદાસજીનું રામાયણ. રામનામને એમણે આંતરબાહ્ય જગતને અજવાળનો મણિદીપ કહ્યો છે. દોહો છે-

रामनाममणिदीप धरु जीह देहरी द्वार ।
तुलसी भीतरबाहिर ज्यों चाहसि उजियार ॥

જીભ દેહની દેહરી અર્થાત્ ઊંબરો છે. સંસ્કૃતમાં એક ન્યાય છે- 'દેહલી દીપક ન્યાય'. એનો અર્થ એ કે ઊંબરા પર દીવો મૂક્યો હોય તો તેનો પ્રકાશ ઘરની અંદર પણ પડે અને બહાર પણ. દેહના નવદ્વાર છે. કયા નવ ? બે આંખ, બે કાન, બે નસકોરાં, જીભ, પાયુ અને ઉપસ્થ. આ નવદ્વારનો ઉલ્લેખ ગીતામાં છે. नवद्वारे पुरे देही ।

આ નવ દ્વારમાંથી જીભ જ એક એવું દ્વાર છે જે બહાર પણ ખૂલે અને અંદર પણ. બાકીની બધી જ ઈન્દ્રિયો કેવળ બહિર્ગામી છે. જીભરૂપી ઊંબરા પર રામનામનો મણિદીપ પ્રસ્થાપિત કર્યો હોય તો એનો પ્રકાશ આંતરજગતને અજવાળે અને બાહ્ય જગતને પણ.

વ્યક્તિને દીપાવે અને સમષ્ટિને પણ.
સંસારને રોશન કરે અને સંન્યાસને પણ.
આલોકને સોહાવે અને પરલોકેય પ્રકાશે.

મહાભારત અને રામાયણ ભારતીય સંસ્કૃતિમાં દીવાદાંડીના અજવાળાં રેલાવતા ગ્રંથો છે. પૂર્ણના પગથારે પ્રકાશની પગદંડી જીવનની ચરમસીમા પર પહોંચાડતાં ગ્રંથો છે. પુસ્તકોનું પ્રયોજન છે. પ્રકાશનો આવિષ્કાર. તેથી તો ગ્રંથોનું આપણે પ્રકાશન કરીએ છીએ. સંસ્કૃત સાહિત્યમાં 'કાવ્યપ્રકાશ' જેવાં વિલક્ષણ નામોય પુસ્તકમાં જડી આવે.

પુસ્તકો બુદ્ધિને સતેજ (તીક્ષ્ણ) કરે છે અને સ-તેજ (તેજસ્વી) પણ કરે છે. ઋષિમુનિઓએ બુદ્ધિને દીપકલીની ઉપમા આપી છે. बुद्धिर्दीपकली ।

સંસ્કૃતમાં કાવ્યના પ્રાંતમાં લસલસતી લાવણ્યસુંદરી અને યૌવનના ઉદ્યાનમાં પદાર્પણ કરનાર નવતરુણીને 'દીપજ્યોતિ'ના રૂપકથી ગૌરવાન્વિત કરી છે. રઘુવંશમાં 'દીપશિખા'ની ઉપમા થકી કવિ કુલગુરુ કાલિદાસના ઉપમા કાલિદાસસ્ય-આ બિરુદને ચાર ચાંદ લાગ્યા છે. શ્લોક છે-

संचारिणी दीपशिखेव रात्रौ यं यं व्यतीयाय पतिवरा सा ।
नरेन्द्र मागाद्‌ ईव प्रपेदे विवर्णभावं स स भूमिपालः ।

એનો અર્થ છે-અંધારામાં રાજમાર્ગ પરથી દીપશિખા (મશાલ) જ્યા જ્યાંથી પસાર થાય ત્યાં ત્યાં પાસેનાં ઘરો પ્રકાશિત થાય. દીપ આગળ જાય કે પાછળ અંધારું. તેવી રીતે દીપશિખા સમી લાવણ્યવતી ઈન્દુમતી સ્વયંવર વેળા જે જે રાજપુત્રો પાસેથી પસાર થઈ તેમનું મુખ આશાથી ઉજ્જવળ બન્યું, પરંતુ આગળ સરી તેમ પાછળ તેમના મુખ પર નિરાશાનો અંધકાર વ્યાપ્યો.

❑❑❑

સાહિત્યના અનેક પ્રકારોનાં ઉખાણાં પણ છે. રાજરાણી ઇન્દુમતી જેવો દીપરાજ્ઞીનો સંચાર ઉખાણાંના પ્રદેશમાં પણ છે. શ્રી દેવેન્દ્ર સત્યાર્થીનું ઉખાણું જોઇએ.

एक राजा की अनोखी रानी
नीचे से वह पीवे पानी (उत्तरदीपज्योति)

હેવતોના ઝરૂખામાં પણ દીવડાઓ ટમટમ ઝબુકે છે. દીવા જેવું, દીવામાં તેલ હોય ત્યાં લગી બળે, દીવો ઓલવાયો, દીવો રામ થવો, ડેલીએ દીવો નહીં, દીવા પાછળ અંધારું ઇત્યાદિ.

કોઇ બંધ સ્થાનકમાં વર્ષોના વર્ષોનું અંધારું હોય પણ એક દીપ પ્રગટે તો ક્ષણમાં અંધારું વિખરાય. હૃદય, મન કે દેહનાં વર્ષો બંધ ઓરડામાં, જામગરીમાં એક તણખો પડે તો ચૈતન્યની ચિનગારી પ્રજ્વળી ઊઠે. જ્ઞાનનો સૂર્ય પ્રકાશી ઊઠે તો વર્ષોનો અજ્ઞાનાંધકાર ક્ષણભરમાં વિલીન થઇ જાય. સંતને કવિ આર્જવભરી વિનવણી કરે છે-'ભૂલ્યાને પંથ સંત દીવો કરો.'

દીપજ્યોતિ સૂર્યનું સ્વરૂપ છે. અગ્નિનું તેજોમય રૂપ છે. दीपसूर्याग्निरुपस्त्वं तेजसां तेज उत्तमम् । દરેક ધર્મમાં કોઇને કોઇ રૂપે અગ્નિ છે જ. ધૂપ સ્વરૂપે, દીપ સ્વરૂપે, મીણબત્તી રૂપે, અખંડ જ્યોત રૂપે કે પછી આતશબહેરામ રૂપે. દીપ દેવપૂજાનું એક અંગ પણ છે અને દીપ સ્વતંત્ર રીતે પૂજાય પણ છે.

દીપપૂજા એટલે પ્રકાશની આરાધના.
પ્રકાશ એટલે જ્ઞાન, અંધકાર એટલે અજ્ઞાન.
પ્રકાશ એટલે મંગલ, અંધકાર એટલે અમંગલ.
પ્રકાશ એટલે જીવન, અંધકાર એટલે મૃત્યુ.

મૃત્યુનું સંકેતમાં ચલચિત્રણ કરવું હોય તો ઓલવાતા દીપ દ્વારા સૂચવે. દીવો રામ થવો એટલે કે પ્રાણજ્યોતિ બુઝાઇ જવી. મૃત્યુ સાથે અભિસારનું કવિવર શ્રી રાજેન્દ્રભાઇ શાહનું અનોખું કાવ્ય છે, 'શેખ અભિસાર'-એની આ પંક્તિઓ છે-

"હોલાતા દીપની છેલ્લી જલી રૈ' દિવ્ય કાંતિ આ...
શાંતિ હો ગતને, પૂંઠે રિક્તને શાંતિ શાંતિ હો..."

આપણા વ્યવહારમાંના કેટલાક અનુભવો છે, પાણીનો નળ જવાનો હોય તો જોરથી આવે, દીવો ઓલવાતાં પહેલાં વધારે તેજથી પ્રકાશે, તેવી રીતે આત્મજ્યોતિ બુઝાતા પહેલાં વધારે તેજસ્વી લાગે. તેથી ક્યારેક એવું પણ થાય કે કોઇ મરણશય્યા પર હોય, ક્ષણભર લાગે હવે પહેલાં કરતાં ઘણું સારું છે પણ હાથતાળી દઇ જીવન હાથમાંથી સરકી જાય.

જ્યોતિ એટલે શુભ. અંધકાર એટલે અશુભ. તેથી મૃત્યુના સમાચાર અશુભ કરીને કાળી પટ્ટીમાં આપે. અંધકાર એટલે રોગ, ભય, ચિંતા, વ્યથા. કૈકેયી કોપભવનમાં બેઠી, અંધારું કરીને. એ અંધકારને પગલે પગલે રામનો વનવાસ, પ્રજાની વ્યથા અને દશરથનું મૃત્યુ છે. તમસ એટલે મૃત્યુ, જ્યોતિ એટલે અમૃતત્ત્વ.

ઉપનિષદના મંત્રદ્રષ્ટાઓ તેથી જ તો આર્તપ્રાણ પ્રાર્થના કરે છે. આ પ્રાર્થના મોક્ષસાધકના મુખમાંથી નહીં, રોમ રોમમાંથી સંસ્ફુરે છે.

अस्तो मा सद् गमय ।
तमसो मा ज्योतिर्गमय ।
मृत्यो मा अमृतं गमय ॥

પ્રકાશ એટલે ચિરાયુ. રણસંગ્રામમાં જતાં પહેલાં મૃત્યુના ઓળાથી પતિને દૂર રાખવા પત્ની પતિને ઓવાળે. પર્વ પ્રસંગોએ બહેન ભાઇને ઓવાળે. ઓવાળવાની ક્રિયાને 'ઔક્ષણ' કહે. ઔષણ શબ્દ 'આયુષ્યવર્ધન'નો અપભ્રંશ છે. ઓવાળના પાછળ દીર્ઘાયુષ્ય, સુદીર્ઘ જીવન મૃત્યુના પરિહાર અને જીવનના ઉપહારની ભાવના છે. દીપજ્યોતિ શત્રુત્વ બુદ્ધિ હરનારી, ચિરાયુ બક્ષનારી, શુભ કરનારી છે.

शुभं करोतु कल्याणमारोग्यं धनसम्पद् ।
शत्रुबुद्धिविनाशाय दीपज्योतिर्नमोस्तु ते ॥

દીપજ્યોતિ સાથે શુભાશુભ સંકેતો વણાયેલાં છે. તે વર્ણવતો એક સંસ્કૃત શ્લોક છે-

रुक्षैर्लक्ष्मी विनाशः स्यात् श्वेतैरन्नक्षयो भवेत् ।
अतिरक्तेषु युद्धानि मृत्युः कृष्णा शिखासु च ॥

દીપજ્યોતિ સામાન્યતઃ હોય એના કરતાં જો રૂક્ષ હોય તો લક્ષ્મીનો નાશ સૂચવે. શ્વેત હોય તો અન્નક્ષય થાય. અતિ લાલ હોય તે યુદ્ધનો સંકેત કરે અને કૃષ્ણવર્ણા હોય તો મૃત્યુનો ઇશારો કરે.

પ્રકૃતિની પ્રત્યેક કૃત્તિમાં ભારતીય જીવનદષ્ટિ પરમતત્ત્વની વિભૂતિની અનુભૂતિ કરે છે. તેથી તો એ નદીને પૂજે છે, ગોરોચન જેવી માટીને પવિત્ર ગણે છે. પશુ-પક્ષી, વૃક્ષ-વનસ્પતિ, પર્વત-પાણી, અત્રતત્ર સર્વત્ર પરમાત્માનાં દર્શન કરે છે. જે ઉત્કટ ભાવનાથી ભગવાનને કે દેવ સરીખા માતા-પિતા, ગુરુ-અભ્યાગતને પ્રણામ કરે છે, તેવી જ ભક્તિભાવનાથી સંધ્યાકાળે સાંધ્યદીપની પણ કૃતજ્ઞતાપૂર્વક વંદના કરે છે.

दीपज्योतिः परब्रह्म दीपज्योतिर्जनार्दन ।
दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोस्तु ते ॥

એક દીપમાં બીજા દીપને પ્રગટાવવાનું સામર્થ્ય છે એ વિદ્યુતબત્તીમાં નથી. પ્રકાશ આપનારા વિદ્યુત પુરવઠા નિગમને આપણે પૈસા ચૂકવીએ છીએ પરંતુ જેણે આયુ, આરોગ્ય, જ્ઞાન, પ્રકાશ, સર્વસ્વ જીવન અર્પ્યું એવા પ્રકાશના સ્ત્રોતને, 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવા અપ્રતિમ દાતાને, લોકકલ્યાણકારી સૂર્યને, તેજોમય હિરણ્યગર્ભને માણસ શું ચૂકવી શકવાનો ? જેણે જીવનદીપને ટમટમતો, ઝળહળતો રાખ્યો એ તેજોમય તત્ત્વનું કેવળ અભિવાદન જ કરી શકાય, એને કેવળ વંદન જ હોઇ શકે.

જીવનનાં જે જે ઋણ ચૂકવી શકાય તેવાં હોતાં નથી તેને ભારતીય પ્રણાલી પ્રમાણે કેવળ વંદન જ કરી શકાય. એ માતૃઋણ હોય, પિતૃઋણ હોય, ગુરુઋણ હોય, નદી, પર્વત, ધરતી, સૂર્યનું ઋણ હોય એને ચૂકવવાની આપણામાં ક્ષમતા ક્યાં ? એની કેવળ અભિવંદના જ હોય.

એક ઉદાહરણ આપું. શ્રી રામચંદ્ર રાવણને સંહારી સીતાસહિત અયોધ્યા આવ્યા. રાજ્યાભિષેક થયો એની ખુશાલીમાં અનેકને અનેકવિધ ભેટસોગાદો આપી પણ હનુમાનને કંઇ નહીં કેવળ ભેટ્યા. સીતાજીને ખૂંચ્યું. પોતાનો નવલખો મુક્તાહાર હનુમાનને ભેટ આપ્યો. હનુમાન એક એક મોતી તોડે અંદર રામનામ જડે નહીં તેથી ફેંકી દે. સીતા સ્તબ્ધ બની જોઇ રહી. રામે ફોડ પાડ્યો-ભક્તોનું ભીડભંજન અને દુઃખ હરનાર રામ જેવા રામનું પણ સંકટમોચન કરનાર હનુમાન છે. આવા પરમમિત્રને કેવળ ધન-દોલતને ત્રાજવે તોળી ન શકાય. એને કેવળ વંદન જ હોય કે પછી રામની જેમ આલિંગન.

રામ રાવણને મારી અયોધ્યા આવ્યા તે દિવસ હતો દીપોત્સવીનો. દીપોત્સવી તો સાદ્યંત દીપ-આરાધનાનું પર્વ છે. દીપોત્સવી પછીના ક્રમે દીપને કેન્દ્રમાં રાખીને ઉજવાતો ઉત્સવ તે નવરાત્રિ. રાત્રિ ઉત્સવ છે માટે દીપ અનિવાર્ય. બીજું, નવરાત્રિમાં માટીનો જે ગરબો હોય છે તેને સંસ્કૃતમાં કહે દીપગર્ભા. કાણાંવાળા ઘડા/ગરબાની અંદર દીપ હોય એની આજુબાજુ સહુ ગરબે ઘૂમે. આ પ્રક્રિયા પ્રતીકાત્મક છે. દેહને માટીના ઘડાની ઉપમા આપવામાં આવી છે. ઘડાની અંદરનાં છિદ્રો ઇન્દ્રિયોનાં દ્વારનાં પ્રતીક છે. છદ્રમાંથી રેલાતું દીવાનું તેજ ઇન્દ્રિયોના દ્વાર વાટે રેલાતાં આત્મદીપનું પ્રતીક છે. જ્યાં સુધી આ જ્યોત પ્રકાશે છે ત્યાં સુધી જીવન છે. જ્યોત ઓલવાય પછી ખાલી ખોખાં જેવા દેહરૂપી ઘટનો આપણે ઘટસ્ફોટ કરીએ છીએ. સ્મશાનયાત્રા કાઢે ત્યારે અગ્નિસંસ્કાર કરનાર હાથમાં દોણી લઇને જાય છે અને સ્મશાનમાં ફોડે છે, તેની પાછળ પાર્થિવ દેહના ઘટસ્ફોટનો સંકેત છે. જન્મ અને મૃત્યુની ઘટમાળ ચક્રાકારે આત્મારૂપી સૂર્યની આસપાસ ગરબે ઘૂમે છે. ગરબે ઘૂમતી નારીઓના ગીતમાંય દીપકની આભા પ્રસરી છે.

"માડી ! તારા ઊંચા મંદિર નીચા ઓટલા,
ઝરૂખડે દીવા બળે રે લોલ."

ગરબામાં દીપ મધ્યમાં સ્થાપીને આસપાસ વર્તુળાકારે નૃત્ય છે તો દીપનૃત્યમાં મુખ, મસ્તક કે હાથમાં દીપ રાખીને નૃત્ય છે. સંગીત અને નૃત્ય જેવી કલાઓના ઝરૂખામાં પણ દીવાનો ઉજાસ છે. સંગીતમાં

દીપક રાગ છે, દીપચંદી તાલ છે. દીપક રાગ ગાવાથી દીવા તો પ્રગટયા પણ તાનસેનનાં અંગમાં જે અગન વ્યાપી તે તાના-રીરીના મેઘમલ્હારે બુઝવી. શિલ્પકલાના ક્ષેત્રમાં દીપમાળ અથવા તો દીપવૃક્ષ મહારાષ્ટ્રના હેમાડપંતી મંદિરોનું લલિત આભૂષણ છે.

બાળગીતો અને બાળકાવ્યોના ઝરૂખામાંય દીવાનો પ્રકાશ છે. એકાદ ગીતની પંક્તિ ટાંકું જે બાળપણમાં અનેકદા ગાતા હતા.

"મામાનું ઘર કેટલે ?
દીવા બળે તેટલે."

નાગર સંસ્કૃતિથી જાનપદ સંસ્કૃતિ પર્યંત દીપજ્યોતિનું સાર્વભૌમ સામ્રાજ્ય છે. ભારતીય સંસ્કૃતિની આ લાડકી પુત્રીઓ કલાના આંતર-બાહ્ય બંને જગતમાં પોતાનું માનભર્યું સ્થાન મેળવી લીધું છે. આ વ્હાલસોયી કુલદીપિકાએ સંસાર અને પરમાર્થ બંને કુળને ઉજાળ્યાં છે.

પરમાર્થમાં દીપજ્યોતિ એટલે આત્માની ચિત્કલા. તે પ્રકાશિત જ હોય. પણ ક્યારેક સહજ સંકોરાય, ક્યારેક સ્ફુર સ્ફુર થાય, ક્યારેક સ્ફુટ સ્ફુટ થાય, આ બાજુ ડોલે કે તે બાજુ ડોલે, પવનની સાથે ગરબે ઘૂમે. અવળી સવળી નાચે સુધ્ધાં. લાવણ્યની સાથે સાથે આ તેનું કાર્પણ્ય. આવી વિકારજનિત ચંચલતા નિર્મૂલ, નિઃશેષ, નહિવત્ થવી જ જોઇએ. આત્મજ્યોતિ પ્રિય-અપ્રિય, સુખ-દુઃખ, લાભ-અલાભ જેવાં દ્વંદ્વો અને ઝંઝાવાતોથી દૂર નિર્વાત પ્રદેશમાં સ્થિત, સ્થિર, સુદૃઢ થાય એ જ ઇષ્ટ. ગીતાનો શ્લોક છે-

यथा दीपो निवातस्थो नेङ्गते सोपमा स्मृता ।
योगिनो यतचित्तस्य युञ्जते योगमात्मनः ॥

જેવી રીતે વાયુરહિત પ્રદેશમાં દીપશિખા અવિચ્છિન્ન રહે, દીપજ્યોતિ હાલક-ડોલક થાય નહીં. તેનામાંથી ઉદ્ભવતું કાજળ પ્રકાશને ગ્રસે નહીં, જ્યોતિમત્વનું ખગ્રાસગ્રહણ કરે નહીં. મન દૃઢિષ્ઠ થાય, ભાવોદ્રેક આશિષ્ઠ થાય, બુદ્ધિ બલિષ્ઠ થાય, દીપજ્યોતિની આ સ્થિર સ્થિતિને યોગી પામે ત્યારે બત્રીસે કોઠે દીવા થઇ પ્રજ્ઞા પરબ્રહ્મમાં સ્થિર થાય. સ્થિતપ્રજ્ઞ થાય. દેહના ઝરૂખે ઝરૂખે આતમદીપ ઝળહળી ઊઠે. ❑❑❑

# સ્મરણીય મૂલ્યવંતો સંબંધ

❑ જયંત કોઠારી

સળગતી સરહદો, આંખોમાં ઊભરાતાં વૈમનસ્ય અને ખુન્નસનાં ઝેર, કાપાકાપી, અપહરણ ને લૂંટફાટનો છુટ્ટો દોર, સામસામી દિશામાંથી વહેતી નિરાશ્રીતોની વણથંભી વણઝાર, કાને અથડાતાં આક્રંદો ને નજરે ચડતી બેહાલી-આ વાતાવરણમાં પાંત્રીસેક વર્ષની કોઇ ગુજરાતણને ઘૂમતી તમે કલ્પી શકો છો ? હું તો કલ્પી શકતો નથી અને તેથી શ્રી ચી.ના. પટેલ પાસેથી કમળાબહેન પટેલ વિશે જ્યારે જાણ્યું કે એમણે ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે અપહૃતા સ્ત્રીઓને પાછી મેળવવાની, એમને સ્વસ્થાને પહોંચાડવાની વિકટ કામગીરી કરી છે અને પાકિસ્તાનના ભય-અંદેશાથી ભારેલા અને પ્રતિકૂળ વાતાવરણનો પણ મુકાબલો કર્યો છે ત્યારે મને એ એક વિરલ આશ્ચર્યજનક ઘટના લાગી. મૃદુલા સારાભાઇ, અલબત્ત, હતાં પણ એ તો જુદી જ માટીથી ઘડાયેલાં, વર્ષોથી જાહેર જીવનમાં પડેલાં, નામનાપ્રાપ્ત અને ઘણા વિશાળ સંબંધો ધરાવતાં થઇ ગયેલાં. પણ કમળાબહેને તો આવી કશી મૂડી વિના ઝુકાવેલું. ' મૂળ સોતાં ઊખડેલાં'માં એમના અનુભવોની કથની વાંચી તે અત્યંત રોમાંચક હતી ને એમણે વિકટ પરિસ્થિતિમાં દાખવેલાં સાહસ, હિંમત, ધૈર્ય અને સ્વસ્થતા માટે ઊંડો આદર થયો. હૃદયમાં રોષ અને વેદનાનો અગ્નિ પણ વર્તનવ્યવહારમાં અનાકુલતા અને ઠંડી તાકાત-આ ખરેખર એક અજબ સિદ્ધિ કહેવાય.

મારે માટે એક બીજું આશ્ચર્ય હજું વાટ જોતું હતું. કમળાબહેનને શ્રી ચી.ના પટેલને ત્યાં મળવાનું થયું-પછી તો વારંવાર. એક બે વખત એ મારે ત્યાં પણ આવી ગયાં. જેને અનિષ્ટનો કટુ સાક્ષાત્કાર થયો હોય, જેણે માનવતાનો હ્રાસ જોયો હોય, જે ઉગ્ર તાવણીમાંથી પસાર થયેલ હોય તેના વાણીવર્તનમાં તો કેવો તાપ હોય-આપણને પણ દઝાડે એવો ? કમળાબહેનમાં એ લગીરેય નહીં. મૂંગી વેદના ખરી, શાંત નારાજગી ખરી, પણ વેદનાનો ચિત્કાર નહીં, આક્રોશ કે આવેશ નહીં. પોતે કંઇક કર્યું છે એવા અહંનો પણ અણસાર નહીં. કોઇની ટીકા-નિંદા કરવાનો રસ નહીં. પરિસ્થિતિને સમગ્રતામાં જોવાની આદત. પોતાના ગમા-અણગમાને મોટું રૂપ આપવાથી બચનારાં. એક સરલ, સહજ વ્યક્તિત્વ.

ને પ્રેમાળ પણ. 'મૂળ સોતાં ઊખડેલાં'ની બીજી આવૃત્તિના પ્રકાશનમાં મારે થોડા સહાયરૂપ થવાનું આવેલું. મેં તો કમળાબહેન પ્રત્યેના નર્યા આદરથી એ કર્યું. હું પોતે તો માનવસેવાની કોઇ પ્રવૃત્તિ કરી શક્યો નથી, પણ તેથી જ એવી પ્રવૃત્તિ કરનારાઓ પ્રત્યે મને હંમેશાં અહોભાવ થાય છે ને એમનું મારાથી થઇ શકે એવું કંઇ કામ કરવાનું આવે તો હું ધન્યતા અનુભવું છું. બીજી કશી અપેક્ષા તો હોય શાની ? પણ પટેલ સાહેબની પુત્રી દીનાએ એક દિવસ મારા હાથમાં એક કચ્છી શાલ મૂકી અને કહ્યું કે કમળાબહેને તમને આપવા જણાવ્યું છે. ન કમળાબહેને કહ્યું હતું, ન દીનાએ ખરીદતાં પહેલાં મને પૂછ્યું હતું. એ જાણતાં જ હશે કે હું એમાં સંમતિ ન આપું. પણ જ્યારે શાલ મારે નિમિત્તે ખરીદાઇ ગઇ હતી ત્યારે કમળાબહેનના એ પ્રેમ-પ્રતીકનો હું અસ્વીકાર કરી શક્યો નહીં.

કમળાબહેનનો પ્રેમ એવો સ્વાભાવિક વરતાતો કે એમની સાથેના સંબંધમાં મને ક્યાંય કશો સંકોચ નડ્યો નહીં, કોઇ ઉપચારની આવશ્યકતા ન જણાઇ. મુંબઇ જઉં ત્યારે એમને મળવાનું, એમને ત્યાં ઊતરવાનું એમનું સદાનું નિમંત્રણ. એમને અવારનવાર મળવા હું જતો; મને એ ગમતું. વિલેપાર્લામાં મારા સાઢુભાઇની નજીકમાં જ એ રહે. મારા સાઢુભાઇને ત્યાં હું હોઉં અને મારે ક્યાંય ટેલિફોન કરવા હોય તો હું કમળાબહેનને ત્યાં પહોંચી જઉં. એક વખત હું ને મારાં પત્ની મારા સાઢુભાઇને ત્યાં ગયાં ત્યારે તેમનું ઘર બંધ હતું. અમારે એક ઠેકાણે ખરખરે જવાનું હતું ને મારાં પત્નીને કપડાં બદલવાનાં હતાં. મેં મારાં પત્નીને કહ્યું- આપણે કમળાબહેનને ત્યાં જઇએ, જરા તાજા થઇએ, ચા- કૉફી પીએ ને તું કપડાં બદલાવી લેજે. એને સંકો થતો હતો પણ મેં કહ્યું કે કમળાબહેનને ત્યાં માગીને પણ ચા-કૉફી પીવાય. પણ કમળાબહેનને ત્યાં માગવાની જરૂર ઓછી પડે ?

કમળાબહેન સાથેનો સંબંધ જિંદગીના કેટલાક સ્મરણીય મૂલ્યવંતા સંબંધોમાંનો એક હું ગણું છું.

કમળાબહેનના પુસ્તક 'મૂળ સોતાં ઊખડેલાં'માં માનવપ્રકૃતિના અંધારાં-અજવાળાંનું-હા, અજવાળાંનું પણ-આલેખન છે, બોધપાઠ લેવા જેવો ઇતિહાસ છે ને આપણી ગ્રંથિઓને ભેદી નાખે એવું ઘણું છે. દરેક ગુજરાતીએ એ પુસ્તક અવશ્ય વાંચવું જોઇએ. ❑❑❑

## સંઘના ઉપક્રમે નેત્રયજ્ઞ

સંઘના ઉપક્રમે નીચે પ્રમાણે નેત્રયજ્ઞનું આયોજન થયું છે :

(૧) વિશ્વવાત્સલ્ય ઔષધાલયના સહયોગથી ગુંદી મુકામે તા. ૨૧- ૨૨, નવેમ્બર, ૧૯૯૨ના રોજ નેત્રયજ્ઞ યોજાશે.

(૨) સ્વ. શાંતિલાલ મહેતાના સ્મરણાર્થે શ્રીમતી કલાવતીબહેન શાંતિલાલ મહેતાના આર્થિક સહયોગથી ચિખોદરાની આંખની હૉસ્પિટલ દ્વારા ભરૂચ જિલ્લામાં જંબુસર પાસે તા. ૨૮-૨૯, નવેમ્બર, ૧૯૯૨ના રોજ નેત્રયજ્ઞ યોજાશે.

રસિકલાલ લહેરચંદ શાહ
સંયોજક

નિરૂબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
મંત્રીઓ

# અપરાધભાવની સાચી સમજનું ચૈતસિક કક્ષાએ વિચરણ

❑ પન્નાલાલ ૨. શાહ

પોતાના નિત્ય જીવનમાં માનવી લાગણી અને ભાવવેગથી વ્યવહારપ્રવૃત્ત થતો હોય છે. પરંતુ એને આ લાગણીઓ અને સંવેગોની પૂરે પૂરી ઓળખ હોતી નથી. કારણ કે એનાં મૂળિયાં કે સગડ તો જાગૃત મનની પહોંચની બહાર સુપ્રચેતન અથવા અવચેતનની અકળ ભૂમિમાં પડ્યાં હોય છે. સુપ્રચેતનની આ કારકતાનો ખ્યાલ મનોવિશ્લેષણનું પાયાનું ગૃહિત છે.

આપણી મનોચેતનાનો અતિ વ્યાપક પ્રદેશ રોકીને બેઠેલો સુપ્ર ચેતન, તત્ત્વતઃ, વિધાયક માનસિક શક્તિ છે. આપણા બોધાત્મક અને ભાવાત્મક ક્રિયાવ્યાપારોમાં પરોક્ષરૂપે, એ નિર્ણાયક ભૂમિકા ભજવતું હોય છે. સામાજિક વિધિનિષેધો, નૈતિક ખ્યાલો કે અન્ય પરિસ્થિતિજન્ય નિયંત્રણો ને લીધે વણપૂરી એષણાઓ આ સુપ્રચેતનમાં દમિત અવસ્થામાં ઢબૂરાઈને-ભંડારાઈને પડી રહે છે એની ભીતરી મનોચર્યાની પ્રકૃતિ અને પ્રવર્તનને લગતી કેટલીક ખાસિયતોને આધીન રહીને, મોકો મળતાં, આ પ્રચ્છન્ન એષણાઓ પરોક્ષ પ્રકટીકરણનો આશરો લઈને જુદી જુદી પ્રયુક્તિઓ દ્વારા પ્રકારાન્તે વ્યક્ત થઈ જતી હોય છે અને એવી ઘટનામાં પ્રત્યક્ષ વાસ્તવની ન્યાયયુક્તતા કે ઉપપન્નતાના મેળમાં એ હોતી નથી. ભીતર મનોજગતમાં સર્જાતા મનોદ્વંદ્વો અને વિરોધી ભાવોની સહોપરિસ્થિતિઓ મનોગ્રંથીઓ ખડી કરે અને એવા સંઘર્ષમાંથી મનોવિક્ષેપની ભાતભાતની સમસ્યાઓ પણ ઊભી થતી હોય છે.

આમ માનવીના જાગૃત મનની સપાટી પર પ્રત્યક્ષ થતાં વ્યવહારો અને એને સંચારિત કરનારાં ચૈતસિક પરિબળો અતિ ગૂઢ અને સંકુલ હોય છે. કેટલીકવાર એના બાહ્ય વર્તનવ્યવહાર, સુપ્રચેતન કે અર્ધચેતન મનોજગતના કોઈ અકળ વ્યાપારનું અવાંતર સ્ફુરણ હોવાની સ્થિતિમાં એ છેતરામણાં પણ હોઈ શકે. આ કારણો માનવીના બાહ્યવર્તન, વ્યાપારપ્રવૃત્તિની મનોવિશ્લેષણાત્મક તપાસ એના આંતરબાહ્ય વ્યક્તિત્વને ઉકેલવામાં અને તે દ્વારા સમુચિત પરિપ્રેક્ષ્યમાં એનું અર્થઘટન કરવામાં ખૂબ ઉપયોગી નીવડે છે. માનવીના પ્રગટમનને અનાવૃત્ત કરી એની તળે રહેલાં અવચેતન અને સુપ્રચેતનના ચૈતસિક પ્રવાહોનો આ રીતે સાંપડતો પરિચય એક તરફ એને પામવામાં સહાયક નીવડતો હોય છે તો બીજી તરફ માનવમનના અગોચર પ્રદેશમાં થતો અંતઃપ્રવેશ આપણી જિજ્ઞાસા સંતોષવાનું કામ કરે છે.

સુપ્રચેતન કે અર્ધચેતન મનોજગતના અકળ વ્યાપારનું એક સરસ ઉદાહરણ ડૉ. રમણલાલ પટેલે એમના પુસ્તક 'માનસ દર્શન'માં ટાંક્યુ છે. અગિયાર વર્ષની દીકરી ઉછળીને કબાટ પર પડેલાં રબરના દડાને લેવા સ્ટૂલ પર ઊભી રહી. સ્ટૂલ ખસી જતાં તે નીચે પડી ગઈ અને તેનો જમણો હાથ ભાંગી ગયો. હાથનું હાડકું સરખું થયા પછી પણ તેનો હાથ સીધો થયો નહીં. એથી બધાંને આશ્ચર્ય થયું. આ અરસામાં તે દીકરીના પિતાશ્રીને તેની શાળાના આચાર્યે મળવા બોલાવ્યો. તે દીકરીએ તેની સખી પર બીભત્સ પત્ર લખ્યો હતો, જે સંજોગવશાત્ તે સખીની માતાના હાથમાં આવ્યો અને તેમણે તે પત્ર તેઓની શાળાના આચાર્યશ્રી પર મોકલી આપ્યો. શાળાના આચાર્યને આવા પત્રથી ખૂબ જ સૂગ થઈ અને સંસ્કારિતના આગ્રહી આચાર્યએ આ દીકરીને ઉઠાવી લેવાની ફરજ પાડી. દીકરીના પિતાશ્રી વ્યાકુળ બન્યા અને મનોવિશ્લેષણ માટે ડૉ. રમણલાલ પટેલ પાસે તેને લઈને આવ્યા. અગિયાર વર્ષની આ દીકરીને કામ જિજ્ઞાસા દબાવી દીધી હતી, એટલું જ નહિ પરંતુ કામવૃત્તિ અંગેનો અપરાધભાવ તેને પજવી રહ્યો હતો. આવેશમાં આવી જઈ તેણે પત્ર તો લખી નાખ્યો પરંતુ તે લખ્યા પછી તેણે બહુ મોટું પાપ કરી નાખ્યું છે તેવું માની તે મનોમન પોતાની જાતને નિંદવા લાગી, મનોમન પિડવા લાગી. પાપનો ખ્યાલ અને શિક્ષાની ભાવનાનું આપણે ત્યાં સાયુજ્ય છે. તેથી સ્ટૂલ પર ઊભી રહી તે જ્યારે રબરનો દડો લેતી હતી, ત્યારે તે સ્ટૂલ ખરેખર ખસી ગયું ન હતું. પરંતુ તેણે કરેલાં પાપની શિક્ષા કરવા અજ્ઞાત મને તે સ્ટૂલ ખસેડી લીધું હતું અને તે નીચે ગબડી પડી.

તેના મનની વણપૂરાયેલી એષણાની અભિવ્યક્તિમાં તેનો જમણો હાથ સાધન તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. તેથી તે હાથ આવું કદી ન કરે તે માટે તે હાથને શિક્ષા કરવાનું અજ્ઞાતમન દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યું હતું અને સ્ટૂલ ખસેડી નાખી તેને એવી રીતે પાડી કે તેનો જમણો હાથ ભાંગી ગયો. તેના હાથનું હાડકું બરાબર સાજું થઈ ગયું હોવા છતાં તેનો જમણો હાથ સીધો કરી ઉપયોગમાં તે લઈ શકતી ન હતી. અજ્ઞાતમને નક્કી કરેલ શિક્ષા અને એણે ભજવેલ ભૂમિકાનો આ સજ્જડ પુરાવો છે.

મનોવિશ્લેષણ કરતાં જેમ જેમ તે દીકરીના મનમાંથી કામવૃત્તિ અંગેનો અપરાધભાવ ઓછો થતો ગયો અને તેની દમિત અને ગૂંગળાયેલી કામજિજ્ઞાસાની સાચી સમજ આપવામાં આવી ત્યારે તેનો હાથ સીધો થવા લાગ્યો. તે જોઈ દીકરીએ તેના પિતાશ્રીને કહ્યું પણ ખરું : "મારા હાથને મનોવિશ્લેષક અડકતાં પણ નથી, છતાં તે સીધો થવા લાગ્યો તે કેવી અજબ વાત છે."

❖ ❖ ❖

પર્યુષણ પર્વ આવે અને આપણે દૈનિક, પાક્ષિક, કે ચાતુર્માસિક આલોયણા કરતાં ન હોઈએ તો ઓછામાં ઓછું સાંવત્સરિક પ્રાયશ્ચિત માટે તત્પર રહીએ છીએ. પર્યુષણનાં પહેલાં એટલે કે અઠ્ઠાઈધરના દિવસે એનું મહત્ત્વ ગુરુ મહારાજ ઉપાશ્રયમાં એમના વ્યાખ્યાનમાં સરસ રીતે સમજાવે છે. એ વ્યાખ્યાનમાં લક્ષ્મણા સાધ્વીના એળે ગયેલા પ્રાયશ્ચિતનું ઉદાહરણ આપવામાં આવે છે.

લક્ષ્મણા સાધ્વી પંચ મહાવ્રતધારી હતા. કોઈ દુર્ભાગી પળે એમણે કામક્રીડામાં રત વિહંગોને જોયાં અને મનોગત ભૂમિકાએ પોતાના માટે એવા સુખની કલ્પનાનો, એક ક્ષણપૂરતો, વિચાર કર્યો. એ સાધ્વી આમ તો જાગૃત હતાં. એટલે વૈચારિક દૃષ્ટિએ કામક્રીડાના આનંદની સુખસભર કલ્પના કરવા માટે એમનો અંતરાત્મા ડંખવા લાગ્યો. એ અંગેના પ્રાયશ્ચિત્તની એમને તત્પરતા હતી, પરંતુ ગુરુ સમક્ષ એવાં વ્રતભંગનો સ્વીકાર કરવાની માનસીક તૈયારી ન હતી. એટલે એમણે એવો માયાચાર કે કોઈ વ્યક્તિ-સાધુએ આવો વ્રતભંગ કર્યો હોય તો તેણે કેવું પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ; એ બાબતમાં શાસ્ત્રકથન શું છે તે જાણવાની જિજ્ઞાસાવૃત્તિથી તેઓ આવો પ્રશ્ન કરી રહ્યા હોવાનો એમણે સ્વાંગ રચ્યો. ત્યારબાદ ગુરુએ દર્શાવેલ શાસ્ત્ર-કથન પ્રમાણે એમણે આલોયણા કરી. વર્ષો સુધી તપ કર્યું, પરંતુ એવી તપશ્ચર્યા લેખે લાગી નહિ. કારણ કે એ આત્મવંચના હતી, માયાચાર હતો. પોતાની માની લીધેલ પ્રતિષ્ઠાની ખેવના વગર નિખાલસતાથી ગુરુસમક્ષ પોતે કરેલાં દોષ વ્રતભંગ કે ક્ષતિઓની કબૂલાત કરી, પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. અન્યથા લક્ષ્મણા સાધ્વીની માફક આલોયણા કરવામાં આવે તો એળે જાય છે.

❖ ❖ ❖

આપણે અહીં બે ઉદાહરણો જોયાં : અગિયાર વર્ષની દીકરી અને સાધ્વી લક્ષ્મણાનું. અગિયાર વર્ષની દીકરીએ કામજિજ્ઞાસા દબાવી અને બીભત્સ પત્ર દ્વારા એ વ્યક્ત કરી. એથી જાગેલાં અપરાધભાવની એનાં અજ્ઞાતમને એના જમણા હાથને એવી શિક્ષા કરી કે તે હાથ સીધો થાય જ નહિ. એ અપરાધભાવની સાચી સમજણ જ્યારે પ્રગટી ત્યારે જ એ હાથ સીધો થયો. અહીં અજ્ઞાતમને કરેલી શિક્ષાની સમજ જ્ઞાતમનને નથી. મનોવિશ્લેષક દ્વારા એની સાચી સમજ આપવામાં આવી ત્યારે એનો ખ્યાલ આવ્યો. સાધ્વી લક્ષ્મણાએ મનોગત કક્ષાએ કરેલાં વ્રતભંગનું પ્રાયશ્ચિત અને અગિયાર વર્ષની દીકરીના અજ્ઞાત મને કરેલ શિક્ષાને લગોલગ મૂકીને વિચારીએ તો અજ્ઞાતમનના એ આંતરપ્રવાહનું ચૈતસિક કક્ષાએ વિચરણ નથી અને એટલે અજ્ઞાતમને શિક્ષાનું તાકેલું નિશાન વ્યર્થ ગયું તેમ જ એ હાનિકારક નીવડ્યું. લક્ષ્મણા સાધ્વીના દૃષ્ટાંતમાં એમણે કરેલ પ્રાયશ્ચિત્ત એ અજ્ઞાતમનના આંતરપ્રવાહનું ચૈતસિક કક્ષાએ વિચરણ થતું નથી એમ ઘટાવીએ તો એમના એળે ગયેલાં પ્રાયશ્ચિત્તનો તાળો કે સગડ મળી રહે. મનોવિશ્લેષકે અગિયાર વર્ષની દિકરીને અપરાધભાવની આપેલ સમજ અને ગુરુ સમક્ષ નિખાલસભાવે વ્રતભંગની કબૂલાતની વિચારણા કરીએ તો સાચી સમજથી જેમ અગિયાર વર્ષની દીકરીનો જમણો હાથ સીધો થઈ ગયો તેમ વ્રતપાલન અને ભંગની મનોવિશ્લેષકની જેમ, ગુરુ સમક્ષ નિખાલસભાવે કબૂલાત થાય તો તેની સાચી સમજ પ્રગટે અને પ્રાયશ્ચિત એળે ન જાય તેમ ઘટાવી શકાય.

❑❑❑

# રખડુ જુગારીમાંથી વિશ્વવિખ્યાત જૈનાચાર્ય

## કાશીવાળા શાસ્ત્રવિશારદ

# પ.પૂ. સ્વ. વિજયધર્મસૂરિજી મહારાજ

❑ રમણલાલ ચી. શાહ

વિક્રમની વીસમી સદીના મહાન જૈનાચાર્યોમાં કાશીવાળા પ.પૂ. સ્વ. વિજયધર્મસૂરિજી મહારાજની પ્રતિભા ઘણી અનોખી હતી. તેમનું વ્યક્તિત્વ વિલક્ષણ હતું. એ જમાનામાં વિદેશોના જૈન ધર્મના વિદ્વાનો સાથે જેમને વધુમાં વધુ સંપર્ક હોય તેવા જૈન મુનિઓમાં શ્રી વિજયધર્મસૂરિજી હતા. એ કાળ દરમિયાન જેમનું જીવનચરિત્ર દુનિયાની વધુમાં વધુ ભાષામાં લખાયું હોય તેવા જૈન મુનિઓમાં પણ શ્રી વિજયધર્મસૂરિજી હતા. તેઓ હતા મહુવાના, પણ તેમનું કાર્યક્ષેત્ર ઘણા લાંબા સમય સુધી કાશી રહ્યું હતું એટલે તેઓ 'કાશીવાળા' તરીકે સમગ્ર ભારતમાં પંકાયા હતા.

શ્રી વિજયધર્મસૂરિ મહારાજનો જન્મ વિ.સં. ૧૯૨૪માં સૌરાષ્ટ્રમાં મહુવા નગરમાં થયો હતો. તેમનું નામ મૂળચંદ હતું. તેમના પિતાનું નામ રામચંદ્ર હતું. તેમની માતાનું નામ કમળાબહેન હતું. તેઓ વિશાશ્રીમાળી જ્ઞાતિના હતા. મૂળચંદને બે ભાઇઓ હતા અને ચાર બહેનો હતી. તેમનું કુટુંબ વિશાળ હતું. રામચંદ્રના ત્રણ દીકરાઓમાં મૂળચંદ સૌથી નાના હતા. તેમનું કુટુંબ મહુવાનું એક સાધારણ સુખી કુટુંબ હતું. એ જમાનામાં છોકરાંઓના વિદ્યાભ્યાસ ઉપર બહુ લક્ષ અપાતું ન હતું. મૂળચંદ સ્વભાવે આનંદી હતો. તેને શાળામાં જઇને ભણવા કરતાં રમવામાં અને વાડીઓમાં રખડવામાં વધારે આનંદ આવતો. આથી શાળામાં તે વારંવાર નપાસ થતો, પરંતુ મોટા કુટુંબને લીધે કોઇ તેને ભણવા માટે બહુ રોકટોક કરતું નહિ.

મૂળચંદ સૌથી નાનો દીકરો હોવાને લીધે માતા કમળાબહેન પણ તેને બહુ લાડથી રાખતાં. એને લીધે મૂળચંદમાં દિવસે દિવસે સ્વચ્છંદતા વધતી ગઇ હતી. તે કોઇને કહ્યા વગર ગમે ત્યારે ઘરની બહાર રમવા ચાલ્યો જતો અને ગમે ત્યારે પાછો આવતો. બાર- તેર વર્ષની ઉંમરે થઇ તો પણ ભણવામાં તે 'ઢ' જેવો હતો. વળી ખરાબ મિત્રો સાથે રખડવાને લીધે તથા તેવાની સોબતને લીધે તેને નાનપણમાં જુગાર રમવાની ટેવ પડી ગઇ હતી. જુગારમાં તે ધીમે ધીમે મોટી રકમની હારજીત કરવા લાગ્યો હતો. એક વખત તે વધુ રકમ હારી ગયો એટલે પોતાના હાથ ઉપરના સોનાનાં ઘરેણાં શરાફને ત્યાં ગીરો મૂકીને દોઢસો રૂપિયા લઇને જુગારની ખોટ તેણે ચૂકવી હતી. એ વાતની જ્યારે ઘરમાં બધાંને ખબર પડી ત્યારે મૂળચંદને ભાઇઓએ તથા પિતાશ્રીએ બહુ માર માર્યો હતો. પિતાશ્રીને માથે આ રીતે ઘરેણાં છોડાવવા માટે દોઢસો રૂપિયાનું દેવું થઇ ગયું. મૂળચંદ ફરી જુગાર રમવા ન જાય એ માટે કુટુંબનાં સભ્યોએ ચાંપતી નજર પણ રાખવા માંડી.

### દીક્ષા :

કિશોર મૂળચંદની પાસે હવે પૈસા નહોતા એટલે વધુ જુગાર રમવાની કોઇ શક્યતા નહોતી. વળી પૈસા નહોતા એટલે કોઇ જુદો ધંધો કરીને કમાવાને અવકાશ પણ નહોતો. આ સંજોગોમાં મૂળચંદે મહુવામાં એક કંદોઇને ત્યાં નોકરી ચાલુ કરી. મહિને લગભગ એક રૂપિયાનાં પગારમાં કંદોઇ આખો દિવસ જાતજાતની મજૂરી કરાવતો. મજૂરીના પૈસામાંથી થોડા વાપરતાં વાપરતાં બાકીના જે બચતા તે બચાવીને મૂળચંદે પોતાની પાસે છ રૂપિયા જેટલી રકમ એકઠી કરી હતી. એ જમાનામાં એ ઘણી સારી રકમ કહેવાય.

રૂપિયા હાથમાં આવતાં મૂળચંદના મનમાં જાતજાતના તર્ક ચાલવા લાગ્યા. એટલા રૂપિયા કાં તો લેણદારને આપી શકાય અથવા ઘરે પિતાજીને આપી શકાય અથવા એટલા રૂપિયાનો ફરી એકવાર જુગાર રમી શકાય. મૂળચંદને ત્રીજો વિકલ્પ વધુ ગમ્યો કારણકે જુગારનો ચટકો હજુ ઓછો થયો નહોતો. વળી જો જુગારમાં જીતી ગયા તો માથેથી દેવું પણ થોડું ઊતરી શકે અને પિતાજીને બતાવી દઇ શકાય કે 'જુગારમાં હું જીતી પણ શકું છું.'

છ રૂપિયા લઇ મૂળચંદે ફરી પાછો ખાનગીમાં જુગાર રમવો ચાલુ કર્યો. આ વખતે નસીબે એને યારી આપી. તે જુગારમાં જીતતો ગયો. એમ કરતાં આ વખતના જુગારમાં લગભગ દોઢસો રૂપિયા એ કમાયો. એને થયું કે આ રકમ દ્વારા પિતાજીનું દેવું ચૂકવી દઉં. એણે પિતાજીના હાથમાં દોઢસો રૂપિયા મૂક્યા. પિતાજીને એથી નવાઇ લાગી. બીજી બીજુ દેવું ચૂકતે થયું એથી સંતોષ થયો.

મૂળચંદના મનમાં હવે ગડમથલ ચાલવા લાગી. જુગારીનું મન જુગાર રમવામાં દોડે. કુટુંબ પ્રત્યે કંઇક અભાવ પણ થયેલો. એમ છ[illegible] મૂળચંદ જુગારમાં ન લપટાયો. એને મહુવા છોડી ક્યાંક ભાગી જ[illegible] હતું. ત્યાગ વૈરાગ્યના સંસ્કાર પણ એનામાં હતા. પૂર્વના પુણ્યના ઉદયે જુગારને બદલે ત્યાગ વૈરાગ્ય તરફ એનું મન વધુ ઢળ્યું. મૂળચંદને લાગ્યું કે ઘર છોડીને ચાલ્યા જવાની વાત માતા-પિતાને જો પોતે કરશે તો તેઓ સંમતિ નહિ જ આપે, ઊલટાનું, વધુ કડક બંધનમાં રાખશે. પિતાજી ધર્મપ્રિય હતા, પરંતુ દીક્ષાની વાતમાં સંમતિ આપે એવા નહોતા. એટલે એક દિવસ મૂળચંદ કોઇને પણ કહ્યા વગર ઘર છોડીને ભાગી ગયો. તેની ઉંમર ત્યારે પંદર વર્ષની હતી. તે ભાવનગર પહોંચ્યો અને ઉપાશ્રયમાં દાખલ થયો. ત્યાં ઉપાશ્રયમાં વૃદ્ધિચંદ્રજી મહારાજનું વ્યાખ્યાન ચાલતું હતું તે સાંભળવા બેઠો. પવિત્ર, શાંતમૂર્તિ એવા મહારાજશ્રીના વ્યાખ્યાનની કંઇક જાદુઇ અસર તેના ચિત્ત ઉપર થઇ.

મૂળચંદને વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લેવાનું મન થયું. એકાન્ત સાધીને એણે મહારાજશ્રીને કહ્યું, 'મહારાજ સાહેબ, મારે તમારી પાસે દીક્ષા લેવી છે. હું કશું ભણ્યો નથી. મને લખતાં વાંચતા પણ બરાબર આવડતું નથી. મેં અત્યાર સુધી રખડી ખાધું છે. જુગાર રમ્યા કર્યો છે. પણ હવે મને દીક્ષા લેવાની ઇચ્છા થઇ છે.'

વૃદ્ધિચંદ્રજી મહારાજે કહ્યું, 'ભાઇ, તને દીક્ષા લેવાનો વિ[illegible] આવ્યો એ ખરેખર બહુ સારી વાત છે. તેં રખડી ખાધું છે તો ભલે, હજુ ક્યાં તારી ઉંમર વહી ગઇ છે ? તને જુગાર છોડીને દીક્ષાના ભાવ થયા એ જ મોટી વાત કહેવાય. તને લખતાં વાંચતા નથી આવડતું તેનો કશો વાંધો નહિ. અમે તને ભણાવીશું, પણ મહત્ત્વની વાત તો એ છે કે તારા માતા-પિતાની રજા વગર અમે તને દીક્ષા આપી શકીએ નહિ.'

માતા-પિતાની સંમતિ માટે મહારાજશ્રીએ આગ્રહ રાખ્યો, પરંતુ મૂળચંદ માટે આ બહુ મુશ્કેલ કાર્ય હતું, છતાં એણે મહારાજશ્રીની સૂચનાનુસાર ઘરે જઇને દીક્ષા લેવાની વાત કરી. મૂળચંદના પિતાશ્રી રામચંદ્ર તો હવે ઉંમરને લીધે બંને આંખ ગુમાવી બેઠા હતા. એ દિવસોમાં મોતીયો વગેરેની શસ્ત્રક્રિયા થતી નહોતી એટલે અંધાપો વેઠવા સિવાય કોઇ ઇલાજ નહોતો. પિતાશ્રીના મનમાં વિચાર આવ્યો કે રખડુ છોકરો કાયમનો જુગારી થઇ જાય એના કરતાં દીક્ષા લે તે સારું છે, છતાં એમણે સ્પષ્ટ સંમતિ ન આપી. મૂળચંદની માતાએ તો ઘરમાં રોકકળ કરી મૂકી. દીક્ષા કેવી ને વાત કેવી ? એને તો દીકરાને પરણાવીને ઘરમાં વહુ આણવી હતી. એના મનમાં ખાતરી હતી કે એક વખત દીકરાને પરણાવી દીધો અને ઘરમાં વહુ આવશે એટલે દીકરાનું બધું રખડવાનું આપોઆપ બંધ થઇ જશે. મૂળચંદના મોટા ભાઇઓ તો રોષે ભરાયેલા હતા. એના કાકાઓ અને બીજા સગાંઓએ પણ મૂળચંદને દીક્ષા ન લેવા માટે સ્પષ્ટ ધમકી આપવા સાથે વાત કરી હતી. આથી મૂળચંદ નિરાશ થયો. ત્યાર પછી બીજી-ત્રીજી વાર દીક્ષા લેવાની વાત જ્યારે પણ મૂળચંદ કાઢતો ત્યારે ઘરનું વાતાવરણ તંગ થઇ જતું.

માતા રડવા લાગતી. ભાઇઓ તથા બીજા મૂળચંદને બહુ માર પણ મારતા.

ઘરમાં આવો ત્રાસ વેઠવો પડતો હોવા છતાં મૂળચંદે દીક્ષા લેવાની પોતાની હઠ છોડી નહિ. ધીમે ધીમે વિરોધ ઓછો થતો ગયો. માર ઓછો પડતો ગયો. છોકરો ભાગી જઇને ક્યાંક દીક્ષા લઇ લેશે એના કરતાં રજા કેમ ન આપવી? એવા વિચારો ઘરમાં ધીમે ધીમે માંહોમાંહે ચાલવા લાગ્યા.

એમ કરતાં એક દિવસ મૂળચંદને દીક્ષા લેવા માટે ઘરમાંથી બધાંની રજા મળી. એના પિતાશ્રીએ મહાજનની સાક્ષીએ રજા આપી, જેથી દીક્ષા લેવામાં કોઇ બાધ નડે નહિ.

રજા મળતાં જ મૂળચંદ વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે આવી પહોંચ્યો. દીક્ષા માટે રજા મળ્યાની વાત કરી. મહારાજશ્રીને પણ બહુ આનંદ થયો.

દીક્ષાનો દિવસ નક્કી થયો. ભાવનગરમાં વિ.સં. ૧૯૪૩ના જેઠ વદ ૫ના રોજ ઓગણીસ વર્ષની વયે મૂળચંદને ભાવનગરના સંઘમાં વૃદ્ધિચંદ્રજી મહારાજના હસ્તે દીક્ષા આપવામાં આવી. સંઘે ખૂબ મોટો મહોત્સવ આ પ્રસંગે કર્યો અને ઠીક ઠીક ધન વાપરવામાં આવ્યું. મૂળચંદનું નામ હવે મુનિ ધર્મવિજય રાખવામાં આવ્યું.

## વિદ્યાભ્યાસ :

કિશોર મૂળચંદે દીક્ષા લીધી ત્યારે એને લખતાં વાંચતા ખાસ કશું આવડતું નહોતું. એટલી હદ સુધીનું એનું આ અજ્ઞાન હતું કે 'ભાવનગર' જેવો સરળ અને સુપરિચિત શબ્દ પણ બરાબર લખતાં એને નહોતું આવડતું તો પછી પોતાનું 'ધર્મવિજય' એવું પોતાનું નામ તો લખતાં ક્યાંથી જ આવડે?

મૂળચંદે દીક્ષા લેતી વખતે વૃદ્ધિચંદ્રજી મહારાજને કહ્યું હતું કે 'હું અભણ છું, છતાં ગોચરીપાણી લાવવાનું, કાંપ કાઢવાનું (વસ્ત્રો ધોવાનું) અને આપની વૈયાવચ્ચ કરવાનું કામ કરીને હું મુનિ તરીકે સંતોષ માનીશ.' પણ વૃદ્ધિચંદ્રજી મહારાજે એને આશ્વાસન આપતાં કહ્યું હતું કે 'તને લખતાં વાંચતાં તો જરૂર શીખવાડીશ, પણ એટલું બસ નથી. મારે તો તને એક મોટો પંડિત બનાવવો છે.'

દીક્ષા પછી ગુરુ મહારાજે ધર્મવિજયને સૂત્રો કંઠસ્થ કરવાનું કામ સોંપ્યું. વાંચતાં આવડતું નહોતું એટલે સૂત્રો પુસ્તકમાં જોઇને કંઠસ્થ કરવાનું શક્ય નહોતું, પણ ગુરુ મહારાજ કે બીજા સાધુ મહારાજ પાસે પાઠ લઇને તેઓ કંઠસ્થ કરવા લાગ્યા, પણ સૂત્રો પણ એમને જલદી જીભે ચડતાં નહોતાં. આમ છતાં તેઓ થાક્યા વગર આખો દિવસ બેસીને સૂત્રો ગોખ્યાં કરતાં. બે પ્રતિક્રમણનાં સૂત્રો આખો દિવસ કંઠસ્થ કરવામાં બીજા કોઇ કિશોરને મહિનો દોઢ મહિનો કે એથી પણ ઓછો સમય લાગે તેને બદલે મુનિ ધર્મવિજયને ખાસ્સાં અઢી વર્ષ લાગ્યાં. ગૃહસ્થપણામાં જુગાર રમનાર અને રખડી ખાનાર આ અભણ સાધુ કશું ઉકાળવાના નથી એમ કેટલાક ગૃહસ્થોને લાગતું હતું, પણ ગુરુ ભગવંત શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજને એમના પ્રત્યે અનહદ વાત્સલ્ય હતું અને તેઓ તેમને ભાવથી ભણાવતાં અને આશીર્વાદ આપતા.

પ્રતિક્રમણનાં સૂત્રો બરાબર કંઠસ્થ થતાં અને લખતાં વાંચતાં બરાબર આવડી ગયું એટલે મુનિ ધર્મવિજયનો આત્મવિશ્વાસ વધી ગયો. લખવા-વાંચવામાં એમનો રસ હવે જાગૃત થયો. વૃદ્ધિચંદ્રજી મહારાજના બીજા કેટલાક શિષ્યોમાંથી કોઇ સંસ્કૃત વ્યાકરણ, કોઇ ન્યાયશાસ્ત્ર કોઇ સાહિત્ય, તો કોઇ તત્ત્વજ્ઞાનનાં ગ્રંથોનો અભ્યાસ કરતા હતા. ગુરુ મહારાજ સ્વાધ્યાય ઉપર બહુ જ ભાર મૂકતા હતા. ઉપાશ્રયનું વાતાવરણ સ્વાધ્યાયથી, શ્લોકોના પઠનથી, સ્તવન સજ્ઝાયના મધુર ધ્વનિથી ગુંજતું રહેતું હતું. એથી મુનિ ધર્મવિજયને પણ ચાનક ચડી. એક દિવસ એમણે ગુરુ મહારાજ પાસે પ્રસ્તાવ મૂક્યો, 'મારે સંસ્કૃત વ્યાકરણ શીખવું છે.' આ વાત સાંભળીને પાસે બેઠેલાં કેટલાક સાધુઓ હસી પડ્યા, પરંતુ વૃદ્ધિચંદ્રજી મહારાજે આ વાત ગંભીરતાપૂર્વક લીધી અને એમણે મુનિ ધર્મવિજયને એવી ભાવના માટે શાબાશી આપી. તરત એમણે સંસ્કૃત શીખવનાર પંડિતની વ્યવસ્થા કરી. ભાવનગરના પંડિતોમાં તે વખતે હાઇસ્કૂલમાં શિક્ષક તરીકે અધ્યયન કરાવનાર નર્મદાશંકર શાસ્ત્રીને આ કામ સોંપવામાં આવ્યું અને ધર્મવિજયને માટે 'સારસ્વત ચન્દ્રિકા' ભણાવવાનું શરૂ થયું.

આ અધ્યયન ચાલુ થતાં જ જાણે મુનિ ધર્મવિજયજીના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ જાણે અચાનક વધી ગયો. એમની માનસિક જડતા અદૃશ્ય થવા લાગી અને ગ્રહણશક્તિ, સ્મૃતિ અને રુચિ અચાનક જાગૃત થઇ હોય તેવું લાગવા માંડ્યું. એમને ભણાવનાર શાસ્ત્રીને પણ આશ્ચર્ય થવા લાગ્યું. એમને ભણાવવામાં બહુ ઉત્સાહ આવવા લાગ્યો. મુનિ ધર્મવિજયને વ્યાકરણનાં સૂત્રો અર્થ સાથે સમજતાં અને નિયમો યાદ રહેતાં જોઇને બીજા સાધુઓને પણ આશ્ચર્ય થવા લાગ્યું.

અભ્યાસની સાથે ગુરુ મહારાજની સેવાભક્તિ એ ધર્મવિજયનું મુખ્ય લક્ષ્ય રહ્યું હતું. તેઓને વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે પોતાના પિતા કરતાં પણ વધુ વાત્સલ્ય અનુભવવા મળતું હતું. ગુરુ મહારાજની તબિયત નાદુરસ્ત રહેતી હતી. બંને પગે વાનો દુઃખાવો સખત રહેતો. મુનિ ધર્મવિજય રોજ રાતના બારેક વાગ્યા સુધી પગ દબાવવા એમની પાસે બેસતા. એ વખતે ગુરુ મહારાજ પાસેથી તેઓ કોઇને કોઇ સૂત્ર કંઠસ્થ કરી લેતા. દિવસ દરમિયાન જ્યારે તેઓ ગોચરી વહોરવા જાય ત્યારે રસ્તામાં એકાદ ગાથા કંઠસ્થ કરવાનું રાખતા. આમ સમયના સદુપયોગને કારણે તેમનો અભ્યાસ વધતો ગયો.

વળી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે એ દિવસોમાં ભાવનગરનાં આગેવાન શ્રાવકો શ્રી કુંવરજી આણંદજી, શ્રી ગિરધર આણંદજી વગેરે જ્ઞાનગોષ્ઠી માટે આવતા. તેઓ જે પ્રશ્નો કરે અને ગુરુ મહારાજ જે ઉત્તરો આપે તે ધર્મવિજય બરાબર ધ્યાનથી સાંભળતા અને સમજવાનો પ્રયત્ન કરતા તથા પોતાને કંઇ શંકા થાય તો તરત પૂછતા. આમ મુનિ ધર્મવિજયજીની સજ્જતા દિવસે દિવસે વધવા લાગી. વૃદ્ધિચંદ્રજી મહારાજે સંગ્રહણીના રોગને કારણે તથા પગની તકલીફને કારણે છેલ્લાં કેટલાંક વર્ષ ભાવનગરમાં સ્થિરવાસ કરી લીધો હતો. મુનિ ધર્મવિજયને દીક્ષા પછીના વર્ષે એમણે બીજા સાધુઓ સાથે અમદાવાદ ચાતુર્માસ માટે મોકલ્યા હતા. પરંતુ ત્યાંથી તેઓ પાછા આવ્યા પછી તેમને પોતાની પાસ ભાવનગરમાં ચતુર્માસ માટે રોક્યા હતા. શેષકાળમાં મુનિ ધર્મવિજય આસપાસ સિહોર, પાલિતાણા, તળાજા, મહુવા વગેરે સ્થળે વિહાર કરી આવતા.

દીક્ષાના બીજા વર્ષ પછી મુનિ ધર્મવિજયની અભ્યાસમાં ઝડપી પ્રગતિ થવા લાગી. તેમની શક્તિ ખીલવા માંડી. તેમની ભાષા વધુ શુદ્ધ, શિષ્ટ અને સંસ્કારી બનવા લાગી. બીજાઓની સાથે સરસ વાર્તાલાપ કરતાં તેમને આવડી ગયું. એક દિવસ ઉપાશ્રયમાં ગુરુ મહારાજે એક સાધુને વ્યાખ્યાન આપવા માટે કહ્યું. એ સાધુએ કહ્યું, 'સાહેબજી આજે વ્યાખ્યાન માટે મારી બરાબર તૈયારી થઇ નથી.' પછી એમણે મજાકમાં કહ્યું, 'એટલે આજે ભલે ધર્મવિજય વ્યાખ્યાન વાંચે.'

એ સાધુએ તો મજાકમાં કહ્યું, પણ વૃદ્ધિચંદ્રજી મહારાજે તો ખરેખર ધર્મવિજયને બોલાવીને કહ્યું, 'આજે વ્યાખ્યાન તમારે વાંચવાનું છે, આવડશે ને?'

ધર્મવિજયે તરત સંમતિ આપી. તેમણે તે દિવસે આત્મવિશ્વાસપૂર્વક બુલંદ અવાજે વ્યાખ્યાન આપ્યું. વૃદ્ધિચંદ્રજી મહારાજે પાસેના ઓરડામાં બેસીને આખું વ્યાખ્યાન ધ્યાનપૂર્વક બરાબર સાંભળ્યું. વ્યાખ્યાન પૂરું થયું એટલે બહુ જ પ્રસન્નતાપૂર્વક એમણે ધર્મવિજયને ધન્યવાદ આપ્યા અને 'વખત જતાં તમે મોટા વક્તા થઇ સરસ વ્યાખ્યાનો આપી શકશો' એવી આગાહી સાથે આશિષ આપી.

દીક્ષાના પાંચેક વર્ષમાં જ ધર્મવિજયની પ્રગતિ જોઇને વૃદ્ધિચંદ્રજી મહારાજને બહુ સંતોષ થયો.

વૃદ્ધિચંદ્રજી મહારાજની તબિયત દિવસે દિવસે બગડતી જતી હતી. સંગ્રહણી ઉપરાંત હવે હૃદયરોગની તકલીફ પણ એમને ચાલુ થઇ હતી. એ દિવસોમાં બીજા સાધુઓ ઉપરાંત મુનિ ધર્મવિજયે પોતાના ગુરુ મહારાજની ઘણી સારી સેવાભક્તિ કરી હતી. વૃદ્ધિચંદ્રજી મહારાજે એક દિવસ પોતાના વ્યાખ્યાન દરમિયાન ગૃહસ્થો અને

સાધુઓને ભલામણ કરતાં કહ્યું હતું કે 'ધર્મવિજયે ધાર્યા કરતાં ઓછા સમયમાં ઘણી સારી શક્તિ ખીલવી છે. માટે મારી ભલામણ છે કે આગળ જતાં એમને પંન્યાસની પદવી અવશ્ય આપવામાં આવે.'

વિ. સં. ૧૯૪૯ના વૈશાખ સુદ ૭ના દિવસે વૃદ્ધિચંદ્રજી મહારાજ કાળધર્મ પામ્યા. ત્યાં સુધી સતત પાંચ વર્ષ મુનિ ધર્મવિજય પોતાના ગુરુમહારાજની વૈયાવચ્ચ માટે એમની સાથે જ રહ્યા. ગુરુમહારાજના કાળધર્મ પછી હવે તેમને ભાવનગરમાં વધુ રહેવું ઉચિત ન લાગ્યું એટલે તેમણે ત્યાંથી વિહાર કર્યો અને કાઠિયાવાડમાં જુદે જુદે સ્થળે વિચર્યા અને સં. ૧૯૪૯નું ચાતુર્માસ એમણે લીંબડીમાં કર્યું. હવે વ્યાખ્યાન આપવાની એમની શૈલી ઉત્તરોત્તર વિકાસ પામતી જતી હતી. તેમનો અવાજ ઘણો બુલંદ હતો અને વિશાળ સમુદાયને સારી રીતે સંભળાતો. તેમના ઉચ્ચારો પણ શુદ્ધ હતા. સંસ્કૃત શબ્દો બોલવાની તેમને સારી ફાવટ આવી ગઇ હતી. તેમના વિચારોમાં પણ ઉદારતા હતી. તેમનું વક્તવ્ય હૃદયસ્પર્શી રહેતું એટલે એમના વ્યાખ્યાનો સાંભળવા માટે જૈનો ઉપરાંત હિન્દુઓ અને મુસલમાનો પણ આવતા.

લીંબડીના ચાતુર્માસ પછી મુનિ ધર્મવિજયજીએ વિરમગામ, કપડવંજ, સાદડી (મારવાડ), પાટડી વગેરે સ્થળે ચાતુર્માસ કર્યા. કપડવંજના ચાતુર્માસ દરમિયાન એમણે કાશીથી એક પંડિતને બોલાવીને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. સાદડીના ચાતુર્માસ દરમિયાન એમણે નજીક આવેલા તીર્થ રાણકપુરની યાત્રા કરવામાં નડતી પ્રતિકૂળતાઓ સંઘ પાસે દૂર કરાવી હતી, કે જેથી વધુને વધુ લોકો રાણકપુરની યાત્રાએ આવી શકે. પાટડીના ચાતુર્માસ દરમિયાન એમણે નજીકનાં આવેલાં ઉપરિયાળાજી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. વળી તેના નિભાવ માટે કાયમી ફંડની વ્યવસ્થા પણ કરાવી આપી હતી.

ત્યારપછી મહારાજશ્રીએ સં. ૧૯૫૮ સુધી મહેસાણા, સમી, મહુવા અને માંડલમાં અનુક્રમે ચાતુર્માસ કર્યાં હતાં. દીક્ષા લીધા પછી મહારાજશ્રીએ પોતાના વતન મહુવામાં પહેલીવાર ચાતુર્માસ કર્યું હતું તે વખતે એમના સંસારી પિતાજી તો સ્વર્ગવાસ પામ્યા હતા, પરંતુ એમનાં માતા હજુ વિદ્યમાન હતાં. પોતાના પુત્રની સાધુ તરીકે પ્રગતિ જોઇના તેઓ બહુ જ આનંદ પામ્યાં હતાં. આ ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીનાં વ્યાખ્યાનો સાંભળવા માટે ગામના જૈન-જૈનેતરો ઘણા આવતા. પોતાના ગામનો એક રખડુ જુગારી છોકરો આવા તેજસ્વી સાધુ મહાત્મા બન્યા હતા એ જોઇને તથા એમની ઉદબોધક વાણી સાંભળીને મહુવાના નગરજનો હર્ષવિભોર થઇ જતા. વળી મહુવાનું ચાતુર્માસ બીજી રીતે પણ યાદગાર બની ગયું, કારણકે મહારાજશ્રીની પ્રેરક વાણી સાંભળીને બે યુવાનોને દીક્ષા લેવાની ભાવના થઇ હતી. એમનો દીક્ષા મહોત્સવ પણ મહુવામાં સારી રીતે ઉજવાયો હતો. વળી એ અવસર ઉપર જુદા જુદા હેતુ માટે જે રકમ એકઠી થઇ એમાંથી મહારાજશ્રીએ મહુવામાં એક સરસ પુસ્તકાલય સ્થપાવ્યું કે જેથી ઘણા લોકોને ગ્રંથવાંચનનો લાભ મળી શકે. પુસ્તકાલયની સ્થાપનાનાં પોતાના પ્રયાસની સફળતાથી પ્રેરાઇને મહારાજશ્રીએ પછી વિરમગામના ચાતુર્માસ દરમિયાન ત્યાં પણ પુસ્તકાલયની સ્થાપના કરાવી હતી.

મહારાજશ્રીએ જે રીતે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કર્યો અને વિવિધ ગ્રંથોનું તેઓ અધ્યયન કરવા લાગ્યા હતા તે જોતાં એમને સ્વાનુભવના આધારે લાગ્યું કે શ્રાવકોમાં જો તેજ આણવું હોય તો એમનામાં જ્ઞાન-વૃદ્ધિ થવી જોઇએ. એમનામાં જો જ્ઞાનવૃદ્ધિ કરાવવી હોય તો તેવા ગ્રંથો પુસ્તકાલય દ્વારા સુલભ થવા જોઇએ. તથા પાઠશાળાઓમાં પંડિતો દ્વારા તેમનું અધ્યયન થવું જોઇએ. આથી ઠેરઠેર પુસ્તકાલય અને પાઠશાળાની સ્થાપના એ મહારાજશ્રીની એક મહત્ત્વની મુખ્ય અને પ્રિય પ્રવૃત્તિ બની ગઇ હતી.

## ધર્મ-શાળા :

યુવાનીમાં મહારાજશ્રીની જે રીતે શક્તિ ખીલતી જતી હતી તેથી ઘણા લોકો અને સાધુ-સાધ્વીઓ આશ્ચર્યચકિત થવા લાગ્યા હતા. આમ છતાં યૌવનસહજ અભિમાનનો રણકો મહારાજશ્રીની વાણીમાં ક્યારેય વરતાતો નહોતો. તેમનો શાસ્ત્રાભ્યાસ દિનપ્રતિદિન જેમ જેમ વધતો ગયો તેમ તેમ તેમનામાં ગાંભીર્ય પણ વધતું ગયું.

વિશાળ વાંચનને લીધે મહારાજશ્રીમાં તર્કશક્તિ, હાજરજવાબી પણ આવતાં ગયાં હતાં. સાધુસમાજમાં પણ સૂક્ષ્મ માનકષાય ક્યારેક દૃષ્ટિગોચર થતો હોય છે. તેઓમાં પોતાનાં નામ- કીર્તિ માટે એષણા જાગૃત થતી હોય છે. પોતાનો શ્રોતાસમુદાય કે ભક્તસમુદાય મોટો થાય તો મનથી પણ તેવા સાધુઓ ફુલાવા માંડે છે. માનકષાયને જીતવો એ સરળ વાત નથી.

મહારાજશ્રી એક વખત ગુજરાતમાં વિચરતાં વિચરતાં એક ગામમાં પધાર્યા હતા. તે ગામમાં ઉપાશ્રયમાં બીજા એક સાધુ મહારાજ પણ બિરાજમાન હતા. બંને સાધુઓ વચ્ચે પોતપોતાનાં કાર્યોની વાત થઇ. એ વડીલ સાધુમહારાજે કહ્યું, 'ધર્મવિજય, હું તો ઘણું સરસ કામ કરું છું. ભક્તોનો મારા પ્રત્યે એટલો બધો આદરભાવ છે કે એક ગામમાં મેં પાઠશાળા કરાવી તો ભક્તોએ એ પાઠશાળા સાથે મારું નામ જોડી દીધું. તમે પણ પાઠશાળાની ઘણી બધી પ્રવૃત્તિ ઉપાડી છે તો તમારા ભક્તોએ કોઇ પાઠશાળા સાથે તમારું નામ જોડ્યું છે?'

મહારાજશ્રીએ કહ્યું, 'મારા નામની તો ગામેગામ શાળાઓ થઇ છે, એટલે મારે હવે વધુ કોઇ નામની જરૂર નથી.'

'એમ તમે ગપ્પાં મારી વાત ન ઉડાવો. સાચી વાત કરો.'

'જુઓ મહારાજ! મારું નામ ધર્મવિજય છે. ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ બધે ધર્મ-શાળા છે. લોકો વગર કીધે શાળા સાથે મારું નામ જોડે છે. પછી મારે નામ માટે જુદા પ્રયત્નો કરવાની શી જરૂર છે?' મહારાજશ્રીના રમૂજી છતાં તર્કયુક્ત અને અર્થગંભીર જવાબથી એ સાધુમહારાજ વાતનો મર્મ સમજી ગયા.

## કાશીપ્રયાણ :

મહારાજશ્રીએ પાઠશાળાઓ સ્થાપવાની પ્રવૃત્તિ તો ઉપાડી હતી, પરંતુ તે પાઠશાળાઓમાં વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ આપવાવાળા સારા શિક્ષકો મળતા નહોતા. આટલાં વર્ષના અનુભવ પરથી મહારાજશ્રીને લાગ્યું કે જૈન સમાજમાં જિનમંદિરના નિર્માણ તરફ જેટલું લક્ષ અપાયું છે તેટલું લક્ષ જિનાગમ તરફ- શાસ્ત્રાભ્યાસ તરફ અપાયું નથી. આ ક્ષેત્ર પ્રત્યે ગમે તે કારણે ઘણું દુર્લક્ષ સેવાયું છે.

મહારાજશ્રીને લાગ્યું કે શાસનની ઉન્નતિ માટે પોતે બે પ્રકારની પ્રવૃત્તિ ઉપાડવી જોઇશે-એક તે સંસ્કૃત-પ્રાકૃતના જાણકાર એવા સારા શિક્ષકો તૈયાર કરવાની અને બીજી તે ઉત્તમ ગ્રંથો પ્રકાશિત કરીને લોકોને, વિશેષત:, જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને સુલભ કરવા- મહારાજશ્રીએ શિક્ષકો તૈયાર કરવા માટે પ્રથમ પાઠશાળાની પ્રવૃત્તિ તરફ લક્ષ આપ્યું.

વિ.સં. ૧૯૫૮માં મહારાજશ્રીનું ચાતુર્માસ માંડલમાં હતું. એમણે જોયું કે પાઠશાળાની પ્રવૃત્તિ ચાલુ કરવી હશે તો તેવો અભ્યાસ કરવાની રુચિવાળા વિદ્યાર્થીઓ પહેલા જોઇશે. એ વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વ્યવસ્થા ક્યાંક કરવી જોઇએ. એ માટે અને એમને ભણાવનાર શિક્ષકના પગાર માટે નાણાંની જરૂર પડશે. મહારાજશ્રીનો પ્રભાવ એવો હતો કે માંડલ ગામમાં પાઠશાળા માટે એમને મકાન પણ મળી ગયું. સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ કરવાની ભાવનાવાળા દસેક વિદ્યાર્થીનાં નામ પણ નોંધાઇ ગયાં અને ખર્ચ માટે પણ ફંડ એકઠું થઇ ગયું. આથી મહારાજશ્રીએ 'શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા'ની સ્થાપના માંડલમાં સં. ૧૯૫૮માં કરી.

આ પાઠશાળા માંડલમાં થોડો વખત ચાલી, પરંતુ મહારાજશ્રીને એથી બહુ સંતોષ થયો નહિ. માંડલમાં કોઇ સારા પંડિતો આવીને રહેવા તૈયાર થતા નહિ. વળી ગામના વિદ્યાર્થીઓ તો વારંવાર ઘરે જાય અને બહારગામના વિદ્યાર્થીઓ પણ એમની સાથે ચાલ્યા જાય. તદુપરાંત સ્થાનિક લોકો પણ આવી-આવીને સમય બગાડે. આ પરિસ્થિતિનો સતત વિચાર કરતાં કરતાં મહારાજશ્રીને લાગ્યું કે જે રીતે ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ બાર વર્ષ કાશીમાં રહીને ભણ્યા હતા તે રીતે વિદ્યાર્થીઓને અને પોતાના શિષ્યોને કાશીમાં રાખીને ભણાવવા જોઇએ. મહારાજશ્રીએ પોતાનો આ વિચાર કેટલાક

ગૃહસ્થોને જણાવ્યો, પરંતુ દરેકે તેમાં રહેલી મુશ્કેલીઓ બતાવી. સૌથી પહેલી તો વિહારની મુશ્કેલી હતી. વળી કાશીમાં જૈનોનાં ઘરો નહિ એટલે રહેવાની મુશ્કેલી તથા સાધુઓની ગોચરીની મુશ્કેલી હતી. વળી એટલે દૂર જવા-રહેવામાં ખર્ચ પણ ઘણું આવે.

આમ છતાં મહારાજશ્રી પોતાના વિચારમાં મક્કમ રહ્યા. મુશ્કેલીઓ તો પડવાની જ છે. તેમ છતાં જો કાર્ય સિદ્ધ થતું હોય તો મુશ્કેલીઓથી ડરી જવાની જરૂર નથી એમ તેમને લાગ્યું. તેમણે પોતાના શિષ્યોને વાત કરી તથા વિદ્યાર્થીઓ આગળ દરખાસ્ત મૂકી. લગભગ બધા જ વિદ્યાર્થીઓએ દરખાસ્ત સ્વીકારી.

માંડલનું ચાતુર્માસ પૂરું થયા પછી મહારાજશ્રીએ યોગ્ય સમયે, શુભ મુહૂર્તે કાશી તરફ પ્રયાણ કર્યું. વિહારનો રસ્તો એમણે ભોયણી, અમદાવાદ, કપડવંજ, મોડાસા, દાહોદ, રાજગઢ, ઉજ્જૈન, મક્ષી, શાજાપુર, સીપરી, ઝાંસી, કાનપુર, લખનૌ થઇ કાશી પહોંચવા ધાર્યું. જૈન સાધુઓના વિહારનો આ રસ્તો નહોતો, કારણકે ઘણા ખરા વિસ્તારોમાં જૈનોનાં ઘરો નહોતાં. એટલે રાત્રિમુકામ અને ગોચરીનો પ્રશ્ન ઘણો વિકટ હતો. આમ છતાં મહારાજશ્રી અને એમના છ શિષ્યો તથા બારેક વિદ્યાર્થીઓ વિહાર કરતા કરતા આગળ વધવા લાગ્યા.

રસ્તામાં જંગલો આવતાં હતાં. પોતપોતાની અનુકૂળતા પ્રમાણે આગળ-પાછળ ચાલતા સાધુઓ અને વિદ્યાર્થીઓ જ્યાં બે કેડી કે બે કે ત્રણ રસ્તા આવે ત્યાં કોઇક એક બાજુ ચાલ્યા જતા, કોઇક બીજી બાજુ ચાલ્યા જતા અને ભૂલા પડેલાંને શોધવામાં ક્યારેક આખો દિવસ વીતી જતો. જૈન શબ્દ જ લોકોએ ન સાંભળ્યો હોય એવા પ્રદેશોમાં જૈન સાધુને યોગ્ય ઉકાળેલું પાણી કે સૂઝતો આહાર ન મળે તો ઉપવાસ પણ થતો. આવી વિકટ પરિસ્થિતિમાં મહારાજશ્રીના વિદ્યાર્થીઓ અને શિષ્યો સુદ્ધાં ગુજરાતમાં પાછા ફરવાની વિનંતી કરતા. તેવે વખતે ધૈર્ય ન ગુમાવતાં કે હતોત્સાહ ન થતાં મહારાજશ્રી તેઓને ખૂબ પ્રોત્સાહન આપતા. આમ પાંચેક મહિનાના વિહાર પછી તેઓ સૌ સં. ૧૯૫૯ના વૈશાખ સુદ ત્રીજ-અક્ષયતૃતીયા-ના દિવસે કાશીમાં આવી પહોંચ્યા.

વિહારની મુશ્કેલીઓ તો વર્ણવતાં પાર આવે એવી નહોતી, તેમાં વળી કાશીમાં રહેવાની મુશ્કેલી ઊભી થઇ. કાશીમાં ત્યારે જૈનોનું કોઇ ઘર નહિ અને હિંદુઓને જૈનો પ્રત્યે દ્વેષ હતો. આખી કાશી નગરીમાં વીસેક માણસોના વસવાટ માટે અનુકૂળ જગ્યા ક્યાંય મળી નહિ. ભાડું આપવાની તૈયારી છતાં 'જૈન' શબ્દ સાંભળીને લોકો મોં મચકોડતા. જૈનો એટલે નાસ્તિક એવી માન્યતા ત્યારે કાશીના પંડિતોમાં દૃઢ થઇ હતી. છેવટે એક દૂરના ઉજ્જડ વિસ્તારમાં ખંડિયેર જેવી એક ધર્મશાળાનું નાનું સરખું મકાન ભાડે મળી ગયું. ત્યાં મહારાજશ્રી છ સાધુઓ અને બાર વિદ્યાર્થીઓ સાથે રહેવા લાગ્યા. બધાના અભ્યાસ માટે ત્રણ પગારદાર પંડિતો રાખવામાં આવ્યા. સંસ્કૃત વ્યાકરણ, ન્યાય, કાવ્ય, અલંકાર વગેરેનો વ્યવસ્થિત અભ્યાસ ચાલુ થયો. અવગડ માત્ર રહેવાની હતી. મકાન પડું પડું થાય એટલું જર્જરિત હતું. વરસાદ પડે અને જોરથી પવન ફુંકાય ત્યારે બધા મકાનમાંથી બહાર દોડી જતા અને બીજે કામચલાઉ આશ્રય લેતા.

ભાડાની બીજી સારી જગ્યાની તપાસ ચાલુ હતી, પરંતુ જૈનોને કોઇ ભાડે મકાન આપવા તૈયાર નહોતું. કોઇ મકાન વેચાતું લઇ લેવામાં આવે તો જ સ્થળાંતર કરી શકાય એવું હતું. એમ કરતાં કરતાં નવ-દસ મહિના થઇ ગયા. એવામાં જાણવામાં આવ્યું કે એક મહોલ્લામાં એક જૂનું મકાન વેચાવાનું હતું. 'અંગ્રેજોની કોઠી' તરીકે એ મકાન ઓળખાતું હતું. એની કિંમત જાણી લઇને મહારાજશ્રીએ મુંબઇ પોતાના બે ભક્તો શેઠ વીરચંદ દીપચંદ તથા શેઠ ગોકુળભાઇ મૂલચંદને પત્ર લખ્યો. બંનેનો જવાબ આવ્યો કે તરત મકાન લઇ લેવું. એ માટે નાણાં મોકલી આપવામાં આવ્યાં. એ મકાન ખરીદીને મહારાજશ્રી તથા એમના શિષ્યો અને વિદ્યાર્થીઓ ત્યાં રહેવા ગયા.

તેઓ સર્વેની અભ્યાસમાં સારી પ્રગતિ થતી રહી. મહારાજશ્રી પોતે રોજ સવારે તેઓને વ્યાખ્યાન આપતા તથા દિવસ દરમિયાન અભ્યાસ કરાવતા. આમ છતાં મહારાજશ્રીએ જોયું કે કાશીમાં ચારે બાજુ જૈનો માટેનો દ્વેષ વરતાયા કરતો હતો. લોકોમાં એ માટે અજ્ઞાન અને પૂર્વગ્રહ છે તે દૂર કરવાં જોઇએ. એ માટે મહારાજશ્રીએ એક ઉપાય વિચાર્યો. જાહેર સ્થળોમાં જઇને પોતે વ્યાખ્યાન આપવાં અને જૈન ધર્મના ઉત્તમ તત્ત્વોથી લોકોને વાકેફ કરવા.

મહારાજશ્રીની વક્તૃત્વ શક્તિ ઘણી જ ખીલી હતી. એમનો અવાજ હજારોની મેદનીમાં સાંભળી શકાય એવો મધુર અને બુલંદ હતો. તેમની વિદ્વતા ભારે હતી. જૈન ઉપરાંત હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ વગેરેના ધર્મો અને ધર્મગ્રંથોથી તેઓ પરિચિત થઇ ગયા હતા. ગુજરાતી, સંસ્કૃત , પ્રાકૃત ઉપરાંત હિંદી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ ઘણું સારું થઇ ગયુ હતું. અનેક શ્લોકો એમને કંઠસ્થ હતા. કવિતાની પંક્તિઓ તેઓ સરસ ગાઇ શકતા. આથી એમણે રોજ સાંજે પોતાના શિષ્યો અને વિદ્યાર્થીઓ સાથે જુદા જુદા સ્થળે જવાનું ચાલુ કર્યું. રસ્તા પર ખુલ્લી જગ્યામાં જાહેર સભા યોજવા માટે ત્યારે કોઇ બંધનો નહોતાં. કશી પૂર્વ તૈયારીની જરૂર નહોતી. મહારાજશ્રી માટે પાટની પણ જરૂર નહોતી. મંડપ બાંધવાની જરૂર નહોતી. માઇક્રોફોન તો હજુ આવ્યું નહોતું. પોતાના સાધુઓ અને વિદ્યાર્થીઓ એ જ શ્રોતાગણ. એટલે શ્રોતાઓ મેળવવા માટે પણ કોઇ પ્રશ્ન નહોતો. તેઓ બધા કોઇ એક સ્થળે જઇ, સભાની જેમ ગોઠવાઇ જતા, મહારાજશ્રી ઊભા ઊભા એક કલાક વ્યાખ્યાન આપતા. પસાર થતા લોકોમાંથી જેને જેટલો રસ પડે તે પ્રમાણે સાંભળવા ઊભા રહેતા કે બેસી જતા. રાજઘાટ, મણિકર્ણિકા ઘાટ, કંપની બાગ વગેરે જુદાં જુદાં જાહેર સ્થળોમાં મહારાજશ્રી આ રીતે પહોંચી જતાં ધર્મનાં મૂળભૂત તત્ત્વોની વાત કરતા. કોઇ ધર્મની ટીકા, નિંદા કરતા નહિ, પણ તેમાંથી પણ સારાં સારાં અવતરણો ટાંકતા .

જૈનો પ્રત્યેનો દ્વેષ દૂર કરવા મહારાજશ્રીનો આ ઉપાય બહુ સફળ નીવડ્યો. શ્રોતાઓની હાજરી દિવસે દિવસે વધવા લાગી. કેટલાક તો નિયમિત આવવા લાગ્યા. ખરેખર બહુ રસ પડે અને સારું જાણવા મળે એવાં વ્યાખ્યાનો હતાં. શ્રોતાગણની વીસની સંખ્યામાંથી સો, બસો કરતાં કરતાં હજાર બે હજારની થવા લાગી. પછી તો અગાઉથી સ્થળ પણ જાહેર કરવું પડતું કે જેથી શ્રોતાઓ નિરાશ ન થાય. થોડા મહિનામાં તો આખા કાશીમાં વાત પ્રસરી ગઇ કે કોઇ જૈન સાધુ મહાત્મા આવ્યા છે અને તેઓ બહુ સરસ વ્યાખ્યાનો આપે છે. આ વાત સામાન્ય શ્રોતાઓમાંથી પંડિત વર્ગમાં પણ ચાલી અને પછીથી તો મહારાજશ્રીના વ્યાખ્યાનોમાં પંડિતો પણ આવવા લાગ્યા, કારણકે તેઓને પણ સંતોષ થાય અને નવું જાણવા મળે એવી વિદ્દદભોગ્ય વાતો પણ વ્યાખ્યાનમાં આવવા લાગી. આમ કરતાં કરતાં કાશીના રાજાની રાજસભામાં ચર્ચા થવા લાગી કે કોઇ જૈન મહાત્માના વ્યાખ્યાનો બહુ સરસ થાય છે અને સાહિત્યરસિક ધર્મપ્રિય કાશીનરેશે પણ એ સાંભળવા જેવાં છે.

કાશીનરેશ પોતે સંસ્કૃતના પંડિત હતા એટલે મહારાજશ્રીને સાંભળવા માટે એમની ઉત્સુક્તા વધી ગઇ. એક દિવસ એમણે મહારાજશ્રીને પોતાના મહેલમાં વ્યાખ્યાન આપવા માટે પધારવાનું નિમંત્રણ આપ્યું. મહારાજશ્રીએ એ નિમંત્રણ સ્વીકાર્યું.

કાશીના રાજાએ મહારાજશ્રીને પુછાવ્યું હતું કે રાજમહેલમાં પધારવા એમને માટે બે ઘોડાની ગાડી (ફાઇટન) મોકલાવે અથવા જો નદી ઓળંગીને તેઓ આવવા ઇચ્છતા હોય તો નાવ મોકલાવે. પરંતુ મહારાજશ્રીએ કહેવરાવ્યું કે પોતાને ફાઇટન કે નાવ કે કશા વાહનની જરૂર નથી કારણકે જૈન સાધુઓ વાહનનો ઉપયોગ કરતા નથી. ગંગા નદી પાર કરવા માટે નાવમાં બેસી સામે કિનારે ઊતરતાં રાજમહેલ સાવ પાસે પડે, પરંતુ નાવમાં ન બેસવું હોય તો ત્યાં પહોંચવા માટે પાંચ માઇલનો રસ્તો હતો. માહરાજશ્રી નાવમાં ન બેઠા પરંતુ પોતાના શિષ્યો સાથે પાંચ માઇલનો વિહાર કરીને રાજમહેલમાં પહોંચ્યા.

રાજમહેલમાં કાશીનરેશે મહારાજશ્રીનું ઉમળકાભર્યું સ્વાગત કર્યું. રાજસભામાં કાશીના મોટા મોટા પંડિતોને પણ બોલાવવામાં આવ્યા હતા. મહારાજશ્રી માટે ગાદી-તકિયા સહિત જરિયાન કિંમતી આસન તૈયાર કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીએ એના ઉપર બેસવાની ના કહી. કાશીનરેશે કારણ પૂછતાં મહારાજશ્રીએ કહ્યું, गृहस्थानां यद्

भूषणम्, तद् साधूनां दूषणम् । (ગૃહસ્થોનું જે ભૂષણરૂપ હોય તે સાધુઓ માટે દૂષણરૂપ ગણાય). મહારાજશ્રીના આ જવાબથી કાશીનરેશ પ્રસન્ન થયા. તેઓ સંસ્કૃતના પંડિત હતા એટલે મહારાજશ્રી પાસે આવું સંસ્કૃત સુભાષિત સાંભળી તેઓ રાજી થયા. મહારાજશ્રીએ પોતે સાથે લાવેલા તે સાદું આસન પાથર્યું અને તેના ઉપર બેઠા. આમ સભાની શરૂઆતમાં જ કાશીનરેશ મહારાજશ્રીથી એકદમ પ્રભાવિત થયા. મહારાજશ્રીના શિષ્યો અને વિદ્યાર્થીઓ યથાસ્થાને ગોઠવાઇ ગયા.

હિંદુ મહારાજા જૈન સાધુથી પ્રભાવિત થયા તે કેટલાક દ્વેષી પંડિતોને ગમ્યું નહિ. સભા શરૂ થાય એ પહેલાં જ એક પંડિતે કાશીનરેશની આજ્ઞા લઇને મહારાજશ્રીને પ્રશ્ન કર્યો કે 'મહારાજશ્રી, આપ જૈન સાધુ છો, તો મને કહો કે ભારતનાં છ દર્શનો ગણાય છે, તેમાં જૈન દર્શનને તમે પહેલું સ્થાન આપો છો, વચ્ચે સ્થાન આપો છો કે છેલ્લું સ્થાન આપો છો ?'

પંડિતનો આશય એવો હતો કે મહારાજશ્રી જો એમ કહેશે કે જૈન દર્શનને તેઓ પહેલું સ્થાન આપે છે, તો તેઓ અભિમાની તરીકે દેખાઇ આવશે. હિંદુ દર્શનો કરતાં જૈન દર્શન ચડિયાતું છે એમ કહેશે તો કાશીનરેશ નારાજ થઇ જશે. જો તેઓ એમ કહેશે કે જૈન દર્શનને તેઓ વચ્ચે અથવા છેલ્લે સ્થાન આપે છે, તો એ દર્શનનું કાશીનરેશને મન કંઇ મહત્ત્વ નહિ રહે.

પરંતુ મહારાજશ્રી આવી પરિસ્થિતિથી ઘડાયેલા હતા. આમાં જવાબ આપવામાં ચતુરાઇની જરૂર હતી. એમણે પંડિતને સામો પ્રશ્ન કર્યો કે 'પંડિતજી, પહેલાં મને એ કહો કે પ્રથમ દર્શનથી મોક્ષ છે ? વચલા દર્શનથી મોક્ષ છે ? કે છેલ્લા દર્શનથી મોક્ષ છે ? જૈન દર્શન મોક્ષગતિમાં માને છે એટલે, જે દર્શનમાં આપ મોક્ષ માનો તે દર્શન તે જૈન દર્શન છે.'

મહારાજશ્રીના આવા જવાબથી પંડિતજી નિરુત્તર થઇ ગયા. કાશીનરેશ પણ મહારાજશ્રીના જવાબથી પ્રભાવિત થઇ ગયા. ત્યાર પછી મહારાજશ્રીએ પોતાનું પ્રવચન ચાલુ કર્યું. એમણે આરંભમાં જ કહ્યું :

पंचैतानि पवित्राणि सर्वेषां धर्मचारिणाम् ।
अहिंसासत्यमस्तेय त्यागो मैथुन वर्जनम् ॥

(અહિંસા, સત્ય, અસ્તેય, ત્યાગ અને મૈથુનવર્જન એ પાંચ પવિત્ર ધર્મ બધા જ લોકોને માન્ય છે. એમાં કોઇ વિવાદ નથી.)

આમ મહારાજશ્રીએ પોતાની વાણીમાં એવી ધર્મકથા રજૂ કરી કે જે જૈન જૈનેતર સર્વને એક સરખી સ્વીકાર્ય હોય. ત્યારપછી મહારાજશ્રીએ ધર્મના ક્ષેત્રે એકતા ઉપર ભાર મૂક્યો. તેમણે સમજાવ્યું કે ભિન્નતા તો પ્રત્યેક કુટુંબમાં, સમાજમાં અરે ખુદ મનુષ્યના શરીરમાં પણ હોય છે. માણસની પાંચે આંગળી પણ સરખી હોતી નથી. પરંતુ ભિન્નતા એટલે વિરુદ્ધતા એવું નથી હોતું. ભિન્નતા એટલે વિરુદ્ધતા એવો અર્થ કરવા જઇએ તો કુટુંબ, સમાજ, રાજ્ય બધે જ સંઘર્ષ ઊભા થાય, લડાઇ થાય, વિનાશ થાય. ભિન્નતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિનું આગવું લક્ષણ છે. એટલા માટે સાચા ધાર્મિક માણસોએ જુદા જુદા ધર્મ -સંપ્રદાય વચ્ચે સુસંવાદ સ્થાપવો જોઇએ. જૈન ધર્મ જગતના સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છે છે. જૈનોના બૃહદ્ શાંતિસ્તોત્રતમાં જગતના સર્વ લોકોના કલ્યાણની ભાવના રજૂ કરવામાં આવી છે. જૈનધર્મ જાતિ, વર્ણ વગેરેથી પર છે અને તે જગતનો એક ઉદાર ધર્મ છે.

મહારાજશ્રીએ જે વ્યાખ્યાન આપ્યું એથી કાશી નરેશ બહુ જ પ્રભાવિત થઇ ગયા અને તેમણે મહારાજશ્રીની પાઠશાળાની મુલાકાત લેવાનું તથા તે માટે આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું.

## સનાતન ધર્મ મહાસભા :

કાશીના બે વર્ષના નિવાસ દરમિયાન પાઠશાળાની પ્રવૃત્તિઓની લોકોની જાણકારી વધતાં, જૈન ધર્મ અને મહારાજશ્રીનું નામ વિદ્વાનોમાં પણ અત્યંત પ્રચલિત થઇ ગયું. વળી મહારાજશ્રીની વક્તૃત્વશક્તિનાં પણ બહુ વખાણ થવા લાગ્યાં. એથી જ વિ. સં. ૧૯૬૨માં જ્યારે અલાહાબાદમાં કુંભમેળો ભરાયો હતો ત્યારે પંડિત મદનમોહન માલવિયાએ ત્યાં 'સનાતન ધર્મ મહાસભા'નું અધિવેશન યોજ્યું હતું. એ વખતે મુખ્યત્વે હિંદુ ધર્મના પંડિતો-શાસ્ત્રીઓ, વિદ્વાનો વગેરેનાં પ્રવચનો ગોઠવાયાં હતાં. પરંતુ તે ઉપરાંત જૈન ધર્મ ઉપર બોલવા માટે કોને નિમંત્રણ આપવું એનો વિચાર કરતાં મહાસભાના સૌ કાર્યકર્તાઓની નજર મહારાજશ્રી ઉપર પડી. એ માટે મહારાજશ્રીને વિધિસર નિમંત્રણ આપવામાં આવ્યું. મહારાજશ્રીએ એ નિમંત્રણનો સ્વીકાર કર્યો અને પોતાના શિષ્યો સાથે ત્યાં પધાર્યા.

કુંભમેળાને કારણે આ અધિવેશનમાં પચાસ હજારથી વધુ શ્રોતાઓ એકત્ર થયા હતાં. એમાં ઘણી વ્યક્તિઓનાં વક્તવ્ય હતાં એટલે દરેકને દસ-પંદર મિનિટ આપવામાં આવતી. મહારાજશ્રીને માટે પણ દસ મિનિટ ફાળવવામાં આવી હતી. મહારાજશ્રીએ 'ધર્મમાં એકતા' એ વિષય ઉપર એટલું સરસ પ્રવચન ચાલુ કર્યું કે તાળીઓના ગડગડાટ થતા રહ્યા અને વધુ સમય બોલવા માટે આગ્રહ શ્રોતાઓ તેમ જ સંચાલકો તરફથી થવા લાગ્યો. એટલે લગભગ પચાસ મિનિટ સુધી મહારાજશ્રીની અસ્ખલિત વાગ્ધારા ચાલતી રહી.

મહારાજશ્રીના આ વ્યાખ્યાનનો એટલો મોટો પ્રભાવ પડ્યો કે વ્યાખ્યાન પછી અનેક લોકો એમને સભાસ્થળે તથા ત્યાર પછી એમના ઉતારે મળવા આવ્યા. એમાં કેટલાક રાજવીઓ પણ હતા. મહારાજશ્રીએ ધાર્મિક સંકુચિતતા છોડી દેવા ઉપર ભાર મૂક્યો હ[illegible] અને જૈન ધર્મનાં ઉદાર તત્ત્વો દર્શાવ્યાં હતાં. એથી મહારાજશ્રીને અલાહાબાદમાં 'આર્યસમાજ', 'ખ્રિસ્તીસમાજ' વગેરે સંસ્થાઓ તરફથી પોતાને ત્યાં જૈન ધર્મ વિશે વ્યાખ્યાનો આપવાના માટે નિમંત્રણ મળ્યાં હતાં. મહારાજશ્રીનાં વ્યાખ્યાનોથી પ્રભાવિત થયેલા દરભંગાના નરેશે મહારાજશ્રી પોતાને બંગલે પધારવા માટે નિમંત્રણ આપ્યું હતું. એ નિમંત્રણ સ્વીકારી મહારાજશ્રી પોતાના શિષ્યો સાથે ત્યાં પધાર્યા હતાં. એ વખતે નરેશે મહારાજશ્રીનાં કાર્યો માટે આર્થિક સહાય આપવાની ભાવના દર્શાવી હતી.

અલાહાબાદમાં પંદરેક દિવસ રોકાઇ મહારાજશ્રી પાછા કાશી પધાર્યા હતા.

## સમેત શિખરજીની યાત્રા :

કાશીમાં પાઠશાળાનું કાર્ય વ્યવસ્થિત રીતે ગોઠવાઇ ગયું હતું એટલે મહારાજશ્રીને લાગ્યું કે જૈન સાધુ તરીકે જ્ઞાનપ્રાપ્તિના નિમિત્તે કાશીનો સ્થિરવાસ જરૂરી હતો, પણ હવે પોતે વિહાર કરવો જોઇએ. મહારાજશ્રી યુવાન હતા, અદમ્ય ઉત્સાહી હતા, કષ્ટો સહન કરવાની તત્પરતાવાળા હતા. ધર્મપ્રચારની ધગશવાળા હતા અને તીર્થયાત્રા[illegible] ભાવનાવાળા હતા, એટલે નવા પ્રદેશો ખેડવાની દ્રષ્ટિએ એમણે બિહાર અને બંગાળમાં વિહાર કરી સમેતશિખર, પાવાપુરી વગેરે તીર્થોની યાત્રા કરવા માટે પ્રયાણ કરવાનું નક્કી કર્યું.

મહારાજશ્રી સાથે એમના ચાર શિષ્યો હતા, તદુપરાંત એમની પાઠશાળાના ઘણા વિદ્યાર્થીઓએ પણ એમની સાથે પગપાળા આવવાનો ઉત્સાહ બતાવ્યો, પરંતુ એમાંથી વીસ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવ્યા કે જેઓ પગપાળા પ્રવાસનું કષ્ટ ઉઠાવી શકે. બીજા વીસ વિદ્યાર્થીઓ એવા પસંદ કરવામાં આવ્યા કે જેઓ રેલવે દ્વારા પટના સ્ટેશને આવી પહોંચે અને ત્યાંથી પગપાળા યાત્રામાં જોડાય.

જે દિવસોમાં મહારાજશ્રીએ આ વિહાર વિચાર્યો હતો તે દિવસોમાં ગુજરાત-રાજસ્થાન બાજુથી ટ્રેન દ્વારા પણ સમેતશિખરની યાત્રા કરવાનું એટલું પ્રચારમાં નહોતું. એટલી સુવિધા પણ નહોતી. ઊલટાની તકલીફો ઘણી હતી. એ જમાનામાં બિહાર-બંગાળમાં જૈન સાધુના વિહારની કલ્પના પણ કરવી સહેલી નહોતી, કારણ કે સેંકડો માઇલો સુધી જૈનોનાં કોઇ ઘરો નહોતાં, એટલું જ નહિ ક્યાંક ક્યાંક તો જંગલોમાં કે નિર્જન વેરાનમાં પંદર પચ્ચીસ માઇલના વિસ્તારમાં કોઇ ગામો પણ આવતાં નહિ.

સં. ૧૯૬૨નું ચાતુર્માસ પૂર્ણ કરીને મહારાજશ્રીએ કાશીથી પ્રયાણ કર્યું. કાશીનરેશે તથા કાશીના એક શ્રીમંત જૈન શ્રેષ્ઠીએ ખર્ચ માટેની રકમની જોગવાઇ કરી આપી. મહારાજશ્રીનો પ્રભાવ એવો હતો કે બનારસના ગોરા કલેક્ટરને આ કષ્ટમય વિહારની જાણ થતાં તેમણે વિદ્યાર્થીઓને પોલીસ ખાતા ઉપર એવો ભલામણપત્ર લખી આપ્યો કે

જ્યાં જ્યાં તેઓ રાત્રિમુકામ કરે ત્યાં સ્થાનિક પોલીસ દ્વારા તેમને રક્ષણ મળે. આ વિહારમાં બધે જ રહેઠાણની સગવડ મળવાની નહોતી. એટલે તેઓને માટે તંબૂઓની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી કે જેથી જરૂર પડે જંગલમાં તેઓ તંબૂમાં રહી શકે. આ તંબૂઓ તેઓએ જાતે જ ઊંચકવાના હતા. આવા મુકામ દરમિયાન વિદ્યાર્થીઓ રાતના વારાફરતી જાગતા રહી ચોકી કરતા રહેતા.

ઉત્તર પ્રદેશમાંથી બિહારમાં જતાં શિષ્યો-વિદ્યાર્થીઓ મહારાજશ્રી સાથે રોજના ૨૦ થી ૨૫ માઇલનો વિહાર કરતા. જ્યાં મુકામ કરતા ત્યાં મહારાજશ્રી કશી પણ ઔપચારિકતા વિના જ્યાં વધુ અવરજવર હોય તેવા રસ્તા ઉપર ઊભા રહી અહિંસા-જીવદયા વિશે વ્યાખ્યાન આપતા. જ્યાં શાળાઓ હોય ત્યાં શાળાઓમાં જઇ હેડમાસ્તરને મળી શાળાના વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપતા. ક્યારેક જરૂર પડે તો એવી શાળાઓમાં રાત્રિમુકામ પણ કરતા. મહારાજશ્રી અને એમના શિષ્યો ગોચરી વહોરી લાવતા. વિદ્યાર્થીઓ બજારમાંથી કશુંક ખાવાનું લાવીને ખાઇ લેતા અથવા અનુકૂળતા હોય તો હાથે રસોઇ બનાવી લેતા. જો કે ખાવાની વાતને તેઓ બહુ મહત્ત્વ આપતા નહિ. ક્યારેક આખા દિવસ દરમિયાન ખાવાનું ન મળે, અથવા માત્ર ચણામમરા મળે એવું પણ બનતું. આમ ઘણા કષ્ટપૂર્વક તેઓનો વિહાર ચાલ્યો હતો, પરંતુ એનો એમને જરા પણ રંજ નહોતો. કોઇ કોઇ વખત એવા બનાવો બનતા કે શિષ્યો-વિદ્યાર્થીઓ પોતપોતાની ઝડપે ચાલતા હોય એટલે આગળપાછળ થઇ જતા. બે રસ્તા આવે કે બે કેડી આવે તેમાં કોઇ નિશાની હોય નહિ એટલે કેટલાક એક બાજુ ચાલ્યા જતા અને કેટલાક બીજી બાજુ. એટલે રાત્રિમુકામ વખતે મેળાપ ન થાય તો આગળનો વિહાર અટકાવી દેવો પડતો. કોઇ કોઇ વખત બધા એકત્ર થવામાં ત્રણ-ચાર દિવસ નીકળી જતા. તેઓ બધા પટના પહોંચવા આવ્યા હતા, ત્યારે વિખૂટા પડી ગયા હતા અને ત્રણ દિવસ ભૂખ્યા-તરસ્યા અટવાયા હતા. પોલીસની મદદ લેવી પડી હતી. છેવટે બધા પટનામાં એકત્ર થયા હતા.

પટનામાં બીજા વીસ વિદ્યાર્થીઓ ટ્રેન દ્વારા આવી પહોંચ્યા. તેઓને પણ સાથે લઇને મહારાજશ્રીએ સમેતશિખર, પાવાપુરી, ક્ષત્રિયકુંડ, ગુણિયાજી વગેરે સ્થળોની તીર્થયાત્રા કરી.

સમેતશિખરજીની યાત્રા મહારાજશ્રીએ ખૂબ ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરી. જીવનમાં પહેલી જ વાર આ તીર્થની તેઓ યાત્રા કરતા હતા, એટલે એમનો આનંદ એટલો બધો હતો અને સ્થળની રમણીયતા એટલી બધી હતી કે બીજે દિવસે પણ મહારાજશ્રી કેટલાક વિદ્યાર્થીઓ સાથે પહાડ ઉપર ફરીથી ચઢ્યા. ઉપર દર્શન વંદન સારી રીતે થયાં, પરંતુ નીચે ઊતરતી વખતે મહારાજશ્રીનો એક પગ જકડાઇ ગયો. કોઇ નસ ખેંચાઇ ગઇ. બહુ કષ્ટ થવા લાગ્યું. દુઃખાવો વધતાં પગે સોજો પણ ચડી ગયો. વિદ્યાર્થીઓ-શિષ્યો તેમને ઊંચકીને નીચે ધર્મશાળામાં લઇ આવ્યા. તાત્કાલિક કેટલાક ઉપચારો કરવા છતાં મટ્યું નહિ, એથી મહારાજશ્રીને ત્યાં જ રોકાઇ જવું પડ્યું. તેમનાથી બિલકુલ ચલાતું નહોતું. એ વખતે એક પહાડી માણસે બતાવેલી ઔષધિથી કંઇક ફરક પડવા લાગ્યો.

એમ કરતાં લગભગ એક મહિનો મહારાજશ્રીને સમેતશિખરમાં રોકાઇ જવું પડ્યું. ટ્રેન દ્વારા આવેલા વિદ્યાર્થીઓ તો પાછા ચાલ્યા ગયા હતા, પરંતુ બાકીના વિદ્યાર્થીઓ માટે કરેલી નાણાંની વ્યવસ્થા પૂરી થઇ ગઇ. નાણાંની તાત્કાલિક જરૂર પડી. એટલે મહારાજશ્રીને મુંબઇ સંદેશો મોકલાવીને પોતાના એક ભક્ત પાસેથી નાણાં મંગાવવા પડ્યાં હતાં.

પગની તકલીફ છતાં મહારાજશ્રી સમેતશિખરમાં વ્યાખ્યાન આપતા રહ્યા હતા. એક વખત કલકત્તાના કેટલાક શ્રેષ્ઠીઓ ત્યાં જાત્રા કરવા આવ્યા હતા. તેમણે મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળ્યું. તેઓ બહુ પ્રભાવિત થયા. વ્યાખ્યાન સાંભળવા માટે તેઓ ત્યાં વધુ દિવસ રોકાયા. તેમને એટલો બધો રસ પડ્યો કે મહારાજશ્રીને તરત કાશી પાછા ન ફરતાં કલકત્તા પધારવા નિમંત્રણ આપ્યું. મહારાજશ્રીએ એમનું નિમંત્રણ સ્વીકાર્યું અને પોતાની તબિયત સારી થતાં એમણે શિષ્યો અને વિદ્યાર્થીઓ સાથે કલકત્તા તરફ વિહાર કર્યો.

### બંગાળમાં :

સમેતશિખરથી વિહાર કરી મહારાજશ્રી કલકત્તા પધાર્યા. એ જમાનામાં કલકત્તામાં જૈન મુનિઓનો વિહાર નહોતો એટલે મહારાજશ્રી જેવા ખ્યાતનામ મહાત્માનો ચાતુર્માસ માટે લાભ મળે એ ઘણી મોટી ઘટના હતી. કલકત્તાના શ્રાવકોમાં તો એથી બહુ આનંદોલ્લાસ વ્યાપી ગયો, પણ જૈનેત્તર વિદ્વાનો પણ એમને મળવા માટે આવવા લાગ્યા. મહારાજશ્રીના સંસ્કૃત ભાષા પરના અસાધારણ પ્રભુત્વથી તેઓ પ્રભાવિત થયા હતા. મનુસ્મૃતિના માંસભક્ષણના દોષ વિશેના વિધાનનો વ્યાકરણની દૃષ્ટિએ મહારાજશ્રીએ સાચો અર્થ કરી બતાવ્યો હતો. કલકત્તામાં કાલિમાતાને પશુ બલિ ચડાવવામાં આવતા. એક વિદ્વાને આવીને કહ્યું કે 'દુર્ગાસપ્તતિ'માં 'પશુપુષ્પૈશ્ચ ગંધૈશ્ચ' એ પ્રમાણે પશુનો બલિ ચડાવવાનો સ્પષ્ટ નિર્દેશ છે. ત્યારે મહારાજશ્રીએ સામું પૂછ્યું કે 'તમે પુષ્પની પાંદડીઓ તોડીને અને ટુકડા કરીને ચડાવો તો માતાજી પ્રસન્ન થાય કે અખંડિત પુષ્પ ચડાવો, તો પ્રસન્ન થાય ?' વિદ્વાને કહ્યું કે 'અખંડિત પુષ્પ ચડાવવું જોઇએ.' એટલે મહારાજશ્રીએ કહ્યું કે 'એવી જ રીતે માતાજીને જીવતું અખંડિત પશુ ધરાવવું જોઇએ. જો પશુના ટુકડા કરીને ચડાવીએ તો માતાજી કોપે ભરાય અને શાપ આપે.' મહારાજશ્રીની તર્કયુક્ત દલીલ સાંભળી એ વિદ્વાન બહુ પ્રસન્ન થયા અને પશુબલિ મારીને ન ચડાવવાનો સંકલ્પ કર્યો.

મહારાજશ્રી કલકત્તામાં રોજ સવારે પ્રાતઃવિધિ માટે બહાર જઇને પાછા ફરતા ત્યારે જાહેર સ્થળોમાં ક્યાંક ઊભા રહી પોતાના શિષ્યો સમક્ષ પ્રવચન આપતા. એ વખતે સવારે ફરવા નીકળેલાં કે શાકભાજી, દૂધ વગેરે લેવા નીકળેલાં લોકો એમને સાંભળવા ઊભા રહી જતા. આવી રીતે ઘણી વાર લોકોને એમણે ઉદ્બોધન કર્યું હતું અને કેટલાયે લોકોને માંસાહાર છોડાવ્યો હતો.

કલકત્તામાં મહારાજશ્રીના પાઠશાળાના પાંચ વિદ્યાર્થીઓએ મહોત્સવપૂર્વક દીક્ષા આપવામાં આવી હતી. એ પાંચ મુનિમહારાજો તે સિંહવિજયજી, ગુણસાગરજી, વિદ્યાવિજયજી, મહેન્દ્રવિજયજી તથા ન્યાયવિજયજી.

ચાતુર્માસ પછી મહારાજશ્રીએ બંગાળ-બિહારમાં વિવિધ સ્થળે વિહાર કર્યો. નાદિયા નામના ગામે પહોંચ્યા ત્યારે રાત્રિમુકામ માટે યોગ્ય સ્થળ મળતું નહોતું. વળી તેઓ વિહારમાં બધા ભૂલા પડી ગયા હતા. તે વખતે મહારાજશ્રી પોતાની સાથેના બે-એક શિષ્યો સાથે એક સંન્યાસીના મકાનમાં પહોંચ્યા . મહારાજશ્રીને જોતાં જ તે સંન્યાસી ઊભા થઇ ગયા. અલાહાબાદના કુંભમેળા વખતે એમણે મહારાજશ્રીને સભામાં બોલતા સાંભળ્યા હતા. તેમણે મહારાજશ્રી માટે રાત્રિમુકામની વ્યવસ્થા કરી. તેઓ પોતાના વિદ્યાર્થીઓને ન્યાયશાસ્ત્ર શીખવતા હતા. મહારાજશ્રીએ તેમની સાથે તથા એ જિલ્લાના અન્ય પંડિતો સાથે ન્યાયશાસ્ત્રની છણાવટ કરી હતી. સાથે સાથે મહારાજશ્રીએ ઠેર ઠેર વ્યાખ્યાનો આપી કેટલાયે લોકોને માંસાહાર છોડાવ્યો હતો.

### પાઠશાળાની પરિસ્થિતિ :

સમેતશિખરજીની યાત્રા, કલકત્તામાં ચાતુર્માસ તથા બિહાર અને બંગાળનાં વિહાર કરવામાં એક વર્ષથી અધિક સમય થઇ જાય એ સ્વાભાવિક હતું, પરંતુ મહારાજશ્રી કાશીથી વિહાર કરી ગયા પછીથી યશોવિજયજી જૈન પાઠશાળાની પરિસ્થિતિ બગડતી ગઇ. સારા સારા વિદ્યાર્થીઓ મહારાજશ્રી સાથે વિહારમાં ચાલ્યા ગયા હતા. નબળા વિદ્યાર્થીઓ પાઠશાળામાં રહ્યાં હતાં, તેમને હવે સંસ્કૃત-પ્રાકૃત જેવા કઠિન વિષયો ભણવામાં રસ રહ્યો નહિ. ચાલીસેક વિદ્યાર્થીઓમાંથી કેટલાક ચાલ્યા જવા લાગ્યા. એમ કરતાં કરતાં છ-સાત વિદ્યાર્થીઓ રહ્યા. જે પંડિતોને રોકવામાં આવ્યા હતા તેમને પણ ભણાવવામાં પછી બહુ રસ રહ્યો નહિ. તેઓએ પણ થોડા વખત પછી પાઠશાળામાં આવવાનું અનિયમિત કરી નાખ્યું.

પાઠશાળાની આ ચિંતાજનક પરિસ્થિતિના સમાચાર એક બાજુ જેમ મહારાજશ્રીને મળતા ગયા તેમ બીજી બાજુ મુંબઇના મુખ્ય દાતાઓ શ્રી વીરચંદ દીપચંદ તથા ગોકુલભાઇ મૂળચંદને પણ મળતા ગયા. તેઓએ મહારાજશ્રીને સંદેશો કહેવડાવ્યો કે, 'આપ કાશી તરત પધારો અને પાઠશાળાનું સુકાન પાછું બરાબર સંભાળી લો.'

પરંતુ એ દિવસોમાં પત્રવ્યવહાર સિવાય બીજો કોઇ સંપર્ક ઝડપી નહોતો. વળી મહારાજશ્રી પાવાપુરી તરફ નાનાં ગામડાંઓમાં વિચરતા હતા. શેઠ વીરચંદભાઇ વયોવૃદ્ધ હતા. તો પણ તેમણે તથા ગોકુળભાઇ મૂળચંદના સુપુત્ર મણિભાઇએ કાશી (બનારસ) જવાનો

વિચાર કર્યો.. પરંતુ ત્યાં તો સમાચાર આવ્યા કે મહારાજશ્રીએ બનારસ તરફ વિહાર ચાલુ કરી દીધો છે.

મહારાજશ્રી સમેત શિખરના પહાડ ઉપર પડી ગયા હતા. એ વખતે પગની જે નસ ઉપર ઇજા થઇ હતી ત્યાં જ પાછી પીડા ઊપડી અને સોજો આવ્યો. એટલે મહારાજશ્રીને ચાલવાની તકલીફને લીધે પંદરેક દિવસ વિહાર મુલતવી રાખવો પડ્યો. ત્યાર પછી વિહાર કરતાં કરતાં મહારાજશ્રીએ સં. ૧૯૬૪ના અખાત્રીજના દિવસે કાશીમાં પ્રવેશ કર્યો. કાશીનરેશે એમના પ્રવેશ વખતે ભવ્ય સામૈયું કર્યું. મહારાજશ્રી પાછા પધારતાં કાશીની પાઠશાળામાં ઉત્સાહનું વાતાવરણ ફરી વળ્યું. મહારાજશ્રીને કાશીના પંડિતો અને બીજા લોકો 'બાબાજી' તરીકે ઓળખતા હતા. તેઓ બોલવા લાગ્યા કે 'બાબાજી પાછા આવી ગયા છે એટલે પાઠશાળા હવે ફરી પાછી સારી ચાલશે એમાં શંકા નથી.'

એ જ પ્રમાણે થયું. મહારાજશ્રીના આગમનથી પાઠશાળા પુનર્જીવિત થઇ. થોડા વખતમાં જ છ-સાત વિદ્યાર્થીઓમાંથી સાઠ-સિત્તેર વિદ્યાર્થીઓની સંખ્યા થઇ ગઇ. બધાનો અભ્યાસ વ્યવસ્થિત અને સારી રીતે ચાલવા લાગ્યો. પંડિતો નિયમિત આવવા લાગ્યા. વળી હવે મહારાજશ્રીની ખ્યાતિ પણ સમગ્ર ભારતમાં અને વિદેશમાં એટલી વધી ગઇ હતી કે થોડે થોડે દિવસે દેશ-વિદેશના કોઇક ને કોઇક મહાનુભાવો, પંડિતો, પ્રાધ્યાપકો, કલેક્ટરો વગેરે પાઠશાળાની મુલાકાતે પધાર્યા જ હોય.

કાશીમાં મહારાજશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત ભાષાનો અભ્યાસ કરવા-કરાવવાનું, તેજસ્વી વિદ્યાર્થીઓ તૈયાર કરવાનું, અપ્રકાશિત ગ્રંથોના સંશોધન સંપાદનનું એટલું અદ્ભુત કાર્ય કર્યું હતું કે કાશી, નાંદિયા, કલકત્તા, મિથિલા વગેરે પ્રદેશના સવાસો જેટલા વિદ્વાનો તરફથી જૈન અગ્રણીઓના સહકાર સાથે મહારાજશ્રીને કાશીનરેશના હસ્તે ભવ્ય સમારોહપૂર્વક 'શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય'ની પદવી વિ.સં. ૧૯૬૪ના ભાદરવામાં આપવામા આવી હતી. સંસ્કૃત ભાષામાં એમને માનપત્ર આપવામાં આવ્યું હતું. આ અવસર પર કલકત્તાના મહોપાધ્યાય સતીશચંદ્ર વિદ્યાભૂષણે અંગ્રેજી ભાષામાં પ્રેરક પ્રવચન કર્યું હતું. દેશ-વિદેશથી ડૉ. હર્મન જેકોબી વગેરેના અભિનંદન-સંદેશાઓ આવ્યા હતા. કાશીનો આ પદવી-પ્રદાન પ્રસંગ એક યાદગાર પ્રસંગ બની ગયો હતો.

### સર્વધર્મ પરિષદ :

જૈન ધર્મ ઉપરાંત હિંદુ ધર્મના જ્ઞાતા તરીકે, ષડ્દર્શનના અભ્યાસી તરીકે મહારાજશ્રીની ખ્યાતિ ચોમેર પ્રસરી હતી. એટલે જ વિ. સં. ૧૯૬૫માં કલકત્તામાં જ્યારે સર્વધર્મ પરિષદ- Convention of Religions in Indiaની સ્થાપના થઇ અને એનું પ્રથમ અધિવેશન યોજાયું, ત્યારે તેના મંત્રી બાબુ શારદાચરણમિત્રે મહારાજશ્રીને તેમાં ભાગ લેવા માટે તથા જૈન ધર્મ વિશે વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપ્યું હતું. પરંતુ મહારાજશ્રી કાશીથી કલકત્તા જઇ શકે તેમ નહોતા એટલે એમણે એ પરિષદ માટે 'જૈનતત્ત્વ' એ વિષય ઉપર નિબંધ લખ્યો હતો અને પોતાના એક પ્રતિનિધિને કલકત્તા મોકલીને એ પરિષદમાં નિબંધ વંચાવ્યો હતો. એ નિબંધની શ્રોતાઓ ઉપર ઘણી સારી છાપ પડી હતી.

એથી જ વિ.સં. ૧૯૬૬માં જ્યારે અલાહાબાદમાં સર્વધર્મ પરિષદનું બીજું અધિવેશન યોજવામાં આવ્યું ત્યારે મહારાજશ્રીને ત્યાં પધારવા માટે ઘણો આગ્રહ થયો. મહારાજશ્રીએ વિચાર્યું કે કાશીથી અલાહાબાદ વિહાર કરીને પહોંચી શકાય એમ છે એટલે તેઓ પોતાના શિષ્યો સાથે ત્યાં પધાર્યા હતા અને એ અધિવેશનમાં એમણે 'જૈન શિક્ષા' વિશે નિબંધ વાંચ્યો હતો. આ નિબંધની અને મહારાજશ્રીએ રજૂ કરેલા વક્તવ્યની ઘણી સારી છાપ પડી હતી. અધિવેશનના પ્રમુખ તે દરભંગાના મહારાજા હતા અને એમણે પણ મહારાજશ્રીના વક્તવ્યની ઘણી પ્રશંસા કરી હતી.

આમ મહારાજશ્રીએ આ અધિવેશનમાં ભાગ લીધો એથી તેઓ ઘણા અન્ય ધર્મી પંડિતોના, વિદ્વાનોના સંપર્કમાં આવ્યા, એથી ઘણા અજૈન વિદ્વાનો, પંડિતોને જૈન ધર્મના તત્ત્વસિદ્ધાંતોમાં રસ પડ્યો હતો.

### શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા :

મહારાજ જેમ જેમ અજૈન વિદ્વાનોના સંપર્કમાં આવતા ગયા તેમ તેમ એક વાત એમને સમજાતી ગઈ કે ઘણા એવા પંડિતો અને વિદ્વાનો છે જેમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલા સમર્થ જૈન સાહિત્યની કશી જ માહિતી નથી. કેટલાકને હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્યનાં નામની કદાચ ખબર હોય, કે એમની કેટલીક કૃતિઓનાં નામની ખબર હોય તો પણ એમનું સાહિત્ય તેઓએ વાંચ્યું હોતું નથી. અજૈન પંડિતોની જૈન ધર્મ કે તત્ત્વજ્ઞાન વિશેની કેટલીક ગેરસમજ આ પ્રકારના વાંચનને અભાવે છે એમ પણ મહારાજશ્રીને સમજાયું. આવું સમર્થ જૈન સાહિત્ય ઘણું ખરૂં હસ્તપ્રતોમાં-પોથીઓમાં હતું. એ જો છપાવીને સુલભ કરવામાં આવે તો તેથી જૈન અને અજૈન એવા તમામ સાધુ-સંન્યાસીઓ, પંડિતો, શિક્ષણ ક્ષેત્રના વિદ્વાનોને લાભ થાય. એ આશાથી મહારાજશ્રીએ વિ. સં. ૧૯૬૦માં એક ગ્રંથપ્રકાશનશ્રેણી ચાલુ કરવાનું વિચાર્યું. એ શ્રેણીનું શું નામ આપવું એનો વિચાર કરતાં દેખીતી રીતે જ છેલ્લા સમર્થ જ્ઞાની, કાશીમાં જ અભ્યાસ કરનાર એવા ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું નામ જ યાદ આવે. એટલે પાઠશાળા તરફથી પ્રકાશિત થનાર એ ગ્રંથશ્રેણી માટે પણ, 'શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા', એવું નામ મહારાજશ્રીએ રાખ્યું. ગ્રંથપ્રકાશન માટે ફંડ એકત્ર થતાં દસેક વર્ષના ટૂંકા ગાળામાં મહારાજશ્રીએ હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, યશોવિજયજી વગેરેના મળીને પચાસેક જેટલા ગ્રંથો પ્રગટ કર્યા. દેશવિદેશમાં એ ગ્રંથો પહોંચતા જૈન સાહિત્યનો અભ્યાસ વધ્યો અને વિદેશોનાં જર્નલમાં એની નોંધ લેવાઈ અને હર્મન જેકોબી, હર્ટલ, ગોરીનોટ, થોમસ, રુડોલ્ફ, ચાર્લ્સ એલિયર, બેલોની ફિલ્પી, ફિનોર, ફિલીપી વગેરે સંખ્યાબંધ વિદેશી વિદ્વાનોએ જૈન સાહિત્યની મુક્ત કંઠે પ્રશંસા કરી. જૈન કાવ્યસાહિત્ય, કથાસાહિત્ય વગેરે માટે હર્ટલ વગેરે વિદ્વાનોએ ઉચ્ચ અભિપ્રાયો દર્શાવ્યા અને અન્ય સાહિત્ય કરતાં જૈન સાહિત્યની વિશિષ્ટતા શી છે તે પણ પોતાના લેખો-અવલોકનોમાં તેઓ બતાવવા લાગ્યા.

આ ગ્રંથશ્રેણીઓ દ્વારા ગ્રંથો પ્રકાશિત થતાં ઉત્તર ભારત, બંગાળ, રાજસ્થાન વગેરેની પ્રાંતીય સરકારોએ કે દેશી રાજ્યોએ પોતાના પ્રકાશન ખાતામાં તથા ગ્રંથાલયોમાં એ ગ્રંથો દાખલ કરાવ્યા. તદુપરાંત કેટલીક યુનિવર્સિટીઓમાં જૈન ગ્રંથો બી. એ. અને એમ.એ.ના અભ્યાસક્રમમાં દાખલ થવા લાગ્યા. મહારાજશ્રીની આ જેવી તેવી સિદ્ધિ નહોતી.

મહારાજશ્રીના વિચારો એવા ઉદાર હતા કે જેમ અન્ય ધર્મીઓ જૈન ધર્મના ગ્રંથોનો અભ્યાસ કરતા તેમ જૈન વિદ્વાનોએ અન્ય ધર્મના ગ્રંથોનો પણ અભ્યાસ કરવો જોઈએ. અને અન્ય ધર્મના વિદ્વાનો સાથે તત્ત્વવિચારણા કરી તેમને જૈન ધર્મનાં તત્ત્વો સમજાવવાં જોઈએ. બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે જૈન વિદ્વાનોએ પાલી ભાષાનો અભ્યાસ કરવો જોઈએ. જ્યારે કલકત્તાના ડૉ. સતીશચન્દ્ર વિદ્યાભૂષણને બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે સરકાર તરફથી શ્રીલંકા મોકલવાનું નક્કી થયું ત્યારે તેમની સાથે પોતાના બે વિદ્યાર્થીઓ પંડિત હરગોવિંદદાસ તથા પંડિત બેચરદાસ દોશીને પાલી ભાષા તથા બૌદ્ધ ધર્મના અભ્યાસ માટે મોકલવા માટેની વ્યવસ્થા મહારાજશ્રીએ કરાવી હતી. આ બંને પંડિતોએ શ્રીલંકા જઈને પાલી ભાષાનો સારો અભ્યાસ શ્રીલંકાના બૌદ્ધ ભિખ્ખુઓ પાસે કર્યો હતો.

'યશોવિજયજી ગ્રંથમાળા'ના પ્રકાશન ઉપરાંત મહારજશ્રીને લાગ્યું કે જૈનોનું એક સામાયિક પણ હોવું જોઈએ કે જેથી તેમાં લેખો પ્રસિદ્ધ થતા રહે અને જૈન જગતના અહેવાલો પણ પ્રસિદ્ધ થતા રહે. એ માટે મહારાજશ્રીની પ્રેરણાથી એમના ભક્ત શ્રી હર્ષચંદ્ર ભૂરાભાઈ કે જેમણે શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાની આર્થિક જવાબદારી સંભાળી લીધી હતી તેમણે 'જૈન શાસન' નામનું એક પાક્ષિક પત્ર સં. ૧૯૬૭માં ચાલુ કર્યું હતું. એના પ્રત્યેક અંકમાં મહારાજશ્રી 'ધર્મદેશના'ના નામથી લેખ લખતા એથી ઘણી સારી જાગૃતિ આવી ગઈ હતી.

### પશુશાલા :

કાશીમાં વિદ્યાભ્યાસનું કાર્ય કરતાં-કરાવતાં મહારાજશ્રીએ જૈન અને હિંદુ વચ્ચેના વિદ્વેષને દૂર કરાવ્યો હતો અને સુમેળનું પ્રેમભર્યું સંવાદી વાતાવરણનું નિર્માણ કરાવ્યું હતું. ઠેઠ પ્રાચીન સમયથી કાશી જૈન, બૌદ્ધ અને હિંદુઓનું પવિત્ર સ્થળ રહ્યું છે. આમ છતાં મહારાજશ્રીને એક વાત ત્યાંના વાતાવરણમાં ખૂંચતી હતી. કાશીમાં મનુષ્યોનું ગૌરવ છે. પણ પશુઓની બેહાલ દશા છે. અપંગ પ્રાણી

લોકોની લાતો ખાતાં ખાતાં કે લાકડીનો માર ખાતાં ખાતાં મૃત્યુ પામતાં. વળી કાશીમાં માતાજીના મંદિરમાં લોકો જીવતા પશુનો ભોગ ધરાવતા. પૂજારીઓ એટલાં બધાં પશુનો ભોગ જાતે ખાઈ શકે નહિ એટલે કેટલાંક પશુને જીવતાં લઈ જઈને કસાઈને વેચી દેતા. પશુઓની કતલનો મોટો વેપાર કાશી જેવા પવિત્ર ધામમાં ચાલતો એ મહારાજશ્રી માટે અસહ્ય થઈ પડ્યું. એમણે જોયું કે કાશીમાં પશુવધ બંધ કરાવવાની જરૂર છે તથા પશુશાળા (પાંજરાપોળ) બંધાવવાની જરૂર છે. મહારાજશ્રીને તો એ વાતનો ખેદ થયો કે કાશીના કેટલાક વૈષ્ણવોને અને બ્રાહ્મણોને એવું બોલતા એમણે સાંભળ્યા હતાં કે બકરી તો દૂધ આપે. પણ બકરો શા કામનો? એટલે બકરાનો ભોગ ધરાવવામાં આવે કે કસાઈ કાપે એમાં શો વાંધો હોઈ શકે?

પશુશાળા (પાંજરાપોળ)ની બાબત એવી હતી કે એમાં કોઈ ધાર્મિક મતભેદને અવકાશ નહોતો. મહારાજશ્રીએ એ માટે કાશીના પંડિતોનો સહકાર મેળવ્યો. વળી, કાશીનરેશને પણ એમણે આ કાર્યમાં સહાય કરવા અરજ કરી. કાશીનરેશે આ વાત સ્વીકારી. વળી મુસલમાનો પણ આ કાર્યમાં જોડાયા. કાશીમાં પશુઓ માટેની ગુજરાતની પાંજરાપોળ જેવી સંસ્થાની સ્થાપના પહેલી વાર થતી હતી. એ માટે ગંગા નદીના એક ઘાટ ઉપર વિશાળ જગ્યા પણ મળી ગઈ. મહારાજશ્રીએ પશુશાળાને જૈનોની કોઈ એક સંસ્થા તરીકે નહિ પણ એક સાર્વજનિક સંસ્થા તરીકે સ્વરૂપ આપ્યું અને રક્ષક સમિતિમાં હિંદુ અને જૈન ઉપરાંત મુસલમાન અને ખ્રિસ્તી સભ્યોને પણ લેવામાં આવ્યા.

કાશીમાં જેમ શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા તેમ પશુશાળા એ બે મહારાજશ્રીની સ્મૃતિ તાજી કરાવે એવી સંસ્થાઓ બની ગઈ. એ બંને સંસ્થાઓ માટે મુંબઈ, ગુજરાત અને અન્ય પ્રદેશોમાંથી દાનનો સારો પ્રવાહ વર્ષો સુધી મળતો રહ્યો હતો.

### ઉત્તરપ્રદેશથી રાજસ્થાનમાં :

મહારાજશ્રીને ગુજરાત છોડ્યાંને ઘણાં વર્ષ વીતી ગયાં હતાં. હવે તેમને ગુજરાત તરફ પ્રયાણ કરવું હતું. પરંતુ કાશીના લોકો તેમને જવા દેતા નહોતા. છેવટે બે ચાતુર્માસ કરી તેઓ પાછા ફરશે એવી શરતે તેમણે કાશી છોડ્યું.

કાશીથી વિદાય થતી વેળાએ મોટો સમારંભ યોજાયો હતો. કેટલાયે લોકોની આંખમાં આસું આવ્યાં. ગુજરાત તરફના વિહાર માટે મહારજશ્રીએ માલવાનો રસ્તો ન લેતા રાજસ્થાનનો રસ્તો લીધો. માલવાનો રસ્તો ટૂંકો હતો અને પોતે ગુજરાતમાંથી કાશી એ રસ્તે જ આવ્યા હતા, પરંતુ મહારાજશ્રીને રાજસ્થાનનાં તીર્થોની યાત્રા રવાની ભાવના હતી. વળી એ તરફ જૈનોની વસતી પણ વધારે હતી.

કાશીથી મહારાજશ્રી અયોધ્યા, લખનૌ અને કાનપુર થઈને આગ્રા પધાર્યા. ત્યાંથી મથુરા પધાર્યા. મથૂરામાં જૈનોની ખાસ વસતી નહોતી. મહારાજશ્રીએ એક દિગંબર શ્રેષ્ઠીના ઘરે મુકામ કર્યો. મથૂરાના મ્યૂઝિયમના ડાયરેક્ટર રાયબહાદુર રાધાસ્વામી બહુ મોટા વિદ્વાન હતા. તેણે કહ્યું કે મથુરામાં કંકાલી ટીલાના જે પ્રાચીન અવશેષો મળ્યા છે તેમાં સૌથી વધુ પ્રાચીન અવશેષો જૈનોના છે, તે પછી બૌદ્ધોના છે અને તે પછી વૈષ્ણવોના છે. અહીં મથુરામાં આર્ય સ્કંદિલાચાર્યની નિશ્રામાં આગમ વાચના થઈ હતી એ બતાવે છે કે બે હજાર વર્ષ પહેલાં મથુરા જૈનોનું એક મહત્ત્વનું કેન્દ્ર હતું.

મથૂરાથી મહારાજશ્રી વૃંદાવન પધાર્યા. ત્યાં મુખ્ય ગોસાંઈ મધુસૂદન ગોસ્વામીના પ્રમુખપદે મહારાજશ્રીનું વ્યાખ્યાન ગોઠવાયું હતું અને વૃંદાવનના બીજા ગોસ્વામીઓ તથા પંડિતો અને શાસ્ત્રીઓ સભામાં ઉપસ્થિત રહ્યા હતાં. વૈષ્ણવોની નગરીમાં એક જૈન આચાર્ય જૈન ધર્મ ઉપર વ્યાખ્યાન આપી જાય એ કેટલાક વૈષ્ણવોને ગમતી વાત નહોતી અને વ્યાખ્યાન બંધ રખાવવા કોશિષ થઈ હતી, પરંતુ મુખ્ય મુખ્ય તમામ વ્યક્તિઓ મહારાજશ્રીના નામથી સુપરિચિત હતી અને તેઓએ વ્યાખ્યાનના આયોજનને સફળ બનાવ્યું હતું. મહારાજશ્રીએ પણ પોતાના વ્યાખ્યાનમાં ભારતીય ધર્મોમાં કેટલી બધી ઉદારતા રહેલી છે તે દૃષ્ટાંતો સાથે દર્શાવી, ધર્મના ક્ષેત્રે પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા અને એકતાની કેટલી બધી આવશ્યકતા છે એના ઉપર ભાર મૂક્યો હતો.

વૃંદાવનથી મહારાજશ્રી મથુરા થઈને ભરતપુર પધાર્યા. ત્યાં જૈન-જૈનેતર લોકો સમક્ષ વ્યાખ્યાનો આપી તેઓ જયપુર પધાર્યા. રસ્તાનાં ગામો નાનાં નાનાં હતાં અને ત્યાં જૈનોની વસતી નહોતી. ત્યાં તેમણે સદાચાર ઉપર વ્યાખ્યાનો આપ્યાં. જયપુરમાં કેટલાક દિવસ રોકાઈ તેઓ કિશનગઢ પધાર્યા. ત્યાં ઢુંઢક મુનિઓની વિનંતીથી મહારાજશ્રીના શિષ્યોએ મૂર્તિપૂજા વિશે, બ્રાહ્મણ પંડિતોની સાક્ષીમાં શાસ્ત્રાર્થ શરૂ કર્યો, પણ તર્કયુક્ત રીતે શાસ્ત્રાર્થ કરવાનું ન ફાવતાં ઢુંઢક મુનિઓ અડધેથી સભા છોડીને ચાલ્યા ગયા. એથી ત્યાંના છાપાંઓમાં બ્રાહ્મણ પંડિતોએ ટીકા કરી હતી. કિશનગઢમાં રણજીતમલજી નાહટા નામના શ્રેષ્ઠીએ પોતના અંગત ભંડારમાંથી મહારાજશ્રીને ઘણી બધી અમૂલ્ય હસ્તપ્રતો ભેટ આપી હતી. કિશનગઢથી મહારાજશ્રી અજમેર પધાર્યા. અહીં એક મહત્ત્વની ઐતિહાસિક ઘટના બની.

### આબુના જિનમંદિરમાં આશાતના બંધ :

મહારાજશ્રીનો જમાનો એ અંગ્રેજોની સર્વોપરિતાનો જમાનો હતો. અંગ્રેજોએ પોતાના રાજ્યશાસન કાળ દરમિયાન ભારતની પ્રજાને ગુલામ બનાવી દીધી હતી અને માનસિક રીતે એવી કચડી નાખી હતી કે અંગ્રેજોને કશું કહી શકાતું નહિ. તેમાં પણ અંગ્રેજો હિંદુઓનાં, જૈનોનાં કે મુસલમાનોનાં ધર્મક્ષેત્રોમાં પણ પોતાની સત્તા વાપરીને મનસ્વીપણે વર્તતા હતા. સત્તા આગળ કોઇનું ચાલતું નહિ. લોકો બહુ ડરી ગયા હતા.

આબુમાં દેલવાડાનાં સુપ્રસિદ્ધ જિનમંદિરમાં એવી ઉત્તમ પ્રકારની કલાકારીગરી હતી કે તે જોવા જવાનું મન અંગ્રેજોને થયા વગર રહે નહિ. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઠંડી વગેરેને કારણે તથા એવી જીવનશૈલીને કારણે પગમાં બુટમોજાં પહેર્યા વગર ઘરમાં પણ ફરાય નહિ. પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઠંડી વગેરેને કારણે તથા એવી જીવનશૈલીને કારણે પગમાં બુટ-મોજાં પહેર્યા વગર ઘરમાં પણ ફરાય નહિ અને ભોજન જમતી વખતે પણ બુટ- મોજાં પહેર્યાં હોય અને ચર્ચમાં પ્રાર્થના કરતી વખતે પણ તે પહેર્યા હોય. અંગ્રેજો ભારતમાં પણ તે પ્રમાણે જ રહેતા અને તેથી જૈન કે હિંદુ મંદિરોમાં બુટ-મોજાં પહેરીને દાખલ થતા તો તેમને કોઇ અટકાવી શકતું નહિ. સત્તાને કારણે તેઓનો એવો તે વખતે રૂઆબ હતો. પ્રજા પણ ગરીબ, લાચાર અને ગભરુ હતી.

અંગ્રેજો ઉનાળામાં અને અન્ય ઋતુઓમાં પણ આવશ્યકતા અનુસાર ઊંચા પર્વતોમાં રહેવા ચાલ્યા જતા. તેવી રીતે આબુ પર્વત ઉપર પણ તેઓએ પોતાનું કાયમનું મથક સ્થાપ્યું હતું અને તેથી દેલવાડાના જિનમંદિરમાં આવનાર અંગ્રેજોની અવરજવર વધી ગઇ હતી. અંગ્રેજો બુટ-મોજાં પહેરીને મંદિરમાં આવતા તેની સામે જૈનોએ પોતાની મૌખિક અને લેખિત નારાજગી વખતોવખત દર્શાવી હતી અને તે સમયે જૈન શ્વેતામ્બર કોન્ફરન્સે પણ કેટલાક પ્રયત્નો કર્યા હતા છતાં તેનું કશું પરિણામ આવ્યું નહોતું. ચાર-પાંચ દાયકાથી આ રીતે અંગ્રેજો બુટ-મોજાં પહેરીને આબુના મંદિરમાં જતા હતા.

મહારાજશ્રી જ્યારે આગ્રાથી મારવાડ તરફ વિહાર કરતા હતા ત્યારે એમને વિચાર આવ્યો કે અજમેરમાં એજન્ટ ટુ ધ ગવર્નર જનરલની ઑફિસ છે. તે વખતે એજન્ટ હતા મિ. કોલ્વિન. એમની આગળ જો બરાબર રજૂઆત કરી હોય તો તેઓ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયાને, વાઇસરોયને બરાબર સલાહ આપી શકે અને તેઓ આ વિષયમાં કાયદો કરી શકે. વળી મહારાજશ્રીને એવો પણ વિચાર આવ્યો કે તુંડમિજાજી અને દેશી લોકો પ્રત્યે તુચ્છકાર અને અપમાનની નજરે જોનારા અંગ્રેજ શાસકોને જો બીજા કોઇ પ્રતિષ્ઠિત અંગ્રેજ તરફથી કહેવામાં આવે તો તેની અસર વધુ થાય. તે વખતે ઈંગ્લેંડમાં રહેતા અને જૈન સાહિત્યમાં રસ ધરાવનાર અને જૈન હસ્તપ્રતોની માહિતી માટે પ્રયત્નશીલ રહેનાર, ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીના અધ્યક્ષ ડૉ. થોમસ સાથે મહારાજશ્રીને કેટલોક પત્રવ્યવહાર થયો હતો. ડૉ. થોમસને મહારાજશ્રી પ્રત્યે ઘણો આદર હતો. તેઓ પરસ્પર મળ્યા નહોતા. મહારાજશ્રીએ વિચાર્યું કે પોતે કેલ્વિન સાહેબ સાથે સીધી વાત કરે અને તરત તેનો ઇન્કાર થઇ જાય તો પાછી વાત ઉપાડી શકાશે નહિ. એટલે એમણે આબુના જિનમંદિરની આખી પરિસ્થિતિ સમજાવતો વિગતવાર પત્ર ડૉ. થોમસને લખ્યો અને વિનંતી કરી કે તેઓ કેલ્વિન સાહેબને આ બાબતમાં સમજાવે. ત્યાર પછી પોતે કેલ્વિન સાહેબને મળશે. એ દિવસોમાં જહાજ મારફત લંડન પત્ર પહોંચતાં

દોઢ બે મહિના તો લાગી જતા. એટલે ડૉ. થોમસનો પત્ર કેલ્વિન સાહેબને મળી જાય તે પછી પોતે તેમને મળે.

ડૉ. થોમસનો જવાબ મહારાજશ્રીને મળી ગયો. તેમણે સર કેલ્વિન સાહેબને પત્ર લખી દીધો છે, એવું જણાવ્યું ત્યાર પછી મહારાજશ્રીએ સર કેલ્વિન સાહેબને પત્ર લખીને મુલાકાત માટે સમય માગ્યો. ઇ.સ. ૧૯૧૩ના માર્ચ મહિનાની ૨૦મી તારીખે પોણાઅગિયાર વાગે અજમેરમાં મુલાકાતનો સમય આપવામાં આવ્યો. મહારાજશ્રી પોતાના કેટલાક શિષ્યો સાથે તથા રાજસ્થાનના કેટલાક અગ્રણીઓ સાથે કેલ્વિન સાહેબને મળવા ગયા.

સર કેલ્વિને મહારાજશ્રીને કહ્યું કે આબુના જિનમંદિર અંગે ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરીના મુખ્ય ગ્રંથપાલ ડૉ. થોમસનો પત્ર મારા ઉપર આવ્યો છે. તેમણે ભલામણ કરી છે એટલે એ બાબત જરૂર કરવા યોગ્ય જ હોય. આબુના જિનમંદિર અંગે તમારી શી ઇચ્છા છે?

મહારાજશ્રીએ કહ્યું કે અમારા જિનમંદિરની પવિત્રતા સચવાય એટલા માટે કોઇપણ વ્યક્તિ બુટ-ચંપલ પહેરી મંદિરમાં દાખલ થાય નહિ એ માટે સરકારે કાયદો કરવાની જરૂર છે.

કેલ્વિન સાહેબે કહ્યું, 'તમે મને એક વિગતવાર અરજી લખીને આપો. એની સાથે ડૉ. થોમસનો ભલામણ પત્ર હું જોડીશ અને સાથે મારી ભલામણ પણ લખીશ અને એ તમારો પત્ર દિલ્હી વાઇસરોયને હું મોકલી આપીશ એટલે તમારું કામ થઇ ગયું જ સમજો.'

મહારાજશ્રીએ એક શ્રેષ્ઠી પાસે અરજી લખાવીને આપી. સર કેલ્વિને તે પોતાની ભલામણ સાથે દિલ્હીની અંગ્રેજ હકુમતને મોકલી આપી. થોડા દિવસમાં જ લેખિત હુકમ આવી ગયો કે આબુના જિનમંદિરમાં કોઇ પણ યુરોપિયન કે અન્ય કોઇ વ્યક્તિ બુટ-ચંપલ પહેરીને પ્રવેશી શકશે નહિ.

મહારાજશ્રીના પ્રયાસથી આ કાર્ય સફળ થયું. આજે જે કાર્ય બહુ મહત્ત્વનું ન લાગે એ કાર્ય એ જમાનામાં કેટલું બધું કઠિન હતું કે ચાર-પાંચ દાયકા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ અને સંસ્થાઓએ કરેલા પ્રયાસો છતાં અન્ય તેનું કોઇ પરિણામ આવ્યું નહોતું. મહારાજશ્રીની દુરંદેશી અને વિદેશીઓ સાથેના સુવાસભર્યા સંપર્કને પરિણામે એ કાર્ય સરળતાથી પાર પડ્યું. પછીથી તો ભારતનાં તમામ જિનમંદિરો માટે આ કાયદો વિદેશીઓને- અન્ય ધર્મીઓને લાગુ પડી ગયો હતો.

મહારાજશ્રી અજમેરથી બ્યાવર પધાર્યા અને ચાતુર્માસ ત્યાં કર્યું. બ્યાવરમાં મહારાજશ્રીના વિદ્વાન શિષ્યો શ્રી ઇન્દ્રવિજયજીને ઉપાધ્યાયની પદવી તથા શ્રી મંગલવિજયજીને પ્રવર્તકની પદવી આપવાનો તથા મહારાજશ્રીના એક વિદ્યાર્થીને દીક્ષા આપવાનો અઠ્ઠાઇ મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

બ્યાવરમાં મહારાજશ્રીની વાણી સાંભળી એક પારસી એન્જિનિયર શ્રી ધનજીભાઇ મહારાજશ્રીના પરમ ભક્ત થઇ ગયા હતા અને જૈન ધર્મના અનુરાગી બની શાકાહારી થઇ ગયા હતા. તદુપરાંત શ્રી ભગવાનદાસ ઓઝા નામના એક બ્રાહ્મણ પંડિત પણ મહારાજશ્રીના ભક્ત બન્યા હતા. તેઓ પણ રોજ વ્યાખ્યાનમાં પધારતા. બ્યાવરમાં મહારાજશ્રીના ચાતુર્માસે જૈન-જૈનેતર વર્ગમાં ઘણો મોટો ઉત્સાહ જન્માવ્યો હતો. બ્યાવરમાં મૂર્તિપૂજક કરતાં સ્થાનકવાસીઓની વસતી ઘણી મોટી હતી, પરંતુ મહારાજશ્રીનાં વ્યાખ્યાનોમાં રોજ ઘણા સ્થાનકવાસીઓ પણ ઉપસ્થિત રહેતા. મહારાજશ્રીએ ચાતુર્માસ પછી બ્યાવરથી વિહાર કર્યો ત્યારે સમગ્ર શહેરના નાગરિકો તરફથી એક વિશાળ વિદાય સમારંભ યોજાયો હતો અને શહેરના અગ્રગણ્ય જૈન-જૈનેતર મહાનુભાવોએ સરસ વક્તવ્યો રજૂ કર્યાં હતાં.

## જોધપુરમાં જૈન સાહિત્ય સંમેલન :

બ્યાવરમાં ચાતુર્માસ કરી મહારાજશ્રી અજમેર થઇ બિલાડા વગેરે ગામોમાં વિહાર કરતા કરતા સોજત પધાર્યા. મહારાજશ્રી જ્યારે સોજતમાં હતા ત્યારે જર્મનીના પ્રકાંડ વિદ્વાન, જૈન ધર્મના અભ્યાસી ડૉ. જેકોબી ભારતમાં આવવાના છે એવો એમને પત્ર મળ્યો. ડૉ. જેકોબી જેવા વિદેશી વિદ્વાન આવવાના હોય તો તેમને અનુકૂળ એવા સમયે જૈન સાહિત્ય સંમેલન યોજવામાં આવે તો ઘણા લેખકોને અને અન્ય લોકોને લાભ મળે. જૈન સાહિત્ય સંમેલન યોજવાનું મહારાજશ્રીએ નક્કી કર્યું, સોજતના સંઘે એ માટેની બધી આર્થિક જવાબદારી અને વ્યવસ્થા માટે ઉત્સાહપૂર્વક તૈયારી બતાવી, પરંતુ મહારાજશ્રીને લાગ્યું કે આટલા વિશાળ સમુદાયની સગવડ સોજત જેવા નાના ગામમાં નહિ થઇ શકે. વળી રેલવે સ્ટેશન ગામથી ઘણું જ દૂર છે એટલે પણ અગવડ પડવાનો સંભવ હતો. દરમિયાન જોધપુરના સંઘનો આગ્રહ થયો કે સંમેલન જોધપુરમાં યોજવામાં આવે. એટલે મહારાજશ્રીએ ત્યાં જ યોજવાનો નિશ્ચય કર્યો અને તે મુજબ વિહાર કરી તેઓ જોધપુર પધાર્યા.

વિ.સં. ૧૯૭૦ (ઇ.સ. ૧૯૧૪)માં માર્ચ મહિનાની તારીખ ત્રણ, ચાર, પાંચના રોજ આ સંમેલન યોજવાની જાહેરાત થઇ. ડૉ. જેકોબીને સોજત નહિ પણ જોધપુર પધારવા માટે વિનંતી થઇ.

જોધપુરમાં આવીને મહારાજશ્રીએ ઉપાશ્રયમાં પોતાનાં વ્યાખ્યાનો ચાલુ કર્યાં, પરંતુ બહાર જાહેરમાં વ્યાખ્યાનો આપવા માટે એટલી બધી અન્ય લોકોની માગણી થઇ કે રોજ સાંજે એમનાં જાહેર વ્યાખ્યાનો ગોઠવાયાં. તેમને સાંભળવા માટે પાંચથી સાત હજાર માણસ આવતા. માઇક્રોફોન વગરના એ દિવસમાં મહારાજશ્રીનો અવાજ કેટલો પહાડી હશે અને સારી રીતે સાંભળવા માટે લોકો કેવી શિસ્ત જાળવતા હશે તે આના ઉપરથી સમજી શકાય છે. આ વ્યાખ્યાનોમાં જોધપુરના મહારાજા ફતેહસિંહજી પોતે પધારતા હતા અને એમણે પોતાના પરિવાર માટે રાજમહેલમાં પણ વ્યાખ્યાન આપવા માટે મહારાજશ્રીને વિનંતી કરી હતી. મહારાજશ્રીએ પોતાના શિષ્યો સાથે રાજમહેલમાં જઇને વ્યાખ્યાન આપ્યું હતું. વળી જોધપુરનરેશ પોતે મહારાજશ્રી પાસે બપોરે ઉપાશ્રયે આવતા અને આત્મતત્ત્વ, મોક્ષ વગેરે વિશે પોતાના પ્રશ્નોનું સમાધાન મેળવતા.

આ સંપર્કનું એક શુભ પરિણામ એ આવ્યું જોધપુરનરેશ અને એમના પરિવારના સભ્યોએ શિકાર અને માંસાહારનો ત્યાગ કર્યો. બીજું શુભ પરિણામ એ આવ્યું કે જોધપુરમાં કેટલાક લોકો કબૂતર મારીને ખાતા. મહારાજશ્રીના ઉપદેશથી જોધપુરમાં કબૂતરોની હિંસા ઉપર કાયદેસર પ્રતિબંધ આવી ગયો. ત્રીજું શુભ પરિણામ એ આવ્યું કે જોધપુરનરેશે જાહેર કર્યું કે જોધપુરમાં જૈન સાહિત્ય/સંમેલન યોજવામાં આવ્યું છે, તેનો તમામ ખર્ચ જૈન સંઘ તરફથી નહિ પણ રાજ્ય તરફથી આપવામાં આવશે અને તેની વ્યવસ્થાની જવાબદારી પણ રાજ્ય ઉપાડી લેશે.

જોધપુરના આ જૈન સાહિત્ય સંમેલનમાં બહારગામથી એક હજાર જેટલા પ્રતિનિધિઓ આવ્યા હતા. તે દરેકની ઉતારા-ભોજનની વ્યવસ્થા જુદે જુદે સ્થળે રાજ્ય તરફથી કરવામાં આવી હતી. સંમેલનમાં પ્રતિનિધિઓ ઉપરાંત શહેરના શ્રોતાવર્ગ સહિત દસ હજાર માણસોની સંખ્યા થઇ ગઇ હતી. તે બધાને બેસવા માટે ખુલ્લા મેદાનમાં વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો.

મહારાજશ્રી રાજપુતાનાના એજન્ટ કેલ્વિન સાહેબને અજમેરમાં મળ્યા હતા. એમને મહારાજશ્રીએ આ સંમેલનમાં પેટ્રન તરીકે પધારવા નિમંત્રણ આપ્યું અને કેલ્વિન સાહેબે તે સ્વીકાર્યું. ડૉ. સતીશચન્દ્ર વિદ્યાભૂષણને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. મહારાજશ્રીનું નિમંત્રણ સ્વીકારી તેઓ પણ જોધપુર પધાર્યા હતા. તેમણે એક સરસ વિદ્વત્તાપૂર્ણ સંમેલનના અધિવેશનમાં આપ્યું હતું.

ત્રણ દિવસના સંમેલનમાં જુદી જુદી બેઠકોમાં જુદા જુદા વિષયો ઉપર નિબંધો વંચાયા હતા. તદુપરાંત કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓનાં પ્રવચનો પણ ગોઠવાયાં હતાં. પ્રત્યેક સભાને અંતે મહારાજશ્રી તે બેઠકના ઉપસંહાર રૂપે પોતાનું વક્તવ્ય રજૂ કરતા. છેલ્લે દિવસે છેલ્લી બેઠકમાં મહારાજશ્રીનું 'મુક્તિ'ના વિષય ઉપર સ્વતંત્ર વ્યાખ્યાન પણ રાખવામાં આવ્યું હતું.

આમ મહારાજશ્રીની નિશ્રામાં જોધપુરમાં મળેલું જૈન સાહિત્ય સંમેલન એક અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટના બની ગયું.

જોધપુરના સાહિત્ય સંમેલન પછી મહારાજશ્રી ત્યાંથી વિહાર કરી ઓસિયાં પધાર્યા. ઓસિયાં પ્રાચીન ઐતિહાસિક નગરી છે. ત્યાં રહી મહારાજશ્રીએ કેટલું સંશોધનકાર્ય કર્યું. તદઉપરાંત ત્યાં એક માતાજીનાં મંદિરમાં ચડાવાતા પશુ બલિની પ્રથા બંધ કરાવી.

ઓસિયાંથી વિહાર કરતાં કરતાં મહારાજશ્રી પાલી નગરમાં પધાર્યા. અહીં અન્ય એક સંપ્રદાયના મુનિઓ સાથે દાન અને દયાના પ્રશ્નની શાસ્ત્રચર્ચા થઇ. એ વખતે મહારાજશ્રીના વિદ્વાન શિષ્ય, શ્રી

વિદ્યાવિજયજીએ એ સંપ્રદાયના મુનિઓને પૂછવા માટે તૈયાર કરેલાં ત્રેવીસ પ્રશ્નોના ઉત્તર તેઓ આપી શક્યા નહિ.

**શિવગંજ :**

પાલીથી વિહાર કરતાં કરતાં મહારાજશ્રી શિવગંજ પધાર્યા. શિવગંજ એક નાનું ગામ છે. ત્યાં જૈનોનાં ઘર પણ વધારે નહોતાં. પરંતુ ત્યાંના જે જૈનો હતા તેમનો ભક્તિભાવ એટલો બધો હતો કે મહારાજશ્રી ધાર્યા કરતાં વધુ દિવસ રોકાયા. મહારાજશ્રીની ઈચ્છા વિહાર કરીને, આબુ તીર્થની જાત્રા કરીને ગુજરાતમાં ચાતુર્માસ કરવાની હતી, પરંતુ શિવગંજના ભાઈઓનો એટલો બધો આગ્રહ થયો કે મહારાજશ્રીએ ત્યાં ચાતુર્માસ કરવાની સંમતિ આપી. મહારાજશ્રીએ એવો વિચાર ન કર્યો કે પોતે એક મહાન જૈનાચાર્ય છે અને એમનાં વ્યાખ્યાનોમાં હજારો માણસો આવે છે એ જોતાં તો શિવગંજ ઘણું બધું નાનું ક્ષેત્ર ગણાય. એમણે લોકોનો ભાવ જોયો અને સંમતિ આપી દીધી.

પરંતુ શિવગંજમાં પોતાના બધા જ શિષ્યોને રોકાવાની કોઈ જ આવશ્યકતા નહોતી એટલે તેઓને સાદડી, બાલી, ખીવાણદી વગેરે ગામોમાં ચાતુર્માસ માટે મોકલી આપ્યાં. શિવગંજમાં સવારના ઉપાશ્રયમાં નિયમિત વ્યાખ્યાન પછી લોકોની ખાસ અવરજવર કે માલ નહોતી. એટલે મહારાજશ્રીએ આ ચાતુર્માસનો ઉપયોગ બીજી રીતે કર્યો. એમણે પોતાને સ્વાધ્યાય માટે સમય ઓછો મળતો હતો એટલે એમણે પોતાનો સ્વાધ્યાય ચાલુ કર્યો અને પોતાના શિષ્યોને 'વિશેષાવશ્યક' વગેરે ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો.

શિવગંજનું ચાતુર્માસ બીજી એક રીતે પણ યાદગાર બની ગયું, કારણ કે ભારતીય ભાષા અને સંસ્કૃતિના ઊંડા અભ્યાસી ડૉ. ટેસ્સિટોરી મહારાજશ્રીને મળવા શિવગંજ પધાર્યા હતા. તેઓ અહીં ત્રણ દિવસ મહારાજશ્રી પાસે રોકાયા. તેઓ ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં પણ બેસતા. એમણે હિંદી ભાષા આવડતી હતી. એટલે એક દિવસ એમણે મહારાજશ્રીની વિનંતીથી ઉપાશ્રયમાં હિંદી ભાષામાં જૈન ધર્મ અને સાહિત્ય વિશે વ્યાખ્યાન આપ્યું. એક વિદેશીને હિંદીમાં વ્યાખ્યાન આપતાં સાંભળવા એ પણ લોકો માટે નવો જ અનુભવ હતો. ડૉ. ટેસિટોરી મહારાજશ્રી પાસે 'ઉપદેશમાલા' તથા બીજી કેટલીક કૃતિઓમાં કેટલીક બાબતો સમજવા માટે આવ્યા હતા. જૈન સાહિત્ય અને તત્ત્વજ્ઞાન વિશે પોતાના કેટલાક પ્રશ્નોના સંતોષકારક ખુલાસા મહારાજશ્રી પાસે મેળવીને તેઓ એક દિવસ મહારાજશ્રીના શિષ્ય શ્રી ઇન્દ્રવિજયજી મહારાજ પાસે જૈન પરંપરાના ઇતિહાસ વિશે કેટલીક માહિતી મેળવવા, પાસે આવેલા ખીવાણદી ગામે ગયા હતા કારણકે ત્યાં ઇન્દ્રવિજયજીનો જૈન ઇતિહાસનો અભ્યાસ ઘણો ઊંડો હતો. ત્યાં પણ ડૉ. ટેસિટોરીએ હિંદીમાં વ્યાખ્યાન આપ્યું હતું.

શિવગંજના શ્રાવકોનો એટલો બધો ઉત્સાહ હતો કે મહારાજશ્રીની ભલામણથી તરત મોટું ફંડ એકત્ર કરીને તેઓએ એક લાયબ્રેરીની સ્થાપના કરી. ગામના લોકોનો આગ્રહ એટલો બધો હતો કે લાયબ્રેરીનું નામ 'વિજયધર્મસૂરિ લાયબ્રેરી' રાખવામાં આવે, પરંતુ એ માટે મહારાજશ્રીએ સ્પષ્ટ અસ્વીકાર કરી દીધો. મહારાજશ્રીએ ઘણા ગામોમાં પાઠશાળા, લાયબ્રેરી, જ્ઞાનભંડાર, ધર્મશાળા વગેરે પ્રકારના કાર્યો કરાવ્યાં હતાં, પરંતુ ક્યાંય પણ એમણે એની સાથે પોતાનું નામ જોડવાની દરખાસ્તનો સ્વીકાર કર્યો નહોતો. છેવટે લોકોએ 'જૈન લાયબ્રેરી' એવું નામ રાખ્યું.

શિવગંજમાં ચાતુર્માસ પૂર્ણ થતાં મહારાજશ્રીએ મારવાડની મોટી પંચતીર્થીની યાત્રા કરવાનું વિચાર્યું. રસ્તામાં આવતાં વિસલપુર, પેરવા, લુણાવટ, ખીમેલ, રાણી, સાદડી વગેરે ઘણા ગામોને વ્યાખ્યાનનો લાભ આપ્યો. આ પ્રદેશમાં એ જમાનામાં વિહારની મુશ્કેલી હતી. તેમ છતાં એ કષ્ટો વેઠીને પણ મહારાજશ્રીએ શક્ય એટલાં વધુ ગામોને આવરી લીધાં. કેટલીક વાર તો એક દિવસમાં ત્રણ ગામ થતાં અને ત્રણ વ્યાખ્યાન થતાં. મહારાજશ્રીની સુવાસ એટલી બધી હતી અને એમની વાણી એવી પ્રેરક હતી કે કેટલાક લોકો તો મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવા માટે એમની સાથે સાથે જ એક ગામથી બીજે ગામ ચાલતા જતા. મહારાજશ્રીના ઉપદેશથી વિસલપુર, પેરવા વગેરે કેટલાક ગામના ક્ષત્રિય ઠાકોરોએ શિકાર અને માંસાહાર ન કરવા માટે મહારાજશ્રી પાસે આજીવન બાધા લીધી હતી.

આ વિહાર દરમિયાન જ્યાં જ્યાં અનુકૂળતા હતી ત્યાં ત્યાં ફંડ કરાવીને મહારાજશ્રીએ પાઠશાળાઓ ચાલુ કરાવી હતી. જ્યાં કુસંપ હોય ત્યાં તે દૂર કરાવી સંપનું વાતાવરણ કરાવ્યું હતું.

મારવાડની મોટી પંચતીર્થીમાં રાણકપુર, વરકાણા, નાડોલ, નાડલાઇ અને ઘાણેરાવની ત્યારે ગણના થતી. વરકાણામાં મહારાજશ્રી પધારવાના હતા, તે વખતે મોટો ઉત્સવ રાખવામાં આવ્યો હતો અને લગભગ દસ હજાર માણસ એકત્ર થયા હતા. ત્યાંથી સાદડી આવી મહારાજશ્રી જ્યારે રાણકપુર જવાના હતા ત્યારે ડૉ. ટેરિટોરી સાદડી આવી પહોંચ્યા હતા. રાણકપુર જવાનો માર્ગ જંગલમાં સાંકડી કેડીનો હતો. રાણકપુરમાં ત્યારે યાત્રિકોની એટલી અવરજવર નહોતી. મહારાજશ્રી સાથે ડૉ. ટેરિટોરી પણ પગે ચાલતા રાણકપુર ગયા હતા.

રાણકપુરથી મહારાજશ્રીએ કેસરિયાજી તીર્થની યાત્રા કરીને ગુજરાત તરફ જવાનું વિચાર્યું. એટલે એમણે ઉદયપુર તરફ વિહાર કર્યો.

**ઉદયપુરમાં ચાતુર્માસ :**

ઉદયપુરમાં મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. ત્યાં તેમણે થોડા દિવસ સ્થિરતા કરી. લોકોનો આગ્રહ ઉદયપુર ચાતુર્માસ માટે હતો. પરંતુ ઉદયપુરથી વિહાર કરી મહારાજશ્રી ગુજરાત તરફ જલદી વિહાર કરવા ઇચ્છતા હતા. રસ્તામાં કેસરિયાજી તીર્થની યાત્રા કરવાની એમની ભાવના હતી, પરંતુ તેઓ કેસરિયાજી પહોંચ્યા ત્યારે ઉદયપુરના સંઘના લગભગ અઢીસો ભાઇઓ કેસરિયાજી આવ્યા અને મહારાજશ્રીને ઉદયપુરના ચાતુર્માસ માટે ફરીથી બહુ આગ્રહ કર્યો. લોકોનો ભાવ જોઇ મહારાજશ્રીને ફરીથી વિચાર કરવો પડ્યો. છેવટે એવો ઉકેલ કાઢવામાં આવ્યો કે મહારાજશ્રીના સોળ શિષ્યોમાંથી આઠ શિષ્યો તો ગુજરાત તરફ વિહાર કરે અને આઠ શિષ્યો સાથે મહારાજશ્રી ઉદયપુરમાં ચાતુર્માસ કરે.

મહારાજશ્રી પાછા ઉદયપુર પધાર્યા ઉદયપુરનું આ ચાતુર્માસ ઐતિહાસિક જેવું થઇ ગયું. અહીં અન્ય સંપ્રદાયના આચાર્યો પણ હતા અને હિંદુઓના ગોવર્ધન મઠના શંકરાચાર્ય પણ ચાતુર્માસ માટે ઉદયપુર પધાર્યા હતા, એટલે સમગ્ર શહેરમાં વ્યાખ્યાનોની, ધર્મોપદેશની હવા ઘણી પ્રસરી હતી. મહારાજશ્રીની ઉદાર વિચારસરણીને લીધે તથા સરસ વ્યાખ્યાન શૈલીને લીધે સંપ્રદાયના ભેદ વિના જૈન-જૈનેતર એવા હજારો માણસો રોજ વ્યાખ્યાનમાં આવતા. તદુપરાંત 'સનાતન ધર્મસભા' તરફથી તથા સ્થાનિક કેટલીક શિક્ષણસંસ્થાઓ તરફથી મહારાજશ્રીનાં જાહેર વ્યાખ્યાનો પણ રખાયાં હતાં.

ઉદયપુરમાં મહારાજશ્રીના શિષ્યો મુનિ વિદ્યાવિજયજી તથા મુનિ ન્યાયવિજયજીને અન્ય સંપ્રદાયના આચાર્યો સાથે મૂર્તિપૂજા, તથા દાન અને દયાના વિષયની જાહેર ચર્ચા થઇ હતી, પરંતુ તેનું કશું પરિણામ આવ્યું નહોતું. ઉદયપુરમાં મહારાજશ્રીના પરમ ભક્ત તથા કાશીમાં પાઠશાળાનું કામ વેતન લીધા વિના કરી આપનાર શ્રી હર્ષચંદ્ર ભુરાભાઇને દીક્ષા આપવાવનો ઉત્સવ યોજવામાં આવ્યો હતો અને એમનું નામ મુનિ શ્રી જયંતવિજયજી રાખવામાં આવ્યું હતું. તથા અન્ય એક દીક્ષાર્થીને પણ આ પ્રસંગે દીક્ષા આપવામાં આવી હતી. આ મહોત્સવમાં ડૉ. ટેસિટોરી પણ પધાર્યા હતા અને સાત હજાર માણસની મેદનીમાં એમણે હિંદી ભાષામાં પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું હતું.

ઉદયપુરનું મહારાજશ્રીનું ચાતુર્માસ યાદગાર બની ગયું. એમનાં પ્રેરક વ્યાખ્યાનોની વાત ઉદયપુરના મહારાણા ફતેહસિંહજીએ સાંભળી એટલે એમને પણ મહારાજશ્રીને મળવાનું મન થયું. દરમિયાન, મહારાજશ્રીને 'શબ્દાર્થ ચિંતામણિ' નામના બૃહદ્ શબ્દકોશની જરૂર હતી, તો એની નકલ મહારાણાએ મહારાજશ્રીને પહોંચાડી હતી. મહારાજશ્રીની મુલાકાત રાજમહેલમાં ગોઠવાઇ હતી અને એના પ્રભાવરૂપે મહારાણાએ ઉદયપુર રાજ્યમાં નવરાત્રિ અને દશેરાને દિવસે પશુબલિ ચડાવવામાં આવતો એ પ્રથા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

ઉદયપુરથી વિહાર કરી, કેસરિયાજી તીર્થની યાત્રા કરી, ઇડર, હિંમતનગર, પ્રાંતિજ, દેહગામ વગેરે સ્થળે મુકામ કરી મહારાજશ્રી રાજનગર અમદાવાદમાં પધાર્યા અને ત્યાં શાહપુરના ઉપાશ્રયાં ઊતર્યાં. મહારાજશ્રી પંદર વર્ષે ગુજરાતમાં પાછા ફરતા હતા અને

આટલાં વર્ષોમાં તો દેશ-વિદેશમાં એમનું નામ જાણીતું થઇ ગયું હતું એટલે એમને સાંભળવા માટે હજારો માણસો ઊમટવા લાગ્યા. એટલે એમનાં વ્યાખ્યાનો ઉપાશ્રયમાં ન રાખતાં બહાર જાહેરસ્થળોએ રાખવાની સંઘના આગેવાનોને ફરજ પડી.

### અમદાવાદ અને ઉપરિયાળા :

મહારાજશ્રીના ઉપદેશમાં અધ્યાત્મની જેટલી વાતો આવતી તેટલી સદાચાર અને લોકકલ્યાણની પણ આવતી. અમદાવાદમાં મહારાજશ્રી બારેક દિવસ શાહપુરના ઉપાશ્રયે રહ્યા, પણ તે દરમિયાન રોજ સવારે જુદી જુદી પોળના ઉપાશ્રયે અને બપોરે જાહેર વ્યાખ્યાન એમ બે વાર વ્યાખ્યાન તેઓ આપતા. દરેક સ્થળે વાજતેગાજતે તેમને લઇ જવામાં આવતા. અહીં એમણે જુગાર, બીડી, વેશ્યાગમન વગેરે વ્યસનોના ત્યાગ ઉપર વધુ ભાર મૂક્યો હતો. લક્ષ્મીનારાયણની પોળ, પતાસાની પોળ, ઝવેરીવાડ વગેરેમાં મહારાજશ્રીને સાંભળવા રોજ પાંચથી સાત હજાર માણસો એકત્ર થતા હતા. મહારાજશ્રીની વાણીનો એવો જાદુઇ પ્રભાવ હતો કે મહારાજશ્રીને સાંભળ્યા પછી આવા વ્યસનોવાળા કેટલાયે યુવાનોએ પોતાના વ્યસનત્યાગ માટે મહારાજશ્રી પાસે બાધા લીધી હતી.

આ વર્ષ દરમિયાન બંગાળમાં બાંકુરા જિલ્લામાં ભયંકર દુકાન પડ્યાના સમાચાર છાપાંઓમાં છપાયા હતા. મહારાજશ્રીએ બિહાર-બંગાળમાં ઘણે સ્થળે વિહાર કર્યો હતો. એટલે બાંકુરાના આગેવાનોએ દુકાળમાં સહાય કરવા માટે જેમ બધે અરજ કરી હતી, તેમ મહારાજશ્રીથી તેઓ પરિચિત હોવાથી મહારાજશ્રીને પણ પત્ર લખ્યો હતો. મહારાજશ્રીએ ત્યાંની દુઃખદ પરિસ્થિતિ જાણીને અમદાવાદનાં વ્યાખ્યાનો દરમિયાન દુકાળ પીડિતોને સહાય કરવા માટે ઉદબોધન કર્યું હતું અને એને પરિણામે ઘણી મોટી રકમ એકત્ર થઇ હતી.

મહારાજશ્રીનું નામ એટલું સુપ્રસિદ્ધ થઇ ગયું હતું અને એમની વિદ્વતાથી લોકો સુપરિચિત હતા કે તે સમયના નામાંકિત અજૈન મહાનુભાવો ડૉ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ અને ડૉ. જીવરાજ ઘેલાભાઇ મહેતા મહારાજશ્રીને મળવા આવ્યા હતા અને પોતાના ગ્રંથો અર્પણ કરી ગયા હતા.

અમદાવાદથી વિહાર કરી મહારાજશ્રી કલોલ, પાનસર, ભોયણી વીરમગામ વગેરે સ્થળે વિહાર કરી ઉપરિયાળા પધાર્યા. મહારાજશ્રીએ અગાઉ ઉપરિયાળા તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એટલે અહીંના સંઘનો ભક્તિભાવ ઘણો હતો. મહારાજશ્રીનાં વ્યાખ્યાનોમાં ઉપરિયાળા-બજાણાના દરબાર જાતે આવીને બેસતા. ઉપરિયાળામાં યાત્રિકોને ઊતરવાની મુશ્કેલી પડતી હતી એટલે સારી ધર્મશાળા બાંધવાની મહારાજશ્રીએ ભલામણ કરી. અ વખતે બજાણાના દરબારે એ માટે વિશાળ જમીન સંઘને મફત ભેટ આપવાની જાહેરાત કરી, એથી સંઘનો હર્ષોલ્લાસ વધી ગયો. એ માટે સંઘમાં પણ સારું ફંડ થઇ ગયું હતું, જેમાંથી પછી સરસ ધર્મશાળા બંધાઇ હતી.

અમદાવાદમાં થોડા દિવસની સ્થિરતા કરી મહારાજશ્રીએ કાઠિયાવાડ તરફ વિહાર કર્યો કારણકે એમની ભાવના ચાતુર્માસ સિદ્ધક્ષેત્ર પાલિતાણામાં કરવાની હતી. મહારાજશ્રી વિહાર કરતા કરતા દસાડા ગામે પધાર્યા. ત્યાં મુખ્ય વસતી મુસલમાનોની હતી, તેઓ તળાવમાં માછલાં મારતા. મહારાજશ્રીના જીવદયા વિશેના વ્યાખ્યાનનો ત્યાં એટલો બધો પ્રભાવ પડ્યો કે દસાડાના નવાબે તળાવમાં માછલાં મારવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો.

દસાડાથી જુદે જુદે સ્થળે વિહાર કરતા મહારાજશ્રી લીંબડી પધાર્યા. અહીં તેમણે વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગની સ્થાપના કરાવી. લીંબડીનું ચોમાસું બીજી એક ઘટનાથી પણ સ્મરણીય બની ગયું. મહારાજશ્રી લીંબડીના સ્થાનકવાસી સંપ્રદાયના મહાત્માઓ શ્રી નાગજી સ્વામી તથા કવિવર્ય શ્રી નાનચંદજી સ્વામીને મળીને, તેમની સાથે ઉદાર દિલથી એકતા સાધીને એક જ પાટ ઉપર સાથે બિરાજમાન થઇને ત્રણે મહાત્માઓએ વ્યાખ્યાન આપતા એથી લીંબડીમાં સ્થાનકવાસી અને મૂર્તિપૂજક સમુદાય વચ્ચે સારો સુમેળ સધાયો.

લીંબડીથી વિહાર કરીને મહારાજશ્રી પાલિતાણા પધાર્યા. અહીં તેમનો વાજતેગાજતે પ્રવેશ થયો. એમણે સેંકડો સાધુ-સાધ્વી તથા હજારો શ્રાવક-શ્રાવિકા સાથે શત્રુંજયનો ડુંગર ચડી આદિનાથ ભગવાનનાં દર્શન કર્યાં. મહારાજશ્રીએ ચાતુર્માસ પાલિતાણામાં મોતીસુખિયાની ધર્મશાળામાં કરવાનું નક્કી કર્યું.

### ભાવનગરમાં :

પાલિતાણામાં પણ જૈનેતર વર્ગમાં મહારાજશ્રી પ્રત્યેનો પૂજ્યભાવ ઉત્તરોત્તર વધતો જતો હતો. એટલે તેઓ જ્યાં જ્યાં ઉપાશ્રયમાં વ્યાખ્યાન આપતા, ત્યાં ત્યાં ઉપાશ્રયની જગ્યા નાની, સાંકડી પડતી, લોકોની ભીડ ઘણી થતી. આથી કેટલીક વાર બહાર વિશાળ જગ્યામાં એમનાં વ્યાખ્યાનો રાખવામાં આવતાં.

મહારાજશ્રી પાલિતાણામાં વિ.સં. ૧૯૭૨નું ચાતુર્માસ કરી ભાવનગર પધાર્યા. રસ્તામાં ઠેર ઠેર લોકોએ સન્માન કર્યું અને ભાવનગરમાં પ્રવેશ વખતે એમનો સત્કાર કરવા માટે ઘણા માણસો એકત્ર થયા હતો. કારણકે મહારાજશ્રી ઘણા વર્ષે ભાવનગર પધાર્યા હતા. ભાવનગર એમની દીક્ષાનું સ્થળ અને એમના ગુરુવર્યના કાળધર્મનું સ્થળ એટલે એમને તથા લોકોને પરસ્પર લાગણી થાય એ સ્વાભાવિક હતું. શહેરમાં પ્રવેશતાં એમનું ભવ્ય સામૈયું થયું. દાદાવાડીમાં શ્રી વૃદ્ધિચંદ્રજીની પાદુકાનાં દર્શન કરી તેઓ ઉપાશ્રયે પધાર્યા.

ઉપાશ્રયમાં રોજ વ્યાખ્યાનો ચાલુ થયાં. લોકોની ભીડ દિવસે દિવસે વધતી જતી હતી. સર પ્રભાશંકર પટ્ટણી, તે વખતના દીવ શ્રી તન્ના, તથા નાયબ દીવાન શ્રી ત્રિભુવનદાસ વગેરે રાજ્યના મોટા મોટા મહાનુભાવો વ્યાખ્યાનમાં પધારતાં. મહારાજશ્રીની અનોખી પ્રતિભાનો જૈનોને અને ઇતર નગરજનોને પરિચય થયો. સર પ્રભાશંકર પટ્ટણીએ મહારાજશ્રીને ચાતુર્માસ કરવા વિનંતી કરી કે જેથી પોતાને વિશેષ લાભ મળે. પરંતુ ચાતુર્માસની શક્યતા નહોતી.

ભાવનગરમાં ઉપાશ્રયમાં ભીડ એટલી બધી થતી કે કેટલાક મોટા દિવસોએ બહાર વ્યાખ્યાન રાખવામાં આવતા. વળી લોક લાગણીને માન આપીને એક દિવસ 'વિક્ટર સ્કવેર'માં એમનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. પાંચેક હજાર માણસ વ્યાખ્યાન સાંભળવા એકત્ર થયું હતું. સરસ વ્યાખ્યાનને અંતે આભારવિધિ માટે ભાવનગરના ખ્યાતનામ વિદ્વાન જૈન આગેવાન શ્રી કુંવરજી આણંદજી કાપડિયા ઊભા થયા. એમણે આભારવિધિનો આરંભ કરતાં એટલા જ શબ્દો જ્યાં કહ્યા : 'અમારા ધર્મગુરુ શ્રી વિજયસૂરીશ્વરજી મહારાજે....' ત્યાં તો સભામાં ઘણા શ્રોતાઓ બોલી ઊઠ્યા, 'તમારા જૈનોના ધર્મગુરુ નહિ, આપણા બધાના ધર્મગુરુ છે. અમારા પણ એ ધર્મગુરુ છે.' આથી કુંવરજીભાઇએ તરત જ સહર્ષ પોતાના શબ્દો સુધારી લીધા અને કહ્યું, 'આપણા બધાના ધર્મગુરુ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી...' આ દ્રશ્ય ખરેખર જોવા જેવું હતું. એ સમ-નજરે એ દ્રશ્ય જોનાર કહેતા કે ખરેખર અત્યંત ભાવવાહી એ દ્રશ્ય હતું. જૈન-જૈનેતરની એકતાના પ્રતીકરૂપ એ દ્રશ્ય હતું.

ભાવનગરમાં મહારાજશ્રી દ્વારા જે ભિન્નભિન્ન પ્રવૃત્તિઓ થઇ તેમાં એક મહત્ત્વની પ્રવૃત્તિ તે કાશીમાં એમની પ્રેરણાથી સ્થપાયેલી 'શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા' નામની સંસ્થાનું મુખ્ય કેન્દ્ર ભાવનગરમાં રાખવાનું નક્કી થયું અને ગ્રંથ પ્રકાશનની પ્રવૃત્તિ ભાવનગરથી હાથ ધરવામાં આવી.

ભાવનગરથી વિહાર કરી મહારાજશ્રી ઘોઘા, ત્રાપજ, તળાજા, દાઠા, મહુવા, સાવરકુંડલા વગેરે સ્થળોએ પધાર્યા. પોતાના આ સુપુત્રનું ઘણાં વર્ષો પછી પુનરાગમન થતાં ઠેર ઠેર હજારો માણસોએ ભાવભીનું સ્વાગત કર્યું. મહારાજશ્રીની પ્રતિભા એવી અનોખી હતી કે એમના સંપર્કમાં આવનાર જૈન-જૈનેતર સર્વના હૃદયને સ્પર્શ્યા વગર એ રહે નહિ. મહુવામાં તેમનું જાહેર વ્યાખ્યાન હતું ત્યારે ડૉ. ટેસિટોરી પણ પધાર્યા હતા. એ વખતે તળાજાના વહિવટદાર મિ. સેમ્યુઅલ પણ આવ્યા હતા. તેઓ પણ મહારાજશ્રીને ઘણી વાર મળ્યા હતા. પોતાના જીવન ઉપર પડેલા મહારાજશ્રીના પ્રભાવનો ઉલ્લેખ કરતાં જાહેર સભામાં એમની આંખમાંથી દડ-દડ આંસુ વહેવા લાગ્યા હતા. મહુવાના મેજિસ્ટ્રેટ પારસી સજ્જન શ્રી અરદેશર સોનાવાલા પણ મહારાજશ્રીથી બહુ પ્રભાવિત થયા હતા. એમણે જૈન ધર્મનો ઊંડો અભ્યાસ કર્યો અને શુદ્ધ શાકાહારી બની ગયા હતા.

મહુવામાં મહારાજશ્રીએ શ્રી યશોવૃદ્ધિ બાલાશ્રમની તથા કુંડલામાં કેળવણી મંડળની સ્થાપના કરાવી હતી.

મહુવાથી મહારાજશ્રી રાજકોટ, જૂનાગઢ, માંગરોળ વગેરે સ્થળે વિહાર કરી ચાતુર્માસ માટે અમરેલી પધાર્યા. વિ.સં. ૧૯૭૩ના આ ચાતુર્માસ દરમિયાન મહારાજશ્રીને સાંભળવા પાંચ-સાત હજાર માણસો આવતા હતા. મહારાજશ્રીના વાણીના જાદુઇ પ્રભાવથી વ્યાખ્યાનમાં પધારેલા મુસલમાનોમાંથી કેટલાયે જીવનભર માંસાહારનો ત્યાગ કર્યો હતો અને પર્યુષણના આઠ દિવસ દરમિયાન કોઇ મુસલમાનનાં ઘરે કાયમ માટે માંસાહાર રંધાય નહિ એવો ઠરાવ કર્યો હતો.

અમરેલી ચાતુર્માસ પછી જામનગરના સંઘનો ચાતુર્માસ માટે અત્યંત આગ્રહ થયો. એમનું ચાતુર્માસ બહુ ઉલ્લાસપૂર્વક જામનગરમાં થયું. મહારાજશ્રીને હવે કાશી પાછા ફરવું હતું. પરંતુ મુંબઈના સંઘનો બહુ જ આગ્રહ થયો. મહારાજશ્રી મુંબઈમાં ક્યારેય પધાર્યા નહોતા એટલે મુંબઈની જનતાનો આગ્રહ થાય એ સ્વાભાવિક હતું. છેવટે એવો નિર્ણય થયો કે મુંબઈ થઈને કાશી તરફ પ્રયાણ કરવું. ગુજરાતમાં ઠેર ઠેર ધર્મની પ્રભાવના કરતાં કરતાં વિહાર કરીને મહારાજશ્રી મુંબઈ પધાર્યા. મુંબઈમાં એમનાં ઉપરાઉપરી બે ચાતુર્માસ થયાં. મહારાજશ્રીની વાણી સાંભળવા જૈન-અજૈન એવા હજારો માણસો વ્યાખ્યાનમાં એકત્ર થતા. કેટલાયે વિદેશીમહાનુભવો એમને મળવા માટે આવતા. અંગ્રેજ ગવર્નરે પણ એમને મુલાકાત આપેલી જે એ જમાનાની દૃષ્ટિએ મોટી ઐતિહાસિક ઘટના ગણાઈ હતી. મુંબઈમાં કેટલીક સંસ્થાઓની એમણે સ્થાપના કરાવેલી.

મુંબઈથી વિહાર કરી મહારાજશ્રી મહારાષ્ટ્રમાં ધુલિયા પધાર્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. વિહાર તથા અન્ય શ્રમને કારણે એમની તબિયત બગડવા માંડી હતી. ધુલિયાથી વિહાર કરીને મહારાજશ્રી ગ્વાલિયર પાસે શિવપુરી પધાર્યા. અહીં તેમની તબિયત વધુ બગડવા લાગી. ગ્વાલિયરના મહારાજના આગ્રહથી મહારાજશ્રીએ શિવપુરીમાં ચાતુર્માસ કર્યું. આ ચાતુર્માસમાં પણ મહારાજશ્રીએ ઘણું કાર્ય કર્યું. અહીં પણ દેશવિદેશથી ઘણા વિદ્વાનો એમને મળવા આવતા. પર્યુષણ પર્વ સારી રીતે સંપન્ન થયાં. પરંતુ મહારાજશ્રીની અશક્તિ ઉત્તરોત્તર વધતી ચાલી. એક ફ્રેન્ચ વિદ્વાન ડૉ. લેવી પોતાનાં પત્ની સાથે મહારાજશ્રીને મળવા આવ્યા. તેમની સાથે આખો વખત બેસી શકાતું નહિ. પરંતુ મહારાજશ્રીએ પોતાના શિષ્ય વિદ્યાવિજયજી તથા હિમાંશુ વિજયજીને કહી રાખ્યું હતું કે જ્યારે જ્યારે પોતને સ્વસ્થતા લાગે ત્યારે ડૉ. લેવીને બોલાવી લાવવામાં આવે. ડૉ. લેવી ચારેક દિવસ શિવપુરીમાં રોકાઈ, મહારાજશ્રી પાસે વાસક્ષેપ લઈ વિદાય થયા.

મહારાજશ્રીને પોતાનો અંતિમ કાળ હવે જણાઈ ગયો હતો. હિમાંશુવિજય આદિ એમને 'ચઉશરણપયન્ના' સંભળાવતા. ભાદરવા સુદ અગિયારસના દિવસે વસ્ત્ર બદલતી વખતી મહારાજશ્રીએ સૂચન કરી દીધું કે પોતે હવે ફક્ત ત્રણ દિવસ જ છે. તેઓ સ્થિર પદ્માસનમાં બેસી ગયા. બારસના દિવસે સાંજે પ્રતિક્રમણ કરતાં કરતાં તેઓ બેભાન થઈ ગયા. શુદ્ધિમાં આવતાં એમણે પ્રતિક્રમણ પૂરું કર્યું. તેરસની રાત એમણે ધ્યાનમાં પદ્માસનમાં જ વીતાવી. વચ્ચે એક વખદ પાટ ઉપરથી ઊતરી ઠલ્લે જઈ આવ્યા. અને પાછા સ્થિરાસને બેસી ગયા. સવારના છ વાગવામાં હવે કેટલો સમય બાકી છે એમ પૂછતા રહ્યા. પાંચ વાગે તેઓ ધ્યાનમાં સ્થિર થઈ ગયા અને બરાબર સવારના છ વાગે એમનું મસ્તક ઢળી ગયું. સંવત ૧૯૭૮ના ભાદરવા સુદ ચૌદસ, અનંદ ચૌદસના દિવસે તા. ૫મી સપ્ટેમ્બર ૧૯૨૨ના દિવસે સવારે છ વાગે પોતાના શિષ્ય સમુદાય વચ્ચે અને ભક્તો વચ્ચે તેમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો.

મહારાજશ્રીના કાળધર્મના સમાચાર ઝડપથી દેશવિદેશમાં પ્રસરી ગયા. ગામેગામથી શોક સંદેશાના તાર-પત્રો આવ્યા. મુંબઈનાં વર્તમાનપત્રોનાં પહેલે પાને મોટા અક્ષરે સ્વર્ગવાસના આ સમાચાર છપાયા, સ્થળે સ્થળે ગુણાનુવાદની સભાઓ થઈ. વિદેશોમાં ઈંગ્લેડ, ફ્રાન્સ, જર્મની, ઈટલી, નોર્વેનાં વર્તમાનપત્રોમાં મહારાજશ્રીના સ્વર્ગવાસના સમાચાર છપાયાં. લંડન ટાઈમ્સ દૈનિકે વિગતવાર સમાચાર આપતાં 'Death Of a Great Jain Leader' એવા શિર્ષક હેઠળ નોંધ્યું હતું. 'A telegram received in London announces the death, at the age of 55 , of Shri Vijay Dharma Suri, in whom the Jain Community has lost an inspiring personality and India one of her meritorious sons.'

### સાહિત્યસેવા :

મહારાજશ્રી એક કુશળ વક્તા અને સમર્થ વ્યાખ્યાતા હતા તેમ એક બહુશ્રુત લેખક પણ હતા. અલબત્ત, એમણે વ્યાખ્યાનો આપવાનું કાર્ય જેટલું કર્યું તેના પ્રમાણમાં તેમનું લેખનકાર્ય નથી થયું. તો પણ જૈન સાહિત્યના ક્ષેત્રે તેમના લેખનકાર્યની અવશ્ય નોંધ લેવી પડે એવી છે.

મહારાજશ્રીનું એક સૌથી મહત્ત્વનું કાર્ય તે હસ્તપ્રતોને આધારે સંશોધન-સંપાદન કરવાનું છે. એમણે હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રનું સંપાદનકાર્ય કર્યું તેમ જ ઐતિહાસિક રાસસંગ્રહ-ભાગ ૧-૨નું સંપાદન કર્યું હતું. એ બંને ગ્રંથો સંશોધકો તથા વિદ્વાનોને માટે બહુ ઉપયોગી છે. યોગશાસ્ત્રના સંપાદને તો યુરોપીય વિદ્વાનોનું ઘણું ધ્યાન ખેંચ્યું હતું અને એના કેટલાક શબ્દોના અર્થની તથા પાઠાંતરોની પણ ઘણી ચર્ચા એ જમાનામાં થઈ હતી.

મહારાજશ્રીએ 'જૈન શાસન' નામના સામાયિકમાં દરેક અંકમાં 'ધર્મદેશના' નામની લેખનમાળા લખી હતી. એક દળદાર ગ્રંથરૂપે 'ધર્મદેશના' નામથી તે પ્રસિદ્ધ થઈ હતી. મહારાજશ્રી ચર્ચાવિચારણા માત્ર જૈનો પૂરતી જ મર્યાદિત નહોતી રહેલી એટલે 'ધર્મદેશના' ગ્રંથ અજૈન વાચકોમાં પણ એટલો લોકપ્રિય થઈ ગયો હતો. એના લેખો ઉપર નજર ફેરવતાં જ ખ્યાલ આવે છે કે એ જમાનામાં પણ કેવા કેવા વિષયોની ચર્ચાવિચારણા થતી હતી. મહારાજશ્રીનું વક્તવ્ય વિશદ, તર્કયુક્ત, આધારસિહત, મહાપુરુષોનાં અવતરણો અને સુયોગ્ય દૃષ્ટાન્ત કથાઓ સાથે એવી રોચક શૈલીમાં રજૂ થતું કે સામાન્ય વાચકોને તે તરત ગમી જતું.

મહારાજશ્રીએ તદુપરાંત 'અહિંસાદર્શન', જૈનતત્ત્વદિગ્દર્શન, જૈન શિક્ષાદિગ્દર્શન, પુરુષાર્થ દિગ્દર્શન, આત્મોન્નતિ દિગ્દર્શન, ઈન્દ્રિયપરાજય દિગ્દર્શન, બ્રહ્મચર્ય દિગ્દર્શન વગેરે ગ્રંથો પ્રકાશિત કર્યા છે. એમાં એમણે જૈન ધર્મના વિવિધ વિષયોની વિચારણા કરી છે. મહારાજશ્રી ઘણો સમય ઉત્તર ભારતમાં રહ્યા હતા અને હિંદી ભાષા ઉપર તેમનું ઘણું પ્રભુત્ત્વ હતું. એટલે તેમના ઘણાખરા ગ્રંથો હિંદી ભાષામાં લખાયેલાં હતાં. 'અહિંસા-દિગ્દર્શન'ની તો હજારો નકલ ખપી ગઈ હતી અને એનો બંગાળીમાં પણ અનુવાદ પ્રગટ થયો હતો અને એની પણ હજારો નકલ પ્રગટ થઈ હતી.

મહારજશ્રીએ 'દેવકુલ પાટક' નામનો ઐતિહાસિક સંશોધનનો એક ગ્રંથ પણ પ્રગટ કર્યો હતો. ઉદયપુર પાસે દેવલાડા નામના ગામમાં પ્રાચીન જૈન મંદિરોમાંથી મળેલા શિલાલેખો વિશે આ સંશોધનાત્મક ગ્રંથમાં વિચારણા કરવામાં આવી છે.

મહારાજશ્રીનું શિષ્યવૃંદ પણ એટલું જ વિદ્વાન હતું. ઈન્દ્રવિજયજી, મંગલવિજયજી, ભક્તિવિજયજી, વિદ્યાવિજયજી, ચંદ્રવિજયજી, જયંતવિજયજી, વિશાળવિજયજી, ન્યાયવિજયજી, હિમાંશુવિજયજી વગેરેએ પોતાના ગુરુની પરંપરાને યથાશક્તિ શોભાવી છે. તેઓએ શિવપુરીમાં સિંધિયા રાજાના સહકારથી મહારાજશ્રીના સ્મારકની સ્થાપના કરી અને એક વિદ્યાધામ ત્યાં વિકસાવ્યું હતું.

શ્રી વિજયધર્મસૂરિનું જીવન ઘણી રોમાંચક અને રોમહર્ષણ ઘટનાઓથી સભર છે. જાહેર વ્યાખ્યાનોની એમની પ્રવૃત્તિ, દેવદ્રવ્ય વિશેના વિચારો ઈત્યાદિને કારણે ક્યારેક વિવાદ પણ સર્જાયા હતા. પરંતુ તેઓ ક્યારેય તેથી પોતાની શાંતિ અને સમતા ગુમાવતા નહિ. જેઓ તેમની પાસે આવતા તેઓ અવશ્ય સમાધાન મેળવીને જતા.

મહારાજશ્રી એક મહાન, સમર્થ યુગપુરુષ થઈ ગયા. એમના સ્વર્ગવાસ પ્રસંગે કેટકેટલા કવિઓએ પણ એમને અંજલિ આપી હતી. એ વખતે લખાયું હતું :

अद्य जैना निराधारा, निरालंबास्तपोधना ॥
धर्मसूरौ गते देवीभूयं धर्मस्य सारथौ ॥

☆ ☆ ☆

# યુવાનો માટે પડકારભરી પરિસ્થિતિ

❑ 'સત્સંગી'

આજના યુવાન માટે જિંદગી કંટકોની શય્યા છે એમ કહેવામાં આવે તો વયોવૃદ્ધ લોકો કદાચ આમ કહે, "દોસ્તો, અમારે કૉલેજના અભ્યાસ માટે તો તપ જ કરવું પડતું; જ્યારે તમારા માટે જ્યાં નજર નાંખો ત્યાં કૉલેજ અને હવે યુનિવર્સિટી પણ ખરી. અમારે યુનિવર્સિટીઓની પરીક્ષાઓમાં સફળ થવા માટે શ્રમ લેવો પડતો અને ઉચ્ચત્તર બીજો વર્ગ કે પ્રથમ વર્ગ મેળવવા માટે તો આશ્રમવાસી જેવા બનીને પુસ્તક સિવાય કંઇ ન જોઇએ એવાં વ્રત સાથે અભ્યાસમગ્ન રહેવું પડતું. તમારે શું વાંધો છે ? આખું વર્ષ ભલેને મોજ માણો. પરીક્ષાખંડમાં માર્ગદર્શિકાઓ, લખેલી ચિઠ્ઠીઓ, પડોશીઓની કૃપા વગેરે તમારી ઉત્તરપોથીઓ લખી આપે. નહિતર પછી પરીક્ષક મહાશયોની 'કૃપા' મેળવવાના જ પ્રયત્નો કરવાના રહે. અમારે નોકરીમાં કેટલું કામ કરવું પડતું ! ઉપરીની ખુશી અમારાં કામથી જ રહેતી. તમારે કેવી મજા ! ખુશામત, ચા-પાણી, પાર્ટીઓ વગેરેથી સૌ લાગતા-વળગતા ખુશ. ભારતની વસતિ વધતી રહે એટલે કામ તો સ્વાભાવિક રીતે ' પેન્ડીંગ' જ રહે ને ! અમારાં વડીલો જે છોકરી પસંદ કરતા તેની સાથે અમે પરણી જતા. તમારે ડિગ્રી ધરાવતી છોકરીઓની મુલાકાત લેવાની, તેમાંથી જે પસંદ પડે તેની સાથે જ લગ્ન થાય . એ સિવાય પ્રેમલગ્નની પણ છૂટ, તેમાં કંઇ જ રોકટોક નહિ. અફસોસ ! અમે વહેલા જન્મ્યા એ જ અમારું દુર્ભાગ્ય ! હવે તો જીવનને આરે બેઠા બેઠા, તમે લોકો આધુનિક જીવનનો જે લહાવો લઇ રહ્યાં છો, તે જોવા પૂરતું વળી થોડું સદ્ભાગ્ય મળ્યું."

આ સાંભળીને યુવાનોને વાચા આવવાની જ, "મુરબ્બીઓ, વહેલા જન્મવું કે મોડા જન્મવું એ તો કર્માધીન છે, પરંતુ અમે આપથી ચાર-પાંચ દાયકા મોડા જન્મ્યા તેથી અમારે જ યાતનાઓ સહન કરવી પડે છે, તે પ્રત્યે થોડી પણ સહાનુભૂતિ નહિ રાખો ? અમારે કૉલેજો અને યુનિવર્સિટીઓની ઘણી સગવડ થઇ, પણ સરસ્વતીપૂજા, વિદ્યોપાસના, ભણતર વગેરે ક્યાં ? સારાં સંસ્કૃત અને અંગ્રેજી પુસ્તકોમાં શું લખ્યું છે, તેની ખબર તો અમારા કેટલાક પ્રોફેસરોને પણ નહિ હોય અને અમને તો કદી ખબર પડવાની નથી. તમારે પ્રથમ વર્ગ માટે ખૂબ મહેનત કરવી પડતી, એની અમને ઈર્ષ્યા થાય છે. તમારા વખતમાં પ્રથમ વર્ગ મેળવનારને ખૂદ પ્રોફેસરો પણ જોવા ઉત્સુક રહેતા, જ્યારે અમારામાંના જે પ્રથમ વર્ગ મેળવે છે, તેઓ લાઉડ સ્પીકરમાં પોતાના પ્રથમ વર્ગની જાહેરાત કરે તો પણ શ્રોતાઓને ખલેલ પડે એવી અમારી દયાજનક પરિસ્થિતિ છે."

"આપને નોકરીમાં ઘણું કામ કરવું પડતું અને તો જ ઉપરી અધિકારીઓ ખૂશ થતા. પરંતુ મુરબ્બીઓ, ખાટલે મોટી ખોટ કે પાયો જ નથી અર્થાત્ નોકરી જ મળતી નથી ત્યાં કામની વાત કેવી ? આજે સ્નાતકો, અનુસ્નાતકો, ઇજનેરો, વિજ્ઞાનના વિષયની લાયકાત ધરાવનારાઓ વગેરેને નોકરી મળતી નથી, એ યુવાનો માટે ઓછા અંધકારભરી સ્થિતિ છે ? ડિગ્રીઓ મેળવ્યા બાદ પણ નોકરી ન મળે ત્યારે મા-બાપને મોં શું બતાવવું ? તેવી જ રીતે સગપણ માટે કન્યાપક્ષવાળા ઘડીભર ડોકાય તો તેમની સાથે ક્યે મોઢે વાત કરવી ? જાણીતા લોકો 'પેલો બેકાર જાય' એમ બતાવીને આંગળી ચિંધે એ સહન કરવાને આપ સદ્ભાગ્ય ગણતા હો તો અમારી પાસે તેનો જવાબ નથી. ઘડીભર પરમ સદ્ભાગ્યે નોકરી મળે, તો ખુશામત, ચા-પાણી, પાર્ટીઓ વગેરેથી અમારા ઉપરી-અધિકારીઓ ખૂશ રહે તેના પરિણામે અમને કામ આવડતું નથી. વ્યવસાયમાં નિપુણતાની દ્રષ્ટિએ અમારું ઘડતર જ નથી થતું. અમારામાં જે સત્ત્વ કહેવાય તેનું નિર્માણ થતું નથી.

"આપ, વડીલોએ પસંદ કરેલી છોકરી પરણ્યા અને સુખ-દુઃખનાં સાથી બનીને તનાવરહિત જીવન જીવતાં સંસારયાત્રાને આરે પહોંચ્યાં અને આપનાં સદ્ભાગ્યની વાત છે. ત્યારે આજે અમારી પસંદ કરેલી છોકરી અમારી શક્તિ હોય કે ન હોય તેનો વિચાર કર્યા વગર ટી.વી., ફ્રીજ, ફોન, વાહન અને અન્ય આધુનિક સગવડોની માંગ કરતાં જરા પણ સંકોચ અનુભવતી નથી. પતિ-પત્ની વચ્ચે જે ચડસાચડસી રહે છે, તેથી સુખ, આનંદ કે જીવનમાં પ્રગતિ સાધવાને બદલે ખોટી રીતે શક્તિ વેડફાઇ જાય છે. જરા ચડભડ થાય ત્યાં છૂટાછેડા શબ્દના ઉદ્ગાર સાથે જે રીસામણાં થાય છે, તે આજના સમયની અનન્ય ભેટ છે. તેમાંય કેટલીક છોકરીઓ આધુનિક નવલકથાઓમાં વ્યક્ત થતી વિચારસરણીને સનાતન સત્ય ગણીને પતિ પોતાના પ્રત્યે કેટલો આદર રાખે છે, તેની માનસિક ડાયરીમાં નોંધ રાખતી હોય છે અને તક મળે ત્યારે કોમળ સૂરમાં એવાં ગુજરાતી-અંગ્રેજીમિશ્રિત કટાક્ષ વાક્યો રંગમંચ પર અભિનય થતો હોય તેવી છટાથી બોલે છે કે યુવાન પતિ શરણાગતિના ભાવથી નીચું મુખ રાખી ચૂપચાપ બેસી રહે છે. પ્રેમલગ્નો અવશ્ય થાય છે, શરૂ શરૂમાં તેમની જીવનનૌકા સંસારસાગરમાં પૂરપાટ જતી જણાય છે. પરંતુ તેમના સંસારસાગરમાં ક્યારે તોફાન આવશે અને તેમની જીવનનૌકાની શી હાલત થશે એની આગાહી થઇ શકતી નથી હોતી. મુરબ્બીઓ, આ સવિનય રજૂઆત આપની કોમ સહાનુભૂતિની અપેક્ષાર્થે છે."

ચાર-પાંચ દાયકા પહેલાં અગવડો ઘણી હતી, છતાં ભારતીય સંસ્કૃતિની થોડીઘણી પ્રણાલિકાઓ અને ધાર્મિક સંસ્કારોને લીધે યુવાનો સહનશક્તિ અને ધૈર્ય સાથે જીવનનો સામનો યોગ્ય રીતે કરી શકતા હતા. આજે તે સમય કરતાં સગવડો અનેકગણી છે, પરંતુ આ સગવડો જ જાણે કે જીવનસંઘર્ષ વસમો બનાવે છે !

આજે યુવાનો માટે જીવનની મુખ્ય બાબતો-વિદ્યાભ્યાસ, વ્યવસાય અને લગ્ન-પડકારરૂપ બની ચૂકી છે. વિદ્યાભ્યાસનું માળખું, ડિગ્રીઓ વગેરે બધું છે; પરંતુ શિક્ષકોને પોતાની આવકમાં રસ છે, વિદ્યાર્થીઓને ત્રીજો, બીજો કે પહેલો વર્ગ કોઇ પણ રીતે મળે એમાં રસ છે અને મા-બાપને પોતાનાં સંતાનોએ અમુક વર્ગ સાથે કોઇ ચોક્કસ ડિગ્રી મેળવી એવું કહેવા મળે એમાં રસ છે. આજના વિદ્યાર્થીએ આવી શોચનીય પરિસ્થિતિનો પડકાર કઇ રીતે ઝીલવો ? સરકારી ધારાધોરણ પ્રમાણેના પગારવાળી નોકરીની લગભગ અશક્યતા છે, અન્ય વ્યવસાયોમાં અકલ્પ સ્પર્ધા છે, એવું સ્પષ્ટ ચિત્ર હોવા છતાં વિદ્યાર્થીએ પ્રેમ, પરિશ્રમ અને ખંતથી અભ્યાસ કરવો; અભ્યાસનાં ધ્યેય વિચલિત થવાય એવી કોઇ બાબતને અંશમાંત્ર મચક ન જ આપવી. અભ્યાસ કરવો એટલે પોતાના વિષયો બુદ્ધિપૂર્વક સમજવા, પોતાની ઉંમર અને સમજ પ્રમાણે પોતાના વિષયો અંગે જરૂરી માહિતી, સ્પષ્ટતા વગેરે અન્ય પુસ્તકો અને સંદર્ભગ્રંથોમાંથી એકત્રિત કરવાં. જે વાંચ્યું હોય તેનું રસપૂર્વક મનન કરવું અને જે વિષયોમાં સવિશેષ રસ પડતો હોય, તેમાં નિપુણ બનવા માટે ઉદ્યમી રહેવું. તેમજ બધી રીતે ઉપકારક સારા ગ્રંથોનાં વાંચન-મનન ઉત્સાહથી રાખવાં. ગમતો વ્યવસાય મળે કે ન મળે, પણ આવો પુરુષાર્થ કદી એળે જશે જ નહિ, બલ્કે અનન્ય આશીર્વાદરૂપ બનશે.

આ દેશમાં ચાર-પાંચ દાયકા પહેલાં સરકારી નોકરી સામેથી મળતી. આ હકીકત અત્યારે સ્વપ્નવત્ કે વાર્તાની કલ્પિત ઘટના જેવી લાગે. આજની ઉગ્રતમ બેકારીની પરિસ્થિતિનો પડકાર ઝીલવા માટે સરકારી પગારધોરણો પ્રમાણે પગાર મળે તો જ નોકરિયાત વર્ગની હરોળમાં આવ્યા ગણાઇએ અને વર્તમાન ફુગાવાની પરિસ્થિતિમાં યોગ્ય ગણાઇએ એવા ખ્યાલને હસતે મોંએ તિલાંજલિ આપી દેવી એ પાયાની વાત છે. આજીવિકા રળવા માટે વ્યાસ વલ્લભદાસ સુરજરામકૃત ગેય મહાભારતમાં એક સરસ ઉપાય બતાવ્યો છે. પાંડવોએ બાર વરસ વનવાસ ભોગવી લીધો. પછી તેમને શરત પ્રમાણે એક વરસ ગુપ્ત રીતે રહેવાનું છે ગુપ્તવાસ માટે તેઓ વૈરાટનગરમાં વૈરાટરાયને ત્યાં જવાનું પસંદ કરે છે. વૈરાટનગરમાં પ્રવેશતાં પહેલાં,

યુધિષ્ઠિર દરેક અનુજને તે વૈરાટરાયને ત્યાં કેવી રીતે ગુપ્ત રીતે રહેશે એમ પૂછે છે; તેમાં સહદેવનો જવાબ આ પ્રમાણે છે :

સહદેવ કહે વીરા મારા, સાંભળો વાતનો પાયો;
વૈરાટરાયને ઘેર રહીશું, ચારશું એની ગાયો ॥
ધર્મ કહે ધ્યાન ન બેસે, ગાયો ચારે સહુ કોય;
વૈરાટને ઘેર ગાયો હશે, તો ગોવાળ શું નહિ હોય ॥
સહદેવ કહે વીરા મારા, મારી પાસે એક વિદ્યાય;
ટંકે શેર દૂધ દેતી હોય તો, બશેર દેતી થાય ॥
તેથી એ તો રાખશે મને, કરશું ગૌરક્ષા કામ;
સહદેવજી કોઈ ન કહેશો, પંથીજી મુજ નામ ॥

સહદેવજી જેવા પવિત્ર, નિઃસ્પૃહી ભક્ત ગાયોની પ્રેમભરી સેવાચાકરી કરે તો ગાય વધારે દૂધ આપે એ સત્ય બાબત છે. તેમણે આવાં કાર્ય માટે પોતાની પાસે એક વિદ્યા છે તેનો અર્થ વર્તમાન સમયના સંદર્ભમાં વિશિષ્ટ જાણકારી કે આવડત થાય. દાખલા તરીકે, એક વેપારીને રોજ બે હજાર રૂપિયાનો વેપાર થતો હોય. તે કોઈ યુવાનને પોતાની પેઢીમાં સેલ્સમેન તરીકે રાખે. થોડા દિવસ તે વેપારી યુવાનનાં કામ અને પ્રામાણિક્તાનો ખ્યાલ લઈ લે. પછી તેનામાં વિશ્વાસ રાખીને પોતે બીજાં કામકાજમાં વિશેષ ધ્યાન આપે. એક-બે માસ પછી શેઠ કેટલો વેપાર થયો છે તે જુએ. કોઈ કોઈ દિવસ બે હજારથી વધારે વેચાણ હોય, પરંતુ એકંદરે નિરાશાજનક આંકડા જોવા મળે. શેઠને આ યુવાન પ્રત્યે કેટલાં માન અને વિશ્વાસ રહે ? પરંતુ યુવાને પોતાની સેલ્સમેનશીપની કળા અજમાવીને સરેરાશ ત્રણથી ચાર હજારનો વેપાર કરી બતાવ્યો હોય તો ? પહેલાં આવી કળા અને આવડત દાખવનારને પેઢીમાં ભાગીદાર બનવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થતું.

'સહદેવની વિદ્યાનો' બીજો અર્થ એમ લઈ શકાય કે વિદ્યાભ્યાસ દરમ્યાન અભ્યાસની દૃષ્ટિએ અથવા અંગત શોખની દૃષ્ટિએ એવી વિશિષ્ટ જાણકારી કેળવવી કે જે સામાન્ય રીતે તરત નજરે ન ચડે. અભ્યાસમાં વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ, લલિતકળાઓ વગેરે પ્રકારની વિદ્યાશાખાઓ છે. તેમાં કેવળ સ્નાતક, અનુસ્નાતક કે પી.એચ.ડી. થવું બસ નથી, પરંતુ આ ઉપરાંત એવો અભ્યાસક્રમ લેવો જેમાં કંઈક વિશિષ્ટતા હોય. દાખલા તરીકે, મોટા વકિલો, સોલિસિટરો, શ્રીમંતો, અભિનેતાઓ, અભિનેત્રીઓ, રાજકારણીઓ વગેરેને અંગત સેક્રેટરીઓની પણ જરૂર હોય છે. આ કામ તલભાર હલકું નથી, પરંતુ સારા પગારવાળું અને સ્વમાનભર્યું હોય છે. બર્નાર્ડ શૉની નવલકથા 'Immaturity- અપરિપક્વતા'માં સ્મિથ નામનું એક પાત્ર છે. તે વેપારી પેઢીમાં કામ કરતો હોય છે; ત્યાં તેનું સ્વમાન ઘવાય એવો પ્રસંગ બને છે, તેથી તે છૂટો થાય છે. સેક્રેટરીની જાહેરખબર વાંચીને તે આઈરિશ સદ્ગૃહસ્થને મળવા જાય છે. તે લોકસભાનો સભ્ય હોય છે. તેને ત્યાં સેક્રેટરી તરીકે કોઈ ટકતો નહોતો. તેની અંગત ઑફિસનું કામ એટલું બધું અવ્યવસ્થિત થઈ ગયું હતું કે તેને સારા સેક્રેટરીની તીવ્ર જરૂર હોય છે. સ્મિથના જવાબોથી આઈરિશ સદ્ગૃહસ્થને સંતોષ થાય છે. તેમણે જે પગાર કહ્યો તેથી સ્મિથ ખૂશ થાય છે અને તે જ પળથી તે કામ કરવાની તૈયારી બતાવે છે. તે એક કલાકમાં તેમનું મેજ વ્યવસ્થિત કરી નાખે છે અને પત્રોનો નિકાલ પણ કરી નાખે છે. પછી તો આ સદ્ગૃસ્થને સ્મિથ અનિવાર્ય લાગે છે. તેનાં કામ કરવાની વૃત્તિ, આવડત, સુઘડતા, રીતભાત વગેરેને લીધે, સ્મિથ તે કુટુંબનો વિશ્વાસપાત્ર માણસ બને છે. વેપારી પેઢી કરતાં તેને સારો પગાર મળવા બદલ સ્મિથ ખુશ રહે છે. આજકાલ સેક્રેટરીની લાયકાત મેળવવાના અભ્યાસક્રમો પણ ચાલે છે. જરૂર છે માત્ર તેમાં રસ લેવાની, વિશાળ વાંચનની, નિરીક્ષણ અને લેખનની કળાઓ વિકસાવવાની.

સાહિત્યનાં ક્ષેત્રની રીતે જોઈએ તો નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, નાટકો અને કાવ્યો ઘણા લખે છે, પરંતુ પ્રવાસવર્ણન લખનારા ઓછા છે. પ્રવાસવર્ણન લખવામાં વિશિષ્ટ દૃષ્ટિની જરૂર છે, કારણકે વાચકને રસ પડે તેવી રીતે પ્રવાસની સામગ્રી પીરસવાની હોય છે. ડૉ. રમણલાલ ચી. શાહનાં પ્રવાસપુસ્તકો 'પ્રદેશે જય-વિજયના' અને 'પાસપોર્ટની પાંખે' મેં વાંચ્યાં ત્યારે મને એવી પ્રેરણા મળી કે મને નાનકડો પ્રવાસ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય તો પ્રવાસવર્ણનનો એક લેખ જાણે અવશ્ય લખું. પ્રવાસનાં પુસ્તકો લોકપ્રિય અને લોકભોગ્ય ન બને એવું માનવાને કારણ નથી. જેમાં ઓછા માણસો હાથ અજમાવે તેવા વિષયોમાં હાથ અજમાવવો એ વિશિષ્ટ શક્તિના આવિષ્કાર માટેનો સુંદર પ્રયાસ છે. તે વિષયને અનુરૂપ દૃષ્ટિ અને વ્યક્તિત્વ વિકસાવવાનો પુરુષાર્થ શ્રેયસ્કર અને ફળદાયી છે.

વ્યવસાયનો પડકાર સહદેવની જેમ ઝીલી લેવાય તો પછી પ્રશ્ન રહે છે છોકરીની પસંદગીનો. આમાં મૂંઝવતો પ્રશ્ન એ છે કે કેવી છોકરી પસંદ કરવાથી સુખી થવાય. બર્નાર્ડ શૉની નવલકથામાં Immaturityમાં જ આ પ્રશ્ન છેડાયો છે. તેમાં ચિત્રકાર સિરિલ સ્કોટ મોટી ઉંમરના ચિત્રકાર જેઈમ્સ વેસેને સલાહ માટે પ્રશ્ન પૂછે છે, "જે છોકરી કલાકાર ન હોય અને કલામાં રસ ન ધરાવતી હોય તો તેની સાથે પરિણીત જીવન સારું ચાલે ?" આ મુરબ્બી જવાબ આપે છે, "Two of The trade never agree, much less two of a fine art." અર્થાત્ એક જ વ્યવસાયનાં પતિ-પત્ની વચ્ચે કદી સુમેળ થતો નથી, તેમાંય લલિત કળામાં પડેલાં પતિ- પત્ની વચ્ચે તો ઘણો ઓછો મેળ થાય. આ અંગે તેઓ પોતાનો દાખલો આપે છે કે તેમની આવી પસંદગીથી છૂટાછેડા લેવા પડ્યા. ચિત્રકાર સિરિલ સ્કોટ તેમની સલાહથી ત્વરિત નિર્ણય લઈને કપડાં સીવનાર છોકરી સાથે લગ્ન કરવાનું નક્કી કરી લે છે. તેમાં તે સફળ થાય છે અને લગ્નજીવન સુખી બને છે.

શૉએ ઈ. સ. ૧૮૭૯ના સમયના ઈંગ્લૅંડના સમાજનું ચિત્ર આ નવલકથામાં રજૂ કર્યું છે. અગિયાર દાયકામાં સમગ્ર વિશ્વની જેમ ભારતમાં તેમજ ગુજરાતમાં શિક્ષણનો ફેલાવો ખૂબ જ પ્રમાણમાં થયો છે. ગુજરાતના સમાજમાં ગૃહજીવન એકંદરે શાંતિભર્યું ગણાય. તેથી પતિપત્ની બંને એક જ વ્યવસાયમાં હોય તો પણ ઈંગ્લૅંડ-અમેરિકાના સમાજ જેવા પ્રશ્નો ઊભા થાય જ નહિ . તેમ છતાં. શૉનું સૂચન વિચારવા જેવું ખરું. બંનેનો એક જ વ્યવસાય હોય તો તેઓ પરસ્પર પૂરક બની શકે. પરંતુ કેટલીક વાર બિનજરૂરી ચડસાચડસી, તો કેટલીક વાર બંનેને થોડો તનાવ અથવા બંને વચ્ચે થોડી ગેરસમજ થાય. ત્યારે બંનેનો વ્યવસાય જુદો હોય તો એકબીજાને દખલગીરીનો પ્રશ્ન ન થાય, બંનેને જરૂરી સ્વાતંત્ર્ય રહે અને બંનેને એકબીજાનાં સહવાસનો આનંદ રહ્યા કરે. આજકાલ તાજા બહાર પડતા ડોક્ટરો મોટે ભાગે લેડી ડોક્ટરને જ પત્ની તરીકે પસંદ કરતા હોય છે, તેમના દામ્પત્ય જીવનના અનુભવોની નિખાલસ વાતો સાંભળવા જેવી હોય છે.

છેલ્લે, યુવાનોને આજની સમગ્ર પરિસ્થિતિનો પડકાર ઝીલવા માટે આત્મવિશ્વાસની જેમજ ધાર્મિક દૃષ્ટિબિંદુ વિકાસવાની પણ અનિવાર્યતા રહેલી છે. જે યુવાનો ધાર્મિક બાહ્યાચાર અપનાવતા હોય તે તો આવકાર્ય જ છે, પણ તે સાથે ધાર્મિક દૃષ્ટિકોણ અર્થાત આંતરિક દૃષ્ટિએ ધાર્મિક ઘડતર કરતા રહેલું એ સવિશેષ મહત્ત્વનું છે. દાખલા તરિકે, વિઘ્ન આવે તો તેને વધાવી લેવું; વિઘ્નને વધારનાર વિઘ્નથી જ લાભ પામે છે. પ્રેમથી વિઘ્નનો સામનો કરનાર નવું પામે છે. વિઘ્નથી ડરી જનાર કંઈ કરી શકતો નથી. તેવી જ રીતે પોતાને કંઈ દુઃખ હોય તેથી નિરાશ થઈ જાય અને સુખી લોકો સાથે સરખામણી કરીને વધારે દુઃખી થાય. પરંતુ વધારે દુઃખી લોકો સાથે સરખામણી કરીને પોતે બરાબર જ છે એવી દૃષ્ટિ રાખીને પુરુષાર્થ કર્યા કરે એ ધાર્મિક અને તંદુરસ્ત દૃષ્ટિકોણ છે. જે માણસ આંતરિક રીતે ધાર્મિક ઘડતર કર્યા કરે તેને નવું ચેતન પ્રાપ્ત થાય છે; સમગ્ર જીવનમાં અગવડો હોય તો પણ આનંદ અને સંતોષ રહે છે. આ પાયાની બાબતો માટે વિદ્યાર્થિઓ અને જવાબદારીભર્યાં જીવનમાં પ્રવેશતા યુવાનો સતત મથતા રહે એમાં તેમનાં ભાવિ જીવનમાં શ્રેય, પ્રગતિ અને સુખકારી રહેલાં છે.

□□□

# બેરરથી બ્રિગેડિયર-ચરિત્રકથાઓ

❑ રમેશ ર. દવે

રમણલાલ ચી. શાહે લખેલાં, એન.સી.સી. અને મિલિટરીની દુનિયાના અજીબોગરીબ ઈન્સાનનાં ચરિત્રો 'નવનીત સમર્પણ'માં પ્રગટ થતાં હતાં ત્યારથી, એ ચરિત્રો ગ્રંથસ્થ થઈને એકસામટાં વાચનવગાં થાય તેની રાહ હતી. 'હવલદાર નાયડુ' વાંચીને તો રમણભાઈને આનંદ-પત્ર પણ લખેલો અલબત્ત, કોઈ કારણસર એ અનુત્તરિત રહેલો એ પણ યાદ છે. યાદ એટલા માટે રહ્યું કે બહુધા, કૃતિની પ્રશંસા કરતા પત્રો અનુત્તરિત રહેતા નથી. હમણાં ઉપર કહી એ પ્રતીક્ષા પૂરી થઈ. ભાયાણી સાહેબને ત્યાં 'બૅરરથી બ્રિગેડિયર' પુસ્તક જોયું ને તરત વાંચવા માગી લીધું. સામે બેઠેલી ભારતીની ભ્રમરો તંગ થઈ. એને આમ યદાકદા પ્રગટ થઈ જતી મારી બ્રાહ્મણવૃત્તિ પસંદ નથી. પણ વાચનસામગ્રી માગી લેતા સંકોચ શો ?

મેજર શાહે આ પુસ્તકમાં એમની, એન.સી.સી. અને મિલિટરીના માહોલમાં વીતેલી જિંદગીનાં પૃષ્ઠો પર ઝિલાયેલી વ્યક્તિછબીઓનું લગભગ ભક્તિભાવપૂર્વક સંકીર્તન કર્યું છે. મેં અહીં 'ભક્તિભાવપૂર્વક' એવું ક્રિયાવિશેષણ પ્રયોજ્યું છે, પરંતુ તેમ કરતી વેળા, ચરિત્રાંકનમાં તાટસ્થ્યનો અભાવ છે-એવું સૂચવવાની લગીરે નેમ નથી. સર્જકમાં અપેક્ષિત અનાત્મલક્ષિતા આ 'આત્મલક્ષી પ્રકારના અંગત અનુભવો'ના નિરૂપણમાં સાદ્યાન્ત જળવાઈ જ છે. અને કહેવાનું જે કંઈ વિશેષ છે તે તો એ કે અહીં એસ્થેટિક ડિસ્ટન્સના નિર્વહણ પછીય વ્યક્તિ અને તેમની મૂલ્યનિષ્ઠા પરત્વેનો પ્રગટતો ભક્તિભાવ સ્પર્શક્ષમ નીવડે છે.

પુસ્તકની પ્રસ્તાવનામાં લેખકે નોંધ્યું છે તેમ, આ વ્યક્તિચિત્રો આલેખતી વેળા, તે નર્યાં સપાટ ન બની જાય એ માટે એમણે, 'સત્યઘટનાત્મક આત્મલક્ષી પ્રકારના અંગત અનુભવો સાથે રેખાચિત્ર અને ટૂંકીવાર્તા એ બે સાહિત્યસ્વરૂપોનો સમન્વય કરવાનો પ્રયોગ કર્યો છે.'-આમ કરવાથી શું પરિણામ નિપજી આવે, એનાથી લેખક અભાન નથી. એ લખે છે-'સત્યઘટનાત્મક વસ્તુ સાથે સર્જનાત્મક સાહિત્યસ્વરૂપોનો વિનિયોગ કરવામાં સર્જકતાના કેટલાક અંશો કુદરતી રીતે આવ્યા વગર રહે નહિ, અલબત્ત એ વિશે સહૃદય ભાવક અધિકારપૂર્વક વધુ સારી રીતે કહી શકે.'

લેખકે એમની રચના માટે 'વ્યક્તિઓ' એવી સંજ્ઞા પ્રયોજી છે, પણ ઉપર ટાંકયા અવતરણોમાંથી એટલું સ્પષ્ટ થાય છે કે સામગ્રીરૂપે એમની કને 'સત્યઘટનાત્મક આત્મલક્ષી-અંગત અનુભવો' છે. અને એ સામગ્રીને એમણે 'રેખાચિત્ર અને ટૂંકી વાર્તા' એ બે સાહિત્યસ્વરૂપોની લાક્ષણિકતાઓનો સમન્વય' કરીને આલેખવાનો સભાન પુરુષાર્થ કર્યો છે. અર્થાત્ અહીં નીપજી આવેલી રચનાની સામગ્રી ચરિત્રલક્ષી છે, તો નિરૂપણશૈલી કથાત્મક છે. એટલે ચરિત્ર અને કથાના આ સંકર પ્રયોગથી નીપજી આવેલી કૃતિને ચરિત્રકથા ન કહી શકાય ? ખેર, આ નામકરણવિધિને અહીં જ આટોપીએ !

ચરિત્રકથાઓના આધાર તરીકે ખપ લાગેલી સઘળી વ્યક્તિ અલબત્ત, સ્મરણિય નથી. અહીં તો, મેજર શાહે એમના મનોવિશ્વમાં સંગૃહીત અજવાળા-અંધકારાંને સહેજ પણ ડાબી-જમણી કર્યા વિના આલેખ્યાં છે. ને તેમ છતાં એ નરવાં-નબળાં વ્યક્તિત્વો વાચકને માટે પ્રેરણાદાયી તો નીવડે જ છે ! બૅરર ધોન્ડી, હવાલદાર નાયડુ, કેડેટ આન્દ્રાદે અને અંડર-ઓફિસર એલેન એમનાં સુરભિત માનવ્યની મહેકથી તો, કૉર્પોરલ બારશી, લેફ્ટનન્ટ મોઘે, મેજર મુતાબિક તથા કૅપ્ટન કુલકર્ણી તેમનાં અવગુણપ્રેરિત કુકર્મોના પ્રાયશ્ચિતથી !

વિષયવસ્તુની દૃષ્ટિએ અહીં આલેખાયેલાં ચરિત્રો, બહુ મોટા વાચકવર્ગ માટે નાવીન્યસભર અને તેથી ચિત્તાકર્ષક નીવડશે. સાધારણ વ્યક્તિ જેનાથી મોટે ભાગે સાવ અજાણ હોય છે એવી, લશ્કરની દુનિયાની લઘુ આવૃત્તિ સમી એન.સી.સી. પ્રવૃત્તિનું અહીં અત્યંત રોચક, વિગતપૂર્ણ અને વિશ્વસનીય નિરૂપણ થયું છે . પુસ્તકનું શીર્ષક લગીર ફાંટાબાજ છે. 'બૅરરથી બ્રિગેડીયર' વાંચીને નીચે લેખક નામ વાંચતા અજાણ્યાને એવી કલ્પના થઈ આવવાનો પૂરો સંભવ છે કે આ પુસ્તકમાં, જેમણે 'બૅરરથી બ્રિગેડીયર' સુધીની વિકાસયાત્રા સંભવ બનાવી છે એવા લેખકનું આત્મચરિત્ર આલેખાયેલું હશે. પરંતુ વિશેષતઃ એમાં એક અદના બૅરર ધોન્ડીથી માંડી લશ્કરની ઠીક ઠીક ઊંચી ગણાયેલી પાયરી પર પહોંચેલા બ્રિગેડીયર દારૂવાલા સુધીની વ્યાપક રેંજ ધરાવતી નક્ષત્રમાળા અંકિત થઈ છે. આ ચરિત્રકથાઓના નાયકોમાં હોદ્દાઓનું વૈવિધ્ય તો છે જ, પરંતુ માનવજીવનની પ્રકૃતિ-સ્વભાવની ખાસિયતોની દષ્ટિએ પણ પારવાર વિવિધતા પ્રકટ થઈ છે. અહીં ઘેરો કાળો વાન, ધોળા ટૂંકા વાળ અને એક આંખવાળો, બાહ્ય દેખાવ સાવ ગરીબડો પણ એની કર્મઠતા, 'ઓફીસર-લોગ' માટેની સેવાતત્પરતા, ઝીણી વાતની કાળજી દાખવતી નિષ્ઠા અને ઐહિક સુખ-સાધનો વિશેની સ્થિતપ્રજ્ઞતાથી ઊંચું ખમીર દાખવતો બૅરર ધોન્ડી, અનેકવિધ અપમાનો ગળી જઈને બધાને ઉપયોગી થવામાં જ તેમ જ મેજર ખન્ના જેવા તોછડા માણસને પણ વિપદવેળાએ જાન-જોખમે બચાવનાર હવાલદાર નાયડુ, અસહ્ય મનોવેદનાની સ્થિતિમાં પણ અથાક-અખંડ પરિશ્રમ કરીને પોતાની કંપનીને 'શ્રેષ્ઠ કંપની'ની તેમ જ એની હૅટ્રિક કરવા બદલ વિશેષ માનની ટ્રોફી જિતાડી આપનાર કેડેટ આન્દ્રદે, ઓફિસરોને પણ ગધે કી તરહ, મુર્દે કી તરહ-જેવા ઉપમા અલંકારથી નવાજી તોછડાઈ અને જંગલીપણાનું બિરુદ પામનારા પણ હૅન્ડ ગ્રેનેડ-બોમ્બ ફેંકવામાં ગફલત કરી બેઠેલા લેખકને પોતાના જીવનની પરવા કર્યા વિના બચાવી લેનારા જમાદાર બિલે, ઉપરી અધિકારી પાસેથી સારો ઈન્સ્પેક્શન રિપોર્ટ કેમ લખાવી લેવો એની ગલીકૂંચીના માહેર લહેરી લાલા દિલદારસિંગ, દારૂના ચકચૂર નશામાં ધોબીની ભઠ્ઠીનાં ભડકાને કૅમ્પમાં લાગેલી ભયંકર આગ માનીને ફાયર એલાર્મ વગાડનારા મેજર તેજાસિંગ, ત્રણ પાયાવાળી, કન્ડેમ્ડ કરવાની ખુરશીને જાતદેખરેખ નીચે બાળી નાખવી સ્ટોર મેઈન્ટેન્સમાં ચાલતી ગેરરીતિને સમૂળગી બંધ કરાવતા કૅપ્ટન સિંઘ, કેડેટોની ભોજન અને નિવાસની સુખ-સુવિધાઓને ભોગે કટકી કરતા મેજર મુતાબિક અને કૅપ્ટન કુલકર્ણી, અથક કર્મઠતા અને સચ્ચાઈજન્ય સ્વમાનનું સુલભ દૃષ્ટાંત નીવડનાર અન્ડર-ઑફિસર એલન, એ એલનનું ઊલટું દષ્ટાંત સાબિત થનારો પાવરધો ચં. કૉર્પોરલ બારશી, સલામ મરાવવાના શોખીન એડ્જ્યુટન્ટ લેફ્ટન્ટ મોઘે, ચકોર નજર અને અવલોકનકાળના ઉસ્તાદ સૂબેદાર આવટે તેમ જ પોતાની ઊંચી પાયરી પરથી, ગમ્મતની પળોમાં હળવાફૂલ થઈ જતા બ્રિગેડિયર દારૂવાલા-આ બધી અફલાતૂન લશ્કરી હસ્તીઓનો જાણે આ પુસ્તકમાં વાર્ષિક કૅમ્પ યોજાયો છે.

આ ચરિત્રકથાઓ પૈકી હવાલદાર નાયડુ, નાયક નાઈક, અન્ડર ઑફિસર એલન અને સૂબેદાર આવટે વાચકના હૈયે કાયમી સ્થાન પામી ચિરંજીવી નીવડે છે. હવાલદાર નાયડુના ચરિત્રમાં માનવજીવનના બે અંતિમો એકસાથે પૂરી પ્રતીતિકરતા સમેત આલેખાયા છે. પ્રથમ દૃષ્ટિએ નાયડુ સાવ સામાન્ય ઈન્સ્ટ્રક્ટર જણાય છે. નથી એની પાસે વિશેષ કોઈ શરીર-સંપત કે નમણો ચહેરો; તેમ નથી એનું વ્યક્તિત્ત્વ પણ કંઈ વિશેષ ચબરાક અને ચતુર ! સમય વીતતાં મળે એટલી જ બઢતી એ મેળવી શક્યા છે. હવાલદારમાંથી આગળ વધીને જમાદારની રૅન્ક મેળવવાનું પોતાનું ગજું નથી-એવી પ્રતીતિ થવા પછી પણ પોતાની કર્તવ્યનિષ્ઠા અને સેવાભાવી સ્વભાવના બલબૂતા ઉપર જ એ જમાદાર તરીકે નિવૃત્ત થવાનું સ્વપ્ન જુએ છે. અને તદ્દન વિપરીત સંયોગોમાં એ અણધાર્યું સાચું પણ પડે છે.

નાયડુનું સૌથી મોટું જમા પાસું છે એમની અડોલ ધીરજ અને અજીબોગરીબ સહનશીલતા-માનસીક સ્વસ્થતા. લેખકે એમને આપેલી અંજલિ એમના શબ્દોમાં જોઈએ-

'અલબત્ત, નાયડુના ગુણપક્ષે કહેવું જોઈએ કે આવા વધુ પડતા ઠપકા પછી પણ એમની સ્વસ્થતા ઓછી થતી નહિ. એમનામાં જડતા નહોતી; પોતાની ભૂલ અને પરિસ્થિતિનો પ્રમાણિકપણે સ્વીકાર રહેતો.'

થાકેલા કેડેટને ખભે ઊંચકીને ચાલવું, બીમાર કેડેટ માટે વેરાન જંગલમાં રાતે તબીબી સારવાર ઉપલબ્ધ કરાવવી, કેડેટને રસોઈ તેમ જ કૅમ્પફાયર જેવી પ્રવૃત્તિમાં ડગલે ને પગલે મદદરૂપ થવું-આવા સેવાભાવી તેમ જ પરોપકારી સ્વભાવને કારણે નાયડુ સાવ સરેરાશ વ્યક્તિત્વ ધરાવતા હોવા છતાં કૅમ્પના સઘળા કેડેટોની ચાહના પામે છે. પણ કમનસીબ એ છે કે ઉપરી અધિકારી એમની ઉપર કારણ-અકારણ ખફા રહે છે. આવી ખફગીનું પ્રમાણ મેજર ખન્નાનાં આ વાક્યો આપશે-

'તુમ ઈતના સમજતા નહી હૈ, તુમ ક્યા ગધા હૈ ? તુમકો બાર બાર ટોકના પડતા હૈ. હમ તુમકો ડિમોટ કર દેગા.'

આવા અત્યંત તિરસ્કારભર્યાં કટુવચનો સાંભળ્યા પછીય નાયડુની આત્મશોધનવૃત્તિ આથમતી નથી-'ભૂલ મારી છે. સી.ઓ. સાહેબ થોડા મારા દુશ્મન છે ? એ તો મારા ભલા માટે કહે છે. આર્મીમાં તો આવું રોજ થાય, એથી કંઈ સિનિયર ઑફિસર તરફનો આપણો આદર ઘટવો ન જોઈએ. હું જાણું છું કે સી.સો. સાહેબ મારાથી બહુ નારાજ છે, પણ મારે તે જોવાનું ન હોય.'

કૅમ્પની કસોટીની ક્ષણોમાં આ સાવ સાધારણ દેખાતા મનુષ્યનું મૂળરૂપ પ્રગટ થાય છે. વાવાઝોડાની એ રાતે જ્યારે સૌ કોઈ સલામત સ્થળે ખસી જવા ભાગદોડ કરે છે ત્યારે નાયડુ જ મેજર ખન્નાની ભાળ કાઢવા એકલા જાય છે અને ઘવાયેલા મેજરને અણીની પળે બચાવી લઈ, વરસતા વરસાદમાં કાદવકીચડ ખૂંદતા, ખભે લાદી સલામત લઈ આવે છે. એ પ્રસંગથી નાયડુ માટે ઓશિંગણભાવ અનુભવતા થયેલા મેજરના શબ્દો :

'હવાલદાર નાયડુ જો સમયસર ન આવી પહોંચ્યા હોત તો મારો તંબૂ મારા ઉપર એવી રીતે પડ્યો હતો કે અંધારામાં હું ગૂંગળાઈને મરી ગયો હોત.'

આવું જ વિરલ પણ લગીર વધારે સંકુલ ચરિત્ર છે નાયક નાઈકનું. એમની ઠીંગણી કદ-કાઠી પહેલી નજરે, એ લશ્કરમાં કેમ હોઈ શકે, એવો પ્રશ્ન જન્માવે છે. વળી એમની ઉમ્મર અને રૅન્કની અસંગતિ પણ ધ્યાન ખેંચે છે. પણ સૌથી મોટી સમસ્યા છે એમના એકલસૂરા અને દન ઔપચારિક સ્વભાવની ! આવી ઘણી બધી વિષમતાઓ વચ્ચે પણ નાયક પોતાનાથી ઉપરની કક્ષાના અધિકારીઓને તાલીમ આપવાનું કપરું કામ સફળતાપૂર્વક પાર પાડે છે. પણ લેખકને એમની એકલસૂરી જિંદગીનું રહસ્ય પામ્યા વિના ચેન પડતું નથી. પોતાની તાલીમજન્ય તત્પરતા, આદર આપવાની કુનેહ, નિર્મળ જિજ્ઞાસાવૃત્તિ અને અનુકંપાશીલ સંવેદનશીલતાથી લેખક નારિયેળની કઠણ કાચલી ભેદવામાં સફળ થાય છે. અને એમ થતાં વાચકને હાથવગી બને છે, આસમાની-સુલતાની આપદા-વિપદાઓ વેઠી વેઠીને લગભગ જાતે કિલ્લેબંધી કરી બેઠેલા અદના માનવની કરમકહાણી. એની વિગતો, વિશ્રામની પળોમાં, ઝાડને છાંયે બેસીને પોતાના હોંશિયાર પણ ઑફિસર્સ-શાગિર્દોને આપવીતી કહેતા નાઈકના મોંએ જ સાંભળવાની લિજ્જત ઓર છે, એથી અહીં નથી આપવી. પણ આ ચરિત્રકથામાં સર્જકની સામાજિક નિસ્બત સ્પૃહણીય રીતે પ્રગટ થઈ છે, તે તો અવશ્ય નોંધવું જ રહ્યું !

અન્ડર ઑફિસર એલન એ આ ચરિત્રમાળાનું સૌથી ઊજળું નક્ષત્ર છે. અપાર ઉદ્યમશીલતા, મળતાવડો સ્વભાવ અને મહેક થતી સંસ્કારિતાથી સામાન્ય કેડેટમાંથી અંડર-ઑફિસર લગી વિદ્યુતવેગે પહોંચી જનારા એલનની એક છબી આ છે :

'ઘણા કેડેટો ત્યારે આડા પડી આરામ લઈ રહ્યા હતા, પરંતુ એલન છ-સાત કૅડેટોનું વર્તુળ જમાવી બેઠો હતો, મને જોતાં જ તે ઊભો થઈ ગયો. પાસે જઈને જોતું તો એલન કેટલાક કૅડેટના બૂટને પૉલિશ કરી આપતો હતો. સામાન્ય રીતે અંડર-ઑફિસર પોતાના બૂટની પૉલિશ બીજા કૅડેટો પાસે કરાવે, તેને બદલે નવા આવેલા કૅડેટના બૂટની પૉલિશ અંડર-ઑફિસર પોતે કરી આપતો. કેવી રીતે બૂટને પૉલિશ કરવાથી ચમક વધારે આવે તેની પદ્ધતિ પણ તે કૅડેટોને શિખવાડતો હતો...[આટલું જ નહિ,] એલન કેટલાક કૅડેટોને યુનિફૉર્મનાં તૂટી ગયેલાં બટન નવાં ટાંકી આપતો. ઢીલા પડી ગયેલા ગાજ સરખા કરી આપતો. કેટલાય કૅડેટોના કમરપટ્ટાને બ્લૅકો લગાડી આપતો અને બટ્ટાનાં બકલોને બ્રાસો લગાડીને ચકચકિત કરી આપતો.'

યુવાન કૅડેટને ગાળો બોલવાની અને ચોરી કરવાની બદીઓમાંથી એમને ખબરેય ન પડે એવી રીતે મુક્ત કરાવનાર એલનને એના આવા સફળ નેતૃત્વના શિરપાવ રૂપે જ્યારે, કંપની કમાન્ડર જાદવ પાસેથી 'યુ ઈડિયટ ! વૉટ આર યૉર કૅડેટ્સ ડૂઈંગ ધૅર ? વ્હાઈ આરન્ટ ધે હીઅર ઈન લાઈન વિથ અધર્સ ?'-જેવા બૂમબરાડા સાંભળવા પડે છે ત્યારે તેનું સંસ્કારી ખમીર જે રીતે ખીલી ઊઠે છે તે દૃષ્ટવ્ય છે :

'સર, મેં કશું જ ખોટું નથી કર્યું. રિપોર્ટીંગનો ટાઈમ પણ હજુ થયો નથી. વળી તમે મારે માટે 'ઈડિયટ' શબ્દ બોલ્યા તે પણ મને ગમ્યું નથી. તમારા મોઢામાંથી આવો શબ્દ નીકળે છે એથી શરમ આવે છે.'

આવો જડબેસલાક ઉત્તર સાંભળીને ઓર ગિન્નાઈ ઊઠેલા જાદવે એલનને શિક્ષા કરવાની આપેલી ધમકીનો એલને આપેલો એવો જ ઠંડો આ ઉત્તર પણ આકર્ષક છે :

'સર, વધુમાં વધુ શિક્ષા તમે શી કરી શકો ? મારી રેન્ક લઈ શકો, મને ડિમોટ કરી શકો, મને કૉલેજમાંથી ડિસમિસ કરાવી શકો; એ જ ને ? તો એ બધાં માટે હું અત્યારથી જ તૈયાર છું. તમે મને ડિમોટ કરો તે પહેલાં રાજીખુશીથી હું રૅન્ક અહીં જ પાછી આપી દઉં છું...સર, આ લો તમારી રૅન્ક પાછી. તમને ઈચ્છા થાય તો મને કૉલેજમાંથી પણ ડિસમીસ કરાવી શકો છો. એનો જરાય ડર નથી.'

મેજર શાહ આખા પુસ્તકમાં લશ્કરી શિસ્ત અને એના પાલન અંગે ગુસ્સા તોછડાઈની અનિવાર્યતા વિશે એકાધિક વાર વકીલાત કરી છે . પરંતુ એમની સર્જકતાએ એલનના ચરિત્રાંકન વેળા, એમની મિલિટરી-ડિસિપ્લિનને વળોટી જઈને, સઘળું જતું કરીનેય સ્વમાન જાળવવાની એલનની ખુમારીને ખુલ્લા ખુલ્લા બિરદાવી છે. એલનનું ચરિત્ર અહીં એવું તો રોમાંચકારી અને આકર્ષક નીવડે છે કે મારી જેવા પિસ્તાલીસે પહોંચવા આવેલા વાચકનેય, એલનને સાંપડેલી કૅડેટોની ચાહના તેમ જ તેણે અન્યાયના કરેલા પ્રતિકારની મીઠી ઈર્ષા કરવા પ્રેરે છે.

મેજર શાહનું ગદ્ય અહીં બહુધા વિશદ બની રહ્યું. જો મૂળ વસ્તુ જ મનોહારી હોય તો, સરળ ગદ્યમાં પણ એની રજૂઆત કેવી સ્પર્શક્ષમ બને-તેનું આ પુસ્તક સુભગ દૃષ્ટાંત બને છે. પણ લેખકે ધાર્યું હોત તો આ ગદ્ય છટાદાર પણ બની શક્યું હોત તેની સાહેદી આ પંક્તિઓ પૂરશે-

'તે દિવસે સાંજે બ્રિગેડિયરે ક્વાર્ટર ગાર્ડની સલામી લઈ ડોગરા રેજિમેન્ટની વિદાય લઈ લીધી. એક મોટા દરિયાઈ મોજાની જેમ તેઓ આવ્યા અને ચાલ્યા ગયા, પણ દરેકના મનમાં લશ્કરી સૂવાસનું સુમધૂર સ્મરણ મૂકતા ગયાં.'

નાનીમોટી પ્રસંગકથાઓ રૂપે થયેલા આ ચરિત્ર સંકીર્તન દરમ્યાન સોળ-સત્તર વ્યક્તિ-પ્રતિમાઓ તો ઊપસી આવે જ છે, પરંતુ મર્મગ્રાહી વાચક જો સહેજ ઝૂકીને ઝીણું જોશે તો, દરેક ચરિત્રકથા, તેના લેખકની પણ નાનીમોટી લાક્ષણિકતા ઉપસાવે છે, તે લક્ષિત થશે. દૃષ્ટાંત રૂપે નાયક નાઈકના શુષ્ક-વેરાન આંતરજીવનમાં ડોકિયું કરવાની લેખકની સંવેદનશીલતા નોંધી શકાય. માણસ નર્યો વ્યક્તિવાદી થતો જાય છે-એવા આ દેશકાળમાં, આમ કોઈના મનનાં બંધ કમાડ ખોલવાની નિષ્ઠા પોતે જ વિરલ બની રહે છે.

માનવજીવનનાં તેજ-તિમિરને આલેખતું આ પુસ્તક સહૃદયી સૌને વાંચવું ગમે છે, પણ એન.સી.સી.માં પ્રવેશનારા સૌ કૅડેટોમાટે તો એ નર્યું બાઈબલ નીવડે એવી ક્ષમતા ધરાવે છે.

☆ ☆ ☆

# વિવેચન વિશે થોડુંક

❑ ડૉ. પ્રવીણ દરજી

'આદર્શ વિવેચન' આ સંજ્ઞા પોતે જ કંઇક ચિંત્ય છે. વિવેચન માટે અમુક ધોરણો કે માપદંડો નિશ્ચિત કરો એટલે એ ક્ષણથી જ એની સ્થગિતતાનો પણ આરંભ થાય. 'આદર્શ' એવું વિશેષણ યોજ્યા વિના પણ 'વિવેચન એટલે વિવેચન' એમ જો કોઈ કહે તો 'વિવેચન'નો ઘણો બધો મર્મ એમાં સ્પષ્ટ થઇ જતો હોય છે.

'વિવેચન' શબ્દનો પ્રયોગ પણ પાછો વ્યાપક રૂપે થતો રહ્યો છે. એના ઘણા સંદર્ભો મળી રહે છે. ઘરેલુ બાબતોથી માંડીને અમૂર્ત વસ્તુઓ સુધી આપણે એ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. આપણો સંદર્ભ અહીં સાહિત્યિક વિવેચન પૂરતો સીમિત છે. અહીં પણ 'વિવેચન' સંજ્ઞા અને એ શબ્દની છાયાઓ વિશે મતમતાન્તરો તો રહ્યાં છે જ. લગભગ સર્વને સ્વીકૃત બની રહે એવો એનો અર્થ કરવો હોય તો કંઇક આવો થાય : સારાસાર વિવેક અથવા તો સમ્યક્ ભેદ, નીરક્ષીર છૂટાં પાડી આપવાં. સાહિત્યમાં જ્યાં સર્જન છે, ત્યાં વિવેચન છે. બંનેનો ગાઢ સંબંધ રહ્યો છે. અહીં સર્જન પહેલું કે વિવેચન પહેલું એવો પ્રશ્ન પણ થયો છે. કેટલાકે વિવેચનને અનિવાર્ય લેખ્યું છે, તો રિલ્કે જેવા કોઇક કોઇક વિવેચનથી કોઇ વિશેષ અર્થ સરતો નથી એવું પણ કહે છે. આમ વિવેચન અને એના કાર્ય વિશે, એની મહત્તા વિશે પણ મતવૈવિધ્ય જોવા મળે છે.

તો પ્રશ્ન છે 'વિવેચન' કેવું હોવું જોઇએ? 'આદર્શ' એવું વિશેષણ યોજ્યા વિના નમૂનારૂપ વિવેચનનો વિચાર કરીએ તો તેમાં કઇ કઇ બાબતોની અપેક્ષા રહે?-વગેરે પ્રશ્નોનો ઉત્તર મેળવવા પ્રયત્ન કરીએ.

વિવેચન અને સર્જન ઘણી બધી રીતે પરસ્પરાશ્રિત છે. બંનેનો કાર્યપ્રદેશ દેખીતી રીતે પૃથક હોવા છતાં બંને છેવટે તો આંગળી મૂકી આપે છે સૌંદર્ય ઉપર. સર્જક માનવના, જગતના સૌંદર્યને કૃતિરૂપે સારવી આપે છે. તો વિવેચક કૃતિના સૌંદર્યને આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. બંનેને ઘણું બધું પરીક્ષવું પડે છે, સુધારા વધારા કરવા પડે છે, જોડાણો કરવાનાં રહે છે, અદલ-બદલ પણ કરવું પડે છે. આને કારણે જ ક્યારેક વિવેચકની પ્રતિભા ધરાવનાર સર્જક બીજાં કરતાં આગળ નીકળી જતો જણાય છે. એલિયેટ કે ટાગોર જેવાનાં દ્રષ્ટાંતો આપણી સામે છે જ. એ રીતે વિવેચન સર્જનને ઉપકારક નીવડે છે.

વિવેચન હંમેશાં જહાંગીરના ન્યાયઘંટ જેવું હોવું જોઇએ. ત્યાં માત્ર રચના જ જોવાવી જોઇએ. રચનાને બાજુએ રાખી આ કે તે વ્યક્તિને લક્ષમાં રાખવામાં આવે તો એક તરફ એ થાબડભાણાનો ભોગ બની જવાની દહેશત રહે છે, તો બીજે છેડે વ્યક્તિગત વેર માટેનું તે ઓજાર બની જવાની શક્યતા છે. સાહિત્યના ઇતિહાસમાં આવું ઘણીવાર બન્યું છે. રિલ્કે જેવાએ વિવેચન સામે જે લાલબત્તી ધરી હતી તે આવાં કારણોસર જ. ભવભૂતિને પણ એવા વિવેચનનો કડવો અનુભવ ક્યાં નથી થયો?

વિવેચનનું લક્ષ કૃતિ ને કેવળ કૃતિ હોવું ઘટે. એ દ્વારા જ તે સૌંદર્ય બોધ કરાવી શકે. રચનાને સાચા અર્થમાં પામવા તેની નિરંતર મથામણ હોવી ઘટે. જો એ સમજવામાં વિવેચન ભૂલથાપ ખાય તો અકાળે તે કોઈ સર્જકને લખતો અટકાવી દે અથવા તો કૃતિ વિશે ગેરસમજ ઊભી કરે. એનાં તારણો ઉભડક ન હોવાં જોઈએ. એની પાછળ વિવેચકનો સમગ્ર અભ્યાસ ઊભો હોવો ઘટે. તુલના અને પૃથક્કરણ કરતાં કરતાં જે કંઈ નીતરી આવે તે તેણે બતાવવાનું હોય છે. પોતાના અભિગ્રહો-પૂર્વગ્રહોને-જો તે વચ્ચે લાવે અને પછી કોઈ નિષ્કર્ષ પર આવવા તે પ્રયત્ન કરે તો કર્તા અને કૃતિ બંનેને અન્યાય થાય. એટલે પૂર્વગ્રહોને જીતવાનું કામ વિવેચકે કરવાનું છે. વિવેચક-વિવેચનમાં, જે કાંઈ તજવા યોગ્ય છે, નઠારું છે, અનાદરપાત્ર છે તેનો ખોંખારીને અસ્વીકાર કરવાની નૈતિક હિંમત હોવી જોઈએ. એકબાજુ વિવેચને ભાવકની સમજને વિસ્તારવાની છે અને સાહિત્યના એકમેવાદ્વિતીય એવા રસાનંદની વચ્ચે તેને મૂકી આપવાનો છે તો બીજી તરફ તેણે એ પણ કરવાનું રહે છે કે કૃતિમાં શું શું આનંદભોગ્ય નથી.

વિવેચક કે વિવેચન જે કંઈ દર્શાવે છે, જે કંઈ સારવે-તારવે છે એની પાછળ કોઈ ચોક્કસ પીઠિકા હોવી ઘટે. વિવેચકને કેવળ દોષ જ બતાવવાના નથી, શાસ્ત્રીય પીંજણ કર્યા કરવાનું નથી. તર્કજનિતતા કે યાંત્રિકતામાં કૃતિની રસકીય બાજુ ભૂલાઈ જાય અને વિવેચન આડે પાટે ચડી જાય તો તેવું વિવેચન એનો ધર્મ ચૂક્યું ગણાય. આથી જ વિવેચકમાં રાજશેખર કથિત કારયિત્રી સાથે ભાવયિત્રી પ્રતિભા તો હોય ઉપરાંત તે બહુશ્રુત હોય, વિવિધ વિષયોનો જાણકાર હોય, અનેક કળાઓ વિશેની તેની સમજ હોય, તટસ્થ તોલન બુદ્ધિ હોય, તેનો જીવનાનુભવ જ એવો વિશાળ હોય કે પેલી રચનાને 'રચના'રૂપે અનાવૃત કરી આપી એક પૂર્ણ સમગ્ર માનવી જ એવું વિવેચન આપી શકે. લ્યૂકાસે સાચી રીતે Dedicated and talented એવી અપેક્ષા વિવેચક પાસે રાખી છે.

મરે ક્રેગરે આવી વિશિષ્ટ વિવેચક પ્રતિભા કૃતિનાં રહસ્યોને ઊદ્ઘાટિત કરી આપવામાં પ્રબળ ભાગ ભજવી શકે છે એમ જે કહ્યું છે તે આ સંદર્ભે જ. મલ્લિનાથ જેવો વિવેચક આપણને નહિ મળ્યો હોત તો કદાચ કાલિદાસ આજે જે રીતે આપણા જીવનનો એક ભાગ બની ગયા છે તે ન બન્યા હોત. બ્રેડલે નહિ થયો હોત તો શેક્સપિયરને આપણે જે રીતે આજે માણીએ છીએ, એ કરતાં સંભવ છે કે ચિત્ર ભિન્ન હોત.

વિવેચન એક પવિત્ર કાર્ય છે. કહો કે તે એક ગૌરવભર્યા ન્યાયાલયનો ભાગ ભજવે છે, આમ તો કોલરિજે કહ્યું છે તે પ્રમાણે આપણે સૌ કોઈક ને કોઈક રૂપે ઓછેવત્તે અંશે એરિસ્ટોટલ કે પ્લેટો રૂપે જ જન્મ્યા છીએ. ભાવક તરીકે કેટલુંક સારું-ખોટું તારવી શકીએ છીએ. પણ જ્યાં આપણે અટકીએ છીએ, મૂંઝાઈએ છીએ ત્યાં વિવેચન મદદે દોડી આવે છે. પેલાં બંધ દ્વાર ઉઘાડી આપે છે, જે કંઈક અસ્પષ્ટ હોય, ધૂંધળું હોય, અલ્પપરિચિત કે સમજ બહારનું હોય તેને તે પ્રત્યક્ષ કરી આપે છે. વિવેચનનું કાર્ય જ એ છે.

આજે સિદ્ધાંતનિષ્ઠ અને કૃતિનિષ્ઠ વિવેચન વિશે ઘણું ઘણું લખાય છે. વિવેચનની નવી નવી રીતિઓ અસ્તિત્વમાં આવી છે. મનોવિજ્ઞાન, સમાજવિદ્યા, દર્શનશાસ્ત્ર, નૃવંશશાસ્ત્ર, ભાષાવિજ્ઞાન અને તેની વિવિધ શાખા-પ્રશાખાઓ-એ સર્વ વિવેચન સાથે જોડાય છે. સતત પરિવર્તન પામતા જતા સમાજ-માનવ અને તદનુષંગે પલટાતા સાહિત્યને પામવા એમ થવું સ્વાભાવિક પણ છે. એ રીતે આપણે સોસ્યૂર, ક્લોડ-લેવી-સ્ટ્રાઉસ અને દેરીદાનો પણ- આધાર લેતા થયા છીએ. ઘણી બધીવાર કૃતિ સૌંદર્યને એના નિઃસીમ રૂપે આપણે એ બધાં વડે પામીએ છીએ. પણ એ જ પદ્ધતિ સાચી અને અમુક સાચી નહિ એવી આજ્ઞા વિવેચનને કુંઠિત કરી મૂકે. જેમ વિવેચકનું પ્રભાવક વ્યક્તિત્વ રહ્યું છે તેમ કળાને પોતાની પણ એક ભોંય રહી છે. એ વાત આપણે ભૂલવાની નથી. વિવેચક એની ચાવીઓથી રચનાને જો ઉઘાડતો હોય છે તો ક્યારેક પેલી કળા સ્વયં વિવેચનને-વિવેચકને ઉઘાડે છે. એટલે કોઈ અમુક ફિલસૂફી કે માન્યતા લઈને વિવેચન જો કૃતિ પાસે જતું હોય તો બધી વેળા બધી કૃતિઓ યારી ન પણ આપે. કેટલીક રચનાઓ નિયમ બિયમને ગાંઠતી નથી, એ સર્વને ઓળંગીને પોતાની આગવી વાસ્તવિકતા પાસે ઊભી રહે છે. ત્યાં વિવેચનની સાંકડી નીકો ન ચાલે, કેવળ અમુક અભિગમનું ડિમ્ ડિમ્ ઉપયોગી ન બને. કાર્લશેપિરોએ આવા વિવેચક માટે He has bigger fish to fry than poet એમ કહીને સમયસરનો ચેતવણીસૂર ઉચ્ચાર્યો જ છે.

સાચું વિવેચન એ છે કે જે કળા પાસે દોરી જાય, કળામય કરી દે અને અ-કળાથી આપણને દૂર રાખે. ❑❑❑

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૯૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૧૧ ● તા. ૧૬-૧૧-૧૯૯૨ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## સ્વ. ડૉ. ચન્દ્ર જોશી

ગુજરાતના ભુદાન પ્રવૃત્તિના સર્વોદય કાર્યકર્તાઓમાંથી ભાગ્યે જ કોઈક એવા હશે કે જેમણે ડૉ. ચન્દ્ર જોશીનું નામ ન સાંભળ્યું હોય. કચ્છના અને ખાસ કરીને મુન્દ્રા અને માંડવી તાલુકાના લોકોમાં 'રતાડિયાના ડાગધર' તરીકે સ્વ. ડૉ. ચન્દ્ર જોશીના નામની સુવાસ આજે પણ અનુભવાય છે.

થોડા સમય પહેલાં મારા મિત્ર, શ્રી મૂલજી દેવશીની કું.ના માલિક શ્રી મંગળભાઈના નિમંત્રણથી કચ્છમાં એમના વતન રતાડિયા (ગણેશવાલા)માં યોજાયેલા બહુલક્ષી કાર્યક્રમમાં ડૉ. ચન્દ્ર જોશીની અર્ધ પ્રતિમાનું અનાવરણ મારા હાથે કરવામાં આવ્યું એને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. ડૉ. જોશીના નામથી હું સુપરિચિત હતો, પણ આ પ્રસંગને નિમિત્તે એમના પ્રેરક જીવન અને કાર્યથી વધુ માહિતગાર થવાનો સુખદ અવસર સાંપડ્યો હતો.

ડૉ. ચન્દ્ર જોશીનો જન્મ સન ૧૯૩૨માં સૌરાષ્ટ્રમાં ગોંડલમાં થયો હતો. તેમણે શિક્ષણ જામનગરમાં લીધું હતું. એમનાં લગ્ન જામનગરનાં રમાબહેન દવે સાથે થયાં હતાં. ડૉક્ટરી પરીક્ષા પાસ કરીને તેઓ કચ્છમાં હાજાપર નામના ગામના જિલ્લા લોકલ બોર્ડના દવાખાનામાં જોડાયા હતા. ૨૫ વર્ષની વયે તેઓ કચ્છમાં આવ્યા અને જીવનના અંત સુધી કચ્છી થઈને રહ્યા. કચ્છને એમણે પોતાનું વતન બનાવી દીધું. તેઓ આખા કચ્છમાં ભમી વળ્યા હતા. કચ્છી પ્રજા સાથે તેઓ એકરૂપ બની ગયા હતાં. તેઓ એટલી સરસ રીતે કચ્છી ભાષા બોલતા કે અજાણી વ્યક્તિને ખબર પણ ન પડે કે તેઓ કચ્છી નથી. એમણે કચ્છીમાં કેટલાંક ગીતો પણ લખ્યાં હતાં. કચ્છની ધરતી પરની પોતાની મમતા દર્શાવતા એક ગીતમાં એમણે કહ્યું છે :

*'ધન્ય કચ્છજી ધી ધરતી*
*નત અચે ઓટ ભરતી*
*મુકે માયા ધી ભોમસે બંધાણી'*

ડૉ. જોશી જિલ્લા લોકલ બોર્ડના દવાખાનામાં જ્યારે રતાડિયા આવ્યા ત્યારે એક સેવાભાવી ડૉક્ટર બહેન, ડૉ. મોંઘીબહેન મ્યાત્રા પણ ડૉક્ટર તરીકે ત્યાં જોડાયા હતાં. આ બંને ડૉક્ટરોએ રતાડિયામાં રહીને અઢી દાયકા કરતાં વધુ સમય સેવા આપીને રતાડિયાનું નામ સમગ્ર કચ્છમાં મશહૂર કરી દીધું. રતાડિયાના વતની અને મુંબઈની મૂલજી દેવશીની કંપનીવાળા સ્વ. રામજી મૂલજીને ડૉક્ટરની આ પ્રવૃત્તિમાં ઘણો બધો રસ પડ્યો હતો. તેમણે રતાડિયામાં એક મોટું સંકુલ ઊભું કરવામાં પોતાના દાનનો પ્રવાહ સતત વહેતો રાખ્યો હતો. ડૉ. કર્નલ જિલુભા જાડેજાનો પણ તેમાં ઘણો સારો સહકાર સાંપડ્યો હતો. આથી રતાડિયાનું 'ચેતનગ્રામ કુળ' નામનું સંકુલ એક નમૂનેદાર સંસ્થા બની ગઈ હતી.

કચ્છના ગામડાંના લોકોના આરોગ્ય માટે ડૉ. જોશી હંમેશાં ચિંતાતુર રહેતા. તેઓ ગામડામાં જે વૃદ્ધોને આંખે મોતીયો આવ્યો હોય તેને ઓપરેશન માટે નેત્રયજ્ઞમાં મોકલવાની વ્યવસ્થા કરાવી આપતા. વળી તેઓ સંતતિ નિયમન માટેના પ્રચારની પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લેતા અને તેવા કેમ્પોનું આયોજન કરતા. તબીબીક્ષેત્રે તેમનું મુખ્ય લક્ષ્ય એ હતું કે અસ્વચ્છતા અને અજ્ઞાનને કારણે લોકો રોગનો ભોગ થઈ પડે છે. માટે રોગને આવતો અટકાવવો એ પહેલી જરૂર છે. એટલા માટે તેઓ લોકોને આરોગ્ય વિશે શિક્ષણ આપતા અને સ્વચ્છતા જાળવવા માટે આગ્રહ સેવતા.

ડૉ. જોશીને લોકોના આરોગ્યમાં જેટલો રસ હતો એટલો જ રસ લોકોના શિક્ષણમાં હતો. તેઓ ગાંધીજીના વિચારોથી બહુ પ્રભાવિત થયા હતા. ગાંધીજીની જે દિવસે હત્યા થઈ તે સાંભળીને તેમણે તે દિવસે ઉપવાસ કર્યો હતો. તેમણે તરત ગાંધીજીની આત્મકથા ખરીદીને આખી વાંચી લીધી હતી. ગ્રામવિકાસના ગાંધીજીના વિચારોથી તેઓ બહુ પ્રભાવિત થયા હતા અને પોતાના કાર્યક્ષેત્ર તરીકે એમણે ગામડાંઓને પસંદ કર્યા હતાં. ગાંધીજી પછી તેઓ વિનોબા ભાવે અને જયપ્રકાશ નારાયણના વિચારોથી પ્રભાવિત થયા હતા. એમણે વિનોબાની ભૂદાન પ્રવૃત્તિ વખતે આખા કચ્છમાં પદયાત્રા કરી હતી અને ત્યાર પછી જયપ્રકાશ નારાયણ જ્યારે કચ્છમાં આવ્યા ત્યારે તેમની સાથે પણ એમણે કચ્છના ગામડાઓનો પ્રવાસ કર્યો હતો. ડૉ. જોશીએ કચ્છમાં અંબર ચરખાની પ્રવૃત્તિ ચાલુ કરાવી હતી. નારાયણ દેસાઈ વગેરે સર્વોદય કાર્યકર્તાઓને વારંવાર કચ્છમાં નિમંત્રણ આપી તેઓ શિબિરોનું આયોજન કરતા. વિમલાતાઈની કેટલીક શિબિરો પણ તેમણે કચ્છમાં ગોઠવી હતી. ડૉ. જોશી લોકસેવાનાં કાર્યો કરવા સાથે સાથે અંતર્મુખ બની ધ્યાનમાં બેસતા. તેઓ સ્થિતપ્રજ્ઞ થવાની સાધના કરતા. 'ૐ મિત્રસ્ય મા ચક્ષુષા' એ એમનો જીવનમંત્ર હતો.

ડૉ. જોશી સાદગીભર્યું જીવન જીવતા. તેઓ હંમેશાં ખાદી પહેરતા અને કપડાની જરૂર પડતી થોડી જોડ રાખતા. એમના ઘરમાં પુસ્તકો ઉપરાંત જુદા જુદા વ્યાખ્યાનોની કેસેટો રહેતી. કેસેટો સાંભળવા માટે તેમને કોઈકે ટેપરેકોર્ડર ભેટ આપ્યું હતું.

ડૉ. જોશી પોતાના ઘરને કોઈ દિવસ તાળું મારતા નહિ. એમનું ઘર ચોવીસ કલાક કોઈને પણ આવવા જવા માટે સતત ખુલ્લું રહેતું. એક દિવસ ડૉક્ટરનું ટેપરેકોર્ડર ચોરાઈ ગયું. આ ઘટનાથી ડૉક્ટર જરા પણ અસ્વસ્થ ન થયા. પરંતુ દવાખાનાના સ્ટાફના માણસો તથા દર્દીઓને આ વાત જાણીને બહુ લાગી આવ્યું. તેમને થયું કે ટેપરેકોર્ડર ગામનું જ કોઈ ચોરી ગયું છે અને આપણે તે ડૉક્ટરને પાછું મેળવી આપવું જોઈએ. તેઓ બધા ટેપરેકોર્ડરની શોધમાં નીકળી પડ્યા અને એક જગ્યાએથી ટેપરેકોર્ડર પકડી પાડ્યું. અને તે ડૉક્ટર પાસે લઈ

આવ્યા. સાથે ચોરનાર માણસને પણ લઈ આવ્યા. પરંતુ ડૉક્ટરે એને જરા પણ ઠપકો આપ્યો નહિ. બલકે એના માથે વાત્સલ્યપૂર્વક હાથ ફેરવીને કહ્યું કે, 'ભાઈ, ચોરી કરવી એ બહુ ખરાબ વાત છે. માટે હવે તું ચોરી કરતો નહિ.'

ડૉક્ટર માનવતાના સાચા પૂજારી હતા. એમના દવાખાનામાં નાતજાતનો કે ધર્મનો કોઈ ભેદભાવ ન હતો. એક વખત ડૉક્ટરના દવાખાનામાં એક હરિજનબાઈ પ્રસૂતિ માટે દાખલ થઈ. બાઈ હરિજન છે એ જાણીને દર્દીનાં કપડાં ધોનારી બાઈએ ડૉક્ટરને કહી દીધું કે, 'હું હરિજનનાં કપડાં નહિ ધોઉં.' ડૉક્ટરે એને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ એ માની નહિ.

આ પ્રસંગે ડૉક્ટર એ કપડાં ધોનારી બાઈ પર ગુસ્સે થયા નહિ કે નોકરીમાંથી તેને બરતરફ કરી નહિ. ડૉક્ટરે તેને કહ્યું, 'ભલે બહેન, તારે કપડાં ન ધોવાં હોય તો કાંઈ નહિ. હરિજન બાઈનાં કપડાં હું ધોઈ નાખીશ.' એમ કહીને ડૉ. જોશીએ એ પ્રસૂતા હરિજન બાઈ જેટલા દિવસ દવાખાનામાં રહી તેટલા દિવસ એના લોહીના ડાઘવાળા કપડાં જાતે ધોઈને સૂકવી આવતા.

ડૉક્ટરનો વ્યવસાય એવો છે કે જેમને ઝાડોપેશાબ, ઊલટી, લોહી, પરૂ વગેરે ગંદકીની સૂગ ન ચઢે તે જ એ વ્યવસાય સારી રીતે કરી શકે. આપણા દેશમાં અને તમામ પછાત ગામોમાં આરોગ્યની સંભાળ એટલી બધી ન હોય. એટલે ઝાડા-ઊલટીના બનાવો તો ઘણી વાર બનતા રહે. ડૉક્ટર અને એમનાં પત્ની ક્યારેક કોઈ દર્દીને જોવા ગયા હોય અને દર્દીએ ડૉક્ટરના કપડાં ઉપર કે એમની પત્નીના કપડાં ઉપર ઊલટી કરી હોય એવા પ્રસંગો કેટલીયે વાર બનતા. આમ છતાં, ડૉક્ટર દંપતી ક્યારેય સૂગ ચઢાવતા નહિ કે દર્દી ઉપર ચિઢાતા નહિ, બલકે દર્દીને આશ્વાસન આપતા અને તેના વાંસે હાથ ફેરવતા રહેતા.

ડૉ. જોશી પોતાના દવાખાનામાં બહેનોને નર્સની તાલીમ આપતા. જેમણે નોકરી મળવાના સંજોગો બહુ ઓછા હોય એવી અપંગ બહેનોને તેઓ પહેલી પસંદગી આપતા કે જેથી તેઓ દવાખાનાને કે ઈસ્પિતાલને લાયક ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી શકે. આવી તાલીમાર્થી બહેનોને દર્દીને ઈન્જેક્શન આપતાં ડર લાગે એ માટે ડૉ. જોશીએ એક ઉપાય શોધી કાઢ્યો હતો. તેઓ બજારમાંથી મોટી દુધી લઈ આવતા અને તાલીમાર્થી ભાઈ-બહેનોને એ દુધીને ઈન્જેક્શન આપવાનું શીખવાડતા. એમ કરતાં કરતાં ઈન્જેક્શનો કેવી રીતે આપવાં તે તાલીમાર્થીઓને વિશ્વાસપૂર્વક શીખી લેતા. આવી રીતે એમણે ઘણી વ્યક્તિઓને તૈયાર કરી હતી.

ડૉ. જાશી અડધી રાતે પણ આસપાસના ગામોમાં કોઈક દર્દીને સારવાર આપવાની હોય તો ત્યાં પહોંચી જતા. એવી રીતે જવામાં ક્યારેક એમને વિવિધ પ્રકારના અનુભવો પણ થતાં.

એક દિવસ સાંજે આવીને એક છોકરાએ ડૉક્ટરને કહ્યુ કે, 'દાક્તર સાહેબ, મારા બાપુ માંદા છે તો તમે ચાલો.' છોકરો પાંચેક કિલોમિટર દૂરથી ચાલતો આવ્યો હતો.

ડૉ. જોશી આખો દિવસ કામ કરીને થાક્યા હતા. તો પણ દર્દીને જોવા માટે તૈયાર થઈ ગયા. તેઓ મોટર સાઈકલ લઈને છોકરાને સાથે બેસાડીને એ ગામે પહોંચી ગયા. દર્દીને તપાસીને દવા આપી. પછી છોકરાને કહ્યું કે 'બીજી પણ થોડી દવા આપવાની છે. માટે તું મારી સાથે રતાડિયા ચાલ.' ત્યાં છોકરાની મા તાડૂકી ઊઠી કે 'એક તો તું આટલો થાકેલો છે અને સાંજનો વખત છે. તારે અત્યારે રતાડિયા જવાનું નથી. ડૉક્ટર મોકલાવશે દવા.' છોકરો સાથે ન આવ્યો તેથી ડૉક્ટરને માઠું લાગ્યું નહિ. ડૉ. જોશી પોતે આટલા થાકેલા હતા છતાં દર્દીને તપસવા પહોંચી ગયા. ગરીબ દર્દીની ફી પણ ન લીધી. એટલું જ નહિ, સમયસર દવા પહોંચાડીને દર્દીને સાજો કરી દીધો. લોકસેવાની એમની ભાવના આવી ઊંડી હતી.

ડૉ. જોશીને અડધી રાતે વિઝિટ પર જવાના પ્રસંગો તો અનેકવાર આવતા. પરંતુ તેથી તેઓ ક્યારેય થાક કે ઉદ્વેગ અનુભવતા નહિ. એક વખત નજીકના એક ગામમાં રાતના એક વાગે એક યુવાનને સાપ કરડ્યો અને તે બહુ તરફડવા લાગ્યો. રાતના વખતે રતાડિયા જવું કેવી રીતે? ગામમાં કોઈ ઝડપી વાહન ન હતું. પરંતુ માત્ર એસ.ટી.ની એક બસ હતી. લોકોએ એસ.ટી.ના બસ ડ્રાઈવરને ઉઠાડ્યો અને બસ લઈને રતાડિયા પહોંચ્યા. ડૉક્ટર તરત દવાઓ અને ઈન્જેક્શન સાથે આવી પહોંચ્યા અને એ યુવાનને સમયસર બચાવી લીધો.

એક વાર ડૉ. જોશી ભુજમાં ઓપરેશન માટે ગયા હતા. ઓપરેશન કરી, બીજા કેટલાક કામો પતાવી પોતાની મોટર સાઈકલ ઉપર રાતને વખતે એક સાથીદાર સાથે રતાડિયા આવવા નીકળ્યા. ચાલીસેક કિલોમિટરનું અંતર કાપ્યું હશે ત્યાં મોટરસાઈકલમાં પંક્ચર પડ્યું. રાતનો વખત હતો. શિયાળાની સખત ઠંડી હતી. તરત કોઈ સાધન મળે તેમ ન હતું. તેમણે મોટર સાઈકલ હાથે ખેંચીને ચાલવા માંડ્યું. કારણ કે બીજો કોઈ ઉપાય નહોતો. કેટલાક કિલોમિટરનું અંતર કાપ્યું. મોટર સાઈકલને ખેંચવાને લીધે થાક વધારે લાગતો હતો. એટલે નિશાની યાદ રહે એવી જગ્યાએ એક ખેતરમાં મોટરસાઈકલ છોડી દીધી. પછી તેઓ પોતાના સાથીદાર સાથે ચાલતા આગળ વધ્યા. જેમ રાત વધતી ગઈ તેમ ઠંડી વધતી ગઈ. ડૉ. પાસે વધારાના ગરમ કપડાં ન હતાં. ઠંડીમાં ધ્રૂજતા તેઓ એક ગામે આવી પહોંચ્યા. ત્યાં એક નાનકડી હૉટલવાળાને ઉઠાડ્યો. અડધી રાતે અજાણ્યા માણસોને જોઈને હૉટલવાળો ગભરાયો. પરંતુ ડૉક્ટરની સુવાસ આસપાસના ગામોમાં એટલી બધી હતી કે ડૉક્ટરે કહ્યું કે, 'હું રતાડિયાનો ડૉક્ટર છું.' એટલું સાભળતાં જ હૉટલવાળાએ તેમને આવકાર આપ્યો. એમની મૂંઝવણ જાણીને ગામમાંથી ગાડું જોડી લાવવા માટે વ્યવસ્થા કરવા પોતાના માણસને મોકલ્યો. ગાડાવાળાએ અડધી રાતે ગાડુ જોડવા માટે ચાલીસ રૂપિયા કહેવરાવ્યા. ડૉક્ટરે તે માટે હા પાડી. ગાડાવાળો ગાડું લઈ આવ્યો. આવીને જોતાં રતાડિયાના ડૉક્ટરને ગાડાની જરૂર છે એમ જાણ્યું એટલે તરત કહ્યું કે, 'સાહેબ, તમારા આટલા બધા રૂપિયા ન હોય. હું અડધા રૂપિયા લઈશ.' ડૉક્ટર અને એમના સાથીદાર અંધારી રાતે ગાડામાં બેસી રતાડિયા આવવા નીકળ્યા. અચાનક ગાડું મંગાવ્યું હતું એટલે ગાડામાં કશું પાથરેલું પણ ન હતું. ડૉક્ટર અને એમના સાથીદાર ગાડાનું એક એક લાકડું પકડીને જાગતા બેસી રહ્યા. કારણ કે હાલક ડોલક થતાં ગાડામાંથી ક્યારે પડી જવાશે તે કહી શકાય તેમ ન હતું. વળી કાચી ઊંઘમાંથી ઊઠીને આવેલા ગાડાવાળાની આંખો પણ ઘેરાતી હતી. અડધીરાતે આકાશનાં તારાઓ જોતાં જોતાં, ગીતો ગાતા ગાતા ડૉક્ટર અને તેમના સાથીદાર બળદગાડામાં રતાડિયા તરફ જવા લાગ્યા.

એમ કરતાં સવાર થવા આવી. પરોઢ થતાં આકાશમાં ઉજાસ પ્રસરવા લાગ્યો. હવે ગામ નજીક દેખાવા લાગ્યું. પરંતુ ગામની નજીક આવ્યા ત્યારે ગાડાવાળાને અને ડૉક્ટરને ખ્યાલ આવ્યો કે આ રતાડિયા ગામ નથી. ગાડું રાતના વખતે અંધારામાં રસ્તો ચૂકી જતાં વાંકી નામના ગામે પહોંચી ગયું હતું. ગાડાવાળો બહુ દિલગીર થયો. માફી માગતાં એણે કહ્યું કે મારા બળદોની જિંદગીમાં કોઈ દિવસ આવી ભૂલ થઈ નથી. વાંકીથી ગાડીવાળો ડૉક્ટરને રતાડિયા પહોંચાડી ગયો. પણ ડૉક્ટરે ગાડાવાળાને જરા પણ ઠપકો ન આપ્યો.

ડૉક્ટરને આખી રાતનો ઉજાગરો થયો. તો પણ બીજા દિવસે એમણે દવાખાનામાં થાક્યા વગર કામ કર્યું. અને પોતાના એક માણસને મોકલીને પંક્ચર પડેલી મોટરસાઈકલ મંગાવી લીધી.

આવી જ રીતે એકવાર એક ગામમાં એક નાના છોકરાને ઝેરી વીંછી કરડ્યો હતો. છોકરો ભયંકર વેદનાથી જોર જોરથી ચીસો પાડતો હતો અને તરફડિયાં ખાતો હતો. છોકરાના સગાઓ તરત ડૉ. જોશીને બોલાવી લાવ્યા. ડૉ. જોશીએ આવીને છોકરાની સારવાર ચાલુ કરી. છોકરો જે રીતે ભયંકર ચીસો પાડતો અને તરફડિયા ખાતો હતો તે જોઈને સાથે આવેલાં ડૉક્ટરનાં પત્ની રમાબહેનને ચક્કર આવી ગયાં અને તેઓ બેભાન થઈને નીચે પટકાઈ પડ્યાં. ડૉક્ટર માટે પ્રશ્ન ઊભો થયો. હવે પહેલી સારવાર કોની કરવી? લોકોએ વિનંતી કરી કે પહેલાં રમાબહેનની સારવાર કરો. પરંતુ ડૉક્ટરે કહ્યું કે છોકરાનો કેસ વધારે ગંભીર છે અને રમાબહેનને તો થોડીવારમાં મૂર્છા વળી જશે. ડૉક્ટરની સારવારથી છોકરો સારો થતો ગયો. અને વીંછીના ડંખનું

એનું ઝેર ઊતરી ગયું. થોડીવારમાં રમાબહેનની મૂર્છા વળી ગઈ અને તેઓ પણ બેઠાં થયાં. ડૉક્ટરની આવી કરુણાભરી દૃષ્ટિ જોઈને લોકો ગદ્દગદિત થઈ ગયા. એટલા માટે જ કચ્છના ઘણાં ગામડાઓમાં ગરીબ લોકો ડૉ. જોશીને દેવ જેવા માનતા. એમના હાથે સેંકડો લોકો ગંભીર માંદગીમાંથી બેઠા થયા હતા. અને કેટલાયે લોકો મૃત્યુના મુખમાંથી બચી ગયા હતા.

ડૉ. જોશીને વાંચનનો શોખ ઘણો બધો હતો. તેમના ઘરમાં ઘણું મોટું પુસ્તકાલય હતું. તેઓ નવાં નવાં પુસ્તકો વસાવતા અને વાંચતા તથા બીજાઓની પાસે વંચાવતા.

ડૉ. જોશીના અક્ષર બહુ જ સુંદર અને મરોડદાર હતા. સામાન્યરીતે એમ કહેવાય છે કે દાક્તરોના અક્ષરો જલદી બગડી જતા હોય છે. પરંતુ ડૉ. જોશીના અક્ષરો જીવનના અંત સુધી એવા જ સુંદર અને મરોડદાર રહ્યા હતા. તેઓ નિયમિત પત્રો લખતા અને સુંદર અક્ષરે લખાયેલા તેમના પત્રો તે તે વ્યક્તિને માટે પ્રેરણારૂપ બની રહેતા.

ડૉ. જોશી વ્યવસાયે ડૉક્ટર હતા, પરંતુ તેમણે ખેતીમાં, વૃક્ષ ઉછેરમાં, ગૌશાળામાં, પશુપાલનમાં પણ એટલો જ રસ હતો. તેઓ ક્યારેક એકલા હોય અને કોઈ વૃક્ષના પાંદડા ઉપર હાથ ફેરવતા હોય ત્યારે તેની સાથે જાણે વાત કરતા હોય એમ એટલો આત્મીયભાવ અનુભવતા હતા. પસાર થતી કોઈ ગાય કે બકરીના શરીર ઉપર પણ ાો વહાલથી હાથ ફેરવી લેતા.

પોતે રતાડિયામાં ડૉક્ટર તરીકે કામ કરતાં હતા તેની સાથે સાથે તેઓ નમ્ર લોકસેવક તરીકે પણ તેઓ પોતાની સેવા રતાડિયા અને આસપાસના ગામના લોકોને આપતા રહેતા હતા. કોઈક ઠેકાણે આગ લાગી હોય, કોઈકનું ઘર પડી ગયું હોય, કોઈકનું ઢોર મરી ગયું હોય તો તેવા પ્રસંગે પણ ડૉક્ટર ત્યાં પહોંચી જતા અને પોતાનાથી બનતી બધી સહાય કરતા. કેટલીયવાર કેટલાક કુટુંબોને આવી આપત્તિના સમયે સ્થળાંતર કરવામાં અને જમવાની વ્યવસ્થા કરવામાં તેઓ સહાય કરતા. તેમણે કેટલીક વાર નદીના પૂરમાં તણાઈને ડૂબતા માણસોને પણ બચાવી લીધા હતા. તેઓ કેટલાયે ગરીબ લોકોને ખાનગીમાં નાણાંની મદદ કરતા. તેઓ કમાવવાની બહુ પરવા કરતા નહિ, પણ જે કમાતા તેમાંથી બચાવીને લોકકલ્યાણ અર્થે વાપરતા.

કચ્છના દુકાળ વખતે એમણે અગાઉ મળેલી પ્રોવિડંટ ફંડની બધી રકમ ગરીબો માટે ખર્ચી નાંખી હતી અને પોતાની પત્નીની સોનાની બંગડીઓ વેચીને ઘરખર્ચ ચલાવ્યું હતું. ડૉક્ટરે અકિંચનની જેમ જીવવાનું સ્વીકાર્યું હતું.

ડૉક્ટરનો સ્વભાવ એવો હતો કે કોઈ પણ વ્યક્તિ એમને મળવા આવે તો તેઓ તેને ફળફળાદિ કે એવી બીજી કંઈકને કંઈક ચીજવસ્તુ અવશ્ય આપે. પોતે બહારગામ જતા હોય ત્યારે સાથે શિંગદાણા, ખારેક, દ્રાક્ષ કે એવી બીજી વસ્તુઓ મિત્રો, દર્દીઓ વગેરે માટે લેતા જાય. ક્યારેક પોતાની પાસે તરત કશું જ ન હોય તો પણ 'લો, આ રતાડિયાનું ફૂલ લેતા જાવ.' એમ કહીને એક સરસ સુગંધી ફૂલ આપતા અને એ રીતે રતાડિયાની સુવાસ ચારે બાજુ પ્રસરાવતા.

ડૉ. જોશીને દિવસ રાત અતિશય શ્રમ કરવાને લીધે ૪૮ વર્ષની વયે, ભચાઉથી રતાડિયા આવતાં રસ્તામાં હૃદયરોગનો હુમલો થયો હતો. તરત બચી ગયા, પણ ચાર-પાંચ મહિના એમને આરામ કરવો પડ્યો હતો. ત્યાર પછી તેમની તબિયત એકંદરે સારી રહેતી ન હતી તો પણ તેઓ પોતાનું કામ નિયમિત કરતા રહ્યા હતા. ઈ. સ. ૧૯૮૭માં કચ્છમાં ભયંકર દુકાળ પડ્યો તે વખતે ખડીર વિસ્તારના ગામના લોકોને છાશ-સુખડી અને કપડાં વહેંચવાનું કામ તેમણે મોટા પાયે કર્યું હતું. સાથે સાથે પોતે દૂધ, છાશ ન લેવાની બાધા દુકાળપીડિત લોકો પ્રત્યેની સહાનુભૂતિથી પ્રેરાઈને લીધી હતી. એ વખતે એમને ઘણો પરિશ્રમ પડ્યો હતો. બીજે વર્ષે ફરી પાછો કચ્છમાં દુકાળ પડ્યો. એ વખતે પણ ડૉક્ટર જોશીએ લોકો માટેનાં રાહત કાર્યો કરવામાં ઘણો મોટો પરિશ્રમ ઉઠાવ્યો. પરિણામે બીજીવાર તેઓ હૃદયરોગના હુમલાના ભોગ બન્યા. અને ત્યાર પછી ૧૯૮૮ના જુલાઈની ૧૬મી તારીખે હૃદયરોગના જીવલેણ હુમલામાં તેમનો જીવનદીપ બુઝાઈ ગયો.

ડૉ. ચન્દ્રભાઈ જોશીનું જીવન લોકસેવા, સમર્પણ, ત્યાગ, સાદાઈ, સંયમ, આત્મચિંતન વગેરે સદગુણોથી મઘમઘતું હતુ. કચ્છનાં ઘણાં ગામડાંઓના લોકો એમને નામથી ઓળખતા નહિ, પણ રતાડિયાના 'ડાગધર' તરીકે ઓળખતા. ધૂપસળી જેવા એમના જીવનમાંથી કેટલાંયને પ્રેરણા મળી હતી અને મળતી રહેશે.

❑ રમણલાલ ચી. શાહ

---

# -: સમ્યક્ત્વ અને સાધના પ્રક્રિયા :-

❑ પંડિત શ્રી પનાલાલ જ. ગાંધી

આત્માના સ્વ સ્વરૂપની સાથે જે અંતર પડી ગયું છે, તે અંતરને દૂર કરવું અર્થાત્ આવરણભંગ કરવો તે રૂપાંતર છે. રૂપાંતર કરવાની પ્રક્રિયા માત્ર સંસારી-સંસાર ભાવવાળા આત્મદ્રવ્યમાં જ કરવાની છે. બીજા કોઇપણ દ્રવ્યમાં રૂપાંતર કરવાની વૃત્તિ રાખવાની કે પ્રવૃત્તિ કરવાની જરૂર નથી. કારણકે જીવદ્રવ્ય સિવાયના બાકીના દ્રવ્યો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને પુદ્દગલાસ્તિકાય પોતાના નીજ સ્વભાવમાં જ છે.

પુદ્દગલદ્રવ્યમાં રૂપરૂપાંતર થવું એ તો એનો નીજ સ્વભાવ છે. ઘાસમાંથી દૂધ થવું, દૂધમાંથી દહીં થવું, દહીંમાંથી માખણ થવું અને માખણમાંથી ઘી થવું એ બધો પુદ્દગલદ્રવ્યનો સ્વ (નીજ) સ્વભાવ છે. તેમાં કદી સ્વરૂપાંતર-જાત્યાંતર કહેતાં દ્રવ્યાંતર થતું નથી.

આપણે-આત્મદ્રવ્ય, આપણા નીજ સ્વભાવમાં, મૂળ શુદ્ધ સ્વરૂપમાં જવાની વૃત્તિ-પ્રવૃત્તિ નહિ કરતાં પુદ્દગલદ્રવ્યમાં રૂપરૂપાંતર કરવાનો સદા સતત પ્રયત્ન કરીએ છીએ અને એથી આપણી વૃત્તિ એમાં જ ગૂંચવાયેલી રહે છે. પુદ્દગલદ્રવ્યના રૂપરૂપાંતર કરવાની વૃત્તિનો કોઇ અર્થ નથી. એ રૂપરૂપાંતર એનું કાર્ય હોય, સ્વભાવ હોવાથી ભવિતવ્યતાનુસાર એના આધારે થયાં કરશે.

આત્માએ તો પોતાના જ્ઞાન-દર્શનના ઉપયોગમાં રૂપાંતર કરવાનું છે. જો આત્મા પોતાના જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમાં રૂપાંતર કરી નાખે, એ જ્ઞાનોપયોગ, દર્શનોપયોગમાંથી મોહભાવ-રાગભાવ કાઢી નાખે અને વિતરાગભાવ દાખલ કરે તો કોઇ પણ અવસ્થામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે. પછી એ આત્મા ગૃહસ્થાવસ્થામાં હોય કે સાધુ અવસ્થામાં હોય, પુરુષ હોય કે સ્ત્રી હોય, જૈન હોય કે અજૈન હોય, સ્વલિંગે હોય કે અન્યલિંગે હોય ! આમાં બાહ્ય લિંગ-વેશ, દેશ-કાળ આદિનું કોઇ વિશિષ્ટ મહત્ત્વ નથી, પરંતુ...ઉપયોગમાં રૂપાંતર કરવું- ઉપયોગ નિર્વિકારી કરી નિરાવરણ કરવો તે જ અતિ મહત્ત્વનું છે જે ખરી સાધના છે.

નિશ્ચય નયનું જેવું જ્ઞાન છે તેવી દૃષ્ટિ જોઇએ. નિશ્ચય દૃષ્ટિ થવી તે જ રૂપાંતર છે. વર્તમાનકાળમાં અને પ્રાચીનકાળમાં નિશ્ચયનું પ્રરૂપણ કરનારા ઘણા છે અને થઇ ગયા છે. નિશ્ચય નયનું જ્ઞાન મેળવવું અને એનું પ્રરૂપણ કરવું તે જરાય મહત્ત્વનું નથી. પરંતુ નિશ્ચયનય પ્રમાણે પોતાની દૃષ્ટિ કેળવવી. નિશ્ચયનય પ્રમાણે પોતાના જ્ઞાનોપયોગને દર્શનોપયોગને બનાવવા એ જ રૂપાંતર કહેવાય અને તે જ મહત્ત્વની વાત છે. સિદ્ધિને માટેની સાચી સાધનાની પ્રક્રિયા છે.

આપણું શરીર, ઇન્દ્રિય, પ્રાણ, મન, બુદ્ધ અને ભૌતિક જગત એ બધું દ્રશ્ય છે. આપણને એનું નિત્ય અસ્તિત્વ દેખાય છે અગર એને નિત્ય રાખવા સતત પ્રવૃત્ત છીએ. આ જ આપણી મોટી ભૂલ છે. દ્રશ્ય વસ્તુ નિત્ય નથી અને તે કદી નિત્ય બની શકનાર નથી. એ સાદિ સાંત છે-અનિત્ય છે-ક્ષણભંગુર છે.

સંસારની દશ્ય અવસ્થાઓ, દશ્ય જગત વિનાશી છે જ્યારે એને જોનારો દષ્ટા અવિનાશી છે.

આપણે પહેલાં કે શાસ્ત્ર પહેલાં? આપણે પહેલાં છીએ અને પછી શાસ્ત્ર છે. આપણા જીવનોત્થાન માટે શાસ્ત્ર રચાયા છે. આપણા હિત માટે શાસ્ત્રો બનાવાયા છે. શાસ્ત્રોને બહુ તપાસવાની જરૂર નથી. શાસ્ત્રસંશોધનની લાંબી જરૂર નથી. વાસ્તવિક તપાસ તો પોતાના આત્માની કરવાની છે. સંશોધન તો પોતાના અંતઃકરણનું કરવાનું છે.

શાસ્ત્ર શુદ્ધ નથી અને શાસ્ત્ર અશુદ્ધ ય નથી. ખરેખર તો સંસારી જીવો અશુદ્ધ છે અને એમને સ્વયં શુદ્ધ થવાનું છે. વ્યવહારની દ્રષ્ટિએ શાસ્ત્ર શુદ્ધ અને અશુદ્ધ ગણાય એમાં કાંઇ વાંધો નથી. પણ તાત્વિક રીતે શાસ્ત્ર શુદ્ધ કે અશુદ્ધ કાંઇ નથી. દૃષ્ટા (જોનાર)ની દૃષ્ટિ પ્રમાણે શાસ્ત્ર પરિણમશે.

"જેવી દ્રષ્ટિ તેવું શાસ્ત્ર"

શાસ્ત્રે તો સ્પષ્ટ જણાવ્યું છે કે સમ્યગ્ દૃષ્ટિ માટે જગતના તમામ શાસ્ત્ર સમ્યગ્ શાસ્ત્ર છે અને મિથ્યાદ્રષ્ટિ માટે જગતના તમામ શાસ્ત્ર મિથ્યા શાસ્ત્ર છે. આગમગ્રંથો અને ધર્મશાસ્ત્રો મિથ્યા દૃષ્ટિ આત્મા માટે મિથ્યા શાસ્ત્રો છે. સમ્યગ્ દૃષ્ટિ ન હોય તો સાડા નવ પૂર્વ સુધીનું વિશાળ જ્ઞાન ધરાવનાર જ્ઞાનીનું પણ પતન થાય છે એવું શાસ્ત્રવિધાન છે. આ વિધાનનું રહસ્ય જ એ થયું કે દૃષ્ટાની જેવી દૃષ્ટિ તેવું શાસ્ત્ર! દૃષ્ટાની દ્રષ્ટિનું મહત્ત્વ છે નહિ કે શાસ્ત્રની..!

તેથી જ તો શાસ્ત્રજ્ઞાન ભણી જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ રૂપ, સ્વયંની દૃષ્ટિને રૂપાંતરિત કરી શુદ્ધ બનાવવાની છે. આપણા આત્માના સ્વરૂપને નિરાવરણ બનાવવાનું છે. શાસ્ત્રજ્ઞાન સમ્યગ્ પણ નથી હોતું અને મિથ્યા પણ નથી હોતું. આપણે પોતે સમ્યગ્ અથવા મિથ્યા હોઇએ છીએ.

શાસ્ત્ર એ દૃશ્ય છે. દૃષ્ટિ અને દૃષ્ટા સ્વયં આત્મા છે. આપણી દૃષ્ટિમાં જે અશુદ્ધતા-દોષ છે, જે મિથ્યાભાવ-દુર્ભાવ-વિભાવ-વિપરીતતા છે તે દૂર કરવાની છે. આપણી દૃષ્ટિમાં જ પરિવર્તન કરવાનું છે, સ્વરૂપ દશામય દૃષ્ટિ કેળવવાની છે.

શાસ્ત્ર દ્વારા, દ્રશ્યથી-સાધનથી અસંગ થવાનું છે. શાસ્ત્ર એ આલંબન છે. સાધન છે. સાધન દ્વારા સાધના કરવાની છે. આગળ આગળની ભૂમિકાએ સાધનો ઓછાં ને ઓછાં થતાં જાય છે અને સિદ્ધિ સાંપડતા સાધક સાધનાતીત સિદ્ધ બની જાય છે. વાંદરીનું બચ્ચું વાંદરીને વળગી પડે તેમ સાધનને કાયમ વળગી રહેવાનું નથી. સાધના કરી એનાથી અલગ થવાનું છે.-અલિપ્ત થવાનું છે. હા... એટલું ધ્યાન રાખવું કે સાધના સિદ્ધ થયા પછી શાસ્ત્રથી અલિપ્ત થવાનું છે નહિ કે સાધના થયાં પહેલાં.

શાસ્ત્રમાં સાધનાના ચૌદ સોપાન અર્થાત્ ચૌદ ગુણ સ્થાનક દર્શાવેલ છે. તે કોઇ નામ, લિંગ કે વેષના સ્થાનકો નથી. એટલું જ નહિ અધિકરણ, ઉપકરણ કે કરણના સ્થાનકો નથી પણ મોહભાવ ઘટવાથી ગુણોના આધારે અકષાયભાવના સ્થાનકો છે. અર્થાત્ અંતઃકરણમાં આવિર્ભાવ થતાં ગુણોના સ્થાનકો છે. ગુણોની ઉપર ઉપરની કક્ષા છે. સાધનામાં જેમ સાધક ઉપલી કક્ષાએ પહોંચતો જાય છે, તેમ તેમ સાધનો ઓછાં ને ઓછાં થતાં જાય છે અને સાધનાકાળ પણ ઘટતો જાય છે.

આ દેહમાં રહી આપણે મન દ્વારા દેહભાવને ભોગવીએ છીએ. પુદ્ગલદ્રવ્યના વેદનની સુખાનુભૂતિ કે દુઃખાનુભૂતિ કરીએ છીએ. તેને બદલે સાધકે સાધનામાં દેહમાં રહે છતાં મન દ્વારા અંતઃકરણ દ્વારા આત્મપ્રદેશે આત્મસ્વરૂપાનુભૂતિ-અનુભવવાની છે. સ્વરૂપવેદન કરવાનું છે. સ્વરૂપદશાના સ્વાદનો આનંદ માણવાનો છે. નિરાવરણ જ્ઞાનની વાનગી ચાખવાની છે. આ માટે આપણે અલ્પાંશેય સંકલ્પ કર્યો છે ખરો?

ધર્મક્ષેત્રે આપણે અંતર્મુખ થવાનું છે. અંતરાત્મા બનવાનું છે. બાહ્ય દૃશ્ય જગતથી વિમુખ-પર થવાનું છે. જેટલે જેટલે અંશે આપણે દૃશ્ય જગતથી પર થતાં જઇશું અને જેટલે જેટલે અંશે આપણે અંતર્મુખ થઇશું તેટલે તેટલે અંશે સ્વાનુભૂતિ થતી જશે. દૃશ્ય જગતની સાથે આપણું મન જોડાયેલું રહે છે. તે જ મન સ્વરૂપાનુભૂતિમાં મહાવિઘ્નરૂપ બને છે.

શરીરમય અને ઇન્દ્રિમય બનેલું મન, સંકલ્પ, વિકલ્પ, તરંગ, વિમાસણ, વિચારણા, કલ્પના, વૃત્તિ, આકાંક્ષા, અભિલાષા આદિ કરે છે અને અસ્થિર બને છે. આવું વૃત્તિઓથી ભરેલું અંતઃકરણ આત્મામાં દોષોનો ઉમેરો કરે છે અને આવરણ-પડળ ગાઢા બનાવે છે. આમ આત્મા સ્વરૂપાનુભૂતિથી-નિજાનંદથી-સચ્ચિદાનંદ સ્વરૂપથી દૂર ને દૂર થતો જઇ પુદ્ગલાનંદી બની જાય છે.

બ્રહ્મદત્ત ચક્રવર્તીનો આત્મા પૂર્વના ભવમાં ચારિત્રમાં વિહરતો હતો. સ્વરૂપાનંદના અચ્છા આસ્વાદમાં મસ્ત હતો. ત્યાં એક પ્રસંગે નગરમાં ગોચરીએ જતાં તીરસ્કૃત થયાં તેથી અણસણ સ્વીકારી દેહત્યાગની પ્રવૃત્તિ આદરી. એમાં ચક્રવર્તી વંદન કરવા આવ્યા. સાથે સ્ત્રીરત્ન હતું. તે પણ વંદન કરે છે. વંદન કરતાં અંબોડો છૂટી ગયો અને કેશની લટ મુનિને સ્પર્શી ગઇ. ખેલ ખતમ થયો! મુનિના અંતઃકરણમાં સ્ત્રીવૃત્તિએ સ્થાન લીધું. ભોગ ભાવનાએ હૃદયનો કબજો લીધો. સ્વરૂપાનુભૂતિ ચાલી ગઇ. પુદ્ગલવૃત્તિ આવી ગઇ. આનું જ નામ શરીરમય અને ઇન્દ્રિમય વૃત્તિ.

જ્યારે એ જ મન અંતઃકરણમાં ધારણા, ધ્યાન, સમાધિને સ્થાન આપે અને સ્વયં સ્થિર બનતું જાય, એકાગ્ર થાય ત્યારે શરીર અને ઇન્દ્રિયથી મન ઉપર ઊઠી જાય છે. નવી નવી કલ્પનાનાં ચિત્રામણો કરતું બંધ થાય છે અને દ્રશ્ય જગતને સાક્ષાભાવે જોવાની શરૂઆત કરે છે. ત્યારે એ મન-અંતઃકરણ પરમાત્માના સ્વરૂપમાં કહો કે સ્વની સ્વરૂપાનુભૂતિમાં કહો, એમાં લીન બને છે. આ રીતે ધીરે ધીરે ઉન્મતીભાવ આવે છે. મન લય પામે છે -વિલય પામે છે. અર્થાત્ મનનો પ્રલય થાય છે-મન અમન બની જાય છે. તૃપ્ત થાય છે-પૂર્ણકામ બની જાય છે. અર્થાત્ આત્મા પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. પ[illegible] અશુદ્ધતા-આવરણોની વિદ્યમાનતામાં મન અમન કદિ નહિ બને. એ માટે સાધકે અંતઃકરણના દોષો ટાળવા જ રહ્યાં!

મોહાદિ ભાવો એ જ ભાવદોષ છે ને ભવભ્રમણનું કારણ છે. આ મોહાદિભાવો જ આત્મા ઉપર આવરણ રચે છે. મોહાદિભાવો એ કારણ છે અને આવરણ એ કાર્ય છે.

આવરણ દૂર કરવા, આવરણ હઠાવવા માટે જીવે પોતે સેવેલા દોષો જોતાં શીખવું જોઇશે. દોષને દોષરૂપે જોયા જાણ્યા પછી દોષ દૂર કરવા પ્રયત્ન કરવો જોઇશે. આ આખીય પ્રક્રિયા નિષ્કપટભાવે અંતઃકરણમાં થવી જોઇએ.

આધ્યાત્મભાવે અર્થાત્ ધર્મભાવે દોષોને ટાળવાનું મન હોય તો દોષો જાય અને દોષ જતાં દુઃખ પણ જાય. જ્ઞાની ભગવંતોએ સ્વદોષ દર્શન કરવા ફરમાવેલ છે. આ સ્વદોષ દર્શનને તપના બાહ્ય અભ્યંતર બાર ભેદમાંનો એક અભ્યંતર ભેદ જણાવેલ છે.

આવરણનું કારણ દોષ છે. દોષનું ઉદ્ભવક્ષેત્ર મોહાદિભાવ છે.-મોહનીય કર્મ છે.

અન્યના દોષ જોવાં એ સ્વયંને માટે દોષરૂપ બની જાય છે, જ્યારે સ્વયંના દોષ જોવાં, સ્વદોષ દર્શન કરવું તે સ્વયંને માટે ગુણરૂપ બ[illegible] જાય છે.

'પરદોષ દર્શન અવગુણ છે, સ્વદોષ દર્શન ગુણ છે'

પોતાનામાં રહેલાં દોષો સતાવતા હોય, એની પીડા, દુઃખી બનાવતી હોય, એ દોષોના પ્રતિપક્ષી ગુણોનો અભાવ દિલમાં ખટકતો હોય તો ગુણીજનોમાં રહેલા ગુણોને જોઇ ભૂરિ ભૂરિ અનુમોદના કરવી કે જેથી પોતામાં રહેલાં અવગુણો ટળે અને ગુણો ખીલે.

દોષ એ આશ્રવ છે.-બંધ છે.-પાપ છે.-અધર્મ છે.-આવરણ છે. દોષોને અટકાવવા વીતરાગ દેવભગવંતોએ સંવર બતાડેલ છે અને દોષને ટાળવા નિર્જરા બતાડેલ છે.

અનિત્યાદિ બાર ધર્મભાવનામાં દોષની ઓળખ માટે આશ્રવ ભાવના, ગુણ કેળવવા અને દોષ અટકાવવા માટે સંવર ભાવના તથા દોષ ટાળવા નિર્જરા બતાડેલ છે અને-સમ્યગ્ દર્શનના સ્થિરીકરણ માટે બોધિ દુર્લભ ભાવના બતાડેલ છે.

આ ભાવનાઓ દ્વારા આશ્રવો અટકે છે, નિર્જરા થાય છે. આવરણ ટળે છે. આ કારણે જીવનું મૂળભૂત આત્મસ્વરૂપ પ્રગટે છે. અસત્ અને અનિત્યપણું ટળે છે. સત્ અને નિત્યપણું પ્રાપ્ત થાય છે.

આત્મામાં સત્તાગત કેવળજ્ઞાન છે જ! અખૂટ અને અખંડ આનંદનો ઝરો તો આત્મામાં છે જ! ધરતીમાં પાણીના વહેણ-અખંડ ઝરા છે જ! પરંતુ તેની ઉપર માટીના અને પથ્થરના આવરણો છે. એમ આત્મામાં કેવળજ્ઞાન અને આનંદના વહેણ-ઝરા છે જ! પરંતુ

તેની ઉપરના મોહના-અજ્ઞાનના પડળો-આવરણ હઠાવવાની જરૂર છે. જેમ માટી અને પથ્થર આઘા હઠાવતા પાણીના દર્શન થાય છે, તેમ આત્મા ઉપરના આવરણ હઠાવતાં-પડળો દૂર થતાં કેવળજ્ઞાન વેદન એટલે કે આનંદ વેદન થાય છે. આવરણ હઠાવવાનો-નિરાવરણ થવાનો જ-નિર્મોહી- વીતરાગ બનવાનો જ પુરુષાર્થ કરવાનો છે.

પુદ્‌ગલદ્રવ્યના ભૌતિક પદાર્થોમાં જેટલે અંશે સ્વરૂપ બુદ્ધિ ઘટે એટલે અંશે આનંદ અનુભવાય. પર-મિથ્યા-અસત્-વિનાશી તત્ત્વમાં-પદાર્થમાં સ્વબુદ્ધિ કરવી અર્થાત્ સ્વરૂપ બુદ્ધિ કરવી તેનું જ નામ મિથ્યાત્વ ! જેમાં જે નથી, તે છે એવી બુદ્ધિ કરવી તેનું નામ મિથ્યત્વ ! રેતીમાં તેલ નથી છતાં તેમાંથી તેલ મળશે તેવી વાત કરનારને અને રેતીમાંથી તેલ કાઢવાની પ્રવૃત્તિ કરનારને મૂઢ-મુર્ખ-પાગલ કહીએ છીએ તેવી આ વાત છે.

સમ્યક્ત્વમાં પ્રવેશ કર્યા બાદ આનંદનો અનુભવ થવા લાગશે. સંસાર પરત્વેનો રાગ હઠવા લાગશે. વૈરાગ્ય આવતો જશે. પછી દુન્યવી-ભૌતિક વસ્તુઓના ગ્રહણમાં અને ઉપરનાં મોહમાં પડવાનું મન નહિ થાય.

સમ્યગ્ દર્શન દ્વારા મોક્ષમાર્ગમાં પ્રવેશ કર્યા બાદ આત્માએ આનંદ અને કેવળ આનંદનો જ અનુભવ કરવો જોઇએ. પ્રતિકૂળતામાં પણ અનુકૂળતાની અનુભૂતિ થવી જોઇએ. જ્ઞાન ઓછું હશે કે વધુ હશે તો તે ચાલશે. પણ દ્રષ્ટિ તો વાસ્તવિક સમ્યગ્ જ જોઇશે અને સ્વરૂપાનંદની અનુભૂતિ કરતાં આવડતું જોઇશે. સ્વરૂપાનંદની અનુભૂતિ દ્વારા સાચી વીતરાગતા પ્રાપ્ત થશે અને વીતરાગતાથી જ્ઞાન નિરાવણ બનશે.

પ્રતિક્ષણે વીતરાગતા ટકાવી રાખવા માટે આપણે જાગૃત રહેવું જોઇએ. આવી સતત, સરલ અને સહજ જાગૃતિ એ જ સમ્યગ્ દર્શન.

"હું સિદ્ધ સ્વરૂપ છું." આવું જ્ઞાન તે નિશ્ચયનયનું જ્ઞાન કહેવાય. બુદ્ધિનો એક વિકલ્પ ગણાય. એની ખરી સાધના શું ? " હું સિદ્ધ સ્વરૂપ છું" એની ખરી સાધના "હું દેહ નથી" એવી દષ્ટિમાં છે. એવી આંશિક અનુભૂતિમાં છે. એ વખતે દેહભાવો અંતઃકરણમાં ન આવવા જોઇએ, જેથી વીતરાગદશા આવતી જાય. છેવટે " હું સિદ્ધ સ્વરૂપ છું" એ વિકલ્પ પણ યાદ કરવો ન પડે એવી નિર્વિકલ્પ દશા આવે અને તે સ્થિર રહે ત્યારે છેવટના સંજવલન કષાયો પણ ક્ષય પામે છે. મોક્ષની ખરી સાધના સમ્યગ્ દર્શન પછી ધ્યાન અને સમાધિમાં છે.

ધ્યાન એટલે પોતાના સ્વરૂપરસને પોતાના આત્માના સહજ અખંડ આનંદને વેદવો-અનુભવવો અને સમાધિ એટલે આત્માના અખંડ આનંદમાં ડૂબકી મારી પડ્યા રહેવું. આ પ્રક્રિયાથી મોહનીય કર્મ તૂટશે. મોહનીય કર્મ તૂટતાં, જ્ઞાનાવરણીય કર્મ પણ તૂટશે.

આપણે જો ધ્યાન અને સમાધિ દ્વારા સ્વરૂપરસના આનંદનો અનુભવ નહિ કરીએ તો દેહભાવના ક્ષણિક આનંદમાં ગબડી તો પડવાના જ ! અને પછી દુઃખમાં સબડવાના જ !

આપણને પહેલાં તો બાહ્ય જગત, સ્વપ્નવત્, અનિત્ય અને મિથ્યા લાગવું જોઇએ. જેથી આપણી દ્રષ્ટિ, સ્વરૂપદ્રષ્ટિ બને, સચ્ચિદાનંદમય બને ! આપણે જગતના દ્રષ્ટા છીએ અને નહિ કે ભોક્તા !

સમ્યગ્ દ્રષ્ટિ આત્મા ક્ષણિક જીવન જીવતો હોય. દેહમાં પૂરાયેલ છે એટલે ક્ષણિક જીવન જીવ્યા વિના ચાલે તેમ નથી. છતાં તે ક્ષણિક જીવનનો, નશ્વર દેહનો, પ્રાપ્ત કાળનો, એવો સદુપયોગ કરે કે દેહાતીત બની જાય, કાળાતીત બની જાય. અકાલ બની જાય.-નિત્ય બની જાય. જીવન ભલે વિનાશી હોય પણ તે જ જીવન જો જીવી જતાં આવડે તો તે અવિનાશી-અજરામર પદની પ્રાપ્તિ કરાવી આપવા સમર્થ છે. વર્તમાનકાળ-પ્રાપ્ત સ્વસમયનો સદુપયોગ થાય તો સમયાતીત, અકાલ-ત્રિકાળ નિત્ય બની શકાય છે.

સમ્યગ્ દ્રષ્ટિ દ્રશ્યને ન જુએ, દ્રશ્યના પરિણામને જુએ. 'પરિણામનું લક્ષ્ય તે જ નિશ્ચય દ્રષ્ટિ' અને એ જ નિશ્ચય નય !

નિશ્ચય દ્રષ્ટિને એટલે કે નિશ્ચય નયની દ્રષ્ટિએ પર દ્રવ્યમાં સ્વબુદ્ધિ ન જ રખાય. અરે ! વ્યવહાર પણ એવો છે કે પારકાના ધનને પોતાનું નહિ મનાય કે નહિ ગણાવાય. પર પદાર્થનું સ્વામિપણું ન હોય. આવી અંતઃકરણની વૃત્તિ એ જ પરમાર્થદ્રષ્ટિ છે. આવી નિશ્ચયનયપૂર્વકની પરમાર્થદ્રષ્ટિ આવ્યા પછી પર વ્યક્તિઓ સાથેના મોહભાવપૂર્વકના સંબંધો, સાધક, ઓછાં ને ઓછાં કરતો જાય અને પર પદાર્થોનો ઉપયોગ પણ ઘટાડતો જાય. આ રીતથી જ નિશ્ચય દ્રષ્ટિ સ્થિર અને હિતસ્વી રહી શકે.

આપણો દેહ એ આપણો નથી. તે પુદ્‌ગલદ્રવ્યનો છે. તેનો ઉપયોગ પોતાના માટે કેવી રીતે થાય ? એનો ઉપયોગ પરાર્થે, અન્યના હિતમાં થવો જોઇએ.

જ્યારે દેહ જ પોતાનો નથી ત્યાં એના વડે પોતાના જીવનનું અસ્તિત્વ માનવું એ અજ્ઞાનદશા છે.-મિથ્યાત્વ છે. ખેર ! કર્મના ઉદયે દેહમાં રહેવું પડે તો તે વાત જુદી છે. બાકી વાસ્તવિક તો, દેહના અસ્તિત્વ વિના જ આત્માનું ખરું અને સાચું અસ્તિત્વ છે. સિદ્ધદશા એટલે દેહના અસ્તિત્વ વિનાની દશા. સિદ્ધભગવંતો દેહાતીત છે. એ જ દશાને પોતાની શુદ્ધ દશા માને તે સમ્યગ્ દ્રષ્ટિ અને આગળ દેહભાવ રહિત જીવનવ્યવહાર તે સમ્યગ્ ચારિત્ર્ય.

આપણો દેહ પુદ્‌ગલ રાશિના એક અંશરૂપ છે. તે આપણો નથી. જે આત્માઓ પુદ્‌ગલમાં સ્વરૂપ બુદ્ધિ રાખે છે, સુખબુદ્ધિ અને ભોગવૃત્તિ રાખે છે તે તેમની અનાત્મદશા અર્થાત્ અજ્ઞાનદશા છે અને એવી બુદ્ધિને મિથ્યત્વબુદ્ધિ જણાવેલ છે. સમ્યગ્ દ્રષ્ટિએ આ દેહનો, સાધનામાં સાધન તરીકે ઉપયોગ કરી લેવો જોઇએ. સાધકની સાધના સિદ્ધ થયા બાદ સાધના અને સાધન બંને છૂટી જશે. આયુષ્ય પૂર્ણ થયે અજન્મા થવાશે. નિર્વાણ થતાં દેહનો પરિત્યાગ થશે અને નવો દેહ ધારણ કરવાનો નહિ રહેશે. નિર્વાણનો અર્થ નિઃ+વાન (શરીર) છે.

જેમ ચક્રવર્તી પુણ્યના ઉદય વખતે ભેદજ્ઞાનથી સમ્યક્ત્વ પામી શકે છે તેમ નારકીનો આત્મા પોતાના પાપના ઉદય વખતે ભેદજ્ઞાનથી સમ્યક્ત્વ પામી શકે છે. ભલે પુણ્ય અને પાપ સામસામા વિરોધી તત્ત્વો હોય છતાં તેના ઉદય વખતે સમ્યક્ત્વ પામી શકાય છે, કારણકે આત્મા તો પુણ્ય અને પાપથી પર છે. માત્ર બદ્ધસંબંધે કરીને પુણ્યપાપકર્મથી જોડાયેલા છે.

જેમ આત્મા દેહથી ભિન્ન છે તેમ આત્મા પુણ્યકર્મ અને પાપકર્મથી પણ પરમાર્થથી ભિન્ન છે.

પુણ્યના ઉદયમાં એટલે શાતાવેદનીય આદિ શુભ પ્રકૃતિના ઉદયમાં સમ્યક્ત્વ, એટલે પર પદાર્થોમાં સુખબુદ્ધિ અને ભોગવૃત્તિ નહિ તેમ જ પાપના-અશાતાવેદનીય આદિ અશુભ પ્રકૃતિના ઉદયમાં સમ્યક્ત્વ એટલે દુઃખમાં દુઃખ બુદ્ધિ નહિ અને દુઃખથી ઉદ્વેગની વૃત્તિ નહિ.

"ભેદજ્ઞાન એટલે સુખ અને દુઃખ એ બેયથી પોતાને પર એટલે કે જુદો માનવો."

સમ્યક્ત્વ એટલે અંતરાત્મા ! અંતરાત્મા માટે પુણ્ય અને પાપથી પ્રાપ્ત થનારા બહિરંગ દ્રશ્ય પદાર્થો દ્રશ્યરૂપ નથી. એને તો એનું અંતઃકરણ જ દ્રશ્યરૂપ છે. અંતરને જુએ તે અંતરાત્મા બને અને બાહ્યદ્રશ્યને જુએ તે બહિરાત્મા બને.

અંતરાત્મા પોતાના અંતરમાં થતાં મોહદિભાવો ખતમ કરે છે. આત્માએ પોતાના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં ઉત્પન્ન થતાં મોહાદિભાવોને ખતમ કરવાના છે. ઉપયોગમાંથી મોહાદિભાવો ખતમ થયેથી ઉપયોગ શુદ્ધ બને છે, પૂર્ણ બને છે, નિત્ય બને છે. આનું નામ જ "કેવળજ્ઞાન" અને "કેવળદર્શન".

મોહાદિભાવો જીવના જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગનો આધાર લઇને રહે છે. આપની દ્રષ્ટિ જો જાગૃત બને, વિવેકી બને, સમ્યગ્ બને તો મોહાદિભાવો હણાતા જશે.

મહેલાતોમાં મહાલતો પુણ્યવંત સમ્યગ્ દ્રષ્ટિ ચક્રવર્તી અને રસ્તે રઝળતો પાપોદયવંત સમ્યગ્ દ્રષ્ટિ ભિખારી પોતાના ઉદયને બદલવા શક્તિમાન ન થઇ શકે પણ સમ્યક્ત્વના આધારે, ભેદજ્ઞાનના બળે પોતાના મોહાદિભાવો ખતમ કરવા શક્તિમાન છે.

જીવ કદી પણ પોતાનાથી અભિન્ન એવાં જ્ઞાનદર્શન વિહોણો બની શકતો નથી, પરંતુ પોતાથી પર-ભિન્ન એવાં મોહાદિ ભાવ વગરનો તે અવશ્ય બની શકે છે જો તે પુરુષાર્થ કરે તો. જીવે પોતાને મોહાદિભાવથી મુક્ત કરવો એ જ સમ્યક્ત્વશીલ આત્માનું કર્તવ્ય છે.

સહુ કોઇ સમ્યગ્ દ્રષ્ટિ પ્રાપ્ત કરી મોહાદિભાવોથી મુક્ત થઇ સિદ્ધ થાઓ એવી અભ્યર્થના !

**અવતરણકાર : શ્રી સૂર્યવદન ઠાકોરદાસ ઝવેરી**

# જૈન આગમોમાં ઉલ્લેખ કરાયેલાં વિવિધ તપો વિષે કિંચિત્

❑ ડૉ. બિપિનચંદ્ર હીરાલાલ કાપડિયા

'આત્માએ પરમાત્વ સ્વરૂપ પ્રાપ્ત કરવું, આત્મા પોતે પરમાત્મા છે' એ જૈન શાસનનું હાર્દ સમાન મૌલિક સત્ય છે. જૈન દર્શનમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ તથા ધર્મકથાનુયોગ એ ચારને તત્ત્વજ્ઞાનની મુખ્ય શાખાઓ દર્શાવી છે.

ત્રણેયના નિષ્કર્ષરૂપે મુમુક્ષુ જીવો સાધનાને વિકસાવી આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા જે રીતે ઉત્થાન કરતાં રહ્યાં તેમાં તેમના જીવનની મંગલમય સાધનાનું સુરેખ આલેખન ચોથા ધર્મકથાનુયોગમાં સંકલિત થયેલ છે.ધર્મકથાનુયોગનું સાહિત્ય ખૂબ જ ઉપકારક આબાલવૃદ્ધ સર્વ માટે છે.

ઉપર જણાવેલા અનુયોગનું ચાર ભાગમાં વિભાજન કોણે કર્યું તેની ચર્ચા દરમ્યાન આવશ્યક નિર્યુક્તિ ગાથા ૭૬૯ માં સ્પષ્ટિકરણ છે કે શ્રુતધર આર્ય વજના સુશિષ્ય આર્ય રક્ષિતસૂરિએ આ પૃથક્કરણ કર્યું હતું.

સૌ પ્રથમ આ અવસર્પિણીના છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ ઘોર તપ સાડાબાર વર્ષના છદ્મસ્થપર્યાયમાં પ્રાયઃ મૌન સાથે ૪૧૬૬ ચૌવિહાર ઉપવાસ કર્યા જેમાં પારણાના દિવસો ૩૪૯ તથા દરેક તપમાં વિવિધ અભિગ્રહો રાખ્યા હતા. બૌદ્ધ સાહિત્યમાં મહાવીર સ્વામીનો-'દીર્ઘ તપસ્વી' એ નામથી ઉલ્લેખ છે.

૧૯મા મલ્લીનાથ સહિત સાત સાગરિતોએ માસિક ભિક્ષુડિમા વહન કરી હતી. તેઓએ ખુડ્ડાગ 'સીહનિક્કીલિય' તપ, જે બે વર્ષ ૨૮ રાતદિને આરાધ્યું. ત્યારપછી 'મહાલયં સીહનિક્કીલિય તપ' આરાધી ઘણા 'ચઉત્થ-છટ્ઠમ-દસમ-દુવાલસ-માસદ્ધમાસ તપ' કરતા હતા. (આ લેખમાં અવતરણો શ્રી કમલ મુનિએ તૈયાર કરેલાં ધમ્મકહાનુયોગ નામના ગ્રંથમાંથી આપ્યાં છે.)

બાલ તપસ્વી મોરિયાપુત્ત તામલી અણગારે પ્રવ્રજ્યા અંગિકાર કરી પાદોવગમણ સંલેહણા કરી તથા ૬૦,૦૦૦ વર્ષ, સંલેહણા કરી શરીર સૂકવી દીધું. મૃત્યુ બાદ ઈશાન કલ્પમાં જન્મ્યા.

સિરિદેવીનો પુત્ર અઈમુત્તઅ છ વર્ષની નાની વયે દીક્ષા લે છે. પાણીમાં હોડી તરાવાની બાળસુલભ ચેષ્ટા કર્યા પછી તેણે અપકાયની હિંસા કરી છે તે જાણ્યા પછી પણગ-દગ પર ચિંતન કરવા માંડે છે અને તે મહાવીરસ્વામીના જણાવ્યા પ્રમાણે અંતકૃત કેવળી બને છે. ઘણા વર્ષો સુધી દીક્ષાપર્યાય પછી ગુણરત્ન તપ કરી વિપુલ પર્વત પર સિદ્ધ થશે.

શ્રેણિક રાજાના પુત્ર મેઘકુમાર દીક્ષા લે છે. છેલ્લે સંથારો આવવાથી ધૂળ વગેરે તથા પાદપ્રહારાદિથી કષ્ટકારી જીવન તરફ ઘૃણા થયાં પછી મહાવીરસ્વામી પાસે પહોંચી દીક્ષા ત્યાગ કરવાની અભિલાષા વ્યક્ત કરે છે; ત્યારે ભગવાન તેને પૂર્વજન્મમાં સુમેરુપ્રભના ભવનું હાથી તરીકેના જીવનનું વર્ણન વિગતે કરે છે. ત્યારબાદ મેઘકુમાર દીક્ષા ચાલુ રાખવાનો સંકલ્પ કરે છે. મેઘ ભિક્ષુપડિમા ધારણ કરે છે; ગુણરત્નસંવત્સર તપ તથા ઘણાં બધાં છઠ, દશ, બાર, અડધો માસ, પૂર્ણમાસાદિ તપ કરે છે તથા વિપુલ પર્વત પર અનશન કરે છે.

શ્રી મહાવીરસ્વામીના તીર્થમાં સર્વ તપસ્વીઓમાં શ્રેષ્ઠ એવા સાર્થવાહપુત્ર ધન્ના અણગાર દીક્ષિત થયા પછી ભગવાનની અનુજ્ઞા મેળવી હર્ષપૂર્વક જીવે ત્યાં સુધી છઠ્ઠછઠ્ઠના આયંબિલ તપ સાથે કાકંદી નગરીમાં પ્રવેશી આયંબિલોચિત ભોજન ગ્રહણ કર્યું તથા સામાયિકાદિ અગ્યાર અંગો ભણે છે અને એવું ઉત્કૃષ્ટ તપ કરે છે કે તેનું શરીર સૂકાઈને લાકડું થઈ ગયું અને હાડપિંજર જેવા શરીરનું વર્ણન આબેહૂબ પૃષ્ઠ ૧૦૦-૧૦૨ માં કર્યું છે.શ્રેણિક રાજાના પ્રશ્નના ઉત્તરમાં પૃષ્ઠ ૧૦૩ પર ભગવાને જણાવ્યું છે કે તેના ચૌદ હજાર શ્રમણોમાં ધન્ના અણગારનું સ્થાન પ્રથમ છે ત્યાર પછી તેઓ સ્વાર્થસિદ્ધિમાં જઈ મહાવિદેહમાં સિદ્ધિ મેળવશે.

ચિલાતિપુત્ર ધણસાર્થવાહની પુત્રીની સારસંભાળ તથા ચાકરી કરતો હોય છે. શેઠના ઘરમાંથી સુસમાનું અપહરણ કરી તેનો વધ કરે છે. લોહીથી ખરડાયેલા હાથવાળો ચિલાતિપુત્ર પછીથી મુનિના સંપર્કમાં આવતા પ્રવ્રજ્યા અંગિકાર કરે છે. રાજગૃહમાં મહાવીર સ્વામી પાસે મુનિવ્રત ધારણ કરે છે; અગિયાર અંગ ભણી માસિક સંલેહણા કરી મહાવિદેહમાં સિદ્ધ થશે.

કંડરિક અને પુંડરિક બે રાજપુત્રોમાં પુંડરિકે પછીથી દીક્ષા લીધી હતી તેણે પ્રાણાતિપાદિનું પ્રત્યાહાર કરી, પચ્ચકખાણ સહિત અસણ-પાણ-ખાઈમ-સાઈમનો ત્યાગ કરી જીવે ત્યાં સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરી મૃત્યુ પછી સર્વાર્થસિદ્ધ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ; મહાવિદેહમાં સિદ્ધિ પામશે.

પાંડવોની પત્ની દ્રૌપદીનું વિસ્તૃત ચરિત્ર વર્ણવીને છેલ્લે દ્રૌપદી આર્યા સુવર્ણા પાસે દીક્ષા લઈ અગિયાર અંગો ભણી ઘણા વર્ષ સંયમ પાળી માસિક સંલેખણા કરી, આત્માને લાગેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરી આલોચના વગેરે કરી બ્રહ્મલોકમાં જન્મી મહાવિદેહમાં સિદ્ધિ મેળવશે.

સુવર્ણકારની પુત્રી પોટ્ટિલા તેતલી પુત્રમાં આસક્ત બની હતી અને તેની પત્ની બને છે. અપમાનિત થવાથી વ્રત ગ્રહણ કરી સાધ્વી બને છે, જાતે જ પંચમુષ્ટિ લોચ કરી માસિક સંલેખણા તથા ૬૦ ભત્તનો ત્યાગ કરી દેવલોકમાં જન્મે છે.

કોણિક રાજાની અપર માતા કાલી હતી. કાલીએ દીક્ષા પછી રયણાવલી (રત્નાવલી) તપ ચોથ-છઠ, દશ-બાર-અડધો માસ-માસાદિ વિવિધ તપ કરે છે. સંલેખણા કરી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

શ્રેણિક રાજાની બીજી પત્ની સુકાલી છે. આર્યા ચંદનબાળા પાસે કણગાવલિ તપ કરી સિદ્ધિ મેળવે છે.

શ્રેણિક રાજાને ૨૩ પત્નીઓ હતી. તેમાંની મહાકાલી ખુડ્ડાગસીહનિક્કીલિ તપ કરી સિદ્ધિ મેળવે છે.

કૃષ્ણા મહાસીહનિક્કીલિય તપ કરી સિદ્ધિ મેળવે છે.

સુકણ્હા ભિક્ષુપડિમામાં ૭,૧૦ સાતવાર, દશવાર આરાધી ઘણા ચોથ-છઠ, આઠ, દશ, માસાદિ કરે છે.

મહાકણ્હા ખુડ્ડાગસવ્વઓભદ્દપડિમા કરી સિદ્ધિ પામે છે.

વીરકણ્હા મહાલયસવ્વઓભદ્દપડિમા કરી સિદ્ધિ મેળવે છે.

રામકણ્હા ભદ્દુત્તરપડિમા વડે સિદ્ધિ મેળવે છે.

પિઉસેણકણ્હા મુક્તાવલિ તપ કરે છે અને સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

તેવી રીતે મહાસેણકણ્હા આયંબિલ વર્ધ્ધમાણ તપ આદરી મુક્તિ મેળવે છે. આ આયંબિલ વદ્ધમાણ તપ તેણી ચૌદ વર્ષ, ત્રણ મહિના, વીસ દિવસે પૂર્ણ કરે છે. આરાધ્યા પછી આર્યા ચંદનબાળા પાસે વંદન-નમસ્કારાદિ કરી ચાર-છ-આઠ માસાદિ તપ કરી, સામાયિકાદિ અગ્યાર અંગ ભણી ભત્તપાનનો ત્યાગ કરી માસિક સંલેહણાથી શરીર સૂકવી સિદ્ધિ પામે છે, સર્વ દુઃખોથી મુક્ત થાય છે.

પૃષ્ઠ ૨૪૬-૨૮૮ સુધી પ્રદેશી રાજાનું વિસ્તૃત ચરિત્ર ત્રણે ભવનું સુંદર રીતે આલેખ્યું છે. તેની પત્ની સૂર્યકાન્તા નાસ્તિકમાંથી પૂર્ણ રીતે આસ્તિક બનેલા પતિથી કંટાળી જઈ તેના ખોરાકમાં ઝેર નાંખી મારી નાંખવા માંગે છે તે જાણ્યા છતાં પણ પ્રદેશી રાજા તેના તરફ કોઈ પણ પ્રકારનો દુર્ભાવ ન બતાવી; જ્યાં પૌષધશાળા હતી ત્યાં ઉપસ્થિત થઈ ઉચ્ચાર-પાસવણ ભૂમિ પડિલેહી, દર્ભનું ઘાસ પાથરી તેના પર આરૂઢ થઈ, પૂર્વાભિમુખ બેસી મસ્તક પર અંજલિ કરી 'નમોત્થુણં...' બોલે છે. પછી સર્વ પ્રકારના આહારનો ત્યાગ કરી પ્રત્યાખ્યાન કરી વોસરાવે છે.

જૈન તેમજ બૌદ્ધ દર્શનમાં મનુષ્યેતર પ્રાણી સૃષ્ટિ પણ સિદ્ધ થાય છે તેના ઉદાહરણો મળે છે. જાતકકથા તેનું ઉદાહરણ છે.

નંદમણિયારે દુષ્ટની સોબતથી સમ્યકતત્વ ગુમાવી મિથ્યાત્વ મેળવ્યું ત્યારે ધનાઢ્ય નંદમણિયાર વાવ બંધાવે છે જેને ચિત્રસભા, મહાનસશાળા, તિગિચ્છશાળા, અલંકાર સભાથી વિભૂષિત કરે છે. તેમાં રહેલી આસક્તિથી મરીને દેડકા તરીકે જન્મે છે.

દેડકો મહાવીરસ્વામીના સમવસરણમાં જઈ રહેલા રાજા શ્રેણિકના ઘોડાના પગ નીચે કચરાઈ જવાથી હતોત્સાહ થયા વગર એક બાજુ સરકી જઈ પચ્ચકખાણ સહિત અસણ-પાણ-ખાઈમ-સાઈમ ભોજન ત્યજી છેલ્લા શ્વાસ સુધી સર્વ વોસરાવી દેવત્વ પામે છે.

ઉપાસકદશાના દશે અધ્યાયોમાં પ્રથમ ઉપાસક આણંદ ગાથાપતિનો વિસ્તૃત ઉલ્લેખ છે. આણંદ તથા તેની પત્ની ભગવાન મહાવીરની વાણી સાંભળી પત્ની સાથે અણુવ્રતાદિ ગ્રહણ કરે છે. આટલું વિપુલ ધન તથા વૈભવ હોવા છતાં, ભગવાનની વાણીના પ્રભાવથી તપશ્ચર્યાના બળ વડે અવધિજ્ઞાન પ્રાપ્ત કરે છે, અને શીલ-વ્રત, ગુણ-વિરતિ, પ્રત્યાખાન, પૌષધ-ઉપવાસાદિથી વીશ વર્ષ સુધી શ્રમણોપાસક તરીકે જીવી અગિયાર ઉપાસકની પડિમા વહી માસિક સંલેખના કરી અરુણાભ વિમાનમાં દેવ તરીકે ઉત્પન્ન થાય છે.

ત્યાર પછી બીજા ઉપાસકમાં કામદેવનું વર્ણન છે. દેવ તેને પિશાચનું રૂપ લઈ, હાથી થઈ, સર્પ થઈ, ઉપસર્ગો કરે છે. તેમાંથી પાર ન પડે ત્યાં સુધી પડિમા ધારણ કરે છે જેના ઉપસર્ગ સહન કરવાના સમતા ગુણની ભગવાન પ્રશંસા કરે છે. કામદેવ યથાસૂત્ર એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ-દશ- અગિયાર પડિમા આરાધે છે અને તેથી જેનું શરીર હાડકા-ચામડી દેખાય તેવું થાય છે, સૂકું, માંસ વગરનું, કડકડ અવાજ કરે તેવું બને છે. અગિયાર પડિમા પછી માસિક સંલેખના કરી અરુણાભ વિમાનમાં જન્મી મહાવિદેહમાંથી સિદ્ધિ મેળવશે.

લગભગ બધાં જ ઉપાસકોના જીવનમાં સાધનાના માર્ગે જવાના પ્રસંગો એક સરખાં જ છે. પૃષ્ઠ ૩૧૨-૩૧૬માં ત્રીજા ઉપાસક ચુલુણીવિયગાહાવઈનો પ્રસંગ વર્ણવ્યો છે. પતિ-પત્ની બંને ચારિત્રધર્મ સ્વીકારે છે. સાનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગો સહે છે. છેલ્લે અનશન કરી દેવલોકમાં જન્મ તથા સિદ્ધિ મેળવે છે.

ચોથા ઉપાસક સુરાદેવગાહાવઇ છે. ભગવાનનું સમવસરણ. ત્યાં જવું . પ્રવચનની અસર. તેના ત્રણે પુત્રોનું તેની સમક્ષ મૃત્યુ. તેના શરીરને રોગિષ્ઠ બનાવ્યું; સુરાદેવની ઉપાસક પડિમા સ્વીકારતી જગત; અનશન અને સિદ્ધિ મેળવે છે.

પાંચમા ઉપાસક શુલ્લસયગાહાવઈ છે. (પૃષ્ઠ ૩૨૨-૩૨૭) તેના જ્યેષ્ઠ તથા મધ્યમ પુત્રનું દેવ દ્વારા મૃત્યુ, તેની સર્વ સંપત્તિનો નાશ, પત્નીનો પ્રશ્ન અને તેનો પ્રત્યુત્તર, ઉપાસકની પડિમાનું ગ્રહણ, અનશન અને સિદ્ધિ.

આ પ્રમાણે કુંડકોલિયગાહાવઈનો પ્રસંગ. ઉપાસકની પડિમા, અનશન અને સિદ્ધિ.

સાતમા ઉપાસક સદાલપુત્ત કુંભકારનો છે. દેવ વડે ત્રણે પુત્રોનું મૃત્યુ સમભાવ વડે સહન કરે છે. પત્નીનું મૃત્યુ પણ સહે છે, માયાવી દેવનું આકાશમાં ઉડવું, પત્નીનો પ્રશ્ન, તેને લીધે લેવું પડેલું પ્રાયશ્ચિત્ત, ઉપાસક પડિમાની સ્વીકૃતિ, અનશન અને સિદ્ધિ.

આઠમા ઉપાસક મહાસતયગાહાવઈનો છે. મહાશતકને ૧૩ પત્નીઓ છે. તેમાંની એક રેવતી છે. કામોપભોગમાં તેઓ આડી ખીલી સમાન હોવાથી રેવતી અગ્નિ પ્રયોગથી બાળી મૂકે છે. રેવતી માંસ-મદિરાનું સેવન કરે છે. રેવતી મહાશતકને અનુકૂળ ઉપસર્ગો કરે છે.મહાશતક રેવતીને કહે છે કે તે મૃત્યુ પછી નરકમાં જશે.એક પ્રસંગે ગૌતમ ગણધર મહાશતક સમીપ આવે છે. તેઓ વંદન કરે છે. ગણધર ગૌતમ મહાશતકને પત્ની રેવતી નરકે જશે તે કહેવા માટે પ્રાયશ્ચિત્ત કરવાનું કહે છે. મહાશતક પ્રાયશ્ચિત્ત કરે છે. ચારિત્રધર્મ વિશિષ્ટ રીતે ૨૦ વર્ષ પાળે છે; ૧૧ પડિમા વહે છે, અનશન કરી સિદ્ધિ મેળવે છે.

નવમા ઉપાસક નંદિણીવિયાગાહાવઈ હતા. શ્રાવસ્તી નગરીમાં તેઓવસતા હતા અને તેને અસ્સિણી નામે ભાર્યા હતી. બધાની જેમ ગૃહસ્થ ધર્મની સ્વીકૃતિ, પડિમા વહન, અણસણ, સમાધિમરણ, દેવલોકમાં ઉત્પત્તિ તથા સિદ્ધિ.

છેલ્લા દસમા ઉપાસક છે લિતિયાવિયાગાહાવઈ. ભગવાનનું સમવસરણ, ગૃહસ્થધર્મનો સ્વીકાર, ભાર્યા ફગ્ગુણી પણ શ્રમણોપાસિકા બને છે. ધર્મજાગરણ, પડિમાવહન, અનશન તથા સમાધિમરણ બાદ દેવલોકમાં ઉત્પત્તિ અને સિદ્ધિ.

ટૂંકમાં, બધાંનો એકસરખો વ્યવહાર જોવા મળે છે.

તપોમય સુંદર આધ્યાત્મિક જીવન જીવી રહેલાં સાધુ-સાધ્વીમાં પણ આસક્તિ ક્યારેક માથું ઉંચકે છે તેવો એક પ્રસંગ પૃ. ૪૨૩માં લિપિબદ્ધ કરાયો છે :-

રાજગૃહ નગરીના રાજા શ્રેણિક ભગવાન મહાવીરના સમવસરણમાં જવા ચેલ્લણા રાણી સહિત પ્રયાણ કરે છે. ત્યારે ઉપસ્થિત રહેલાં કેટલાંક સાધુ-સાધ્વી આ પ્રમાણે નિયાણું કરે છે : આ બંને દંપતી કેટલા ધનાઢ્ય, સુંદર, સુખી, ભોગોપભોગ ભોગવી શકે તેવાં જીવન વ્યતીત કરે છે. દેવલોકમાં એવા દેવો પણ જોયા નથી, તો અમારા આ સુકૃત્યનું (તપ-નિયમ-બ્રહ્મચર્ય-ગુપ્તિ) જો કંઈ વિશિષ્ટ ફળ હોય તો અમે પણ આગામી ભવમાં આવું ભોગસમૃદ્ધ જીવન મેળવીએ.

ભગવાને તેઓને આ વિચાર માટે બોલાવ્યા, મીઠો ઠપકો આપ્યો તથા પ્રાયશ્ચિત કરવા કહ્યું

'વિજયતક્કરણાય'માં ભદ્રાના પતિ ધણ સાર્થવાહને દેવદિન્ન નામનો પુત્ર હોય છે. વિજયતસ્કર તેને ઊપાડી જાય છે અને કુવામાં ફેંકી દે છે. પુત્રની ભાળ મળ્યા પછી ચોરને જેલમાં પુરવામાં આવે છે. કોઈ વાર ધણ સાર્થવાહને અલ્પ ગુના માટે તેની સાથે પુરાવામાં આવે છે. દીર્ઘશંકા નિવારણાર્થે ધણ સાર્થવાહ પોતના ભોજનમાંથી થોડું ચોરને આપે છે. પત્નીને આ ગમતું નથી. અવધિ પછી છૂટા થયેલા સાર્થવાહ રાજગૃહમાં પ્રવચન સાંભળી પ્રવ્રજ્યા લે છે. ઘણા વર્ષો સંયમ પાળી ભત્તપાણીનો પરિત્યાગ કરી માસિક સંલેખણા કરી મહાવિદેહમાં સિદ્ધિ મેળવે છે.

જૈનધર્મના બે મૌલિક સિદ્ધાંતો તે અહિંસા અને તપ છે. તેથી તેને 'અહિંસા પરમો ધર્મ:' ગણાવ્યો છે. અહિંસા માટે તપ પણ આવશ્યક છે. શ્રુતધર આચાર્ય શય્યમ્ભવસૂરિએ પોતાના પુત્ર મયંક માટે દશવૈકાલિકસૂત્રની રચના કરી જેની પ્રથમ ગાથા નીચે પ્રમાણે છે :-

ધમ્મો મંગલમુક્કિઠ્ઠં અહિંસા સંયમો તપ: ।

દેવાવિ તં નમસ્યન્તિ જસ્સ ધમ્મે સયા મણો ॥

અહીં પણ અહિંસા, સંયમ તપને સ્થાન અપાયું છે. ભગવાન મહાવીર કોઈ વાર છઠ્ઠ, અઠ્ઠમ, દસમ કોઈ વાર દુવાલસ તથા અડધા મહિનાના કે મહિનાના ઉપવાસમાં પાણી પણ પીતા નહિ. આ ચાર આગમના બે વિભાગમાંથી ઉવહાણસુવની નિજ્જુત્તિ (ગા. ૨૭૫-૨૭૬)માં કહ્યું છે કે જ્યારે જે તીર્થંકર ઉત્પન્ન થાય ત્યારે તેઓ પોતાના તીર્થમાં ' ઓહાણ સુય' અધ્યયનમાં પોતે કરેલી તપશ્ચર્યા વર્ણવે છે.

ધર્મકહાનુયોગમાંથી વિવિધ તપ અંગેની માહિતીનું વિહંગાવલોકન કર્યા પછી તપ વિષે થોડો વિચાર રજૂ કરું છું. ' તપસા નિર્જરા ચ' એ સૂત્ર આપનાર ઉમાસ્વાતી મહારાજે તપથી નિર્જરા કર્મોની થાય એવું સૂચન કર્યું છે. અનિકાચિત કર્મો તો અન્ય રીતે ક્ષય થાય છે; પરંતુ નિકાચિત કર્મો તો ભોગવવાં જ પડે. તપ વડે નિકાચિત કર્મો દ્વારા જે અનુબંધ થવાનો હોય તેનો ક્ષય કે નાશ થઈ શકે છે. 'તાપયતિ ઈતિ તપ:' ચાર કષાયો તથા આંતરિક રાગદ્વેષાદિ શત્રુઓનો ક્ષય તપ દ્વારા થાય તે ઈચ્છનીય છે; કારણ કે 'કષાયમુક્તિ: કિલ મુક્તિ રેવ.' કર્મોનું આવાગમન ઈચ્છાથી થાય છે, અને ઈચ્છા

આકાશ જેટલી વિસ્તૃત અને વ્યાપક હોય છે. તેથી યોગ્ય કહેવાયું છે કે 'ઈચ્છાનિરોધઃ તપઃ' ખાવા-પીવાનું બંધ કરવું તેના કરતાં શરીરને સતાવતી વિવિધ ઈચ્છાઓને રોકવી એ ખરું તપ છે, કારણ કે કહ્યું છે આસક્તિનો ત્યાગ એ ખરેખર ત્યાગ છે. રસવર્જં રસોડપિ અસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે.

ધર્મના ચાર પ્રકારો તે દાન, શીલ, તપ અને ભાવના છે. ખાવું-પીવું બંધ કરવું તે તપ નથી. તપ અનેક રીતે થઈ શકે. ઉપવાસ કરવો તે જ તપ નથી. તપના પ્રકારોમાંથી ગમે તેથી તપ થઈ શકે. કષ્ટ સહેવું એ તપ નથી કારણકે તેની પાછળ જીવનશુદ્ધિ કે કર્મક્ષયનો ઉદ્દેશ હોતો નથી. કષ્ટ જો સ્વેચ્છાથી કે સમભાવપૂર્વક ન થાય તો તેથી ધર્મનુબંધી સકામ નિર્જરા ન થાય; એ અકામ નિર્જરા નિષ્પાદક હોય છે. તેથી તપ બળત્કારથી કે અનિચ્છાથી ન થવું જોઈએ. સમભાવપૂર્વક ઈચ્છાઓને વિવિધ વિષયોમાંથી રોકવી તે તપ છે. જૈનાચાર્યે કહ્યું છે :-

'ઈચ્છાનિરોધઃ તપઃ'

વિષયવાસનામાંથી જન્મેલાં કર્મોના મેલ દૂર કરી શુદ્ધ આત્મગુણરૂપી ઘી મેળવવા માટે ઉપવાસ તપના અગ્નિથી શરીર, ઈન્દ્રીયો, મનરૂપી વાસણને તપાવી કર્મોનો કચરો અને વિષયકષાયોની વિકૃતિ અલગ પડી જાય છે. તપનું નામ સાંભળતા એક, બે, ત્રણ આઠ, પંદર, માસખમણાદિ મનમાં આવે છે. આહાર-પાણી છોડવાને આપણે તપ કહીએ છીએ. ઘણા ઉપવાસીને તપસ્વી કહીએ છીએ. અગ્નિશર્મા માસખમણ પારણે ગુણસેનના દરવાજે પહોંચી જતો પરંતુ ત્રણે વાર નિરાશ થવાથી નિયાણું કરે છે. તપ નિરર્થક બન્યું. શરીરને તપાવ્યા કરતાં આત્માનું પતન કરનારા રાગ-દ્વેષ, કષાય, વિષયવાસના, પરિગ્રહાદિની આસક્તિ સૂકવી નાંખવા તે ખરું તપ છે.

એક જૈન ધર્મના સાધુએ સંથારો (અનશન) કર્યો. તેને જોઈ બીજા સાધુએ ગુરુ પાસે સંથારા માટે અનુમતિ માંગી. ગુરુએ અનિચ્છા બતાવી કહ્યું કે તું હજી તે માટે યોગ્ય બન્યો નથી. ગુરુએ બાર વર્ષ સાધના કરવા જણાવ્યું. બાર વર્ષની સાધના પછી ફરી અનુમતિ માંગી. હું યોગ્ય છું ? ગુરુએ કહ્યું, 'હે વત્સ, યોગ્યતા મેળવવામાં હજી થોડું બાકી છે.'

તેથી તેણે પોતાની આંગળી વાળીને તોડી નાંખી.

ગુરુએ કહ્યું, 'તારા શરીરને ખૂબ સૂકવ્યું છે, હાડપિંજર બનાવ્યું; પરંતુ તેમાં રહેલા રાગદ્વેષ, વિષય, કષાય, વાસના જેવાં કર્મશત્રુના જનકને સૂકવ્યા નથી.' ત્યાર પછી તે માટે તેણે તૈયારી કરી.

ઉવવાઈ (ઔપપાતિક) સૂત્રમાં જળસમાધિ, પહાડ પરથી પડી જવું, અગ્નિસ્નાન કરનારા તપસ્વીઓની આત્મહત્યા એક પ્રકારની ઘેલછા છે. વળી કેટલાંક બધી બાજુ અગ્નિ સળગાવે છે, કાંટાની પથારીમાં સુવે છે, નદીના પાણીમાં ઊભા રહે છે, ઉંધા લટકે છે વગેરે વાત કરી છે. વિષ્ણુ ધર્મોન્તર પુરાણમાં કહ્યું છે :-

યદ્દૂરં યદ્દૂરારાધ્યં યચ્ચ દૂરે વ્યવસ્થિતમ્ ।

તત્સર્વં તપસા સાધ્યં તપો હિ દુરતિક્રમમ્ ॥

અન્ય રીતે તત્ત્વાર્થસૂત્ર જણાવે છે :-

'તપસા નિર્જરા ચ ।'

બધ્ધ, નિધત્ત અને અને અનિકાચિત કર્મો તપ વડે વિખરાઈ શકે છે; જ્યારે નિકાચિત કર્મો ભોગવવા પડે છે.

ઉપવાસ તપની સાથે સંકળાયેલ બીના તે પારણું છે, તેમાં યોગ્ય વિવેક રાખવો જોઈએ. પારણામાં મિતભૂક રહેવું જોઈએ. માસખમણ પછી પારણું કરાવનારને ન્યાય આપી પોતાની પ્રકૃતિ બગડે નહિ તે માટે દરેક પાસેથી એક એક કોળીયો જ લેવો જોઈએ. નહિ તો આવા પારણા પછી ઉપવાસીનું મૃત્યુ થવાનું જોવા મળે છે.

ઉપવાસ કરવાનો ઈરાદો નિયાણું હોવું ન જોઈએ. તેથી તેનું ફળ નષ્ટ થાય છે. ત્રણે માસના ઉપવાસી અગ્નિશર્માને ભવોભવ વેર વાળે તેવું નિયાણું કરે છે. સંભૂતિ મુનિએ ચક્રવર્તિની પત્નીના વાળના સ્પર્શથી તપના ફળ રૂપે સુંદરી સ્ત્રીના પતિ થવાનું નિયાણું કર્યું હતું. અગ્નિશર્માએ દ્વેષથી નિયાણું કર્યું. તેવી રીતે મોહગર્ભિત નિયાણું પણ થઈ શકે જેમ કે બીજા જન્મમાં કુરૂપ, દરિદ્રી, નીચકુળાદિની વાંછના રાખે કે જેથી તે ધર્મ કરી શકે. પરંતુ આવી વ્યક્તિ ધર્મ કરી શકે તેવી આશા આકાશકુસુમ જેવી છે. વૈયાવચ્ચી નંદીષેણે હાથ વેચી ગધેડો ખરીદ્યો હતો. કામાંતુર સોની કુમારનંદી પાંચસો સોનામોહર આપી રૂપવતી કન્યા સાથે લગ્ન કરતો. હાસા-પ્રહાસા બે વ્યંતરીઓમાં આસક્ત કુમારનંદીને પંચશીલ દ્વીપ પર આવવા માટે અનશન નિયાણું કરી જન્મ લેવાનું જણાવ્યું, અગ્નિમાં પડી બળી મરવાનું જણાવ્યું. તેમ કર્યું અને ઢોલિયો થયો !

નિયાણું માટે સંસ્કૃત ભાષાનો શબ્દ નિદાન છે. તે નિ + દો ધાતુમાંથી નિષ્પન્ન થયો છે. ધર્મ એક કલ્પવૃક્ષ છે. સમ્યગ્દર્શનના વિસ્તારથી તેનું મૂળ દૃઢ થયું છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર તેના ઉંચા સ્કંધ છે, દાન-શીલ-તપ-ભાવના તેની શાખા-પ્રશાખા છે, દેવ-મનુષ્યોમાં સર્વોત્કૃષ્ટ સુખસંપત્તિ પુષ્પો છે, મોક્ષ તેના ફળરૂપે છે. જેનું નિયાણારૂપી કુહાડીથી ઉચ્છિન્ન કરાય છે તેથી મોહ, રાગ, દ્વેષાદિથી કરાતું નિયાણું વર્જ્ય છે.

મકાનમાં પ્રવેશવા માટે તેના દ્વાર સુધી પહોંચવું જેમ આવશ્યક છે, તેમ મુક્તિ-મોક્ષ-કેવળજ્ઞાન-સિદ્ધશિલાના પ્રાસાદમાં પહોંચવા માટે તેના દ્વાર રૂપ બાર પ્રકારના તપની આવશ્યકતા છે. તપશ્ચર્યા કરનારને આટલી શ્રદ્ધા જરૂર હોય છે કે મારા કર્મોને નાબુદ કરવા તપ કરું છું. સૂત્રકાર મહાશયે ફરમાવી દીધું છે કે નવા પાપોને અટકાવવા અને જૂના પાપોથી મુક્ત થવું હોય તો તપ સિવાય બીજું એકે શસ્ત્ર નથી. આ રહ્યું તે સૂત્ર :-'તપસા નિર્જરા ચ.' બાહ્ય તેમ આભ્યંતર બંને પ્રકારની તપશ્ચર્યા પોતપોતાના સ્થાને મુખ્ય છે. એકને મુખ્ય અને બીજાને ગૌણ માનવાની ભૂલ કોઈ કાળે કરવી નહિ. બાહ્ય તપની તાકાત વધારવા માટે આભ્યંતર તપનું તથા આભ્યાંતર તપનું મિશ્રણ કર્યા વગર છુટકો નથી. બંનેમાં અનંત શક્તિ છે, માટે બાહ્ય તપના સ્થાને બાહ્ય તપ બળવાન છે, અને આભ્યતરના સ્થાને આભ્યંતર તપ બળવાન છે.

દશવૈકાલિક સૂત્રની પ્રથમ ગાથામાં અહિંસા-સંયમ અને તપની આરાધનાને ધર્મ કહ્યો છે : 'ધમ્મો મંગલમુક્કિઠ્ઠં અહિંસા સંજમો તવો.' સંક્ષેપમાં કહેવું હોય તો શાસ્ત્રજ્ઞો કહે છે કે મનની શાંતિ અને સ્વાધિનતા માટે બાહ્ય તપ જ પૂર્ણ સમર્થ છે. વિહંગાવલોકન રૂપે કહેવું હોય તો વાનગીઓમાં ભટકતા મનને વશ કરવા માટે અનશન, પારણામાં તથા એકાસણું-આયંબિલમાં આસક્તિ દૂર કરવા માટે ઉણોદરી તપ; જૂદા જૂદા પદાર્થોની ઈચ્છામાં અનાદિકાળથી ટેવાયે મનને અંકુશમાં લાવવા માટે વૃત્તિસંક્ષેપ; પાપના મૂળ કારણ રૂપ શરીર તથા ઈન્દ્રિયોના સુંવાળાપણાના ભાવમાં રાચતા મન માટે કાયક્લેશ; શરીર તથા અંગોપાંગોને જાણીબૂઝીને ગોપાવી દેવામાં એટલે કે ભોગવાયેલી માયાના ચક્કરમાં જ્યારે મન ફસાતું જાય ત્યારે સંલીનતા તપ વશ કરે છે.

રાઈ-દેવસી પ્રતિક્રમણની આઠ ગાથાઓમાં ૬-૭ ગાથામાં બાર તપનો નિર્દેશ કરી પોતાની શક્તિથી અધિક નહિ તેમ ગોપાવ્યા વગરનો પરાક્રમ તપની આરાધના માટે કરવાનો નિર્દેશ કરાયો છે. (ગા. ૮)

સર્વ તપોમાં ઉત્કૃષ્ટ કક્ષાનો તપ તે સ્વધ્યાય છે. તે અંગે કહેવાયું છે કે 'સ્વધ્યાય સમો તપઃ ન ભૂતો ન ભવિષ્યતિ' સાધુ -સાધ્વીના દૈનિક ક્રમમાં સ્વધ્યાયને ઘણું મહત્ત્વ આપવામાં આવ્યું છે. કહ્યું છે કે તપ નહિ કરે તો ચલાવી શકાય પરંતુ સ્વધ્યાય તો થવો જ જોઈએ ! તેઓના નિત્ય ક્રમમાં પ્રથમ અને દ્વિતીય પ્રહરમાં અનુક્રમે સ્વાધ્યાય અને ધ્યાન, ત્રીજા પ્રહરમાં ભિક્ષાચરી, ચોથામાં વળી સ્વાધ્યાય, રાત્રે પણ એક પ્રહર માત્ર નિદ્રા અને બીજા ત્રણમાં સ્વધ્યાય અને ધ્યાન. તેથી કહ્યું છે કે :-

'પઢમ પોરિસીએ સજ્ઝાયં બીયં જ્ઝાણં જ્ઝિયાયહ ।

તઈયાએ ભિક્ખાયરિયં ચઉત્થી વિ સજ્ઝાયં ॥'

આજકાલ પર્યુષણ કે અન્ય ધાર્મિક અનુષ્ઠાનોમાં એકાસણું, ક્ષીર એકાસણુ, દીપ એકાસણુ, આયંબિલ, વર્ષીતપ, આયંબિલની ઓળી (જે વર્ષમાં બે વાર આવે છે જે સાડા ચાર વર્ષે પૂરી થતાં ઉજમણું કરી પૂરી થાય છે), વર્ધમાન તપની ઓળી જે કેટલાંક સો કે ૧૦૮ સુધી કરે છે. વળી, શ્રેણિતપ, સાંકળી અઠ્ઠમ, મોક્ષ દંડ તપ, પૌષધ, એક, બે, ત્રણ, ચાર, આઠ, પંદર, મહિનાના, બે મહિનાના ઉપવાસ કરે છે. અકબરના વખતમાં શ્રાવિકા ચંપાએ છ માસના ઉપવાસ કર્યા હતાં. અંતગડદસામાં ધારિણીની પુત્રોએ બાલ બ્રહ્મચારી નેમિનાથ પાસે દીક્ષા લઈ ૧૨ ભિક્ષુપ્રતિમાનું પાલન કરી 'ગુણ રત્નસંવત્સર' તપ કરી શત્રુંજયગિરિએ અનશન કરી મોક્ષે ગયા તેની નોંધ કરી છે.

તપનો ખરો ઉદ્દેશ કાક્ષિય છે. વિદ્યુતરજમલ કરવી તે તપનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. રજ અને મલ એટલે વર્તમાનમાં બંધાયેલાં કર્મો અથવા કર્મરજ અને મોહના મેલ; અથવા અનિકાચિત બાંધેલા કર્મો તે રજ અને નિકાચિત બાંધેલા કર્મો તે મલ કહેવાય. આને જેમ રાગ અને દ્વેષની ગ્રંથી તોડી નિગ્રંર્થ થવાનું ફળ મળવું જોઈએ.

મહાન આચાર્ય શય્યંભવસૂરિ કૃત દશવૈકાલિક સૂત્રના ૮માં આચાર પ્રણિધિનામક અધ્યાયની ૬૩મી ગાથામાં આમ છે :- તવે રયસ્સ વિસુજ્ઝઈ જં સિ મલં પુરેકડં (પૂર્વે કરેલા પાપો તપથી વિશુદ્ધ [illegible]પ છે).

આ બધા વિવેચનનો સાર માત્ર એટલો જણાવી શકાય કે :-

'ઈગ-હુતિ-માસક્ખમણં સંવચ્છરમવિ અણસિઓ હુજ્જા ।

સજ્ઝાયઝાણરહિઓ એગોવાસફલં પિ ન લભિજ્જા ॥'

કોઈ એક સાધક સતત એક, બે, ત્રણ મહિના સુધી ઉપવાસ કરે અથવા એક વર્ષ સુધી અણસણ કરે પરંતુ તે દિવસોમાં જો એ સ્વાધ્યાય અને ધ્યાનથી રહિત હશે તો એને એક ઉપવાસનું ફળ પણ પ્રાપ્ત ન થાય.

દશવૈકાલિક સૂત્રની આઠમા 'આચાર પ્રણિધિનામકમધ્યયનં'ની ૬૩મી ગાથા નીચે પ્રમાણે છે :-

સજ્ઝાય-સજ્ઝાણ-રયસ્સ તાઈણો,

અપાપભાવસ્સ તવે રયસ્સ;

વિસુજ્ઝઈ જં સિ મલં પુરેકડં,

સમીરિઅં રુપ્પમલં વ જોઈણા-(૬૩)

સ્વાધ્યાય, સદ્ધ્યાનમાં તન્મય એવો તપસ્વી જે નિષ્પાપ એવા તવમાં તદાકાર થઈ; પૂર્વે કરેલાં પાપના મળને વિશુદ્ધ કરે છે જેવી રીતે અગ્નિ પ્રશસ્ત ધાતુના મળને શુદ્ધ કરે છે.

વળી, નવમા 'વિનયસમાધ્યયન'ની ચતુર્થ ઉદ્દેશની ચોથી ગાથા આ પ્રમાણે છે :-

'ચઉવ્વિહા ખલુ તવસમહી ભવઈ, તં જહા નો ઈહલોગ ઢ્યા એ તવમહિટ્ઠિજ્જા ૧, નો પરલોગઢ્ઢાયાએ તવમહિટ્ઠિજ્જા ૨, નો કિત્તિ વયેગ સદ્દસિલોગઢ્ઢયાએ તવમહિટ્ઠિજ્જાં ૩, નન્નત્થ નિજ્જરઢ્ઢાયાએ તવમહિટ્ઠિજન ૪'

ચાર પ્રકારે સમ્યગ્ રીતે તપ આચારી શકાય. જેમ કે આ લોકની આશાથી તપ ન આચારવો જોઈએ, પરલોકની કામનાથી તપ ન આદરવો જોઈએ, કીર્તિ પ્રશંસા મોટાઈ માટે તપ ન કરવો જોઈએ-સકામ, નિર્જરા સિવાય કોઈ પણ આશયથી તપ તપવો ન જોઈએ. આ ઉપરના વાક્યાંશનો છાયાનુવાદ છે. ક્યાં આ આદર્શ ક્યાં આજની કીર્તિ, પ્રસિદ્ધિ, અભિમાન, ઈર્ષા, હુસા તુસી, માયા, કપટાદિથી થતો તપ !

દશવૈકાલિકની પ્રથમા ચૂલિકાની ૧૮મી ગાથામાં કહ્યું છે કે :-

પાવાણં ચ ખલુ ભો કડાણં કમ્માણં પુવ્વિં દુચ્ચિન્નાણં દુપ્પડિક્કંતાણં વેઈતા મુક્ખો નત્થિ અવેઈત્તા તવસા વા ઝોસઈત્તા ૧૮

આનો ભાવાનુવાદ આ પ્રમાણે નિર્દેશી શકાય :-

કરેલાં પાપ કર્મો જે પૂર્વ ભવોમાં એકત્રિત થયેલાં છે, જેના પ્રતિકાર રૂપે આલોચનાદિ કર્યા નથી તે ભોગવ્યા વગર છુટકો નથી, ભોગવીને મુક્ત થવાય અથવા તપથી બાળી-સુકાવી નાંખીને. અહીં પણ તપરૂપી અગ્નિવડે પૂર્વોના કર્મો બાળી નંખાય છે તેમ સ્પષ્ટ જણાવ્યું છે.

ઉપવાસાદિ બાર પ્રકારના ગમે તે તપ હોય પણ ચરિતાર્થ કરવા હોય તો 'રસવર્જ રસોપ્યસ્ય નિવર્તતે' એ સૂત્ર ધ્યાનમાં રહેવું જોઈએ. પુંડરિક અને કંડરિક બે ભાઈમાંથી કંડરિક હજારો વર્ષ સુધી ઉપવાસ કરે છે પણ આસક્તિનો ત્યાગ ન કર્યો હોવાથી એક દિવસ દીક્ષા છોડી રાજ્ય અંગિકાર કરે છે, અકરાંતરની જેમ ખાય છે, અસ્વસ્થ બને છે. રૌદ્ર ધ્યાનમાં ચઢી નરકે જાય છે, જ્યારે પુંડરિકે આટલા વર્ષો અનાસક્તિથી સુખોપભોગવ્યા અને દીક્ષા લઈ ઉપયોગ-જયણા સહિતનું ચારિત્ર પાળી કાયાનું કલ્યાણ કર્યું.

કહેવામાં આવે છે કે મેરુ પર્વત જેટલો ઊંચો થાય તેટલો મુહપત્તિ અને ઓઘાનો ઢગલો કર્યો છતાં પણ મુક્તિ દૂરની દૂર રહી; કારણ કે આટલી બધી તપશ્ચર્યા એકડા વગરના મીંડા જેવી હતી, શૂન્ય પરિણામવાળી હતી, તેથી તેનું અંતિમ પરિણામ શૂન્ય જ રહ્યું.

નીચેની આ પંક્તિમાં તપનું રહસ્ય તથા પ્રયોજન યથાર્થ રીતે સમજાવ્યું છે :-

ભવકોડીસંચિયં કમ્મં તવસા નિજ્જરિજ્જઈ ।

વિહંગાવલોકન રૂપે વિવિધ તપોની સૂચિ જોઈએ :-

ઈન્દ્રિયજય તપ, કષાયજય તપ, યોગશુદ્ધિ તપ, ધર્મચક્ર તપ, લઘુ અષ્ટાન્હિકા તપ, કર્મસૂદન તપ, એકસોવીશ કલ્યાણક તપ, જ્ઞાનદર્શનચારિત્ર તપ, ચાંદ્રસણ તપ, તીર્થંકર વર્ધમાન તપ, પરમભૂષણ તપ, જિનદીક્ષા તપ, તીર્થંકર જ્ઞાન તપ, તીર્થંકર નિર્વાણ તપ, ઉણોદરિકા તપ, સંલેખના તપ, શ્રી મહાવીર તપ, કનકાવલી તપ, મુક્તાવલિ તપ, રત્નાવલિ તપ, લઘુસિંહ નિષ્ક્રીડીત તપ, બૃહત સિંહનિષ્ક્રીડિત તપ, ભદ્ર તપ, મહાભદ્રતપ, ભદ્રત્તર તપ, સર્વતોભદ્ર તપ, ગુણરત્નસંવત્સર તપ, અગિઆર અંગ તપ, સંવત્સર તપ, નંદીશ્વર તપ, પુંડરીક તપ, માણિક્યપ્રસ્તારિક તપ, પદમોત્તર તપ, સમવસરણ તપ, વીર ગણધર તપ, અશોકવૃક્ષ તપ, એકસો સિત્તેર જિન તપ, નવકાર તપ, ચૌદપૂર્વ તપ, ચતુર્દશી તપ, એકાવલી તપ, દશવિધ યતિધર્મ તપ, પંચ પરમેષ્ટિ તપ, લઘુપંચમી તપ, બૃહત્પંચમી તપ, ચતુર્વિધસંઘ તપ, ઘન તપ, મહાઘન તપ, વર્ગ તપ, શ્રેણિ તપ, પાંચ મેરુ તપ, ૩૨ કલ્યાણક તપ, ચ્યવન-જન્મ તપ, સૂર્યાયણ તપ, લોકનાલિ તપ, કલ્યાણક અષ્ટાન્હિકા તપ, આયંબિલ વર્ધમાન તપ, માઘમાળા તપ, શ્રી મહાવીર તપ, લક્ષપ્રતિપદ તપ, સર્વાંગ સુંદર તપ, નિરૂજશિખ તપ, સૌભાગ્ય કલ્પવૃક્ષ તપ, દમયંતિ તપ, અક્ષયનિધિ તપ (૧), અક્ષયનિધિ તપ (૨), મુકુટ સપ્તમી તપ, અંબા તપ, શ્રુતદેવતા તપ, રોહિણી તપ, તીર્થંકર માતૃ તપ, સર્વસુખસંપત્તિ તપ, અષ્ટપદ પાવડી તપ, મોક્ષ દંડ તપ, અદુઃખદર્શી તપ (૧), અદુઃખદર્શી તપ (૨), ગૌતમ પડઘો, નિર્વાણ દીપક તપ, અમૃતાષ્ટમી તપ, અખંડ દશમી તપ, પરત્રપાલી તપ, સોપાન તપ, કર્મચતુર્થ તપ, નવકાર તપ (નાનો), અવિધવા દશમી તપ, બૃહન્નંદ્યાવર્ત તપ, લઘુ નંદ્યાવર્ત તપ, વીશ સ્થાનક તપ, અંગવિશુદ્ધિ તપ, ૨૮ લબ્ધિ તપ, અશુભનિવારણ તપ, અષ્ટકર્મોત્તર પ્રકૃતિ તપ, અષ્ટપ્રવચન માતૃ તપ, અષ્ટમાસી તપ, કર્મ ચક્રવાત તપ, આગમોક્ત કેવલિ તપ, ચત્તારિ અષ્ટદશદોય તપ, કલંકનિવારણ તપ, ઋષભનાજીકાંતુલા (હાર) તપ, મૌન એકાદશી તપ, કંઠાભરણ તપ, ક્ષીરસમુદ્ર તપ, કોટિશિલા તપ, પાંચ પચ્ચકખાણ તપ, ગૌતમ કમળ તપ, ઘડિયાં બેઘડિયાં તપ, પીસ્તાલીશ આગમનો તપ, ચતુર્ગતિ નિવારણ તપ, ચઉસઠી તપ, ચંદનબાળા તપ, ૯૬ જિનની ઓળી તપ, જિનજનક તપ, ૧૩ કાઠિયાનો તપ, દેવલ ઈંડા તપ, દ્વાદશાંગી તપ, મોટા દશ પચ્ચકખાણ તપ, નાના દશપચ્ચખાણ તપ, નવપદની ઓળી તપ, નવ બ્રહ્મચર્યગુપ્તિ તપ, નિગોદ આયુક્ષય

તપ, નિર્જગીષ્ટ તપ, પદકડી તપ, પાંચ છઠ્ઠ તપ, પાંચ મહાવ્રત તપ, પાર્શ્વજિન ગણધર તપ, પોષ દશમી તપ, બીજનો તપ, મોટો રત્નોત્તર તપ, રત્નરોહણ તપ, બૃહત્સંસારતારણ તપ, લઘુસંસારતારણ તપ, ઋષભદેવ સંવત્સર તપ, શત્રુંજય છઠ્ઠ અઠ્ઠમ તપ, મેરૂત્રયોદશી તપ, શિવકુમાર બેલો તપ, ષટ્કાય તપ, સાત સૌખ્ય આઠ મોક્ષ તપ, સિદ્ધિ તપ, સિંહાસન તપ, સૌભાગ્યસુંદર તપ, સ્વર્ગકરંડક તપ, સ્વર્ગસ્વસ્તિક તપ, બાવન જિનાલય તપ, અષ્ટમહાસિદ્ધિ તપ, રત્નમાળા તપ, ચિંતામણિ તપ, પરદેશી રાજાનો તપ, સુખ દુઃખના મહિમાનો તપ, રત્નપાવડી તપ, સુંદરી તપ, મેરુ કલ્યાણક તપ, તીર્થ તપ, પ્રાતિહાર્ય તપ, પંચરંગી તપ, યુગપ્રધાન તપ. આ પ્રમાણે ૧૬૨ તપોની સૂચિ રજૂ કરવા પ્રયત્ન કર્યો છે.

વિવિધ તપો, તપસ્યાનાં નામાદિ વિધિ, ઉદ્યાપનં, નિર્ણય, ગરણા વગેરેની માહિતી મેળવવા માટે નિમ્નલિખિત ગ્રંથો ઉપયોગી વિવેચના વગેરે આપે છે :

આચારદિનકર, આંચલિક પૂજા, જનપ્રબોધ, જાપમાળા, જૈનધર્મસિંધુ, તપકુલક (ધર્મરત્નમંજૂષા), તપોરત્નમહોદધિ, પંચાશક, પ્રવચન સારોદ્ધાર, બારમાસિકપર્વકથા, વિધિપ્રપા, વિનોદરામ, શ્રાદ્ધવિધિ, સેનપ્રશ્ન.

છેવટે આટલું નોંધી લઈએ કે ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પૂછ્યું કે હે ભગવાન ! તપ કરવાથી જીવને શો લાભ થાય? ત્યારે ભગવાને કહ્યું, 'તવેણ ભન્તે જીવે કિં જણ યઈ ? તવેણ વોદાણં જણં યઈ' તપથી કર્મોનો ક્ષય થઈ જાય છે. ઉત્તરાધ્યનના ૩૦માં અધ્યયનમાં કહ્યું છે 'ભવ કોડી સંચિયં કમ્મં તવસા નિજ્જરિજ્જઈ.' તપથી ક્રોડ જન્મના કર્મો નષ્ટ થઈ શકે છે.

તપની યશોગાથા આગમ સાહિત્યમાં ઠેરઠેર જોવા મળે છે. પન્નવણા સૂત્રમાં ભગવાને કહ્યું છે કે નરકનો જીવ એક હજાર વર્ષસુધી કષ્ટ વેઠી જે કર્મો ખપાવે તેટલાં કર્મો સમજણપૂર્વકના એક ઉપવાસથી ખપે, નારકીનો જીવ લાખ વર્ષ દુઃખ ભોગવી જેટલાં કર્મો ખપાવે તેટલાં કર્મો અહીંયા એક છઠ્ઠ કરવાથી ખપે. એક ક્રોડ વર્ષમાં નારકી જીવ જેટલાં કર્મો ખપાવે તેટલાં કર્મો એક અઠ્ઠમ કરવાથી ખપે; તથા નરકનો જીવ કોટીકોટી વર્ષોમાં જેટલાં કર્મો ખપાવે તેટલાં કર્મો ચાર ઉપવાસથી ખપે. આવો મહાન લાભ તપમાં રહેલો છે. અગ્નિનો એક તણખો રૂની ગંજીને બાળી સાફ કરી નાંખે તેવી રીતે તપ અને સંયમનો એક તણખો કરોડો ભવના એકત્રિત કરેલાં કર્મોની ગંજી બાળી નાંખે છે. અનુત્તરોવવાઈ સૂત્રમાં ધન્ના અણગારની (ધન્યમુનિ) પ્રશંસા તથા અનુમોદના ભગવાન મહાવીરે કરી હતી અને તેમના બધા શિષ્યોમાં તેને અગ્રગણ્ય સ્થાન આપ્યું કારણ કે દીક્ષા પછી જીવન પર્યંત છઠ્ઠના પારણે છઠ્ઠ કરી પારણાના દિવસે આયંબિલ કરવાનું. આવી સુદીર્ઘ તપશ્ચર્યા કરનારાઓમાં કેટલાંક નામો આ પ્રમાણે ગણાવી શકાય :- ૬૦,૦૦૦ વર્ષના આયંબિલ કરનાર ભગવાન ઋષભદેવની પુત્રી સુંદરી. ૬૦,૦૦૦ વર્ષના આયંબિલ કરનાર તામલી તાપસ, જે પારણાના દિવસે જે વાપરાતો તેને એકવીસ વખત ધોઈ સત્વહીન કરી દેતો; વૈયાવચ્ચી નંદિષેણ; વર્ધમાન તપની જોરદાર તપશ્ચર્યાના પ્રભાવે અદ્ભૂતરૂપ તથા લબ્ધિના ધારક ૭૦૦ વર્ષ સુધી ૧૬-૧૬ રોગ સહન કરનારા ચક્રવર્તી સનતકુમાર

ઉપરના લખાણના પૃથક્કરણરૂપે તત્ત્વચિંતનના સંદર્ભમાં આટલું જણાવી શકાય કે બાહ્ય તપમાં તાકાત વધારવા માટે આભ્યંતર તપનું અથવા આભ્યંતર તપમાં બાહ્ય તપનું મિશ્રણ કર્યા વગર છૂટકો નથી. આભ્યંતર તપની જેમ બાહ્ય તપમાં પણ અનંત શક્તિની વિદ્યમાનતા નકારી શકાય તેમ નથી. જો બાહ્યતપ મુક્તિમહેલના દ્વાર સુધી પહોંચાડી શકવા સમર્થ છે; તો આભ્યંતર તપ તે મહેલમાં પ્રવેશ કરાવીને મુક્તિસુંદરીનું હરણ સહેલાઈથી કરાવવામાટે પૂર્ણ સમર્થ છે. તપ કરવાનો શુભ આશય માર્દવ અને વિનયાદિ ગુણો સંપાદન કરવાનો છે; કેમકે વિનયની સુંદર વ્યાખ્યા આ પ્રમાણે આપી શકાય :

"વિનયતિ દૂરી કરોતિ અષ્ટવિધકર્માણિ ઈતિ વિનયઃ"

જૈન શાસનમાં આરાધનાના અનેક પ્રકારો જેવાં કે : વિનય, વૈયાવૃત્ય, જ્ઞાન, ધ્યાન, જપ, તપ. શાસ્ત્રકાર મહર્ષિઓએ તપને મહામંગલકારી કહ્યું છે, કારણ કે બાહ્ય અને આંતર રિદ્ધિસિદ્ધિ તપથી પેદા થાય છે; મંત્રો-તંત્રો તપથી ફળીભૂત થાય છે. આલોકમાં અને પરલોકમાં અનેક પ્રકારની સંપત્તિઓ તપના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. ૫૦ પ્રકારની લબ્ધિ અને અષ્ટ મહાસિદ્ધિ તપના બળે પ્રાપ્ત થાય છે. સંપત્તિની જેમ આપત્તિઓ તપથી દૂર થાય છે, રોગાદિ વિપત્તિઓ દૂર થાય છે.

ભવરોગ અને ભાવરોગરૂપ કર્મનો જડમૂળથી નાશ કરવામાં તપ અપૂર્વ ઔષધ રૂપ છે. આત્માને નિર્મળ અને ઉચ્ચતમ બનાવનાર તપ છે. અસાધ્યમાં અસાધ્ય રોગો તપ વડે નિર્મળ થાય છે. કર્મનિર્જરાનું મહાન સાધન તપ છે. તેનાથી નિબિડમાં નિબિડ નિકાચિત કર્મોનો ભાંગીને ભૂકકો કરાય છે. તપ ખરેખર અચિંત્ય પ્રભાવશાળી અને ઉન્નતમાં ઉન્નત દશા પ્રાપ્ત કરાવનાર છે. તપની તાકાત અનેરી છે તેથી લખ્યું છે :

અથિરં પિ થિરં વંદપિ સજ્જુઅં દુલ્લહંપિ તહ સુલહં ।

દુરુજ્જં પિ સુરુજ્જં, તવેણ સંપજ્જઅં કજ્જં ॥

યદ્ દૂરં યદ્ દુરારાધ્યં યચ્ચ દૂરે વ્યવસ્થિતમ્ ।

તત્સર્વ તપસા સાધ્યં તપો હિ દુરતિક્રમમ્ ॥

કિં બહુણા ભણિએણં જં કસ્સવિ તહવિ કત્થવિ સુહાઈ ।

દીસંતિ ભવણમજ્ઝે તત્થ તવો કારણં ચેવ ॥

મલં સ્વર્ણગતં વહ્નિહંસઃ ક્ષીરગતં જલમ્ ।

યથા પૃથક્કરોત્યેવ જન્તોઃ કર્મમલં તપઃ ॥

ભવકોડિસંચિયં કમ્મં તવસા મિજ્જરિજ્જઇ ।

આ સંદર્ભમાં જોઈએ તો ભગવાન મહાવીરસ્વામીએ તેમના પચ્ચીસમાં નંદનમુનિના ભવમાં ૧૧૮૦૬૪૫ માસખમણની ઘોર તપશ્ચર્યા કરી પુણ્ય પ્રકૃતિની નિકાચના કરી. તીર્થંકરો તપશ્ચર્યાપૂર્વક દીક્ષા અંગીકાર કરે છે. ભગવાન ઋષભદેવે બાર મહિનાની ઘોર તપશ્ચર્યા આદરી. ભગવાન મહાવીરદેવે છ-છ મહિનાની ઉત્કટ તપશ્ચર્યા કરી. ગૌતમસ્વામીએ દીક્ષા પછી જીવનપર્યંત છઠ્ઠના પારણે છઠ્ઠની ઉત્કટ તપશ્ચર્યા આદરી. ભગવાન નેમિનાથના સમકાલીન ઢંઢણ અણગારે છ મહિનાના ઉપવાસના પારણે પારણામાં મળેલ આહાર પરઠવતાં પરઠવતાં કેવળજ્ઞાન મેળવ્યું. ખંધક મુનિના શરીરના હાડ ખખડી ઉઠ્યાં છતાં તપમાં મગ્ન રહ્યા. ૧૪,૦૦૦ સાધુમાં ઉત્કૃષ્ટ અણગાર તરીકે ધન્નાની પ્રશંસા ભરપર્ષદમાં પ્રભુ મહાવીર આમ કરે છે :

સાધુ ચૌદ હજારમાં, ઉત્કૃષ્ટો અણગાર,

વીર જિણંદ વખાણિયો, ધન્ય ધન્નો અણગાર.

મેતરાજ મુનિ માસ-માસ ઉપવાસના પારણે અપૂર્વ ક્ષમા અને સમતા દ્વારા અંતકૃત કેવળી બની સિદ્ધિ સૌધમાં સીધાવ્યા. ભગવાન ઋષભદેવસ્વામી, ભરત, બાહુબલી, બ્રાહ્મી, સુંદરી અને સુયશ છ પુણ્યાત્માઓએ પૂર્વભવમાં ચૌદ ચૌદ લાખ પૂર્વ સુધી જબરજસ્ત તપશ્ચર્યા કરી હતી. અર્જુનમાળી, દૃઢપ્રહારી જેવા મહાહિંસક ક્રુર આત્માઓ પણ તે જ જન્મમાં મુક્તિ મેળવે છે તે તપનો પ્રભાવ છે. નારકનો જીવ ક્રોડ વર્ષો સુધી દુઃખો સહી જે પાપ નિર્જરા કરે છે તેટલા પાપકર્મોની નિર્જરા સમ્યગ્ દૃષ્ટિ આત્મા એક અઠ્ઠમ તપ તપીને કરે છે. તપના મહિમાનું શું વર્ણન કરવું ! ભવોભવના રોગોને દૂર કરવા માટે તપ એ મહાન જડીબૂટ્ટી છે, રામબાણ ઔષધિ છે. કર્મના કઠીન પર્વતોને ભેદવા માટે તપશ્ચર્યા વજ્ર સમાન છે. કાયાની માયા ઉતારનાર પુણ્યાત્માઓ તપના સોપાન સર કરી શકે છે. બાહ્ય તપથી વિષયાસક્તિ દૂર થાય છે; આભ્યંતર તપથી કષાયોનો કકળાટ શમી જાય છે. તપ દ્વારા દેહશુદ્ધિ થાય છે, દેહશુદ્ધિ થતાં મનની શુદ્ધિ થાય છે, અને મન શુદ્ધિ થતાં વાસનાઓ દૂર થાય છે. તપથી આત્મશુદ્ધિ અને આત્મવિકાસ થઈ શકે છે.

■ ■ ■

# સ્વ. અમર જરીવાલા

❑ રમણલાલ ચી. શાહ

આપણા જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય અને સમાજના એક અગ્રણી કાર્યકર શ્રી અમરભાઈ જરીવાલાનું મંગળવાર, તા. ૨૪મી નવેમ્બર, ૧૯૯૨ના રોજ દુઃખદ અવસાન થયું છે. (હૃદય રોગના હુમલાની તકલીફને કારણે છેલ્લાં દોઢ-બે વર્ષથી એમની તબિયત નાદુરસ્ત રહેતી હતી તેમછતાં તેઓ જે ઉત્સાહથી સક્રિયપણે જાહેર કાર્યક્રમોનું આયોજન કરતા રહ્યા હતા તે જોતાં તેઓ આમ અચાનક આપણી વચ્ચેથી ચિરવિદાય લેશે એવી કલ્પના ન હતી. એટલે જ એમના દુઃખદ અવસાનના અચાનક સમાચાર સાંભળતાં જ આઘાત અનુભવ્યો.

સ્વ. શ્રી અમરભાઈ જરીવાલાની પ્રતિભા બહુમુખી હતી. તેઓ સાહિત્ય અને સંસ્કારજગતના એક અનુભવી, પીઢ, દૃષ્ટિસંપન્ન કાર્યકર હતા. સાથે સાથે ગુજરાતી રંગભૂમિને પણ એમણે પોતાનું એક જીવંત કાર્યક્ષેત્ર બનાવી દીધું હતું. છેલ્લાં દોઢેક દાયકાથી તેઓ રાજકારણમાં પણ સક્રિય ભાગ લેતા રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના તેઓ મુંબઈ અને ગુજરાતના એક અગ્રગણ્ય કાર્યકર્તા હતા. આથી એમના સ્થાનથી વિવિધ ક્ષેત્રોને ન પૂરાય એવી ખોટ પડી છે.

શ્રી અમરભાઈ જરીવાલા સાથેનો મારો અંગત સંબંધ ઠેઠ કિશોરાવસ્થાથી હતો. એમના કુટુંબ સાથે અમારા કુટુંબને ગાઢ સંબંધ રહ્યો હતો. અમરભાઈના મોટા ભાઈ શ્રી હીરાચંદભાઈ મારા વડીલ બંધુ શ્રી જયંતીભાઈના ખાસ અંગત મિત્ર હતા. ૧૯૪૦ની આસપાસ અમે મુંબઈમાં ખેતવાડીમાં રહેતા હતા એ વખતે ખેતવાડી ચોથી ગલીના નાકે પારસીઓની એક અગિયારી હતી. તે દિવસોમાં આસપાસ પારસીઓની વસતી ઘણી ઘટી જવાને કારણે એ અગિયારીની ઉપયોગિતા ઓછી થતાં તે તોડી નાખવામાં આવી અને એ જગ્યાએ 'લાભ નિવાસ' નામનું નવું મકાન તૈયાર થયું. એ નવા મકાનમાં શ્રી બાબુભાઈ ફકીરચંદ ઝવેરી પોતાના પરિવાર સાથે રહેવા આવ્યા. એમના સૌથી મોટા પુત્ર તે હીરાચંદભાઈ. ખેતવાડીમાં અમે નજીક નજીકના મકાનોમાં રહેતા હતા એટલે હીરાચંદભાઈ દરરોજ સાંજે અમારા ઘરે અવશ્ય બેસવા આવતા અને તેઓ તથા મારા મોટાભાઈ સાથે ફરવા જતા. હીરાચંદભાઈ અને તેમનાં પત્ની ...ળાબહેન સાથે એ દિવસોમાં મારા ભાઈ-ભાભી રાણકપુરની યાત્રાએ ગયેલાં ત્યારે હું પણ તેમની સાથે જોડાયેલો હતો. એનું સ્મરણ હજુ પણ તાજું છે. બાબુભાઈના બીજા પુત્ર અમરભાઈ શાળાનો અભ્યાસ કરી સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં જોડાયા. ઈ. સ. ૧૯૪૪માં મેટ્રિકની પરીક્ષા પાસ કરીને હું ઝેવિયર્સ કૉલેજમાં જોડાયો. ત્યારે અમરભાઈ બી. એ.માં અભ્યાસ કરતા હતા. તેઓ મારા કરતાં ત્રણ વર્ષ આગળ હતા. કૉલેજના વિદ્યાર્થીઓમાં મારે તેમની સાથે વધુ નજીક આવવાનું બન્યું તેનું એક વિશેષ કારણ તે તેમણે બી. એ.માં મુખ્ય વિષય તરીકે ગુજરાતી સાહિત્યનો વિષય લીધો હતો અને ગૌણ વિષય 'સંસ્કૃત' લીધો હતો.

મારે પણ આગળ જતાં બી. એ.માં ગુજરાતી અને સંસ્કૃત વિષયો લેવા હતા. કવિ બાદરાયણ ત્યારે ઝેવિયર્સ કૉલેજમાં પ્રાધ્યાપક હતા અને એમના નામથી આકર્ષાઈને કેટલાય વિદ્યાર્થીઓ ગુજરાતી વિષય લેવા માટે ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થતા. સંસ્કૃત વિષયના અમારા પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલા હતા. તેઓ પણ વિદ્વાન અને નામાંકિત હતા. એટલે સંસ્કૃત વિષય લેવા માટે વિદ્યાર્થીઓ ઝેવિયર્સમાં આવતા. ઝાલા સાહેબ બે પેપર ગુજરાતીના શીખવતા.

અમરભાઈનું મૂળ નામ તે અમરચંદ બાબુભાઈ ઝવેરી. કૉલેજમાં અમે એમને અમરચંદ ઝવેરી તરીકે જ ઓળખતા. બાદરાયણના નિવૃત્ત થયા પછી ઝેવિયર્સ કૉલેજમાં કવિ મનસુખલાલ ઝવેરી ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે આવ્યા. ત્યારે કૉલેજના ગુજરાતી સાહિત્ય મંડળના પ્રમુખ ગૌરીપ્રસાદ ઝાલા હતા. એટલે મનસુખલાલ ઝવેરીએ કૉલેજના વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જોડાઈ શકે એ હેતુથી 'સંસ્કાર મંડળ' નામની એક સંસ્થા કેટલાક વિદ્યાર્થીઓ સાથે મળીને ચાલુ કરેલી. એમાં અમરભાઈએ પોતાના મિત્રો સાથે ઘણો સક્રિય ભાગ લીધો હતો. એથી સંસ્કાર મંડળ એક વર્ષમાં જ બહુ જાણીતું થઈ ગયું હતું. અમરભાઈએ તે વખતે પોતાનું નામ ટૂંકાવીને અમરચંદ ઝવેરીને બદલે અમર ઝવેરી ચાલુ કર્યું હતું. જો કે સંસ્કાર મંડળ આંતરિક સંઘર્ષોને કારણે ચાલ્યું નહિ, પરંતુ એ મંડળ દ્વારા અમરભાઈની એક આયોજક તરીકેની શક્તિ ઘણી વિકાસ પામી. અમરભાઈ ઘરના સુખી અને સાધન-સંપન્ન હતા એટલે તેઓ બધે ઘૂમી વળતા અને ઘણા સાહિત્યકારો અને ઈતર ક્ષેત્રોના આગેવાનોનો જાતે સંપર્ક કરતા અને કાર્યક્રમોનું સરસ આયોજન અને સંચાલન કરતા. આમ કૉલેજ કાળથી જ એમનું મિત્ર વર્તુળ વિસ્તરતું ગયું હતું અને નેતૃત્વના ગુણ પણ એમનામાં વિકાસ પામતા રહ્યા હતા. બી. એ.માં સાહિત્ય એમનો વિષય હતો એટલે સાહિત્યજગતમાં એમને ઘણો રસ હોય એ સ્વાભાવિક હતું. સંસ્કાર મંડળના ઉપક્રમે નાટક અને સંગીતના કાર્યક્રમો થતા રહ્યા એટલે નાટ્યજગતમાં પણ તેઓ ઘણો રસ લેવા લાગ્યા હતા, જે ત્યાર પછી નાટ્યજગતની તત્કાલીન સંસ્થાઓના કાર્યક્રમોથી આગળ વધીને 'રંગભૂમિ'ની એમની પ્રવૃત્તિઓમાં પરિણમ્યો હતો. પોતાની આર્થિક નિશ્ચિંતતાને કારણે તેઓ એ માટે સમયનો પણ ઘણો ભોગ આપી શકતા.

ઘરના સુખી હોવાને જ કારણે એમણે બી. એ. પાસ કર્યા પછી ઝેવિયર્સ કૉલેજને પોતાના પિતાના નામથી 'બાબુભાઈ ઝવેરી ટ્રૉફી' ગુજરાતી આંતરકૉલેજ વક્તૃત્વ સ્પર્ધા માટે આપી હતી. ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે, ઝાલાસાહેબ અને મનસુખલાલ ઝવેરી સાથે એ સ્પર્ધાના સંચાલનની જવાબદારી મારે માથે આવી હતી.

૧૯૭૦માં ઝેવિયર્સ કૉલેજ છોડીને હું મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકે જોડાયો અને એ સ્પર્ધા બંધ પડી ત્યારે એ ટ્રૉફી મેં અમરભાઈને કૉલેજ પાસેથી પાછી અપાવી હતી. આજીવન ખાદીધારી અમરભાઈ સ્વભાવે બહુ મિલનસાર, સદાય હસતા, બીજાનું કામ કરવા માટે તત્પર હતા. તેઓ અત્યંત નિખાલસ, પ્રેમાળ હૃદયના અને સ્વતંત્ર વિચાર ધરાવનારા હતા. પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે તેઓ વ્યક્ત કરતા. એમની આ પ્રકૃતિને જ કારણે કૌટુંબિક સમસ્યાને લીધે એ વર્ષોમાં તેઓ ઘર છોડીને ભાગી ગયા હતા. મને યાદ છે કે એ વખતે અમરભાઈને શોધવા માટે હીરાચંદભાઈ મારા મોટા ભાઈ જયંતીભાઈને બોલાવવા ઘરે આવ્યા ત્યારે એમની સાથે હું પણ ગયો હતો. મુંબઈમાં અમરભાઈનાં જવા જેવાં સંભવિત સ્થાનોમાં તપાસ કરવા અમે ઘણું રખડ્યા હતા, પરંતુ અમરભાઈ મળ્યા નહિ, કારણ કે તેઓ તો પેશાવર એક્સપ્રેસમાં (ત્યારે પાકિસ્તાન થયું નહોતું) બેસીને ઠેઠ લાહોર પહોંચી ગયા હતા. (૧૯૪૭ના ભારત-પાકિસ્તાનના વિભાજન વખતે થયેલી હિંસા અને હિજરતના કાળમાં અમરભાઈ લાહોરમાં હતા અને ત્યાંથી સહી સલામત ભારતમાં આવી ગયા હતા.) એમના મનનું સમાધાન થતાં તેઓ પાછા ઘરે આવ્યા હતા અને ફરીથી એ જ કૌટુંબિક સુમેળ સાથે એમની જાહેર પ્રવૃત્તિઓ ચાલુ થઈ હતી. પરંતુ હવે એમને પોતાની કૌટુંબિક અટક ઝવેરી છોડીને પોતાના વડવાઓની 'જરીવાલા' અટક ચાલુ કરી હતી. એમણે કનૈયાલાલ મુનશીના પરિવારનાં દામિનીબહેન વીણ સાથે

લગ્ન કર્યા. એમનાં લગ્ન આંતરજ્ઞાતીય હતાં એટલે એ જમાનાની દૃષ્ટિએ ક્રાન્તિકારક ગણાયા હતાં. દામિનીબહેન સાથે એમણે નાટ્યજગતની અને ઈતર સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ ઘણી બધી કરી. કૉલેજકાળના એમના મિત્રોનો પણ એમને ઘણો સારો સહકાર મળતો રહ્યો હતો.

અમરભાઈના પિતાશ્રી બહુ ધર્મપ્રેમી હતા. પાલિતાણામાં અચાનક એમનું અવસાન થયું ત્યારે આખું કુટુંબ ચાર્ટર વિમાન કરીને ભાવનગર જઈને પાલીતાણા પહોંચી ગયું હતું. ત્યાર પછી થોડાક વર્ષે વડીલબંધુ હીરાચંદભાઈ પણ અવસાન પામ્યા.

વ્યવસાય અર્થે અમરભાઈ કેટલાંક વર્ષ કલકત્તા જઈને રહ્યા હતા. જો કે તેમને મોટા ધનપતિ થવા કરતાં સાંસ્કારિક પ્રવૃત્તિઓ કરવાનું વિશેષ રુચતું. ત્યાં પણ તેમણે બહોળું મિત્ર વર્તુળ ઊભું કર્યું હતું. કલકત્તાના સાહિત્યિક અને સંસ્કારલક્ષી જીવનને એમણે ઘણું ચેતનવંતુ બનાવ્યું હતું. કલકત્તામાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં અમરભાઈનું યોગદાન પણ ઘણું મોટું રહ્યું હતું.

કલકત્તાથી મુંબઈ કાયમ માટે રહેવા આવી ગયા પછી અમરભાઈએ મુંબઈમાં નાટક અને સાહિત્ય જગતની જાહેર પ્રવૃત્તિઓ આરંભી દીધી હતી. વખત જતાં પોતાના મિત્રો સાથે તેઓ રાજકારણમાં ખેંચાયા. બીજી બાજુ દામિનીબહેન પૂર્ણિમાબહેન પકવાસા સાથે ધ્યાનમાર્ગ તરફ વળ્યાં, શ્રી અરવિંદ તથા માતાજી તરફ વધુ આકર્ષાયાં અને વખતોવખત પોંડિચેરી જવા લાગ્યાં. આ મિત્ર દંપતી મળે ત્યારે ઘણી વાર હું હસીને કહેતો કે 'સંસ્કારજગત' પ્રવૃત્તિઓમાંથી દામિનીબહેન, તમે સત્ત્વ ગુણ તરફ વળ્યાં છો અને અમરભાઈ રજસ્ ગુણ તરફ વળ્યા છે.' (અમરભાઈના અવસાન પ્રસંગે દામિનીબહેને સ્વસ્થતા, સમતા, ધૈર્ય દાખવ્યાં તેમાં સત્ત્વ ગુણની ઉપાસના દ્વારા પ્રાપ્ત થયેલ દિવ્યતેજની ઝાંખી થતી હતી.) મારા તંત્રીપણા હેઠળ 'પ્રબુદ્ધ જીવન'માં રાજકારણના લેખોનું પ્રમાણ ઘણું ઓછું થયું અને ધર્મ-તત્ત્વ- ચિંતનના લેખોનું પ્રમાણ વધ્યું. એથી અમરભાઈને એમાં રસ ઓછો પડવા લાગ્યો અને દામિનીબહેન પ્રત્યેક અંક બહુ રસપૂર્વક આખો વાંચી જવા લાગ્યાં. તેઓ જ્યારે મળે ત્યારે પોતે વાંચેલા લેખોની વાત અવશ્ય કરે જ.

અમરભાઈના પિતા બાબુભાઈ ફકીરચંદ ઝવેરી સૂરતમાં શત્રુંજય વિહાર ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. એમના સ્વર્ગવાસ પછી વારસગત હકથી એ ટ્રસ્ટના ટ્રસ્ટી અમરભાઈ બન્યા. એ પછી એમણે પોતાની દુરંદેશીથી ટ્રસ્ટને બહુ કાર્યાન્વિત બનાવી દીધું હતું. શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે સૂરતમાં જૈન સાહિત્ય સમારોહના આયોજનની મુખ્ય જવાબદારી અમરભાઈએ ઉપાડી લીધી હતી. આ રીતે એક યાદગાર ઐતિહાસિક જૈન સાહિત્ય સમારોહ સૂરત ખાતે યોજાયો હતો. તેનો મુખ્ય યશ અમરભાઈના ફાળે જાય છે. એ કાર્યક્રમથી પ્રેરાઈને અમરભાઈને શત્રુંજય વિહાર ટ્રસ્ટના ઉપક્રમે દર વર્ષે એક વ્યાખ્યાનમાળા યોજવાનું નક્કી કર્યું અને તે અનુસાર પ્રત્યેક વર્ષે વિવિધ વ્યાખ્યાનમાળાઓનાં વ્યાખ્યાનો તેઓ ગોઠવતા રહ્યા હતા. એ વ્યાખ્યાનશ્રેણીની શરૂઆત એમણે જૈન ધર્મ વિશેનાં મારાં અને મારાં પત્ની તારાબહેનનાં વ્યાખ્યાનોથી કરી હતી એનું અમને ગૌરવ છે. આ વ્યાખ્યાનશ્રેણીને નિમિત્તે અમારે સૂરત વારંવાર જવાનું થતું એથી સુરત સાથે અને બીજા ટ્રસ્ટી શ્રી બાબુભાઈ જરીવાલાના પરિવાર સાથે અમારી આત્મીયતા વધી હતી.

ઝેવિયર્સ કૉલેજના મિત્રો હોવાને નાતે હું અને અમરભાઈ અમારા પૂજ્ય પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ઝાલાના પણ વિદ્યાર્થી હતા. ઝાલાસાહેબનાં સ્વર્ગવાસ વખતે યોજાયેલી શ્રદ્ધાંજલિ સભામાં મેં પ્રસ્તાવ મૂક્યો હતો કે ઝાલા સાહેબના લેખો વગેરે ગ્રંથસ્થ સ્વરૂપે પ્રગટ કરવામાં આવે એ જરૂરી છે. આ કાર્ય માટે શ્રી અમરભાઈએ, અન્ય વિદ્યાર્થીઓ સહિત, ઉત્સાહપૂર્વક ટેકો આપ્યો, સારું ફંડ એકત્રિત થયું અને ઝાલા સાહેબના તમામ લખાણો અમે પાંચેક ગ્રંથના સ્વરૂપે પ્રગટ કરી શક્યા એ અમારા માટે બહુ આનંદ અને ગૌરવની વાત રહી હતી.

અમારા શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો સ્વર્ગવાસ થયો ત્યારે રાજદ્વારી વિષયો ઉપર પ્રતિવર્ષ યોજાતી વસંત વ્યાખ્યાનમાળાનું આયોજનનું સુકાન કોને સોંપવું એનો જ્યારે વિચાર કરવાનો આવ્યો ત્યારે અમારા સૌની નજર દેખીતી રીતે જ અમરભાઈ ઉપર પડી. અમરભાઈ પોતાને સોંપાયેલી આ જવાબદારી નિષ્ઠાપૂર્વક કરતા. પોતાના બોહળા રાજદ્વારી સંપર્ક દ્વારા રાજકારણના ક્ષેત્રે નામાંકિત વ્યક્તિઓનાં વ્યાખ્યાનો તેઓ આ વસંત વ્યાખ્યાનમાળામાં યોજતા રહ્યા હતા.

અમરભાઈ સભાઓના માણસ હતા. સભાઓનું આયોજન કરવું, નવા નવા વ્યાખ્યાતાઓને વ્યાખ્યાન માટે નિમંત્રણ આપવાં, વિવિધ ક્ષેત્રની યોગ્ય વ્યક્તિઓનું જાહેરમાં સન્માન કરવું આ એમની અત્યંત પ્રિય પ્રવૃત્તિ હતી. થોડો વખત પણ સભા વગરનો જાય તો અમરભાઈને ચેન પડતું નહિ. જે જે સંસ્થામાં પોતે સક્રિયપણે જોડાયા હોય તે તે સંસ્થાઓ દ્વારા કોઈને કોઈ પ્રકારની સભાઓનું આયોજન તેઓ કરાવતા રહેતા. એ આયોજનમાં તેઓની દીર્ઘદૃષ્ટિ રહેતી. તેઓ છ-બાર મહિના અગાઉથી વિચાર કરતા. કોઈની જન્મ શતાબ્દી હોય, કોઈની અર્ધ શતાબ્દી હોય કે રજત જયંતી હોય તો અમરભાઈએ તેનો અગાઉથી વિચાર કરી રાખેલો હોય. તે માટે તેઓ તેનું આયોજન કુશળતાપૂર્વક કરતા.

રાજદ્વારી ક્ષેત્રે પણ તેઓ વૈચારિક જાગૃતિ અને ક્રાંતિ આણવા માટે સતત પ્રવૃત્તિશીલ રહેતા અને તેવા પ્રકારની સભાઓનું આયોજન કરતા-કરાવતા રહેતા.

તેઓ સ્પષ્ટ વક્તા હતા. કેટલીક વાર ગ્રંથિ બંધાઈ જાય એટલી હદ સુધીનું તેમનું સ્પષ્ટ વક્તવ્ય રહેતું. એમના ઉષ્માભર્યા સ્નેહબંધનને કારણે જ એમના સ્પષ્ટ વક્તવ્ય માટે મિત્રો માઠું લગાડતા નહિ. બીજી બાજુ અમરભાઈ પણ ભૂતકાળની એવી વાતોને વાગોળ્યા વિના ઉદાર દિલથી સ્નેહસંબંધો સાચવતા. એથી જ ઠેઠ શાળા અને કૉલેજકાળની એમની કેટલાક મિત્રો સાથેની મૈત્રી જીવનપર્યંત ઉષ્માભરી રહી હતી.

રાજકારણના ક્ષેત્રે ભરૂચ જિલ્લાની કે મુંબઈની વિધાનસભાની બેઠક માટેની ચૂંટણીમાં અમરભાઈ સફળ થયા નહોતા, પરંતુ ગુજરાત રાજ્યના જી. એમ. ડી. સી.ના ચેરમેન તરીકે તેમની કામગીરી સફળ રહી હતી. રાજકારણમાં પડેલી વ્યક્તિઓનો પત્રકારો સાથે સારો ઘરોબો રહેવો જોઈએ એમ તેઓ માનતા. એથી જ ગુજરાત સરકારનાં જી. એમ. ડી. સી.નાં આયોજનો નજરે જોવા માટે એમણે પત્રકારોની વખતોવખત ભિન્ન ભિન્ન સ્થળે આવેલા કાર્યક્ષેત્રોની મુલાકાતો ગોઠવી હતી. નર્મદાકાંઠે કડીપાણી ખાતે યોજાયેલાં એવા એક મિલનનાં મારાં સ્મરણો હજુ તાજાં છે.

અમરભાઈના અવસાનથી એક શક્તિશાળી, પ્રતિભાવંત, દૃષ્ટિસંપન્ન, ઉષ્માભર્યા મિત્રની અંગત રીતે મને ખોટ પડી છે.

પ્રભુ એમના આત્માને શાન્તિ અર્પો !

■ ■ ■

## ક્ષમાયાચના

"પ્રબુદ્ધ જીવન"નો નવેમ્બરનો અંક લગભગ ચારેક અઠવાડિયાં મોડો પ્રકાશિત થાય છે. એ વિલંબ માટે વાચકોની ક્ષમા પ્રાર્થીએ છીએ.

❑ તંત્રી

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ● ● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ● ● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ફોન : ૩૫૦૨૯૬, મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.

વર્ષ : ૩ ● અંક : ૧૨ ● તા. ૧૬-૧૨-૧૯૯૨ ● Regd. No. MH.By / South 54 Licence No. : 37

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર ● ● ●

# પ્રબુદ્ધ જીવન

● ● ● પ્રબુદ્ધ જીવન પાક્ષિક ૧૯૩૯થી ૧૯૮૯ : ૫૦ વર્ષ ● ● વાર્ષિક લવાજમ રૂ.૩૦ ● ● ●

તંત્રી : રમણલાલ ચી. શાહ

## નિવૃત્તિકાળ

છેલ્લાં કેટલાક સમયથી પશ્ચિમના ધનાઢ્ય દેશોમાં, વિશેષતઃ અમેરિકામાં મંદીને કારણે ખોટ કરતી કેટલીક મોટી મોટી કંપનીઓ પોતાના સ્ટાફના સભ્યો માટે સ્વૈચ્છિક નિવૃત્તિની આકર્ષક યોજનાઓ અમલમાં મૂકવા લાગી છે. સ્વૈચ્છાએ નિવૃત્ત થનાર વ્યક્તિઓને કંપની ખુશીથી ઘણું મોટું નિવૃત્તિ ભથ્થુ આપે છે. આવી રીતે પરસ્પર પ્રેમથી અને રાજીખુશીથી નિવૃત્ત થવાની સોનેરી તકને કેટલાક Golden Handshake તરીકે ઓળખાવે છે. આર્થિક મંદીને કારણે, મોટા પ્રોજેક્ટ નિષ્ફળ જવાને કારણે અથવા ઊંચા પગારવાળી વ્યક્તિઓની સંખ્યા વધી જવાને કારણે Top Heavy બની ગયેલી કંપનીઓને સ્ટાફના વધુ સભ્યો રાખવાનું આર્થિક દૃષ્ટિએ પરવડતું નથી. આથી સારું નિવૃત્તિ ભથ્થુ આપીને માણસોને છૂટા કરવાનું પરસ્પર હિતમાં છે. આવી રીતે પચાસથી સાઠની ઉંમર વચ્ચે નિવૃત્ત થયેલા માણસોમાંથી કેટલાક બીજા વ્યવસાયમાં જોડાઇ જાય છે, તો કેટલાક પોતાના નિવૃત્ત જીવનને આનંદ પ્રમોદપૂર્વક બહુ જ સારી રીતે માણે છે. પશ્ચિમના દેશોમાં સરેરાશ આયુષ્ય સિત્તેરથી વધુ વર્ષનું હોય છે. ત્યાં કેટલાક માણસો માટે પોતાના વ્યાવસાયિક કાળ કરતાં પણ નિવૃત્તિકાળ મોટો રહે છે. આવડા મોટા નિવૃત્તિકાળને આયોજનપૂર્વક ઉલ્લાસથી સક્રિયપણે માણીને તેઓ જીવનને સભર, સફળ બનાવી દેવા ઇચ્છે છે. કેટલાકને માટે અકાળે લીધેલી સ્વૈચ્છિક નિવૃત્તિ તાત્કાલિક સારી લાગે છે, પણ વખત જતાં તે આર્થિક દૃષ્ટિએ કપરી બને છે. દુનિયાના બીજા દેશો કરતાં અમેરિકાના લોકો વ્યવસાયઘેલા, Dollar-minded; Workoholic વધુ હોય છે એમ મનાય છે. માટે જ કહેવાય છે કે Americans hardly ever retire from business. Either they are carried out feet first or they jump from a window પરંતુ અમેરિકામાં પણ હવે વધુ ને વધુ લોકો નિવૃત્તિ જીવનને માણવા તરફ વળવા લાગ્યા છે.

વૃદ્ધાવસ્થા એ જીવનનો ક્રમ છે. કાળ કોઇને મૂકતો નથી. કાળ જીવનની કસોટી કરનારું એક મોટું તત્ત્વ છે. જીવન સતત ગતિશીલ, વૃદ્ધિશીલ છે. નાનાં બાળકો ઝટ ઝટ મોટાં થઇ જાય છે, યુવાનો વૃદ્ધ થાય છે અને વૃદ્ધો જીવનકાળ પૂર્ણ કરીને વિદાય લઇ લે છે.

દેહ એકનો એક હોય છે, પણ વય વધતાં એના ધર્મો બદલાય છે. 'પહેલાં જેવું હવે ખવાતું નથી', 'પહેલાં જેવું હવે ચલાતું નથી', 'પહેલાં જેવું હવે દેખાતું નથી', 'પહેલાં જેવું હવે યાદ રહેતું નથી' વગેરે પ્રકારની ફરિયાદો ઘણા પાસેથી સાંભળીએ છીએ. શરીર અને મન ઉપર કાળનો એ પ્રભાવ છે.

'કાબે અર્જૂન લૂંટિયો, વોહી ધનુષ્ય વોહી બાણ' એ કુરુક્ષેત્રમાં લડનાર બાણાવળી અર્જૂનની અશક્ત વૃદ્ધાવસ્થાનું ચિત્ર છે. ઘડપણમાં તેજસ્વી શક્તિઓનો હ્રાસ થવા લાગે છે. કેટલાક એને માટે સભાન થઇ જાય છે અને વાસ્તવિકતાનો સ્વીકાર કરી લે છે. માણસને લાકડીને ટેકે ચાલતાં શરૂઆતમાં બહુ શરમ આવે છે, પણ પછી ટેવ પડતાં લાકડી એના અનિવાર્ય અંગરૂપ બની જાય છે. કોઇના પણ મૃત્યુ પ્રસંગે આંખમાં એક પણ આંસુ ન આવવા દઇ, પૂરી સ્વસ્થતા ધારણ કરનાર અને પોતાને મૃત્યુનો કોઇ જ ડર નથી એવું વખતોવખત ભારપૂર્વક કહેનાર એક વડીલને કેન્સરનો વ્યાધિ થયો અને પોતે હવે થોડા દિવસના મહેમાન છે એવી જાણ થતાં વાતે વાતે ગળગળા બની, રડી પડતા જોયા છે. શરીર અને મનમાં કોઇક એવી પ્રક્રિયા થાય છે જે એના નિત્ય નૂતન એવા આત્માને લાચાર કરી મૂકે છે. પંડિત સુખલાલજી કહેતા કે માણસે 'વયોધર્મ'ને ઓળખતાં શીખવું જોઇએ. પોતાની બદલાતી જતી ઉંમર અનુસાર માણસે જીવનમાં પરિવર્તન આણવું જોઇએ.

ભારતીય સાંસ્કૃતિક પરંપરામાં પચાસની વય પછી વાનપ્રસ્થાશ્રમ શરૂ થાય છે. નિવૃત્ત થવાનો કાળ હવે આવી પહોંચ્યો છે એની એ એંધાણી છે. પચાસની ઉંમર પછી ઘણાખરા માણસોના શરીરમાં નાના-મોટા કોઇક રોગ ઘર કરવા લાગે છે. સરેરાશ માણસના શરીરમાં શક્તિ-સ્ફુર્તિ ઘટવાની શરૂઆત થવા લાગે છે. આથી જ દુનિયાના ઘણાખરા દેશોમાં ૬૦-૬૫ની ઉંમરને નિવૃત્તિવય તરીકે ગણવામાં આવે છે.

રાજસ્થાની ભાષામાં કહ્યું છે :

**પુરુષ ભવે પ્રાયીક, વર્ષ ચાલીસાં મીઠો,**
**કડુવો હોય પચાસ, સાઠ તિહાં ક્રોધ પઈઠ્ઠો.**

ચાલીસની ઉંમર સુધી માણસ મીઠો લાગે છે. પછી એનામાં અનિષ્ટ શારીરિક પરિવર્તન આવવા લાગે છે. સાઠ-સિત્તેરની ઉંમર પછી તો કેવી દશા થાય છે, તેનું વાસ્તવિક ચિત્ર પંચતંત્રમાં દોર્યું છે :

गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलि–
दृष्टिर्नश्यति वर्धते बधिरता वक्त्रं च लालायते ।
वाक्यं नाद्रियते च बान्धवजनो भार्या न शुश्रुषते
हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥

[વૃદ્ધાવસ્થામાં ગાત્રો સંકોચાઇ જાય છે, ગતિ સ્ખલિત થઇ જાય છે, દાંત પડવા લાગે છે, નેત્રજ્યોતિ ઝાંખી થાય છે, બહેરાપણું વધે છે, મોંઢામાંથી લાળ પડે છે, બાંધવો આદર કરતા નથી, પત્ની સેવા ચાકરી કરતી નથી, અરે, દીકરાઓ પણ દુશ્મન થઇ જાય છે.]

શેક્સપિયરે પણ પોતાના એક નાટકમાં એક પાત્ર દ્વારા વૃદ્ધનું સરસ શબ્દચિત્ર દોર્યું છે.

Have you not a moist eye ? a dry hand ? a yellow cheek? a white beard ? a decreasing leg ? an increasing belly ? Is not your voice broken ? your wind short ? your chin double ? your wit single ? and every part about you blasted with antiquity ?

માણસે જીવનમાં ક્યાં સુધી કામ કર્યા કરવું ? એના જવાબ જુદા જુદા હોઇ શકે, પણ મનુષ્ય હોય કે પશુપંખી, એના શરીરને ઘસારો લાગ્યા વિના રહેતો નથી. માણસ સ્વૈચ્છાએ નિવૃત્ત ન થાય તો પણ કુદરત એને છોડતી નથી.

કેટલાક લોકો માટે નિવૃત્તિ એ મરજી વગર ફરજિયાત અચાનક આવી પડેલી પરિસ્થિતિરૂપ હોય છે, કેટલાકને માટે નિવૃત્તિ એ અપેક્ષિત અને સ્વીકાર્ય ઘટનારૂપ હોય છે. બહુ ઓછાં લોકો માટે નિવૃત્તિ એ ઉત્સુક્તાપૂર્વક રાહ જોવાયેલી આશીર્વાદરૂપ પરિસ્થિતિ હોય છે.

નિવૃત્તિકાળની ત્રણ મોટી સમસ્યાઓ છે : (૧) ગુજરાન માટે આજીવિકાની વ્યવસ્થા (૨) આરોગ્યની જાળવણી અને (૩) સમય પસાર કરવાની ચિંતા.

નિવૃત્તિની વય બધા દેશોમાં એકસરખી નથી હોતી. સરકારી અને અન્ય પ્રકારની નોકરીઓમાં પણ તત્કાલીન પરિસ્થિતિ અનુસાર વયમર્યાદામાં ફેરફારો થયા કરે છે. કેટલાક સમય પહેલા અમેરિકામાં મારા એક વિદ્યાર્થી મળ્યા હતા. તેઓ એક યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. સાઠની ઉંમર તેઓ વટાવી ચૂક્યા છે. અમેરિકામાં ઘણી યુનિવર્સિટીમાં નિવૃત્તિની વય પાંસઠ વર્ષની છે. એટલે મેં એમને સહજ પ્રશ્ન કર્યો કે તમારે નિવૃત્ત થવાને હવે ત્રણ-ચાર વર્ષની વાર હશે. એમણે કહ્યું; 'હા, પહેલાંના નિયમ પ્રમાણે ત્રણ-ચાર વર્ષની વાર હતી, પરંતુ અમારી યુનિવર્સિટીએ નિવૃત્તિની વય હવે સિત્તેરની કરી છે અને કદાચ આગળ જતાં પંચોતેરની પણ કરશે.' મને એમની વાત સાંભળી આશ્ચર્ય થયું.

તેમણે કહ્યું કે 'અમારા ક્ષેત્રમાં, અમારા વિષયમાં યોગ્ય વ્યક્તિઓ જલદી મળતી નથી. એટલે પાંસઠની નિવૃત્તિવયનો કડક અમલ કરવાને કારણે અમારા યુનિવર્સિટીના કેટલાક વિભાગોમાં યોગ્ય માણસના અભાવે વિદ્યાર્થીઓને શિક્ષણ બરાબર અપાતું નહોતું એટલે અમારી યુનિવર્સિટીએ આ નવો નિયમ દાખલ કર્યો છે. માણસ સશક્ત હોય અને સ્વૈચ્છાએ સારું કાર્ય કરી શકે એમ હોય તો તેને નિવૃત્ત કરવાની જરૂર નથી.'

જે દેશોમાં અને જે ક્ષેત્રોમાં યોગ્ય માણસોની ઉણપ હોય અને બેકારીનો પ્રશ્ન હોય નહિ તે ક્ષેત્રમાં આવી રીતે નિવૃત્તિની વય લંબાવવાની સત્તાવાળાઓને ફરજ પડે એ સ્વાભાવિક છે.

જે દેશોમાં બેકારી ઘણી હોય, સુશિક્ષિત બેકારોની સંખ્યા પણ ઘણી મોટી હોય ત્યાં પંચાવન- અઠ્ઠાવન- સાઠ વર્ષની નિવૃત્તિ વય હોય તો નીચેના માણસોને ઉપરનાં અધિકાર સ્થાન ભોગવવા મળે છે અને જલદી જલદી નવી ભરતી થતાં બેકારોની સમસ્યા થોડી હળવી થાય છે. અઠ્ઠાવન-સાઠ વર્ષની ઉંમરે માણસે એટલી તો બચત કરી લીધી હોય, કરી લેવી પણ જોઇએ કે જેથી શેષ જીવનમાં વાંધો આવે નહિ. સંતાનો પણ ત્યારે કમાતાં થઇ ગયાં હોય.

લશ્કરના માણસોની નિવૃત્તિ વય ૪૦ થી ૫૦ની ઉંમરની હોય છે, કારણ કે એ વ્યવસાય જ સશક્ત શરીરનો છે, યુધ્ધને મોરચે લડી શકે એવા લોકોનો છે. ૪૫ વર્ષની ઉંમરે નિવૃત્ત થયેલો માણસ પછીનાં વર્ષોમાં કરે શું ? સતત સક્રિય ધબકતું જીવન જેઓ જીવ્યા હોય તેઓ ઘરે કેમ બેસી શકે ? આથી દુનિયાના દરેક દેશમાં સૈન્યના નિવૃત્ત માણસોને રોજગારે લગાડવા માટેની જાતજાતની યોજનાઓ સરકારી સ્તરે કરવી પડે છે. લશ્કરમાં રહેલો માણસ બીજા વ્યવસાયોમાં સ્વભાવથી અને ટેવથી જલદી ફાવી શકતો નથી. એટલે કેટલાયે નિવૃત્ત સૈનિકોનું શેષ જીવન નીરસ બની જાય છે.

કેટલાક વ્યવસાય એવા હોય છે કે જેમ વ્યક્તિ વૃદ્ધ તેમ એનો અનુભવ સારો. જૂના વખતમાં કહેવાતું કે વૈદ્ય, રાજાનો દીવાન અને દાયણ જેમ વૃદ્ધ તેમ વધુ સારાં. આજે પણ પોતાનો સ્વતંત્ર વ્યવસાય ધરાવનાર વ્યક્તિને નિવૃત્તિનો કોઇ નિયમ લાગુ પડતો નથી. કેટલાક માણસો છેલ્લા શ્વાસ સુધી પોતાનો કામ-ધંધો કરવાનું ઇચ્છતાં હોય છે. ખાટલે પડીને ખાવું નથી એ ભાવના ઊંચી છે, પણ સરસ નિવૃત્તિકાળ માણવો એ સ્વપ્ન પણ એટલું જ આકર્ષક છે.

કેટલાક માણસો પોતાના નિવૃત્તિકાળનું આયોજન જો અગાઉથી વિચારતા નથી, તો નિવૃત્તિકાળ તેમને બહુ સતાવે છે. સવારના આઠ-નવ વાગ્યાથી તે સાંજના સાત-આઠ વાગ્યા સુધી પોતાની નોકરીના કામકાજમાં સતત ડૂબેલાં રહેલા માણસે નિવૃત્તિના બીજા દિવસે સવારથી કશું જ કરવાનું ન હોય તો એનો દિવસ પૂરો થતો નથી. આવી રીતે નિવૃત્ત થયેલા કેટલાક માણસોમાં સ્વભાવની કેટલીક વિચિત્રતાઓ પ્રગટ થાય છે, ચિડિયાપણું આવે છે અને બીજાને માટે તેઓ કંટાળાજનક બની જાય છે. કેટલાક અતિ કામગરા માણસોએ નિવૃત્તિકાળને જીરવી ન શકવાને કારણે આપઘાત કર્યો હોય અથવા કેટલાક ચક્રમ કે ગાંડા બની ગયા હોય એવી ઘટનાઓ પણ બની છે.

નિવૃત્તિકાળમાં માણસ પોતે જો ઘરમાં જ આખો દિવસ બેસી રહે તો ઘરની સમસ્યાઓ પણ ઊભી થાય છે. નવરો બેઠેલો માણસ ઘરની વાતોમાં હવે કચકચ કરવા લાગે છે, એથી કેટલાક નિવૃત્ત વૃદ્ધો પત્ની, સંતાનો, પુત્રવધૂ કે નોકરચાકર વગેરેમાં અપ્રિય થઇ પડે છે. કેટલીકવાર સરળ પ્રેમભર્યું કુટુંબ જીવન જીવનાર વ્યાવસાયિક વ્યક્તિના નિવૃત્તિકાળમાં કૌટુંબિક સમસ્યાઓ ઊભી થાય છે. ફ્રાન્સિસ બેકને કહ્યું છે, 'Men of age object too much, consult too long; adventure to little and repent too soon.' આથી જ વૃદ્ધોને દીકરાઓ સાથે પછી બનતું નથી. પુત્રવધૂ પણ લાગ જોઇને મેણાં મારે છે. ક્યારેક તો સરસ પ્રેમભર્યું દાંમ્પત્ય જીવન જીવનાર પતિ-પત્ની વચ્ચે નિવૃત્તિકાળમાં અણબનાવ ચાલુ થાય છે, જીવન બોજારૂપ બની જાય છે. ક્યારેક પતિ-પત્નીમાંથી એકાદ મગજનું સમતોલપણું ગુમાવી દે કે આપઘાત કરી બેસે એટલી હદ સુધી નિવૃત્તિકાળનાં વિષમ પરિણામો આવે છે. વિદેશોમાં નિવૃત્તિકાળ કેટલાકને માટે છૂટાછેડામાં પરિણમે છે.

જૂની વાતોને વાગોળવી એ નિવૃત્તિકાળનું લક્ષણ છે. બેન્જામિન ડિઝરાયેલીએ કહ્યું છે, 'When a man fell in to his anecdotage, it was a sign for him to retire from the world. પોતાના ભૂતકાળની એકની એક વાતનું વારંવાર ઉચ્ચારણ એ વૃદ્ધાવસ્થાની એક સ્વાભાવિક કુટેવ છે. પોતાના ઘરના સ્વજનોને, સંબંધીઓને, મિત્રોને કેટલાક નિવૃત્ત માણસો એકની એક વાત કે એકનો એક પ્રસંગ વારંવાર કહીને થકવી નાખે છે. કેટલાક માણસોને પોતાનો ભૂતકાળ બહુ ભવ્ય હતો અને આજનો જમાનો સાવ બગડી ગયો છે એવી એક ગ્રંથિ બંધાઇ જાય છે. નિવૃત્તિકાળમાં પોતાનામાં આવી કોઇ ગ્રંથિ બંધાય નહિ એ માટે માણસે સજાગ રહેવું જોઇએ. એકની એક વાતનું પુનરુચ્ચારણ ન થાય એ માટે પણ માણસે દિવસમાં થોડો થોડો વખત મૌન પાળવાની, એકાંતપ્રિય થવાની ટેવ કેળવવી જોઇએ. મનમાં જે કંઇ આવે તે બોલવું જ જોઇએ એવી વૃત્તિ છોડી દેવી જોઇએ.

દરેક ક્ષેત્રમાં કેટલીક વ્યક્તિ અત્યંત તેજસ્વી, સ્વસ્થ, સશક્ત રહેવાની. એવી વ્યક્તિઓને ક્યારેક પોતાના નોકરી- વ્યવસાયમાં પોતાની અનિવાર્યતા સતત ભાસતી રહે છે. પોતે છે તો આ બધું બરાબર સરસ રીતે ચાલે છે એવું તેઓ માને છે અને મનાવે છે. બીજા હાથમાં કારભાર હોય તો તેવી સરસ રીતે ન ચાલે એવા તેઓના ખ્યાલને આસપાસનાં કેટલાક સ્વાર્થી માણસો પણ પોષે છે, પરંતુ દુનિયામાં કશું જ અનિવાર્ય નથી. કદાચ થોડું ચડતું ઊતરતું થાય, પરંતુ માણસે પોતાના વગર બધું અટકી પડશે અથવા બગડી જશે એવા ભ્રમમાં રહેવું ન જોઇએ. પોતાની નિવૃત્તિથી અવકાશ સર્જાતાં બીજા ઘણા માણસોની શક્તિ ધાર્યા કરતાં વધુ વિકાસ પામે છે. એટલે જ કશો મોહ કે કશી ચિંતા રાખ્યા વિના યોગ્ય કાળે માણસ જો નિવૃત્તિ લઇ લે છે તો તેથી બીજાઓને રાહત તથા આનંદ થાય છે અને પોતાને પણ એક વિશિષ્ટ અનુભવ થાય છે.

અમેરિકાની એક કંપનીના ડાયરેક્ટરે નિવૃત્ત થયા પછી કહ્યું હતું કે, I retired and was shocked that I could walk away with such ease from a life to which I had been so committed.

કેટલાક માણસો નિવૃત્ત થાય કે તરત તેમની આભા ઊતરી જાય છે. સમાજ વ્યક્તિને જેટલું માન આપે છે તેથી વિશેષ માન સત્તાધારી ખુરશીને આપે છે. જે વ્યક્તિ પોતાની સહી વડે પોતાના હાથ નીચેના કેટલાય માણસોના જીવનમાં ઉથલપાથલ કરી શકે છે તે વ્યક્તિ જ્યાં સુધી સત્તા પર હોય ત્યાં સુધી અનેક લોકો એને બહુ માનથી બોલાવે છે, પરંતુ એ વ્યક્તિ સત્તા પરથી ઊતરી જાય પછી લોકોને એની કશી ગરજ રહેતી નથી. ઘણાખરા લોકો એવી વ્યક્તિથી થોડાં વખતમાં જ

વિમુખ થઇ જાય છે. આવી વ્યક્તિઓએ પોતાની ભાવિ વાસ્તવિક પરિસ્થિતિને અગાઉથી બરાબર સમજી લેવી જોઇએ કે જેથી નિવૃત્તિકાળમાં બીજા લોકોને ધિક્કારવાનો વખત આવે નહિ. લોકસ્વભાવ આવો જ હોય છે અને આવો જ રહેવાનો એ સત્ય સ્વીકારી લઇને પોતાના મનનું સમાધાન કરી લેવું જોઇએ.

સત્તા અને પ્રસિદ્ધિનાં મોટાં ક્ષેત્રોમાં-રાજકારણ, ચલચિત્રો, રમત-ગમતો વગેરેમાં જેમ પ્રગતિ અને પ્રસિદ્ધિનો કાળ જલદી આવે છે તેમ નિવૃત્તિનો કાળ પણ જલદી આવે છે. ખ્યાતિના આવા મોટાં ક્ષેત્રોમાંથી નિવૃત્ત થવા માટે માણસે અગાઉથી માનસિક સજ્જતા કેળવી લેવી જોઇએ. પ્રસિદ્ધિ એ પણ એક પ્રકારનો નશો છે. માણસને છાપાં, સામયિકો, રેડિયો, ટી.વી., જાહેરસભાઓ દ્વારા લોકોની નજરમાં સતત રહેવાનું ગમે છે, પરંતુ કેટલાકને એ વ્યસનરૂપ બની જાય છે. તેવી વ્યક્તિઓને જ્યારે ઓછી પ્રસિદ્ધિ મળવા લાગે છે ત્યારે તેઓ હતાશ અને નિંદાખોર થઇ જાય છે. કેટલીકવાર તેઓ માનસિક બીમારીનો ભોગ પણ બની જાય છે. 'લોકો આટલા જલદી મને ભૂલી જશે એવું મેં ધાર્યું નહોતું. લોકો નગુણા થઇ ગયા છે. લોકોમાં કદર કરવાની શક્તિ રહી નથી. મિત્રો, સંબંધીઓ, છાપા-ટી.વી.વાળા દંભી, સ્વાર્થી અને કપટવાળા છે.' આવી આવી ગ્રંથિઓ બંધાવી એ તેમના નિવૃત્તિકાળની સહજ ઘટના છે. સુજ્ઞ માણસે તો પ્રસિદ્ધિના ક્ષેત્રમાંથી પણ ક્રમે ક્રમે નિવૃત્ત થતા રહેવું જોઇએ કે જેથી આવી માનસિક ગ્રંથિનો પોતે ભોગ ન બની જાય.

દરેકનો નિવૃત્તિકાળ એક-સરખો પસાર થતો નથી. માણસની પ્રકૃતિ અને તેના રસ તથા શોખના વિષયો પર તેનો આધાર રહે છે. દેશ- વિદેશમાં કેટલાય સાધન-સંપન્ન લોકો પોતાનો નિવૃત્તિકાળ ક્લબમાં પસાર કરે છે. ગોલ્ફ, ટેનિસ, બેડમિન્ટન કે પાનાં રમવા, મિત્રો સાથે ગપાટા મારવાં , ખાવું-પીવું વગેરેમાં તેમના કલાકો આનંદથી પસાર થાય છે. તેમને જીવન વેઠ જેવું લાગતું નથી. તો બીજી બાજુ સ્થૂળ સપાટી ઉપરના આનંદ સિવાય કોઈ ઉચ્ચતર ધ્યેય તેમની પાસે હોતું નથી. અસંખ્ય લોકોની જેમ એક જ ઘરેડમાં તેમનું નિવૃત્ત જીવન પૂરું થઈ જાય છે.

પશ્ચિમના ઘણા દેશોમાં વૃધ્ધો માટે ઘણી સગવડો હોય છે. કેટલાક એવાં મનોરંજન-કેન્દ્રો (Recreation Centre) માં વૃદ્ધો-સિનિયર સિટિઝન્સ-માટે જાતજાતની સરસ સગવડો હોય છે. રેસ્ટોરાંમાં સસ્તા દરે જાતજાતની વાનગીઓ મળતી હોય, વિવિધ પ્રકારની રમતગમતો હોય, જેમને ચલચિત્રો જોવાં હોય એમને માટે નાનું થિયેટર હોય, ટી. વી. હોય, મનપસંદ વિડિયો જોવા માટે જુદા જુદા ટી. વી. સેટ હોય. વળી આવા વૃદ્ધ લોકોને રેલવે અને બસનો ફ્રી પાસ મળતો હોય તથા સરકાર તરફથી સુખાકારીનું ભથ્થું મળતું હોય એટલે સશક્ત વૃદ્ધ માણસોનો નિવૃત્તિકાળ આનંદપ્રમોદમાં સારી રીતે પસાર થાય છે. લેસ્ટરમાં એક વૃદ્ધ ભારતીય સજ્જન મળ્યા હતા તેમણે કહ્યું કે "ભારતમાં તો હું નિર્ધન હતો. મારા ગામમાં આખો દિવસ શેરીમાં ઘરના ઓટલે એકલો બેઠો રહું. દિવસ કેમે પૂરો થાય નહિ . મારી દીકરીએ મને અહીં બોલાવ્યો એટલે હું તો અહીં સરકારી ભથ્થું કમાતો થઈ ગયો. આરોગ્યની કોઈ ચિંતા રહી નહિ. આખો દિવસ જ્યાં ફરવું હોય ત્યાં મફત ફરી શકું છું. અમારી વૃદ્ધોની ક્લબની અંદર જાતજાતની પ્રવૃત્તિઓમાં મારો આખો દિવસ બહુ જ આનંદથી પસાર કરું છું. મારું તો ઘડપણ સુધરી ગયું, અરે ધન્ય થઈ ગયું છે."

કેટલાક નિવૃત્ત માણસો એકાદ પુસ્તકાલય-વાચનાલય શોધી કાઢી આખો દિવસ ત્યાં પસાર કરે છે. ક્યારેક તો મોઢા ઉપર છાપું ઢાંકીને આરામ ખુરશીમાં નિદ્રા પણ કરી લેતા સજ્જનો ત્યાં જોવા મળશે. એક પરિચિત સજ્જને તો નિવૃત્તિકાળનો પોતાને માટે એક સરસ ઉપાય શોધી કાઢ્યો હતો. સાંકડા ઘરમાં આખો દિવસ પસાર કરવાનું ગમે નહિ, મહેમાનોને બોલાવાય નહિ, એવા સંજોગોમાં તેમણે બોરીવલીથી ચર્ચગેટ સુધીનો રેલવેનો પાસ કઢાવી લીધો. ખભે નાસ્તાનો થેલો ભરાવી, બે-ત્રણ છાપાં ખરીદી સવારના નવ-દસ વાગ્યાથી તે સાંજના છ-સાત વાગ્યા સુધી ટ્રેનની મુસાફરી તેઓ સતત કરતા રહે છે. અનેક લોકોના સંપર્કમાં તેઓ આવે છે અને છાપાંઓ કરતાં વધુ માહિતી તેઓ ધરાવતા રહે છે. ઘરના અણગમતા એ કાકાને ટ્રેનમાં લોકો આદરમાનથી બોલાવે છે.

રેડિયો કરતાં પણ ટી. વી.ની શોધ પછી એ માધ્યમ દ્વારા અનેક લોકોનો નિવૃત્તિકાળ સુધર્યો છે. ઘરમાં નિષ્ક્રિયપણે બેસી રહેવા કરતાં ટી. વી. જોવાથી નિવૃત્ત માણસોનો સમય વધારે સારી રીતે પસાર થાય છે અને ઘરમાં કચકચ ઓછી થાય છે. પરંતુ બીજી બાજુ જે કેટલાક નિવૃત્ત માણસો આખો દિવસ ટી. વી.ની સામે બેસીને પોતાનો સમય પસાર કરે છે તેમનો પોતાના સંતાનો ઉપર બહુ સારો પ્રભાવ પડતો નથી. ટી. વી.ની સામે બેસીને, રોજ કલાકો વેડફી નાખનાર માણસનું જીવન નિષ્ક્રિય અને પ્રમાદી થઈ જાય છે. એવા પુરુષાર્થહીન જીવનની અવળી અસર સંતાનો ઉપર થવા સંભવ છે. વળી ઘરના નાનાં બાળકો, પૌત્ર-પૌત્રીઓ દાદા- દાદી સાથે ટી. વી, જોવા બેસી જાય તો તેથી તેમના અભ્યાસ ઉપર પણ માઠી અસર પડે છે. એટલે નવૃત્તિકાળમાં ટી. વી.નો ઉપયોગ વિવેકપૂર્વક કરવાની અપેક્ષા રહે છે. કેટલાક ધનાઢ્ય દેશોમાં નિવૃત્ત માણસો પોતાનું જીવન શરાબ, સુંદરી, જુગાર, સિગરેટ વગેરેના વ્યસનોમાં વેડફી નાખે છે. કેટલાક ધનવાન માણસોને યુવાનીમાં જ આવાં કેટલાંક દુર્વ્યસનોની એવી ટેવ પડી ગઈ હોય છે કે વૃદ્ધાવસ્થામાં પણ જ્યાં સુધી શરીર ચાલે ત્યાં સુધી તેઓ એવી ટેવો છોડી શકતા નથી. જાપાન, કોરિયા વગેરે એશિયાના કેટલાક દેશોમાં કેટલાંય નિવૃત્ત માણસો ( યુવાનો સુદ્ધાં) "પાચેકો"ની રમત રમવામાં પોતાના કલાકો પૂરા કરતા હોય છે. કેટલીક દુકાનોમાં હારબંધ પાચેકોનાં મશીનો મૂકવામાં આવ્યાં હોય છે. માણસ એમાં પૈસા નાખીને રમત રમતા હોય છે. ક્યારેક એમાં જીતે છે, ઘણું ખરું હારે છે. એમાં એનો દિવસ પૂરો થઈ જાય છે. લાસ વેગાસ અને બીજી એવી દ્યૂત-નગરીઓમાં માણસને સમય પસાર કરવાનો કોઈ પ્રશ્ન જ નડતો નથી. ઊલટું, પોતાનો ઊઠવાનો સમય થયો હોવા છતાં માણસને ત્યાંથી ખસવું ગમતું નથી.

માણસનું શરીર ચાલતું હોય ત્યાં સુધી એને કંઈકને કંઈક પ્રવૃત્તિ જોઈએ છે. માણસ વ્યવસાયમાંથી નિવૃત્ત થાય ત્યાર પછી પણ એણે કંઈકને કંઈક પ્રવૃત્તિ કરતા રહેવું પડે છે. એવી પ્રવૃત્તિ કરવી એને માટે ઈષ્ટ પણ છે. માણસે પોતાની પ્રકૃતિ અનુસાર પોતાની મનગમતી પ્રવૃત્તિ શોધી લેવી જોઈએ.

કેટલીક વ્યક્તિઓને પોતાના જીવનમાં પોતાને જરા પણ ન ગમતાં હોય તેવાં નોકરી-વ્યવસાય કરવાનાં આવે છે. આજીવિકા માટે એ કર્યા વગર છૂટકો નથી. પરંતુ નિવૃત્ત થયા પછી આર્થિક ચિંતા ન હોય તો માણસે વાંચન, વ્યાખ્યાન શ્રવણ, ધર્મધ્યાન, તીર્થયાત્રા, પર્યટન, સમાજોપયોગી કાર્યો ઈત્યાદિ પોતાની કોઇક મનગમતી પ્રવૃત્તિ તરફ વળવું જોઈએ. જેમને આવી મનપસંદ પ્રવૃત્તિ મળી રહે છે તેઓનો નિવૃત્તિકાળ તેમના વ્યાવસાયિક કાળ કરતાં વધુ સુખદ નીવડે છે.

કેટલાકના જીવનમાં નિવૃત્તિ પણ એ જ પ્રકારની પ્રવૃત્તિના સાતત્યરૂપ હોય છે. માણસ કોઈ કંપની કે સંસ્થામાંથી ઔપચારિક રીતે નિવૃત્ત થાય છે, પણ પછી એના એ જ વ્યવસાયની એ જ પ્રકારની પ્રવૃત્તિ ચાલ્યા કરતી હોય છે. જેઓને વ્યવસાય તરીકે મનગમતી પ્રવૃત્તિ મળી હોય તેવી કેટલીક વ્યક્તિઓના જીવનમાં આ પ્રકારનું સાતત્ય જોઈ શકાય છે.

કેટલીક વ્યક્તિઓના જીવનમાં નિવૃત્તિ જીવનના એક બીજા તબક્કારૂપે ચાલુ થાય છે. એમના જીવનમાં કાર્યક્ષેત્ર બદલાય છે, કાર્ય કરવાની પદ્ધતિ બદલાય છે અને જાણે કે એક નવા જ પ્રકારનું જીવન ચાલુ થયું હોય એવી રીતે એનો નિવૃત્તિકાળ પસાર થવા લાગે છે. નિવૃત્તિનાં વર્ષો ઠીક ઠીક મળ્યાં હોય તો આવી વ્યક્તિઓને એક જિંદગીમાં બે પ્રકારની જિંદગી જીવ્યા જેવું અનુભવાય છે. આવી કેટલીક વ્યક્તિઓ પોતાના બંને પ્રકારના જીવનને સરખાવતી રહે છે અને તે બંનેના ગુણદોષને વાગોળ્યા કરે છે.

જેઓએ પોતાના નિવૃત્તિકાળનું અગાઉથી આયોજન કર્યું નથી હોતું તેવા કેટલાક લોકોનાં નિવૃત્તિકાળનાં વર્ષો ખોટી રીતે વેડફાઈ જાય છે. નિવૃત્તિકાળના આયોજનમાં પોતાની શારીરિક, માનસિક તથા કૌટુંબિક પરિસ્થિતિને તથા પોતાના ઘરની મોકળાશને લક્ષમાં લેવી જરૂરી છે. કેટલીક વ્યક્તિઓ નિવૃત્તિકાળ માટેના મોટાં મોટાં

સ્વપ્ન સેવતી હોય છે, પરંતુ વાસ્તવિકતાની ભૂમિ ઉપર તે ટકી શકે એવાં નથી હોતાં અને તેથી તેઓને નિષ્ફળતા અને નિરાશાનો અનુભવ થાય છે. આવા કેટલાક લોકોનો નિવૃત્તિકાળ પછી તનાવ, ઉદ્વેગ, ઉદાસીનતા, નિરુત્સાહ, નિર્વેદ, ચંચલતા વગેરેમાં પસાર થાય છે અને કટુતાભર્યા અનુભવોને કારણે પોતાનું જ જીવન પોતાને ધિક્કારપાત્ર કે બોઝરૂપ લાગે છે.

વૃદ્ધાવસ્થાની સાથે આરોગ્યના પ્રશ્નો સંકળાયેલા હોય છે. બે બાળકો પરસ્પર મળે તો તેમની વાતોમાં રમકડાંનો વિષય આવ્યા વગર ન રહે. બે યુવાનો મળે તો પ્રેમની, ચલચિત્રની અને નવા નવા વ્યાવસાયિક સાહસોની વાત થાય છે. એવી રીતે બે વૃદ્ધો મળે તો તરત રોગ અને દવાની વાત નીકળે છે. પચાસની ઉંમર પછી દેહ વ્યધિગ્રસ્ત થવા લાગે છે. નિવૃત્તિકાળમાં માણસે પોતાના આરોગ્યને બરાબર સાચવવા પ્રયત્ન કરવો જોઈએ અને પોતાના રોગનાં રોદણાં રડવાની વાત છોડી દેવી જોઈએ. ઉલ્લાસ, ઉત્સાહ, આશાવાદ જીવનને નવું ચેતન આપે છે.

જેઓ પોતાના નિવૃત્ત જીવનને સભર અને સક્રિય રીતે પસાર કરવા ઈચ્છતા હોય તેઓએ તેનું આયોજન નાણાંકીય દષ્ટિએ સૌથી પહેલું કરી લેવું જોઈએ. નિવૃત્ત જીવન નાણાંકીય દષ્ટિએ જો નિષ્ફળ રહ્યું તો એએના અવળા પ્રત્યાઘાત પોતાના ચિત્ત ઉપર, સ્વજનો ઉપર અને સગાસંબંધીઓ ઉપર પડ્યા વગર રહેતા નથી.

નિવૃત્તિ-વેતનમાંથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવવાનું કેટલાકને માટે સરળ બનતું નથી. એવા કેટલાક લોકોને તરત અથવા થોડા સમય પછી ફરી અર્થોપાર્જનના ઉપાયો શોધવા પડે છે. મોટી ઉંમરની વ્યક્તિને જલદી નોકરી મળતી નથી. પગારની રકમનો પણ પ્રશ્ન ઊભો થાય છે. એને લીધે એવી વ્યક્તિઓને કેટલીકવાર પ્રકીર્ણ પ્રકારનાં જેવાં તેવાં કાર્યો કરીને આજીવિકા મેળવવાની રહે છે.

જે દેશમાં અર્થતંત્ર સ્થિર ન હોય અને ચીજવસ્તુઓનો ભાવવવધારો સતત ચાલતો રહેતો હોય એ દેશોની નિવૃત્ત થતી વ્યક્તિઓએ પોતાના ભાવિ જીવનનું આયોજન ચીવટપૂર્વક કરવું જોઈએ. યુરોપ-અમેરિકા જેવા સમૃદ્ધ દેશોમાં નિવૃત્ત થયેલા કોઈ શિક્ષક કે અધ્યાપક પોતાના વેતનમાંથી શેષજીવન ઘણી સારી રીતે વીતાવી શકે છે. ભારત, પાકિસ્તાન, શ્રીલંકા, થાઈલૅન્ડ કે આફ્રિકાના વિકાસશીલ દેશોમાં નિવૃત્ત થયેલા શિક્ષકો કે અન્ય નોકરિયાતો પોતાના નિવૃત્તિ વેતનમાંથી શેષ જીવન આર્થિક દષ્ટિએ સારી રીતે વિતાવી શકે એવું બનવું બધા માટે સરળળ નથી. જેઓની નિવૃત્તિ વેતનન સિવાયની બીજી કોઈ આવક હોતી નથી તેઓને માટે આ પ્રશ્ન વધારે કપરો બને છે.

કેટલાક વખત પહેલાં એક તીર્થસ્થળમાં આવેલા એક આશ્રમમાં મને અમદાવાદનાં એક શિક્ષક-દંપતી મળ્યાં હતાં. બંને જણ અત્યંત પ્રસન્ન હતાં. તેમને કોઈ સંતાન નહોતું. તેઓએ પોતાના નિવૃત્ત જીવનની વાત કરતાં મને જણાવ્યું હતું કે તેઓ બંને નિવૃત્ત થયાં ત્યારે પ્રૉવિડન્ટ ફંડની આવેલી રકમ વ્યાજે મૂકી દીધી છે અને એ વ્યાજમાંથી સારી રીતે ગુજરાન ચાલે છે, એટલે વર્ષ દરમિયાન જુદાં જુદાં તીર્થસ્થળોમાં રહીને પ્રભુભક્તિમય જીવન ખૂબ આનંદોલ્લાસ સાથે પસાર કરતાં રહે છે. આ દંપતીને એ તીર્થસ્થળમાં મારે દર વર્ષે મળવાનું થતું. છએક વર્ષ પછી એ પતિપત્ની એ તીર્થસ્થળમાં મને મળ્યાં નહિ ત્યારે તેમના માટે મેં સ્વાભાવિક જિજ્ઞાસાથી આશ્રમના મેનેજરને પ્રશ્ન કર્યો. તેમણે કહ્યું કે હવે તે શિક્ષકદંપતીએ આવવવાનું બંધ કરી દીધું છે. વધતી જતી મોંઘવારીને કારણે વ્યાજની રકમમાંથી હવે તેમનું ગુજરાન ચાલતું નથી. એટલે તેઓ બંનેને અમદાવાદમાં ફરી પાછી કોઈક નોકરી શોધી લેવી પડી છે.

વિકાસશીલ દેશોમાં માત્ર નિવૃત્તિ વેતન ઉપર આધાર રાખનાર નોકરિયાત વ્યક્તિઓ માટે આવી સમસ્યાઓ ઊભી થવાનો સંભવ રહે છે . એટલે જ નિવૃત્તિકાળળનું આર્થિક આયોજન બહુ વિચારપૂર્વક કરવું જરૂરી બને છે.

નિવૃત્તિકાળમાં પોતાની સંપત્તિની સંતાનોમાં વહેંચણી કરવાનો પ્રશ્ન ઘણા લોકો માટે સમસ્યારૂપ બની જાય છે. જ્યાં સંપત્તિ ઘણી હોય છે અને વેપાર ધંધો બહુ ફેલાવેલો હોય છે ત્યાં તે સંતાનો સાથેના પોતાના અને સંતાનોના માંહોમાંહેના ઝગડાનું મોટું નિમિત્ત બની જાય છે. ક્યારેક વધુ પડતી સંપત્તિ અને વધુ પડતી કમાણી માણસના પશ્ચાત્ જીવનમાં વિશાદ, ઉદ્વેગ, પશ્ચાત્તાપ વગેરે જન્માવે છે અને સફળ કારકીર્દિનું નિષ્ફળતામાં અને નીરસતામાં પર્યવસાન થાય છે. કેટલાકનું ઉજ્જવળ જીવન નિવૃત્તિકાળમાં કરુણરસના નાટક જેવું બની જાય છે.

જે દંપતી નિઃસંતાન હોય અથવા જેઓ એકલદોકલ હોય અને નજીકના પરિવારમાં બીજા બહુ સભ્યો ન હોય અથવા તેવા સભ્યો સાથે બહુ મનમેળ ન હોય એવા દંપતીઓએ કે એકલદોકલ વ્યક્તિઓએ પોતાના નિવૃત્તિકાળનું સંપત્તિની દૃષ્ટિએ વેળાસર આયોજન કરી લેવું જોઈએ. એમની સંપત્તિ ઉપર ઘણાની નજર રહે છે. અને દુષ્ટ આશયવાળા સગાંઓ કે નોકરચાકરોના કાવતરાંનો તેઓ ક્યારે ભોગ થઈ પડશે તે કહી શકાતું નથી. દાનધર્મમાં જેમને રુચિ હોય એવી વ્યક્તિઓએ વારસદારો ઉપર આધાર ન રાખતાં સ્વહસ્તે જ કેટલાંક શુભ કાર્યો વેળાસર પતાવી લેવાં જોઈએ કે જેથી પોતાને સંતોષ થાય. પોતાના વિલ પ્રમાણે જ બધી વાતનો અમલ થશે એએવું માનવાની ભૂલ ન કરવી જોઈએ. વચનબદ્ધ મિત્રો કે સગાં સંબંધીઓ પણ સંજોગ અનુસાર વિલનો અમલ કરવાની બાબતમાં લાચાર થઈ જાય છે.

જેઓ પોતાના વ્યાવસાયિક અને નિવૃત્ત જીવનને સારી રીતે માણવા ઈચ્છતા હોય તેઓએ 'પ્રવૃત્તિમાં નિવૃત્તિ' અને 'નિવૃત્તિમાં પ્રવૃત્તિ'-એ બે સૂત્રનો પોતાના જીવનમાં સારી રીતે સમન્વય કરી લેવો જોઈએ. માણસ જો વ્યવસાયનાં પાછલાં વર્ષોમાં ક્રમિક નિવૃત્તિનો અમલ કરવા લાગે તો વાસ્તવિક નિવૃત્તિકાળ એને બહુ કપરો લાગતો નથી. જે માણસ બદલાતા સંજોગોને સ્વીકારે છે, પોતાની શારીરિક અને માનસિક અવસ્થાને વધતી જતી વયના સંદર્ભમાં સ્વીકારીને ચાલે છે તથા વિશ્વ સતત આગેકૂચ કરતું રહે છે એ વિચારનો સ્વીકાર કરીને નવી પરિસ્થિતિ, નવા વિચારો, નવી જીવન પદ્ધતિને ગ્રંથિ વગર આવકારીને તેની સાથે એકરૂપ થવાનો પ્રયત્ન કરે છે તેવી વ્યક્તિઓ પોતાના નિવૃત્તિકાળને સફળ અને ઉજ્જવળ બનાવી શકે છે.

કેટલાક માણસો નિવૃત્તિકાળમાં વધુ ધર્મમય જીવન વિતાવે છે. મંદિરમાં જવું, પ્રાર્થના કરવી, પ્રભુભક્તિનાં ગીતો ગાવાં, ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા, તીર્થયાત્રા કરવી વગેરેમાં તેઓ પોતાનો સમય હોંશથી પસાર કરે છે. કેટલીક વ્યક્તિઓ કોઈ ચોક્કસ ધ્યેય વગર માત્ર નિવૃત્તિકાળ ભરી દેવા માટે ન છૂટકે આવી પ્રવૃત્તિઓ કરે છે, તો કેટલીક વ્યક્તિઓ આવા નિવૃત્તિના દિવસો આવવાની અગાઉથી રાહ જુએ છે અને પોતાના નિવૃત્ત જીવનને ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓથી સભર બનાવે છે. વધારે ઉચ્ચતર ધ્યેય તરફ તેઓ ગતિ કરતા હોવાથી પોતાના સક્રિય વ્યાવસાયિક જીવન કરતાં નિવૃત્ત જીવનને તેઓ વધારે સાર્થક અને સફળ બનાવે છે.

સાધુ સંન્યાસીઓનું જીવન તો એમના દીક્ષાકાળથી નિવૃત્ત જીવ જેવું બની જાય છે. આવા કેટલાક સાધુ સંન્યાસીઓ જો ખાઈ પીને પડ્યા રહેવાની પ્રકૃતિવાળા થઈ જાય છે તો તેમનામાં પણ જાતજાતની વિકૃતિઓ પેસી જવાનો સંભવ રહે છે. લોકોનાં માન- આદર પણ તેવા સાધુ સંન્યાસીઓ પ્રત્યે ઘટી જાય છે. સાધુ જીવનમાં પણ ઓછી અપેક્ષા, ઓછો પરિગ્રહ, ઓછો આહાર, ઓછી નિદ્રા , સતત જાગૃતિ અને અંતર્મુખતા પોતાના નિવૃત્ત સાધુ જીવનને સાર્થક કરવા માટે અત્યંત આવશ્યક છે.

માણસને પોતાની ઈચ્છા અનુસાર મનગમતો વ્યવસાય મળી રહે, એ વ્યવસાયકાળ સક્રિયપણે નિવૃત્તિવય સુધી જળવાઈ રહે અને નિવૃત્તિકાળ પણ આનંદોલ્લાસપૂર્વક જીવનવિકાસ સાથે પસાર થાય એ જેવા તેવા સદ્ભાગ્યની વાત નથી. જીવન માત્ર સ્થૂળ સપાટી ઉપર સ્થૂલ-ભૌતિક, ઈન્દ્રિયપરસ્ત આનંદ માણવા માટે નથી. જીવન કોઈક આંતરિક સદ્ગુણોની પ્રાપ્તિ માટે છે, અંતર્મુખ બની અદ્વિતીય, અતીન્દ્રિય આનંદ માણવા માટે છે, પારમાર્થિક ધ્યેયને સિદ્ધ કરવા માટે છે એવો અનુભવ કેટલાક વિરલ માણસો પોતાના નિવૃત્તિકાળમાં કરી શકે છે. નિવૃત્તિ (નવરાશ) અને નિર્વૃત્તિ (પરમાનંદ, પરમ શાંતિ) એ બે શબ્દોનો સમન્વય તેમના જીવનમાં થાય છે.

સંસારમાં પરિભ્રમણ કરતા જીવો માટે નિવૃત્તિ (મુક્તિ, મોક્ષ) જેવી બીજી કોઈ નિવૃત્તિ નથી.

❑ રમણલાલ ચી. શાહ

# વ્યક્તિ ઘડતરનાં પરિબળો

❑ પન્નાલાલ ર. શાહ

થોડાંક વર્ષ પહેલાં ન્યુયોર્કમાં એક સાચકલી ઘટના બનવા પામી હતી.

એક અમેરિકન યુવાન અને યુવતીએ પ્રેમ લગ્ન કર્યાં. બન્નેને એક બીજા માટે પૂરે પૂરી નિષ્ઠા. બન્નેને પરસ્પર ઊંડો પ્રેમ. બન્ને એક બીજાને પૂરાં વફાદાર.

થોડા સમય બાદ આવા ઊંડા સ્નેહના ફળસ્વરૂપ બાળક અવતર્યું. તે બાળક બિલકુલ નિગ્રો જેવું. અમેરિકન યુવાનને આ યુવતીની વફાદારી અંગે શંકા ઉપજી. પ્રેમની દીવાલ વજ્રથી પણ મજબૂત હોવા છતાં બેવફાઈની આશંકા સમી નાની કાંકરી આગળ એ ટકી શકતી નથી એની પ્રતીતિ અહીં થાય છે. યુવકને યુવતીની નિષ્ઠા અને વફાદારીમાં અવિશ્વાસ આવી ગયો અને બન્ને છૂટા પડ્યાં.

યુવતી દિલની સાચી હતી, એણે સ્વપ્નેય કોઈ અન્ય પુરુષને ઝંખ્યો ન હતો. મનોગત કક્ષાએ અન્ય પુરુષના વિચારનું પણ વિચરણ થયું ન હતું. એટલે બેવફાઈના આવાં આળથી એ દુ:ખી તો થઈ , પરંતુ એને એના પેટે આવું નિગ્રો જેવું બાળક અવતર્યું તેનું દુ:ખદ આશ્ચર્ય થયું. પતિ સિવાય એને કોઈ સાથે સંબંધ ન હતો છતાં પણ.

એ યુવતીએ તપાસ આદરી. એના સંશોધનમાં એને જાણવા મળ્યું કે એ સ્ત્રીના માતૃપક્ષે પાછલી પેઢીનો પુરુષ નિગ્રો સ્ત્રીને પરણ્યો હતો, મતલબ કે બાળકને પ્રાપ્ત થતો અનુવંશ સંસ્કાર હંમેશા એના માવતરમાંથી જ ઊતરી આવે એવું નથી. માતાપિતાની પાછલી અનેક પેઢીઓમાંથી કોઈ એકનો આનુવંશિક સંસ્કાર બાળકને પ્રાપ્ત થાય એવી સંભાવના રહેલી છે. આ આનુવંશિક સંસ્કાર વચલી પેઢીમાં સુષુપ્ત રહ્યા હોય અને ત્યાર બાદની પેઢીમાં એ સંસ્કાર દેખા દે એવી સંભાવના પણ રહેલી હોય છે, જેમ અમેરિકન યુવતીના પાછલી પેઢીના-નિગ્રો સ્ત્રીને પરણેલાં પુરુષના આનુવંશિક સંસ્કારે એના નિગ્રો જેવા સંતાનમાં દેખા દીધાં એમ.

આવું કેવી રીતે બને છે ? બીજાણું સંઘટન-Germana Organisationનાં અમુક તત્ત્વોનું એક પેઢીમાંથી બીજી પેઢીમાં ઊતરી આવતું સાતત્ય તે આનુવંશિકસંસ્કાર. જે પળે સ્ત્રીનું સ્ત્રીબીજ પુરુષના શુક્રકણથી ફલિત થાય તે જ પળે બાળકની-વ્યક્તિની આનુવંશિકતા નિર્ણિત થઈ જાય છે. સ્ત્રી બીજમાં રહેલાં ૨૩ રંગસૂત્રો અને શુક્રકોષમાં રહેલાં રંગસૂત્રો-chromosome-ના સંયોજનથી ગર્ભનું બંધારણ થાય છે. એ રંગસૂત્રો જનીનતત્ત્વોનાં બનેલાં હોય છે. આ જનીન તત્ત્વો જ આનુવંશિકસંસ્કારનું વહન કરે છે. પિતાના રંગસૂત્રોમાં પિતૃપક્ષના માતા-પિતા, પિતામહ-માતામહ, પ્રપિતામહ-પ્રમાતામહ એમ અનેક પેઢીઓના જનીન તત્ત્વોનું સાતત્ય રહેલું હોય છે. એ જ પ્રમાણે માતાના રંગસૂત્રો પણ એમની પાછલી પેઢીઓના જનીત તત્ત્વોનું સાતત્ય રહેલું હોય છે; પરિણામે માતાપિતાના રંગસૂત્રોના સંયોજનના જે જનીન તત્ત્વો પ્રભાવશાળી હોય તેના લક્ષણો બાળકને પ્રાપ્ત થાય છે. આ લક્ષણો તે જ વ્યક્તિની પ્રકૃતિ-આનુવંશિકસંસ્કાર. આ જ કારણે માતા-પિતા સાથે બાળક ઘણી વખત બિલકુલ સામ્ય ધરાવતું ન હોય એવું બનવા પામે છે.

આવાં જનીન તત્ત્વોનું સાતત્ય ગાંધીજીના પિતામહ-પ્રપિતામહથી જોવા મળે છે. પોરબંદરની દીવાનગીરીની જવાબદારી ઉત્તમચંદ ગાંધી-ઓતા ગાંધીએ પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદુરીથી સંભાળીને દીપાવી હતી. તથા પોતાના વંશજોને ઉદાત્તતાનો પાઠ ભણાવ્યો હતો. પોરબંદરના રાણા સાહેબ ઝાઝું જીવ્યા ન હતા. એમના પછી કુંવર સગીર હતાં. એટલે બધી સત્તા રાણીના હાથમાં હતી. પણ આખો કારભાર ઓતા ગાંધી ચલાવતા હતા. રાજ્ય અને પ્રજાના હિતમાં બાપાને ઘણીવાર રાણીની હા એ હા ભેળવવી પાલવતી નહિ. તેઓ ખુશામતમાં ન પડતાં, કળેબળે પોતાને સાચું અને પ્રજાને માટે કલ્યાણકારી લાગે તે જ કરતા.

ખીમો કોઠારી રાજ્યનો ખજાનચી અને ભંડારી હતો. દાસીઓની ભંભેરણીથી એક વાર રાણીએ તેને બાંધી લાવવાનો હુકમ કર્યો. કોઠારીએ ઓતા બાપાનું શરણું લીધું. રાણીએ બાપાને બોલાવી, ખીમાને સોંપી દેવા ફર્માવ્યું. બાપાએ એમ ને એમ સોંપી દેવાની ના પાડી અને રાણીને રીતસર કેસ ચલાવવાની વિનંતી કરી. રાણીએ તે ન માન્યું અને અંતે લશ્કરી ટુકડી ઓતા બાપાના મકાન પર મોકલી અને એ પછી ઘર તોડવા તોપ મોકલી. સત્યને ખાતર સંતોષપૂર્વક હોમાઈ જવાને બાપાએ ઘરમાં ઉપસ્થાન માંડ્યું. ઘરની વચ્ચોવચ પોતે બેઠાં. પડખે એ સમયે પાંચે દીકરા, મા અને આઠમા કોઠારીને બેસાડ્યાં. બધાને સત્ય ખાતર હસતે મોઢે બલિ થવાનો ઉપદેશ આપ્યો. બહારથી તોપના ગોળાએ ધડાધડ જાડી દિવાલમાં બાકોરાં પાડ્યાં. અંદર ઈશ્વરનું સ્મરણ ચાલ્યું. કંઈ બૂરું પરિણામ આવે તે પહેલાં આ ધમાલના ખબર રાજકોટ જઈ પહોંચ્યા અને એજન્સીએ વચ્ચે પડીને રાણીને આ અત્યાચારથી અટકાવી.

ઓતા ગાંધીના છ દીકરાઓમાંથી કરમચંદ ગાંધી-કબા ગાંધીએ એમનો વારસો સૌથી વધારે મેળવ્યો. વારસો માત્ર દીવાનગીરીનો જ નહિ, પણ બાપાની પ્રતિમા, તીક્ષ્ણ બુદ્ધિ, સત્યપ્રીતિ અને બહાદુરીનો પણ મેળવ્યો.

એમનું ભણતર થોડું હતું, પણ તેણો શ્રવણ ઘણું કરતા. કબા ગાંધી કથા શ્રવણમાં સામાન્યરીતે શ્રીમદ્ ભાગવત, તુલસી રામાયણ અને ગીતાના પ્રવચનો સાંભળવામાં વધુ રસ લેતા. આખી રાજ્ય વ્યવસ્થાનું કામ કરતાં છતાં રોજ સવાર-સાંજ કલાક દોઢ કલાક સુધી તેઓ કથા શ્રવણ કરતા.

સત્ય અને સ્વમાનને ખાતર સોનાના મેરુને ઠોકર મારવાની કબા ગાંધીની શક્તિનો પરિચય વાંકાનેરના ઈતિહાસમાંથી મળે છે. ત્યાંના રાજાની દીવાનગીરી વખતે જરાક ઝુકવાની વાત આવી. જરાક ઝૂક્યા હોત તો અઢળક ધન તેઓનો સાંપડત. પરંતુ ટેકને છોડવાને બદલે તેમણે નોકરી છોડી અને ખાલી હાથે પાછા ઘર ભેગા થયા. દરમિયાન એમને દમની વ્યાધિ થઈ.

ત્યાર બાદ રાજકોટના ઠાકોર બાવાજીરાજના નિમંત્રણથી તેમનો કારોબાર સંભાળ્યો. તેમાં એકવાર ઠાકોર બાવાજીરાજ અને તેમના ભાયાતો વચ્ચે કંઈક તાણાતાણી ચાલી. કબા ગાંધીએ ભાયોતોના પક્ષમાં ન્યાય જોયો. એટલે તે પ્રમાણે નમતું આપવા ઠાકોરસાહેબને વીનવ્યા. આથી ઠાકોરસાહેબ કચવાયા અને તેમણે કબા ગાંધીને કહ્યું: 'આટલો આપણો સંબંધ છતાં તમે સામો પક્ષ તાણો છો ?'

પોતાનો પ્રામાણિક મત દબાવી દેવાની કાયરતા કબા ગાંધીમાં હતી જ નહિ. આ સંવાદ પછી તરત જ તેમણે ઠાકોર સાહેબને જણાવ્યું: 'હવે આપ કોઈ બીજો કારભારી શોધી લ્યો. હું આપની સેવા વધુ કરી શકું તેમ નથી. મારી શારીરિક સ્થિતિ સુધરવાને બદલે બગડતી જાય છે.' લગભગ વરસ સુધી માંદગીને ખાટલો પૂરો પગાર આપ્યા પછી કબા ગાંધીનું રાજીનામું સ્વીકારાયું. ત્યાર બાદ પેન્શનરૂપે તેમના સ્વર્ગવાસ સુધી મહિને રૂપિયા પચાસ અપાતા રહ્યાં. આમ ઓતા અને કબા ગાંધીની સત્ય, ન્યાયપ્રિયતા, કથા શ્રવણ વગેરેનો વારસો ગાંધીજીને મળ્યો.

પરંતુ ગાંધીજીના એ આનુવંશિકસંસ્કાર એમના જ્યેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીમાં ઊતર્યા ન હતા. હરિલાલ ગાંધીમાં મહાત્મા ગાંધીના આનુવંશિકસંસ્કાર આવ્યા હોય તો તે બહુધા સુષુપ્ત રહ્યા હતા. પણ ટ્રાન્સવાલની સરહદ પર સરકારે પ્રવેશ બંધી જાહેર કરી હતી અને વિના પરવાને દાખલ થવાની મનાઈ ફરમાવી હતી. એ સરહદે હરિલાલ અને એમના સાથીઓ વિના પરવાને દાખલ થયાં હતાં. બુલંદ અવાજે ભજનો ગાતી, આ પ્રદેશમાં નાની નાની ચીજવસ્તુઓની ફેરી કરવા માંડી. ફેરિયાઓ તરીકે માલ વેચતા જાય,

ભજનો ગાતા જાય અને આમ કાયદાની સરિયામ ઉપેક્ષા કરતા જાય. બીજે દિવસે હરિલાલ અને એમના સાથીઓની એકસામટી ધરપકડ કરવામાં આવી. ત્યાંથી છૂટ્યા ત્યારે બાપુ જોહાનિસબર્ગમાં હતા, જે હરિલાલ માટે પ્રતિબંધિત વિસ્તાર હતો. આથી થોડા દિવસ હરિલાલે ચાર્લ્સટાઉનમાં ગાળ્યાં. દરમિયાનમાં દક્ષિણ આફ્રિકાની ગોરી સરકારે બાપુની ધરપકડ કરી, બાપુને જોહાનિસબર્ગની જેલમાં રાખવામાં આવ્યા. જોહાનિસબર્ગની હિન્દી કોમ બાપુની ધરપકડથી ઉકળી ઊઠી અને પ્રચંડ સભા સરકારના આ પગલાંનો વિરોધ કરવા એકઠી થઈ. હરિલાલે જ્યારે આ સભા વિષે જાણ્યું ત્યારે પળનાય વિલંબ વિના તે જોહાનિસબર્ગ પહોંચી ગયા. ત્યાં એમણે સત્યના માર્ગે આપણે હોવાનું જણાવ્યું હતું અને અંત સુધી લડીને જીત મેળવશું એવી શ્રદ્ધા દર્શાવી હતી.

આમ છતાં આગળ જતાં હરિલાલના જીવનમાં દારૂ, વેશ્યાગમન, વગેરેના કુસંસ્કાર આવ્યા. ગાંધીજી કિશોરાવસ્થામાં વેશ્યાગમન, માંસાહાર તરફ નાદાનિયતથી તથા ખોટા ભ્રમથી અલ્પકાળ માટે આકર્ષાયા હતાં. તેમ જ એ દિવસોમાં એમનામાં વિષય-વાસના પ્રબળ હતી તે તેમણે આત્મકથામાં નોંધ્યું છે. અલબત્ત, ગાંધીજીએ આ કુસંસ્કાર પર આગળ જતાં વિજય મેળવ્યો હતો. પરંતુ એ અવસ્થાના આનુવંશિક સંસ્કાર જ્યેષ્ઠ પુત્ર હરિલાલ ગાંધીમાં ઊતરી આવ્યા હોવાનું સંભવિત જણાય છે. ( ઓતા ગાંધી અને કબા ગાંધીના જીવનના પ્રસંગો માટે મેં ' જીવનનું પરોઢ' [સંક્ષેપ : લે. પ્રભુદાસ ગાંધી] અને હરિલાલ ગાંધીના જીવનના પ્રસંગ માટે 'પ્રકાશનો પડછાયો' [લે. દિનકર જોશી]નો સાભાર આધાર લીધો છે.)

બાળકના વ્યક્તિત્વના વિકાસમાં આનુવંશિકતાસંસ્કારનો મહત્ત્વનો પ્રભાવ હોવા છતાં, મનોવૈજ્ઞાનિક અન્વેષણોનું એવું તારણ છે કે અર્જિત લક્ષણો, વ્યક્તિત્વની અપર્યાપ્તતાઓ , અમુક પ્રકારના કૌશલોમાં પ્રવર્તતી સંકુલ વર્તનની તરાહો, જીવન-મૂલ્યો, જીવન અંગેના ગૃહીતો અને ખ્યાલો, અનુવંશ સંસ્કાર રૂપે પ્રાપ્ત થતાં નથી. એ બધું બાળક વાતાવરણના પ્રભાવ હેઠળ પ્રાપ્ત કરે છે. વાતાવરણ અનુવંશ સંસ્કારના બીજને પાંગરવા માટે ભોંયરની ગરજ સારે છે. આનુવંશિકસંસ્કારને ક્રિયાત્મક બનવાને વાતાવરણ અનિવાર્ય છે.

વ્યક્તિ જન્મે છે ત્યારે એક સજીવ પ્રાણી માત્ર છે. એ પયગમ્બર પણ હોતું નથી કે કોરી સ્લેટ જેવું પણ નથી હોતું. અલબત્ત, પયગમ્બર કે સમાજનિષ્ઠ માનવી બનવાની સંભાવનાઓ લઈને એ જન્મે છે. માતાપિતા કે વાતાવરણ બાળકની આનુવંશિકસંસ્કારરૂપ પ્રકૃતિને વિકસાવવામાં સહાયભૂત થઈ શકે ખરાં, પણ આનુવંશિક સંસ્કારમાં મળેલી પ્રકૃતિને બદલી શકતાં નથી. એટલે બાળક હજૂ પારણામાં હોય ત્યાંથી એની ભવિષ્યની કારકિર્દીનો નકશો દોરી રાખવો યોગ્ય નથી. પિતા ડૉક્ટર હોય તો પોતાનું સંતાન ડૉક્ટર જ બને એવો આગ્રહ રાખવો એ બાળક પર જુલમ કરવા બરાબર છે. ક્યારેક એક પેઢીના આનુવંશિકસંસ્કાર બીજી પેઢીમાં વહન થાય, પણ તે પેઢીમાં તે આનુવંશિકસંસ્કાર સુષુપ્ત રહે અને ત્યાર પછીની ત્રીજી-ચોથી પેઢીમાં એ આનુવંશિકસંસ્કાર દેખા દે એવું બને ખરું. આપણે ત્યાં અગાઉ વૈવાહિક સંબંધ બાંધવાનો હોય ત્યારે યુવક કે યુવતીના સાત પેઢીનો વહીવંચો જોવામાં આવતો, તેનું કારણ ઉત્તરોત્તર ઊતરી આવતા આનુવંશિક સંસ્કાર છે.

વાતાવરણ અને કૌટુંબિક સંસ્કાર મહત્ત્વના છે. કુટુંબજીવન એ બધાં સદ્ગુણોની મૂળભૂમિ છે. એરિસ્ટોટલે કહ્યું છે તેમ માનવીની આવશ્યક સામાજિક સદ્ગુણોની પ્રથમ તાલીમશાળા કુટુંબ છે. રાજ્ય કે સમાજને જે સદ્ગુણો જોઈએ છે તે બધા માતા-પિતા, ભાઈ-ભાંડુ, સગાવહાલાં જોડેના સંબંધોમાં કેળવાય છે, પોષાય છે. ઈશ્વર પ્રત્યેની આસ્થા અને ભક્તિ, પિતા તરફની ભક્તિ ને આસ્થા જેણે ન અનુભવ્યાં હોય, તેને માટે અત્યંત મુશ્કેલ છે. તેવી જ રીતે માતા તરફનો અનુરાગ પ્રીતિ જેણે અનુભવ્યાં નથી, તેને માટે માતૃભૂમિ માટેનો અનુરાગ અને સ્વચ્છ પ્રીતિ ઘણી મુશ્કેલ છે. ભાઈ-ભાંડુની પ્રીતિ જ તેને સૌ તરફની મૈત્રીનો અનુભવ લેવા શક્તિશાળી બનાવે છે. વિશ્વવાત્સલ્ય કે સર્વાનુભૂતકંપા ભલે જીવનમંદિરનો કળશ હોય, પણ જેના પાયામાં કુટુંબજીવનના આવાં સુખદ-પ્રેમળ અનુભવો નથી, તેને માટે કળશ પણ કલ્પનાનો કળશ રહે છે.

કુટુંબજીવન સામાજિક સદ્ગુણોની તાલીમશાળા હોવા છતાં વાસ્તવિકતા ક્યારેક જુદી જ જણાય છે. કૌટુંબિક અને અનુવંશ સંસ્કાર પ્રાયઃ સરખા હોય છતાં બે સહોદરો વચ્ચે આસમાન જમીનનું અંતર જોવા મળે છે. એક જ છોડની ડાળ સમો એક ભાઈ સમાજિનિષ્ઠ હોય અને બીજો ભાઈ અસામાજિક પ્રવૃત્તિઓમાં રત હોય. એ પ્રવૃત્તિ કદાચ પ્રચ્છન્ન હોય. એકની ચૈતસિક ભૂમિકા સંતની હોય અને બીજાની ભૂમિકા લૂંટારુ કે ખૂનીની પણ હોઈ શકે. એટલે કૌટુંબિક અને અનુવંશ સંસ્કાર તથા વાતાવરણની જેટલું જ બલકે એથી વિશેષ મહત્ત્વ વ્યક્તિના પૂર્વજન્મના સંસ્કારમાં રહ્યું છે. અલબત્ત, અનુવંશ સંસ્કારની જેમ વ્યક્તિના પૂર્વજન્મોના સંસ્કારની સાધારણ માહિતી ઉપલબ્ધ થતી નથી તો પણ એ દિશા આપણા પૂર્વજોએ, તત્ત્વજ્ઞોએ, સંસ્કૃતિના ઉગમકાળે ખોલી આપી છે. જેમ વ્યક્તિના પિતામહ-પ્રપિતામહ, માતામહ- પ્રમાતામહ, એમ અનેક પેઢીના આનુવંશિકસંસ્કારની વિચારણા આપણે કરીએ છીએ તેમ વ્યક્તિના અનેક જન્માંતરના સંસ્કારની શોધ થવી જોઈએ, એ વિશે સંશોધન થવું જોઈએ. મોગલકાળના સમ્રાટ અકબર અને જહાંગીરના સમયમાં અમદાવાદમાં થયેલા નગરશેઠ શ્રી શાંતિદાસ ઝવેરી અને તેની ઉત્તરોત્તર દસ પેઢી સુધી-આજ સુધી એ કુળની ખાનદાની, ઉજ્જવળ પરંપરા અને જહોજલાલી જળવાઈ રહી છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે છે, ... પેઢીના પૂર્વજન્મના સંસ્કાર અને અગર સંચિત કર્મોનું સુફળ લેખી શકાય. ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ સમા શ્રીમદ્ રાજચંદ્રના વ્યક્તિત્ત્વના વિકાસમાં પૂર્વજન્મના સંસ્કારનું પ્રદાન સવિશેષ હતું એ સહેજે સમજી શકાય અને સ્વીકારી શકાય એવી ઘટના છે. એ દિશામાં વિશેષ સંશોધનોનો અવકાશ છે એટલું અત્રે સૂચવી શકાય.

☆☆☆

## ચિખોદરાની મુલાકાત

સંઘના ઉપક્રમે ચિખોદરાની રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલની મુલાકાત લેવાનો એક કાર્યક્રમ સંઘના સભ્યો અને દાતાઓ માટે શનિવાર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ યોજવામાં આવ્યો છે . આ કાર્યક્રમની સાથે સહયોગ કુષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ- રાજેન્દ્રનગરની એક દિવસની મુલાકાત પણ ગોઠવવામાં આવી છે. મુંબઇથી શુક્રવાર, તા. ૧૨મી ફેબ્રુઆરીએ રાત્રે વડોદરા એક્સપ્રેસમાં જવાનું રહેશે. બંને મુલાકાત પછી વડોદરાથી તા. ૧૪મી ફેબ્રુઆરીએ રાત્રે નીકળી મુંબઇ પાછા ફરવાનું રહેશે. જેઓ આ કાર્યક્રમમાં જોડાવા ઇચ્છતા હોય તેમને પોતાનાં નામ ખર્ચની પ્રતીક રકમ રૂપે રૂા. ૨૦૦/- ભરીને સંઘના કાર્યાલયમાં તા. ૨૦મી જાન્યુઆરી સુધીમાં જણાવી દેવા વિનંતી છે.

આ મુલાકાત માટે બસની બેઠકની સંખ્યાને લક્ષમાં રાખી મર્યાદિત સંખ્યામાં નામો સ્વીકારવામાં આવશે. તદુપરાંત જેમના નામનું જવા-આવવાનું રેલવે રિઝર્વેશન મળશે તે જ પ્રમાણે જવાનું રહેશે.

**મફતલાલ બી. શાહ**
સંયોજક

**નિરુબહેન એસ. શાહ**
**પ્રવીણચંદ્ર કે. શાહ**
મંત્રીઓ

# શ્રી મુંબઇ જૈન યુવક સંઘ-વાર્ષિક વૃત્તાંત

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તેની ૬૩ વર્ષની યાત્રા પૂર્ણ કરે છે, ત્યારે વિતેલા વર્ષની વિવિધ પ્રવૃત્તિઓનું અહીં દિગ્દર્શન કરાવતા અમે આનંદ અનુભવીએ છીએ. વર્ષ દરમિયાન હાથ ધરાયેલી મોટાભાગની પ્રવૃત્તિઓનો સવિગત અહેવાલ ' પ્રબુદ્ધજીવન'માં પ્રગટ થયેલ છે. એટલે અહીં એ પ્રવૃત્તિઓનો સંક્ષેપમાં સળંગ અહેવાલ આપીએ છીએ.

❑ **સંઘના સભ્યો :** સંઘના સભ્યોની સંખ્યા હાલ આ પ્રમાણે છે : પેટ્રન-૧૮૨, આજીવન સભ્ય-૨૧૭૫, સામાન્ય સભ્ય-૫૩ અને ' પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો-૧૨૫.

❑ **પ્રબુદ્ધ જીવન :** છેલ્લા ત્રેપન વર્ષથી સંઘનું માસિક મુખપત્ર 'પ્રબુદ્ધ જીવન' નિયમિત પ્રગટ થતું રહ્યું છે. સુપ્રતિષ્ઠિત વિદ્વાન લેખકોનો 'પ્રબુદ્ધ જીવન'ને સારો સહયોગ મળતો રહ્યો છે. જે માટે અમે તેમના આભારી છીએ. ' પ્રબુદ્ધ જીવન'-ના તંત્રી તરીકે સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહ માનદ્ સેવા આપી રહ્યા છે. તંત્રીશ્રીના તેમજ ' પ્રબુદ્ધ જીવન'ના મુદ્રણકાર્ય માટે 'મુદ્રાંકન'ના અમે આભારી છીએ.

❑ **શ્રી મ.મો. શાહ સાર્વજનિક વાચનાયલ અને પુસ્તકાલય :** પુસ્તકાલયમાં વર્ષ દરમિયાન રૂા. ૪૫૨૧/-ના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. વર્ષ આખરે ૧૩૪૭૫ પુસ્તકો છે. પુસ્તકાલયની આ પ્રવૃત્તિ માટે પુસ્તકાલય સમિતિના મંત્રી શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહના અમે આભારી એ.

❑ **પ્રેમળજ્યોતિ :** સંઘ સંચાલિત અને શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ પ્રેરિત 'પ્રેમળજ્યોતિ' દ્વારા દર્દીઓને દવા, કપડાં, સ્કૂલ ફી, યુનિફોર્મ વગેરેની સહાય આપવાની પ્રવૃત્તિ વર્ષ દરમિયાન સારી રીતે ચાલી રહી છે. સંયોજકો તરીકે શ્રી નિરુબહેન શાહ અને શ્રી નટુભાઈ પટેલ પ્રશસ્ય સેવા આપે છે. આ માટે અમે તેમના અને અન્ય કાર્યકર બહેનોના આભારી છીએ.

❑ **વિલેપાર્લાની પ્રેમળજ્યોતિ શાખા :** આ શાખાની બહેનો દર ગુરુવારે વિલેપાર્લાની નાણાવટી હૉસ્પિટલના દર્દીઓને દવાઓ તથા આર્થિક સહાય આપે છે. આ શાખાના સંયોજકો તરીકે શ્રીમતી સ્મિતાબહેન કામદાર, શ્રીમતી સુલીબહેન હીરાણી વગેરે બહેનો સેવા આપે છે. તેની સાભાર નોંધ લઈએ છીએ. વિલેપાર્લાની આ પ્રવૃત્તિને શ્રીમતી પુષ્પાબહેન મોરજરિયા તથા અન્ય બહેનો અને દાતાઓ તરફથી જે ઉષ્માભર્યો આર્થિક સહયોગ મળતો રહ્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

❑ **અસ્થિ સારવાર કેન્દ્ર :** સંઘના કાર્યાલયમાં તા. ૩૧-૭-' ૮૩થી અસ્થિ સારવાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રમાં હાડકાના દરદોના નિષ્ણાત ડૉ. જે.પી. પીઠાવાલા દર રવિવારે નિયમિતપણે સવારના -૦૦ થી બપોરના ૨-૦૦ વાગ્યા સુધી હાડકાના દરદીઓને વિનામૂલ્યે માનદ્ સારવાર આપે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે સમિતિના સભ્ય કાર્યકર શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ દર રવિવારે અચૂક હાજરી આપી રહ્યા છે. ડૉ. પીઠાવાલાના તેમજ તેમના સાથી કાર્યકરોના તથા શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહના અમે આભારી છીએ.

❑ **અંધેરીમાં અસ્થિ સારવાર કેન્દ્ર :** આ કેન્દ્રમાં દર મહિનાના છેલ્લા રવિવારે બપોરના ૨-૩૦ થી ૫-૩૦ સુધી ડૉ. જે. પી. પીઠાવાલા સેવા આપે છે. આ કેન્દ્રના સંયોજક તરીકે શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ સેવા આપે છે. અંધેરી ખાતે આ પ્રવૃત્તિ માટે શ્રી વર્ધમાન સ્થાનકવાસી શ્રાવક સંઘ તરફથી તેમની જગ્યાનો ઉપયોગ કરવા દેવામાં આવે છે, તે માટે અમે તેમના આભારી છીએ.

❑ **સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ પુસ્તક પ્રકાશન ટ્રસ્ટ :** સંઘના ભૂતપૂર્વ મંત્રી સ્વ. દીપચંદ ત્રિભોવનદાસ શાહના પરિવાર તરફથી એમની સ્મૃતિમાં જૈન ધર્મનાં પુસ્તકોના પ્રકાશન માટે ભેટ રકમ આપવામાં આવી હતી અને ત્યારપછી તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. આ ટ્રસ્ટના ઉપક્રમે વર્ષ દરમિયાન જિનતત્ત્વ ભાગ-૪, પ્રભાવક સ્થવિરો ભાગ-૨ તથા 'આપણા તીર્થંકરો'એ ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે.

❑ **સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક :** 'પ્રબુદ્ધ જીવન' માં વર્ષ દરમિયાન પ્રગટ થયેલ લખાણોમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર લેખકને સ્વ. ધીરજલાલ ધનજીભાઈ શાહ પારિતોષિક અપાય છે. ૧૯૯૧ના વર્ષ માટેનું પારિતોષિક શ્રી વિજયગુપ્ત મૌર્યને આપવામાં આવ્યું હતું. આ પારિતોષિક માટે નિર્ણાયક તરીકે ડૉ. રમણલાલ ચી. શાહ, શ્રી ઘનશ્યામ દેસાઈ અને શ્રી પન્નાલાલ ર. શાહે સેવા આપી છે.

❑ **શ્રીમતી ધીરજબહેન દીપચંદ શાહ રમકડાંઘર :** સંઘ દ્વારા બાળકોને ઘરે રમવા માટે રમકડાં આપવાની આ પ્રવૃત્તિ દર રવિવારે ૩-૦૦ થી ૫-૦૦ સુધી નિયમિત ચલાવવામાં આવે છે. આ વર્ષે બાળકોની સભ્ય સંખ્યા ૧૨૫ જેટલી રહી છે. રમકડાંઘર માટે વખતોવખત નવા રમકડાં ખરીદવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજક ડૉ. અમુલ શાહ અને શ્રીમતી જયાબહેન વીરાના અમે આભારી છીએ.

❑ **શ્રી જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ :** શ્રી જે.એચ. મહેતાના કુટુંબીજનો તરફથી રૂા. ૨૫,૦૦૦/-ની રકમ અનાજ રાહત ફંડમાં મળી છે અને તેમાં વખતોવખત ઉમેરો થતો રહ્યો છે. એમાંથી જરૂરિયાતવાળા કુટુંબોને સસ્તા દરે અનાજ આપવાનું કાર્ય સારી રીતે ચાલી રહ્યું છે. આ પ્રવૃત્તિના સંયોજક તરીકે શ્રી ઉષાબહેન મહેતા, શ્રી રમાબહેન મહેતા અને અન્ય બહેનો સેવા આપી રહ્યા છે અને તેમના આભારી છીએ.

❑ **કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ :** સ્વ. કિશોર ટિમ્બડિયાની સ્મૃતિમાં તેમના પરિવાર તરફથી શિષ્યવૃત્તિ માટે સંઘને રૂપિયા એક લાખનું દાન મળ્યું છે. આ ફંડમાંથી બૃહદ્ મુંબઈની કૉલેજ કે યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ- બહેનોને આર્થિક સહાય આપવામાં આવે છે. આ પ્રવૃત્તિના સંયોજક શ્રી વસુમતીબહેન ભણસાલી, શ્રી ઉષાબહેન મહેતા અને શ્રી રમાબહેન મહેતાના અમે આભારી છીએ.

❑ **શ્રી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી ચશ્મા બેન્ક :** સંઘના ઉપક્રમે સાધારણ સ્થિતિવાળા મોતિયાના દરદીઓને ઑપરેશન પછી ચશ્માની સહાય માટે શ્રીમતી સરસ્વતીબહેન ડાહ્યાભાઈ ઝવેરી તરફથી સંઘને મળેલી આર્થિક સહાયથી આ પ્રવૃત્તિ સારી રીતે ચાલી રહી છે.

❑ **ભક્તિ સંગીતના વર્ગો :** સંઘના ઉપક્રમે ભક્તિ સંગીતના વર્ગો તા. ૫-૬-૯૧થી સંઘના કાર્યાલયમાં રાખવામાં આવ્યા હતા. શ્રી શ્યામ ગોગટેએ આ તાલીમવર્ગના અધ્યાપક તરીકે અને શ્રી ઉષાબહેન મહેતાએ આ વર્ગના સંયોજક તરીકે સેવાઓ આપી હતી. બંનેના અમે આભારી છીએ.

❑ **પર્યુષણ વ્યાખ્યાનમાળા :** સંઘના ઉપક્રમે ગુરુવાર, તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૧થી ગુરુવાર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૧ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી બિરલા ક્રિડા કેન્દ્ર, ચોપાટી, મુંબઈ ખાતે યોજવામાં આવી હતી. આ આઠેય દિવસની વ્યાખ્યાન સભાઓનું પ્રમુખસ્થાન ડૉ. રમણલાલ ચી. શાહે શોભાવ્યું હતું. ગત્ વર્ષની માફક આ વર્ષે પણ ક્લોઝ સરકીટ ટી.વી.ની વ્યવસ્થા રાખવામાં આવી હતી. વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વિષયોની વિગતો આ પ્રમાણે છે :

**❑ પૂ. સાધ્વીશ્રી ફૂલકુમારીજી-આત્મા બિંબ ઔર પ્રતિબિંબ**
**❑ શ્રી શશિકાંત મહેતા-અહમ્ થી અર્હમની યાત્રા**
**❑ પૂ. સાધ્વીશ્રી જયંતપ્રભાશ્રીજી-વેરથી વેર શમે નહિ**
**❑ ડૉ. ગૌતમ પટેલ-પીડ પરાઈ જાણે રે**
**❑ શ્રી હરિભાઈ કોઠારી-જન જાગે તો જ સવાર**
**❑ ડૉ. સુષ્મા સિંઘવી-ભગવાન મહાવીર કા જીવન એક ચુનૌતી**
**❑ ડૉ. હુકમચંદ ભારિલ્લ-ક્રમબદ્ધ પર્યાય**
**❑ ડૉ. ગુણવંત શાહ-વાત, પિત્ત અને કફ : માનવસ્વભાવના**
**❑ શ્રી મદનરાજ ભંડારી-માંસ નિર્યાત એવમ્ કતલખાનાકી સમસ્યાએ**
**❑ ડૉ. રમણલાલ ચી. શાહ-અભ્યાખ્યાન**
**❑ ડૉ. સર્વેશ વોરા-તને કોણ ડરાવે ભાઈ ?**
**❑ શ્રી પ્રકાશ ગજ્જર-આજની ઘડી રળિયામણી**
**❑ શ્રી અરવિંદ ઈનામદાર-યુવાવર્ગની સમસ્યા**
**❑ શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ-રસકવિ રસખાન**
**❑ પ્રા. તારાબહેન ર. શાહ-દશ પૂર્વધર શ્રી વજ્રસ્વામી**
**❑ ડૉ. સાગરમલ જૈન-પ્રતિક્રમણ આત્મવિશુદ્ધિ કી કલા.**

આ વ્યાખ્યાનમાળા દરમિયાન દરરોજ વ્યાખ્યાનનાં પ્રારંભ પહેલાં એક કલાકનો ભક્તિ સંગીતનો કાર્યક્રમ સર્વશ્રી કુ. ફાલ્ગુની દોશી, આરતીબહેન અને નિર્મલ શાહ, મધુસુદન ભીડે, અવનીબહેન પરીખ, ગુણવંતીબહેન સંઘવી, મીરાંબહેન શાહ, રેખાબહેન સોલંકી અને શોભાબહેન સંઘવીએ આપ્યો હતો. અમે શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટના, સર્વ વ્યાખ્યાતાઓના, સંગીતકારોના તથા સહકાર આપનાર સર્વના આભારી છીએ.

❑ **એક્યુપ્રેશર તાલીમ વર્ગ :** સંઘના ઉપક્રમે એક્યુપ્રેશર પદ્ધતિ દ્વારા સારવાર માટેના તાલીમવર્ગ તા. ૧૬-૯-૯૧ના રોજ શરૂ થયા હતા. છ સપ્તાહ સુધી સોમવારે અને ગુરુવારે ચાલેલા આ વર્ગના અધ્યાપક તરીકે શ્રી જગમોહન દાસાણીએ માનદ્ સેવા આપી હતી. અમે શ્રી દાસાણીના આભારી છીએ.

❑ **વિશ્વના વર્તમાન રાજદ્વારી પ્રવાહો :** સંઘના ઉપક્રમે તા. ૧૭-૯-૯૧ અને તા. ૧૮-૯-૯૧ના રોજ ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટીરૂમમાં 'વિશ્વના વર્તમાન રાજદ્વારી પ્રવાહો' એ વિષય પરનો બે દિવસનો વાર્તાલાપનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે વક્તા તરીકે ખ્યાતનામ પત્રકાર શ્રી એમ.વી. કામથ અને શ્રી રાજદીપ સરદેસાઇ હતા. જ્યારે પ્રમુખસ્થાને નવભારત ટાઇમ્સના ઉપતંત્રી શ્રી વિશ્વનાથ સચદે હતા. બીજા દિવસના વક્તા તરીકે માજી નાણાપ્રધાન શ્રી મધુ દંડવતે અને શ્રી એચ.પી. રાનીના હતા. જ્યારે પ્રમુખસ્થાન શ્રી રામુ પંડિતે સંભાળ્યું હતું. અમે વ્યાખ્યાતાઓ, કાર્યક્રમના પ્રમુખો અને સંયોજકો શ્રી અમર જરીવાલા અને શ્રી સુબોધભાઇ એમ. શાહનાં આભારી છીએ.

❑ **વાર્ષિક સ્નેહ મિલન :** શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઇ ખંભાતવાલાના આર્થિક સહયોગથી સંઘના સર્વ સભ્યોનું વાર્ષિક સ્નેહ મિલન રવિવાર, તા. ૫મી જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ સવારના સાડા નવ વાગે બિરલા ક્રિડા કેન્દ્રમાં યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીમતી મીરાંબહેન શાહે ભક્તિસંગીત રજૂ કર્યું હતું. તેમનો પરિચય સંઘના મંત્રી શ્રીમતી નિરુબહેન શાહે આપ્યો હતો. સ્નેહ મિલનના દાતા શ્રી વિદ્યાબહેન ખંભાતવાલાનું સન્માન કરાયેલ. સંઘના પ્રમુખ ડૉ. રમણભાઇ શાહે કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી. સંઘના ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ જે શાહે કાર્યક્રમનું સરસ સંચાલન કર્યું હતું. મંત્રીશ્રી પ્રવીણચંદ્ર કે. શાહે આભારવિધિ કરી હતી.

❑ **નેત્રયજ્ઞ :** સંઘ દ્વારા શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી ચેરિટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી ચિખોદરાની શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલના ઉપક્રમે માતર તાલુકાના રઢુ ગામે શનિવાર, તા. ૭મી માર્ચ, '૯૨ના રોજ નેત્રયજ્ઞનું આયોજન થયું હતું. સંઘની સમિતિના સભ્યોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

❑ **રાજેન્દ્રનગરની મુલાકાત :** સંઘના ઉપક્રમે સંઘના સભ્યો અને દાતાઓ માટે સહયોગ કુષ્ટ યજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગરના કુષ્ટરોગીઓના આશ્રમની એક મુલાકાત તા. ૮મી માર્ચ, '૯૨ના રોજ યોજવામાં આવી હતી. મુંબઇથી વડોદરા એક્સપ્રેસ દ્વારા નીકળી તા. ૭મી માર્ચે સવારે શ્રી રવિશંકર મહારાજ આંખની હૉસ્પિટલ- ચિખોદરાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ શ્રીમતી તારાબહેન ચંદુલાલ ઝવેરી ટ્રસ્ટ તરફથી માતર તાલુકાના રઢુ ગામે યોજાયેલ નેત્રયજ્ઞના કાર્યક્રમમાં સૌ ઉપસ્થિત રહ્યાં હતાં. તા. ૮મી માર્ચે શ્રી સુરેશ સોની સંચાલિત સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ-રાજેન્દ્રનગરના આશ્રમની મુલાકાત લીધી હતી. આ પ્રવાસના આયોજનમાં સમિતિના સભ્ય શ્રી મફતલાલ ભીખાચંદ શાહ તથા તેમના પુત્રી શ્રી ચંદ્રિકાબહેન તથા જમાઇ શ્રી યોગેશભાઇએ સારી જહેમત ઉઠાવી હતી. અમે તેઓશ્રીના આભારી છીએ.

❑ **આનંદઘનજીનાં સ્તવનો પર ભક્તિ સંગીત અને પ્રવચનો :**

સંઘના ઉપક્રમે આનંદઘનજીના સ્તવનો પરનો ભક્તિ સંગીતનો અને પ્રવચનોનો કાર્યક્રમ તા. ૧૧, ૧૨, ૧૩, માર્ચ, ૧૯૯૨ના રોજ પરમાનંદ કાપડિયા હૉલમાં સાંજના સમયે યોજવામાં આવ્યો હતો. શ્રીમતી પૂર્ણિમાબહેન સેવંતિલાલ શેઠે આનંદઘનજીનાં સ્તવનો મધુર કંઠે રજૂ કર્યા હતા. તે પર ડૉ. રમણલાલ ચી. શાહે વિવેચનાત્મક પ્રવચનો આપ્યાં હતા. આ કાર્યક્રમ માટે ડૉ. રમણભાઇ શાહ, શ્રીમતી પૂર્ણિમાબહેન શેઠ અને સંયોજક શ્રીમતી રમાબહેન વોરાના અમે આભારી છીએ.

❑ **જયપ્રકાશ નારાયણ અને ડૉ. રામ મનોહર લોહિયા વિશે વ્યાખ્યાનો:** સંઘના ઉપક્રમે તા. ૨૩ અને તા. ૨૪ માર્ચ, ૧૯૯૨ના રોજ સાંજના સમયે ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટીરૂમમાં અનુક્રમે 'ભૂમિપુત્ર'ના તંત્રી શ્રી કાંતિભાઇ શાહે 'જયપ્રકાશ નારાયણ-રાજકારણ ક્ષેત્રે સંત' એ વિષય પર અને 'ધર્મયુગ'ના તંત્રી શ્રી ગણેશ મંત્રીએ 'ડૉ. રામ મનોહર લોહિયાનું ક્રાંતિચિંતન' એ વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. અમે વ્યાખ્યાતાઓના અને કાર્યક્રમના સંયોજકો શ્રી અમર જરીવાલાના અને શ્રી સુબોધભાઇ શાહના આભારી છીએ.

❑ **વિદ્યાસત્ર :** સંઘના ઉપક્રમે સ્વ. મંગળજી ઝવેરચંદ મહેતા પ્રેરિત વિદ્યાસત્રના કાર્યાલયમાં તા. ૨૮મી માર્ચ, ૧૯૯૨ના રોજ સાંજના ચાર વાગે ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના કમિટીરૂમમાં ડૉ. નરેશ વેદના 'રમણલાલ વસંતલાલ દેસાઇ-જીવન અને સાહિત્ય' એ વિષય પરના બે વ્યાખ્યાનો થયા હતા. અમે વ્યાખ્યાતા ડૉ. નરેશ વેદના અને કાર્યક્રમના સંયોજક પ્રા. તારાબહેન ર. શાહના આભારી છીએ.

❑ **શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ વસંત વ્યાખ્યાનમાળા :** સંઘના ઉપક્રમે ઉપરોક્ત વ્યાખ્યાનમાળા તા. ૧૩મી એપ્રિલ, ૧૯૯૨ થી તા. ૧૫મી એપ્રિલ, ૧૯૯૨ સુધી એમ ત્રણ દિવસ માટે ચર્ચગેટ ખાતેના ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરના વાલચંદ હીરાચંદ સભાગૃહમાં સાંજના સમયે યોજાઇ હતી. 'Restructuring of India Economy and Globalsation'-એ વિષય પર અનુક્રમે શ્રી પ્રેમશંકર ઝા, એન. વાઘુલ અને ડૉ. વી. કૃષ્ણમૂર્તિના વ્યાખ્યાનો થયા હતા. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી અમર જરીવાલાએ સંભાળ્યું હતું. અમે સર્વના આભારી છીએ.

❑ **Current Indian Politics :** સંઘના ઉપક્રમે ખ્યાતનામ પત્રકાર શ્રી એમ.વી. કામથનો વાર્તાલાપનો એક કાર્યક્રમ શ્રી અમર જરીવાલાના પ્રમુખસ્થાને મંગળવાર, તા. ૨૮-૭-'૯૨ના રોજ સાંજના ૬-૧૫ કલાકે ઇન્ડિયન મરચન્ટસ્ ચેમ્બરની કમિટી રૂમમાં યોજાયો હ... 'Current Indian Politics'-એ વિષય પરના વાર્તાલાપના ને વક્તાના એને કાર્યક્રમના સંયોજક શ્રી અમર જરીવાલાના આભારી છીએ.

❑ **શ્રદ્ધાંજલિ :** વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો (૧) ડૉ. નરેન્દ્ર ભાઉ (૨) શ્રી અરવિંદ મોહનલાલ ચોક્સી (૩) શ્રી પ્રમોદભાઇ પોપટલાલ શાહ અને (૪) શ્રી ગણપતલાલ મગનલાલ ઝવેરીનાં અવસાન થયાં હતાં. તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી અને શોક પ્રસ્તાવ તેમના પરિવારજનોને મોકલવામાં આવ્યો હતો.

❑ **આભાર :**

❑ 'વર્ષ દરમિયાન કાર્યવાહક સમિતિની નવ સભા મળેલ હતી. કારોબારી સમિતિના સર્વ સભ્યોનો દિલ અને ઉમંગથી સહકાર મળે છે એનો આનંદ છે.'

❑ વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ માતબર રકમના દાન ઉપરાંત પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રસંગે વર્ષ દરમિયાન સંઘની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ માટે અવારનવાર અર્થ સિંચન કરનાર દાતાઓને તો કેમ ભૂલાય? સર્વ દાતાઓનો આ તકે હાર્દિક આભાર માનીએ છીએ.

❑ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડનારું માધ્યમ છે પ્રેસ. ચોથી જાગીરના ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષ અખબારોએ અને એમના સંચાલકોએ સંઘની વિવિધ પ્રવૃત્તિના અહેવાલ યોગ્ય રીતે પ્રગટ કરી સંઘને સમાજમાં નવું પરિમાણ આપ્યું છે. તે દરેક વર્તમાનપત્રોનો અને સામયિકોનો અત્રે અમે આભાર માનીએ છીએ.

❑ આપણી વ્યાખ્યાનમાળાઓ, વ્યાખ્યાન શ્રેણીઓ અને વાર્તાલાપના વિદ્વાન વક્તાઓ આપણી પ્રવૃત્તિનું અંગ છે. એમના સહકાર માટે અમે દરેક વ્યાખ્યાતાઓનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

❑ સંઘને અનેકવિધ પ્રવૃત્તિઓથી સતત ધબકતો રાખવા માટે અને સંઘના સર્વ સભ્યોને પ્રેમભરી હૂંફ આપવા બદલ સંઘના પ્રમુખ ડૉ. રમણલાલ ચી. શાહના આ તકે અમે અત્યંત આભારી છીએ.

❑ સંસ્થાના હિસાબો ચિવટપૂર્વક જોઇ તપાસી આપવા માટે ઓડિટર્સ મે. યુ.એસ. શાહ એન્ડ એસોસિએટ્સના શ્રી ઉત્તમચંદ એસ. શાહના અમે આભારી છીએ.

❑ સંઘનો કર્મચારીગણ પણ સંઘની પ્રવૃત્તિઓમાં એટલો જ ઉપયોગી રહ્યો છે. એમની ચીવટ અને ખંતની નોંધ લેતાં અમને આનંદ થાય છે.

અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આવો જ ઉમંગભર્યો સહકાર ભવિષ્યમાં સંઘને સૌ તરફથી મળતો રહેશે અને એથી સંઘની અવિરત વિકાસયાત્રા ચાલુ રહેશે.

નિરુબહેન એસ. શાહ
પ્રવીણચંદ્ર કે. શાહ
માનદ્ મંત્રીઓ

# સિદ્ધ પરમાત્મા

❑ રમણલાલ ચી. શાહ

નવકારમંત્રમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવામાં આવે છે.

ભવભ્રમણ કરતા જીવોનું અંતિમ લક્ષ્ય છે મોક્ષ, નિર્વાણ, સિદ્ધદશા. જીવની ઉચ્ચત્તમ એ અવસ્થા છે. સિદ્ધાવસ્થા ઉચ્ચત્તમ હોવા છતાં નવકાર મંત્રમાં પ્રથમ નમસ્કાર અરિહંત પરમાત્માને અને પછી બીજો નમસ્કાર સિદ્ધ પરમાત્માને કરવામાં આવે છે એમાં પણ રહસ્ય રહેલું છે.

જન્મ-જન્માન્તરમાં માનનારાં, સંસારના ભવભ્રમણમાંથી મુક્તિ મેળવવાના અંતિમ ધ્યેયમાં માનનારાં ભારતીય દર્શનોમાં જીવ કેવી રીતે ભવભ્રમણમાંથી મુક્તિ પામે છે, તેની શુદ્ધ આત્મસ્વરૂપ સિદ્ધાવસ્થા કેવી હોય છે અને તેનું અંતિમ પરિણામ કેવી રીતે કેવા પ્રકારનું આવે છે, તે વિશેની ભિન્ન ભિન્ન માન્યતા રહેલી છે. તેમાં જૈન દર્શનની માન્યતા અનોખી છે.

'સિદ્ધ' શબ્દ ઘણા દર્શનોમાં વપરાયો છે, પણ એની પણ જુદી જુદી અર્થચ્છાયા છે.

'સિદ્ધ' શબ્દના સામાન્ય અર્થો થાય છે કૃતકૃત્ય, નિષ્પન્ન, પરિપૂર્ણ, દિવ્ય, સંપ્રાપ્ત, સજ્જ, પરિપક્વ, અમર ઇત્યાદિ. કેટલાંક અન્ય દર્શનોમાં જે વ્યક્તિ લબ્ધિસિદ્ધિયુક્ત હોય તેને 'સિદ્ધ' કહેવામાં આવે છે. અમુક મહાત્મા 'સિદ્ધ પુરુષ' છે, એમ જ્યારે કહેવામાં આવે ત્યારે એનો અર્થ એટલો જ કે તે કોઈક સિદ્ધિવાળા આત્મદર્શી મહાત્મા છે અને તેમને દુન્યવી વસ્તુઓ મેળવવા માટે કોઈપણ પ્રકારની વાસના કે પરતંત્રતા રહેતી નથી. વિશાળ અર્થમાં, જેઓ પોતાના પ્રયોજનને કે ધ્યેયને પાર પાડે છે તેઓ તે તે વિષયના સિદ્ધ કહેવાય છે. પોતાનું કાર્ય કરવામાં જેઓ અત્યંત કુશળ હોય છે તેઓને સિદ્ધહસ્ત કહેવામાં આવે છે. જુદાજુદા પ્રકારના સિદ્ધોનો નિર્દેશ નીચેની ગાથામાં કરવામાં આવ્યો છે :

कम्मे सिप्पे अ विज्जा य, मंते योगे अ आगमे
अत्थ जत्ता अभिप्पाऐ तवे कम्मकखऐ इय

કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, અભિપ્રાયસિદ્ધ, તપસિદ્ધ તથા કર્મક્ષયસિદ્ધ એમ ઘણા પ્રકારના સિદ્ધ હોય છે. અર્થસિદ્ધ તરીકે મમ્મણ શેઠનું, અભિપ્રાયસિદ્ધ તરીકે અભયકુમારનું, તપસિદ્ધ તરીકે દ્રઢપ્રહારીનું ઉદાહરણ આપી શકાય. આ પ્રકારના સિદ્ધોમાં નામસિદ્ધ, સ્થાપનાસિદ્ધ વગેરે પ્રકારો ઉમેરીને ચૌદ પ્રકારના સિદ્ધ ગણાવવામાં આવે છે, જેમ કે, ૧. નામસિદ્ધ, ૨. સ્થાપનાસિદ્ધ, ૩. દ્રવ્યસિદ્ધ ૪. કર્મસિદ્ધ, ૫. શિલ્પસિદ્ધ, ૬. વિદ્યાસિદ્ધ, ૭. મંત્રસિદ્ધ, ૮. યોગસિદ્ધ, ૯. આગમસિદ્ધ, ૧૦. અર્થસિદ્ધ, ૧૧. બુદ્ધિસિદ્ધ, ૧૨. યાત્રાસિદ્ધ, ૧૩. તપસિદ્ધ, ૧૪. કર્મક્ષયસિદ્ધ.

આ બધા પ્રકારના સિદ્ધોમાં કેટલાકની સિદ્ધિ લૌકિક પ્રકારની હોય છે અને કેટલાકની સિદ્ધિ તો ભવભ્રમણ વધારનારી હોય છે, પરંતુ આ બધામાં સર્વોચ્ચ સિદ્ધ તે 'કર્મક્ષયસિદ્ધ' છે. આધ્યાત્મિક ક્ષેત્રે તો તે જ સાચા સિદ્ધ છે. પંચ પરમેષ્ઠીમાં જેમને આપણે નમસ્કાર કરીએ છીએ તે આ 'કર્મક્ષયસિદ્ધ' છે, સિદ્ધ પરમાત્મા છે.

'સિદ્ધ' શબ્દની જુદી જુદી વ્યાખ્યા નીચે પ્રમાણે આપવામાં આવે છે :

सिद्धे निट्ठिऐ सयलपओयणजाऐ ऐऐसिमिति सिद्धा : ।

[સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયાં છે, જેમનાં સકલ પ્રયોજનોનો સમૂહ તે સિદ્ધો.]

* * *

सितं-बद्धमष्टप्रकारं कर्मेन्धनं ध्मातं-दग्धं जाज्वल्यमान शुक्लध्यानानलेन यैस्ते सिद्धाः ।

[જાજવલ્યમાન એવા શુકલ ધ્યાનથી જેમણે કર્મરૂપી ઇંધણોને બાળી નાખ્યાં છે તે સિદ્ધો છે.]

* * *

सेन्धन्तिस्म अपुनरावृत्या निवृत्तिपुरीमगच्छन् ।

[જ્યાંથી પાછા ફરવાનું નથી એવી નિવૃત્તિપુરીમાં જેઓ સદાને માટે ગયા છે તે સિદ્ધો છે.]

* * *

निरुवमसुखाणि सिद्धाणि ऐसिं ति सिद्धाः ।

[જેમનાં નિરુપમ સુખ સિદ્ધ થયાં છે તે સિદ્ધ.]

अट्ठपयारकम्मक्खऐण सिद्धिसद्दाम ऐसिं ति सिद्धाः ।

[આઠ પ્રકારનાં કર્મનો ક્ષય થવાથી સિદ્ધિને પામેલા તે સિદ્ધો.]

* * *

सियं-बद्धं कम्मं झायं भसमीभूयमेऐसिमिति सिद्धाः ।

[સિત એટલે બદ્ધ અર્થાત્ જેમનાં ઉપાર્જન કરેલાં બધાં જ કર્મો ભસ્મીભૂત થયાં છે તે સિદ્ધો.]

* * *

सिध्यन्तिस्म-निष्ठितार्था भवन्तिस्म ।

[જેમને બધાં જ કાર્યો હવે નિષ્ઠિત અર્થાત્ સંપન્ન થઇ ગયાં છે તે સિદ્ધ છે.]

* * *

सेधन्ते स्म-शासितारोऽभवन् माङ्ग ल्यरुपतां वाऽनुभवन्ति स्मेति सिद्धाः ।

[જેઓ આત્માનુશાસક છે તથા માંગલ્યરૂપનો અનુભવ કરે છે તેઓ સિદ્ધ છે.]

* * *

सिद्धाः नित्या अपर्यवसानस्थितिकत्वात् प्रख्याता वा भव्यैरुपलब्धगुणसंदोहत्वात् ।

[જેઓ નિત્ય અર્થાત્ અપર્યવસિત છે તે સિદ્ધ છે. જેઓ ભવ્ય જીવો દ્વારા ગુણસંદોહને કારણે પ્રખ્યાત છે તે સિદ્ધ છે.]

* * *

सिद्धा-नित्या ।

[સિદ્ધો અપર્યવસાન સ્થિતિવાળા હોવાથી 'નિત્ય' કહેવાય છે.]

* * *

सिद्धा-प्रख्याता ।

[સિદ્ધો પોતાના અનંત ગુણોને કારણે ભવ્ય જીવોમાં પ્રસિદ્ધ અર્થાત્ પ્રખ્યાત હોય છે.]

* * *

षिधू गत्यां-પાછા ન આવવું પડે એ રીતે ગયેલા

* * *

षिधू संराद्धौ-સિદ્ધ થયેલા, નિષ્ઠિતાર્થ થયેલા

* * *

षिधू शास्त्रमांगल्ययो :-જેઓ અનુશાસ્તા થયા અથવા સ્વયં માંગલ્યરૂપ થયા.

'સિદ્ધ'ની જુદી જુદી વ્યાખ્યાઓના અર્થનો સમાવેશ કરતી નીચેની ગાથા શાસ્ત્રકારે આપેલી છે :

ध्मातं सितं येन पुराणकर्म
यो वा गतो निर्वृतिसौधमुर्ध्नि ।
ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो
यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ॥

[જેઓએ પૂર્વે બાંધેલાં પ્રાચીન કર્મોને બાળી નાખ્યાં છે, જેઓ મુક્તિરૂપી મહેલની ટોચે પહોંચી ગયા છે, જેઓ જગતના જીવોને માટે મુક્તિમાર્ગનું અનુશાસન કરનાર તરીકે પ્રસિદ્ધ પામ્યા છે, તથા તેમના સર્વ પ્રયોજનો સિદ્ધ થયાં છે એવાં શ્રી સિદ્ધ પરમાત્મા મને મંગલરૂપ થાઓ.]

સિદ્ધ પરમાત્મા માટે શાસ્ત્રકારોએ પર્યાયવાચક ભિન્નભિન્ન શબ્દો વિશિષ્ટ અર્થચ્છાયા સાથે પ્રયોજ્યા છે 'સિદ્ધાણં બુદ્ધાણં'ની પહેલી ગાથામાં કહ્યું છે :

सिद्धाणं बुद्धाणं पारगयाणं, परंपरगयाणं
लोऐग्गमुवगयाणं नमो सया सव्वसिद्धाणं ।

આમ સિદ્ધ, બુદ્ધ, પારગત, પરંપરાગત, લોકાગ્રગત, મુક્ત, ઉન્મુક્ત અજર, અમર, અચલ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અશરીરી ઇત્યાદિ શબ્દો સિદ્ધ પરમાત્મા માટે પ્રયોજ્યા છે.

સિદ્ધ પરમાત્માઓ જે ગતિ પ્રાપ્ત કરે છે તે સિદ્ધગતિના પર્યાયરૂપ જુદા જુદા શબ્દો શાસ્ત્રકારોએ પ્રયોજ્યા છે. તે આ પ્રમાણે છે : (૧) મોક્ષ, (૨) મુક્તિ, (૩) નિર્વાણ, (૪) સિદ્ધિ-સિદ્ધગતિ-સિદ્ધિગતિ, સિદ્ધદશા, (૫) કૈવલ્ય, (૬) અપવર્ગ, (૭) અપુનર્ભવ, (૮) શિવ, (૯) અમૃતપદ, (૧૦) નિઃશ્રેયસ (૧૧) શ્રેયસ, (૧૨) મહાનંદ, (૧૩) બ્રહ્મ, (૧૪) નિર્યાણ, (૧૫) નિવૃત્તિ,

(૧૬) મહોદય, (૧૭) અક્ષર, (૧૮) સર્વકર્મક્ષય, (૧૯) સર્વદુ:ખક્ષય, (૨૦) પંચમ ગતિ.

આ બધી વ્યાખ્યાઓ ઉપરથી સિધ્ધ પરમાત્મા અને સિધ્ધિગતિનાં મહત્ત્વનાં લક્ષણો દર્શાવતાં શાસ્ત્રકારો કહે છે :

णट्ठट्ठकम्मबंधा अट्ठमहागुणसमण्णिया परमा
लोयग्गठिया णिच्चा सिद्धा ते एरिसा होंति

[જેઓએ આઠ કર્મોનાં બંધનો નષ્ટ કરી નાખ્યાં છે, આઠ મહાગુણોથી યુક્ત છે, પરમ છે, લોકાગ્રે સ્થિત છે તથા નિત્ય છે એવા સિધ્ધ પરમાત્મા હોય છે.]

આચારાંગ સૂત્ર (૧/૫/૬)માં સિધ્ધ પરમાત્માનું સ્વરૂપ વર્ણવતાં કહેવાયું છે :

सव्वे सरा नयट्टंति तक्का जत्थ न विज्जई
मइ तत्थ ण गाहिया, आए अप्पइट्ठाणस्स खेयन्ने

જ્યાંથી સર્વ શબ્દો પાછા ફરે છે (અર્થાત્ શબ્દો વર્ણન કરવાને સમર્થ નથી), જ્યાં તર્ક (કલ્પના) પહોંચી શકતી નથી, બુધ્ધિને જે ગ્રાહ્ય નથી એવી સિધ્ધાવસ્થા છે.

આવી સકલ કર્મથી રહિત અવસ્થામાં માત્ર ચૈતન્ય સંપૂર્ણ જ્ઞાનમય દશામાં બિરાજે છે. જીવને કર્મ અનાદિ કાળથી વળગેલાં હોય છે. સિધ્ધ ભગવંતો જ્યારથી કર્મરહિત થયા હોય છે, ત્યારથી એમની એ કર્મરહિત અવસ્થા પછી તો અનંત કાળ સુધી રહેવાની છે. એટલે સિધ્ધદશા સાદિ-અનંતના પ્રકારની હોય છે.

સિધ્ધશિલા ઉપર રહેલા મુક્તાત્માઓ કેવા હોય છે ? કેવા નથી હોતા તે જાણવાથી તેનો કંઇક ખ્યાલ આવી શકે. આચારાંગસૂત્રમાં કહેવાયું છે :

से ण दीहे ण हस्से ण वट्टे ण तंसे ण चउरंसे ण परिमंडले ण आइतंसे ण किण्हे ण नीले ण लोहिऐ ण हालिदे ण सुक्किले ण सुरभिगंधे ण दुरभिगंधे णं तित्ते ण कडुऐ ण कसाऐ ण एंबिले ण कऽखडे ण मउए ण गुरुए ण लहुए ण सीए ण उण्हे ण णिध्धे ण लुक्ख ण काउ ण रूदे ण संगे ण इत्थी ण पुरिसे ण अन्नहा, परिण्णे सण्ण उवमा ण विज्जति अरूवीसत्ता अपयस्स पयणत्थि से ण सदे ण रुवे ण गंधे ण रसे ण फासे इच्चेव तिबेमि

સિધ્ધાવસ્થાના જીવો દીર્ઘ નથી, હ્રસ્વ નથી, ગોળ નથી, ત્રિકોણાકાર નથી, ચતુષ્કોણાકાર નથી, પરિમંડલ (કંકણ)ના આકારના નથી, કાળા નથી, લીલા નથી, રાતા નથી, પીળા નથી, ધોળા નથી, સુગંધિત નથી, દુર્ગંધવાળા નથી, તીખા નથી, કડવા નથી, કસાયેલા નથી, ખાટા નથી, મધુર નથી, ભારે નથી, હલકા નથી, શીત નથી, ઉષ્ણ નથી, સ્નિગ્ધ નથી, રૂક્ષ નથી, કર્કશ નથી, મૃદુ નથી, તેઓ સ્ત્રી નથી, પુરુષ નથી, નપુંસક નથી. એટલે જ તેઓને માટે કોઇ ઉપમા નથી. તેઓ અરૂપી સત્તા છે અને અલક્ષ્ય છે. તેઓનું વર્ણન કરવાને કોઇ શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી.

આમ, સિધ્ધ ભગવંતોને વર્ણવવા માટે કોઇ શબ્દ નથી. કે તેમની ઉપમા આપવા માટે, સરખાવવા માટે કોઇ પૌદ્ગલિક પદાર્થ નથી. આમ છતાં, અન્ય પક્ષે જોઇએ તો તેઓ અનંત ગુણથી યુક્ત છે. એમાં પણ એમના આઠ મુખ્ય ગુણ બતાવવામાં આવે છે. એ આઠ ગુણ તે આઠ કર્મના ક્ષયથી પ્રગટ થતા ગુણ છે. શાસ્ત્રકાર કહે છે :

दीहकालरयं जं तु कम्मं से सियमट्ठहा
सियं धंतं ति सिद्धस्स सिद्धत्तमुवजायइ

[દીર્ઘકાળનાં ઉપાર્જન કરેલાં આઠ પ્રકારનાં કર્મ જેમણે બાળી નાંખ્યાં છે, તે આત્મા સિધ્ધપણાને પ્રાપ્ત કરે છે.]

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'નવપદની પૂજા'માં સિધ્ધ પદ માટે કહ્યું છે:

કરી આઠ કર્મ ક્ષયે પાર પામ્યા,
જરા જન્મમરણાદિ ભય જેણે વામ્યા,
નિરાવરણ જે આત્મરૂપે પ્રસિધ્ધા
થયા પાર પામી સદા સિધ્ધ બુધ્ધા.

શાસ્ત્રકાર લખે છે :

अष्टकर्म क्षयं कृत्वा शुक्लध्यानानलेन यैः
चिदानंदमया मुक्ताः सिद्धाः सिद्ध प्रयोजनाः ॥
अतुल सुख संपन्नाः विदेहा अजरामरः
भवे जन्मे कुतस्तेषां कर्मबीजं न विद्यते ॥

[જેમણે શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે આઠે કર્મોનો સંપૂર્ણ ક્ષય કર્યો છે, જેઓ ચિદાનંદમય સ્વરૂપ બન્યા છે, જેઓ મુક્ત થયા છે, જેમણે સર્વ પ્રયોજનો સિધ્ધ કર્યાં છે, તે સિધ્ધ પરમાત્મા છે. જેઓ અતુલ સુખને પામ્યા છે. જેઓ દેહરહિત છે. જેઓ અજર અને અમર છે, જેમને હવે કર્મરૂપી કોઇ બીજ રહ્યું નથી એવા સિધ્ધ પરમાત્માનો સંસારમાં ફરીથી હવે જન્મ ક્યાંથી થાય?]

'સિરિસિરિવાલકહા'માં કહ્યું છે તે પ્રમાણે સિધ્ધ ભગવંતો અનંત ગુણવાળો અથવા એકત્રીસ ગુણવાળા અથવા આઠ ગુણવાળા તથા અનંત ચતુષ્કયવાળો છે.

जेऽणंतगुणा विगुणा इगतीस गुणा अ अहव अट्ठगणा ।
सिद्धाणंत चउक्का ते सिद्धा दिंतु मे सिद्धिं ॥

સિધ્ધ પરમાત્માના આઠ મુખ્ય ગુણ નીચે પ્રમાણે છે : (૧) અનંત જ્ઞાન, (૨) અનંત દર્શન (૩) અનંત સુખ (અવ્યાબાધ સુખ), (૪) અનંત ચારિત્ર (ક્ષાયિક સમ્યકત્વ) (૫) અક્ષય સ્થિતિ, (૬) અરૂપીપણું (૭) અગુરુલઘુ અને (૮) અનંત વીર્ય.

આ આઠ ગુણમાંથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એ ચાર ગુણને અનંત ચતુષ્ક (ચતુષ્ટય) તરીકે ઓળખાવવામાં આવે છે.

સિધ્ધ ભગવંતનો ક્યો ગુણ ક્યા કર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રગટ થાય છે તે જોઇએ :

(૧) અનંત જ્ઞાન--જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આત્માને કેવળજ્ઞાન-અનંતજ્ઞાન પ્રગટ થાય છે. આ ગુણથી લોકાલોકના સમસ્ત સ્વરૂપને જાણી શકાય છે.

(૨) અનંત દર્શન--દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આત્માને કેવળ દર્શન પ્રગટ થાય છે. આ ગુણથી લોકાલોકના સ્વરૂપને સામાન્ય ધર્મથી જોઇ શકાય છે.

(૩) અવ્યાબાધ દશા--વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. આ ગુણથી સર્વ પ્રકારની પીડાથી રહિતપણું-નિરુપાધિકપણું પ્રાપ્ત થાય છે, અવ્યાબાધ સુખમય સ્થિતિ પ્રાપ્ત થાય છે. પુદ્ગલના સંયોગથી જે સુખ પ્રાપ્ત થાય છે તે સાંયોગિક સુખ હોવાથી તે બાધાસહિત, વિનશ્વર હોય છે. સિધ્ધદશામાં અસાંયોગિક સુખ હોવાથી તેમાં બાધા થવાનો કોઇ જ સંભવ રહેતો નથી. માટે આ અવ્યાબાધ સુખ સહજ સ્વભાવરૂપ, અનંત હોય છે.

(૪) અનંત ચારિત્ર--મોહનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. દર્શન મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે અને ચારિત્ર મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય થતાં વીતરાગતા (યથાખ્યાત ચારિત્ર)નો ગુણ પ્રગટ થાય છે. આથી સિધ્ધ પરમાત્મા સ્વ-સ્વભાવ રૂપ ચારિત્રમાં અનંતકાળને માટે અવસ્થિત રહે છે.

(૫) અક્ષય સ્થિતિ--આયુષ્ય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. સિધ્ધના જીવોને જન્મ, જરા, મૃત્યુ હોતાં નથી. આ ગુણથી અજરામર અવસ્થાની પ્રાપ્તિ થાય છે. અનંતકાળ સુધી તેઓ પોતાની આ શુધ્ધ સ્થિતિમાં રહે છે.

(૬) અરૂપિત્વ--નામકર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આ ગુણ પ્રગટ થાય છે. નામકર્મનો નાશ થવાથી તેની સાથે જોડાયેલાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શબ્દનો પણ નાશ થાય છે. આત્મા સર્વ પ્રકારના સ્થૂલ રૂપમાંથી મુક્ત છે એટલે કે અરૂપીપણું પ્રાપ્ત કરે છે. સિધ્ધ પરમાત્મા અશરીરી, અતીન્દ્રિય હોય છે. તેઓ નિરંજન અવસ્થામાં હોય છે. આથી જ એક જ સ્થળે સિધ્ધ પરમાત્મા ગમે તેટલી સંખ્યામાં સ્થિતિ કરી શકે છે. તેઓ અરૂપી હોવાથી તેમનું અરૂપીપણું ઇન્દ્રિયગ્રાહ્ય અનુભવમાં આવી શકતું નથી.

(૭) અગુરુલઘુત્વ--ગોત્ર કર્મનો સંપૂર્ણ ક્ષય થવાથી આ ગુણ પ્રગટ થાય છે. આથી ભારે કે હળવો, ઊંચો કે નીચો ઇત્યાદિ પ્રકારના વ્યવહારથી રહિત એવી અવસ્થા આત્મા પ્રાપ્ત કરે છે. જો ગુરુત્વ રહે તો આત્મા લોઢાના ગોળાની જેમ નીચે પડી જાય અને જો લઘુત્વ રહે તો આકડાના તૂલની જેમ હવામાં ગમે ત્યાં ઊંચે ઊડ્યા કરે.

(૮) અનંત વીર્ય--અંતરાય કર્મનો સર્વથા ક્ષય થવાથી આ ગુણ પ્રગટ થાય છે. આથી આત્મા અનંત શક્તિવંત બને છે. દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય એ પાંચ પ્રકારનાં અંતરાય કર્મનો નાશ થતાં આત્મામાં અનંત વીર્યાદિ પાંચ પ્રકારની ક્ષાયિક શક્તિ લબ્ધિ, ઉત્પન્ન થાય છે. એ શક્તિ કેવી છે ? સિધ્ધ પરમાત્મા પોતાની શક્તિથી સમસ્ત લોકને અલોક અને અલોકને લોક કરી શકે. પરંતુ સિધ્ધ પરમાત્મા પોતાની તેવી શક્તિ કદી ફોરવાતા નથી કારણ કે પુદગળ સાથેની પ્રવૃત્તિ હવે તેમને રહેતી નથી. વળી તેઓને તેમ કરવાનું કોઈ પ્રયોજન હોતું નથી.આ શક્તિથી જ તેઓના આત્મિક ગુણોમાં જરા પણ પરિવર્તન થતું નથી.

શ્રી જ્ઞાનવિમલસૂરિ 'નવકાર ભાસ'માં નવકાર મંત્રના બીજા પદનો મહિમા વર્ણવતાં સિધ્ધ પરમાત્માના આઠ ગુણ આઠ કર્મના ક્ષયથી પ્રગટ થાય છે તે દર્શાવતાં લખે છે :

નમો સિધ્ધાણું બીજે પદે રે લાલ,
જેહમાં ગુણ છે આઠ રે.
શુકલ ધ્યાન અનલે કરી રે લાલ,
કેવળજ્ઞાન અનંત રે.
દર્શનાવરણ ક્ષયથી થયો રે લાલ,
કેવલ દર્શન કંત રે.
અખય અનંત સુખ સહજથી રે લાલ,
વેદની કર્મનો નાશ રે.
મોહની કર્મે નિરમલું રે લાલ,
ક્ષાયિક સમકિત વાસ રે.
અખયથિતિ ગુણ ઉપનો રે લાલ,
આયુકર્મ અભાવિ રે.
નામકર્મક્ષયે નીપનો રે લાલ,
રૂપાદિક ગત ભાવ રે.
અગુરુલઘુગુણ ઉપનો રે લાલ,
ન રહ્યો કોઇ વિભાવ રે.
ગોત્ર કર્મક્ષયે નીપનો રે લાલ,
નિજ પર્યાય સ્વભાવ રે.
અનંતવીર્ય આતમતણુ રે લાલ,
પ્રગટ્યો અંતરાય નાસ રે.
આઠ કર્મ નાશે થયો રે લાલ,
અનંત અખય સુખવાસ રે.

સિધ્ધ પરમાત્માના આ જ આઠ ગુણ કેટલાક ભિન્ન શબ્દો દ્વારા દર્શાવવામાં આવે છે. ઉ.ત.

સમકિત દર્શન જ્ઞાન, અગુરુલઘુ અવગાહના,
સૂક્ષ્મ વીરજવાન, નિરાબાધ ગુણ સિધ્ધકે.

સિધ્ધના આઠ ગુણ આ પ્રકારે ગણાવવામાં આવે છે : (૧) ક્ષાયિક સમ્યકત્વ (૨) અનંત દર્શન (૩) અનંત જ્ઞાન (૪) અગુરુલઘુત્વ, (૫) અવગાહનત્વ, (૬) સૂક્ષ્મત્વ, (૭) અનંત વીર્ય અને (૮) અવ્યાબાધ.

'સમવાયાંગસૂત્ર'માં આઠ પ્રકારનાં કર્મોની કુલ એકત્રીસ પ્રકારની મુખ્ય પ્રકૃતિ બતાવીને સિધ્ધના એમ એકત્રીસ પ્રકારોનો નીચે પ્રમાણે નિર્દેશ કરવામાં આવ્યો છે.

नव दरिसणंमि चत्तारि, आउए पंच आईमे अंते
से से दो दो मेया खीणमिलावेण इगतीसं

[નવ ગુણ દર્શનાવરણીયના ક્ષયથી, ચાર આયુષ્ય કર્મના ક્ષયથી, પાંચ અંતરાય કર્મના ક્ષયથી અને બાકીનાં કર્મોના પ્રત્યેકના ક્ષયથી બે બે એમ એકત્રીસ ગુણ થાય છે.]

સિધ્ધ ભગવંતોએ આઠે કર્મનો સંપૂર્ણ ક્ષય કર્યો હોય છે. એ આઠ કર્મના નીચે પ્રમાણે મુખ્ય એકત્રીસ પેટા પ્રકારો ગણાવવામાં આવે છે. એ કર્મથી ...ંત સિધ્ધ ભગવંતો હોવાથી એ રહિતપણું તેમના ગુણ તરીકે દર્શાવાય છે.

(૧) પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મથી રહિત
(૨) નવ પ્રકારનાં દર્શનાવરણીય કર્મથી રહિત
(૩) બે પ્રકારનાં વેદનીય કર્મથી રહિત
(૪) બે પ્રકારનાં મોહનીય કર્મથી રહિત
(૫) ચાર પ્રકારનાં આયુ કર્મથી રહિત
(૬) બે પ્રકારનાં નામ કર્મથી રહિત
(૭) બે પ્રકારનાં ગોત્ર કર્મથી રહિત
(૮) પાંચ પ્રકારનાં અંતરાય કર્મથી રહિત

આમ કુલ ૩૧ પ્રકારનાં કર્મથી રહિત હોવાથી ૩૧ ગુણ.

સિધ્ધ ભગવંતના એકત્રીસ ગુણ અન્ય રીતે પણ ગણાવવામાં આવે છે. સિધ્ધ ભગવંતોમાં નીચેના એકત્રીસ પદાર્થો કે લક્ષણો નથી હોતાં. તેનાથી રહિતપણુ તે તેમના ગુણ તરીકે દર્શાવાય છે. આ એકત્રીસ વસ્તુ નીચે પ્રમાણે

૧. પાંચ પ્રકારનાં સંસ્થાન-(૧. વાંટલું, ૨. ત્રિખુણ, ૩. ચોખુણ, ૪. લાંબુ, ૫. પરિમંડલ)
૨. પાંચ વર્ણ (૧. શ્વેત, ૨. લીલો, ૩. પીળો, ૪. રાતો, ૫. કાળો)
૩. બે પ્રકારની ગંધ (સુગંધ અને દુર્ગંધ)
૪. પાંચ રસ (૧. ખાટો, ૨. ખારો, ૩. તીખો, ૪. તુરો, ૫. મધુર)
૫. આઠ સ્પર્શ (૧. ટાઢો, ૨. ઉનો, ૩. લુખો ૪. ચોપડો, ૫. હળવો, ૬. ભારે, ૭. સુંવાળો, ૮. બરછટ)
૬. એક શરીર-કાયયોગ
૭. ત્રણ વેદ (સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ)
૮. એક પદાર્થ (પદાર્થસંગ)
૯. એક પુનર્જન્મ (ફરીથી જન્મ લેવો તે)

કુલ ૩૧ ગુણ આ રીતે પણ ગણાવવામાં આવે છે.

આઠ પ્રકારનાં કર્મોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર કર્મો ધાતી કર્મો છે અને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મો છે.

ચાર ઘાતિ કર્મો આત્માનો ઘાત કરનારાં છે. ઘાતિ કર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાન પ્રગટે છે. અરિહંત પરમાત્મા ચાર ઘાતિ કર્મોનો ક્ષય કરી, કેવળજ્ઞાન પ્રગટ થતાં તીર્થ પ્રવર્તાવે છે. એમને આયુષ્ય, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર કર્મોનો ક્ષય કરવાનો બાકી હોય છે.

સિધ્ધ પરમાત્માએ ચાર ઘાતિ અને ચાર અઘાતિ એમ આઠે કર્મોનો ક્ષય કરેલો હોય છે. એટલે કર્મક્ષયની દૃષ્ટિએ, મોક્ષગતિ પ્રાપ્ત કરવાની દૃષ્ટિએ સિધ્ધ પરમાત્મા અરિહંત પરમાત્મા કરતાં ચડિયાતા છે. સિધ્ધ પરમાત્મા અશરીરી, અકર્મા અને અવિનાશી છે. અરિહંત પરમાત્મા દેહધારી હોય છે અને એમનો દેહ પણ અંતે તો નાશવંત છે. અરિહંત પરમાત્માને હજુ ચાર અઘાતી કર્મ ઉદયમાં વર્તતાં હોય છે. સિધ્ધ પરમાત્મા સર્વથા અકર્મા છે. અરિહંત પરમાત્માને હજુ નિર્વાણપદ પામવાનું, સિધ્ધ થવાનું બાકી હોય છે. કાળ ભક્ષક છે અને તે અરિહંત પરમાત્માને પણ છોડતો નથી. પરંતુ સિધ્ધ પરમાત્મા તો કાળનું પણ ભક્ષણ કરનારા છે અર્થાત્ અવિનાશી છે.

આમ સિધ્ધ પરમાત્મા ચડિયાતા હોવા છતાં નવકાર મંત્રમાં આપણે સર્વપ્રથમ નમસ્કાર અરિહંત પરમાત્માને જ કરીએ છીએ કારણ કે સિધ્ધ પરમાત્માની ઓળખ કરાવનાર અરિહંત પરમાત્મા જ છે. અરિહંત પરમાત્મા તીર્થ પ્રવર્તાવે છે અને જીવોને મોક્ષમાર્ગ બતાવે છે અને એ તરફ દોરી જાય છે. અરિહંત પરમાત્મા ન હોય તો જીવ મિથ્યાત્વના ગાઢ અંધકારમાં અટવાતો હોય. સિધ્ધગતિ એટલે શું એની પણ એને ખબર ન હોય. આમ, સિધ્ધ પરમાત્માને ઓળખાવનાર અરિહંત પરમાત્મા હોવાથી અરિહંત પરમાત્માને આપણે પહેલો નમસ્કાર કરીએ છીએ.

વળી, અરિહંત પરમાત્મા ભવ્ય જીવોને દેશના આપી, ધર્મબોધ પમાડી મોક્ષમાર્ગ તરફ લઇ જાય છે તેની સાથે તેમનું પોતાનું લક્ષ્ય પણ નિર્વાણપદ, સિધ્ધગતિ પ્રાપ્ત કરવાનું હોય છે. વળી તેઓ પોતે જ્યારે સ્વયંદીક્ષિત થાય છે ત્યારે સિધ્ધ ભગવંતોની સાક્ષીએ થાય છે અને 'નમો સિધ્ધાણં' બોલીને સામાયિક વ્રત ઉચ્ચરે છે. સિધ્ધત્વની પ્રાપ્તિ એ જો અરિહંત ભગવાનનું અંતિમ ધ્યેય ન હોય અને જીવોને તેઓ જો મોક્ષમાર્ગ ન બતાવે તો તેમનું અરિહંતપણું રહેતું નથી.

વ્યવહારદ્રષ્ટિએ જોઇએ તો અરિહંત પરમાત્મા દેહધારી હોવાથી સાકારી પરમાત્મા છે. સિધ્ધ પરમાત્મા અશરીરી છે અને તેથી અદૃષ્ટ છે. એ દૃષ્ટિએ તેઓ નિરાકારી છે (તેમની અવગાહના આકારવાળી હોય છે). એટલે પ્રથમ ભક્તિ સાકારી પરમાત્માની અને પછી નિરાકારી પરમાત્માની ભક્તિ એ ક્રમ જીવ માટે ગ્રહણ કરવો સરળ છે. એટલે નવકારમંત્રમાં અરિહંત પરમાત્માને પ્રથમ નમસ્કાર છે તે યોગ્ય છે.

નવકાર મંત્રમાં અરિહંત અને સિધ્ધનો સમાવેશ સંદ્દેવમાં, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ સદ્ગુરુમાં અને ચૂલિકાનાં ચાર પદનો સમાવેશ સદધર્મમાં કરવામાં આવે છે. આમ, અરિહંત અને સિધ્ધ બંનેનો સમાવેશ સદ્દેવમાં થતો હોવાથી દેવત્વની દૃષ્ટિએ અરિહંત અને સિધ્ધ બંનેને સરખા ગણી શકાય.

પંચ પરમેષ્ઠીનું વર્ગીકરણ બે વિભાગમાં કરવામાં આવે છે : (૧) સિધ્ધ અને (૨) સંયતિ. સિધ્ધમાં અરિહંત અને સિધ્ધનો સમાવેશ કરાય છે અને સંયતિમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુનો સમાવેશ કરાય છે. ઉત્તરાધ્યયન સૂત્ર (૨૦/૧)માં કહ્યું છે :

सिद्धाणं णमो किच्चा, संजयाणं चं भावओ ।
अत्यधम्मगइं तच्च आणुसहिं सुणेह मे ॥

અહીં અરિહંત ભગવાનનો 'સિધ્ધ'માં સમાવેશ કર્યો હોવાથી સિધ્ધના બે પ્રકાર બતાવવામાં આવ્યા છે : (૧) ભાષક સિધ્ધ-એટલે જેઓ બોલતા હોય, વાણીનો ઉપયોગ દેશના આપવા માટે કરતા હોય તે. અરિહંત ભગવાનનું અંતિમ લક્ષ્ય સિધ્ધગતિનું હોય છે અને તીર્થંકર પદ પૂર્ણ થતાં તેઓ તે જ ભવમાં ભવિષ્યમાં સિધ્ધગતિ અવશ્ય પામવાના જ છે માટે તેમને ભાષક સિધ્ધ તરીકે ઓળખવામાં આવ્યા છે. (૨) અભાષક સિધ્ધ-આઠે કર્મોનો ક્ષય કરીને જેઓ અશરીરી બન્યા છે અને જેમને હવે બોલવાનું રહેતું નથી તે સિધ્ધ ભગવંતો.

(ક્રમશઃ)

# શતં જીવ શરદઃ

## ઋતુઓનાં નામ, વર્ષના અર્થમાં

❑ પ્રવીણચન્દ્ર જી. રૂપારેલ

સાઠ, પંચોતેર વર્ષ કે એવી મોટી ઉંમર કોઈની જયંતી ઉજવાય ત્યારે ઘણીવાર 'શતં જીવ શરદઃ' એવી શુભેચ્છા બોલાય કે લખાય-છપાય છે.

ઋતુઓ છ હોય છે, એવું બાલમંદિરમાં કે શાળાના પ્રાથમિક વિભાગમાં શિખ્યા પછી યે વ્યવહારમાં તો સામાન્ય રીતે શિયાળો, ઉનાળો ને ચોમાસું, એવી ત્રણ ઋતુઓનો જ પરિચય રહે છે. બહુ બહુ તો ખૂબ ફૂલ ખીલેલાં દેખાય ત્યારે વળી કેટલાંકને વસંત ઋતુ આવ્યાનો ખ્યાલ આવે છે ખરો ! પણ શરદ ઋતુ ક્યારે શરૂ થાય છે ને ક્યારે પૂરી થાય છે એનો ખ્યાલ આવે છે ખરો ? હા, શરદપૂનમ યાદ રહે છે ખરી !-રાસ-ગરબા ને જલસા થાય ને ! એટલે આ નિમિત્તે એનો કંઈક ખ્યાલ આવી જાય છે ખરો !

તે આ 'શતં જીવ શરદઃ' શુભેચ્છામાં 'શરદ' એટલે ઋતુનો અર્થ હોય છે ? શબ્દાર્થમાં તો એ ઋતુનો અર્થ જ દર્શાવે છે; પણ આ રીતની શુભેચ્છા દર્શાવે છે કે-'સો શરદ (ઋતુ સુધી એટલું) જીવો !' એટલે કે 'સો વર્ષ જેટલું દીર્ઘ જીવન પામો !' આમ આ પ્રયોગમાં 'શરદ' શબ્દ 'વર્ષ'નો અર્થ દર્શાવે છે.

આપણો દેશ કૃષિપ્રધાન છે. એટલે દેશની પ્રજા માટે આ 'શરદ' ઋતુ પણ વિશેષ મહત્ત્વ ધરાવે છે : આ ઋતુમાં મોટાભાગના પાક તૈયાર થાય છે. શરદપૂનમની રાતે, ચંદ્રને ધરવામાં આવતા દૂધપૌઆના પ્રસાદમાં, આ ઋતુમાં તૈયાર થયેલા તાજા ચોખાના પાકમાંથી બનેલા પૌઆ હોવાનું અનેરું મહત્ત્વ હોય છે.

વરસમાં એક જ વાર, નિયમિત રીતે નિશ્ચિત ગાળે આવતી કોઈ એક ઋતુનું નામ, એવી એક ઋતુ પછી આવતી એવી જ અન્ય ઋતુ ઋતુ વચ્ચેનો ગાળો તો સૂચવે જ ને ! ને આવો ગાળો તો બાર માસનો, વર્ષનો જ હોય ! આમ એક શરદ ઋતુથી અન્ય શરદ ઋતુનો ગાળો વર્ષનો જ હોય ને ! એટલે સો 'વર્ષનો ગાળો' સૂચવવા પણ આ 'શરદ' ઋતુનું નામ, એ શુભેચ્છામાં વપરાયું છે.

– ને આ પરંપરા તો છેક પ્રાચીન કાળથી ચાલી આવે છે. સંસ્કૃત સાહિત્યમાં 'શરદ' શબ્દનો વર્ષનાં અર્થમાં છૂટથી ઉપયોગ થયો છે. રઘુવંશમાંનો આવો પ્રયોગ ઘણાનાં ધ્યાનમાં હશે. ઋગ્વેદમાં પણ શરદ શબ્દનો આવો-વર્ષના અર્થમાં પ્રયોગ થાય છે.

એમ તો 'વર્ષ' શબ્દ પણ હકીકતમાં ઋતુનો જ પાયાનો અર્થ ધરાવે છે. આપણા કૃષિપ્રધાન દેશમાં પ્રજા માટે અન્ન ઉત્પાદન અત્યંત મહત્વનું હોવાથી સ્વાભાવિક રીતે જ વરસાદનું- વર્ષાનું મહત્ત્વ પણ સૌથી વધુ હતું-શરદ કરતાં યે વધુ ! કેમકે વરસાદ પડે તો અનાજ ઊગે ને અનાજ ઊગે તો શરદમાં પાકે ને !

સંસ્કૃતમાં 'વૃષ્' એટલે વરસવું; આ પરથી, પ્રારંભમાં તો વરસાદ થયો, વર્ષા થવી, એવા અર્થમાં 'વર્ષ' શબ્દ બન્યો. ઋગ્વેદમાં ને પછીની રચનાઓમાં પણ સંસ્કૃતમાં આ 'વર્ષ' શબ્દ વરસાદના 'વર્ષા'ના અર્થમાં વપરાતો રહ્યો; પછીથી આ શબ્દ પ્રયોગ વરસાદની આખી ઋતુ માટે પણ વપરાતો થયો.

આ વરસાદની ઋતુ પણ વરસમાં એક જ વાર આવે ને ! એટલે જેવું 'શરદ' ઋતુના નામમાં થયું, તેવું જ 'વર્ષા' ઋતુ વિશે પણ થયું ને એક 'વર્ષા'થી અનેક 'વર્ષા' સુધીનો બાર માસનો ગાળો- એક સાલનો ગાળો, આ ઋતુના નામ પરથી જ 'વર્ષ' નામે ઓળખાતો થયો.-જેને વ્યવહારમાં આપણે 'વરસ' એવા સરળ રૂપથી પણ ઓળખીયે છીએ.

સંસ્કૃત સાહિત્યમાં 'વર્ષ' શબ્દનો આમ 'સાલ'ના અર્થમાં થયેલો ઉપયોગ કદાચ, 'શરદ'ના એવા ઉપયોગ પછીનો છે. ઋગ્વેદમાં કે અથર્વવેદમાં 'વર્ષ' શબ્દનો ઉપયોગ સૌ પ્રથમ ઐતરેય બ્રાહ્મણ તથા શતપથ બ્રાહ્મણ વગેરેમાં મળે છે.

વ્યવહારમાં આપણા કૃષિ પ્રધાન દેશની પ્રજાએ 'સાલ'ના અર્થમાં આ 'વર્ષ' શબ્દ જ વધુ પસંદ કર્યો છે. આજેય આપણી ઘણીખરી ભાષાઓમાં આ વર્ષ શબ્દ-ઉચ્ચાર ને સ્વરૂપ ભેદે-વધુ પ્રચલિત છે. સાલના અર્થમાં 'શરદ' શબ્દ માત્ર સાહિત્યિક ને ઔપચારિક ભાષામાં જ વપરાય છે.

સાલના અર્થમાં ઋતુનું નામ વપરાય એ કંઈ 'શરદ'ને 'વર્ષ' શબ્દ પૂરતું જ મર્યાદિત નથી ! સંસ્કૃતમાં શિયાળા ને ઉનાળાની ઋતુઓનાં નામ પણ આ જ રીતે સાલના અર્થમાં વપરાયેલાં મળે છે.

સંસ્કૃતમાં 'શિયાળા'ની ઋતુ માટે 'હિમા' શબ્દ વપરાયો છે. અન્ય ઋતુઓની જેમ જ એક ઋતુથી એવી જ અન્ય ઋતુ વચ્ચેના ગાળા માટે-એટલે કે બારમાસના, સાલના અર્થમાં આ 'હિમા' શબ્દ વપરાયો છે. પણ એનો આવો ઉલ્લેખ ઋગ્વેદ તથા અન્ય વૈદિક સાહિત્યમાં જ વધુ મળે છે. શતપથ બ્રાહ્મણમાં સ્પષ્ટ નોંધાયું છે-'શતં હિમા ઈતિ શતં વર્ષાણિ'-સો 'હિમા' એટલે સો વર્ષ ! વૈદિક સાહિત્યમાં મુખ્યત્વે શતં-(સો-૧૦૦) શબ્દ જોડે જ એ વધુ વપરાયેલો મળે છે, એ નોંધ જેવું છે.

મેકડોનલ અને કીથના અભિપ્રાય મુજબ, સંસ્કૃતમાં વપરાયેલો 'સમા' શબ્દ ગ્રીષ્મ ઋતુનો-ઉનાળાનો સૂચક છે. (ગ્રીષ્મ ઋતુના અર્થમાં આ 'સમા' શબ્દના સગોત્ર શબ્દો ભારત-યુરોપીય [ઈન્ડોયુરોપિયન] કુળની અન્ય ભાષાઓમાં પણ મળે છે. ઉદાહરણ તરીકે અંગ્રેજી 'સમર' [ગ્રીષ્મ] ! આના સમર્થનમાં તેઓએ અથર્વવેદમાંના કેટલાક પરિચ્છેદો નોંધ્યા છે.) આ 'સમા' શબ્દ પ્રાચીન સાહિત્યમાં આમ ઋતુના અર્થમાં વપરાયેલો જવલ્લે જ મળે છે પણ પછી, અન્ય ઋતુઓનાં નામ વાચક શબ્દોની જેમ અર્થ વિકાસ સાધી એ પણ સાલના-વર્ષના અર્થમાં છૂટથી વપરાયેલો મળે છે. અન્ય ઋતુઓના નામ વાચક શબ્દોની જેમ, એણે પણ એવો જ અર્થવિકાસ સાધ્યો હોય એ સંભવિત છે.

સાલના અર્થમાં, આ 'સમા' શબ્દના થયેલા અનેક ઉપયોગનાં ઉદાહરણ ઋગ્વેદ, અથર્વવેદ, ઈશોપનિષદ વગેરેમાંથી મળી રહે છે.

☆☆

## વાર્ષિક સ્નેહ મિલન

**આર્થિક સહયોગ : શ્રીમતી વિદ્યાબહેન મહાસુખભાઈ ખંભાતવાલા**

સંઘના સભ્યો માટે વાર્ષિક સ્નેહ મિલનનો કાર્યક્રમ રવિવાર, તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના રોજ સવારના ૧૦-૩૦ થી ૧૨-૩૦ સુધીના સમયમાં ચોપાટી ખાતેના બિરલા ક્રીડા કેન્દ્ર મધ્યે યોજવામાં આવ્યો છે. કાર્યક્રમની વિશેષ વિગતો નિમંત્રણ કાર્ડ દ્વારા સર્વ સભ્યોને જણાવવામાં આવશે.

આ કાર્યક્રમ ફક્ત સંઘના સભ્યો માટે જ છે.

| | |
|---|---|
| જયંતીલાલ પી. શાહ | નિરુબહેન એસ. શાહ |
| નિરુબહેન એસ. શાહ | પ્રવીણચંદ્ર કે. શાહ |
| સંયોજકો | મંત્રીઓ |

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ●● મુદ્રક, પ્રકાશક : શ્રી ચીમનલાલ જે. શાહ, ●● સ્થળ : ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન : રિલાયન્સ ઓફસેટ પ્રિન્ટર્સ, ૬૯, ખાંડિયા સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૮. ફોટોટાઈપસેટિંગ : મુદ્રાંકન, મુંબઈ-૪૦૦ ૦૯૨.